

બ્રહ્મસ્વરૂપ

શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૧૧





આવરણ કથા

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવન-ગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો આ અગિયારમો ભાગ પ્રસ્તુત છે.

આ ગ્રંથમાં સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં સન ૨૦૦૭ થી ૨૦૧૦ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આવરી લેવામાં આવ્યું છે. 'પરોપકારાય સતાં વિભૂતયઃ'ની રીતે દેશ-વિદેશમાં વિચરણ કરી અનેક પરોપકારી કાર્યો કરતા સ્વામીશ્રી, સમાજસેવા, સંસ્કૃતિસેવા, રાષ્ટ્રસેવા અને ઉપાસના-પ્રવર્તન સેવાની ભાગીરથી વહાવતા રહેતા. તે અનુસાર, સન ૨૦૦૭ના વર્ષે, ગુરુ શાસ્ત્રીજી મહારાજ સ્થાપિત બી.એ.પી.એસ. સંસ્થાની શતાબ્દીના ડંકા વિશ્વભરમાં ગુંજાવતા સ્વામીશ્રીએ, અમેરિકા તથા કેનેડા ખાતે કલાત્મક શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરોનાં નિર્માણ કરી ઉપાસના-પ્રવર્તન સાથે સંસ્કૃતિનો પણ જયઘોષ કરી દીધો. તેઓ દ્વારા આવાં અવિરત સંપન્ન થતાં મંદિરોનાં નિર્માણો વિશ્વમાં એક અજાયબી સમાં બની રહ્યાં હતાં. તેથી જ, આ જ વર્ષે અમદાવાદ ખાતે સંસ્થા શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીના પ્રસંગે સ્વામીશ્રીને, વિશ્વમાં સૌથી વધુ મંદિરોના નિર્માતા તરીકે તથા તેઓના સર્જન દિલ્હી અક્ષરધામને વિશ્વના સૌથી મોટા હિન્દુ મંદિર તરીકે ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા સન્માનવામાં આવ્યાં. એ જ પરોપકારી શૃંખલાને અવિરત વહાવતા સ્વામીશ્રીએ આ જ વર્ષોમાં ભાદરા તથા લીંબડીમાં નૂતન ભવ્ય શિખરબદ્ધ મંદિરોના નિર્માણો સાથે ગાંધીનગર સ્થિત અક્ષરધામમાં બેનમૂન વૉટર શૉ અને દિલ્હી અક્ષરધામ ખાતે નૂતન ગર્ભગૃહનાં અદ્‌ભુત કાર્યો પણ સંપન્ન કર્યાં. જો કે આ જગપ્રસિદ્ધ કાર્યોના મૂળમાં હતી – તેઓની શ્રીહરિ અને ગુરુવર્યો પ્રત્યેની અતૂટ કર્તૃત્વનિષ્ઠા. જેના પરિણામે તેઓ શારીરિક ઉપાધિઓ કે અપ્રતિમ માન-સન્માનો જેવા તમામ દુન્યવી ભાવોથી અલિપ્ત રહી અલમસ્ત આનંદમાં ભગવાનનું સુખ માણતા. પ્રસ્તુત છબિ તેનું એક અનેરું દર્શન કરાવે છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૨૦૦૭ થી ૨૦૧૦)

ભાગ : ૧૧



લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 11
(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition: July 2025

Copies: 15,000

Copyright: © SWAMINARAYAN AKSHARPITH

All rights reserved. No part of this book may be used or re-produced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

ISBN: 978-1-947461-66-6

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૨૫

પ્રત : ૧૫,૦૦૦

કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)



મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[૧]

પ્રમુખસ્વામી બહુ છૂપા રહ્યા, પણ એ તો મહાન હતા. એ એવી રીતે પડદા પાછળ રહ્યા કે તમને ખબર જ ન પડે કે 'પ્રમુખસ્વામી છે કે નહીં?' આમ કહેવા જઈએ તો એમણે આખી દુનિયાને વશ કરી, પણ એ છૂપા રહ્યા. જોવાની ખૂબી આ છે. નહીં તો સ્વામી જેટલું માન-તાન મળે એટલે કેટલી બધી હોહા થઈ જાય! ગમે તેટલું ઢાંક્યું રહેવું હોય તોય છતરાયા થઈ જાય. પણ સ્વામીએ કમાલ કરી આ બાબતમાં. અને એમણે છૂપા રહીને મોટું કામ કર્યું છે.

આવા પુરુષને આપણે ગમે એટલાં પ્રણામ કરીએ, અભિનંદન આપીએ, ગુણગાન ગાઈએ તોય ઓછાં, ઓછાં ને ઓછાં જ પડવાનાં છે. એ એટલું બધું છૂપા રહ્યા કે ન પૂછો વાત! આપણે બધા ગોથાં ખાઈ ગયા અને એ નંબર મારી ગયા! છૂપા રહેવામાં નંબર મારી ગયા. આવા ગુરુને આખી સંસ્થાના બધા હરિભક્તો ગમે એટલા પ્રણામ કરીએ એ ઓછા છે.

સુખી થવું હોય તો આ જીવનચરિત્ર વાંચવું. એમાં બધું આવી જાય એવું સ્વામીબાપાનું જીવન છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સેવા, ભક્તિ અને વ્યવહાર પણ અંદર આવી જાય એવું સુંદર જીવનચરિત્ર છે.

તા. ૨૦/૧૨/૨૦૨૩, માગશર સુદ આઠમ,
પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ,
સુરત

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય પૃષ્ઠ

અમૃતધારા-૪૦ :
શતાબ્દી આવી બી.એ.પી.એસ.

- સન ૨૦૦૭

સંસ્થાની શતાબ્દીનો સૂર્યોદય ૧
માનવતાનું જીવતું-જાગતું ઉદાહરણ ૨
સમદૃષ્ટિપણું સર્વમાંય ૩
તમે ત્યાગનો તો અંત લીધો ૪
જેના મનમાં નહીં લેશ મેલ ૫
કંઈક પાપીને ઉગારિયા ૬
મોટા તણાં તો મન હોય મોટાં ૭
પ્રભુભક્તિમાં તે અનુરાગ્યા ૮
ઘણો સાચો છે સ્નેહ તમારો ૮
બ્રહ્મવિદ્યાની સરળ સમજૂતી ૯
મનથી માંદા ન રહેવું ૧૦
તેની પ્રીત ઘણી પ્રભુમાંય ૧૧
કોઈ થકાન નહીં, કોઈ અભિમાન નહીં ૧૨
આપણે ક્યાં દુનિયામાં રહીએ જ છીએ ? ૧૩
દ્વેષી જનોનું પણ સારું ઇચ્છે ૧૪
સંગશુદ્ધિની સમજ ૧૬
આપણે પસ્તાવો કરવાનું રહે છે જ ક્યાં ? ૧૮
માનવમાત્રની મૂડી સમા ૧૯
સહન કરે તે જીતે મનવા ૨૦
ભક્તિ કરવી એ આપણી ખેતી ૨૨
જે નમે ન કોઈને, તમારી પાસ તે નમે ૨૫

આ આપના લાભની વાત છે ૨૬
ગરવો ગુરુમંત્ર ૨૭
યોગ-ક્ષેમના વાહક ૨૮
સ્વામી અમારા દયાના સાગર ૨૯
હરિ વગર એવું કેમ હોય ! ૩૦
વૈરાગ્ય તેનો વધતો જણાય ૩૧
Globalization of religion ૩૨
નિજ જનને લડાવિયાં લાડ ૩૩
સૌના સ્વામી ૩૫
વિરોધી પર વહાલની વર્ષા ૩૬
કલિયુગ કે કુબેરાવતાર ૩૭
સંઘર્ષમુક્ત સાધુજીવન ૩૮
તમે બધા ભેગા રહો તો અમે ભેગા જ છીએ ૪૦
બોચાસણમાં અનંત કળશ મહા-અભિષેક ૪૧
આવો ઉત્સવ ફરીથી આવશે નહીં ૪૩
યુવા તાલીમ કેન્દ્રનો મંગલ પ્રારંભ ૪૪
અંતે તેડવા આવશું અમે ૪૫
દૈવી શક્તિથી પણ ઊંચા ૪૬
શતાબ્દીની ઉદ્‌ઘોષ યાત્રાનો આરંભ ૪૮
કરે કિંકરની પેરે સેવા ૪૯
નિજજન સુખદેણ દેહ ધાર્યો ૫૦
ભગવાનનું ભજન પહેલું ૫૧
કથારસ પહેલો ૫૨
ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે ઐતિહાસિક મુલાકાત ૫૩
અંધને આંખ્યો જડે ૫૪
એક ઈશ્વરમાં સ્થિર ઠરે ૫૫
અક્ષરધામ એ ભગવાનનું જ કામ છે ૫૬
સદા જે છે નીરોગી સ્વતંત્ર ૫૭
સહન કર્યું છે એનું વધ્યું છે ૫૮
આફ્રિકાને અલવિદા ૫૯

શુદ્ધ હૃદયના અત્યંત સ્વસ્થ સંત ૬૧
મધરાતે સૂર્યોદય ! ૬૨
આમાં પૂછવાનું છે જ ક્યાં ? ૬૩
શ્રીજીના સુયોગ્ય સંદેશવાહક ૬૪
આખું કેનેડા સર કરી લેવું છે ૬૫
શિકાગોમાં શતાબ્દીનો 'સહજ આનંદ' ૬૬
પોતે પાળે બીજાને પળાવે ૬૭
બાપાનું નહીં, ઠાકોરજીનું – એમ બોલો ૬૮
પિતા અને પતિનું પંચામૃત ૬૯
દુખિયાનાં દુખડાં ટાળી દિલડાને ઠારતા ૬૯
આપણું કાર્ય ચાલુ રહેવાનું છે ૭૧
સ્વામી ! તુજ મેં હૈં ભગવાન ૭૨
હ્યુસ્ટનથી અંતિમ પ્રસ્થાન ૭૩
તમે બધા રાજી થાવ એ અમારે આનંદ ૭૪
વૃષ્ટિ બ્રહ્મ આનંદની વરસે ૭૬
સિદ્ધયોગીનો સ્મૃતિયોગ ૭૭
ધાર્યા બહારની વાત ૭૯
પ્રેરણાની ત્રિમૂર્તિ : બાળકો, 'બાપા' અને બાળ પ્રવૃત્તિ ૮૧
સર્વાંગ સંપૂર્ણ સત્સંગીની સમજ ૮૨
દીસે જહાં સાગર તો દયાના ૮૩
ભગવાન ન રાખીએ તો ખાલીખમ ૮૪
આત્મબુદ્ધિનો અર્થ ૮૫
સો વરસનો ઠેલ આપણે મારવાનો છે ૮૬
પ્રેમ એનો તો અદ્‌ભુત લાગે ૮૮
વફાદારી એટલે દિવ્યતા ૮૯
વિદેશી વરિષ્ઠોના મિત્ર અને માર્ગદર્શક ૯૧
વાસ્તુ, યજ્ઞ અને નગરયાત્રાની ત્રિવેણી ૯૨
કેનેડાના શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ૯૩
'અસાધારણ ઈમારત'ની આરતી ૯૬
હું તમારો થઈ ચૂક્યો છું ૯૭

ભાળતાં જ તે ભગવાન ભાસે..... ૯૯
ભવ્યાતિભવ્ય ને દિવ્યાતિદિવ્ય..... ૧૦૦
એ વિના તમારું વળશે નહીં..... ૧૦૨
સદા સંસારથી છો ઉદાસ..... ૧૦૩
એ તો ધર્મ પાળે સોળે આની..... ૧૦૪
બી.એ.પી.એસ. પોતાના જ વિક્રમો તોડી રહી છે..... ૧૦૫
જોતાંમાં છબી જીવમાં પેઠી..... ૧૦૭
આપણે તાળીઓ પડાવવા ક્યાં સાધુ થયા છીએ?..... ૧૦૮
આ કંઈ નાની-સૂની વાત નથી..... ૧૦૯
કલ્યાણના કાયદાનો કારોબાર..... ૧૧૧
એટલાન્ટાના આંગણે નયનરમ્ય નગરયાત્રા..... ૧૧૨
પથરામાં રહીને ભગવાન બોલે છે..... ૧૧૩
અહંકાર ઓગાળતું ભગવાનનું ઘર..... ૧૧૫
અતિ છે સૌનું તમ પર હેત..... ૧૧૬
રૂડી વાણી સુણી ચિત્તવૃત્તિ લોભાણી..... ૧૧૭
જેનો પ્રેમ પ્રભુ વિષે પૂરો..... ૧૧૮
સૌને સરખા જાણું..... ૧૧૯
જાણે થવાનું, થયું તે પણ..... ૧૨૦
સાનહોઝેમાં મૂર્તિપ્રતિષ્ઠા..... ૧૨૧
આપ બધા તમારા બાળકોને પ્રેમ આપજો..... ૧૨૨
મજબૂત માનવી અને મંદિરના નિર્માતા..... ૧૨૩
એલ.એ.માં ઐતિહાસિક મૂર્તિપ્રતિષ્ઠા..... ૧૨૫
અમેરિકામાં મંદિર-નિર્માણની મોનોપોલી..... ૧૨૭
કુરબાન થઈ જવું તે આપણું કાર્ય છે..... ૧૨૮
મંદિર, સત્સંગ અને સેવા મૂકવાં નહીં..... ૧૨૯
રાખે આસ્તિકતા અતિ ઉર..... ૧૩૧
વિસરે ન છબી તે વિસારી..... ૧૩૨
માની લ્યો છો ઘણી અલ્પ સેવા..... ૧૩૪
લંડનમાં સંસ્થાની શતાબ્દીનો ઉદ્‌ઘોષ..... ૧૩૫
નમસ્કાર કરવા તે વધારે સારું..... ૧૩૭

હવે અમે રજા લઈએ છીએ.....૧૩૮
સત્તા અને મહત્તાથી અભાન ૧૪૦
પ્રમુખસ્વામી સ્વયં એક ચમત્કાર.....૧૪૧
આપણે ક્યાં મોટા માણસ છીએ ?.....૧૪૨
મહિલાઓનું મહિમાગાન.....૧૪૪
સ્ત્રી-શક્તિનાં સ્વાગત-સન્માન ૧૪૫
આજ્ઞાથી સેવા એ મારી અંગત સેવા ૧૪૬
દિવ્યતમ્ દિવ્યતમ્... ભવ્યતમ્ ભવ્યતમ્... .....૧૪૭
સંતો-ભક્તોને રાખ્યા ઉરમાં ઉતારી.....૧૪૮
સુધારાનું સાચું સ્થાન ૧૪૯
આપણે તો દરેક સત્સંગી પારસમણિ જ છે ૧૪૯
દરિયા જેવા દિલના ઉદાર.....૧૫૦
આત્મીયતાની આંખનાં ઓજસ.....૧૫૧
થશું ભાંગ્યાના ભેરુ તો અમે.....૧૫૨
તેને હું પણ પળ ન વિસારું ૧૫૩
મારા ઉપર તો બધા રાજી જ છે ૧૫૪
કરુણા અને કર્મઠતાના કિનારા.....૧૫૬
દેહ ગેહ થકી છો વિરક્ત.....૧૫૬
શતાબ્દી આવી બી.એ.પી.એસ. ૧૫૮
અક્ષર-પુરુષોત્તમને કરીએ શતાબ્દી અભિવંદના ૧૫૯
મેઘધનુષ પૃથ્વી પર ! ૧૬૨
સદા સેવા વિષે સાવધાન ૧૬૫
મહિલાઓનું ભક્તિ-આંદોલન ૧૬૬
બી.એ.પી.એસ. કે બાલમંડલ કી આઈ સવારી ૧૬૬
ભારતના ભાગ્યવિધાતાઓનું સર્જન.....૧૬૯
શ્રીસ્વામિનારાયણ ભાષ્યનું વિમોચન ૧૭૦
દેવતાઓ પણ ન કરી શકે તેવું કાર્ય ૧૭૧
સમસ્ત કષ્ટ નષ્ટ થાય આપના પ્રતાપથી.....૧૭૩
એક અભૂતપૂર્વ અનુભવ.....૧૭૪
સ્વામીશ્રીના નામે વધુ એક વિશ્વવિક્રમ ૧૭૫

સૂચક શબ્દો ૧૭૭
ભારતના ભાગ્યોદયની અમર આશા ૧૭૮
આપણે તો પહેલાં ભગવાન જ રાખવા ૧૭૯
આપ સૌથી વધુ સુખી છો ૧૮૧
શતાબ્દી વર્ષનું સમાપન ૧૮૨

અમૃતધારા-૪૧ :
જનક જનની નિજ જનના

- **સન ૨૦૦૮**

શ્વાસ લઈએ છીએ એ પણ ભગવાનની ઇચ્છા ૧૮૩
સદા સંતોષી ૧૮૪
હું તો આનંદમાં હતો મગ્ન ૧૮૫
કર્યું એક હરિનું થાય છે ૧૮૬
દૃઢ વ્રત ધાર્યાં જેણે મન ૧૮૭
ક્ષમા કરવાનો સ્વભાવ જેને ૧૮૮
આ તો અમારી પ્રકૃતિ છે ૧૮૯
હંમેશાં અસલને સંભારી રાખવું ૧૯૧
તનથી પ્રીત નથી જ રાખતા ૧૯૨
કોઈના ગુણમાં અવગુણ ન ગોતે ૧૯૨
સાચામાં સાચી વ્યક્તિ ૧૯૩
અમે તો બીજાને ખવડાવીને રાજી થઈએ ૧૯૪
સુખિયા રહેવું ને સુખિયા કરવા ૧૯૫
બ્રહ્માંડ ઉડાડીએ, પણ આ ન થાય ૧૯૬
આપ જ પ્રગટ બ્રહ્મસ્વરૂપ છો ૧૯૭
મર્યાદામાં રહીને કાર્ય કરવું એ મોટી વાત ૧૯૮
ધરતી પે કોઈ દૂસરા નહીં, આપકે જૈસા પ્રમુખ ૧૯૯
આપણે શૉ કરવા નથી આવ્યા ૨૦૦
મારી નાડ હરિને હાથ ૨૦૧
એક સારા સમાચાર ૨૦૨
આખી જિંદગી સીધા જ ચાલ્યા છીએ ૨૦૩

મોહે લાગી લટક ગુરુચરનન કી.....૨૦૪
અક્ષર ભુવનની અગાશીમાં રાસની રસલહાણ.....૨૦૫
નીતિ-નિયમ એ સૌથી મોટું ભૂષણ.....૨૦૬
લક્ષધા લાડ લડાવે.....૨૦૭
શાસ્ત્રોના વિચાર તે આશ્રિતોનો આચાર.....૨૦૮
પહેલેથી જ પ્રકૃતિ એવી.....૨૧૦
અમૃતધારાનો નૂતન પ્રકાર.....૨૧૧
ભગવાન આ દુનિયામાંથી જતા જ નથી.....૨૧૨
દેઈ દર્શન ને દુઃખ ભાંગે રે.....૨૧૩
જનક જનની નિજ જનના.....૨૧૫
સમૈયો તહાં સારો ભરાયો.....૨૧૬
સંભાળ લે સતસંગની.....૨૧૭
સર્વે ધર્મ તેણે સાચવ્યા.....૨૧૮
સ્વદેહથી દુઃખ ઘણાં સહે છે.....૨૧૮
પ્રેમાળ પ્રકૃતિના પુરાવા.....૨૧૯
નહીં તેને કદી વીસરી જશે.....૨૨૦
સાચે સાચા છે સર્વ ઉચ્ચાર.....૨૨૧
છેલ્લો જન્મ આ જાણી લેજ્યો રે.....૨૨૩
આપણે ભગવાનને આધીન છીએ.....૨૨૩
અસરકારક સાદગી.....૨૨૪
બહુ કરી સહુની બરદાશ.....૨૨૬
સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે.....૨૨૮
દિલે દંભ કદાપિ ન દીસે.....૨૨૯
સંતનો મહિમા સમજીને, રાખે પૂરણ મનમાં પ્રીત.....૨૩૦
દાસત્વ શ્રીજી તણું દિલ ધાર્યું.....૨૩૧
સંપર્ક હોય તો જ સત્સંગ વધે.....૨૩૨
પાટોત્સવનો મર્મ.....૨૩૨
૮૭મા વર્ષે પણ સ્વયંસેવક.....૨૩૩
દયાના સાગરિયા પોતે ન-બેલીના બેલી.....૨૩૪
આ માથું ખંજવાળવાની વાત નથી.....૨૩૫

સમૈયાની સફળતાનાં સૂત્રો ૨૩૬
સત્તાધીશનો સેવકભાવ ૨૩૮
આપણે ભગવાન સાથે જ વાત કરીએ છીએ ૨૩૯
આ એક અમૂલ્ય વસ્તુ કહેવાય ૨૪૦
હરિભક્તોનાં ઘર એ આપણી રાજધાની ૨૪૧
શાસ્ત્રીજી મહારાજનો એક જ સિદ્ધાંત હતો કે... ..... ૨૪૨
હરિ ઇચ્છા થકી થાય જેહ, સુખદાયક સમજવું તેહ ૨૪૩
નથી કેને ઉપર જેને વેર ૨૪૪
સ્વધર્મમાં દૃઢ અનુરાગ ૨૪૫
व्यसन नहीं रखना वो भी समाज की सेवा है ૨૪૬
આપણી શતાબ્દી તો ઊજવાઈ ગઈ ૨૪૮
મારી પાસે તો ભગવાન છે જ ૨૪૯
અમે કોઈના ઉપર ધોખો કરતા જ નથી ૨૫૦
અમને તો જ્યાં જઈએ ત્યાં આનંદ ૨૫૧
સર્જનાત્મક શક્તિના સ્રોત સમા ૨૫૨
એકાઉન્ટથી ઓઘરાળાં સુધીની ચોખ્ખાઈ ૨૫૪
તમે બધા કાર્યકરો સંત જેવું કાર્ય કરો છો ૨૫૪
તમે બધા ભુલાવ એવા છો જ નહીં ૨૫૬
મને એ જ આપો વરદાન ૨૫૮
ધીરજતામાં ન આવે ખામી ૨૫૯
રહે છે સદાય શીશ નામતા રે ૨૬૦
આ મૂર્તિ નહિ અન્ય જેવી ૨૬૧
એવી લીલા કરો સુખ દેવા ૨૬૨
સર્વે જનોનું હિત ચિત્ત જાણે ૨૬૪
ચોખ્ખાઈ હશે એટલું શોભી ઊઠશે ૨૬૫
સ્વામી ! એક નામ તેરા સુખકારી ૨૬૬
ઘરસભા બહુ સારી વાત છે ૨૬૭
આ એક સેવા છે, આ એક આજ્ઞા છે ૨૬૮
आप ही भगवान के रूप हो ૨૭૦
કોઈનો ન કરે કદી દ્વેષ ૨૭૧

કરો છો રક્ષા બહુવિધિ ૨૭૨
મારે એક યોગી નામનું ગાણું ૨૭૫
હું દરેક હરિભક્તને સાચવતો આવ્યો છું ૨૭૬
જામનગરમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ ૨૭૭
તોયે ચિત્તે માન તેણે ન આણ્યું ૨૭૯
નિજ ધર્મ વિષે દૃઢ બુદ્ધિ ઠેરી ૨૮૦
આજ્ઞામાં વર્તે એ મન અમન ૨૮૦
કરુણા કરો છો કરુણાકારી ૨૮૧
સત્સંગનો સિલેબસ ૨૮૨
મારી શતાબ્દી તો ઊજવાયેલી જ છે ૨૮૩
જાણે સંચિત કર્મ કોઠાર ૨૮૪
કરકસરની નવી દિશા ૨૮૫
અહીં તો એકબીજાનું સમાવીને ચાલવાનું છે ૨૮૬
પર્યાવરણનું જતન ૨૮૭
જ્યાં જઈએ ત્યાં શાંતિ જ ૨૮૯
સાપ તુલ્ય સનમાન ૨૯૦
આપણું કશું જ નથી... આપણે તો કશું જ નથી... ..... ૨૯૧
ઈશ-ઇચ્છાને આધીન ૨૯૩
વફાદારીનો વિદ્યાપાઠ ૨૯૪
મનોરથો ભક્ત તણા પૂરે છે ૨૯૫
રસનાના રસે રહિત ૨૯૭
કરુણાનું રૂપ ધર્યું છે રે ૨૯૮

અમૃતધારા-૪૨ :
સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન

- **સન ૨૦૦૯**

લોક જેને સમરે સદાય ૩૦૦
વચનામૃત ગ્રંથ સર્વોપરી છે ૩૦૧
યા કલિજુગ કે પતિત સબ તારે ૩૦૨
અર્થશાસ્ત્રે પ્રવીણ છે પૂરા ૩૦૪

પરમાર્થી પૂર્ણ પવિત્ર.....૩૦૫
અક્ષરધામ ખૂબ જ સફળ છે.....૩૦૭
આવા વૈરાગ્યવંતને જાઉં વારણે.....૩૦૮
ખપે નહીં આરામ તમોને.....૩૦૯
બધું સરખું થઈ ગયું છે.....૩૦૯
મહુવામાં મોટા મંદિરનાં મંડાણ.....૩૧૦
સંપીને કામ કરો એમાં અમારો રાજીપો ૩૧૧
બ્રાહ્મમુહૂર્તના વેદમંત્રો.....૩૧૨
આપણે તો ભગવાનની ભક્તિ થાય એ અગત્યનું.....૩૧૪
ભક્તિ માટે છે દેહ એમ જાણ્યું.....૩૧૫
બ્રહ્માંડના સ્રષ્ટાની ભોળપ.....૩૧૭
अक्षरधाम भगवान का विराट स्वरूप है.....૩૧૮
અક્ષરધામના પથ્થરો પણ ભગવાનની પ્રસાદી.....૩૧૮
એ મને ગમતું નથી.....૩૨૦
કાયમી યાદગીરીનો ઉપાય ૩૨૦
...તો બધાનું મન જીતી શકાય.....૩૨૧
રચ્યો હે અખાડો શ્રી સારંગપુર મેં.....૩૨૨
બધા પ્રમુખ કહે છે, પણ દાસ છીએ.....૩૨૪
ધન્ય ધન્ય છે પ્રેમ તમારો.....૩૨૫
શ્રીજીમહારાજનું કાર્ય અદ્‌ભુત છે.....૩૨૫
તપમાં તો નથી કાંઈ ખામી ૩૨૭
મૂર્તિઓની સાથે મનમેળની પણ સ્થાપના.....૩૨૮
આપણે સાદગી સારી.....૩૨૯
આવા શ્રેષ્ઠ સગા મળે ક્યાંથી.....૩૩૦
સમર્પણની સોપાનપંક્તિ પર સુવર્ણ સિંહાસનોની સ્થાપના ૩૩૧
મુંબઈમાં નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા ૩૩૨
સરળ અને સાનુકૂળ.....૩૩૪
સર્વકાળ મન શાંતતા ધરે.....૩૩૫
કેવા વિશ્વ થકી છો વિરક્ત !.....૩૩૬
સાધુમાં રાખ થવાય એ મુદ્દો.....૩૩૭

પ્રમુખ સેવક.....૩૩૯
બધાને હું વંદન કરું છું ૩૪૦
સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન.....૩૪૦
અમને આ ટેવ પડી ગઈ છે.....૩૪૧
ટાળે જનોનાં દુઃખ તર્તખેવ.....૩૪૩
શ્રદ્ધા ને સેવાના પાઠ પઢાવે.....૩૪૩
ટેલિફોન જ જીવન ન થવું જોઈએ ૩૪૪
પૂરો સ્વભક્ત કામના.....૩૪૬
'યોગી'નો વંશ-વારસો ૩૪૬
રે પાછાં તે પગલાં નવ ભરીએ ૩૪૮
રે ભવભવની ભાવટ ભાંગી ૩૪૯
અમને રુચે ભક્તિનું કામ.....૩૫૦
સત્સંગ કેરો મમત્વ રાખે.....૩૫૧
ગુણ માયિક ત્યાં નથી કશો ૩૫૨
દેહ ત્યાં નથી પણ મન ત્યાં જ છે.....૩૫૪
સંપ વગર બધું અધૂરું ૩૫૪
દુઃખી થાય પરદુઃખ દેખતાં.....૩૫૫
કરે ક્યારેક મનુષ્યચરિત્ર ૩૫૬
કલ્પના બહારનું.....૩૫૮
New Dimension in Management ૩૫૯
હું તો સંતોની ચરણરજ છું.....૩૬૧
આરામની અડચણ ! ૩૬૨
કન્યા કેળવણીમાં કાળજીની કક્ષા ૩૬૪
એ અગત્યનું છે ૩૬૫
સાચી સ્વતંત્રતાનાં સાધન ૩૬૬
વિચક્ષણ વ્યવહારવિદ ૩૬૭
નિયમ પાળે તો આશીર્વાદ ફળે.....૩૬૮
આહ્નિક પહેલું રાખવું ૩૬૯
સમભાવ એ સ્થાયીભાવ ૩૭૧
ધર્મ ધીરજનેં રહ્યા ધારી રે ૩૭૨

નિર્જળા ઉપવાસમાં તો વધારે બળ આવે ૩૭૩
ભજત સદા ભગવંત ૩૭૪
નવા અવતારે નચિકેતા ૩૭૫
ધ્યેય એક જ છે કે..... ૩૭૬
અક્ષર દેરીના આંગણે પ્રયાગની પવિત્રતા..... ૩૭૭
સદા કરે સંત તણી જ સેવા ૩૭૯
આનંદિત આત્મા છે આપ..... ૩૮૦
જોગીમય જગત..... ૩૮૧
આ લોહી વહે છે એય સાકર..... ૩૮૨
આગવી આગેવાનીનું પ્રમુખ પાસું ૩૮૩
હું થાક્યો નથી..... ૩૮૪
આપ પ્રેમી જનની સ્થિતિ સર્વ જાણો..... ૩૮૪
આપ ગંભીર છો જી અગાધ..... ૩૮૫
આવવાનું થશે ને નહીં પણ થાય..... ૩૮૭
સ્વામીશ્રીને સતાવતી સમસ્યા !..... ૩૮૮
રાખ-રખાવટમાં સત્સંગ વધે..... ૩૮૯
એવા સંત સહુના સુખકારી..... ૩૯૦
તેથી ઘડીએ ન રહે વા'લો ન્યારા રે..... ૩૯૧
માન પામી અભિમાન ના કરે ૩૯૨
પરમેશ્વરની પ્રતિકૃતિ સમા ૩૯૩
તન કરી રાખ્યું છે તૃણ તોલે..... ૩૯૬
હોય શ્રેષ્ઠ પણ સર્વને નમે..... ૩૯૬
અમને તો જ્યાં જઈએ ત્યાં સારું જ લાગે છે ૩૯૮
આજ્ઞાથી થાય એ લાભ જ છે ૩૯૯
માળા લઈએ તો કામ થાય..... ૪૦૦
સંત વાત ભેળી કરું વાત રે..... ૪૦૦
સંકલ્પ તો એક રાખ્યો છે કે..... ૪૦૧
સેવકમાં જ મજા છે ૪૦૨
ગુણાતીત દીક્ષાનો દ્વિશતાબ્દી મહોત્સવ..... ૪૦૪
અદ્‌ભુત ઉત્સવ કીધો, ડંકો જીતનો દેશમાં દીધો ૪૦૫

જ્યાં જઈએ ત્યાં બધે જ ગમે.....૪૦૭

અમૃતધારા-૪૩ :
અહો! આવા સ્વામી ક્યાં મળે?!

- **સન ૨૦૧૦**

સમય આવ્યે ઓસાન ન ભૂલવું.....૪૦૮
વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ.....૪૦૯
સહજ વાણી ભવિષ્યની એંધાણી.....૪૧૦
ઓતપ્રોત છતાં અલિપ્ત.....૪૧૧
સાધુના ધરમમાં આવું લખ્યું છે?.....૪૧૨
અનુસરવું તો એકને જ.....૪૧૩
એ તો અવશ્ય બિરુદ છે અમારું રે...૪૧૪
એવા સંત સહુના સગા રે.....૪૧૫
જેનો પ્રેમ નહીં કાંઈ થોડો.....૪૧૬
પ્રમુખસ્વામી છે જ ક્યાં?.....૪૧૮
ઝોળી ઉપર મંદિર થયાં છે.....૪૧૮
ષટ્ઊર્મિ-વિજય ગુણ સારો.....૪૨૦
સુણતાં કથા થાય છે હુલાસ.....૪૨૦
સગા વિષે વહાલા સગા.....૪૨૧
माँ-बाप का भविष्य बच्चों के हाथों में है.....૪૨૩
ગુરુકૃપાથી સહુ કામ થાય.....૪૨૪
એક ભગવાન સામે દૃષ્ટિ છે.....૪૨૫
માનવરત્નોની માળા.....૪૨૬
સાબરકાંઠામાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ.....૪૨૬
ચીવટ અને ઝીણવટ.....૪૨૮
અક્ષરધામ આપણા માટે છેટું નથી.....૪૩૦
લોકો સુખી થાય એ આશય છે.....૪૩૨
નમ્ર આઠે જામ છે.....૪૩૩
કર્યો રંગ-ઉત્સવ રૂડી રીતે.....૪૩૪
તમે છો સર્વ વાત સુજાણ.....૪૩૫

આવો વિચાર આવે એય ખોટું ૪૩૭
આ સેવાથી આપણો છેલ્લો જન્મ ૪૩૮
શ્વાસ ઉશ્વાસે એ જ સ્મરણ ૪૩૯
પહેલું આપણું પાકું કરવું ૪૪૦
સાધુની વ્યાખ્યા સાંભળી લો ૪૪૧
અમે કોઈના બંધનમાં રહેતા નથી ૪૪૩
નામના નાશની તજવીજ ૪૪૪
પદયાત્રાઓની પરંપરા ૪૪૫
પાણીના પડદા પાછળની વાતો ૪૪૭
મારી મરજી વિના કોઈ તકે, સૂકું પાનડું હાલી ન શકે ૪૪૮
यह प्रमुखस्वामी ही कर सकते हैं ૪૫૦
પ્રમુખસ્વામીમાં ભગવાનનાં દર્શન કરાવતો વૉટર શૉ ૪૫૨
આ છાતી ઉપર ભગવાન બેઠા છે ૪૫૪
ઘરસભાની વાત તો જરૂર કરજો જ ૪૫૫
આવો વિચાર હોય તો અફસોસ થાય જ નહીં ૪૫૬
આગમાં બાગનો આનંદ ૪૫૭
પૂર્ણકામપણાનો પડઘો ૪૫૮
આપણો મોક્ષ થવાનો જ છે ૪૫૯
ટૂંકો ને ટચ 'પ્રમુખયોગ' ૪૬૦
કોઈ સમે મનુષ્યતુલ્ય કરો ચરિત્ર ૪૬૨
શીશ સાટે સત્સંગના સોદાનો સંદેશ ૪૬૪
બી.એ.પી.એસ.ની બળવાન બાળસેના ૪૬૪
સંપ રાખીએ તો પ્રશ્ન જ ક્યાં છે ? ૪૬૬
તમે લાડ લડાવિયાં લાખ ૪૬૮
મહાયાગનો મંગલમય માહોલ ૪૬૯
ભાદરામાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા ૪૭૦
સમૈયાની શોભા થઈ સારી ૪૭૨
કદર અને આદરના સોદાગર ૪૭૩
વાડ અને લાડનું સંતુલન ૪૭૪
ભાવ રાખી ભગવાનને ભજે ૪૭૫

મંદિરો કરવાનો હેતુ ૪૭૬
આપ સર્વજ્ઞ અંતરજામી ૪૭૮
લીંબડીમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા ૪૭૯
ગુરુચરિત્ર સુણવા તમે, ચિત્ત ધરો છો ચાહ ૪૮૧
એવા સંત સદાય ઉદાર ૪૮૨
આપણે એવો જશ લેવો જ નથી ૪૮૩
આપ મૂર્ત ભગવાન છો ૪૮૪
આ નામથી અંતર શુદ્ધ થાય ૪૮૫
પર અંતરની વાત જાણે ૪૮૬
यहाँ सर गर्व से उठ जाता है ૪૮૮
સ્વામી જેમ કહે તેમ થાય ૪૮૯
નિત્ય કર્મ પરમાર્થનું ગમે ૪૯૦
સાજી(પ્રીતિ) ન રાખી શરીર-શું ૪૯૧
यहाँ आकर दुनिया भूल गया ૪૯૨
પોતાના માન્યા છે એટલે ધ્યાન રાખે છે અને રાખશે ૪૯૩
અધ્યાત્મ અને મૅનેજમેન્ટના ગુરુ ૪૯૩
ભગવાનના વ્યક્તિત્વની આભા ૪૯૫
વાણીમાં ત્રિવેણી ૪૯૬
અક્ષરધામના નૂતન ગર્ભગૃહમાં મૂર્તિપ્રતિષ્ઠા ૪૯૭
અંતરમાં ઠંડક થાય એવું કાર્ય ૪૯૯
મેટ્રોમાં મોક્ષદાયી મુસાફરી ૫૦૦
How great is his guru bhakti ! (કેવી મહાન ગુરુભક્તિ !) ... ૫૦૧
કરે પ્રભુ પ્રસન્નતા પ્રમાણ રે ૫૦૩
અક્ષરધામમાંથી અંતિમ પ્રસ્થાન ૫૦૪
મોંઘા થવામાં માલ નથી ૫૦૫
તનની તાવણી ૫૦૬
મૃત્યુના મંગળ મહોત્સવ ! ૫૦૭
કરકસર કરીને ઉગારે ૫૦૯
સા'ય કરો છો સંતની ૫૧૦
સદાય મને રહે સુખી ૫૧૧

ભીતરને ભરી દેતો એક અનુભવ.....૫૧૨
૫૪૦ = ૧૧,૦૦,૦૦૦ !.....૫૧૩
આ સંપ્રદાય મળ્યો તે મહાન ભાગ્ય.....૫૧૫
અમેરિકામાં અચળ પાયો.....૫૧૬
ગણ્યું નહીં નિજ દેહ.....૫૧૭
સભામાં આવવાથી ફાયદો છે જ.....૫૧૮
કોઈ રહી જવો ન જોઈએ.....૫૧૯
તમારા બધાની સેવા ભુલાય એવી નથી.....૫૨૦
ધર્મ સ્થાપવા ધાર્યો છે દેહ.....૫૨૧
આપણે ભગવાન પરોક્ષ થયા નથી.....૫૨૨
હજી સુધી ટેવ પડી નથી.....૫૨૩
આપણી એ રીત નથી.....૫૨૪
પધાર્યા રે સંતસ્વરૂપે ઘનશ્યામ.....૫૨૫
ફરી ફરીને પાછા અહીં જ આવીશું.....૫૨૬
ગુણાતીતના પ્રાસાદિક સ્થાનમાં.....૫૨૭
રાખે પ્રેમ પ્રભુ પર પૂરો.....૫૨૯
જેનો પ્રભુપદમાં બહુ પ્યાર.....૫૩૦
અહો ! આવા સ્વામી ક્યાં મળે ?!.....૫૩૧
ગુરુકુળનું ગૌરવગાન.....૫૩૨
ગોંડલમાં ગુરુશિખરોનું નિર્માણ.....૫૩૩
... એ સો ટચનું સોનું.....૫૩૪
આજનો આ કેફ લઈને જજો.....૫૩૬
ગોંડલથી અંતિમ વિદાય.....૫૩૭
કરી સૌની સારી બરદાશ.....૫૩૮
ભગવાન, મંદિર કે સત્સંગ ન દેખાય તે આંધળા.....૫૩૯
આ સેવા એ અક્ષરધામની સેવા.....૫૪૦
સામર્થ્ય અને સેવકાઈની સ્પર્ધા.....૫૪૨
નેતા અને માતા.....૫૪૩
દિસો તમે ભક્ત ભલા અનન્ય.....૫૪૩
જાણ્યા ઈશ્વર છે આપોઆપ.....૫૪૪

જેને નથી શરીરની સાધ્ય રે.....૫૪૫
કથા-શ્રવણ કરે શુભ રીતે.....૫૪૭
જેવા છીએ તેવા જ છીએ.....૫૪૮
દર્શનનું દૈવત.....૫૪૯
આપણે તો કામ પતે એ જ રીલેક્સ.....૫૫૧
ધીરજ ન રહે એવું કામ.....૫૫૩
સંસારથી રાખી સદા વિરક્તિ.....૫૫૫
અમે તો અભિનંદનથી ૫૨ છીએ.....૫૫૬
આપણે તો એક જ વાત છે.....૫૫૭
...તો આપણે આવ્યા એ સાર્થક.....૫૫૮
નિષ્કપટ મતિ અતિ ઘણી.....૫૫૯
સંતમહિમાની સચોટ સમજ.....૫૬૦
ખરું હૈયાનું દેખાડ્યું હેત.....૫૬૧





ગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
રબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો.



સ્વામીશ્રીના સાંનિધ્યમાં અક્ષર મંદિર ખાતે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પવિત્ર જન્મદિન – વસંત પંચમી પર્વની ઉલ્લાસભેર ઉજવણી... (ગોંડલ, ૨૩-૧-૨૦૦૭)



ગોંડલ 'અક્ષર દ્વાર'ની પાર્શ્વભૂ પર રચાયેલી શોભા વચ્ચે બિરાજમાન સ્વામીશ્રી. (૨૩-૧-૨૦૦૭)
સંસ્થાની શતાબ્દી પર્વે સ્થાપક શાસ્ત્રીજી મહારાજને ભક્તિ-વંદના અર્પવા ઊમટેલો ભક્ત સમુદાય...




સારંગપુરની પુણ્યવંતી ભૂમિ પર પુષ્પદોલોત્સવ પ્રસંગે આશીર્વાદ અર્પતા સ્વામીશ્રી...
(૪-૩-૨૦૦૭)



ગુરુહરિ સ્વામીશ્રીની દિવ્ય રંગવર્ષમાં ઉમંગભેર રંગાવા ઊમટેલો વિશાળ ભક્તસમુદાય...
(સારંગપુર, ૪-૩-૨૦૦૭)




સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે પધારેલા ટાન્ઝાનિયા દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી જકાયા કિક્વેટે...
(દારેસલામ, ૨૧-૫-૨૦૦૭)



સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અમેરિકા ખાતે શિકાગોમાં વિશ્વવિખ્યાત સિઅર્સ સેન્ટર ખાતે ભવ્યતાપૂર્વક ઊજવાયું બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવનું પ્રથમ ચરણ... (૧૭-૬-૨૦૦૭)




શિકાગોના વિશ્વવિખ્યાત સિઅર્સ સેન્ટર ખાતે સંસ્થા શતાબ્દી મહોત્સવની શાનદાર ઉજવણીને માણવા ઊમટેલો વિશાળ ભક્તસમુદાય... (૧૭-૬-૨૦૦૭)



અમેરિકા ખાતે બી.એ.પી.એસ. શતાબ્દીના ઉપક્રમે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયું – ૮,૦૦૦ બાળકો-યુવાનોનું નેશનલ બાળ-યુવા કન્વેન્શન... (જેક્સનવીલ, ૫-૧૫ જુલાઈ, ૨૦૦૭)

કેનેડા ખાતે ટોરન્ટો મહાનગરમાં નૂતન કલાત્મક બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો વિશ્વશાંતિ મહાયજ્ઞ સાથે મંગલ પ્રારંભ...



મંદિર મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે યોજાયેલા વિશ્વશાંતિ યજ્ઞમાં વૈદિકવિધિમાં લીન સ્વામીશ્રી. (ટોરન્ટો, તા. ૨૧-૭-૨૦૦૭)

મૂર્તિપ્રતિષ્ઠા પર્વે યોજાનાર શોભાયાત્રામાં કલાત્મક રથ પર બિરાજી ટોરન્ટો મહાનગર પર અમૃતદૃષ્ટિ કરતા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, સાથે સદ્‌ગુરુ સંતો... (૨૧-૭-૨૦૦૭)



રન્ટોના રાજમાર્ગો પર આકર્ષક રથો, ભક્તિનૃત્યો તથા ભજન-કીર્તનની રમઝટ સાથે શોભાયાત્રા. વિવિધ દેશોના ભક્તોએ પોતાના રાષ્ટ્રધ્વજો લહેરાવી આપ્યો એકતાનો સંદેશ... (૨૧-૭-૨૦૦૭)



ટોરન્ટો ખાતે નવનિર્મિત શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં વિરાજિત મૂર્તિઓમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠિત કરતા સ્વામીશ્રી... (૨૨-૭-૨૦૦૭)



મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત કેનેડાના વડાપ્રધાન શ્રી સ્ટિવન હાર્પરને અમૃત કળશની સ્મૃતિભેટ અર્પણ કરી આશીર્વાદ આપતા સ્વામીશ્રી... (ટોરન્ટો, ૨૨-૭-૨૦૦૭)



મહોત્સવના મંચ પર સ્વામીશ્રીની સાથે ભારતીય રાજદૂત, વડાપ્રધાન શ્રી સ્ટિવન હાર્પર તથા મહાનુભાવો (ટોરન્ટો, ૨૨-૭-૨૦૦૭)



કેનેડાની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનાં દિવ્ય અજવાળાં પાથરતું નવનિર્મિત શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર... (ટોરન્ટો)



અમેરિકાના ન્યૂજર્સી રાજ્યમાં વિખ્યાત કોન્ટિનેન્ટલ એરિના ખાતે ભવ્યતાપૂર્વક યોજાયેલ બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવનું એક શાનદાર સોપાન... (૪-૮-૨૦૦૭)



કોન્ટિનેન્ટલ એરિના ખાતે બી.એ.પી.એસ.નો ધ્વજ લહેરાવી સંસ્થા શતાબ્દીની ભક્તિસભર ઉજવણીને આનંદ-ઉત્સાહપૂર્વક વધાવતા સ્વામીશ્રી... (ન્યૂજર્સી, ૪-૮-૨૦૦૭)



એટલાન્ટા મહાનગર ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ.
મૂર્તિપ્રતિષ્ઠા ઉપક્રમે યોજાયેલ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં સમ્મિલિત યજમાન સમુદાય... (૨૫-૮-૨૦૦૭)



એટલાન્ટાના શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજની
પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી... (૨૬-૮-૨૦૦૭)



નૂતન ભવ્ય મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની ઉત્સવ-સભામાં સ્વામીશ્રી તથા ભક્તસમુદાય.
(એટલાન્ટા, ૨૬-૮-૨૦૦૭)



એટલાન્ટાના આંગણે આધ્યાત્મિક સૌંદર્યનો દિવ્ય ઉજાસ પ્રસરાવતું સંગેમરમર નિર્મિત
શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર...




લોસ એન્જલસના ચીનો હિલ્સ ઉપનગર ખાતે નૂતન શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિઓની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી... (૧૫-૯-૨૦૦૭)



સ્વામીશ્રીના સાંનિધ્યમાં લંડન(યુ.કે.)ના વિખ્યાત વેમ્બલી એરિનામાં બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની ઉદ્‌ઘોષ સભાનું એક દૃશ્ય... (૭-૧૦-૨૦૦૭)



લંડનમાં ધામધૂમપૂર્વક ઊજવાયેલા બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના અંતિમ ચરણમાં
ધ્વજ લહેરાવી શતાબ્દી વર્ષને ઉત્સાહભેર વધાવતા સ્વામીશ્રી... (૭-૧૦-૨૦૦૭)



બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીને માણવા
દેશ-વિદેશથી ઉત્સાહપૂર્વક ઊમટેલો ભક્ત મહેરામણ... (તા. ૧૩-૧૭ ડિસેમ્બર, ૨૦૦૭)



દીપ પ્રાગટ્ય દ્વારા બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની
શાનદાર ઉજવણીનો મંગલ પ્રારંભ કરતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૧૩-૧૨-૨૦૦૭)



બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સંસ્થાની બાળ-યુવા-મહિલા પ્રવૃત્તિ દ્વારા અર્પણ થઈ -
ટદેવ અને ગુરુવર્યોનાં ચરણે ભક્તિસભર ભાવાંજલિઓ... (અમદાવાદ, ૧૩-૧૫ ડિસેમ્બર, ૨૦૦૭)



બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના ભવ્ય અને દિવ્ય સભામંચ પર બિરાજમાન સ્વામીશ્રી...
(અમદાવાદ, ૧૭-૧૨-૨૦૦૭)



વિશ્વમાં સૌથી વધુ મંદિરોના નિર્માતા તરીકે સ્વામીશ્રીને અને વિશ્વના સૌથી મોટા હિન્દુ મંદિર તરીકે
દિલ્હીના અક્ષરધામને અપાયું ગિનિઝ વર્લ્ડ રેકોર્ડ્સ સન્માન... (અમદાવાદ, ૧૭-૧૨-૨૦૦૭)



કરુણાસિંધુ સ્વામીશ્રીને તેઓના જન્મદિને વધાવવા ઊમટેલો લાખોનો મહેરામણ. બી.એ.પી.એસ. શતાબ્દી
મહોત્સવની પૂર્ણાહુતિએ, બી.એ.પી.એસ. ધ્વજ લહેરાવી દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૧૭-૧૨-૨૦૦૭)



સંસ્થા દ્વારા થતાં લોકસેવાનાં કાર્યો અંતર્ગત, બિહારમાં થયેલી પૂર-હોનારત દરમ્યાન અસરગ્રસ્ત માટેની રાહતસામગ્રીની કીટને પ્રસાદીભૂત કરતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૨૫-૯-૨૦૦૮)



જામનગરમાં રચાનાર ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો વેદોક્ત વિધિપૂર્વક શિલાન્યાસવિધિ કરતા સ્વામીશ્રી... (૮-૧૦-૨૦૦૮)




શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના શિલાન્યાસ પ્રસંગે સ્વામીશ્રી સાથે
વેદોક્ત મહાપૂજાવિધિમાં લીન ભક્ત-સમુદાય... (જામનગર, ૮-૧૦-૨૦૦૮)



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની જન્મભૂમિ મહુવામાં રચાનાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ.
મંદિરના શિલાન્યાસ માટેની શિલાઓનું પૂજન કરતા સ્વામીશ્રી... (અટલાદરા, ૧-૨-૨૦૦૯)



પુષ્પદોલોત્સવ પ્રસંગે રચાયેલ મુખ્ય મંચની આકર્ષક શોભા.
ઉત્સવ-સભામાં સૌને આશીર્વાદ અર્પતા ગુરુહરિ સ્વામીશ્રી... (સારંગપુર, ૧૧-૩-૨૦૦૯)



ડભાણમાં આયોજિત ગુણાતીત દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે મહાયાગમાં
સ્વામીશ્રી સાથે મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતવર્યો... (૩૧-૧૨-૨૦૦૯



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આયોજિત ઉત્સવ-સભામાં મુખ્ય મંચ પર બિરાજમાન સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (૩૧-૧૨-૨૦૦૯)




ભગવાન સ્વામિનારાયણ સાથે અનેકનું કલ્યાણ કરવા પ્રગટેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા દ્વિશતાબ્દી પ્રસંગે આરતી-અર્ઘ્ય દ્વારા વધાવતો વિશાળ ભક્ત-સમુદાય... (૩૧-૧૨-૨૦૦૯)




અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવના ઐતિહાસિક પ્રસંગે,
ઉપાસનાના પ્રવર્તન માટે સૌને પ્રતિજ્ઞાબદ્ધ કરતા સ્વામીશ્રી... (૩૧-૧૨-૨૦૦૯)



હિંમતનગર ખાતે રચાનાર શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના શિલાન્યાસ પ્રસંગે
ઉત્સવ-સભામાં વિરાજિત સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (૧૦-૨-૨૦૧૦)



સારંગપુરમાં ફૂલદોલોત્સવ પ્રસંગે ઠાકોરજીના રંગે રંગાવા ઊમટેલા ભક્ત-સમુદાયને અમૃતદૃષ્ટિ દ્વારા પાવન કરતા સ્વામીશ્રી... (૧-૩-૨૦૧૦)



સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઊજવાયેલા પુષ્પદોલોત્સવની ઉત્સવ-સભાનું એક દૃશ્ય...
(સારંગપુર, ૧-૩-૨૦૧૦)




અક્ષરધામ ખાતે ઉપનિષદના શાશ્વત સંદેશની સર્વપ્રથમ પ્રસ્તુતિ કરતા વૉટર શોના ઉદ્‌ઘાટન પ્રસંગે
સ્વામીશ્રી સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદી, આર. ચિદમ્બરમ્ તથા ઇવ પીપા... (ગાંધીનગર, ૩-૪-૨૦૧૦




બેનમૂન વૉટર પ્રોજેક્શન સાથેની વિવિધ પ્રસ્તુતિઓથી સભર સત્ ચિત્ આનંદ વૉટર શોનું
વિધિવત્ ઉદ્‌ઘાટન કરતા પ્રેરણામૂર્તિ સ્વામીશ્રી... (ગાંધીનગર, ૩-૪-૨૦૧૦)

બ્રહ્મસ્વરૂપ ગુરુ દ્વારા આત્મસાક્ષાત્કાર તેમજ પરમાત્માના દિવ્ય સુખની પ્રાપ્તિ
– એ ઉપનિષદ સત્યને રજૂ કરતા વોટર શોની એક પ્રભાવક પ્રસ્તુતિ... (ગાંધીનગર)




ગુણાતીત પ્રાગટ્ય-સ્થાન ભાદરા - ગુણાતીતનગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ.
વામિનારાયણ મહાયાગ પ્રસંગે સૌ પર ચોખા પધરાવી પ્રસન્નતાભર્યા આશિષ વરસાવતા સ્વામીશ્રી..
(૧૮-૫-૨૦૧૦)



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા એકશિખરીય મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી... (ભાદરા, ૧૯-૫-૨૦૧૦)



ગુણાતીત જન્મસ્થાનમાં શાસ્ત્રીજી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિની સ્વામીશ્રીના હસ્તે નૂતન મંદિરમાં નવા રૂપરંગ સાથે પુનઃ પ્રાણપ્રતિષ્ઠા... (ભાદરા, ૧૯-૫-૨૦૧૦)



નવીનીકરણ પામેલા અક્ષરબ્ર
ગુણાતીતાનંદ સ્વામીના
પ્રાગટ્ય-સ્થાન - ગુણાતીત
જન્મસ્થાનનાં બાહરી દર્શન..
(ભાદરા, ૧૬-૫-૨૦૧૦)



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના નવીનીકરણ પામેલા મહાપ્રસાદીભૂત જન્મસ્થાને, પુનઃ પ્રતિષ્ઠિ
ચરણારવિંદની આરતી ઉતારતા સ્વામીશ્રી, સાથે શ્રી ચંદ્રકાંતભાઈ પૂજારા...
(ભાદરા, ૧૬-૫-૨૦૧૦)



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન ભાદરા - ગુણાતીત નગરમાં નિર્મિત
ભવ્ય કલાત્મક પંચશિખરીય બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિર...



લીંબડી ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરમાં
મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી... (૨૮-૫-૨૦૧૦)




ઝાલાવાડી હરિભક્તોનાં સેવા-સમર્પણ અને ભક્તિની વેદી પર નિર્માણ પામેલ
લીંબડીનું ભવ્ય શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર...



સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હીમાં નવનિર્મિત કલામંડિત ગર્ભગૃહના ઉદ્ઘાટન પ્રસંગે ભગવાન
શ્રી સ્વામિનારાયણનું વેદોક્ત પ્રતિષ્ઠા-પૂજન કરતા સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (૧૩-૭-૨૦૧૦)



નૂતન ગર્ભગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદ વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી...
(નવી દિલ્હી, ૧૩-૭-૨૦૧૦)






ભવ્ય, નયનરમ્ય અને આકર્ષક નૂતન ગર્ભગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે
દાસત્વભાવે ભક્તિવંદના અર્પણ કરતા સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (નવી દિલ્હી, ૧૩-૭-૨૦૧૦



દિલ્હી સ્થિત અક્ષરધામના ગર્ભગૃહમાં વિરાજિત પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સેવામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમજ ગુણાતીત ગુરુપરંપરાનાં દિવ્ય દર્શન... (૧૩-૭-૨૦૧૦)



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.



શતાબ્દી આવી બી.એ.પી.એસ.

સન ૨૦૦૭
સંસ્થાની શતાબ્દીનો સૂર્યોદય

૧૦૦ના અંક સાથે માનવીને પરાપૂર્વથી પ્રીત બંધાઈ ગયેલી છે. આપણાં શાસ્ત્રોમાં ગૂંથાયેલા 'शतं जीव शरदः... पश्येम शरदः शतम्... जीवेम शरदः शतम्...'(તમે સો શરદઋતુઓ સુધી જીવો... અમે સો શરદઋતુ જોઈએ... અમે સો શરદઋતુ સુધી જીવીએ...)ના ઉદ્‌ગારો સો સાથેના લગાવને જ અભિવ્યક્ત કરે છે. તેથી જ તો ક્રિકેટની રમતમાં કોઈ બેટધર સદી ફટકારે ત્યારે સ્ટેડિયમમાં છવાઈ જતો કિલ્લોલ કિલ્લાને તોડી નાંખે એવો બુલંદ બની રહે છે. એ જ રીતે કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં ૧૦૦ના ગુણાંકને આંબી જાય ત્યારે તેના પર વરસી પડતો વધામણીનો વરસાદ પણ કેવો પ્રચંડ બની રહે છે !

માનવીય મન સાથે જોડાયેલા આ ૧૦૦ના આંકડાના અંકોડાને કારણે જ સન ૨૦૦૭નો આરંભ થયો ત્યારે બી.એ.પી.એસ. પરિવારનો એકેએક સભ્ય પોતાને ભાગ્યશાળી માની રહ્યો, કારણ કે તે આ વર્ષે આવેલી સંસ્થાની શતાબ્દીના સૂર્યોદયને નિહાળવા સદ્‌નસીબ બનેલો. તેથી જ શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રજ્વલિત થયેલા યોગયજ્ઞની વેદીમાં સન ૨૦૦૭ના પ્રથમ પ્રભાતે કો'ક જપ અનુષ્ઠાનની, તો કો'ક પુરશ્ચરણની આહુતિ આપી રહેલું.

કો'ક મંત્રલેખન દ્વારા, તો કો'ક ગ્રંથવાંચન દ્વારા પોતાની ભક્તિને હુતદ્રવ્યરૂપે હોમી રહેલા. તેથી ઊંચે ચડતી અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનની જ્યોતિ આકાશને આંબવા મથી રહેલી.

આમ, અવની-આકાશમાં સર્વત્ર વ્યાપી વળેલા શતાબ્દીના સંદેશ સાથે શરૂ થયું – ૨૦૦૭નું વર્ષ.

માનવતાનું જીવતું-જાગતું ઉદાહરણ

સન ૨૦૦૭ના પ્રારંભમાં અમદાવાદ મુકામે રોકાયેલા સ્વામીશ્રી પાસે તા. ૮/૧ની સવારે અમેરિકાવાસી અગ્રણી ભારતીય શ્રી રાજ ભક્તા આવી પહોંચ્યા. રાજનીતિ સાથે સંકળાયેલા તેઓએ ઔપચારિક વાર્તાલાપ દરમ્યાન પૂછ્યું: 'સ્વામીજી! આપ લાખો લોકોને કઈ રીતે પ્રેરણા આપો છો? અમે પણ આ રીતે પ્રેરણા આપી શકીએ એના માટે શું કરીએ?'

''પહેલાંમાં પહેલું તો આપણે જે બોલીએ છીએ એ કરતાં શીખવું જોઈએ. તેની સાથે ભગવાનને કર્તા માનવા ને 'દરેકનું સારું થાય' એ ભાવના રાખીને એની સાથે વાત કરવી, તો બીજાને પણ એની અસર થાય. 'દરેકમાં સારું છે' એ દૃષ્ટિ રાખવી. પહેલું પોતાનું દૃઢ હશે અને પોતાને જો શ્રદ્ધા હશે તો બીજાને સારી પ્રેરણા મળશે.''

અજવાળું એ જ આપી શકે જે પોતે પ્રકાશિત હોય. ગંદું પોતું ટેબલ કે ખુરશીને કેવી રીતે સ્વચ્છ કરી શકે? તેમ પ્રેરણા આપવા ઇચ્છનારે સ્વયં મન-કર્મ-વચનથી એક અને નેક રહેવું અનિવાર્ય છે.

પ્રેરણાનો આ પદાર્થપાઠ આપનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૪/૧ની સવારે મકરસંક્રાંતિનું પર્વ ઊજવવા ઊમટી પડેલા સત્સંગીઓથી મંદિરનું સભાગૃહ અને સંકુલ – બંને ઊભરાઈ ગયાં. એ જ રીતે આ ભક્ત-સમુદાયનાં હૈયાં પણ આજે સમર્પણની ભાવનાથી છલોછલ હતાં. તેના એક ઉદાહરણરૂપે આજની ભરચક સભામાં એક મહિલાએ સ્વામીશ્રી પર મોકલેલો પત્ર વંચાયો. તેમાં તેઓએ લખેલું:

'આજે ઉત્તરાયણ છે. મારે દાન આપવાની અતિશય ઇચ્છા છે. મને ખબર નથી કે 'મારે શું કરવું જોઈએ?' પણ ભાવનાઓને શબ્દ નથી હોતા એ રીતે હું આ પત્ર સાથે સ્વામીબાપા માટે વીસ રૂપિયાની ઝોળી મોકલાવું છું. આ વીસ રૂપિયા મેં બે ઘેર વાસણ માંજીને તથા કપડાં

ધોઈને ભેગા કર્યા છે. મન તો ખૂબ હતું કે કમાઈને સંતોને જમાડું, ઉત્સવ કરાવું, પરંતુ છેલ્લા દશ દિવસથી કંઈ કામ મળ્યું નથી. છેવટે ભગવાને જે સુઝાડ્યું એ રીતે આ પૈસાને ભેગા કર્યા છે. ખબર નથી કે સ્વામીબાપાને લાયક આ રકમ છે કે નહીં? પણ એટલું તો છે જ કે એ જિવાડે એમ જીવીએ છીએ, એ ખવડાવે એમ એમનું જ ખાઈએ છીએ.'

આ પત્ર આજની ઉત્સવ-સભામાં વંચાયો ત્યારે ઉપસ્થિત ૩૨,૦૦૦ની જનમેદનીનાં નેત્રો સજળ થઈ ગયાં.

સ્વામીશ્રીએ પ્રગટાવેલી પ્રેરણા અને તેઓએ પ્રાપ્ત કરેલો પ્રેમ અનન્ય છે તેની વધુ એક ઝાંખી આજે અમદાવાદની વિશ્વરૂપ સોસાયટીના રહીશ શ્રી હાર્દિકભાઈ ગાંધીના પત્ર દ્વારા મળી રહી. આ મુરબ્બીએ બોપલ વિસ્તારમાં રહેતા સત્સંગી શ્રી ધૂળાભાઈ પટેલને ઉદ્દેશી લખેલો પત્ર પણ આજની સભામાં વંચાયો. તે આ મુજબ હતો:

'આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. મારી સાથે જે ઘટના થઈ તેમાં તમારે લીધે મારા રૂપિયા મને પાછા મળ્યા છે. આ જમાનામાં તમારા જેવા દેવદૂત ભાગ્યે જ જોવા મળે છે. પચાસ હજાર જેવી માતબર રકમ મળી છતાં તમે મને શોધીને પાછી આપી તેમાં હું તમારો દિલથી આભાર માનું છું. આ માનવતાનું એક જીવતું-જાગતું ઉદાહરણ છે. તમારી જગ્યાએ કોઈ બીજી વ્યક્તિ હોત તો મારી પચાસ હજારની થેલી જતી જ રહી હોત. તમે હતા તો હું બચી ગયો ને થેલી મને પાછી મળી.'

સ્વામીશ્રીના સંસ્કારો ઝીલી એક સત્સંગીએ દાખવેલી આ પ્રામાણિકતાનો પ્રકાશ પામી સૌ સભાસદોની આંખો અંજાઈ ગઈ. સ્વામીશ્રીએ પકવેલાં આવાં કંઈક માનવરત્નોથી સંસ્થાની શતાબ્દીના વર્ષનો આ પ્રથમ સમૈયો ઝળહળી ઊઠ્યો.

સમદૃષ્ટિપણું સર્વમાંય

ઉત્તરાયણની પુણ્યપર્વણીએ સ્વામીશ્રીની ઝોળી ભરવા કંગાલથી કુબેર સુધીના સૌ તલપાપડ હતા. તેથી જ 'સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્વલેક લગાવી જેવા સ્વામીશ્રી મંચની ધારે આવી બિરાજ્યા તે સાથે જ આ દાનવીરોની હારમાળા ખડકાવા માંડી. તે એક-એક પર અમીનજર ઢોળતા સ્વામીશ્રી સૌને દાનની સાર્થકતાનો અનુભવ કરાવતા

રહ્યા, પરંતુ પૂરની પેઠે વહેતા આ માનવપ્રવાહમાં તેઓએ સાધારણ સ્થિતિના જૂના સત્સંગી શ્રી જગજીવનભાઈને જોયા. આ હરિભક્તે તાજેતરમાં જ હૃદયની શસ્ત્રક્રિયા કરાવેલી. તેથી તેઓને વિશેષ આશીર્વાદ આપવાની ઇચ્છા સ્વામીશ્રીને થઈ આવતાં તેઓએ આ બુઝુર્ગ ભક્તને સામેથી મંચ પર બોલાવી ગુલાબનો હાર પહેરાવ્યો.

ધસમસતા ધોધના એક-એક બુંદને નીરખવાની-ઓળખવાની શક્તિ સ્વામીશ્રી પાસે હતી. તેની સાથે દાનેશ્વરીઓ વચ્ચે દરિદ્રને સન્માની જાણવાની સમદૃષ્ટિ પણ તેઓની માલિકીની. તેનો આ પુરાવો પામી આજની પુણ્યપર્વણી ધન્ય થઈ રહી.

તમે ત્યાગનો તો અંત લીધો

તા. ૧૪/૧ની સાંજે દિલ્હીથી આવેલા સંતોએ અક્ષરધામનો અહેવાલ આપ્યો ત્યારે તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અક્ષરધામનું જ્યારે જ્યારે સાંભળીએ ત્યારે નવું ને નવું લાગે છે.'

કહ્યું છે કે 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः।'[૧] – જે ક્ષણે-ક્ષણે નવું ને નવું લાગે તે જ રમણીયતાનું સાચું સ્વરૂપ. સ્વામીશ્રીનાં સર્જન આવાં જ રહેતાં. તે કદી પુરાણાં કે અપ્રસ્તુત ન ઠરતાં.

આવા વિરલ સર્જક સ્વામીશ્રીને આજે બેલ્જિયમના હરિભક્ત શ્રી પ્રવીણભાઈએ કહ્યું: 'બાપા! ૧૯૯૫ની સાલથી મારી એક જ ઇચ્છા રહે છે કે આપની હીરકતુલા થાય.'

'સાધુની તો થાય જ નહીં ને!' આમ કહી સ્વામીશ્રીએ સાધુતા તરફ પલ્લું ઝુકાવ્યું.

છતાં પેલા હરિભક્તે હીરકતુલાનો પ્રેમાગ્રહ જારી જ રાખ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનની દયાથી તમારો ભાવ છે એ હીરા જેવો છે. બાકી ડાયમંડનો અરથ શું થાય? ખાલી પથ્થર જ. તમારે બહુ ભાવના હોય તો ઠાકોરજીની હીરકતુલા કરજો.'

'એ તો છે જ, પરંતુ ઠાકોરજી જેમાં બિરાજમાન છે એમની પણ હીરકતુલા થવી જોઈએ ને!'

'આપણે સાધુની મર્યાદા છે, એટલે એ બાબતમાં બહુ વિચાર ન

---

૧. शिशुपालवधम्: ૪/૧૭.

કરવો.' સ્વામીશ્રીએ કહી દીધું.

આ રીતે તેઓના જીવનમાં એકથી વધુ વાર હીરકતુલાના પ્રસ્તાવો મુકાયેલા, પરંતુ ત્યાગનો અંત લેનારા સ્વામીશ્રીએ આ સંકલ્પો કદી સાકાર થવા દીધા નહોતા.

જેના મનમાં નહીં લેશ મેલ

તા. ૧૭/૧ની સવારે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી પર અમેરિકાના એક હરિભક્તનો ફોન આવ્યો. પરિવારમાં દીકરો અને દીકરી ધરાવતા તેઓએ પત્ની સાથે મળીને નક્કી કરેલું કે 'જો ત્રીજા સંતાનરૂપે દીકરો જન્મે તો તેને સાધુ બનાવવા સ્વામીશ્રીને સોંપી દેવો.' પરંતુ દીકરી અવતરતાં સહેજ વ્યથિત થઈ ઊઠેલા આ ભાઈએ પોતાની મૂંઝવણ રજૂ કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજની ઇચ્છાથી જે આવ્યું તે સ્વીકારી લેવું. હવે તમારી જવાબદારી બરાબર નિભાવજો અને દીકરીને પણ વહાલથી ઉછેરજો.'

સ્ત્રી-શક્તિ વિષે આ આદર ધરાવતા સ્વામીશ્રી પાસે આજે એક ઉદ્યોગપતિ આવ્યા. તેઓની વાત માંડતાં એક સ્થાનિક સંતે કહ્યું: 'સ્વામી! આમને આશીર્વાદ આપો, જેથી એમની તબિયત સારી રહે. ઘણી વખત તેઓ મને ફોન પર વાત કરે છે કે 'હું શૂન્ય બની ગયો છું.' પછી હું એમને આપના પ્રસંગોની વાત કરું.'

'બસ! એ જ કરવું, એટલે શાંતિ મળશે.'

આ શબ્દો દ્વારા સ્વામીશ્રીએ સૌ માટે શાંતિદ્વાર ઉઘાડી દીધું.

તેમાં પ્રવેશેલી આજની બપોરે બાર વાગ્યે તેઓ પોતાના ભોજનખંડમાં ગોઠવાયેલી એક બેઠકમાં પધાર્યા. સંસ્થા-સંચાલિત પ્રેમવતી ઉપાહાર-ગૃહના વ્યવસ્થાપકોની આ મીટિંગમાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણે પ્રેમવતીમાં લોકોને જમાડવા એ ધંધા માટે નથી. આપણે તો હરિભક્તોને ચોખ્ખું મળે એટલા માટે જ કરીએ છીએ. આપણા હરિભક્તો બહારલું જમતા નથી, તો તેઓ મંદિરમાં આવ્યા હોય તો આપણે સારું આપી શકીએ એટલા માટે આ છે. આપણે સેવાનો ધર્મ છે. બિઝનેસ માનીને ગમે-તેમ ચલાવવું એવું આપણે નથી. આપણે ધંધાકીય રીતે હરીફાઈ કરતા નથી.

સારો ખોરાક, સારું જ્ઞાન, સારું રહેવાનું આપવું એ સ્વચ્છતાની દૃષ્ટિએ ને સંસ્કારની દૃષ્ટિએ આપણો આ વિચાર ચાલે છે. એટલે પૈસા માટે ખોટું ન

થઈ જાય એનો ખ્યાલ રાખવો. ખોરાક બનાવીએ એ પણ ચોખ્ખું સ્વાદિષ્ટ થાય, બધાને ગમે એવું થાય એ હંમેશાં ધ્યાન રાખવું. મંદિરના ભોગે આ પ્રવૃત્તિ નથી.'

સ્વામીશ્રીની આ શીખ તેઓના વડપણ હેઠળ ચાલતી પ્રત્યેક પ્રવૃત્તિની પવિત્રતા અને પારદર્શકતા છતી કરે છે. મનમાં લેશ મેલ નહીં ધરાવતા આવા સત્પુરુષની સંસ્થા શતાબ્દી તો શું, સહસ્રાબ્દીઓ ઊજવે તેમાંયે શી નવાઈ?!

કંઈક પાપીને ઉગારિયા

તા. ૧૮/૧ની સવારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે જવા ઉતારામાંથી બહાર પધાર્યા તે સાથે જ પરંપરાગત વેશમાં સજ્જ આદિવાસી સત્સંગીઓએ બૂંગિયા ઢોલ પર દાંડી ટીપી. હિંમતનગરના વનવાસી ક્ષેત્રના આ રહેવાસીઓના હરખનું મૂળ અત્યાર સુધી મદિરા હતી, પરંતુ હવે તે સ્થાન મંદિરે લઈ લીધેલું. સ્વામીશ્રીના પ્રતાપે આવેલું આ પરિવર્તન કાયમ રહે તે માટે કોદરિયાના આદિવાસીઓએ ગામમાં કુટિર મંદિર બનાવેલું. તેમાં બિરાજનારી મૂર્તિઓમાં પ્રાણ પુરાવવા તેઓ આજે અહીં આવી પહોંચેલા. આજની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ એ પ્રતિમાઓમાં દૈવત પૂર્યું.

તેઓની આવી કૃપાથી કૃણા થયેલા એક જમાનાના ખૂંખાર આદિવાસી શ્રી વાલિયાભાઈ ગમારે આજે પોતાનો પૂર્વ પરિચય આપતાં કહ્યું:

'પોશીનાથી દસ કિલોમીટર દૂર પાલિયાબિયા મારું ગામ. પોશીનામાં જ્યારે પ્રતિષ્ઠા થઈ એ વખતે મારો લૂંટફાટનો ધંધો બરાબર ચાલતો હતો. પ્રતિષ્ઠા વખતે હું ત્રણ-ચાર આંટા મારી ગયો, પણ ચોરી કરવામાં ફાવ્યો નહીં. રોડ ઉપર રાત્રે પસાર થતી બસ કે મોટરને આંતરી, લૂંટી લેવાનો અમારો ટોળીબંધ ધંધો હતો. બજારમાં જઈને સો રૂપિયાની નોટ કાઢીને વેપારીને કહું કે 'છૂટા આપ.' વેપારી પૈસા કાઢે એટલે દબડાવીને, આંચકીને નાસી જવાનું. પૈસા લઈને તરત દારૂ પીવાનું કામ કરવાનું. ભરવાડ ઘેટાં-બકરાં ચરાવવા નીકળ્યો હોય તો તે ઘેટાં-બકરાંને ઉપાડી જઈ મારી નાંખી લિજ્જત ઉડાવવાની. આ બધું સત્સંગ થયા પછી ગયું.'

આ બયાન બાદ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં વાલિયાભાઈએ કહ્યું: 'બાપા! ચોરી, લૂંટફાટ બહુ કર્યાં. હવે બંધ કરી છે, તો અક્ષરધામમાં લઈ જજો.'

આ અરજમાંથી સ્વામીશ્રીના કાર્યનો પડઘો ઊઠી ગયો. તે સાંભળી

શહેરવાસીઓ આદિવાસીઓનો નૂતન પરિચય પામ્યા.

આ સમયે સ્વામીશ્રીએ પણ સૌ આદિવાસી સત્સંગીઓને કૉલ દઈ દીધો કે 'આપ બધા અક્ષરધામમાં જ જવાના છો. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને મુક્તો તેડવા આવશે.'

સ્વામીશ્રી દ્વારા થતા રહેલા આદિવાસી ઉત્કર્ષની આ ચરમસીમા.

મોટા તણાં તો મન હોય મોટાં

તા. ૧૮/૧ની બપોરે ભોજન બાદ સ્વામીશ્રી મુલાકાતીઓને મળવા લાગ્યા ત્યારે કિશોર વયના બે ભાઈઓએ સંકોચ સાથે કહ્યું: 'બાપા! અમારા પિતાજીનાં બે-ચાર વ્યાવહારિક કામ ખોરંભે ચડતાં તેઓને સત્સંગનો અભાવ આવી ગયો છે. બીજું તો ઠીક, પણ ક્યારેક તો આપનેય ગાળો આપે છે.'

'એ તો સારામાં સારું કહેવાય. એમાં ક્યાં વાંધો છે?' હસતાં હસતાં આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'આપણે અહીં ગાળ ક્યાં આવી જ છે? આવી જ નથી.'

તેઓના પ્રતિભાવમાંથી કટુતા નહીં, પણ કરુણા ઊભરાઈ રહી. તે સાથે તેઓએ પોતાને ભાંડનારા એ પિતાને સત્સંગ દૃઢ થાય એવી શુભકામના ઉચ્ચારી! તેથી ઘાયલ થયેલા પેલા મુરબ્બીનું હૈયું હલબલી ઊઠ્યું. તેઓ પુનઃ સ્વામીશ્રીના અનુરાગી બની ગયા. સમય જતાં તો તેઓએ પોતાનો એક પુત્ર પણ સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કર્યો.[૨]

સ્વામીશ્રીની રીતિ-નીતિ *'મોટા તણાં તો મન હોય મોટાં, છોટા તણાં તો મન છેક છોટાં; તળાવ છે તે છલકાઈ જાય, સમુદ્રને ક્ષોભ કદી ન થાય...'*ની યાદ અપાવે તેવી હતી.

તે સાથે તેઓ તા. ૨૧/૧ની સવારે વર્જિનિયા અને પિસ્કાટ્વેનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી આજની સાંજે રવિસભામાં પધાર્યા. વિદાય પૂર્વેનો આ આખરી દિન હોવાથી ભરચક સભામંડપમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમદાવાદમાં આ વખતે પણ બધાનો ભક્તિભાવ જોવા મળ્યો. બહુ ઉપવાસ, પદયાત્રાઓ કરી. જુવાન માણસો તો આવી શકે, પણ વૃદ્ધો ને નાનાં બાળકો પણ ૧૦-૧૫ માઈલ ચાલીને આવ્યાં. મહેસાણા મંડળે પણ આજે છ્ગ્ગો મારી દીધો છે કે હજાર માણસ ચાલીને

---

૨. તેઓનું દીક્ષિત નામ સાધુ ગુરુસ્મરણદાસ રાખવામાં આવ્યું.

આવ્યા ! એ બધાને મહારાજ સુખી રાખે એ આશીર્વાદ છે. આટલી પ્રવૃત્તિમાં સત્સંગ પ્રધાન છે, ભગવાન પ્રધાન છે, એટલે આ કાર્ય થાય છે.'

આ પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી તા. ૨૨/૧ની સવારે ગોંડલ આવી પહોંચ્યા.

પ્રભુભક્તિમાં તે અનુરાગ્યા

ગોંડલમાં પધારેલા સ્વામીશ્રી યોગી સ્મૃતિમંદિર અને અક્ષર દેરીમાં દર્શન કરીને મંદિર પર જવા નવી બનાવેલી લિફ્ટમાં પધાર્યા; પરંતુ એ ઊંચકાય તે પહેલાં જ તેઓએ પૂછ્યું : 'હરિકૃષ્ણ મહારાજ ક્યાં છે ?'

તેઓની પૂછપરછનો આશય જાણી ગયેલા સંતોએ કહ્યું : 'આપના આવતાં પહેલાં ઘણાંએ લિફ્ટમાં બેસી લીધું છે.'

'તોય આપણે જઈએ છીએ તો ઠાકોરજીને લઈ આવો.'

'પણ એ તો થાળ આરોગવા ગયા છે.'

'ક્યારે ગયા ?'

'હમણાં જ.'

'તો વાંધો નહીં. લઈ આવો.'

સ્વામીશ્રીનો આ આગ્રહ જોઈ એક સંત ઠાકોરજી લઈ આવવા વેગમાં ઊપડ્યા. તેઓ આવે ત્યાં સુધી સ્વામીશ્રી રાહ જોતાં લિફ્ટમાં ઊભા રહ્યા. ઠાકોરજી વિના તેઓને કોઈ ગતિ જ નહોતી.

હરિકૃષ્ણ મહારાજને પણ સ્વામીશ્રીની ભક્તિમાં સો ટકા વિશ્વાસ હશે કે 'મને મૂકીને તેઓ ક્યાંય નહીં જાય.' તેથી ઉતારે પહોંચેલા તેઓએ હજી થાળ જમવાનું શરૂ કર્યું નહોતું. તેઓને લાવવામાં આવ્યા ત્યારે જ સ્વામીશ્રીને હાશ થઈ અને તેઓએ લિફ્ટ દ્વારા ઊર્ધ્વગમન આદર્યું.

આ ભક્તિભાવ સાથે આજની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રી બોલ્યા : 'ગોંડલમાં અક્ષર દેરીનાં દર્શન થયાં. ઘેર આવતાં આનંદ થાય એવો અનુભવ થયો.'

ઘણો સાચો છે સ્નેહ તમારો

ગોંડલમાં સ્વામીશ્રીના આગમનનું નિમિત્ત બનેલો યજ્ઞપુરુષ જયંતીનો ઉત્સવ ઊજવવા તા. ૨૩/૧ના રોજ ૧૨,૦૦૦થી વધુની સંખ્યામાં ભક્ત-

સમુદાય ઊમટી પડ્યો. અક્ષરદ્વારની પાર્શ્વભૂ સાથે શોભતા મંચ સામે શિસ્તબદ્ધ ગોઠવાયેલા આ શ્રોતાવર્ગને મહિમાનો ઘૂંટ પિવડાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે જે સંસ્થામાં બેઠા છીએ એનો મહિમા અપરંપાર જ છે.'

આવી સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજનો મહિમા રેલાવતાં પણ સ્વામીશ્રી આજની વાળુ વેળાએ બોલ્યા: 'રાવણની સભામાં અંગદે પગ રોપ્યો એમ મહારાજે જબરજસ્ત સર્વોપરી સિદ્ધાંત મૂકી દીધો અને શાસ્ત્રીજી મહારાજ એવા પુરુષ થયા કે અક્ષર અને પુરુષોત્તમના જ્ઞાનને બરાબર સમજીને એના પ્રચારમાં ક્યાંય ખામી ન રાખી અને જરાય મૂંઝાયા નહીં અને શિર સાટે કામ કર્યું. મહારાજે સિદ્ધાંત આપ્યો અને શાસ્ત્રીજી મહારાજે મૂર્તિમાન કરી દીધો. મહારાજે જ શાસ્ત્રીજી મહારાજરૂપી એવો દીવડો પ્રગટાવી દીધો કે આખા બ્રહ્માંડમાં અક્ષર અને પુરુષોત્તમનું નામ ગાજી ગયું. જોગીબાપાનું મોટું કાર્ય એ કે તેઓએ ભણેલા-ગણેલા સંતો કર્યા.'

સ્વામીશ્રીના મુખે આ ગુરુસ્તુતિ સાંભળી સંતોએ કહ્યું: 'બાપા! આપે પણ અદ્‌ભુત કાર્ય કર્યું!'

'એ તો જોગીબાપાએ સંકલ્પ કર્યો તો થયું. અમારે તો ક્યાં કંઈ શક્તિ હતી?' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ ગુરુભક્તિ સાથે તેઓ તા. ૨૭/૧ની સવારે સ્મૃતિમંદિરે દર્શન કરીને પાછા વળી રહેલા ત્યારે તેઓએ ભીડ વચ્ચે ઊભેલા રાજકોટના હરિભક્ત શ્રી શાંતિલાલ છનિયારાને જોઈ પૂછ્યું: 'ક્યાં હતા?'

'બાપા! બે દિવસથી તબિયત સારી નહોતી.'

'અમે રોજ યાદ કરતા'તા કે કેમ દેખાતા નથી? સારું થયું, આવી ગયા.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર પેલા હરિભક્ત સહિત સૌને તેઓના સાચા સ્નેહનો અનુભવ કરાવી ગયા.

બ્રહ્મવિદ્યાની સરળ સમજૂતી

તા. ૨૮/૧ની સવારે કોઈબ્બતુરથી આવેલા હરિભક્ત શ્રી રાજેશભાઈ ભટ્ટના ચિરંજીવી હર્ષને યજ્ઞોપવીત ધારણ કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સારામાં સારી વિદ્યા ભણજે ને સત્સંગ પણ બરાબર કરજે. મહારાજ-સ્વામીને રાજી કરજે.'

આ બોધપાઠ ગ્રહણ કરતાં તે બાળક બોલ્યો: 'બાપા! આપ મને

બ્રહ્મવિદ્યા ભણાવજો.'

'બ્રહ્મવિદ્યા એટલે શ્રીજીમહારાજ સાક્ષાત્ સર્વોપરી ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને સત્પુરુષ મોક્ષનું દ્વાર છે – એટલું ભણી લેવું.'

બ્રહ્મવિદ્યાની કેટલી સરળ, સચોટ અને સંક્ષિપ્ત સમજૂતી!

આ બ્રહ્મવિદ્યાના પ્રવર્તન માટે સ્વામીશ્રીએ તા. ૨૯/૧ની સવારે વાંકાનેરના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. એ જ રીતે તેઓ તા. ૩૧/૧ના રોજ રામોદના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી તા. ૧/૨ની સાંજે રાજકોટ આવી પહોંચ્યા.

અહીં પૂર્ણતાના આરે પહોંચેલા નૂતન સભામંડપમાં સઘળા કાર્યક્રમો યોજાવાના હતા. તેથી તેમાં પ્રવેશતાં પૂર્વે સ્વામીશ્રીએ નાડાછડીની ગાંઠ છોડી દ્વારશાખનું પૂજન કર્યા બાદ ઠાકોરજી સાથે પ્રથમ પદાર્પણ કર્યું. પરંતુ લિફ્ટ દ્વારા ઉપલા માળે જતી વખતે કંઈક યાંત્રિક ખામી સર્જાતાં જો બત્તી ચાલુ કરવા જાઓ તો પંખો પણ ફરવા લાગતો. તેને બંધ કરવા જતાં બત્તીયે બુઝાઈ જતી. આવી પરિસ્થિતિમાં પણ ગમ્મત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'શિયાળામાં પંખો ચાલુ થાય તે ન પોસાય. એના કરતાં અંધારું સારું.'

આ સાંભળી કો'કે કહ્યું: 'પણ બાપા! અંધારામાં આપનું મુખ ન દેખાય ને!'

'બસ! જોવા જેવું એ જ છે. દુનિયામાં બીજું કંઈ જોવા જેવું નથી.'

ગુરુમુખી રહેવાની શીખ આપતા સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી આંખ્યું સાથે આયખું પણ સફળ કરે તેવો મર્મ સરી પડ્યો.

મનથી માંદા ન રહેવું

તા. ૩/૨ની રાત્રે સ્વામીશ્રી પાસે આવેલા ૭૧ મુલાકાતીઓ પૈકીના એક શ્રી વીરજીભાઈ વિશેષ ગદ્ગદિત હતા. ફાળિયાધારી આ હરિભક્તની પરિસ્થિતિ એવી હતી કે તેઓને જન્મારામાં દિલ્હીનું અક્ષરધામ જોવા મળે એમ નહોતું. પરંતુ પાંખી આવક અને કુટુંબીઓના કોઈ વિશેષ સથવારા વિનાના આ કેડેથી વળી ગયેલા ઘરડા સત્સંગીનો હાથ સ્વામીશ્રીએ પકડેલો. તેઓએ કંઈક કામ પ્રસંગે દિલ્હી જતા સંતોનો સંગાથ વીરજીભાઈને આપી દેતાં આ હરિભક્ત અક્ષરધામના આંગણે પહોંચી ગયેલા. અહીં પણ તેઓને

હરવા-ફરવા વ્હીલચેર સુધ્ધાંની ચિંતા સ્વામીશ્રીએ કરેલી. વળી, વૃદ્ધાવસ્થાને અનુકૂળ ભોજનની બાબતમાંયે કોઈ કસર રાખી નહોતી.

સ્વામીશ્રીના આવા મમતામેઘમાં સબોળ સ્નાન કરી ભીંજાયેલા આ વડીલ આજે આવતાંવેંત બોલ્યા: 'બાપા! આપે બહુ કૃપા કરી. અક્ષરધામનાં દર્શન કરાવી દીધાં.'

'પહેલાં ક્યારેય દિલ્હી ગ્યા'તા?'

'ના, ભ'ઈ! ના. પહેલી વારકા જ ગયો.' આટલું કહેતાં એ બોખા મોં પર સ્મિત ફરી વળ્યું.

પોતાની દયા-દરકાર દ્વારા સૌના ચહેરા પર આવી ખુશી ફેલાવનારા સ્વામીશ્રી તા. ૬/૨ની બપોરે સંત તેમ જ સત્સંગી સૌને ઉપયોગી ઉપદેશ આપતાં બોલ્યા:

''એકબીજાની સેવા એકબીજાએ કરી લેવી જોઈએ. કોઈ માંદો થયો હોય કે કામમાં પડ્યો હોય તો જેને નવરાશ હોય એણે આનાકાની કર્યા વગર જોડમાં જવું જ જોઈએ. આપણે કોઈ વ્યક્તિનું નહીં, પણ મંદિરનું, ઠાકોરજીનું, સંસ્થાનું કામ કરીએ છીએ. અડધી રાત્રે ઉઠાડીને કહે તોય ઉત્સાહથી કહેવું કે 'કેમ નહીં?' બીજું કાંઈ કામ ન હોય તો દોડી-દોડીને જવું જોઈએ. એમ ન માનવું કે 'આ કામ મારું ક્યાં છે?' પોતાનું ન હોય તો શું ન જવાય?

મનથી માંદા ન રહેવું. જે કામ સોંપ્યું હોય તે વ્યવસ્થિત રીતે ઉત્સાહથી કરવું જોઈએ. આળસ ન રાખવી જોઈએ. દરેક કામમાં રેગ્યુલર થવું જ જોઈએ ને બીજાના કામમાં અનુકૂળ થવાનો પ્રયત્ન કરવો જોઈએ. બધા નિયમિત થાય તો સત્સંગ પ્રવૃત્તિ કેટલી આગળ વધે?! કોઈની સાથે આપણને રીસ હોય તો એનું ઓછું બગડે છે? મંદિરનું બગડે છે. આપણા કુસંપને લઈને કોઈ પણ માણસની મંદિરમાં ઉપેક્ષા થાય એવું ન કરવું. આપણે માન-મોટપ લેવા ઓછા આવ્યા છીએ? પણ બરોબરિયાપણું થઈ જાય એટલે પ્રશ્ન ઊભા થાય.''

આ અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ તા. ૭/૨ની સવારે જેતપુરના મંદિરનો સભામંડપ શોભાડનારી મૂર્તિઓમાં દૈવત સિંચ્યું.

તેની પ્રીત ઘણી પ્રભુમાંય

તા. ૮/૨ની સવારે સ્વાસ્થ્યના પરીક્ષણ માટે સ્વામીશ્રીને મુંબઈ જવાનું

થતાં રાજકોટવાસી ભક્તોનાં હૈયાં ભારે થઈ ગયાં. તેથી ચોમેર વ્યાપી વળેલી ગમગીની વચ્ચે સ્વામીશ્રી વિદાયનાં દર્શન માટે મંદિરમાં પધાર્યા. અત્રે તેઓ ઠાકોરજી સમક્ષ દંડવત્ કરવા માટે ઝૂકવા તત્પર બન્યા ત્યારે સેવકોએ કહ્યું: 'આપણે હૃદયના પરીક્ષણ માટે જઈએ છીએ તો એક વાર બધી તપાસ થઈ જાય ત્યાં સુધી આપ દંડવત્ ન કરો તો સારું.'

'કાંઈ વાંધો નહીં આવે. ધીરે રહીને કરીશું.' આમ કહેતાં સ્વામીશ્રીએ છ દંડવત્ દ્વારા ભક્તિ અદા કરી.

તેઓ પોતાના હૃદય કરતાં પણ વધુ મહત્ત્વ ઠાકોરજીને આપનારા હતા.

આ ભક્તિભાવ સાથે મુંબઈ પધારેલા સ્વામીશ્રી તા. ૧૦/૨ની સવારે તબીબી તપાસ માટે જસલોક હૉસ્પિટલે જવાના હોવાથી પ્રસ્થાન પૂર્વે સંતોએ પ્રાર્થના કરી: 'બાપા! આજે ઐશ્વર્ય વાપરજો કે આપના રિપોર્ટ સારા આવે.'

'ભગવાનની ઇચ્છા હોય એમ થાય.'

'આજે આખો સત્સંગ એમ કહે છે કે ધાર્યું આપનું જ થાય છે.'

'બધું જ ભગવાનના હાથમાં છે. એમને જેટલી સેવા લેવી હશે એટલું સારું રાખશે.' સ્વામીશ્રીએ કહ્યું.

આમ, સંપૂર્ણ સ્વસ્થતા સાથે અસ્પતાલના આંગણે પહોંચેલા તેઓના શરીરની અહીં થનારી તપાસ દરમ્યાન સંસ્થાનાં તમામ મંદિરોમાં સ્વામીશ્રીના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂનગાનનું આયોજન કરવામાં આવેલું, પરંતુ તબીબી પરીક્ષણ બપોરના સમયે થવાનું હોવાથી સ્વામીશ્રીએ અંતેવાસીઓને જણાવ્યું: 'આજે બધી જગ્યાએ ઠાકોરજી સમક્ષ ધૂન કરવાના છે, પણ બપોરે ભગવાન પોઢી જાય, એ સમયે મંદિરના ઘુમ્મટને બદલે બીજી જગ્યાએ ધૂન કરે એમ બધે કહેવડાવી દો.'

સ્વાસ્થ્યની તપાસ માટે બિછાને પોઢ્યા હોવા છતાં સ્વામીશ્રીએ આપેલી આ સૂચના તેઓની પ્રભુપ્રીતિ છતી કરી ગઈ.

કોઈ થકાન નહીં, કોઈ અભિમાન નહીં

તા. ૧૦/૨ની બપોરે દોઢેક વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી ચાલેલા સ્વામીશ્રીના તબીબી પરીક્ષણમાં કશું જ ચિંતાજનક ન જણાતાં સમગ્ર સત્સંગ અને સમાજમાં રાહતની લાગણી પ્રવર્તી ગઈ. તેથી વ્યાપેલી ખુશાલી વચ્ચે સ્વામીશ્રી હૉસ્પિટલેથી મંદિરે પરત ફરી રહેલા ત્યારે તેઓ સમક્ષ ગાડીચાલક

ઉદ્યોગપતિ શ્રી કૈલાસ અગ્રવાલે પોતાનું અવલોકન રજૂ કર્યું કે 'હિન્દુ સામ્રાજ્ય में आज आपसे बड़ा कोई नहीं है। दूसरी जगह एक पंखा लगाते हैं, तो भी पूरे परिवार का नाम लिखवाते हैं। कहीं जगह तो मूर्ति के नीचे भी अपना नाम लिखवाते हैं। लेकिन आपके वहाँ मैंने देखा कि कितने मंदिर हुए, मगर एक भी जगह किसी का नाम नहीं! केवल एक ही नाम – स्वामिनारायण का।'

આ રીતે સડસડાટ સરકતી ગાડીની સાથે કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતા આ ગુણાનુરાગીના પ્રતિભાવ પણ સરતા રહ્યા. તે દામ-નામની ધાંખનાથી મુક્ત રહી કેવળ કામ સાથે જ નિસ્બત ધરાવનારા સેવાભાવી સમાજના સર્જક તરીકે સ્વામીશ્રીની આરતી ઉતારી રહ્યા.

આ અંજલિને વધુ પુષ્ટ કરતાં શ્રી અગ્રવાલે ઉમેર્યું: 'स्वामीजी! हम लोग एक फैक्टरी लगाते हैं तो भी पूरे थक जाते हैं। आपने तो ७०० मंदिर किए। लेकिन अभी तक कोई थकान नहीं लगती है और कोई अभिमान भी नहीं और स्वस्थ!!'

આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે મંદિરે આવી પહોંચ્યા.

આપણે ક્યાં દુનિયામાં રહીએ જ છીએ?

તા. ૧૦/૨ની બપોરે ચાલેલી સ્વામીશ્રીની તબીબી તપાસ દરમ્યાન તેઓના સ્વાસ્થ્યની સુખાકારી ઇચ્છતાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે બે માળા ફેરવી ભગવાનને પ્રાર્થના કરી હતી. એટલું જ નહીં, તા. ૧૧/૨ની સવારે તો તેઓએ સ્વામીશ્રીના સમાચાર જાણવા ફોન પણ જોડી દીધો.

આ વાર્તાલાપમાં શ્રી કલામે સ્વામીશ્રીને કહ્યું: 'આપે આ દેશનું અત્યધિક ભલું કર્યું છે. આપે આ દેશ માટે જે કર્યું છે તે અન્ય કોઈ કરી શક્યું નથી. અનેક માનવીય મન અને શક્તિને એક કરી અક્ષરધામનું સર્જન અન્ય કોઈ કરી શકે એમ નથી. અક્ષરધામ એ માનવ સંસ્કૃતિ અને દેશને આપે આપેલું મહાનતમ યોગદાન છે.'

આ લાગણી સ્વીકારતાં સ્વામીશ્રીએ રાષ્ટ્રપતિને તેઓના કાર્ય અંગે આશીર્વાદ પાઠવ્યા ત્યાં જ શ્રી કલામ વળી બોલ્યા: 'महाप्रमुखजी! आपने ख्याल छे के हुं आपने लगभग रोज याद करुं छुं? केवी रीते? तो अक्षरधामनी प्रशंसा सांभळ्या विना मारो एक दिवस वीततो नथी. आपे जे आ सांस्कृतिक वारसो ऊभो कर्यो छे ते कोई करी शके एम नथी. फक्त आप

જ સ્વામીજી ! આ કરી શકો એમ છો. રોજ દેશ અને દુનિયામાંથી હજારો મનુષ્યો અક્ષરધામની મુલાકાતે આવે છે. અહીં તેઓ ભારતીય હોવાનું ગૌરવ અનુભવે છે અને અધિક સારા માનવી બની બહાર નીકળે છે. ફક્ત હું જ નહીં, આપ માંદા પડો ત્યારે આખો દેશ આપના માટે પ્રાર્થના કરે છે.'

એક અદના અનુયાયીની જેમ સ્વામીશ્રીની ચિંતા કરતા જતા રાષ્ટ્રપતિને જોઈ સૌની નજર સમક્ષ સ્વામીશ્રીની પરાત્પર પ્રતિભા ઊભરી આવી.

આવા સ્વામીશ્રી તા. ૧૧/૨ની રાત્રે ભોજનથી પરવાર્યા ત્યારે આપમેળે ફૂટેલી વાતોના વિષયમાં દેશ સંબંધી કેટલીક કડવી વાસ્તવિકતાઓ ચર્ચાઈ. તે સાંભળી એક ભક્તે હતાશાનો સૂર કાઢ્યો કે 'આવું ને આવું થાય તો તો આ દેશમાં જ રહેવા જેવું નથી.'

'આપણે શું કામ છોડીને જવું ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની રીત પ્રશ્નોને પડકારવાની; નહીં કે પ્રશ્નો જોઈ પલાયન થઈ જવાની.

તે જોઈ પેલી ઉચાટગ્રસ્ત વ્યક્તિએ કહ્યું: 'આમ તો જ્યાં જાવ ત્યાં એટલા પ્રશ્ન છે કે આ દુનિયામાં જ રહેવા જેવું નથી એમ થઈ જાય !'

'આપણે ક્યાં દુનિયામાં રહીએ જ છીએ ? જ્ઞાનની દૃષ્ટિ છે એટલે દુનિયામાં છીએ તોય બહાર જ છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ ઉદ્‌ગારમાં જ્ઞાનયોગનો સાર નહીં, પણ જ્ઞાનયોગની સિદ્ધિ ઝળકી રહી.

પાણીમાં રહેવા છતાં ભીંજાયા વિના, અગ્નિમાં રહેવા છતાં દાઝ્યા વિના અને કાદવમાં રહેવા છતાં ખરડાયા વિના કાર્ય કરવામાં કુશળ હતા સ્વામીશ્રી !

દ્વેષી જનોનું પણ સારું ઇચ્છે

તા. ૧૨/૨ની સવારે નિજનિવાસમાં બિરાજેલા સ્વામીશ્રી પત્ર-વ્યવહારથી પરવાર્યા ત્યારે સામે બેઠેલા ત્રણેક સંતો પૂછી બેઠા કે 'બાપા ! આપના જીવનમાં કેટલાય પ્રશ્નો આવ્યા ને પ્રકરણો બન્યાં, પણ આપ તો સ્થિર છો...'

'સમજણ થયા પછી વાંધો ન આવે.' આટલો ખુલાસો કરી સ્વામીશ્રી બોલવા લાગ્યા :

''મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ એ આપણું નિશાન

છે. એમની સામે જોવું. કોઈ ફુલાવે ને કોઈ તિરસ્કાર કરે; પણ તિરસ્કાર કરે એનો અભાવ નથી ને કોઈ વખાણ કરે એટલે આપણે મોટા માની લેવાનું નથી. એક જ છે કે 'શાસ્ત્રીજી મહારાજ રાજી થાય છે? એમના વચન પ્રમાણે છે? એમની રીત પ્રમાણે છે?' જોગી મહારાજના વખતે એમનું રાખ્યું. બીજું કાંઈ જ જોવાનું નહીં.

સારી સારી વાતો કરીને આપણને જુદા પાડવા માગે, પણ એવી બધી બાબતોમાં લેવાવાનું જ ન હોય. 'અક્ષરધામમાં જવું છે' એ નિશાન હોય તો બીજા વિચાર શા માટે આવે? માન-મોટપ, કીર્તિ-પ્રતિષ્ઠા, મારું-તારું, રાગ-દ્વેષ એ ના આવે. ગુરુને રાજી કરવા છે તો આ બધી વાતો ન આવે. હજારો વાતો આવે, પણ એની સાથે ક્યાં સંબંધ છે? એના થકી ક્યાં કલ્યાણ છે? એટલું નિશાન હતું તો બધું સારું ચાલે છે, નહીંતર આપણે એમાં તણાઈ જઈએ.''

સ્વામીશ્રીના મુખેથી ઝરી રહેલું આ અમૃત ઝીલવા તત્પર સંતોએ વધુમાં પૂછ્યું: 'સ્વામી! સામાન્ય રીતે જે સ્પષ્ટવક્તા હોય તેને કોઈ કંઈ કહે તો તે એને પણ સ્પષ્ટ સંભળાવી દે. જ્યારે આપના જીવનમાં કંઈક જુદું જ જોવા મળે છે. જેઓએ આપનું અપમાન કે દ્વેષ કરવામાં કાંઈ બાકી ન રાખ્યું છતાં એ સૌની આપ છેક સુધી વ્યવસ્થા કરતા રહ્યા છો. આ કઈ સમજણથી થઈ શકે છે?'

'જે થયું એ એમના સ્વભાવ પ્રમાણે થયું, પણ એમણે શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજની આજ્ઞા પાળી, સેવા કરી, એટલો ગુણ તો આપણે રાખવાનો ને! ખરાબ વિચારો આપણે જીવમાં શું કામ રાખવા?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની દૃષ્ટિ વિરોધીઓની વિશેષતાનેય નોંધી-નવાજી શકે તેવી નિર્મળ હતી. તે સાથે તેઓએ વધુમાં કહ્યું:

'આપણે તો એક જ વસ્તુ છે કે બધામાં ગુણગ્રાહક દૃષ્ટિ રાખવી. આપણું અપમાન, તિરસ્કાર થયું હોય પણ એણે સેવા કરી હોય એની સામું જોઈએ તો વાંધો ન આવે. કંઈક તો સેવા કરી હોય, તો પછી એના પર આપણે ગૌણ દૃષ્ટિ શા માટે રાખવી? એના સ્વભાવ પ્રમાણે એણે કર્યું તો એને જ પસ્તાવાનો વારો આવ્યો. આપણે પસ્તાવું પડ્યું નથી. એટલે ગુણગ્રાહક દૃષ્ટિ રાખો. તમારા માટે કંઈ બોલે તો પણ એણે જે સારું કર્યું એ જુઓ તો આપણને કંઈ વાંધો ન આવે.'

સ્વામીશ્રીની આ ભદ્રભાવના જોઈ દંગ રહી ગયેલા સંતોએ હવે વાતનો દોર પોતાની તરફ વાળતાં પૂછ્યું : 'અમારામાં અવગુણ છે અને અમે આપને નિષ્કપટપણે કહીએ છીએ પણ ખરા, છતાં આપ અમને કઈ રીતે જુઓ છો એ સમજાતું નથી !'

'માણસમાત્ર ભૂલને પાત્ર. એ ભૂલો કહેવા-સાંભળવાથી મનમાં સંતોષ તો થવાનો નથી. કો'કની ભૂલો કહીએ એ આપણને સારું લાગે, પણ ઝેર પ્રસરે. આપણે એ રસ્તે જવાનું જ નથી. જોગી મહારાજનો સિદ્ધાંત જુઓ. એક વાત છે કે એને આગળ લેવો છે, સત્સંગમાં છે તો સુધરશે, કો'ક દા'ડો એનું મન ફરશે ને સારું થશે – એ દૃષ્ટિથી સત્પુરુષ વર્તતા હોય. આપણાથી થાય ત્યાં સુધી પ્રયત્ન કરવાના. ના થાય તો મહારાજ એને પ્રેરણા કરે તો સારું થાય. એટલે મોટાપુરુષની દૃષ્ટિ જુદી છે અને આપણી જુદી છે. એને તો સૌનું સારું કરવું છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દે-શબ્દે ઉદારતા સરતી રહી. તેઓની આ ઉદારતા કંઈક ભૂલભરેલા ભાવડાઓને પણ બ્રહ્મરૂપની કક્ષા સુધી પહોંચાડી દેતી.

સંગશુદ્ધિની સમજ

તા. ૧૨/૨ની સવારે સ્વામીશ્રીના હૈયેથી સ્ફુરતી વાતો મોક્ષમાર્ગ નિર્વિઘ્ન કરે તે રીતે વહી રહેલી. તેમાં તેઓએ સંગશુદ્ધિનો મુદ્દો સમજાવતાં કહ્યું :

'મોળી વાત કરે, મોળા વિચારો કરે તેની પાસે બેસાય નહીં. સત્સંગમાં દૃઢતા કરાવે, નિષ્ઠાની દૃઢતા કરાવે, મહિમાની દૃઢતા કરાવે એનો સમાગમ કરવો, પણ વાતો બહુ સારી કરતો હોય ને વચમાં નિયમ-ધર્મ કે મહિમાની ગૌણતાની વાતો મૂકી દે તો એ ઝેર છે. આપણી આગળ આવીને મીઠી વાતો કરે, પણ એક શબ્દ નાખી દે તો તમારી જિંદગી ખરાબ થઈ જાય. મોટાપુરુષના મહિમાની વાતો કરે, પણ 'આટલું સારું નથી કરતા' એટલે પતી ગયું ! માટે જ્યાં આવું હોય ત્યાં બેસવું-ઊઠવું નહીં, દૂરથી પગે લાગવું. એના મુખની વાત સાંભળવી નહીં. મહિમા છે એટલે દર્શન કરીએ, પણ એની વાત જીવમાં ના પેસવી જોઈએ.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ગૌણતાની વાત થતી હોય તેની વાતમાં ન લેવાવાય. એ લોલેલોલ ચલાવીએ તો સમજ્યા શું ? આપણે ઘરબાર છોડીને અહીં આવ્યા છીએ ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ

થકી કલ્યાણ છે. પછી બીજે વળગી જઈએ તો શું સમજ્યા? અંદરોઅંદરનો સંપ તૂટતો હોય એવી વાતો સાંભળો તો ધીરે ધીરે દૃઢ થઈ જાય. એટલે સત્સંગમાં જો જાણપણું ન રાખીએ તો ગરબડ ગોટા થઈ જાય.

સત્સંગમાં કોઈ લાલચ આપે, ખોટી વાત કરે, પણ એમાં લલચાવાનું ન હોય. સત્પુરુષ ગૌણ ન થવા જોઈએ. આપણા માટે તો સ્વામિનારાયણ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ કલ્યાણકર્તા છે. એ સિવાય બીજા કોઈ છે જ નહીં. બધાની સાથે હળીમળીને રહેવું જોઈએ, પણ નિષ્ઠા તો એક જ હોય. બીજો ગમે તેવો હાથમાં ભગવાન બતાવે એવો હોય, તો પણ એમાં લેવાવું જોઈએ નહીં. જેના થકી આવ્યા છીએ ને જેના થકી કલ્યાણ છે એના વાક્ય પર મદાર હોવો જોઈએ. શ્રીજીમહારાજ બોલ્યા એટલે આપણા માટે મહત્ત્વની વસ્તુ એ જ થઈ ગઈ. શાસ્ત્રમાત્રનો સાર એમાં આવી ગયો. જોગી મહારાજે વાત કરી એ બરાબર છે. પછી બીજે મળતી આવતી હોય કે ન આવતી હોય.

લાલચો આપે, સારી વાતો કરે અને અહીં દેહાભિમાનને ઘસારો લાગ્યો હોય એટલે થાય કે 'અહીં તો બધું આવું જ છે!' આપણી પ્રકૃતિ-દોષોને લીધે થયું હોય એમાંથી આખું ધ્યેય ફરી જાય. મન પાછું પડે એટલે સમજણ પાકી થઈ નથી. એ થઈ હોય તો વાત મનાય જ નહીં. એના મતે ખોટી હોય, પણ આપણા માટે તો ૧૦૦% સાચી જ છે. આપણે પોતે બરાબર સમજો. ગુરુ તરીકે સ્વીકાર્યા પછી એની ગૌણતા કેમ આવી જાય? શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'જોગી મહારાજની આજ્ઞામાં રહેવું ને કહે એમ કરવું.' એમાં પછી કોઈ ફેરફાર ન થાય.

હરજીવનદાસ મારા મિત્ર હતા, પણ એમનેય હું ચોખ્ખું કહેતો'તો કે 'જોગી મહારાજને લઈને જ આપણે છીએ. જોગી મહારાજ બધું લઈ જાય તોય તમારે શું છે? લાવે છે એ. તેમની ઇચ્છા હોય ત્યાં વાપરે. એમાં આપણે માથાકૂટ શું કામ કરવી?' તે ઘડીએ મિત્ર હોય કે મિત્રનો બાપ હોય તો પણ શું? એનાથી મોક્ષ માન્યો છે? ગુરુની ગૌણતાની વાત કરે કે 'એમને લોભ છે, પક્ષપાત કરે છે.' આવું બધું આપણે કેવી રીતે સમજાય? મંદિર બધાં એમનાં છે, ચલાવવાનું એમને છે, તો તમારે ચિંતા શું કામ કરવી? તમે આજ્ઞા પ્રમાણે કામ કરો.

જે મંદિરમાં રહેતા હો એનું મમત્વ થાય, પણ મોટાપુરુષ કહે પછી

મંદિરનુંય મમત્વ નહીં કરવાનું. નિર્ગુણ સ્વામીને બોચાસણનું મમત્વ હતું, પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'અહીં તો ચરોતરનો ચોક છે, તે પૈસા આપનાર મળશે. એટલે હું સારંગપુર પૈસા મોકલું છું.' પછી નિર્ગુણ સ્વામીએ યાદ નથી કરાવ્યું. મોટા મોટા સદ્‌ગુરુ સંતોને નિશાન એક જ - મહારાજ હતું.

સત્સંગમાં બધી જાતના સ્વભાવના માણસો હોય, પણ એને આપણે શું સંબંધ? આપણે તો સ્વામીનો મોટો સંબંધ છે. બીજી વાતમાં મહત્તા સમજાઈ જાય એટલે આ ગૌણ થઈ જાય કે 'આ બરાબર ન કર્યું'; પણ *'મેલી ડા'પણ ભોળાપણ...'* ભગવાન અને સંત આગળ બેય મૂકી દેવાનું. એ મૂકીએ તો કોઈનો અભાવ-અવગુણ ન આવે. એ કહે એ જ બાવાના ચાંદે ચાંદ. બીજો ચાંદ જ નથી, તો જ સુખ આવે. એટલે સત્સંગમાં જાણપણારૂપ દરવાજે રહેવું.''

આપણે પસ્તાવો કરવાનું રહે છે જ ક્યાં?

સ્વામીશ્રીએ કરેલી સંગશુદ્ધિની તલસ્પર્શી છણાવટ સાંભળી છક થઈ ગયેલા સંતોએ વધુમાં પૂછ્યું કે 'બાપા! શાસ્ત્રીજી મહારાજ એવું કહેતા કે મેં એવું એક પણ કામ નથી કર્યું કે મારે પસ્તાવું પડે. એ જ રીતે આપને પણ પસ્તાવું નહીં પડ્યું હોય ને?'

'આપણે પસ્તાવો કરવાનું રહે છે જ ક્યાં? ભગવાનની ઇચ્છાથી જ બધું થાય છે.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું:

''મૂળ શ્રીજીમહારાજના કર્તાપણાની બરોબર દૃઢતા હોય તો બધી વસ્તુ આપણે સાફ થઈ જાય. માન ન આવે કે 'મેં કર્યું!' પણ મહારાજનું કર્તાપણું ભૂલી જાય ત્યારે એમ થાય કે 'એમને કંઈ ખબર પડતી નથી, ફલાણાભાઈ કરે છે ને ફલાણાભાઈથી ચાલે છે.' પણ કરોડો ભેગા થાય તોય આ તંત્ર ચાલે? પણ એક જ કામ કરે તો કરોડો તાજા થાય.

માટે શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ જેવા પુરુષોને લઈને આપણી મહત્તા છે. જે કંઈ બુદ્ધિ, શક્તિ, કાર્ય છે એ એમનું છે – એમ આપણે માનીએ છીએ. એમના સંકલ્પો પ્રમાણે થયું છે. એમાં તમે બધા સંતો-હરિભક્તોને પ્રેરણા થઈ. એટલે સૌનો સાથ ને એમની કૃપા થઈ એટલે કામ થયું. મૂળ તો એમણે પ્રેરણા કરી તો આ બધો સાજ મળી ગયો. એ પણ એમના સંકલ્પથી જ. પાવર ત્યાંથી આવ્યો ને લાઇટ અહીં થઈ. બધા બહુ કહે તો થઈ જાય કે 'હું કંઈક છું', પણ આપણે ચોવીસ કલાક એક જ અનુસંધાન કે આપણે જે કંઈ

થોડું ભણ્યા-ગણ્યા ને જે કંઈ સેવા થઈ એ પણ ભગવાનની ઇચ્છાથી. પણ ના, 'હું ના હોત તો ના થાત, મારાથી જ થયું છે', તો અભિમાન આવી જાય. સારું લખાય એ એમની પ્રેરણા, ખોટું લખાય એ આપણા ભાવ છે. ખરાબ થાય તે આપણા સ્વભાવ છે ને સારું થાય એ એમની પ્રેરણા છે.

શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજનાં કાર્યો છે એટલે એમની ઇચ્છા વગર આ કાર્યો ના થાય. પણ આપણને ડગમગાટ થાય કે 'જોયું? પેલાએ કહ્યું ને આ થયું!' જોગી મહારાજ ભલા ભોળા લાગતા, પણ બહુ ચકોર હતા. ઑફિસમાં જાય તો જરાક વાતમાં બધું જાણી લે. ગુણાતીતાનંદ સ્વામીએ સાંકળ ચડાવ્યા વગર તાળું માર્યું. જોગી મહારાજ કહે: 'બળદને કેટલાં વેતર થયાં?' એવું બોલે એટલે શું થાય? એવા ભાવ બતાવે તો થાય કે 'ભગવાન છે ને આટલો વહેવાર નથી સમજતા?' એ ભાવ દેખાડે પણ આપણી તો સ્થિરતા રહેવી જોઈએ. શ્રીજીમહારાજ કહે: 'સો બેડા પાણીથી નાહવું છે, જલેબી ખાવી છે.' તલવાર વીંઝીને કહે: 'અસુરો મારું છું.' આમાં જો તમારે દિવ્યભાવ રહે તો તમારું કલ્યાણ છે. એ મંદવાડ કરે એ લીલા છે. આપણે બુદ્ધિ છે એટલે પાછું થાય કે 'સ્વામીએ આમ કર્યું હોત તો સારું હતું', પણ જે થાય એ. તારે એમાં શું છે? તો આપણું ગાડું ઠેકાણે આવે. જ્યાં સુધી આપણને સંશય થાય છે ત્યાં સુધી પાકું નથી, પણ સાચું-ખોટું જે કરે તે સાચું જ છે. દિવ્યમાં તો દિવ્ય લાગે જ છે, પણ ભગવાન ને સંતનાં મનુષ્યચરિત્રો જુઓ તો એમાં બધાને ભૂલા પડી જવાય એવું છે.''

આ રીતે સતત દોઢ કલાક સુધી સ્વામીશ્રીએ રેલાવેલી પરાવાણી સૌને અવર્ણનીય આનંદની સાથે નમ્રભાવ અને દિવ્યભાવની શીખ આપતી ગઈ.

માનવમાત્રની મૂડી સમા

તા. ૧૨/૨ની રાત્રે સાડા નવ વાગ્યે આવેલા ડૉ. અશ્વિનભાઈ મહેતાએ બે દિવસ પૂર્વે થયેલા સ્વામીશ્રીના શારીરિક પરીક્ષણની સઘળી વિગતો જણાવતાં કહ્યું: 'આપને હાલ તો તાત્કાલિક બીજું કશું કરવાનું નથી, પણ જ્યાં મેડિકલની કોઈ વિશેષ સુવિધા ઉપલબ્ધ ન હોય એવાં અંતરિયાળ શહેરો કે ગામો કે દેશોમાં ન જવું. વળી, ઝડપથી કોઈ પ્રવાસ ન કરવા. એક જગ્યાએ જ પંદર દિવસ, મહિનો રહેવાય તે રીતે શાંતિથી પ્રવાસ કરવા. વિચરણ દરમ્યાન પણ આપને સહેજ થાક જેવું લાગે તો તરત કહી દેવું. સહન ન કર્યે જવું.'

ડૉક્ટર દ્વારા આ વિગતો રજૂ થઈ રહેલી તે જ વખતે સ્વામીશ્રીના સમાચાર જાણવા માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ફોન આવ્યો. તેઓને પોતાની તબિયતની વાત સ્વમુખે કહ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, ડૉક્ટરને આપું છું. તેઓ રિપોર્ટ આપશે.'

આ સમયે ડૉક્ટર કંઈક બોલે તે પહેલાં તો શ્રી મોદીએ તબીબને ભલામણ કરી દીધી : 'બાપાની તબિયત સાચવજો. બાપા અમારી મૂડી છે.'

'કેવળ તમારી નહીં, આપણા બધાની મૂડી છે.' ડૉક્ટરે ભાવના વહાવી.

કારણ કે માનવમાત્રનું મિલકતની જેમ જતન કરનારા સ્વામીશ્રી માનવમાત્રની મૂડી બની ગયેલા. તેથી જ આ અરસામાં તેઓના સ્વાસ્થ્ય-સમાચાર અંગે દેશ અને દુનિયાભરમાંથી પૂછપરછ થયા કરતી. કેટલાક મંત્રી-મહાનુભાવો તો રૂબરૂ ખબર-અંતર પૂછવા પણ દોડી આવતા.

તે જોઈ તા. ૧૩/૨ની સાંજે એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આપે લોકો માટે એટલું બધું કર્યું છે કે લોકોને પણ થાય છે કે આપણે સ્વામીબાપા માટે શું ન કરીએ ?'

આ સમયે કો'ક ગઈકાલે થયેલી તબીબી તાકીદના અનુસંધાનમાં બોલ્યું : 'સ્વામી ! ડૉક્ટરની આવી સૂચના સાંભળી બીજાને તો ધીરજ જ ન રહે, જ્યારે આપ તો એકદમ સ્વસ્થ છો.'

'જગતના લોકોને તો આસક્તિ હોય એટલે ચિંતા થવા માંડે કે બૈરાં-છોકરાંનું શું થશે ? આનું શું થશે ? આ કરવાનું રહી ગયું ને આનું શું થશે ? જ્યારે આપણે તો બીજો વિચાર શું હોય ?'

'આપને તો આસક્તિ હોય જ નહીં, પણ આટલી મોટી સંસ્થાના આપ પ્રાણ છો. આપના આધારે સંસ્થા ચાલે છે તો...'

'સંસ્થા તો ભગવાનની ઇચ્છાથી ચાલે છે.' સ્વામીશ્રીના વિશ્વાસ અને દાસભાવ રણકી ઊઠ્યા. તે સાથે તેઓએ ઉમેર્યું : 'જે કંઈ થવાનું છે તે ભગવાનની ઇચ્છાથી થવાનું છે. ભગવાનની ઇચ્છા છે ત્યાં સુધી રહેવાનું છે.'

સ્વામીશ્રીની સમજ હતી – *'રાખે આપણને હરિ જેમ, રાજી થૈને રહેવું જ તેમ...'*

સહન કરે તે જીતે મનવા...

તા. ૧૩/૨ની રાત્રે વાળુથી પરવારેલા સ્વામીશ્રી સમક્ષ મૅનેજમેન્ટનો

મુદ્દો નીકળતાં જ્ઞાનવત્સલદાસ સ્વામીએ કહ્યું: 'હમણાં મુંબઈમાં આવેલા એક મોટા ગજાના મૅનેજમેન્ટ નિષ્ણાતનો છ કલાકનો કાર્યક્રમ ભરવા લોકોએ પચીસ હજાર રૂપિયાની ફી ભરી. તેમાં મુખ્ય સાર એ આવ્યો કે – તમે બીજાને બદલવાની કોશિશ કરો એ પહેલાં તમે બદલાઓ. બીજાને સમજવાનો પ્રયાસ કરો. બીજાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરો.'

આ વાતમાં સંમતિ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'એ જ છે ને! આપણે તો સહન જ કરવાનું. બીજા પ્રત્યે પ્રેમ જ રાખવાનો. જૂઠ, લુચ્ચાઈ એ બધું ત્યાગવાનું.'

'પણ ઘણી વખત મનમાં પ્રશ્ન એવો રહે છે કે સહન કેટલું કરવું? ક્યાં સુધી કરવું? સામેવાળો ખોટો હોય તો પણ ચલાવ્યે રાખવું?'

'જોગી મહારાજનું જીવન જુઓ. ઠેઠ સુધી તેઓએ સહન જ કર્યું છે. તેઓને માર્યા છતાં મોંમાંથી શબ્દ પણ કાઢ્યો નથી!'

'સહન ન કરવું એવું નથી, પણ બહુ થાય તો સ્પષ્ટતા કરવી કે નહીં? એને ધ્યાન દોરવું કે નહીં?'

'વગર બોલે એનું પરિવર્તન થઈ જાય. આપણે સામે ન બોલીએ તો એને કો'ક દિવસ તો એમ થાય ને કે 'હું આટલું કરું છું છતાં એ સામે બોલતો નથી.' થોડીક તો અસર થાય જ! મહારાજે પણ સંતોને કહ્યું ને કે સહન કરો. તો લોકોને છાપ પડી ગઈ કે સ્વામિનારાયણના સાધુ સહનશીલતાવાળા ખરા! બ્રહ્મરૂપ ન થઈએ ત્યાં સુધી સહન કરવાનું છે.'

'પણ ઘણી વખત આપણે કોઈ પ્રોજેક્ટ લઈને બેઠા હોઈએ અને સામેવાળો આપણને સહકાર ન આપે તો કામ બગડતું હોય એવું લાગે. વળી, સેવા બગડે એમાં પણ કોઈ કહેનાર મળે ને સહન ન કરે તો પણ કહેનાર મળે. એટલે એમ થાય કે બેમાંથી શું કરવું જોઈએ?'

'બેય થાય. સેવા કરવાની ના પાડે તો આપણે ભજન કરવા માંડવું. માળા લઈને બેસવું. બીજી સેવાઓ તો છે જ ને! જે મળી એ સેવા કરવી. કથા-વાર્તા, ભજન કરવાં.'

'સેવા આપણે ઉપાડી હોય એમાં જો સહન જ કરીએ તો પ્રોજેક્ટ કઈ રીતે પૂરો થાય?'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને કેટલી ઉપાધિ હતી? તોય અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત અને નિયમ-ધર્મ ન મૂક્યા. કથા-વાર્તા

કરતા રહ્યા. ગામવાળા અપમાન કરે તો સામે થવાને બદલે ઊભા થઈને બીજે જઈને કરવા માંડ્યા. મૂળ ગમે એટલું થાય, પણ સહન કરવું અને નિષ્ક્રિય પણ ના થવું.'

'ચોખવટ કરવી કે નહીં?'

'ચોખવટ કરવા જાય તો વધારે ધમાલ થાય. શાસ્ત્રીજી મહારાજને બધા કેટલું કહેતા કે 'બંડિયા છો ને ફલાણા છો,' છતાં ચોખવટ કર્યા વગર પોતાનું કામ કર્યે રાખ્યું, તો ધીરે ધીરે બધાને સમજાયું ને ગુણ આવ્યો. એ ઘડીએ કહેવા ગયા હોત કે 'તમે તો આવા છો ને ફલાણા છો ને ખોટા છો,' તો સાધુતા જાય અને લોકો સામા પડે. એટલે નિર્માની રહીને સેવા કરીએ એની જ મહત્તા છે. મોટાપુરુષોએ વર્તનથી આ સિદ્ધ કર્યું છે, ચોખવટ કરવા ગયા નથી. શાસ્ત્રીજી મહારાજે સહન કર્યું અને કામ પણ ચાલુ રાખ્યું.'

'વિઘ્ન નાખનાર વ્યક્તિને વર્તનથી સમજાવવા માટે સમય અને ધીરજ બહુ જોઈએ.'

'શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે ધીરજ જ રાખી છે ને! મહારાજને પણ કેટલી ઉપાધિ આવી? છતાં સહન કર્યું. 'આને પાઠ ભણાવી દઉં' એવું ચાલે જ નહીં!'

સ્વામીશ્રીના મુખેથી આજે 'સહનશક્તિ એ જબરો ગુણ છે' તે યોગીજી મહારાજના સૂત્રનું ભાષ્ય જ સરી રહ્યું.

ભક્તિ કરવી એ આપણી ખેતી

તા. ૧૪/૨ની રાત્રે ખબર-અંતર પૂછવા આવેલા કેટલાક મહાનુભાવોને મળ્યા બાદ સ્વામીશ્રીને પોઢવાનો સમય થઈ ચૂકેલો; પરંતુ દિલ્હીથી આવી રહેલા સંતોને મળવાની ઇચ્છાથી તેઓ રાહ જોતાં બેઠા. તે વખતે નીકળેલી અક્ષરધામ સંબંધી વાતોમાં એકે કહ્યું: 'આ અક્ષરધામનો સંકલ્પ તો આપનો જ કહેવાય ને! યોગીજી મહારાજે મંદિરનું કહેલું તે તો આપે આરસનું કરી દીધું.'

આ તર્કમાં ટાપશી પુરાવતાં કો'ક બોલ્યું: 'આટલું મોટું અક્ષરધામ થાય એવું તો યોગીજી મહારાજના મનમાં પણ નહીં હોય.'

'આ તમારામાં મહિમાની ખામી! એમને તો ખબર જ હોય. તમે ભણેલા-ગણેલા થઈને આવી ભૂલ કેમ કરો છો?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે દ્વારા પોતાની સિદ્ધિને વધુ એક વાર ગુરુના સંકલ્પમાં સમાવી તેઓ તા. ૧૬/૨ની રાત્રે સંતો સાથે ચેષ્ટાગાન કરવા બિરાજ્યા. આ આહ્‌નિક વિરમતાં જ તેઓએ 'સબ સંતન કી જય' બોલાવી વાત ઉપાડી કે 'પ્રેમાનંદ સ્વામીએ મહારાજના દરેક અંગને નીરખીને જોયા છે, એટલે કેટલું અદ્‌ભુત વર્ણન કર્યું છે! દર્શન પ્રેમથી કર્યાં.'

આટલું કહી સ્વામીશ્રીએ સામે બેઠેલા એક સંતને પૂછ્યું: 'તમારે એવું થાય છે?'

'કરાવો ને!'

'એમને કરાવવામાં આવ્યું હતું કે પોતે જ આવાં દર્શન કર્યાં હતાં?'

આમ પૂછી સ્વામીશ્રી બોલવા લાગ્યા:

''મૂર્તિમાં ને ભગવાનમાં હેત હોય એટલે લખી લે. છેલ્લા પદમાં કહ્યું ને કે *વા'લા છેલ્લી આંગળીએ તિલ એક જોવાને મન દીન છે રે લોલ...* કેવું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે! કેવો મહિમા કહેવાય! *વા'લા રસચોર ચકોર જે ભક્ત...* જેમ ચકોર પક્ષી ચંદ્રને જોઈને જ જીવે ને ચંદ્રની સામું એનું ધ્યાન હોય; ચોરી કરવામાં ચોર જેમ પ્રવીણતા દાખવે એમ ભગવાનની મૂર્તિ હૃદયમાં ઉતારી લેવી ને એમાં પ્રવીણ થવાનું. પ્રેમથી દર્શન કરવાં. આપણે એ બાબતમાં ચોર થવું. કથા-વાર્તામાં ચોર થવું, પણ બીજે બધે ચોરી ન કરવી. કોઈની પેન, પેન્સિલ ઉપાડી ન લેવી. એ બધું ચોરી કહેવાય. આવી ચોરી ન થાય, જૂઠું ન થાય, કોઈની વસ્તુ ન લેવાય, કોઈનું ધોતિયું-ગાતરિયું ન લેવાય; પણ ભગવાનની કથામાં જઈએ ત્યાં તો ચોર થવાનું જ! એ શું? જે વાત કરે છે એને ચોરી લેવી; એટલે કે હૃદયમાં ઉતારી લેવી ને વાતને વારંવાર યાદ કરવાની. ચોર ચોરી કરવામાં કેવો સજાગ છે! એમ કથા-વાર્તા, ભજનમાં બેઠા હોઈએ ત્યાં સજાગ રહેવું. કથા વખતે ડાફોળિયાં ના મારવાં. એકાગ્ર થઈને કામ કરવાનું છે.

જ્યારે જ્યારે દર્શન કરીએ, કથા-વાર્તા કરીએ, કામ કરીએ, એ બધું જ એકાગ્રતાથી કરીએ. ભંડાર પણ એકાગ્રતાથી કરવાનો. નહીં તો ઓડનું ચોડ થઈ જાય. અભ્યાસમાં પણ એકાગ્રતા. ચોપડી વાંચીએ ને લેસન આવે ત્યારે એકચિત્તે સાંભળીએ. બધામાં એકાગ્ર થાય તો વસ્તુ યાદ રહે. સાંભળ્યું હોય એને યાદ કરીએ તો તરત યાદ રહે.

નિત્ય ચેષ્ટા, ભજન, માળા એ બધું કરવાનું. દર્શન કરવાનાં. એક

દહાડો કરીએ તો કાંઈ ન વળે. એકાગ્ર થઈને રોજ કરીએ તો યાદ આવે. એક દહાડો ભોજન કરીએ તો ચાલે છે? એમ દર્શન, કથા-વાર્તાનું નિત્ય સ્મરણ કરવું. એમ કરતાં શ્રવણ, મનન અને નિદિધ્યાસ થઈ જાય તો સાક્ષાત્કાર થઈ જાય. દરેક વખતે સંભારીને યાદ ન કરીએ તો કાંઈ યાદ ન રહે. શ્રવણ પણ એકાગ્ર ચિત્તે કરવું. આઘા-પાછા ને બીજી વાતો કરીએ તો કાંઈ યાદ ન રહે. એકાગ્રતા સેવામાં પણ કરવી, ચોક વાળવામાં પણ કરવી; એમાં પણ એકાગ્ર થઈએ તો સેવા થાય, નહીં તો અડધું રહી જાય. એટલે દરેક બાબતમાં એકાગ્રતા રાખીને કરીએ તો સારામાં સારી સ્વચ્છતા થાય.

ખાવા-પીવામાં જેમ સારી વસ્તુને ધ્યાનમાં રાખીએ છીએ, એમ આમાં પણ ધ્યાન રાખવાનું છે. લોલમ્‌લોલ ન ચાલે. મનને સ્થિર કરવાનું છે. મન તો નીલ વાંદરા જેવું છે, ધજાની પૂંછડી જેવું છે. એને સ્થિર કરવાનું છે. કથા-વાર્તા, કીર્તન-ભજનમાં સ્થિર કરવાનું છે. નીલ વાંદરું એક જગ્યાએ ઊભું ના રહે; કામ વગર પણ આંટા મારે. એમ મન પણ અહીં બેઠા તોય દિલ્હીના વિચાર કરે ને બધું સંભારે, પણ અહીં બેઠા હોય ત્યારે અહીંનું જ ધ્યાન રાખવું. સ્થિર થઈને દર્શન, કથા-વાર્તા બધું કરવું. મહારાજે જે નિયમ આપ્યા છે એ સારા માટે છે.

આપણને તો ક્રમ જ એવો આપ્યો છે કે બીજી વાત કરવાનો સમય જ ન મળે. ઊઠીએ ત્યારથી જ મહારાજને સંભારીને ઊઠવાનું. પાઠ-પૂજા કરવાની, કથા-વાર્તા કરવાની, ભજન કરવાનાં. બાર વાગે ત્યારે હરે...(ભોજન) થાય. પછી થોડો આરામ થાય. આપણે આવ્યા છીએ એ મારગને દૃઢ કરીએ તો આપણને મૂંઝવણ ન થાય. આપણે અશાંત હોઈએ તો બીજાને પણ અશાંત કરીએ. આપણે તો ભગવાન કેમ રાજી થાય એ જ જોવાનું છે. દુનિયાની વાતોથી શું સ્વાદ આવે? આપણે આવ્યા છીએ તો સાધુનો વેશ બરાબર ભજવી લેવાનો. *'નટ ચડે જેમ વાંસડે...'* નટને જો ગુસ્સો આવી જાય તો પડે હેઠો! એમ સાધુને પણ ક્રોધ આવી જાય કે સ્વભાવ નડી જાય તો મહારાજ રાજી થાય ખરા? માટે બળ રાખવું. ભક્તિ-સેવા બરાબર થાય એ જોવું. એનું જાણપણું રાખવું. ક્રોધ, ઈર્ષા, માન, ખટપટ થઈ જાય એમ ન રહેવું. નવરા રહેવાનું જ નથી. આપણે બૈરાં-છોકરાં કે ખેતીવાડી નથી; ભગવાનની ભક્તિ કરવી એ જ આપણી ખેતી છે.''

જે નમે ન કોઈને, તમારી પાસ તે નમે

તા. ૧૮/૨ની સવારે મુલાકાતે આવેલા એર ઇન્ડિયાના પૂર્વ નિયામક શ્રી ગુપ્તેએ સ્વામીશ્રીને જણાવ્યું: 'જીવનમાં મેં ચાલીસ વર્ષ સુધી કૉર્પોરેટ વર્લ્ડમાં નોકરી કરી છે. દુનિયાભરની બહુરાષ્ટ્રીય કંપનીઓના હોદ્દેદારોને હું મળ્યો છું, પરંતુ કોઈથી પ્રભાવિત થયો નથી, કારણ કે એ જેટલા બુદ્ધિશાળી છે એટલો હુંય છું, પણ જીવનમાં આપથી હું પ્રભાવિત થયો છું. એટલે જ હજી સુધી હું કોઈ મહાત્માનાં દર્શને ક્યાંય ગયો નથી, જ્યારે આપનાં દર્શને દોડી દોડીને આવું છું.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અણનમ માથાં નમવાનો નજારો રોજેરોજ જામતો. બુદ્ધિ, ધન, પદ, પ્રતિષ્ઠા, કલા, કૌશલ્ય, સત્તા વગેરેથી છલોછલ જીવન ધરાવતી વ્યક્તિઓને પણ સ્વામીશ્રીની સાધુતા ઝુકાવી દેતી. તેને જોતાં 'સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી' એ શ્રીજીવચન બિલકુલ સત્ય ભાસતું.

આ પદવી ધરાવતા સ્વામીશ્રી તા. ૧૯/૨ની સવારે મુંબઈના જ્યુપીટર સ્કેન સેન્ટરમાં વધુ એક તબીબી પરીક્ષણની પ્રક્રિયા પૂર્ણ કરી મંદિરે પરત પધાર્યા ત્યારે અહીં આજની રાત્રે મંદિર-સંકુલના વિકાસની એક બેઠક યોજાઈ. તેમાં ઉપસ્થિત હરિભક્તોને સેવાની હાકલ લગાવી અંતે સ્વામીશ્રી બોલ્યા:

'મુંબઈને મોટી કૃપા એ કે કોઠારી (સ્વામી) જેવા સંત મળ્યા છે. સાધુતાની મૂર્તિ. ક્યારેય દૂષણ જ નહીં. મહારાજની આજ્ઞા પ્રમાણે જ વર્તવાનું. કથા-વાર્તા, દર્શન એ જ અંગ. કોઈ કહી જાય, કોઈ બોલી જાય તોય દુઃખ નહીં. અભાવ-અવગુણની વાત જ નહીં. ૪૮ વર્ષ કોઠારી તરીકે રહ્યા પણ આટલોય ડાઘ નહીં. ધન-સ્ત્રીનો પૂરેપૂરો ત્યાગ. બધા સાથે હેત અને પ્રીત રાખે. ગુણાતીતાનંદ સ્વામીએ જેમ કહ્યું કે 'ખીંટીએ ઝોળી ભરાવી રાખી છે. જ્યારે આજ્ઞા થાય એટલે તરત નીકળી જવાનું.' એ ગુણ એમનામાં સંપૂર્ણ ઊતરેલો છે. એમને ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. એમનાં દર્શન, કથા-વાર્તાથી શાંતિ થઈ જાય. કોઈ મમત્વ નહીં, આસક્તિ નહીં, વેર-ઝેર નહીં, નાના-મોટા બધાને રાજી કરે. એવા સંત મળ્યા છે એ મોટાં ભાગ્ય છે. એમની આજ્ઞાથી સેવા કરશો તો મહારાજ રાજી થશે.'

સંપ્રદાયના સદ્‌ગુરુ સંતોનો સ્વામીશ્રીને મન અનેરો મહિમા હતો. તેથી તેઓનું ગુણકથન સ્વામીશ્રીના મુખેથી અવારનવાર સરી પડતું. તે દ્વારા

સૌને સ્વામીશ્રીની નમ્રતાનો પણ નૂતન પરિચય મળતો.

આ આપના લાભની વાત છે

તા. ૨૪/૨ની સવારે મુંબઈથી ભાવનગર આવી પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે તા. ૨૫/૨ના રોજ મંદિરનું અક્ષરદ્વાર ખુલ્લું મુકાયું. તેમાંથી તા. ૨૭/૨ના રોજ પ્રવેશેલા કલેક્ટર શ્રી શાહે સરકાર દ્વારા આયોજિત 'નિર્મળ ગુજરાત' પ્રકલ્પની સમજૂતી આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'અમે તો બધા કાર્ય કરીએ જ છીએ, પરંતુ આપનો એક શબ્દ સમાજમાં વધારે અસર કરશે. માટે આપ અમને કંઈક લખી આપો.'

તેથી તા. ૨૭/૨ની સાયંસભામાં સ્વામીશ્રીએ સ્વચ્છતાની હાકલ મારતાં જણાવ્યું : 'પવિત્રતા જીવનમાં અગત્યની વસ્તુ છે. એટલે દરેકે પોતાના ઘરની આગળ ગંદકી હોય તો સાફ કરવાની. ગામમાં, શહેરમાં સ્વચ્છતા કરો તો ઘણી રાહત થઈ જાય. દરેક પોતાની રીતે સ્વચ્છતા રાખે તો રોગ ન થાય. એ પણ એક સમાજસેવા છે. તો આ 'નિર્મળ ગુજરાત' યોજનામાં બધા સહકાર આપે. આમાં પૈસા આપવાના નથી. કલાક મહેનત કરવાની છે. દરરોજનો નિયમ હોય તો સફાઈ થઈ જાય. શિક્ષાપત્રીમાં ભગવાન સ્વામિનારાયણે લખ્યું છે કે જાહેર સ્થળોએ ઝાડા-પેશાબ કરવું નહીં. આ આપના લાભની વાત છે.'

સ્વામીશ્રીની આ પ્રેરણાને સેંકડો CD તૈયાર કરાવી શહેરના કમિશનર શ્રી હૈદરે ઠેર ઠેર પહોંચાડી. છેક ગાંધીનગરની કચેરીમાં પણ તે મોકલાવી.

આમ, સત્તાધીશો કરતાંય જેઓના શબ્દોનું વજન સમાજમાં વધુ રહેતું એવા સ્વામીશ્રી તા. ૨/૩ની સવારે ભાવનગરથી વિદાય લઈ વલભીપુર પહોંચ્યા. અત્રે મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર ગાડીમાં બેઠાં બેઠાં જ દૃષ્ટિ કરતાં તેઓ સાડા અગિયાર વાગ્યે સારંગપુર પધાર્યા ત્યારે અહીં તો *'નેણે નીરખીને હરખે છે સર્વ, જાણે આવ્યું અનુપમ પર્વ...'*નો માહોલ છવાઈ ગયો.

તેની વચ્ચે મંદિરની પાછળના ઓટલે યોજાયેલી ઔપચારિક સ્વાગત-સભામાં સૌને લાભ આપી સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા, પણ મંચનાં પગથિયાં ઊતરીને તેઓએ શ્રોતાવર્ગમાં બેઠેલા કડીના ડૉ. રામભાઈને સામેથી બોલાવી હાર પહેરાવ્યો. તેથી રોમાંચિત થઈ ઊઠેલા આ હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : 'હું ખુરશી પર બેઠો હતો ત્યારે જ મને એવો સંકલ્પ થયો કે સ્વામીબાપા

મને બોલાવીને હાર પહેરાવે તો કેવું? અને આપે મારો સંકલ્પ પૂરો કર્યો.'

આ અહોભાવના પ્રતિભાવમાં આશીર્વાદ આપી આગળ વધેલા સ્વામીશ્રી સહજે જ બોલ્યા: 'આપણે તો જાણતા જ નહોતા ને સંકલ્પ પૂરા થઈ ગયા.'

આ શબ્દો દ્વારા પોતાના અંતર્યામીપણાને અજ્ઞાનના આવરણથી ઢાંકનારા તેઓ ઉતારાની સાથે સૌનાં અંતરમાં પણ પ્રવેશી ગયા.

ગરવો ગુરુમંત્ર

ફૂલદોલોત્સવ નિમિત્તે સારંગપુર પધારેલા સ્વામીશ્રીની પ્રસન્નતા માટે અહીંના સંતો, પાર્ષદો તથા સાધકોએ ત્રણ-ત્રણ મહિનાનાં ધારણાં-પારણાંથી માંડીને એક-એક સપ્તાહ સુધી પ્રવાહી પર રહેવાના વ્રત સહિત વિવિધ તપશ્ચર્યાઓ કરી હતી. તે જાણી રાજીપો વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે ઉત્સવની ચાલુ સેવાએ આ તપ કર્યાં તે જોઈને બહુ આનંદ થયો.'

આ ખુશી સાથે તા. ૨/૩ની બપોરે ભોજન બાદ વિશ્રામમાં પધારેલા સ્વામીશ્રી સાંજે જાગ્રત થયા ત્યારે વિવિધ મંદિરોમાંથી આવેલા સંતો તેઓને મળવા આવવા લાગ્યા. તેમાંના એક સંતવૃંદ સાથે બેઠેલા સ્વામીશ્રીના મુખેથી સેવા સંબંધી ઉપયોગી માર્ગદર્શન સરવા લાગ્યું કે –

'પ્રવૃત્તિ તો છે જ, પણ આહ્‌નિક એનાથી વિશેષ છે. એ નિયમ બરાબર પાળવો, નહીં તો જડ થઈ જવાય. આપણે શેના માટે આવ્યા છીએ એ વિચાર હંમેશાં રાખવો. કોઈ એક જ વસ્તુ ન પકડવી. વાંચન કરવું જોઈએ અને પ્રવૃત્તિ પણ થવી જોઈએ. વચનામૃત અને સ્વામીની વાતો રોજ વંચાવાં જોઈએ. મહારાજ, સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં જીવનચરિત્રો પણ વાંચી લેવાં. 'રોજ પાંચ પાનાં વાંચવાં જ છે' એ નિયમ રાખવો. વાંચન પણ ઉતાવળે નહીં, શાંતિથી કરવું, તો જ્ઞાન થાય, નહીં તો આળસુ અને પ્રમાદી થઈ જવાય. એક વાર વાંચી ગયા હોઈએ તો ફરી વાર વાંચવું.'

સંતો પર આ જ્ઞાનઘન વરસાવી આજની સાંજે ૪,૪૦૦ સ્વયંસેવકોને રંગોત્સવનો લાભ આપી સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા ત્યારે હરિભક્ત શ્રી હર્ષદભાઈ રાણાએ એકાએક પૂછ્યું: 'બાપા! હું કેટલાંય વરસોથી જોઉં છું કે -૪૪ ડિગ્રીથી +૪૪ ડિગ્રી સુધીના વાતાવરણમાં સંતોની એક જ સ્થિતિ

છે. વર્તનમાં કોઈ ફેરફાર નહીં. આફ્રિકામાં બે જ સંતો હોય તોય એટલાં વ્રત, તપ અને સાધના કરે. આપે એવો કયો ગુરુમંત્ર આપ્યો છે કે દરેકની આવી એક જ સ્થિતિ રહે છે?'

'અમે બ્રહ્મ છીએ ને ભગવાનના દાસ છીએ – એ મંત્ર. અમે મહંત, ભંડારી, કોઠારી કાંઈ જ નથી. આવી સમજણ તમે રાખશો તો તમારું પણ કામ થઈ જશે.'

સ્વામીશ્રીના મુખેથી ત્યાગી-ગૃહી સૌ માટે ગરવો ગુરુમંત્ર સરી પડ્યો.

તે સાંભળીને પેલા મુરબ્બીએ પોતાનું વધુ એક આશ્ચર્ય ઘૂંટ્યું કે 'બીજે બધે તો થોડો સમય ઊભરો હોય, પરંતુ કાળક્રમે બધું ડાઉન થતું (ઘસાતું) જોયું છે. જ્યારે અહીં આપના સાંનિધ્યમાં બધાને ચડતો ને ચડતો રંગ છે.'

'મહિમાની દૃષ્ટિ ને દાસ થઈને બધું કામ કરવાનું, એટલે ચાલે જ ને! શ્રીજીમહારાજનો સંપ્રદાય છે, શાસ્ત્રીજી મહારાજે કાર્ય કર્યું છે ને જોગીબાપાએ રંગ ચડાવ્યો છે એટલે બધું ચાલે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ સંસ્થાની પ્રગતિનું રહસ્ય ખોલી આપ્યું.

યોગ-ક્ષેમના વાહક

તા. ૪/૩ની રાત્રે ગ્રહણ હોવાથી સ્વામીશ્રી તા. ૩/૩ની સાંજે વેધના સમય પૂર્વે સાડા પાંચ વાગ્યે ભોજન કરવા બિરાજ્યા. તે વખતે એક દર્શનાર્થીએ અભિપ્રાય આપ્યો કે 'સ્વામી! જગતમાં તો હવે કોઈને ગ્રહણની કાંઈ પડી નથી. એમ જણાય છે કે વેધ ફક્ત આપને જ લાગે છે. કોઈ સંપ્રદાયવાળા આવું કંઈ પાળતા જ નથી.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી તે ભક્તને અધવચ્ચેથી અટકાવીને બોલ્યા: 'એવું તમે ક્યાં જોવા ગયા હતા? બધા જ નથી પાળતા એમ કહેવાની જરૂર નહીં. અમુક લોકો નથી પાળતા એમ કહો તો બરાબર છે!'

આ વાસ્તવવાદી અને સવળી દૃષ્ટિ સાથે સ્વામીશ્રી તા. ૪/૩ની મધરાતે અઢી વાગ્યે ગ્રહણના સમૈયામાં આવી પહોંચ્યા ત્યારે સભાગૃહ સાતેક હજાર હરિભક્તોથી ભરચક હતું. તેમાં ગવાઈ રહેલી ચડતી લયની ધૂનમાં સામેલ થતાં સ્વામીશ્રી પણ નેત્રો મીંચીને મૂર્તિમાં પરોવાયા, પરંતુ થોડી વારે આ ધૂનગાન વિરમતાં તેઓએ એક વ્યવસ્થાપક સંતને બોલાવી સૂચના આપી કે 'અત્યારે બધા જ હરિભક્તો ઉતારામાંથી અહીં આવી ગયા છે. તેથી ઉતારામાં

બધું ખાલી હશે, તો ત્યાં સલામતીની વિશેષ વ્યવસ્થા કરાવી દો. સ્વયંસેવકો વારેવારે આંટા મારે તેવી ગોઠવણ કરી દો.'

ભક્તોની ખેવના કરવામાં સ્વામીશ્રી મધરાતે પણ સદા જાગ્રત રહેતા. તેથી જ તો અહીં સંત-ભક્ત કોઈને ઉપાધિઓનાં ગ્રહણ ગ્રસી ન શકતાં.

યોગ-ક્ષેમના વાહક આવા ગુરુની નિશ્રામાં સવારના પોણા સાત વાગ્યા સુધી ચાલેલી ઉત્સવ-સભા ખૂબ જ રસપ્રદ રહી. તે સ્વામીશ્રીની નિદ્રાજિત અને ઇન્દ્રિયજિત સ્થિતિની પણ સાક્ષી બની રહી, કારણ કે સવા ચાર કલાક સુધી ચાલેલી આ સભામાં બિરાજેલા તેઓએ ન તો એક બગાસું ખાધું કે ન તો લંબાવેલાં ચરણને આઘાં-પાછાં કે ઊંચાં-નીચાં કર્યાં.

આ જ દેહાતીત સ્થિતિ સાથે સ્વામીશ્રી આજની સાંજે પુષ્પદોલોત્સવની સભામાં પધાર્યા.

સ્વામી અમારા દયાના સાગર

પ્રતિ વર્ષ ફાગણ વદ પડવાની સવારે ઊજવાતા ફૂલદોલને આ વર્ષે રાત્રિગ્રહણનો ઠેલ લાગતાં આ ઉત્સવ આજની સાંજે યોજાયેલો. તેમાં સ્વામીશ્રીએ ૪૨,૦૦૦થી વધુ ભક્તોને રંગભીના કર્યા.

પરંતુ તે પૈકીના એક રણજિતસિંહ વાળા જરા જુદી રીતે રંગાયા. ભાલ પંથકના આ ભાવિક રંગોત્સવ દરમ્યાન કો'ક કારણસર સભાવ્યવસ્થા સંભાળતા શ્રીજીકીર્તનદાસ સ્વામી સાથે અણસમજથી ઉગ્ર અવાજમાં બોલાચાલી કરી બેઠેલા. પરંતુ આ સંતનો વળતો પ્રતિભાવ ક્ષમાયાચના સાથે આવતાં પેલા આગંતુકને સ્વામીશ્રી, સંતો તથા સત્સંગ વિષે ઘણો જ સદ્‌ભાવ થઈ ગયો. તેથી તેઓ સમયાંતરે તો 'આવા સંતો પ્રમુખસ્વામી મહારાજ જ કરી શકે'ના અહોભાવ સાથે સંસ્થાના કાર્યકર દળમાં પણ ભળી ગયા.

સ્વામીશ્રીનો આવો અદકેરો રંગોત્સવ તા. ૭/૩ના રોજ પણ ચાલુ રહ્યો. ફર્ક કેવળ રંગમાં પડ્યો. આ દિવસની સવારે સ્વામીશ્રીએ ૪૩ પાર્ષદોને ભગવા રંગે રંગ્યા અને ૨૧ સાધકોને સંસારી રંગ ઉતારી શ્વેત ઉત્તરીય ઓઢાડ્યાં. આ રીતે એકસાથે ૬૪ ચૈતન્ય મંદિરોમાં દૈવત પૂરી તેઓએ આજે ધુલિયા અને વરખેડાનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી નૂતન મૂર્તિઓમાં પણ પ્રાણ પૂર્યા.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૮/૩ની સવારે ભોજ ગામના મંદિરની

તથા તા. ૧૦/૩ના રોજ નિંગાળામાં નિર્માણ પામેલા બાઈઓના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

આમ, સંતો અને મંદિરોના સર્જન દ્વારા સંસ્કૃતિને દૃઢમૂલ કરતા જતા સ્વામીશ્રી તા. ૧૨/૩ની સવારે મંદિરમાં દર્શન બાદ રૂપચોકીમાં પધાર્યા. આ સમયે અહીં ઊભેલા સંતોએ લેખિત સ્વરૂપમાં એક વિનંતી રજૂ કરી કે 'સ્વામી! જેમ શાસ્ત્રીજી મહારાજ ઓશીકા નીચે રોગ રાખી દેતા એમ આપના ઓશીકા નીચે હોય એ બધા રોગ અમને આપી દો.'

આ પ્રાર્થના છેલ્લા થોડા સમયથી સ્વામીશ્રીના શરીરમાં રહેતા ઊંચા બ્લડ પ્રેશર અને દુખાવાના અનુસંધાનમાં થયેલી; પરંતુ તેનો પ્રત્યુત્તર આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'કોઈને રોગ શું કામ આપવા? કોઈને રોગ થાય જ નહીં એવું ન ઇચ્છીએ!'

સ્વામીશ્રીનાં વચન, વિચાર અને વર્તણૂક *'પારકું દુઃખ સહન ન થાય, તેનું નામ દયા કહેવાય...'*ના સંતલક્ષણથી ભરપૂર રહેતા.

હરિ વગર એવું કેમ હોય!

તા. ૧૭/૩ની રાત્રે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ ગોંડલની સંસ્થા-સંચાલિત શાળા અને ગુરુકુળના છાત્રો બેઠા હતા. તેઓ તાજેતરમાં યોજાયેલી દસમા-બારમા ધોરણની પરીક્ષામાં અવનવા અનુભવોમાંથી પસાર થયેલા. જેમ કે, 'ચોરી કરવી નહીં અને કરાવવી નહીં'ના મક્કમ મન સાથે ઉત્તરવહી ભરતા આ વિદ્યાર્થીઓમાંથી કેટલાકને ગેરરીતિ આચરવા તત્પર થયેલા પરીક્ષાર્થીઓ તરફથી મારઝૂડની ધમકીઓ મળેલી. હદ તો ત્યારે આવેલી કે જ્યારે વાડ જ ચીભડાં ગળવા માંડી. અમુક શિક્ષકોએ પણ આ છાત્રોને ચોરી કરવાની પ્રેરણા આપવા વિવિધ પ્રલોભનોની જાળ ફેલાવેલી; છતાં તેઓના આ અવળા પ્રોત્સાહનને ધાર્યો પ્રતિસાદ ન મળતાં એ માસ્તરોએ આ વિદ્યાર્થીઓને તતડાવેલા પણ ખરા! તોય અડગ રહેલા આપણા છાત્રોની કારકિર્દી રગદોળવા આ સુપરવાઇઝરોએ વિદ્યાર્થીઓની એકાગ્રતા ભંગ કરવા સુધીના હીન પ્રયાસો આચરેલા.

કનડગતની આ કહાણી સાંભળી સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. પોતાના ભવિષ્યને ભગવાનની મહેર અને જાતમહેનતના હલેસે આગળ ધપાવવામાં કૃતનિશ્ચય રહેલા આ છાત્રો પર તેઓની કરુણા વરસી કે 'તમે

લોકોએ બહુ સારી છાપ બેસાડી દીધી. સંસ્થાનું ગૌરવ વધાર્યું. તમે આવી દૃઢતા રાખી તો તમારું ભવિષ્ય સારું જ છે. આગળની જિંદગીમાં પણ તમને આ અનુભવ કામ લાગશે, નોકરી-ધંધામાં પણ બરકત આવશે, તમારું ગૌરવ વધશે. અમે તો બહુ રાજી થયા છીએ. કોઈની શેહમાં દબાયા વગર 'નહીં એટલે નહીં જ'ની દૃઢતા તમે રાખી છે તો રિઝલ્ટ પણ સારું આવશે. જ્યાં જશો ત્યાં ભગવાન તમારો જયજયકાર કરશે.'

તેની સાથે આવી ટેક જાળવનારા અનેક મનુષ્યોના વિશ્વકર્મા તરીકે સ્વામીશ્રીનો પણ જયજયકાર ગુંજશે જ, કારણ કે તેઓએ સીંચેલા સંસ્કારોથી પરીક્ષામાં ચોરી ન કરનારો છાત્ર મોટો થતાં જ્યાં નોકરી કરતો ત્યાં કામચોરીને કોઠું ન આપતો. તે ધંધામાં માલચોરી ન કરતો. સંસાર માંડે ત્યારે પોતાના સાથી-સંબંધી સાથે દિલચોરી ન કરતો. દુકાન માંડે તો હરામખોરી ન કરતો. કમાણી કરે ત્યારે કરચોરી ન કરતો. સત્સંગમાં ગરબડગોટા ન વાળતો. આ રીતે ઠેર ઠેર વિશ્વાસપાત્ર વ્યક્તિઓનાં વૃંદ ખડાં કરી સ્વામીશ્રીએ વિશ્વને વૃંદાવન જેવું કરી મૂકેલું.

તેઓની આ સિદ્ધિ જોનારાને આપમેળે સમજાઈ જતું કે –

'નથી હુકમે મનાવતા બળથી, નથી આપતા નાણું આગળથી;
લાખો જન વશ વર્તે છે તોય, હરિ વગર એવું કેમ હોય!'

વૈરાગ્ય તેનો વધતો જણાય

તા. ૧૯/૩ની સવારે એક કલાક સુધી સૂર્યગ્રહણનો નૈમિત્તિક વિધિ કરી સારંગપુર મુકામે જ બિરાજમાન સ્વામીશ્રીને મળવા તા. ૨૦/૩ની સવારે શ્રી મૌસીર ઈમામ આવી પહોંચ્યા. ઈજિપ્તથી આવેલા આ બિરાદરે દિલ્હીનું અક્ષરધામ સ્વામીશ્રીએ ફક્ત પાંચ જ વર્ષની સમયાવધિમાં સજર્યું છે તે જાણ્યું ત્યારથી તેઓના મનમાં સંકલ્પ સ્ફુર્યો હતો કે 'જેમણે આ પાંચ જ વર્ષમાં બનાવ્યું હોય એના હાથમાં નક્કી દૈવત હશે. એ હાથનો સ્પર્શ કરી મારે ધન્યતા અનુભવવી છે.'

આ એકમાત્ર ઈરાદાથી પ્રેરાઈને તેઓ છેક દિલ્હીથી સારંગપુર જેવા નાના ગામ સુધી દોડી આવેલા. અહીં પણ આજે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન કરવા બેઠેલા તેઓની આંખમાંથી અશ્રુધારા વહી રહી. પૂજા બાદ જ્યારે તેઓ સ્વામીશ્રીના હાથનો સ્પર્શ પામ્યા ત્યારે તો અત્યંત ઝંકૃત થઈ ઊઠ્યા.

આ અનુભૂતિ સાથે વીતી રહેલા દિવસોના ક્રમમાં તા. ૨૨/૩ની રાત્રે સ્વામીશ્રી વાળુ ગ્રહણ કરવા માટે ઊભા થવા ગયા. તે સમયે તેઓનાં ચરણ ફરતે ઓઢાડેલો ધાબળો લેતાં એક સંતે કહ્યું: 'આ બદલો હવે, જૂનો થઈ ગયો છે.'

'એમાં બદલવાનું શું?'

'કુચ્ચા જેવો લાગે છે.'

'આ તો શું કુચ્ચા જેવો છે! આનાથી પણ વધારે કુચ્ચા જેવો ધાબળો યોગીજી મહારાજ ઓઢતા. જાડો અને વાગે એવો!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો વૈરાગ્ય કાયમ વધતો જ જણાતો. તેથી જ તો તેઓ સારપને સરપ(સર્પ) તુલ્ય સમજી ફગાવતા રહેતા.

Globalization of religion

રોહિશાળાના રહેવાસી શ્રી ગોપાલભાઈ વારસવિહોણા હતા. તેથી તેઓએ પોતાનું મકાન પોતાના અક્ષરવાસ બાદ મંદિરને નામે થઈ જાય તેવી ગોઠવણ કરી દીધેલી. આ પરિસ્થિતિમાં તા. ૨૪/૩ની સવારે સ્વામીશ્રી પાસે આવેલા આ દાતાના મોટાભાઈ શ્રી દયાળજીએ કહ્યું: 'બાપા! મારા એક ભાઈ અમરશી ભાવનગરમાં રહે છે. તેઓને ગામમાં કોઈ મિલકત કે ખેતર નથી, તો મારી ઇચ્છા છે કે ગોપાલભાઈએ સંસ્થાને અર્પણ કરેલું ઘર ભાવનગરમાં રહેતા ભાઈને મળે.'

આ વિચાર દાતાના ગળે ઝટ ઊતરતો નહોતો. એક વાર ભગવાનને નામે ચડેલી જાગીર ભાઈના નામે કરવામાં તેઓનો માંહ્યલો મૂંઝાતો હતો. પરંતુ આજે સ્વામીશ્રીએ જ તેઓને કહ્યું: 'તમારા ભાઈને મકાન અર્પણ કરશો એ મંદિરને જ આપ્યા જેવું છે.'

કોઈનુંયે અંતર ન ઉઝરડાય તે રીતે સ્વામીશ્રીએ સમાધાન લાવી દીધું. તેથી જ્યારે સંસ્થાના નામેથી ભાઈના નામે દસ્તાવેજ તબદીલ થયો ત્યારે એ કાગળિયાં પર પડેલી કંઈક મહોરછાપની સાથે સ્વામીશ્રીએ દાખવેલી ઉદારતા અને સમજદારીનાં સહી-સિક્કા પણ એ દસ્તાવેજ પર વાગ્યાં.

આ જ રીતે સ્વામીશ્રીના શકવર્તી સર્જન સમા અક્ષરધામ પર અદ્વિતીયતાની વધુ એક મહોર તા. ૨૬/૩ની સવારે વાગી.

આ સમયે દર્શને આવેલા સુપ્રસિદ્ધ ડિઝાઇનર અને શિલ્પી શ્રી

દશરથભાઈ પટેલ થોડા સમય પૂર્વે જ અક્ષરધામની મુલાકાતે ગયેલા. તેની અનુભૂતિ વાગોળતાં તેઓ આજે સ્વામીશ્રીને કહેવા લાગ્યા:

'છેલ્લાં પાંચ-છ વર્ષથી બધું જ ગ્લોબલ (વૈશ્વિક) થઈ રહ્યું છે ત્યારે સંસ્કૃતિ કે સંસ્કારનો કોઈ વિચાર કરતું નથી, પણ આપે દિલ્હીમાં અક્ષરધામ બાંધીને Globalization of religion (ધર્મનું વૈશ્વિકીકરણ) કર્યું છે, કારણ કે અક્ષરધામમાં બધા જ ધર્મના લોકો આવીને પ્રેરણા મેળવે છે.

મારું મન ભરાઈ આવ્યું છે. મેં દુનિયામાં સારામાં સારી સ્કૂલ - NID (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન) કરી છે, પણ મને લાગે છે કે એ સ્કૂલ બંધ કરી દેવી જોઈએ. તમારે ત્યાં અક્ષરધામમાં એ સ્કૂલ શરૂ થઈ જ ગઈ છે. તેમાં આપે કળા-સ્થાપત્યથી માંડીને જ્ઞાનની સુંદરમાં સુંદર રજૂઆત કરી છે. સદીઓ પહેલાં કોણાર્કથી માંડીને જે કંઈ સ્થાપત્ય થયાં તે આજે થાય કે નહીં? – એવો પ્રશ્ન હતો, પણ આજના સંજોગોમાં દિલ્હીનું અક્ષરધામ થયું છે, તે જોયા પછી મને ખૂબ ખૂબ ખૂબ જ સંતોષ છે. આપે પહેલી એવી સંસ્થા રચી છે કે જ્યાં કોઈ વાડા નથી. જ્યાં જવામાં કોઈ પૂછતું નથી કે 'તમે બ્રાહ્મણ છો કે દલિત? તમે દેશના છો કે પરદેશના?' આજની પ્રજાને અનુરૂપ કાર્ય આપે કર્યું છે.'

નિજ જનને લડાવિયાં લાડ

તા. ૨૭/૩ના રોજ શ્રી સ્વામિનારાયણ જયંતીનો ઉત્સવ ઉમંગભેર ઊજવનારા સ્વામીશ્રીએ તા. ૨૮/૩ની સવારે ટીંબી(વલભીપુર)ના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તેને અનુસરતાં આવેલી તા. ૧/૪ની રાત્રે સ્વામીશ્રી પાસે પહોંચેલા કુંડળવાસી ધરમશીના વેશ-કેશ તેઓની સાધારણ સ્થિતિની સાક્ષી પૂરી રહેલાં. આ આવનાર કોળી ભક્ત આજથી સાડા ત્રણ દાયકા પહેલાં સન ૧૯૭૧માં મજૂરી કરી પેટિયું રળતા હતા. પરંતુ એક દા'ડો સારંગપુરમાં કોઈ માલેતુજાર દ્વારા યોજાયેલા પારાયણનો ભભકો જોઈ આ ગરીબના દિલમાંય અરમાન જાગી ગયેલાં કે 'સ્વામીબાપાને મારે આંગણે પધરાવી પારાયણ કરાવવું.' પરંતુ અન્ન-વસ્ત્રથી ઊણા રહેતા તેઓના ઝૂંપડામાં સગવડના નામે શૂન્ય હતું, છતાં તેઓએ સ્વામીશ્રીને પારાયણનું નોતરું દઈ દીધેલું. તે સ્વામીશ્રીએ સ્વીકારી પણ લીધેલું.

હવે એ ધન્ય ઘડી ક્યારે આવે તેની રાહ જોઈને બેઠેલા આ રાંક ધરમશીના ઝૂંપડે એક દા'ડે કૂબામાં હાથી પેઠા જેવો ઘાટ ઘડાઈ ગયો! સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી તેઓને ત્યાં પહોંચ્યા ત્યારે આ ભક્ત તો પ્રેમ-પુલકિત થઈ ઊઠ્યા. પરંતુ તેઓના ઝૂંપડામાં પ્રવેશતાં જ પારાયણની પૂર્વતૈયારી પામી ગયેલા સ્વામીશ્રીએ વક્તાની વ્યાસપીઠ તરીકે ગાભા જેવી ગોદડી પર જ આસન જમાવ્યું! તેની સામે બાજોઠ પર ઠાકોરજી પધરાવ્યા. પોતાની સાથે રહેતા પધરામણીના થેલામાંથી જ કંકુની ડબ્બી કાઢી યજમાન પાસે પૂજન કરાવ્યું અને એ થેલામાંથી નિત્યવિધિનું પુસ્તક કાઢતાં વચનામૃત વાંચી કથા-લાભ આપ્યો.

શ્રોતા બે-ચાર અને વક્તા અદ્વિતીય ધરાવતું એ પારાયણ પૂરું થયું ત્યારે ઠાકોરજીને ધરાવાયેલાં સીંગ-સાકરિયાની માત્રા અને ગુણવત્તા – બંને ઓછાં-આછાં હતાં. તે પછી યજમાને ભેટરૂપે પાંચ રૂપિયા ઠાકોરજી સમક્ષ ધરેલા, પરંતુ તે સ્વીકારવા સ્વામીશ્રી તૈયાર નહોતા થયા. તેઓનું લક્ષ્ય તો હતું – સંકલ્પ પૂરો કરવાનું, નહીં કે સંપત્તિ એકત્રિત કરવાનું. તેથી પુસ્તકના નહીં, પણ પ્રેમના પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે તેઓની દયાથી ધરમશીનું કાળજું વીંધાઈ ગયેલું.

જેઓના સમારંભો માટે મોટાં મેદાનો પણ સાંકડાં પુરવાર થાય એવા સ્વામીશ્રીએ પોતાના ઝૂંપડે આવી આપેલો લાભ પામી ગદ્‌ગદ બનેલા આ કોળી ભક્ત કશું જ બોલી શક્યા નહોતા. પરંતુ તે ઘડીથી તેઓના મનમાં સ્વામીશ્રીએ ચડાવેલા આ ઋણની અદાયગી કરવાની વાત શરીરમાં દોડતા લોહીની જેમ વહેતી થઈ ગયેલી. તેની અલ્પ અભિવ્યક્તિ કરવાનો મેળ આજે ત્રણ દાયકા પછી પડેલો.

ત્રીસેક વર્ષની ખેતમજૂરી બાદ આ ગરીબ ભક્ત આજે દસ હજાર રૂપિયાની મતા લઈ સ્વામીશ્રી પાસે આવી પહોંચેલા. તે સ્વામીશ્રીને ધરતાં તેઓએ કહ્યું: 'બાપા! આપે પારાયણ કરી એનું ઋણ ચૂકવવાની મારે તે દા'ડાની ઇચ્છા હતી. મારી મહેનતની બચેલી આ રકમ આપને દેવી છે.'

'તમે ક્યાંથી લાવ્યા?'

'સોઢી ગામમાં રાખેલી થોડી જમીનની ખેતીની આ ઊપજ છે. એ આપને અને ઠાકોરજીને અર્પણ કરું છું.'

આટલું કહેતાં ૭૦ વર્ષના એ ધરમશીને પાંખો ફૂટી ગઈ. તેઓ

પોતાની લાક્ષણિક શૈલીમાં નાચવા લાગ્યા. શ્રીજી સમીપે તેર દોકડાની ભેટ ધરી હરખાતા દૂબળી ભટ્ટ જેવું જ આ દૃશ્ય બની રહ્યું!

સૌના સ્વામી

તા. ૨/૪ના રોજ યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના પાટોત્સવનો લાભ લઈ તા. ૩/૪ની સવારે વિદાય લેતા જૂનાગઢી સંતોએ વિનંતી કરી કે 'સ્વામી! બાવીસમી તારીખે મંદિરનો પ્રથમ પાટોત્સવ છે તો આપ ત્યાં પધારો.'

'તમે બધા પ્રાર્થના કરો ને દયા કરો કે પહેલાંની જેમ ગામડે-ગામડે ફરી શકાય.' સ્વામીશ્રી બોલ્યા.

૮૬મા વર્ષે પણ આ ધગશથી ધબકતું હતું તેઓનું હૈયું!

તેના સહારે જ વિચરતા સ્વામીશ્રીને જોઈ અહીં દર્શને આવેલા જાણીતા ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા બોલી ઊઠ્યા: 'સ્વામીજી! ઉંમરના પ્રમાણમાં જે રીતે આપ કાર્ય કરી રહ્યા છો તે જોઈ થાય છે કે અમારા જેવાને તો થાકવાનો અધિકાર જ નથી. આપ અમારા પ્રેરણામૂર્તિ છો.'

આવા સ્વામીશ્રી તા. ૫/૪ની સવારે મંદિર પર જવા લિફ્ટ પાસે પધાર્યા ત્યારે સામે ઊભેલા એક સંતે પાટિયું ઊંચું કર્યું. તે પર લખેલું: 'અમ તમણાં, પણ તમ...?'

'સૌના.' હાથની આંગળી ગોળ-ગોળ ફેરવતાં સ્વામીશ્રી બોલ્યા.

જેમ પાણી, પવન અને પ્રકાશ સૌનાં, તેમ સ્વામીશ્રી પણ સૌના હતા, છે અને રહેશે.

તેથી જ તેઓની નજરમાં મંદિરના કો'ક ખૂણે રહી સેવા કરતા સંત-ભક્તની વિશેષતા પણ નોંધાઈ જાય. તેને તેઓ સમય આવ્યે બિરદાવી પણ જાણે.

પોતાની આ શૈલી સાથે તા. ૯/૪ની રાત્રે સ્થાનિક સંતો સાથે બિરાજેલા સ્વામીશ્રીની સામે યોગમૂર્તિદાસ સ્વામી બેઠા હતા. મંદિરના ભંડારમાં સેવા કરતા તેઓને જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આમની એકધારી સેવા. કોઈનું જોવું નહીં, કહેવું નહીં ને બધાને રાજી કરે. જે કામ સોંપ્યું છે એમાં બધા જ પ્રકારની કાળજી રાખે. કોઈ દહાડો કોઈને કહે નહીં કે 'મને આવું દુઃખ છે.' કોઈ મૂંઝવણ નહીં. ફરિયાદ કરવા પણ નથી આવ્યા. બધાએ આ ગુણ શીખવાના છે.'

આવો જ એક શીખવા જેવો પાઠ સૌને તા. ૧૧/૪ની બપોરે પણ ભણવા

મળ્યો. આ સમયે આણંદથી આવેલા શ્રી પ્રવીણભાઈ પટેલને મહિનાઓથી હેડકીની ઉપાધિ પીડી રહેલી. તેના ત્રાસથી છુટકારો પામવા તેઓએ થોડા દિવસ પૂર્વે સ્વામીશ્રી સમક્ષ આજીજી કરેલી ત્યારે સ્વામીશ્રીએ તેઓને અડતાળામાં રહેતા જયંતીભાઈ વૈદ્યનો સંપર્ક કરવા જણાવેલું. આ આદેશ ઝીલી અડતાળા પહોંચેલા પ્રવીણભાઈ દવા લીધાના એક જ કલાકમાં હેડકીના દર્દથી મુક્ત થઈ ગયેલા.

આ સુખદ અનુભવ જણાવતાં તેઓએ આજે સ્વામીશ્રીને કહ્યું: 'આપે મને સૂચવ્યું એ પૂર્વે પણ હું અડતાળા ગયેલો. તે વખતે અત્યારે મને જે દવા આપવામાં આવી તે જ અપાયેલી. છતાં મને કોઈ ફેર પડ્યો નહોતો. પણ આપની આજ્ઞાથી હું ગયો તો એની એ જ દવા મને કારગત નીવડી!'

આટલું કહેવા જ અત્રે દોડી આવેલા ક્રીમી બિસ્કિટ કંપનીના આ માલિકનું બયાન સૌને ગુરુની આજ્ઞામાં રહેલું દૈવત સમજાવી ગયું.

વિરોધી પર વહાલની વર્ષા

તા. ૧૬/૪ની સવારે નૈરોબીના અગ્રણી હરિભક્તો શ્રી અરવિંદભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પબારી વગેરે સાથે આફ્રિકાના આગામી કાર્યક્રમ માટે મીટિંગ યોજી બિરાજેલા સ્વામીશ્રીને આ હરિભક્તોએ જણાવ્યું: 'બાપા! આપનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે હરિભક્તો વ્રત-તપ વગેરે સાધના કરે છે.'

'એમની તપશ્ચર્યાથી જ બધું સારું રહે છે.'

'એ તો આપ કૃપા કરીને સ્વીકાર કરો છો. બાકી સ્વાસ્થ્ય સારું રાખવું કે ન રાખવું એ તો આપના જ હાથમાં છે.'

'અમારા હાથમાં કશું નથી. બધું ભગવાનના હાથમાં છે. કર્તા-હર્તા એ છે.'

'અમારા માટે તો કર્તા-હર્તા આપ જ છો.' આમ કહી ભક્તોએ જણાવ્યું: 'બાપા! એક પ્રૉમિસ (બાંયધરી) આપો.'

'એમનેમ જાણ્યા વગર અમે પ્રૉમિસ આપતા નથી.'

હસતાં હસતાં સ્વામીશ્રીએ કહેલી આ માર્મિક વાત સાંભળી ભક્તોએ વિનંતી કરી કે 'જેમ અત્યારે સંસ્થાનો શતાબ્દી મહોત્સવ ઊજવાય છે તેમ આપનો શતાબ્દી મહોત્સવ પણ આપની ઉપસ્થિતિમાં અમે ધામધૂમથી ઊજવીએ એવું કરો.'

'એ તો બધું મહારાજની ઇચ્છા હોય એમ થાય. અત્યારે જે ઊજવાય છે એ આપણો જ સમજી લો ને!'

'અત્યારે તો સંસ્થાની શતાબ્દી ઊજવાય છે, પછી આપની ઊજવવી છે.'

'સંસ્થા અને સત્પુરુષ ક્યાં જુદાં છે? જુદાં કેમ પાડો છો?' આમ કહી સ્વામીશ્રીએ ભાવનાઓના પ્રવાહને જ્ઞાનના ઘાટ તરફ વાળી દેતાં વાત વિરમી.

ત્યારબાદ દૈનિક ક્રમમાં પરોવાયેલા તેઓ પર આજની સાંજે ભાદરાથી ફોન આવ્યો. અહીં એક ધર્મસ્થાનનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયેલો. તે નિમિત્તે ગોઠવાયેલા સપ્ત-દિવસીય પારાયણમાં એ સંસ્થાના ધર્માચાર્ય પણ બહારગામથી આવવાના હતા. પરંતુ આ કથાસત્રનો માંડવો આપણી ગૌશાળાને અડીને બંધાયેલો હોવાથી જો આપણા ખેતરમાંથી રસ્તો કાઢી આપવામાં આવે તો આ સભાસ્થળે આવવા-જવામાં ઘણી સુગમતા રહે તેમ હતું. તે માટે ઉત્સવના આયોજકોએ વિનંતી કરેલી. પરંતુ આ કાર્યવાહી કરવા અંગે આપણા મંદિરના કેટલાક વ્યવસ્થાપકો દ્વિધામાં હતા, કારણ કે જે ધર્મગુરુ આવી રહેલા તેઓએ અને તેઓની આ સંસ્થાએ સ્વામીશ્રીની છબીને ખરડવામાં કશું બાકી રાખ્યું નહોતું.

તેથી જ્યારે વ્યવસ્થાપકો દ્વારા રસ્તો કાઢી આપવા બાબતે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ તો સહર્ષ જણાવ્યું કે 'આપણે એમને જે જોઈએ તે બધો જ સહકાર આપજો. ઉતારાની જરૂર હોય તો તે સહયોગ પણ આપજો.'

કોઈ ઉપકારી માટે શોભે એવી આ ભલામણ સ્વામીશ્રી ઉપદ્રવી માટે કરી રહ્યા. તેઓનો પ્રતિભાવ હંમેશાં *'જે શસ્ત્ર તો ચંદનકાષ્ઠ કાપે, તે શસ્ત્રને તોય સુગંધ આપે...'*ની રીતે જ આવતો.

કલિયુગ કે કુબેરાવતાર

તા. ૧૯/૪ની સવારે પ્રસિદ્ધ રામાનંદાચાર્ય પૂજ્ય શ્રી રામનરેશાચાર્ય પોતાને મળવા આવી રહ્યા છે તે વિગત જાણમાં આવતાં જ સ્વામીશ્રીના મુખેથી આ મહાત્માના સત્કાર સંબંધી ઝીણી ઝીણી વિગતો ફૂટવા માંડી. તેમાં બેસવાના આસનથી લઈ શાલ, સ્મૃતિભેટ, દક્ષિણા, પ્રસાદ, મંદિરમાં દર્શન વગેરેની સૂચનાઓનો સમાવેશ થતો હતો. તે જોઈ કો'કે સ્વામીશ્રીને કહ્યું:

'આપનું બાળપણ ભલે ગામડામાં વીત્યું, પણ દુનિયામાં જેને મેનર (સભ્ય વર્તણૂક) કહે છે તે બાબતમાં આપનો જોટો જડે એમ નથી!'

'જે કંઈ થયું છે એ બે ગુરુઓથી થયું છે ને થાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ગુરુ વિશેના આ કૃતજ્ઞભાવ સાથે તેઓએ શ્રી રામનરેશાચાર્યને આવકાર્યા. તે પછી શરૂ થયેલો ધર્મ-વિમર્શ પાંત્રીસેક મિનિટ સુધી ચાલ્યો. તેમાં એક તબક્કે આ ધર્મગુરુ આસપાસ બેઠેલા સંતોને ઉદ્દેશી કહેવા લાગ્યા: 'स्वामीजी तो युगपुरुष हैं। हमारे स्नेहीजन प्रमुखस्वामीजी के बारे में कहा करते हैं कि वे तो कलियुग के कुबेरावतार हैं। इस युग के सबसे बड़े संत हैं।'

આવા યુગાવતાર સમા સ્વામીશ્રી તા. ૨૦/૪ની સવારે મંદિર પર જવા માટે લિફ્ટ પાસે પધાર્યા ત્યારે અહીં ઊભેલા પરમપ્રેમદાસ સ્વામીના હાથમાં રહેલા પાટિયા પર લખાણ હતું: 'અમારું સર્વસ્વ આપ ને આપનું?...'

'મહારાજ, સ્વામી અને સંતો-ભક્તો.' સ્વામીશ્રી બોલ્યા.

તે મુજબ જ રહેતા તેઓએ આજની સવારે નિત્યપૂજા બાદ ધરમપુરીના કુટિરમંદિરની મૂર્તિઓમાં દૈવત પૂર્યું.

તે પછી તેઓ નિજનિવાસમાં પધાર્યા ત્યારે ભાવનગરથી પ્રકાશિત થતાં દૈનિકો – સૌરાષ્ટ્ર સમાચાર, સંદેશ વગેરેના નિવાસી તંત્રીઓ મળવા આવ્યા. તેમાંના એક શ્રી જયેશભાઈ ઔપચારિક વાર્તાલાપમાં બોલ્યા: 'ઘણી વાર મૌનને નબળાઈ ગણી લેવામાં આવે છે.'

'એવું બને, પણ જે સાચું હોય એ મોડે મોડે પણ સૌને સમજાતું હોય છે.' આ પ્રતિભાવ સાથે સ્વામીશ્રીએ વધુમાં કહ્યું: 'અંદરોઅંદરની વાતો હોય એમાં એક જણ અજ્ઞાનથી વિરોધ કરે ત્યારે સામેવાળાએ મૌન જ રહેવું જોઈએ. નહીં તો બહાર પણ કેવી છાપ પડે? કોઈએ અવળો રસ્તો ઝાલ્યો હોય એથી આપણે પણ એ રસ્તે ઓછું ચલાય છે?'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી શાણપણની સુગંધ ફોરી રહી. આ સમજદારીની સડકે તેઓ જીવનભર સરકતા રહેલા.

સંઘર્ષમુક્ત સાધુજીવન

આ અરસામાં સારંગપુરના સંતો-પાર્ષદો સ્વામીશ્રીની રસલહાણને પચાસેક દિવસથી આકંઠ માણી રહેલા. તેમાંય સ્વામીશ્રીના ભોજન દરમ્યાન થતી નિત નવી રજૂઆતો તો હાસ્યરસની હદ વળે તેવું વાતાવરણ જમાવી

દેતી. રસપ્રદ પ્રસ્તુતિઓના આ ક્રમ વચ્ચે સ્વામીશ્રીએ તા. ૨૧/૪ની સવારે મહેસાણાના તુલસી બંગલા વિસ્તારમાં તૈયાર થયેલા સંસ્કારધામની મૂર્તિઓમાં દૈવત સીંચ્યું.

તેને અનુસરતાં તા. ૨૩/૪ના રોજ સ્વામીશ્રીની વાળુવેળાએ ભાષાવિદોનો ગજગ્રાહ જામી ગયો. અંગ્રેજી અને ગુજરાતી ભાષાની તરફદારી કરી રહેલાં બે સંતવૃંદો વચ્ચેની આ શાબ્દિક રસાકસીમાં અંતે સ્વામીશ્રીની રુચિ અનુસાર વર્તવા બાબતે બંને પક્ષની સંમતિ સધાતાં એક નૂતન કાર્યક્રમે આકાર પકડ્યો.

તેમાં સ્વામીશ્રીને પુછાનારા પ્રશ્નોના ઉત્તરરૂપે ચાર વિકલ્પ રજૂ થવાના હતા. પરંતુ સ્વામીશ્રી જવાબ આપે તે પહેલાં તેઓના ઉત્તરનું અનુમાન લગાવી ભોજનખંડમાં બેઠેલા દર્શનાર્થીઓએ જવાબ આપવાનો હતો. તે ઉત્તર પણ મૌખિકરૂપે નહીં, પરંતુ અલગ-અલગ રંગનાં કાર્ડ ઊંચાં કરી સાંકેતિક રીતે જણાવવાનો હતો. આ ધારાધોરણ અનુસાર સરવા માંડેલા કાર્યક્રમમાં કેટલીક ગાંઠે બાંધી રાખવા જેવી વાતો સ્વામીશ્રીના મુખેથી સરી પડી.

જેમ કે, તેઓને જ્યારે પૂછવામાં આવ્યું કે 'સાધુ થયા બાદ આપને સૌથી વધુ તકલીફનો અનુભવ શેમાં થયો હતો? – (૧) પત્તરમાં જમવું, (૨) ધોતિયું પહેરવું, (૩) સમૂહજીવન, (૪) ઉપવાસ.'

ત્યારે સ્વામીશ્રીએ ઉપરોક્ત વિકલ્પ બહારની જ વિગત જણાવી કે 'એકેમાં કોઈ જાતની તકલીફ પડી જ નથી. પત્તરમાં જમવામાં પણ નહીં, ધોતિયું તો પહેલેથી પહેરતા જ હતા અને સમૂહજીવનમાં તો તકલીફ શેની હોય? 'સમૂહમાં છીએ ને શું થશે?' એવો વિચાર જ નહોતો આવ્યો ને ઉપવાસમાં પણ વાંધો નથી આવ્યો. બધું જ ગમતું હતું.'

સ્વામીશ્રીનું આવું સંઘર્ષમુક્ત સાધુજીવન જોઈ સંતોએ આગળ પૂછ્યું: 'આપને વારાની સેવા પસંદ કરવાની હોય તો આપ શું કરો? – (૧) સાફ-સફાઈ, (૨) વાસણ ઊટકવાં, (૩) રસોઈ, (૪) સંડાસ-બાથરૂમ સ્વચ્છ કરવાં.'

આ પૂછપરછના પ્રતિભાવરૂપે પણ સ્વામીશ્રીએ વિકલ્પથી અલગ વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજની જે આજ્ઞા થાય એ અમે પસંદ કરીએ.'

આ ઉત્તરમાં સ્વામીશ્રીનું ગુરુમુખી જીવન ઝળકી રહ્યું.

તેના ઉજાશમાં ત્રીજો પ્રશ્ન પુછાયો કે 'સંતો પ્રત્યે આપને કેવો ભાવ છે? – (૧) પુત્ર જેવો, (૨) જીવતુલ્ય, (૩) ભક્ત જેવો, (૪) શિષ્ય જેવો.'

અહીં પણ સૌની ધારણા બહારનો પ્રત્યુત્તર આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'બધા મુક્તો છે.'

સંતો-ભક્તોનો આવો મહિમા સમજતા સ્વામીશ્રીને વધુમાં પુછાયું કે 'સંતો કઈ ભાષા શીખે એમ આપની ઇચ્છા રહે છે ? – (૧) ગુજરાતી, (૨) અંગ્રેજી, (૩) અંગ્રેજી અને ગુજરાતી, (૪) અન્ય.'

આ પ્રશ્નનું સંતુલિત સમાધાન જણાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'જે દેશમાં હોય એ ભાષા બોલે તો સામેવાળાને આત્મીયતા થાય. જો કે બધી જ ભાષા શીખવાનું શક્ય નથી, પણ અંગ્રેજી, ગુજરાતી તથા હિંદી જાણવું જરૂરી છે.'

આ સાંભળી સંતોએ પૂછ્યું કે 'Who is your guru?' (આપના ગુરુ કોણ છે ?)

અંગ્રેજીમાં પુછાયેલા આ સવાલનો જવાબ અંગ્રેજીમાં જ આપવા વિનંતી થઈ ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'કઠણ પડશે. એના કરતાં સીધેસીધી જ વાત કરવા દો ને ! I don't know English. (હું અંગ્રેજી જાણતો નથી.)'

પોતાની આ માર્મિક અને નિખાલસ વાણીથી હાસ્યનો હિલોળ સર્જતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'My guru is Shastriji Maharaj and Yogiji Maharaj (મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ છે). બેય ગુરુ એક જ છે ને ! એમાં ક્યાં ફેર હતો ? શાસ્ત્રીજી મહારાજે દીક્ષા આપી અને આ સેવા આપી. યોગીજી મહારાજે મારું ઘડતર કર્યું. બંનેનો મોટો ફાળો છે. બંને મારા ગુરુ છે.'

તમે બધા ભેગા રહો તો અમે ભેગા જ છીએ

સતત ૫૩ દિવસ સુધી નેણે-વેણે અમૃતધારા વહાવી સ્વામીશ્રી તા. ૨૪/૪ના રોજ સારંગપુરથી વિદાય લેવા તત્પર થયા ત્યારે એકેએક સંત-ભક્તનું અંતર ગમગીની અનુભવી રહ્યું.

આ જ ભાવના ઘૂંટતાં સંતોએ આજની સવારે મંદિરમાં દર્શન કરી સભા-મંડપમાં પ્રવેશી રહેલા સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપ અખંડ ભેગા રહેજો.'

'તમે બધા ભેગા રહો તો અમે ભેગા જ છીએ.'

શબ્દોના આ વેધક શ્લેષ દ્વારા સંપનો સંદેશ સંભળાવી સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પરોવાયા.

તેના અંતે ઋણાભિવ્યક્તિ માટે ઊભા થયેલા પ્રવક્તાએ અનરાધાર

વરસવા બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો ત્યારે સ્વામીશ્રીએ રોજ સ્મૃતિ-મંદિરના પગથારે ઊભા રહી ઉત્સાહભેર જયનાદ ગજાવનારા હરિભક્તો શ્રી પુરુષોત્તમદાસ અને મનુભાઈ મોરડિયા તથા હનુમાનજી-ગણપતિજીનાં દેરે જયઘોષ કરનારા મંદબુદ્ધિ યુવાન શ્રી સુરેશનો પણ આભાર માનવા કહ્યું.

આ જ રીતે તેઓએ પૂજા બાદ ઉતારામાં પ્રવેશતી વખતે અહીં દરવાજે પહેરો ભરતા જાળીલાના શ્રી જાદવજીભાઈ વગેરે સાધારણ સ્થિતિના ભક્તોને પણ સામેથી બોલાવી આશીર્વાદ આપ્યા.

આમ, ઘેલા કે ભણેલા – સૌની કિંમત આંકતા સ્વામીશ્રી આજની સાંજે પાંચ વાગ્યે વિદાય થતાં જ સારંગપુરની સ્થિતિ વાદળના વિયોગે વિલખતા મોર જેવી બની રહી. પરંતુ આજની સાંજે સાત વાગ્યે સ્વામીશ્રી બોચાસણ પધારતાં અહીંનો માહોલ *'ગયા પ્રાણ આવે ફરી જેમ, હૈયે હરિજન હરખિયા તેમ...'*નો થઈ રહ્યો.

બોચાસણમાં અનંત કળશ મહા-અભિષેક

બોચાસણમાં સ્વામીશ્રીના આગમનનું એક પ્રયોજન એટલે અનંત કળશ મહા-અભિષેક. અહીંના મંદિરની મૂર્તિઓના નવસંસ્કરણ બાદ પુનઃ પ્રતિષ્ઠા નિમિત્તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર યોજાયેલા આ અભિષેકના પ્રથમ ચરણરૂપે તા. ૨૬/૪ની સવારે મહાયજ્ઞ યોજાયો. તેમાં સ્વામીશ્રીના વરદહસ્તે સયાજીપુરા અને આંબલિયારા ગામની મૂર્તિઓમાં પણ પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

તેને અનુસરતાં તા. ૨૭/૪ના રોજ આવેલા શતવાર્ષિક પાટોત્સવ પ્રસંગે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે ઠાકોરજી સમક્ષ કલાત્મક અન્નકૂટ ગોઠવાઈ ચૂકેલો. તે સાથે અક્ષર-પુરુષોત્તમ મહારાજને આરતીનું અર્ઘ્ય ધરી સ્વામીશ્રી મંદિરના સભામંડપમાં આવ્યા ત્યારે ત્યાં સહસ્ર કળશ અભિષેકવિધિમાં જોડાયેલા ૧,૦૦૦ યજમાનો બેઠેલા.

તેઓને દર્શનદાન દેતાં દેતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે વિદ્યાલયના પ્રાંગણમાં જવા ગાડી પાસે આવ્યા ત્યારે તેઓએ એક વ્યવસ્થાપક સંતને કહ્યું: 'આણંદવાળા જશભાઈ ઠેઠ સભામંડપના ખૂણે બેઠા છે. એમને આગળ લઈ લેજો. એમના પિતાશ્રીની ટાણાંની સેવા ખૂબ છે.'

આમ, હજારોની મેદનીમાં એક-એકને જોઈ વળતી તીક્ષ્ણ અને પ્રેમાળ નજર ધરાવતા હતા સ્વામીશ્રી. તેઓના સાંનિધ્યમાં આયોજિત

અનંત કળશ મહા-અભિષેક માટે તૈયાર કરાયેલા ૧,૦૦૦ કળશોનો સ્થાપન અને પૂજનવિધિ ભારતવર્ષની વૈદિક પરંપરાને પુષ્ટ કરનારો બની રહ્યો. આ અવસરે ન્યાસ, દેવતા, દ્રવ્ય, ઉદ્ધાર અને મંત્ર – આ પંચવિધાનથી પૂજાયેલા કળશોમાં પધરાવવા નીલમ, સુવર્ણ, હીરા, મોતી, ચાંદીથી માંડી સૂર્યકાંત મણિ, ચંદ્રકાંત મણિ, નીલ મણિ, પન્ના, પોખરાજ, પરવાળા, પંચ ધાતુ, કેસર, કસ્તૂરી, ચંદન, શાલપર્ણી જેવાં કંઈક દ્રવ્યો ભારતભરમાંથી મંગાવવામાં આવેલાં. તેની સાથે બિલિપત્ર, તુલસી, શમીપર્ણ જેવાં પાંદડાં તથા નાગરમોથ, શેરડી, કુમુદ, કમલિનીનાં મૂળ સહિત સેદરડી, અઘાડો, મુસ્તાકંદ, બ્રહ્મદંડી જેવી કૂંપળો અને ફણગાવેલાં દ્વિદળ પણ કળશોમાં મુકાયેલાં. ચરોતર ભૂમિનાં જે જે વાવ, કૂવા, તળાવ, સરોવર, નદી વગેરેમાં શ્રીજીમહારાજ નહાયેલા તેનાં પ્રાસાદિક જળ લઈને તે તે ગામોમાંથી નીકળેલી જળયાત્રાઓ અહીં સમયાંતરે આવતી રહેલી. તે પ્રસાદીભૂત તીર્થજળ અને એવી જ પ્રાસાદિક માટીને પણ કળશમાં સ્થાન મળેલું.

આવા ૧,૦૦૦ કળશો વડે થનારા અભિષેકનો પ્રારંભ કરાવવા સ્વામીશ્રી તા. ૨૭/૪ની સવારે અલ્પાહાર બાદ મંદિરના મધ્ય ખંડમાં મૂર્તિ સમક્ષ આવી ઊભા રહ્યા. અત્રે તેઓએ વિદ્વાન વિપ્રોના મંત્રોચ્ચાર વચ્ચે સંકલ્પવિધિ કરી અક્ષર-પુરુષોત્તમ મહારાજના શિરે જલધારા વહાવી. તે પછી કેસરજળ અને દ્રવ્યપૂરિત કળશો વડે પણ મૂર્તિઓને સ્નાન કરાવ્યું. આ જ રીતે અન્ય બે ખંડોની મૂર્તિઓનો અભિષેક કરી સ્વામીશ્રી ઘુમ્મટમાં પધાર્યા.

અત્રે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પૂજાયેલી બે ચલ મૂર્તિઓ કમલાસન પર બિરાજમાન હતી. તેની પર સૌ યજમાનો દ્વારા થનારો અભિષેક યાંત્રિક કરામત દ્વારા મંદિરના ગર્ભગૃહમાં બિરાજેલાં અર્ચાસ્વરૂપો પર જઈ વરસવાનો હતો. અહીં પણ અભિષેકનું અર્ઘ્ય ધરી સ્વામીશ્રી મંદિરની પ્રદક્ષિણામાં પહોંચ્યા ત્યારે અત્રે ગુરુશિખરોમાં યાંત્રિક ફુવારા વડે મૂર્તિઓ પર જલાભિષેક થઈ રહેલો. તેમાં યોગીજી મહારાજનાં દર્શન કરતાં જ સ્વામીશ્રીના મુખેથી ઉદ્‌ગાર સરી પડ્યા: 'યોગીજી મહારાજની તો પ્રકૃતિ જ એવી કે ઠંડી પસંદ ન પડે. આ જળ એમને ઠંડું લાગતું હશે!'

સ્વામીશ્રી મૂર્તિમાં પણ સાક્ષાત્‌પણાનો જ ભાવ રાખતા. તેઓની આ પરમ આસ્તિકતાની છત્રછાયામાં અનંત કળશ મહા-અભિષેક વિધિ ધામધૂમથી સંપન્ન થયો.

આવો ઉત્સવ ફરીથી આવશે નહીં

અભિષેક વિધિ બાદ સવારે દસ વાગ્યે શતવાર્ષિક પાટોત્સવની ઉત્સવ-સભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં બેઠેલા હજારો હરિભક્તોને લાભ આપવા જળભરેલા ત્રણ કળશ વડે હરિકૃષ્ણ મહારાજની ચલ મૂર્તિનો અભિષેક કર્યો. તે પછી મંચ પર આવેલા ઉત્સવના મુખ્ય યજમાનોને આશીર્વાદ આપી સભાસદોને અમૃતધારાથી ભીંજવતાં સ્વામીશ્રી બોલ્યા:

''આ ઉત્સવ કદાચ આપણી જાણકારીમાં, હયાતીમાં પહેલો ઊજવીએ છીએ એ પણ મોટો લાભ છે. આ ઉત્સવનાં દર્શન કરીએ તોય પુણ્ય મળે છે. આવો ઉત્સવ આપણા જીવનમાં ફરીથી આવશે નહીં, પણ આ દર્શન થયાં, જાણે-અજાણે તન-મન-ધનથી સેવા થઈ એ બધાને અક્ષરધામની પ્રાપ્તિ થાય. અહીં બોચાસણમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રથમ પધરાવ્યા. એને સો વરસ પૂરાં થાય છે એ નિમિત્તે પુનઃ પ્રતિષ્ઠા થઈ. ભગવાનમાં દૈવત ઓછું થયું હોય એટલે પ્રતિષ્ઠા કરીએ છીએ એવું નથી. આપણામાં દૈવત આવે એટલે આ રીતના દર વરસે પાટોત્સવ કરીએ છીએ. વળી, સંકલ્પ કર્યો છે કે હજારમા વર્ષનો પણ મહા-અભિષેક થશે. આપણે તો નહીં હોઈએ, પણ દિવ્ય દેહે દર્શન થશે.

અહીં સભામાં બેઠા હોય એને થાય કે આપણને દર્શન થયાં નહીં ને અભિષેક થયો નહીં. એટલા માટે આ હરિકૃષ્ણ મહારાજનો અભિષેક સભામાં આપણે કર્યો. આ સ્વરૂપ પર અભિષેક કર્યો તે મોટા મંદિરમાં અભિષેક થવાથી જે ફળ મળે એટલું મળી ગયું. એટલે કોઈએ મનમાં ક્ષોભ રાખવો નહીં કે અભિષેક ન થયો.

શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા ને જય-જયકાર થયો. જોગી મહારાજે એ જ દાખડો કર્યો તો જ્યાં જઈએ ત્યાં 'આજે મંદિરની પ્રતિષ્ઠા છે... આજે મંદિરનું ખાતમુહૂર્ત છે...' એમ ચાલે છે. મારે તો શરીરનું આઘું-પાછું થયું છે એટલે બહુ દોડાદોડ થતી નથી પણ મહંત સ્વામી ને ડૉક્ટર સ્વામી નવરા જ થતા નથી. જોગી મહારાજના સંકલ્પે લોકોમાં એવું તેજ ઊભું થયું છે. અક્ષરધામ આવે છે એ તો પડે છે હેઠા જ! જે ભગવાનમાં માને નહીં એ પણ ત્યાં અભિષેક કરે એ ગુલાંટ જ ખાધી કહેવાય ને! એમાંય સામાન્ય નહીં, પ્રેસિડેન્ટ હોય એવા બધા આવે છે એ જોગી મહારાજનો

સંકલ્પ હતો. એ વાત આપણને મળી એ આપણાં ભાગ્ય છે.''

યુવા તાલીમ કેન્દ્રનો મંગલ પ્રારંભ

તા. ૨૯/૪ની સવારે પંચમહાલ જિલ્લાના સાલાવાડા ગામની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે તેઓએ થાળમાં મૂકેલા સેવના બિરંજને ચપટી ભરી અંગીકાર કર્યો ત્યારે સંતોએ પૂછ્યું: 'સેવ કેવી લાગી?'

'હવે તો મિષ્ટાન્ન પર અરુચિ જેવું જ છે. પ્રસાદી તરીકે થોડી લઉં એ જુદી વાત, બાકી ખાવાનું મન જ ન થાય. એ જ રીતે શાકમાં પણ અરુચિ. ભગવાનની દયાથી શરીર ચાલે છે. ખીચડી સારામાં સારી!' સ્વામીશ્રી બોલ્યા.

આવા નિઃસ્વાદી તેઓ પાસે આજની સાંજે બે અમેરિકન વકીલો આવ્યા. અમેરિકાના નિર્માણાધીન અક્ષરધામની કાર્યવાહી સાથે સંલગ્ન આ અતિથિઓ સ્વામીશ્રીના કાર્યથી પરિચિત હોવાને નાતે બોલ્યા: 'અમેરિકામાં આપે અદ્‌ભુત સંસ્થા સ્થાપી છે. આપના સ્વયંસેવકો ખૂબ હોશિયાર છે. મનમાં એમ થાય છે કે અમારા બધા ક્લાયન્ટ (અસીલ) આવા હોય તો બહુ સારું.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'માણસને સારામાં સારા સંસ્કાર મળે, તે વ્યસનમુક્ત થાય અને સારો બને એ જ અમારો હેતુ છે.'

આમ, મંદિર-નિર્માણ દ્વારા માનવ-નિર્માણ કરતા તેઓએ તા. ૩૦/૪ની સવારે નળધરા-ડુંગરી ગામના મંદિરમાં બિરાજનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

તે નિમિત્તે ગુંજેલા માંગલિક મંત્રોના પડઘા હજી ડૂબ્યા નહોતા ત્યાં જ આજની બપોરે સવા બાર વાગ્યે યુવા તાલીમ કેન્દ્રનો મંગલદીપ પ્રગટી ગયો. સંસ્થાની શતાબ્દીના અવસરે સ્વામીશ્રીએ ઉઠાવેલા આ એક ક્રાંતદર્શી કદમ સાથે તાલ મિલાવતાં, ૭૭ યુવકોએ છ મહિનાનો ક્ષેત્રસંન્યાસ લઈ લીધેલો. તેઓ સમક્ષ સારંગપુર મુકામે પ્રતિ વર્ષ છ-છ મહિનાના એક સત્ર લેખે ધબકનારા યુવા તાલીમ કેન્દ્રની ભૂમિકા યજ્ઞપ્રિયદાસ સ્વામીએ બાંધી.

ત્યારબાદ આ તાલીમ કેન્દ્રનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં સ્વામીશ્રીએ સર્વે તાલીમાર્થીઓને જણાવ્યું: 'આપણે ખાવા-પીવા, મોજ-શોખ કે ફેસિલિટી (સુવિધા) માટે તાલીમ કેન્દ્રમાં જતા નથી. આપણે ત્યાં જઈએ છીએ તો ભવિષ્યમાં સંસ્થાની સેવા કરી શકીએ, અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન આપણને દૃઢ

થાય તે માટે જઈએ છીએ. ગૃહસ્થમાં રહીને જ આ કરવાનું છે, છતાં આ વાતો આપણા જીવમાં હોય તો સમર્પણ થઈ જાય. ભલે તમે નોકરી-ધંધો કરો, પણ તમારા જીવમાં જે વસ્તુ હશે એ તમે બીજાને દૃઢ કરાવશો. પાંચ ભેગા થશો ને મંડળની સ્થાપના કરશો. નોકરી-ધંધો કરતાં કરતાં પણ કલાક તો ટાઈમ મળે ને! એટલે આ ટ્રેનિંગ લેવાની છે એમાં આ વિચારથી કરવું. કાંઈ જોવાનું નહીં, ફરવાનું નહીં. એવી બધી ઝંખના હશે તો ઘર સાંભરશે, પણ અત્યારે ઘર-બાર, કુટુંબ-પરિવાર કંઈ નથી. સારંગપુર આપણું ઘર છે. બધામાં સંપ રહે એ જરૂરી છે. બધા તૈયાર એવા થાવ કે હજારોને તમારા થકી સત્સંગ થાય.'

આ આશીર્વાદ સાથે સ્વામીશ્રીએ પ્રગટાવેલી યુવા તાલીમ કેન્દ્રની ઝળહળ જ્યોતિ આજે પણ દિન-પ્રતિદિન વધુ ને વધુ ઊંચે ચઢતી રહી છે.

અંતે તેડવા આવશું અમે

તા. ૨/૫ની સવારે બોચાસણના આંગણે વૈશાખી પૂર્ણિમા તથા સેલવાસના શિખરબદ્ધ મંદિરના ખાતમુહૂર્તનો સંગમ સર્જાતાં મંદિરનું પ્રાંગણ ઊભરાઈ ગયું. તેની વચ્ચે ઠાકોરજીનાં દર્શન બાદ મંદિરના ચોકમાં યોજાયેલા સમારોહમાં પધારેલા સ્વામીશ્રીએ ખાતવિધિનો સંકલ્પ કરી જાતે જ પૂજાપાની થાળીમાંથી નાડાછડી લઈ ડૉક્ટર સ્વામીને આપતાં કહ્યું: 'લ્યો, આ મને બાંધો, એટલે પરદેશમાં શરીર સારું રહે.'

આ સ્નેહસંયુક્ત ઉદ્‌ગાર ઉચ્ચારતા તેઓ નિર્માણાધીન મંદિરના ગર્તમાં મુકાનારી પ્રત્યેક શિલા પર પુષ્પો પધરાવી આજની સાંજે અમદાવાદ પહોંચ્યા.

વિદેશયાત્રાએ જતાં પૂર્વે અત્રે ફક્ત દર્શન માટે જ આવેલા સ્વામીશ્રીએ ભરચક ભક્તભીડ જોઈ આશીર્વાદ વરસાવવાની કૃપા કરતાં કહ્યું:

''અમને હતું કે 'દર્શન કરીને નીકળી જઈશું', પણ આટલા બધા સંતો-હરિભક્તોને મૂકીને નીકળી કઈ રીતે જવાય? મારું મન પણ ડગી ગયું. સમય થોડો છે, પણ શ્રદ્ધા ને ભક્તિ આગળ બધું ગૌણ થઈ જાય. શતાબ્દી નિમિત્તે પરદેશ જવાનું છે. તમે બધા પણ માળા અને સંકલ્પ કરજો કે 'નિર્વિઘ્ને યાત્રા થાય અને સાજા-સમા પાછા આવીએ.' બધાને એમ છે કે 'ત્યાં જશે તો માંદા થશે', પણ એવો વિચાર જ ના કરશો. વહેલા વહેલા આવી જઈએ અને આમ બધાનાં દર્શન કરીએ એમ પ્રાર્થના કરજો.''

આ મધમીઠી અમૃતધારા વહાવી સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા તે સમયે અહીંના ભક્તગણની સાથે દૂર સુરેન્દ્રનગરમાં રહેતા શ્રી નારાયણભાઈ ચોટલિયાના પરિવારમાં પણ આનંદ છાઈ વળ્યો.

અલબત્ત, આ હરિભક્તના ઘેર પ્રસંગ તો બનેલો તેઓની પત્નીના અક્ષરવાસનો; પરંતુ અંતકાળે તેડવા આવવાના સ્વામીશ્રીના બિરુદને કારણે અહીં મૃત્યુ પણ મંગળ બની ગયેલું. થોડા દિવસ પહેલાં જ નારાયણભાઈએ બ્રેઇન ટ્યૂમરની તકલીફથી પીડાતાં પોતાનાં પત્નીની સ્થિતિ વર્ણવી સ્વામીશ્રીને કહેલું: 'બાપા! કાં તો ઘરવાળાંને સાજા કરો કાં તો ધામમાં લઈ જાવ.'

'પૂનમને દિવસે તેડી જઈશું.' સ્વામીશ્રીએ કૉલ દઈ દીધેલો.

તે મુજબ આજે ઊગેલી પૂર્ણિમાના પરોઢિયે આ હરિભક્તનું ઘર ચંદન અને ગુલાબની સુગંધથી મઘમઘી ઊઠ્યું. વળી, ઓરડો તેજથી લીંપાઈ ગયો. પોતે આપેલા વચન અનુસાર એક જીવાત્માને ધામમાં લઈ જવા આવેલા સ્વામીશ્રીની પધરામણીના આ પુરાવા હતા. તેના સાક્ષી હરિભક્તનાં પુત્ર, પુત્રી તથા પુત્રવધૂ વગેરે બની રહ્યાં. દીકરાને તો સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું પણ ખરું કે 'આજે તારી બાને ધામમાં લઈ જઈશું, પણ તું ઢીલો ન પડતો.'

આ બાંયધરીને અનુસરતાં તેઓએ પૂનમની બપોરે બે વાગ્યે એક જીવને અક્ષરમુક્તની પંક્તિમાં ભેળવી દીધો. આ દર્શન દૂર રાજકોટ રહેતા આ કુટુંબના સ્વજનને પણ થયાં. તે સાથે જ સ્વામીશ્રીનાં સ્નેહ અને સામર્થ્યનો વધુ એક દાખલો સત્સંગની તવારીખમાં નોંધાઈ ગયો.

દૈવી શક્તિથી પણ ઊંચા

સન ૨૦૦૭ના પ્રારંભકાળથી જ સત્સંગમાં જામી ગયેલી સંસ્થાકીય શતાબ્દીની આબોહવા સમાજને રંગીન અને સંગીન બનાવી રહેલી. તે ક્રમમાં આ વર્ષે યોજાયેલી ભક્તિયાત્રાઓ તો ગામની ગલીઓ તથા શહેરની શેરીઓને ભક્તિના નવરંગે રંગવા માંડી. ૨૦૪ નગરો તથા ઉપનગરોમાં ધબકતાં ૨,૫૯૧ સત્સંગ-કેન્દ્રો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૨,૫૭,૧૯૫થી વધુ હરિભક્તો જોડાયા. તેથી ભરચક બની રહેલી આ ભક્તિયાત્રાઓમાં ભજન-કીર્તનની રમઝટ સાથે, સામાજિક સમસ્યાઓ અંગે જાગૃતિ લાવવા બેટી બચાવો, વ્યસનમુક્તિ વગેરેની રથરચના પણ રહેતી.

તેની સાથે બાળ-કિશોર-યુવક મંડળની આકર્ષક પ્રસ્તુતિઓ, સુશોભિત

વાહનોમાં બિરાજિત મૂર્તિઓ, સામાજિક ચેતના પ્રગટાવતા સૂત્રોચ્ચાર, બી.એ.પી.એસ.નો પરિચય આપતી રજૂઆતો પણ સંસ્કૃતિ, સમાજ અને સત્સંગને પરિપુષ્ટ કરતી રહી. તેથી આ ભક્તિયાત્રાઓ નીરખવા ઠેર ઠેર ઠઠ જામતી જતી.

બપોરે ત્રણ વાગ્યે શ્રેષ્ઠી જનો દ્વારા પૂજનવિધિ બાદ આરંભાતી સરેરાશ ચારથી પાંચ કિ.મી. લાંબી આ નગરયાત્રા સમાપનના સમયે જાહેર-સભાના રૂપમાં ફેરવાઈ જતી. તેમાં પણ સંસ્થા-શતાબ્દીની સાથે સમાજ-સુધારણાનો સંદેશ પ્રસરાવતા કાર્યક્રમો રજૂ થતા.

ભક્તિયાત્રાનાં આ ચક્રોની સમાંતર આ વર્ષે સંસ્થાની બાળપ્રવૃત્તિએ વ્યસનમુક્તિનો રથ પણ પુરપાટ દોડાવ્યો. તેમાં સવાર થઈ – ૫,૧૦૦ બાળ-મંડળોમાંથી પસંદ કરાયેલાં ૨૩,૦૦૦ બાલ-બાલિકાની સેના. તેણે વ્યક્તિગત સંપર્ક, વ્યસનમુક્તિ રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યસનમુક્તિ પ્રદર્શન તથા જાહેર-સભાઓના પંચપાંખિયા હુમલા દ્વારા ૬,૩૦,૦૦૦ વ્યક્તિઓના જીવનમાંથી વ્યસનરૂપી દૈત્યને ખદેડી મૂક્યો. તેથી સમાજને વર્ષે-દા'ડે વેઠવાની થતી ૩,૪૪,૯૨,૫૦,૦૦૦ (ત્રણ અબજ, ચુમ્માલીસ કરોડ, બાણું લાખ, પચાસ હજાર) રૂપિયાની બરબાદી અટકી.

ક્યાંક ધુત્કાર, તો ક્યાંક આવકાર ઝીલીને પણ આ બાળકોએ મે મહિના દરમ્યાન ૨૧,૦૦,૦૦૦ લોકોને વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો. કોઈ પીઢ વડીલની જેમ વ્યસનોની નુકસાનીનું લેખું માંડતાં આ બાળકોએ ન્યાયાલય, સચિવાલય અને સુરક્ષાલય સુધ્ધાંને ન છોડ્યાં. તેઓ ઝૂંપડાધારીથી જાગીરદાર સુધી ઘૂમી વળ્યાં. બાળકોના માસૂમ ચહેરા, તેઓની સચોટ વાતો અને નિઃસ્વાર્થ હેતુની ત્રિવેણીમાં ઝબકોળાયેલા કેટલાકે તો મોતના માંડવા જેવા પોતાના પાન-તમાકુના ગલ્લાઓને પણ તાળાં માર્યાં!

આ વિરાટ અભિયાનની નોંધ દિલ્હીના રાજભવનથી માંડી કંઈક મંત્રી-મહાનુભાવોએ લીધી. રાષ્ટ્રપતિ શ્રી કલામે તો પ્રતિનિધિરૂપ બાળકોને રાષ્ટ્રપતિ ભવનમાં બોલાવી બિરદાવ્યાં કે 'આવાં નાનાં ભૂલકાંઓ ભૂલા પડેલા ઇન્સાનોને સાચો માર્ગ ચીંધે તે સ્વામીજીની મહાન સિદ્ધિ છે. આવાં બાળકો જ આપણા દેશનું ભવિષ્ય છે. તમે મહા પ્રમુખસ્વામીને કહેજો કે તેઓનું મન અને હૃદય જેવું પવિત્ર છે તેવું મારું થાય. તમારી પાસે તો દૈવી શક્તિથી પણ ઊંચી મહા પ્રમુખસ્વામીની શક્તિ છે.'

આમ, શતાબ્દીના અવસરે સૌને સંસ્થાની શક્તિ-ભક્તિનો નવતર અનુભવ મળ્યો.

તે તા. ૬/૫ની સવારે છારોડીના હીરામણી સંકુલમાં પણ ફરી વળ્યો. અહીં તૈયાર થયેલા વૃદ્ધાશ્રમનું ઉદ્‌ઘાટન કરનારા સ્વામીશ્રીએ આજની સાંજે ગાંધીનગર મુકામે અમદાવાદ-સ્થિત નોબલ નગરના સંસ્કારધામની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

શતાબ્દીની ઉદ્‌ઘોષ યાત્રાનો આરંભ

તા. ૭/૫ની સવારે સાડા દસ વાગ્યે અમદાવાદના ઍરપોર્ટ પરથી સ્વામીશ્રીએ આરંભેલી તેઓની ૨૭મી વિદેશયાત્રાનું નિમિત્ત સંસ્થાની શતાબ્દી બનેલી. છેલ્લાં સો વર્ષમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના પ્રેમસભર પુરુષાર્થથી આફ્રિકા, યુરોપ તથા અમેરિકામાં સત્સંગની હરિયાળી ફેલાયેલી. આ લીલો પલ્લવ સત્સંગ શતાબ્દીના સમયે તેના પોષક અને પ્રવર્તકને વધાવવા ઝંખતો હતો. તેથી દૂર-સુદૂર વસતા આ ભક્તોની ભાવદોરીથી ખેંચાયેલા સ્વામીશ્રી પોતાની વધતી વય અને નાદુરસ્ત સ્વાસ્થ્યને અવગણી આજે ધર્મપ્રવાસ ખેડવા તત્પર થયેલા. જીવનની ક્ષણેક્ષણ સંસ્થાના વિકાસ માટે હોમી દેનારા તેઓ શતાબ્દીના અવસરે વધુ એક આહુતિ આપી ઉપાસનાની અગ્નિશિખાઓને નવી ઊંચાઈએ લઈ જવા માંગતા હશે.

આ હેતુસર વિશ્વ ખૂંદવા નીકળેલા તેઓને લઈ આવેલું ચાર્ટર્ડ હવાઈ જહાજ નૈરોબીના સમય અનુસાર બપોરે ૨:૪૦ વાગ્યે ધરતીને સ્પર્શ્યું. તે સાથે જ જય... જય...ના ધ્વનિથી આફ્રિકાનું ઍરપોર્ટ ગાજી ઊઠ્યું. અહીંથી સ્વામીશ્રી ૩:૨૫ વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે અત્રે પણ તેઓ પર અનરાધાર સ્વાગતોર્મિઓ વહી રહી.

તે તા. ૮/૫ની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં પણ વરસી.

તેથી તરબતર સ્વામીશ્રી રાત્રે વાળુ બાદ પત્રલેખન કરી રહેલા ત્યારે રસોડા વિભાગના કાર્યકર્તાઓ આવી પહોંચ્યા. તેઓને સ્વામીશ્રીએ રસોઈ અંગે પૂછ્યું ત્યારે સૌએ કહ્યું: '૧,૮૦૦ની રસોઈ બનાવી હતી, પણ ૨,૨૦૦ જમ્યા. થોડુંક ખૂટવા જેવું લાગ્યું એટલે રસોઈ ફરીથી બનાવી દીધી.'

'વાહ! આ જ રીતે એડજસ્ટ કરતાં શીખી લેવું. કોઈ ભૂખ્યો પાછો જાય નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

હા, 'કોઈ ભૂખ્યો પાછો જાય નહીં' – આ તેઓનો સિદ્ધાંત હતો. તેથી તેઓ જે પોતાના આંગણે આવે તેની ભવોભવ અને ભોજન – બંનેની ભૂખ ભાંગતા.

કરે કિંકરની પેરે સેવા

તા. ૧૨/૫, વૈશાખ વદ ૧૦નો દિવસ ન કેવળ નૈરોબી, પરંતુ સમગ્ર સૃષ્ટિના સૌભાગ્યનો હતો. આ તિથિએ બરાબર સો વર્ષ પૂર્વે શિખરબદ્ધ મંદિરના મધ્ય ખંડમાં અક્ષર-પુરુષોત્તમને પધરાવી શાસ્ત્રીજી મહારાજે મોક્ષમાર્ગ ચોખ્ખો કરી આપેલો. બોચાસણમાં થયેલી આ પ્રતિષ્ઠાને આજે શતાબ્દી પૂર્ણ થતાં નૈરોબીના મંડળે તેની ઉજવણીમાં કોઈ કચાશ ન છોડી. તેઓએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં શાસ્ત્રીજી મહારાજને વધાવતાં કીર્તનો જોશભેર ગાઈ સંસ્થાના સ્થાપકને અંજલિ આપી, તો પ્રાતઃપૂજા બાદ ઠાકોરજી સમક્ષ ૧૦૦ વ્યંજનોનો અન્નકૂટ ધરી ભક્તિની સોડમ પ્રસરાવી. તેમાં પણ કુશળતા એવી કરી કે સ્વામીશ્રી અહીં આ અન્નકૂટની આરતી ઉતારે તે ક્ષણે જ બોચાસણમાં સંતો રાજભોગની આરતીનું અર્ઘ્ય આપે. આ સંયોજનથી બંને સ્થાને એકસાથે અક્ષર-પુરુષોત્તમના ડંકા ગાજી ઊઠ્યા.

આવી ઐતિહાસિક આરતી બાદ સ્વામીશ્રી મંદિરની સોપાનપંક્તિ પાસે પધાર્યા ત્યારે સમગ્ર પ્રાંગણ હાથમાં ફુગ્ગા સાથે બેઠેલા હરિભક્તોથી ઊભરાઈ ચૂકેલું. મંદિરનાં ત્રણ ઉત્તુંગ શિખરો પર અને કાંગરે કાંગરે પણ ફુગ્ગાઓના ગુચ્છ લહેરાઈ રહેલા. સૌના અંતરમાં ઊછળતા ઉત્સાહને અભિવ્યક્ત કરતા તે ગુબ્બારા અક્ષર-પુરુષોત્તમના સંદેશથી ગગનને ભરી દેવા થનગનતા હતા. તેઓનો આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ 'બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની જય'ના ત્રણ વખત બુલંદ જયઘોષ થતાં જ દોરી ખેંચી. તે સાથે ફુગ્ગાઓના ઝૂમખા આકાશને ચુંબવા દોડી ગયા. અવની પર પણ હજારો હરિભક્તોના હાથમાં બી.એ.પી.એસ.ની ધજાઓ ફરકી રહી. સ્વયં સ્વામીશ્રીએ પણ વિજયધ્વજ લહેરાવતાં અલૌકિક વાતાવરણ સર્જાઈ ગયું. તેથી અમેરિકા, ઇંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, મલાવી, બોટ્સ્વાના, ઝાંબિયા વગેરે દેશોમાંથી ઊમટેલા સેંકડો ભક્તો હર્ષપુલકિત થઈ ઊઠ્યા.

આમ, સંસ્થાની શતાબ્દીના દિવસને ગૌરવભેર વધાવી વીખરાયેલા સૌ તા. ૧૩/૫ની સવારે ભક્તિયાત્રા નિમિત્તે પુનઃ એકત્રિત થઈ ગયા. ચાર-ચારની

હરોળમાં ગોઠવાયેલા ૪,૫૦૦ ભક્તોની આ વિરાટ યાત્રાને સ્વામીશ્રીએ ઉતારાની બારી આગળ આવી દર્શન દીધાં અને સંસ્થાનો ધ્વજ ફરકાવી શુભારંભનો સંકેત આપ્યો. તે સાથે જ નૈરોબી નગર અક્ષર-પુરુષોત્તમની ધૂનથી ગુંજવા લાગ્યું. હેલિકૉપ્ટરમાંથી વરસતી પુષ્પવૃષ્ટિ દેવતાઓ દ્વારા થતી વધામણીનો આભાસ જન્માવતી રહી.

આ સમયે નિજનિવાસમાં રોકાયેલા સ્વામીશ્રીનાં દર્શને બૅન્ક ઑફ બરોડાના સ્થાનિક હોદ્દેદારો આવી પહોંચ્યા. તે પૈકીના એક શ્રી કાબરાએ સૌના મનમાં ઘોળાતા આશ્ચર્યનો ઉકેલ જાણવા સ્વામીશ્રીને પૂછ્યું: 'આપનામાં એવી કઈ શક્તિ છે કે આપના મુખમાંથી એક શબ્દ નીકળે ને બધા કુરબાન થઈ જાય છે?'

'કામ કરવાવાળા ભગવાન છે. એમની પ્રેરણા વગર કશું જ થઈ શકતું નથી. ગુરુની કૃપાથી બધું થાય છે. આ જ એનું રહસ્ય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનાં વાણી-વર્તણૂકમાં કર્તાભાવ નહીં, પણ કિંકરભાવ જ મુખ્ય રહેતો.

તેથી આશ્ચર્ય અનુભવતા પેલા અધિકારીએ વધુમાં પૂછ્યું: 'સ્વામીજી! જિંદગીમાં હવે આપ બીજું કયું વિશિષ્ટ કાર્ય કરવા માંગો છો?'

'ભગવાન જે પ્રેરણા કરે એ કાર્ય અમે કરીએ છીએ. જે કંઈ કાર્ય થાય છે એમાં ભગવાનનું જ આયોજન હોય છે.'

સ્વામીશ્રીનો સેવકભાવ વધુ એક વાર ઊછળી આવ્યો.

નિજજન સુખદેણ દેહ ધાર્યો

તા. ૧૪/૫ના રોજ આવેલી યોગી જયંતીએ સ્વામીશ્રી બે પાર્ષદોને ભગવાં ઓઢાડી તા. ૧૬/૫ની સવારે કંપાલા આવી પહોંચ્યા. તેઓની શારીરિક પરિસ્થિતિ જોતાં તો તબીબો તેઓને અહીં લાવવાની તરફેણમાં જ નહોતા. છતાં ભક્તોને રાજી કરવા જ સ્વામીશ્રી અત્રે પધારી ચૂક્યા.

જો કે આફ્રિકાનો આ સમગ્ર પ્રવાસ સ્વામીશ્રીની કરુણાના સાક્ષી સમાન હતો. આ પ્રવાસની પ્રથમ સભામાં જ તેઓ બોલેલા:

''શતાબ્દી નિમિત્તે પરદેશ જવાનું નક્કી થયું ને પ્રોગ્રામ ગોઠવ્યો'તો, પણ મુંબઈ ગયા ને તબિયતનું ચેકિંગ થયું તેમાં મુખ્ય ડૉક્ટરનો અભિપ્રાય પડ્યો કે 'આ સ્થિતિમાં જવાય નહીં. હવે તો આરામ કરવો પડશે.' પછી અમે સારંગપુર ગયા. ત્યાં આરામની અંદર પણ તબિયતને જરા એવું રહ્યા જ કરે.

એવું બધું પંદર-વીસ દિવસ ચાલ્યું. અહીંથી સંદેશો આવે કે 'અમારું શું થયું?' હું ચોખ્ખો જવાબ આપી ન શકું. એટલે ડૉક્ટરને કહ્યું: 'તમે તપાસ કરાવો. જો અનુકૂળ થાય તો જઈએ.' હું દરરોજ ડૉક્ટરોને પૂછું કે 'કેમ છે? શું છે?' તમને બધાને તો ધીરજ ના રહે, પણ મારે પણ ધીરજ ના રહે. એમ કરતાં કરતાં ભગવાનની દયાથી મેળ બેસી ગયો. આપ બધાનો ભાવ ને પ્રેમ હતો તો આવવાનું થયું. દેશમાં પણ બધે ઉપવાસ, પદયાત્રાઓ, ધૂન ચાલે. બધાને એટલો બધો ભાવ ને આત્મબુદ્ધિ છે કે તબિયત સારી રહે. હવે આવ્યા છીએ તો બધે ઉત્સવ સારા થશે ને બધાને લાભ સારો મળશે."

આમ, તબીબો અને તબિયતની મનાઈ હોવા છતાં લાડ લડાવવા પધારેલા સ્વામીશ્રીને વધાવતાં કોનું હૈયું હાથ રહે?

તેથી આજે હરિભક્તોની સાથે કવોયા મોસેસ અને તેના આફ્રિકન સાથીદારો પણ ખુશ ખુશ હતા. કંપાલામાં સ્વામીશ્રીનું સ્વાગત કરવા કાયમ હાજર રહેતા આ સ્થૂળકાય સ્થાનિક રહેવાસીએ પરંપરાગત નૃત્ય દ્વારા મંદિરના આંગણે પધારેલા સ્વામીશ્રીને સત્કાર્યા. સ્વામીશ્રીએ પણ તેના ગાગર-શા ઉદર પર થાપ દઈ પ્રતિસાદ આપ્યો અને તેના બોન્ગો નગારા પર પણ હાથ અજમાવ્યો. કાષ્ઠનિર્મિત ઘૂઘરાનેય તાલબદ્ધ વગાડી સૌનાં અંતર બ્રહ્મનાદથી ભરી દીધાં. તેઓની આ ભાવસભર ચેષ્ટાઓ સમજાવી ગઈ કે ગુણાતીત પ્રીત રંગભેદથી પર છે.

આ પ્રીતનો રંગ સૌને લગાડી સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ શ્રી પ્રદીપભાઈ કારિયાને ઘેર રખાયેલા ઉતારે જવા નીકળ્યા. આ મુસાફરીમાં થોડી વારે બુગોલોબી વિસ્તારમાં પ્રવેશેલી તેઓની ગાડીએ એક જગ્યાએ વળાંક લેતાં જ સ્વામીશ્રીએ ગાડીચાલક શ્રી પ્રદીપભાઈને પૂછ્યું: 'ગયા વખત કરતાં (એટલે કે સન ૨૦૦૪માં આવ્યા તે કરતાં) આ વખતે જુદો રસ્તો લીધો, કેમ?'

'હા, બાપા! આપની વાત સાચી છે. ગયા વખતે જે રસ્તે જતા હતા ત્યાં અત્યારે ખાડા બહુ છે, એટલે આ વખતે જુદો રસ્તો લીધો.' ચાલકે કહ્યું.

આ સાંભળી સૌ સહયાત્રીઓ દેશ-વિદેશના માર્ગો ઓળખવાની અને તેને યાદ રાખવાની સ્વામીશ્રીની શક્તિમાં ખોવાઈ ગયા.

ભગવાનનું ભજન પહેલું

તા. ૧૭/૫ની સવારે અલ્પાહાર બાદ ૭૫ મુલાકાતીઓને સંતોષ

આપનારા સ્વામીશ્રી પાસે આવી ચડેલા એક મુમુક્ષુએ પૂછ્યું: 'ધર્મ પહેલો કે કર્મ?'

'ભગવાનનું ભજન પહેલું. ભજન કરશો તો બધું સૂઝશે.'

પોતાના આ અનુભવગમ્ય ઉત્તરની બુદ્ધિગમ્ય સમજૂતી આપતા હોય તેમ આજની સાયંસભામાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

''વિજ્ઞાને માણસને ચંદ્ર પર મોકલ્યો એ આપણે અહીં બેઠા છીએ એમાંથી કોઈએ જોયું ખરું? નથી જોયું તો પણ શ્રદ્ધા શાથી બેઠી? વૈજ્ઞાનિકે કહ્યું ને આપણે માની લીધું! એમ ઋષિમુનિઓ વિજ્ઞાનીઓના પણ વિજ્ઞાની હતા. એમણે સંશોધન કરી અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન આપ્યું છે. અત્યારે ઘણા વૈજ્ઞાનિકો પણ કહે છે કે 'ભગવાન છે.' પણ વિશ્વાસ નથી બેસતો, કારણ કે આ લોકની મહત્તા સમજાઈ છે. પણ આ જગત જોઈએ છીએ તો સમજાય છે કે કોઈ કર્તા છે અને એ પરમાત્મા છે.

પાણીના ટીપામાંથી માણસનો આકાર બની જાય. હાથ, પગ, નાકનું ઘડતર માતાના ઉદરમાં કોણે કર્યું? ઝાડ, પાન, પર્વત, ગુફાઓ, ઝરણાં, રંગીન ફૂલો, ફળો એવી જાતજાતની કેટલી રચના છે! ઑટોમેટિક કશું થતું નથી. પરમાત્મા થકી જ બધું થાય છે. આકાશમાં વીજળી થાય છે, સમુદ્રનું પાણી વાદળાં થઈને ફરી પાછું આપણને આપે છે. આ બધું અજાયબી છે, જો સમજાય તો! કોળિયો મોંમાં મૂકીએ ને પચી જાય છે એ પણ ભગવાનની દયા છે. તમે ભગવાનનો ઉપકાર માનો કે ઊંઘમાંથી આપણને ઉઠાડ્યા.

આવા ઘણા ઉપકારો માનીને એમનું ભજન કરવું એ આપણી ફરજ છે, તો મંદિરે જવું, સત્સંગ કરવો. ઘરમાં પણ મંદિર રાખો. નાહી-ધોઈ પાંચ માળા કરી ભગવાનના આદેશ પ્રમાણે કામ કરો તો ભગવાન રક્ષા કરશે ને સુખિયા થવાશે.''

કથારસ પહેલો

તા. ૧૭/૫ની સાંજે સ્વામીશ્રીનાં દર્શને આવેલા યુગાન્ડાના ગૃહમંત્રી ડૉ. રુગુન્ડાને અનુસરતાં તા. ૧૮/૫ની રાત્રે સ્વામીશ્રીના નિવાસની સલામતી માટે નિયુક્ત થયેલા આફ્રિકન સુરક્ષા અધિકારી શ્રી બરુસા દોડી આવ્યા. તેઓએ વાર્તાલાપમાં સ્વામીશ્રીને કહ્યું: 'સન ૨૦૦૪માં આપ અહીં પધાર્યા ત્યારે મને આદેશ આપ્યો હતો કે 'દારૂ-માંસ મૂકી દેવાં.' ત્યારથી આજ સુધી

હું એને અડ્યો નથી.'

આમ, સૌને પળમાં પવિત્ર કરતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૯/૫ના રોજ કંપાલાના મંદિરની નૂતન મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા. વાઘા ધારણ કરાવી શકાય એવી આ નાજુક મૂર્તિઓની ભેટ આપી વિદાય થતાં પૂર્વે સ્વામીશ્રીએ સ્થાનિક અગ્રણી સત્સંગીઓ શ્રી ભીખુભાઈ પટેલ વગેરેને આશીર્વાદ પાઠવ્યા અને તેઓએ તા. ૨૦/૫ની સવારે દારેસલામને પાવન કર્યું.

અત્રે મંદિરમાં દર્શન બાદ તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે 'પ્રકાશ' સામયિકનું વાંચન શરૂ થયું. તે જ વખતે વડીલ હરિભક્તોએ વિનંતીનો સૂર છેડ્યો કે 'બાપા! આજે અહીંનો પહેલો દિવસ છે, તો મિષ્ટાન્ન જમો.'

'આ કથારસ પહેલો, પછી પેલો રસ તો છે જ ને!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ભોજન કરતાં ભજન વિશેષ પસંદ.

ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે ઐતિહાસિક મુલાકાત

તા. ૨૧/૫ની સાંજે સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતનો લાભ લેવા ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ શ્રી જકાયા કિકવેટે મંદિરે આવી પહોંચ્યા. સ્થાનિક આગેવાન સત્સંગી શ્રી સુભાષભાઈ પટેલના પ્રયત્નથી શક્ય બનેલું આ ઉષ્માસભર મિલન વીસ મિનિટ સુધી ચાલ્યું. તે દરમ્યાન શ્રી કિકવેટેએ સ્વામીશ્રીનું શાબ્દિક સ્વાગત કરતાં રાષ્ટ્રની સુખાકારીના આશીર્વાદ માંગ્યા. સ્વામીશ્રીએ પણ 'ટાન્ઝાનિયા દેશ ખૂબ આગળ આવશે. આપના દ્વારા ભગવાન કાર્ય કરાવશે'ના આશિષ આપ્યા. તેની સાથે તેઓએ પોતાના કંઠમાં પહેરેલી માળા પણ રાષ્ટ્રપ્રમુખને ભેટ ધરતાં નિત્ય પ્રાર્થનાની પ્રેરણા આપી.

આ કૃપાથી કૃતાર્થ થયેલા શ્રી કિકવેટે આભાર માની વિદાય થયા ત્યારે તેઓ સ્વામીશ્રીની સાધુતાની સૌરભથી તરબતર હતા. તેઓની આ ગતિવિધિએ સ્થાનિક રહીશોમાં ઘણું આશ્ચર્ય જગાવ્યું. હિંદુ પ્રજામાં તો સ્વામીશ્રી વિષે અતિ અહોભાવની લાગણી ફેલાઈ ગઈ.

એ જ રીતે તા. ૨૩/૫ની સવારે આપણા મંદિરમાં થનારી નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તે લક્ષ્મીનારાયણ મંદિરના આંગણે વિશ્વશાંતિ મહાયાગની ધૂમ્રસેરો પ્રસરી રહી. તેની વચ્ચે મૂર્તિપૂજન અને આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી ઉતારે પરત પધાર્યા ત્યાં જ આજની સાંજે નગરયાત્રાનો સાદ પડ્યો.

કીસુટ્ટુ સ્ટ્રીટથી પ્રારંભ પામેલી આ શોભાયાત્રા અલી હસન, મ્વિની રોડ, ઈન્ડિયા સ્ટ્રીટ, ઝનાકી સ્ટ્રીટ જેવા ભરચક વિસ્તારોમાં ઘૂમી રહેલી ત્યારે હંસ રથ, ગજ રથ, મયૂર રથમાં વિરાજિત મૂર્તિઓની સાથે આફ્રિકન પોલીસ બૅન્ડે પણ આકર્ષણ જમાવ્યું. તેમાં સંસ્થાની શતાબ્દીના અવસરે સ્થાનિક પોલીસોનાં વાદ્યો દ્વારા ગુંજી રહેલી 'સ્વામિનારાયણ'ની ધૂન તો આ નગરયાત્રાની ઐતિહાસિકતા હતી જ, પરંતુ પોલીસ બૅન્ડના આશરે દોઢેક લાખ શિલિંગનું મહેનતાણું ચૂકવવાનું સૌજન્ય ૩૦,૦૦૦ પોલીસોના વડા એવા ટાન્ઝાનિયાના આઈ.જી.પી. શ્રી સાઈદી મુએમાએ દાખવેલું! આ વિગત પણ સૌને વિસ્મિત કરનારી બની રહી.

અંધને આંખ્યો જડે

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે દારેસલામમાં નીકળેલી શોભાયાત્રાએ સર્જેલો હરખનો માહોલ તા. ૨૪/૫ના રોજ તો વિશેષ જામ્યો, કારણ કે આજે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજની સાથે રાધા-કૃષ્ણ ભગવાન અને ગુરુપરંપરાની પણ આરસની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ.

આ અવસરે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આજે મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ બહુ સારી રીતે થયો અને આ ત્રીજી વખત ભગવાન બેઠા. એક, બે ને ત્રણ. હરાજી પૂરી. ભવ્ય સિંહાસન છે ને મૂર્તિ પણ એટલી સુંદર છે કે દર્શન કર્યાં જ કરીએ. આટલું જો અંતકાળે ધ્યાનમાં આવી જાય તો પણ અક્ષરધામમાં જવાય. માટે નાનાં-મોટાં, બાઈ-ભાઈ બધાંએ દરરોજ દર્શન કરવાં, પ્રાર્થના કરવી ને રવિવારની સભામાં આવવું. જેટલા આવશે, લાભ લેશે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે.'

આ આશીર્વાદ વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી પાસે આજની રાત્રે સ્થાનિક મેમણ સમાજના ચૅરમેન શ્રી રહેમતુલ્લા આવી પહોંચ્યા. તેઓએ ગદ્‌ગદ કંઠે કૃતજ્ઞતા વ્યક્ત કરી કે 'સન ૨૦૦૪માં આપ અહીં પધાર્યા એ વખતે હું જોઈ શકતો નહોતો. હું આપની પાસે દુઆ લેવા આવેલો. આપે આંખે હાથ ફેરવ્યો અને પ્રાસાદિક જળ ચોપડવાનું કહ્યું ત્યારથી આપની દયા મારા પર થઈ ગઈ. આજે હું બધું જ જોઈ શકું છું અને આપનાં દર્શન કરવા તેમ જ આશીર્વાદ લેવા ખાસ આવ્યો છું.'

સ્વામીશ્રીના આ પ્રૌઢ પ્રતાપને વાગોળતાં જ સૌએ તા. ૨૫/૫ની સવારે

આપણા મંદિરના હૉલમાં ઠાકોરજીની ૫૧ તુલસીતુલાનો લાભ લીધો. તેને અનુસરતાં આજની સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં યોજાયેલી વિદાય-સભામાં સ્વામીશ્રીએ કહ્યું: 'દરેક કાર્યમાં એના મય બનીએ તો એ વસ્તુ સાકાર બને છે. અહીં નગરયાત્રા, મૂર્તિપ્રતિષ્ઠા, સભા વગેરેનું રાત-દિવસ આયોજન કર્યું ત્યારે મૂર્તિમાન થયું. એમ આપણે જ્યારે ભગવાનને પામવું છે તો એના આયોજનનો પણ વિચાર કરતા રહેવું. વહેવાર-સંસાર હોય પણ દરરોજ એક કલાક આનું મનન-ચિંતવન કરતા રહો તો આ સુખ પણ આવી જાય.'

સૌને આ આધ્યાત્મિક આયોજનની દિશા ચીંધી સ્વામીશ્રી તા. ૨૭/૫ની સવારે દારેસલામથી મોમ્બાસા આવી પહોંચ્યા.

એક ઈશ્વરમાં સ્થિર ઠરે

મોમ્બાસામાં સ્વામીશ્રી મંદિરે દર્શન બાદ ન્યાલી વિસ્તારના લીંક રોડ પર ઊભેલી ચાર મજલાની એક ઈમારતમાં પધાર્યા. સમુદ્રના સમીપવર્તી આ મકાનમાં જ તેઓના નિવાસ અને રોજિંદા કાર્યક્રમોની વ્યવસ્થા ગોઠવાયેલી. તેથી સાગર-સંગીતને સત્સંગની સંગત સાંપડતાં સૌનાં અંતરમાં આનંદની લહેરો ઊઠવા માંડી, પરંતુ સ્વામીશ્રી તો *'મન ચંચળતા નવ ધરે, એક ઈશ્વરમાં સ્થિર ઠરે...'*ની રીતે રહેનારા. તેથી તેઓ આ દરિયાકાંઠે પણ સમુદ્ર-શા અચલપ્રતિષ્ઠ જ જણાતા હતા.

ચોથા માળે આવેલા તેઓના નિવાસકક્ષની રચના એવી હતી કે અનાયાસે દરિયો આંખે ચઢે, પણ તે સામે સહેતુક મીટ માંડીને સ્વામીશ્રી ઊભા હોય એવું દૃશ્ય કોઈની નજરે ન ચડે. ક્યારેક કો'ક આગ્રહ કરે તો તેને રાજી રાખવા તેઓ દરિયો જુએ. જો કે તે વખતેય તેઓનું મન તો ભગવાનમાં રમમાણ છે એ ત્યારે ખબર પડે કે જ્યારે તેઓના મુખમાંથી શબ્દો સરે: 'જુઓ તો ખરા, ભગવાનની કેવી રચના છે!' ક્યારેક દરિયાદેવના ગુણ ગાતાં સ્વામીશ્રી કહે: 'દરિયો ભગવાનની આજ્ઞા કેવી પાળે છે! પાળ નથી તોય મર્યાદામાં રહે છે!'

પ્રકૃતિમાં પણ પરમાત્માને જ નિહાળવાની તેઓની પ્રકૃતિ!

તેથી જ તા. ૨૯/૫ની રાત્રે ભોજન બાદ ઊભા થયેલા સ્વામીશ્રીને શ્રી કિરણભાઈ પટેલે કહ્યું: 'બાપા! અત્યારે જુઓ, ચંદ્રનાં કિરણો દરિયા પર પડી રહ્યાં છે, બાલ્કનીમાં સુંદર હવા આવી રહી છે, સામે દરિયો લહેરાઈ

રહ્યો છે. આપે આવા વાતાવરણમાં આરામ જ કરવો જોઈએ. જ્યારે ઊઠવું હોય ત્યારે ઊઠવાનું, જ્યારે જમવું હોય ત્યારે જમવાનું. અમે હોલીડે(રજાના દિવસો)માં ફરવા જઈએ ત્યારે આ જ રીતે રિલેક્સ (હળવા) થતા હોઈએ છીએ. આપે પણ એવું જ કરવું જોઈએ.'

'અમારે તો અત્યારે જે ક્રમ ચાલે છે એ બરાબર છે. અમે તો કાયમ હોલીડેમાં જ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાના કામમાં જ આરામ સમજતા તેઓ સદાય holiday (પ્રભુમય દિવસ) માણતા. તેથી તેઓને જિંદગીભર હળવાશ કે મનોરંજનની જરૂર જ નહોતી પડી.

અક્ષરધામ એ ભગવાનનું જ કામ છે

મોમ્બાસામાં સ્વામીશ્રીના આગમન સાથે આવી પહોંચેલો વરસાદ વ્યવસ્થાને વેરણ કરી રહેલો. તેથી મૂંઝાયેલા ભક્તોએ તા. ૨૯/૫ના રોજ સ્વામીશ્રીને વિનંતી કરી: 'બાપા! ઇન્દ્રને કહો કે 'હવે ન આવે.' આજે દર્શન કરી ગયા તે બહુ થયું!'

'એ કહે છે કે 'હું ભક્ત છું.' એટલે મારે પણ કથા સાંભળવા આવવું પડે ને!'

'પણ એ હવે આવી ગયા.'

'તમે આવી ગયા પછી 'ના' પડાય છે? એમ એમને પણ 'ના' કઈ રીતે પડાય?' સ્વામીશ્રીએ ગમ્મતનો દોર સરકાવ્યો.

તેથી તા. ૩૦/૫ના રોજ પણ વરસાદને રોકવાની વિનંતીનો ક્રમ વરસાદની જેમ જ ચાલુ રહ્યો, પરંતુ સ્વામીશ્રીએ તેને સિફતપૂર્વક અક્ષરધામની વાત તરફ વાળી લેતાં આ સંકુલની વિશેષતાઓમાં સૌ વહેવા માંડ્યા. અલબત્ત, તેમાં સૌના મુખે વારંવાર 'બાપાનો પ્રવેશ'નો મુદ્દો જ ઊછળતો રહ્યો.

તેથી થોડી વારે સ્વામીશ્રી બોલ્યા: 'પ્રવેશ તો મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો! અક્ષરધામ થયું એ કોઈ માણસનું કામ જ નથી. ભગવાનનું જ કામ છે. કલ્પના પણ ન થાય; પરંતુ યોગીજી મહારાજનો સંકલ્પ હતો તો દેવતાઓ આવીને કરી ગયા. દિલ્હીના અક્ષરધામની તો બધી વાતો ચમત્કારની જ છે.'

સદા જે છે નીરોગી સ્વતંત્ર

તા. ૩૦/૫ની સાયંસભામાં ૨જૂ થયેલા દસ મૂર્ખાના સંવાદને વળગી રહી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''જ્યાં સુધી સત્સંગ મળ્યો નથી, ભગવાનના માર્ગે ચાલ્યા નથી ત્યાં સુધી મૂર્ખા છીએ. પોતે પોતાને જોતો નથી એ મૂર્ખો છે. એટલું જ જાણવા-સમજવાનું છે કે 'હું કોણ છું?' એના માટે સમાગમ કરવો. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો.' છે તમારી પાસે કરોડ કામ? જોગી મહારાજ સારી ભાષામાં પચીસ હજાર રૂપિયાનો નફો મૂકવાનું કહેતા. તમારે કરોડ રૂપિયાનો નફો મૂકવાની ક્યાં વાત છે? એક કલાક ટાઈમ આપો તો વાંચન-ભજન બધું થઈ જાય. ભગવાને ટાઈમ આપ્યો છે તો એનો ઉપયોગ કરી લો ને!

જીવમાં સત્સંગ દૃઢ થયો હોય તો એના વગર રહેવાય નહીં. અમદાવાદના (જયેશભાઈ) ધોળકિયા સાહેબ રિલાયન્સમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. પણ અમે ભારતમાં જ્યાં હોઈએ ત્યાં રવિવારે આવી જાય. આ વખતે રવિસભા કરવા નૈરોબી આવેલા. એને નક્કી છે કે 'જવું છે', તો સમય મળે છે ને પેલું કામ પણ સારું થાય છે. ભગવાન માટે કરે તો ભગવાન આપણા માટે ન કરે? આપણું કામ સાચવી લે. માટે સત્સંગ એવો કરી લેવો જેથી કરીને આપણા અંતરમાં સુખ રહે.''

આ આશીર્વાદ વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં દૈનિક ક્રમથી પરવારી આરામ માટે પલંગ પર પોઢ્યા ત્યારે રોજિંદી રસમ મુજબ તેઓનું બ્લડ પ્રેશર માપવામાં આવ્યું, પરંતુ તેનો આંક ૭૦/૪૦ આવતાં તબીબો ચોંકી ઊઠ્યા. જો કે આટલા નીચા રક્તદાબના લક્ષણરૂપે જોવા મળતી ઊબકા, ચક્કર કે આંખે અંધારા આવવા જેવી કોઈ જ પ્રતિક્રિયા સ્વામીશ્રીમાં અનુભવાતી નહોતી. એટલું જ નહીં, આવી નાજુક પરિસ્થિતિમાં પણ તેઓએ ભોજન બાદ અડધો કલાક મુલાકાતો આપેલી અને કલાક સુધી પત્રવ્યવહાર ચલાવેલો!

તેઓની આ લીલા સૌને *'સદા જે છે નીરોગી સ્વતંત્ર, ભાસે રોગને વશ પરતંત્ર...'*નું દર્શન કરાવી ગઈ.

આવી યોગકળાના ધારક સ્વામીશ્રીને સૌએ તા. ૩૧/૫ના રોજ સ્પીડ બોટ અને ગ્લાસ બોટમાં બેસાડી જળવિહાર કરાવ્યો. અલબત્ત, આ

નૌકાઓમાં દોઢેક કલાક સુધી વિહરી સ્વામીશ્રીએ તો ભક્તિના તરંગો જ ચોફેર ફેલાવી દીધા, કારણ કે દરિયામાં સળવળતી અજાયબ જલસૃષ્ટિ જોઈ શકાય એવું કાચનું તળિયું ધરાવતી આ ગ્લાસ બોટમાંથી પણ તેઓએ નીચે જોવાનું વિસારી કીર્તનો ગવડાવ્યાં અને ભજનની મોજ માણી. વચ્ચે એક વાર નાવિક નિદર્શનરૂપે સ્ટાર ફિશ ઝાલી લાવ્યો ત્યારે તે પર ક્ષણભર દૃષ્ટિ કરી સ્વામીશ્રી પુનઃ ભક્તિમાં નિમગ્ન થઈ ગયા.

સહન કર્યું છે એનું વધ્યું છે

તા. ૫/૬નો દિવસ તારીખ અનુસાર બોચાસણના મંદિરમાં થયેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠાનો હતો. એ ઐતિહાસિક અવસરને આજે સો વર્ષ પૂર્ણ થતાં હોવાથી સૌનાં અંતર સ્વામીશ્રીના ઉતારાની સામે જ ઊછળતા દરિયાની જેમ હુલસી રહેલા. આજના દા'ડે વાતોનો વિષય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રી ન બને તો જ નવાઈ!

એક પોપડુંય ન ખરે એ રીતે સો વર્ષ સુધી અડીખમ ઊભી રહેનારી ઇમારતની વાત નીકળે ત્યારે તેનો પાયો નાંખનાર અને ચણતરકામ કરનારને કોઈ કેવી રીતે વીસરી શકે?

વાતાવરણની વિષમતાઓ વચ્ચે સો વર્ષ સુધી લીલુંછમ રહીને વિકસનારા વૃક્ષનો મુદ્દો ચર્ચાય ત્યારે તેની વાવણી અને જાળવણી કરનારાની વાત કરતાં કોની જીભ સુકાય?

અનેક વાવાઝોડાંથી બુઝાયા વિના સો વર્ષ સુધી અજવાળાં રેલાવનારા દીવાનો પ્રકાશ જોઈને તેને પ્રગટાવનારા અને તેમાં ઘી પૂરતા રહેનારાની યાદ કોને ન આવે?

એ જ રીતે આજે સૌ સંસ્થા, સ્થાપક અને સંચાલકની વાતોમાં ડૂબ્યા.

આ ક્રમમાં આજની સવારે ઠાકોરજી સહિત થયેલી સ્વામીશ્રીની સાકરતુલા બાદ અક્ષરવત્સલદાસ સ્વામીએ કૃતજ્ઞતા વ્યક્ત કરી કે 'બાપા! આપે અમારા માટે ઘણું બધું સાનુકૂળ કરી દીધું છે. જ્યાં જઈએ ત્યાં સન્માન સિવાય કશું જ હોતું નથી.'

'આપણે તો શું? શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આપણા માટે દુઃખ વેઠી ગયા.'

'આપે પણ ઘણું વેઠ્યું છે.'

'અમારા વખતમાં કાંઈ એટલું બધું હતું નહીં. પેલું તો ગામોગામ લોકો બહાર કાઢતા.'

'અમુક તો એવા છે કે હજી જે.સી.બી. લઈને પાછળ પડ્યા છે.'

'એવાં તો કેટલાંય જે.સી.બી. આવ્યાં ને જતાં રહ્યાં. થોડા દહાડા એનું ચાલે.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્। મહારાજે સહન કર્યું અને ગુરુપરંપરાએ પણ સહન કર્યું. જેણે સહન કર્યું છે એનું વધ્યું છે.'

આજે શતાબ્દીની સોનેરી ક્ષણે સ્વામીશ્રીએ સંસ્થાના અવિચળ પાયાનું દર્શન કરાવી દીધું. તેના કણ-કણમાંથી સંદેશ ગુંજી રહ્યો: *'ક્ષમા થકી વિશ્વ બધું જિતાય...'*

આફ્રિકાને અલવિદા

સાગરના સંગાથી સમા ઉતારાના સભાગૃહમાં તા. ૭/૬ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા ચાલી રહેલી ત્યારે કોઈને ખ્યાલ નહોતો કે આ પૂજાવિધિ કેવળ આ વખતના આફ્રિકાના પ્રવાસની નહીં, પણ આફ્રિકાની ધરતી પરની સ્વામીશ્રીની છેલ્લી પ્રાતઃપૂજા છે.

આવી એ ઐતિહાસિક પૂજા બાદ અલ્પાહાર પૂર્ણ કરી સ્વામીશ્રી સામે બેઠેલા વડીલ હરિભક્તોને કહેવા લાગ્યા: 'સૌને આશીર્વાદ છે, સૌ રાજી રહેજો. અમારા સંતો વતી કોઈ ભૂલચૂક થઈ હોય તો માફી માંગું છું. તમને કાંઈ બોલાઈ ગયું હોય, ચલાઈ ગયું હોય તો અમારે હરિભક્તની માફી માંગવી પડે ને!'

સ્વામીશ્રીના આ શબ્દોથી સર્વત્ર સન્નાટો છવાઈ ગયો. પ્રતિભાવ ન આપી શકાય એ હદે સૌ થીજી ગયા.

ત્યાં જ સૌમાં ચેતનનો સંચાર કરતી સ્વામીશ્રીની સંજીવની વરસી:

''તમામનાં અંતરમાં મહિમા સહિતની ભક્તિ વધે. દરેકનો મહિમા સમજીએ તો સત્સંગમાં વાંધો ન આવે. જો મહિમા ન હોય તો સત્સંગમાં પણ સો પ્રશ્નો ઊભા થાય. 'કોનો સંબંધ છે?' એ ખ્યાલ રાખવો. સંબંધ છે એટલે એક દિવસ સ્વભાવ સુધરશે. આપણે અહીં કેવળ આપણા જ દોષ ટાળવા માટે આવ્યા છીએ. બીજાના દોષ ભગવાન ટાળશે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'આ ધૂળા ભગતનો મહિમા સમજાય તો મારો મહિમા સમજાશે.' એમ મહિમા સમજીને કાર્ય કરીએ તો અંતરમાં આનંદ રહે.''

મહિમાના આ ઘૂંટ ગળા હેઠે ઉતારનારા કોઈને કલ્પના પણ નહોતી કે 'આફ્રિકામાં સ્વામીશ્રીની આ અંતિમ અમૃતધારા વહી રહી છે,' પરંતુ સ્વામીશ્રી તે જાણતા હતા. તેથી તેઓના મુખેથી વાણી નહીં, વરદાન વરસી પડ્યું કે 'બધા અક્ષરધામના અધિકારી થઈ જાય ને બધાને ભગવાન પોતાના ધામમાં બેસાડી દે.'

આફ્રિકાને આ અભયવચન સંભળાવી સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'આફ્રિકા તો શાસ્ત્રીજી મહારાજના જીવમાં હતું. નિર્ગુણ સ્વામીએ તો ઢગલેઢગલા પત્રો લખ્યા હતા. જોગીબાપાને પણ જીવમાં હતું, તો પછી અમારે કેમ ન હોય? પહેલાં અહીં આવવા અંગે ગૂંચ હતી, પણ ગૂંચ એવી નીકળી ગઈ કે રાજી થઈ ગયા. મને પણ આનંદ થઈ ગયો. ભેટંભેટા થઈ ગયું. આપણે કોઈની ભૂલ ગણકારવાની જ ન હોય. બધાનો પ્રેમ જ જોવાનો હોય. કોઈના સ્વભાવ કે દેહ સામું જોવું નહીં, એટલે આનંદ આનંદ થઈ જાય. તને, મને, ધને બધાની ભક્તિ થઈ ગઈ.'

આ વચનો ઉચ્ચારી સ્વામીશ્રી સવારે અગિયાર વાગ્યે ઉતારેથી વિદાય લઈ મોમ્બાસાના મંદિરે પહોંચ્યા. અહીં તેઓ ખૂબ ભાવપૂર્વક દર્શન કરી પરવાર્યા ત્યારે પૂજારી શ્રી ભીખાભાઈએ શરબત ભરેલા ત્રણ પ્યાલા ધરતાં કહ્યું : 'બાપા ! આમાંથી કંઈક અંગીકાર કરો. આ મડાફ છે, આ નારંગીનો રસ છે અને આ લીંબુ-પાણી છે.'

સ્વામીશ્રીએ મડાફ પર પસંદગી ઉતારી. તેઓએ વાડકીમાં નળી રાખીને ત્રણ વાડકી જ્યૂસ અંગીકાર કરી આફ્રિકાના ભક્તોનો ભાવ ધરાઈને સ્વીકાર્યો. તે જોનારા સૌ રાજી થયા કે 'મોમ્બાસામાં જે મડાફ પીએ એને ફરી વાર અહીં આવવાનું થાય' એ લોકોક્તિ જરૂર સાચી ઠરશે.'

પરંતુ સ્વામીશ્રી ક્યાં આ લોકના હતા ! છતાં ભવિષ્યનો ભેદ અકબંધ રાખી તેઓએ બપોરે ૧૨:૧૨ વાગ્યે મોમ્બાસાના મોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભરી ત્યારે છેલ્લાં ૪૭ વર્ષથી આફ્રિકાને મળી રહેલા તેઓના પ્રત્યક્ષ અમૃતલાભ પર પૂર્ણવિરામ મુકાયું.[૩]

---

૩. સંસ્થાના શતાબ્દી વર્ષે સ્વામીશ્રીએ આફ્રિકામાં વરસાવેલી અમૃતહેલીથી તરબતર થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

શુદ્ધ હૃદયના અત્યંત સ્વસ્થ સંત

સ્વામીશ્રીને હવામાં હંકારી રહેલું બોઇંગ કંપનીનું ચાર્ટર્ડ હવાઈ જહાજ શયનખંડ અને દીવાનખંડની સુવિધા ધરાવતું હોવાથી બપોરના ભોજન-વિશ્રામમાં કોઈ તકલીફ ન પડી. આ દૈનિક ક્રમથી પરવારી સ્વામીશ્રી તેઓની શરીર-ઘડિયાળ અનુસાર સાંજે સાડા છ વાગ્યે સાયંભ્રમણ કરતા હોય તેમ પ્લેનના પૅસેજમાં થોડું ચાલ્યા, પરંતુ હવાના દબાણની વધ-ઘટને કારણે આવતા હડદોલાથી બરકત ન આવતાં ભ્રમણ વિરમ્યું. તે સમયે વિમાન ચાલકની વિનંતીથી સ્વામીશ્રીએ કૉકપીટને પાવન કરી. અહીં કેટલીક મિનિટો ગાળીને તેઓ દીવાનખંડની ખુરશી પર બિરાજ્યા અને આનંદસ્વરૂપદાસ સ્વામીને દુભાષિયા તરીકે રાખી ત્રણ અમેરિકન પરિચારકો સાથે વાતે વળગ્યા.

તેમાં સ્વામીશ્રી માટે ત્રણેય કર્મચારીનો એક જ અવાજ નીકળ્યો કે 'અમે આવા વી.આઈ.પી. વિમાનમાં સરભરા કરતાં કંટાળી જઈએ, પણ તમારા જેવા મુસાફર ક્યાંય જોયા નથી. કોઈ અપેક્ષા જ નહીં!'

આ સર્વસામાન્ય કારણની સાથે સ્વામીશ્રીને બિરદાવવાના દરેક પાસે વ્યક્તિગત કારણ પણ હતા. તેથી એકે કહ્યું: 'સ્વામીજીમાં તો મને દિવ્યતા જ અનુભવાય છે.'

બીજાએ જણાવ્યું: 'સ્વામીજીને જોતાં મને અંતરમાં પ્રેમ ઊભરાય છે.'

ત્રીજો બોલ્યો: 'હું જોઈ શકું છું કે સ્વામીજીનું હૃદય શુદ્ધ છે.' વળી, તેણે ઉમેર્યું: 'આપની સાથે સમય વિતાવતાં હું અનુભવી શક્યો છું કે 'આપ આધ્યાત્મિક પુરુષ છો.' આપ જે રીતે દૃષ્ટિ કરો છો એ જોતાં એવું લાગે છે કે 'આપ અંદરથી પણ અત્યંત સ્વસ્થ છો.' આપની આંખોમાં, મનમાં બીજો કોઈ આશય છુપાયેલો નથી.'

સ્વામીશ્રીની પવિત્રતા પ્રથમ મિલનમાં જ મુલાકાતીનું મન કબજે કરી લેતી.

પરંતુ તેઓને સૌને પવિત્ર કરવાનું પણ એટલું જ તાન. તેથી જ્યારે તેઓએ જાણ્યું કે 'એક પરિચારક માંસાહારના છંદે ચડ્યા છે,' ત્યારે તેને સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે શાકાહારી થવા પ્રયત્ન કરો.'

'મને એમાંથી મારું પ્રોટીન મળે છે.'

'ભગવાન બળ આપશે. હાથી ક્યાં માંસાહાર કરે છે? કોઈને દુખવીને

આપણે શું કામ આનંદ લેવો ? કોઈને મારીને આપણે શા માટે જીવવું ? પ્રાણીને મારીને ખાવ છો ત્યારે પ્રાણીને મારતી વખતે જે તરફડાટ અને દુઃખ થાય છે એ દુઃખ પણ ભેગું જ આવે છે. એની પણ આપણા શરીર પર અસર થાય છે.'

'આ વિચાર મને ક્યારેય આવ્યો નહોતો. થોડું અઘરું પડશે, પણ હું પ્રયત્ન કરીશ.'

'ભગવાન બળ આપશે. અમે વરસોથી નથી ખાતા ને અમારા જેવા અબજો વેજિટેરિયન છે. એ બધાને વાંધો નથી આવતો તો તમને પણ નહીં આવે. આપણે આપણા પેટને કબ્રસ્તાન શું કામ બનાવવું ?'

આમ, આશરે સવા કલાક જેટલો સમય ફાળવી સ્વામીશ્રીએ આ ત્રણેય પરિચારકોને ઉચ્ચ જીવનના પાઠ શીખવ્યા. તેમાંથી ઝરતી તેઓની મમતા જોઈ એક કર્મચારી બોલી ઊઠ્યો : 'હું આપને ક્યારેય નહીં ભૂલું.'

બીજાએ પણ કહ્યું : '૪૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ આપને કેટલા મળતા હશે ? અમે ભાગ્યશાળી છીએ કે આપને મળી શક્યા. આપની આ દયા મને હંમેશાં યાદ રહેશે.'

અન્યના હૃદયમાં સ્વામીશ્રી આટલી સહેલાઈથી અને સદાયને માટે પ્રવેશી જતા – ભાષાભેદ, ધર્મભેદ અને સંસ્કૃતિભેદ હોવા છતાં. તેઓનું પ્રેમરસાયણ સઘળી ભેદરેખાઓ ભૂંસી નાંખતું.

મધરાતે સૂર્યોદય !

વિમાની પરિચારકોને પ્રેમ પીરસી સ્વામીશ્રી પરવાર્યા ત્યારે સમય રાત્રિના પોણા આઠ વાગ્યાનો થયેલો, પરંતુ ગતિ સૂર્યની દિશા તરફ હોવાથી આકાશ તો ઉજાશથી ઝળહળતું હતું. આ રીતે ગતિશીલ વિમાન યુરોપમાં પ્રવેશે તે પહેલાં તેમાં સંધ્યા આરતીના સૂરો રેલાતાં સ્વામીશ્રી ગગનગુફામાં હાથ જોડી, નેત્ર મીંચી આરાધનામાં પરોવાઈ ગયા. તેઓની આ મુદ્રા આરતી પછીનું અષ્ટકગાન પૂરું થયું ત્યાં સુધી જળવાઈ રહી. અંતે સૌને 'જય સ્વામિનારાયણ' કહેતાં તેઓએ સહયાત્રીઓ સાથે ગોઠડી માંડી. જાણે ગગનમાં ઘરસભા !

તે સમાપ્ત થઈ ત્યારે રાત્રિના નવ વાગ્યા હોવા છતાં સૂર્ય તપતો હોવાથી નીચે માઇલો સુધી વિસ્તરેલી આલ્પ્સની પર્વતમાળા દેખાઈ રહેલી. વાળુ બાદ તે પર દૃષ્ટિ કરવાની વિનંતી સૌએ કરતાં સ્વામીશ્રીએ તે બર્ફાની

ડુંગરમાળાને નજરમાં લીધી. તેને થોડો સમય વીત્યો ત્યાં જ હવાઈ જહાજ બળતણ ભરવા માટે યુરોપના સ્ટેનસ્ટેડ વિમાની મથકે ઊતર્યું.

અત્રે લંડનના મંદિરેથી આવેલા સંતો-ભક્તોને મળી સ્વામીશ્રી પરવાર્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ મુજબ રાત્રિના સાડા બાર વાગ્યાનો સમય થયેલો. તેથી સંતોએ કહ્યું: 'બાપા! હવે પોઢો.'

'હરે! ચેષ્ટા બોલો.' સ્વામીશ્રીનો આ ભક્તિસભર પ્રતિભાવ આવતાં વિમાન ચેષ્ટાગાનથી ગુંજવા લાગ્યું. આ આહ્લનિક અદા કરી સ્વામીશ્રી પોઢ્યા બાદ આશરે દોઢેક વાગ્યે શરૂ થયેલી અમેરિકા ભણીની મજલ ઘણી રોમાંચક રહી.

આ પ્રવાસમાં શરીર-ઘડિયાળ મુજબ જ્યારે તા. ૮/૬ની સવારના ૮:૪૦ વાગ્યાનો સમય થયો ત્યારે બહારનું આકાશ હજીયે રાત્રિના ૧૨:૪૦ વાગ્યાનો સમય દર્શાવી રહેલું. નીચે કેનેડાના મોન્ટ્રિયલમાં ઝગમગતા દીવા ધરતીની નિશાની આપી રહેલા. મધ્ય રાત્રિ અને ઊઘડતી સવારના આવા સંગમકાળે ૫૫૦ માઇલ પ્રતિ કલાકની ઝડપે ઊડતા વિમાનમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા શરૂ થઈ! અનંત તારા અને ચંદ્રને આ દુર્લભ દર્શન પ્રાપ્ત થતાં તેઓ પણ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ગવાઈ રહેલા કીર્તન *'આજ અમૃત તણા મેહુલા વરસિયા...'*ની સાર્થકતા માણી રહ્યા.

આ અમૃતમેઘ વિરમ્યો ત્યારે રાત્રિના ૧:૨૦ વાગ્યાનો સમય થયેલો. તેને દસ મિનિટ વીતતાં જ વિમાનનાં પૈડાં શિકાગોના ઍરપોર્ટને અડ્યાં. અહીં ૨૧ કલાકનો પ્રવાસ ખેડી પધારેલા સ્વામીશ્રી વિમાનમાંથી ઊતરવા ગયા ત્યાં જ તેઓ પાસે પેલો પરિચારક દોડી આવ્યો અને બોલ્યો: 'Now I am a vegetarian.' – હવે હું શાકાહારી થઈ ગયો છું.

મધરાતના દોઢ વાગ્યે એક જીવનમાં સૂર્યોદય થઈ ગયો!

'सत्संगतिः कथय किं न करोति पुंसाम्?' – સંતની સંગત માનવીના જીવનમાં શું નથી કરતી? આ સવાલનો જવાબ આપતા હોય તેમ સ્વામીશ્રીએ વિમાન છોડ્યું.

આમાં પૂછવાનું છે જ ક્યાં?

મધરાતે અમેરિકામાં પ્રવેશેલા સ્વામીશ્રી ત્રણેક વાગ્યે શિકાગોના મંદિર-પરિસરમાં પહોંચ્યા ત્યારે અત્રે એકત્રિત ૭૦૦થી વધુ ભક્તો અધિક જેઠ

વદ છઠની રાત્રે પણ પૂર્ણ ચંદ્રના ઉદયનો આનંદ માણી રહ્યા. આ આનંદમાં સહભાગી થવા બીજે દિવસથી તો અમેરિકન મહાનુભાવો પણ આવવા માંડ્યા.

તે ક્રમમાં તા. ૧૦/૬ની સવારે ઉપસ્થિત થયેલાં બાર્ટલેટનાં મહિલા મેયરે તો પોતાના પ્રતિનિધિ દ્વારા સ્વામીશ્રીને સન્માનપત્ર સાથે વિશિષ્ટ સમાજ-સેવા બદલ એનાયત થતો ચંદ્રક પણ મોકલાવી કૃતાર્થતા અનુભવી.

આ અનુભૂતિ સાથે કેટલાક હરિભક્તો તા. ૧૪/૬ની સવારે અલ્પાહાર ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા. તેઓ દ્વારા રજૂ થતા રસોડા વિભાગના અહેવાલમાં પરદેશની પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સેવારત હરિભક્તોના પ્રસંગોનો ઉલ્લેખ થયો. તે વખતે એક વિગતના સંદર્ભમાં મંદિરના સેવક શ્રી કનુભાઈ બારોટે લાગ જોઈને કહ્યું કે 'બાપા! આ વખતે તો છેલ્લો જનમ જ ને?'

'એવી શંકા જ કેમ થાય છે? બધાનો છેલ્લો જન્મ. ધંધા-પાણી કે વ્યવહારની ચિંતા કર્યા વગર બધાં હરિભક્તો સેવામાં જોડાય છે. મહિમાથી સૌ સેવા કરે છે. વેઠ જેવું નહીં. એટલે બાઈ-ભાઈ બધાંનો છેલ્લો જન્મ! આમાં પૂછવાનું છે જ ક્યાં?'

સ્વામીશ્રીના મુખેથી બી.એ.પી.એસ. પરિવારના એકેએક સભ્ય માટે આ બાંયધરી સરી પડી.

શ્રીજીના સુયોગ્ય સંદેશવાહક

તા. ૧૪/૬ની સાંજે સ્વામીશ્રીની મુલાકાતે આવેલા રબાઈ શ્રી ડેવિડ રોઝેન આંતરધર્મીય પરામર્શ માટેની આંતરરાષ્ટ્રીય યહૂદી સમિતિના પ્રમુખ હોવાને નાતે વિશ્વમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવતા હતા. દિલ્હીનું અક્ષરધામ નિહાળ્યા બાદ આ સંકુલના સર્જક તરીકે સ્વામીશ્રીને મળવાની તેઓની ઉત્કંઠા આજે શમતાં તેઓ ખૂબ પ્રસન્ન પણ જણાઈ રહેલા. તેથી તેઓના મુખેથી એ જ વાત નીકળી કે 'હું એમ માનું છું કે વિશ્વનું સુંદરતમ સ્થાપત્ય અક્ષરધામ છે. ત્યાં જઈને હું ઘણું શીખ્યો છું.' આટલું કહી તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'મને લાગે છે કે ભગવાન સ્વામિનારાયણનો સંદેશો આપવા માટે આપ જ એક યોગ્ય પાત્ર છો.'

આ પ્રશંસાનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ શ્રી રોઝેનને ભગવાનનું કર્તાપણું જણાવી તેઓના જમણા હાથે નાડાછડી બાંધી. તેની સાથે માળા

પણ ભેટ આપી. આગમનને વધાવતો પુષ્પહાર તો આ રબાઈને અગાઉથી જ મળી ચૂકેલો. તેથી સત્કારની આ ત્રિવેણીમાં તરબતર થતાં શ્રી ડેવિડે સ્વામીશ્રીને શતાયુની શુભેચ્છા પાઠવી વિદાય લીધી અને સ્વામીશ્રી સ્થાનિક મંડળે યોજેલા કાર્યક્રમોમાં પરોવાયા.

પરંતુ પરદેશના સત્સંગમાં ભજન સાથે ભોજન અવિભાજ્યપણે સંકળાઈ ગયું હોય. તેથી અહીં પ્રત્યેક સાયંસભા બાદ દરેકને જમાડવામાં આવતા. તે માટે તૈયાર થયેલી વાનગીઓની થાળી ભરી રસોડાના કાર્યકરો સ્વામીશ્રી જ્યારે સભામાંથી વિદાય લઈ ઉતારા તરફ જવા નીકળે ત્યારે રસ્તામાં ઊભા રહે અને ભોજન પર સ્વામીશ્રીની દૃષ્ટિ કરાવે.

આ ક્રમમાં તા. ૧૫/૬ની રાત્રે પણ થાળી ધરાઈ ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આજે રોટલી જુદી છે.'

'આપની વાત સાચી છે, બાપા! રોજ મશીનમાં રોટલી થતી હતી, પણ આજે તે બગડતાં મહિલા મંડળે બનાવી છે.' કાર્યકરે કહ્યું.

મશીન અને માનવીની રચનાનો ફર્ક સ્વામીશ્રીએ ક્ષણાર્ધમાં પકડી પાડ્યો. આ રીતે પળ વારમાં જ સઘળું પામી-માપી લેવામાં તો તેઓને કોઈ ન પહોંચે.

આખું કેનેડા સર કરી લેવું છે

તા. ૧૬/૬ની સવારે નિત્યપૂજાથી પરવારેલા સ્વામીશ્રીના કંઠમાં પહેરાવાયેલો સાચા મોતીનો હાર સૌના જીવનપ્રાણ તરીકે તેઓની ઓળખ આપતો ગયો. હ્યુસ્ટનનું આ હેત સ્વીકારી સ્વામીશ્રીએ ટોરોન્ટોથી આવેલો મમરાનો હાર અંગીકાર કર્યો; પરંતુ મોતી અને મમરાથી થયેલાં સન્માનોની આ ક્ષણોમાં તેઓની મુખાકૃતિ એકસમાન રહી.

સ્વામીશ્રીની આ સ્થિતપ્રજ્ઞ સ્થિતિના પાયા પર આ અરસામાં એટલાન્ટા તેમ જ ટોરોન્ટોમાં ભવ્ય મંદિરો ખડાં થઈ ગયેલાં. તેની પ્રતિષ્ઠાનાં વિધિવત્ નિમંત્રણ સ્વામીશ્રીને આપવા તે તે સત્સંગ-કેન્દ્રોના અગ્રણી સંતો-ભક્તો અત્રે આવી પહોંચેલા. તે અનુસાર આજની પ્રાતઃપૂજા બાદ કેનેડાવાસી ભક્તોએ આમંત્રણના ભાગરૂપે હાથે ફોલેલી ડાંગરમાંથી કાઢેલા અણિશુદ્ધ ચોખા ધર્યા. તે જોઈ પ્રસન્ન થતાં સ્વામીશ્રી બોલ્યા: 'કેનેડામાં બધા અણિશુદ્ધ થઈ જશે.'

આ જ સમયે તેઓની સામે નિત્યવિવેકદાસ સ્વામીએ કેનેડાનો ધ્વજ મૂક્યો ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આખું કેનેડા સર કરી લેવું છે.'

આમ, આશીર્વાદ અને આયોજન બંને આપી, તેઓ તા. ૧૭/૬ની સાંજે હૉફમેન ઍસ્ટેટના સિઅર્સ સેન્ટરમાં આવી પહોંચ્યા.

શિકાગોમાં શતાબ્દીનો 'સહજ આનંદ'

અમેરિકામાં બી.એ.પી.એસ. શતાબ્દીની શાનદાર ઉજવણીના પ્રથમ ચરણરૂપે સિઅર્સ સેન્ટરમાં આયોજિત 'સહજ આનંદ' કાર્યક્રમમાં સ્વામીશ્રી પધારતાં જ અપરંપાર જયજયકાર ગાજી રહ્યો. તેની સાથે આનંદની અભિવ્યક્તિ-રૂપે ૧૨,૦૦૦ ભક્તો-ભાવિકોના હાથમાં ધજાઓ ફરકવા લાગી. તે પર વિવિધરંગી તેજલિસોટા પડવાથી ઊભી થતી અસરે પ્રત્યેકના કણ-કણમાં સંસ્થાની અસ્મિતા ભરી દીધી.

તેથી ઝંકૃત થઈ ઊઠેલા ઈલિનોય રાજ્યના સેનેટર શ્રી જહોન મિલનરે તો પોતાનું વક્તવ્ય ગુજરાતી ભાષામાં જ શરૂ કર્યું કે 'જય સ્વામિનારાયણ! પ્રમુખસ્વામી મહારાજની જય! બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની જય! બાપા! તમારાં દર્શન કરીને મને આજે ખૂબ જ આનંદ થયો છે!'

તેઓના આ ઉદ્‌ગારોને વધાવતાં ઊઠેલો તાળીઓનો ગડગડાટ શમે ત્યાં જ આ સેનેટરે જાહેરાત કરી કે 'ઈલિનોય રાજ્યના ૬૪મા ક્રમાંકિત હાઈવેથી આર્મી ટ્રેઈલ રોડ સુધીના બે માઈલ લાંબા ધોરીમાર્ગને આજથી અમે 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે જાહેર કરીએ છીએ.'

અમેરિકાની ધરતી પર આ એક આગવું સન્માન હોવાથી સમગ્ર સભાના ખૂણેખૂણે હર્ષોલ્લાસ વ્યાપી વળ્યો. આ હર્ષના પૂરમાં સ્વામીશ્રીના સન્માનની વધુ એક ધારા રાજ્યના પ્રતિનિધિરૂપે ઉપસ્થિત થયેલા શ્રી રેન્ડી રેમીએ ભેળવી. તેઓએ ઈલિનોય રાજ્યની વિધાનસભા તરફથી સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પણ કરતાં ઘોષણા કરી કે 'આજના ઉત્સવ નિમિત્તે ઈલિનોય રાજ્ય તરફથી તા. ૧૭/૬/૨૦૦૭ના દિવસને કાયમી ધોરણે 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા શતાબ્દી દિન' તરીકે જાહેર કરીએ છીએ.'

સ્વામીશ્રી દ્વારા અમેરિકામાં વાગેલા સંસ્થાની શતાબ્દીના આ ડંકાનો જબરજસ્ત પડઘો 'અરિના'માં હાજર હજારોના મહેરામણે પાડ્યો. તેની વચ્ચે જ હૉફમેન ઍસ્ટેટના મેયર શ્રી વિલિયમ મેક્લોઈડે સ્વામીશ્રીને 'કી

ટુ ધ સિટી'નું બહુમાન આપી ઉત્સવના ઉલ્લાસને વિશેષ ઊંચે ચઢાવ્યો. આ ઉલ્લાસને શતાબ્દી નૃત્યની સંગત મળતાં મહોત્સવની મજા તેની ચરમસીમાને અડી ગઈ. ત્યાં જ બેસી સૌએ સ્વામીશ્રીના આશીર્વાદનું અમૃત પીધું. તેના જ ઓડકાર *'અક્ષર-પુરુષોત્તમના ડંકા, વાગે આજે દિગંતમાં...'* નૃત્ય દ્વારા વ્યક્ત થવા માંડ્યા. આ નૃત્યના અંત ભાગમાં સ્વામીશ્રીએ સ્વયં બી.એ.પી.એસ.ના ધ્વજને લહેરાવ્યો. તે સાથે દર્શકોની ૧૨,૦૦૦ ધજાઓ પણ ફરફરી ઊઠી. આ જ સમયે ચારેકોરથી ધડાકાભેર વરસવા માંડેલા 'કન્ફેટી'એ સોનું-ચાંદી વરસી રહ્યાં હોય તેમ આખું સભાસ્થળ ચમક-દમકથી છલકાવી દીધું.

આ દિવ્ય વાતાવરણથી રણઝણી ઊઠેલા એક નિષ્ણાત તબીબે તો બે દિવસ બાદ સ્વામીશ્રી પાસે આવી કહ્યું: 'સત્તરમી તારીખે સંસ્થાની શતાબ્દીનો કાર્યક્રમ જોયાના એક અઠવાડિયા પૂર્વે હું ભારતના એક મહાન ફિલ્મ દિગ્દર્શકનો પ્રોગ્રામ જોવા બસો ડૉલર ખર્ચીને ગયેલો, પરંતુ તે કાર્યક્રમ કરતાં આપનો કાર્યક્રમ અત્યંત ભવ્ય અને દિવ્ય હતો. આપની ઉપસ્થિતિને લીધે એટલો આનંદ આવ્યો કે બસો ડૉલર ખર્ચ્યા પછી પણ એ ન આવે.'

સંસ્કારના સ્તરને જાળવી રાખી સ્વામીશ્રી સૌને 'સહજ આનંદ'ની અનુભૂતિ કરાવતા.

પોતે પાળે બીજાને પળાવે

શતાબ્દી સભા બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રી રાત્રિભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે પણ આજના ઉત્સવનો આનંદ જ સૌ મમળાવી રહેલા. તેમાંથી અમેરિકાની વિશેષતાનો મુદ્દો નીકળતાં કાર્યકર શ્રી પ્રકાશભાઈ પટેલે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! અહીં તો એવાં રડાર મળે છે કે જે પોલીસોનું રડાર પણ જામ (સ્થગિત) કરી નાંખે.'

આ સાંભળી શ્રી હેમાંગભાઈ મુખી બોલ્યા: 'સ્વામી! આપ અમને એવું રડાર આપો ને કે જેથી કામ, ક્રોધ, લોભ, મોહ બધું જ જામ થઈ જાય.'

'આપ્યું જ છે, પણ ચૂકી જાવ તો એમાં ભગવાન શું કરે? મહારાજે આપેલી શિક્ષાપત્રીના નિયમો પ્રમાણે વર્તે તો દોષમાત્ર જામ થઈ જાય.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી પ્રકાશભાઈએ જણાવ્યું: 'બાપા! હું તો એમ કહું છું કે જેમ પોલીસનું રડાર જામ થાય એમ આપ એવું રડાર અમને આપી દો કે અમે કાંઈ ન કરીએ તો પણ બધા દોષ ટળી જાય.'

આવી નાદારી સ્વામીશ્રીને ન ગમી. તેથી તેઓએ વ્યંગ કર્યો કે 'એવા રૂા.રની ફેક્ટરી તમે નાંખો.'

'બાપા ! આપ જ એવી ફેક્ટરી નાંખો ને !'

'નિયમ-ભંગ કરવાની ફેક્ટરી અમારી પાસે નથી.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

તેઓ સંયમી સમાજના સર્જક હતા, સ્વચ્છંદી સમાજના નહીં. 'પોતે પાળે બીજાને પળાવે, પોતે ભજે બીજાને ભજાવે' – આ હતી સ્વામીશ્રીની રીત.

બાપાનું નહીં, ઠાકોરજીનું – એમ બોલો

તા. ૧૮/૬, જેઠ સુદ ચોથના રોજ આવેલા સ્વામીશ્રીના પ્રમુખવરણી દિનથી શિકાગોમાં હરિભક્તોનું દિવ્ય સંનિધિ પર્વ આરંભાયું. અહીંના શિખરબદ્ધ મંદિર હેઠળ આવતાં સત્સંગ-કેન્દ્રો પૂરતું સીમિત આ ત્રિદિવસીય પર્વ તા. ૨૦/૬ના રોજ પૂર્ણાહુતિના આરે પહોંચ્યું ત્યારે મંદિરના પાટોત્સવ અને નીલકંઠવર્ણીની પુનઃ પ્રતિષ્ઠાનો સંગમ સર્જાઈ ગયો. તેની ધન્યતામાં સૌ તરબતર હતા ત્યાં જ તા. ૨૨/૬ની સાંજે વિશ્વશાંતિ મહાયાગની ધૂમ્રસેરો છાઈ વળી. આ અવસરે કેન્સાસના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રીએ તા. ૨૩/૬ની સવારે ડ્યૂપેજ કાઉન્ટીના એરપોર્ટ પરથી વિદાય લીધી ત્યારે શિકાગોને સ્વપ્નેય ખ્યાલ ન આવ્યો કે તેને સ્વામીશ્રીનાં આ છેલ્લાં દર્શન થઈ રહ્યાં છે.

આવો જ એક ઇતિહાસ રચવા સ્વામીશ્રી બે કલાકના ઉડ્ડયન બાદ હ્યુસ્ટન આવી પહોંચ્યા. અત્રે સુગરલેન્ડ રિજનલ એરપોર્ટ પર ઊતરેલા તેઓને આ હવાઈ મથકની ઇમારતમાં જ સુગરલેન્ડના અમેરિકન અગ્રણીઓએ સિક્કો અને સન્માનપત્ર આપી સત્કાર્યા.

આ અભિવાદન સ્વીકારી મંદિરે પધારેલા સ્વામીશ્રી બપોરે એક વાગ્યે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સંતનિવાસના બાંધકામની વિગત આપતાં હરિભક્ત શ્રી જગદીશભાઈ પટેલ બોલ્યા: 'ડાબી બાજુએ જ્યાં બાપાનું રસોડું આવે છે ત્યાં...'

'બાપાનું નહીં, ઠાકોરજીનું રસોડું – એમ બોલો.' સ્વામીશ્રીએ સુધાર્યું.

'મેરા ઇસમેં કુછ નહીં...'ની જ તેઓની શૈલી-સમજ. તે સાથે વર્તતા તેઓનું આજની સાયંસભામાં ભાવભરપૂર સ્વાગત સત્સંગ મંડળ તથા શહેરની

આગેવાન સંસ્થાઓએ કર્યું.

સૌનો આ ભક્તિભાવ અંગીકાર કરી ઉતારે પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૨૫/૬ની રાત્રે મુલાકાતીઓને મળી રહેલા ત્યારે એક હરિભક્તે કહ્યું: 'બાપા! હું જિન્જાવાળા શિવાભાઈનો દીકરો છું.'

'હા, એમણે જિન્જામાં ઠાકોરજીને દૂધ બાંધી દીધેલું.'

સ્વામીશ્રીની સતેજ સ્મૃતિનો આ ચમકારો સૌને આંજી ગયો. તેના ઉજાસમાં સ્વામીશ્રીની વત્સલ છબી વધુ ચમકી ઊઠી.

પિતા અને પતિનું પંચામૃત

તા. ૨૬/૬ની સંધ્યા-સભામાં ઉપસ્થિત થયેલા હ્યુસ્ટનના મેયર શ્રી બિલ વ્હાઇટે સ્વામીશ્રીને સન્માનપત્ર તો એનાયત કર્યું જ, પણ સંસ્થાની શતાબ્દી નિમિત્તે તેઓએ આજના દિવસને 'બી.એ.પી.એસ. દિન' તરીકે ઘોષિત કરી ધન્યતા અનુભવી. આ અવસરે અહીંની શ્રાઇનર હૉસ્પિટલને સંસ્થા દ્વારા અપાયેલા માતબર રકમના અનુદાનની નોંધ લેતાં આ મેયરે જણાવ્યું: 'પ્રમુખસ્વામી સત્તાથી નહીં, પણ આધ્યાત્મિકતાથી સંસ્થાનું સંચાલન કરે છે એ ખૂબ પ્રેરક વાત છે. વળી, તમારી ઉદારતા છે કે તમે ચેરિટીનું કાર્ય કરો છો.'

આવા જ એક પ્રતિષ્ઠિત મુલાકાતી શ્રી ડેનિયલ કૂક યુટાહ રાજ્યના અગ્રિમ ઉદ્યોગપતિની સાથે ગેસ અને ઓઇલ કંપનીના માંધાતા પણ ખરા. તેઓએ તા. ૨૮/૬ની રાત્રે સ્વામીશ્રી પાસેથી માર્ગદર્શનની આશાએ પૂછ્યું: 'હું આદર્શ પિતા અને આદર્શ પતિ કઈ રીતે બની શકું?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ કહ્યું: 'નિયમો પાળવા પડે. ઘરમાં સંપ રહે અને પત્ની તથા તમારા વચ્ચે પ્રેમ રહે તે માટે બાંધછોડ કરતાં શીખવું. રોજ પત્ની અને બાળકો સાથે બેસી ઘરસભા કરવી. ટી.વી. બહુ જોતા હો તો ઓછું કરીને પરિવાર સાથે હળવું-મળવું અને સારા ગ્રંથોનું વાંચન કરવું.'

ઉપરોક્ત ઉત્તર દ્વારા સ્વામીશ્રીએ જાણે પ્રત્યેક પિતા અને પતિ માટે પંચામૃત જ પીરસી દીધું.

દુખિયાનાં દુખડાં ટાળી દિલડાને ઠારતા

હ્યુસ્ટનમાં પ્રતિદિન યોજાતી સાયંસભા વિશિષ્ટ વિષયવસ્તુ લઈને

હાજર થઈ રહેલી. તેને માણવા રોજેરોજ નામાંકિત અતિથિવિશેષો પણ ઉપસ્થિત થતા હતા.

આ ક્રમમાં તા. ૨૯/૬ની સાંજે આવેલા શ્રી મંઝૂર હુરાની એન્જિનિયર અને આર્કિટેક્ટ તરીકે અમેરિકાભરમાં સુપ્રસિદ્ધ હતા. તેઓએ પોતાના આગામી પ્રકલ્પોની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'મારું હૃદય હંમેશાં ભારે રહ્યા કરે છે. હું અંદરથી વ્યથિત છું.' તેનું કારણ પણ તેઓએ જણાવ્યું કે 'સન ૧૯૭૫માં લેબેનોનમાં થયેલા યુદ્ધમાં મારી માતા અને ભાઈઓ માર્યાં ગયાં છે. આ ઘટના સાંભરતાં મારું હૃદય વ્યથિત થઈ ઊઠે છે. મારે એક જ પ્રશ્ન છે કે 'ભગવાન આમ કેમ કરે છે?'

તેઓના આ બળતા-ઝળતા આત્મા પર ચંદનલેપ ચોપડતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એને તો દરેકનું સારું જ કરવું છે, પણ માણસનાં સ્વભાવ, પ્રકૃતિ અને અહંને લીધે બધાં દુઃખ-દર્દો થાય છે. એટલું સમજવાનું કે 'ભગવાન જે કરે છે એ સારા માટે જ છે.' આપણને લાગણી હોય એટલે હૃદય ભારે રહે એ સ્વાભાવિક છે, પણ તમે સારું કામ કરતા રહો તો ભગવાન રાજી થાય અને એને લીધે અંતરમાં શાંતિ રહે. ભગવાનમાં શ્રદ્ધા રાખે એને શાંતિ રહે છે. આ બાબતમાં દુઃખને ટાળવા જ્ઞાનની જરૂર છે.'

સ્વામીશ્રીના આ સમાધાનથી આગંતુક મહાનુભાવનું હૈયું હળવું થઈ ગયું. આ અનુભવ આજની ભરસભામાં જણાવતાં તેઓ બોલ્યા: 'હમણાં જ હું પ્રમુખસ્વામીને મળ્યો. મારા જીવનની એ ધન્ય ઘડી છે. વળી, અહીં મંદિરમાં મને જે આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે એ માન્યામાં આવે એવી નથી. મને એમ લાગે છે કે હું તમારાથી નજીક ને નજીક આવતો ગયો છું અને તમારામાંનો એક ગણવામાં ગર્વ અનુભવું છું. હું અહીં આવ્યો અને મને જે પ્રેમ મળ્યો, શાંતિનો અનુભવ થયો એ અવર્ણનીય છે.'

ઝીંઝાવદરમાં બિરાજમાન શ્રીજીમહારાજની ઉપસ્થિતિને કારણે પાદરેથી પસાર થતા પઠાણને અંતરના ઘાટ-ઉચાટ મટતાં શાંતિ થયેલી. એ જ રીતે સ્વામીશ્રીનાં શબ્દ-સાંનિધ્યથી પણ સૌ અનુભવી રહેતા કે *'શાંતિ જેવી થઈ આંહી, એવી તો થઈ શાંતિ ન ક્યાંહી...'*

આ જ અનુભૂતિ સાથે આજની સત્સંગ-સભામાં ઉપસ્થિત કૉંગ્રેસમેન શ્રી નિક લેમ્પસને સંસ્થાનું બહુમાન કરતાં જણાવ્યું: 'બી.એ.પી.એસ.ની

શતાબ્દી નિમિત્તે અને તમે જે સુંદર કાર્ય કરો છો એ નિમિત્તે આજે હું કૉંગ્રેસનલ રેકગ્નાઇજેશન(કૉંગ્રેસ દ્વારા પ્રમાણિત સંસ્થા)નો પત્ર પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરું છું.'

સ્વામીશ્રીના નેતૃત્વમાં સંસ્થાએ વધુ એક શિખર સર કર્યું.

આપણું કાર્ય ચાલુ રહેવાનું છે

તા. ૩૦/૬ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે મંચ પર પધાર્યા ત્યારે અહીં ઑસ્ટિન, લિટલ રૉક અને સાન એન્ટોનિયોનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ પધરાવી હોવાથી મંદિર-ત્રિવેણી રચાઈ ગયેલી. પ્રતિમાઓના આ પ્રયાગમાં નિત્યપૂજા કર્યા બાદ સ્વામીશ્રીએ માંગલિક વિધિ સંપન્ન કર્યો. તેથી વ્યાપેલા ઉલ્લાસમાં જ ઇરવિંગ શહેરના મેયર શ્રી હર્બર્ટ ગિયર્સે સ્વામીશ્રીને સન્માનપત્ર તથા 'કી ટુ ધ સિટી'નાં બહુમાનથી સત્કાર્યા.

આજે વળી હ્યુસ્ટનમાં મંડાયેલાં સત્સંગનાં પગરણનો ત્રિદશાબ્દી મહોત્સવ અને પૂર્ણિમાનો સંગમ થતાં સવારના પહોરથી હકડેઠઠ થયેલું મંદિર સાયંસભાના પ્રારંભે પણ એવું જ ભરચક હતું. આ ઉત્સવ-સભામાં બાળ, યુવા અને વડીલના પરિવેશમાં આવેલા ત્રણ દાયકાઓએ સત્સંગ-વિકાસના મૂળ સમા સ્વામીશ્રીના પ્રેમ અને પરિશ્રમની સાથે તેઓ દ્વારા થયેલાં પરિવર્તનની ગાથાઓ સંભળાવી.

તેને અનુસરતાં વાત આવી ચતુર્થ દાયકાની, જે સૌ માટે અગોચર હતો. તેથી સ્વામીશ્રીને જ વિનંતી થઈ કે 'બાપા! આ મંદિરનો હવે પછીનો દાયકો કેવો હશે ને આપ કેવો વિકાસ ઇચ્છો છો એનું આપના મુખે જ વર્ણન કરો.'

આ વિનવણીને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આપણું કાર્ય દિવસે દિવસે વૃદ્ધિને પામ્યું છે એનું મુખ્ય કારણ છે – શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની સાધુતા. ઘરસભાની વાત કરવાથી આપણો સત્સંગ વધ્યો છે. બાળકોને જેટલો પ્રેમ આપીએ એટલો એને આપણા તરફ ને સત્સંગ તરફ પ્રેમ થાય છે. અત્યાર સુધી આપણું આ કાર્ય વધ્યું છે ને વધવાનું છે. જોગી મહારાજે આપણને આશીર્વાદ આપ્યા છે કે 'આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો.' આપણને થાય કે આવું થતું હશે? પણ થાય છે, જોયું છે. એ હું તમને વાત કરું. ન્યૂયોર્કમાં બેઝમેન્ટમાં પહેલું મંદિર

કર્યું. તે વખતે ચિન્મયાનંદ સ્વામી આપણા આમંત્રણથી આવ્યા. તેમણે કહેલું કે 'હું અહીં ઘણી વખત આવું છું, પણ એક જગ્યા નક્કી કરી શક્યો નથી અને જોગી મહારાજ અહીં આવ્યા પણ નથી છતાં એમનો સંકલ્પ કે 'અમેરિકામાં સત્સંગ થશે', એ થાય છે.'

આપણે જાણીએ કે 'આપણે શું કરી શકીએ?' આપણે જાણીએ કે 'આપણે સામાન્ય માણસ છીએ', પણ સામાન્ય નથી. તમે ભગવાનના આશ્રિત થયા છો એટલે તમે પણ મહાન ભક્ત થયા છો. એટલે તમારા દ્વારા પણ સત્સંગ થશે. આ પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી સત્સંગ થવાનો છે, રહેવાનો છે ને ચાલવાનો છે. તમે બધા બેઠા એ મંદિરો છો, કારણ કે તમારામાં ભગવાન છે. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ રાખીશું તો કામ થશે. સત્સંગમાં કોઈ પ્રસંગ બનતો હોય એટલે બધો સત્સંગ બગડી નથી જતો. પૃથ્વીમાંથી દાણા મળતા હોય, બેંકમાંથી નાણાં મળતાં હોય, તો ભગવાનના આશરે જવાથી મોક્ષ કેમ ના મળે? મળવાનો જ છે. દૃઢતા, વિશ્વાસથી કામ કરીએ. આ સત્સંગ છે એથી અનંતગણો સત્સંગ વધશે. આપણું કાર્ય ચાલુ રહેવાનું છે.''

સ્વામીશ્રીએ આગામી એક દાયકાનું નહીં, પણ અનંત યુગો સુધીનું ભવિષ્ય ભાખી દીધું.

સ્વામી! તુઝ મેં હૈં ભગવાન...

તા. ૧/૭ની સવારે હ્યુસ્ટનના મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઊજવ્યા બાદ સ્વામીશ્રીએ નૂતન સભાગૃહનો ખાતવિધિ પણ સંપન્ન કર્યો. આમ, સતત વિકસી રહેલા આ મંદિરે આવવા માટે નિકટવર્તી સુગરલેન્ડ નગરના મેયર શ્રી વૉલેસ પાસે આગવું કારણ હતું.

તે જણાવતાં તેઓએ તા. ૨/૭ની સવારે સૌને અને સ્વામીશ્રીને 'નમસ્તે' તથા 'જય સ્વામિનારાયણ' સાથે પ્રણામ પાઠવી કહ્યું: 'અહીં બેઠેલા તમામે અત્રે વસતા અમારા સમાજને ખૂબ મદદ કરી છે. ખાસ કરીને જ્યારે કેટરિના અને રીટા વાવાઝોડાં આવ્યાં ત્યારે જે મદદ કરી છે એને કોઈ નહીં ભૂલી શકે. પહેલાના જમાનામાં જ્યારે કિલ્લાઓ હતા ત્યારે કિલ્લાના દરવાજાની ચાવી જે રાજાનો સૌથી નિકટનો માણસ હોય કે વિશ્વાસુ હોય એને જ આપવામાં આવતી. ત્યારથી 'કી ટુ ધ સિટી' આપવાની પ્રથા ચાલુ છે. અમને પણ સ્વામીજી! આપનામાં ખૂબ વિશ્વાસ છે. એટલે જ અમારા

નગરની ચાવી અમે વિશ્વાસના પ્રતીકરૂપે આપને અર્પણ કરીએ છીએ.'

આ પ્રેમ અને પૂર્વભૂમિકા સાથે નગરપતિએ સ્વામીશ્રીને સન્માન્યા ત્યારે સમગ્ર સભા તાળી પાડી ઊઠી.

ભક્તજનોનો આ આનંદ તા. ૩/૭ની સવારે ઠાકોરજી સમક્ષ અન્નકૂટના રૂપે ગોઠવાઈ ગયો. તેની સાથે સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી ત્યાં જ નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠાના મંત્રો ગુંજવા લાગ્યા. તેને અનુસરતાં સ્વામીશ્રીએ પ્રતિમામાં પ્રાણ પૂરી આશીર્વાદ વરસાવ્યા કે 'ઠેઠ છપૈયામાં જન્મ્યા પછી વનવિચરણ કરતાં કરતાં નીલકંઠવર્ણી હવે અહીં અમેરિકામાં પધાર્યા છે, તો જેના-જેના જે-જે સંકલ્પો હશે એ બધા પૂરા થઈ જશે. પ્રાર્થના કે સૌ તન, મન, ધનથી સુખી થાય, સૌના જીવમાં સત્સંગ થાય.'

આ અમીવાદળી વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી પર વિખ્યાત યોગાચાર્ય શ્રી રામદેવજી મહારાજનો ફોન આવ્યો. તેઓ દ્વારા સંસ્કૃતિના ઉત્કર્ષનું સારું કાર્ય થાય તેવી શુભકામના જ્યારે સ્વામીશ્રીએ પાઠવી ત્યારે આ યોગગુરુએ જણાવ્યું: 'આપના આશીર્વાદથી જ બધું થાય છે. આપ જેવા ભગવત્સ્વરૂપ સંતવર્યની નિશ્રામાં સંસ્થાનો ઉત્કર્ષ થઈ રહ્યો છે એટલે હું તો આપને ભગવાનનું સ્વરૂપ જ માનું છું. આપ દ્વારા ભારતીય સંસ્કૃતિનું જબરજસ્ત કાર્ય થઈ રહ્યું છે.'

આવી લાગણી આજની બપોરે એક મેક્સિકન નાગરિકે પણ અનુભવી.

અત્રે સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન તસવીરો ઝડપવા માટે મોંઘા કૅમેરા ભાડે લાવવામાં આવેલા. તેમાં સસ્તા ભાવ કરી સહયોગ આપનારા મેક્સિકન શ્રી હોઝે કોટેસ સ્વામીશ્રીને મળતાંવેંત બોલી ઊઠ્યા: 'આપની પાસે મને તમારા હરિભક્ત લઈ આવ્યા ત્યારે જ લાગ્યું કે મેં જે કંઈ કર્યું છે એ સાચું કામ કર્યું છે. આપને મળ્યો ત્યારે અનુભવાયું કે આપનામાં ભગવાન છે.'

આ અનુભૂતિ સ્વામીશ્રીને નિહાળનારા સંસારી કે સંન્યાસી સૌને થતી.

હ્યુસ્ટનથી અંતિમ પ્રસ્થાન

તા. ૩/૭ની સાયંસભા અત્રેના રોકાણની અંતિમ સભા હોવાથી ભક્તોને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અત્યારે અહીં પણ અને દેશમાં એવા ભક્તો છે કે પોતાની સગવડ ન હોય તો પણ સેવા કરે. કેટલીક વખત આપણે એ ભક્તોને ના પાડવી પડે, તોય સેવા કરે. આપણને થાય કે 'આની

ભક્તિને ધન્ય છે!' એમ આપ બધાએ અગિયાર દિવસ સુધી તન, મન, ધનથી ભક્તિ કરી છે, રાત-દિવસ જોયા સિવાય નિર્દોષભાવે ભક્તિ કરી છે, એ સાંભળીને છાતી ઠરે છે. તમારી ભક્તિ, સેવા, સમર્પણ અદ્‌ભુત થયાં છે! બધાને ધન્યવાદ છે.'

આમ, ભક્તોને ધન્યવાદની સાથે મોક્ષના પણ અધિકારી બનાવી સ્વામીશ્રી તા. ૪/૭ની સવારે હ્યુસ્ટનથી વિદાય થવાના હતા. તે સાથે જ છેલ્લા ત્રણ દાયકાથી આ પ્રદેશને મળી રહેલા અક્ષરબ્રહ્મના આ 'પ્રમુખ' અવતારના સાંનિધ્ય પર પડદો પડવાનો હતો. છતાં સ્વામીશ્રીએ આજે અહીં છેલ્લી પ્રાતઃપૂજા કરવામાં, છેલ્લા હારતોરા સ્વીકારવામાં, છેલ્લો અલ્પાહાર ગ્રહણ કરવામાં, મંદિરમાં છેલ્લાં દર્શન કરવામાં, પરિસર પર છેલ્લી દૃષ્ટિ ઠેરવવામાં એટલી સ્વસ્થતા દાખવી કે કોઈ કળી જ ન શક્યું કે સવારે નવ વાગ્યે આ મંદિરમાંથી તેઓએ લીધેલી વિદાય એ ચિરવિદાય છે. પરંતુ આજે તા. ૪/૭ના રોજ આવેલા અમેરિકાના સ્વાતંત્ર્ય દિનની તારીખ સાથે જોડાઈ ગયેલી સ્વામીશ્રીની વિદાયની આ તવારીખને હ્યુસ્ટનવાસી સત્સંગીઓ કદી ભૂલી શકશે?

જો કે આ બાબતે હાલ તો સૌને અજાણ રાખતા સ્વામીશ્રી સવારે ૯:૪૫ વાગ્યે ઉડ્ડયન આરંભી ૧૧:૩૦ વાગ્યે જેક્સનવીલ આવી પહોંચ્યા.

તમે બધા રાજી થાવ એ અમારે આનંદ

જેક્સનવીલના શહેરી વિસ્તાર(ડાઉન ટાઉન)ને આહ્લાદક બનાવતાં વહેતી સેન્ટ જહોન્સ નદીના કિનારે 'હયાત રિજન્સી' હૉટલ ઊભી છે. તેના ૧૮૪૦મો ક્રમાંક ધરાવતા ઓરડામાં સ્વામીશ્રી પ્રવેશ્યા ત્યારે ૧:૨૦ વાગ્યાનો સમય થયેલો. હવે આગામી દિવસોનો દસકો તેઓ જે નિમિત્તે અહીં ગાળવાના હતા તે શિબિરોની માહિતી તેઓના ભોજન દરમ્યાન પીરસાતી રહી. આ ગતિવિધિ વિરમતાં સ્વામીશ્રીએ ગ્રંથવાંચન શરૂ કરાવ્યું. તેમાં આર્થિક સંકડામણ માટે યોગીજી મહારાજે પ્રયોજેલો 'કટોકટી' શબ્દ આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'કટોકટી એમણે વેઠી છે. આપણે તો સટોસટી છે, આનંદ છે.'

'આપને આનંદ રહે, આપનું સ્વાસ્થ્ય સારું રહે એટલે અમારે કોઈને કટોકટી નથી.' સંતોએ કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'બાઈ-ભાઈ હરિભક્તો કેટલાં વ્રત-તપ કર્યાં જ કરે છે! એટલે શરીર સારું રહે છે!! બાકી મહારાજની ઇચ્છા હશે ત્યાં સુધી સેવા કરાવશે ને રાખશે. તમે બધા રાજી થાવ એ અમારે તો આનંદ છે.'

ભગવાનના ભરોસે જીવતા સ્વામીશ્રી આયુષ્યની અવધિના વિષયમાં સદા નિશ્ચિંત જ રહેલા. તેઓને તો સંતો-ભક્તોને રાજી કરવામાં જ જીવનની સાર્થકતા મનાયેલી.

તે હેતુસર તેઓ આજની સાંજે નિત્યક્રમથી પરવારી સંતો સાથે ગોઠડી માંડી બેઠા. તેમાં એટલાન્ટાના મંદિરનો વિષય ફૂટી નીકળતાં સ્વામીશ્રી સામે જ બેઠેલા આ મંદિરના વ્યવસ્થાપક શાંતમૂર્તિદાસ સ્વામીને ઉદ્દેશી બોલ્યા: 'આમની તો આશા જ નહોતી કે મંદિર પૂરું કરે, પણ કરી નાંખ્યું.'

'આપના નામે સૌ સેવા કરે છે.'

'આપણા નામે કોઈ કશું કરતું નથી. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો જયજયકાર ચાલે છે. એમના નામે લોકો આપે છે. અક્ષરધામ કર્યું, પણ પૈસાની સહેજ પણ ભીડ લાગી જ નહીં. મજૂરો, કારીગરો, પથ્થરો માટેના પૈસા કોણ જાણે ક્યાંથી આવી જતા એ જ ખબર ના પડી!'

'ખરેખર ચમત્કાર કહેવાય!'

'તંત્ર એવું ગોઠવાઈ ગયું કે આપોઆપ બધું આવી જતું હતું. દેશ-પરદેશમાં સૌને એટલો ઉત્સાહ હતો કે નાના-મોટા સૌ પોતાના પગારમાંથી પણ પૈસા મોકલી આપતા. આપણે ખાલી વ્યવસ્થા કરવી પડે, બાકી એમ ને એમ બધું આવતું હતું.' સ્વામીશ્રીએ કહ્યું.

આમ, એક આશ્ચર્યસર્જકે સ્વયં આશ્ચર્યચકિત થઈ ગુરુ તેમ જ શિષ્યોને પોતાના યુગકાર્યનો યશ વહેંચી દીધો. આ બીના પણ આશ્ચર્યકારી જ ને!

આ અચરજ ખડું કરતા સ્વામીશ્રી આજે રાત્રિભોજન ગ્રહણ કરી ઊભા થયા ત્યારે તેઓ પાસે નવાં પગરખાં સાથે આવેલા યુવાનો શ્રી જયમીન પટેલ અને જતીન ઠક્કર બોલ્યા: 'આજે અમેરિકાનો સ્વાતંત્ર્ય દિન છે એટલે આપણે નવાં ચંપલ જોઈએ ને!'

'આપણે તો નવું ને જૂનું બધું સરખું જ છે! લોકોને મન નવું હોય એ બરાબર છે.'

નવા-જૂનાની આ મીમાંસા આગળ ચલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજ-સ્વામી ક્યારેય જૂના થયા? નવું ને નવું તો એ જ છે. એને જ જોવા જેવા છે, એની જ ભક્તિ કરવા જેવી છે. એમાં કાયમ નવીનતા રહેવી જોઈએ. એની વાત કરતાં આનંદ આવવો જોઈએ. એનો પ્રસંગ સંભળાય ત્યારે નવીનતા લાગવી જોઈએ.'

નવીનતાનું નવીન નિરૂપણ સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યું.

વૃષ્ટિ બ્રહ્મ આનંદની વરસે

તા. ૫/૭ની સવારે સ્વામીશ્રી હૉટલના બીજા માળે આવેલા ૨૮,૦૦૦ ચો.ફૂ.ના સભાગૃહમાં પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે આજથી શરૂ થનારા દસ દિવસીય શિબિર-સત્રમાં સ્વયંસેવકની ફરજ બજાવનારા દોઢસો ભક્તોને વિશેષ લાભ મળી ગયો. આ પૂજાવિધિ બાદ જેમ દરેક શિબિરાર્થીની નોંધણી થાય તેમ સ્વામીશ્રીની પણ નોંધણી કરતા કિશોર કાર્યકરો શ્રી નીલકંઠ પટેલ અને મૂકેશ સ્વરૂપે પૂછ્યું: 'બાપા! આપનું ગામ?'

'સારંગપુર અને અક્ષરધામ જવાનું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ રીતે આ લોક અને પરલોકનાં પોતાનાં કાયમી સરનામાં ચીંધી તેઓ બોલ્યા: 'આજે તમારી જેમ અમે પણ રજિસ્ટર્ડ થઈ ગયા, એટલે હવે અમારે પણ આઘું-પાછું થવાશે નહીં.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારે 'બ્રહ્માનંદ'ની છોળ્ય ઉડાડી દીધી. આજની સાંજથી વિધિવત્ આરંભાતી કિશોર-કિશોરી શિબિરનો મુખ્ય વિષય પણ આ જ હતો.

આ 'બ્રહ્માનંદ'માં ગરક થવા અમેરિકા ઉપરાંત કેનેડા, ન્યૂઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા અને યુરોપનાં ૧,૫૯૯ કિશોરો તથા ૧,૧૯૨ કિશોરીઓ સાંજે સમયસર આવી સભાગૃહમાં ગોઠવાઈ ગયાં. તેઓને લાભ આપવા સ્વામીશ્રી પ્રવેશદ્વારે પધારતાં જ ૫,૫૮૨ હથેળીઓ દ્વારા તાળીઓનો પ્રચંડ ગડગડાટ થઈ રહ્યો. કિશોર પેઢીનો આ થનગનતો સત્કાર ઝીલી સ્વામીશ્રી મંચ પર બિરાજતાં જ પિછવાઈરૂપે ગોઠવાયેલા વિશાળ ચિત્રપટ પર શિબિરનું મુખપૃષ્ઠ ઝળકવા લાગ્યું. મંચના કદની જ લંબાઈ ધરાવતા આ પડદાની આગળ સ્વામીશ્રીએ મંગલદીપ પ્રગટાવી અજવાળાંની દિશા ખોલી આપી.

તેને અનુસરતાં 'બ્રહ્માનંદ'ની સમજ આપતો રસપ્રદ સંવાદ પ્રસ્તુત

થયો. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું: 'બાપા! આપ નિરંતર બ્રહ્મના આનંદનો અનુભવ કરી રહ્યા છો, એ બ્રહ્માનંદ એટલે શું? અને આવો બ્રહ્માનંદ મળતો રહે એનાં શું સાધન છે?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ કહ્યું: ''સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખવો. એમની આજ્ઞા મુજબ સેવા-સત્સંગ કરીએ તો બ્રહ્મનો આનંદ આપણને આવ્યા જ કરે. ગમે તે પ્રસંગ હોય, પણ 'ભગવાને જે કર્યું એ સારું જ છે' એમ સમજીએ તો કાયમ બ્રહ્માનંદ રહે. આપણને દુઃખ આવે તો પણ મનાય કે હું સાચે રસ્તે છું.''

બ્રહ્માનંદની આ કૂંચી સ્વામીશ્રીએ સૌના હાથમાં મૂકી દીધી.

સિદ્ધયોગીનો સ્મૃતિયોગ

તા. ૬/૭ના રોજ આવેલો શિબિરનો દ્વિતીય દિન અસ્મિતાના અગ્નિ-પ્રાગટ્યને સમર્પિત હોવાથી દિવસ દરમ્યાન સંસ્થાના ઉત્કર્ષ માટે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ ઉઠાવેલો પ્રચંડ પુરુષાર્થ વિવિધ રજૂઆતોમાં પડઘાતો ચાલ્યો. તે સૌના કણ-કણમાં અસ્મિતાનો આતશ પ્રગટાવી રહેલો ત્યાં જ આજની સાયંસભામાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સમયમાં મસ્તકે મૂકવામાં આવતી ફાળિયા જેવી પાઘ ધારણ કરી મંચ પર પ્રવેશ્યા. તેઓનાં આ દુર્લભ દર્શન પામી બી.એ.પી.એસ.ના પ્રતીકથી અંકિત સફેદ ટોપીઓ પહેરીને બેઠેલા શિબિરાર્થીઓ હરખાઈ ઊઠ્યા. તેથી તેઓએ ગજવેલા હર્ષનાદથી ટાઇમ્સ યુનિયન પરફોર્મિંગ આર્ટ સેન્ટરના સભાગૃહમાં પણ ચેતનાની ચિનગારી ચંપાઈ ગઈ.

આવા જીવંત વાતાવરણમાં સ્વામીશ્રી મંચ પર બિરાજેલા શાસ્ત્રીજી મહારાજની બાજુમાં બેઠા. તે સાથે જ પડદાની પિંછવાઈ પર બોચાસણનું મંદિર ઊભરી આવતાં તેઓ એ મંદિરના પ્રાંગણમાં આવી ગયા હોય તેવો અનુભવ સૌ કરી રહ્યાં. આ અનુભવને અદલ બનાવતાં હીરા મુખીનો સંવાદ પૂર્ણ થયો ત્યાં જ ચિત્રપટ પર અટલાદરાનું મંદિર ખીલી ઊઠ્યું અને શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલાના માહોલે મંચ સાથે સૌનાં મનનો કબજો લઈ લીધો. આમ, ટેક્નોલોજીના સંગે અતીતની વાતો આગળ ને આગળ સરતી રહી. તેમાં એક તબક્કે સારંગપુરના મંદિરનો ભવ્ય દરવાજો ચિત્રપટ પર કંડારાઈ ગયો. તે સમયે જ સ્વામીશ્રીને વિનંતી થઈ કે 'આપે શાસ્ત્રીજી મહારાજના

સંગે માણેલા બ્રહ્માનંદનું રસપાન કરાવો.'

સૌની આ મનોકામના પૂરી કરતાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો સંભળાવ્યા બાદ અમૃતધારા વરસાવી કે 'અસ્મિતા એટલે કોઈ દા'ડો મનમાં બીજી કોઈ જાતનો સંકલ્પ જ ન થાય, બીજો વિચાર ન થાય. ને એને માટે મરી મટવાનું. સાચી વાત મળી છે તો બીજાને શિર સાટે સમજાવવી. અસ્મિતા ન હોય તો જરા વિઘ્ન આવે ને પડતું મૂકે !'

સ્વામીશ્રીએ આલેખેલી આ અસ્મિતાને ઘૂંટાવવા તેઓના આશીર્વાદની સમાપ્તિ થતાં જ *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'* કીર્તન ગુંજી ઊઠ્યું. આ શબ્દોએ શિબિરાર્થીઓ સાથે સ્વયં સ્વામીશ્રીને પણ ડોલાવી દીધા. તેથી આ ભજનના તાલે તાલ દેતાં તેઓએ મરકતા મુખે ઊભાં ઊભાં ક્ષણભર જે લટકાં કર્યાં તે જોઈ સૌ બોલી ઊઠ્યા : *'લટકો તારો સવા લાખનો ને મરકલડાનું મૂલ નહીં...'*

જેઓની ક્ષણિક ક્રિયાઓમાં પણ આવી દિવ્યતા હોય તેવા સ્વામીશ્રી સાથે આખેઆખો એક દિવસ ગાળવા મળે તો ? – આવો વિચાર સ્વામીશ્રીનું આજનું ચરિત્ર જોઈ કેટલાકનાં મનમાં ઝબક્યો હશે ! તેની પરિપૂર્તિ કરવા જ જાણે તા. ૭/૭ના રોજ શિબિરનો તૃતીય દિન આવી પહોંચ્યો.

આ દિવસના કાર્યક્રમોમાં કિશોર પેઢી સાથે ખતરનાક ખેલ ખેલી રહેલાં ઈન્ટરનેટ, ડેટિંગ, ચૅટિંગ વગેરેની વિકરાળતા પ્રદર્શિત થઈ. તેનાથી બચવાના ઉપાયરૂપે સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને એ આત્મબુદ્ધિની વૃદ્ધિ માટે 'સ્વામીશ્રી સાથે એક દિવસ' વ્યતીત કરવાની તક સૌને સાયંસત્રમાં સાંપડી.

આ સમયે યોજાયેલી સભામાં સ્વામીશ્રીની દિનચર્યા અને તેમાંથી પ્રગટતા તેઓના સદ્‌ગુણો વિવિધ માધ્યમો દ્વારા રજૂ થવા લાગ્યા. તેમાં પ્રાણાયામનો ક્રમ આવતાં પ્રવક્તા બોલ્યા : 'હવે સ્વામીશ્રી જ આપણને પ્રાણાયામ કરાવશે.'

તે વખતે મંચની પાર્શ્વભૂ તરીકે ઊભેલા ચિત્રપટ પર હિમાલય ખડો થઈ ગયો. તેની તળેટીમાં બિરાજ્યા હોય તેવા સ્વામીશ્રીએ આંખો મીંચી જમણું નસકોરું દબાવ્યું અને ઊંડા શ્વાસ ભરી પ્રાણાયામ શરૂ કર્યા. સૌને પણ આ રીત અનુસરવા તેઓએ પ્રેરણા આપી. તે સાથે જ સભાગૃહ એક વિરાટ યોગ શિબિરમાં ફેરવાઈ ગયો.

અંતે પ્રાણાયામની પ્રક્રિયા સાથે સ્મૃતિયોગનો સાંધો મારતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રાણ એક વાર લેવાનો ને પાછો છોડી દેવાનો. આ યોગનું કામ છે.

એ કરવાથી આપણી તબિયત સારી રહે, પણ સાથે મહારાજની મૂર્તિની સ્મૃતિ રહેવી જોઈએ. એક જ નિશ્ચય કરીને અહીંથી જવાનું છે કે આપણે ભગવાનને જ રાજી કરવા આવ્યા છીએ. વહેવાર-સંસાર બધું જ કરો પણ અનુસંધાન ભગવાનનું જ ચાલ્યા કરે. જગતના પદાર્થનું સ્મરણ ભૂલી જ જવાનું છે. એ ઝેર જ છે. ઝાંઝવાનાં પાણી છે. એમાં કંઈ સુખ જ નથી. સુખ પરમાત્મામાં છે, મોટાપુરુષમાં છે, ભજનમાં છે. ચોવીસ કલાક આનંદ, આનંદ ને આનંદ. Do you understand ? (તમે સમજ્યા ?) Thank you (આભાર) !'

આ રીતે સ્વામીશ્રીએ સાભાર શીખવેલા આ સ્મૃતિયોગ સાથે કિશોર શિબિરનું સમાપન થયું ત્યારે 'બ્રહ્માનંદ'ની ભાળ પામેલા સૌ શિબિરાર્થીઓ હરખની લાગણીથી સભર હતા.

ધાર્યા બહારની વાત

તા. ૮/૭ની પ્રાતઃપૂજાનાં દર્શન પામી વિદાય થયેલું કિશોરવૃંદ બાળ-સમુદાયને ખો આપી ગયું હોય તેમ, આજની બપોરથી દૂર-સુદૂર વસતાં બાળ-પંખીડાંઓ સ્વામીશ્રીરૂપી સરોવરના કાંઠે જમા થવા માંડ્યાં. તેના મસ્તીખોર છતાં મીઠા કલરવથી 'હયાત રિજન્સી' હૉટલના માળા ગુંજવા લાગ્યા. આવા કલશોરની વચ્ચે જ સ્વામીશ્રી આજની સાંજે પોણા સાત વાગ્યે શિબિરના સભાગૃહમાં પ્રવેશ્યા ત્યારે તેઓના સ્વાગતમાં ફરકતી ધજાઓ, ઊડતા ફુગ્ગાઓ અને આમ-તેમ લહેરાતા પાણીના પરપોટાઓની ત્રિવેણી રચાઈ રહી. આ ત્રિવેણીમાં ખૂટતી પવિત્રતા સ્વામીશ્રીના પગલે-પગલે ફૂટતી ચાલી.

માથે શંકુ આકારની ભગવી ટોપી પહેરેલાં ૨,૦૨૬ શિબિરાર્થીઓ અને ૫૬૦ સંચાલકોનું આ કિલ્લોલભર્યું અભિવાદન સ્વીકારતાં સ્વામીશ્રીએ મંચ પર પદાર્પણ કર્યું તે સાથે જ આસમાની આકાશમાં ફેરવાઈ ગયેલા વિશાળ ચિત્રપટ પર રંગબેરંગી ફુગ્ગાઓ ઊડવા લાગ્યા. તેની સાથે મંચની ધારે સૂકા બરફમાં જળ ઢોળી વાદળિયું વાતાવરણ સર્જવાનો પ્રયત્ન સફળ થતાં સ્વામીશ્રી અંતરીક્ષમાંથી અવતરી રહ્યા હોય તેવી આભા બની રહી. તેની વચ્ચે સ્વામીશ્રીએ પણ બાળકોની જેમ ધજા લહેરાવી શિબિરની પ્રથમ ક્ષણથી જ બાળકો સાથે મૈત્રીનો મિજાગરો ભિડાવી દીધો.

આ સ્નેહસૂત્રની આગળની ગાંઠે તેઓના હસ્તે શિબિરનો દીવડો પ્રગટ્યો. તેના ઉજાશમાં શરૂ થયેલા બી.એ.પી.એસ.ની શતાબ્દીના ઉત્સવમાં

બાળકો દ્વારા ૧૦૦ વર્ષની તવારીખ રજૂ થવા લાગી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીને કેન્દ્રમાં રાખી ઘૂમી રહેલી આ રજૂઆતોમાં ક્યારેક ચિત્રો દોરાતાં, તો ક્યારેક વિદૂષકો દ્વારા રમતો રમાડાતી. ક્યારેક પિરામિડ રચાતા, તો ક્યારેક વીડિયો ચમકતી; પરંતુ તેમાંથી પ્રેરણા એક જ મળતી – શાસ્ત્રીજી મહારાજે આરંભેલા ઉપાસનાના યજ્ઞમાં યાહોમ થવાની.

આ હાકલ સાથે જ *'સ્વામીની સેનામાં આવજો...'* પદ ગુંજ્યું ત્યારે તો સર્વે શિબિરાર્થીઓ આ ભજન ખભે ભગવાં ઉત્તરીય ઓઢી તાળી વગાડતાં વગાડતાં ઊભા થઈ ઝીલવા લાગ્યાં. તેથી રતૂમડી આભા ધરાવતા બે હજાર બાળસૂર્યો એકસાથે ઝગમગી રહ્યા હોય તેવી શોભા જામી ગઈ.

આવો ગતિમય, ગમ્મતમય અને જ્ઞાનમય કાર્યક્રમ બાળમાનસમાં એટલું તો દૃઢ કરાવી જ ગયો કે 'બી.એ.પી.એસ. સંસ્થા અમારી છે, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજે અપાર ભીડો વેઠ્યો છે અને આજે સ્વામીશ્રી દ્વારા શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે.'

એટલે જ આ સત્રના અંતમાં સ્વામીશ્રીને પુછાયું કે 'બાપા ! શાસ્ત્રીજી મહારાજે અને આપે જે રીતે સંસ્થાની અસ્મિતા રાખી છે, એવી અમે કઈ રીતે રાખીએ ? શાસ્ત્રીજી મહારાજ અને આપે ખૂબ પુરુષાર્થ કર્યો છે, તો અમે પણ સત્સંગને કઈ રીતે પ્રવર્તાવી શકીએ ?'

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મુશ્કેલીઓ આવે એ વખતે 'હું આત્મા છું, અક્ષર છું' એમ દૃઢતા હોય તો વિઘ્નની અંદર પણ આગળ વધી શકાય છે. એવી દૃઢતા શાસ્ત્રીજી મહારાજને હતી તો આ સત્સંગ વધ્યો ને એને આજે સો વરસ થયાં. હજુ ઘણાં માણસોને આ વાત સમજાય એના માટે અમે દેશમાંથી આફ્રિકા ગયા. પછી શિકાગો, હ્યુસ્ટન ગયા. વળી, આ શિબિર તો બહુ અદ્‌ભુત થઈ ગઈ છે. ધાર્યા બહારની વાત કે આટલાં બધાં નાનાં છોકરાંઓ ભેગાં થયાં ! એ અહીં આવીને બેઠાં છે એ જ મોટો પરચો છે. અમેરિકા જેવા રજોગુણી દેશની અંદર મંદિરમાં જવું, કથા-વાર્તા કરવી, માળા ફેરવવી એ બની શકે નહીં. પણ એ નાનાં છોકરાંઓ અહીં આવીને બેઠાં છે. આ ઉપરથી આપણને લાગે છે કે આ સત્સંગ આગળ ખૂબ વધશે. બધા માણસો સુખિયા પણ થશે.'

આમ, આ આશીર્વાદમાં સ્વામીશ્રીએ કહ્યું તેમ અહીં 'ધાર્યા બહારની વાત'નું શીર્ષક આપવું પડે એવું ઘણું બધું સર્જાયેલું. પ્રથમ તો શિબિરાર્થીઓની

સંખ્યા અને શિબિરની શિસ્ત સાથે આ શિબિરની પૂર્વતૈયારીઓ પણ 'ધાર્યા બહારની વાત' જેવી જ હતી. ચુનંદા કાર્યકરોની છેલ્લાં બે વર્ષની મહેનત આ શિબિરોરૂપે મહોરી ઊઠેલી, તો જેક્સનવીલ મંડળનીયે છ મહિનાની જહેમત 'ધાર્યા બહારની વાત' જેવી જ વિગત હતી! તેની સાથે શિબિરની ફળશ્રુતિ પણ 'ધાર્યા બહારની વાત'ની પંગતમાં બેસે તેવી રહી. આ શિબિરમાં આવનારા પાંચથી પંદર વર્ષની વય ધરાવતા પંદરેક બાળકોએ સળંગ ૧૦૦ કલાક પ્રવાહી પર વિતાવેલા, તો ન્યૂયોર્કના કેટલાક યુવકો સ્વામીશ્રીના અમેરિકા પ્રવાસ દરમ્યાન વાસણ ઊટકવાની સેવા માટે પોતાના ખર્ચે સાથે ને સાથે જ ફરતા હતા! વિમાનોમાં ઊડનારી, ટી-શર્ટ અને જીન્સ પહેરનારી, કૉલેજોની ડિગ્રીધારી યુવાની આવી સેવા કરે એ પણ 'ધાર્યા બહારની વાત' જ ને!

પ્રેરણાની ત્રિમૂર્તિ: બાળકો, 'બાપા' અને બાળપ્રવૃત્તિ

તા. ૯/૭ના રોજ આવેલો બાળશિબિરનો દ્વિતીય દિન 'કેવા સ્વામી!'નું વિષયવસ્તુ લઈને ઊગેલો. તેમાં થયેલી વિવિધ પ્રસ્તુતિ સ્વામીશ્રીને સદ્‌ગુણોના સર્જક, આધ્યાત્મિકતાના પોષક અને કુસંસ્કારોના સંહારક તરીકે ઓળખાવી ગઈ. સવારે 'હયાત રિજન્સી' અને સાંજે ટાઇમ્સ યુનિયનમાં યોજાયેલાં આ શિબિરસત્રોમાં બાળકો દ્વારા થયેલી પીઢ પ્રસ્તુતિઓએ *'ભાસે બાળક વૃદ્ધ સમાન, તેની વાતમાં વૈરાગ જ્ઞાન...'*નો અનુભવ કરાવી દીધો. તેથી શિબિરના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત અગ્રણીઓ તો દંગ રહી ગયા.

આવી જ અનુભૂતિમાં સૌને ગરકાવ કરવા તા. ૧૦/૭ના રોજ શિબિરનો તૃતીય દિન આવી પહોંચ્યો. આ દિવસે 'એવા મારા સ્વામી'ના મધ્યવર્તી વિચાર સાથે શરૂ થયેલા કાર્યક્રમોમાં બાળકો સ્વામીશ્રીના સાંનિધ્યમાં અને સંગાથમાં વિવિધ બોધપ્રદ રમતો રમ્યા. તેમાંથી સૌને આપમેળે સંદેશો મળી ગયો કે 'સ્વામીશ્રી મોટા છે છતાં મારા છે.'

આ અનુભવ કરી રોમાંચિત થઈ ઊઠેલા બાળકોએ આજના સાયંસત્રમાં 'પ્રશ્નોનું સમાધાન આપનારા સ્વામીશ્રી' વિષયક એક કલ્પના-કથાને બાળમાનસ ગ્રહણ કરી શકે તેવી રોચક વાર્તાના રૂપમાં રજૂ કરી. તેમાં સ્વામીશ્રી પણ પ્રસંગોપાત્ત ભળતાં બાળકોએ 'એવા મારા સ્વામી'ના નાદથી ટાઇમ્સ યુનિયનનું સભાસ્થળ ગજવી મૂક્યું.

આ રીતે સ્વામીશ્રીની નિશ્રામાં આનંદભેર ચાલતી આ શિબિરને માણવા તા. ૧૧/૭ના અંતિમ દિવસે ઘણા ગુજરાતી આગેવાનો ઉપસ્થિત હતા. પ્રાતઃપૂજામાં જ આવી ગયેલા તેઓને સ્વામીશ્રીની મૂર્તિનું આકર્ષણ ચકિત કરી ગયું, કારણ કે તેઓ

'દશ વર્ષના બાળક હોય, દિસે મૂર્તિ વિષે લીન તોય;
એ તો અદ્‌ભુત વાત જણાય, જોતાં સમજુને નિશ્ચય થાય...'

જેવી ઘટનાના સાક્ષી બન્યા. તેથી લેઉઆ પાટીદાર સમાજના ઉપપ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પટેલ તો શિબિરને સંબોધતાં બોલી ઊઠ્યા: 'જ્યાં ૨,૫૦૦ જેટલાં બાળ-બાલિકાઓ ભેગાં થાય ને કોઈ પણ પ્રકારની દુર્ઘટના ઘટે નહીં, એ હું માનું છું કે ફક્ત સ્વામીબાપાના આશીર્વાદથી જ શક્ય બને! અમે અમારાં બાળકોમાં પણ સંસ્કારનું સિંચન કરી શકીએ ને એ સંસ્કારો આપનાં બાળકો થકી શીખી શકાય એવી હું આશા રાખું છું.'

અન્ય એક આગેવાને પણ અનુભવ જણાવ્યો કે 'ભારત મૂકીને અમે અહીં આવ્યા તો ખરા, પરંતુ અમારી પેઢીની અમને ખૂબ ચિંતા રહે છે. પણ જો પ્રમુખસ્વામીનાં બાળકોની જેમ અમે પણ તેઓને શિખવાડીએ તો ભવિષ્ય જરૂર ઊજળું છે.'

આમ, બાળકો, 'બાપા' અને બાળપ્રવૃત્તિ – આ ત્રણેયને સમાજની પ્રેરણામૂર્તિ સાબિત કરતી આ શિબિર સૌ માટે અલૌકિક લહાવો બની રહી.

સર્વાંગ સંપૂર્ણ સત્સંગીની સમજ

તા. ૧૧/૭ની સાંજે સ્વામીશ્રીને વિશ્રામ મળી રહે તે હેતુસર કોઈ જાહેર કાર્યક્રમ યોજાયો નહોતો. શિબિરના સભાગૃહમાં થનારી રાબેતા મુજબની સત્સંગ-સભામાં પણ વડીલ સંતો જ ધર્મલાભ આપવાના હતા. પરંતુ આ વિગત જાણમાં આવતાં જ કથા-વાર્તાના વ્યસની સ્વામીશ્રી સભામાં પહોંચી ગયા. અત્રે તેઓએ માળા ફેરવતાં ફેરવતાં કથાશ્રવણ કર્યા બાદ અમૃતધારા રેલાવી કે –

''સત્સંગી એટલે સર્વાંગે સંપૂર્ણ થવું. આંખમાં, કાનમાં, નાકમાં, હાથમાં, પગમાં, મનમાં, બુદ્ધિમાં, આત્મામાં બધાંમાં સત્સંગ થઈ જાય. એ કોઈ ખરાબ માર્ગે જાય જ નહીં. ગમે ત્યાં જાવ, કામ કરો, એની ના નથી, પણ આપણો સત્સંગ મુખ્ય રહેવો જોઈએ. ત્યાં જઈને લપસી પડીએ કે 'મારો

મિત્ર લઈ ગયો ને માંસાહાર કર્યો,' એ ન થવું જોઈએ. ફરવા ગયા હોય ત્યાં બે-ત્રણ પ્રકારનું થાય છે ને! ચેટિંગ, ડેટિંગ... હું તો જાણતોય નથી! આ વખતે આવ્યો ત્યારે સમજ્યો કે ચેટિંગ, ડેટિંગ શું કહેવાય.

હવે એ ચેટિંગ, ડેટિંગ થતું હોય ને કહે, 'અમે સત્સંગી છીએ', તો કેવું લાગે? એમાં લોકો રાજી થશે, ભગવાન રાજી ન થાય. આપણે એવાને રાજી કરવા નથી આવ્યા. એવા કરોડો માણસો હશે. એને મૂકીને એક ભગવાનને રાજી કરીએ, જોગી મહારાજને રાજી કરીએ તો ડંકો વાગી જાય. વહેવાર-સંસારનું બધું જ કામ કરો પણ આપણા સિદ્ધાંત અને નિયમ-ધર્મમાં બાંધછોડ ન કરીએ. છાકટા થઈને ફર્યા કરીએ એનો કાંઈ અર્થ નથી.

આપણે આ શિબિરો કરીએ છીએ એનું કારણ આપણા જીવમાં સત્સંગ દૃઢ થાય. આપણે તો દાસના દાસ થવાનું છે, ગુણગ્રાહક થવાનું છે. 'સત્સંગમાં કોઈ જાણતા નથી, એમનેમ બધા મંડી પડ્યા છે ને આને કાઢી નાંખો ને આને આમ કરી નાંખો...' પણ અહીં એ બધું કરવા આવ્યા છીએ? તમે પહેલું જુઓ પોતાનું. આપણે ન સુધરીએ ને બીજાને પાડીએ તો પણ એ કુસંગ કહેવાય.''

દીસે જહાં સાગર તો દયાના

આ અરસામાં ગુજરાતનો ઘણો પ્રદેશ મેઘરાજાની મહેર નહીં, પરંતુ કહેર તળે કચડાયેલો. ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા વગેરે જિલ્લાઓમાં ત્રાટકેલા અતિ વરસાદે તબાહીનું તાંડવ સર્જેલું. તેના ખપ્પરમાંથી સૌને બચાવવા સ્વામીશ્રીએ અમેરિકાથી રાહતકાર્યનાં આદેશ અને આયોજન જારી કરતાં ૧૫૦ સંતો સહિત ૨,૦૦૦ કાર્યકરોએ પૂર-ગ્રસ્તોની સેવામાં ઝંપલાવી દીધું. તેથી વિતરણ કરવાનાં ફૂડપૅકેટ્સ બનાવવા અને મંદિરોમાં આશરો પામેલાને જમાડવા મંદિરોનાં રસોડાં ધમધમવા લાગ્યાં. તેમાં તૈયાર થયેલાં ગરમાગરમ શીરો, ફૂલવડી, રોટલી, શાક, ખીચડી, બટાટાપૌંઆ, દાળ-ભાત, ખમણ વગેરે વૈવિધ્યસભર વ્યંજનો આરોગનારા એકેએક અસરગ્રસ્ત સ્વામીશ્રીની મમતા મમળાવી રહ્યા.

આ રીતે ૪૦,૦૦૦ ફૂડપૅકેટ્સ અને ૩૩,૦૦૦ ઉપરાંતને સ્વાદિષ્ટ ભોજન પીરસવાની સાથે સંતો-સ્વયંસેવકો જીવનજરૂરી સામગ્રીઓના ગંજ સાથે સંકટગ્રસ્ત ગામોમાં ઘૂમવા લાગ્યા. એક કુટુંબને સપ્તાહ સુધી વાંધો

ન આવે એટલી ખાદ્યસામગ્રી કે જેમાં દીવાસળીની પેટીથી માંડી ઘી-ગોળ સુધીનાં સીધાં હોય તે વહેંચાઈ. આ રીતે ૪૦,૦૦૦ કિલોથી વધુ અનાજના વિતરણની સમાંતર ૧૫,૦૦૦થી વધુ સંખ્યામાં વસ્ત્ર-વાસણો અને ૨,૦૦૦ ઉપરાંત પ્રાયમસ તથા તાડપત્રી ઉપરાંત પશુધન માટે હજારો કિલોના પ્રમાણમાં ઘાસચારો પૂરો પાડવામાં આવ્યો. રોગચાળો ન વકરે તે માટે કિલોબંધ જંતુનાશક દવાઓના છંટકાવ તથા રોગગ્રસ્તોને તબીબી સવલતો આપી મનુષ્યના સ્વાસ્થ્યનું જતન પણ થયું.

આ અવસરે સંસ્થાએ સડકોના સમારકામ પણ હાથ ધર્યા, તો પૂરના પ્રવાહ સાથે ખેંચાઈ આવેલા બગદાથી ગંદકીનું ઘર બનેલા ગઢડાના ઘેલા-ઘાટમાંથી જ ૨૦૦ ટ્રેક્ટર ભરીને કાદવ-કચરો સ્વયંસેવકોએ ઉલેચ્યો. આ નદીના તટને અડીને પસાર થતા માર્ગો પર ત્રણેક ફૂટના ઊંડા ખાડા પડી જતાં ઉપયોગી વાહન-વ્યવહાર ઠપ થઈ ગયેલો. તેથી મદદ પહોંચાડવામાં પડતી હાલાકી હલ કરવા સંસ્થાના સંતો-સ્વયંસેવકોએ જ કમર કસી રસ્તા ઠીકઠાક કરી દીધા.

આ રીતે માર્ગ, મકાન અને માનવી સહિત આવશ્યક દરેક ક્ષેત્રોની સંભાળ લેવા વહી નીકળેલી સ્વામીશ્રીની સેવાસરિતા એવી પ્રચંડ રહી કે સૌને દયાના દરિયા જ રેલાઈ રહેલા અનુભવાયા.

ભગવાન ન રાખીએ તો ખાલીખમ

તા. ૧૨/૭ની સવારે 'હયાત રિજન્સી' હૉટલના સભાગૃહમાં પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ જેક્સનવીલના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી અમેરિકામાં વધુ એક તીર્થ ઉમેરી આપ્યું.

ત્યારબાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે આજની સાંજથી શરૂ થતી યુવા-યુવતી શિબિર માટે જુદાં જુદાં મંદિરોમાંથી સંતો આવવા માંડ્યા. તે ક્રમમાં હ્યુસ્ટનનો સંત-સંઘ આવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'હ્યુસ્ટનમાં બધું કેમ ચાલે છે ?'

'આપના ગયા પછી કાગડા ઊડે છે.'

'એમ ન કહેવાય. મહારાજ સાક્ષાત્ બેઠા છે એટલે ભર્યું-ભર્યું જ કહેવાય. ઘંટ-નગારાં વાગે છે, હરિભક્તો દર્શને આવે છે, એટલે ખાલી ન કહેવાય.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા :

'આપણે પણ એવું જ રાખવાનું ! આ તો થોડું-ઘણું થાય તોય મૂંઝાઈ

જવાય; પણ હિંમત રાખવી. મહારાજ આપણી સાથે જ છે. આપણે ખાલી છીએ જ નહીં, ભરેલા જ છીએ. ભગવાન ન રાખીએ તો ખાલીખમ.'

આત્મબુદ્ધિનો અર્થ

તા. ૧૨/૭ની સાંજથી આરંભાયેલી યુવા-યુવતી શિબિરમાં ઉપસ્થિત ૨,૫૫૬ શિબિરાર્થીઓને આજના પ્રથમ સત્રમાં થયેલા સ્વામીશ્રીના શાનદાર પ્રવેશે અલૌકિક અનુભવમાં ગરકાવ કરી દીધા. તેની વચ્ચે દીપપ્રાગટ્ય થતાં જ 'પ્રસંગમ્' વિષય આધારિત ત્રિદિવસીય શિબિરનો વિધિવત્ પ્રારંભ થઈ ગયો. તેમાં આજે સ્વામીશ્રીના વક્તવ્ય પૂર્વે તેઓએ યોગીજી મહારાજની અનુવૃત્તિ સમજી ગોંડલમાં જ યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ઊજવવા અંગે ઝીલેલી ઝીંક વીડિયો દ્વારા રજૂ થઈ.

તેના અંતે પ્રવક્તાએ પૂછ્યું: 'બાપા! યોગીજી મહારાજ વિષેના આપના જોડાણની ઝાંખી અમે કરી. સત્પુરુષ સાથે આવી આત્મબુદ્ધિ અમે કેવી રીતે કરી શકીએ?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં પૂર્વે સ્વામીશ્રીએ સૌને આવકારતાં કહ્યું: 'આજે બધા યુવકો આવી ગયા છે ને ઉત્સાહ પણ ઘણો દેખાય છે. બાકી આવી ઉંમરમાં તો અત્યારે ક્યાંય પાર્ટીઓમાં આનંદ કરતા હોય. ત્યાં બધાં ભેગાં થાય એમાં આત્મબુદ્ધિ બહુ થાય...'

સ્વામીશ્રીના આ મર્મથી સમગ્ર શિબિર હસી પડી. એ હાસ્યરસમાં તરબોળ સૌને આત્મબુદ્ધિનો અર્થ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આ યુવક મંડળમાં તમે આવ્યા તો અત્યારે જોગી મહારાજ અક્ષરધામમાં બહુ રાજી થતા હશે કે 'અહોહો... મારા યુવકો આવ્યા!', કારણ કે એમણે આપણને પોતાના માન્યા છે, તો એમના આદેશ જીવનમાં દૃઢ કરવા. આપણને ગમે કે ન ગમે. ગમતું તો નથી જ, પણ ગમાડવાનું છે. મનની વાતને ઠેસ મારીને પણ એ કામ કરવાનું છે. 'આ મારાથી થશે કે નહીં થાય?' એય નહીં. ગમે તે આજ્ઞા થઈ હોય તોય પળાય. ત્યાં જઈને મૃત્યુ થવાનું હોય તોય જવાનું. કારણ? મરીને અક્ષરધામમાં જવાના છીએ. એની એક આજ્ઞા પળશે તો ભગવાનના ધામમાં જવાશે.

ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના વચને વાળંદની ક્રિયા કરી. આપણે તો તરત 'No... No... No... (ના... ના... ના...)' કહી દઈએ. મને

ન ફાવે. 'No' શું ભલા'દમી! ઘરનું કામકાજ ફાવી જાય છે તો આ કેમ ન ફાવે? આત્મબુદ્ધિનો અર્થ જ એ છે કે કોઈ જાતનો સંશય નહીં. એમના વચનમાં નહીં, એમના કાર્યમાં નહીં, એમની ક્રિયામાં નહીં. જે કહે તે! એમનો જે વિચાર છે એ પ્રમાણે જ આપણે સત્સંગ થાય. બીજો રસ્તો જ બંધ.

ભગતજીને આ વિચાર હતો તો સત્સંગમાં ભગવાન જેવા થઈને પૂજાયા. જોગી મહારાજને આવા વિચાર હતા. એ તો ભગવાન જેવા પુરુષ હતા, પણ આપણે એમાંથી ગુણગ્રહણ કરીશું તો બેડો પાર થઈ જશે.

સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ એટલે એ જે કહે એ પ્રમાણે, એમની રુચિ પ્રમાણે થાય. એવી આત્મબુદ્ધિ કરીએ તો આત્માનાં દર્શન થયાં કહેવાય. આપણો આત્મા કોણ છે? સત્પુરુષ, તો એ આત્માનાં દર્શન થયાં કહેવાય, પણ આમ આંખ્યો મીંચીને બેસી રહે તો માંહી તો અંધારું દેખાય. આ આપણો સિદ્ધાંત સમજવાનો છે.

સત્પુરુષને વિષે જો બરાબર તમારી પ્રીતિ હશે તો બધું સવળું પડશે. આત્માનાં દર્શન કરવા હોય તો આંખો મીંચીને દેખાશે નહીં. તપ, વ્રત, દાન, યજ્ઞ કરો પણ એમાં નહીં દેખાય. સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ થઈ તો એમાં શ્રીજીમહારાજનાં દર્શન થઈ ગયાં. આ વાત સમજીશું તો જ્યાં જાવ ત્યાં તમને આનંદ. મોટાપુરુષ વિષે આપણે આત્મબુદ્ધિ કરીએ તો આપણું કામ થઈ જાય છે. એટલે અહીં પૈસા ખર્ચીને ભેગા થયા છીએ, શિબિરમાં આવ્યા છીએ તો સંસ્થામાં મરજી જાણીને સેવા કરવાની. આ સંસ્થા આપણી છે તો આપણા કોઈ પણ વિચારો જુદા ન પડવા જોઈએ અને નુકસાન થાય એવાં વાણી-વર્તન ન હોવાં જોઈએ. એટલે બધાએ વાત કરી છે, ને મેંય આવડી એવી વાત કરી છે. માટે બધાને આશીર્વાદ છે, જાવ.'

સો વરસનો ઠેલ આપણે મારવાનો છે

તા. ૧૩/૭ની સાંજે યોજાયેલા શિબિરસત્રમાં રજૂ થતી પ્રત્યેક પ્રસ્તુતિ શિબિરાર્થીના રોમ-રોમમાં સંસ્થાના ભવ્ય વારસાને સીંચી રહેલી. તેની સાથે 'આપણે આ અદ્‌ભુત વારસાના વાહક છીએ'ની સભાનતા પણ સૌને મળે તે રીતે રજૂઆતો આકાર પકડતી હતી.

જવાબદારીની આ ભાવનાને સંકોરતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આજે આપણને જે વારસો મળ્યો છે એની વાત કરવાની છે. આ

સામાન્ય વાત નથી, નક્કર વાત છે. આપણે આમાં હોમાઈ જઈશું તો આપણને અક્ષરધામની મોટી પ્રાપ્તિ મળે એમ છે. આપણને આ જ્ઞાન - સત્સંગ મળ્યાં છે એ સાચી વાત છે ને એને માટે આપણે બલિદાન આપવાનું છે. જેણે સહન કરીને પણ અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન છડેચોક કર્યું છે એ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને એમના સંતો-ભક્તોનો વારસો આપણે સાચવવાનો છે. એ વારસો સાચવીશું તો આથી હજી મોટો સત્સંગ સો વરસે થશે. સો વરસનો ઠેલ આપણે મારવાનો છે. આપણે કંઈ બેસી રહેવાનું નથી.

એમણે જો સો વરસનો ઠેલ માર્યો છે તો એય આપણે બધા આનંદ-પ્રમોદથી જ્ઞાન કરીએ છીએ. તો આપણે એવું જીવન જીવીએ, એવી રીતનું આપણું કાર્ય થાય કે જેથી કરીને આવા હજારો, લાખો થઈ જાય ને સો વરસ સુધી ઠેલ વાગી જાય. મડદાં થઈને બેસી રહેવાનું નથી કે 'મારાથી કંઈ ન થાય.' શું ના થાય? આપણે કોના પુત્રો છીએ? શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના છીએ. વારસો આપણો એ છે.

આપણે ખોટી વાતનો પ્રચાર કરવાનો નથી. ખોટી વાત આપણને મળી પણ નથી. કોઈને બનાવટ કરી છેતરવા નથી. ખટપટ કરીને આપણે કંઈ બીજો લાભ લેવો નથી. આપણે મહત્તા મેળવવી નથી કે 'મેં આ કર્યું ને હું આ કરીશ.' આપણે તો બધાના દાસ, સેવક થઈને જ કામ કરવાનું છે. જુદા ચોકા કરવાની આપણે જરૂર નથી. આપણે તો આની અંદર હોમાયા એટલે હોમાયા જ. આપણા માટે ગમે એટલું બોલે, પણ આપણે તો સેવા કરવી છે. શાસ્ત્રીજી મહારાજને કેટલું સહન કરવું પડ્યું છે! છતાં એમણે કોઈનું ખરાબ થાય તેવું કર્યું નથી. એકબીજાના અવગુણ ગાવાથી કોઈ દા'ડો વૃદ્ધિ-વિકાસ થાય જ નહીં એ સમજી રાખો. વારસાની વાતો કરીએ છીએ તો એ વારસો કેમ સાચવવો? ઉગ્ર ન થવું તો વારસો સાચવ્યો કહેવાય. જેમ બાપની મિલકતનો સારો ઉપયોગ કરો તો તે મિલકત સાચવી કહેવાય. તેમાં તમારી પ્રતિષ્ઠા વધે.

અત્યારે પણ આપણા એવા ઘણા હરિભક્તો છે જેમની પાસે કંઈ ન હોય તો પણ સેવા કરે છે. સત્સંગમાં અપમાન થાય તો પણ કંઈ નહીં. કોઈ ઇચ્છા, અપેક્ષા નહીં. ગઢડામાં પર્વતભાઈને સાત દિવસ સુધી ખાવાનું પૂછ્યું નહીં, છતાં એમને મૂળજી બ્રહ્મચારીનો અવગુણ નહીં, લાડુબા-જીવુબાનો અવગુણ નહીં. મહિમા, મહિમા ને મહિમા. આપણા સત્સંગની આ અસ્મિતા છે. એ વારસામાં આપણે બેઠા છીએ. મેં કહ્યું ને કે સો વરસની ઠેલ

એવી મારવી છે કે આ બધું ધમધોકાર ચાલે. આપણા જીવનથી, વર્તનથી, સહનશીલતા ને નમ્રતાથી, સંપ-સુહૃદભાવ ને એકતાથી. આ સિદ્ધાંતો રાખીને કાર્ય કરીશું તો કોઈ સત્તા કે કોઈ શક્તિ આપણને કંઈ કરી શકવાની નથી એ નિશ્ચિત વાત છે.''

પાછલાં સો વર્ષોનો આધાર લઈને આગામી સો વર્ષો સુધીનું સ્વામીશ્રીએ આપેલું આજનું દિશાદર્શન ખૂબ વેધક હતું. તે સાંભળી સૌ શિબિરાર્થી બી.એ.પી.એસ.ના અણનમ યોદ્ધાની કક્ષામાં આવી ગયા.

પ્રેમ એનો તો અદ્‌ભુત લાગે

''સન ૧૯૮૦માં જ્યારે સ્વામીશ્રી બોસ્ટનમાં હતા ત્યારે તેઓએ જ મારું નામ પાડેલું. પરંતુ કૉલેજમાં જતાં મને કુસંગનો રંગ ચડી ગયો. ભણવામાં પણ ડલ (મંદ) થઈ ગયો. તેથી મને થયું કે 'સ્વામીબાપાની આજ્ઞા ન પળાઈ એટલે હવે અક્ષરધામમાં નહીં જવાય.' એક વાર મારી આ મૂંઝવણ મેં સ્વામીબાપાને કહી, ત્યારે તેઓ બોલ્યા: 'હવે બધું ભૂલી જા. એમ માન કે નવો જન્મ થયો છે. સારી રીતે ભણવાનું રાખ.' સ્વામીશ્રીનું આવું વહાલભર્યું વર્તન જોઈ હું તદ્દન હળવો થઈ ગયો. ફરીથી સત્સંગના માર્ગે આગળ વધવા લાગ્યો. ભણ્યો પણ સારી રીતે.''

તા. ૧૪/૭ની સાંજે યોજાયેલા શિબિરસત્રમાં સ્વામીશ્રીની ઉદારતાનો આ અનુભવ જ્યાં એક યુવાને વાગોળ્યો ત્યાં જ શ્રી કેદાર ઠક્કરે સ્વામીશ્રીના પ્રેમનું એક નૂતન પ્રકરણ ઉઘાડતાં કહ્યું: 'હું ભણ્યા પછી નોકરી કરવા અમેરિકા આવ્યો ત્યારે અહીં મારાં કોઈ સગાં નહોતાં, પરંતુ સ્વામીશ્રીએ માતા-પિતાની જેમ મને સાચવી લીધો. મારાં લગ્નની ચિંતા પણ તેઓએ કરી. ભરૂચના મંદિરની પ્રતિષ્ઠા વખતે લગ્ન ગોઠવવાનાં હતાં ત્યારે મેં ફોન કર્યો, તો સ્વામીશ્રીએ જણાવ્યું: 'તું ચિંતા કરતો નહીં. સાત દિવસ પહેલાં આવજે. બહુ વહેલા આવવાની જરૂર નહીં. બધી જ વ્યવસ્થા અમે કરી દઈશું. મહેમાન થઈને જ આવજે. મીંઢળ હું બાંધી આપીશ.'

આટલું કહેતાં ગળગળા બની ગયેલા આ યુવાનનો કંઠ રૂંધાય તે પહેલાં ડલાસના શ્રી હરિ પટેલે બાજી સંભાળી લેતાં વાત માંડી કે ''અમે હમણાં દક્ષિણ ભારતમાં સ્વામીશ્રીનો લાભ લેવા માટે ગયા હતા. સ્વામીશ્રીએ અમને જોતાં જ પૂછ્યું: 'જમ્યા?' અમે વાત ટાળવા 'હા' પાડી દીધી. ત્યારે

બાપા બોલ્યા: 'અત્યારે જમ્યા? એમ પૂછું છું.' અમે જમ્યા નહોતા તે તેઓ વગર કહ્યે જાણી ગયા અને સંતોને કહેવા લાગ્યા: 'આવા નવા આવ્યા હોય એને કંઈ ખબર ન હોય. એની ચિંતા તમારે કરી લેવી જોઈએ.' આ જોઈ અમે બાપાને કહ્યું: 'આપ અમારી આટલી બધી ચિંતા કેમ કરો છો?' ત્યારે બાપાએ જણાવ્યું: 'તમારા ઘેર કોઈ સગાં આવે તો તમે ચિંતા ન કરો? એમ આ પણ કુટુંબ છે. સગાં-સ્નેહી માન્યાં છે. આ તો પ્રેમ છે.''

સ્વામીશ્રીના આવા પ્રેમના પ્યાલા પીનારા આ યુવાશિબિરમાં ઘણા હતા. તેમાંના એક શ્રી પ્રકાશ પટેલ ગદ્‌ગદ સ્વરે બોલવા લાગ્યા કે ''મારા ભાઈએ સાધુ બનવાનું નક્કી કરતાં હું મૂંઝાયો કે 'ઘરમાં એકલો હું શું કરીશ?' તેથી ભાઈને લઈને પિતા શ્રી જયંતીભાઈ સ્વામીશ્રી પાસે ગયા ત્યારે હું ભેગો હતો. તે વખતે સ્વામીશ્રીએ અંતર્યામીપણે મને કહ્યું: 'તું ચિંતા કરતો નહીં. તારાં માતા, પિતા ને ભાઈ તરીકે હું રહીશ.''

આમ, યુવાનોના મુખેથી સર... સર... સરી રહેલી પ્રસંગમાળાનો એક-એક મણકો સ્વામીશ્રીના પ્રેમનો પરિચય આપતો રહ્યો. તેની સાથે શિબિરની આ છેલ્લી સભાએ 'અમેરિકા જેવા દેશમાં દસ દિવસના સમયગાળા દરમ્યાન ૮,૦૦૦ બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવા-યુવતીઓ શિબિર ભરવા શા માટે દોડી આવ્યાં?' – આ અચરજનો જવાબ પણ આપી દીધો.

વળી, 'વૈભવથી ફાટ-ફાટ થતા આ દેશમાં ઊછરતી સત્સંગની ઊગતી પેઢી તપસ્વી જીવન કેવી રીતે ગાળી શકે છે? આછકલાઈથી છલકાતી આ ભૂમિ પર સત્સંગની નવી પેઢી સંયમી શી રીતે રહી શકે છે? જ્યાં-ત્યાં સ્વચ્છંદતાની છડી પોકારતા અહીંના વાતાવરણમાં સેવા-શિસ્તની સુગંધ પ્રસરાવતાં યુવાપુષ્પો કેવી રીતે ખીલે છે?' – જેવા કંઈક વિસ્મયનો ઉકેલ પણ શિબિરની આ અંતિમ સભાએ લાવી દીધો.

વફાદારી એટલે દિવ્યતા

સ્વામીશ્રીની સહાનુભૂતિ અને સ્નેહાનુભૂતિથી તરબતર થયેલું શિબિરનું અંતિમ સત્ર કોઈ અલૌકિક દિવ્યતામાં સરી પડેલું. તેથી કૃતજ્ઞતા અને કૃતાર્થતાથી ઊભરાઈ આવેલાં એ પ્રત્યેક યુવા હૈયાં પર અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''તમામ યુવકોની પણ જય! આજે છેલ્લો દિવસ છે. કાલે સૌ-સૌને

ત્યાં વિદાય. કાર્ય છે એટલે જવું જ પડે, પણ ભંભલી ભરીને સાથે લઈ જવી. આ ભંભલી ભરી હોય તો જીવનના અંત સુધી આપણને શાંતિ આપે. અહીં જ્ઞાન મળ્યું છે તો વારંવાર સંભાર્યા કરવું. મુશ્કેલી-મૂંઝવણો ભૂલી જવા માટે આ પ્રસંગો યાદ કરીએ. સત્સંગમાં આવ્યા છીએ તો વફાદારીથી કામ કરવું. વફાદાર તરીકે સત્સંગ કરવો. એક જ ધ્યેય રાખવાનો છે કે એ કહે 'ઊઠ' તો ઊઠવું ને 'બેસો' તો બેસવું. બીજો કાંઈ સંકલ્પ થવો ન જોઈએ. વફાદારી એટલે દિવ્યતા.

શાસ્ત્રીજી મહારાજ સાધુને એક વખત કોઠારી બનાવે ને એક વખત ભંડારી બનાવે ને એક વખત પૂજારી બનાવે ને એક વખત ખેતરમાં મોકલીને ખેતી કરાવે. અલ્યા ભ'ઈ! હું કોઠારી હતો ને! કોઠારી તો ખરા, પણ સેવક જ છીએ. મોટાપુરુષનો સિદ્ધાંત આ! હરતાં-ફરતાં, ખાતાં-પીતાં અંતર્દૃષ્ટિ જ રાખવી કે 'મારે બ્રહ્મરૂપ થવું છે, હું આત્મા છું.' એટલા માટે આ આયોજન છે, શિબિરો છે, મંદિરો છે, સત્સંગ છે.''

આ દીક્ષાંત પ્રવચનને શૌર્ય ગીતની સંગત સાંપડતાં સૌ શિબિરાર્થીઓની નસેનસમાં શિર સાટે સત્સંગ કરવાની ખુમારી દોડવા માંડી. તેની ગતિ લોહી કરતાં પણ વધુ હોવાથી સૌ ઊછળવા લાગ્યા.

આ ઉત્સાહ વચ્ચે શિબિર સમાપ્ત કરી સ્વામીશ્રી સભાગૃહની બહાર આવ્યા ત્યાં કેટલાક યુવકો ખભે ધૂંસરું લીધું હોય એવા ભાવથી હાથમાં દોરડું લઈ ઊભેલા. તેઓ સ્વામીશ્રી આવતાં જ બોલ્યા: 'બાપા! અમે સૌ આપના બળદિયા છીએ.'

'બળદિયા થવું સહેલું નથી.' આ શબ્દો દ્વારા વાસ્તવિકતા સમજાવી સ્વામીશ્રીએ જણાવ્યું: 'બળદિયાને મનધાર્યું ન થાય. No શંકા, No આર્ગ્યુમેન્ટ (દલીલ)! તો બળદિયા. મોળી વાત કરવી નહીં ને સાંભળવી નહીં. કાયમ તત્પર રહેવું, તો બળદિયા.'

બળદના ગુણધર્મની આ સંક્ષિપ્ત સમજમાં સમગ્ર શિબિરનો સાર સમાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી અત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સત્સંગ શિક્ષણ પરીક્ષાનો અહેવાલ આપતાં કાર્યકર શ્રી વિનુભાઈ પટેલે જણાવ્યું: 'બાપા! આ પરીક્ષાનું કામ નેવાનું પાણી મોભે ચડાવવા જેવું છે. આ વર્ષે ૬૫% પરિણામ આવ્યું.'

'તોયે આપણે નિરાશ ન થવું. પ્રયત્ન ચાલુ રાખવો. ૬૫% પાસ થયા

એ તો બરાબર છે, પણ હું તો કહું છું કે ૨૫% પાસ થાય તોય મંડ્યા રહેવું. જેમ ડૉક્ટર થવું, એન્જિનિયર થવું એમાં ઉત્સાહ રહે છે એમ આ પણ મોટામાં મોટી ડિગ્રી છે. અક્ષરધામમાં જવાની ડિગ્રી છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ મહિમા અને શ્રદ્ધા સાથે વિચરતા તેઓએ શિબિર દરમ્યાન રખાયેલા નિવાસીસ્થળ 'હયાત'ની હયાતીને સાર્થક કરી તા. ૧૫/૭ની સાંજે અહીંથી વિદાય લીધી અને જેક્સનવીલના નૂતન મંદિરે પધાર્યા.

અત્રે મૂર્તિઓની આરતી ઉતારી સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે ટોરોન્ટો આવી પહોંચ્યા.

વિદેશી વરિષ્ઠોના મિત્ર અને માર્ગદર્શક

ટોરોન્ટોના પીઅર્સન ઍરપોર્ટ પર ઉતરાણ કરી સ્વામીશ્રી નવનિર્મિત શિખરબદ્ધ મંદિરના આંગણે પધાર્યા ત્યારે ૧૫૨ X ૧૦૮ X ૭૨ ફૂટનું પરિમાણ ધરાવતા આ મંદિરમાં વપરાયેલા ૯૫,૦૦૦ ઘનફૂટ પથ્થરનો એક-એક કણ નાચી ઊઠ્યો. માતાને જોતાં સંતાનને હર્ષ કેમ ન થાય! મંદિરની સાથે હરિભક્તોની પણ આ જ સ્થિતિ બની રહી.

આવા હર્ષોલ્લાસ વચ્ચે તા. ૧૬/૭ના રોજ ઊજવાયેલા રથયાત્રાના ઉત્સવ બાદ આવેલી તા. ૧૭/૭ની સાયંસભાના અતિથિવિશેષ તરીકે શ્રી બોબ કપ્લાન હતા. દુનિયા તેઓને કેનેડાના પૂર્વ સોલિસિટર જનરલ તરીકે ઓળખે, પણ સ્વામીશ્રીના મનમાં તેઓનો પરિચય કંઈક આવો: 'જ્યારથી મળ્યા ત્યારથી મુમુક્ષુ જ લાગે છે. સંસ્કારી જીવ આવી ગયા છે. સત્સંગી હોય એવા ભાવથી અહીં આવે છે.'

સ્વામીશ્રી વિષે શ્રી કપ્લાનને પણ આગવો લગાવ. જાહેર-સભામાં તેઓ 'પ્રમુખસ્વામી મારા મિત્ર જ નહીં, માર્ગદર્શક પણ છે' એમ કહે. આ વાત આજે સ્વામીશ્રીને જણાવતાં તેઓ બોલ્યા: 'આપનો પ્રભાવ મારા અંગત જીવનમાં પણ એટલો જ છે.' તે પછી તેઓએ સ્વામીશ્રીની ખેવના કરતાં કહ્યું: 'આ ઉંમરે આપ કેનેડા પધાર્યા. આપનું સાહસ બહુ મોટું છે. તમારા પ્રતાપથી આ બધું થાય છે.'

'ભગવાન પ્રેરણા આપે છે. આપણે તો ઈન્સ્ટ્રુમેન્ટ (સાધન) છીએ.'

'હજાર વર્ષ સુધી આપનું આ મંદિર રહેવાનું છે, તો ભાવિ પેઢી માટે આપ પણ આ પૃથ્વી પર એટલું રોકાવ.'

'એ તો ભગવાનના હાથની વાત છે. એમને જેમ રાખવા હોય એમ રહેવાનું છે. ભગવાન તો અનેકની પાસેથી કામ લઈ શકે છે ને!' સ્વામીશ્રીએ જણાવ્યું.

ટોરોન્ટોમાં ૨૩ એકરની ભૂમિ પર ફક્ત ૧૮ જ મહિનામાં ગગનચુંબી મંદિર ખડું કરી દેનારા તેઓનો આ એક-એક શબ્દ નમ્રતાથી નીતરી રહ્યો. તેથી ભીંજાયેલા શ્રી કપ્લાને આજની સભામાં સ્વામીશ્રી દ્વારા નિર્માણ પામેલા અહીંના મંદિરને This mandir is a miracle – આ મંદિર એક ચમત્કાર છે – કહી વધાવ્યું.

વાસ્તુ, યજ્ઞ અને નગરયાત્રાની ત્રિવેણી

તા. ૨૦/૭ની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીના વરદહસ્તે નૂતન મંદિરનાં શિખરો પર સ્થપાનારા કળશ અને ધજાદંડનાં પૂજન થયાં. તે પછી તેઓ અલ્પાહાર ગ્રહણ કરી મંદિરનું નિરીક્ષણ કરવા પધાર્યા ત્યારે આજની સવારે જ થયેલા વાસ્તુપ્રવેશના વિધિની નિશાનીઓ ઠેર ઠેર દૃષ્ટિગોચર થતી હતી. તેની સાથે નાગરાદિ શૈલીના આ સાંધાર મંદિરની[૪] વિશેષતાઓ પણ સૌની નજરે ચડવા માંડી.

ટર્કીના ૨,૬૩૮ ટન લાઈમ સ્ટોનની સાથે ૨,૨૬૦ ટન કરારા માર્બલ અને ૧,૪૮૭ ટન ગુલાબી પથ્થરના ત્રિવેણી સંગમે ખીલેલા આ પદ્મપુષ્પ સમા મંદિરમાં અત્યારે તો ચારેકોર ધમધોકાર કામ ચાલી રહેલું. ૫૦ ગ્રામથી માંડી ૫.૬ ટન વજન સુધીના ૨૪,૦૦૦ પથ્થરોમાંથી નિર્મિત આ મહાલયનાં ૪ સામરણ, પાંચ શિખરો, ૧૨ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, કલાત્મક ૮૬ છત, ૧૩૨ તોરણ અને ૩૪૦ સ્તંભો વગેરેને સુશોભિત કરવાનો ઉદ્યમ પણ ઉમંગભેર ચાલતો હતો. તેમાં બાળકથી લઈને બુઝુર્ગ સુધીના સૌ મંડી પડેલા. તેમાંના જેઓ પાસેથી સ્વામીશ્રી પસાર થાય ત્યાં જેમ ઘી મળતાં જ્યોત વધુ પ્રજ્વલિત થઈ ઊઠે તેમ સેવાની મશાલ વધુ ઊંચે ચઢતી જણાતી. આ રીતે સૌને પ્રેરણા આપતા સ્વામીશ્રી મંદિર બાદ મધ્ય મંડપની બરાબર નીચે સર્જાયેલા ઇન્ડો-કેનેડિયન સાંસ્કૃતિક પ્રદર્શનમાં દૃષ્ટિ કરી ઉતારે પરત પધાર્યા.

અત્રેથી તેઓએ તા. ૨૧/૭ની સવારે ૫૦,૫૮૫ ચો.ફૂ.ની યજ્ઞશાળામાં

---

૪. સાંધાર એટલે જેની પરિક્રમા, ગર્ભગૃહ, મધ્યમંડપ, પ્રવેશમંડપ બંધ દિવાલોથી સુરક્ષિત હોય તેવું મંદિર.

પદાર્પણ કર્યું ત્યારે તે યજ્ઞભૂમિ ૧૫૧ કુંડોની ફરતે બેઠેલા ૧,૪૦૧ યજમાનોથી ભરચક હતી. કેનેડાની ધરતી પર પ્રથમ વાર જ યોજાઈ રહેલા આવા વિશાળ યજ્ઞમાં મૂર્તિપૂજન કર્યા બાદ સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણા જીવમાં સત્સંગ દૃઢ થાય ને આપણાં કાર્યોમાં સફળતા મળે એ માટે આ વિશ્વશાંતિ યજ્ઞ છે. આ યજ્ઞ 'મારું ભલું થાય' એવું નહીં, આખી દુનિયાનું ભલું થાય એના માટે છે. આ યજ્ઞમાં કોઈ નજીક બેઠા, કોઈ દૂર બેઠા, પણ દરેકને ફળ સરખું મળવાનું છે. વેદના મંત્રો તો સમજાતા નથી, પણ એનો અવાજ સંભળાય તોય આપણું કલ્યાણ છે. એટલે સમજાય - ન સમજાય એની ચિંતા ન કરવી. દૂર બેઠા છો એની ચિંતા ન કરવી. આપણા ઇષ્ટદેવ તો આપણી ભક્તિને વશ છે.'

સ્વામીશ્રીના આ શુભાશિષ સાથે શરૂ થયેલા મહાયજ્ઞની અગ્નિ-શિખાઓથી કેનેડાની ઠંડી આબોહવા હિંદુસ્તાની હૂંફ અનુભવી રહી. તેને આજની સાંજે યોજાયેલી નગરયાત્રાએ ભારતીય રંગોથી રસબસ કરી.

ટોરોન્ટોના યુનિવર્સિટી એવન્યૂથી ચાર વાગ્યે સરકવા માંડેલી આ શોભાયાત્રા શહેરના શાંત વિસ્તાર તરીકે ઓળખાતી હૉસ્પિટલોને પાર કરી મેટ્રો હૉલ, જીવન વીમા સંકુલ, સીઓટીઆ બેંક, સી.આઈ.બી.સી. બેંક વગેરે વિસ્તારોને પાવન કરતી છ વાગ્યે વિલિંગ્ટન સ્ટ્રીટમાં વિરમી ત્યાં સુધી ટોરોન્ટોના રાજમાર્ગો પર વિવિધ વાદ્યો ગુંજતાં રહ્યાં. તેથી અવની-આકાશ ગાજી ઊઠ્યાં. તેની સાથે મયૂર રથ, સિંહ રથ, હંસ રથ, કુંભ રથ, ગજ રથ અને શતાબ્દી રથમાં વિરાજિત મૂર્તિઓની શોભા સહિત ચાર હજારની ભક્તમેદનીનો ઉત્સાહ અને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના અશ્વારોહી અધિકારીઓ, નર્તનરત બાળવૃંદ, કળશધારી મહિલાસંઘ વગેરેનો ઉમંગ ભળતાં નગરયાત્રાનો નયનરમ્ય નજારો જામી ગયો. વળી, ચાલીસ દેશોના તથા બી.એ.પી.એસ.ના ધ્વજ ફરકાવતા ભક્તો, સંગીતજ્ઞ સંતોની રમઝટ, બૅન્ડ અને બેનરધારી યુવકો ઇત્યાદિ જોઈ આ અવસરે ઉપસ્થિત સ્થાનિક મંત્રી-મહાનુભાવો હરખાઈ ઊઠ્યા. શહેરનો વાહન-વ્યવહાર તો સ્થગિત જ થઈ ગયો.

કેનેડાના શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૨૨/૭/૨૦૦૭, વિ.સં. ૨૦૬૩, આષાઢ સુદ ૮, રવિવારની

સવારે ટોરોન્ટોના નવનિર્મિત મંદિરનો ઘુમ્મટ વૈદિક મંત્રોચ્ચારથી ગુંજી ઊઠ્યો ત્યારે તેમાં સંસ્કૃતિના ઉપાસકોને હિંદુ ધર્મનું ગૌરવગાન સંભળાયું, તો સત્સંગીઓને સ્વામીશ્રીનાં સેવા અને શ્રમનું સંગીત. જે જાણકારો હતા તે આ મંદિરના પ્રત્યેક સ્તંભ તથા શિખરમાંથી સરતી સત્સંગીઓના સમર્પણની સુરીલી સરગમ માણી ડોલી ગયા, તો આ પ્રસંગે આવી રહેલા કેનેડાના વડાપ્રધાનની સુરક્ષા જાળવનારા અધિકારીઓને વેદની ઋચાઓનો ધ્વનિ મુગ્ધ કરી રહ્યો.

આ રીતે પ્રતિષ્ઠાનો પૂર્વવિધિ ૫૦૦ યજમાનોની ઉપસ્થિતિમાં સંપન્ન થયા બાદ વડાપ્રધાનની સલામતીના કારણસર આ હરિભક્તોએ ઘુમ્મટમાંથી ઊભા થઈ સભાગૃહમાં સ્થાન લીધું. તે પછી આરંભાયેલા ઉત્તરવિધિમાં ચિત્રા નક્ષત્ર, સિદ્ધિ યોગ તથા વિષ્ટિ કરણની ત્રિવેણીના સંગમે સ્વામીશ્રીએ પોતાના જમણા હાથે ગર્ભગૃહનાં નકશીદાર દ્વાર ખોલ્યાં. તે ઘડી તુલા રાશિમાં સ્થિર ચંદ્ર, કર્ક રાશિમાં સ્થિત સૂર્ય અને વૃશ્ચિક રાશિમાં ઘૂમતા ગુરુને મન પણ ભાવી ગઈ. આવા માંગલિક નક્ષત્રયોગમાં યંત્રપાલખી પર બિરાજેલા સ્વામીશ્રી દ્વારા પ્રતિષ્ઠાનો શેષ વિધિ સંપન્ન થવા માંડ્યો. તે ક્રમમાં તેઓએ સવા દસ વાગ્યે મૂર્તિઓના વક્ષઃસ્થળ પર અંગૂઠાના સ્પર્શ સાથે પ્રાણ પૂર્યા ત્યારે સંસ્થાની શતાબ્દીએ આ પ્રથમ શિખરબદ્ધ મંદિર જીવંત થઈ ઊઠ્યું.

આ ઐતિહાસિક પળને સભામંડપમાં બેઠેલા તેર હજાર ભક્તોએ તથા વિશ્વભરના ૧૫૨ દેશોમાં જીવંત પ્રસારણ જોઈ રહેલા લાખો ભાવિકોએ પ્રચંડ હર્ષનાદથી વધાવી લીધી. તેની વચ્ચે ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, નીલકંઠવર્ણી, રાધા-કૃષ્ણ ભગવાન, રામ પરિવાર, શિવ પરિવાર તથા ગુરુ-પરંપરાની આરસની પ્રતિમાઓમાં પણ પ્રાણ પ્રતિષ્ઠિત થઈ ગયા.

આ અવસરમાં સહભાગી થવા ૧૦:૪૫ વાગ્યે કેનેડાના વડાપ્રધાન શ્રી સ્ટિવન હાર્પર આવી પહોંચ્યા. દક્ષિણ અમેરિકાનો પોતાનો કાર્યક્રમ ટૂંકાવીને ઉપસ્થિત થયેલા તેઓના સ્વાગતમાં સંસ્થાના યુવાનોએ બૅન્ડની સૂરાવલિ છેડી. તેની સાથે ભારત, કેનેડા તથા વિવિધ દેશોના ધ્વજ લહેરાવ્યા. આ દૃશ્ય જોઈ ગદ્‌ગદિત થયેલા વડાપ્રધાન ઓન્ટારિયોના પ્રીમિયર (મુખ્યમંત્રી), ટોરોન્ટોના મેયર અને ભારતીય રાજદૂત સાથે લાલ જાજમ પર ડગ દેતાં મંદિરનાં પગથિયાં ચઢી ઉપર આવ્યા ત્યાં જ તેઓ મંદિરના વિશ્વકર્મા સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન પામ્યાં. આ સમયે સ્વામીશ્રીનાં તેજ અને તાજગીથી

અંજાયેલા વડાપ્રધાન બોલી ઊઠ્યા: 'માન્યામાં નથી આવતું કે પ્રમુખસ્વામી ૮૬ વર્ષના છે!'

આ રીતે ચકિત થયેલા શ્રી હાર્પરને આવકારતાં સ્વામીશ્રીએ તેઓને પુષ્પહાર પહેરાવી નાડાછડી બાંધતાં કહ્યું: 'આ પરસ્પર પ્રેમ અને સદ્‌ભાવનું પ્રતીક છે.' આ જ રીતે તેઓએ અન્ય ત્રણ મહાનુભાવોને પણ હાર અને રક્ષાસૂત્રથી સત્કાર્યા.

અભિવાદનના આ ઔપચારિક વિધિના અંતે કેનેડા અને ભારતનાં રાષ્ટ્રગીતો બૅન્ડની સરગમોના સહારે ગુંજ્યાં. તેને આદર આપી સ્વામીશ્રી તથા વડાપ્રધાને દ્વારની જમણી બાજુએ ઊભેલી તકતીનું અનાવરણ કરી મંદિરનાં બંધ દ્વાર ખોલ્યાં. તે જ વખતે નયનગોચર થયેલી મંદિરની કલામયતામાં વડાપ્રધાન ખોવાઈ ગયા. સાડા ત્રણ ટનના આરસપહાણમાંથી કંડારાઈને ઝુમ્મરની જેમ લટકતી મધ્ય ઘુમ્મટની પદ્મશિલા તથા રકાબી આકારના ઘુમ્મટમાં શોભતી શ્રીજીમહારાજની રાસલીલાનાં નાજુક શિલ્પો નીરખતાં શ્રી હાર્પર બોલી ઊઠ્યા: 'અકલ્પનીય! મેં અત્યાર સુધી જોયેલી ઇમારતોમાં સૌથી સુંદર આ છે.'

આ અહોભાવ સાથે મંદિરમાં દર્શન કર્યા બાદ પરિસરના અંગભૂત કાષ્ઠનિર્મિત હવેલીના એક કાર્યકક્ષમાં પહોંચેલા વડાપ્રધાનની મુલાકાત સ્વામીશ્રી સાથે યોજાઈ. અહીં સ્વામીશ્રીએ શ્રી હાર્પરને યશસ્વી કાર્યકાળ તથા કેનેડાની સુખાકારીના આશીર્વાદ સાથે દિલ્હીના અક્ષરધામમાં આવવાનું નિમંત્રણ પાઠવ્યું. આ આમંત્રણ અને આશીર્વાદને સહર્ષ સ્વીકારતાં વડાપ્રધાને કહ્યું: 'આપ અતિશય વ્યસ્ત હોવા છતાં અહીં પધાર્યા તે બદલ અમે સન્માનિત થયા છીએ. આ સ્થાન ફક્ત ટોરોન્ટો માટે નહીં, પણ સમગ્ર કેનેડાનું સીમાચિહ્નરૂપ બનશે. હું આપનું સ્વાગત કરું છું.'

આ ઉષ્માસભર વાર્તાલાપ ખાસ્સો ચાલ્યો. તે વિરમતાં સ્વામીશ્રી અને વડાપ્રધાન સહિત મહાનુભાવો સભામંડપમાં પ્રવેશ્યા ત્યારે ઉપસ્થિત જંગી જનમેદનીનો આવકાર ઝીલતાં શ્રી હાર્પર પુનઃ રોમાંચિત થઈ ગયા. તેઓ સાથે આવેલા મેયર અને મુખ્યમંત્રી પણ આ અનુભવ કરી રહ્યા. તે જ સમયે સ્વાગતના ભાગરૂપે મહાનુભાવોને હારતોરા થયા બાદ સ્વામીશ્રીએ વડાપ્રધાન શ્રી હાર્પર સહિત મુખ્યમંત્રી શ્રી ડાલ્ટન મેગ્વિન્ટી, મેયર શ્રી ડેવિડ મિલર અને રાજદૂત શ્રી આર. લક્ષ્મીનારાયણને સુવર્ણરસિત કળશ ભેટરૂપે ધર્યા.

'અસાધારણ ઈમારત'ની આરતી

પ્રતિષ્ઠા સભામાં સ્વાગતની ઔપચારિકતા બાદ આગળ વધેલા કાર્યક્રમમાં ટોરોન્ટોના મેયર શ્રી મિલરે કહ્યું: 'આ મંદિર ટોરોન્ટોને મળેલું એક અમૂલ્ય નજરાણું છે. તે ટોરોન્ટોના લોકોની વિશિષ્ટ ઓળખાણ આપતું પ્રતીક છે. આ ભવ્ય સ્થાપત્યમાં પ્રવેશતાં જ દરેક વ્યક્તિ એની અદ્‌ભુતતાથી અભિભૂત થયા વગર રહી શકતી નથી.'

આ જ સૂરને સમર્થન આપતાં ઓન્ટારિયોના મુખ્યમંત્રી શ્રી મેગ્વિન્ટીએ ભાવના વ્યક્ત કરી કે 'આજે ટોરોન્ટો, ઓન્ટારિયો અને કેનેડાનું ઉજ્જવળ ભાવિ આ મંદિર દ્વારા પ્રગટ થઈ રહ્યું છે. આપ નામદાર(સ્વામીશ્રી)ને અમારી વચ્ચે ઉપસ્થિત જોવા એ અમારા માટે આનંદ અને ગૌરવનો વિષય છે.' આટલું કહી મુખ્યમંત્રીએ મંદિરને મૅજિક કિંગડમ(જાદુઈ સામ્રાજ્ય)ની ઉપમા આપીને પણ કૃતાર્થતા અનુભવી.

આમ, એક પછી એક મહાનુભાવો સ્વામીશ્રીને બિરદાવી રહેલા ત્યારે તેઓ તો વડાપ્રધાનની બેઠક અંગે ચિંતા કરતા હતા, કારણ કે તેઓએ આટલી વ્યસ્તતામાં પણ શ્રી હાર્પરને બેસવામાં કઠતી પ્રતિકૂળતા નોંધી લીધેલી. તેથી સ્વામીશ્રીએ વડાપ્રધાનની પાછળ ટેકારૂપે તકિયા જેવું મૂકવા કહ્યું. વળી, ગરમી હોવાથી જલપાનની પણ ખેવના કરી. આ બંને વ્યવસ્થાની જરૂરિયાત શ્રી હાર્પર અનુભવી રહેલા. તેથી તેઓને જ્યારે સંતોએ જણાવ્યું કે 'સ્વામીશ્રીએ આપની આ સંભાવના અંગે સૂચના આપી છે', ત્યારે તેઓએ સસ્મિત વદને સ્વામીશ્રીને નિહાળી આભાર વ્યક્ત કર્યો.

આ ભાવ સાથે જ પ્રવચનની પીઠિકા સમક્ષ આવી વડાપ્રધાન શ્રી સ્ટીવન હાર્પરે પોતાના અંતરમાં ઊછળતી લાગણીઓને વાચા આપી કે 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર એ કેનેડા અને ભારતની સાંસ્કૃતિક વિવિધતાની શાખ પૂરે છે. આ અદ્‌ભુત અને આશ્ચર્યજનક હવેલી તથા મંદિર કેનેડાવાસીઓ માટે ગૌરવનું ચિહ્ન અને પ્રેરણાનો સ્રોત બની રહેશે. આ ગૌરવશાળી કાર્યની સંપૂર્ણ સફળતા માટે હું પૂજ્ય સ્વામીશ્રી અને સંસ્થાનો આભાર માનું છું. પોતાની શ્રદ્ધા અને મૂલ્યોની જાળવણી કરતાં કરતાં અન્ય સાથે હળી-મળી રહેનારી આ સંસ્થાની હું કદર કરું છું.'

વડાપ્રધાનનો આ અહોભાવ સ્વીકારતાં સ્વામીશ્રીએ પણ અમૃતધારા

વહાવી કે 'ભગવાનનું કાર્ય સર્વને માટે છે. એટલે આ મંદિરથી અહીંની પ્રજાને પણ ખૂબ લાભ થશે, અહીંની સરકારનું કાર્ય પણ સરળ થશે. પોતાને અક્ષરરૂપ માની પુરુષોત્તમની ભક્તિ કરવા માટે અહીં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ પધરાવી છે. કોઈ ભગવાન થઈ શકતા નથી, પણ સેવક થઈને આપણે ભક્તિ કરવાની છે. આ સિદ્ધાંત અનુસાર અહીં કાર્ય થયું છે. આપણે અહીં આવ્યા છીએ તો અહીંના કાયદાને માન આપીને શાંતિથી રહીએ તો આપણી મોટી સેવા ગણાય.'

આ આશીર્વાદ પામી વડાપ્રધાન સહિત મહાનુભાવો વિદાય થયા. ત્યારબાદ આજના પ્રસંગે ઉપસ્થિત દેશના વિપક્ષ નેતા શ્રી ડીઓનને પણ સ્વામીશ્રીએ શુભાશિષ પાઠવ્યા. મંદિર-સર્જનથી પ્રભાવિત આ અતિથિએ મંદિરને 'સમગ્ર માનવજાતિની દીવાદાંડી' કહી સંતોષ અનુભવ્યો.

મહાનુભાવોના આ ઉદ્‌ગારોનો પડઘો પાડતા હોય તેમ નેશનલ પોસ્ટ, ધ ટોરોન્ટો સ્ટાર, ધ ગાર્ડિઅન વગેરે રાષ્ટ્રીય વર્તમાનપત્રો સહિત ૫૩ દેશી-વિદેશી અખબારોએ 'પથ્થરમાં કંડારાયેલું કેનેડાનું પ્રથમ હિંદુ મંદિર... શાંતિ પમાડતું હિંદુ મંદિર... સૌએ અનુભવવાલાયક એક સ્થળ... જેને નિહાળતાં શ્રદ્ધા અને આકર્ષણ જાગે...' જેવાં મથાળાં બાંધી મંદિરની આરતી ઉતારી. દેશની ચાર મુખ્ય ટી.વી. ચેનલોએ તો એક જ દિવસમાં ૧૨૦ વખત મંદિરને પડદા પર ચમકાવી આ કલ્યાણકારી સ્થાપત્યને કેનેડાના ઘેર-ઘેર પહોંચાડી દીધું. વિખ્યાત C ટી.વી. પણ સતત ચાર કલાક સુધી આ મંદિર સંબંધી કાર્યક્રમ પ્રસારિત કરતું રહી મંદિરનું મહિમાગાન ગુંજાવતું રહ્યું.

તેની સાથે કેનેડિયન પ્રેસના એક કટાર લેખક શ્રી ક્રિસ્ટોફર મોઘને તો લખી દીધું કે *'આ નૂતન મંદિર નાજુક કલા-કોતરણીના વિષયમાં યુરોપના શ્રેષ્ઠ કેથેડ્રલની સ્પર્ધામાં ઊતરે તેવું છે.'*

આ જ રીતે સ્થાપત્યમાં નિષ્ણાત અન્ય એક કૉલમિસ્ટ શ્રી ક્રિસ્ટોફર હ્યુમની કલમેથી શબ્દો ફૂટ્યા કે *'આ દેશે આજ દિવસ સુધીમાં જોયેલી અતિ અસાધારણ ઇમારતો પૈકીનું એક આ મંદિર છે.'*

આમ, સર્વત્ર ગુંજવા માંડેલા મંદિરના આ વિજયડંકાથી સંસ્થાની શતાબ્દી સવિશેષ શાનદાર બની રહી.

હું તમારો થઈ ચૂક્યો છું

ટોરોન્ટોનું મંદિર ખુલ્લું મુકાયાના બીજા જ દિવસથી તેના સમીપવર્તી

હાઇવે નં. ૪૨૭ પર દોડતાં રોજનાં એક લાખ કરતાંય વધુ વાહનોની ગતિ ધીમી પડવા માંડી. જેની નજરે આ ધજાળું ધામ ચઢતું તેની વૃત્તિ જરૂર તેમાં ખેંચાઈ જતી.

પરંતુ આ અરસામાં સ્વામીશ્રી પર આવેલા એક પત્રે પુરવાર કર્યું કે આ મંદિર કેવળ વાહનોનાં પૈડાં જ નહીં, પરંતુ સૌનાં હૈયાં પણ થંભાવી રહ્યું છે.

'અમે વિઝિટર્સ વિઝા પર ઇન્ડિયાથી આવ્યા છીએ, જૈન વણિક છીએ...' તરીકે પોતાની ઓળખ આપતાં જશવંતભાઈ નામના એક ભાવિકે સ્વામીશ્રીને લખેલું :

'મંદિરનું નિર્માણ કલ્પનામાં પણ ન સ્વીકારી શકાય એવી અવિસ્મરણીય ઘટના છે. ગુરુદેવશ્રી પ્રત્યે લોકોનો કેટલો પ્રેમ છે! ભક્તિભાવ છે! નિષ્ઠા છે! ત્રણ પ્રસંગો હજુ માણી રહ્યો છું.

એક, દરેકનું સન્માન કર્યું તે પ્રસંગ. મોટા મોટા ઇજનેરોથી માંડી નાનામાં નાના માનવીનું તમારે ત્યાં સન્માન થયું છે.

બીજું, ભક્તિ-સંગીતનો પ્રોગ્રામ. હારમોનિયમ પર સંતજન, તબલાં ઉપર સંતજન ને ગાનાર પણ સંતજન. ભક્તિભાવનો જાણે મહાસાગર રેલાતો હતો. નથી તો હું કોઈને ઓળખતો, પણ શાસ્ત્રીય અને ધાર્મિક સૂર-તાલનો જે સંગમ નિહાળ્યો છે તે મને અક્ષર-પુરુષોત્તમનાં મંદિરોમાં જતો કરી દેશે એ હકીકત છે.

ત્રીજું, પરદેશની ધરતી ઉપર સ્વચ્છ ને પવિત્ર આચરણ ને વાતાવરણ પૂજ્ય પ્રમુખસ્વામીના સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ હોઈ શકે. નથી મારી પાસે રૂપિયા, નથી હું સેવા આપી શક્યો, પણ હું તમારો થઈ ચૂક્યો છું. શ્રદ્ધાની જ્યોત તમે મારા હૈયામાં પ્રગટાવી દીધી છે.

આ ઉંમરે પણ થાક લાગ્યા વગર ધીર-ગંભીર ને નિર્દોષ લાગો છો ગુરુદેવશ્રી! ઈશ્વર તમને ખૂબ જ લાંબું આયુષ્ય આપે. સંસારવાડીમાં લોકોને મહેકતા કરી મૂકે એવા પ્રમુખસ્વામીજીને મારાં કોટિ કોટિ વંદન.'

મંદિરમાં સ્વામીશ્રીએ ઉતારેલી પ્રથમ આરતીની જ્યોત દ્વારા ચોફેર ફેલાવા માંડેલાં આધ્યાત્મિકતાનાં અજવાળાંનો આવો વધુ એક દેદીપ્યમાન દાખલો તા. ૨૩/૭ની સવારે પણ જોવા મળ્યો.

આ સમયે દર્શન કરવા આવેલા સામાજિક અગ્રણી શ્રી દીપકભાઈ રૂપારેલે સ્વામીશ્રી સમક્ષ સ્વાનુભવ વર્ણવ્યો કે 'શરૂ-શરૂમાં મંદિર મહોત્સવની

વાત મારી સાથે થતી ત્યારે મેં થોડું અંતર રાખીને જ કાર્ય કરવાનું વિચારેલું. પરંતુ જ્યારે આપ મળ્યા ત્યારે મેં આપના વિચારોની સ્પષ્ટતા જોઈ. સાથે સાથે કોઈ પણ કોયડાનો એકદમ સાદી રીતે ઉકેલ આપતા આપને જોયા. ઘણા લોકો એવા હોય કે જે પોતાની મહત્તા વધારવા માટે સાદી વાતને ગૂંચવી મારે; જ્યારે આપ અઘરામાં અઘરી વાતને સરળ કરી આપો છો. આ જોઈને મારું મન બદલાઈ ગયું.'

સ્વામીશ્રીની સદ્‌ગુણસરિતા એવી હતી કે કાંઠે ઊભા રહેવાનું નક્કી કરીને આવેલા પણ તેમાં તણાવા માંડતા.

ભાળતાં જ તે ભગવાન ભાસે

''હું હવે પ્રેમથી હિંદુ ધર્મ વિષે બીજાને ગૌરવપૂર્વક વાત કરી શકીશ. સ્વામીજી ! આપના આ કાર્યથી મને સઘળે કહેવાની તક મળી કે 'જુઓ, હિંદુ કોમ કેટલી મજબૂત છે !' પાર્લામેન્ટમાં પહેલી જ વાર હિંદુત્વની શોભા વધી છે. આપે મંદિર એવું બાંધ્યું છે કે એની કાયમી અસર રહેશે. આ મંદિરને કારણે સ્થાનિક પ્રજાજનો અમને માનની નજરે નિહાળશે.''

તા. ૨૩/૭ની સાંજે મંદિરની મુલાકાતે આવેલા કેનેડિયન વિદેશ મંત્રાલયના સંસદીય સચિવ શ્રી દીપક ઓભરાઈનો આ અભિપ્રાય. તે સૌને સમજાવી ગયો કે સ્વામીશ્રીએ અહીં એક મંદિરનું શિખર ઊંચું કરતાં અનેક હિંદુઓનાં મસ્તક પણ ઉન્નત થઈ ગયાં છે.

ગૌરવની આ લાગણી સાથે આજની રાત્રે અડવાણે પગે ચાલીને આવેલા ગણેશ મંદિરના શ્રી ઈશ્વર શાસ્ત્રીએ પણ સ્વામીશ્રીને કહી જ દીધું કે 'આપનાં દર્શન થતાં કરોડો અવતારોનાં દર્શન થઈ ગયાં હોય એવું અનુભવાય છે.'

આ જ રીતે તા. ૨૪/૭ની સાંજે યોજાયેલી આમંત્રિત મહાનુભાવોની સભામાં ઉપસ્થિત પંજાબી અગ્રણી શ્રી સૂદે સ્વામીશ્રીને જણાવ્યું: 'आपने बहुत सुंदर मंदिर बनाकर दुनिया में हिन्दुओं की नाक ऊँची कर दी है।'

૬૦૦ જેટલા પ્રતિષ્ઠિતોથી શોભતા આ મેળાવડામાં કેનેડાના નાણાંમંત્રી શ્રી જેમ્સ ફ્લેરલી સહિત શીખ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મના સંભાવિત મનુષ્યો હાજર રહેતાં મંદિર દ્વારા માનવ-ધર્મની મીઠી મહેક પ્રસરી રહી.

તે માણવા તા. ૨૫/૭ની સાંજે કેનેડાના ૧૬૦થી વધુ નામાંકિત

તબીબો મંદિરના આંગણે આવી પહોંચ્યા. મેડિકો-સ્પિરિચ્યૂઅલ કૉન્ફરન્સના નેજા હેઠળ એકત્રિત થયેલા આ નિષ્ણાતો પૈકીના એક શ્રી માર્વિન મોર્ટેન તો ક્રિમિનલ જજ હતા. આ આફ્રિકન આમંત્રિતે મંચ પર સ્વામીશ્રીના આશીર્વાદ મેળવતાં કહ્યું: 'મારે તમારો અંગત રીતે આભાર માનવો છે, કારણ કે હું સમજું છું કે તમે ભગવાનનું પ્રતિનિધિત્વ કરો છો. You represent God.'

સ્વામીશ્રીનો પ્રથમ પરિચય પણ સૌને ભગવાનના પ્રગટપણાનો અનુભવ કરાવી દેતો.

ભવ્યાતિભવ્ય ને દિવ્યાતિદિવ્ય

તા. ૨૬/૭ની સાંજે યોજાયેલી સભા મંદિરના પાયાનું દર્શન કરાવી રહેલી, કારણ કે તેમાં બેઠેલાં એક-એક બાઈ-ભાઈ સ્વયંસેવક શ્રદ્ધા, સેવા અને સમર્પણના ત્રિવેણી સંગમમાં નાહીને ઊજળાં થયેલાં. જ્યારથી મંદિરનો ગર્ભ ગળાયો ત્યારથી તેમાં પોતાનાં માથાં મૂકી દેનારા આ ભક્તો પર રાજીપો ઢોળતાં આજે સ્વામીશ્રી સ્વયં બોલ્યા: 'તન, મન, ધનથી અને મહિમા તેમ જ સમર્પણભાવથી જેણે-જેણે સેવા કરી છે એને અંતકાળે ભગવાન દર્શન આપશે ને તમારા બધાનું કલ્યાણ કરશે, બધાને સુખિયા કરશે ને પોતાની સેવામાં બેસાડી કાયમની શાંતિ આપશે.'

સ્વામીશ્રીની આ પ્રસન્નતાનું પીયૂષ પીનારા કો'કે મંદિર માટે કુટુંબ વિસારેલું, તો કો'કે કારકિર્દી; કો'કે સમય, તો કો'કે શરીર; થાકની તેઓને ખબર નહોતી, કદરની તેઓને પડી નહોતી, મોભાની તેઓને પરવા નહોતી. તેથી જ અહીં ઇજનેરોએ કીચડ સાફ કર્યા, તો ડૉક્ટરોએ પથરા ઘસ્યા. વકીલોએ કારીગરોનાં છાપરાં ઊભાં કરવા હાથમાં તગારાં-પાવડા લીધાં, તો ઉદ્યોગપતિઓએ રસોઈ પીરસી. ઘડિયાળના પ્રત્યેક કલાકે સેવા કરનારા પણ આમાં કેટલાક હતા, તો - ૩૫ ડિગ્રી ફેરનહીટ ઠંડીને ગાંઠ્યા વગર મંડ્યા રહેનારા પણ કંઈક હતા. આ મંદિરમાં દર્શન દઈ રહેલા ઘનશ્યામ મહારાજ તો બાલ-બાલિકા તથા કિશોર-કિશોરીઓની જ ભેટ. જેમ પ્રહ્લાદની ભક્તિએ ભગવાનને પ્રગટ કરી દીધેલા, તેમ આ ઊગતી પેઢીએ મોજશોખ છોડી કરેલી બચતે આ મંદિરમાં ભગવાનને અવતારી દીધા.

એક કાર્યકર મધરાતે અઢી વાગ્યે સેવાથી પરવારી ઘેર પહોંચ્યા ત્યારે તેઓનાં પત્ની તાવમાં કણસતાં હતાં. પતિએ પૂછ્યું: 'મને કેમ ફોન દ્વારા

જાણ ન કરી?' ત્યારે પત્નીનો જવાબ હતો: 'હું તો સેવા કરી શકતી નથી, પરંતુ મારા લીધે તમારી સેવા જાય એવું હું કેવી રીતે કરી શકું?'

રામની સેવામાં ચૂક ન પડે તે માટે 'લક્ષ્મણને મારી યાદ ન આવે' એમ યાચના કરનારી ઊર્મિલાનો જ આ અર્વાચીન અવતાર કે શું?!

હા, સ્વામીશ્રીએ ટોરોન્ટોમાં કેવળ મંદિર જ પ્રગટ નહોતું કર્યું, પણ પૌરાણિક પાત્રોને પણ કળિયુગમાં હરતાં-ફરતાં કરી દીધેલાં. તેથી જ મંદિર માટે બેંકનાં ખાતાં ખાલી કરી મૂકનારા બલિ જેવા કંઈક સમર્પણવીરો અહીં દેખાતા હતા. કલાકે માત્ર નવ ડૉલરની જ કમાણી ધરાવનારાએ આ મંદિરમાં સઘળી મૂડી નોંધાવી ત્યારે દૂબળી ભટ્ટનો નવો અવતાર સૌને જોવા મળ્યો. કંઈક મહિલાઓએ પોતાનાં શરીર ઘરેણાંશૂન્ય કરી નાંખ્યાં ત્યારે ત્યાગની દેવીઓ પ્રત્યક્ષ થઈ ગઈ!

આ મંદિરના ૧૪૦ X ૮૦ X ૭ ફૂટના વિશાળ પાયામાં ૩,૦૦૦ ટન કૉંક્રીટનો સ્તર રચવામાં સતત ચૌદ કલાક ખડે પગે રહી સેવા કરનારાએ તો ઇતિહાસ સર્જી દીધેલો! એક જ દિવસમાં આટલી વિપુલ માત્રામાં થયેલું આ 'કૉંક્રીટ વર્ક' કેનેડાનો કીર્તિમાન બની રહ્યો, તો ઉત્સવ દરમ્યાન મહિલાઓએ વણેલી સવા લાખ રોટલીઓની વિગત પણ દેશની વિક્રમપોથીમાં આબાદ રહેશે.

આવી અનેકવિધ સેવાની સુગંધ દેશ-પરદેશમાં પ્રસરાવવાનો ઉમંગ જાણે સ્વામીશ્રીને આવી ગયો. તેથી તેઓએ દેશમાં ઊજવાનારા ગુરુપૂનમના ઉત્સવ નિમિત્તે વીડિયો આશીર્વાદ આપતાં કેનેડાવાસી ભક્તોને સંભારતાં કહ્યું: 'અહીં ભગવાનની દયાથી સારામાં સારું આરસનું મંદિર બંધાઈ ગયું છે. ભવ્યાતિભવ્ય ને દિવ્યાતિદિવ્ય એવી વાત કરીએ છીએ એ આ વખતે લાગ્યું. બધા એક મોઢે કહે છે કે 'ખરેખરો ઉત્સવ થઈ ગયો.' એટલું સરસ, ભવ્ય ને દિવ્ય થયું છે કે બધાંને દર્શન કરીને શાંતિ થાય છે. અહીંના સંતોનો પ્રયત્ન ને હરિભક્તોની ખૂબ કાળજી ને યુવકો, બાઈ-ભાઈ બધાંએ પુરુષાર્થ કર્યો તો દરેક પ્રસંગ સારી રીતે થઈ ગયા.'

આમ, કણ-કણમાં ઘરબાયેલી સત્સંગીઓની સેવા-શ્રદ્ધાથી સર્જાયેલા અહીંના મંદિરનો મહિમા ગાતાં પણ સ્વામીશ્રીએ તા. ૨૬/૭ની વિદાય-સભામાં જણાવ્યું: 'આપ બધાંને તો ઘેર બેઠાં ગંગા થઈ ગઈ છે. દેશમાં તીર્થો છે પણ કદાચ ત્યાં ન જઈ શકાય તો આ પણ એક તીરથ છે. એમાં આવ્યા તો પેલા

તીરથમાં ગયા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય. મંદિર એ ખાલી પથરા નથી. ભગવાન અંદર બેઠા છે તો પથરા પણ પ્રસાદીના છે. પથરા પણ તીરથરૂપ થઈ જાય છે. પથરા જોશે એને પણ લાભ થશે, સત્સંગ થશે.'

આ આશીર્વાદ સાથે કેનેડામાં એક અમર ઇતિહાસ સર્જી સ્વામીશ્રી તા. ૨૭/૭ની સવારે ૧૦:૦૯ વાગ્યે એરો સેન્ટર એરપોર્ટ પરથી ઊડ્યા ત્યારે કોઈ કેનેડાવાસી સત્સંગીને અણસાર સુધ્ધાં ન આવ્યો કે સ્વામીશ્રીનું ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય સાંનિધ્ય પણ હવે આ દેશ માટે એક ઇતિહાસ બની રહેવાનું છે![૫]

એ વિના તમારું વળશે નહીં

ટોરોન્ટોથી એડિસન આવી પહોંચેલા સ્વામીશ્રીના આગમને પ્રથમ દિવસથી જ અહીંના મંદિરને સાંકડું સાબિત કરી દીધું. ચોમાસા વિના પણ ભરપૂર રહેતી નદીને જેમ વર્ષાઋતુ બેય કાંઠે છલકાવી દે, તેમ સ્વામીશ્રી વિનાયે ભરચક રહેતા આ સ્થાનમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિએ હરિભક્તોના હિલોળ સર્જી દીધા. તેની વચ્ચે તા. ૨૮/૭ના રોજ 'પ્રમુખસ્વામી મહારાજ દિન' ઊગ્યો!

હા, આજની સાયંસભામાં ઉપસ્થિત એડિસનના મેયર શ્રી જૂન ચૂઈએ સ્વામીશ્રીને સન્માનપત્રથી આવકારતાં આજનો દિવસ 'પ્રમુખસ્વામી મહારાજ દિન' તરીકે ઘોષિત કરેલો.

તેની સવારે સ્વામીશ્રી નિત્યપૂજા માટે બિરાજ્યા ત્યારે દર્શનાર્થીઓની હકડેઠઠ મેદનીમાં સ્થાનિક અમેરિકન શ્રી ટોની પણ એક હતા. પૂજાવિધિ બાદ ઉતારે દોડી આવેલા તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આજે હું આપનાં પ્રથમ વાર જ દર્શન કરી રહ્યો છું. હું જ્યારે આપની પૂજાના કાર્યક્રમમાં બેઠો હતો ત્યારે આપને જોતાં જ અંતરમાં શાંતિનો શેરડો પડ્યો હોય તેવી અનુભૂતિ મને થઈ. મારાં હાથ, પગ અને મસ્તકમાં જાણે કે કોઈ દિવ્ય કરંટ પસાર થઈ ગયો હોય એવું અનુભવાયું. જીવનમાં આવી અનુભૂતિ મેં ક્યારેય કરી નથી.

---

૫. કેનેડાના મુખ્ય શહેર ટોરોન્ટોમાં ધામધૂમપૂર્વક ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

અંતરમાં શાંતિ, શાંતિ, શાંતિનો અનુભવ થઈ ગયો. આપ આશીર્વાદ આપો, જેથી આત્માનો સાક્ષાત્કાર થઈ શકે.'

ભોગભૂમિમાં ઊછરતા મનુષ્યોના મનમાં આવી જિજ્ઞાસા જગાવી દેવી એ જ સ્વામીશ્રીના સાંનિધ્યનું સામર્થ્ય.

તેના અનુભવી યુવકો આજે યુવાદિન ઊજવી રહેલા. તેથી યુવા-શક્તિનો પરચો આજના એકેએક કાર્યક્રમમાં ચમકવા લાગ્યો. સભા ઉપરાંત સ્વામીશ્રીના ભોજનસત્રમાં પણ યુવાનોનું વર્ચસ્વ હતું. તેમાં વૉશિંગ્ટનના યુવક મંડળનો અહેવાલ આપતાં કાર્યકર શ્રી કેયૂરે કહ્યું: 'અમારી સભામાં ૧૭ યુવકો આવે છે.'

'વૉશિંગ્ટનનું મંદિર આટલું મોટું ને હજી ૧૭ જ આવે છે? હજાર બેસવા જોઈએ.' આ લક્ષ્યાંક સાથે તેને પહોંચી વળવાનું આયોજન આપતાં પણ સ્વામીશ્રીએ કહ્યું: ''સત્સંગ વધારવો આપણા હાથમાં છે. બધા યુવકો નિયમ લો કે 'મહિનામાં એક સત્સંગી વધારવો.' પોતાનો સગો હોય, મિત્ર હોય કે સાથે કામ કરતો હોય, એ બધાને વાત કરવી. ટેલિફોન કરો, ઈ-મેઈલ કરો પણ વધારો. અહીં બેઠા છે એ બધા જ જો આ રીતે મંડી પડે તો સત્સંગને વધતાં ક્યાં વાર લાગે? આપણે એક-બે નહીં, હજારો કરવા છે.''

સૌને ઉત્સાહની આ પાંખો આપનારા સ્વામીશ્રીએ આજની વાળુવેળાએ મૂળિયું બતાવતાં એક માર્મિક વાત કરી. આ સમયે અહેવાલ આપી રહેલા ડેલાવરના કાર્યકર શ્રી અનુપે જણાવ્યું: 'અમારે ત્યાં નવ યુવકો છે, પણ સભા થતી નથી.'

'કેમ?'

'મંડળ નાનું હોવાથી બધા યુવકો સેવામાં જ રોકાયેલા રહે છે.'

'તો યુવક સભાનો ટાઈમ બીજો અનુકૂળ હોય તે રાખવો, શનિવારનો રાખવો. સભા તો વ્યવસ્થિત કરવી જ. એ વિના તમારું વળશે નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

જે ફળ ઇચ્છે તે મૂળને કેમ સડવા દે? તેથી જ સત્સંગવૃક્ષના વિકાસનું મૂળ અઠવાડિક સભા છે – તે રહસ્ય સ્વામીશ્રીએ સમજાવી દીધું.

સદા સંસારથી છો ઉદાસ

તા. ૨૯/૭ના રોજ ગુરુપૂર્ણિમા અને રવિવારનો મેળ જામી જતાં

ઘણા હરિભક્તો દૂર-દૂરનાં સત્સંગ-કેન્દ્રોમાંથી પણ ઊમટી પડેલા. તે સૌને પ્રાતઃપૂજાનો દર્શનલાભ આપી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા ત્યારે અહીં પણ તેઓ અલ્પાહાર બાદ ૨૭૧ મુલાકાતીઓને મળ્યા.

તે પછી ઓરડામાં જવા ઊભા થયેલા સ્વામીશ્રી પાસે માયામીના શ્રી રાજુભાઈને બોલાવતાં સંતોએ કહ્યું: 'આવો, તમે પણ આશીર્વાદ લઈ લો.'

આ સાંભળી સ્વામીશ્રી એ સત્સંગીને ઉદ્દેશી બોલ્યા: 'તમે તો શાસ્ત્રીજી મહારાજના ગામ મહેળાવના કહેવાઓ. એટલે તમારા આશીર્વાદ અમારે લેવા જોઈએ.'

ગુરુના ગામનો સંબંધ પણ સ્વામીશ્રીને મન આટલું મહત્ત્વ ધરાવતો હતો. તેઓની આ મહિમાદૃષ્ટિએ ગુરુપૂર્ણિમાની એક નવી દિશા ખોલી આપી.

એ દિશામાં જ પગલાં ભરતા સ્વામીશ્રી આજની સાંજે સાત વાગ્યે રેરીટન એક્સપો સેન્ટર મુકામે યોજાયેલી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે આ સભા-સ્થળ ૧૦,૦૦૦થી વધુ ભક્તો દ્વારા ખીચોખીચ હતું. ગઈકાલે અહીં જ યોજાયેલી સત્સંગ-સભામાં ટી.વી. એશિયાના મુખ્ય કાર્યવાહક શ્રી એચ. આર. શાહ બોલેલા: 'જેક્સનવીલની ધાર્મિક શિબિરમાં ૮,૦૦૦ બાળ, કિશોર, યુવકો ભેગા થયા હતા. આ દેશમાં આ રીતે આટલી સંખ્યામાં સૌને ભેગા કરવા એ સહેલું કામ નથી. કેવળ આ એક સંસ્થા છે, જે આ કરી શકે છે.'

આ વિધાન આજે પણ સત્ય સાબિત થયેલું. પૂર્ણિમાના પ્રસંગે સ્વામીશ્રીનો પ્રભાવ સોળે કળાએ ખીલી ઊઠેલો.

તેને વધાવવા ચેરીહિલનું મહિલા મંડળ સાચા મોતી પરોવીને સો ફૂટ લાંબો હાર તૈયાર કરી લાવેલું. તે જ્યારે સંતો દ્વારા સ્વામીશ્રીને પહેરાવાયો ત્યારે સ્વામીશ્રી મર્મમાં બોલ્યા: 'એક તો આપણે ત્યાગી ને વળી સાચા મોતીનો હાર પહેરાવીએ એ કેવું લાગે?'

બીજા જ્યાં મલકાય ત્યાં તેઓ મુરઝાયા. તેથી સંસારથી સદા ઉદાસની તેઓની શૈલી સાચા મોતીની જેમ ઝળહળી ઊઠી. તે કારણે પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર પણ ઝાંખપ અનુભવી રહ્યો.

એ તો ધર્મ પાળે સોળે આની

એડિસનના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી તબીબી સૂચના અનુસાર ઈ.ઈ.સી.પી.ની સારવાર પણ લઈ રહેલા. આ ઉપચાર પદ્ધતિમાં લગભગ

કલાક જેટલો સમય સૂતાં રહેવાનું હોવાથી તેઓને સંસ્થાકીય સમૈયાઓના વીડિયો બતાવવામાં આવતા.

આ ક્રમમાં તા. ૩૧/૭ની સાંજે અક્ષરધામ ઉદ્‌ઘાટન મહોત્સવનો વીડિયો શરૂ થયો. થોડી વારે આસપાસ ઊભેલા સત્સંગી ડૉક્ટરો અને યોગીચરણદાસ સ્વામી કંઈક વિમર્શમાં ડૂબ્યા. તે વખતે જ વીડિયોમાં મહિલાઓનાં દૃશ્ય આવ્યાં, પરંતુ તેનો ખ્યાલ ચર્ચા કરી રહેલા પેલા સંત તથા તબીબોને ન આવતાં સ્વામીશ્રીએ મોટેથી બૂમ પાડી તેઓને સચેત કર્યા અને પડદા પર દૃશ્યાવલિઓ ઝડપથી આગળ વધારી દેવા જણાવ્યું.

જીવનના ૮૬મા વર્ષે, સારવાર લેતાં લેતાં, એકાંતમાં પણ શ્રીજી-મહારાજની આજ્ઞા અનુસાર જ વર્તવાનો સ્વામીશ્રીનો ખટકો સૌ પર અમીટ છાપ-છબી છોડતો ગયો.

આવું જ તેઓનું એક અવિસ્મરણીય દર્શન તા. ૨/૮ની બપોરે લાધ્યું.

આ સમયે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રીને અચાનક આંખ લૂછવાની થતાં તેઓ સમક્ષ ટિસ્યૂ પેપર ધરવામાં આવ્યું, પરંતુ તેમાં બે પડ હોવાનું માલૂમ પડતાં સ્વામીશ્રીએ એક પડ ખોલાવીને વાપર્યું અને બીજું રાખી મુકાવ્યું. એક મહિનાના સમયગાળામાં જે હાથ દ્વારા ટોરોન્ટો અને એટલાન્ટાનાં શિખરબદ્ધ મંદિરો ઉદ્‌ઘાટિત થયાં તે જ સમયખંડમાં, તે જ હાથ વડે થયેલી ટિસ્યૂ પેપરના એક પડની આ કરકસર સ્વામીશ્રીને અનન્ય પુરવાર કરી ગઈ.

બી.એ.પી.એસ. પોતાના જ વિક્રમો તોડી રહી છે

તા. ૪/૮ની સવારે પાર્સીપનીના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા બાદ સ્વામીશ્રી આજની સાંજે કોન્ટિનેન્ટલ અરિનાના પરિસરમાં જઈ પહોંચ્યા ત્યારે અહીંનો માહોલ શતાબ્દીની ઉદ્‌ઘોષ સભાના સંગે વિદ્યુતવંતો થઈ ગયેલો. ૨૨,૦૦૦ની જનમેદનીથી ચિક્કાર આ સભાગૃહના મંચની પિછવાઈરૂપે ઊભેલી અક્ષર દેરીમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ દર્શન આપી રહેલા. તેની આસપાસ રચાયેલા ગવાક્ષોમાં બી.એ.પી.એસ.ની વિજયપતાકાઓ ફરફરી રહેલી. મંચના મધ્યે ગોળાકાર આસમાની પાર્શ્વભૂના કેન્દ્રબિંદુ તરીકે શ્રીજીનાં ચરણારવિંદ સ્થાપિત કરવામાં આવેલાં. તેની છાયામાં સભાપતિરૂપે સ્વામીશ્રી બિરાજતાં જ ન્યૂજર્સીના ગવર્નર, ભારતીય રાજદૂત સહિતના મહાનુભાવો પણ હર્ષપુલકિત બની રહ્યા.

દર્શકોની આ સ્થિતિને ધીરે ધીરે આગળ સરકી રહેલા કાર્યક્રમમાં આવેલાં વૈદિક મંત્રગાનની મધુરતા, છટાદાર સંવાદોના જાદુ, ભાતીગળ નૃત્યોની રમઝટ, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમની કમાલ, વિદ્વત્તાસભર પ્રવચનોનાં કામણ, બી.એ.પી.એસ.ના જ્વલંત ઇતિહાસની ઝલક વગેરેએ યથાવત્ જાળવી રાખી. આ પ્રત્યેક પ્રસ્તુતિને સંસ્થાના બાળ, કિશોર અને યુવાનોના પરિશ્રમનો પારસમણિ અડી ગયો હોવાથી તે રોચક તથા વેધકની સાથે પ્રેરક બનીને દર્શકોનાં દિલ-દિમાગ સોંસરી ઊતરતી રહી.

તેથી વીંધાયેલા ન્યૂજર્સીના ગવર્નર શ્રી જહોન કોર્ઝાઈન સ્વામીશ્રીને સન્માનપત્ર આપતાં બોલી ઊઠ્યા: 'તમે આ દેશના ખૂબ અગત્યના પાયારૂપ ભાગીદાર છો. હું નિશ્ચિતપણે માનું છું કે આપની સંસ્થા ખૂબ જ અદ્‌ભુત છે.'

ભારતીય એલચી શ્રી રોનન સેને તો એક આગવા અંદાજમાં જ સંસ્થા અને સ્વામીશ્રીને અંજલિ આપી કે 'હું જ્યારે લંડન હતો ત્યારે મને ખબર પડી કે એ મંદિર ભારતની બહાર સૌથી મોટું મંદિર છે. પછી શિકાગો ગયો ત્યારે ખબર પડી કે હવે ભારતની બહાર આ મંદિર સૌથી મોટું છે; પણ હમણાં જ મને ખબર પડી કે એટલાન્ટામાં થયેલું મંદિર હવે સૌથી મોટું છે. બી.એ.પી.એસ. પોતાના જ વિક્રમો તોડી રહી છે. આ સંસ્થાએ આધ્યાત્મિકતાની સાથે આપેલો પ્રેમ અને એકતાનો સંદેશ મને બહુ ગમે છે. મને અને અહીં વસતા તમામ ભારતીયોને ભારતીય હોવાનું ગૌરવ ઉપજાવે એવાં કાર્ય કરવા બદલ હું બી.એ.પી.એસ.નો અને પ્રમુખસ્વામીનો આભાર માનું છું.'

આ અવસરે કૉંગ્રેસમેન શ્રી મેનેન્ડેઝે પણ 'જય સ્વામિનારાયણ' સાથે જણાવ્યું કે 'સતત સો વર્ષ સમાજ માટે સેવા કરવી એ ખૂબ મોટી વાત છે. તમે એવું કર્તવ્ય કરી બતાવ્યું છે કે દરેકને આદર થાય. ગવર્નર આવ્યા એ જ બતાવે છે કે આપનું કાર્ય કેટલું પ્રભાવક છે! તમારા વિચારોથી અમારા વિચારો પણ ઉન્નત થયા છે.'

આમ, શતાબ્દીના અવસરે સ્વામીશ્રી દ્વારા સંસ્થાને પ્રાપ્ત થયેલી ઊંચાઈ મહાનુભાવોના અભિપ્રાયો સ્પષ્ટ કરતા ગયા. તેનું ગૌરવ ગજવતાં *'સ્વામિનારાયણ મહામંત્રના ડંકા વાગે દેશ-વિદેશ, શતાબ્દી આવી બી.એ.પી.એસ.'* નૃત્ય આરંભાયું. તેને અનુસરતાં શબ્દો ગુંજ્યા: *'ધજા ફરકાવો અક્ષર-પુરુષોત્તમની દશે દિશામાં...'* તે સાથે જ સ્વામીશ્રી, સંતો અને ૨૨,૦૦૦ દર્શકોના હાથમાં ફરકવા માંડેલા બી.એ.પી.એસ.ના ધ્વજ-ધજાએ

અસ્મિતાની આબોહવા ખડી કરી દીધી. તેમાં સ્વામીશ્રીના આશીર્વાદનું અમૃત ઘોળાતાં શતાબ્દીની આ ઉજવણી લોકહૃદયમાં કોતરાઈ ગઈ.

જોતાંમાં છબી જીવમાં પેઠી

તા. ૫/૮ની સાંજે એડિસનના મંદિરે યોજાયેલી સભામાં ૧૮૦ જેટલી જાહેર સંસ્થાના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સ્વામીશ્રીને સન્માન્યા. તેમાંના ઘણાખરા ગઈકાલે યોજાયેલી શતાબ્દી સભાના સાક્ષી હોવાને નાતે અહોભાવની લાગણીથી લદોલદ હતા.

અભિવાદનના આ જ હેતુસર તા. ૮/૮ની સવારે આવેલા એડિસનના મેયર શ્રી ચૂઈએ પણ સ્વામીશ્રીને બિરદાવતાં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વિશ્વમાં કરેલા સત્કાર્યથી પ્રેરાઈને હું આજે તેઓને 'કી ટુ ધ સિટી' આપું છું. અત્યાર સુધીમાં એડિસન નગરની ચાવી ફક્ત બે જ વ્યક્તિઓને બે વખત આપવામાં આવી છે. એક અવકાશયાત્રી હતા અને બીજા સ્વામીશ્રી. એડિસનને તેઓ પોતાનું ઘર ગણે એ મારી વિનંતી છે.'

આ અનેરું બહુમાન ઝીલી સ્વામીશ્રી અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે સામે બેઠેલા કાર્યકરોની વચ્ચે એક અમેરિકને પણ પલાંઠી વાળેલી.

માઇકલ નામના આ મુરબ્બી એક સત્સંગી પશુચિકિત્સકને ત્યાં પોતાની બિલાડી લઈને અવારનવાર જતા-આવતા. તે ક્રમમાં એક વાર તેઓની નજરે સ્વામીશ્રીની છબી આવી ત્યારથી આ અમેરિકનની સત્સંગ પ્રત્યે અભિરુચિ વધતી ચાલેલી.

એ તસવીરનાં કામણે આ પરદેશીને ક્યારે શાકાહારી બનાવી અઠવાડિક સભામાં આવતા કરી દીધા તેનો ખ્યાલ તેઓને ખુદને ન આવ્યો! એથીયે આગળ વધીને સ્વામીશ્રીની એ છબીએ આ પરધર્મીના અંતરમાં તપ, સેવા, સમજણનાં એવાં બી વાવ્યાં કે તેઓ નિર્જળ ઉપવાસ કરતા થયા, સભા બાદ વાસણ ઊટકીને જ ઘેર જતા થયા. પરંતુ તેઓનો સત્સંગ પ્રત્યેનો આ લગાવ પસંદ ન આવતાં પત્ની અલગ રહેતી થઈ, છતાં સત્સંગ કરવામાં માઇકલ મક્કમ રહ્યા!

આ જ રીતે તા. ૧૨/૮ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રીને મળેલા ૩૦૪ મુલાકાતીઓ પૈકીના એક શ્રી ટોની વેલેન્ટાઇન પણ સ્વામીશ્રી વિષે *'જોતાંમાં છબી જીવમાં પેઠી, જેમ છાપ પટોળામાં પેઠી...'*નો અનુભવ કરી

રહેલા. સત્સંગી ડૉક્ટર શ્રી રાજીવભાઈ વ્યાસની ઑફિસમાં સ્વામીશ્રીની તસવીર જોતાં જ આકર્ષાયેલા આ અમેરિકને કહેલું: 'આ પુરુષ ખૂબ પવિત્ર છે અને એમને જોઈને મને ખૂબ આનંદ થાય છે. એમને જોતાં જ શાંતિ થાય છે. આ હોલી મેન (પવિત્ર પુરુષ) આવે ત્યારે મારે ખાસ મળવા જવું છે.'

વેલેન્ટાઈનનો આ મનોરથ આજે ફળી રહેલો. આ પ્રસંગે તેઓ પોતાના પિતાની સ્મૃતિરૂપે છેલ્લાં ૮૩ વર્ષથી સાચવી રાખેલો સુવર્ણસિક્કો સ્વામીશ્રીને ભેટ ધરવા ગયા, પરંતુ આ ઉપહાર સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ મુકાવી તેઓને રવિસભામાં આવવાની પ્રેરણા આપી.

આપણે તાળીઓ પડાવવા ક્યાં સાધુ થયા છીએ?

તા. ૧૨/૮ની સાંજે એક્સપો હૉલમાં યોજાયેલા ઠાકોરજી અને નીલકંઠવર્ણીના તુલાવિધિ બાદ સ્વામીશ્રીનાં સમીપ દર્શનનું આયોજન ગોઠવાયેલું. તે માટે સ્વામીશ્રીને સોફા સાથે ઊંચકી મંચની ધાર સુધી લઈ આવવા સંતો તત્પર થયા, પણ આ રીત પસંદ ન કરતાં સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને ચાલતાં ચાલતાં જ મંચની ધારે પધાર્યા.

તે જોઈ એક નિકટવર્તી સંતે કહ્યું: 'આપ સોફામાં બેસી રહ્યા હોત તો લોકો વિશિષ્ટ દર્શન થવાથી તાળીઓ પાડત. આમાં ક્યાં કોઈએ તાળીઓ પાડી?'

'આપણે તાળીઓ પડાવવા ક્યાં સાધુ થયા છીએ? ભગવાન ભજવા સાધુ થયા છીએ.'

'તોય તાળીઓ તો પડવાની જ છે.'

'એ પડે કે ના પડે એની આપણે શું લેવા-દેવા? આપણે તો ભજન કરી લેવું.' સ્વામીશ્રી બોલ્યા.

તાળીઓની તીખી તૃષ્ણાથી બચવું એ ગુરુત્વાકર્ષણની અસરથી મુક્ત થવા જેવું કપરું કામ છે. કદાચ એથીયે અધિક અઘરું! તાળીઓની ઉઘરાણી માટે માનવી કંઈક અવનવા નુસખા અપનાવતો જ ફરે છે. કેટલાક તો તાળીબાજોની ટોળી જ પોતાની સાથે ફેરવે છે, પરંતુ ભગવન્નિષ્ઠ સ્વામીશ્રી કદી તાળીનિષ્ઠ થયા નહોતા.

આવા પ્રભુપરાયણ તેઓનાં કરકમળો દ્વારા તા. ૧૩/૮ની સવારે એડિસન, ન્યૂયોર્ક અને વૉશિંગ્ટનનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારા નીલકંઠવર્ણીની

મૂર્તિઓમાં પ્રાણ પુરાયા. આ અવસરે સ્વામીશ્રીના અંતરમાં ભક્તિનાં પૂર એવાં ઊમટ્યાં કે તેઓએ નીલકંઠવર્ણીની ત્રણેય મૂર્તિઓ સાથે વાઘા ધારણ કરી બિરાજેલા હરિકૃષ્ણ મહારાજને પણ અભિષેકથી તરબતર કરી મૂક્યા. આશીર્વાદમાં પણ આ આનંદ વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાને હિમાલયમાં બહુ તપ કર્યું, પણ હવે તો સમૃદ્ધ દેશમાં આવી ગયા છે, એટલે જમી-જમીને થાકી જશે. આશીર્વાદ આપીને સંકલ્પ પૂરા કરશે.'

આ પ્રસન્નતા સાથે તેઓએ આજની સવારે પિસ્કાટ્વેમાં આવેલું કાર્યાલય સંકુલ પણ પાવન કર્યું. અમેરિકાના વિશાળ સત્સંગના આ મુખ્ય મથકમાં પુષ્પો પધરાવી સ્વામીશ્રી તા. ૧૬/૮ની બપોરે એટલાન્ટા આવી પહોંચ્યા.

આ કંઈ નાની-સૂની વાત નથી

એટલાન્ટા મુકામે ધારણા કરતાં વીસેક મિનિટ વહેલા પધારેલા સ્વામીશ્રીની ગાડી અહીંના લિલબર્ન વિસ્તારના ૪૬૦, રોકબ્રીજ માર્ગ પર આવી ત્યાં જ તેઓના મુખમાંથી ઉદ્‌ગાર સર્યા: 'જય સ્વામિનારાયણ! શિખરનાં દર્શન થયાં. બધું કમ્પલીટ (પૂર્ણ) થઈ ગયું!'

૨૨૭ X ૧૨૨ X ૭૩ ફૂટનું પરિમાણ ધરાવતા અહીંના નવનિર્મિત મંદિરનાં પાંચ શિખરને જોઈ સ્વામીશ્રીએ વ્યક્ત કરેલો આ હર્ષ થોડીક જ ક્ષણોમાં તો ૨૯ એકરના હરિયાળા મંદિર-પરિસરમાં સર્વત્ર ફેલાઈ ગયો.

તેને અનુભવવા આજની સાંજે દોડી આવેલા લિલબર્નના મેયર શ્રી જેક બોલ્ટને સ્વામીશ્રીને સન્માનપત્ર અને 'કી ટુ ધ સિટી' આપી શાનદાર સ્વાગત કરવાનો લહાવો લૂંટી લીધો. તેની સાથે તેઓએ આ આખો ઑગસ્ટ મહિનો 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સમારંભ માસ' (BAPS Swaminarayan Commemoration Month) તરીકે ઘોષિત કરી દીધો. આ જાહેરાતને ભક્તમેદનીએ પ્રચંડ હર્ષનાદથી વધાવી લીધી.

આ વધામણીને અનુસરતાં તા. ૧૭/૮ની સાંજે યોજાયેલી સ્વામીશ્રીની સ્વાગત-સભામાં રજૂઆતકર્તા યુવાનો હોવાથી વિવિધતા, નવીનતા અને રોચકતાનો ત્રિવેણી સંગમ પ્રત્યેક પ્રસ્તુતિમાં જણાતો હતો. નીલકંઠવર્ણીને કાર્યક્રમના મધ્યમાં રાખી ભક્તોની સેવા-શ્રદ્ધા, સંપ-સમર્પણ, સૂઝ-સંયમ વગેરેના પ્રસંગોની છણાવટ એવી થઈ કે સ્વયં સ્વામીશ્રી ગદ્‌ગદ થઈ ગયા. આ ભાવ સાથે અમૃતધારા વહાવતાં તેઓ બોલ્યા:

'સાઉથ-ઈસ્ટના બધા ભક્તોની વાત સાંભળી. બધાએ તન-મન-ધનથી સમર્પણ કર્યું છે. ગજા ઉપરાંતની સેવા કરી. સાથે વ્રત-તપ કર્યાં. કોઈ માન રાખ્યા સિવાય દાસભાવે સેવા કરી છે તો બધાને ખૂબ ધન્યવાદ છે. તમે અત્યારે અમારું સ્વાગત કરવા સભા યોજી, પણ તમારી વિગત સાંભળી તો અમારે તમારું સ્વાગત કરવું જોઈએ એવું થઈ ગયું. આપ બધાનાં હજારો સ્વાગત કરીએ, લાખો સ્વાગત કરીએ તો પણ ઓછાં છે એવું કાર્ય આપે કર્યું છે. આ કંઈ નાની-સૂની વાત નથી.'

હા, 'આ કંઈ નાની-સૂની વાત નથી...' એ શબ્દોમાં અહોભાવની સાથે અનુભવ પણ છે. એકનો નહીં, અનેકનો!

ભારતમાં ઘડાયેલા ૩૪,૬૭૧ નકશીદાર પથ્થરો આશરે ૧૩,૦૦૦ કિ.મી.નું અંતર કાપી અહીં એટલાન્ટામાં ૩૯૭ સ્તંભો, ૧૨૭ તોરણો, ૧૩ ઘુમ્મટ-ઘુમ્મટીઓ વગેરે દ્વારા ફક્ત ૧૭ જ મહિનામાં મંદિરરૂપે ગોઠવાઈ ગયેલા. આ બાબત સૌને 'આ કંઈ નાની-સૂની વાત નથી' જેવી જ અનુભવાતી હતી.

ઓછાંમાં ઓછાં ૩૭ ગ્રામથી માંડી વધુમાં વધુ આઠ ટન વજન ધરાવતા ૧,૦૩,૩૫૮ ઘનફૂટ પથ્થરમાંથી નિર્મિત અહીંના મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવા માટે બાલ-બાલિકા, કિશોર-કિશોરી અને યુવા-યુવતીઓએ પોતાના મોજશોખ નહીં, જરૂરિયાતો સુધ્ધાં પર કાપ મૂકી વીસ લાખ ડૉલરની રકમ સમર્પિત કરેલી! આ વિગતને નાની-સૂની વાત કેવી રીતે કહી શકાય?

ટર્કીના લાઇમ સ્ટોન, ઇટાલીના સંગેમરમર તથા ભારતીય ગુલાબી પથ્થરમાંથી આકાર પામેલા આ મંદિરને ઊભું કરવા ભારતમાંથી સેવાભાવના સાથે આવેલા કારીગરો અહીંના સમુદાય માટે ગામઠી અને અપરિચિત હતા. છતાં તેઓનાં શૌચાલયની સાફસૂફીથી માંડી એઠાં વાસણો ઊટકવાની કાર્યવાહી, ચા બનાવવાથી માંડી સાજે-માંદે ચિકિત્સા માટે લઈ જવાની સેવા અમેરિકામાં ઊછરેલા શિક્ષિત અને પ્રતિષ્ઠિત સત્સંગીઓ મહિમા સમજી કરે એને નાની-સૂની વાત કહેવાની હિંમત કોણ કરશે? હરિભક્તોની આ સેવા-સરભરાથી વ્યસનમુક્ત થઈ પ્રભુભક્તિના માર્ગે વળેલા કંઈક કારીગરોનું જીવન-પરિવર્તન પણ નાની-સૂની વાત નહીં.

મંદિરને ખૂંદું કરવા માટે બાળકો ચૉકલેટ-ચ્યુઈંગમ છોડે, કિશોરો

ગરબા-ગેઈમ તજે, યુવકો લગ્ન બાદ મહાલવા જવાના કાર્યક્રમો પર ચોકડી મારે, ઠાકોરજીના સુવર્ણ સિંહાસન નિમિત્તે મહિલાઓ મંગળસૂત્રો પણ દાનમાં દઈ દે, વડીલો મરણમૂડી આપે... સમર્પણની આવી ગંગા અમેરિકાની ભોગભૂમિ પર વહે એને નાની-સૂની વાત ગણવાની ગફલત કોણ કરે?

તેથી જ તો સાઉથ-ઈસ્ટના આ ભક્તગણને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા કે 'અંતકાળે આવું જે મંદિર છે એ મંદિરનાં દર્શન આપી મહારાજ તમને ધામમાં લઈ જશે. આપ બધાનું અમે હજારો, લાખો વખત સન્માન કરીએ તો પણ ઓછું છે.'

એક ગુરુએ શિષ્યો માટે વહાવેલો આ આદર પણ કંઈ નાની-સૂની વાત તો નથી જ ને!

કલ્યાણના કાયદાનો કારોબાર

એટલાન્ટાના મંદિરમાં પ્રભુ બિરાજવાની ઘડીને આડે હવે જૂજ દિવસો જ બચ્યા હોવાથી પરિસરમાં સર્વત્ર સેવાયજ્ઞ પ્રજ્વલિત હતો. સ્વામીશ્રી પણ સમયાવકાશે નિરીક્ષણયાત્રા ખેડી તૈયારીઓને આખરી ઓપ આપતા.

એક વાર આવી જ એક મંદિર-મુલાકાતથી પરવારી તેઓ તા. ૨૦/૮ની રાત્રે ઠાકોરજી જમાડી રહેલા ત્યારે લાલી ગામના કાર્યકર્તાનો ઉલ્લેખ થયો. તે સાંભળી કો'કે જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'લાલી ક્યાં આવ્યું?'

'ખેડા જતાં જમણે હાથે સાંખેજને રસ્તે આવે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ ત્વરિત ઉત્તર સાંભળી દર્શનાર્થીઓ તાળી પાડી ઊઠ્યા. નકશામાં ટપકું ય ન આવે એવાં અંતરિયાળ નાનાં ગામો પણ સ્વામીશ્રીની સ્મરણપોથીમાં સ્થાન પામેલાં. તેઓના વ્યાપક વિચરણ અને ગાઢ સંપર્કનો આ પુરાવો.

તેને કારણે ગામોગામ અને નગરે-નગરે ઊભાં થઈ રહેલાં મંદિરોની યાદીમાં નામ નોંધાવવા હવે અહીંનું મંદિર પણ થનગની રહેલું. તે પર આરૂઢ થનારા સુવર્ણ કળશ અને ધજાદંડને સ્વામીશ્રીએ તા. ૨૨/૮ની પ્રાતઃપૂજા બાદ પૂજ્યા. તે દ્વારા મંદિરના વાસ્તુવિધિનો પણ પ્રારંભ કરાવી તેઓ તા. ૨૩/૮ની સવારે એમરી યુનિવર્સિટીના આઉટ પેશન્ટ ક્લિનિકમાં જઈ પહોંચ્યા. અત્રે તેઓનું રાબેતાની રૂએ સ્વાસ્થ્ય-પરીક્ષણ કરવામાં આવ્યું. તેમાં કશું જ વાંધાજનક ન જણાતાં મંદિર-મહોત્સવ માટે સૌનો ઉમંગ બેવડાઈ ગયો.

આવા જ ઉત્સાહ સાથે તા. ૨૪/૮ની સાયંસભામાં ઉપસ્થિત થયેલા જ્યોર્જિયા રાજ્યના એટર્ની જનરલ શ્રી બાકરે આજના દિવસને 'બી.એ.પી.એસ. શતાબ્દી દિન' જાહેર કર્યો. તેની સાથે તેઓએ સ્વામીશ્રીને પણ રાજ્યના એટર્ની જનરલની માનદ પદવી આપી નવાજ્યા. તેના જ અનુસંધાનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'શતાબ્દી મહોત્સવ ઊજવાય છે એ નિમિત્તે આજની આ સભા છે. એમાં કાયદામંત્રીએ આવીને મને કાયદામંત્રીનો પરવાનો આપી દીધો. એમણે જ્યારે આ આપ્યું છે તો આપણે પણ કંઈક કામ તો કરવું જ પડે. એ કાયદામંત્રી તરીકે આ લોકનું કાર્ય કરશે, આપણે કાયદામંત્રી તરીકે લોકો અનંત જન્મથી માયાની જાળમાં ફસાયા છે એમને આધ્યાત્મિક જ્ઞાન આપીને જન્મ-મરણનાં બંધનથી છૂટે એ રીતે કાર્ય કરવાનું છે. આપણો આ શતાબ્દી ઉત્સવ છે, એમાં એક કાર્ય આપણું એ છે કે માણસોને કોઈ પણ રીતે સુખ-શાંતિ થાય, સારે માર્ગે ચાલે, ભગવાનને માર્ગે ચાલે ને પોતાનાં સ્વભાવ-બંધનોથી છૂટીને પરમ સુખિયા થાય, અક્ષરધામને પામે.'

આ શબ્દો દ્વારા સ્વામીશ્રીએ કલ્યાણના કાયદાનો પોતાનો કારોબાર જણાવી દીધો. તેઓના આવા ઉમદા હેતુ સાથે ઊજવાતી સંસ્થાની શતાબ્દીના ડંકા દેશ-વિદેશમાં કેમ ન ગુંજે !

એટલાન્ટાના આંગણે નયનરમ્ય નગરયાત્રા

દેશોદેશમાં વાગી રહેલાં સંસ્થાની શતાબ્દીનાં પડઘમમાં તા. ૨૫/૮ની સવારે વિશ્વશાંતિ મહાયાગના મંત્રોચ્ચાર ભળતાં એટલાન્ટાના આકાશમાં મંગલતા ફરી વળી. આ યજ્ઞવિધિમાં બેસવા માટે યજમાનોએ કરેલા ધસારાને સમાવવાની યજ્ઞશાળાની ક્ષમતા ટૂંકી પડતાં રોજની ભોજનશાળામાં પણ યજ્ઞકુંડ ઊભા કરાયેલા. અહીં બેઠેલા યજમાનોને પ્રથમ દર્શનદાન આપી સ્વામીશ્રી મુખ્ય યજ્ઞભૂમિ પર પધાર્યા.

અત્રે તેઓએ મૂર્તિપૂજન અને મહાપૂજાનો વિધિ સંપન્ન કર્યા બાદ ૧૩૦ કુંડની ફરતે બેઠેલા ૧,૬૫૦થી વધુ યજમાનો પર આશીર્વાદના અક્ષત વરસાવતાં કહ્યું :

'અહીં ભગવાન વિરાજશે તો એમની કરુણાનો પ્રવાહ એટલાન્ટા પર તો રહેશે, પણ આખું અમેરિકા અને આખા વિશ્વ પર દયા રહેશે. આજે દેશના,

પરદેશના અને સ્થાનિક બધાએ આ યજ્ઞમાં ભાગ લીધો છે તો અનંતગણો લાભ થશે. યજ્ઞમાં વેદના મંત્રોનું ઉચ્ચારણ થાય એમાં આપણને ખબર પડતી નથી, પણ વેદનો અર્થ સમજાય કે ન સમજાય, એ સંભળાય તોય કાન પવિત્ર થાય, હૃદય પવિત્ર થાય. જાણે-અજાણે અમૃત પીએ તો અમર થઈ જાય.'

આ અમૃતધારાના આચમનનો ઓડકાર સૌ ખાઈ રહેલા ત્યાં જ સાંજે સાડા ચાર વાગ્યે લિલબર્ન મીડલ સ્કૂલના પ્રાંગણમાં નગરયાત્રાનો નજારો જામી ગયો. અહીં શહેરના મેયરની લીલી ઝંડી ફરકતાં જ શરૂ થયેલી બે કિ.મી. લાંબી શોભાયાત્રા નગરવાસીઓની નજરબંધી કરવા માંડી. આ અસવારીનું જો અનુક્રમ મુજબ કોઈ વર્ણન કરવા જાય તો ૬૦ની સંખ્યામાં યાદી બને એટલી વિવિધતાઓથી સભર આ નગરયાત્રા હતી. તેના ભાગરૂપ સિંહ રથ, સંસ્કૃતિ રથ, ભારત રથ, મત્સ્ય રથ, વૃષભ રથ, હંસ રથ, સર્પ રથની કલાત્મક રચનાઓ પણ અત્યંત આકર્ષક હતી.

તેની સાથે આ રથસમૂહમાં બિરાજેલી નયનરમ્ય મૂર્તિઓ, ગજરાજ પર આરૂઢ મહારાજ અને સ્વામી, બૅન્ડ તથા બેનરધારી યુવાનો, વિવિધ વેશભૂષા સાથે નર્તનરત બાળ-કિશોરો, સાફાધારી ધ્વજધારીઓ, કુમારિકાઓની કળશયાત્રા વગેરેએ જબ્બર આકર્ષણ જમાવ્યું. તેથી ઊછળેલો હર્ષોલ્લાસ CNN, NBC, ABC જેવી ટી.વી. ચેનલો દ્વારા થયેલા આ નગરયાત્રાના જીવંત પ્રસારણથી દેશભરમાં પણ વ્યાપી વળ્યો.

આશરે બે હજાર હરિભક્તોના સમૂહ સાથે ઘૂમેલી આ નગરયાત્રાના પડઘાને વધુ બુલંદ બનાવતાં તા. ૨૬/૮ની સવારે પ્રતિષ્ઠાની શરણાઈઓ ગુંજી ઊઠી.

પથરામાં રહીને ભગવાન બોલે છે

તત્કાલીન બી.એ.પી.એસ.ના મોટામાં મોટા મંદિરરૂપે સર્જાયેલા એટલાન્ટાના મંદિરનો ૨૩ ફૂટ વ્યાસ ધરાવતો સાત સ્તરનો ઘુમ્મટ તા. ૨૬/૮/૨૦૦૭, વિ.સં. ૨૦૬૩, શ્રાવણ સુદ ૧૩, રવિવારની સવારે વેદધ્વનિથી ગાજી રહેલો. ઊંચી ઊભણીવાળા પોડિયમ પર મંદિરની રચનાનો સંસ્થામાં આ પ્રથમ આદર અંતરના ચોપડે અંકે કરી લેવા ૯૦૦ જેટલા યજમાનો આતુર હતા. તેઓની પ્રતીક્ષા પર પૂર્ણવિરામ મૂકતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ ત્રણ યુવાનોને પાર્ષદી દીક્ષા આપી પ્રતિષ્ઠાવિધિ માટે પધાર્યા ત્યારે ગગનભેદી

જયઘોષ થઈ રહ્યો.

તે ઝીલતાં તેઓએ ૯:૩૮ વાગ્યે યંત્રપીઠિકા પર બિરાજી શરૂ કરેલા પ્રતિષ્ઠાવિધિના અંગભૂત ન્યાસ, સંકલ્પ, મૂર્તિઓનો અંગુષ્ઠસ્પર્શ, ગાયત્રીમંત્રનું પઠન, નેત્રોનું અનાવરણ, આદર્શનિવેદન વગેરે ક્ષણે-ક્ષણે એક અમીટ ઇતિહાસ સર્જવા લાગ્યા. મૂર્તિઓના ભાલપ્રદેશ પર સ્વામીશ્રીએ કરેલા ચાંદલા તો ભારતીય સંસ્કૃતિના વિજયતિલક બની શોભી રહ્યા. મધ્ય ખંડ બાદ ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, રાધા-કૃષ્ણ ભગવાન, ગુરુપરંપરા, રામ પરિવાર અને શિવ પરિવારનાં વિધિવત્ પૂજન કરી સ્વામીશ્રી ત્રણ પ્રદક્ષિણા ધરાવતા આ પહેલવહેલા મંદિરના પોડિયમ પર પહોંચ્યા.

આ પીઠિકાની સામે જ માનવસર્જિત સરોવરમાં ધવલરંગી હંસ વિહરી રહેલા, તો સંસ્થાની શતાબ્દીને યાદ કરાવતી પ્રાંગણમાં પુરાયેલી ભાતીગળ રંગોળી સૌનાં મન મોહી રહેલી. વળી, અમેરિકાનાં પચાસ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા ધ્વજની સાથે ફરફરતા ભારત અને અમેરિકાના રાષ્ટ્રધ્વજ વાતાવરણને સંવાદિતાથી સભર કરી રહેલા. તેની વચ્ચે સ્વામીશ્રીએ આજના અતિથિવિશેષ તરીકે હાજર થયેલા કૉંગ્રેસમેન, ગ્વિનિટ કાઉન્ટીના ચૅરમેન તથા લિલબર્નના મેયરને આવકાર્યા. તે પછી ગુંજેલાં બંને દેશોનાં રાષ્ટ્રગીતને અનુસરતાં તેઓએ ફુગ્ગાઓને ગગનગામી કરી મહાનુભાવોના સાથમાં તકતીઓનો અનાવરણવિધિ કર્યો.

ત્યારબાદ મધ્ય ખંડમાં પધારી સ્વામીશ્રીએ બી.એ.પી.એસ.ના આ ૨૪મા શિખરબદ્ધ મંદિરની મૂર્તિઓને પ્રથમ આરતીનું અર્ઘ્ય ધર્યું ત્યારે મંગલકારી માહોલ સર્જાઈ ગયો. આરતી બાદ ક્યાંય સુધી જયજયકાર ગુંજતા રહ્યા અને સ્વામીશ્રી નીલકંઠવર્ણીનો પ્રથમ અભિષેક કરી ઉત્સવ-સભામાં આવી પહોંચ્યા.

અહીં ૨૦,૦૦૦ ભક્તજનોની ઉપસ્થિતિમાં કૉંગ્રેસમેન શ્રી હેન્ક જોહ્નસને આજનો દિવસ 'મંદિર દિન' તરીકે ઘોષિત કરી ધન્યતા અનુભવી. આવા ઐતિહાસિક અવસરે આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આજે ભગવાન બિરાજ્યા છે. આપણને દિવ્ય દર્શન આપ્યાં છે. આ શ્રદ્ધાનો વિષય છે. ઘણાંને લાગે કે 'આ પથરા શું કામ કરે?' પણ પથરામાં રહીને ભગવાન બોલે છે. આ બધી વસ્તુ ચૈતન્ય છે. આ મંદિર બધા માટે છે. જેટલો લાભ લઈશું એટલી અંતરે શાંતિ થશે. આ સંપ્રદાય એવો નથી કે

બીજાનું ખંડન કરીને પોતાની મહત્તા વધારવી, પણ દરેકનું કલ્યાણ કેમ થાય એવી ભાવના રહી છે.'

આ ઉદ્‌બોધન બાદ મંદિરના પથ્થરે પથ્થરે પ્રાણ પ્રગટાવનારા સ્વામીશ્રીએ સભાગૃહમાંથી વિદાય લીધી ત્યારે મહાસત્તાના મેદાનમાં ધર્મસત્તાનો ધ્વજ લહેરાઈ રહેલો.

અહંકાર ઓગાળતું ભગવાનનું ઘર

તા. ૨૮/૮ની વહેલી સવારે ૪:૫૦ વાગ્યાથી ૭:૧૫ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો કરી સ્વામીશ્રીએ આજના દિવસે રક્ષાબંધનનો ઉત્સવ પણ એટલાન્ટાના આંગણે ઊજવ્યો. આ પવિત્ર દિવસે તેઓના આશીર્વાદ લેવા આહોવાના નામે ઓળખાતા હૉટલ-મોટલ ઍસોસિયેશનના હોદ્દેદારો આવી પહોંચ્યા. તેઓ સાથે એક પાદરી પણ હતા. આ ધર્મોપદેશક સ્વામીશ્રીને મળતાં જ બોલી ઊઠ્યા: 'મેં આપનાં દર્શન કર્યાં ને જાણે ભગવાનનાં દર્શન કરતો હોઉં એવો અનુભવ થયો. આપના મંદિરનાં દર્શન કર્યાં અને ભગવાનના ઘરનો અનુભવ કર્યો. આપના ભક્તોનાં દર્શન કર્યાં તો એમાં ભગવાનના પુત્રોનાં દર્શન કરતો હોઉં એમ અનુભવાયું.'

આ અભિપ્રાય સાંભળનારા સૌને 'પથરામાં રહીને ભગવાન બોલે છે' એ સ્વામીશ્રીનું વિધાન સત્ય સાબિત થતું જણાયું.

આવા મંદિરની મુલાકાતે તા. ૨૯/૮ની સવારે પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત એમરી યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી જેમ્સ વેગનર આવ્યા. તેઓ સ્વયં પણ ઇજનેર હોવાથી મંદિરની વિશેષતા વર્ણવતાં બોલ્યા: 'મંદિરનું એન્જિનિયરિંગ જોઈને મને આશ્ચર્ય જ થાય છે. એમાં પણ ઘુમ્મટની ચાવીની કરામત તો ઇજનેરી રીતે જોતાં અદ્વિતીય, અદ્‌ભુત અને અજાયબી સમાન છે.'

આટલું કહી આ કેળવણીકાર સહેજ અટક્યા. તે પછી તેઓએ મંદિરની હૃદયવેધક અનુભૂતિ ઉચ્ચારી કે ''થોડી ઈર્ષ્યા ઉપજાવે એવું આ બેનમૂન સ્થાપત્ય છે. અહીં આવતાં આપણો અહંકાર ઓગળી જાય છે. ઘણી વખત આપણને એવું અનુભવાય છે કે 'મને બધી ખબર છે.' પરંતુ અહીં આવતાં અંતર્દૃષ્ટિ થાય છે અને એમ લાગે છે કે 'આપણે હજી અજ્ઞાની છીએ,' કારણ કે જે કરવાનું છે એ નથી થતું.''

મંદિરો સર્જી સ્વામીશ્રીએ વિશ્વ અને વ્યક્તિનું જે ભલું કર્યું છે તેનું

મૂલ્યાંકન કરવા કોઈ બેસશે ત્યારે આવા સ્વાનુભવો ઘણા વજનદાર સાબિત થશે. તે વખતે મંદિર-નિર્માણ સામે સવાલ ઉઠાવનારા વધુ ગમાર અને ગબરગંડ પુરવાર થઈ રહેશે.

અતિ છે સૌનું તમ પર હેત

એટલાન્ટાની આગવી ઓળખ સમા ભવ્ય મંદિરને ખુલ્લું મૂક્યાના ચોથા જ દિવસે તા. ૩૦/૮ની સવારે સ્વામીશ્રી અહીંથી વિદાય લેવા તત્પર થયા. તેઓ હવે અહીં પુનઃ કદી પધારવાના નહોતા. છતાં છેલ્લી ઘડીનો અજંપો કે ફરી જે નજરે ચઢવાનું નથી તેને વળી-વળીને નીરખી લેવાની ઉત્સુકતા – બેમાંથી કશું સ્વામીશ્રીની ચાલ કે ચહેરા પર ન પરખાયું. તેથી જ તો ભક્તો ભૂલા પડ્યા ને! કોઈ કલ્પી પણ ન શક્યું કે સ્વામીશ્રીનું આ પ્રસ્થાન અહીંથી તેઓની આખરી વિદાયરૂપ છે. પોતાના એક શ્રેષ્ઠ સર્જનથી આટલી સહજ રીતે અળગા થઈ જવામાં જ સ્વામીશ્રીની ગુણાતીત સ્થિતિ ખરેખરી ઝળકી રહી.[૬]

તેનો ઉજાશ આજની સવારે ૧૧:૦૦ વાગ્યાથી ડલાસમાં પ્રસરવા લાગ્યો.

અત્રે ઍરપોર્ટના મધ્યમાં જ વસેલી 'હયાત રિજન્સી' હૉટલમાં ૧,૩૩૩ ક્રમાંક ધરાવતા ઓરડામાં સ્વામીશ્રીનો નિવાસ હતો. પ્રાતઃપૂજા અને સાયંસભાના કાર્યક્રમો પણ આ જ સંકુલના ભોંયતળિયે આવેલા સભાગૃહમાં ગોઠવાયેલા. તે અનુસાર તા. ૩૧/૮ની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં સ્વામીશ્રીને પહેરાવવા માટે ડલાસના મહિલામંડળે તૈયાર કરેલા મમરાના હારમાં એક-એક મમરા પર પાંચ-પાંચ વાર 'સ્વામિનારાયણ' નામ લખવામાં આવેલું!

સ્વામીશ્રી વિષે સૌના અસાધારણ સ્નેહની સાક્ષી પૂરતા આવા દાખલા જ્યાં સ્વામીશ્રી પધારે ત્યાં જોવા મળતા. આજે તે જોઈ સ્વામીશ્રીને સત્કારવા આવેલા વીસથી વધુ જાહેર સંસ્થાના અગ્રણીઓ પણ તાજ્જુબ થઈ ગયા.

આવા જ અહોભાવ સાથે તા. ૧/૯ની સવારે કેરલટન નગરના મેયર

---

૬. એટલાન્ટામાં દિવ્યતા અને દબદબાપૂર્વક સંપન્ન થયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

શ્રીમતી મિલરે પોતાના પ્રતિનિધિ દ્વારા સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' તથા સન્માનપત્રથી નવાજ્યા.

રૂડી વાણી સુણી ચિત્તવૃત્તિ લોભાણી

તા. ૨/૯ની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ડલાસ તથા લબકનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

આ વૈદિક વિધિ સંપન્ન કરી સ્વામીશ્રી પ્રતિષ્ઠા-સભામાં પહોંચ્યા ત્યારે કૉંગ્રેસમેન શ્રી પીટ સેશન્સ સત્કાર કરવા દોડી આવ્યા. તેઓ સ્વામીશ્રીનાં ચરણોમાં શબ્દસુમન ચઢાવતાં બોલ્યા:

'આ દેશના વિકાસમાં તમારા અનુયાયીઓનો ફાળો ન ભુલાય એવો છે, એટલે આ દેશના નાગરિકો આપનો પણ આભાર માને છે. તમારી જે ભાવનાઓ છે એ ફક્ત તમારા આશ્રિતો માટે જ નથી, પણ સમગ્ર વિશ્વને અને અમેરિકનોને પણ ફાયદો કરે એમ છે. તેથી જ આપના વિચારોમાંથી કેવળ આપના સંપ્રદાયના જ નહીં, પણ અમેરિકાની પેઢીઓની પેઢીઓ પ્રેરણા મેળવતી રહેશે.'

આવી જ અનુભૂતિ આજની સભામાં ઉપસ્થિત ઇરવિંગના મેયર શ્રી હર્બર્ટ ગિયર્સ પણ કરી રહ્યા.

આ વર્ષે તા. ૩૦/૬ની સવારે છેક હ્યુસ્ટન આવી સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી ગયેલા આ નગરપતિ સ્વામીશ્રીને મળ્યા ત્યારથી જાણે સ્વામીશ્રીના બની ચૂકેલા. તેઓની આ સ્થિતિની નોંધ બે-ત્રણ દિવસ સુધી લીધા બાદ તેઓનાં મહિલા સચિવે એક સ્થાનિક સત્સંગીને ફોન જોડી કહેલું: 'મેયરશ્રીને શું થયું છે તે સમજાતું નથી, પણ અહીં આવ્યા પછી થયેલી ત્રણેય મીટિંગોમાં તેઓ સ્વામીશ્રીની જ વાત કરી રહ્યા છે.'

એટલું જ નહીં, આ મેયરે એક સ્થાનિક સામયિકમાં સ્વામીશ્રીને વધાવતો લેખ લખી મથાળું મારી દીધું: 'Spiritual leader is coming in my town.' – એક આધ્યાત્મિક નેતા મારા શહેરમાં પધારી રહ્યા છે.

આ ગાઢ પ્રેમભાવ સાથે આજની સભામાં હાજર થયેલા શ્રી ગિયર્સ સ્વામીશ્રીને સન્માની મહેમાનો વિદાય થયા છતાં બેસી રહ્યા. તેનું કારણ જણાવતાં તેઓએ કહ્યું: 'મારે ફક્ત પ્રમુખસ્વામીનો અવાજ સાંભળવો છે.'

*'રસનાયે છે રૂડી વાણી, સુણી ચિત્તવૃત્તિ લોભાણી...'*નો આવો

અનુભવ સ્વામીશ્રીના સ્વર સાંભળનારા સૌને સદાય થતો.

જેનો પ્રેમ પ્રભુ વિષે પૂરો

તા. ૨/૯ની સાંજે સ્વામીશ્રી ઇરવિંગ નગરના એરોડ્રોમની નિકટવર્તી જમીન પર નિર્માણાધીન મંદિરની કાર્યવાહીને પ્રોત્સાહિત અને પ્રસાદીભૂત કરવા પધાર્યા.

અહીં તેઓને બાંધકામની દેખરેખ રાખતા શ્રી મહેશભાઈ પટેલ નકશા ખોલી સઘળું સમજાવવા લાગ્યા ત્યારે સ્વામીશ્રીએ જ્યાં મૂર્તિઓ બિરાજવાની હતી તે જગ્યા પર ગાડી લેવડાવી, પરંતુ અત્રે ઊબડખાબડ ભૂમિને કારણે તેઓને મોટરમાં જ બેસી પુષ્પો પધરાવવાના હતા, છતાં સ્વામીશ્રી આગ્રહપૂર્વક જમીન પર ઊતર્યા અને તેઓએ સંકલ્પવિધિ પણ કરાવ્યો. તે પછી સ્વામીશ્રીએ પ્રાસાદિક પુષ્પ, જળ, અક્ષત વગેરે માંગલિક દ્રવ્યો પાયામાં પધરાવી જે સ્તંભ આગળ પ્રતિમા પ્રતિષ્ઠિત થવાની હતી તે જગ્યાએ બહાર નીકળેલા સાત સળિયાને નાડાછડી બંધાવી. એ સ્તંભ પર જ ઠાકોરજી પધરાવી ધૂન પણ કરાવી.

આટલું કર્યા પછીયે સ્વામીશ્રીનો ઉમળકો ન શમ્યો. તેથી તેઓએ આ સ્તંભને ગુલાબનાં બે ફૂલ, ચોખા, કુમકુમથી વધાવ્યો. તે પછી સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા સંતોને કહ્યું: 'દસે દિશાઓનાં નામ બોલી તેને વધાવો.' આ રીતે 'पूर्वे ऋग्वेदाय नमः' થી 'अधस्ताद् अनन्ताय नमः' સુધીના મંત્રોચ્ચાર સાથે તેઓએ દસે દિશાને અર્ઘ્ય આપી કહ્યું: 'બધી દિશાઓમાં સ્વામિનારાયણનું કવચ રહે અને કોઈ વિઘ્ન ન આવે.'

વળી, સ્થાનિક ભક્તોને જણાવ્યું: 'હજી પ્રતિષ્ઠા થઈ નથી એ પહેલાં આટલા બધા સાધુઓ આવી ગયા એ प्रसादचिह्नानि पुरःफलानि[૭] જેવું છે.'

સ્વામીશ્રીનો આ ઉત્સાહ તેઓએ પ્રદક્ષિણા આકારે ગાડી લેવડાવી સઘળી જગ્યાએ પુષ્પો વેર્યાં ત્યારે પણ એવો જ ઊછળી રહ્યો.

આ ભક્તિભાવ સાથે તેઓ વેબ ચેપલ માર્ગ પર આવેલા જૂના મંદિરે જઈ પહોંચ્યા. અત્રે અક્ષર-પુરુષોત્તમ મહારાજના સિંહાસનની જમણી બાજુએ તેઓના વરદહસ્તે શ્રી નીલકંઠવર્ણી પ્રતિષ્ઠા પામ્યા.

હવે વિદાય જ લેવાની હતી, પરંતુ પ્રભુ વિષે પ્રેમવશ સ્વામીશ્રી

---

૭. શુભ સંકેત આગામી સારા ફળને જણાવનાર છે. (रघुवंशम्: २/२२)

ઊભાં ઊભાં માઇક પકડીને સહેજ હાંફતા સ્વરે બોલવા લાગ્યા:

'આજે ભક્તોના ભાવને લઈ અહીં નીલકંઠવર્ણીનું સ્થાપન કર્યું છે. એ વખતે વનવિચરણમાં નીકળેલા તેઓની દૃષ્ટિ હતી કે મારા ભક્તો પરદેશમાં પણ ગયા છે તો મારે પણ ત્યાં જવું. એટલે એમણે પણ વર્લ્ડ ટૂર (વિશ્વયાત્રા) કરી નાંખી. કલ્યાણયાત્રા કરી કહેવાય. તેઓ આજે અહીં વિરાજ્યા છે તો ભક્તોનાં મનોરથ, ઇચ્છા અને જે જે સંકલ્પ હશે એ પૂરા કરશે.'

સૌને સરખા જાણું

તા. ૩/૯નો દિવસ ડલાસથી વિદાયનો હોવાથી સ્વામીશ્રી વધુ વ્યસ્ત હતા. સમયની આ કટોકટી વચ્ચે સત્સંગ મંડળના કેટલાક અગ્રણીઓ એક મહિલાની મુશ્કેલી લઈ આવી પહોંચ્યા. આ બાઈ હરિભક્ત વ્યસની પતિની કનડગતને કારણે સાતેક વર્ષથી અલગ રહેતાં હતાં, પરંતુ આ સમયગાળા દરમ્યાન તેઓના પતિ વ્યસનમુક્ત થઈ સત્સંગમાં પણ જતા-આવતા થયેલા. આ વિગતના આધારે તેઓએ પત્નીને પુનઃ ભેગાં થઈ રહેવાનું કહેણ મોકલેલું, પણ પત્ની સ્વામીશ્રીને પૂછીને જ કદમ ઉઠાવવા માંગતાં હોવાથી તેઓનો આ મામલો હરિભક્તોએ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો.

તે સાંભળી આ બાબતે ઊંડા ઊતરેલા સ્વામીશ્રીએ મહિલાના પતિ જ્યાં રહેતા હતા તે સત્સંગ-કેન્દ્રના કાર્યકર્તાને ફોન જોડાવી તેઓના વર્તન વિષે જાણકારી મેળવી. તેમાં સંતોષ જેવું જણાવા છતાં તેઓએ 'જો જવાની ઇચ્છા હોય તો જવું' એમ પેલાં મહિલાને કહેવડાવ્યું.

સ્વામીશ્રી સૌને સરખા સમજતા. તેથી મર્યાદામાં રહેતા તેઓ પાસેથી મદદ મેળવવામાં નર-નારી કોઈનેય અધૂરપ ન જણાતી.

આ સમતા અને મમતાની પાંખે આજની સાંજે ડલાસથી ઊડેલા સ્વામીશ્રી સાનહોઝે જઈ રહેલા. આ હવાઈયાત્રા દરમ્યાન એક તબક્કે નીચે વિશ્વવિખ્યાત ગ્રાન્ડ કેનિયન ખીણોનું સૌંદર્ય ખૂલવા માંડ્યું. તેની પર સંતોના કહેવાથી અમીદૃષ્ટિ વેરનારા સ્વામીશ્રીની નજર કેલિફોર્નિયાના જંગલમાં લાગેલા દાવાનળ પર પણ કરાવવામાં આવી. આ સ્થૂળ આગ નરી આંખે જોઈ શકાતી હોવાથી તેને બુઝાવવા પ્રશાસન ત્રણ મહિનાથી મથામણ કરી રહેલું. તેની જેમ સ્વામીશ્રી પણ અગ્નિશામક હતા. તેથી તેઓ અનેકના અંતરમાં લાગેલી લાય ઓલવવા ૭:૨૦ વાગ્યે સાનહોઝે પધારી ગયા.

અહીં તેઓ કેલિફોર્નિયા સર્કલ પર નિર્માણ પામેલા આપણા મંદિરે પહોંચ્યા ત્યારે ઘેલા બનેલા ભક્તોએ જયનાદો વડે મંદિર ગજવી મૂક્યું, પરંતુ સ્વામીશ્રીની શરીર-ઘડિયાળ મુજબ તો અત્યારે રાત્રિના દસ વાગી ચૂક્યા હોવાથી તેઓને સીધા શયનાધીન જ થવાનું હતું. છતાં ભક્તોને જોઈ તેઓએ વિશ્રામને ઠેલતાં બેસવાનું આસન મંગાવ્યું. તે તૈયાર ન હોવાથી તેને બીજે ઠેકાણેથી લાવી ઠીકઠાક ગોઠવવામાં પાંચેક મિનિટ પસાર થઈ. ત્યાં સુધી સ્વામીશ્રી ઊભા રહ્યા. ચારેક કલાકનો પ્રવાસ ખેડ્યા પછી પણ ભક્તોને લાભ આપવાની તેઓની આ તત્પરતાએ સૌનાં નેણ છલકાવી દીધાં.

જાણે થવાનું, થયું તે પણ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં સાનહોઝે ખાતે પ્રથમ દિવસ 'બી.એ.પી.એસ. શતાબ્દી દિન' તરીકે ઊગ્યો, કારણ કે તા. ૪/૯ના આ દિવસે જન્માષ્ટમીની ઉત્સવ-સભામાં આવેલા સ્થાનિક મેયર શ્રી ચક રીડ તો કો'ક શિખરબદ્ધ મંદિરની જેમ દસ એકરનો પહોળો પટ ધરાવતા અહીંના હરિમંદિરનું આશરે ૧,૬૦,૦૦૦ ચો.ફૂ.નું બાંધકામ જોઈને જ ચકિત થઈ ગયેલા. આ આશ્ચર્ય તેઓએ પોતાના વક્તવ્યમાં વ્યક્ત કરતાં સ્વામીશ્રીને જણાવ્યું: 'આપના સમાજે અહીં અને વિશ્વના લોકો માટે ઘણું કર્યું છે, એટલે આજના દિવસને હું 'બી.એ.પી.એસ. શતાબ્દી દિન' રૂપે જાહેર કરું છું.'

આમ, સ્વામીશ્રીએ અમેરિકાના વધુ એક અગ્રિમ નગરમાં શતાબ્દીનો ડંકો મારી દીધો. તેના નિનાદ વચ્ચે નગરપતિએ તેઓને સન્માનપત્રથી બિરદાવ્યા. તેને અનુસરતાં સાન્તાક્લારાના રાજકીય પ્રતિનિધિએ પણ સ્વામીશ્રીને પોતાના નગરનું માનદ નાગરિકત્વ અર્પણ કર્યું. તે સ્વીકારી સ્વામીશ્રીએ જન્માષ્ટમીને અનુરૂપ અમૃતધારા વહાવી.

તેમાં ઝબકોળાયેલા એક મુમુક્ષુ તા. ૫/૯ની સવારે આવી પહોંચ્યા. તેઓએ પોતાનું વૃત્તાંત જણાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'હું સત્સંગી નથી છતાં છેલ્લા કેટલાક વખતથી તમે મારા સ્વપ્નામાં આવો છો. હું આપને પૂછું છું કે 'તમે તમારી ભાવનાથી આવો છો કે આપણી વચ્ચે કોઈ સંબંધ છે?'

'સંબંધ છે જ ને! પૂર્વનો સંબંધ હોય એટલે સત્સંગમાં આવવા માટે સ્વપ્નામાં દર્શન દેતા હોય. અહીં મંદિર થયું છે તો નિયમિત આવજો.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને સર્વજ્ઞતા વરેલી, પરંતુ પોતાના આ અપરિમિત ઐશ્વર્યનો ઉપયોગ તેઓ જીવને કલ્યાણના માર્ગે ટકાવી રાખવામાં કરતા. આ જન્મે જ નહીં, જન્માંતરે પણ જીવની સંભાળ રાખનારા સ્વામીશ્રીની કરુણા કેવી અપાર હતી!

સાનહોઝેમાં મૂર્તિપ્રતિષ્ઠા

સાનહોઝે મુકામે થયેલા સ્વામીશ્રીના આગમનના એક કારણરૂપ પુનઃ પ્રતિષ્ઠાના ઉપક્રમે તા. ૭/૯ની સવારે અહીં વિશ્વશાંતિ મહાયાગ યોજાયો. તેને અનુસરતાં તા. ૮/૯ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મૂર્તિઓમાં પ્રાણ પુરાયા. તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની સાથે ગુરુપરંપરાની આરસ-પ્રતિમાઓ તથા નીલકંઠવર્ણી પણ પ્રતિષ્ઠિત થયાં.

આ મહેર વરસાવવા બદલ મિલપિટાસના મેયર શ્રી હોઝે એસ્ટવેઝે સ્વામીશ્રીને સન્માનપત્ર સાથે 'કી ટુ ધ સિટી'થી વધાવતાં કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિ મારા શહેર માટે અતિ ગૌરવ સમાન છે.' સન્માનના આ સૂરમાં જોડાયેલા સનીવેલના મેયર શ્રી ઓટો લીએ પણ સ્વામીશ્રીને પ્રોક્લેમેશનથી નવાજ્યા.

શહેરી શાસકોના સ્વામીશ્રી વિષેના આ સ્નેહભાવે પ્રતિષ્ઠા-સભાના અંતે તો માઝા મૂકી. આ સમયે સ્વામીશ્રી સભામાંથી વિદાય લઈ રહેલા ત્યારે *'સ્વામી અમારે અંગ...'* કીર્તન ગુંજવા લાગ્યું. તે સાંભળી ભારતીય શેરવાનીનો પરિવેશ ધારણ કરીને આવેલા પૂર્વ મેયર શ્રી પીટ મેક્સ્યુ તો ઊપડતી લયના આ ભજનના તાલે ઝૂમવા જ લાગ્યા. તેઓને સંગત દેતાં સ્વામીશ્રી પણ હાથ ઊંચા કરીને હળવા મુજરા કરવા માંડ્યા. આ અભૂતપૂર્વ દૃશ્યના સાક્ષી નહીં, પણ તેમાં સહભાગી બનવાનું પસંદ કરતાં સભામાં ઉપસ્થિત અન્ય બે મેયરો પણ નાચવા લાગ્યા. આ નર્તનલીલા સ્વામીશ્રી સભાગૃહ વીંધીને ઠેઠ ઉતારે આવ્યા ત્યાં સુધી ચાલી. તે દરમ્યાન તેઓની આસપાસ ઉમંગભેર નાચતા રહેલા અમેરિકન નેતાઓનો આ નજારો સ્વામીશ્રીના મુદ્રાકર્ષણનો પરિચય આપી ગયો.

આ પ્રભાવ આજની સાંજથી એલ.એ.માં પણ પ્રસરવા લાગ્યો. અહીં તો તેની ધજા વિશેષ ઊંચી ચઢી, કારણ કે ચિનો હિલ્સમાં નિર્માણાધીન મંદિરની ભૂમિ પર સ્વામીશ્રીનું આજે પ્રથમ પદાર્પણ થયું. અત્રે સંસ્થાએ

સંપાદિત કરેલી બાવીસ એકરની ભૂમિ પર મંદિરના મંગલાચરણ જેવો સંત-નિવાસ તૈયાર થઈ ચૂકેલો. તેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થતાં સૌએ હર્ષોલ્લાસથી આ વિજયી પ્રવેશને વધાવી લીધો.

આ જ રીતે સ્વામીશ્રીને આવકારવા તા. ૯/૯ની સવારે સૂર્ય પણ સમયસર હાજર થઈ ગયો, પરંતુ આજે તેનો ચહેરો વિશેષ ચમકતો હતો. તેથી સ્વામીશ્રી ગોગલ્સ ધારણ કરી પ્રાતઃપૂજાના સભામંડપ સુધી પહોંચ્યા.

આ નિત્યકર્મથી પરવારી તેઓ અલ્પાહાર બાદ ૧૨૪ વ્યક્તિઓને મળી પત્રો વાંચવા બિરાજ્યા. તેમાં એક કાગળ બાર વર્ષના બાળકનો ખૂલ્યો. તેણે પૂછેલું: 'આ મહિને જ મને તેરમું વર્ષ બેસશે. મારે મારા જન્મદિનની ભેટ તરીકે કૂતરો જોઈએ છે. પણ મમ્મી કહે છે કે 'તું પહેલાં સ્વામીબાપાની રજા લઈ લે તો હું તને કૂતરો અપાવું.' તો મારાથી કૂતરો લેવાય?'

એક માસૂમ બાળકની આ પૂછપરછ સ્વામીશ્રીની આગવી પ્રતિભા ઉઘાડી ગઈ. લાખો પરિવારો પોતાની મામૂલી કે મહામૂલી બાબતોમાં તેઓને પૂછ્યા વિના પગલું પણ ન ભરતા. અસંખ્ય લોકોનાં આવાં વહાલ અને વિશ્વાસ મેળવનારી વિભૂતિઓ વિશ્વમાં કેટલી થઈ છે?

અક્ષરધામના નિર્માણ જેવાં યુગકાર્યોના વિશ્વકર્મા થઈને પણ 'કૂતરો લાવું કે ન લાવું?' જેવી સાધારણ પૂછપરછનો પ્રેમભર્યો પ્રતિસાદ આપનારા મહાપુરુષો આ ધરતીએ કેટલા જોયા છે?

આપ બધા તમારા બાળકોને પ્રેમ આપજો

તા. ૯/૯ની સાંજે આયોજિત કિશોરસભા *'અમે ના ભૂલીએ તમને'*ના વિષયતંતુને પકડી આગળ સરકી રહેલી. તેમાં કિશોરોના મુખે રજૂ થતા એક-એક પ્રસંગમાંથી લક્ષધા લાડ લડાવતા સ્વામીશ્રીની તસવીર ઊભરતી ચાલી. કો'ક કિશોરની કારકિર્દી, તો કો'ક કિશોરનું કુટુંબ; કો'કનું સ્વાસ્થ્ય, તો કો'કનું શિક્ષણ; કો'કનો સત્સંગ, તો કો'કની સિદ્ધિ – આ સઘળું સ્વામીશ્રીના પ્રેમના પાયા પર ઊભું છે.

આ હકીકત સમગ્ર સભાને સમજાઈ જાય તે રીતે પ્રસ્તુત થયેલા આ કાર્યક્રમના અંતે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા:

"દરેકના પ્રત્યે પ્રેમે કરીને આ સત્સંગ વધ્યો છે. હેતે કરીને માણસ સારો, સંસ્કારી બને છે. ઘરસભાથી એકબીજાની આત્મીયતા વધે છે. તમને

જે જ્ઞાન થાય છે એ તમે બાળકોને પ્રેમ અને વહાલથી કહો. સબ સે ઊંચી પ્રેમસગાઈ. ઊંચામાં ઊંચો જો કોઈ હોય તો પ્રેમ. ગમે તેવો માણસ હોય તોય પ્રેમથી પરિવર્તન થઈ જાય છે. તમે એને બોલાવો, ચલાવો, એની ઇચ્છા પ્રમાણે તમે થોડું કરતાં શીખો.

ભગવાન સ્વામિનારાયણે લૂંટારાઓને વશ કર્યા. આપણને તો જરા વિચાર આવે કે 'આની જોડે શું બેસે? આ કંઈ આપણી વાત માને એવા જ નથી. આપણો ટાઇમ વેસ્ટ (નકામો) જાય છે.' પણ વેસ્ટ ટાઇમ નથી. એની જોડે બેસે તો ધીરે ધીરે હેત થાય, તો લૂંટારા પણ ભક્ત બન્યા. એમ બાળકોની સાથે પ્રેમ કરો તો ગમે તેવો સ્વભાવ હોય તોય ધીરે ધીરે પરિવર્તન થઈ જાય. આપ બધા તમારા બાળકોને પ્રેમ આપજો.

બાળકો સાથે બેસવું અને વાત કરવી કે 'શું ભણે છે? શું જરૂરિયાત છે?...' ધીરેથી વાત કરવી. બહુ કહો તો એનું મન તૂટી જાય. થોડું એનું ધાર્યું થાય, થોડું આપણું ધાર્યું થાય. એમ કરતાં કરતાં હેત થઈ જાય છે. જોગી મહારાજે હેત, પ્રીત કર્યાં તો યુવાનો આ માર્ગે આવ્યા.

ઘરમાં ટી.વી.નો ત્યાગ કરીને ભગવાનની વાત થાય, પ્રાર્થના થાય, ધૂન થાય, દીવો-આરતી થાય એમ કરવાનું. ભલે છોકરાને કંટાળો આવશે, તમનેય કંટાળો આવશે, પણ કંટાળવાથી કામ નથી થતું. આ તો કહે, 'કંઈ નહીં. થવું હશે તો થશે!' તો પછી બધું રખડી જાય છે. એટલે છોકરાઓ સાથેનો પ્રેમ એ બહુ અગત્યની વસ્તુ છે. ભગવાન પણ પ્રેમથી વશ થાય છે. આપ બધા અહીં આવીને બેઠા છો એ પ્રેમની જ વસ્તુ છે, તો દરેકે પોતપોતાના ઘરની અંદર ઘરસભા કરવી. તેથી ઘરના પ્રશ્ન ઊકલી જશે ને શાંતિ થશે.''

મજબૂત માનવી અને મંદિરના નિર્માતા

ચિનો હિલ્સમાં સ્વામીશ્રીએ આરંભેલું મંદિર-નિર્માણનું કાર્ય તેઓના અણમાપ પ્રતાપની ઝાંખી કરાવતું આગળ ધપી રહેલું. પૂરતી માહિતીના અભાવે કેટલાક પ્રજાજનોએ ઉઠાવેલા વાંધા-વચકાનો મામલો તો અહીં મહદંશે થાળે પડી ચૂકેલો, પરંતુ આ વિસ્તારની સ્થાયી પ્રકૃતિ ધરતીકંપની. આ પડકારને પણ થાળે પાડવા સ્વામીશ્રીએ એક બુનિયાદી કામ ઉપાડેલું.

તેના ભાગરૂપે મંદિરના પાયાની પ્રક્રિયામાં ત્રણ ફૂટના વ્યાસ અને અઢી ફૂટની ઊંચાઈ ધરાવતા ૪૦ બેઝ આઇસોલેટર્સ(base isolators)ની

મદદ દ્વારા મંદિરની જગતીના સ્તરથી ઉપરના બાંધકામને અલગ પાડવાનું વિચારાયેલું. સેલ્યુલોઝનું સ્નિગ્ધ મિશ્રણ ધરાવતી સ્ટીલની મજબૂત પ્લેટમાંથી બનેલાં આ આઈસોલેટર્સના મધ્યમાં રહેલો છ ઈંચનો વર્તુળાકાર છેદ સીસાંથી ભરેલો હોય છે. જ્યારે ભૂકંપ સર્જાય ત્યારે આ સીસું બાંધકામની સ્થિરતા જાળવવા આંચકાને સહન કરી લે. એટલું જ નહીં, પાયામાં કો'ક કારણસર ખામી સર્જાય તો પાયાની બદલી થઈ શકે તેવી વિશિષ્ટ કરામતથી અત્રે કામ શરૂ થયેલું. આ રીતે ખડું થઈ રહેલું આ મંદિર વિશ્વભરમાં પહેલવહેલું બની રહેવાનું હતું.

પ્રકૃતિ પૃથ્વીની હોય કે માનવીની – તેને નાથવામાં તો સ્વામીશ્રીને કોણ પહોંચે !

પોતાની આવી કૃતનિશ્ચય કાર્યશૈલીના પુરાવારૂપ આ મંદિરના પાયાનું નિરીક્ષણ કરવા સ્વામીશ્રી તા. ૧૦/૯ની સાંજે પધાર્યા. અત્રે જ્યાં મૂર્તિઓ બિરાજવાની હતી તે સ્થળે પુષ્પો પધરાવવા તેઓએ ઈશ્વરચરણદાસ સ્વામીને મોકલ્યા. તે સાથે ઠાકોરજીને પણ દૃષ્ટિ કરાવવા મોકલી આપ્યા.

અલબત્ત, માત્ર મંદિરોના જ નહીં, પરંતુ સ્વામીશ્રી તો માનવીઓના પાયા પણ મજબૂત નાંખતા. તેની વાત તા. ૧૧/૯ની યુવાસભામાં તેઓના જ મુખેથી આમ સરી પડી :

''મહારાજના સમયમાં એવો સમાજ હતો કે 'મહારાજ રાજી થાય એ પ્રમાણે રહેવું.' અત્યારે પણ એવા ઘણાં સત્સંગી છે. આજે જ એક છોકરાની વાત મારી પાસે આવી કે સ્કૂલના માસ્તરે એનો તિલક-ચાંદલો જોઈને પૂછ્યું કે 'આ શું છે ?' છોકરાએ પૂજાની વાત કરી ને બીજા દિવસે સ્કૂલે પૂજા લઈ જઈને બધાની વચ્ચે પૂજા કરી. માસ્તર ખુશ થઈ ગયા ને છાપ પડી કે 'આ છોકરો સાચો છે, દંભ નથી કરતો.' એના વર્તનથી શિક્ષકને ગુણ આવી ગયો કે 'આ સત્સંગ સાચો છે, એના ભગવાન સાચા છે.' આવા તો ઘણા દાખલા છે. કેટલાંય કુટુંબોમાં છોકરાને લીધે મા-બાપને સત્સંગ થયો છે.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું શુદ્ધ વર્તન હતું, તો આજે સત્સંગ વધ્યો છે ને વધવાનો છે. વર્તનથી છાપ પડે છે. એટલે બધા એવું વર્તન રાખજો. આ રજોગુણી દેશમાં, પાર્ટીઓમાં અભક્ષ્ય ખવાઈ ન જાય. અહીં સ્ટેજ પર જુદું ને બહાર જુદું એવું ન રાખવું. બધે વર્તન, વાણી, વિવેક એક જ હોય.''

એલ.એ.માં ઐતિહાસિક મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૧૨/૯ની બપોરે ઠાકોરજી જમાડવા માટે સ્વામીશ્રી ભોજનખંડમાં પધાર્યા ત્યારે આ ઓરડાનું તાપમાન તો સામાન્ય કરતાંયે ઊંચું હતું, છતાં તેઓ ઠંડી અને ધ્રુજારી અનુભવવા લાગ્યા. તે અળસાવવા બંને બાજુ હીટર મુકાયાં, પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'દૂર કેમ છે? નજીક લઈ આવો.'

તેઓના આ ઉદ્‌ગારો પરથી કાયાની કસરનો ક્યાસ નીકળી જાય એમ હતું. તેથી ભોજન બાદ સ્વામીશ્રીને પોઢાડી દેવાયા. તે વખતે તબીબોની તપાસમાં તાવનું તો નામોનિશાન ન જણાયું, પણ સાંજે સ્વામીશ્રીના શરીરમાં તાવનો પારો ૧૦૦.૫ ડિગ્રી સુધી પહોંચી ગયો. પગમાં સોજા અને ગળામાં ઈન્ફેક્શન પણ માલૂમ પડ્યું. આ બીમારીને કારણે તા. ૧૫/૯ના રોજ યોજાયેલા મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ અંગે સૌ અવઢવમાં અટવાવા લાગ્યા.

હા, અત્રે મંદિર-નિર્માણ અંગે સરકારે લીલી ઝંડી ફરકાવી દીધેલી. જો કે મંદિરની આપણને અપેક્ષિત ૭૮ ફૂટની ઊંચાઈ વિષે અંતિમ ચુકાદો આવવાનો બાકી હતો, છતાં શ્રીજીમહારાજ પરના અતૂટ વિશ્વાસના બળે સ્વામીશ્રીએ નિર્માણની પ્રક્રિયા શરૂ કરાવી દેતાં મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તેનો વૈદિક મહાયાગ તા. ૧૪/૯ની સવારે ૫૦૦ જેટલા યજમાનો દ્વારા સંપન્ન થઈ ચૂક્યો. તેમાં નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત ન રહી શકનારા સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય તા. ૧૫/૯ના રોજ પણ તેઓને પ્રતિષ્ઠાવિધિમાં પધારવાની પરવાનગી આપે તેવું તો નહોતું જ.

છતાં સ્વામીશ્રી આજે અલ્પાહાર બાદ સ્વાસ્થ્યને સ્થિર રાખવા માટે દસ ગોળીઓ ગળીને પણ ૮:૫૦ વાગ્યે સભામંડપમાં યોજાયેલા પ્રતિષ્ઠાના પ્રસંગમાં ઉપસ્થિત થઈ જ ગયા! તેઓનાં આ અપાર આત્મબળ, પ્રબળ પ્રતાપ અને અપ્રતિમ ભક્તિભાવના ત્રિવેણી સંગમે આજનો પ્રતિષ્ઠાવિધિ આગળ ધપવા લાગ્યો. ભૂમિ વિના અહીંના મંદિરનો શિલાન્યાસ કરનારા સ્વામીશ્રી આજે મંદિર વિના મૂર્તિપ્રતિષ્ઠા પણ કરી રહેલા!

તે વખતે તેઓના ચહેરા પર છલકાતી ભક્તિ ગવાહી પૂરી રહી કે તેઓ આજે સભાગૃહના મંચ પર પધરાવેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજમાં પ્રાણોનું આહ્‌વાન નથી કરી રહ્યા, પરંતુ એલ.એ.ના વક્ષઃસ્થળ પર ઊભા થનારા ૩,૦૦૦ ટન ભારતીય ગુલાબી પથ્થર અને ૨,૨૫૦ ટન ઇટાલિયન

માર્બલમાંથી બનેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમનાં સ્વરૂપોને જીવંત કરી રહ્યાં છે.

આજે સ્વામીશ્રીની આંખોમાં ઊભરાયેલી ચમક અને શિથિલ સ્વાસ્થ્ય હોવા છતાં વિધિ કરવામાં જણાતી તેઓની ત્વરા સાક્ષી પૂરી રહી કે સ્વામીશ્રી સભાખંડમાં પ્રસ્થાપિત કરેલાં વૈદિક સ્વરૂપોમાં નહીં, પરંતુ એલ.એ.ના ૭૮ ફૂટ ઊંચા ગગનચુંબી મંદિરમાં અક્ષર-પુરુષોત્તમને પ્રતિષ્ઠિત કરી રહ્યા છે.

પાંચ વર્ષ પછી ૧૨૨ કલામંડિત સ્તંભ, ૧૨૯ કલાત્મક તોરણો, ૧૩ ભવ્ય ઘુમ્મટ-ઘુમ્મટીઓ, પાંચ ઉત્તુંગ શિખરો, ૬,૬૦૦ નાજુક શિલ્પો અને ૩૫,૦૦૦ નકશીદાર પથ્થરોના સંયોજનથી પૂર્ણપણે ખીલી જનારા ગુલાબી કમળ સમા મંદિરના એક-એક કણ-કાંગરા અને સ્તંભ-શિખરને સ્વામીશ્રી આજે બીજ-અવસ્થામાંથી નીરખી રહ્યા હોય તેવો ઉત્સાહ તેઓની રૂડી કાયામાંથી ફૂટી રહેલો. મંદિરની ઇચ્છિત ઊંચાઈ પર લટકતી તલવારથી તેઓનું રૂંવાડું ય ફરકતું નહોતું, તો પ્રચંડ વિરોધની તેઓને બિલકુલ તમા નહોતી. શ્રીજીમહારાજના કર્તાપણામાં સ્વામીશ્રીને તલભાર શંકા નહોતી, તો પોતે ઉપાડેલા કાર્યની સત્યતા વિષે તેઓને લેશ સંદેહ નહોતો. પોતાના પ્રતાપી ગુરુ શાસ્ત્રીજી મહારાજની આભાને પોતાની કાયાના કણ-કણમાં ઝળકાવતા સ્વામીશ્રીએ આજે પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ કરી આરતી ઉતારી ત્યારે ચારેકોર જયજયકાર ગુંજી રહ્યો.

તે શમતાં જ સ્વામીશ્રીના મુખેથી વરદાનરૂપ વાણી સરવા લાગી:

'આજના પ્રતિષ્ઠા મહોત્સવની જય! સર્વ હરિભક્તોની જય!

જયજયકાર થઈ ગયો. ઘણી મુશ્કેલીઓની વચ્ચે પણ, પુરુષાર્થ ને ભગવાનમાં શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો તો આપણે અત્યારે અહીંયાં સુધી પહોંચી ગયા છીએ કે ભગવાન બેસાડી દીધા. કાયદો કાયદાનું કામ કરશે. બધા કંટ્રાટીઓ કામ કરશે, પણ બધાની વચ્ચે આજે ભગવાન રાજી થકા વિરાજમાન થઈ ગયા છે કે ભક્તોની મુશ્કેલીઓ મારે હવે ટાળવાની છે, તો હું અહીં આવીને સાક્ષાત્ બેસું તો બધી મુશ્કેલીઓ દૂર થાય. ભગવાન પર શ્રદ્ધા, વિશ્વાસ રાખીને આપણે આદર્યું છે તો હવે મંદિરનું આગળનું કામ છે એ પણ થઈ જશે. નગરયાત્રા પછી પ્રતિષ્ઠા થાય, પણ અહીંયાં નવીન વાત છે કે પ્રતિષ્ઠા પછી નગરયાત્રા થશે. આ સેવાથી ભગવાન આપણામાં રહેલાં અવગુણ, સ્વભાવ, પ્રકૃતિઓ ટાળીને, બ્રહ્મદેહ પમાડીને ધામમાં લઈ જશે. કામ સર્વોપરી થઈ જશે. ગગનચુંબી શિખરવાળું મંદિર ને ધજાઓ ફરકતી

થશે એ પણ આપણને વિશ્વાસ છે. કાઉન્સિલને પ્રેરણા થશે, એના માણસોને પ્રેરણા થશે ને આપણું કામ ભગવાન કરશે.'

સ્વામીશ્રીનો આ શબ્દ-ટંકાર ત્રિલોકી ડોલાવે તેવો હતો. માંદગીને કારણે તેઓનો અવાજ ક્ષીણ હતો, પણ જુસ્સો બુલંદ હતો. તેના સહારે જ સંપન્ન થયેલો આજનો પ્રતિષ્ઠા મહોત્સવ માણનારા ગાઈ ઊઠ્યા કે *'કૃત ત્રેતા ને દ્વાપરમાંઈ, આવું કોઈયે કીધું ન ક્યાંઈ...'*

અમેરિકામાં મંદિર-નિર્માણની મોનોપોલી

સર્જનના ક્રમને પૂરેપૂરો ઊલટાવીને વિક્રમસર્જક રીતે એલ.એ.માં મંદિર ખડું કરી રહેલા સ્વામીશ્રીની અન્ય એક અકળ અને અલૌકિક કળાનું દર્શન તા. ૧૬/૯ની સવારે થયું. આ સમયે પ્રસ્થાપિત થનારા કણપીઠના પથ્થરનું પૂજન સ્વામીશ્રીના વરદહસ્તે ગઈકાલે પ્રતિષ્ઠાવિધિ વખતે જ કરાવી લેવામાં આવેલું, જેથી તેઓને આજે તડકામાં પરિશ્રમ વેઠવો ન પડે. પરંતુ આજે સ્વામીશ્રી હરિમંદિરમાં સ્થાપિત થયેલી મૂર્તિઓનાં પ્રથમ દર્શન તેમ જ નીલકંઠવર્ણીને પ્રથમ અભિષેકનું અર્ઘ્ય ધરી પરિસરની નૈર્ઋત્ય દિશામાં મુકાયેલા કણપીઠના પથ્થર પાસે જઈ પહોંચ્યા.

અહીં તેઓએ ઊભાં ઊભાં જ શિલાસ્થાપનનો સંકલ્પ કરી પુષ્પો પધરાવ્યાં. ધૂન ગજાવી. તે પછી પ્લિન્થ પર પગલાં કરવાની ઇચ્છા પણ વ્યક્ત કરી. તે પૂરી કરવી કઠણ હતી, કારણ કે ચારે બાજુ ખડકાયેલા સળિયા માર્ગ અવરોધીને ઊભેલા, પરંતુ સ્વામીશ્રીના મનોરથ અપૂર્ણ શી રીતે રહે? તેઓની ઇચ્છા જોઈ વ્યવસ્થાપકોએ સળિયાઓને પહોળા કરી વાળી દીધા. તેમાંથી સ્વામીશ્રી અંદર પ્રવેશ્યા. અત્રે તેઓએ ત્રણેય ખંડના સ્તંભો આગળ પધારીને ઠાકોરજીની દૃષ્ટિ કરાવી પુષ્પો છાંટ્યાં.

અહીં વળી સ્વામીશ્રીના અંતરમાં આશીર્વાદ આપવાનો ઉમળકો જાગી જતાં તેઓ કથ્થાઈ રંગ ધરાવતી પ્લાસ્ટિકની સાદી ખુરશી પર બિરાજ્યા. તે સમયે વૈદિક મંત્રો ગાવા લાગેલા ભૂદેવોના હાથનું હલનચલન હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરો અનુસાર થતું જોઈ સ્વામીશ્રી પણ તેનું અનુકરણ કરવા માંડ્યા. તેઓની આ ચેષ્ટા તેઓના ભીતરમાં ઊછળતા ઉત્સાહનો પડઘો પાડતી રહી.

આ ઉમંગમાં જ ગરકાવ તેઓના મુખેથી અમૃતધારા વહેવા લાગી:

"આપણે બધું ડબ્બલ દોરે કામ થાય છે. કાલે વિધિ તો થયો, પણ

આજે ધામધૂમથી થયું છે. આપણે છાનુંમાનું કર્યું નથી, જગજાહેર કર્યું છે. કોઈ કહેશે, 'આ તો છાનોમાનો પથરો મૂકી આવ્યા', પણ એવું નથી. દુનિયાને ખબર પડે કે 'આ રીતે શિલા બેઠી.' આ શિલા ચોંટી એટલે ચોંટી જ છે. એ તો હવે પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી કાંઈ વાંધો આવશે નહીં અને શિખરવાળું મંદિર પણ ધામધૂમથી થશે. આ બધી સ્મૃતિ રહેશે.

આપણું કામ ઍડવાન્સ (આગોતરું) થાય છે. ભગવાનની દૃષ્ટિ કાયમ આપણા પર રહેશે. કામકાજમાં વિઘ્ન નહીં આવે ને સરસ રીતે થશે. નહીંતર આ દેશમાં આવાં મંદિરો કરવાં એ અશક્ય છે. પથરા યુરોપમાં નીકળે ને દેશમાં ઘડાય ને દરિયામાં થઈ અહીં આવે. એટલે ઘણું મોટું કામ! છતાંય ભગવાનની ઇચ્છાથી સંકલ્પ હતો કે શિખરવાળું મંદિર થાય. નહીં તો આ દેશમાં શિખરવાળું મંદિર હોય જ નહીં, પણ ભગવાનની કૃપા ને બધાની ઇચ્છા હતી તો થયું. શિકાગો, ટોરોન્ટો, એટલાન્ટા, હ્યુસ્ટન થઈ ગયું. એટલે લોકો એવું કહે છે કે 'આ દેશમાં આપણી સ્વામિનારાયણની મોનોપોલી (ઇજારાશાહી) થઈ ગઈ કે પથ્થરના કામ તો આ લોકો જ કરી શકે.' બધાય આશ્ચર્ય પામે છે. બધા બહુ રાજી રહેજો ને ઉત્સાહ એવો ને એવો રાખજો.''

આમ, અમેરિકામાં મંદિર-નિર્માણના ક્ષેત્રે મોનોપોલી સ્થાપી સ્વામીશ્રી તા. ૧૭/૯ની સવારે ન્યૂયોર્ક તરફ પ્રસ્થાન કરવા તત્પર બન્યા ત્યારે કેટલાક ભક્તો ઉત્સાહવશ થઈ પૂછી રહ્યા કે 'બાપા! મંદિરમાં પ્રતિષ્ઠા કરવા ક્યારે પધારશો?'

આ ભાવસભર પૃચ્છાના ઉત્તરમાં સ્વામીશ્રી મંદ સ્મિત રેલાવી રહ્યા. તેઓના એ હાસ્યમાં સમાયેલા રહસ્યને ઉકેલવાનું ગજું કોઈની પાસે નહોતું. અત્રે પધારી સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ જ હવે તેઓની શાશ્વત સ્મૃતિ બની ચિરંતનકાળ સુધી અહીંના સત્સંગને સુખ આપવાની હતી. પરંતુ આ હકીકત પર એલ.એ.થી આખરી વિદાયની ક્ષણે સ્વામીશ્રીની સ્વસ્થ મુખાકૃતિએ પડદો પાડેલો જ રાખ્યો.

કુરબાન થઈ જવું તે આપણું કાર્ય છે

એલ.એ.થી ન્યૂયોર્ક પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૯/૯ની સવારે આલ્બનીના મંદિરની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ. તેથી વ્યાપેલા વૈદિક વાતાવરણમાં આજની સાંજે ફ્લશિંગનાં વિધાનસભ્ય શ્રીમતી એલન યંગ

આવી પહોંચ્યાં. તેઓએ સ્વામીશ્રીની વિશ્વવ્યાપી પ્રવૃત્તિઓને બિરદાવતાં સ્વામીશ્રીના જન્મદિવસ તા. ૭/૧૨ને ન્યૂયોર્ક રાજ્યમાં 'પ્રમુખસ્વામી દિન' તરીકે જાહેર કર્યો. આ સંબંધી અધિકૃત પત્ર તેઓએ પ્રતિનિધિ દ્વારા સ્વામીશ્રીને મોકલાવ્યો.

આમ, દર વખતની જેમ આ ધર્મયાત્રામાં પણ અમેરિકન નેતાઓનો સ્વામીશ્રીને વધાવવાનો ઉમંગ અસાધારણ જણાતો હતો.

આ ઉત્સાહ વચ્ચે જ સ્વામીશ્રીએ તા. ૨૦/૯ની સવારે ન્યૂયોર્કના મંદિરમાં નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ યોજાયેલી શતાબ્દીની ઉદ્‌ઘોષ સભામાં તેઓએ અમૃતધારા વહાવી કે –

"એક ભાઈએ કહ્યું: 'આ અમારું નાનું મંદિર છે. નાની એવી જગ્યા છે.' પણ નાનું નથી, મોટું છે. તમે બધા નાના નથી, તમે પણ મોટા છો. તમારો ભક્તિભાવ છે. મૂળ જગ્યા તો નાની રહે, પણ અમેરિકાનો પ્રવાસ જ અહીંથી થયેલો છે. એટલે આ દ્વાર છે. નાનું છે પણ પાયાનું છે. એટલે આ સ્થાનની મહત્તા છે, છે ને છે જ! શરૂઆત ત્યાંથી થયેલી હોય અને ત્યાંથી કાર્ય બનેલું હોય એટલે કદાપિ ભુલાય નહીં. ભક્તોનો પ્રેમ પણ એવો છે. અમેરિકામાં પેઠા ત્યારથી *'શતાબ્દી આવી બી.એ.પી.એસ.'* જ ચાલે છે. જ્યાં જઈએ ત્યાં આ કીર્તન તો ગવાય જ અને વાતો થાય. એવી શતાબ્દી આપણને મળી છે, એનો આનંદ ને કેફ આપણે રાખવાનો છે. આપણું જે જ્ઞાન છે એના પ્રચાર માટે કુરબાન થઈ જવું તે આપણું કાર્ય છે."

શતાબ્દીનો આ સંદેશ વહાવી સ્વામીશ્રી તા. ૨૦/૯ની સાંજે મંદિરેથી વિદાય લઈ મેનહટનમાં આવેલા ડૉ. નવીનભાઈ મહેતાના દવાખાને પધાર્યા. અત્રે એકાદ કલાક સુધી તેઓનાં નાક, કાન અને ગળાની તબીબી તપાસ થયા બાદ તેઓ ઈસ્ટ બ્રૂન્સવિકમાં આવેલી હિલ્ટન હૉટલના આંગણે આવી પહોંચ્યા. સ્વામીશ્રીના આ આગમન સાથે અહીં ૫૮૦ જેટલાં ચૂંટેલાં બાઈ-ભાઈ કાર્યકરોની રાષ્ટ્રીય નેતૃત્વ શિબિરનો આરંભ થઈ ગયો.

મંદિર, સત્સંગ અને સેવા મૂકવાં નહીં

સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષના વિષયવસ્તુને કેન્દ્રમાં રાખી સરકી રહેલી નેતૃત્વ શિબિરમાં તા. ૨૧/૯ના રોજ કાર્યકર્તાઓને પ્રેરણાપીયૂષ પિવડાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''આપ બધાં ધંધા, કુટુંબ, પરિવાર, વહેવાર બધાંને ગૌણ કરી સરસ રીતે સેવા કરો છો. આ બધું કામ કરો એમાં આપણે ચાર્જ (મહેનતાણું) તો કોઈને આપતા નથી. આશીર્વાદ અમારો ચાર્જ – 'જાવ, ભગવાન સુખી કરશે.'

'શાસ્ત્રીજી મહારાજ અને આ સંસ્થાની સેવા કરવી છે' એવી આપ બધાંની ભાવના છે તો સત્સંગ વધ્યો છે. આટલાં મંદિરો કરવાં એ ભગવાન સિવાય કોઈની તાકાત નથી. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ કોઈ દા'ડો રિટાયર્ડ થયા નથી, એટલે આપણી જિંદગીમાં આપણે રિટાયર્ડ થવાનું નથી. મંદિર માટે તો ભગવાન જ્યાં સુધી રાખે, હાથ-પગ ચાલે ત્યાં સુધી સેવા કરવી જ છે – એ રાખીને કામ કરજો.''

આ જ સૂર સભા બાદ સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે પણ તેઓએ રેલાવ્યો કે 'મોટું મન રાખીને આપણે એકબીજાને સમજીને કામ ચાલુ જ રાખવાનું છે. 'મૂકી દેવું છે' એવું વિચારવાનું જ નહીં.'

સેવામાં સાવધાનીની આ શીખ આપતાં સ્વામીશ્રીએ તા. ૨૨/૯ના રોજ પણ જણાવ્યું :

''દેહનો વહેવાર ન સાચવીએ તો પણ મોટી મુશ્કેલી ઊભી થાય અને સાથે આત્માનો વહેવાર ન સમજીએ તો સંસારનાં દુઃખના ઢગલામાંથી ઊંચા આવી શકીએ નહીં. એટલે બેય વસ્તુનું બેલેન્સ (સંતુલન) આપણે કરવાનું છે. એના માટે આપણા સંપ્રદાયના ગ્રંથોનું વાંચન થવું જોઈએ. આ બધાનો હોદ્દો (અધિકાર) છે. કાર્ય કરતાં કરતાં આ પણ સાથેની સેવા છે. ઘેર ટાઇમ મળે તો ઘેર વાંચો. ગાડીમાં, પ્લેનમાં - એમ પુસ્તક તો દરેક ઠેકાણે વાંચી શકાય. ધ્યાનપૂર્વક વાંચી રિપીટ (પુનરાવર્તન) કરવું જોઈએ કે 'શું વાત છે?' બીજાને સત્સંગ કરાવવા જઈએ તો આપણી તૈયારી હોવી જોઈએ. બીજા ધર્મોનું પણ થોડુંક જાણવું જોઈએ.

અત્યારે આટલું બધું આપણે વધ્યા ને હજી વધવાના છીએ. આ કાર્યકર્તાઓ છે એના કરતાં ઘણા બીજા કાર્યકર્તાઓ કરવા પડશે. કાર્યકર્તાઓ તૈયાર થાય એટલે ખાલી કામ કરે એટલું જ નહીં, પણ સાથે સાથે જ્ઞાનની દૃષ્ટિ હોવી જોઈએ. અક્ષર-પુરુષોત્તમની વાત કોઈ પૂછે તો જવાબ આપવો પડે. આપણે શ્રીજીમહારાજ વિષે પતિવ્રતાની ટેક બરાબર રાખવી, પણ કોઈ બીજા ધર્મનું ખંડન ન કરવું. મહાત્માઓનો નિષેધ ન કરવો. બીજાનો અનાદર તો કરવો જ નહીં. બધામાંથી સારું લઈ લેવાનું. આપણી જો ભક્તિ

હશે તો આપણને બધામાં સારું દેખાશે, સ્વામિનારાયણ બધામાં દેખાશે, જોગી મહારાજ બધામાં દેખાશે. જે મંદિરમાં જાવ ત્યાં મહારાજને સમજીને પગે લાગો, એમાં ક્યાં વાંધો છે? આપણો સત્સંગ વધે છે, કારણ કે આપણે ખંડન-મંડનમાં પડતા નથી અને પડવાની જરૂર પણ નથી. આપણી આ રીત છે. એ માર્ગે ચાલીને કામ કરવું.

ભગવાનનું કર્તાપણું તો અખંડ રાખવું. નહીં તો માન આવી જાય કે 'મેં કર્યું, મારાથી થયું.' જો તે થયું તો પડ્યા હેઠા. પછી અવગુણ આવે કે 'અમને પૂછ્યું નહીં ને ઢીંકણાએ આમ કર્યું.' પણ પૂછવાનું શું છે? ભગવાન ભજવાના છે. કેટલાક મંદિર મૂકી દે. મંદિર શું કરવા મૂક્યું? તારા સ્વભાવ કે બીજા કારણોસર બીજી સેવા મળી તો એમાં દુઃખ શું કરવા કરવું જોઈએ? જે વખતે જે સેવા મળે એનાથી રાજી. આ વસ્તુને બરાબર સમજીએ તો પાછા ન પડાય. બીજાનું શું કરવા જોવું? વધારાનો ભાર ઉપાડવો? જેને જે સેવા મળી એ ઉમંગથી કરવી ને ના મળી તેણે ડબ્બલ ઉત્સાહ રાખવો, પણ મંદિર, સત્સંગ, સેવા મૂકવાં નહીં.''

આમ, આમરણાંત સેવાની આ હાકલ મારી સ્વામીશ્રી ઉતારે જવા આસન પરથી ઊભા થયા ત્યારે પ્રથમ હરોળમાં બેઠેલા કેટલાક શિબિરાર્થીઓ બોલ્યા: 'બાપા! આપે આજે પ્રવચનમાં ભગવાનના કર્તાપણાની વાતો કરી, પણ 'ભગવાન પ્રગટ છે' એ વાત તો રહી ગઈ!'

'એમાં કહેવાનું શું? શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ પ્રગટ છે, છે ને છે જ! એ આપણી સાથે જ છે ને દર્શન આપે છે ને પ્રત્યક્ષ છે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો સાંભળી સમગ્ર સભાગૃહ તાળીઓના ગડગડાટથી ઊભરાઈ ગયું.

રાખે આસ્તિકતા અતિ ઉર

તા. ૨૩/૯ની સવારે હિલ્ટન હૉટલથી એડિસન મંદિરે પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાવા લાગ્યો. અમેરિકાથી તેઓની વિદાય પૂર્વેના આ દિવસે રવિવાર હોવાથી ઊમટેલા માનવપૂરને કારણે મંદિર છલકાઈ ગયું. તે જોઈ સ્વામીશ્રી પણ આજના આશીર્વાદમાં બોલી ગયા: 'આમાં તો એક ઈંચ જગ્યા વધી નથી. બધા હકડેઠઠ બેઠા છે. તમારે કાયમનો ભીડો છે. આજે અમે જોયું તો અમનેય

થયું કે 'કંઈક મોટું કરવા જેવું તો ખરું.' ભગવાને સૌના સંકલ્પો પૂરા કર્યા છે, આપના પણ પૂરા કરશે.'

આ આર્ષવાણી ઉચ્ચારી સ્વામીશ્રી મંચ પર તૈયાર કરેલા વર્તુળાકાર કુંડમાં ઠાકોરજીને જળવિહાર કરાવવા તૈયાર થયા, પરંતુ તેઓના સ્વાસ્થ્યને સાચવવાના હેતુથી આજે એક જ વાર આરતી ઉતારવાનું આયોજન રાખેલું. તેની જાણ થતાં સહેજ અકળાયેલા સ્વરે સ્વામીશ્રી બોલ્યા: 'આ રીતે મનનું કેમ ગોઠવી દે છે? પાંચ આરતી તો કરવી જ પડે ને!' આમ કહી તેઓએ તે મુજબ જ ઉત્સવ ઊજવ્યો.

પરંપરાગત પ્રણાલિકાઓમાં સ્વામીશ્રી કોઈ જ બાંધછોડ ન ચલાવતા.

આ આસ્તિકભાવથી આજની પરિવર્તિની એકાદશીનો મર્મ સમજાવતાં તેઓએ અમૃતધારા વહાવી કે –

''આજે ઘણા ધર્મો ધર્મ-પરિવર્તન કરે છે. પોતાના ધર્મમાં ખેંચવાની વાત કરે છે. આપણે એવું નથી. આપણે ધર્મ-પરિવર્તનની વાત કરતા જ નથી. એને સંસ્કાર આપીએ છીએ ને એનું જીવન-પરિવર્તન થાય એમ કરીએ છીએ. અનંત કાળથી માયામાં ભટકતા'તા, એને બદલે અક્ષરધામમાં જવાય એવું પરિવર્તન કર્યું છે. ભગવાન ને સંતનું આ મોટું કાર્ય છે. 'તમે મારા ધર્મમાં આવો' એ કરવાની જરૂર નથી. એવું પરિવર્તન કરીને આનંદ નથી પામવાનો. માણસ વધારવાની વાત નથી. ક્વૉલિટી (ગુણવત્તા) વધારવાની છે. આમાં આવે ને આપણું વધે એમાં બહુ મજા નથી. કેટલાક આપણને કહે છે કે 'તમે તમારા ધર્મમાં લો છો.' પણ ધર્મમાં લેતા નથી. એને જ્ઞાન આપીએ છીએ. તેથી એ ભગવાનના શરણે આવે છે. જગતમાંથી સત્સંગમાં આવ્યા એ મોટું પરિવર્તન છે. આપણો માર્ગ સાચો છે. આપણો કયો માર્ગ?, તો ભગવાનનો માર્ગ. આપણે એવી દૃઢતા કરવી કે આ માર્ગે ચાલીને ભગવાનને રાજી કરવા છે. આપણો સત્સંગ આટલો વધ્યો ને વધવાનો છે.''

સત્સંગનું આ ઉજ્જ્વળ ભવિષ્ય ભાખી સ્વામીશ્રી હિલ્ટન હૉટલમાં ૧૨૦૮ ક્રમાંકના ઓરડે રખાયેલા ઉતારે આવી પહોંચ્યા.

વિસરે ન છબી તે વિસારી

હિલ્ટન હૉટલના બારમા માળે આવેલા પરામર્શ કક્ષમાં તા. ૨૪/૯ની સવારે સ્વામીશ્રીની પૂજાનાં દર્શનનો લહાવો લૂંટી રહેલા સંતો *'વારા પછી*

એમ જણાય વારો, સદા સમો એક રહે ન ધારો...'ની વાસ્તવિકતા અનુભવી રહેલા. છેલ્લા સાડા ત્રણ મહિનાથી મળી રહેલું સ્વામીશ્રીનું સુખ આજે સરી જવાનું હોવાથી વિષાદનાં વમળો પ્રત્યેક સંતહૃદયનું વલોણું કરતાં હતાં.

પરંતુ સંતોની આ વેદના વાંચી લેનારા સ્વામીશ્રી અલ્પાહાર બાદ સૌને ક્રમશઃ પોતાની સમીપે બોલાવી આશ્લેષમાં સમાવવા લાગ્યા. તેથી હિલોળવા માંડેલા સુખસાગરમાં જ વિરહને ઓગાળી તેઓએ ૯:૩૫ વાગ્યે નુઆર્ક એરપોર્ટ પરથી અમેરિકાની ધરતી છોડી ત્યારે આ વિદેશી વસુંધરાના કણ-કણમાંથી સંસ્થાની શતાબ્દીનો નાદ ગુંજી રહેલો. તેની સાથે આ ધર્મયાત્રા દરમ્યાન સ્વામીશ્રી અમેરિકા અને કેનેડામાં જ્યાં-જ્યાં પધાર્યા ત્યાં-ત્યાં પણ આનંદની લહેરો ઊછળી રહેલી.

આ તરંગોથી તરબતર ડૉ. તૌફિક ઈજાગ્રસ્ત યોગસાગરદાસ સ્વામીની સારવારના નિમિત્તે સંસ્થાના સંપર્કમાં આવેલા. તેઓ તા. ૨૨/૯ના રોજ સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓના મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપેલા. બસ, આટલો જ સંસર્ગ! પરંતુ તે જડબાના નિષ્ણાત આ તબીબને બીજા દિવસે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ખેંચી લાવ્યો. આ સમયે તેઓએ પોતાની અનુભૂતિ વહેંચતાં સંતોને જણાવેલું કે 'સ્વામીશ્રીએ મારા માથા પર હાથ મૂક્યો ત્યારે શરીરમાં દિવ્ય વિદ્યુતશક્તિ પ્રસરી ગઈ હોય તેમ અનુભવાયું. રાત્રે ઊંઘ ન આવી. સ્વામીશ્રીનું મુખ આખી રાત દેખાયા કર્યું.'

આવી જ સ્થિતિ આ પ્રવાસમાં કેરેબિયન શ્રી પીટર હેન્કલની પણ થઈ રહી. ટ્રિનિદાદના નિવાસી આ મુરબ્બી તા. ૧૮/૯ના રોજ સ્વામીશ્રીના દર્શને આવ્યા ત્યારે બોલેલા: 'સન ૧૯૮૮માં જ્યારે હું એટલાન્ટા ગયો ત્યારે સ્વામીશ્રી પૂજા કરતા હતા. એ પૂજા પછી તેઓએ મારી સામે કરેલી દૃષ્ટિ હજી હું ભૂલી શક્યો નથી. એ મૂર્તિ મારા અંતરમાં ઊતરી ગઈ છે. તે યાદ આવતાં જ હું ગદ્‌ગદ થઈ ઊઠું છું. સ્વામીજી સાથે વાત કરવા મારે ગુજરાતી શીખવું છે.'

સ્વામીશ્રીનો આવો જ જાદુ તાઈવાન દેશના કોન્ટ્રાક્ટર શ્રી વિલ્સન પર પણ ચાલી ગયો. આ વખતે ન્યૂયોર્કના મંદિરમાં થયેલા નવીનીકરણમાં કામ કરનારા આ મહાશય સ્વામીશ્રીના નિવાસસ્થાનની જવાબદારી ખૂબ ખંતથી નિભાવી રહેલા. તેઓને કો'કે આ ઉત્સાહનું કારણ પૂછતાં વિલ્સને કહેલું: 'સન ૨૦૦૪માં સ્વામીશ્રીના ચહેરા પર જોયેલું સ્મિત હું ફરી જોવા માંગું છું. સ્વામીશ્રી માટે તો હું મારું લોહી પણ વહાવી દઈશ.'

આવા કંઈક અનુભવો પુરવાર કરી રહેલા કે આ વિદેશયાત્રામાં સ્વામીશ્રી અમેરિકાના માર્ગો પર નહીં, પણ અમેરિકનોના લોહીમાં દોડવા માંડ્યા છે. તેઓ અમેરિકાના આકાશમાં નહીં, પણ સૌના હૃદયાકાશમાં ઊડવા લાગ્યા છે. તેથી આજે તેઓએ અમેરિકા છોડ્યું, પણ અમેરિકા તેઓને ન છોડી શક્યું. એટલે જ તો સ્વામીશ્રીની વિદાય વેળાએ સંત, સત્સંગી અને સદ્‌ભાવી સહિત સૌની આંખો સજળ થઈ રહી.[૮]

માની લ્યો છો ઘણી અલ્પ સેવા

તા. ૨૪/૯ની રાત્રે લંડનમાં ફાર્નબરોના હવાઈ મથકે ઉતરાણ કરી સવા દસ વાગ્યે મંદિરે પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૨૬/૯ની સવારે ઠાકોરજીનાં નૂતન સુવર્ણ સિંહાસનો પ્રતિષ્ઠિત થયાં. તે દ્વારા લંડનવાસીઓને વધુ એક સુવર્ણસ્મૃતિ આપનારા સ્વામીશ્રીએ તા. ૨૮/૯થી બપોરના ભોજનને વિસારી ફક્ત સવારે અને રાત્રે જ જમવાનો ઉપક્રમ આરંભ્યો. બપોરે ગોળીઓ સાથે કેવળ દૂધ ગ્રહણ કર્યું. તે સિવાય સમગ્ર દિવસ દરમ્યાન કણ પણ ન લીધો.

આજથી શરૂ થયેલી સ્વામીશ્રીની આ નવીન લીલાના સંગે સાયંસભામાં 'જય જય અક્ષર-પુરુષોત્તમ' સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયો. બોચાસણ સાથે સંલગ્ન સાંપ્રદાયિક ઇતિહાસને ગૂંથતી આ રજૂઆતનો આજે પ્રથમ તબક્કો નિહાળી હર્ષ પામેલા સ્વામીશ્રીએ કહ્યું :

'મહારાજના સંકલ્પ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે મંદિર કર્યું એની શતાબ્દી આજે ઊજવીએ છીએ. આ જૂનો ઇતિહાસ જાણીએ તો ખબર પડે કે શાસ્ત્રીજી મહારાજે મનસ્વી કશું કર્યું નથી, પણ મહારાજની ઇચ્છા મુજબનું જ છે. સો વરસ પહેલાં કેવું હતું એ દૃશ્ય જોવા મળે છે. સંવાદ સારો ગોઠવ્યો છે. હવે આવતીકાલે શાસ્ત્રીજી મહારાજે કેવી મુશ્કેલીમાં કામ કર્યું છે ને કેવી રીતે મંદિર થયું એ જોવા મળશે...'

આ રીતે ઉદ્‌ઘોષકની ભૂમિકા અદા કરતાં સ્વામીશ્રીએ જ સૌને

---

૮. અમેરિકામાં સંસ્થા-શતાબ્દીનો ભવ્ય ઉદ્‌ઘોષ કરતી સ્વામીશ્રીની વિદેશયાત્રા માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આગામી દિવસનું નિમંત્રણ દઈ દીધું. તેઓ શાસ્ત્રીજી મહારાજ સંબંધી વિગતોને સાક્ષીભાવે નિહાળીને નહીં, પણ તેમાં સહભાગી બનીને માણતા. તેની વિશેષ ઝાંખી તા. ૨૯/૯ની સાયંસભા કરાવી ગઈ.

આ સમયે મંચ પર ભજવાતા શાસ્ત્રીજી મહારાજના પ્રત્યેક પ્રસંગે સ્વામીશ્રી એ કાળમાં સરી જતાં તેઓના મુખ પર ગુરુ વિષેનો અનન્ય લગાવ દૃષ્ટિગોચર થતો રહ્યો. મુખ પરની આ ભાવાર્દ્ર સ્થિતિ ક્ષણે-ક્ષણે વધતી જ ચાલી. જ્યારે જ્યારે ચોટદાર સંવાદ આવે ત્યારે ભાવવિભોર મુખારવિંદ સાથે જ મલકાઈ ઊઠતા સ્વામીશ્રીની મૂર્તિ ખૂબ આહ્લાદક જણાતી. બોચાસણમાં પ્રતિષ્ઠાનું દૃશ્ય આવ્યું ત્યારે તો તેઓએ સ્વયં આરતી ઉતારી સૌને એક ઝગમગતી સ્મૃતિ આપી દીધી.

આવી જવલંત સ્મૃતિઓનો રસથાળ તા. ૩૦/૯થી આરંભાયેલી રાષ્ટ્રીય કાર્યકર શિબિરમાં પણ પીરસાવા માંડ્યો. તેને આરોગી ૮૦૦ કાર્યકર્તાઓએ Become Adarsh(આદર્શ બનીએ)ની પ્રેરણા મેળવી.

લાભનો આ લાડવો તા. ૬/૧૦ના રોજ ૧,૨૦૦ યુવા-યુવતીઓનાં ભાગ્યમાં આવ્યો. આ દિવસે યોજાયેલી શિબિરમાં સૌ 'પરમાનંદ'નો પ્રસાદ પામ્યાં. તેથી સ્વામીશ્રી સ્વયં પણ તૃપ્તિ અનુભવતા હોય તેમ શિબિરના સાયંસત્રનો કાર્યક્રમ જોઈ બોલ્યા:

'આજે યુવકો તરફથી જે રજૂઆત થઈ એ બહુ અદ્‌ભુત ને અલૌકિક થઈ. આનંદ ને કેફમાં એવા તરબોળ થઈ ગયા કે આપણો સમય ક્યાં ગયો એ ખબર જ ન પડી! 'હજુ વધારે થાય તો સારું' એવું થતું હતું. એટલી સુંદર રજૂઆત કરી કે આપણે જગત ભૂલી જઈએ. અક્ષરધામમાં બેઠા હોય ને જે આનંદ હોય એવો આનંદ થઈ ગયો. એટલે આ બધાને આપણે બહુ ધન્યવાદ આપવા જોઈએ...'

બાળ, કિશોર અને યુવકોની નાની-શી વિશેષતાઓને પણ વધાવી જાણતા સ્વામીશ્રી *'દયાસાગર તમે છો દેવા, માની લ્યો છો ઘણી અલ્પ સેવા...'*ની ઉપમા આપવા યોગ્ય હતા.

લંડનમાં સંસ્થાની શતાબ્દીનો ઉદ્‌ઘોષ

આફ્રિકા અને અમેરિકા ખંડને શતાબ્દીના સંદેશથી ગુંજાવનારા સ્વામીશ્રીએ તા. ૭/૧૦ના રોજ યુરોપના ગગનગુંબજને પણ શતાબ્દીના

નાદથી ભરી દીધો.

આ દિવસની સાંજે વેમ્બલી અરિનામાં એકત્રિત થયેલી ૧૧,૦૦૦ ઉપરાંતની જનમેદની 'બીજાના આનંદમાં આપણો આનંદ' વિષયક શતાબ્દી સભા માણી મંત્રમુગ્ધ થઈ ગઈ. મંદિરનાં શિખરો અને તેની આસપાસ ઝૂલતી ઘંટમાળની મધ્યમાં શોભતા સંસ્થાકીય પ્રતીક અક્ષર દેરીની પાર્શ્વભૂ ધરાવતા આ સભાના મંચ પર થયેલી એકેએક પ્રસ્તુતિ સત્ય ઘટનાઓ પર આધારિત હતી. વળી, તે તે પ્રસંગ સાથે સંલગ્ન વ્યક્તિઓની પણ આ ઐતિહાસિક સભામાં ઉપસ્થિતિએ સૌનાં મન પર સ્વામીશ્રી અને સંસ્થાની પરોપકારી છબી યથાર્થ ઉપસાવી.

તેને સંસ્થા દ્વારા અપાયેલા હજારો પાઉન્ડના અનુદાને વધુ સંગીન અને રંગીન બનાવી. લંડન બ્રેસ્ટ કેર સેન્ટર ઍન્ડ સેન્ટ બાર્થોલોમ્યૂસ હૉસ્પિટલને મળેલી આ સંસ્થાકીય સખાવતથી સભામાં ઉપસ્થિત સ્થાનિક પ્રજાજનો પણ હર્ષ પામ્યા. શતાબ્દીના આ અવસરને વધાવવા કંઈક સાંસદો સાથે બ્રિટિશ વડાપ્રધાનનો સંદેશો લઈ હાજર રહેલા મંત્રી શ્રી મેક્નોલ્ટીએ શુભેચ્છાપત્ર વાંચી સંભળાવ્યો. ધ્વનિ અને પ્રકાશના અદ્‌ભુત સંયોજન સાથે એક સળંગ શૃંખલાની જેમ સરકી રહેલા આ કાર્યક્રમના અંતે ગુંજી ઊઠેલા શતાબ્દી ગીત વખતે ઊભા થઈ સ્વામીશ્રીએ લહેરાવેલો વિજયધ્વજ તો આ ઉત્સવની ચરમસીમા બની રહ્યો. તેથી 'અરિના' તો આખું હિલોળે ચડ્યું. તેની સાથે મંદિરની હવેલીમાં બેસી જીવંત પ્રસારણ નિહાળી રહેલા ચારેક હજાર ભાવિકો પણ ડોલી ઊઠ્યા. આ સમુદાયમાંથી ઘણાએ 'બીજાના સુખમાં આપણું સુખ છે' એ સ્વામીશ્રીનું જીવનસૂત્ર ચરિતાર્થ કરતાં 'અરિના'માં મળેલી પોતાની બેઠક અન્યને ફાળવી મંદિરમાં લાભ લીધો હતો.

સૌના આવા સુહૃદભાવની સુગંધ તા. ૮/૧૦ના રોજ યોજાયેલી સંયુક્ત મંડળની શિબિરમાં પણ પ્રસરી. સમગ્ર યુરોપમાંથી એકત્રિત થયેલાં ૧,૬૦૦ બાઈ-ભાઈ હરિભક્તોથી ભરચક આ શિબિરના સાયંસત્રમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓને સાચાં મોતીના હાર અને તલની પાંચ હજાર સેર પરોવીને બનાવેલા હારથી વધાવવામાં આવ્યા. આ કલાત્મક હાર શતાબ્દી-યાત્રામાં સામેલ ૪૭ જેટલા સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યો ત્યારે સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'તમે બધા અહીં આવ્યા, ખૂબ ભીડો વેઠ્યો, ખૂબ સત્સંગ કરાવ્યો, હરિભક્તોને રાજી કર્યા તો અમારે તમને હાર પહેરાવવો જોઈએ.'

સ્વામીશ્રીની આ મહિમાદૃષ્ટિના ઉજાશમાં જ વીતી રહેલી તા. ૯/૧૦ની બપોરે કેટલાક સંતો ભારત પરત ફરવાના હતા. તે પૈકીના એક ચતુર્ભુજદાસ સ્વામી બાથરૂમ તરફ જવા ઊભા થયેલા સ્વામીશ્રીને ચંપલ પહેરાવતાં બોલ્યા: 'છેલ્લી સેવા કરી લઈએ.'

'કેમ છેલ્લી?'

'હવે અમારે ફરીથી લંડન ક્યાં આવવાનું છે?'

'અમારે પણ ક્યાં આવવાનું છે?' સ્વામીશ્રીના મુખેથી ઉદ્‌ગાર સરી પડ્યા.

તેઓના આ માર્મિક શબ્દો સરકતા સમયે સંપૂર્ણ સાચા ઠર્યા, કારણ કે સન ૨૦૦૭ પછી સ્વામીશ્રી પુનઃ લંડન પધાર્યા જ નહીં.

નમસ્કાર કરવા તે વધારે સારું

તા. ૧૦/૧૦ની સવારે આવેલા ૧૨૫ મુલાકાતીઓ પૈકીના એક યુવાને વર્ષોથી મનોરથ સેવેલો કે 'બાપા મારી સાથે હાથ મિલાવે.' આ વાત તેણે આજે સ્વામીશ્રી સમક્ષ પ્રકાશિત કરી ત્યારે સ્વામીશ્રીએ હસ્તધૂનન કરી તેનો સંકલ્પ તો પૂરો કર્યો, પણ સાથે કહ્યું: 'હાથ મિલાવવા કરતાં બે હાથ જોડીને નમસ્કાર કરવા તે વધારે સારું છે.'

સંસ્કૃતિના આવા પાયાના સંદેશા સ્વામીશ્રીએ તા. ૧૨/૧૦ના રોજ યોજાયેલી કિશોર-કિશોરી શિબિરમાં પણ સંભળાવ્યા.

એ જ રીતે તેઓ તા. ૧૩/૧૦ના દિવસે બાળ-બાલિકા શિબિરમાંયે ખૂબ ખીલ્યા. 'જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઈ જાય'ના વિષયવસ્તુ સાથે સમગ્ર દિવસ દરમ્યાન ચાલેલી આ શિબિરના સાયંસત્રમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે પણ બાળકોએ આકર્ષક રજૂઆતો કરી. તેમાં છેલ્લે પોલીસનું પાત્ર ભજવનારા એક બાળકે સ્વામીશ્રી પાસે આવી કહ્યું: 'આપની પાંખમાં બેસી અમારે અક્ષરધામમાં જવાનું છે. માટે અમે જે વિમાન આપીએ એ આપ ઉડાડો.' આમ જણાવી તેણે કાગળમાંથી બનાવેલું વિમાન સ્વામીશ્રીને ધર્યું. સ્વામીશ્રીએ પણ બાળકો રમત કરે એમ એ વિમાનને ઉડાડ્યું.

'જેમ જનક શિશુને રમાડે, પોતે ચેષ્ટા શિશુની દેખાડે...' જેવી તેઓની આ ક્રિયાએ સૌને આનંદમાં ગરકાવ કરી દીધા.

આ આનંદ તા. ૧૪/૧૦ની સવારે યોજાયેલા બે નવયુવાનોના દીક્ષા

સમારોહ અને સાંજે સંપન્ન થયેલી ઠાકોરજીની હીરક તુલાથી વિશેષ વધ્યો. પરંતુ ભરતી પછી આવતી ઓટની જેમ તા. ૧૫/૧૦ના રોજ આ આનંદનું અવસાદમાં રૂપાંતર થવા માંડ્યું.

હવે અમે રજા લઈએ છીએ

તા. ૧૫/૧૦ની સાંજે સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે મહારાજ-સ્વામી સ્વયં તેઓને એકીટશે નીરખી રહ્યા હોય તેમ લાગ્યું, કારણ કે તેઓ તો જાણતા જ હતા કે અક્ષરબ્રહ્મનું આ સ્વરૂપ હવે ફરી અહીં નયનગોચર થવાનું નથી. હરિભક્તો આ હકીકતથી અજ્ઞાત હતા. છતાં તેઓ પણ દર્શનની અલપ-ઝલપ ઝાંખી મેળવવા હજારોની સંખ્યામાં ઊમટી પડ્યા.

તે સૌને લંડનની ધરતી પર પોતાની અંતિમ અમૃતધારામાં ઝબકોળતાં સ્વામીશ્રી બોલ્યા: 'હવે અમે રજા લઈએ છીએ. તમે બધાંએ સેવા, ભક્તિ સારામાં સારી કરી, મહારાજને રાજી કર્યા છે ને ખૂબ રાજી રહેશે. ધર્મ-નિયમની દૃઢતા થાય એ આશીર્વાદ છે. હવે અહીંથી દેશમાં જઈએ છીએ. ત્યાં તમારાં ગુણગાન ગાઈશું અને શતાબ્દીનો ઉત્સવ છે એમાં બધાંને આમંત્રણ છે.'

આ રીતે આમંત્રણ અને આખરી વિદાયનો અનોખો સંગમ સર્જતા સ્વામીશ્રીની ગાડી મંદિર-પરિસરમાંથી બહાર નીકળી ત્યારે તેમાં કીર્તન ગુંજી રહેલું: *'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...'* તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'નાના-મોટા દરેકનો ભાવ એવો છે કે માણકી જાય જ નહીં. અત્યારે સભા જેવું હતું નહીં તોય સભામંડપ ચિક્કાર થઈ ગઈ હતો.'

ઇંગ્લેન્ડના ભક્તોને આટલી અંજલિ આપી સમગ્ર સત્સંગ-સમુદાયને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે ત્યાં મહારાજની એવી દયા છે કે કોઈ પણ વાતમાં ક્યારેય કોઈનો વિરોધ નહીં. બધા સંપ રાખીને એક રુચિમાં ભળી જાય. બધાને રાજી કરવાનું તાન. પ્રેમથી બધું કરે.'

'આપે એવા પાઠ શીખવ્યા છે કે...' ગાડીચાલક જિતુભાઈ બોલવા ગયા, પણ સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજની કૃપાથી જ બધું થાય છે. આ મંદિર થયું એ પણ મહારાજની દયા ને! બાકી અહીંના કાયદા-કાનૂન પ્રમાણે રહીને કરવાનું એ કેવી રીતે શક્ય બને?'

'બાપા! આપને કોઈ ભીડો તો નથી પડ્યો ને?!'

'ના, ના, ભીડો શેનો? બધાએ બહુ સાચવ્યું.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી એક અંતેવાસીએ કહ્યું: 'સ્વામી ક્યારેય કોઈ ભીડો જણાવા દેતા નથી, બાકી એમની ઉંમર પ્રમાણે જોઈએ તો સખત ભીડો વેઠે છે.'

'આપણને કદાચ થોડો ભીડો પડે, પણ હરિભક્તોને શાંતિ થઈ જાય ને!' સ્વામીશ્રીની રીત ઊછળી આવી.

જેમ કપાસ પોતાની કાયાને કાંતીને અન્યની કાયાને ઢાંકે છે તેમ તેઓ વર્તતા.

આ શૈલી સાથે સંપન્ન થયેલી પોતાની વર્તમાન ધર્મયાત્રાનું સરવૈયું કાઢતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા: 'નાના-મોટા બધાને મળી લીધું. આફ્રિકા, અમેરિકા, અહીં લંડનમાં ને બધે શતાબ્દી ઉત્સવ પણ સારામાં સારા થઈ ગયા. જયજયકાર થઈ ગયો. કોઈ વિઘ્ન કે અડચણ આવ્યાં નહીં. મહારાજ ભળ્યા. એમ દેશમાં પણ શતાબ્દીનો સમૈયો સર્વોપરી થઈ જશે.'

૮૬ વર્ષની વૃદ્ધ વયે પણ ભૂતળના ત્રણ ખંડોને ખેડનારા સ્વામીશ્રીના આ શબ્દોમાં શતાબ્દીની સેવા થઈ ગયાનો સંતોષ પડઘાઈ ઊઠ્યો. આ પરિતોષ સાથે તેઓ રાત્રે પોણા નવ વાગ્યે લુટનના હવાઈ મથકે આવી પહોંચ્યા.

અહીંથી તેઓને ભારત લઈ જવા ઊભેલા વિમાન પર પણ શતાબ્દીનું પ્રતીક અને BAPS Centenary(બી.એ.પી.એસ. શતાબ્દી)નું લખાણ અંકિત હતું. તે માટે આ ચાર્ટર્ડ વિમાન ધરાવતી કંપની ટ્વીન જેટના કાર્યવાહકો ગૌરવ અનુભવી રહેલા.

જો કે તેઓ એકલા જ શા માટે? આ વિમાનમાં બિરાજી રાત્રે સાડા નવ વાગ્યે સ્વામીશ્રીએ ભારત ભણી ગતિ સાધી ત્યારે તેઓની આ વિદેશયાત્રાથી બી.એ.પી.એસ.નો એકેએક આશ્રિત ગૌરવ અનુભવી રહેલો, તો સ્વયં સંસ્થા પણ ગૌરવાન્વિત બનેલી. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ગૌરવથી છલોછલ હતો, તો ધર્મ અને સંસ્કૃતિ પણ પોતાના ભાલમાં ગૌરવતિલક અંકિત થવાથી હર્ષિત હતાં. આ હરખ સાથે હવે હિન્દુસ્તાન સ્વામીશ્રીને વધાવવા આતુર બન્યું.[૯]

---

૯. સંસ્થા-શતાબ્દીના વર્ષે સ્વામીશ્રીએ લંડનમાં વરસાવેલી લાભની લહાણ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સત્તા અને મહત્તાથી અભાન

તા. ૧૬/૧૦ની સવારે સાડા દસ વાગ્યે સ્વામીશ્રીને લઈ આવેલું વિમાન ભારતની ભૂમિને સ્પર્શતાં જ ઊઠેલા જયજયકારે મુંબઈના હવાઈ મથકને ગજવી મૂક્યું. સંતો-ભક્તોની સાથે એરપોર્ટના અધિકારીઓ પણ સ્વામીશ્રીના ચરણસ્પર્શની વ્યાકુળતા રોકી ન શક્યા. સૌનું આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં પણ શશીને જોઈ સાગર ઊભરાય એવો માહોલ ખડો થઈ ગયો. તે સૌને દર્શન દ્વારા સંતોષ આપી સ્વામીશ્રી નિત્યક્રમમાં પરોવાયા.

આ સમયે વિદેશનો ભરચક પ્રવાસ ખેડીને તેઓ પધાર્યા હોવાથી અહીંના નિવાસ દરમ્યાન પ્રાતઃપૂજા, મુલાકાતો, સાયંસભા વગેરે કાર્યક્રમો ન યોજીને સ્વામીશ્રીને સંપૂર્ણ આરામ મળી રહે તેવું આયોજન ગોઠવેલું, પરંતુ તા. ૧૭/૧૦ની સવારે સમયસર પરવારી ગયેલા સ્વામીશ્રીએ તો હરિભક્તોને લાભ મળે તે હેતુથી સભાગૃહમાં જ પૂજા કરવાની ઇચ્છા વ્યક્ત કરી. જો કે તાબડતોબ આ ગોઠવણી કરવી અશક્ય હોવાથી તેઓને નિજનિવાસમાં જ પૂજા કરવા બેસવું પડ્યું; પરંતુ તે વખતે ફરી રહેલી તેઓની માળાના પ્રત્યેક મણકે સ્વામિનારાયણ મહામંત્રની સાથે તેઓની ભક્તવત્સલતા પણ ગુંજતી રહી.

તેનું વધુ એક દર્શન અલ્પાહાર વખતે લાધ્યું!

આ સમયે સ્વામીશ્રી પાસે લંડનના શ્રી અશોકભાઈ પટેલ અને યોગેશભાઈ પટેલ આવ્યા. લંડનથી અહીં સુધી સ્વામીશ્રીને લાવનારા ચાર્ટર્ડ વિમાનનું સૌજન્ય દાખવવામાં આ સત્સંગીઓનો પણ ફાળો ખરો, પરંતુ ગઈકાલે એરપોર્ટ પર અગવડની આંટીએ ચડી જતાં તેઓને મંદિર સુધી ટેક્સીમાં બેસીને આવવું પડેલું. આ હકીકત સ્વામીશ્રીની જાણમાં આવી ત્યારથી તેઓ વ્યથિત હતા.

આજે એ વેદના વ્યક્ત કરતાં તેઓએ આ હરિભક્તોને કહ્યું: 'અમે તમારું સાચવી ન શક્યા માટે માફ કરજો.'

'અરે, હોય કાંઈ સ્વામી! અમે આપના નથી?'

'તમે તો છો જ, પણ અમારીયે ફરજ ખરી ને! તમે અમને ઠેઠ મુંબઈ સુધી મૂકવા આવ્યા અને અમે તમારી ગાડીનું સાચવી ન શક્યા એટલે અમને પણ દુઃખ થાય ને!' સ્વામીશ્રી જાણે કરગર્યા.

તેઓએ વ્યવસ્થાપકોની ભૂલને પોતાના માથે લઈ લીધી.

હૃદય મહિમાથી સભર હોય અને મન સત્તા તથા મહત્તાથી અભાન હોય તો જ આ સંભવે.

પ્રમુખસ્વામી સ્વયં એક ચમત્કાર

વિદેશ વિચરી સ્વદેશ પધારેલા સ્વામીશ્રીને નિહાળવા અને વધાવવા ગુજરાતના સંતો-ભક્તોમાં ખાસ્સી તાલાવેલી હતી. તેના તાલે નાચતાં-કૂદતાં કેટલાક તો પદયાત્રાઓ કરીને મુંબઈ પહોંચતા, તો કેટલાક વ્રત-તપ આદરીને અહીં આવતા. સ્વામીશ્રીનું મુખારવિંદ જોયા પૂર્વે સો-સો કે બસો-બસો કલાકના નિર્જળ અગર પ્રવાહી ઉપવાસ કરનારાઓની તો હારમાળા ખડી થઈ ગયેલી.

તે પૈકીના શ્રુતિવલ્લભદાસ સ્વામી અને યોગીતીર્થદાસ સ્વામી તા. ૧૮/૧૦ની સાંજે સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા. તેઓને નજીક બોલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આવો બધા. તપસ્વી છો, પગે લાગીએ.'

પરંતુ સંતો એમ સમજ્યા કે 'સ્વામીશ્રી આપણને સામેથી ચરણ-સ્પર્શનો લાભ આપવા બોલાવી રહ્યા છે.' તેથી તેઓ તો ઉત્સાહભેર ધસી ગયા, ત્યારે સ્વામીશ્રી નીચા નમ્યા. તે જોઈ સંતો સંકોચાઈ ગયા.

જ્યાં નિત્ય-નિરંતર આવા મહિમાના મેઘ વરસતા હોય ત્યારે ભીંજાવાનું કોણ છોડે?

તે કારણે જ તા. ૧૯/૧૦ની સાંજે અંધેરી ક્રીડાંગણ મુકામે યોજાયેલી શતાબ્દીની ઉદ્‌ઘોષ સભામાં ૧૫,૦૦૦થી વધુની સંખ્યામાં મહેરામણ ઊમટી પડ્યો. આધ્યાત્મિકતાની આધારશિલા પર સમાજસેવાનું શિખર ચડાવનારી બી.એ.પી.એસ. તથા તેના ધુરંધર સ્વામીશ્રીની અનેક વિશેષતાઓને ઉજાગર કરનારો આ સમારંભ મુંબઈવાસીઓ મમળાવે એવો રહ્યો. તે જોઈ આ ઉત્સવમાં ઉપસ્થિત રાજકીય અગ્રણીઓએ પણ 'પ્રમુખસ્વામી સ્વયં એક ચમત્કાર છે' કહી સ્વામીશ્રીને અંજલિ આપી.

આવા ચમત્કારી સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૧/૧૦ની સવારે દાદરના મંદિર-પરિસરનું અંગ બનનારી બહુમાળીય ઈમારત પ્રમુખ સદનનો પાયો નંખાયો. વિજયા દશમીના જ આ શુભ પર્વે સ્વામીશ્રીએ નાગપુરના શિખરબદ્ધ મંદિરનું શિલાપૂજન કર્યું. તેની સાથે તેઓએ મુંબઈનાં પરાં વિસ્તાર

કાંદિવલી(પશ્ચિમ) અને ગોરેગાંવ(પશ્ચિમ)નાં મંદિરોની મૂર્તિઓમાં પણ પ્રાણ પૂર્યા.

આ ઉત્સવ-ચોકમાં લાભ લઈને વિદાય થયેલો ભક્તગણ તા. ૨૨/૧૦ની સવારે સ્વામીશ્રીનાં પૂજાદર્શન માટે સમય કરતાં વહેલા આવીને યોગી સભાગૃહમાં ગોઠવાઈ ગયો. તેમાં શ્રીમતી વૃંદા રવિશંકર પણ સામેલ હતાં. આ પ્રતિષ્ઠિત મહિલા તેઓના એક મિત્રની ભલામણથી અત્રે આવેલાં.

થોડી વારમાં સ્વામીશ્રી પધારતાં જ જયજયકાર ગુંજ્યા. તે ઝીલતાં સ્વામીશ્રી એકમેકમાં ભેળવેલા બેય હાથના અંકોડા પોતાના ખોળામાં રાખી માનસીનો વિધિ કરવામાં પરોવાયા. આ સમયે સમગ્ર સભાખંડની બધી બત્તીઓ બંધ હતી. કેવળ સ્વામીશ્રીના મુખારવિંદ પર પડી રહેલા પ્રકાશનાં રંગબેરંગી તેજોવલયો અદ્‌ભુત આભા સર્જતાં હતાં. તેને સંગત આપતાં ગુંજી રહેલા ધીમા સંગીતથી દર્શનની આહ્લાદકતા કંઈક અલગ જ અનુભવાઈ રહેલી.

પરંતુ થોડી વારમાં આ સમાધિસદૃશ સુખાનુભૂતિને ચીરતી એક મૃદુ ચીસ પડી, જે પેલાં નામાંકિત મહિલાની હતી. તે સાંભળી મદદરૂપ થવાના આશયે દોડી ગયેલાં મહિલા કાર્યકરોને શ્રીમતી વૃંદાએ જણાવ્યું: 'સામે બેઠા એ પ્રમુખસ્વામી નથી, સાક્ષાત્ શિવજી છે!' આટલું કહેતાં તેઓની આંખોમાં હર્ષાશ્રુ ઝગમગી ઊઠ્યાં.

સૌ આ બીનાથી વિસ્મયમાં ડૂબ્યા! કોઈ જ સીધા સંપર્ક વિના પણ એક પ્રતિષ્ઠિત મહિલાનો માંહ્યલો આજે ભેદાઈ ગયો.

આ રીતે અનેકનાં અંતઃકરણમાં પ્રભુના પ્રાગટ્યની પ્રતીતિ કરાવતા સ્વામીશ્રી આજની બપોરે ગોંડલ આવી પહોંચ્યા.

આપણે ક્યાં મોટા માણસ છીએ?

ગોંડલનું શાનદાર સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨૩/૧૦ની સાયંસભામાં અમૃતધારા વહાવતાં કહ્યું:

'ભગવાન ને સંત અહીં આવે છે શું કરવા? આપણને સત્સંગી બનાવ્યા, સાધુ બનાવ્યા, એ શું કરવા? કે પોતાના જેવા બનાવવા. એમને જેમ દિવ્યતા, આનંદ, ભગવાનનો કેફ છે એવો આપણને થાય. ભગવાન જ ભજો ને ભજાવો. એ જ કેફ. જગતના હોદ્દા, અધિકાર મળે એવા કોઈ સંકલ્પ નહીં. મોટા મહાત્મા થવું એવું પણ નહીં.'

આ શબ્દો દ્વારા સ્વામીશ્રીએ કેવળ ગોંડલના જ નહીં, પરંતુ ભૂમંડલ પરના પોતાના પ્રાગટ્યનું પ્રયોજન જણાવી દીધું.

તેને પળે-પળે સિદ્ધ કરતા તેઓ તા. ૨૪/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવના કાર્યક્રમનો વિમર્શ કરવા બિરાજ્યા. આ ઉત્સવ-સભાનો સમય સાંજે સાત વાગ્યાથી સાડા દસ વાગ્યાનો જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને કહ્યું: 'જ્યારે આવો સમૈયો હોય ત્યારે કો'ક વખત થોડું મોડું થાય તોય વાંધો નહીં. આપણે દર વખતે બાર વાગ્યે જ આરતી કરીએ છીએ ને!'

'આપની તબિયતને કારણે સમય વહેલો કર્યો છે.'

'એવું ન ચાલે. આવા દિવસે અડધો-પોણો કલાક મોડું થાય એમાં ચિંતા ન કરવી.'

'પણ રાત્રે ઠંડક વધી જાય ને આપને શરદી લાગુ પડી જાય તો? એટલે આ રીતનું ગોઠવ્યું છે!'

'એ બધું બરાબર છે, પણ સમૈયાના દિવસે થોડું મોડું થાય તો ચલાવી લેવું.'

આ વાત સ્વામીશ્રીએ બે-ત્રણ વખત દોહરાવી. વિશેષ તો સમૈયાના અવસરે દૂર-દૂરથી આવેલા ભક્તોને લાભ આપી તેઓનો ફેરો સુફળ કરવાની ઇચ્છા તેઓને હરદમ રહેતી.

પરંતુ તેમ કરવામાં તેઓ જે ભીડો વેઠતા તેનો જવાબ આપ્યા વિના તેઓનું શરીર ન રહેતું. આ વખતે પણ તેમ જ બન્યું! તા. ૨૫/૧૦ના રોજ આવેલી શરદ પૂર્ણિમાની સભામાં સ્વામીશ્રીએ વેઠેલા ભીડાને કારણે તા. ૨૯/૧૦ની બપોરે તેઓના શરીરને જ્વરે જકડી લીધું. અલબત્ત, આવી પરિસ્થિતિમાં પણ તેઓ ગોળીઓ ગળીને નિશ્ચિત કરેલી મીટિંગોને ન્યાય આપ્યે જતા હતા.

તેની વચ્ચે તેઓએ તા. ૩૦/૧૦ની સવારે તો એક મુલાકાતીને પણ પોતાના શયનકક્ષમાં મળવા માટે બોલાવ્યા. તે જોઈ એક સંતે જણાવ્યું: 'મોટા માણસો હોય એ તો અન્ય કોઈને પોતાના શયનખંડમાં આવવા જ ન દે, જ્યારે આપ તો ત્યાં જ મીટિંગો કરો છો ને મુલાકાત પણ આપો છો.'

'આપણે ક્યાં મોટા માણસ છીએ?' સ્વામીશ્રી બોલ્યા.

આ વાત તેઓએ માંદગીને કારણે શિથિલ થયેલા સ્વરે પણ પાંચ વાર પુનરાવર્તિત કરી.

દરેક સફળ વ્યક્તિને મહાનતા હાથ નથી લાગતી, કારણ કે તે અવ્વલ સ્થાને પહોંચીને પોતાને ન્યૂન નથી માની શકતી; પરંતુ સ્વામીશ્રીને આ સહજ હતું. તેથી તેઓ સફળ તો બન્યા, પરંતુ મહાન પણ પુરવાર થયા.

મહિલાઓનું મહિમાગાન

તા. ૩૧/૧૦ની સવારે માંદગીગ્રસ્ત શરીરે પણ સ્વામીશ્રીએ ધ્રાંગધ્રા અને સડલાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. એ જ રીતે તેઓએ તા. ૧/૧૧ના પ્રભાતે સુરત જિલ્લાના કરંજ ગામની મૂર્તિઓમાં દૈવત પ્રતિષ્ઠિત કર્યું. આ જ રીતે તેઓ નિત્ય સાયંસભામાં પધારી ચૈતન્ય મંદિરોમાં પણ પવિત્રતા સીંચતા.

આ ક્રમમાં તા. ૨/૧૧ના રોજ યોજાયેલા ગુરુકુળ દિન નિમિત્તે છાત્રોને સંયમની શીખ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'દરેક બાળકે અત્યારે ટી.વી. ન જોવું, બહાર ફરવા નહીં જવાનું. મોટા થાવ એટલે બધું જ મળવાનું છે. પ્લેનમાં ઊડવાનું છે ને ઠેઠ આકાશમાં જવાનું છે ને તમને બધાને ઠેઠ ચંદ્રલોકમાં લઈ જવાના છે...'

સંસ્થાકીય છાત્રાવાસમાં ભણનારા વિદ્યાર્થીઓ માટેનું આ આગામી આયોજન જ કે શું?! સ્વામીશ્રીની આ આગાહી સાંભળી સૌ છાત્રો તાળી પાડી ઊઠ્યા.

આવી જ આનંદ અને અહોભાવની લાગણી તા. ૪/૧૧ની રાત્રે સ્વામીશ્રીની વાળુવેળાએ ફરી વળી.

આ સમયે શ્રી શૈલેશભાઈ સગપરિયા દ્વારા રજૂ થયેલા સંપર્ક કાર્યકરોના પરિચય બાદ મહિલા પાંખના કાર્યકર્તાઓની વિગતનું વર્ણન શરૂ થયું. આ ગુણગાથામાં ગોંડલનાં એક વિધવા બાઈએ વીસ વર્ષના દીકરાનો અક્ષરવાસ થવા છતાં નિત્ય મંદિર-દર્શન અને અઠવાડિક સભાના નિયમ અભંગ રાખ્યાની રજૂઆત થઈ. તેને અનુસરતાં અમર નગરના એક મહિલાએ પોતાની આજીવિકાના આધાર સમી દુકાનમાં રહેલો પચીસ લાખનો માલસામાન ભસ્મીભૂત થઈ ગયાના બીજા જ દિવસે પોતાના ઘેર સત્સંગ-સભા કરાવેલી તે બાબતનો ઉલ્લેખ થયો. આ જ રીતે શારીરિક તકલીફોને ગાંઠ્યા વિના સત્સંગ-પ્રચાર માટે ઘૂમનારી મહિલાઓ સાથે આછી-પાતળી આવકમાંથે ખુમારીથી સત્સંગ સાચવનારી બાઈઓના પણ દાખલા દેવાયા.

સહસ્રદલ કમલની એક પછી એક ખૂલતી પાંખડીઓની જેમ કહેવાતા આ પ્રસંગો સાંભળી એક કાર્યકર બોલ્યા: 'બાપા! આ મહિલાઓ જેવી ભક્તિ અમારામાં પણ જાગે એવા આશીર્વાદ આપો.'

'એ નહીં જ આવે!' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તેમાં નકાર કરતાં પણ બાઈ ભક્તોની ભક્તિનો સત્કાર વિશેષ પડઘાયો. એ ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'એ લોકોની શ્રદ્ધા કેટલી છે! ઘરનું કામ પણ કરવાનું છતાં આટલું કરે એ બહુ જ કહેવાય!'

મર્યાદાને કારણે સ્વામીશ્રીથી દૂર રહેવા છતાં અહીં મહિલા ભક્તો પણ મુક્ત સ્થિતિ પામી શકતાં. સ્વામીશ્રીના સત્ત્વનો આ જ મોટો પ્રતાપ!

સ્ત્રી-શક્તિનાં સ્વાગત-સન્માન

તા. ૪/૧૧ની રાત્રે શયનાધીન થઈ રહેલા સ્વામીશ્રીનાં દર્શન સારુ ઓરડાની બહાર સંતો-ભક્તોની ભીડ જામેલી. તે સૌ આ શયનલીલા પારદર્શક કાચમાંથી અંતરમાં ઉતારી રહેલા. જો કે સ્વામીશ્રી પણ એવી જ મહિમામઢી દૃષ્ટિથી સંતો-ભક્તોને નિરખતા હતા. તેથી જ તેઓએ એ ભક્તભીડમાં દૂર એક ખૂણે ઊભેલા મંદિરના રસોઈયા ભીમાને જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'આને વળી ચશ્માં આવી ગયાં!' આ વિસ્મય સાથે તેઓ એ પગારદાર કર્મચારીના વ્યવહારની વાતમાં એટલા ઊંડા ઊતર્યા કે સંતોએ તે રસોઈયાને સ્વામીશ્રીના ઓરડામાં જ બોલાવી લીધો. તે નજીક આવતાં સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપી તેના વ્યવહાર સંબંધી ઘણી ઝીણી બાબતો પૂછી. તેઓની આ કૃપાએ રસોઈયાને ગદ્‌ગદ કંઠ કરી મૂક્યો.

'જણાય જુદી સનમાન રીતિ, તથાપિ તે સાથ સમાન પ્રીતિ...' એ સ્વામીશ્રીની જીવનશૈલી રહેલી. એટલે ભલે તેઓ મંચસ્થ મંત્રી-મહાનુભાવોની જેમ, કે ધનાઢ્ય વડીલ ભક્તોની પેઠે સામાન્ય ભક્તોનું કાયમ હારતોરાથી અભિવાદન ન કરી શક્યા હોય, પરંતુ તેઓનું અંતર તો આવા નાના ભક્તો માટે એવા જ આદર અને આત્મીયતાથી છલકાતું રહેતું. તેથી જ તો મંદિરનો એક રસોઈયો પણ છેક સ્વામીશ્રીના શયનકક્ષ સુધી પહોંચી તેઓ સાથે આવો સંવાદ સાધવા સદ્‌નસીબ બની શક્યો ને!

આવી સમતાસભર નજર સાથે સ્વામીશ્રી તા. ૫/૧૧ની સાંજે ગોંડલી નદીની પૂર્વમાં વસેલી રાજવાડીને પાવન કરી મંદિરે પરત ફર્યા.

અત્રે તેઓ તા. ૬/૧૧ની સવારે મુલાકાતીઓને મળી રહેલા ત્યારે એક યુવકે આપઘાતનો મનસૂબો વ્યક્ત કર્યો. તેનું કારણ હતું – બીજી દીકરીનો જન્મ! પરંપરાથી ચાલી આવેલી કેટલીક રૂઢ માન્યતાઓને કારણે ઘણી વાર કેટલાક વાલીને ઘરમાં આકાર લેતી આવી ઘડીઓ કઠે છે.

તેની જ હૈયાવરાળ આ યુવાને ઠાલવી ત્યારે તેને શાતા પમાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'દીકરો આવવો કે દીકરી એ ભગવાનના હાથમાં છે. ભગવાન જે કરે છે એ સારું છે, માટે દુઃખ ના કરવું. રડવાથી કે આપઘાત કરવાથી દીકરો ઓછો આવશે? ભજન કર, પ્રાર્થના કર તો ભગવાન તારો સંકલ્પ પૂરો કરશે. કદાચ દીકરો નહીં આવે તોય આ બંને દીકરીઓ દીકરા કરતાં સવાયી સેવા તમારી કરશે. માટે દીકરીઓને પણ દીકરા જેવી જ માનીને મોટી કરજો.'

સ્વામીશ્રીએ શીખવેલો આ અભિગમ તેઓમાં શ્રીજીમહારાજની ઝાંખી કરાવી ગયો. આજથી સવા બસો વર્ષ પૂર્વે મૃત પતિની ચેહ પર ચડાવી દેવાતી વિધવાઓ કે દૂધના પાત્રમાં ડુબાડીને ગળે ટૂંપો દઈ દેવાતી બાળકીઓની ચિંતા કરવામાં શ્રીજીમહારાજ તત્કાલીન શાસકો અને સમાજ-સુધારકો કરતાં આગળ રહેલા; એ જ રીતે સ્વામીશ્રી પણ આ પહેલ કરી ચૂકેલા. તેઓએ કરેલાં સ્ત્રી-શક્તિનાં આવાં સ્વાગત-સન્માન મહિલાઓ કેવી રીતે વીસરી શકે?

આજ્ઞાથી સેવા એ મારી અંગત સેવા

તા. ૬/૧૧ની રાત્રે ભોજન વખતે ચાલી રહેલા ઔપચારિક વાર્તાલાપમાં ભાદરા ગામનો વિષય નીકળતાં ધર્મકુંવરદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! હમણાં ઊંડ નદીમાં એટલું બધું પૂર આવ્યું કે ઘણી જમીનો નકામી જેવી થઈ ગઈ. પરંતુ આવી પરિસ્થિતિમાં પણ આપે નદીકાંઠે જે કૂવો કરાવેલો એ એવો ને એવો જ રહ્યો!'

'જોગીબાપાએ બાંધ્યો હતો ને એટલે!'

કૂવામાંથી પાણીની સેર ફૂટે તેમ સ્વામીશ્રીના અંતરતલમાંથી ગુરુભક્તિ વહી છૂટી. તેની પ્રચંડ ધારાએ જ તા. ૭/૧૧ની સવારે ગોંડલમાં યોગીદ્વાર ખોલી આપ્યું. રાજકોટના માર્ગેથી શહેરમાં પ્રવેશતાં સૌને આવકારવા ઊભા થયેલા આ સંસ્થાનિર્મિત દરવાજા સાથે ગુરુનું નામ સાંકળી સ્વામીશ્રીએ કંઈકની આંખોમાં યોગીજી મહારાજને આંજી દીધા.

તેથી પ્રભાવિત થયેલા શ્રી હર્ષદભાઈ ચાવડાએ તા. ૮/૧૧ની સાંજે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! પહેલાં તો આપને સ્નાન કરાવવાનો ખૂબ લાભ મળતો. હવે તો તે જોવાય મળતું નથી.'

'આજ્ઞાથી તમે પથ્થરની સેવા કરો છો ને આટલો દાખડો કરો છો એ મારી અંગત સેવા જ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

અંગત સેવા સંબંધી પોતાનો આ અંગત વિચાર તેઓએ જગજાહેર મૂકી દીધો.

દિવ્યતમ્ દિવ્યતમ્... ભવ્યતમ્ ભવ્યતમ્...

તા. ૯/૧૧ના રોજ ઊગેલી દિવાળીની સાંજે અક્ષર દેરીના આંગણે ચોપડા પૂજન કર્યા બાદ સ્વામીશ્રી મંદિરના કાર્યાલયમાં પધાર્યા. અત્રે તેઓએ દર વર્ષના ક્રમને અનુસરતાં મેજ પાસે મૂકેલી ગાદી પર બિરાજી સૌને પેંડાની પ્રસાદી આપી.

તે દ્વારા દરેકના મોંમાં મીઠાશ ભરતા તેઓ જમવા બિરાજ્યા ત્યારે હર્ષદભાઈએ સ્વાનુભવ કહ્યો કે 'સ્વામી! આપે મને બહુ સાચવ્યો છે.'

'આપણે શું સાચવવાના? તેં અને કૃષ્ણકાંતે ખૂબ સેવા કરી યોગીબાપાને રાજી કર્યા છે, એમણે તમને સાચવ્યા છે.'

'યોગીજી મહારાજની રીત કરતાં આપની રીત જુદી...'

'એ તો અલૌકિક ને દિવ્ય! એમનું બોલવું, ચાલવું બધું દિવ્યતમ્ દિવ્યતમ્, ભવ્યતમ્ ભવ્યતમ્! એમની લીલામાં જો મનુષ્યભાવ આવે તો પતી જાય. આપણે તો એમની રીત ક્યાંથી હોય? આપણે તો હજી શીખીએ છીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના રોમ-રોમમાં ઝગમગતી ગુરુભક્તિના આ દીવડાઓએ આજની દિવાળીને વિશેષ અજવાળી.

તેના જ ઉજાસથી તા. ૧૦/૧૧ના રોજ ફૂટેલા વિ.સં. ૨૦૬૪નું પ્રથમ પ્રભાત પણ ઝળહળી ઊઠ્યું. આજના આ નૂતન વર્ષે અન્નકૂટની આરતી ઉતારી સ્વામીશ્રી તા. ૧૧/૧૧ની સવારે અક્ષર દેરીમાં પધાર્યા ત્યારે અહીં આશિષ અજમેરા નામના શિશુનો તુલાવિધિ થઈ ચૂકેલો. તેને ચાંદલો કરી સ્વામીશ્રીએ સંતોને જનમંગલ નામાવલિનો પાઠ કરવા આજ્ઞા આપી. તે દરમ્યાન તેઓ ઠેઠ સુધી પેલા બાળક પર ગુલાબની પાંખડીઓ વેરતા રહ્યા.

બાળકને પણ ભગવાનની પેઠે વધાવતા સ્વામીશ્રીનો આ શિશુપ્રેમ આજની બપોરથી રાજકોટમાં રેલાવા લાગ્યો.

અત્રે શહેરની સમીપવર્તી સંસ્થાકીય વાડીમાં પગલાં પાડી મંદિરે પધારેલા તેઓએ આજની સાયંસભામાં એક માર્મિક વાત કરી કે 'સેવા કરવી એ મહત્ત્વની છે, પરંતુ એના કરતાં તે કેવા ભાવથી કરી એ વધુ મહત્ત્વનું છે.'

સંતો-ભક્તોને રાખ્યા ઉરમાં ઉતારી

અન્નકૂટોત્સવ બાદ દરેક મંદિરના સંતો સ્વામીશ્રી માટે અન્નકૂટનો પ્રસાદ મોકલતા. તે અંગીકાર કરતી વેળાએ સ્વામીશ્રી તે તે મંદિર અને ત્યાં રહી સેવા કરતા સંતો-ભક્તોની વિશેષતા અચૂક મમળાવતા. પ્રસાદ સાથે જે તે સંતોએ કરેલી પ્રાર્થનાઓનો પણ પ્રેમભર્યો પ્રતિસાદ આપતા. સંતોએ વિવિધ કારીગરી દ્વારા અલંકૃત કરેલા પ્રસાદના બોક્સને નવાજવાનું પણ ન ચૂકતા.

આ વર્ષના અન્નકૂટ પછીયે ચાલુ રહેલા આ ક્રમમાં તા. ૧૨/૧૧ની સવારે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે મોટા કદની બે બૅગ નજરે ચડી રહેલી. તેની બાજુમાં ઊભેલા પરદેશી સાધકોએ ભૂમિકા બાંધી કે 'બાપા ! અહીં અમે જોઈએ છીએ કે રોજ કોઈ ને કોઈ મંદિરમાંથી અન્નકૂટનો પ્રસાદ આવે છે, પણ હજી સુધી પરદેશના મંદિરનો પ્રસાદ આવ્યો નહોતો. તેથી અમે ગઈકાલે જ અમેરિકા અને લંડનના મંદિરે ફોન કર્યો તો રાતોરાત આ પ્રસાદ આવી ગયો છે.'

આમ કહી તે સાધકોએ બૅગ ખોલી તો તેમાંથી બે સાધકો નીકળ્યા ! તે જોઈ આશ્ચર્યવત્ બનેલા સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'ઓહોહો... ! આ તો બહુ મોટો પ્રસાદ આવ્યો !!'

આ સાંભળી પરદેશથી દીક્ષા લેવા આવેલા આ યુવાનોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'અમે બધા આપના પ્રસાદ છીએ. આપ કોને અંગીકાર કરશો ?'

'બધાને !'

'પણ અમે આપના પત્તરમાં સમાઈ શકીએ એમ નથી.'

'દિલમાં છો ને ! એમાં બધું આવી ગયું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સંતો અને સત્સંગીઓને પોતાના હૃદયમાં રાખનારા હતા તેઓ ! દુનિયાના આ પવિત્રતમ સ્થાનમાં નિવાસ પામેલા સત્સંગ-સમુદાયનાં ભાગ્યનું

તો કહેવું જ શું?!

સુધારાનું સાચું સ્થાન

''માણસ ધારે તો ના શું થાય? થાય. માણસ ધારે કે 'મારે મારાં કુટુંબ, સમાજ સુધારવાં છે' તો સુધરી શકે, ના સુધરે એમ નથી, પણ ટાઈમ કાઢવો પડે. માણસ સુધરશે તો કુટુંબ સુધરશે, કુટુંબ સુધરશે તો સમાજ સુધરશે, સમાજ સુધરશે તો દેશ સુધરશે, દેશ સુધરશે તો બ્રહ્માંડ સુધરશે. એટલે પહેલું આપણે સુધરો. એવું કરીએ નહીં ને કેવળ વાતો કર્યા કરીએ તો ન થાય...''

તા. ૧૩/૧૧ની સાયંસભામાં સ્વામીશ્રીએ વહાવેલી આ અમૃતધારામાં સુધારાના સાચા સ્થાનનો નિર્દેશ છે.

આ રીતે એક-એકની જીવન-સુધારણા દ્વારા સમાજને શોભાવતા જતા સ્વામીશ્રીએ તા. ૧૫/૧૧ની સવારે મોરબીમાં નિર્માણ પામેલું સભાગૃહ શોભાવનારી મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યાં. તેને અનુસરતાં આજની સૌભાગ્ય પંચમીની સંધ્યાએ ભવ્ય શતાબ્દી સભા આવી પહોંચી.

રેસકોર્સ મેદાનમાં વીસ હજારની મેદની વચ્ચે આ ઉત્સવ ઊજવી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે તેઓએ દર્શન માટે આવેલા જજ શ્રી એચ. કે. રાઠોડને સાહજિક જ પૂછ્યું કે 'તમારું મૂળ ગામ કયું?'

'ધારી.'

'ઓહોહો... તો અમારે પણ તમને પગે લાગવું પડે. એ તો જોગીબાપાની ભૂમિ કહેવાય!' સ્વામીશ્રીનો અહોભાવ ઊછળી આવ્યો.

તેઓને મન ગુરુસ્થાનનાં રજ અને રહેવાસી સૌ વંદનીય હતાં.

આપણે તો દરેક સત્સંગી પારસમણિ જ છે

તા. ૧૬/૧૧ની સવારે સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન કાર્યકરો શ્રી અલ્કેશભાઈ પરીખ વગેરેએ શાસ્ત્રીજી મહારાજ વિષયક ગોષ્ઠિ રજૂ કરી. તેમાં ચર્ચાયેલા અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતને દૃઢાવતાં સ્વામીશ્રી ચાલુ ભોજને કહેવા લાગ્યા: 'આપણે તો કાયમ એની એ જ વાત કરવાની છે કે અક્ષર-પુરુષોત્તમ... અક્ષર-પુરુષોત્તમ... જેમ રોજ દાળ-ભાત, શાક ખાઈએ છીએ ને! એમ આ વાત કર્યે જ છૂટકો છે. આ કામ કરવામાં કંટાળો આવવો ન જોઈએ.'

સ્વામીશ્રીનો આ અભિપ્રાય સાંભળી આફ્રિકાવાસી શ્રી હર્ષદભાઈ

રાણા બોલ્યા : 'બાપા ! આપ નૈરોબીમાં એક એવો પારસ રાખતા જાવ કે જ્યાં જરૂર છે ત્યાં બધે જ મંદિરો થઈ જાય.'

'ત્યાં રાખો તો અહીં પણ રાખતા જાવ.'

આમ કહી રાજકોટના સંતોએ પણ હાથ લાંબો કર્યો, ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણે તો નાના-મોટા દરેક સત્સંગી પારસમણિ જ છે. બધા ગજા ઉપરાંત સેવા કરે છે. તન, મન, ધન બધી જ રીતે ઘસાય છે. બધા કાર્યકરો પણ સત્સંગ કરાવવા જાય એ ઓછી વાત છે ? આ બધા આપણા પારસમણિ જ છે ને !'

મહિમાની આ ધારામાં વહેતા સ્વામીશ્રી તા. ૧૭/૧૧ની બપોરે રાજકોટથી સારંગપુર આવી પહોંચ્યા.

અત્રે તેઓના રાત્રિભોજન વખતે શિકાગોમાં ઊજવાયેલા અન્નકૂટોત્સવનો વીડિયો શરૂ થયો. તે એવી રીતે તૈયાર કરાયેલો કે સ્વામીશ્રી જાણે આ ઉત્સવમાં હાજર જ હોય એવો ભાસ ઉત્પન્ન થતો હતો. તે જોઈ રમૂજ કરતાં સંતો બોલ્યા : 'અમને એમ કે આપે ગોંડલમાં જ ઉત્સવ કર્યો છે, પણ દિવ્ય દેહે ત્યાંય પધાર્યા છો.'

'દિવ્ય દેહે નહીં, પ્રત્યક્ષ ગયા હતા.' સ્વામીશ્રીએ સૂચક સ્પષ્ટતા કરી.

તેમાંથી તેઓનું સર્વવ્યાપક સ્વરૂપ ઊઘડી ગયું. તેની સાથે જ્યાં જ્યાં ભક્તિભાવ છે ત્યાં ત્યાં તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિ રહે જ છે તે તરફ પણ સ્વામીશ્રીનો ઇશારો હશે ને !

દરિયા જેવા દિલના ઉદાર

આ અરસામાં કાઠિયાવાડમાં આવેલા એક ધર્મસ્થાનના કેટલાક વ્યવસ્થાપકો સ્વામીશ્રીના બેહદ વિરોધમાં ઊતરી પડેલા. સ્વામીશ્રી વિષે અતિ કુત્સિત શબ્દો બોલવા, અણછાજતા આક્ષેપો કરવા, સંસ્થા સામે દાવા માંડવા જેવી કંઈક હીન પ્રવૃત્તિઓના શિકાર બની ચૂકેલા તેઓ આક્રોશની આગમાં ભડથું થઈ રહેલા. પ્રાસાદિક સ્થાનમાં રહેતા એ ઉપદ્રવીઓના ઉધામાઓની જાણ સ્વામીશ્રીને કો'ક ને કો'ક દ્વારા થતી રહેતી, પરંતુ એ દરેક વખતે તેઓની મુખરેખા લેશ ન બદલાતી. તેઓ તો આવા સમાચાર સાંભળીને મુક્ત હાસ્ય વેરી દેતા ! કોઈ પર રોષ ન કરવો, કોઈનો દોષ ન કાઢવો – આ જ રહેતો તેઓનો પ્રતિભાવ.

તે સાથે તેઓએ તા. ૨૦/૧૧ની સવારે બોટાદના શ્રી શૈલેશભાઈ કળથિયા તરફથી તેઓના પિતાની પુણ્યસ્મૃતિમાં યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિ કરી. આ નિમિત્તે યજમાન યુવાને સ્વામીશ્રીને કહ્યું: 'મારે બાપુજીની યાદમાં શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં પાંચેય મંદિરોમાં મંદિર દીઠ ૧,૧૩,૦૦૦ રૂપિયાની સેવા થાળ નિમિત્તે નોંધાવવી છે.'

આ બાબતે સ્વામીશ્રીએ સંમતિ આપતાં એ યુવકે ઇચ્છા વ્યક્ત કરી કે 'બાપા! મારે શ્રીજીમહારાજે બાંધેલાં મંદિરોમાંથી વરતાલ અને અમદાવાદમાં પણ આ મુજબ સેવા કરવી છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એ બે મંદિરોમાં તો સેવા કરજો જ, પરંતુ ગઢડામાં ગોપીનાથ દેવનું મંદિરેય શ્રીજીમહારાજે બંધાવેલું છે. ત્યાં પણ આટલી સેવા લખાવજો.'

સ્વામીશ્રીની આ સૂચના સાંભળનારા સૌ સ્તબ્ધ રહી ગયા.

'બાળે કદી ચંદનકાષ્ઠ કોય, દે તેહને તેહ સુગંધ તોય...' જેવો તેઓનો આ વર્તાવ ક્ષમાના પ્રદેશની તમામ સીમાઓ ઓળંગી જતો જણાયો.

આત્મીયતાની આંખનાં ઓજસ

તા. ૨૨/૧૧ની સવારે સ્મૃતિમંદિરના પરિસરમાં ઊભેલા શ્રીજીના પ્રાસાદિક શમી વૃક્ષનાં દર્શન કરી સ્વામીશ્રી વ્હીલચેરમાં બિરાજી રહેલા. આ પ્રક્રિયા દરમ્યાન આજના વિદાયદિનને લક્ષમાં રાખી સામે ઊભેલા જ્ઞાનવિજયદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આપ ચાર-પાંચ સ્વરૂપ ધારણ કરી દો તો વિદાય જેવું કાંઈ થાય જ નહીં.'

'આ બધાં કેટલાં સ્વરૂપ છે!' આસપાસ ઊભેલા સંતો તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી પુનઃ બોલ્યા: 'આ બધાં સ્વરૂપ જ છે.'

તેઓએ ઉચ્ચારેલા આ શબ્દોમાં તેઓના અખંડ સાંનિધ્યને માણવાનું રહસ્ય સમાયેલું છે.

તે દ્વારા સંબંધવાળા સંતો-ભક્તોને ગુરુના સ્વરૂપરૂપે જોવાની શીખ આપી બોસાચણ પધારેલા સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૨૪/૧૧ના રોજ દેવદિવાળીનો ઉત્સવ ઉમંગભેર ઊજવાયો. તેમાં વીસેક હજાર હરિભક્તોને અમૃતધારાથી તૃપ્ત કરી ઉતારે આવેલા સ્વામીશ્રી આજની રાત્રે પત્રવ્યવહારમાં પરોવાયા. તેની સાથે તેઓ શરીરને રગડી રહેલી શરદીને હડસેલવા નાસ

પણ લેવા લાગ્યા. તેથી તેના ધુમાડામાંથી ઊઠતા સૂક્ષ્મ જલકણો સ્વામીશ્રીના મુખારવિંદ પર જામવા માંડ્યા. આવી પરિસ્થિતિમાં પણ તેઓ સામે બેસી ટપાલો વાંચી રહેલા ધર્મચરણદાસ સ્વામીને ઉત્તર લખાવતા હતા.

તેમાં નવસારીથી આવેલા ફેક્સનો એક શબ્દ ન ઉકલતાં પત્ર-પરિચારક અટક્યા. આ સમયે નાસની ચાલુ પ્રક્રિયાને કારણે સર્જાયેલા ધૂંધળા વાતાવરણમાં પણ ચશ્માં પહેર્યા વિના દૂરથીયે સ્વામીશ્રીએ તે શબ્દ ઉકેલી આપ્યો !

ખરેખર, તેઓની આત્મીયતાની આંખ કેટલી તેજસ્વી અને ઓજસ્વી હતી !

થશું ભાંગ્યાના ભેરુ તો અમે

તા. ૨૫/૧૧ની રાત્રે પોતાના નિયત સમય કરતાં અડધો કલાક વહેલા ભોજન માટે બિરાજેલા સ્વામીશ્રીને જોઈ સૌને આશ્ચર્ય અનુભવાતું હતું, કારણ કે સેવામાં ડૂબેલા સ્વામીશ્રીનું ભોજન મોટે ભાગે ઠેલાતું જ રહેતું; પરંતુ આજે જોવા મળી રહેલા વિપરીત ક્રમનું કારણ પણ ભૂખ નહીં, ભક્તો જ હતા.

છેલ્લા કેટલાક સમયથી એક હરિભક્તના વ્યવહારની ગૂંચ ઉકેલવા પ્રયત્નશીલ થયેલા સ્વામીશ્રીએ આ બાબતે આજની સાંજે એક બેઠક યોજેલી, પરંતુ તે માટે બોલાવેલા રાજેશ્વરદાસ સ્વામીને પોતાના વિસ્તારમાં ગોઠવાયેલી આજની રવિસભામાં હાજર રહેવું અનિવાર્ય હોવાથી સ્વામીશ્રીએ મીટિંગ રાત પર ઠેલેલી. આ રીતે હરિભક્તના કષ્ટને ફેડવા અનુકૂળ થયેલા તેઓ મીટિંગની કાર્યવાહીમાં પૂરતો સમય ફાળવી શકાય તે હેતુથી આજે વહેલા વાળુ કરવા બિરાજેલા. કો'કના માટે ભાણું ઠેલવાની જેમ, કો'કના માટે વગર ભૂખે ભાણું માંડવું પણ એટલું જ અઘરું છે. છતાં ભાંગ્યાના ભેરુ બની રહેવાના વિચાર સાથે વિચરતા સ્વામીશ્રી ભક્તો માટે પોતાનાં ભૂખ-દુઃખને કદી ન ગણકારતા.

આ રીતે તેઓનું ભોજન પૂરું થતાં સુધીમાં પેલા સંત રવિસભા કરીને આવી ગયા. તેઓ તથા સંબંધિત સૌ સાથે કલાક સુધી વિમર્શ ચલાવી સ્વામીશ્રીએ એક સત્સંગીની જિંદગી ઉગારી લીધી.

આવાં કંઈક જીવનને ઉદ્ધારવા તેઓએ તા. ૨૬/૧૧ની સવારે રતનપુરાના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા; પરંતુ આ પ્રતિષ્ઠાવિધિ વખતે તેઓના હાથ ધ્રૂજતા હતા અને શરદીને કારણે નાક ગળતું હતું. તે સંદર્ભમાં

ભોજનવેળાએ ગમ્મતનો સૂર કાઢતાં ભગવત્ચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'આપ આટલું બધું ઐશ્વર્ય લઈને ફરો છો, પણ પહેલાં તમારા પર વાપરો તો ઠીક! આપણે પહેલાં આપણું કરી લેવું જોઈએ.'

આટલો મર્મ કરી આ સંતે રમૂજ ખાતર જણાવ્યું: 'અહીં ચરોતરમાં થયેલાં ઘણાં મંદિરોમાં આપણાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થોડી-ઘણી સેવા થઈ છે, તો તેની રોયલ્ટી (હકસાઈ) મને કેટલી મળે?'

'વંશપરંપરા સુધી.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવથી ગમ્મત-ગુલાલ વધુ ઊંચે ચઢ્યો, પરંતુ તેમાંથી જ્ઞાનનો મુદ્દો બહાર લાવતાં તેઓએ જણાવ્યું:

'બધું કરીએ પણ ભાગ મળે એવી આશા રાખવી નહીં. નિઃસ્પૃહી રહેવાનું. ઇચ્છા રાખીએ તો ગયા. 'મારાથી થયું છે' એવી ભાવના રાખવી જ નહીં. આપણે ક્યાં કંઈ કરીએ છીએ? કર્તા-હર્તા શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા છે. પછી આપણો ભાગ ક્યાંથી આવ્યો?'

'પણ નિમિત્ત તો કહેવાઈએ ને!'

'નિમિત્ત માનીએ તો તો સેવા નકામી થાય. સેવા મળી એ આપણાં મોટાં ભાગ્ય! સેવા કરવામાં કેવળ ભગવાન રાજી થાય એ જ ભાવના રાખવી. મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગીબાપાએ કામ કર્યું છે એ ભાવના રાખવી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની સમજણમાં સ્વયંને નિમિત્ત માનવાની વાતનુંયે નામોનિશાન નહોતું. તેઓનું ચિંતન વિશ્વના ચિંતકો કરતાં ઘણું ઘણું આગળ રહેતું.

તેને હું પણ પળ ન વિસારું

આ અરસામાં સ્વામીશ્રીના શરીરને વળગેલી શરદી ધીરે ધીરે તેનો મિજાજ તેજ કરતી ચાલેલી. તેથી નાકને સાફ કરવા ટિસ્યૂ પેપર સ્વામીશ્રીની સમીપે હાજર જ રાખવું પડતું.

આવા એક ટિસ્યૂથી તા. ૨૬/૧૧ની સવારે નાક સાફ કરી સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા. તે વખતે તેઓએ વાપરીને બાજુમાં મૂકેલું ટિસ્યૂ પેપર લઈ નવું કાગળ મૂકવા માટે વિશુદ્ધદર્શનદાસ સ્વામી પ્રવૃત્ત થયા ત્યારે તેઓને રોકતાં સ્વામીશ્રી બોલ્યા: 'હજી પણ આ ફરી વાર છીંકવામાં કામ લાગશે.'

છતાં પેલા સંતે વપરાયેલો કાગળ લેવા આગ્રહ સેવ્યો ત્યારે સ્વામીશ્રીએ

સહેજ અકળાઈને કહ્યું: 'રહેવા દો ને!' આમ કહી તેઓએ નવા-જૂના બેય ટિસ્યૂ પેપર મુલાકાતના અંત સુધી પકડી રાખ્યાં, પણ કોઈને લેવા ન દીધાં.

આ રીતે મુલાકાતો આટોપી એક મીટિંગમાં પ્રવૃત્ત થયેલા સ્વામીશ્રી કાળજે કોતરી રાખવા જેવું વિધાન બોલ્યા કે 'દરેકને આગળ કરશો તો આપોઆપ તમારી મહત્તા વધશે. બધો જ માલ પોતે લઈ લેવો એવી વૃત્તિ રાખશો તો પાછા પડશો.'

સ્વામીશ્રીની આવી ઉમદા વિચારધારાઓના પાયા પર પ્રગતિશીલ રહેલી બી.એ.પી.એસ.ની શતાબ્દીનો મહોત્સવ અમદાવાદના નિકટવર્તી ચાંદખેડા મુકામે ઊજવાનાર હતો. તે માટે જમીન અને મકાનો આપવાનો સહકાર દાખવનારા ખેડૂતો તથા બિલ્ડરોને તા. ૨૮/૧૧ની સવારે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનને વેંત નમીએ તો એ હાથ નમે એવા છે, એટલે વ્યાજ સહિત તેઓ તમને પાછું આપશે. તમારી ભૂમિ પવિત્ર થઈ જશે, જે રહેશે એ બધા સુખી થશે અને તમારું પણ ભગવાન કલ્યાણ કરશે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદની સત્યતા સમય જતાં પ્રત્યેક સૌજન્ય-દાતાએ ભરપેટ માણી, કારણ કે શતાબ્દીના ઉત્સવ બાદ અહીંની જમીનોના ભાવ એટલા ઊંચકાયા કે માલિકોને ઘેર લાભનું આભ ફાટી પડ્યું!

આ રીતે સહયોગીઓ પર પ્રસન્નતા વરસાવી મુલાકાતીઓને મળવામાં પ્રવૃત્ત થયેલા સ્વામીશ્રી પાસે હાડેવાના શ્રી હમીરભાઈ આવ્યા. વર્ષોથી તિલક-ચાંદલા સહિત પૂજા-પાઠ કરનારા આ મુસ્લિમ બિરાદરે આવતાંવેંત અરજ ગુજારી કે 'બાપા! તમે જ મારા ભગવાન છો તો મને બે મિનિટ યાદ કરજો. મારું સારું થાય.'

'તમને યાદ કરું જ છું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ રીતે તેઓએ પ્રત્યેક સત્સંગીને બાંયધરી આપેલી જ છે કે *'ભજન કરે છે જે મારું, તેને હું પણ પળ ન વિસારું...'*

મારા ઉપર તો બધા રાજી જ છે

એક સપ્તાહ બાદ ચાણસદ મુકામે ઊજવાનારા મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવ અંગે સ્વામીશ્રીને વાકેફ કરવા તા. ૩૦/૧૧ની સાંજે અટલાદરાના સંતો-કાર્યકરો આવી પહોંચ્યા. તેઓએ વિગતવાર અહેવાલ આપ્યા બાદ જણાવ્યું: 'બાપા! ચાણસદના બધા રહીશો કહે છે કે 'આટલી બધી ધામધૂમ કરીએ

છીએ તો બાપુ(સ્વામીશ્રી)ને તો લાવો જ.'

'બાપુનો ફોટો પધરાવી દેજો.' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી સંતોએ વિનંતી કરી કે 'ગામવાળા ને સત્સંગમાં બધા રાજી થાય એવું કરો.'

'મારા ઉપર તો બધા રાજી જ છે.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી પૂર્ણ સંતોષ છલકાઈ ઊઠ્યો!

જીવનભર સૌને રાજી કરતા રહેલા તેઓ પર સૌ રાજી કેમ ન હોય?

સૌનો આવો પ્રેમ પ્રાપ્ત કરનારા સ્વામીશ્રી આજની રાત્રે વાળુ કરવા બિરાજ્યા ત્યારે પણ તેઓને પ્રતિષ્ઠાના પ્રસંગે ચાણસદ આવવાનું આમંત્રણ પાઠવતો સંવાદ વડોદરાના કાર્યકરોએ ભજવ્યો. તેમાં સ્વામીશ્રી ભળ્યા ખૂબ, હસ્યા ખૂબ, પણ ચાણસદ ન આવવા બાબતે તો મક્કમ જ રહ્યા.

તે દ્વારા ઊપસેલી તેઓની ધર્મધુરંધર છબી તા. ૩/૧૨ના રોજ વિશેષ ચમકી ઊઠી.

આ દિવસની સવારે સ્વામીશ્રીએ અહીં બોચાસણ મુકામે જ ચાણસદ અને કારવણનાં મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા ત્યારે આ બંને ગામના સેંકડો ભક્તો લાભ લેવા ઊમટેલા. તેમાંથી ચાણસદના સંઘે સ્વામીશ્રીને ભાવનાના દોરે બાંધવાનો પ્રયત્ન કરતાં કહ્યું: 'આપ અમારા ગામમાં પધારો. અમારા ગામનો વાંક શું? આખી દુનિયામાં તમે વિચરણ કરો છો તો અહીં શું વાંધો છે?'

'હું તો ત્યાં ઘણું રહ્યો છું. હવે ફરીથી ક્યાં આવવું?'

'આપ અમારા જ ગામને ટાળો એ સારું ન કહેવાય. છેવટે મૂર્તિઓની આરતી ઉતારવા તો પધારો જ!'

'અહીં બધું કરી દીધું છે. હવે ત્યાં આવવાની જરૂર નથી.'

'અમારી વિનંતી છે. આપ ખાસ પધારો. હેલિકૉપ્ટરમાં આવી પુષ્પ-વૃષ્ટિ કરો અને અમારા ગામનો ઉદ્ધાર કરો. અમે તો રખડી ગયા છીએ.'

ચાણસદમાં રહેતી પ્રત્યેક કોમના આગેવાનોની આ વિનવણી સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજ-સ્વામી બિરાજશે એટલે ગામનો ઉદ્ધાર થઈ જશે. અમારા આશીર્વાદ છે.'

ત્યાગી થયા બાદ પોતાના વતનમાં ન જવાની શ્રીજી-આજ્ઞાના અણિશુદ્ધ પાલન બાબતે તેઓએ લેશ મચક ન આપી.

કરુણા અને કર્મઠતાના કિનારા

તા. ૬/૧૨ની સવારે જ્યારે ચાણસદમાં પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞની ધૂમ્રસેરોથી ગગન ભરાવા માંડ્યું ત્યારે આ પ્રસંગે સૌની ઇચ્છા પૂર્ણ કરતાં સ્વામીશ્રીએ પોતાના જીવનપ્રાણ હરિકૃષ્ણ મહારાજને દર્શનદાન દેવા મોકલી આપ્યા. તે દ્વારા સ્વામીશ્રી પધાર્યાનો સંતોષ મેળવી ભક્તો આજના માંગલિક પર્વમાં પરોવાયા અને બોચાસણમાં બિરાજતા સ્વામીશ્રીએ પત્રોનું કામ હાથ પર ધર્યું.

આ ક્રમમાં બપોરે પોણા એક વાગ્યે નાસ લેવાનો સમય થતાં સામે યંત્ર મુકાયું અને તેમાંથી છૂટવા માંડેલા વરાળના ગોટા સ્વામીશ્રીના મુખારવિંદ પર ઝમવા લાગ્યા. તે વખતે તેઓએ પત્ર-પરિચારકને કહ્યું: 'પત્રો લાવો. હું લખીશ.'

આ સાંભળી પરિચારક ખચકાયા, કારણ કે ગરમ વરાળની ધૂંધળાશમાં અને વળી મોં પર સતત બાઝતાં બુંદ વચ્ચે લખવું કેવી રીતે ફાવે? તેથી તેઓએ જણાવ્યું: 'ઉતાવળ નથી. આપ શાંતિથી નાસ લઈ લો.'

'બેય કામ સાથે થશે. નાસ પણ લેવાશે ને લખાશેય ખરું.' આમ કહેતાં સ્વામીશ્રી નાસ લેતાં લેતાં પત્રોના જવાબ લખવા માંડ્યા!

કેવી કરુણા! કેવી કર્મઠતા!

આ બે કિનારા વચ્ચેથી સતત વહેતી સ્વામીશ્રીની સેવાધારાનું વધુ એક દર્શન અહીં જ લાધ્યું. અત્રે આવેલા એક પત્રમાં અક્ષરો એટલા અસ્પષ્ટ અને ઝીણા હતા કે ફક્ત ચાર પાનાંનો એ કાગળ વાંચવામાં સ્વામીશ્રીને પચીસ મિનિટ લાગી!

દેહ ગેહ થકી છો વિરક્ત

આ અરસામાં સંસ્થા ચાણસદના મંદિરની પ્રતિષ્ઠા અને સંસ્થાની શતાબ્દીના સંગમે ઊભેલી. આ બંને ઉત્સવો વિષેની ઉત્કંઠા સંપ્રદાય અને સમાજમાં ઘણી પ્રવર્તેલી. તેથી જ તેમાં સામેલ થવા દેશ-પરદેશમાંથી સૌ વિપુલ સંખ્યામાં અત્રે આવી રહેલા. તે પૈકીના કેટલાય વડીલ ભક્તો સ્વામીશ્રીને ચાણસદના ઉત્સવમાં પધારવા પ્રેમાગ્રહ કરતા. પોતાનો આ દાવ જીતવા તેઓ તરેહ-તરેહનાં પાસાં ફેંકતા. કો'ક કહેતું: 'જે ગામમાં આપણે

જન્મ્યા હોઈએ એ ગામનું ઋણ તો ચૂકવવું જોઈએ ને!'

ત્યારે સ્વામીશ્રીનો જવાબ રહેતોઃ 'ઋણ ચૂકવનારા તો ભગવાન છે. આપણે શું ચૂકવવાના?'

કો'ક વળી જણાવતુંઃ 'બાપા! આપ તો અનાસક્ત છો. આપને ગામમાં જવામાં શું વાંધો?'

ત્યારે સ્વામીશ્રી કહેતાઃ 'ભગવાનની આજ્ઞા છે એ જોવાનું ને! આપણે તો એમની આજ્ઞા પહેલી, પછી બીજું બધું.'

આવી વિનંતીઓ તા. ૭/૧૨ના રોજ આવેલા પ્રતિષ્ઠાદિને તો ચરમ-સીમાએ પહોંચી.

આજની સવારે મંદિરમાં દર્શન માટે પધારેલા સ્વામીશ્રી જ્યારે હરિકૃષ્ણ મહારાજના ખંડમાં પહોંચ્યા તે વખતે જ સૌની ભાવનાને વશ થઈ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામીએ અટલાદરાથી ફોન જોડી સ્વામીશ્રીને કહ્યુંઃ 'અહીં ઘણા બધા ભક્તો આવ્યા છે. સૌની ઇચ્છા છે કે આપ એક કલાક માટે પણ અત્રે પધારો.'

'બધા આવ્યા છે તો બધાને આશીર્વાદ છે.'

'આપને આજે વિનંતી કરીએ છીએ કે આપ અહીં પધારો ને આશીર્વાદ આપો. મહંત સ્વામી પણ વિનંતી કરે છે.'

'આશીર્વાદ છે.'

'મંદિરમાં પધારવામાં વાંધો નહીં.'

'ઘણી વખત પધાર્યા છીએ એટલે આશીર્વાદ છે.'

આમ, એકેએક વિનંતીને સ્વામીશ્રી જેમ વાદળાંને પવન વિખેરે તેમ વિખેરતા ગયા.

પરંતુ સવારના નિત્યક્રમથી પરવારેલા તેઓ ભોજન લેવા બિરાજ્યા ત્યાં ઈશ્વરચરણદાસ સ્વામીએ પુનઃ ફોનમાં કહ્યુંઃ 'બાપા! અહીં પચીસ હજારથી વધુ હરિભક્તો ભેગા થયા છે ને આપ પધારો એ માટે સૌની ઘણી ભાવના છે.'

'એ સારું છે. ચારે બાજુથી હરિભક્તો આવ્યા તો સમૈયો થઈ ગયો છે ને આશીર્વાદ છે.'

'દિવ્ય દેહે હાજરી આપજો.'

'ભગવાન હાજર રહેશે. બધા રાજી રહેજો.'

આ રીતે વધુ એક આગ્રહને ચૂર-ચૂર કરી સ્વામીશ્રીએ ભોજન શરૂ કર્યું. તે વખતે ચાણસદની પ્રતિષ્ઠા નિમિત્તે ગઈકાલે થયેલાં યજ્ઞ અને નગર-યાત્રાનો વીડિયો પણ ચાલુ થયો, પરંતુ સ્વામીશ્રી તો મોં ઊંચું કર્યા વગર જ કોળિયા ગ્રહણ કરતા રહ્યા. તે જોઈ સંતોએ કહ્યું: 'રોજ બીજો વીડિયો તો ધ્યાનપૂર્વક જુઓ છો ને આજે તો જમવામાં પડી ગયા!'

આ કૉમેન્ટ બાબતે પણ સ્વામીશ્રી પ્રતિભાવશૂન્ય રહ્યા. ભોજન બાદ સૌના આગ્રહને વશ થઈ તેઓએ ચાણસદની પ્રતિષ્ઠા-સભામાં એકત્રિત થયેલા પચીસ હજારથી વધુ ભક્તોને ફોન દ્વારા આશીર્વાદ આપ્યા, પરંતુ તેમાં એકેય વાર ગામના નામનો ઉલ્લેખ તો ન જ કર્યો! તેથી ચાણસદના મંદિર પર સ્વામીશ્રીના નિઃસ્નેહી વર્તમાનની ધજા ફરકી ગઈ.

શતાબ્દી આવી બી.એ.પી.એસ.

છેલ્લા એક વર્ષથી સમગ્ર વિશ્વમાં ગુંજી રહેલા બી.એ.પી.એસ.ની શતાબ્દીના ડંકા તા. ૧૨/૧૨ના રોજ તેની ચરમસીમા ભણી અગ્રેસર થયા, કારણ કે આજની સવારે બોચાસણથી વિદાય લઈ સ્વામીશ્રી અમદાવાદથી તેરેક કિ.મી. દૂર વસેલા ચાંદખેડાના ચોકમાં આવી પહોંચ્યા. આ સમયે મહોત્સવ માટે સહયોગ આપનારા આ ગામવાસીઓના ઉત્સાહે માઝા મૂકી દીધી. જેઓનાં નામ-કામથી સૌ પરિચિત જ નહીં, પણ પ્રભાવિત હતા, એ મહાપુરુષ આજે ગામની ધરાને ધન્ય કરવાના હોવાથી, અહીં તો *'વાવટા પચરંગી ચડાવ્યા, ચારુ ચૌટા ને ચોક શોભાવ્યા...'*નો નજારો ખડો થઈ ગયેલો. તેથી ગામના ગોંદરેથી રામજી મંદિરની સામે આવેલા કડવા પાટીદાર ચોક સુધી સ્વામીશ્રી પહોંચ્યા ત્યાં સુધીમાં એક પણ ઘર એવું નજરે ન ચડ્યું કે તેના દ્વારે લોકો ફૂલોથી હથેળીઓ ભરી વધામણીમાં ન ઊભા હોય! આજે સ્થાનિક શાળાઓમાં રજા ઘોષિત થઈ હોવાથી વિદ્યાર્થીઓનો ઉમળકો પણ સ્વામીશ્રીને આવકારવામાં આભને આંબી ગયો.

ગ્રામીણ ગુણભાવીઓનો આ સત્કાર ઝીલી સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ નગર'ને પાવન કર્યું. અત્રે તેઓને ઈશ્વરચરણદાસ સ્વામીએ હારતોરાથી આવકાર્યા બાદ શ્રી વાલ્મિકભાઈ પટેલ આગળ આવ્યા. મહોત્સવ માટે જરૂરી જમીનો સંપાદિત કરવામાં મોટો ફાળો આપનારા આ હરિભક્ત અકસ્માતમાં ઘવાયેલા. તેઓને આશીર્વાદ આપી 'નગર'ના નિરીક્ષણ માટે નીકળેલા

સ્વામીશ્રીની નજર ૧૦,૫૦૦ સ્વયંસેવકો અને ૨,૮૦૦ સ્વયંસેવિકાઓના પરિશ્રમનું પાણી પીને ૩૨૧ એકરમાં મહોરેલા 'નગર' પર ફરવા માંડી.

આ ઉત્સવસૃષ્ટિ કલાત્મક ત્રિપાંખી પ્રવેશદ્વાર, તેની બંને બાજુ વર્તુળાકારે પથરાયેલું કાર્યાલય સંકુલ, આંખો ઠારતી સુવિકસિત હરિયાળી, તેમાં ઝૂમતા ફૂલ-છોડની રંગીન દુનિયા, ૩૫૦ X ૨૦૦ X ૮૭ ફૂટના પરિમાણમાં વિસ્તરેલો વિશાળ સુશોભિત મંચ, તેની સામે ત્રણેક લાખ વ્યક્તિઓને સમાવવાની ક્ષમતા ધરાવતું સભાસ્થળ, ૧૫ ફૂટ ઊંચી મનોરમ્ય મંત્રવેદિકા વગેરેની સમૃદ્ધિથી સભર હતી. તેને ગાડીમાં બેઠાં બેઠાં જ દૃષ્ટિ દ્વારા પાવન કરી સ્વામીશ્રી બપોરે એક વાગ્યે અમદાવાદના મંદિરે આવી પહોંચ્યા.

અત્રેથી તેઓ તા. ૧૩/૧૨ની સાંજે પોણા છ વાગ્યે પુનઃ 'નગર'ના દ્વારે પધાર્યા ત્યારથી શતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘાટનની ઘડીઓ ગણાવા લાગી. તે માટે ૯૦ X ૪૦ ફૂટના પટ્ટે પથરાઈને સજધજ થયેલો મુખ્ય મંચ દેવલોકના રાજભવનની ઝાંખી કરાવતો હતો. તેના એક ભાગરૂપે ગજરાજોની કલાત્મક કુંભીઓના ટેકે ૨૦ કલામંડિત સ્તંભ ઊભેલા. આ સ્તંભપંક્તિના આધારે ૬૦ ફૂટ સુધી ઊંચા થયેલા અર્ધવર્તુળાકાર ગુંબજની ટોચે બી.એ.પી.એસ.ની ઓળખ સમી અક્ષર દેરી શોભતી હતી. ગુંબજના બંને પડખે પણ એક શિખર અને બે ઘુમ્મટ-ઘટાઓ ખડી થયેલી. આ ઘુમ્મટને અડીને જ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાતા હતા. તેની જ રેખામાં આગળ વધતાં એકમેકથી પંદર ફૂટના અંતરે ઊભેલા પંદર ફૂટ ઊંચા નંદાદીપમાં પાંચ ફૂટ ઊંચી દીપજ્યોતિની શૃંખલા ઝળહળતી હતી. તેના ઉજાસમાં ઝીણી નકશીવાળાં ૧૦ તોરણો અને ૧૦ ગવાક્ષો ઝગમગતાં હતાં.

આ અદ્‌ભુત પાર્શ્વભૂને સાર્થક કરવા સ્વામીશ્રીએ મંચપ્રવેશ કર્યો ત્યારે તેઓને સામે બેઠેલા ૬૦,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોએ ગગનભેદી જયનાદોથી આવકાર્યા. સૌનો આ ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી આસન પર બિરાજતાં જ દબદબાભર્યો ઉદ્‌ઘાટન સમારંભ આરંભાયો.

અક્ષર-પુરુષોત્તમને કરીએ શતાબ્દી અભિવંદના

વૃક્ષની ટોચે પહોંચવા કરતાં તેનાં મૂળને પામવું અઘરું છે. શિખર સહેલાઈથી જોઈ શકાય છે, પાયો નહીં, પરંતુ સંસ્થાની શતાબ્દીનો ઉદ્‌ઘાટન સમારોહ આવેલો – સૌને મૂળ સુધી લઈ જવા, પાયાનું દર્શન કરાવવા.

તેના પ્રારંભમાં શતાબ્દી નિમિત્તે યોજાયેલા વાર્ષિક કાર્યક્રમોની ઝલક રજૂ થઈ. આ તવારીખ જેમ-જેમ ખૂલતી ગઈ તેમ-તેમ સૌનું અંતર કબૂલાત કરતું ગયું કે અહીં શતાબ્દીના શુભ અવસરે પ્રચારનાં પડઘમ કરતાં ભીતરના ભક્તિભાવને વધુ મહત્ત્વ અપાયું છે. તેની સાક્ષી વર્ષ દરમ્યાન પ્રજ્વલિત રહેલા મંત્રલેખન યજ્ઞે પૂરી. આ આયોજનમાં ભળેલા સંતો-ભક્તોએ ૩,૭૭,૫૬,૩૫,૦૦૦(ત્રણ અબજ, સિત્તોતેર કરોડ, છપ્પન લાખ, પાંત્રીસ હજાર)ની સંખ્યામાં 'સ્વામિનારાયણ' મહામંત્રનું લેખન કરી અક્ષર-પુરુષોત્તમ મહારાજને એક અદ્‌ભુત અંજલિ આપેલી.

તે ઉપરાંત, શતાબ્દી વર્ષ દરમ્યાન ભક્તો દ્વારા ૮૩,૪૮૮ જપ-અનુષ્ઠાન[૧૦] અને ૫,૩૬૨ મંત્ર-પુરશ્ચરણ[૧૧] થયેલાં. તેની સાથે જનમંગલ નામાવલિના ૩૭,૧૪,૭૯૩ પાઠ; ૨૮,૦૪,૯૯૪ વિશેષ દંડવત્; ૩૦,૮૮,૯૦૮ વિશેષ પ્રદક્ષિણા દ્વારા પણ ભક્તિધારા વહેતી રહેલી. તેના કાંઠે પ્રગટેલી વાંચન-યજ્ઞની જ્વાળાઓના ઉજાસમાં સંતો-ભક્તોએ ૧૬,૯૧૫ વખત શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રનું વાંચન તથા ૧૩,૧૯૨ વખત 'લિ. શા. યજ્ઞપુરુષદાસ' ગ્રંથનું પઠન કરેલું. તેની સમાંતર ૧,૯૮૧ મંડળો દ્વારા પ્રભાત-ફેરીઓ યોજાયેલી, તો ૨,૨૭૭ મંડળોએ પદયાત્રાઓ કાઢેલી. વળી, ૨,૧૮૭ મંડળો દ્વારા ધૂનનો નાદ અખંડ ગુંજતો રહેલો.

આ આંકડાઓ સમજાવી ગયા કે અહીં શતાબ્દી આવી છે – પરા-ભક્તિની.

સૌનાં હૈયે ઊછળતા આ ભક્તિભાવને વ્યક્ત કરવા ઉદ્‌ઘાટન સમારોહની આગામી કડીરૂપે નૃત્યગીત આવી પહોંચ્યું. *'નવયુવાનો ! શ્રીજીનો સંદેશ લઈ ફરીએ...'* શબ્દના સથવારે સરકતા આ નૃત્યના અંગરૂપે શતાબ્દીના વર્ષે જે-જે દેશોમાં બી.એ.પી.એસ.ની ધજાઓ ફરફરી રહેલી તે તે દેશોના રાષ્ટ્રધ્વજ લહેરાઈ ઊઠતાં દર્શકોનાં અંતર અસ્મિતાથી ઊભરાઈ ગયાં. આઠ નૃત્યમંચ પર થયેલી ૧૨૫ યુવાનોની આ મનમોહક પ્રસ્તુતિનાં કામણ હજી તો ઓસર્યાં નહોતાં ત્યાં જ એક પછી એક બી.એ.પી.એસ.ની આધારશિલાઓ નયનગોચર થવા લાગી.

આ રજૂઆતમાં પ્રથમ સિદ્ધાંતના સ્તંભનું દર્શન થયું. સો વર્ષે પણ

---

૧૦. એક અનુષ્ઠાન એટલે ૧,૨૫,૦૦૦ વાર મંત્રજાપ.

૧૧. એક પુરશ્ચરણ એટલે ૬,૦૦,૦૦૦ વખત મંત્રજાપ.

અડીખમ ઊભેલી બી.એ.પી.એસ.ના પાયારૂપે રહેલા શાસ્ત્રસંમત અને શ્રીજીસંમત સિદ્ધાંતનું નિદર્શન કરવા મંચ પર ડોલવા માંડેલા ૩૬ સ્તંભોએ દર્શકોનાં દિલ પણ ડોલાવી દીધાં.

આ સ્તંભ-નૃત્યના થૈકારાથી ઝૂમી ઊઠેલો મંચ હજી સ્થિર થાય તે પહેલાં તો ત્યાં બી.એ.પી.એસ.ની અન્ય એક આધારશિલા સમી સાધુતાનો શાંત પ્રભાવ પથરાવા લાગ્યો. આ હાર્દ પ્રેક્ષકો પામી શકે તે માટે મંચ પર ધવલ અમલ પાંખોવાળા ૪૮ શુભ્ર-સૌમ્ય હંસોનું વૃંદ ઊડવા લાગ્યું. માનસરોવરના હંસ જેવા જ લય-લાવણ્ય ધરાવતા આ હંસોના છટાદાર નૃત્ય વડે ઉજાગર થયેલા સાધુતાના પાયાને અનુસરતાં સેવાની સરવાણી ફૂટી નીકળી. બી.એ.પી.એસ.ની આ ત્રીજી આધારશિલા.

તેની ઝાંખી કરાવવા મંચ પર ઘૂમવા માંડેલા ટોપલા-સાવરણાધારી ૪૮ યુવકોએ સો વર્ષથી સેવાપરાયણ રહેલી સંસ્થાને ઉમદા અંજલિ આપી. આ સેવાના સહોદર સમું સમર્પણ પણ બી.એ.પી.એસ.નો એક અવિચળ પાયો. તેની ઝલક પમાડવા સમર્પણના પ્રતીકરૂપ ૩૬ બળદો મંચને ધમરોળવા લાગ્યા. બળદ જેવા જ રંગ-ઢંગ અને ચાલ-ચહેરા ધરાવતા આ નૃત્યકારોએ સૌ સમક્ષ શાસ્ત્રીજી મહારાજના અમર વિધાન – 'આપણે તો અક્ષર-પુરુષોત્તમના બળદિયા છીએ'ને સાકાર કરી આપ્યું.

તેની અસરથી સૌ મુક્ત થાય એ પહેલાં તો તેઓના મનનો કબજો લેવા જુદા જુદા આઠ વિભાગમાં વહેંચાયેલા નૃત્યમંચ પર શ્વેત પારેવાંઓ ઊડવાં લાગ્યાં. ૮૭ X ૫૦ ફૂટ અને ૮૦ X ૪૦ ફૂટના બે વિશાળ નૃત્યમંચ તથા ૪૦ X ૩૨ ફૂટના ઉપમંચ પર એકસાથે ૪૮ની સંખ્યામાં ઊતરી પડેલા આ પંખી-પરિવારે જાળમાં ફસામણી, તેમાંથી મુક્તિ માટે તેઓએ કરેલો હોલા-ઉપાડ, તેથી મોં વકાસતાં ઊભો રહી ગયેલો પારધી વગેરેની અસરકારક પ્રસ્તુતિ કરી. તે દ્વારા બી.એ.પી.એસ.ના મૂળમાં ધરબાયેલી સંઘનિષ્ઠા હૂબહૂ ઊપસી આવી.

તેથી પથરાયેલાં કામણમાં જ સત્પુરુષનો અમલ ઘોળાયો. સિદ્ધાંત, સાધુતા, સેવા, સમર્પણ અને સંપનાં કાલાતીત મૂલ્યોની સાથે બી.એ.પી.એસ.નું મજબૂત મૂળ એટલે સત્પુરુષ. તે તો સંસ્થારૂપી શરીરનો પ્રાણ. તેને વધાવવા દીપનૃત્ય આરંભાયું. તેથી મંચ પર ઝગમગી ઊઠેલા સેંકડો દીપકોની વચ્ચે જ સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય દ્વારા શતાબ્દી મહોત્સવનું ભવ્ય ઉદ્‌ઘાટન કર્યું. આ

ઐતિહાસિક ક્ષણને આકાશના દેવો પણ વધાવી રહ્યા હોય તેમ આતશબાજી ગરજી ઊઠી.

તેથી અવની-આકાશમાં સર્વત્ર પ્રસરેલાં અજવાળાંમાં જ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ.નો ધ્વજ લહેરાવ્યો. શતાબ્દી મહોત્સવના આ શાનદાર ઉદ્‌ઘાટનની પળને પોંખવા સોળ શ્વેત ગજરાજો દોડી આવ્યા. મદનિયાંઓના સંગે મંચ પર ધસી આવેલા આ નર્તકોની સાથે સ્તંભ, હંસ, બળદ, પારેવાં વગેરેનાં પરિધાનમાં સજ્જ ૫૫૦ નૃત્યકારો પણ ભળતાં મંચ અવનવી આભાથી છલકાઈ ઊઠ્યો. તેની પર રેલાતા રંગબેરંગી તેજલિસોટાઓથી ક્ષણે-ક્ષણે નવીન સૃષ્ટિ સૌની દૃષ્ટિ સમક્ષ ખૂલતી રહી.

ઉત્તમ વિચાર-વૈભવ અને બેનમૂન રજૂઆતના સંગમે સતત બાવન મિનિટ સુધી સરકેલી આ પ્રસ્તુતિ જોઈ એક લબ્ધપ્રતિષ્ઠ વ્યક્તિ તો બોલી ઊઠી: 'આ કેવળ કાર્યક્રમ નથી, પરંતુ એક કલ્પનાતીત સ્વપ્ન છે. હું બૌદ્ધિક સંપત્તિની માલિકીના વ્યવસાય સાથે સંકળાયેલો માણસ છું. મારા અભિપ્રાય પ્રમાણે અહીં જે કાર્યક્રમ પ્રસ્તુત થયો તેને કૉપી-રાઇટના કાયદા પ્રમાણે સુરક્ષિત કરી દેવો જોઈએ.'

શતાબ્દીના ઉદ્‌ઘાટનને કાયદાની રૂએ સલામત કરી દેવાનો આ વિચાર એટલી તો પ્રતીતિ કરાવી ગયો કે આ કાર્યક્રમ સૌનાં કાળજે કેદ થઈ ગયો છે. શતાબ્દીના અવસરે અક્ષર-પુરુષોત્તમને એક અમર અભિવંદના થઈ ગઈ.

મેઘધનુષ પૃથ્વી પર!

તા. ૧૩/૧૨ની સાયંસભામાં થયેલા શતાબ્દીના ઉદ્‌ઘાટન સાથે આરંભાઈ ચૂકેલા પંચદિવસીય મહોત્સવમાં આજનો પ્રથમ દિવસ યુવાશક્તિને સમર્પિત હતો. તેથી પોતાનાં કૌવત-દૈવતની ઝાંખી કરાવતા યુવાનોનું મંચ પર પદાર્પણ થતાં જ શિયાળાની સમી સાંજના ઢળતા અંધારામાં ચારેકોર પ્રકાશના પુંજ વેરાવા લાગ્યા.

તેમાંથી પ્રથમ પ્રગટી પ્રામાણિકતાની મશાલ. તેના અજવાળે રજૂ થઈ – એક યુવાનની દિલધડક દાસ્તાન. તેઓ સખત નાણાંભીડમાં ભીંસાતા હતા, છતાં તેઓએ સામે ચાલીને હાથ લાગેલી હજારો રૂપિયાની મતાને મૂળ માલિક સુધી પહોંચાડી દીધેલી.

ચોટદાર સંવાદ દ્વારા થયેલી આ પ્રસ્તુતિ બાદ બી.એ.પી.એસ.ના

યુવાનોની પર્વતપ્રાય દૃઢતા ઝળકી ઊઠી. બરફીલા હિમાલયની ૧૮,૦૦૦ ફૂટ ઊંચાઈએ કે આફ્રિકાનાં જંગલોમાં જંગ ખેલતાં ખેલતાં સંસ્થાના યુવાનોએ રાખેલા અતૂટ ધર્મ-નિયમની આ રજૂઆતે સૌને મંત્રમુગ્ધ કરી મૂક્યા.

ખડક જેવા અડગ આ યુવકોને અનુસરતાં તેઓના સંસ્કારોની સૌરભ ફોરવા માંડી. તેમાં વાલીની સેવા માટે ઉચ્ચ કક્ષાના વિશ્વવિદ્યાલયની મનોવાંછિત વિદ્યાશાખામાં મળેલા પ્રવેશનેય ફગાવી દેનારા યુવાનની ગાથા હતી, તો પ્રસિદ્ધ વિદ્યાસંકુલોની પ્રતિષ્ઠિત પદવીઓ મેળવ્યા બાદ વિદ્યાનો વિનિયોગ સંપત્તિ રળવામાં ન કરતાં તેને સમાજ અને સંસ્થાના ઉત્કર્ષમાં વાળનારા બી.એ.પી.એસ.ના યુવાનોની કથા હતી.

તે સાંભળી એક મહાનુભાવનો માંહ્યલો ભેદાઈ ગયો. તેઓ બોલી ઊઠ્યા: 'આજ સુધી હું એટલું જ સમજતો હતો કે બી.એ.પી.એસ. માત્ર મંદિરો અને ધર્મ સાથે સંકળાયેલી સંસ્થા છે, પણ આજે મારી માન્યતા ખોટી પુરવાર થઈ છે. બી.એ.પી.એસ. એક એવી સંસ્થા છે જે અદ્‌ભુત સામાજિક કાર્યો કરી રહી છે. મારી આંખો ખોલી આપવા બદલ ભગવાનનો આભાર માનું છું.'

પૂર્વગ્રહનાં પડળો ખેરવી બી.એ.પી.એસ.ના યુવાનોએ ઉઘાડેલી સભાસદોની આ આંખોને 'એકે હજારા' જેવા યુવકોએ આંજી દીધી. આખેઆખા ગામ અને જ્ઞાતિને અનીતિ તેમ જ અંધશ્રદ્ધામાંથી છોડાવનારા બી.એ.પી.એસ.ના આ યુવાનો જેમ-જેમ મંચ પર હાજર થવા લાગ્યા, તેમ-તેમ યુવાદિનનો પ્રભાવ વિશેષ પથરાતો ચાલ્યો. એકલવીર સમા તે-તે યુવાનોથી પલટાયેલા જે તે ગામ-જ્ઞાતિના અગ્રણીઓએ પણ પોતાનાં પરંપરાગત વસ્ત્રોમાં મંચ પર ઉપસ્થિત થઈ સ્વામીશ્રીનો આભાર માન્યો. તે જોઈ સભા-સ્થળે ઊમટેલા હજારોના મહેરામણે યુવાશક્તિને યોગ્ય દિશા આપનારા આ યુગના અદ્વિતીય મહાપુરુષરૂપે સ્વામીશ્રીને વધાવી લીધા.

સૌનો આ અહોભાવ નક્સલવાદી પ્રવૃત્તિઓથી પરેશાન ઓરિસ્સાના એક જાંબાઝ પોલીસ અફસરની કહાણીએ અનેકગણો વધારી મૂક્યો. મંચ પરથી આ અધિકારી કહેવા લાગ્યા:

'मुझे जब नक्सलवाद को काबू में लाने का काम सौंपा गया तब नक्सलियों का आतंक अपनी चरमसीमा पर था। तब मैंने प्रेम और समझदारी का रास्ता अपनाया, जो कि मैं बी.ए.पी.एस. में सिखा था। प्रमुखस्वामीजी

ને મુઝે સિખાયા થા કિ કિસી કે પ્રતિ ઘૃણા નહીં કરની ચાહિએ। નક્સલિયોં કો સમાજ કી પ્રમુખ ધારા મેં શામિલ કરને કે લિએ મૈંને ઉનકા કાઉન્સેલિંગ શુરૂ કિયા। ઉનકે દિલ પિઘલને લગે। ઉનકો પ્રતીત હુઆ કિ પુલિસ ઉનકા સચમુચ ભલા ચાહતી હૈ ઔર સુંદરગઢ઼ જિલે મેં નક્સલવાદી પ્રવૃત્તિયાઁ નિયંત્રિત હો ગઈં।

યહ જો કુછ ભી મૈં કર સકા વહ સ્વામીજી! આપને દી હુઈ શિક્ષા ઔર વાત્સલ્ય કી બદૌલત। વરના મુંબઈ કે એક છોટે-સે કમરે મેં રહતા લડ઼કા સફલ ઔર નેક આઈ.પી.એસ. અફસર કૈસે બન પાએગા! સ્વામીજી! આપને મેરે લિએ પઢ઼ને કી સુવિધા કર દી। શિક્ષા ઔર સંસ્કરણ કી જિમ્મેદારી આપને એક પિતા કી તરહ નિભાઈ। આઈ.પી.એસ. કી ટ્રૈનિંગ મેં મૈં જો સિખા ઉસસે ભી અધિક આપને મુઝે સિખાયા હૈ। મેરે જૈસે કઈ યુવકોં કો પ્રેરિત કરકે આપને સમાજ મેં બહુત બડ़ા ઉપકાર કિયા હૈ।'

આતંકવાદી પ્રવૃત્તિઓને નાથવા માટેનો એક નવતર માર્ગ કંડારવા બદલ સમય જતાં ઘણી નામના મેળવનારા બી.એ.પી.એસ.ના યુવાન શ્રી યશવંત જેઠવાની આ કેફિયતે સમાજમાં સંસ્થા અને સ્વામીશ્રીના પ્રદાનને અતિ સ્પષ્ટ કરી આપ્યું. શ્રી જેઠવાની જેમ આજે રજૂ થયેલી પ્રત્યેક યુવા ગાથામાં 'સ્વામીશ્રી જ અમારો પ્રેરણાસ્રોત છે'નો તાર સારધાર વણાયેલો રહ્યો. તેની સાથે સ્વામીશ્રીએ યુવાનોને પિવડાવેલાં પ્રેમનાં પીયૂષ દર્શાવતો વીડિયો શૉ અને દર્શકોની દાદ મેળવી જનારું ૧૧૦ યુવાનોનું એકતા-નૃત્ય ગૂંથાયાં.

આજની આવી એકેએક પ્રસ્તુતિ દ્વારા થતો યુવા ઊર્જાનો પ્રચંડ વિસ્ફોટ જોઈ એક આમંત્રિતના મુખેથી અહોભાવ સરી પડ્યો કે 'યુવા શક્તિએ સર્જેલું પૃથ્વી પરનું મેઘધનુષ્ય એટલે આજનો આ કાર્યક્રમ.'

એક અતિથિના હોઠેથી તો શબ્દો સર્યા: 'જે ભક્તોએ જાતને સમર્પિત કરી દીધી છે એવા ભક્તોની શ્રદ્ધાએ સર્જેલો ચમત્કાર એટલે આ સભા. હું ઇચ્છા રાખું છું કે અહીં જોવા મળતી શિસ્ત સમાજમાં બધે જ પ્રવર્તે.'

શતાયુએ પહોંચેલી સંસ્થાની આ 'યુવાની' પર સૌ આફરીન હતા તે જ વખતે સ્વામીશ્રીની અમૃતધારા વહેવા લાગી કે 'આજે આ સંસ્થાને સો વરસ પૂરાં થાય છે એ નિમિત્તે આ કાર્યક્રમ ચાલુ થયો છે. આજે યુવકોના પ્રસંગો જોયા કે કેટલા બધા આગળ વધ્યા! કેટલાને વ્યસન મુકાવ્યાં ને કેટલાને સત્સંગ કરાવ્યો! આવા ઘણાના પ્રસંગો છે. શતાબ્દી નિમિત્તે નિયમ-ધર્મની

દૃઢતા, સંપ-સુહૃદભાવ-એકતા રાખીને કાર્ય કરીશું તો કોઈ પણ કાર્યમાં, કોઈ પણ ક્ષેત્રમાં આપણને જરૂર સફળતા મળશે.'

આ આશીર્વાદ સાથે શતાબ્દી મહોત્સવનો પ્રથમ દિન સંપન્ન થયો ત્યારે ખુશીમાં ઝૂમતા સૌના મોઢે એક જ વાત રમી રહી: *'એ આનંદ શું કહું ગાઈ, ન ભૂતો ન ભવિષ્યતિ ભાઈ...'*[૧૨]

સદા સેવા વિષે સાવધાન

આ અરસામાં ઊજવાઈ રહેલા શતાબ્દી મહોત્સવે ઊમટેલા હજારો હરિભક્તોથી અમદાવાદનું મંદિર ઊભરાતું હતું. તે દરેકને સ્વામીશ્રીનો નિકટથી લાભ લેવાનો મનોરથ હોય. તેથી મુલાકાતીઓનો કોઈ તોટો રહ્યો નહોતો. ઉત્સવને કારણે મીટિંગોના દોર પણ અવિરત ચાલ્યા જ કરતા. શતાબ્દીની શુભેચ્છા પાઠવવા અને આશીર્વાદ મેળવવા આવેલા મહાનુભાવોનો મેળાવડોયે જામેલો રહેતો.

આવા ભરચક દૈનિક ક્રમમાં તા. ૧૪/૧૨ની બપોરે નાસ લેતી વખતે સ્વામીશ્રીએ પરિચારકને એક યુવકના પત્ર બાબતે પૂછ્યું કે 'બોચાસણમાં એ ટપાલ વાંચેલી તે અહીં (સંસ્થાકીય સચિવ) હરીશભાઈ દવેને આપી દીધી?'

'ના, હજી આપી નથી.'

'તો આજે આપી દો. તેઓ વાંચી લે, પછી સાંજે સમય મળશે તો એ બાબતે વાત કરી લઈશું.' સ્વામીશ્રી બોલ્યા.

વધતી વય, વળગેલા વ્યાધિ, વ્યસ્તતા, વાતાવરણ વગેરે પરિબળો ગમે તેવાં હોય, પરંતુ પોતાના કામ સ્વામીશ્રી કદી ન ભૂલતા, પછી તે ભલે ને નાનું-નગણ્ય જ કેમ ન હોય!

આ ચીવટ-ચોકસાઈ સાથે સેવા કરતા તેઓ આજની રાત્રે વાળુથી પરવારી હરિભક્તોને મળવા લાગ્યા ત્યારે તેઓએ કલકત્તાના એક ચશ્માંધારી યુવાન શ્રી પરેશભાઈને જોતાં જ પૂછ્યું: 'તું તો લેન્સ પહેરતો હતો ને!'

આ સાંભળી એ યુવકની આંખો ચાર થઈ ગઈ, જે એનાં ચશ્માંની

---

૧૨. સંસ્થાના શતાબ્દી મહોત્સવની ઉદ્‌ઘાટન સભા અને યુવા-દિનની રોચક રજૂઆતના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આરપાર પણ જોઈ શકાતી હતી. એ જ આશ્ચર્ય સાથે તેણે કહ્યું : 'બાપા ! હું ત્રીસ વર્ષ પહેલાં લેન્સ પહેરતો હતો, એની યાદ હજી આપને છે ?!'

આ અહોભાવમાં સૌ સ્વામીશ્રીની અનહદ આત્મીયતાનું દર્શન કરી રહ્યા.

મહિલાઓનું ભક્તિ-આંદોલન

તા. ૧૪/૧૨ની સાંજે શતાબ્દી મહોત્સવનો મંચ ૧,૦૦૦થી વધુ બાલિકા, યુવતી અને મહિલાઓએ કરેલી પ્રસ્તુતિથી ઝૂમી ઊઠ્યો. હિન્દી, ગુજરાતી, અંગ્રેજી જેવી ભાષાઓમાં ગદ્ય-પદ્યની જુગલબંધી સાથે રજૂ થયેલો આ કાર્યક્રમ સૌના અભિનંદનનો અધિકારી બની રહ્યો. આ રજૂઆતમાં બી.એ.પી.એસ.નાં સ્ત્રી-કુસુમોની એક-એક પાંખડીમાંથી ફોરતી સેવા-સમર્પણ, શીલ-સંયમ, કલા-કૌશલ્ય વગેરેની સુવાસથી ૮૦,૦૦૦ દર્શકો તરબતર થઈ ગયાં.

મહિલાઓએ જગાવેલાં આ ભક્તિ-આંદોલનને અનુસરતાં આવેલી તા. ૧૫/૧૨નો પ્રારંભ પ્રતિષ્ઠાવિધિના મંત્રોથી થયો. આ દિવસની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે કુકડિયા ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

આ નિમિત્તે એકઠા થયેલા ગામવાસીઓને આશીર્વાદ આપી સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા ત્યારે અહીં તેઓનાં દર્શન માટે શ્રી એલ. કે. અડવાણી તથા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આવી પહોંચ્યા. શ્રી મોદીએ તો પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીનાં ચરણે પંચાંગ પ્રણામ પાઠવી ભક્તિભાવ વ્યક્ત કર્યો. તે સમયે તેઓને હાર પહેરાવતાં સ્વામીશ્રીના મુખેથી આર્ષવાણી સરી પડી કે 'નરેન્દ્રભાઈ મોદીનો જયજયકાર થઈ રહ્યો છે અને થવાનો છે.'

'આપના આશીર્વાદથી જ બધું થાય છે.' શ્રી મોદીએ કૃતજ્ઞભાવે જણાવ્યું.

આ ભાવસભર મિલનને હજારો સભાસદોએ તાળીઓનો વરસાદ વરસાવી ભીંજવી દીધું.[૧૩]

બી.એ.પી.એસ. के बालमंडल की आई सवारी

તા. ૧૫/૧૨ની સાંજે યોજાયેલી શતાબ્દી મહોત્સવની સભામાં

---

૧૩. સંસ્થાના શતાબ્દી મહોત્સવે મહિલાઓએ ધરેલાં ભાવભર્યાં ભક્તિઅર્ઘ્યની સુવાસ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

બી.એ.પી.એસ.નું બાળવિશ્વ આશરે સવા લાખની સંખ્યાના શ્રોતાવર્ગને આકર્ષક રજૂઆતો દ્વારા હેરત પમાડવા લાગ્યું. આ બાળકોએ આજે પોતાના ખાસ કાર્યક્રમમાં સૂરજદાદા, ચાંદામામા, વાયુદેવ, દરિયાલાલ, ઇન્દ્રરાજ વગેરેને પણ હરખભેર નોતરેલા. આ આમંત્રિત મહાનુભાવોએ સ્વામીશ્રીને તેજનાં સિંહાસન, તારલિયાના હાર, ચામર, મોતી, મેઘધનુષના રંગો વગેરે સામગ્રીથી આવકાર્યા. તેઓની સાથે સૃષ્ટિનાં પંચ તત્ત્વો તથા તીર્થો, પંખી-પુષ્પો અને સ્વયં અક્ષરમુક્તો પણ સ્વાગતવિધિમાં સામેલ થતાં સ્વાગત-નૃત્યનો નજારો અદ્‌ભુત જામી ગયો.

તેને ઊંચે ઉઠાવતાં ગીત ગુંજવા લાગ્યું: 'નન્હેં મુન્ને બચ્ચે હમ, બાલસભા મેં જાતે હૈં, જીવન-શિક્ષણ પાતે હૈં...' આ શબ્દો કાને પડતાં જ કો'ક બાળકોએ રમવું-જમવું મૂકી, તો કો'ક બાળકોએ સાઇકલો પડતી મૂકી બાળસભા ભણી દોટ મૂકી. તેમાંના કેટલાક પોતાના મિત્રોને લઈ, તો કેટલાક પોતાના વાલી-વડીલનો હાથ પકડી ગોઠવાઈ ગયા બાળસભામાં.

બી.એ.પી.એસ.નાં ૫,૫૦૦ બાળમંડળોનું પ્રતિનિધિત્વ કરતી હોય તેમ સરવા લાગેલી આ બાળસભાએ સૌપ્રથમ પોતાના સ્થાપક યોગીજી મહારાજને વધાવ્યા. આ અંજલિને અનુસરતાં મંચ પર સવાદ્ય ગોઠવાઈ ગયેલા બાળકોએ પોતાના સૂરીલા કંઠે વિવિધ તાલ-રાગમાં રેલાવેલા શ્લોકગાને ઉપનિષદકાળનું વાતાવરણ ખડું કરી દીધું.

આ માહોલમાં જ ઢોલ, ત્રાંસાં, નગારાં, રણશિંગાં, શંખ, ધજા વગેરે લઈ બાવન બાળકોની પરેડ આવી પહોંચી. તેણે 'बी.ए.पी.एस. के बालमंडल की आई सवारी, बालविकास के पाँच गुणों की लाई कहानी; जय जय बालमंडलम्...'નું મુખડું બાંધી હવે આવી રહેલા કાર્યક્રમની છડી પોકારી દીધી. તે મુજબ સંસ્થા દ્વારા બાળકોની ગળથૂથીમાં રેડાતાં સંસ્કાર, સ્વાસ્થ્ય, શિક્ષણ, સત્સંગ અને સંસ્કૃતિનાં પંચામૃત પીરસાવા માંડ્યાં. આ રસથાળને વિવિધ કલાત્મક રથમાં લઈ મંચ પરથી ક્રમશઃ પસાર થયેલા ૭૦૦ બાળકો સૌના મુખેથી 'વાહ' પોકારાવી ગયા. તે પછી વાર્તાનું પ્રકરણ ખૂલ્યું.

બાળવિશ્વમાં વાર્તાનું સ્થાન રાત્રિમાં તારા જેવું. તેથી આજની ઉત્સવ-સભામાં પણ આ માધ્યમ દ્વારા કળિયુગના ધ્રુવ, પ્રહ્‌લાદ, શ્રવણ જેવા બી.એ.પી.એસ.ના સંસ્કારી બાળકોની ગાથા રજૂ થઈ. તેણે કાદવમાં કમળની જેમ ખીલેલાં આ બાળપુષ્પોમાંથી ફોરમતી પ્રામાણિકતા, સેવા, શ્રદ્ધા વગેરેની

સૌરભ શ્રોતાઓના શ્વાસમાં ઘૂંટી. તે સાથે જ આ વામનજીઓએ લગાવેલી વિરાટ છલાંગોની ઝલક પ્રસ્તુત થવા માંડી.

તેમાં બી.એ.પી.એસ.ના બાળકો દ્વારા થયેલાં વ્યસનમુક્તિ, આદર્શ કુટુંબ, વૃક્ષારોપણ, કૅન કલેક્શન જેવાં અભિયાનોથી સમાજને થયેલા લાભની લહાણ જોઈ સૌ દંગ રહી ગયા. બાળકો દ્વારા વ્યસનમુક્ત થયેલી હજારો વ્યક્તિઓના પ્રતિનિધિરૂપે ૩૫ નાગરિકોએ આજે અહીં આવી સ્વામીશ્રીનો આભાર માન્યો.

એ આભારનો સૂર શમતાં જ સ્વામીશ્રી દ્વારા થઈ રહેલું વિશ્વશાંતિનું આ કાર્ય વિશેષ પ્રસરાવવા ૩૫૦ બાળકો પંખી, પુષ્પો, પતંગિયા બની મંચ પર પથરાઈ ગયા અને આરંભાયું વિરાટ નૃત્ય – 'હમ બી.એ.પી.એસ. કે બાલ પંછી રે...' આ ગીતમાં નર્તન સાથે ભળેલી નિર્દોષતાએ સૌનાં દિલનો કબજો લઈ લીધો.

તેની ઘેરી અસર તળે જ રમતનાં મંડાણ થયાં. તેનું સ્થાન પણ બાળવિશ્વમાં અનેરું. તેથી આ ખેલ માટે ૩૫ બાળકો ફટાફટ મંચ પર ઊતરી પડ્યા. સંચાલકના આદેશ અનુસાર શરૂ થયેલી 'જોડ બનાવો'ની આ રમતમાં ૩૪ બાળકોએ બબ્બેની જોડ બનાવી દેતાં રાહુલ એકલો-અટૂલો પડી ગયો. તેથી સૌ 'આ... ઉટ, આ... ઉટ' કહી તેનો હુરિયો બોલાવવા લાગ્યા, પણ એ જ સમયે આ એકલવાયાના મનમાં એક વિચાર ઝબક્યો અને તેણે દોટ મૂકી સિંહાસન પર બિરાજેલા સ્વામીશ્રી તરફ.

તે જોઈ 'હવે શું થશે?'ના કુતૂહલ સાથે સવા લાખનો શ્રોતાસમુદાય તેની બેઠક પર અધ્ધર થઈ ગયો. ત્યાં જ પેલો બાળક સ્વામીશ્રીને સંબોધતાં કહેવા લાગ્યો: 'જુઓ, સ્વામીબાપા! અત્યારે મારી સાથે તમે એક જ છો, પણ મને વિશ્વાસ છે કે તમે મારી જ નહીં, આ બધ્ધા બાળકોની સાથે છો. અરે! તમે તો આખા વિશ્વ સાથે છો અને સદાયના સાથી છો. કેમ સ્વામીબાપા! તમે અમારી સાથે છો ને?'

આટલું કહેતાં એ બાળકે સ્વામીશ્રી સાથે મિત્રતાની ગાંઠ મજબૂત કરવા પોતાનો જમણો હાથ લંબાવ્યો. તેને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ પણ પોતાના જમણા હાથમાં ફરતી માળા ડાબા હાથમાં લઈ જમણા હાથે બાળક સાથે હસ્તધૂનન કર્યું. આ ક્ષણે વિશ્વના આંગણે ખેલતું-કૂદતું શૈશવ ધન્યતા અનુભવી રહ્યું. પેલો આઉટ થયેલો બાળક પણ સ્વામીશ્રીનો હાથ મળતાં

આઉટસ્ટેન્ડિંગ (અસાધારણ) બની ગયો. સ્વામીશ્રીના સંગનો આ જ પ્રતાપ હતો ને!

આમ, *'લાડ ઘણાં લડાવતા, હસતા હેત કરી હસાવતા...'*નો અનુભવ કરાવતા સ્વામીશ્રી સાથે સભાના અંતિમ ચરણમાં શિશુઓએ ગોઠડી માંડી ત્યારે પણ સૌ હિલોળે ચડી ગયા. આ આનંદ કાર્યક્રમના અંતે સ્વામીશ્રીના આશીર્વાદનો પ્રસાદ પામી વધુ આસ્વાદ્ય બની રહ્યો.[૧૪]

ભારતના ભાગ્યવિધાતાઓનું સર્જન

સંસ્થાના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાતી પ્રત્યેક સાયંસભાનું વિશ્વભરમાં જીવંત પ્રસારણ થતું હોવાથી તેનું આકર્ષણ દિન-પ્રતિદિન વધતું ચાલેલું. તે રોજબરોજ ઉત્સવ-સભામાં વધતી શ્રોતાઓની સંખ્યા પરથી પણ કળી શકાય એમ હતું. આમ, સર્વત્ર ગુંજી રહેલાં શતાબ્દીનાં આ પડઘા અને પડઘમ વચ્ચે જ તા. ૧૬/૧૨ની સવારે દીક્ષા સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે સ્વામીશ્રીએ ૧૩ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને ૪ સાધકોને પાર્ષદી દીક્ષા આપી ત્યારે ચોમેર ફરી વળેલી દિવ્યતા પ્રસિદ્ધ સામયિક પાંચજન્યના તંત્રી શ્રી તરુણ વિજયને આંદોલિત કરી ગઈ.

તેથી તેઓએ સ્વામીશ્રીના આ કાર્યને વધાવતાં યથાર્થ લખ્યું:

'શતાબ્દી સમારોહમાં પ્રમુખસ્વામી મહારાજે ૧૭ નવયુવાનોને દીક્ષા આપી. આ દીક્ષાર્થીઓની ઉંમર ૨૨થી ૨૬ વર્ષની છે. ૧૭માંથી ૧૫ NRI એટલે કે વિદેશમાં વસતા તેજસ્વી ભારતીયો છે, જેઓએ અમેરિકા, ઇંગ્લેન્ડ, આફ્રિકામાંથી એમ.બી.એ., કમ્પ્યૂટર ઇજનેર, વૈજ્ઞાનિક, ડૉક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી છે. તેઓએ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ચુંબકીય વ્યક્તિત્વથી આકર્ષિત થઈને સાધુજીવન દ્વારા હિંદુ સમાજના કલ્યાણ અર્થે જીવન સમર્પિત કરવાનો સંકલ્પ કર્યો. આ કોઈ નાની વાત થોડી છે? આ કોઈ સામાન્ય ઘટના છે? અને તે પણ એવા સમયમાં કે જ્યારે ભારતના યુવકો

---

૧૪. સંસ્થાના શતાબ્દી મહોત્સવે બાળકોએ કરેલી રંગીન અને સંગીન પ્રસ્તુતિને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પશ્ચિમની ઝાકમઝોળથી અંજાઈને વીસ-ત્રીસ લાખનું વાર્ષિક વેતન લેવાની હોડમાં ઘર, પરિવાર, સભ્યતા, સંસ્કૃતિ, દેશ, સમાજ બધાંને ઠોકર મારી માત્ર વ્યાવસાયિક દોડમાં ઝંપલાવી રહ્યા છે.

અમેરિકા, યુરોપ તથા અન્ય દેશોમાં વસેલા હિન્દુ પરિવારોની સામે સૌથી મોટી એ ચિંતા મોઢું ફાડીને ઊભી રહી છે કે 'પોતાનાં સંતાનોને હિન્દુ સંસ્કાર કેવી રીતે આપવા?' તેવા સમયમાં એક ૮૭ વર્ષના 'યુવા સંન્યાસી'નાં ચરણોનો સ્પર્શ કરી રહેલા તે તરુણો અને યુવકો કે જેમનો મૂછનો દોરો હજુ હમણાં જ ફૂટ્યો છે અને જેઓ વર્ષના આશરે પંદરથી ચાલીસ લાખ રૂપિયા વેતન કમાવા યોગ્ય પદવી પણ પ્રાપ્ત કરી ચૂક્યા છે, તેઓ ભગવાં વસ્ત્ર ધારણ કરી સ્વામિનારાયણ જેવા કઠોર શિસ્તપાલનમાં માનનારા સંપ્રદાયમાં સાધુ બની ધર્મધજા ફરકાવવા પોતાનું જીવન સમર્પિત કરી રહ્યા છે! એવું કયું ક્ષેત્ર છે જ્યાં આ યુવા સાધુઓ ભારતનો ભાગ્ય ઉદય નથી કરતા? ખરેખર, આ સાધુઓ જ ભારતના ભાગ્યવિધાતા છે.'

શ્રીસ્વામિનારાયણ ભાષ્યનું વિમોચન

પોતાના જીવનકાળ દરમ્યાન સંસ્થાને અદ્વિતીય સિદ્ધિઓનાં શિખરો સર કરાવતા રહેલા સ્વામીશ્રીએ શતાબ્દીના અવસરે ગ્રંથનિર્માણના ક્ષેત્રે પણ એક નવો કીર્તિમાન સ્થાપી દીધો. તેઓએ આશરે ત્રણ દાયકા પૂર્વે સંકલ્પ કરેલો કે 'ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અને શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તિત અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતના સમર્થનમાં ભાષ્યગ્રંથો રચાય.'

કારણ કે ભારતીય દાર્શનિક પરંપરાની એક પરિપાટી રહી છે કે 'પ્રત્યેક સંપ્રદાયે પોતાના તત્ત્વજ્ઞાનનું બીજ બ્રહ્મસૂત્ર, ઉપનિષદ અને ભગવદ્ગીતામાં સમાયેલું છે તે પુરવાર કરવું પડે.' ઉપરોક્ત ત્રણ પ્રસ્થાનના પાયા પર ઊભેલો સંપ્રદાય જ શાસ્ત્રીય ઠરે. વળી, ચિરંજીવ પણ!

તેથી શાસ્ત્રીજી મહારાજે આરંભેલું ઉપાસનાના પ્રવર્તનનું કાર્ય શાસ્ત્ર-સંમત છે તેનું જ્ઞાન કરાવતાં ભાષ્યોની રચના માટે સ્વામીશ્રી પ્રયત્નશીલ હતા. આ કાર્ય તેઓનાં પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનના ત્રિવેણી સંગમે બેસી ભદ્રેશદાસ સ્વામીએ કુશળતાપૂર્વક સંપન્ન કરતાં જ સંસ્થાની શતાબ્દીએ શાસ્ત્રીજી મહારાજના યુગકાર્યનું ગૌરવ વિશેષ ઝળહળી ઊઠ્યું. તેના ઉજાસમાં

તા. ૧૭/૧૨ની સવારે સ્વામીશ્રીની નિત્યપૂજા બાદ ભાષ્યકાર સંતે સ્વામીશ્રીનાં કરકમળોમાં 'શ્રીસ્વામિનારાયણ ભાષ્ય' સમર્પિત કર્યું ત્યારે અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતનું મૂળ પાતાળે પહોંચ્યું.

આ સમયે ૭૦૦થી વધુ સંતો, ૭૦૦થી વધુ મંદિરો તથા ભાષ્યગ્રંથોના સર્જન દ્વારા ભારતીય સંસ્કૃતિને મજબૂતી આપનારી સ્વામીશ્રી જેવી યુગવિભૂતિ પણ દેશ અને દુનિયાએ પહેલી વાર નિહાળી. કો'ક સંત-શિષ્યો તૈયાર કરે, કો'ક મંદિરો બાંધે, કો'ક શાસ્ત્રો રચે-રચાવે, પરંતુ સ્વામીશ્રીએ આ ત્રણેય ભગીરથ કાર્ય એકસાથે પૂર્ણ કર્યાં એ વિગત તેઓને વિલક્ષણ સિદ્ધ કરવા પૂરતી છે.

દેવતાઓ પણ ન કરી શકે તેવું કાર્ય

તા. ૧૭/૧૨/૨૦૦૭, વિ.સં. ૨૦૬૪, માગશર સુદ આઠમ, સોમવારની બપોરે ત્રણ વાગ્યાથી શતાબ્દી મહોત્સવના મેદાન ભણી સરકી રહેલો માનવ મહેરામણ સાગરમાં સમાતી સરિતાઓની યાદ અપાવતો હતો. તેમાં ખેંચાઈ આવેલો એક તેર વર્ષીય બાળક રાહુલ તો આંબલીવાળી પોળથી અહીં સુધી ૭,૦૦૦ દંડવત્ કરતાં કરતાં પહોંચેલો! આ ભક્તિભાવ સાથે અત્રે એકત્રિત થયેલા ત્રણ લાખથી વધુ ભક્તો. તેઓ આજે સંસ્થાના શતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિના અવસરે જ સ્વામીશ્રીની ૮૭મી જન્મજયંતીનો સુભગ સમન્વય સધાતાં આનંદમાં હતા. સૌનાં અંતરમાં ઊછળતો એ આનંદ દરેકના હાથમાં ફરકી રહેલી બી.એ.પી.એસ.ની ધજા દ્વારા અભિવ્યક્ત થતો હતો. આ ધજાઓ સાંજે સવા પાંચ વાગ્યે સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધારતાં જ એકસાથે હવામાં લહેરાઈ ઊઠી.

સ્વામીશ્રીના આ શાનદાર આગમન સાથે જ આરંભાયેલા શતાબ્દીના કાર્યક્રમમાં પ્રથમ અક્ષર-પુરુષોત્તમનો મહિમા ગુંજ્યો. તેને અનુસરતાં સંસ્થાના અરુણોદયની ઝાંખી કરાવતો રસપ્રદ સંવાદ રજૂ થયો. આ પ્રસ્તુતિ દ્વારા તત્કાલીન સંતો-ભક્તો અને સ્વયં શાસ્ત્રીજી મહારાજનો ઋણસ્વીકાર કર્યા બાદ સંસ્થાના સંવર્ધક યોગીજી મહારાજનું પુણ્યસ્મરણ સંત-પ્રવચન દ્વારા થયું. તે પછી વિશ્વવ્યાપી સંસ્થાના મુખ્ય સ્થપતિ સમા સ્વામીશ્રીની ભાવવંદના પ્રારંભ પામી.

આજે બી.એ.પી.એસ.નો સમગ્ર સત્સંગ સ્વામીશ્રી વિષે કૃતજ્ઞ હતો,

કારણ કે ન કેવળ સામે બેઠેલા ત્રણેક લાખ ભક્તો, પરંતુ દેશ-વિદેશમાં આ શતાબ્દી સભાને માણી રહેલા લાખોની આંખોને દૃષ્ટિ આપનારા સ્વામીશ્રી હતા. તેઓ દ્વારા જ આ સૌના પગને ગતિ સાથે દિશા મળેલી, મગજમાં બુદ્ધિ સાથે શુદ્ધિ ભળેલી અને હૃદયને ભાવનાઓ સાથે ભક્તિ મળેલી. તેથી સમાજને પણ મનુષ્યરૂપમાં 'મુક્તો'ની ભેટ મળ્યાનો આનંદ હતો.

સ્વામીશ્રીના આ પ્રદાન બદલ સૌપ્રથમ કૃતજ્ઞતા સાબરકાંઠાના આદિવાસીએ વ્યક્ત કરી. વિદેશમાં વિચરવા છતાંય પોતાના અંતરિયાળ ગામના હેન્ડ-પંપની મરામત કરી આપનારા સ્વામીશ્રીને આ અબૂધ જન હજી ભૂલી શક્યો નહોતો.

સ્વામીશ્રીની આવી જ અમીટ છાપ લઈને મંચ પર શ્રી સુભાષભાઈ પટેલ ઉપસ્થિત થયા. તેઓના બયાન મુજબ 'પ્રમુખસ્વામી મહારાજે મારા માટે જે કર્યું છે તે દેવતાઓ પણ ન કરી શકે તેવું કાર્ય છે.'

આવી આ દાસ્તાન આગળ વધારતાં તેઓએ કહ્યું :

'સત્સંગ પહેલાં મારી પાસે શિકાર કરવા માટે બે ગાડીઓ અને ચાર રાઇફલ હતી. દર શનિ-રવિએ જંગલમાં જવાનું અને ત્યાં જ શિકારને શેકી ખાવાનો ! પણ આજે એ બંદૂકો મુકાઈ ગઈ અને હાથમાં માળા આવી ગઈ છે. જે હું સરકારી અધિકારીઓને પણ પૂરી દેતો, તે આજે આખાયે ટાન્ઝાનિયા દેશનો મોટામાં મોટો કરદાતા બની ગયો છું. જે અધિકારીઓને મેં માર્યા હતા તેઓ બઢતી પામ્યા બાદ મારી સલાહ લેવા આવે છે. હું એ માણસ કે જેને માળા ફેરવતાં આવડતી નહોતી, તે આજે રોજ મંદિર-દર્શન, આરતી, ચેષ્ટાગાન, કથાશ્રવણ કરતો થઈ ગયો છું. હું સ્વામીબાપાનો કયા શબ્દોથી આભાર માનું ? સૌને મારા બદલાયેલા જીવનથી નવાઈ લાગે છે.'

પરંતુ સૌને અધિક નવાઈ તો ત્યારે ઊપજી જ્યારે તેમણે આ બદલાવની બુનિયાદ જાણી. સૌની ધારણા હતી કે પાપના આ પર્વતને કચરવામાં સ્વામીશ્રીને ઘણી મહેનત થઈ હશે, પણ કચરામાંથી કંચનનું પરિવર્તન પામેલા શ્રી સુભાષભાઈએ જ રહસ્યસ્ફોટ કર્યો કે –

''સન ૧૯૯૫માં હું પહેલી વાર પ્રમુખસ્વામી મહારાજને પ્રત્યક્ષ મળ્યો ત્યારે તેઓએ માત્ર બે જ સેકન્ડમાં મને કહ્યું : 'સન ૧૯૬૦માં તમારા પિતા અને કાકા યોગીજી મહારાજનાં દર્શને આવેલા. તે વખતે તમે નાના હતા.' ૩૫ વર્ષ જૂની આ વાત સાંભળી મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મને થયું : 'આ

સંત જ મારા જીવનનું પરિવર્તન કરી શકશે.' એ એક જ નાની મુલાકાત અને આજની આ ઘડીએ વ્યસન, દુરાચાર, કુસંગ, મારઝૂડ વગેરે બધું જ નીકળી ગયું. એટલું જ નહીં, મારું આખું કુટુંબ સત્સંગી થયું. આજે હું બીજાનાં વ્યસનો મુકાવું છું.''

કોઈ ઢેફું ભાંગે એથીયે ઓછા બળે પાપના પર્વતોને ચૂર-ચૂર કરી દેનારા સ્વામીશ્રીની સાધુતાનું આ સત્ જોઈ સર્વત્ર આશ્ચર્ય અને અહોભાવની લાગણી ફરી વળી.

સમસ્ત કષ્ટ નષ્ટ થાય આપના પ્રતાપથી

'બાળવયે હું એક તેજસ્વી રમતવીર હતો, પરંતુ કૉલેજના પ્રથમ વર્ષમાં નડેલા ખતરનાક મોટર અકસ્માતને કારણે હું ચાલી શકવા પણ અસમર્થ થઈ ગયો. માત્ર પગનો અંગૂઠો ફેરવવામાં કે સામાન્ય હલચલ કરવામાંયે મારે પીડા સહન કરવી પડતી. ભાંગીને ભુક્કો થઈ ગયેલી મર્સીડીઝે મારા વર્તમાનની સાથે મારા ઉજ્જવળ ભવિષ્યને પણ ક્રૂરતાથી છીનવી લીધેલું. હું મૂંઝાઈ ગયેલો અને હતાશ થઈ ગયો હતો. મારા જીવનના આવા કપરા સમયે મને તારણહારરૂપે પ્રમુખસ્વામી મહારાજ મળ્યા. તેમની સમક્ષ મેં મારું હૃદય ખોલીને મારાં દુઃખ, સપનાં અને અસુરક્ષિતતાની વાત કરી. તેમણે મને અદ્‌ભુત બળ આપ્યું. તેમના શબ્દોએ મારી અંદર જાણે રુઝ લાવી દીધી.

બસ! ત્યારથી તેઓ મારા જીવનનું અંગ બની ગયા છે. એ મારી અંગત ક્ષણોનું ભાથું મારા મૃત્યુ પછીના જીવન માટે પણ હું સાથે લઈને જઈશ. આજે વિશ્વમાં મારી ભૂમિકાને હું જે રીતે નિભાવી રહ્યો છું તેમાં એ અંગત ક્ષણોનો અમીટ પ્રભાવ છે. બાપા! તે દિવસે આપે મારામાં શ્રદ્ધા પ્રદીપ્ત કરી શક્તિ આપી. આપનો પ્રેમ મારા આત્માને અજવાળતી શાંતિની એક અસ્ખલિત ગંગોત્રી છે, જે સતત દર્શાવે છે કે ચમત્કાર આપણી અંદર જ પડેલા છે. આપના આ આશીર્વાદ બદલ હું આપનો સદાય ઋણી છું.'

સ્વામીશ્રીના જન્મોત્સવની સભામાં પોતાના જીવનનો આ ઘટનાક્રમ રજૂ કરનારા ડૉ. હરિ ભટ્ટ વ્હીલચેરમાં બેઠા હોવાથી વિકલાંગ છે તે કળી શકાતું હતું. તેમ છતાં સ્વામીશ્રીના સંગે આ યુવાનીને ફૂટેલી પાંખોનો ફફડાટ પણ સૌ સ્પષ્ટપણે જોઈ શકતા હતા. સ્વામીશ્રીએ આપેલી શ્રદ્ધા અને વિશ્વાસની પાંખો વડે ઊડવા માંડેલા આ ઈજાગ્રસ્ત યુવાન અહીં આવ્યા ત્યાં

સુધીમાં ન્યુરોસાયન્સના જાણીતા વૈજ્ઞાનિકની ખ્યાતિ સાથે પ્રવીણ સંગીતકાર, નવલકથાકાર અને પટકથા લેખક તરીકે કાઠું કાઢી ચૂકેલા. એટલું જ નહીં, તેઓ સન ૨૦૦૮માં ચીન મુકામે આયોજિત વિકલાંગોના ઑલિમ્પિકમાં પણ અમેરિકા વતી તલવારબાજીના સ્પર્ધક તરીકે મેદાનમાં ઊતરવાના હતા!

પોતાના પ્રેમ અને પ્રતાપ વડે સ્વામીશ્રી વ્યક્તિને એક ચમત્કારરૂપ બનાવી મૂકતા. આ જ એમનો મોટો ચમત્કાર રહેતો.

એક અભૂતપૂર્વ અનુભવ

સંસ્થાની શતાબ્દી અને સ્વામીશ્રીની જન્મજયંતીની સંયુક્ત સભામાં પ્રત્યેક ક્ષણ ઉત્કંઠા, ઉલ્લાસ અને ઉત્તેજનાની ત્રિવેણીમાં ઝબકોળાઈને વહી રહેલી. તેની સાથે સ્વામીશ્રીના સમયમાં સત્સંગે મેળવેલી આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિના પુરાવા પણ સાંપડી રહેલા.

તે ક્રમમાં યુરોપિયન યોગગુરુ હન કૉપ, ઈજનેરની પદવી ધરાવતા શીખબંધુ જશબીરસિંગ અને કચ્છના વતની શ્રી વસંતભાઈ પટેલે પોતાના જીવન-આધાર તરીકે સ્વામીશ્રીને વર્ણવી કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેને અનુસરતાં આફ્રિકન મહિલા શ્રી જેમિમાહ મટુરિયાનો પત્ર વંચાયો.

નૈરોબીમાં એક કૉલેજની સંચાલિકાના પદે કાર્યરત અને મૅનેજમેન્ટના વિષયમાં પીએચ.ડી. કરી રહેલાં આ સુજ્ઞ શ્રીમતીએ સ્વામીશ્રીને લખી જણાવેલું કે –

'મારા પતિ ઘણાં વર્ષોથી દારૂના વ્યસની હતા. તેમની આ કુટેવની ચિંતાને કારણે હું શાંતિથી સૂઈ શકતી નહોતી. ઊંચું પગારધોરણ હોવા છતાં ઘણી ખરી આવક દારૂમાં જ ધોવાઈ જતાં અમે અમારાં સંતાનોનું શાળા-શુલ્ક (ફી) સમયસર ભરી નહોતાં શકતાં કે પોતાની માલિકીનું ઘર પણ ખરીદી શકેલાં નહીં. પરંતુ (સન ૧૯૮૫માં) પ્રમુખસ્વામી દ્વારા આયોજિત મહોત્સવમાં મારા પતિ ભારત ગયા અને વ્યસનમુક્ત થયા. તે પ્રતિજ્ઞા પછી તેમણે ક્યારેય દારૂ પીધો નથી. મારા પતિના વ્યસનમુક્ત જીવનને કારણે આજે અમારું પોતાનું ઘર છે, બાળકો સારું શિક્ષણ લઈ શક્યાં છે, અમારું લગ્નજીવન પણ વધુ સંગીન, સાનુકૂળ, તંદુરસ્ત અને આધ્યાત્મિક બન્યું છે.

હું પ્રમુખસ્વામી મહારાજનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું,

કારણ કે તેમના દ્વારા ભગવાને મારા પતિ અને સમગ્ર કુટુંબને સુખી કર્યું છે. મારા પતિના ઘણા મિત્રો વતી પણ હું પ્રમુખસ્વામીનો આભાર માનું છું કે જેમણે સ્વામીજીના પ્રભાવથી મારા પતિના સંગે દારૂ છોડી દીધો છે.'

એક મહિલાની આ અભિવ્યક્તિમાં હજારો મહિલાઓની અનુભૂતિ પડઘાઈ ઊઠી.

તેને અનુમોદન આપતાં સભાસ્થળ પર મુકાયેલાં ૨૭ X ૩૬ ફૂટનાં ચાર અને ૧૭ X ૨૬ ફૂટનાં અઢાર સ્ક્રીન તેમ જ વિશ્વભરનાં લાખો ટી.વી. સ્ક્રીન પર એક નિષ્ણાત મુસ્લિમ તબીબનો આશ્ચર્યકારી અનુભવ ઝબકી ઊઠ્યો. આ બિરાદરે આજના પ્રસંગે વીડિયોમુદ્રિત કરીને મોકલાવેલી સ્વાનુભૂતિનો સૂર હતો: 'હું બાહરીનના એરપોર્ટ પર પ્રમુખસ્વામી મહારાજને સર્વપ્રથમ વખત મળ્યો તે જ ક્ષણે મેં અનુભવ કર્યો કે તેઓની આસપાસ દેવદૂતો વિહરી રહ્યા છે. મેં પહેલાં ક્યારેય અનુભવ નથી કર્યો એવો એ અનુભવ હતો, એવું એ દર્શન હતું! જેના પંડમાં પ્રભુ પ્રગટ હોય અને જેઓએ કંઈક અસાધારણ શક્તિ સંપાદિત કરી હોય તે થકી જ આ ઇન્દ્રિયાતીત અનુભવ થઈ શકે, બીજા દ્વારા તે ન મળે. પ્રમુખસ્વામી મારા ગુરુ જેવા નથી, તેઓ જ મારા ગુરુ છે અને આજીવન રહેશે.'

બાહરીનમાં અંગત માલિકીની જૂનામાં જૂની હૉસ્પિટલના સૂત્રધાર ડૉ. ફૈઝલ ઝીરાની આ રજૂઆત સ્વામીશ્રીની સર્વસ્પર્શી પ્રતિભાનું વધુ એક દર્શન કરાવી ગઈ.

સ્વામીશ્રીના નામે વધુ એક વિશ્વવિક્રમ

એક સળંગ મોતીમાળાની જેમ સરી રહેલા સ્વામીશ્રી વિષેની કૃતજ્ઞતાના પ્રસંગો વિરમ્યા ત્યાં જ શતાબ્દીના અવસરે સ્વામીશ્રીએ સંસ્થાને અપાવેલી ઊંચાઈનું દર્શન કરાવતી પળ આવી પહોંચી.

આજના ઉત્સવમાં ઉપસ્થિત ત્રણ લાખથી વધુની જનમેદની વચ્ચે બેઠેલા શ્રી માઇકલ વ્હિટી વિશ્વવિખ્યાત ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝના પ્રતિનિધિ હતા. સ્વામીશ્રીને નવાજવા જ આજે ખાસ દોડી આવેલા તેઓએ માઇક સમક્ષ આવી પોતાનું અંતર ખોલતાં કહ્યું: 'આજે ગિનિઝ બુકના વધુ એક મહત્ત્વપૂર્ણ નૂતન વિશ્વવિક્રમની જાહેરાત કરતાં મને અત્યંત આનંદ અને

ગૌરવ અનુભવાય છે.'

આ પૂર્વભૂમિકા સાથે તેઓએ પ્રથમ પ્રમાણપત્રની વિગત વાંચી સંભળાવી કે –

'ભારતના નવી દિલ્હી ખાતે નિર્માણ પામેલું અક્ષરધામ વિશ્વનું સૌથી મોટું સર્વાંગ પરિપૂર્ણ મંદિર છે...'

સ્વામીશ્રી દ્વારા સર્જાયેલા વિશ્વવિક્રમની આ ઘોષણાને સૌએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધી.

આ નાદ શમતાં જ શ્રી વ્હિટીએ આગળ જણાવ્યું: 'આજના અવસરે મને એ જાહેરાત કરતાં પણ આનંદ થાય છે કે પ્રમુખસ્વામી મહારાજના વિશ્વવિક્રમને અમે વિધિવત્ પુનઃ તરોતાજા કરીએ છીએ.'

આ પ્રસ્તાવના સાથે એ અધિકારીએ કહ્યું:

'આંતરરાષ્ટ્રીય સ્તરે આદરણીય બનેલા આધ્યાત્મિક ગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એપ્રિલ-૧૯૭૧ થી નવેમ્બર-૨૦૦૭ દરમ્યાન પૃથ્વીના પાંચેય ખંડોમાં ૭૧૩ મંદિરો સર્જીને વિશ્વવિક્રમ રચ્યો છે. આવી કલ્પનાતીત સિદ્ધિ મેળવવી તે વિશ્વમાં એક અદ્વિતીય સોપાન છે. મને આશા છે કે ટૂંક સમયમાં જ આપણે ૧,૦૦૦ મંદિરોનો આંક જોઈશું. પરમ પૂજ્ય સ્વામીશ્રીને હાર્દિક અભિનંદન! બી.એ.પી.એસ.ને અભિનંદન!

પૂજનીય સ્વામીજી! આપની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ આપ ન કેવળ તાળીઓથી અભિવાદનના અધિકારી છો, પરંતુ આપને તો સૌએ પોતાના સ્થાન પરથી ઊભા થઈને વધાવવા જોઈએ.'

આ નવાજેશ સાથે શ્રી વ્હિટી વિશ્વવિક્રમો સૂચવતાં બંને પ્રમાણપત્રો સ્વામીશ્રીને અર્પણ કરવા આવ્યા. તે વખતે આસન પરથી ઊભા થઈ ગયેલા સ્વામીશ્રીએ પ્રમાણપત્રો ઠાકોરજીને ધરવાની સૂચના આપી. તેઓની આ પરાભક્તિ વિશ્વવિક્રમોની પકડ બહારનો વિષય હોવાથી ગિનિઝ બુકના અધિકારીને તેમાં કોઈ વિશેષ ગમ ન પડી, પરંતુ તેઓ એટલું તો ચોક્કસ કળી શક્યા કે સ્વામીશ્રીને સન્માનની લેશ સ્પૃહા નથી!

આ અનુભવ સાથે થયેલી પ્રમાણપત્રની અર્પણવિધિ વખતે સભા-સ્થળનું વાતાવરણ અકથ્ય આનંદની અનુભૂતિમાં સરી પડ્યું. લાખો વ્યક્તિઓની હાજરીમાં એકસાથે બબ્બે વિશ્વવિક્રમો કોઈના નામે અંકિત થતા હોય તેવી આ બિના પણ સ્વયં એક વિશ્વવિક્રમ બની રહી!

પરંતુ આવા ઐતિહાસિક અવસરે સ્વામીશ્રીએ તો વિનમ્રભાવે અમૃતધારા રેલાવી કે –

'પ્રથમ તો આવું બધું કાર્ય જે આપણે જોયું તેમાં ભગવાનની કૃપા, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના આશીર્વાદ અને સંતો-ભક્તોનો સહકાર છે. માટે આપ બધાને પણ ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. આજે આપ બધાને ખાસ હું વંદન કરું છું.

આ કાર્ય એક જણાનું નથી. આ કાર્ય જ નહીં, આખા બ્રહ્માંડનું કાર્ય ભગવાનની ઇચ્છાથી થાય છે. માટે ભગવાનનો આશરો ને ભગવાનનું બળ એ બે અગત્યની વસ્તુ છે. આજે ભૌતિકવાદમાં એ ભુલાતી જાય છે. માટે સવારમાં ઊઠતાંની સાથે જ ભગવાનને સંભારવા. યોગીજી મહારાજ પોતાનું નહીં, બીજાનું ભલું કરવાની વાત કહેતા. આ વિચાર સવારે ઊઠતાંની સાથે આવવો જોઈએ. આપ સૌનું જીવન ધન્ય બને, સમાજ સુખી થાય અને વિશ્વનું કલ્યાણ થાય તે માટે પ્રાર્થના.'

આ આશીર્વાદના અંતે ગુરુવંદનારૂપે ત્રણેક લાખ આરતીઓનો દીપસાગર ઝળહળી ઊઠ્યો. તેને અનુસરતાં શરૂ થયેલા ભક્તિનૃત્ય *'પ્રમુખસ્વામી લાખો જનના આજે જીવનપ્રાણ છે...'*ના અંતિમ ચરણમાં આકાશ આતશબાજીથી ગાજી ઊઠ્યું. તેણે બી.એ.પી.એસ.ની શતાબ્દીના સમાપનની સાથે બી.એ.પી.એસ.ની દ્વિશતાબ્દીના શુભારંભની ઘોષણા કરી દીધી. તેથી લાખો જનના બુલંદ કંઠે 'બી.એ.પી.એસ. દ્વિશતાબ્દી મહોત્સવ'નો જયનાદ પણ ગુંજી રહ્યો.

બે શતાબ્દીઓના આ સંધિકાળને સ્વામીશ્રીના સંગે માણનારા સૌ ગાઈ ઊઠ્યા: *'આવો અવસર આ લોકમાંહી, ન હતો ને આવશે નહીં...'*[૧૫]

સૂચક શબ્દો

શતાબ્દીની ભવ્ય સભા બાદ રાત્રે સાડા નવ વાગ્યે અમદાવાદના મંદિરે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ સંતો-ભક્તો આજની સભાના

---

૧૫. શતાબ્દી મહોત્સવની સમાપન સભા અને સ્વામીશ્રીના ૮૭મા જન્મોત્સવનો આનંદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આસ્વાદને જ મમળાવવા લાગ્યા. તેમાં કો'કે આનંદનો ઓડકાર કાઢ્યો: 'સ્વામિનારાયણ ભગવાનથી માંડીને અત્યાર સુધીની પરંપરામાં આટલો ભવ્ય અને વિશાળ સમૈયો ક્યારેય નહીં થયો હોય!'

આ અભિપ્રાયને અનુમોદન આપતાં બીજાએ કહ્યું: 'યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે સ્વામીશ્રીની જયંતીમાં ફાસફૂસિયું કરવું નહીં, તે આજની સભા જોતાં અનુભવાય.'

આ સાંભળી હરખાયેલા દારેસલામના હરિભક્ત શ્રી સુભાષભાઈ પટેલની ઊર્મિ ઊછળી આવી કે 'બાપા! સંસ્થાની શતાબ્દી અમે ઊજવી ને દ્વિશતાબ્દીમાં તો અમે રહેવાના નથી, પણ આપની શતાબ્દી આપના સાંનિધ્યમાં ઊજવાય એવી અમારી ભાવના છે.'

તેઓના આ મનોરથમાં સૌનાં હૃદયમાં ઘૂઘવતી ભાવનાનો જ પડઘો હોવાથી સૌએ એ જ ક્ષણે બુલંદ સ્વરે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય' બોલાવી ખુશાલી વ્યક્ત કરી.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ દેહ ક્યાં રહેવાનો છે? ચૈતન્યદેહ થવાનો છે.'

તેઓના આ શબ્દો ઘણા જ સૂચક હતા, પણ તે આજે ઊછળી રહેલી આનંદની છોળ્યોમાં ડૂબી જતાં તેને કોઈ પકડી ન શક્યું.

ભારતના ભાગ્યોદયની અમર આશા

તા. ૧૮/૧૨ની સવારે સૌનાં હૈયાંની અટારીએ શતાબ્દીની સ્મૃતિ-વર્ષાનાં જ નેવાં નીતરી રહેલાં. તેના કર્ણપ્રિય સંગીતને સંગત આપતાં અખબારો, સામયિકો અને ટી.વી. ચેનલો પણ સંસ્થા, સમૈયો તથા સ્વામીશ્રીનું ગૌરવગાન ગુંજાવી રહ્યાં. તે ક્રમમાં પાંચજન્યના તંત્રીલેખમાં તો છપાઈ ગયું કે –

'એક પણ પૈસો લીધા વિના, પોતાની પાસે જે કંઈ હતું તે બધું ગુરુચરણોમાં સમર્પણ કરીને, સૌ પોતાનો સમય અને દ્રવ્ય કશાય હુંહાટા વગર યાહોમ કરીને, મહિનાઓ સુધી મંડ્યા રહે, પછી કાર્યક્રમની સફળતા નિશ્ચિત જ હોય ને! ભક્તોની નિષ્ઠા, સમર્પણ વિષે અને એ નિષ્ઠા, સમર્પણને ધબકતાં રાખનાર પ્રમુખસ્વામી મહારાજ વિષે ફક્ત એટલું જ કહી શકાય કે તેઓશ્રી ભારતના ભાગ્યોદયનો વિશ્વાસ બની ગયા છે.'

આ લખનારા તંત્રી શ્રી તરુણ વિજય આજે સ્વામીશ્રીને પ્રત્યક્ષ મળ્યા ત્યારે પણ બોલી ઊઠ્યા: 'આશ્ચર્ય એ છે કે આટલો મોટો ઉત્સવ ઊજવાયો છતાં પ્રમુખસ્વામીના મુખ પર ઉત્સવનો કોઈ જ પ્રભાવ દેખાતો નથી. પ્રમુખસ્વામી સ્વયં મૅગ્નેટ (લોહચુંબક) છે. તેઓ સારામાં સારા બુદ્ધિધનને આકર્ષી રહ્યા છે.'

આવી બિરદાવલીઓ ઝીલતા સ્વામીશ્રીએ તા. ૧૯/૧૨ના સુપ્રભાતે જગન્નાથપુરીના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. પરંતુ આજના જેવી કાલ ન ઊગી, કારણ કે તા. ૧૯/૧૨ની રાત્રે જ સ્વામીશ્રીનું શરીર તાવમાં પટકાયું. છતાં તા. ૨૦/૧૨ના રોજ તેઓ પલંગ પર ન પોઢ્યા.

આ દિવસે પણ ઔષધ-ઉપચાર કરતા રહીને કાર્યરત સ્વામીશ્રી પાસે આવેલા એક મહાનુભાવ શતાબ્દીના સંદર્ભમાં બોલ્યા: 'મારી જિંદગીમાં આવો પ્રોગ્રામ મેં જોયો નથી. છેલ્લે દિવસે ત્રણ લાખ લોકો સભામાં બેઠા હતા, પણ શાંતિ એવી કે જાણે મૂર્તિઓ બેઠી હોય એવું લાગે. તમે ચાલો તો તમારા પગનો અવાજ તમને સંભળાય એટલી શાંતિ. મારી દૃષ્ટિએ આ આશ્ચર્યકારક ઘટના છે. ચારે બાજુ પવિત્ર વાતાવરણ! આ બધાની પાછળ કયું પરિબળ છે?'

'ભગવાન એક પરિબળ છે.'

'આપની કોઈ પણ પ્રવૃત્તિ યુનિક (અજોડ) જ હોય છે. આઇન્સ્ટાઇન ગાંધીજી માટે કહેતા એમ આવનારી પેઢી કદાચ માનશે નહીં કે હાડ-ચામવાળા એક પુરુષે આટલી ચેતના જગાવી હોય!'

'ભગવાનનું કર્તવ્ય છે, ભગવાન સર્વ કર્તા છે.' આમ કહેતાં સ્વામીશ્રી ઓરડાની દીવાલ પર લગાડેલી શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની છબી તરફ નિર્દેશ કરી બોલ્યા: 'જે કંઈ સારું કરાવે છે એ પણ ભગવાન છે ને કોઈ વાર મુશ્કેલી આવે એય ભગવાનની જ કૃપા છે. અમારા ગુરુઓએ મુશ્કેલીઓ વેઠીને કામ કર્યું છે, પણ કોઈની સામે ફરિયાદ કરી નથી.'

ઢગલાંમોઢે માન-સન્માન ઝીલવા છતાંય ભગવાન અને ગુરુ વિષે સ્વામીશ્રીને રહેલો દાસભાવ પણ સૌ માટે કલ્પનાતીત જ રહેશે.

આપણે તો પહેલાં ભગવાન જ રાખવા

તા. ૨૧/૧૨ની રાત્રે સ્વામીશ્રીને મળવા આવેલા પૂર્વ શંકરાચાર્ય

પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી પણ શતાબ્દીના ઉત્સવથી પ્રભાવિત હતા. તેઓને સ્વામીશ્રીએ બે હાથ જોડ્યા ત્યારે તેઓએ એ હાથ ખેંચીને પોતાના મસ્તકે સ્થાપી દીધા ! તેથી સંકોચ પામેલા સ્વામીશ્રીએ કહ્યું : 'આપ પણ મારા માથે હાથ મૂકો.' એમ કહી સ્વામીશ્રીએ તેઓનો હાથ પોતાના શિરે મુકાવ્યો.

આવા નમ્રનત સ્વામીશ્રીનો આભાર માનવા તા. ૨૫/૧૨ની સવારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આવી રહેલા. તાજેતરમાં યોજાયેલી રાજ્યસ્તરીય ચૂંટણીમાં તેઓનો તથા તેઓના પક્ષનો થયેલો જવલંત વિજય સ્વામીશ્રીને આભારી છે – તેવી તેઓની માન્યતા હતી. તેઓની મુલાકાતથી સ્વામીશ્રીને વાકેફ કરતાં સંતોએ કહ્યું : 'મુખ્યમંત્રી પાસે પાંચેક મિનિટનો સમય છે, તો સીધા જ આપનાં દર્શને લાવીએ તો ચાલશે ?'

'કેમ ? મંદિરમાં ઠાકોરજીનાં દર્શન તો કરાવવાનાં ને !'

'એમને સમય ઓછો છે અને આપની સાથે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તો હશે જ.'

'તો પણ મંદિરના ઠાકોરજી સ્થાનદેવતા કહેવાય. એમને પહેલાં પગે લાગવું પડે. આપણે તો પહેલાં ભગવાન જ રાખવા, પછી આપણે છીએ.' સ્વામીશ્રીએ ભક્તિ અને વિવેક બંને શીખવ્યાં.

તે મુજબ શ્રી મોદી મંદિરમાં દર્શન બાદ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે તેઓના ભાલપ્રદેશમાં અનામિકા આંગળી વડે રાજતિલક જેવો લાંબો ચાંદલો કરી સ્વામીશ્રીએ ચોખા ચોડ્યા. તે પછી હાથે નાડાછડી બાંધી, કંઠી અને માળા ભેટરૂપે આપ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ મસ્તકે અક્ષત પધરાવી જાતે જ બાજુમાં બિરાજેલા ઠાકોરજી શ્રી મોદીના મસ્તકે સ્થાપતાં આશીર્વાદ વરસાવ્યા કે 'આ હરિકૃષ્ણ મહારાજનું પૂજન ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજે કરેલું છે. એ આપની અખંડ રક્ષા કરે, બધાં કામ કરે ને ઠેઠ દિલ્હી સુધી કામ થાય એ આશીર્વાદ છે.'

આ આર્ષવાણી સાથે શ્રી મોદીના મુખમાં અંજીરપાકનો પ્રસાદ મૂકતાં સ્વામીશ્રી બોલ્યા : 'કાયમ મોઢું મીઠું રહે એ આશીર્વાદ છે. રાજકીય રીતે, સામાજિક રીતે, આર્થિક રીતે, કોઈ રીતે વિઘ્ન ન આવે.'

સ્વામીશ્રીના આ શુભાશિષ મેળવી શ્રી નરેન્દ્ર મોદી સરદાર પટેલ સ્ટેડિયમમાં યોજાયેલા શપથવિધિ સમારોહ માટે પ્રસ્થાન કરી ગયા.

આપ સૌથી વધુ સુખી છો

સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં હજી જોઈએ એવી સરખાઈ આવી નહોતી. છતાં તા. ૨૬/૧૨ના રોજ બેઠક યોજીને બિરાજેલા તેઓની હાજરીમાં નિર્ણય લેવાયો કે 'સ્વામીશ્રી સન ૨૦૦૮ના ઉત્તરાયણ પર્વે અમદાવાદમાં જ રોકાય.' પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને કહ્યું: 'હજી બધા હમણાં માંડ શતાબ્દીની સેવામાંથી પરવાર્યા છે, એટલે ઝોળીની સેવા માટે બહુ આગ્રહ કરશો નહીં. જે સહેજે સહેજે આપે એ લેવું.'

તેઓની આ ભલામણમાંથી ભક્તો વિષેની ખેવના નીતરી રહી. તેથી ભીંજાયેલા સૌ બોલ્યા: 'આપને જે આપે છે એનું અનેકગણું ફળ પણ તાત્કાલિક મળે છે.' આમ કહેનાર દરેક પાસે પુરાવારૂપ એક-એક દાખલો તો હતો જ! તેને સૌ વારાફરતી કહેવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ બધાં દૃષ્ટાંતો છે એ ખોટું નથી, પણ મીઠાં ઝાડનાં મૂળિયાં ન કપાય. સૌ સૌની શક્તિ પ્રમાણે આપે. ભગવાન એમનું કાર્ય કરે છે, પણ આપણે આગ્રહ ન કરવો.'

હરિભક્તોની આવી ચિંતા સેવતા સ્વામીશ્રી તા. ૨૭/૧૨ની સવારે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા દર્શનાર્થીઓમાં શ્રી વ્યોમેશભાઈ જોષી પણ હતા. વિશ્વવિખ્યાત હ્યુલેટ પેકાર્ડ(HP) કંપનીના છાપકામ વિભાગમાં ઉપપ્રમુખપદે આરૂઢ આ મુરબ્બી જગપ્રસિદ્ધ યાહૂ કંપનીમાં પણ એક નિયામક તરીકે ફરજ બજાવનારા. તેઓને કોઈએ પૂછ્યું કે 'અબજો ડૉલરની કંપનીમાં ઘણા પ્રતિષ્ઠિત પદે બેઠેલા તમે સ્વામીશ્રીને કઈ દૃષ્ટિથી નિહાળો છો?'

આ જિજ્ઞાસા સંતોષતાં એ મહાનુભાવ સ્વામીશ્રીને જ સંબોધી કહેવા લાગ્યા: 'આપ આટલું બધું કામ કરી રહ્યા છો છતાં આપની નમ્રતા અદ્‌ભુત છે. એમાંથી મને જે શીખવા મળ્યું છે એ બીજે ક્યાંય નથી મળ્યું. સૌથી પહેલાં ભગવાન, સંસ્થા, સંતો, હરિભક્તો અને છેલ્લે આપ. આ વાત આપનામાં અદ્‌ભુત છે અને ખૂબ જ અઘરામાં અઘરું છે.'

આટલું કહી આ પદાધિકારીએ ઉમેર્યું: 'બીજું, આપ જે નિખાલસતાથી હસો છો એ જોતાં લાગે છે કે આપ સૌથી વધુ સુખી છો. હાસ્ય તો અંદરથી આવવું જોઈએ અને એના માટે અત્યંત પવિત્રતા જોઈએ, જે આપનામાં છે.

મારી બે દીકરીઓ ધર્મમાં ચુસ્ત રહે છે એ આપના લીધે છે.'

આ કબૂલાત સાથે શ્રી જોષીએ HP કંપનીના મુખ્ય નાણાં-નિયામક શ્રી ફ્રેઝર૨નો અભિપ્રાય ટાંકતાં જણાવ્યું : ''તેઓ આપને દિલ્હીમાં મળેલા. તે વિગત હજી વાગોળતાં એ અધિકારી કહે છે કે 'પ્રમુખસ્વામી આંખથી વાત કરે છે. તેઓ આંખોમાં આંખો પરોવીને જુએ છે, અંતરમાં જુએ છે એ હું હજી ભૂલી શક્યો નથી.''

સ્વામીશ્રી સાથેની એક મુલાકાત અપરિચિત આગંતુક માટે પણ ચિરંતન મૂડી બની જતી.

શતાબ્દી વર્ષનું સમાપન

શતાબ્દી મહોત્સવના સમાપન સાથે જ સ્વામીશ્રીના શરીરમાં પ્રવેશેલી માંદગી ઝટ હટવાનું નામ લેતી નહોતી. તેનો પ્રકોપ તા. ૩૦/૧૨ના રોજ વધતાં મુંબઈથી નિષ્ણાત તબીબને બોલાવવામાં આવ્યા. તેઓએ તા. ૩૧/૧૨ની સાંજે પરીક્ષણના અંતે એન્જિયોગ્રાફી કરાવવા મુંબઈ આવવાની સલાહ આપી, જે સ્વામીશ્રીએ સ્વીકારતાં અમદાવાદના ભાગ્યે વિદાયની ઘડી વહેલી આવી ગઈ. તેથી શ્રીપુરવાસી ભક્તો ગમગીન બની ગયા, પણ સન ૨૦૦૭ તો વજ્રાઘાત જ અનુભવી રહી, કારણ કે તેને તો હવે સ્વામીશ્રીનો કાયમી વિયોગ વેઠવાની ક્ષણ આવી પહોંચી.

શતાબ્દીની ઝાકમઝોળ માણતાં માણતાં વીતેલા પોતાના આયુષ્યની એક-એક પળ બાદ કાળની ઊંડી, અંધારી ગર્તામાં ધકેલાઈ જવું તેને કેમ ગમે? તેથી અત્યાર સુધી આનંદનાં અશ્રુથી નીતરતી રહેલી તેની આંખો આજે વિદાયના વિષાદથી ઊભરાઈ આવી. એ જ અવસ્થામાં આજની રાત્રે બાર વાગ્યે વિયોગનાં વલોણાથી વલોવાતી સન ૨૦૦૭ સ્વામીશ્રીથી અળગી થઈ, પરંતુ તે પોતાની આખી જિંદગીનો અનુભવ એક જ વાક્યમાં ભરતાં સ્વામીશ્રીને કહેતી ગઈ :

'તમે સંત મહાંત છો કેવા, નથી બ્રહ્માંડમાં તમ જેવા...'

આ જ અનુભૂતિ શતાબ્દી વર્ષે પ્રત્યક્ષ કે પરોક્ષપણે સ્વામીશ્રીના સંસર્ગમાં આવેલા પ્રત્યેક મનુષ્યની પણ હતી.



જનક જનની નિજ જનના

સન ૨૦૦૮
શ્વાસ લઈએ છીએ એ પણ ભગવાનની ઇચ્છા

તા. ૧/૧થી આરંભાયેલી સન ૨૦૦૮ શ્રીપુરવાસીઓ માટે ઉમંગની સાથે ઉચાટને પણ લેતી આવી, કારણ કે ઉત્તરાયણના પ્રસંગે સ્વામીશ્રીની ઝોળી છલકાવાની નેમ સેવી રહેલા અહીંના ભક્તોને સ્વામીશ્રીની અણધારી વિદાય વેઠવાની આવી ગઈ. તેથી ભીતરથી ખળભળી ઊઠેલા તે સૌ ક્ષુબ્ધ હતા. છતાં સેવામાં સ્વસ્થતા દાખવતાં અહીંનાં મહિલા ભક્તોએ એક કલાકમાં જ પાંચેક લાખની ધનરાશિ એકત્રિત કરી ઠાકોરજીનાં ચરણે ધરી દીધી. તેમાં કેટલીક બાઈઓએ તો શરીર પર પહેરેલાં ઘરેણાં પણ ઝોળીમાં પધરાવી ગુરુને વિદાયમાન આપ્યું.

સત્સંગ-સમુદાયનો સ્વામીશ્રી વિષેનો આ સ્નેહભાવ જોઈ નવું વર્ષ તો ચકિત જ રહી ગયું.

તેનું આ અચરજ આજે સ્વામીશ્રી હવાઈ મથકે પહોંચ્યા ત્યારે બેવડાયું. સાંજે પાંચેક વાગ્યાના એ સમયે ઍરપોર્ટના એક અગ્રણી અધિકારી શ્રીકૃષ્ણન્ સ્વામીશ્રીનાં ચરણે નમતાં બોલ્યા: 'આપને ગિનિઝ બુકનો ઍવોર્ડ પ્રાપ્ત થયો એ દૃશ્ય મેં ટી.વી.માં જોયેલું. તે વખતે આપના મુખની રેખા સહેજ પણ

બદલાઈ નહોતી. આપ એકદમ સ્થિતપ્રજ્ઞ હતા. એ દર્શનથી હું ખૂબ પ્રભાવિત થયો છું.'

આ અહોભાવને પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બધું જ ભગવાનની ઇચ્છાથી થાય છે. આપણે કશું જ કરતા નથી. આ શ્વાસ લઈએ છીએ એ પણ ભગવાનની ઇચ્છાથી જ લેવાય છે.'

આ રીતે માન, મોટાઈ અને ગર્વ તજી વિચરતા તેઓ વિમાન ઊડતાં જ ભક્તોના પત્રોમાં ડૂબ્યા!

હૃદયની કથળેલી કાર્યવાહીને થાળે પાડનારી તબીબી સારવાર માટે મુંબઈ જઈ રહેલા તેઓને પોતાની ચિંતા કરતાં વિશેષ ખેવના સત્સંગીઓની હતી.

આ રીતે સાડા છ વાગ્યે મુંબઈ પહોંચેલા સ્વામીશ્રી સાતેક વાગ્યાના સુમારે મંદિરે પધાર્યા ત્યારે અહીં ઊમટેલી ભક્તોની ભાવભરતીમાં નવા વર્ષનો પહેલો દિવસ તો સાવ જ ઢબૂરાઈ ગયો. અત્રે માત્ર દર્શન કરવા પૂરતાં જ સ્વામીશ્રી આવેલા, છતાં પાંચ-પંદર મિનિટની તેઓની ઝલક પામવા બબ્બે કલાકની દડમજલ કાપીને હજારો ભક્તો ઉપસ્થિત થઈ ગયેલા. તેઓનો ભાવભીનો સત્કાર ઝીલતાં સ્વામીશ્રી મંદિરેથી જસલોક હૉસ્પિટલમાં પધાર્યા ત્યારે અત્રે ૧૬૧૮ ક્રમાંકનો ઓરડો તેઓના રહેઠાણ તરીકે નિશ્ચિત થયેલો.

સદા સંતોષી

સ્વામીશ્રી હૉસ્પિટલમાં આવતાં જ હૃદયના પરીક્ષણ પૂર્વેની કેટલીક પ્રાથમિક તપાસ કરી ડૉ. હાંડાએ તેઓને જણાવ્યું: 'આવતીકાલે આપની ઍન્જિયોગ્રાફી કરવાની છે, પણ એમાં આપને કશી જ ખબર નહીં પડે. એક નાનું ઇન્જેક્શન દુઃખતું હોય એવું જ લાગશે. કાંઈ જ થશે નહીં.'

આ ધરપતને શાંતિથી સાંભળી રહેલા સ્વામીશ્રી ડૉક્ટરની વિદાય બાદ હસતાં હસતાં બોલ્યા: 'ડૉક્ટર બહુ હિંમત આપી ગયા!'

આ મર્મસભર વચનમાં તેઓની માનસિક સ્થિરતા જ તરવરી રહી.

તે સાથે સ્વામીશ્રી પલંગ પર પલાંઠી વાળી બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ ભોજનપાત્ર મૂકવા ફૉલ્ડિંગ ટેબલ ગોઠવાયું. તે જોઈ કો'કે પૂછ્યું: 'બાપા! ફાવશે?'

'બધું ફાવે જ ને!' સ્વામીશ્રીએ અલમસ્તાઈથી કહ્યું, ત્યાં જ સામે

વંચાઈ રહેલા પુસ્તકમાં વાત આવી કે 'જ્યાં-ત્યાં, જેવું-તેવું ચલાવી લેવું.'

આ વાક્યને પુષ્ટિ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'એવું કરીએ તો મજા રહે, નહીં તો સુખ-દુઃખ થઈ જાય, ઉપાધિ થઈ જાય.'

આવા સદા સંતોષી તેઓની ઍન્જિયોગ્રાફી તા. ૨/૧ની સવારે થવાની હોવાથી આ દિવસે ન કેવળ સત્સંગીઓ, પરંતુ સમગ્ર સમાજ પ્રાર્થનામાં ડૂબી ગયો. તેના પ્રતિનિધિરૂપે જ જાણે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો. તેઓએ સ્વાસ્થ્ય-સંબંધી પૂછપરછ કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'બધું સારું છે. બધા જ પ્રાર્થના કરે છે. આપને પણ આશીર્વાદ છે કે આપનું કામ ધમધોકાર ચાલે.'

આ સ્વસ્થતા સાથે તેઓ હૉસ્પિટલના સત્તરમા માળે આવેલી કૅથ લેબમાં સવા અગિયાર વાગ્યે ઠાકોરજી લઈ પ્રવેશી ગયા.

હું તો આનંદમાં હતો મગ્ન

તા. ૨/૧ની બપોરે નિષ્ણાત તબીબો ડૉ. ફયાઝ સોલ, ડૉ. એ. બી. મહેતા, ડૉ. ભટ્ટાચાર્યની હાજરીમાં શરૂ થયેલી સ્વામીશ્રીની ઍન્જિયોગ્રાફી લગભગ બે કલાક ચાલી. તેમાં 'હાલના તબક્કે હૃદય પર કોઈ શસ્ત્રક્રિયાની જરૂર નથી'નું નિદાન થતાં સમગ્ર સત્સંગનું હૈયું હળવું થઈ ગયું. સ્વામીશ્રી તો પ્રથમથી જ હળવાશભર્યા હતા. એ જ અવસ્થામાં તેઓ કૅથ લેબમાંથી પુનઃ પોતાના ઓરડે આવી ગયા.

અહીં ડૉ. કિરણભાઈએ પૂછ્યું : 'બાપા ! જ્યારે ઍન્જિયોગ્રાફી કરતા હતા ત્યારે છાતીમાં ભારે લાગ્યું હતું ? જ્યારે વાયર નાંખ્યો ત્યારે કંઈ થતું હતું ?'

'મને તો કાંઈ ખબર જ ના પડી. અડધો-પોણો કલાક સુધી તો મને એમ જ લાગ્યું કે હજી કાંઈક નાંખવાનું બાકી છે.'

'ઍન્જિયોગ્રાફી કરાવતી વખતે દર્દીના ધબકારા અચૂક વધી જ જાય. એની જગ્યાએ આપના હૃદયના ધબકારા તો પહેલાના જેવા ૬૦ જ રહ્યા ! ઠેઠ સુધી એવું ને એવું જ રહ્યું.'

આ સાંભળી કો'કે પૂછ્યું : 'બાપા ! આપને કોઈ ટેન્શન ન થયું ?'

'ટેન્શન શેનું રહે ? આપણે તો ભજન કરતા હતા ને સામે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી, એનાં દર્શન કરતો હતો.' સ્વામીશ્રી બોલ્યા.

તે પછી ઑપરેશન વેળાની પોતાની આંતરિક સ્થિતિ ખોલતાં તેઓએ

કહ્યું: ''એક બાજુ ઍન્જિયોગ્રાફી ચાલુ હતી. સામે ઠાકોરજીનાં દર્શન કરતાં કરતાં હું વિચારે ચડી ગયો. શાસ્ત્રીજી મહારાજે મને સાધુ કર્યો એ આખો પ્રસંગ ઈદં સાંભરી આવ્યો. રાત્રે હરજીવનદાસે મને વાત કરી અને શાસ્ત્રીજી મહારાજ અડધી રાત્રે મને ભેટ્યા અને સવારે યોગીબાપાને મહાપૂજા મોડી કરાવવાની સૂચના આપી. દીક્ષા આપતી વખતે જોગીબાપા સામે બેઠા હતા ને શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા અને અક્ષર દેરીમાં દીક્ષાવિધિ ચાલુ હતો. શાસ્ત્રીજી મહારાજે સાધુની દીક્ષા આપી ત્યારે જોગીબાપાને કહ્યું કે 'આને આશીર્વાદ આપો કે તમારા જેવા ગુણ આવે.' એ બધું યાદ આવ્યું. મેં એમને દંડવત્ કર્યા. આ બધું જ હું યાદ કરતો હતો ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતો હતો. આંખ ઊઘડે તો સામે હરિકૃષ્ણ મહારાજ દેખાય અને આંખ મીંચી જઈએ તો સ્મૃતિ થયા કરે.''

સ્વામીશ્રીનું આ બયાન *'હું તો આનંદમાં હતો મગ્ન, મન પ્રભુપદમાં હતું લગ્ન...'*ની તેઓની કાયમી સ્થિતિનું દર્શન કરાવી ગયું.

કર્યું એક હરિનું થાય છે

સ્વામીશ્રીના ચિંતામુક્ત સ્વાસ્થ્યના સમાચાર ચારેકોર વાયુવેગે પ્રસરી જતાં રાહતનો શ્વાસ લેનારા સમાજના કંઈક અગ્રણીઓના શુભેચ્છા-સંદેશ ફોનની ઘંટડી સતત રણકતી રાખતા હતા.

આ ક્રમમાં મુખ્યમંત્રી શ્રી મોદીનો ફોન ફરી આવતાં તેઓને ડૉ. મહેતાએ તમામ ગતિવિધિથી વાકેફ કરી અંતે પોતાની લાગણી ભેળવી કે 'હવે આપને માથે આખા દેશનો ભાર આપવાની સૌની ઇચ્છા છે.'

'આપણે તો પ્રમુખસ્વામીનાં ચરણોમાં છીએ એ બરાબર છે.' શ્રી મોદી બોલ્યા.

એક સત્તાધીશનો આ આદરભાવ ઝીલનારા સ્વામીશ્રી પાસે આજે એક છ વર્ષીય શિશુ પણ આવી પહોંચ્યું. સ્વામીશ્રીની તબિયતથી ચિંતિત એ ધાર્મિક સોલંકી પોતાના હાથમાં પુષ્પગુચ્છ લઈ એકલો જ હૉસ્પિટલના દરવાજે દોડી આવેલો. તેની આ લાગણીને પ્રેમથી સ્વીકારી સ્વામીશ્રી બપોરે પોણા ચાર વાગ્યે જમવા બિરાજ્યા ત્યારે તેઓની શતાબ્દી ઊજવવાની વાત ઊછળી આવી.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી તો સંસ્થાના શતાબ્દી મહોત્સવની સ્મૃતિમાં

સરી પડતાં બોલ્યા : 'એ શતાબ્દી આવી ને ગઈ. પ્રસંગ સારામાં સારો થઈ ગયો. શતાબ્દીનો પડઘો આખી દુનિયામાં પડ્યો.'

સંસ્થાની શતાબ્દી અંગે આટલો સંતોષ વ્યક્ત કરી સ્વામીશ્રીએ મુદ્દાની વાત સમજાવતાં ઉમેર્યું : ''આ તો ઠીક છે કે શતાબ્દી ઉત્સવ ધામધૂમથી ઊજવાયો એટલે અત્યારે સૌ ગલોલા જેવા લાલ દેખાય છે, આનંદમાં છે, પણ જો કાયદો આવી ગયો હોત ને એમ કહ્યું હોત કે 'આ બંધ કરો તો ?' તો શું થાય ? પણ આપણે તો જે થાય એ ભગવાનની ઇચ્છા માનીને આનંદમાં રહેવું. મોટા ઉત્સવમાં સારું થયું તોય ભલે ને ખોટું થયું તોય ભલે. કાર્ય થાય કે ન થાય તોય 'મહારાજની ઇચ્છા' એમ માનીને ચાલીએ તો શાંતિ રહે, ઊંઘ આવે ને આનંદ રહે.''

સિદ્ધિના નહીં, પણ સમજણના સુખમાં રાચનારા હતા સ્વામીશ્રી. *'કર્યું એક હરિનું થાય છે...'*ની તેઓની સમજ સિદ્ધિ, અસિદ્ધિ કે પ્રસિદ્ધિમાં એકસમાન રહેતી.

દૃઢ વ્રત ધાર્યાં જેણે મન

'બાદશાહ ત્યાં બજાર'ની જેમ 'સ્વામીશ્રી ત્યાં મંદિર'નો માહોલ તેઓ જ્યાં જાય ત્યાં ખડો થઈ જતો. આ હકીકતથી આ સમયે જસલોક હૉસ્પિટલ પણ બાકાત ન રહી. અત્રે સ્વામીશ્રીના ઓરડાની ડાબી તરફ આવેલા પ્રતીક્ષાકક્ષમાં રોજ યોજાતી તેઓની પ્રાતઃપૂજાથી મંદિર જેવી જ મંગલતાનાં મોજાં પ્રસરતાં રહેતાં. તેથી દર્દીઓમાં પણ સ્વામીશ્રીને મળવાની ઉત્સુકતા વ્યાપી વળતી.

તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૩/૧ની સવારે ભોજન આરોગવા બિરાજ્યા ત્યારે આવતીકાલે આવનારી એકાદશીના સંદર્ભમાં કો'કે પૂછ્યું : 'બાપા ! આપને ફરાળ ફાવે છે ?'

'નથી ફાવતું.'

'તો પછી દાળ-ભાત ખાઈ નાંખો ને !'

'એવું તે કંઈ થતું હશે ?' સ્વામીશ્રી તરત બોલ્યા.

૮૬મા વર્ષે પણ ધર્મ-નિયમ બાબતે તેઓનાં વલણ-વર્તણૂક અડીખમ જ જોવાં મળતાં.

તે સાથે જમી રહેલા સ્વામીશ્રીને આજે તબીબોએ ભલામણ કરી કે

'હવે આપે ખાસ એટલું કરવાનું છે કે ન ભાવે તો પણ જરા વધારે જમવાનું રાખો. અત્યારે આપે દિવસમાં બે જ વાર ભોજન લેવાનું રાખ્યું છે તેની જગ્યાએ ભૂખ લાગે કે ન લાગે, પણ બપોરેય થોડુંક જમવું. અત્યારે આપના શરીરમાં લોહતત્ત્વ ઓછું છે. તે ખાશો તો વધશે અને સ્ફૂર્તિ પણ વધશે. માટે એ ખાસ કરજો.'

'ખાવું હોય તોય મન થતું નથી.'

'ભલે મન ન થાય, પણ દવાની જેમ ખાઈ તો લેવું જ.' સંતોએ આ દલીલ કરતાં કહ્યું: 'બપોરે બે-ત્રણ વસ્તુઓ રસોઈમાં સેવક લઈ આવશે. જે પસંદ પડે એ આપે જમવી.'

છેલ્લી વિદેશયાત્રાના અંતિમ ચરણથી બપોરના ભોજનને તિલાંજલિ આપી દેનારા સ્વામીશ્રીને પુનઃ એ પંથે લઈ જવા આજે સૌ કૃતનિશ્ચય હતા. તેથી બપોરે અઢી વાગ્યે બે-પાંચ વાનગીઓ સાથે સંતો હાજર થયા. તે સ્વામીશ્રી જમવા લાગ્યા ત્યારે તેઓનું મુખ જોઈ એક દર્શનાર્થી બોલ્યા: 'જમતી વખતે આમ ઢીલા ઢીલા કેમ છો?'

'તમે બધા કહો છો ને કે દવાની જેમ ખાવું. દવા લેતી વખતે તો મોઢું બગડી જ જાય ને!'

સૌની દલીલ સ્વામીશ્રીએ આમ સુપ્રત કરતાં ઓરડામાં હાસ્ય ફરી વળ્યું.

માંદગીમાં પણ મોજનો માહોલ અકબંધ રાખવાની તેઓની ખાસિયત.

ક્ષમા કરવાનો સ્વભાવ જેને

તા. ૩/૧ની બપોરે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસ કરવા આવેલા તબીબોએ હૉસ્પિટલમાંથી વિદાય બાબતે લીલી ઝંડી ફરકાવી દેતાં આજની જ સાંજે મંદિરે પરત ફરવાનું નક્કી થઈ ગયું. પરંતુ ૬:૪૦ વાગ્યે ઓરડામાંથી નીકળી રહેલા સ્વામીશ્રીએ સામે ઊભેલા યુવક શ્રી અતુલ અજમેરાને કહ્યું: 'હૉસ્પિટલમાં નીચે લક્ષ્મીનારાયણ મંદિર છે. એની દાનપેટીમાં મૂકવા માટે રકમ તૈયાર રાખજો.'

ગયા વર્ષે અત્રે પધારેલા સ્વામીશ્રીની નજરે નોંધેલું મંદિર હજી તેઓના મનમાં યથાવત્ હતું. તેથી ત્યાં દર્શન કરીને પ્રસ્થાન કરી ગયેલા તેઓ ૭:૫૦ વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે અહીં સ્વસ્થ સ્વામીશ્રીને જોઈ સંત-સત્સંગીઓની આંખોમાં હર્ષાશ્રુ ઊભરાઈ આવ્યાં.

આ પ્રેમભાવ સ્વીકારી ઉતારે પધારેલા સ્વામીશ્રી ઠાકોરજી જમાડ્યા બાદ પોઢવા માટે પલંગ પર બિરાજ્યા ત્યારે એક પ્રવાહી દવા તેઓને આપવામાં આવી. તેને ગળા હેઠે ઉતારતાં સ્વામીશ્રી બોલ્યા : 'દુણાઈ ગયેલા દૂધ જેવી લાગે છે. મહારાજની દયા કે ઊતરી જાય છે, બાકી ઊલટી થઈ જાય.'

ઔષધપાન જેવી નાની-શી ક્રિયામાં પણ શ્રીજીમહારાજના કર્તાપણાનું અનુસંધાન ન ચૂકનારા તેઓએ આ સમયે એક પૂર્વાનુભવ વર્ણવ્યો કે –

''ગોલ બ્લેડર(ની બીમારી) વખતે મારે હજાર ગોળી લેવી પડી હતી, કારણ કે અહીંના એક ડૉક્ટર ઑપરેશન માટે ના પાડતા હતા. તેઓ કહેતા કે 'સૂતેલા સાપને છંછેડવો નહીં.' પણ ગોળી લેવાથી મારે ગમે ત્યારે ઝાડે જવાનું થાય. જ્યાં હોઈએ ત્યાં ઝટ ભાગવું પડે. તે ઘડીએ હું ઉત્તર ગુજરાતમાં ફરતો હતો. પધરામણીઓ પણ કરવાની અને ગમે ત્યારે ખાડે(શૌચ) જવાનું થાય. પણ મારા ભ'ઈ ! બધું ચાલ્યું.''

સ્વામીશ્રીએ ઉઠાવેલી આ તકલીફની તવારીખમાં પુષ્ટિ આપતાં અત્રે ઉપસ્થિત એક દાક્તરે કહ્યું : 'સન ૧૯૮૬માં આપના થાપે થયેલી ગાંઠની બાયોપ્સી કરનારા અહીંના એક પૅથોલોજિસ્ટે ટી.બી.ની ગાંઠનું નિદાન કરતાં તેની દવા શરૂ થઈ ગયેલી. તેને કારણે આપને ખાવાનું જ ભાવતું નહોતું. પરંતુ અલ્હાબાદ જઈને પાછા ફર્યા બાદ ઑપરેશન પછી ગાંઠનું પરીક્ષણ કરતાં તે જ પૅથોલોજિસ્ટે સાદી ગાંઠ હતી તેવો નિર્ણય આપ્યો.'

આમ કહી આ વિગત જણાવનારા પેલા તબીબે ઉમેર્યું : 'અમેરિકામાં જો આવું થાય તો દર્દી તરત જ સ્યૂ (દાવો) કરી નાંખે. અહીં પણ કરવો હોય તો થાય.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ડૉક્ટર એટલા સારા કહેવાય કે આવું નિદાન આવ્યું તોય આપણને કહ્યું. બાકી એમણે પોતાનું જાળવી રાખવા માટે ઊંધું કહ્યું હોત તો આપણને શું ખબર પડત ? હજી નવ મહિનાની દવા ખાવી પડત ને !'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ *'કહિયે દિલના દયાળુ એને, ક્ષમા કરવાનો સ્વભાવ જેને...'*ની તેઓની જીવનશૈલી યાદ અપાવી ગયો.

આ તો અમારી પ્રકૃતિ છે

તા. ૪/૧ની સવારે એકાદશીનું ફરાળ અંગીકાર કર્યા બાદ સ્વામીશ્રીએ

હરિભક્ત શ્રી સી. કે. પીઠાવાલા અને તેઓના બે પુત્રોને પોતાની પાસે બોલાવી લાવવાની સૂચના આપતાં એક વ્યવસ્થાપક સંતને કહ્યું: 'તેઓને મળવાનું મારા મનમાં ઘણા વખતથી છે, પરંતુ રહી જાય છે.'

ઉપરોક્ત સત્સંગીના પરિવારમાં આવેલી એક આપત્તિના સંદર્ભે તેઓને આશ્વાસન પાઠવી શાતા પમાડવાની ઇચ્છા સ્વામીશ્રી સેવી રહેલા. પરંતુ તેઓના આ પ્રસ્તાવને ન વધાવતાં સંતોએ જણાવ્યું: 'બાપા! આપ અત્યારે માંદા છો તો મળવાનું પછી રાખીએ.'

'ના, ફોન કરો ને જો તેઓ અહીં હોય તો બોલાવી લો.'

સ્વામીશ્રીનો આ આગ્રહ જોઈ સંપર્કનાં ચક્રો ગતિમાન થતાં પેલા હરિભક્તને મંદિરે આવી જવાનો સંદેશો મળ્યો. તે સાંભળી તેઓ બોલ્યા: 'અત્યારે હું બાપાને મળીશ, પણ મને એવું લાગે છે કે તેઓએ હમણાં સંપૂર્ણ આરામ કરવો જોઈએ. આ ઉંમરે તેઓ ખૂબ પરિશ્રમ લઈ રહ્યા છે. અત્યારે સ્વામીશ્રીએ કોઈને મળવું ન જોઈએ.'

હરિભક્તનો આ પ્રતિસાદ સંતોએ સ્વામીશ્રી સુધી પહોંચાડ્યો ત્યારે તેઓએ પૂછ્યું: 'તમે એમને શું જવાબ આપ્યો?' આટલું કહી સ્વામીશ્રીએ જ ઉમેર્યું: 'એમને કહેવું હતું ને કે આ તો અમારી પ્રકૃતિ છે. મળ્યા વગર રહેવાય જ નહીં.' આમ જણાવી જમણા હાથે ચપટી વગાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'ચટપટી થાય.'

તેઓની આ ભક્તવત્સલ પ્રકૃતિ આજના રાત્રિભોજન વખતે એક અલગ અંદાજમાં જ ઊભરી આવી.

આ સમયે વંચાઈ રહેલા પુસ્તક 'જેના ગુણે રીઝ્યા ગિરધારી'માં હીરા ભરવાડની વિગત આવતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા:

''એવો જ એક કાનો ભગત પણ હતો. કાનો બહેરો કહેતા. ખૂબ મમત્વવાળો. કોઈ મંદિરનું આઘું-પાછું કરતો હોય તો એનેય કહી દે.

હું સારંગપુરમાં કોઠારી હતો ત્યારે એનો મહિને માંડ બે-ત્રણ રૂપિયા પગાર હોય. એક વખત કાનાને બોલાવી મેં કહ્યું: 'મારે તારો પગાર મહિનાનો પાંચ રૂપિયા કરવો છે.' તો મને સામેથી કહે: 'નહીં... નહીં... મારે એક પૈસો વધારે જોઈતો નથી. આ તો શાસ્ત્રીજી મહારાજનું કામ છે. મારાથી એમનો એક પૈસો વધારે લેવાય નહીં.' આવું મમત્વ! કપડાં આપીએ તોય બે જોડી જ લે, વધારે લે જ નહીં.

ગૌશાળામાંથી દૂધ એ લઈ આવે. વલોણું કરીને છાશ પણ એ કરે. તે લેવા કાનાનાં બૈરાં-છોકરાં આવે તો એને પણ ધારાધોરણ મુજબ જ આપે.''

વર્ષો પૂર્વે મંદિરના કો'ક ખૂણે સેવાની સૌરભ ફેલાવી ગયેલું એક ભક્તકુસુમ વિશ્વની વાડીમાંથી ભલે ખરી પડ્યું, પરંતુ સ્વામીશ્રીના ઉર-ઉદ્યાનમાં તો તે હજીયે કરમાયું નહોતું. દાયકાઓના દાયકાઓ વીતે છતાં નાની વ્યક્તિઓની નાની સેવાઓને ન ભૂલવી એ પણ સ્વામીશ્રીની સ્વાભાવિક પ્રકૃતિ !

હંમેશાં અસલને સંભારી રાખવું

આ અરસામાં દાક્તરી સલાહ અનુસાર સ્વામીશ્રીના કોઈ જાહેર કાર્યક્રમ ન રહેતાં તેઓ પ્રાતઃપૂજા પણ શયનકક્ષમાં જ કરતા. તે પછી સ્વામીશ્રી મંદિરમાં પધારે ત્યારે હરિભક્તોને તેઓનાં દર્શનનો લાભ મળી જતો. હાલ જ્યાં પ્રમુખ સદન છે ત્યાં તે સમયે ખુલ્લું મેદાન હતું. તેમાં એકઠા થયેલા ભક્તોને સુખ-સ્મૃતિ આપી સ્વામીશ્રી પુનઃ ઉતારે આવી જતા.

આ ક્રમાનુસાર તા. ૫/૧ની સવારે ભોજન ગ્રહણ કરી રહેલા તેઓ સમક્ષ પરદેશથી આવેલા સંતોએ અમેરિકાના સત્સંગ સંબંધી પ્રકલ્પોની રજૂઆત કરી. તેમાં આર્થિક તાણનો પણ મુદ્દો ઊઠ્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા :

'તાણ રહે એ સારું છે. તાણ હોય તો આપણે મહેનત કરીએ. મંદિરો ખેંચમાં રહે તો સાધુ પણ સજાગ રહે, નહીં તો થઈ જાય કે વિચરણ માટે શું જવું ? ખેંચ રહે તો એ નિમિત્તે ભક્તિ થાય, સત્સંગ વધે, હરિભક્તોની ગરજ રહે. બાકી વૈભવ વધતો જાય એમ આળસ-પ્રમાદ ઘૂસી જાય.'

નાણાકીય ભીંસનો આટલો ઉપકાર જણાવી સ્વામીશ્રીએ એક ઉપયોગી ઉપદેશ આપતાં વધુમાં કહ્યું :

'આપણે આપણી અસલ રીત પ્રમાણે ચાલવું. નવી ટેક્નોલોજીનો થોડો લાભ લેવામાં વાંધો નહીં, પણ હંમેશાં અસલને સંભારી રાખવું. સાદાઈ રાખવી. રજોગુણ પેસી ન જાય એ જોવું. કઈ પરિસ્થિતિમાં આપણા વડવાઓએ કામ ચલાવ્યું છે એ જોવું. જેટલું વિચરણ કરીએ એટલું સારું. મહારાજના સંતો પણ ગામડે ફર-ફર કરતા જ હતા ને ! એ રીતે આપણે રહેવું. જે વખતે જે મળ્યું એનાથી કામ ચલાવતાં શીખવું. કોઈ પ્રકારનો આગ્રહ ન રાખવો.'

થોડામાં પણ થોકબંધ પ્રેરણાઓ સ્વામીશ્રીએ વહાવી દીધી.

તનથી પ્રીત નથી જ રાખતા

તા. ૬/૧ની સવારે સ્વામીશ્રી સમક્ષ થઈ રહેલા ગ્રંથવાંચનમાં તેઓએ ઉઠાવેલા દૈહિક ભીડાના પ્રસંગો આવતાં સામે બેઠેલા સંતોના મુખેથી પણ સ્વાનુભવોની સરવાણી ફૂટવા માંડી. તેમાં તણાતાં એકે કહ્યું: ''સન ૧૯૭૭ના પરદેશ-પ્રવાસમાં હું સ્વામીશ્રીના પગ દબાવવાની સેવા કરતો. આ યાત્રાના છેલ્લા દા'ડે મેં તેઓને સામેથી પૂછ્યું કે 'હું પગ દબાવું છું તો આપને કેવું લાગે છે?' ત્યારે સ્વામીશ્રીએ ફોડ પાડેલો કે 'તમે દબાવો છો એમાં ચપટી આવે છે.' આ કષ્ટ તેઓ આઠેક મહિના સુધી સહન કરતા રહ્યા, પણ કદી ફરિયાદ ન કરી.''

સ્વામીશ્રીની આવી ખમી ખાવાની પ્રકૃતિનું દર્શન કરાવતો વધુ એક પ્રસંગ વર્ણવતાં અનિર્દેશદાસ સ્વામીએ જણાવ્યું: 'થોડાં વર્ષો પહેલાં સ્વામીશ્રીએ સારંગપુરમાં જળઝીલણી એકાદશીના ઉત્સવ પ્રસંગે ઉતાવળી નદીમાં સ્નાન કરેલું. તેને ત્રણ-ચાર દિવસ વીત્યા બાદ હું એક તાકીદનો ફોન આપવા તેઓના ઓરડામાં પ્રવેશ્યો ત્યારે સ્વામીશ્રી પોતાના પગની આંગળીઓને હાથ વડે પસવારતા હતા. મેં જોયું તો તેટલો ભાગ લાલચોળ થઈ ગયેલો. તેથી નજીક જઈ તપાસ કરી તો ફાંસ ઘૂસી ગયેલી માલૂમ પડી! મેં તરત જ સેવકોને વાત કરતાં તેઓએ ટાંચણી વડે તે ખોતરી કાઢી. નદીમાં નહાતી વખતે કો'ક ઝાડી-ઝાંખરાની ભોંકાયેલી એ શૂળ બાબતે સ્વામીશ્રીએ ચાર-ચાર દિવસ સુધી કોઈને જણાવ્યું જ નહોતું!'

આ વિગતનો ઉલ્લેખ થતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'જે થાય છે અને જે થઈ રહ્યું છે એ થવાનું જ છે. દેખાવ કરવાથી કાંઈ ઓછું થતું નથી. રાડો પાડવાથી કાંઈ મટતું નથી. ચલાવી લેવું જોઈએ. ચાલે છે ભગવાનની દયાથી.'

સ્વામીશ્રીએ આવું તો કેટકેટલું મૂંગા મોઢે સહન કર્યું હશે!

કોઈના ગુણમાં અવગુણ ન ગોતે

તા. ૬/૧ના ભોજન બાદ મળવા આવેલા એક ગુણાનુરાગી મહાનુભાવ સાથે વાતચીત કરતાં સ્વામીશ્રીના મુખેથી અક્ષરો નહીં, પણ અમૃત જ સરવા લાગ્યું કે –

''સંપ હોય એટલી શક્તિ વધે. અંદરોઅંદર મતભેદ હોઈ શકે, પણ

એમાં ક્યારેય સંસ્થાની વિરુદ્ધમાં જવું નહીં. અમે તો પહેલેથી જ કહેતા હતા કે 'સહન કરી લો.' પણ એ દહાડે બધાને અહંકાર હોય એટલે તાન ચડ્યું હોય; પણ હવે જે થયું એ થયું ! જે સંસ્થામાં આપણે ઊછર્યા હોઈએ એની જ વિરુદ્ધમાં જવાય કઈ રીતે ? જેના ગુણ ગાયા એને જ 'આવો છે ને તેવો છે' એવું કઈ રીતે કહી શકાય ? એ કેવું લાગે ? એકબીજાનું કહીએ એમાં વળી ઘસારો વધારે લાગે. ક્યાંક મતભેદ થયો હોય તો એ પછી સમજી લેવાય, પણ એમાં અહંનો પ્રશ્ન બનાવીને જાહેરમાં આક્ષેપબાજી ન કરવી જોઈએ. બહુ એવું થાય તો બેસી રહેવું જોઈએ, ભજન કરવું જોઈએ. હવે જે થયું એ બધું જ ભૂલી જાવ. જેટલું સંભારો એમાં ફોદા જ બહાર આવે. માટે 'કાંકરિયે ગયા જ નહોતા ને મેળો ભરાયો જ નહોતો...' એમ રાખીએ તો શાંતિ રહે.''

સંપનો આ સૂત્રાત્મક સદ્‌બોધ વહાવનારા સ્વામીશ્રીએ આ અરસામાં હૃદયના પરીક્ષણ બાદ દાક્તરોએ આપેલી સલાહ અનુસાર રોજ થોડું થોડું ભ્રમણ શરૂ કરેલું. તે ક્રમમાં તા. ૬/૧ની સાંજે ટ્રેડમિલ મશીન પર પાંચેક મિનિટ ચાલ્યા બાદ તેઓને ચડેલા હાંફની માત્રા માપવા દાક્તરોએ એક લાંબું વાક્ય બોલવા જણાવ્યું, ત્યારે સ્વામીશ્રી ઉચ્ચર્યા : 'ભગવાન ભજવામાં જેવું સુખ છે એવું બીજે ક્યાંય નથી. બીજે સુખ મનાય છે એ અજ્ઞાન છે.'

જે પોતાના રોમ-રોમમાં હતું તેને આમ રમતું મૂકી સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે કોઠારી સ્વામીએ એક ધર્મગુરુનો ઉલ્લેખ કરતાં કહ્યું : 'તેઓ બધા સાથે જમવા બેસે ત્યારે નાના-મોટા સૌ મૌન રાખે. એક પણ શબ્દનો અવાજ ન આવે.'

'પણ એ પ્રવચન કરવા સભામાં આવતાં પહેલાં મેક-અપ (શરીરની સજાવટ) કરે છે.' કો'ક બોલ્યું.

પરંતુ આ રીતે કોઈની વિશેષતાનો છેદ ઊડ્યો તે સ્વામીશ્રીને પસંદ ન પડ્યું. તેથી તેઓએ તરત જ જણાવ્યું : 'આપણે મેક-અપની જરૂર નથી. જે છે એ બરાબર છે, પણ એ ભજન કરાવે છે એટલું ગ્રહણ કરી લેવું. બીજું જોવાની જરૂર નહીં.'

કોઈના ગુણમાં અવગુણ ન શોધવો એ સ્વામીશ્રીનો સહજ સ્વભાવ.

સાચામાં સાચી વ્યક્તિ

તા. ૮/૧ની રાત્રે સ્વામીશ્રી વાળુ કરવા બિરાજ્યા ત્યારે વાનગીરૂપે

ખીચડી અને દહીં આવ્યાં. આ ભોજન તેઓ પલંગ પર જ તકિયે અઢેલીને આરોગવા લાગ્યા ત્યારે એક સંતે પૂછ્યું: 'સ્વામી! આવતીકાલે આપના ૬૯મા દીક્ષાદિન નિમિત્તે લંડનના હરિભક્ત શ્રી અમિતભાઈ પટેલે રસોઈની સેવા આપી છે. તેઓ કહે છે કે 'આપને જે ભાવે છે એની રસોઈ કરવી.' તો આપને શું ભાવે છે?'

'ખીચડી.'

સ્વામીશ્રીની આ પસંદગી સૌને હાસ્યના સ્વાદની સાથે તેઓની નિઃસ્વાદી સ્થિતિનો આસ્વાદ પણ પમાડી ગઈ.

તે સૌની દાઢમાં હતો ત્યાં જ તા. ૧૦/૧ની સવારે નાગપુરના હરિ-મંદિરમાં બિરાજનારી ઠાકોરજીની ચલમૂર્તિમાં દૈવતનું આવાહન કરનારા મંત્રો ગુંજી રહ્યા. સ્વામીશ્રીની નિશ્રામાં ચાલી રહેલા આ વિધિ દરમ્યાન એક તબક્કે મંત્રોચ્ચાર કરનારા સંતો સંકલ્પવિધિ બાદ બોલ્યા: 'શ્રીરસ્તુ... લક્ષ્મીરસ્તુ... સમૃદ્ધિરસ્તુ।' – 'શોભા, સંપત્તિ અને સમૃદ્ધિ રહો.'

આ સાંભળી ચોથે ચોક પૂરતાં સ્વામીશ્રી પણ ઉચ્ચર્યા: 'मन्दिरम् अस्तु।' – 'મંદિર થાઓ.' તેઓનો નાગપુરમાં શિખરબદ્ધ મંદિરના નિર્માણનો આ સંકલ્પ સમયાંતરે સાકાર થઈને રહ્યો.

આવા વચનસિદ્ધ સ્વામીશ્રીનાં દર્શને આવેલા હરારેના શ્રી હસમુખભાઈએ તેઓના એક સંબંધીનો પરિચય આપતાં કહ્યું: 'બાપા! આ મારા મોટા ભાઈ બાબુભાઈએ ૮૫ વર્ષના જીવનમાં એક પણ મંદિરમાં પગ મૂક્યો નથી. તેઓ આજે પહેલી જ વાર મંદિરમાં આવી રહ્યા છે. તેનું કારણ છે – આપનાં દર્શનની ઇચ્છા. તેઓ માને છે કે આ પૃથ્વી ઉપર બે જ વ્યક્તિ સાચામાં સાચી છે. એક તો ગાંધીજી અને બીજા પ્રમુખસ્વામી!'

સ્વામીશ્રીની સાધુતાની સુગંધને નાસ્તિક પણ નકારી ન શકતા.

અમે તો બીજાને ખવડાવીને રાજી થઈએ

આ અરસામાં ગુજરાતી ભાષાના એક અગ્રિમ અખબારની બુધવારે પ્રકાશિત થતી ખાસ પૂર્તિમાં અક્ષરધામ સંબંધી લેખ છપાયેલો. તેનું વાંચન તા. ૧૦/૧ની સવારે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન થયું ત્યારે લેખક શ્રી જય વસાવડા દ્વારા થયેલી સ્મારકની મુલવણી બદલ સંતોએ ફોન જોડી તે લેખકને અભિનંદન પાઠવ્યાં, પરંતુ આ ફોન આશીર્વાદ અપાવવાના હેતુસર સ્વામીશ્રી

સમક્ષ ધરવામાં આવ્યો ત્યારે પેલા લેખકે રંજ પ્રગટ કર્યો કે 'બાપા ! લેખ તો લખ્યો, પણ તેમાં આપનું નામ લખવાનું સરતચૂકથી રહી ગયું છે !'

'અક્ષરધામ વિષે તમે લખ્યું તેમાં અમારું નામ આવી જ ગયું ! અમારા નામની ક્યાં કંઈ જરૂર છે ?' સ્વામીશ્રી બોલ્યા.

આમ, નામનાની કામનાથી વીંધાયા વિના વર્તતા તેઓની તબિયત અંગે માર્ગદર્શન આપવા તા. ૧૧/૧ની સાંજે ડૉ. કોન્ટ્રાક્ટર આવી પહોંચ્યા. હૃદયરોગની તકલીફ ધરાવતા વૃદ્ધ દર્દીઓના સ્વાસ્થ્યને પુનઃ થાળે પાડવામાં કુશળ આ દાક્તરે ગયા વર્ષે સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યા બાદ દિલ્હીના અક્ષરધામની મુલાકાત લીધેલી. ત્યાં ભોજન પણ ગ્રહણ કરેલું.

પરંતુ આ ડૉક્ટરે જ્યારે જાણ્યું કે 'સ્વામીશ્રી તો દિવસમાં ફક્ત બે વાર જ જમે છે', ત્યારે તેઓ બોલ્યા : 'આપ તો જમતા નથી ને હું તમારા મંદિરમાં ખાઈ આવ્યો.'

'અમે તો બીજાને ખવડાવીને રાજી થઈએ. તમે જમ્યા એનો અમને આનંદ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આવી ઉદાત્ત શૈલીથી વિચરતા તેઓ આજની રાત્રે જમવા બિરાજ્યા ત્યારે એક રાજનેતા સંબંધી પ્રકાશન બતાવી વાંચન કરનારા સંતે પૂછ્યું : 'બાપા ! આ પુસ્તક નવું આવ્યું છે તે વાંચીએ ?'

'એ બધું વાંચવાની કંઈ જરૂર નથી. આવી વાતોમાં બધાને રસ પડે એટલે પછી એ વાતો ખૂટે જ નહીં. એક પછી એક ચાલુ જ રહે. જેમ ચોમાસામાં ખેડૂતો દોરડાં વણે ત્યારે એ દંડો લઈને બેઠા હોય. તે એક મૂકે એ થઈ રહે એટલે બીજો મૂકે. એ થઈ રહે એટલે ત્રીજો મૂકે. એમ ત્રણ વળ થતાં જાય. એમ આવી વાતોમાં બધાને રસ પડે. એના કરતાં આપણે આપણું વાંચો.'

આમ કહી સાંપ્રદાયિક પુસ્તકનો પાઠ શરૂ કરાવનારા સ્વામીશ્રીએ ગ્રામ્યકથાની ગરમીને ઠારી દીધી.

સુખિયા રહેવું ને સુખિયા કરવા

તા. ૧૨/૧ની વહેલી સવારે મુંબઈ ઊતરેલા લંડનના કેટલાક સંતોને એક પરદેશી ઍરલાઇન્સનો કડવો અનુભવ થઈ ગયેલો. તે સંદર્ભમાં આ સંતો સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા ત્યારે કો'ક બોલ્યું : 'તમે આ વિદેશી ઍરવેઝનાં બહુ વખાણ કરતા હતા, પણ એનો સ્વાદ ચાખવા મળી ગયો ને !'

પરંતુ આ ટોણાનો પ્રત્યુત્તર આપતાં એક પ્રવાસીએ ઉપરાણું લીધું કે 'પ્લેન તો સારું જ હતું, પણ અહીં આવીને અનુભવ ખરાબ થયો.'

''આપણા મનમાં ઊંચું-નીચું હોય એટલે અનુભવ પણ ખરાબ થાય.' તકલીફનું આટલું તારણ તારવી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'આપણે સાધુને વળી શું બ્રિટિશ ને શું ઇન્ડિયા ? 'બ્રહ્મ હમારી જાત' માની લઈએ તો પછી આપણે બ્રિટિશ પણ નહીં, અમેરિકન પણ નહીં અને ઇન્ડિયન પણ નહીં. બધું જ સરખું ! કોઈ દુઃખ થાય જ નહીં. મોડું થયું કે વહેલું, આનંદ જ રહે.''

ભેદભાવને ભૂંસતો આ સદુપદેશ વહાવી મંદિરે દર્શન કરવા પધારેલા સ્વામીશ્રીએ આજે આશીના મંદિરની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તે પછી ઉતારે આવેલા તેઓના મુખેથી પુનઃ અમૃતધારા વહી છૂટી કે –

''આપણે માળા કરીએ એમાં બધું આવી ગયું. સાધુતા રાખીને કથા-વાર્તા, ભજન, સેવા કરીએ એટલે કોઈ તકલીફ જ નહીં. બાકી મનનું દુઃખ કોઈનું મટ્યું નથી ને મટશે પણ નહીં. જો જ્ઞાન હોય તો સુખિયા રહેવાય. 'જે થયું એ મહારાજની ઇચ્છા' એમ માનતાં આવડે તો પછી લડાઈ પણ નહીં ને ઝઘડો પણ નહીં. પણ જ્યારે પ્રસંગ બને ત્યારે સ્વભાવ એવો છે કે પરમાત્મામાં પણ ખોટ કાઢે કે 'આને ગરીબ કેમ બનાવ્યો ને આને પૈસાદાર કેમ ?' પણ એ પંચાત તારે શું કરવાની ? સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે સૌ ભોગવે છે. 'જે થાય છે એ ભગવાનની ઇચ્છાથી સારું છે' એમ માનીને, સાધુતા રાખી કથા-વાર્તા કરીએ તો આનંદ રહે. આપણે તો સુખિયા રહેવું ને સુખિયા કરવા. જે થશે એ મહારાજની ઇચ્છા માની લેવી. 'આણે આમ કર્યું ને ફલાણાએ તેમ કર્યું' એ બધી પંચાત કરવા આપણે ક્યાં આવ્યા છીએ ?''

બ્રહ્માંડ ઉડાડીએ, પણ આ ન થાય

તા. ૧૩/૧ના રોજ રવિવાર હોવાથી સૌની સાનુકૂળતા સાચવવા આજે જ ઉત્તરાયણ પર્વનું આયોજન ગોઠવવામાં આવેલું. તે અનુસાર ઠાકોરજીના શણગાર પણ સજાવાયેલા. તેનાં દર્શન કરીને સ્વામીશ્રી મંદિરની પાછળ જમણી તરફ ઊભા કરેલા મંચ પર પધાર્યા ત્યારે હરિભક્તોના મનરૂપી પતંગ આનંદના આકાશમાં વિહરવા લાગ્યા. તેને વધુ ડોલાવવાનું નિર્ધાર્યું હોય તેમ સ્વામીશ્રીએ કહ્યું : 'માઇક લાવો.'

પરંતુ તે બાબતે સ્વાસ્થ્યના કારણસર સેવકોએ આનાકાની કરતાં સ્વામીશ્રીએ તો વગર માઈકે 'સ્વામિનારાયણ હરે...'ની આહ્‌લેક ગજવી દીધી. તેઓની આ તત્પરતા જોઈ તરત જ માઈક ધરવામાં આવ્યું. તે વખતે સ્વામીશ્રીએ પુનઃ આહ્‌લેક જગાવી હાથને ઇશારે તેને ઝીલવાની હાકલ મારતાં હજારેક ભક્તોના મુખેથી 'સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'નો જોરદાર નાદ ગાજી ઊઠ્યો. તે પછી સંક્ષિપ્ત આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રી બોલ્યા : 'બધાને જય સ્વામિનારાયણ ! બધાને મહારાજ તને, મને, ધને ખૂબ સુખી રાખે અને જીવમાં સત્સંગ થાય એ આશીર્વાદ છે.'

અચાનક વરસી પડેલી આ અમીવાદળીથી તરબતર થયેલા સૌ તાળી પાડી ઊઠ્યા.

આ જ રીતે આજની સાંજે વડાલાના ભક્તિપાર્કમાં પુણ્યપર્વણીનો સમૈયો યોજાયો. તેમાં આ વર્ષે મુંબઈ ખાતે ઊજવાનારી સ્વામીશ્રીની જન્મજયંતી અને મંદિરની રજત જયંતીનો પણ ઉદ્‌ઘોષ થયો. આ પ્રસંગે ઉપસ્થિત બારેક હજાર હરિભક્તો પર ફોન દ્વારા અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજે પૃથ્વી પર આવી ઉત્સવો ખૂબ ઊજવેલા છે. એ પ્રથા આપણે પણ ચાલુ રાખી છે, કારણ કે એનાથી આપણા જીવનમાં સુખ-શાંતિ થાય. ઉત્સવ સારી રીતે ઊજવાય એમાં આપણો ભક્તિભાવ વધે, નિષ્ઠા વધે, સત્સંગ વધે, બીજાને પણ ઉપાસના દૃઢ થાય.'

આ ટૂંક ઉદ્‌બોધન બાદ ભ્રમણ અને ભોજનનો ક્રમ આટોપી પલંગ પર પોઢેલા સ્વામીશ્રી સમક્ષ મંદિરોના ભૂમિ-સંપાદનમાં નડતી અડચણોની વાતો નીકળી. તે સંદર્ભમાં વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આમ તો આપના રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે, પણ જમીન માટે ફાંફાં મારવાં પડે છે.'

આ માર્મિક મજાકથી ખડખડાટ હસી પડેલા સ્વામીશ્રી ટિસ્યૂ પેપર વડે આંખો લૂછતાં લૂછતાં બોલ્યા : 'બ્રહ્માંડ ઉડાડીએ, પણ આ ન થાય.'

આ રીતે તેઓ જ્યારે મનુષ્યભાવનો મુખવટો પહેરીને અસામર્થ્ય પ્રગટ કરતા ત્યારે ભક્તોને ખૂબ આનંદ આવતો.

આપ જ પ્રગટ બ્રહ્મસ્વરૂપ છો

'મેં આટલાં વર્ષોમાં ઘણા સંત-મહાત્માઓને જોયા છે, સાંભળ્યા છે,

આશીર્વાદ લીધા છે, પણ કોઈ મારા દિલમાં વસ્યા નથી. પરંતુ જ્યારે આપનો ફોટો કે મૂર્તિ જોઉં છું ત્યારે મારા દિલમાં, મારા શરીરમાં ઉપરથી નીચે સુધી કરંટ દોડી જાય છે. મારે જે સંતનાં દર્શન કરવાં છે, આશીર્વાદ લેવા છે, ચરણસ્પર્શ કરવા છે એ આપ જ છો. હું તો આમ માતાજીનો ભક્ત છું. મારા ઘરમાં ક્યાંય આપની મૂર્તિ કે ફોટો નથી, પણ જ્યારે આ પત્ર લખવા બેઠો તે પહેલાં મેં દશ-પંદર મિનિટ આંખો મીંચીને ધ્યાન કર્યું ત્યારે આપની છબી મારી આંખોમાં સ્પષ્ટ હતી. આપનાં દર્શન કર્યાં ને જ્યારે સ્પર્શ કર્યો ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયાં.'

તા. ૧૭/૧ની સવારે દશરથ ગામેથી આવેલી સદ્‌ભાવી શ્રી નિમિત્ત પટેલની આ લેખિત સ્વાનુભૂતિમાંથી ઊભરતી સ્વામીશ્રીની પ્રતિભાથી સૌ અંજાયેલા હતા, ત્યાં જ રાજપીપળાથી આવેલા અન્ય એક પત્રનું પઠન થયું. તેમાં આ નગરના નિવૃત્ત શિક્ષક શ્રી નટવરસિંહ દશાંદીએ સ્વામીશ્રીને લખી જણાવેલું: *'હું રાધાસ્વામી સંપ્રદાયનો ચુસ્ત સત્સંગી છું. કોઈ દિવસ સ્વામિનારાયણ મંદિરમાં જતો નથી. આ મારી હકીકત હોવા છતાં આપશ્રી મને રોજ ધ્યાનમાં દેખાઓ છો. છેલ્લાં ચાર વર્ષથી આ થાય છે. આવું કેમ થાય છે? એ જાણવું છે.'*

આજે રેલાયેલા ઉપરોક્ત બંને સ્વાનુભવોમાં યોગાચાર્ય શ્રી રામદેવજી મહારાજે રંગ પૂર્યો. તેઓએ આજે સ્વામીશ્રીને જોડેલા ફોનમાં કહ્યું: 'આપ જેવા મહાપુરુષ દ્વારા ભગવાન કામ કરે છે. આપ જ પ્રગટ બ્રહ્મસ્વરૂપ છો. હું આપને અંતરથી વંદન કરું છું, તો આશીર્વાદ આપજો.'

પરંતુ આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમે તો સેવક છીએ અને સેવક થઈને ભગવાનનું કામ કરીએ છીએ.'

તેઓના સેવકભાવને યશોગાનની ગરમી કદી ઓગાળી શકી નહોતી.

મર્યાદામાં રહીને કાર્ય કરવું એ મોટી વાત

તા. ૧૭/૧ની સવારે સ્વામીશ્રી સાથે ચાલી રહેલા એક ઔપચારિક વાર્તાલાપમાં સંતોએ કહ્યું: 'બાપા! બીજા પ્રસિદ્ધિ મેળવવા ઘણા કાવાદાવા કરે, જ્યારે આપને ઘણી બધી ટી.વી. ચેનલો આમંત્રણ આપે છે, છતાં આપ આ બાબતે ઉત્સાહ જ દેખાડતા નથી.'

'આપણે તો સામેથી કંટાળીએ. આપણને તો ભગવાન અને સંત મળ્યા એનાથી કશું જ વધારે નથી.' સ્વામીશ્રીના મુખેથી પ્રાપ્તિનો કેફ છલકાઈ ઊઠ્યો.

તેથી ભીંજાયેલા એક સંત બોલ્યા : 'સ્વામી ! આપના મગજમાં ચિત્ર એકદમ સ્પષ્ટ છે, એટલે ગમે એવાં પ્રલોભનો હોય કે સંઘર્ષો હોય એની વચ્ચે પણ સ્થિર રહીને સંસ્થાને આગળ વધારો છો. બાકી તો પ્રસાર માધ્યમોના ભાર હેઠળ તણાઈ જ જવાય.'

'આપણે તો મર્યાદામાં રહીને જ બધું કરવાનું. વધારે પડતા તણાવાની જરૂર નહીં. એમાં નિયમ-ધર્મની મર્યાદા તૂટી જાય. એટલે એ તરફ જવું જ નહીં. ભજન કરવું. બહુ પબ્લિસિટી કરવા જેવી નથી. લો-પ્રોફાઈલ રહેવું સારું. બહુ ઊંચા ન ચડી જવું. સાધુતા રાખીએ તો એની મેતે પ્રસાર થઈ જ જાય છે. શતાબ્દીનો સમૈયો થયો ત્યારે ધાર્યું નહોતું એવું થઈ ગયું ને ! 'વિના નાણે જગ જાણે' જેવું થઈ ગયું ને !'

'આપ છો એટલે આપોઆપ પ્રચાર થાય છે.'

'મહારાજ બેઠા છે ને શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજનો સંકલ્પ છે એટલે થાય છે. આપણે તો મર્યાદામાં રહીને કાર્ય કરવું એ મોટી વાત છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેમાંથી સૌને સંસ્થાના પ્રચાર-પ્રસારની પૉલિસી મળી ગઈ.

धरती पे कोई दूसरा नहीं, आपके जैसा प्रमुख

તા. ૧૮/૧ની સવારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે એક બુલંદ છતાં મીઠા સ્વરથી મંદિરનો ઘુમ્મટ ગુંજી ઊઠ્યો કે –

'हे प्रमुखस्वामी! आपके, दर्शन हुए सौभाग्य से;
मिलता है आत्मोत्थान का पथ, आपके वैराग्य से।
जीवन बनाया आपने, भक्ति प्रमुख सेवा प्रमुख;
धरती पे कोई दूसरा नहीं, आपके जैसा प्रमुख।
स्वामिनारायण पंथ के, देदीप्यवान दीवाकरम्;
बोलो सुधामिश्रित वचन, स्वामी प्रमुख रत्नाकरम्।
लाएं नहीं अब लालसा, यश-कीर्ति की धन-मान की;
वरदानसिद्ध! हमें तो प्रभुप्राप्ति का वरदान दें।'

નામાંકિત સ્વરકાર શ્રી રવીન્દ્ર જૈનની આ ભક્તિભરી અંજલિ.

સ્વામીશ્રીને ચર્મચક્ષુથી નીરખી ન શકનારા આ વિખ્યાત સંગીત દિગ્દર્શકની અંતરવીણા સ્વામીશ્રીના કેવળ સ્પર્શમાત્રથી આમ રણઝણી ઊઠી. ફૂલને નરી આંખે ન જોઈ શકનારા પણ તેની સુગંધથી તો તરબતર થઈ જ જાય છે ને!

આ રીતે વહેલો શ્રી જૈનનો અહોભાવ સ્વીકારી સ્વામીશ્રી નિજ-નિવાસમાં પહોંચ્યા ત્યારે અહીં તેઓ એક સાંપ્રત સામાજિક મુદ્દાના સંદર્ભે બોલ્યા: 'કોઈ એક વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ હોય તો એને લીધે આખી સંસ્થાને ખરાબ કરી નાંખવાની ન હોય. સંસ્થા એ સંસ્થા છે. એક વ્યક્તિ પ્રત્યેના પૂર્વગ્રહને કારણે સંસ્થા બદનામ થાય એ કેવું કહેવાય? એનો તો વિચાર કરવો જ જોઈએ. મૂળ બધા જ સારા છે, કામ પણ સારાં કર્યાં છે, પણ સંસ્થા મૂકી દીધી એ ખરાબ કહેવાય.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી વફાદારીની બારાક્ષરી સરી પડી.

આપણે શૉ કરવા નથી આવ્યા

તા. ૧૯/૧ની સવારે મંદિરમાં દર્શન માટે પધારેલા સ્વામીશ્રી અત્રે બિરાજિત ઉભાણના મંદિરની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂરી ઉતારે પહોંચ્યા ત્યારે આજે એકાદશી હોવાથી ભોજનના થાળમાં ફરાળી વાનગીઓ મૂકેલી. આ આહાર સ્વામીશ્રીના શરીરને ઓછો અનુકૂળ. તેથી તેઓ તેને અતિ અલ્પ માત્રામાં જ અંગીકાર કરે. તેની અસર બીજા દિવસે જોવા મળે. બારસની તિથિએ સ્વામીશ્રીનું વજન લગભગ એક કિલોથી વધુ ઘટી ગયેલું જણાય. છતાં પર્વતપ્રાય સમા તેઓએ જીવનપર્યંત આ વ્રતની વાડમાં લેશ છીંડું પડવા દીધું નહોતું.

આ દૃઢતા સાથે આજે ફરાળ ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સત્સંગ-કેન્દ્રના સંતોએ પોતાનો વિચાર રજૂ કર્યો કે 'સંસ્થાના બધા સંતોને સાત દિવસ માટે અમારા વિસ્તારમાં લઈ જઈ પધરામણીઓ કરાવવી છે અને છેલ્લે એક ભવ્ય નગરયાત્રા કાઢવી છે, જેથી સૌને ખ્યાલ આવે કે આપણી પાસે કેટલા સંતો છે!'

'આપણે શૉ (દેખાવ) કરવા નથી આવ્યા કે અમારી પાસે આટલા બધા સાધુ છે.'

આમ કહી દિગ્વિજયના આયોજન પર પૂર્ણવિરામ મૂકતાં સ્વામીશ્રી

વધુમાં બોલ્યા : 'બધાને લઈ જવાની શું જરૂર ? આપણે તો સાધુતા રાખીને ભજન કરો એમાં બધું સારું જ છે અને એ જ મહત્તા છે. સત્સંગ પણ એનાથી જ થયો છે ને બધું એનાથી જ થાય છે. માટે શો નથી કરવો.'

શક્તિનું પ્રદર્શન એ સ્વામીશ્રીના રસ બહારનો વિષય. તેઓની પ્રવૃત્તિમાં ભક્તિની વૃત્તિનું જ વર્ચસ્વ રહેતું. તેઓનું આવું પવિત્ર નેતૃત્વ સંસ્થા, સંતો કે સત્સંગીઓને કદી ગુમરાહ થવા ન દેતું.

મારી નાડ હરિને હાથ

મુંબઈમાં વિશ્રામલીલા દરમ્યાન રોજ સવારે કે સાંજે અક્ષર ભુવનની અગાશીમાં પધારતા સ્વામીશ્રીને શિયાળાનો સૂર્ય પોતાનાં કોમળ અને હૂંફાળાં કિરણોથી નવડાવતો. જ્યારે આ તાપ થોડો તીખો બને ત્યારે અગાશીની ભોંય પર જડેલા મોઝેક ટાઇલ્સના ટુકડાઓમાંથી ઊઠતું પ્રકાશનું પરાવર્તન આંખોને આંજતું. તેથી બચવા સ્વામીશ્રીને ગોગલ્સ પહેરાવવામાં આવતા. તે સાથે વ્હીલચેરમાં બેસી ઘૂમતા સ્વામીશ્રી સમક્ષ સંતો કીર્તનોની રમઝટ બોલાવતા. તેમાં આવતા મર્મસભર શબ્દોને પકડી સ્વામીશ્રી પ્રસંગોપાત્ત અમૃતધારા રેલાવતા, તો ક્યારેક કરનાં લટકે જન-મન ડોલાવતા. આ રીતે થોડો વિહાર કર્યા બાદ તેઓની ખુરશી અનુકૂળ જગ્યાએ ઊભી રખાતી. તે સમયે સ્વામીશ્રી ક્યારેક હિતોપદેશ વહાવે, તો ક્યારેક ગમ્મત રેલાવે.

આ ક્રમમાં તા. ૨૨/૧ની સવારે તો આકાશી ચંદરવા તળે આવેલી આ અગાશી યોગાસનના વર્ગમાં ફેરવાઈ ગઈ. આ સમયે જ્ઞાનસાગરદાસ સ્વામી વગેરે સંતોએ વિવિધ આસનો કરી સ્વામીશ્રીને રીઝવ્યા. સ્વામીશ્રીએ પણ આસન કરનારા સંતોનાં પેટે તથા પગે વરદહસ્ત પ્રસારી સ્મૃતિયોગનું પ્રકરણ આલેખી દીધું.

તેને અનુસરતાં તા. ૨૫/૧ની સાંજે નામાંકિત કાર્ડિઆક સર્જન ડૉ. ભટ્ટાચાર્ય આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીની એન્જિયોગ્રાફી વખતે હાજર હોવાથી તેઓએ આજે સ્વામીશ્રીને કહ્યું : 'મેં આપના હૃદયની પરિસ્થિતિ જોઈ છે. પંદર વર્ષ સુધી તો તમને કાંઈ જ નહીં થાય. માત્ર એટલું જ ધ્યાન રાખવાનું કે ફેફસાંમાં ઈન્ફેક્શન ન થાય.'

આ અભિપ્રાય સાંભળી હરખાયેલા સંતોએ તબીબની વિદાય બાદ સ્વામીશ્રીને જણાવ્યું : 'ડૉક્ટરે આપને પંદર વર્ષનું કીધું એટલે હવે તો આપની

શતાબ્દી પાક્કી !!'

'ડૉક્ટર ગમે એટલું કહે, પણ બધું મહારાજના હાથમાં છે. ભગવાનની મરજી પ્રમાણે જ થાય છે. એમને જેટલું રાખવું હશે એટલું રાખશે.' સ્વામીશ્રી બોલ્યા.

હરિને હાથ પોતાની નાડ સોંપીને વિચરતા તેઓ માટે આવરદાની લંબાઈ કે ટૂંકાઈ કદી હરખ કે ભયનો વિષય બન્યાં જ નહોતાં.

એક સારા સમાચાર

તા. ૨૬/૧ની સવારે અક્ષર ભુવનની અગાશીમાં રેતી ભરેલા પીપ વચ્ચે સ્તંભરોપણ કરી રાષ્ટ્રધ્વજ સ્થાપવામાં આવેલો. તેથી પ્રસરી ગયેલી દેશભક્તિની હવામાં સ્વામીશ્રી પધારતાં જ શાંતિપાઠનો ઘોષ ઊઠ્યો. તે પછી સ્વામીશ્રીએ દોરી ખેંચી ધ્વજ લહેરાવતાં રાષ્ટ્રગીતનું ગાન ગુંજ્યું. તેને અનુસરતાં તા. ૨૭/૧ની સવારે ઊઠેલા પ્રતિષ્ઠાવિધિના મંત્રો વચ્ચે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા જલુંધ અને વાડોલાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

આ વૈદિક કાર્ય સંપન્ન કરી સ્વામીશ્રી તા. ૨૮/૧ની રાત્રે પોતાના ઓરડામાં પત્રવ્યવહાર કરી રહેલા. તેમાં આરામનો સમય થતાં અંદર પ્રવેશેલા દર્શનાર્થી સંતો પૈકીના એક વિવેકસાગરદાસ સ્વામી સામે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આવો, એક સારા સમાચાર આપું.'

આ સાંભળી સૌનાં મનમાં કુતૂહલ જાગ્યું. કો'કે સંસ્થા દ્વારા વધુ એક સિદ્ધિનું શિખર સર થયાની અટકળ કરી, તો કો'ક સ્વામીશ્રીના સ્વાસ્થ્યસંબંધી કંઈક ખુશખબર આવી હશે તેમ વિચારી રહ્યું. પરંતુ સૌની આવી ધારણાઓથી અલગ જ વાત કરતાં સ્વામીશ્રીએ એક સત્સંગી પરિવારમાં પતિ-પત્ની વચ્ચે ગંઠાયેલી મડાગાંઠ ઊકલ્યાની વિગત જણાવી !

છેલ્લાં પાંત્રીસ વર્ષથી વકરેલો આ કૌટુંબિક ક્લેશ વિદારવા સ્વામીશ્રીએ ઘણો પ્રયત્ન કરેલો. તેઓની એ તપશ્ચર્યાના પ્રતાપે જ આજે એક કુટુંબ કિલ્લોલતું થયેલું. તેની વિગત જણાવતાં એ મહિલાએ સ્વામીશ્રી પર મોકલેલા પત્રમાં લખેલું કે – *'બાપા! સસુરાલ મેં અચ્છા હો ગયા હૈ। મૈં આપકી કૃપા સે ખુશ હૂઁ। મેહરબાની બનાયેં રખના।'*

સ્વામીશ્રીની કૃપાથી ગદ્‌ગદિત એ મહિલાનું અંતર આજે પત્રના પંથે ઊભું રહી છડેચોક પોકારી રહેલું કે –

'कौन कहता है कि स्वामीबापा महिलाओं की सम्हाल नहीं रखते? आज मैं साक्षी हूँ। अंतर्यामी बापा हमारा ध्यान रखते आए हैं। उनकी दया से मैं अभी ससुराल में हूँ और सुखी हूँ।'

આ હતો – સ્વામીશ્રીના આનંદનો વિષય. આ હતા – તેઓના મતે સારા સમાચાર. તે સાંભળી દીકરીનો પ્રશ્ન હલ થતાં પિતા હરખાય એટલો આનંદ સ્વામીશ્રીને થઈ ગયેલો. તેને અભિવ્યક્ત કરતાં તેઓએ આ મહિલાના પુરુષ સંબંધીઓને પત્ર તથા ફોન દ્વારા સમાચાર અને શુભેચ્છા પાઠવ્યાં. એ જ ઉમંગનો ઊભરો સ્વામીશ્રીએ આજે સંતો સમક્ષ પણ ઠાલવ્યો.

આમ, ભક્તના સુખે સુખી અને દુઃખે દુઃખી થવાની સ્વામીશ્રીની આ પ્રકૃતિના પુરાવારૂપ જૂનાગઢના શ્રી ચંદુભાઈ પંડ્યા પણ આ અરસામાં અત્રે આવેલા. હકીકતે સ્વામીશ્રીએ જ તેઓને બોલાવેલા. આ હરિભક્તે સ્વામીશ્રીને લખેલા પત્રમાં પોતાને વળગેલી હૃદયરોગની તકલીફનો ઉલ્લેખ કરેલો. તે જાણી સ્વામીશ્રીએ તેઓના તબીબી રિપોર્ટ મુંબઈ મંગાવી નિષ્ણાત ડૉક્ટરોને બતાવેલા. દાક્તરોની સલાહ એવી પડી કે 'હૃદયના વાલ્વની તકલીફ છે. તેની શસ્ત્રક્રિયા સાથે ઉંમર પ્રમાણે ઍન્જિયોગ્રાફી પણ કરાવી લેવી જોઈએ. જરૂર જણાય તો બાયપાસ.'

આ અભિપ્રાય જાણી સ્વામીશ્રીએ ચંદુભાઈને ફોન જોડી મુંબઈ આવી જવા કહેલું, ત્યારે આ સત્સંગીની નિષ્ઠા રણકી ઊઠેલી કે 'બાપા! આ ઉંમરે મારે ઑપરેશન પાછળ પૈસા નથી બગાડવા. મહારાજ જેમ રાખે તેમ રહીશું.'

પરંતુ આજ્ઞા થતાં મુંબઈ પહોંચેલા આ ભક્ત માટે સ્વામીશ્રીએ તા. ૨૬/૧ની રાત્રે પલંગ પર પોઢ્યા બાદ ઓરડાનાં ઝાંખાં અજવાળાંમાં ડૉક્ટર સાથે દસેક મિનિટ સુધી વિમર્શ કર્યો. એક હરિભક્તનું આટલું જતન કર્યા બાદ જ તેઓની આંખો મીંચાઈ.

આખી જિંદગી સીધા જ ચાલ્યા છીએ

તા. ૩૦/૧ની રાત્રે સ્વામીશ્રીના ભોજનનો સમય થતાં સંતો તેઓના ઓરડામાં દાખલ થયા. તે સમયે તકિયે અઢેલીને બિરાજેલા સ્વામીશ્રી એક તરફ સહેજ ઝૂકી ગયેલા, પરંતુ જમવામાં આ મુદ્રા માફક ન આવે તેથી નારાયણચરણદાસ સ્વામીએ પૂછ્યું: 'સીધું બેસવું છે?'

'આખી જિંદગી સીધા જ બેઠા છીએ અને સીધા જ ચાલ્યા છીએ.

આડા ક્યાં બેઠા છીએ ?' સ્વામીશ્રી મર્મમાં બોલ્યા.

કોઈનેય હાલાકી પહોંચાડ્યા વિના વીતેલું તેઓનું જીવન કેવળ અભિનંદનનું અધિકારી જ નહીં, પરંતુ અભ્યાસનો વિષય પણ ખરું !

આવું અલૌકિક જીવન જીવનારા સ્વામીશ્રી તા. ૩૧/૧ની સવારે અક્ષર ભુવનની અગાશીમાં પધાર્યા ત્યારે સંતો *'માગો માગો ભગતજી આજ...'* કીર્તન ગાવા લાગ્યા. તેની પ્રત્યેક પંક્તિએ પ્રાસંગિક ઉપદેશ કે લટકાં દ્વારા સુખ આપતા સ્વામીશ્રીને નિહાળી સૌ આનંદ માણી રહેલા. તે જ વખતે કીર્તનમાં કડી ગવાઈ કે *'તમે ગુરુ ક્યાંના છો વસનાર, તમારું ઘર ક્યાં ત્યાં જઈએ...'*

આ સાંભળી સંતોએ પૂછ્યું : 'સ્વામી ! આપનું ઘર ક્યાં છે ?'

'અમે તો રખડતા છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ ઉત્તરમાંથી વિરલ પરિવ્રાજક સમા તેઓની અલમસ્તાઈ છલકાઈ ઊઠી.

મોહે લાગી લટક ગુરુચરનન કી

તા. ૨/૨ની સવારે મંદિરમાં દર્શન માટે લિફ્ટ દ્વારા નીચે ઊતરી રહેલા સ્વામીશ્રીએ વચ્ચે વચ્ચે આવતી દીવાલો પર પડેલા ડાઘા તરફ લિફ્ટના સંચાલક રામસ્વરૂપદાસ સ્વામીનું ધ્યાન દોર્યું. તે સાંભળી એ સંતે જણાવ્યું કે 'સત્સંગી ન હોય એવા લોકો મળવા આવે ત્યારે તેઓ દીવાલ પર પાનની પિચકારી મારી ગંદું કરે છે.'

'એ લોકોને જેમ બગાડવાની ટેવ છે, એવી સ્વચ્છ રાખવાની ટેવ આપણે પણ પાડવી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ અનિષ્ટને ઈષ્ટથી પડકારવાનું શીખવતા; બુરાઈને ભાંડવા કરતાં ભલાઈને અપનાવવા પર ભાર મૂકતા; અંધારાને વખોડવાને બદલે દીવાને પ્રગટાવવાની પ્રેરણા આપતા.

આ વલણ સાથે વિચરતા સ્વામીશ્રીને વિશ્રામલીલા દરમ્યાન ટ્રેડમિલ મશીનની સાથે સાથે જમીન પર પણ થોડું થોડું ચલાવવામાં આવતા. આ ક્રમ તા. ૪/૨ની બપોરે બાર વાગ્યે ચાલુ થયો. પરંતુ આજે સ્વામીશ્રીએ ડૉક્ટરને કહ્યું : 'આ રીતે ચાલીએ એટલે પગની પિંડીઓ ખેંચાતી હોય એ રીતે દુઃખે છે અને દસ-પંદર દિવસે ક્યારેક ચાલતી વખતે ડોકમાં બે-ત્રણ સેકન્ડ માટે

સણકો લાગી જતો હોય એવું અનુભવાય છે. આજે જ એમ થયું.'

સ્વામીશ્રીનું આ બયાન નવી ચિંતા જન્માવી ગયું. તેથી તેના ઉપચાર આજથી જ શરૂ થઈ ગયા. પરંતુ તેમાં એક બાજુ ટ્રીટમેન્ટ ચાલતી હોય અને બીજી તરફ સ્વામીશ્રી દોઢેક કલાકમાં પચાસ પાનાંની સરેરાશથી 'લિ. શા. યજ્ઞપુરુષદાસ' પુસ્તકના પઠનમાં એવા તલ્લીન થઈ જાય કે જાણે કોઈ કષ્ટ જ નથી! સારવાર પૂરી થયા બાદ પણ તેઓ વાંચનમાં ચાલતા પ્રસંગ કે પ્રકરણની ઇતિશ્રી ન થાય ત્યાં સુધી પુસ્તક ન છોડે.

ગુરુની ગુણગાથા સંબંધી આ લગની સાથે તેઓએ તા. ૧૧/૨ના રોજ યજ્ઞપુરુષ જયંતી ઊજવી. વસંત પંચમીના આ દિવસે સ્વામીશ્રી હરિમંદિરમાં પધાર્યા ત્યારે ત્યાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવેલી. તેની સમક્ષ તેઓનાં પ્રાસાદિક પુસ્તકો તથા ખેસ પણ મૂકેલાં. તે જોઈ સ્વામીશ્રીએ વ્હીલચેર નજીક લેવડાવી અને સ્વહસ્તે શાસ્ત્રીજી મહારાજના ભાલ પર ચંદનની અર્ચા કરી અક્ષત ચોડ્યા.

ગુરુપૂજનનો આ લાભ લઈ તેઓ મંદિરમાં દર્શન બાદ ઉતારે પધાર્યા ત્યારે અહીં તા. ૧૩/૨ના રાત્રિભોજન દરમ્યાન યોગીજી મહારાજનો વીડિયો શરૂ કરવામાં આવ્યો. તેમાં આવતાં છબીઓ અને દૃશ્યોને યોગીજી મહારાજ સંબંધી કીર્તનોના શબ્દો અનુસાર ગોઠવવામાં આવેલાં, પરંતુ ઉપલબ્ધ સામગ્રી ઓછી હોવાને કારણે એકની એક છબીઓ કે દૃશ્યોનું પુનરાવર્તન ઘણું થતું.

તેની ચર્ચા દર્શકોમાં અંદરોઅંદર થવા માંડી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભલે એકનાં એક દૃશ્યો વારે વારે આવે, પણ જોગીબાપા એવા હતા કે ગમે એટલું જોઈએ તોય કંટાળો જ ન આવે. આનંદ ને આનંદ જ રહે. અલમસ્ત મૂર્તિ હતા.'

સ્વામીશ્રીને ગુરુના પ્રત્યેક ચરિત્ર અને છબી નવાં ને નવાં જ રહેતાં.

અક્ષર ભુવનની અગાશીમાં રાસની રસલહાણ

તા. ૨૧/૨ની સાંજે પોણા છ વાગ્યે સ્વામીશ્રી અગાશીમાં પધાર્યા ત્યારે રાસોત્સવનાં પદ *'સખી ગોકુળ ગામના ચોકમાં...'*નું ગાન શરૂ થયું. તે જ વખતે ઠાકોરજીનું પણ આગમન થતાં હવે આવનારા એક વિશિષ્ટ પ્રસંગની આલબેલ પોકારાઈ ગઈ. તેમાં ઠાકોરજીની થાળીમાં રહેલા બે

દાંડિયા ઈજનરૂપ બન્યા. તેથી બે સંતો હીંચ સાથે રાસરમણ માટે ઊભા થતાં જ પૂર્વ-આયોજન મુજબ દાંડિયાના ઢગલા પરનો પડદો હટી ગયો. તે જોઈ સ્વામીશ્રી પણ ઊલટમાં આવી ગયા અને સંતોને સામેથી જ ઈશારા કરી રાસવર્તુળમાં સામેલ થવા આજ્ઞા આપી. તેને સહર્ષ ઝીલી સંતો રાસવૃંદમાં જોડાતાં ખરેખરી રસલહાણ મચી ગઈ. આજે કળા ઉપર ઉત્સાહે આધિપત્ય જમાવી દીધું હોવાથી રાસ રમવાની આવડત-અણઆવડત ધરાવનારા સૌ આ રસગંગોત્રીમાં ઝંપલાવવા માંડ્યા.

મધ્યમાં બિરાજેલા સ્વામીશ્રી અને ઠાકોરજીની આસપાસ ઘૂમરાતા આ રાસના મહેરામણમાં, તાળીના તાલે સ્વામીશ્રી ઉત્સાહનાં મોજાં પ્રસરાવવા લાગ્યા. આ દૃશ્ય જોવા અસ્તાચળે ઢળવાની તૈયારી કરી રહેલો સૂર્ય પણ આકાશની અટારીએ ઘડીભર સ્થગિત થઈ ઝળૂંબી રહ્યો. એ જ વખતે સ્વામીશ્રીના હાથમાં બે દાંડિયા આપવામાં આવ્યા. તે દ્વારા સ્વામીશ્રી પ્રથમ તો એક હાથે પકડેલા દાંડિયાથી બીજા હાથમાં રહેલા દાંડિયા પર તાલ દેવા લાગ્યા, પરંતુ હૈયું હાથ ન રહેતાં તેઓ રાસમાં ઘૂમી રહેલા સંતો આગળથી પસાર થતાં થતાં બે દાંડિયા વડે સંતોને તાલ દેતા ગયા. તેથી ઘૂમતો રાસ સ્થિર થઈ ગયો અને વ્હીલચેરમાં બિરાજેલા સ્વામીશ્રી ફરવા લાગ્યા.

આ રીતે રાસમંડળમાં સામેલ એક-એક સંત સાથે પાંચ-પાંચ વાર તાલ આપી સ્વામીશ્રીએ રસની રેલમછેલ મચાવી દીધી. તે જોઈ ઢોલ પર જોર-જોરથી ટીપાતી દાંડીઓના સંગે આજની પૂનમે સૌના હૈયે આનંદની ભરતી ચઢી રહી. અડધો કલાક સુધી ચાલેલો સ્વામીશ્રીનો આ રાસોત્સવ સૌને અનેરી રસાનુભૂતિ કરાવી ગયો. તેથી સ્વામીશ્રી ઉતારે પધારી ગયા પછી પણ ક્યાંય સુધી આ સુખસાગરના તરંગો ઊછળતા જ રહ્યા.

નીતિ-નિયમ એ સૌથી મોટું ભૂષણ

તા. ૨૧/૨ની સવારે સ્વામીશ્રીને મળવા આવેલા શ્રી કામથ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના ચેરમેન તથા નિયામક હોવા છતાં પ્રત્યેક પૂનમે આપણા મંદિરે દર્શન માટે આવવાની ટેકવાળા. તેની સાથે તેઓ સ્વામીશ્રીએ આપેલી નીલકંઠવર્ણીની મૂર્તિને પણ પોતાના ઘેર રાખી રોજ તે પર અભિષેક કરે. આ પ્રતિમાને તેઓ આજે સાથે લઈ આવેલા. તે પર સ્વામીશ્રીએ જળ ચઢાવ્યું.

આ કૃપાવર્ષાથી ભીંજાયેલા શ્રી કામથને તાજેતરમાં જ પદ્મભૂષણનો ખિતાબ એનાયત થયેલો. તે વાત સંતોએ જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનરૂપી રત્ન મળ્યું છે એટલે હવે બીજાં રત્નો પણ મળશે. મૂળ નીતિ-નિયમ છે એ સૌથી મોટું ભૂષણ છે और सब से बड़ा इल्काब भगवान का है।' આમ કહી સ્વામીશ્રીએ તેઓને માળા આપી રોજ ફેરવવાની વાત કરી. તેઓએ જાણે પદ્મભૂષણથી અલંકૃત મહાનુભાવને ભક્તિભૂષણથી પણ મઢી દીધા.

લક્ષ્મી લાડ લડાવે

તા. ૨૨/૨ની સવારે નાના વાઘછીપા, રાબડી અને રોહિણાનાં મંદિરોની મૂર્તિઓમાં વેદવિધિપૂર્વક દૈવત આરોપ્યા બાદ સ્વામીશ્રીએ તા. ૨૪/૨ના રોજ તેજલાવ, જાતમાંડવા, ઓરવણ, સરૈયા, કુડવેલ અને કોથા ગામનાં મંદિરોની પ્રતિમાઓમાં પણ પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

આ વિધિના અંતે તેઓએ આરતી માંગી ત્યારે સંતોએ કહ્યું : 'એ વડીલ સંતોના હાથે થઈ ચૂકી છે.' છતાં સ્વામીશ્રી આરતી ઉતારવાનો આગ્રહ સેવતાં બોલ્યા : 'આપણે હરિભક્તોના ગામ સુધી તો જઈ શકતા નથી, માટે આરતી તો કરવી જોઈએ ને ! આપણે ના હોઈએ તોય બધું થઈ જાય, પણ આટલું તો રાખવું જ !'

તેઓની આ મરજી જોઈ આરતીની ઝળહળ જ્યોત પ્રગટી ઊઠી. તે પૂર્ણ થયા પછી સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને ભલામણ કરી કે 'આ બધાં ગામોમાંથી આવેલા હરિભક્તોને જમાડી દેજો ને બધાને પ્રસાદ આપજો.'

અસ્વસ્થ તબિયતમાં પણ ભક્તોની કાળજી લેવાની સ્વામીશ્રીની વૃત્તિ લેશ શિથિલ નહોતી જણાતી.

તેથી આજે તેઓએ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની સાથે, સત્સંગી શ્રી રોહિતભાઈ અજમેરાના મકાનમાં સ્થપાનારા વાસ્તુવિધિના કળશમાં પુષ્પો તો પધરાવ્યાં, પણ તેઓ મૂર્તિઓ સમક્ષ ગોઠવાયેલો અન્નકૂટ જોઈ બોલ્યા : 'કાગળ લાવો.'

સ્વામીશ્રીની આ સૂચનાનું રહસ્ય પામી ગયેલા સેવકોએ કહ્યું : 'અમે પ્રસાદ આપી દઈશું.'

આ સાંભળતાં સ્વામીશ્રીએ સ્વયં સહેજ આગળ ઝૂકીને અન્નકૂટમાંથી મોહનથાળનાં પાંચ ચકતાં જાતે ઉપાડ્યાં અને તેને પેલા યુવકના હાથમાં

મૂકતાં સંતોને કહ્યું: 'હવે કાગળ લાવી એને આપી દેજો.'

પોતાના હાથ ખરડીને પણ સ્વામીશ્રીએ એક યુવકને મમતાનું મધુરું પાન કરાવી દીધું.

તેઓનાં આવાં સ્નેહ અને સૂઝનો વધુ એક આહ્લાદક અનુભવ આજની બપોરને મળ્યો.

આ સમયે સ્વામીશ્રી સમક્ષ પત્રો વાંચી રહેલા ધર્મચરણદાસ સ્વામીએ એક યુવાને લખી મોકલેલી ગઝલનો પાઠ શરૂ કર્યો, પરંતુ આ પઠન જ્યાં આરંભાયું ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'લાવો, હું વાંચી લઉં છું. તમે રહેવા દો.' આમ કહી સમગ્ર કાવ્ય જાતે વાંચ્યા બાદ તેઓએ કહ્યું: 'પેન આપો.'

'સહી કરવાની જરૂર નથી.'

'લાવો ને! કરી દઈએ.' આમ કહી પત્રોની સાથે ભક્તોના મનને પણ વાંચતા સ્વામીશ્રીએ આજે પાડી આપેલા હસ્તાક્ષર પેલા યુવાનના કાગળની સાથે તેના કાળજે પણ કોતરાઈ ગયા હશે ને!

શાસ્ત્રોના વિચાર તે આશ્રિતોનો આચાર

આ અરસામાં સ્વામીશ્રીની પિંડી, સાથળ, કેડ અને ગરદનમાં થતા દુખાવાની સારવારરૂપે ચાલતી ફિઝિયોથેરાપીની ટ્રીટમેન્ટ તા. ૨૪/૨ના રોજ પૂર્ણ થઈ. તે વખતે આ ઉપચાર કરનારા ડૉ. બાલમુકુંદે ત્રણ-ચાર કસરતો બતાવી સ્વામીશ્રીને કહ્યું: 'આ પ્રમાણે રોજ વ્યાયામ કરજો. સો ટકા સારું કરી દેવું છે.'

'સવા સો ટકા કરવું છે.' કેફથી પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી બોલ્યા. તેથી સૌમાં આશાનો સંચાર થઈ ગયો.

આ આશાતંતુ પર સરકી રહેલા સમયચક્રમાં તા. ૭/૩ના દિવસે સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ ઉતારે પધાર્યા ત્યારે અહીં ઊભેલા લંડનવાસી યુવક શ્રી કમલેશ પટેલને જોઈ તેઓએ પૂછ્યું: 'કેમ છે?'

'બસ! અહીં મીડિયામાં પ્રવચન આપવા માટે આવ્યો હતો.'

'તો એમાં ભગવાન સ્વામિનારાયણની વાત કરજે પાછો. કોઈ પણ વાત હોય એમાં આપણી બી.એ.પી.એસ.ની વાત કરવી જ.' સ્વામીશ્રીએ કહ્યું.

સત્સંગ ફેલાવવાના આ ઉમંગ સાથે પળે-પળ વિતાવતા તેઓનું સ્વાસ્થ્ય બે મહિનાની વિશ્રામલીલા દરમ્યાન ઘણી સ્થિરતા મેળવી ચૂકેલું. તેથી

હવે સ્વામીશ્રીએ મુંબઈથી પ્રસ્થાનની તૈયારી કરી લીધી.

તે જોઈ તા. ૯/૩ની સાંજે આવેલા નિષ્ણાત તબીબોએ તેઓને આટલી સૂચના તો આપી જ કે 'પહેલાં આપ જેમ એકદમ પ્રવૃત્તિમય રહેતા હતા એની જગ્યાએ હવે શારીરિક શ્રમ પર નિયંત્રણ મૂકી દેજો. જ્યાં તબીબી સારવાર મળતી ન હોય એવાં ખૂબ અંતરિયાળ સ્થાનોમાં વિચરણ ન ગોઠવવું. કોઈ ઇન્ફેક્શન ન લાગે એ જોવું. વૉકિંગ પણ સતત ચાલુ રાખવું, એક પણ દિવસ મૂકવું નહીં. કોઈ પણ પ્રકારનો થાક ન લાગે એ રીતે શારીરિક દિનચર્યા ગોઠવવી.'

આ સલાહને સ્વીકારી સ્વામીશ્રી આજની રવિસભામાં પધાર્યા ત્યારે તેઓ ઘણા લાંબા સમય બાદ જાહેર-સભામાં દર્શન દેતા હોવાથી ભક્તોએ પ્રચંડ જયનાદો ગજવી ગુરુહરિને વધાવ્યા. સૌની આ લાગણી વડીલ સંતોએ પુષ્પહારો દ્વારા સ્વામીશ્રીના કંઠમાં આરોપી. આ પ્રસંગે સ્વામીશ્રીની સારવારમાં જહેમત ઉઠાવનારા દાક્તરોને પણ સ્મૃતિભેટ આપી સન્માનવામાં આવ્યા. આ સત્કારવિધિ બાદ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાન શ્રીજીમહારાજની કૃપાથી, શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજની દૃષ્ટિ ને આશીર્વાદથી તથા ડૉક્ટરોના દાખડાથી બધું સારું થયું છે. સત્સંગમાં એટલું જ કરવાનું છે કે આત્મા એ આપણું સ્વરૂપ છે. એ જો આપણે માનીએ તો અહં-મમત્વ જતા રહે. 'હું' ભાવ ટળી જાય કે આ દુનિયાની કોઈ મહત્તા છે જ નહીં. 'સેવક છીએ, દાસ છીએ, આત્મા છીએ' એમ માની ભગવાનની ભક્તિ કરીએ તો એનાથી શાંતિ થાય છે.'

સ્વામીશ્રીએ આજે પીરસેલું આત્મતત્ત્વનું આ અમૃત જાણે પી-પચાવીને બેઠા હોય એવી સ્વસ્થતા સાથે તા. ૧૦/૩ની સવારે વિલાયતવાસી પ્રજ્ઞાચક્ષુ ભક્ત મનસુખભાઈ લાલજી સ્વામીશ્રીને જ કહેવા લાગ્યા : 'મને ડાયાબિટીસ છે, પણ નો પ્રૉબ્લેમ ! આંખ ગઈ, પણ નો પ્રૉબ્લેમ ! જે પ્રૉબ્લેમ (પ્રશ્ન) છે એ શરીરને છે, પણ આપનો આશરો, આપની મૂર્તિ અને આપની આ કંઠી મારા જીવમાં ઊતરી ગઈ છે.'

એક અંધ ભક્તની આ કેફિયત સ્વામીશ્રીનો પરિચય આપી ગઈ. શાસ્ત્રોના વિચારોને આશ્રિતોનો આચાર બનાવી દેવામાં સ્વામીશ્રીની મહત્તા અને વિશેષતા હતી.

પહેલેથી જ પ્રકૃતિ એવી

આ અરસામાં ટ્રેડમિલ મશીન પર સ્વામીશ્રીનું ભ્રમણ ત્રણ તબક્કામાં થતું. તે ક્રમમાં તેઓ પ્રથમ છ મિનિટ ચાલી દસ મિનિટનો વિશ્રામ લેતા. વળી, દસ મિનિટ ચાલી પાંચ મિનિટનો વિશ્રામ લેતા અને તે પછી નવ મિનિટનું ભ્રમણ કરતા.

તે મુજબ ચાલતો વ્યાયામ તા. ૧૦/૩ની સાંજે શરૂ થયો, પણ આજે પહેલા તબક્કાનું છ મિનિટનું ભ્રમણ પૂરું થતાં મશીન બંધ કરવાની પ્રક્રિયામાં સેવક દ્વારા ત્રણ સેકન્ડનો ફેર પડ્યો. તે તરફ સ્વામીશ્રીએ ધ્યાન દોર્યું ત્યારે યોગીચરણદાસ સ્વામીએ કહ્યું: 'બે-ત્રણ સેકન્ડમાં કંઈ વાંધો નહીં.'

'વાંધો તો ખરો જ ને!' સ્વામીશ્રી બોલ્યા.

સમયપાલનમાં ચોક્કસ રહેતા તેઓને એક સેકન્ડનો વિલંબ પણ ન પોષાતો.

આ ચીવટ સાથે વર્તતા સ્વામીશ્રી પર આ સમયે એક સંસ્થાકીય છાત્રાલયમાં રહેતા યુવકનો પત્ર આવેલો. મોકલનારાના નામ વગરના એ ટાઈપ કરેલા કાગળના એક-એક શબ્દમાં શિકાયતનો સૂર હતો. આ પત્ર સ્વામીશ્રીએ એક સંબંધિત સંત પર મોકલી ખુલાસો મંગાવેલો. તે સંદર્ભનો ફૅક્સ તા. ૧૧/૩ના રોજ સ્વામીશ્રીને મળ્યો. તેને વાંચી તેઓએ એ સંતનો ફોન દ્વારા સંપર્ક સાધી કહ્યું: ''તમે જે નિયમ ગોઠવ્યા છે તે બરાબર છે. જાણ માટે પુછાવ્યું હતું. હવે 'આ ફરિયાદ કોણે કરી અને કેમ કરી?' એની તપાસ કરવાની જરૂર નથી. કોઈને કાંઈ કહેવાનું નથી.''

વાતના તળિયે પહોંચવું, છતાં તેનો છેડો આવતાં તેને છોડી તરત અળગા થઈ જવું – સ્વામીશ્રીની આ ખાસિયત.

તે સાથે મુંબઈમાં ૭૨ દિવસનું સુદીર્ઘ રોકાણ કરી તેઓ હવે અહીંથી વિદાય લેવાના હતા. તેથી તા. ૧૨/૩ની વાળુવેળાએ સ્વામીશ્રી સમક્ષ બેઠેલા કેટલાક સ્થાનિક સંતો પોતે જે માણ્યું-જાણ્યું તે ઉમળકાભેર કહેવા લાગ્યા.

તે અનુસાર એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'અહીં આપ રોજ રાત્રે પોઢતાં પૂર્વે બાથરૂમમાં પેશાબ-પાણી કરવા પધારતા. તે વખતે આપ જ્યારે બાથરૂમમાંથી બહાર નીકળો ત્યારે જાતે જ બત્તી બંધ કરતા. તેથી બત્તી બુઝાવી દેવાની આશા સેવી રોજ બાથરૂમના બારણે ઊભા રહેતા સંતને આ ચાંપ

દબાવવાની તક એકેય દિવસ હાથમાં જ ન આવી! આપ બાથરૂમમાંથી બહાર નીકળો અને તે સંત ચાંપ બંધ કરે તે બંને ક્રિયાની વચ્ચે માંડ બે-એક સેકન્ડ પસાર થવાની શક્યતા હતી, પરંતુ આટલા અલ્પ સમય માટે પણ આપે વીજળી વેડફાવા ન દીધી અને સતત બે મહિના સુધી જાતે જ ચાંપ બંધ કરતા રહ્યા.'

'પહેલેથી જ પ્રકૃતિ એવી કે લાઇટ બંધ કરી દઈએ.'

'પણ આપ જાવ ને બીજા બત્તી બંધ કરે એમાં બે જ સેકન્ડ વીતવાની હતી.'

'કો'ક વળી ભૂલી જાય! આપણે તો બધા ઓલિયા પુરુષો! એટલે આપણે જાતે જ બંધ કરી દઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

એક વિશ્વસ્તરીય સંસ્થાના ૮૭ વર્ષીય પ્રમુખ સમા તેઓમાં સધાયેલો ચીવટ, કરકસર અને સેવાભાવનાનો આ ત્રિવેણી સંગમ પ્રયાગ જેટલો જ પવિત્ર હતો.

અમૃતધારાનો નૂતન પ્રકાર

તા. ૧૩/૩ની સવારે સ્વામીશ્રી ભાવનગર ભણી જવા તત્પર થયા ત્યારે સમગ્ર મંદિર-પરિસર વિદાય આપવા ઊમટેલી ભક્તભીડથી ભરચક થઈ ગયેલું. આ સૌ સત્સંગીઓ આ વખતે સ્વામીશ્રીના નવા સામર્થ્યનો અનુભવ પામ્યા હોવાથી વિશેષ આકર્ષણ અનુભવી રહેલા. અગાઉ તો જ્યારે જ્યારે સ્વામીશ્રી પધારતા ત્યારે તેઓનાં ભોજન અને ભ્રમણ, મીટિંગ અને મુલાકાત કે સભા અને શયનના સમયે સ્વામીશ્રી સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ, સ્પર્શ, પ્રસાદ વગેરેનાં સુખડાં ભરપેટ માણવા મળતાં; પરંતુ આ રોકાણ દરમ્યાન તબીબી તકેદારીના કારણે એકેય હરિભક્ત ભોજન-દર્શન કે ભ્રમણ-દર્શનના અધિકારી બન્યા નહોતા. આ દર્શન માટે સંતો પણ પાંચ-પાંચની મર્યાદિત સંખ્યામાં જ સદ્‌ભાગી થયેલા. શયન-દર્શનથી તો સંતો-ભક્તો સૌ વંચિત રહેલા.

મુલાકાતોમાં પણ સ્વામીશ્રી સવારે મંદિરમાં પધારે ત્યારે જરૂરિયાતમંદોને એક હરોળમાં બેસાડી દેવાતા. તે તે ભક્તો-ભાવિકો પાસેથી ખુરશીમાં બેસી સ્વામીશ્રી પસાર થાય ત્યારે સંતો તેઓના પ્રશ્ન રજૂ કરી માર્ગદર્શન મેળવતા. તેને જે-તે ભક્તને જણાવવામાં આવતું.

મીટિંગના નામે તો મોટું મીંડું જ નોંધાયેલું અને સત્સંગ-સભામાં પણ સ્વામીશ્રી ૭૩ દિવસ દરમ્યાન એક જ વાર પધારેલા. જીવતરની મહામૂડી

સમા સ્વામીશ્રીનાં પૂજાદર્શન પણ આ સમયે દોહ્યલાં રહેલાં.

છતાં આશ્ચર્ય એ રહ્યું કે એકેએક ભક્ત તૃપ્તિના ઓડકાર ખાઈ રહેલો, કારણ કે રોજ સવારે થતી સ્વામીશ્રીની માત્ર ઝાંખીથી પણ દરેકને શાંતિનો અનુભવ હાથવગો થતો ચાલેલો. આ દર્શનમાં જ સૌને સ્વામીશ્રીનો સ્પર્શ અને પ્રસાદ પામ્યાની અનુભૂતિ મળતી રહેલી. સુખ આપવાની સ્વામીશ્રીની ક્ષમતા સીધા સંપર્કની ઓશિયાળી નથી તે રહસ્ય આ રોકાણ દરમ્યાન સમગ્ર સત્સંગ પામી ચૂક્યો. તેથી તેઓનો લાભ લેવા ઊભી થયેલી આ નવી વ્યવસ્થા કોઈને ન કઠી.

આ રીતે પોતાની અમૃતધારાના એક નૂતન પ્રકારમાં સૌને ઝબકોળતા સ્વામીશ્રી તા. ૧૩/૩ની બપોરે ૧૨:૩૭ વાગ્યે ભાવનગરના હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે મેયર સહિત શહેરના કંઈક અગ્રણીઓ સત્કારમાં ઉપસ્થિત હતા. તેઓનું અભિવાદન ઝીલી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં પણ ભાવનગરી ભક્તોનો ભાવ પૂરેપૂરો છલકાઈ રહ્યો. તે સ્વીકારતા સ્વામીશ્રી તા. ૧૬/૩ની રવિસભામાં ખૂબ રેલ્યા.

ભગવાન આ દુનિયામાંથી જતા જ નથી

રવિસભામાં બાળકોએ રજૂ કરેલા નૃત્યમાં ગુંજેલી *'આવો આવો પ્રમુખસ્વામી...'* પંક્તિનો જ સંદર્ભ લઈ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

"બાળકોએ નૃત્યમાં *'આવો આવો...'* કહ્યું તે ઠેઠ મુંબઈથી અહીં ખેંચાણા. ભાવ એ મોટી વસ્તુ છે. બીજું, સંપ-સુહૃદભાવ-એકતા એ આ મંડળમાં જોવા મળે છે કે આજે આટલા મોટા સમૂહમાં દર રવિવારે આપ બધા આવો છો. સત્સંગ જેને નથી એને દુનિયામાં હરવું-ફરવું, મોજમજા કરવી એ સિવાય બીજો લાભ નથી. પણ આપણે બ્રહ્મરૂપ છીએ એટલે બ્રહ્મને કોઈ નાત નથી, જાત નથી, કુટુંબ નથી, મારું-તારું નથી, દેશ નથી. એ માન્યું હોય તો પછી કોઈ પ્રકારનો શોક નહીં. ગમે એટલી વસ્તુ આવે, જતી રહે, કોઈ લઈ લે, તો પણ એની જરાય ચિંતા નહીં કે 'કેમ જતું રહ્યું? મારું લઈ ગયા?' પણ આપણું હતું જ નહીં.

જન્મ્યા ત્યારે કંઈ લઈને આવ્યા'તા? મુઠ્ઠી વાળીને એ... એ... કરતાં રડતાં રડતાં આવ્યા ને પછી જઈશું ત્યારે નનામીમાં હાથ ખુલ્લા રાખશે કે 'જુઓ ભ'ઈ! હું બહુ કમાયો પણ મૂકીને જઉં છું.' આમાં મારું ક્યાં રહ્યું?

'ભગવાને આપ્યું છે ને ભગવાનનું છે' એમ માનીએ તો શાંતિ રહે, પણ મારું મનાય તો દુઃખ. આપણા છોકરાને કોઈ મારે તો દુઃખ થાય. તરત દોડીએ ને તકરાર કરીએ; પણ ગામના સારા, પ્રતિષ્ઠિત માણસના છોકરાને કોઈ મારે તો શું કહીએ ? રખડતો હશે તે માર્યો હશે ! એનાં મા-બાપે ખ્યાલ રાખવો જોઈએ ને કે રખડતો શું કરવા મૂક્યો ? એટલે 'મારું' માનશો તો દુઃખ થવાનું જ છે. ભગવાને શરીર આપ્યું છે તો એના માટે વહેવાર-સંસાર, નોકરી-ધંધો કરવો પડે, પણ એક નજર તો રાખવી જોઈએ કે 'આ બધું મૂકીને હું જવાનો છું.'

બીજું, ભગવાન સર્વકર્તા છે એટલું આપણે સમજીએ. ભગવાન આ દુનિયામાંથી જતા જ નથી. છે, છે ને છે જ !''

એકધારો ચોવીસ મિનિટ સુધી આ અમૃતમેઘ વરસાવ્યા બાદ રાત્રિ-ભોજન માટે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ સંતપ્રકાશદાસ સ્વામીએ પોતાના વિચરણનો અહેવાલ આપતાં જણાવ્યું : 'ગુપ્તપ્રયાગમાં લગાડેલી તકતીમાં લખ્યું છે કે – નીલકંઠવર્ણી અને પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા છે.'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પણ પધારેલા – એય લખવાનું !' ગુરુનું નામ આગળ ધરતાં સ્વામીશ્રી બોલ્યા.

તે પછી તુલસીશ્યામમાં પણ તકતી ચોડવાની વાત થતાં તેઓએ કહ્યું : 'નીલકંઠવર્ણી એટલે ભગવાન સ્વામિનારાયણ – એવું પણ લખવું, નહીં તો લાગે કે નીલકંઠવર્ણી કોણ હશે ?'

જે તે વિગત યથાર્થ રૂપમાં અન્ય સુધી પહોંચે તે માટે જરૂરી તમામ ચોકસાઈ સ્વામીશ્રી રાખી જાણતા. તેઓનાં આંખ-કાન તળેથી પસાર થયેલા લખાણમાં કોઈ જ ત્રુટિ બચવા ન પામતી.

દેઈ દર્શન ને દુઃખ ભાંગે રે

ભાવનગરના રોકાણ દરમ્યાન તા. ૧૭/૩ની સવારે સ્વામીશ્રીએ સ્થાનિક વ્યવસ્થાપક સોમપ્રકાશદાસ સ્વામીને કહ્યું : 'રિશુભાને દર્શને બોલાવી લો. છેલ્લાં દર્શન થઈ જાય. તે બીમાર છે.'

આ સાંભળી એ સંત ચોંક્યા, કારણ કે પોતાના વિસ્તારની જે બાબત દૂર દૂર વિચરતા સ્વામીશ્રીના ખ્યાલમાં હતી તેથી તેઓ અજાણ હતા. તેથી ઘડીભર તો એ સંત સ્વામીશ્રીની ભક્તવત્સલતામાં ખોવાઈ ગયા.

તે જ વખતે સ્વામીશ્રીના મુખેથી શબ્દો ફૂટ્યા : 'જો એ હરિભક્ત

માંદગીને લીધે આવી શકે એમ ન હોય તો અહીંથી બે સંતોને ગાડી સાથે મોકલી આપો, પણ આજે સાંજે આવી જાય એમ કરો.' એક ભક્તના ભવિષ્યને ઘાટ આપતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ આ અરસામાં મુલાકાતોનું આયોજન કેવળ સવારે જ રાખવાનો શિરસ્તો શરૂ થયો હોવાથી સંતો અવઢવમાં પડ્યા. તેઓએ સેવકોને આ વાત જણાવતાં અંતેવાસીઓએ સ્વામીશ્રીને પૂછ્યું: 'રિશુભા આવતીકાલે સવારે આવે તો ચાલશે?'

આ બાબતે સંમતિ મળતાં તા. ૧૮/૩ની સવારે એ હરિભક્તને સ્વામીશ્રી પાસે લાવવામાં આવ્યા. વ્હીલચેરમાં બેઠેલા તેઓ શરીરથી લથડી ગયેલા, છતાં સ્વામીશ્રીને શ્વેત પુષ્પોનો હાર પહેરાવવા આતુર થયા. પરંતુ સ્વામીશ્રીએ તે હાર પોતે લઈ લીધો અને રિશુભાના ગળામાં જ પહેરાવતાં બોલ્યા: 'બાપુ! શિર સાટે સત્સંગ કર્યો. હવે મહારાજની સેવામાં બેસી જાવ. મહારાજનું ભજન કરતા રહેજો. હવે આપણે બીજે ક્યાંય વૃત્તિ રાખવી નથી. જેમ રામસંગ બાપુ ધામમાં બેસી ગયા, એમ તમે પણ હવે બેસી જાવ.'

કોઈને પરગામ વળાવતા હોય તેટલી સાહજિકતાથી એક જીવને પરલોક મોકલવાનું આયોજન સ્વામીશ્રીએ ગોઠવી દીધું!

પરંતુ આ સમયે રિશુભા ઓછું સાંભળતા હોવાથી સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા યોગવિજયદાસ સ્વામીને તેઓના કાનમાં જોરથી બોલી પોતાનો સંદેશો સંભળાવવા કહ્યું. તે સંતે આમ કર્યું ત્યારે આદેશ શિરે ચઢાવતાં રિશુભા હાથ જોડી 'હા, બાપા!' બોલ્યા.

અને તેઓએ ઘેર જઈને એમ જ કર્યું! રિશુભાએ પોતાના ઓરડાની દીવાલો પર સ્વામીશ્રીની છબીઓ એ રીતે મુકાવી દીધી કે જે બાજુ નજર જાય તે તરફ સ્વામીશ્રી જ દેખાય.

આ રીતે બે દિવસ વીત્યા ત્યાં તા. ૨૦/૩ની વહેલી સવારે રિશુભાએ પોતાના દીકરા પાસે સ્વામીશ્રીની મૂર્તિ માંગી. તે છબીને પોતાની સન્મુખ રાખી તેઓ દર્શન કરવા લાગ્યા અને એ જ સ્થિતિમાં અક્ષરધામના પ્રવાસી બની ગયા.

તે જોઈ સૌને જામનગરનો કાર્યક્રમ મુલતવી રાખી ભાવનગરમાં થયેલું સ્વામીશ્રીનું આગમન વિશેષ અર્થપૂર્ણ ભાસી રહ્યું. તેની સાથે એક જમાનાની માથાફરેલી વ્યક્તિને પોતાના શરણે લઈ મુક્તની કક્ષા સુધી પહોંચાડનારા

તેઓનું સામર્થ્ય પણ સૌ માટે આશ્ચર્ય અને અહોભાવનો વિષય બની ગયું.

નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ માટે ગાયું છે કે –

'આવે એક બે ત્રણ દિન આગે રે, દેઈ દર્શન ને દુઃખ ભાંગે રે;
તેને આવી કહે એમ નાથ રે, તુંને તેડી જાશું અમ સાથ રે;
નહિ પડે તેમાં ફેર કાંઈ રે, નિર્ભય રે'જ્યે તું મનમાંઈ રે;
એમ આગેથી કહે અવિનાશ રે, તેણે મન મગન રહે દાસ રે;
એવી રીત સત્સંગમાંય રે, તેહ વિના બીજે નથી ક્યાંય રે...'[૧૬]

આ શબ્દો સ્વામીશ્રીના સાંનિધ્યમાં પણ સાકાર થતા રહેતા.

જનક જનની નિજ જનના

તા. ૧૮/૩ની બપોરે ભાવનગરથી વિદાય લઈ સારંગપુર પધારેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૧૯/૩ની સવારે મહંત સ્વામી આવી પહોંચ્યા. તેઓને મળતાંવેંત સ્વામીશ્રીએ કહ્યું : 'આપને ફરવાનું ઘણું રહે છે. બધા રાજી થાય છે.'

આ વખતે મહંત સ્વામીના સેવકોએ કહ્યું : ''અમે વિચરણ ઓછું રાખવાનું કહીએ તો તેઓ તરત આપની વાત કરે કે 'સ્વામીબાપાએ કેટલો ભીડો વેઠ્યો છે ! આપણું તો એમની પાસે કાંઈ નથી.' તેઓને અત્યારે રોજની ૨૩ ગોળીઓ લેવાની થાય છે.''

'મહંત સ્વામીને 'ટટ્ટુ દૂબળા, પણ અસવાર તાજા' જેવું છે !' સ્વામીશ્રી બોલ્યા.

ગુરુ-શિષ્યના આ સ્નેહસભર મિલનથી દર્શનાર્થીઓમાં જાગેલી ઊર્મિઓના તરંગોમાં તા. ૨૦/૩ની રાત્રે ઉછાળો આવ્યો.

આ સમયે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ તેઓએ પૂરેલા પરચાઓની ચર્ચા ઊપડી. આ વિષયના અનુભવી તો ઘરોઘર મળી આવે. તેથી સંતો દ્વારા એક પછી એક સ્વાનુભવો ઠલવાવા માંડ્યા. તેમાં એક સંતે ૧૯ વર્ષથી અંધાપો વેઠી રહેલા હરિભક્ત શ્રી મનુભાઈ મોદીને સ્વામીશ્રીની કૃપાથી પુનઃ દૃષ્ટિ મળ્યાની વિગત જણાવી. આ સત્સંગીને નિષ્ણાત નેત્ર-ચિકિત્સક ડૉ. વસાવડાએ કહી દીધેલું કે 'તમારી આંખમાં દૃષ્ટિ આવવી અશક્ય જ છે, છતાં એક વાર પ્રયત્ન કરી જોઈએ. જો રોશની પાછી આવે તો સમજજો કે તમારા ગુરુ પ્રમુખસ્વામીના આશીર્વાદ. ઑપરેશન નિષ્ફળ જાય તો મને

---

૧૬. યમદંડ : કડવું ૧૯.

દોષ ન દેતા.'

આ સ્પષ્ટતા સાથે એ તબીબે હાથ ધરેલી શસ્ત્રક્રિયા સફળ જતાં શ્રી મનુભાઈ ૧૯ વર્ષે ફરી ઉજાસ જોવા પામેલા!

પરંતુ આ વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા: 'એ ડૉક્ટરનું સરનામું મેળવી લો. આપણે પેલો છોકરો દેખતો નથી તો એને આ ડૉક્ટર પાસે મોકલીએ.' આમ કહી તેઓએ અંધ બાળક કુશલ સોલંકીની વાત જણાવતાં ઉમેર્યું: 'એ બીચારો જ્યારે આપણને મળે ત્યારે 'બાપા... બાપા...' કરતો ભેટી પડે છે. આપણને દયા આવી જાય. એ અંધ છે, પણ મહારાજ કૃપા કરે...'

આ અંધ બાળક સ્વામીશ્રીને છેલ્લે મળ્યો તેને તો આજે ત્રણેક વર્ષનો સમય વીતી ચૂકેલો, છતાં તેનું દુઃખ સ્વામીશ્રીની સાંભરણમાં હતું. જેમ આંખમાં ખૂંચતું કણ ન નીકળે ત્યાં સુધી નેત્રને ચેન ન પડે, તેમ ભક્તનું કષ્ટ ન ટળે ત્યાં સુધી તેઓને જંપ ન વળતો. તેથી જ તો ફૂલદોલોત્સવ નિમિત્તે એકત્રિત થયેલા હજારો ભક્તો વચ્ચે તેઓએ આ બાળકને યાદ કરી તેની આંખના બધા દાક્તરી રિપોર્ટ ઈ-મેઇલ દ્વારા મંગાવવાની સૂચના પણ સંતોને આપી દીધી.

નિજ જનના જનક-જનની સમા સ્વામીશ્રીના પ્રેમની પિચકારીમાંથી ઊડેલા આ કરુણાના રંગે સૌને ભીતર-બાહિર રંગી નાંખ્યા.

સમૈયો તહાં સારો ભરાયો

તા. ૨૧/૩ના રોજ આવેલી પ્રાગજી ભક્ત જયંતીની ઉત્સવ-સભામાં સ્વામીશ્રી સ્વાસ્થ્યના કારણસર પધારવાના નહોતા, પરંતુ આ ખોટને ભાંગતા તેઓએ પ્રાતઃપૂજા બાદ સામેથી જ માઇક મંગાવી સૌ પર અમૃતધારા વરસાવી દીધી. કોઈનાયે હૈયે વસવસો ન રહે એ રીતે વહાલ વેરવામાં કુશળ સ્વામીશ્રીએ તા. ૨૨/૩ના રોજ પણ આ રીત જાળવી રાખી.

ફૂલદોલના આ દા'ડે તેઓ ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે ઘનશ્યામ મહારાજના ખંડમાં રંગભરેલી કુંડીઓ અને પિચકારીની શોભા રચવામાં આવેલી. તેથી દર્શન બાદ સ્વામીશ્રીએ સામેથી જ રંગભરી પિચકારી માંગી ઠાકોરજીને રંગભીના કરી મૂક્યા.

આ જ ઉમંગ સાથે તેઓએ ૭૦,૦૦૦ ભક્તોને રંગવા સાંજે પોણા છ વાગ્યે ઉત્સવ-સભાના મંચ પર પદાર્પણ કર્યું ત્યારે અહીં ઊભેલી ૩૫ ફૂટ ઊંચી પિછવાઈ સંધ્યા સમયના આકાશી રંગોથી તરબતર હતી. મંચ પર

પણ સવા બસો વર્ષ પૂર્વેનાં વરતાલ અને સારંગપુરની શોભા આબેહૂબ ખડી કરવામાં આવેલી. તેને જોતાં જ શ્રીજીએ ઊજવેલા સંપ્રદાયના બે સ્મરણીય રંગોત્સવો માનસપટ પર ઊભરી આવતા હતા. એ સમૈયાઓનું આજે થનારું પુનરાવર્તન ઉપસ્થિત હજારો ભક્તોની પ્રતીક્ષાનો વિષય બનેલું. તેનો આરંભ સ્વામીશ્રીએ કરમાં પિચકારી પકડતાં જ થઈ ગયો.

બે સ્થિર પિચકારીઓની સાથે રિમોટ કંટ્રોલથી સંચાલિત અન્ય બે પિચકારીઓમાંથી છૂટતી સ્વામીશ્રીની રંગધારા સૌને દોઢેક કલાક સુધી તરબતર કરતી રહી.

સંભાળ લે સતસંગની

તા. ૨૨/૩ની રાત્રે ફૂલદોલોત્સવ ઊજવી મંદિરે પરત ફરી રહેલા સ્વામીશ્રીએ અંતેવાસીઓને પૂછ્યું કે 'ખાનદેશથી અઢીસો હરિભક્તો આવ્યા હતા એના ઉતારાનું શું થયું?' આજના દિવસે તેઓએ આ પૂછપરછ ચોથી વખત કરી.

આમ, સત્સંગની સદા સંભાળ રાખતા તેઓ તા. ૨૪/૩ની સવારે મંદિરમાં દર્શન કરી સ્મૃતિમંદિર તરફ જઈ રહેલા ત્યારે સમૈયો વીખરાઈ ગયો હોવા છતાં પરિસર હરિભક્તોથી હકડેઠઠ હતું. આ ભીડમાં તાજપુરના હરિભક્ત શ્રી લાલજીભાઈને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: '(પુરુષોત્તમ)દાસ કેમ દેખાતા નથી?'

'બાપા! એ કામ માટે સુરત ગયા છે.'

આ ખુલાસો સાંભળી આગળ વધેલા સ્વામીશ્રીની ચકોર નજરમાં સૌ ખોવાઈ જ ગયા. સ્વામીશ્રી અત્રે સારંગપુર પધાર્યા પછી વીતેલા છ દિવસમાં હજારો ભક્તોની અવર-જવર થઈ ચૂકેલી. તેમાં પણ એક ભક્તની ગેરહાજરી નોંધી તે સંબંધી પૃચ્છા કરતી સ્વામીશ્રીની દયા-દૃષ્ટિનું તો શું કહેવું!

તે સાથે તેઓ તા. ૨૫/૩ની સવારે ભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે સામે સદ્‌ગુરુ સંતો બેઠા. પરંતુ સ્વામીશ્રીને જોવામાં અને સાંભળવામાં સાનુકૂળતા રહે તે માટે પુસ્તક વાંચનારા સંત બરાબર સામે આવીને જ ગોઠવાયા. તે જોઈ સ્વામીશ્રીએ તેઓનું ધ્યાન દોર્યું કે 'પાછળ મહંત સ્વામી છે.'

આ ટકોરથી ચેતી ગયેલા એ સંત ભોળાભાવે બોલ્યા: 'મને તો વ્યવસ્થાપકોએ કહ્યું એટલે આવીને બેસી ગયો!'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'કોઈ ભલે કહે, પણ તમે ભણેલા છો. તમારે તો સમજવું જોઈએ ને! હું કહું છું કે બાજુમાં જઈને બેસી જાવ.'

મોટાની મર્યાદા મૂકી સૌ સરખા થઈને ફરે એ સ્વામીશ્રીની અણગમતી વાત. તેથી તેઓ મહિમાદૃષ્ટિની સાથે વિવેકદૃષ્ટિનું પણ દાન છૂટે હાથે કરતા રહેતા.

સર્વે ધર્મ તેણે સાચવ્યા

તા. ૨૭/૩ની સવારે રાયપુર ગામ તથા અમદાવાદના પરાં વિસ્તાર નિર્ણયનગરમાં તૈયાર થયેલાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત પૂર્યા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અહીં તેઓ આજની રાત્રે પત્રવાંચન કરવા બિરાજ્યા ત્યારે એક હરિભક્તના પત્રમાં દીકરીનું નામ પાડી આપવાની વિનંતી આવી. તે વખતે સ્વામીશ્રીએ પરિચારકને કહ્યું: 'તેઓને લખજો કે – દીકરીનું નામ પાડતા નથી, પણ રાશિ પ્રમાણે જે નામ વિચારશો એમાં આશીર્વાદ છે.'

આ રીતે તેઓએ પોતાનો ધર્મ અને સત્સંગીનું મન – બંને સાચવ્યાં.

આવી સંતુલિત જીવનશૈલી સાથે સ્વામીશ્રી તા. ૨૮/૩ની સવારે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા સંતોનો પરિચયવિધિ શરૂ થયો. તેમાં મુનિચરણદાસ સ્વામીના પૂર્વાશ્રમનું ગામ દાવલપુરા સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ત્યાંના ખોડાભાઈ હતા. એ જ્યારે આવે ત્યારે એક ધોતિયું ઓઢાડતા.'

નાનું ગામ, સામાન્ય હરિભક્ત અને સાધારણ સેવા – આ ત્રણેય સ્વામીશ્રીની સ્મૃતિમાં અકબંધ હતાં; વર્ષો વીતવા છતાં, વિશ્વવિખ્યાત થવા છતાં, સત્સંગ વધવા છતાં! તેઓના વહાલની આ વિશેષતા.

સ્વદેહથી દુઃખ ઘણાં સહે છે

'બાપા! અક્ષરધામમાં લઈ જશો ને?'

તા. ૨૯/૩ની સવારે શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં પ્રદક્ષિણા કરી રહેલા સ્વામીશ્રીને એક સાધકે આમ વિનંતી ધરી ત્યારે શાસ્ત્રીજી મહારાજ તરફ ઇશારો કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'લઈ જનારા આ બેઠા છે ને!'

'પણ અત્યારે તો આપ જ લઈ જશો ને?'

'ઉપાર્જન એમણે કર્યું છે એટલે એ લઈ જ જશે !' સ્વામીશ્રીએ કહ્યું.

ગુરુને સંપૂર્ણ સમર્પિત તેઓ તદ્દન અકર્તાભાવથી કાર્ય કરતા.

આ ગુરુભક્તિ સાથે સ્વામીશ્રી આજે ભોજન કરવા બિરાજ્યા ત્યારે તેઓની ભીડાભક્તિનો પણ એક અધ્યાય ખોલતાં દેવચરણદાસ સ્વામીએ કહ્યું : 'એક વાર મણિભાઈ ભટ્ટે ગોઠવેલા નદીમાં સ્નાનના આયોજન મુજબ સ્વામીશ્રી બસમાં બેસી સલાડથી નાંદોદ આવ્યા. અહીં બસ સ્ટેન્ડથી નદી સુધી ડમણિયા દ્વારા જવાનું હતું. પરંતુ ડમણિયાવાળાએ ગાડું એવું દોડાવ્યું કે અડધે રસ્તે તે ઊંધું વળી ગયું ! તેમાં સ્વામીશ્રી અને અક્ષરસ્વરૂપદાસ ગાડાની નીચે આવી ગયા !! જેમ-તેમ કરીને બધા બહાર નીકળ્યા. ભગવાનની દયા કે કોઈને કાંઈ વાગ્યું નહીં.'

આ સાંભળી ઉકાળો પીતાં પીતાં સ્વામીશ્રી ખૂબ હસ્યા. એ જ અવસ્થામાં તેઓ પુષ્ટિ કરતાં બોલ્યા : 'ગાડાના ચીલા નાના-મોટા હતા, એટલે ત્રાંસ આવતાં એક બાજુથી ઊંચું-નીચું થઈ જતાં ગાડું ઊંધું વળી ગયેલું.'

સ્વામીશ્રીએ વેઠેલાં કષ્ટનાં પ્રકરણો આમ અચાનક ખૂલતાં ત્યારે સૌનાં હૈયેથી તેઓને વધાવતાં ઉદ્‌ગાર નીકળી જતો કે *'રીઝાવવા શ્રીહરિને ચહે છે, સ્વદેહથી દુઃખ ઘણાં સહે છે...'*

પ્રેમાળ પ્રકૃતિના પુરાવા

તા. ૩૧/૩ની સવારે ભોજન બાદ પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રીના હાથમાં પનાવડા ગામના હરિભક્ત શ્રી નટવરભાઈ પટેલનો કાગળ આવ્યો. તેની સાથે આ સત્સંગીએ પોતાના ખેતર નં.-૧ અને ૨નો નકશો પણ બીડીને પૂછેલું કે 'બે નંબરના ખેતરમાં એક સહિયારો કૂવો છે. આ ખેતરમાં કોઈ એક જગ્યાએ બોર ગાળવાનો છે, તો તે કઈ જગ્યાએ કરવો ?'

આ વિગત વાંચી સ્વામીશ્રી નકશો જોતાં જોતાં વિચાર કરવા લાગ્યા. તે જ વખતે નવનિર્મિત સંતનિવાસ યજ્ઞપુરુષ આશ્રમમાં પગલાં પાડવાનું આમંત્રણ આવતાં તેઓ પત્રને ટિપાઈ પર મૂકી સંતઆશ્રમના આંગણે જઈ પહોંચ્યા. વચ્ચે ચોક અને નિંબતરુની છાયા ધરાવતા આ સંકુલના ઓરડે-ઓરડા નિહાળી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી બોલ્યા : 'દાદાના દરબાર જેવું લાગે છે. જે આવે એને રહેવાનું મન થઈ જાય એવું છે.'

આ જ સંદર્ભમાં ચોક મધ્યે બેઠેલા સંતો-પાર્ષદોને ઉદ્દેશી તેઓએ કહ્યું :

'બધા ભાગ્યશાળી છે. ભગવાનની દયા તો જુઓ!'

'આ તો આપની દયા છે. બાકી અમારા ભાગ્યમાં આવું ક્યાંથી?'

'અમે તો જાજરાં ધોતા ને ખૂણામાં પડી રહેતા. તમારા માટે આ સુખ-સગવડ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સ્વયં અગવડના અગનપથ પરથી પસાર થયા હોવા છતાં તેઓ સંતો-ભક્તોને સુવિધાની સેજ ઉપલબ્ધ કરાવી આપવામાં પાછું વળીને ન જોતા.

સ્વામીશ્રીની પ્રીતની આ રીત તેઓ આશ્રમનું અવલોકન કર્યા બાદ ઉતારે પહોંચ્યા ત્યારે ત્યાં પણ પ્રકાશી રહી. અહીં આવતાં જ તેઓએ પેલો ખેતરવાળો પત્ર ફરી હાથમાં લીધો. તેને પુનઃ વાંચી સાથે બીડેલા નકશા પર પણ વધુ એક વાર નજર ફેરવી. તે પછી પત્રમાં જણાવેલી વાત 'પાણીનું તળ નહીંવત્ છે'ના આધારે સ્વામીશ્રીએ ઉત્તર લખાવ્યો કે –

'તળમાં તો પાણી છે નહીં, એટલે બે નંબરના ખેતરમાં સહિયારો કૂવો છે તેની આસપાસ ક્યાંક બોર કરજો.'

પરંતુ આ જવાબ પાઠવતાં પહેલાં તેઓએ આ ગ્રામવાસીનો નાનો પ્રશ્ન ઉકેલવા ફાળવેલી વીસ મિનિટ તેઓની પ્રેમાળ પ્રકૃતિનો પુરાવો પૂરતી ગઈ. આટલા પ્રેમપૂર્વક અને રસપૂર્વક સાત લાખથીયે વધુ પત્રોના પ્રત્યુત્તર પાઠવનારા હતા સ્વામીશ્રી!

નહીં તેને કદી વીસરી જશે

તા. ૨/૪ની સવારે નાયકાના મંદિરની પટપ્રતિમામાં પ્રાણ પૂર્યા બાદ સ્વામીશ્રીએ તા. ૩/૪ના રોજ પૃથ્વીપટ પર વધુ બે તીર્થ પ્રગટાવતાં નવાગામ (લોલિયાણા) અને ચાંદલોડિયાનાં મંદિરોની મૂર્તિઓ પણ પ્રતિષ્ઠિત કરી.

તે પછી તેઓ પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે મંચ પર જ કેન્યાના પૂર્વ મંત્રી શ્રી જી. જી. કર્યુકી આવી પહોંચ્યા. તેઓને મળતાંવેંત સ્વામીશ્રીએ પૂછ્યું: 'કાકા શું કરે છે?'

સ્વામીશ્રીના મુખે પોતાના પુત્રનું આ નામ સાંભળી ચકિત થયેલા એ અગ્રણી બોલી ઊઠ્યા: 'આટલાં વર્ષો પછી આપને નામ યાદ છે? આપની યાદશક્તિ ખૂબ છે!'

જો કે ૨૮ વર્ષ પૂર્વે મળેલી વ્યક્તિને આ રીતે નામ સાથે સંભારનારા સ્વામીશ્રીને જોઈ કોઈને પણ આશ્ચર્ય થાય તે સ્વાભાવિક હતું. આ અચરજમાં

અહોભાવ ઘોળતાં શ્રી કર્યુકી બોલ્યા : 'આપે સન ૧૯૮૦માં જે હાર મારા ઘરમાં મૂકેલો તે સુકાઈને પડી ગયો ત્યાં સુધી અમે તેને એ જ જગ્યાએ રાખી મૂકેલો.'

'એ હાર સુકાઈ ગયા પછી એનો પાઉડર કર્યો છે. કોઈ બીમાર પડે તો એ પાઉડર પાણીમાં મેળવીને આપવાથી માંદગી જતી રહે છે – એવો આ સાહેબનાં પત્નીનો અનુભવ છે. આ આફ્રિકન મહિલા હજી પણ સ્વામિનારાયણનું ભજન કરે છે.'

શ્રી કર્યુકીની સાથે આવેલા સત્સંગી કાર્યકર શ્રી જયેશભાઈ ગઢિયાએ આમ જણાવ્યું, ત્યારે આ આફ્રિકન નેતાએ સ્વામીશ્રીને કહ્યું : 'અમારા ઘેર થયેલા આપના આગમનને અમે રોજ યાદ કરીએ છીએ.'

સંપર્કમાં આવનારાના મન પર આવી અમીટ છાપ છોડનારા સ્વામીશ્રી આજે રાત્રે જમવા બિરાજ્યા ત્યારે દર્શનાર્થી સંતોનો પરિચયવિધિ શરૂ થયો. તેમાં ઝેરવાવરા ગામના યજ્ઞતીર્થદાસ સ્વામીનો ઉલ્લેખ થતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'ત્યાંના ઘેલાભાઈએ સુગર ફેક્ટરી કરાવેલી. તે અમને બે-એક વખત લઈ ગયેલા.'

આ ઘટના પણ ઓગણત્રીસ વર્ષ પૂર્વેની ! તોયે નામ-નિમિત્ત સહિત સઘળું સ્વામીશ્રીની સ્મૃતિમાં હજીયે જીવંત હતું. વિચરણનાં ગામોની પ્રલંબ હારમાળા ખડકાવા છતાં અને પ્રવૃત્તિના થર પર થર ચઢવા છતાં તેઓના માનસપટ પર અંકિત થયેલું કશું દટાતું કે દબાતું નહીં.

સાચે સાચા છે સર્વ ઉચ્ચાર

આ અરસામાં મંદિર-સંકુલના નવીનીકરણની પ્રક્રિયા હેઠળ સારંગપુરના મંદિરની ડાબે-જમણે અને સામે વિસ્તરેલી હવેલીના ઓરડા ધ્વસ્ત કરવાની કાર્યવાહી ચાલી રહેલી. સ્વામીશ્રીના અહીંના કોઠારીકાળ દરમ્યાન તેઓની સીધી દેખરેખ હેઠળ ખડી થયેલી આ ઇમારતોના ખરતા કરા-કાંગરા જોઈ સ્વામીશ્રી ઘણી વાર મર્મસભર મંદ મુસકાન વેરી દેતા. તે કદાચ કાળની કૃતઘ્નતા જોઈને જ હશે ને ! જે અક્ષરબ્રહ્મ પાસેથી પોતે શક્તિ પામ્યો તેના જ કાર્ય પર આજે એ કાળ પોતાની શક્તિ અજમાવી રહેલો. તેની આ ગુસ્તાખીને સ્વામીશ્રી સાક્ષીભાવે જોઈ રહેતા. તેઓની આ પણ કેવી ઉદારતા !

તેનો લાભ ઉઠાવવા તા. ૪/૪ના રોજ તો વાયુ-વરુણ પણ હાજર

થઈ જતાં કરા સહિત વરસાદ વરસવા માંડ્યો. પ્રલયંકારી પવન પણ ફૂંકાવા લાગ્યો. તેણે ઘણાં વૃક્ષો જમીનદોસ્ત કરી દીધાં. તેમાં મંદિરની દક્ષિણાદિ દિશાનાં પગથિયાં પાસે ઊભેલો શાસ્ત્રીજી મહારાજનો પ્રાસાદિક લીંબડો પણ ધરાશાયી થઈ ગયો. આ નિંબતરુ પર સમી સાંજે સાત વાગ્યે સ્વામીશ્રી દૃષ્ટિ કરવા પધાર્યા – ગુરુના સંબંધે દિવ્ય ગતિ પામેલા એક મુક્તાત્માને જાણે અંતિમ અંજલિ ન આપવી હોય!

આ ભાવ સાથે ભોંયભેગા થયેલા લીંબડા પર અમીનજર વેરી સ્વામીશ્રી ઉતારામાં જમવા બિરાજ્યા ત્યારે દર્શનાર્થી સંતો દ્વારા થતી વિવિધ રજૂઆતોના ક્રમમાં વિવેકશીલદાસ સ્વામીએ સ્વરચિત કાવ્યનું પઠન કર્યું. તેના અંતિમ ચરણમાં પ્રસાદીની યાચના કરવામાં આવી. તે સમયે સ્વામીશ્રી મુખવાસરૂપે આંબળાની ચીરી અંગીકાર કરી રહેલા. એ પેશીઓ જ એક-એક સંતને વહેંચતાં તેઓ બોલ્યા: 'લો, નીરોગી કરે એવી પ્રસાદી છે.'

તેઓએ *'પ્રીતે પોતાની પ્રસાદી દઈ રે, જગે જીવ ઉદ્ધારિયા કંઈ રે...'*ની અલૌકિક રીત અખત્યાર કરેલી. તે સાથે સ્વામીશ્રી તા. ૬/૪ની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ એક કાવ્યાત્મક પ્રાર્થના રજૂ કરતાં પરમતૃપ્તદાસ સ્વામી બોલ્યા: *'ખબર નહીં અમને જોયા પછી તમને કેવું લાગે છે?'*

'આનંદ આનંદ!!' સ્વામીશ્રીએ કહ્યું.

આ આનંદ સાથે વિચરતા તેઓનાં દર્શને તા. ૮/૪ના રોજ ભારતના એડિશનલ સોલિસિટર જનરલ શ્રી ચંદ્રશેખરન્ આવવાના હતા. આશીર્વાદ લેવાના હેતુસર દિલ્હીથી ખાસ ઉપસ્થિત થઈ રહેલા આ મહાનુભાવની સરભરા સંબંધી સૂચના આપતાં સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતો સાથે ગમ્મત પણ કરી કે 'તમારે બોટાદમાં કસ્ટમનું કંઈ કામ હોય તો સાહેબને કહેજો.'

'આપ બોલ્યા છો એટલે બોટાદમાં પણ કસ્ટમનું કામ પડે એવું થશે ખરું!'

'બોટાદનો તો બહુ વિકાસ થશે! બોટાદ જિલ્લો થઈ જશે!'

સ્વામીશ્રીના મુખેથી સહજભાવે સરી પડેલા આ શબ્દો તા. ૧૫/૮/૨૦૧૩ના રોજ અક્ષરશઃ સત્ય થયા, જ્યારે ભારતના ભૂભાગ પર બોટાદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો.

*'તેમાં જૂઠું નથી તલભાર, સાચે સાચા છે સર્વ ઉચ્ચાર...'*ની જેમ વહેતી

સ્વામીશ્રીની વાણી વિધાતા પણ મિથ્યા ન કરી શકે એવી અમોઘ નીવડતી.

છેલ્લો જન્મ આ જાણી લેજ્યો રે

આ વખતે સ્વામીશ્રીના સારંગપુરમાં નિવાસ દરમ્યાન આસપાસનાં ગામોમાંથી સેવા અને ભક્તિની બે સમાંતર ધારાઓ આ નૈમિષારણ્ય ક્ષેત્ર તરફ અવિરત ઊમટતી રહી. રોજેરોજ જુદાં જુદાં ગામોનાં બાઈ-ભાઈ ભક્તો પદયાત્રાઓ લઈ અત્રે આવતાં, તો પુરાતન સંકુલોના વિસર્જનની સેવા માટે પણ કંઈક સ્વયંસેવકો દોડી આવતા. આ સૌ પર સ્વામીશ્રી મંદિરેથી સ્મૃતિમંદિરે આવતાં-જતાં અમીદૃષ્ટિ વેરી તેઓનો દાખડો સુફળ કરતા. સ્મૃતિમંદિરનું આંગણું પણ નિતનવી રંગોળીઓથી રોજબરોજ દીપી ઊઠતું. કંઈક અવનવા વિચારવસ્તુ સાથે મહિલા મંડળ દ્વારા રચાતી આ શોભા પર પણ નજર કરી સ્વામીશ્રી કળાને સાર્થક બનાવતા.

આ ક્રમમાં તેઓ તા. ૯/૪ની સવારે પધાર્યા ત્યારે અહીં પાઘની પ્રતિકૃતિ ઉપસાવતી રંગાવલિ સાથે જાળાંમાં ફસાયેલા મનુષ્યની આકૃતિ રચાયેલી. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું છે ?'

'ભવનાં જાળાં છે. તે તોડવાં ખરેખરાં કઠણ !'

'અહીં આવ્યા છે એટલે તોડીફોડીને બધા બહાર નીકળી જશે.' સ્વામીશ્રીએ કહ્યું.

કેફથી બોલાયેલા તેઓના આ ઉદ્‌ગારમાં સ્વ-સામર્થીનો ટંકાર હતો. તેની સાથે છેલ્લા જન્મની બાંયધરી પણ ખરી !

આપણે ભગવાનને આધીન છીએ

આ અરસામાં રોજ ટ્રેડમિલ મશીન પર ભ્રમણ કરતા સ્વામીશ્રીના મુખે બે તબક્કાનાં ભ્રમણ વચ્ચે સર્જાતા વિશ્રામગાળામાં એક વાક્ય બોલાવવામાં આવતું. તે ઉચ્ચારતી વખતે તેઓને ચડેલા હાંફની માત્રા માપી સ્વાસ્થ્યનું અનુમાન થતું.

આ ક્રમમાં તા. ૧૦/૪ની સાંજે સ્વામીશ્રી વિશ્રાંતિ માટે ખુરશી પર બિરાજ્યા ત્યારે કહેવામાં આવ્યું : 'બાપા ! એક વાક્ય બોલો.'

'શું બોલું ?'

સ્વામીશ્રીએ આમ દ્વિધા દર્શાવી ત્યારે કો'કે કહ્યું : 'આપ તો સ્વતંત્ર

છો, જે બોલવું હોય એ બોલો.'

'આપણે ક્યાં સ્વતંત્ર છીએ? આપણે તો ભગવાનને આધીન છીએ. ભગવાન એક સ્વતંત્ર છે. એ બધું તંત્ર કરે છે ને ચલાવે છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ દીનભાવ સાથે તેઓ તા. ૧૪/૪ના રોજ શ્રીજીમહારાજનો પ્રાગટ્યોત્સવ ઊજવવા તત્પર થયા. તે માટે સારંગપુરનું કલાત્મક મંદિર પાર્શ્વભૂમાં આવે એ રીતે રચાયેલા મંચ પર તેઓ પધારતાં જ સૌમાં પ્રાણ-સંચાર થઈ ગયો, પરંતુ મંચની સામે જ ગોઠવાયેલી હેલોજનની હારમાળાને કારણે જે મંચ પર બેઠા હોય તેને તો નીચે બેઠેલા ભક્તસમુદાય પર અંધાર-પટ છવાઈ ગયા જેવું અનુભવાતું હતું. તે જોઈ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'હરિભક્તોનાં દર્શન થતાં નથી. તેઓ દેખાય એવું રાખવું જોઈએ.'

ભગવાનની જેમ ભક્તોનાં દર્શનની પણ પ્યાસી રહેતી સ્વામીશ્રીની આંખો!

આ મહિમાદૃષ્ટિ સાથે તેઓ શ્રીજીમહારાજનો જન્મોત્સવ ઊજવી રાત્રે ૧૦:૨૫ વાગ્યે પલંગ પર પોઢ્યા ત્યારે આજના ઉપવાસની અસર તેઓની નાડી પર જણાઈ. તેઓનું બ્લડ પ્રેશર ૮૪/૩૦ના આંક પર પહોંચી ગયેલું! તેથી તેઓને તાત્કાલિક જલપાન કરાવવા કોઈ પ્યાલો ભરી લાવ્યું, પરંતુ આજે શ્રીહરિ જયંતી હોવાથી સ્વામીશ્રીનું મન તે પીતાં ખચકાયું. તેઓ આજે શક્ય એટલું ઓછું પ્રવાહી અને ફરાળ અંગીકાર કરી ઉપવાસ પાર પાડવા માંગતા હતા. જો કે કટોકટીની આ પળે કોઈ નમતું જોખે એમ નહોતું. તેથી સૌનો અતિશય આગ્રહ થતાં સ્વામીશ્રી કમને પાણીને ગળા હેઠે ઉતારતાં શયનાધીન થયા.

અસરકારક સાદગી

તા. ૧૫/૪ની સવારે પડવદરના નૂતન મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે અહીં ગવાઈ રહેલા કીર્તનમાં કડી આવી: *'કીધા કાલવાણીએ એક રાત્રિએ પરમહંસો પાંચસો...'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આઠસો.'

આ સમયે સંસ્થામાં વિદ્યમાન સંતોની સંખ્યા ૮૦૦ હતી. તેના અનુસંધાનમાં ઉપરોક્ત સુધારો સૂચવી સ્વામીશ્રી સમજાવી ગયા કે તેઓ દ્વારા સ્વયં શ્રીજીમહારાજ જ આ સંસ્થાને વિકસાવી રહ્યા છે.

તેઓના આવા કાર્યમાં સહકાર આપવા તા. ૨૧/૪ના રોજ ફ્રાન્સના રહેવાસી શ્રી ઈવ પીપા આવી પહોંચ્યા. આ હુન્નરબાજે ઑલિમ્પિકના દબદબાભર્યા ઉદ્‌ઘાટન સમારંભોની પ્રસ્તુતિમાં પોતાની બુદ્ધિ-શક્તિના વિનિયોગથી નામના મેળવેલી. તેની સાથે તેઓનું નામ સંગીતમય ફુવારા અને વૉટર સ્ક્રીન પર પ્રદર્શિત થતાં કથાનકોની રજૂઆતમાં પણ વિશ્વસ્તરે અગ્ર ક્રમાંકનું. અનેક વિશ્વપ્રસિદ્ધ ઍવોર્ડથી વિભૂષિત આ લબ્ધપ્રતિષ્ઠ મહાનુભાવ અક્ષરધામથી ખૂબ પ્રભાવિત થયેલા. તેની સાથે સ્વામીશ્રી અને સંતોના સાદગીસભર જીવને પણ તેઓ પર ભૂરકી નાંખેલી. તેથી સંસ્થાની પ્રવૃત્તિમાં સહભાગી થવા ઉત્સુક બનેલા તેઓને પ્રાતઃપૂજા બાદ સભામંચ પર બોલાવી પુષ્પહાર પહેરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ઘણાં આયોજનો કર્યાં છે અને ઍવોર્ડ મળ્યા છે, પણ અહીં સેવા કરો છો એ મોટામાં મોટો ઍવોર્ડ છે.'

આ અવસરે શ્રી પીપા સાથે આવેલા તેઓના બે સહયોગીઓને પણ સ્વામીશ્રીએ સન્માન્યા. તેમાંના એક શ્રી જોહ્‌ને આજે સ્વામીશ્રી સાથે યોજાયેલી બેઠકમાં જણાવ્યું:

''હું ગ્રીસ દેશનો વતની છું, પણ ત્રણેક મહિના પહેલાં ટોરોન્ટોમાં રહેતી મારી માતાને મળવા ગયેલો. તે મને આગ્રહપૂર્વક ત્યાંના બી.એ.પી.એસ. મંદિરે લઈ ગઈ. મને આ મંદિરની મુલાકાત માટે બિલકુલ રસ નહોતો. પરંતુ મંદિરમાં પથ્થર પર થયેલી નજાકતભરી કોતરણી જોઈને હું સ્થિર થઈ ગયો. મેં પથ્થરોનો સ્પર્શ કરી-કરીને ખાતરી કરી કે 'આ કામ પથ્થરમાં જ થયું છે?' બે-ત્રણ કલાક વીતી ગયા!

આમ, આ મંદિરની સુખદ અનુભૂતિ સાથે હું ફ્રાન્સ પરત ફર્યો ત્યારે શ્રી પીપાએ કહ્યું: 'આપણે બી.એ.પી.એસ. સાથે કામ કરવાનું છે.'

આ સાંભળી ખૂબ ખુશ થઈ ગયેલા મેં મારી માતાને સમાચાર આપ્યા કે 'તું જેની વાત કરતી હતી તે સંસ્થામાં તો હું કામ કરવાનો છું. કરોડોની રકમ આપતાં જે સેવા ન મળે એ મને અહીં મળી છે! જેણે ટોરોન્ટોનું મંદિર બનાવ્યું છે, એમને હું મળવા જવાનો છું.'

મારી માતાના માન્યામાં આ વાત ન આવતાં તે મને પૂછવા લાગી: 'એમને તું મળે એ શક્ય જ કેવી રીતે બને? જેમ આપણે મળીએ છીએ એ રીતે તું મળવાનો છે?' ત્યારે મેં હા પાડી.''

આ સમયે શ્રી પીપાએ પણ ભાવના વહાવી કે ''હું અહીં આવ્યો એ

પહેલાંથી મને અનુભૂતિ થાય છે કે 'આ પણ મારું કુટુંબ જ છે.' આવું ભાગ્યે થાય છે.'' આટલું કહી તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આપની સાદાઈ વધારે અસરકારક છે. અંગત રીતે હું આપનો આભાર માનું છું કે તમે દ્વાર ખોલ્યાં અને અમે આવી શક્યા.'

આમ, બી.એ.પી.એસ.ના કાર્યમાં સામેલ થવાનું ગૌરવ એક વિશ્વ-કક્ષાના આયોજક અનુભવી રહ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આપ અહીં આવ્યા પણ ગામડાના વાતાવરણમાં જો અગવડ પડી હોય તો રાજી રહેજો. અમે માફી માંગીએ છીએ.'

સ્વામીશ્રીની સાદગીથી અભિભૂત શ્રી પીપા સમક્ષ સ્વામીશ્રીની નમ્રતાનું આ પોત ખૂલતાં તેઓ વિશેષ અંજાયા. તેઓએ સંકોચ સાથે જણાવ્યું: 'અમે આ ગામડામાં અમારી ઇચ્છાથી આવ્યા છીએ, એટલે આપને માફી માંગવાનો પ્રશ્ન જ નથી.'

શ્રી પીપાએ જ્યારે સ્વામીશ્રીને મળવાની ઉત્સુકતા બતાવેલી ત્યારે કાર્યકરોએ તેઓને વાસ્તવિકતાથી વાકેફ કરતાં કહેલું કે 'સ્વામીશ્રી તો હાલ બહુ નાના ગામડામાં છે. ત્યાં કશી સગવડ નહીં હોય.' ત્યારે આ પ્રતિભાવંત વ્યક્તિએ જણાવેલું: 'મને ફક્ત સૂવાનું અને ખાવાનું આપજો, પણ મારે પ્રમુખસ્વામીને મળવું છે.'

આ તાલાવેલી સાથે ધૂળિયા ગામડામાં દોડી આવેલા શ્રી પીપાએ આજે સ્વામીશ્રીને કહ્યું: 'અહીં ભલે ફાઇવ સ્ટાર (કક્ષાની સુવિધા) નથી, પણ અહીં તો અનંત સ્ટાર (તારા) છે. આપની સાદાઈ મને સ્પર્શી ગઈ છે.'

આ સ્પર્શને વધુ સુખકર બનાવતાં સ્વામીશ્રીએ શ્રી પીપાને ઉત્તમ કાર્ય માટેના આશીર્વાદ પાઠવી નાડાછડી બાંધી. તેઓના સાથીદારોને પણ આ લાભ આપ્યો અને અત્રે અનુપસ્થિત કર્મચારીઓ માટેય રક્ષાસૂત્ર મોકલ્યાં. આ દરકારથી સ્વામીશ્રી વિષે આ આગંતુકોનો આદર અનેકગણો વધી ગયો. સૌ સંતો-ભક્તો માટે પણ સ્વામીશ્રીના પ્રભાવનું આ દર્શન માનસપટ પર અમીટ છાપ આંકી ગયું.

બહુ કરી સહુની બરદાશ

તા. ૨૩/૪ની સવારે ૨૧ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને ૩૦ સાધકોને પાર્ષદી દીક્ષા આપી એકસાથે ૫૧ ચૈતન્યમંદિરો સર્જનારા સ્વામીશ્રીએ

તા. ૨૬/૪ના રોજ જામ આંબરડીની ભૂમિ પર પણ નૂતન મંદિર અવતાર્યું. આજની સવારે આ ગામની મૂર્તિઓમાં દૈવત પૂરી ઉતારે પધારેલા તેઓ અહીં તા. ૨૮/૪ની રાત્રે પોણા દસ વાગ્યે પત્રલેખનથી પરવાર્યા. તે સમયે સામે ઊભેલા ડૉ. નિકુલ પંચાલ બોલ્યા : 'આટલી પ્રવૃત્તિ પછી પણ આપ ખૂબ ફ્રેશ લાગો છો.'

'ફ્રેશ જ હોય ને! કથા-વાર્તા થાય છે, ભજન-કીર્તન થાય છે, સેવા થાય છે, એમાં બધું આવી ગયું! અખંડ આનંદમાં રહેવું.' સ્વામીશ્રીની અલમસ્તાઈ ઊછળી આવી.

છતાં વ્યાવહારિક કાર્યોમાં સંપૂર્ણ સભાન રહેતા તેઓની સલાહ સોનાની પુરવાર થતી. તેનો એક આશ્ચર્યકારી અનુભવ આ અરસામાં ડૉ. ઝવેરભાઈ પટેલ કરી રહ્યા.

કૉલેજમાં પ્રાધ્યાપકની ફરજ બજાવતા આ અગ્રેસર કાર્યકરને સન ૨૦૧૪માં આવનારી નિવૃત્તિ બાદ કોઈ પણ મંદિરમાં સેવા આપવાની વૃત્તિ જાગેલી; પરંતુ તેઓને આ વર્ષે નિર્માણ પામેલા એક નૂતન સંસ્થાકીય છાત્રાલયના સંચાલનમાં સહાયભૂત થવા કેટલાક સંતોએ વહેલી નિવૃત્તિ લઈ લેવા જણાવ્યું.

તે માટે તૈયાર થઈ ગયેલા આ હરિભક્તે પત્ર લખી સ્વામીશ્રી પાસેથી વહેલી નિવૃત્તિ અંગે આજ્ઞા માંગી, પણ સ્વામીશ્રીએ તો તેઓને સરકારી ધારાધોરણ અનુસાર જ્યારે નિવૃત્તિની પળ પાકે ત્યારે જ નોકરી છોડવાની વાત જણાવી. તેઓના આ માર્ગદર્શને એકસાથે ત્રણ નિશાન પાડ્યાં.

પ્રથમ તો આ હરિભક્તે સ્વામીશ્રીના કહેવા મુજબ નોકરી ચાલુ રાખી તો તેઓને સન ૨૦૦૯માં યુનિવર્સિટીના પ્રૉફેસર તરીકેનું મહત્તમ પગારધોરણ મળ્યું, જેનાથી નોકરી બાદ મળનારી પેન્શનની રકમમાં ઘણો વધારો થઈ ગયો. જો વહેલી નિવૃત્તિ લીધી હોત તો તેઓ આ લાભથી વંચિત રહી જાત. વળી, આ સત્સંગીનો પુત્ર આ સમયગાળામાં વ્યાવસાયિક મંદીમાં સપડાતાં તેની આવક અટકી ગઈ. તેથી પરિવારનો આધાર આ હરિભક્તનો પગાર જ બની રહ્યો. જો તેઓએ વહેલી નિવૃત્તિ લીધી હોત તો કુટુંબની હાલત કફોડી થઈ જાત. ત્રીજું, આ મુરબ્બીનાં પત્નીને પતિની વહેલી નિવૃત્તિ લેવાની વાત ગળા હેઠે નહોતી ઊતરતી. સ્વામીશ્રીની સલાહ તે મુજબ જ આવતાં પરિવારમાં પણ સંવાદિતા વધુ સઘન બની.

આમ, ત્રેવડો લાભ પામેલા આ કુટુંબનો એકેએક સદસ્ય સ્વામીશ્રીને વધાવતાં ગાઈ ઊઠ્યો : *'બહુ કરી સહુની બરદાશ, તેમાં કાંઈ ન રાખી કચાશ...'*

આ અનુભવ સ્વામીશ્રીએ એક નહીં, પણ અનેક પરિવારોને કરાવેલો.

સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે

તા. ૨૯/૪ની સવારે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રીને એક સંતની બીમારીથી વાકેફ કરવામાં આવ્યા ત્યારે તે સંત સામે જ બેઠા હોવાથી તેઓએ કહ્યું : 'બાપા ! આપ અહીંથી વિદાય લો પછી ઑપરેશન કરાવવા જઈશ.'

'મારું તો કાંઈ ઠેકાણું નહીં, ક્યારે અહીંથી નીકળું ! હું તો ઠેકાણા વગરનો છું.' સ્વામીશ્રી બોલ્યા.

આ ઉદ્‌ગારમાંથી તેઓની સતત વિચરણમય જીવનશૈલી ઝળકી ઊઠી. જેમ લોકકલ્યાણ માટે સતત વહેતાં સરિતા કે પવન કદી પલાંઠી વાળી એક ઠેકાણે ન બેસે, તેમ સૌના હિત માટે અખંડ વિચરતા રહેતા સ્વામીશ્રી.

આવા વિરલ પરિવ્રાજક તેઓ તા. ૨/૫ની સવારે એકાદશીનું ફરાળ અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે તેઓએ આજે સૌ સંતોને પણ નિર્જળ ઉપવાસને બદલે ફરાળ જમવાની છૂટ આપેલી. તે સંદર્ભમાં તેઓએ સામે બેઠેલા ધર્મસુતદાસ સ્વામીને કહ્યું : 'આજે રસોઈની સેવા હરિભક્તે કરી છે તો ફરાળ લેજો.'

'આમેય પાંચ-છ રોગ વળગ્યા છે એટલે ફરાળ લઉં જ છું.'

'એમ ? કયા કયા છે ?'

'પ્રોસ્ટેટ, પથરી, બી.પી., ડાયાબિટીસ...' આમ ગણાવતાં તે સંત જે તે રોગ સંબંધી થોડી વાત પણ કરતા ગયા. તે સમયે જ સ્વામીશ્રી સમક્ષ થાળ મુકાયો. છતાં સાંભળવામાં તલ્લીન તેઓએ તેમાંથી ચપટીયે ન ભરી. તે જોઈ સેવકોએ કહ્યું : 'હવે આપ જમવાનું ચાલુ કરો.'

'ખાવાનું તો થશે, પણ એનું દુઃખ સાંભળી લઈએ ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને પોતાની ભૂખ ભાંગવા કરતાં વધુ તાન બીજાનું દુઃખ ભાંગવામાં રહેતું.

આ રીત અનુસાર રહેતા સ્વામીશ્રી આજની સવારે પત્રવાંચન કરતા હતા તે વખતે પરદેશથી આવેલા એક કાગળમાં વિગત આવી કે –

'મારા પતિના હૃદયમાં વાલ્વની શસ્ત્રક્રિયા તો સારી રીતે થઈ, પણ

તેઓ હમણાંથી મંદિરે આવતા નથી ને હરિભક્તોનો અભાવ લે છે. જો કે કાર્યકર તરીકે સેવા આપતી હોવા છતાં હુંયે અભાવ તો લઉં જ છું. ઘરમાં પણ ખૂબ ઝઘડા થાય છે. એકબીજાનો દોષ કાઢીને વઢીએ છીએ. ગુસ્સાના આવેગમાં સંતાનો સાથેય ઢોર જેવું વર્તન થઈ જાય છે. મને અને મારા પતિને ગુસ્સો આવે ત્યારે વાણીનો વિવેક છૂટી જાય છે. ગુસ્સો ન આવે એવું કરો.'

આ વીતક વાંચી મર્માળું હસતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે !' આટલું જણાવી તેઓએ ઉમેર્યું : 'એમને લખજો કે – ગુસ્સો આવે ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું અને બેમાંથી એક જણાએ ત્યાંથી નીકળી જવું.'

સ્વામીશ્રી પાસેથી આદર્શ અને વ્યવહારુ – બંને પ્રકારના ઉકેલ શીખવા મળે. તેથી કામ કાયમી થાય અને તરત પણ !

દિલે દંભ કદાપિ ન દીસે

આ અરસામાં સ્વાસ્થ્યની સંભાળના હેતુસર સ્વામીશ્રીનો નિવાસ સારંગપુરમાં જ રહેવાનો હોવાથી અન્ય મંદિરોમાં સેવા કરતા સંતો-ભક્તો અહીં લાભ લેવા ઊમટતા.

તે ક્રમમાં તા. ૫/૫ની સવારે ખેડા જિલ્લામાં વિચરણ કરતા બે સંતો આવી પહોંચ્યા. તેઓ પોતાના વિસ્તારના એક મંદિરમાં પધરાવેલી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ સાથે સ્વામીશ્રીની મૂર્તિ પણ પ્રતિષ્ઠિત કરવાનો મનોરથ સેવી રહેલા. આ વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા પધરાવ્યા છે, પછી આ મૂર્તિની શું જરૂર છે ?'

'ત્યાં આપનાં કાયમ દર્શન થતાં રહે ને !'

આ સાંભળી પોતાના વક્ષઃસ્થળ પર હાથ મૂકતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અહીં પધરાવી દો ને, તો કાયમ દર્શન થશે.'

મૂર્તિપ્રતિષ્ઠા માટેનું એક યથાર્થ સ્થાન ચીંધી સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતોનો વિષય ફૂટ્યો. તેમાં નારાયણચરણદાસ સ્વામીનો વિશેષ પરિચય આપતાં સ્વામીશ્રી જ કહેવા લાગ્યા : 'આ સંત મૂળ ધર્મજના. બહુ જ દયાળુ હતા. છેલ્લે

સારંગપુરમાં હતા ત્યારે મેં સારી રીતે દર્શન કરેલાં. ઘી-ગોળનો કોઠાર કરે, પીરસવાનું કરે ને બધી જ સેવા કરે. કોઠારમાં કોઈ વસ્તુ માંગવા આવે ને વસ્તુ ન હોય તો સીધેસીધી ના ન પાડે. પહેલાં બધું જ જુએ અને પછી જ ના પાડે. એટલે સામાવાળાનું દિલ ન દુભાય. એવા દયાળુ હતા!'

આ ઓળખમાં પુષ્ટિ કરતાં બ્રહ્મમનનદાસ સ્વામી બોલ્યા: 'હકા બાપુ એમ કહેતા કે આપના પર એમને ખૂબ હેત હતું. આપ વહેલા-મોડા આવો તો પણ ધ્યાન રાખે.'

'ખાલી મારા ઉપર હેત એમ નહીં, એમનું અંગ જ એવું કે બધાની ખબર રાખે. કોઈ પણ વહેલા-મોડા હોય એનું બહુ ધ્યાન રાખતા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, પોતાની મહત્તા વધારતી માહિતીને પણ સ્પષ્ટ કરી દેવાની તેઓની રીત. તેમાંથી નિર્દંભ અને નિર્મળ સંત તરીકે સ્વામીશ્રીની ઓળખ મળી જતી.

સંતનો મહિમા સમજીને, રાખે પૂરણ મનમાં પ્રીત

સારંગપુરમાં સ્વામીશ્રી રોજ રાત્રે શયનાધીન થવા પલંગ પર બિરાજે ત્યારે શયનખંડની બહાર બેઠેલા દર્શનાર્થી સંતોને તેઓ હાથ જોડી 'જય સ્વામિનારાયણ' પાઠવે. આ સમયે સંતો બેઠા હોય તે ચોકમાં હેલોજન ગોઠવી અજવાળું કરવામાં આવ્યું હોવાથી એકેએક સંત સ્પષ્ટપણે દેખાય. તેમાંથી કો'કની સાથે ઈશારા દ્વારા સંવાદ સાધવામાં સ્વામીશ્રીને પારદર્શક કાચનું આવરણ પણ બાધારૂપ ન નીવડે. આમ કરતી વખતે તેઓની સંજ્ઞાઓ એવી સચોટ હોય કે સૌને તેઓના અભિપ્રાયનો અર્થબોધ તારવવામાં લેશ કઠિનાઈ ન અનુભવાય. બે-ચાર મિનિટનો આ નિઃશબ્દ વાર્તાલાપ કોઈ પારાયણ જેટલી જ પ્રેરણા આપી જાય.

તા. ૫/૫ની રાત્રે આવા જ એક પીયૂષપાન માટેનો તખ્તો ઘડાઈ ચૂકેલો, પરંતુ આજે હેલોજન બગડતાં બહાર અંધારું છાઈ વળ્યું. તેથી સ્પષ્ટપણે સંતોનાં દર્શન ન થતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'શું કરશું? કોઈ દેખાતું નથી!'

તેઓના આ ખેદમાંથી *'સંતનો મહિમા સમજીને, રાખે પૂરણ મનમાં પ્રીત...'*ની તેઓની શૈલી ઝળકી રહી.

આવા ગુરુનાં દર્શન માટે તા. ૬/૫ની સવારે સ્મૃતિમંદિરના પરિસરમાં ઊભેલા ખીજડા પાસે સંતોની ભીડ જામેલી. જ્યારે સ્વામીશ્રી આ પ્રાસાદિક વૃક્ષની પ્રદક્ષિણા ફરવા માંડ્યા ત્યારે તેઓ તરફ હાથ લંબાવી ભક્તિપ્રકાશદાસ સ્વામીએ પંક્તિ લલકારી કે *'આ સંત તો બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે...'*

આ સાંભળી આસપાસ ઊભેલા દરેક સંતો તરફ અંગુલિનિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ બધા જ સંતો સારા છે એની તમને ખબર છે ?'

'હા.'

'તો પછી બધા જ સંતોને પગે લાગો.' આટલું કહી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એકમેકને પગે લાગવા માંડેલા સંતોથી વાતાવરણમાં મહિમાની મહેક પ્રસરી રહી.

દાસત્વ શ્રીજી તણું દિલ ધાર્યું

પોતાના સાંનિધ્યમાત્રથી સદ્‌ભાવની સૌરભ ફેલાવતા સ્વામીશ્રી સ્મૃતિમંદિરેથી સભામંડપમાં પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે અહીં તો મંચ અને માંડવો મોગરાની મહેકથી મઘમઘી રહેલા. મંદિરની વાડીમાં આજે મોગરાનાં ફૂલોનો ફાલ ૪૨ કિલોની માત્રામાં ઊતરતાં આ પુષ્પોની આકર્ષક સજાવટથી સભાગૃહ શણગારવામાં આવેલું. તેની વચ્ચે ઠાકોરજીને ભક્તિઅર્ઘ્ય ધરી સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા.

અહીં ભોજન દરમ્યાન આણંદથી આવેલા રસિકવિહારીદાસ સ્વામી વગેરે સંતોએ સ્વામીશ્રી સમક્ષ સ્થાનિક સત્સંગ પ્રવૃત્તિનો ચિતાર રજૂ કર્યો. તે સાંભળી એક અંતેવાસીએ કહ્યું : 'બાપા ! આ સંતો અહીં આવ્યા છે તો આપનો લાભ લેવા ચાર-પાંચ દિવસ રોકાય એવી આજ્ઞા કરો.'

'આ બધા તો બહુ બિઝી છે. હમણાં ન સાંભળ્યું કે કેટકેટલાં મંડળો ચલાવે છે ! એટલે એમને ત્યાં જવું પડે ને !' સ્વામીશ્રી ઠાવકાઈથી બોલ્યા.

તે સાંભળી પેલા સહવાસીએ જણાવ્યું : 'અહીં રહે તો બૅટરી ચાર્જ થાય ને !'

'ચાર્જ તો કથા-વાર્તા, સેવા-ભક્તિ કરે તો થાય. અહીં બેસી રહે ન થાય.'

આટલો સ્વમત પ્રગટ કરી પત્ર-વ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રી પર આવેલા એક ફોનમાં વાત કરતાં હરિભક્તે કહ્યું : 'બાપા ! માફ કરજો. આપને

ભીડો નહોતો આપવો, પણ આપને જ વાત કરવી પડે એમ છે. આપ માલિક છો એટલે આપને જ કહેવાનું હોય ને!'

'માલિક નહીં, અમે તો સેવક છીએ. માલિક તો ભગવાન છે.' ઓરડાના એકાંતમાં પણ સ્વામીશ્રીનો દાસભાવ ગુંજી ઊઠ્યો.

સાંભળનારા એક હોય કે લાખો – તેઓની જીવનવીણા હરહંમેશ સેવકભાવનો જ સૂર રેલાવતી રહેતી.

સંપર્ક હોય તો જ સત્સંગ વધે

તા. ૮/૫ની સવારે દર્શન માટે આવેલા હરિભક્ત શ્રી હિમાંશુભાઈ અજમેરાએ સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! એક વાર આપ કલકત્તા પધારો. ત્યાં ઍરપોર્ટની નજીકમાં જ મેં ફાર્મ હાઉસ કર્યું છે. તેમાં આરામ કરજો.'

'પણ ત્યાં આવવું લોકોને દૂર પડે ને! બીજા બધાને અગવડ પડે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની ગણતરીમાં પહેલું સ્થાન બીજાનું રહેતું.

આ ભાવના સાથે ચાલતા સ્વામીશ્રી તા. ૯/૫ની સવારે એક પ્રાસંગિક વાર્તાલાપમાં બોલ્યા: 'સંપ્રદાયમાં જેણે-જેણે ગામડે ફરવાનું બંધ કર્યું એનો સત્સંગ ઘસાઈ ગયો. ગમે એટલું હોય પણ મહારાજની આજ્ઞાથી વાતચીતે કરીને હરિભક્તોની સેવા કરવાની છે. દર વરસે ગામડે જવું જ જોઈએ, સત્સંગીઓનો સંપર્ક રાખવો જ જોઈએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ગમે એટલા વૃદ્ધ થયા તોય ગામડે ફર્યા. સાજે-માંદે સત્સંગીના ઘેર જઈ આવવું જોઈએ. આ રીતે સંપર્ક હોય તો જ સત્સંગ વધે ને સત્સંગીઓ આગળ વધે.'

પાટોત્સવનો મર્મ

તા. ૧૦/૫ના રોજ સારંગપુરના મંદિરનો ૯૨મો પાટોત્સવ ધામધૂમથી ઊજવી પ્રાતઃપૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રીએ પૂજાવિધિ બાદ સામેથી જ માઇક મંગાવી સારંગપુરનો મહિમા રેલાવ્યો કે –

''દર વર્ષે વિધિપૂર્વકનો પાટોત્સવ કરીએ તેમાં કેટલાકને એમ થાય કે 'ભગવાનનું દૈવત ખૂટી ગયું એટલે કરવું પડે છે!' પણ ભગવાનમાં દૈવત ખૂટતું નથી. આપણામાં ખૂટે છે એટલે પૂજન કરવું પડે છે. સારંગપુર તો ખોબલા જેટલું નાનું કહેવાય, પણ કેવું છે? અક્ષરધામતુલ્ય. નિષ્કુળાનંદ

સ્વામીએ *'શોભાવંત સારંગપુર ગામ...'* લખ્યું. શાથી ? તો મહારાજ બિરાજ્યા, મુક્તો બિરાજ્યા, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ અહીં રહ્યા, એટલે અક્ષરધામતુલ્ય થઈ ગયું ! શાસ્ત્રીજી મહારાજમાં ભગવાન વિરાજે તો અહીં આવું મોટું મંદિર કર્યું. આમ શિખર જુએ તોય પાઘડી પડી જાય એવું છે.'

આ શબ્દોથી ગુરુના સર્જનને વધાવી સ્વામીશ્રી પોતાની નિત્યવિધિની પુસ્તિકામાંથી જ નૈમિષારણ્ય ક્ષેત્રનું વચનામૃત (સા. ૭) વાંચી નિરૂપણ કરવા લાગ્યા. તે સમયે તેઓની વાણીએ સૌને સારંગપુરમાં જ નૈમિષારણ્યનો અનુભવ કરાવી દીધો.

આ અનુભૂતિ હૈયાવગી કરવા અહીં સંતો-ભક્તો ઉપરાંત સદ્‌ભાવીઓનો ધસારો પણ ઘણો રહેતો. તે ક્રમમાં તા. ૧૨/૫ની સવારે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી પંકજભાઈ જાની તથા સલાહકાર શ્રી રાજેન્દ્રભાઈ નાણાવટી પણ આવી પહોંચ્યા. આ કેળવણીકારોએ ગાંધીનગરના અક્ષરધામમાં કાર્યરત સંશોધન કેન્દ્ર 'આર્ષ'ને સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન કરતો અનુમતિપત્ર સ્વામીશ્રીને અર્પણ કર્યો. આ દસ્તાવેજ સ્વામીશ્રીએ ઠાકોરજી આગળ મુકાવ્યો.

તે દ્વારા શિક્ષણક્ષેત્રે એક નૂતન કદમ માંડતા તેઓએ તા. ૧૩/૫ની સવારે અમદાવાદમાં નિર્માણાધીન હૉસ્પિટલની ઈંટોને પણ પૂજી આરોગ્યક્ષેત્રે વધુ એક પગલું મૂકી દીધું.

૮૭મા વર્ષે પણ સ્વયંસેવક

પોતાની સમાજસેવાના સૂરજથી વિશ્વને સદા ઝળહળાવતા સ્વામીશ્રી પાસે તા. ૧૫/૫ના રોજ આવેલા મયૂર અજમેરાએ કહ્યું: 'બાપા ! આજે મારો જન્મદિવસ છે, તો આપને વિનંતી કે આપ પણ ભોજનમાં ફરાળી આઇસક્રીમ અને ચૉકલેટ જમજો, જો તમે મારા સાચા ગુરુ હો તો !'

'ન ખઈએ તો જૂઠા ઓછા થઈ જઈએ છીએ ? આ તો શરીરનું કારણ છે.'

સ્વામીશ્રીએ માર્મિક વાત ઉચ્ચારી, કારણ કે સત્પુરુષના સત્ત્વનો માપદંડ તો ભજન હોય, ભોજન નહીં.

આ રીતે સહજ સહજમાં સાચું સમજાવતા તેઓ તા. ૨૭/૫ની સાંજે પાંચેક વાગ્યે ઓરડામાં પત્રવાંચન કરવા બિરાજ્યા ત્યારે કાચની દીવાલો

પડદાથી અનાવૃત હતી, પરંતુ વાતાવરણ વાદળછાયું હોવાથી ટેબલ લેમ્પ ચાલુ કરવામાં આવ્યો. તેના ઉજાસમાં સ્વામીશ્રીએ વાંચવાનું શરૂ કર્યું ત્યાં જ થોડી વારમાં વાદળો હટતાં તડકો નીકળ્યો. તે જોઈ સ્વામીશ્રી જાતે જ બત્તી બુઝાવી સૂર્યપ્રકાશના અજવાળે પત્રો વાંચવા લાગ્યા.

તેઓની આ ક્રિયામાંથી ઝળકી ઊઠેલા સેવા અને કરકસરનાં તેજરશ્મિ થોડા સમયમાં વધુ વેગથી પ્રસર્યાં. આ સમયે સ્વામીશ્રીને તરસ લાગતાં તેઓએ બાજુમાં મૂકેલી ટિપાઈ પર રહેલા પ્યાલામાંથી જાતે જ વાટકામાં પાણી લઈ જલપાન કર્યું. તે પછી પોતે જ પ્યાલા પર વાટકો ઢાંકીને મૂકી દીધો. આમ કરતી વખતે પત્ર-પરિચારક માત્ર એક ડગલું જ દૂર હતા, છતાં પોતા સારુ બીજાને શક્ય એટલી ઓછી તસદી આપવાની વૃત્તિ ધરાવતા સ્વામીશ્રી ૮૭મા વર્ષે પણ સ્વયંસેવક થઈને રહ્યા !

દયાના સાગરિયા પોતે ન-બેલીના બેલી

તા. ૨૯/૫ની સવારે અમરોલીના મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂર્યા બાદ સ્વામીશ્રીએ સારંગપુરના મંદિરમાં આવેલા ગણેશજીના ખંડમાં નૂતન શિવલિંગ પણ સ્થાપિત કર્યું.

તે પછી ઉતારામાં આવી બિરાજેલા તેઓ પર બુહારીની એક ગુણાનુરાગી મહિલાનો પત્ર આવી ચડ્યો. વ્યસન, દૂષણ અને ગરીબીના ત્રિભેટે અટવાતા પતિને કારણે આ બાઈના ઘરમાં એકેય દિવસ ચીડ-ચડભડ વિના વીતતો નહોતો. તેથી આ મહિલા સહિત કુમળી વયનાં તેનાં દીકરા-દીકરી ફફડતાં હૈયે દા'ડા કાઢતાં હતાં. ખોરડાના આ ખોફનાક વાતાવરણની માઠી અસર સંતાનોનાં શિક્ષણ પર પણ પડવા લાગતાં અભ્યાસમાં તેઓની પીછેહઠ થવા માંડી. તે જોઈ માનું હૈયું વલોવાવા લાગ્યું. તેઓને થયું: 'બાળકોને મારે એવી જગ્યાએ ભણવાં મૂકવાં કે જ્યાં શિક્ષણ સાથે તેને સંસ્કારેય મળે.'

આ વખતે પડોશીના કારણે સત્સંગના સાધારણ યોગમાં આવેલી આ મહિલાએ પોતે કંઠી ધારણ કરી પોતાનાં બંને બાળકોને પણ કંઠી પહેરાવેલી, પરંતુ અઠવાડિક સભામાં જવું, પૂજા-પાઠ કરવાં વગેરે કશીયે સત્સંગલક્ષી ક્રિયાઓને આ બાઈના જીવનમાં સ્થાન નહોતું. હા, તેઓ ક્યારેક સામે રહેતા સત્સંગીના ઘરમાં આવતાં સ્વામિનારાયણ પ્રકાશ, પ્રેમવતી જેવાં સંસ્થાકીય સામયિકો વાંચવા લઈ આવે. તેમાંથી ઉકાઈના છાત્રાલયની વિગત જાણતાં

આ મહિલાએ સીધો સ્વામીશ્રીને જ એક પત્ર લખેલો. તેમાં આઠમા ધોરણના ચાર વિષયમાં નાપાસ થયેલા પોતાના દીકરા દીપેનને સંસ્થાના છાત્રાલયમાં પ્રવેશ આપવાની અરજ હતી.

સામાન્ય રીતે કોઈ પણ શૈક્ષણિક સંસ્થા ઉચ્ચ બુદ્ધિ-આંક અને ગુણાંક ધરાવતા વિદ્યાર્થીઓ માટે પોતાના ઝાંપા ઝટ ઉઘાડે, કારણ કે આવા વિદ્યાર્થીઓનાં પરિણામ દ્વારા ભવિષ્યમાં પોતાના સંકુલની નામના વધે. પરંતુ સ્વામીશ્રીને આવી ચાલાકી સ્પર્શી નહોતી. તેઓને તો ઊગતી પેઢીની કારકિર્દી ઘડવામાં વધુ રસ. તેની સાથે તેઓને મંદને પણ તેજસ્વી બનાવી મૂકવાની આગવી આવડત હસ્તગત. તેથી સ્વામીશ્રીએ ચાર-ચાર વિષયમાં નાપાસ થનારા પેલા બાળક માટે પોતાના છાત્રાલયનું દ્વાર ખોલી આપ્યું.

તેઓની આ દયાના દરવાજામાંથી દાખલ થયેલા એ વિદ્યાર્થીનું સ્વામીશ્રીના છાત્રાલયે એવું ઘડતર કર્યું કે તેણે નવ વર્ષ બાદ સોફ્ટવેર ઇજનેરની પદવી મેળવી! પેલી બાઈની દીકરી પણ એક સત્સંગી શિક્ષિકાની સહાયથી ઉચ્ચસ્તરીય વિદ્યાલય અને છાત્રાલયમાં પ્રવેશ પામી.

આમ, શિક્ષણ તથા સંસ્કાર આપી પોતાનાં બંને બાળકોની સંભાળ લેનારા સ્વામીશ્રીનાં ચરણે લળી પડતાં એ મહિલા ગદ્‌ગદ ગળે ગાઈ ઊઠી: *'આવે વહારે આવું દુઃખ જોઈ, તમ વગર નથી એવું કોઈ...'*

આ માથું ખંજવાળવાની વાત નથી

તા. ૧/૬ની સવારે સ્વામીશ્રી સભાના મંચ પર પધાર્યા ત્યારે અહીં યોગી જયંતીનો માહોલ બરાબર જામી ચૂકેલો. તેના કેન્દ્રસ્થાને બિરાજેલી યોગીજી મહારાજની ઉત્સવમૂર્તિ સમક્ષ સ્વામીશ્રી પણ હાથમાં કરતાલ લઈ વગાડવા માંડ્યા. તે સમયે તેઓના રોમરોમમાં ભજનની મસ્તી એવી ચડી કે હમણાં તેઓ ખુરશીમાંથી ઊભા થઈ મુજરા કરી બેસશે એમ જણાતું હતું!

આ રીતે ગુરુચરણે ભક્તિઅર્ઘ્ય ધરી સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે વ્યવસ્થાપકોએ પૂછ્યું: 'બાપા! આપે ગઈકાલે આપેલી સૂચના મુજબ આજે મંચ પર ગોઠવેલી યોગીજી મહારાજની મૂર્તિ બરાબર છે ને? નાની નથી ને?'

'નાની હોય કે જે હોય એ. જે ઘડીએ જે આવ્યું એ બરાબર છે. પૂજન તો થશે ને!' સ્વામીશ્રીના આ અભિપ્રાયમાંથી ભારોભાર ગુરુભક્તિ છલકાઈ

આવી. તેઓ તો ગુરુજયંતીએ ગુરુપૂજનના પ્યાસી હતા.

એ તરસ છિપાવી તેઓએ રેલાવેલી અમૃતધારામાં પણ ગુરુમહિમા જ ઘૂઘવી રહ્યો. સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે યોગીજી મહારાજનો જન્મદિવસ. એ તો ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ હતા. કોઈ પણ પ્રકારની ખામી નહીં. ભગવાનની મૂર્તિ, ભગવાનની સેવા, ભગવાનની ભક્તિમાં તલ્લીન અને ક્રોધ તો કોઈ દિવસ આવે નહીં. એ એમની 'ડીસનરી'માં નહીં...'

'ડિક્સનરી'ને બદલે સ્વામીશ્રી આમ બોલતાં આખી સભામાં બ્રહ્માનંદની લહેર ફરી વળી. તેમાં પોતાની નિખાલસતાને વહેતી મૂકતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમારું તો એવું જ. અમને બોલતાં ન આવડે, પણ તમારે સમજી લેવું.'

તેઓની આ નિર્દંભતા વધુ એક વાર હાસ્યનો હિલોળ લઈ આવી. તેમાં જ સ્વામીશ્રીની અમૃતધારા આગળ વધી: 'યોગીજી મહારાજને કોઈ દિવસ ક્રોધ ઊપજ્યો નથી અને કોઈ દિવસ ખરાબ સંકલ્પ પણ થયો નથી. એવી એમની સાધુતા ને કાર્ય આપણે જોયું છે, સાંભળ્યું છે, અનુભવ્યું છે. એવા આપણા ગુરુ હતા. એમણે ગામડે ફરીને કથા-વાર્તા, ભજન-કીર્તન કર્યાં છે...'

સ્વામીશ્રીએ આમ કહ્યું ત્યાં જ સામે બેઠેલા એક શ્રોતાએ માથું ખંજવાળ્યું. તેઓની આ ક્રિયાને કથાતંતુમાં પરોવતાં સ્વામીશ્રી બોલ્યા:

'જો, પેલા માથું ખંજવાળે છે, પણ આ માથું ખંજવાળવાની વાત નથી. આપણા જીવમાં ઉતારવાની વાત છે. વાત સાંભળે છે ને માથું ખંજવાળે છે કે 'આ આપણાથી થશે કે નહીં થાય?' થશે જ! ભગવાનના આશરે ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે એટલે બધી જ મનોકામના પૂરી થશે અને બધા ગુણ આપણામાં આવશે. આવા ભગવાન ને સંત મળ્યા તો શું ના થાય? એવા સંતનું બળ રાખીને આપણે જો વર્તીશું તો આપણને આનંદ છે, છે ને છે જ!'

સમૈયાની સફળતાનાં સૂત્રો

તા. ૫/૬ની સાંજે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક ખાતવિધિ માટે કળશ અને પૂજાદ્રવ્યો લાવવામાં આવ્યાં. તે વડે કળશને પૂજ્યા બાદ વધેલાં ચોખા તથા કંકુની કોથળી પરત કરતાં સ્વામીશ્રીએ સૂચના આપી: 'ચોખા બધા પધરાવી દેજો, પણ કંકુની કોથળીમાંથી અડધું જ કંકુ નાંખજો, અડધું બીજે વપરાશે.'

કરોડોની કિંમતના પ્રકલ્પોનો પ્રારંભ કરતી વેળાએ પણ તેઓ ચપટીની ચીવટ રાખતા. તેથી જ સ્વામીશ્રી ચપટીમાં પ્રકલ્પો પૂર્ણ કરી શકતા હશે ને!

આવી સૂક્ષ્મ સૂઝ સાથે વર્તતા તેઓ તા. ૬/૬ની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે દર્શન માટે બેઠેલા વિનમ્રમુનિદાસ સ્વામી, યતિરાજદાસ સ્વામી, સેવાનિષ્ઠદાસ સ્વામી વગેરે સંતો પાસે સ્વામીશ્રીની શતાબ્દીના ઉત્સવની ઉજવણી અંગે આગવા વિચારો હતા. તેઓની આ કલ્પનાઓ ભોજન શરૂ થતાં જ પાંખો ફફડાવવા લાગી. સ્વામીશ્રી પણ એ કલ્પનાને ઊંચે ચડાવવા હાસ્ય અને હળવાશની હવા ફેલાવવા માંડ્યા.

આ ક્રમમાં એક સંતે સભાના ઠાઠ-માઠની માંડણી કરી ત્યાં જ તેઓ બોલ્યા: 'કાર્યક્રમ સ્ટેજ ઉપર થાય, પણ તેને જોયા વિના દુનિયાનો કોઈ બાકી ન રહેવો જોઈએ એવું આયોજન કરજો. પશુ-પક્ષીને પણ દેખાય એવું આયોજન કરજો.'

સ્વામીશ્રીએ આમ કહ્યું ત્યાં જ રસોડાનું આયોજન ખોલતાં ધર્મપુરુષદાસ સ્વામીએ જણાવ્યું: 'શતાબ્દી મહોત્સવમાં રોજના દસ લાખ હરિભક્તો જમશે.'

'દસ લાખ તો ઓછા પડે. શતાબ્દીનો આટલો મોટો સમૈયો થાય તો દસ કરોડ તો થવા જ જોઈએ ને!' સ્વામીશ્રીએ આમ ગમ્મતનો ગોળ ભેળવતાં રસોડાની કાર્યવાહી વધુ સ્વાદિષ્ટ બની રહી.

આ રીતે રજૂ થઈ રહેલી વિવિધ વિભાગોની સંકલ્પનામાં પ્રચાર-પ્રસારનો મુદ્દો આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'એ બધાને અહીં બોલાવવા નહીં, પણ આપણે અહીં રહ્યાં રહ્યાં જ બધું દુનિયામાં મોકલી દેવું. એ લોકો ત્યાં બેઠાં બેઠાં જ સાંભળી લે. એટલે આવવા-જવાનું મટી જાય.'

હાઈ-ટેક પ્રચાર માટે સ્વામીશ્રીએ કરેલું આ કલ્પનાશીલ વાવેતર જોઈ સંતોએ વિનંતી કરી કે 'બાપા! આ બધાં પાસાં તો બરાબર છે, પણ ડંકો વગાડવા માટે સૌથી મોટું પાસું સાધુતાનું છે. તેથી શતાબ્દી સુધીમાં આપ સૌને બ્રહ્મરૂપ કરી દો એવી પ્રાર્થના.'

આ મુદ્દો ઝડપતાં સ્વામીશ્રી ગંભીર થઈ કહેવા લાગ્યા:

'જે આ છેલ્લી વાત કરી એ જ સાચો ઉત્સવ ઊજવ્યો કહેવાય. સાધુતાના ગુણો કેળવો એટલે ઉત્સવ સારામાં સારો ઊજવાઈ જાય. એમાં બધાને જબરી છાપ પડી જાય. ધર્મ-નિયમ, આજ્ઞા-ઉપાસનામાં કચાશ રાખવી નહીં. કોઈ પ્રકારની ખટપટ નહીં, અભાવ-અવગુણ નહીં. એ શીખી લો

એટલે સમૈયો સર્વોપરી થઈ જશે. પહેલું જીવન કેળવો એટલે સમૈયો થઈ જાય. સાધુ એવા થાવ કે કથા-વાર્તા, નિયમ-ધર્મ, સાધુતા બધાંમાં એક નંબર ! નિર્માની થઈને, સંપ રાખીને સૌ મંડશો તો સમૈયો સર્વોપરી થઈ જશે.'

સ્વામીશ્રીએ શતાબ્દી તો શું, પણ સહસ્રાબ્દીની સફળતાનાં સૂત્રો શીખવી દીધાં.

સત્તાધીશનો સેવકભાવ

તા. ૭/૬ના રોજ આવેલી જેઠ સુદ ચોથની તિથિએ સારંગપુરનું હવામાન ૫૮મા પ્રમુખવરણી દિનની ઉજવણીના ઉત્સાહમાં ઓગળી ગયેલું.

આ દિવસની સવારે નિજનિવાસમાંથી નીકળેલા સ્વામીશ્રી ગુરુકક્ષ, મંદિર, રંગમંડપ, સ્મૃતિમંદિર વગેરે સ્થળે દર્શન કરતાં કરતાં પ્રાતઃપૂજા માટે સભાગૃહમાં પહોંચ્યા ત્યાં સુધી સંતો-ભક્તો દ્વારા થતી રહેલી વિવિધ પ્રસ્તુતિઓમાં 'મારે તો પસ્તાવું પડ્યું જ નથી...' વાક્યની અભિવ્યક્તિ ઊછળતી રહી. સ્વામીશ્રીને સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કરતી વખતે શાસ્ત્રીજી મહારાજે આપેલી આ બાંયધરી ૫૮ વર્ષ બાદ તો હવે સૌની અનુભૂતિ થઈ ચૂકેલી. તેમાં રમમાણ સત્સંગ-સમુદાય વતી સ્વામીશ્રીને આજે મોગરમાળથી ગૂંથેલી ચાદર ઓઢાડવામાં આવી. તે ધારણ કરીને બિરાજેલા તેઓનાં કરકમળમાં મોગરાનો પુષ્પગુચ્છ પણ આપવામાં આવ્યો. તેથી બંને હાથ એ ગુલદસ્તાને પકડવામાં રોકાઈ જતાં ફૂલચાદર સ્વામીશ્રીના શ્રીવિગ્રહ પર ઘણી વાર સુધી શોભી રહી.

તેનાં દર્શનમાં મસ્ત ભક્તગણ વચ્ચે સ્વામીશ્રીએ તા. ૯/૬ની સવારે મહેસાણાના ધોબીઘાટ વિસ્તારના મંદિરની પટપ્રતિમામાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

આ અરસામાં સંસ્થાના અન્ય એક મંદિરનું પણ નિર્માણકાર્ય ચાલુ હતું. તેમાં કેટલીક ખાસ કુશળતા ધરાવતા કારીગરોની જરૂર પડતાં આ બાંધકામ સંભાળી રહેલા અક્ષયમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'ભાદરાના મંદિરનું ચણતર કરવામાં આ પ્રકારના માણસો રોકાયેલા છે. તેઓ જો અહીં આવી જાય તો વાંધો ન આવે.'

આ સાંભળી સ્વામીશ્રીએ ભાદરા રહેતા ધર્મકુંવરદાસ સ્વામીને ફોન જોડી જણાવ્યું: 'તમારું એક કામ પડ્યું છે. થશે ?'

સત્તાધીશ હોવા છતાં સ્વામીશ્રીના શબ્દો આજીજીભર્યા રહેતા,

અહંકારભર્યા નહીં. તેથી ચકિત થયેલા પેલા સંતે 'આપ કહો ને ન થાય એ કેમ બને?' કહી મરજી ઝીલવા તત્પરતા દાખવતાં સ્વામીશ્રીએ વાત મૂકી કે 'તમારી પાસે જે કારીગરો છે તેને બીજે મોકલવા પડશે. તમારે થોડું મોડું થશે.'

સફળ સૂત્રધાર તરીકે ૫૮ વર્ષ વિતાવ્યાં પછી પણ સેવકભાવે કામ કરતા તેઓ આજેય નેતૃત્વના ક્ષેત્રમાં ઝળહળતા નક્ષત્ર સમા શોભી રહ્યા છે.

આપણે ભગવાન સાથે જ વાત કરીએ છીએ

તા. ૧૧/૬ની સવારે ભોજન બાદ સેવાકાર્યમાં પરોવાયેલા સ્વામીશ્રીને લંડનના હરિભક્ત શ્રી ચત્રભુજ દાલિયાનો અક્ષરવાસ થયાના સમાચાર મળ્યા. તે સાંભળી તેઓ સદ્‌ગતના સુપુત્રોને ફોન દ્વારા આશ્વાસન આપતાં બોલ્યા: 'એમના જીવનમાં વ્યવહાર કરતાં સત્સંગ મુખ્ય હતો. સારું જીવન જીવી ગયા. એમનાં દર્શન છેલ્લે કોઈ કરે તો એનું પણ કલ્યાણ થઈ જાય.'

હરિભક્તોનો આવો અપાર મહિમા સમજતા સ્વામીશ્રી તા. ૧૪/૬ની સવારે સૌને મુલાકાત આપી રહેલા ત્યારે તેઓને બોચાસણવાસી શ્રી હિમાંશુભાઈ પટેલે કહ્યું: 'આપની જોડે વાત કરીએ છીએ એવી રીતે ભગવાન જોડે વાત થાય, એવાં કર્મ થાય તેવા આશીર્વાદ આપો.'

'આપણે ભગવાન સાથે જ વાત કરીએ છીએ.' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

તેઓના આ પ્રતિભાવમાંથી *'એવા સાચા સંત હોય તિયાં, હોય પ્રગટ શ્રીહરિ જિયાં...'* એ શાસ્ત્રવચનનો પડઘો ઊઠી ગયો.

તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૧૬/૬ની સાંજે સારંગપુરના મંદિર-સંકુલની પશ્ચિમે આવેલા વિદ્યામંદિરની સરહદે બંધાતી નૂતન દીવાલનું પૂજન કરવા પહોંચ્યા. અત્રે સૌની વિનંતીથી ગાડીમાં બેઠાં બેઠાં જ વંડા પર પૂજાદ્રવ્યો પધરાવી ઉતારે પરત ફરેલા તેઓ સાયંભ્રમણમાં પરોવાયા.

તે વખતે વંચાઈ રહેલા યજ્ઞપુરુષ ચરિતમ્ ગ્રંથમાં મહેળાવનાં પ્રાસાદિક સ્થાનોની વિગત આવી. તેમાંથી હાલના શિખરબદ્ધ મંદિરની દિશા અંગે ચર્ચા ઊપડતાં એક અંતેવાસીએ 'મંદિર પૂર્વમુખે છે' એમ કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'મંદિર તો ઉત્તરમુખે છે ને!'

'ના, બાપા! આપણે વર્ષોથી જઈએ છીએ. મને પાકી ખબર છે કે તે પૂર્વમુખે જ છે.'

આ અભિપ્રાયમાં અન્ય એક સેવકે પણ સૂર પુરાવતાં સ્વામીશ્રી મૌન રહ્યા. છેવટે વાત પાકી કરવા મહેળાવના મંદિરે ફોન જોડી સ્થાનિક સંતોને જ પૂછવામાં આવ્યું કે 'ત્યાંના મંદિરની દિશા કઈ?'

'ઉત્તરમુખ.'

આ જવાબ સાંભળી સ્તબ્ધ થયેલા સેવકો તો સ્વામીશ્રી સામે જોઈ જ રહ્યા. નવ વર્ષ પૂર્વે પ્રતિષ્ઠિત કરેલા મંદિરની દિશા સહિત સઘળું સ્વામીશ્રીની સ્મૃતિમાં અકબંધ હતું!

આ રીતે સંસ્થાના એકેએક સંકુલને કોઈ નોંધ વિના પોતાની યાદદાસ્તમાં તાજા રાખનારા ૮૭ વર્ષીય સ્વામીશ્રી સૌને અતિ અપાર જણાયા.

આ એક અમૂલ્ય વસ્તુ કહેવાય

તા. ૧૮/૬ની સાંજે ભૂમિભ્રમણના વ્યાયામથી પરવારેલા સ્વામીશ્રીને ચડેલા હાંફની માત્રા માપવા કંઈક બોલવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓ *'હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે...'* પંક્તિ બોલ્યા.

તે પછી તેઓએ સામે ઊભેલા વિરાટસ્વરૂપદાસ સ્વામીને પૂછ્યું: 'આનો અર્થ ખબર છે?'

'ના.'

'હું એટલે આઈ(I) અને ઢૂંકડા એટલે નજીક. જો અભિમાન ટળે તો ભગવાન નજીક આવે.'

આટલી સરળ સમજૂતી આપી સ્વામીશ્રી વધુમાં કહેવા માંડ્યા:

''હું વિરાટ પણ નથી, હું અમેરિકા પણ ગયો નથી, હું વકીલ પણ નથી, વી.આઈ.પી. પણ નથી – આવી માન્યતા કરી હોય તો કોઈ કાંઈ બોલી જાય તો પણ કાંઈ અસર થાય નહીં. હું તને એક દૃષ્ટાંત આપું.

આ સામે દેખાય એ ભીંતને કહીએ કે 'તું આવી છે ને તું તેવી છે' તો ભીંતને કંઈ થાય? ભીંતને કહીએ કે 'અક્કલ વગરની છે', તો એને કંઈ થાય? ન થાય. એમ આપણને કોઈ કહે કે 'બુદ્ધિ વગરનો છે, કાંઈ આવડતું નથી', તો એમ સમજવું કે 'એ બોલે છે તે તો શરીરને કહે છે. આપણે તો ભગવાનના છીએ, આત્મા છીએ.' આ જ્ઞાનનો ખ્યાલ રહે તો ગમે ત્યાં જાય, પણ આનંદમાં રહે. માટે આ જ્ઞાન સિદ્ધ કરવું.''

'હું પ્રયત્ન કરીશ.'

'હા, દરરોજ આ બોલવાનું, તો વાંધો ન આવે. જેમ ભગતજી મહારાજનું કેટલું અપમાન કર્યું તોય છેલ્લે ભગતજી મહારાજે કહ્યું, 'બીજું કાંઈ કહેવું છે?' પેલા કહે, 'જા, તારું મોઢું નથી જોવું. તને શું કહેવું?' આવું બધું થાય ત્યારે આપણે જો આ યાદ રાખ્યું હોય તો કામમાં આવે. કોઈ વસ્તુ રાખી મૂકી હોય તો સમય આવ્યે કામ લાગે, એમ આ એક અમૂલ્ય વસ્તુ કહેવાય – હું અક્ષર છું ને બ્રહ્મ છું.'

હરિભક્તોનાં ઘર એ આપણી રાજધાની

તા. ૧૯/૬ની રાત્રે ચાલી રહેલી એક બેઠક દરમ્યાન સ્વામીશ્રીએ ગુરુપૂનમના સમૈયે બોચાસણ જવાનો વિચાર વહેતો મૂક્યો. તે સાંભળી મીટિંગમાં બેઠેલા સંતોએ તેઓને અહીં સારંગપુરમાં જ આ ઉત્સવ ઊજવવા વિનંતી કરી. તેના કારણરૂપે સ્વાસ્થ્યની જાળવણીનો મુદ્દો મુખ્ય હતો.

તેની પુષ્ટિમાં બ્રહ્મવિહારીદાસ સ્વામી બોલ્યા : 'બાપા! હવે આપે બહુ વિચરણ કરવાની જરૂર નહીં. જેમ એક લેખકે લખ્યું છે કે 'જ્યાં ગાંધીજી જાય ત્યાં ભારતની રાજધાની.' તેમ આપ જ્યાં હો ત્યાં ગાદીસ્થાન. ત્યાં જ સંસ્થા.'

'એટલે મારે વિચરણ બંધ કરી દેવું?' આ વેધક વાંધો ઉઠાવતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા સંતોને જણાવ્યું :

''તમે બધા યાદ રાખજો કે 'સાધુ તો ફરતા ભલા.' સંતો છેલ્લા શ્વાસ સુધી વિચરણ કરે એ જ આપણો સિદ્ધાંત છે. તમે કો' છો કે 'આરામ કરો... આરામ કરો...' પણ મેં શાસ્ત્રીજી મહારાજને જોયા છે. તેઓને ઘૂંટણમાં 'વા' હતો તોય ગામડે ફરતા. ગાડામાં ગાદલું નાંખી પધરામણી કરતાં મેં જોયા છે. યોગીજી મહારાજને પણ હરસની પીડા, દર્દ, લોહી ટપકે, છતાં બબ્બે માળ ચઢી પધરામણી કરતાં મેં જોયા છે. આપણે પણ મનમાં એક જ વિચાર છે કે છેલ્લા શ્વાસ સુધી વિચરણ ને પધરામણી કરવી છે.''

૮૭ વર્ષીય સ્વામીશ્રીની વૃદ્ધ કાયાના કણ-કણમાંથી ફૂટી નીકળેલી આ ધગશ જોઈ સૌ દંગ રહી ગયા. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા :

''આપણને એમ થાય કે 'ગામડે શું જવું?' પણ કોઈના પ્રસંગે આપણે જઈએ તો હરિભક્ત રાજી થાય. હરિભક્તનો જેટલો સંબંધ રાખો અને રાખ-રખાવટ કરો એના ઉપર જ આપણી ખેતી છે. માટે મુનિ! સંતોને આ બધી વાતો ટ્રેનિંગ સેન્ટરમાં નાંખવાની કે આપણે ગામડે ફરવાનું જ છે.

ખાલી આંટો મારીને પાછા આવે એનાથી કાંઈ ન વળે. એક-બે દા'ડા રોકાય તો સમાસ થાય. હરિભક્તનો ગમે તેવો સ્વભાવ હોય તોય તિરસ્કારની દૃષ્ટિએ ન જોવું. એ આપણને બે શબ્દો કહી જાય તોય આપણું શું જતું રહ્યું? સત્સંગ ગામડે ફરવાથી વધ્યો છે. માટે વિચરણ જોઈએ, જોઈએ ને જોઈએ જ! આપણે સાધુના જીવમાં નાંખી દેવાનું કે ગામડે જવાનું છે, ધર્માદો લાવવાનો છે. મહારાજના વખતમાં સગવડ નહોતી તોય પરમહંસો ગામડે-ગામડે જતા. માટે સાધુના મગજમાંથી આ બધું નીકળી ન જાય એટલે અહીં પાયામાંથી જ નાંખવું.''

સાધુની ગળથૂથીના આ સંસ્કાર ધરબી સ્વામીશ્રીએ પેલા સંતને ઉદ્દેશી કહ્યું: 'તમે મને સમજાવતા'તા ને કે રાજધાની... રાજધાની... પણ હું તમને કહું આપણી રાજધાની કઈ? હરિભક્તોના એક-એક ઘર એ આપણી રાજધાની.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી ઊઠેલી મમતા અને મહિમાની છોળ્યમાં સૌ ડૂબી જ ગયા. ભક્તોનાં ભવનને રાજભવન જ સમજી અઢી લાખથીયે વધુ ઘરોમાં પગલાં પાડનારા તેઓની ભક્તવત્સલતા અકલ્પનીય અને અવર્ણનીય છે.

શાસ્ત્રીજી મહારાજનો એક જ સિદ્ધાંત હતો કે...

તા. ૨૩/૬ની સવારે ભોજન બાદ એક પ્રસંગોપાત્ત વાત કરતાં સ્વામીશ્રી બોલ્યા:

''શાસ્ત્રીજી મહારાજનો એક જ સિદ્ધાંત હતો કે કોઈની સાથે લડવામાં માલ નથી. લડીએ તો સામાવાળો દુનિયાપારનું કાઢે. એક નહીં ને બીજું, બીજું નહીં ને ત્રીજું, એમ કાઢ્યે જ રાખે! એના કરતાં આપણે સાચા હોઈએ તો મહારાજને અંતરમાં ધારીને ભજન કરી લેવું. શાસ્ત્રીજી મહારાજનું એવું હતું કે 'કોઈનું ખંડન ન કરવું.' લોકો વિરોધમાં લખતા તોય એમને જવાબ આપ્યો નથી.

મૂળ પાયામાં એ છે કે સાચી વાત હોય એની દૃઢતા રાખવી ને સાચું જ કરવું. સાચું કરતાં ભલે ફેઈલ (નિષ્ફળ) જઈએ તો પણ વાંધો નહીં.''

ગુરુની આ સાધુતાનો વારસો પૂરેપૂરો ઝીલીને કાર્ય કરતા સ્વામીશ્રીએ તા. ૨૫/૬ના રોજ સારંગપુરમાં નિવાસના સો દિવસ પૂરા કરતાં આજનો

આનંદ આકાશને અડી ગયો. તેઓના આ સુદીર્ઘ રોકાણને સંતો-ભક્તોએ વિવિધ રજૂઆતો દ્વારા વધાવ્યું. અંતે સૌએ માથે ફાળિયાં અને હાથે કરતાલ લઈ છેલ્લા સો દિવસથી યજ્ઞપુરુષને દ્વાર ગુંજતી નોબતમાં સંગત આપી. તેને સ્વામીશ્રીનાં લટકાં-મટકાંનો સાથ સાંપડતાં વિશેષ રંગત જામતી ગઈ.

તેની વચ્ચે તા. ૨૭/૬ની પ્રાતઃપૂજા દરમ્યાન તાજેતરમાં પ્રકાશિત થયેલી 'શ્રીજી પધાર્યા' કેસેટ ગુંજવા લાગી. જ્યારે સ્વામીશ્રીની પૂજા પૂર્ણાહુતિએ પહોંચી ત્યારે તેમાંથી શબ્દો રેલાઈ રહેલા : *'હીરા મોતીના હાર ગૂંથાવિયા રે...'*

આ કીર્તનના તાલે સ્વામીશ્રી પણ તાલ દેવા લાગ્યા, પરંતુ તે જ વખતે આગામી સૂચના આપવા માટે માઈક ચાલુ કરવામાં આવતાં ગવાતું પદ અધવચ્ચે જ અટકી ગયું. તે જોઈ સ્વામીશ્રીએ 'હીરા મોતીના હાર ગૂંથાવ્યા તો ખરા, પણ પહેરાવવા ક્યારે ?'નો બોધ આપતી મુદ્રા કરી રમૂજનો રાગ છેડી દીધો. તેથી અટકેલું ભજન પુનઃ ગુંજવા લાગતાં સ્વામીશ્રી તેના તાલે તાલ મિલાવવા માંડ્યા.

આ સમયે હારતોરાની જાહેરાત થતાં મહુવાનાં કિશોરી મંડળે તૈયાર કરેલો મમરાનો હાર પહેરાવવા સંતો સ્વામીશ્રી પાસે પહોંચ્યા. તે નિહાળી સ્વામીશ્રી મર્મમાં હસ્યા, કારણ કે કીર્તનમાં વાત આવેલી હીરા-મોતીના હારની અને અહીં આવી મમરાની માળા ! પરંતુ તે સ્વીકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન અને સંતનો સ્પર્શ થાય એ હીરા-મોતીનો હાર જ બની જાય !'

તેઓના દરબારમાં પદાર્થનું નહીં, પ્રેમનું મૂલ્ય અંકાતું. શોભા નહીં, સંબંધની વિશેષતા રહેતી.

હરિ ઇચ્છા થકી થાય જેહ, સુખદાયક સમજવું તેહ

તા. ૨૯/૬ની સવારે પ્રાતઃપૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રીની પૂજાપાટ પર પધરાવેલો નિધિકુંભ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલો, પણ સ્વામીશ્રી માટે તો આ કળશ હતો – આનંદનું નિમિત્ત; કારણ કે ગઢડામાં શાસ્ત્રીજી મહારાજને જે જગ્યાએ મંદિરનો દરવાજો બનાવવાનો સંકલ્પ હતો તે દ્વારના ખાત-ગર્તમાં આ કુંભ પ્રસ્થાપિત થવાનો હતો. તેથી પૂજા બાદ તેનું ઉમંગભેર પૂજન કરતા સ્વામીશ્રીએ આ કાર્યમાં સંલગ્ન સંતો-ભક્તોનાં કાંડે પણ રક્ષા-સૂત્ર બાંધ્યાં. આ વખતે સંતો બોલ્યા : 'ખાતવિધિ આવતીકાલે રાખ્યો છે.'

'આવતીકાલે શું કરવા? આજે જ કરી દો.' સ્વામીશ્રીએ આયોજન આપી દીધું. તેની સાથે તેઓએ મુહૂર્ત કાઢતાં પણ જણાવ્યું: 'આજે સાડા નવ વાગ્યાથી બાર વાગ્યાનાં મૂરત ખૂબ સારાં છે. માટે એમાં જ વિધિ કરી દો.'

આમ, મોક્ષના મહાદ્વારનો સત્વરે શુભારંભ કરાવી નિજનિવાસમાં પધારેલા સ્વામીશ્રી આજે રવિવાર હોવાથી મુલાકાતોમાં ઘણા વ્યસ્ત રહ્યા.

તે પછી પત્ર, ફોન, વ્યાયામ અને ભ્રમણનો ચોક વટાવી તેઓ બપોરે પોઢવા માટે પલંગ પર બિરાજ્યા ત્યારે કો'કે અમેરિકામાં આવી રહેલી ચૂંટણીનો મુદ્દો કાઢ્યો. તે વખતે કેટલાકે અમુક ઉમેદવારની તરફેણ કરી, તો કેટલાકે અન્ય ઉમેદવારની.

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: "જે થાય એમાં ભગવાનની ઇચ્છા સમજવી. જીત્યા તોય ભલે ને ન જીત્યા તોય ભલે! બધું ભગવાનની ઇચ્છા, એટલે ટેન્શન ન થાય અને 'ભગવાને કેમ કામ ન કર્યું?' એવો અવિશ્વાસ ન આવે. 'ભવિષ્યમાં કંઈક સારું થશે એટલા માટે જ આવું થતું હશે' એમ સમજવું. ભગવાનનું તંત્ર બેધારું છે. આપણે એમ ધારીએ કે આ જીતે, પણ આગળ જઈને કૂવામાં પડવાના હોય તો એ આપણને ખબર ના હોય. એ બધું ભગવાનને ખબર હોય. અન્ડરસ્ટેન્ડ?"

'સમજવું જ પડશે ને!'

એક દર્શનાર્થીનો આ પ્રતિભાવ સાંભળી સ્વામીશ્રીએ વધુમાં કહ્યું: 'ભગવાનની ઇચ્છાની વાત એવી છે કે આમ પણ સારું થાય ને આમ પણ સારું થાય. શ્રદ્ધા હોવી જ જોઈએ. 'એમણે કેમ આ ન કર્યું?' એ થવું ન જોઈએ. આપણે ભગવાનની ઇચ્છા સમજ્યા વગર વાત કરીએ તો મોહ પમાય, મોળા પડી જવાય, ભગવાન ભુલાય, પોતાનું બળ આવી જાય. 'ભગવાનની ઇચ્છાથી જ બધું થાય છે' એ વાત મનાય તો બધી પરિસ્થિતિમાં સુખ જ રહે. જીવનમાં ઘણા પ્રશ્નો થાય, એ ઘડીએ ગભરાઈ જવાની જરૂર નહીં.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે એક જ સૂર વહી રહ્યો કે *'હરિ ઇચ્છા થકી થાય જેહ, સુખદાયક સમજવું તેહ...'*

નથી કેને ઉપર જેને વેર

તા. ૩૦/૬ની સવારે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ ફૂટેલી કેટલીક સંસ્થા-વિરોધી પ્રવૃત્તિઓની વાતોના સંદર્ભમાં એક સંતે સ્વામીશ્રીને જ

કહ્યું : 'એ બધા વિરોધીઓ આપની સાધુતાનો લાભ ઉઠાવે છે.'

'એ જેવા હોય એવા, પણ આપણે જેટલું ઠંડાઈથી કામ કરીએ એટલું કામ સિદ્ધ થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પરંતુ આ ઉપાય સામે દલીલ થઈ કે 'ઢીંક મારે ત્યારે માણસ સરખો રહે – એવી એક ગામઠી કહેવત છે.'

'આપણે તો મૌન એ જ ઢીંક છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ પ્રચંડ વિરોધનો પ્રતિકાર પણ ક્ષમાની શાંત શક્તિથી કરનારા હતા.

તે સાથે તેઓ તા. ૨/૭ની સવારે ઉતારેથી સભાગૃહ સુધી જવા નીકળ્યા ત્યારે વરસાદને કારણે ગોલ્ફ કાર્ટની વ્યવસ્થા થયેલી. તેથી સ્મૃતિમંદિરે દર્શન બાદ સ્વામીશ્રીની વ્હીલચેર આ ગાડીમાં ચઢાવાઈ. તે જોઈ સંતો બોલ્યા : 'બાપા ! આપ રથમાં બેસી ગયા. અમને દર્શન થઈ ગયાં.'

'હા, બરાબર ! હવે તો રથ આગળ જશે.'

'આપ ધારો તો આ રથ ઊડે પણ ખરો. આપ પાયલટ છો.'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા પાઈલટ મળી ગયા એટલે વાંધો નહીં.'

'અમારા જેવા પાઈલટ થાય તો ગમે ત્યાં ઉતારી મૂકે. અમે તો ખોટા સ્ટેશને ઉતારી દઈએ એવા છીએ.'

'બીજે પહોંચવા જ ના દઈએ ને ! તમને બધાને એવા પકડી રાખ્યા છે કે ક્યાંય ઊતરવા નહીં દઈએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે પકડી રાખ્યા છે. તે બીજે ક્યાંય જવા નહીં દે. ફરરર... કરતાં અક્ષરધામમાં લઈ જઈએ.' પાંખો ફફડાવતા હોય તેવા અભિનય સાથે સ્વામીશ્રી બોલ્યા. તેઓના આ શબ્દોમાં ગુણાતીત સામર્થ્ય ઝળકી રહ્યું.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે ને કે 'જીવમાં ભૂલ્ય આવે પણ અનેક જુક્તિથી તેને ભગવાનના માર્ગમાં રાખવો, પણ પાડી નાંખવો નહીં, એ જ મોટાની મોટાઈ છે.'[૧૭]

સ્વધર્મમાં દૃઢ અનુરાગ

તા. ૨/૭ના રોજ સ્વામીશ્રી પાસે આવેલા એક હરિભક્તે કેફથી

૧૭. સ્વામીની વાતો : ૫/૩૪૩.

માંગણી મૂકી કે 'બાપા ! દુઃખ આપો.'

પરંતુ સ્વામીશ્રીએ માંગવાનું શિખવાડતાં તેઓને કહ્યું: 'દુઃખ મળે એવું માંગવાની જરૂર નહીં, પણ ભગવાન સારી રીતે ભજાય એટલું અને એવું સુખ માંગવું. ભગવાન ભુલાય નહીં એટલું દુઃખ રહે એ બરાબર છે.'

સ્વામીશ્રીને મન મહત્તા સુખ કે દુઃખની નહીં, પણ ભગવાનના ભજનની હતી. સાઇકલ હોય કે મોટર – તેથી જો મંઝિલે પહોંચી જવાય તો બેય સાર્થક; તેમ ન થયું તો બેય નિરર્થક !

આ મર્મ સમજાવનારા સ્વામીશ્રીએ આજની વાળુવેળાએ વધુ એક શાશ્વત સિદ્ધાંત ઉચ્ચારી દીધો. આ સમયે સ્ત્રી-પુરુષ મર્યાદા સંબંધી એક પુસ્તકની વાત નીકળતાં કો'ક બોલ્યું: 'લોકો એમ કહે છે કે એકવીસમી સદી મહિલાઓની જ છે.'

'એમાં ક્યાં વાંધો છે?' સ્વામીશ્રીએ જણાવ્યું, પરંતુ ઉમેર્યું: 'આપણે તો મહારાજે જે સિદ્ધાંત આપ્યો છે એને પકડ્યો છે. આપણો સિદ્ધાંત સાચો છે એટલે લોકોને પણ સમજાશે. આપણે તો મહારાજે જે સિદ્ધાંત આપ્યો છે એને બરાબર લખવાનો.'

સત્યસિદ્ધાંત વિષયક સ્વામીશ્રીની શ્રદ્ધા દુન્યવી અભિપ્રાયોની આંધીથી કદી ન ડગતી.

તે સાથે તેઓએ તા. ૩/૭ના રાત્રિભોજન વખતે પણ એક ગાંઠે બાંધવા જેવી વાત ઉચ્ચારી કે ''ગુણાતીત પરંપરાનાં જીવનચરિત્રો વાંચવાથી તેઓ કઈ રીતે જીવન જીવ્યા છે એ શીખવા મળે અને સાથે સાથે જ્ઞાન પણ મળે. બીજું વાંચ-વાંચ કરીએ તો આપણામાં શંકા થયા કરે કે 'આનું આમ કેમ ને ફલાણાનું આમ કેમ?' એટલે આપણા સિદ્ધાંતો પહેલાં દૃઢ કરી લેવા અને પછી આગળ ભણવું.''

व्यसन नहीं रखना वो भी समाज की सेवा है

તા. ૪/૭ના રોજ આવેલી રથયાત્રાના ઉત્સવ પ્રસંગે પ્રથમ સીમા-ચિહ્ન રોપતાં સ્વામીશ્રીએ ભાવનગરના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિમાં દૈવત આરોપ્યું. તે પછી તેઓએ રથવહન કરી રહેલા અશ્વોની પાર્શ્વભૂ ધરાવતા મંચ પર પ્રાતઃપૂજા કરી અમૃતધારા વહાવી કે –

'ઉત્સવો ઊજવવા એ ભારતની સંસ્કૃતિ છે. ભગવાનને રાજી કરવા

ને ઇન્દ્રિયોના ઘોડા ભગવાનના હાથમાં આપવા એટલે આડા-અવળા જાય નહીં, એનો આ ઉત્સવ છે. ભગવાનના હાથમાં સોંપ્યું હોય તો તે સીધું કરી આપે. શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજ જેવા મહાપુરુષોએ આપણને ખૂબ રમાડ્યા છે, જમાડ્યા છે, વહાલ કર્યું છે, એ ભુલાય એવું નથી. એ જેટલું સંભારીશું એટલું આપણું અંતઃકરણ શુદ્ધ થશે, મન શુદ્ધ થશે ને સર્વ પ્રકારે આનંદ આનંદ થઈ જશે.'

આ આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ પૂર્વ તરફનાં પગથિયેથી નીચે ઊતર્યા ત્યારે અહીં જગન્નાથપુરીની રથયાત્રામાં જોવા મળતા રથનો આભાસ જન્માવે તે રીતે ગોલ્ફ કાર્ટ શણગારવામાં આવેલી. તેમાં ઠાકોરજી સાથે બિરાજી સ્મૃતિમંદિરે જઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ ગામના ઢોલીની ટોળી બૂંગિયાં ઢોલ સાથે વાતાવરણ ગજવવા માંડી. સ્મૃતિમંદિરેથી પાછા વળતાં તો આ ઢોલના નાદની સાથે સાઠેક સંતોના હાથમાં રણઝણી રહેલી કરતાલોનો તાલ મળતાં ઉત્સવિયો માહોલ બરાબર ચગી ગયો.

તેમાં મંદિરની ત્રણ પ્રદક્ષિણાઓ ફરી રથારૂઢ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અહીં તા. ૫/૭ના રોજ આવેલા ૧૬૫ મુલાકાતીઓ પૈકીના એક ભાવિક નજીકના ભવિષ્યમાં કો'ક મંત્રીના સચિવપદે નિયુક્ત થવાના હતા. તે પૂર્વે આશીર્વાદની ઝંખના સેવતા તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'કાંઈ વ્યસન તો નથી ને?'

'ના.'

'તો સારું. દેશનું ભલું કરવા નીકળ્યા છો તો પહેલાં આપણે સુધરીએ.'

સ્વામીશ્રીના આ બોલમાં રાષ્ટ્રસેવકોની આચારસંહિતાનો પ્રથમ પાઠ સમાયેલો છે.

તે આજે જોધપુરથી આવેલા એક અગ્રણીને પણ સ્વામીશ્રીએ ભણાવ્યો. તત્કાલીન રાજસ્થાનમાં સૌથી નાની વયે સરપંચ બનનારા એ આગેવાનને સ્વામીશ્રીએ કહ્યું: 'व्यसन नहीं रखना। वो भी समाज की ही सेवा है।'

આ જ રીતે અત્રે સારંગપુરમાં તેઓને મળવા આવેલા ગુજરાતના એક પૂર્વમંત્રીએ અભિનેતા તરીકે પણ કાઠું કાઢેલું. તેઓએ સ્વામીશ્રી સમક્ષ મનોરથ પ્રગટ કર્યો કે 'હજી મારે એક ફિલ્મમાં કામ કરવું છે. તેમાં વ્યસન મુકાવતા હોય એવા વૃદ્ધનો અભિનય કરવો છે.'

'પણ તમે મૂક્યું હોય તો બીજા મૂકે ને! તમારી ભાવના સારી છે,

પણ તમેય આ વ્યસન મૂકજો.' સ્વામીશ્રીએ લેશ સંકોચ વિના સ્પષ્ટ વાત જણાવી દીધી.

તેઓ નેતાઓમાં નીતિમત્તાનું ધોરણ સચવાય તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેલા.

આપણી શતાબ્દી તો ઊજવાઈ ગઈ

સારંગપુરના મંદિરમાં વિરાજિત કાષ્ઠનિર્મિત ઘનશ્યામ મહારાજની મૂર્તિ આ અરસામાં નવસંસ્કરણ પામી હોવાથી તા. ૭/૭ની સવારે તેની વિધિવત્ પુનઃ પ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અત્રે તેઓનાં દર્શને આવેલા રાજકીય મહાનુભાવ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ પોતાનું અવલોકન રજૂ કર્યું કે 'ગંદકી, ગોકીરો અને ગિરદી – આ ત્રણ આપણાં તીર્થધામોની ઓળખ છે. પરંતુ અક્ષર-પુરુષોત્તમ સંસ્થાએ આ ત્રણેયને દૂર રાખ્યાં છે અને 'મંદિર કેવું હોવું જોઈએ?'નો નવો કન્સેપ્ટ (ખ્યાલ) ઊભો કરી દીધો છે.'

આ ખ્યાલ પર ખડાં થયેલાં એક હજાર ઉપરાંત મંદિરો દ્વારા સ્વામીશ્રીએ કરેલી સંસ્કૃતિ-સેવા સરકતા સમયે વધુ ને વધુ અદકેરી સાબિત થતી રહેશે.

પરંતુ મંદિરો બાંધનારા તેઓ તેની જાળવણી માટે પણ એટલા જ સતર્ક રહેતા. તેથી તા. ૮/૭ની સવારે યોજાયેલી એક બેઠકમાં તેઓએ સારંગપુરના મંદિર સંબંધી માર્ગદર્શન આપતાં કહ્યું:

'સંવત ૨૦૭૨ની સાલમાં મંદિરની શતાબ્દી આવે છે તો નિરાંતે રંગ કરવો, જેથી એ વખતે નવો ને નવો જ લાગે. મંદિરને રંગ એવો કરવો કે જાણે પથ્થરનો જ રંગ હોય. અત્યારે તો ઘણી એવી ટેક્નિક નીકળી છે એટલે આરસ જેવું લાગે. એ પ્રકારનો રંગ થતો હોય તો એનું પણ સંશોધન કરજો. મંદિરનો રંગ કર્યા પછી દરવાજાને પણ રંગવો. શાસ્ત્રીજી મહારાજની દેરીનું પણ કરવું. મંદિરની ફરતે લીલોતરી થાય એવું કરવું. ઝાડવાં હોય તો કોઈને ત્યાં બેસવું હોય તો બેસે.'

મંદિર-વિકાસ સંબંધી પોતાના આ વિચારો સ્વામીશ્રીએ રજૂ કર્યા ત્યારે એક સંતે જણાવ્યું: 'મંદિરની શતાબ્દી નિમિત્તે આપ એવો સંકલ્પ કરો ને કે આવું ને આવું મંદિર આખું આરસનું થઈ જાય.'

આ પ્રસ્તાવ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અત્યારે થોડું થોડું ચોટકકામ કરવું છે એય માંડ થાય છે. આખું કરતાં તો બહુ વાર લાગે.'

'આપની શતાબ્દી સુધીમાં થઈ જાય.'

'મારી શતાબ્દી તો થઈ ગઈ!' આટલું કહી સ્વામીશ્રીએ થોડા દિવસ પૂર્વે સંતોએ કરેલી રજૂઆત સંભારી કહ્યું :

'હમણાં જ સંતોએ કેવાં બધાં પ્લાનિંગ રજૂ કર્યાં! ૫૦૦ એકર જમીન હોય ને ઠેઠ બોટાદથી પાળિયાદ ને આ બાજુ લાઠીદડ ને આ બાજુ બરવાળા સુધી ચારે બાજુની જગ્યા લઈ લીધી. પ્લેન ઊડ્યાં. કરોડો આવ્યા. લાખો જમ્યા. વર્ણન એટલું અદ્‌ભુત કર્યું કે જાણે પ્રત્યક્ષ જોયું હોય એવું થઈ ગયું, એટલે આપણી શતાબ્દી તો ઊજવાઈ ગઈ!'

પોતાની શતાબ્દીના સમારોહમાં લેશ રસ ન દાખવતા સ્વામીશ્રીએ હસતાં હસતાં આટલી વાત કરી દીધી.

જો કે હાસ્યરસમાં પણ ઊંડો મર્મ ધરાવતાં તેઓનાં આ વચનોને તે સમયે તો કોઈ ન સમજી શક્યું, પરંતુ સન ૨૦૨૧-૨૨માં સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં તેઓનો શતાબ્દી મહોત્સવ ઊજવાયો ત્યારે જ આ શબ્દોનું રહસ્ય છતું થયું!!

મારી પાસે તો ભગવાન છે જ

તા. ૯/૭ની રાત્રે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ સંસ્થાકીય મંદિરોનાં સ્થાપત્યનો અધ્યાય ખૂલતાં સ્વામીશ્રી સ્વયં બોલ્યા :

'વજેશંકર સોમપુરા મૂળ વઢવાણના હતા. ગોંડલનું મંદિર બંધાતું ત્યારે સેવામાં હતા. એકદમ હોશિયાર અને જોઈને જ બધું પામી જાય. એમણે નીચે પથરો ઘડ્યો હોય એને ઉપર ટાંકણું અડાડવાની જરૂર પડે નહીં, એવો સરસ ચોંટી જાય; પણ શાસ્ત્રીજી મહારાજ કહે એવી બાંધછોડ એમનાથી ન થાય. અને લીલાધર મિસ્ત્રી તો શાસ્ત્રીજી મહારાજ જેટલી વાર ફેરવે એટલી વાર નકશા ફેરવે. એટલે સ્વામીનો રાજીપો એના ઉપર વધારે.'

ઇતિહાસનું આ એક પાનું ઉઘાડનારા સ્વામીશ્રી તા. ૧૧/૭ની સવારે પત્રવ્યવહારમાં પરોવાયા ત્યારે એક ટેલિફોનિક સંદેશ સંભળાવતાં સેવકે કહ્યું : 'આજે રાત્રે દુબઈથી નીકળતા સંતો કાલે અહીં આવે છે. આપને કાંઈ જોઈતું હોય તો લેતા આવે એમ તેઓએ પુછાવ્યું છે.'

'આપણે કાંઈ જોઈતું નથી.'

'આપ તો સાધુ છો. આપને તો ભગવાન જોઈએ, કેમ ?'

'એ તો છે જ ! માંગવાની ક્યાં જરૂર છે ? મારી પાસે તો ભગવાન છે જ !' સ્વામીશ્રીના મુખેથી તેઓનાં મૂડી-મોટપ સરી પડ્યાં.

અમે કોઈના ઉપર ધોખો કરતા જ નથી

તા. ૧૧/૭ની બપોરે ભૂમિભ્રમણનો વ્યાયામ કરી પોઢવા જઈ રહેલા સ્વામીશ્રીએ એક પ્રાસંગિક અમૃતધારા વહાવતાં કહ્યું :

'તર્ક ગમે એટલો કરો પણ એની પ્રતિષ્ઠા ન થાય. પેલો આમ ખેંચે ને પેલો આમ ખેંચે. એટલે તર્ક અપ્રતિષ્ઠિત રહે છે. દરેક ઋષિ પણ ભિન્ન-ભિન્ન વાત કરે છે. માટે યોગીજી મહારાજે જે મારગ બતાવ્યો એ આપણો માર્ગ. એ માર્ગ શ્રેષ્ઠ. પછી 'નો તર્ક... નો આર્ગ્યૂમેન્ટ...' ક્યારેય નહીં ! એક પકડી લીધું એટલે પતી ગયું. એક વાત નક્કી થવી જોઈએ કે ભગવાનનો દૃઢ આશરો રાખવો. શ્રીજીમહારાજ સર્વોપરી, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર અને સત્પુરુષ મોક્ષનું દ્વાર – આ ત્રણ વસ્તુ દૃઢ રહે, બીજો ગમે તે કહે પણ ફેરફાર ન થાય, તો આપણા કાર્યમાં આગળ વધી શકાય. જેમ પ્લેનના હોકાયંત્રમાં થોડો ફેર હોય તો પ્લેન ક્યાં જતું રહે ! એટલે મોટાપુરુષ અને ભગવાનના સિદ્ધાંત જેમ કહે તેમ જ છે. એનો વિશ્વાસ ન હોય તો કશું કરી ન શકાય.'

આ શીખ આપી પોઢેલા સ્વામીશ્રી તા. ૧૪/૭ની સવારે દર્શન કરવા નીકળ્યા ત્યારે સમગ્ર મંદિરમાં ગમગીની છવાઈ ગયેલી, કારણ કે ચાર મહિનાના નિવાસ બાદ આજે સ્વામીશ્રીની વિદાયવેળા આવી ચૂકેલી. તેથી છેલ્લાં દર્શનને નજરમાં ભરી લેવા સંતો-ભક્તોની અહીં-તહીં દોડાદોડ થઈ રહી.

આ ક્રમમાં મંદિર પાછળ આવેલી પ્રાસાદિક છત્રી પાસે એક ગ્રામવાસી પણ ઊભેલો. લથડેલી તબિયતને કારણે તે આજે જ દર્શન કરવા આવી શકેલો. તેનો રંજ વ્યક્ત કરતાં એ ગોપાલકે સ્વામીશ્રીને કહ્યું : 'મને પગે 'વા' છે, એટલે બહાર બહુ નીકળતો નથી. માટે છેલ્લા દિવસે આવ્યો એનો ધોખો ન કરતા.'

'અમારે ધોખો હોય જ નહીં. અમે કોઈના ઉપર ધોખો કરતા જ નથી.' સ્વામીશ્રીની ઉદારતા અનાયાસે પ્રગટ થઈ આવી. તે રસ્તે પ્રયાણ કરતાં તેઓ

આજની સાંજે બોચાસણ આવી પહોંચ્યા.[૧૮]

અમને તો જ્યાં જઈએ ત્યાં આનંદ

બોચાસણ પધારેલા સ્વામીશ્રીનાં દર્શન માટે પ્રથમ દિવસથી જ ચરોતરનો લીલો પલ્લવ સત્સંગ મોટી સંખ્યામાં ઊમટવા લાગ્યો. આ સમુદાયને તા. ૧૫/૭ની સવારે ધન્ય કરી સ્વામીશ્રી નિજનિવાસમાં આવી પહોંચ્યા.

અહીં ભોજન બાદ પત્રવાંચનમાં પરોવાયેલા તેઓને ભગવત્ચરણદાસ સ્વામીએ વાતવાતમાં કહ્યું: 'આપને હવે લોકો પાસે જવાની જરૂર નથી. લોકો આપની પાસે આવશે. માટે તબિયત સારી રાખજો. આપની શતાબ્દી ધામધૂમથી ઊજવવી છે.'

'તમે ઊજવવાની વાત કરો છો, પણ સારંગપુરમાં તો ઊજવાઈ ગઈ. આ બાજુ ઠેઠ બોટાદ, બરવાળા અને લાઠીદડ સુધીની જમીનો ભેગી થઈ. પ્લેનથી અને હેલિકૉપ્ટરથી બધા આવી ગયા. કરોડોની સભા થઈ ગઈ ને શતાબ્દી ઊજવાઈ ગઈ.'

સારંગપુરમાં સંતોએ કરેલી રજૂઆતના સંદર્ભમાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યારે ધર્મચરણદાસ સ્વામીએ કહ્યું: 'એ તો ખાલી પ્લાન થયા. રિહર્સલ થયું.'

'રિહર્સલ નહીં, ખરેખર ઊજવાઈ ગઈ!' આટલું કહી ટેબલ પર હળવેથી હાથ પછાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'હવે ફરી ઊજવવાની જરૂર નથી.'

આ રીતે વધુ એક વાર પોતાની શતાબ્દીનું ભવિષ્ય ભાખી આરામમાં પધારેલા સ્વામીશ્રી પર આજની સાંજે નિખિલેશદાસ સ્વામીનો ફોન આવ્યો. તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આપ ચાર માસ સારંગપુરમાં રહ્યા. ત્યાં તો વન અને મોરલા હતાં, એટલે હવે બીજે ક્યાંય આપને ફાવશે નહીં.'

'અમને તો જ્યાં જઈએ ત્યાં આનંદ જ હોય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતાની આ સહજસિદ્ધ શૈલી સાથે તેઓ તા. ૧૬/૭ના રોજ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે બેસી દર્શન કરી રહેલા સદ્‌ગુરુ સંતો જીવનના

---

૧૮. સારંગપુરના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ ઊજવેલા વિવિધ ઉત્સવોની રંગત-સંગત માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આઠમા દાયકામાં પ્રવેશી ચૂકેલા. તેમાંય મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામી તો ૭૫ વર્ષની આયુએ પહોંચેલા.

આ વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા: 'બધા આવ્યા ત્યારે નાના નાના દેખાતા હતા અને ૭૦-૭૫ વર્ષના થઈ ગયા! મહંત સ્વામી આણંદમાં મળ્યા ત્યારે ગામડી તરફ આવેલી રણછોડભાઈની વાડીએ ચાલતાં ગયા હતા. એ હિંદી બોલે. એમનું બોલેલું મને સમજાય નહીં ને મારું એમને ન સમજાય.'

'એ વખતે આપનું હિંદી ખૂબ સારું હતું!' મહંત સ્વામીએ જણાવ્યું.

આમ, સ્મૃતિઓનો સ્વાદ પમાડતું આ ભોજનસત્ર વિરમ્યું અને તા. ૧૮/૭ના રોજ ગુરુપૂર્ણિમા આવી પહોંચી.

સર્જનાત્મક શક્તિના સ્રોત સમા

આ વર્ષની ગુરુપૂનમે સ્વામીશ્રીના પૂજન માટે ઊમટેલા પચાસ હજારથી વધુ હરિભક્તોમાં એક હતા – શ્રી મનસૂર બિન રજબ. બાહરીનમાં નગરપાલિકા અને કૃષિ વિભાગના મંત્રીપદે આરૂઢ તેઓ આજે પોતાના દેશના રાજાને ઘેર મળેલું ભોજનનું આમંત્રણ અવગણીને અત્રે દોડી આવેલા. આશરે ૨,૪૦૦ કિ.મી. દૂરથી અહીં ખેંચાઈ આવવાનું કારણ જણાવતાં આ આરબ ઉમરાવે આજની ભરચક ઉત્સવ-સભામાં જણાવ્યું કે –

'ખાસ હું પ્રમુખસ્વામીને મળવા માટે જ આવ્યો છું. સન ૧૯૯૭માં જ્યારે તેઓ બાહરીનના શેખના મહેલમાં પધારેલા ત્યારે હું શેખના અંગત મદદનીશ તરીકે ફરજ બજાવતો હતો. એ વખતે મેં સ્વામીજીનાં ફક્ત પાંચ-દસ મિનિટ માટે જ દર્શન કરેલાં. પરંતુ એ વાતને ૧૧ વર્ષ વીત્યાં છતાં આજ દિન સુધી તેઓનો ચહેરો હું ભૂલી શક્યો નથી. ઘણી વાર મારા સ્વપ્નમાં પણ સ્વામીશ્રીએ દર્શન આપ્યાં છે. આજે તેઓનાં પ્રત્યક્ષ દર્શન કરી રહ્યો છું એટલે આ દિવસ મારા જીવનમાં ઉત્તમમાં ઉત્તમ છે. હું આજે તેઓના આશીર્વાદ લેવા આવ્યો છું. હું શાંતિનો ચાહક છું, ગરીબોને ચાહું છું, મારું હૃદય દરેક માટે ખુલ્લું છે. આ બધા જ અનુભવો મને પ્રમુખસ્વામીમાં પણ થાય છે. એટલે જ હું તેઓ પ્રત્યે આકર્ષાયો છું.'

આવા ગરવા ગુરુને આજે ઉપસ્થિત ભક્તમેદનીએ પુષ્પાંજલિ અને પુષ્પહારોથી વધાવ્યા તો નૃત્ય અને પ્રવચનો દ્વારા પણ બિરદાવ્યા. આ સઘળું સન્માન નતમસ્તકે ઝીલી સ્વામીશ્રીએ પેલા આગંતુક આરબને અમૃતકુંભ

અર્પણ કર્યો ત્યારે આ વિદેશી રાજનેતા બોલી ઊઠ્યા : 'આપની નજર અને આશીર્વાદથી બીજી કોઈ જ મોટી કમાણી મારા માટે નથી.'

'એથી વિશેષ કોઈ વસ્તુ નથી.' સ્વામીશ્રીએ પણ સાયદી પૂરી.

આ વિશેષ કમાણી રળી શ્રી મનસૂર બપોરના સમયગાળામાં વિદ્યાનગરનું છાત્રાલય અને વલાસણમાં આવેલી સંસ્થાકીય વિદ્યાપીઠની મુલાકાતે નીકળ્યા. ત્યાંથી તેઓ સાંજે બોચાસણ પરત ફર્યા ત્યારે સ્વામીશ્રી વિષે તેઓનો અહોભાવ અનેકગણો વધી ગયેલો. તે વ્યક્ત કરતાં તેઓએ જણાવ્યું :

''આજના દિવસે આપનું કાર્ય અને આપને જોતાં તથા આપને મળતાં મારા મનમાં એવી ભાવના જાગે છે કે 'હું આપનો નોકર છું, દાસ છું,' અને એ રીતે જ મારે કામ કરવું છે. હું કેવળ પાંચ મિનિટ જ આપની સાથે બેઠો, પણ આપની અત્યંત નજીક આવી ગયો હોઉં એવું અનુભવાયું ! બીજા કોઈ સાથે આવું ખેંચાણ મને થયું નથી. દુનિયામાં આધ્યાત્મિક ક્ષેત્રના મોટા મોટા પુરુષો કરતાંય આપનું કાર્ય મને વિશેષ લાગે છે, કારણ કે અત્યારે જમાનો એવો છે કે લોકો આપવાની જગ્યાએ ઝૂંટવી લે છે; જ્યારે આપ આપો છો. આપ પ્રત્યેક માટે સર્જનાત્મક શક્તિ છો.''

આ ભાવના વહાવી ગદ્‌ગદ થયેલા શ્રી મનસૂરને સ્વામીશ્રીએ સ્વસ્થ અને સુખી જીવનના આશીર્વાદ આપ્યા. મુખમાં કાજુકતરી મૂકી મીઠાશ પણ ભરી. તેની સાથે સર્વે આરબોની સુખાકારી માટે પ્રાર્થના કરી.

આ કૃપા પામી કૃતજ્ઞ થયેલા શ્રી મનસૂર વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રીની ડાબી બાજુએથી જમણી બાજુ આવતાં બોલ્યા : 'અમારામાં જમણી તરફ રહીને મળવાની મહત્તા છે.'

આ સમયે સ્વામીશ્રી પણ તેઓને વિદાયમાન આપવા ઊભા થવા ગયા. તે જોઈ આ મુરબ્બી સંકોચાયા ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'અમારા હિન્દુ ધર્મમાં એવો રિવાજ છે કે કોઈ મોંઘેરા મહેમાન આવ્યા હોય તો એમને બારણાં સુધી વળાવવા જવું.' આમ કહેતાં સ્વામીશ્રી ખુરશીમાંથી ઊભા થઈ ઠેઠ ભોજનકક્ષના દરવાજા સુધી મૂકવા આવ્યા. અહીં તેઓએ અતિથિને આશ્લેષમાં સમાવતાં વિદાય આપી ત્યારે તેઓનાં સ્નેહ-સૌજન્યથી ગદ્‌ગદ થયેલા શ્રી મનસૂર પુનઃ બોલી ઊઠ્યા : 'હું તમારો ચાકર છું. જ્યારે જે કામ હોય તે નિઃસંકોચપણે કહેજો.'

એક આરબ અમીરના હૈયે જાગી ગયેલો આ સેવકભાવ સ્વામીશ્રીને

જગદ્‌ગુરુ સાબિત કરી ગયો.

એકાઉન્ટથી ઓઘરાળાં સુધીની ચોખ્ખાઈ

તા. ૧૯/૭ના રોજ બોચાસણનું મંદિર મીટિંગો માટે આવેલા વ્યવસ્થાપક સંતો તેમ જ સંત નિર્દેશકોથી છલકાઈ ગયેલું. તે સૌને આજની સવારે સ્વામીશ્રીએ હિસાબી કાર્યવાહી સંબંધી અનુભવપૂર્ણ માર્ગદર્શન આપ્યું. સંત આશ્રમના ઉપલા માળે યોજાયેલી આ બેઠકમાંથી પરવારી તેઓ પુનઃ ઉતારે જવા લિફ્ટ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં વૉશબેસિનની નીચે તથા આસપાસ પડેલાં કેટલાંક ઓઘરાળાં તેઓની નજરે ચડ્યાં. ક્યાંક ક્યાંક ચોંટી રહેલા સિમેન્ટ-રેતીના થર પણ તેઓથી અછતા ન રહ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'કોઈને કાંઈ પડી છે? કામ પતે એટલે તરત ખટકો રાખીને બધું સાફ કરાવવું જોઈએ. માલ જામી જાય પછી નીકળવો અઘરો. કાયમ એવું જ રહે.'

થોડી જ મિનિટો પહેલાં મીટિંગમાં એકાઉન્ટના એકડા શીખવનારા સ્વામીશ્રીએ અત્યારે ઓઘરાળાંને પણ ન છોડ્યાં. તેઓ દ્વારા ટોચથી તળિયા સુધીની વિગતોમાં રખાતી આવી ચોકસાઈએ જ આ સંસ્થાને તળિયેથી ટોચ સુધી પહોંચાડી છે.

તેની જ કાર્યવાહીના એક ભાગરૂપે સ્વામીશ્રી તા. ૨૦/૭ની સાંજે વ્યવસ્થાપક સંતોની બેઠકમાં પધાર્યા. આ મીટિંગ ૬:૧૦ વાગ્યે સમાપ્ત થતાં નારાયણમુનિદાસ સ્વામીએ સૌનો ટૂંકમાં આભાર માન્યો. તે સાંભળી હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'એક લીટીમાં કોઈ દિવસ આભાર મનાય? એમાં તો લાંબું લાંબું કહેવું પડે.'

'આપે એવું નિર્માનીપણું પ્રવર્તાવ્યું છે કે કોઈને માનની અપેક્ષા જ નથી.'

'એ અપેક્ષા રાખવી જ નહીં!' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું:

'આપણે તો જે જે કરવું એ ભગવાન ને સંતને રાજી કરવા જ કરવું, એટલે માન રહે જ નહીં. અપેક્ષા પણ ન રહે. નામ કદાચ ભૂલી ગયા તોય વાંધો ન આવે.'

તમે બધા કાર્યકરો સંત જેવું કાર્ય કરો છો

તા. ૨૧/૭ની સવારે સ્વામીશ્રી પોતાના ઉતારેથી નીકળી મંદિરના કાયમી સભામંડપમાં પધાર્યા ત્યાં જ આરંભાઈ ગયેલા ભવાયાના ખેલમાં

પંક્તિઓ પડઘાવા માંડી કે –

'બી.એ.પી.એસ.નું બોચાસણ આ, સાક્ષાત્ ગાદીસ્થાન;
દિવ્ય સંનિધિ પર્વમાં, ગાઉં એનાં ગુણગાન.
આપ ઇશારે અગ્રેસરો આ, કઠપૂતળી થઈ નાચે;
ઊઠ કહે તો ઊભા રહે, ને ભાગ કહે તો ભાગે.
હસ કહે તો હસવા માંડે, રડ કહે તો રુએ;
આપ ઇશારે મીંચી આંખો, આપ નજરથી જુએ.
ના ફરિયાદ, ના દાદ કરે ને, ના કોઈ એનો કાજી;
હાં હાં ગડથલ કરીએ અમે તો, સદાય રહેજો રાજી.
તા થૈયા થૈયા તા થૈ, તા થૈયા થૈયા તા થૈ...'

ભરૂચના નિર્દેશક શ્રી અજયભાઈ ભટ્ટ દ્વારા થયેલી આ પ્રસ્તુતિ સાથે શરૂ થયેલો ખેલ ભવાઈનો નહીં, પણ સમર્પણનો હતો, કારણ કે અહીં આજથી પ્રારંભ પામી રહેલા દિવ્ય સંનિધિ પર્વમાં ઉપસ્થિત ૬૫૦ યુવક તેમ જ વડીલ અગ્રેસરો વર્ષોથી સ્વામીશ્રીના તાલે તાલ મિલાવી સત્સંગની સેવામાં હોમાઈ ચૂકેલા. તેઓની આ ગતિવિધિનું નિદર્શન કરતાં કેટલાક કાર્યકરો અત્યારે પણ મંદિરનાં પગથિયાં પાસે કઠપૂતળીની જેમ નાચી રહેલા. આ સૌને ઉપર બેઠેલા અગ્રણી કાર્યકર્તાઓ દોરી વડે નિયંત્રિત રાખતા હતા. કાર્યકરોની સેવા-શૈલીનાં પ્રતીકરૂપ આવાં નાનાં-મોટાં પ્રહસનો સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યાં સુધી વિવિધ સ્થળે રજૂ થતાં રહ્યાં. તેની સાથે વિવિધ પ્રાર્થના દર્શાવતાં બૉર્ડ પણ કાર્યકર્તાઓ છાતી સરસા ચાંપીને બેઠેલા. તે એક-એક બૉર્ડ અને કાર્યકર પર સ્વામીશ્રી અમીદૃષ્ટિ વેરતા રહ્યા.

આ રીતે સભાગૃહમાં પધારેલા તેઓની પ્રાતઃપૂજા દરમ્યાન 'ગુરુવર્યોના પગલે પગલે' વિષયક દિવ્ય સંનિધિ પર્વને અનુરૂપ કીર્તનો ગુંજતાં રહ્યાં. તેને અનુસરતાં મચેલી સ્વાગત-નૃત્યની રમઝટ બાદ સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીને હારતોરાથી સત્કાર્યા. આ ક્રમમાં મંચ પર આવી પહોંચેલા કેટલાક સંતો-કાર્યકરો વીસ ફૂટ લાંબો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યા બાદ તેઓ સામું જ જોઈ રહેલા, ત્યારે સામેથી છબીકારો તસવીરો ખેંચવા માંડ્યા. તે સમયે સૌને ફોટોગ્રાફર તરફ મોં રાખવાનો આદેશ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'બધાનું મુખારવિંદ દેખાવું જોઈએ ને!'

હા, પોતાની છાયામાં કોઈનાયે ચહેરા ન ઢંકાય તેની ખેવના રાખતા

તેઓ કોઈ ઝાંખું ન થાય તે રીતે પ્રકાશતા.

આવા નિરાળા નેતાનાં કરકમળો દ્વારા બદલપુરના રામસિંહ ગોહિલ, આણંદના અરુણભાઈ પટેલ વગેરે અગ્રેસરોએ પર્વના ઉદ્‌ઘાટનનો મંગલદીપ પ્રગટાવતાં જ્ઞાનની કવાયતને લીલી ઝંડી મળી ગઈ. તેથી આગળ સરકવા માંડેલું દિવ્ય સંનિધિ પર્વ તા. ૨૩/૭ના રોજ તો પૂર્ણાહુતિના આરે પણ આવી પહોંચ્યું. સમાપનના આ સત્રને રસપ્રદ બનાવતો સંવાદ 'અજબ ગાડીઓ, ગજબ મિકેનિક' ભજવાયો ત્યારે તેનો જ આધાર લઈ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આપણી ગાડીઓ તો સીધી ઠેઠ અક્ષરધામમાં મહારાજના સાંનિધ્યમાં પહોંચી જવાની છે. અહીં આપણે સ્વભાવ, પ્રકૃતિ, અવગુણ, અભાવ વગેરે મૂકવા આવ્યા છીએ. આ બધી સભાઓ એ મુકાવા ચાલે છે. આ શિબિરો આપણું ઘણા જન્મનું કાઢવા માટે છે. ભગવાનને રાજી કરવાનો આવો અવસર ફરી આવવાનો નથી, માટે આ અવસર સાચવી લેવાનો છે. તમે બધા કાર્યકરો તૈયાર થઈ ગયા છો તો અત્યારે સંત જેવું કાર્ય કરો છો. તમે બધાં બાઈ-ભાઈ તમામ મંડ્યાં તો સત્સંગ વધ્યો છે ને વધશે. યોગીબાપાના સંકલ્પમાં ભળવું એ આપણું કામ છે અને ભળ્યા છો તો તમને શાંતિ છે અને તમારી ઈકોતેર પેઢીઓમાં સત્સંગ થઈ જશે એવા આશીર્વાદ છે.'

તમે બધા ભુલાવ એવા છો જ નહીં

બોચાસણમાં વરસી રહેલી સ્વામીશ્રીની અદ્‌ભુત આશીર્વર્ષામાં ભીંજાવા તા. ૨૪/૭ના રોજ ૮૦૦ બાળ-બાલિકા અગ્રેસરો પણ અહીં આવી પહોંચ્યાં. તા. ૨૫/૭થી શરૂ થયેલા તેઓના દિવ્ય સંનિધિ પર્વમાં 'निष्ठावान् भव' વિષયક વિવિધ રજૂઆતો થવાની હતી. તેને ધન્ય કરવા સ્વામીશ્રી ઉતારામાંથી નીકળ્યા ત્યારે તેઓને સત્કારવા મહાપૂજામાં આવતી માંગલિક વિધિઓનાં પ્રતીકાત્મક દ્વાર તૈયાર હતાં. તેના ભાગરૂપે કેળના સ્તંભ, નાડાછડી, કળશ, નાગરવેલનાં પાન, આરતી, પુષ્પો વગેરે ઉપચારોથી દરવાજા રચાયેલા. તેમાંથી પસાર થતાં થતાં સ્વામીશ્રી સભામંડપના મંચ પર પધાર્યા.

અત્રે સ્વાગતના હારતોરા બાદ વિશ્વસ્વરૂપદાસ સ્વામી, દિવ્યરત્નદાસ સ્વામી વગેરેએ સ્વામીશ્રીના વરદહસ્તે પર્વના પ્રારંભરૂપ દીપપ્રાગટ્ય કરાવ્યું. તેના ઉજાસમાં ધર્મનિષ્ઠા, સંઘનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા સંબંધી પ્રસ્તુતિઓ

થવા માંડી.

તેની વચ્ચે મુલાકાત-સત્રો પણ યોજાતાં રહ્યાં, પરંતુ આ વર્ષના પ્રારંભે મુંબઈમાં થયેલી સ્વામીશ્રીની શારીરિક તપાસ બાદ તબીબોની સૂચના અનુસાર કેટલીક તકેદારી રાખવામાં આવતી. તેને કારણે સ્વામીશ્રીના લાભ પર અમુક નિયંત્રણો મુકાઈ ગયેલાં. તેથી અત્યાર સુધી રોજ સવાર, બપોર અને રાત્રિના સમયે ચાલતી રહેલી અગણિત મુલાકાતોને બદલે હવે ફક્ત સવારે જ સ્વામીશ્રીની મુલાકાતનું આયોજન રહેતું; તેય મર્યાદિત સંખ્યામાં. તેમાં વળી સ્વામીશ્રી અને મુલાકાતી વચ્ચે ટેબલ મુકાતું. ટેબલની એક બાજુ હરોળબંધ ઊભેલા મુલાકાતીઓને સ્વામીશ્રી ટેબલની બીજી બાજુ રહેલી ટ્રોલી પર ગોઠવેલી વ્હીલચેરમાં બેસી મળતા. મુલાકાતીઓ તેઓના સ્થાને જ ઊભા રહે અને ટ્રોલી દ્વારા સરકતા સ્વામીશ્રી એક-એક વ્યક્તિ પાસે પહોંચે.

અત્યાર સુધી સ્વામીશ્રીને હાલતાં-ચાલતાંય મળી શકાતું. તેથી તેઓ ઉતારેથી મંદિરમાં દર્શને પધારે, પ્રાતઃપૂજા કરવા જાય, મંદિર-સંકુલના નિરીક્ષણ માટે નીકળે ત્યારે કંઈ કેટલાયે તેઓ સમક્ષ મૂંઝવણો ઠાલવી માર્ગદર્શન મેળવી લેતા. કેટલાયે ભાવિકો મંદિર-પરિસરના અમુક-તમુક સ્થળે ઊભા રહી પોતાના મસ્તકે સ્વામીશ્રીનો વરદહસ્ત મુકાવતા રહેતા. આ જ રીતે કંઈક ભક્તો શુભ પ્રસંગનાં શ્રીફળ-સાકર પ્રસાદીભૂત કરાવતા, વાહનોને ચાંદલા ચોડાવતા, પોતાના કે સંબંધીના ગળામાં કંઠી પહેરાવતા, તો બાળકોને લટ લેવડાવતા. સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં મધપૂડા પાછળ મધમાખીઓની જેમ સૌ ભેળેભેળાં ઘૂમતા અને ઉપર જણાવી એવી કંઈક ક્રિયાઓ અવિરામ ચાલ્યા કરતી.

પરંતુ હવે આ પ્રેમપ્રવાહ શિસ્તના કિનારા વચ્ચેથી જ વહેવા માંડતાં સ્વામીશ્રી દર્શને પધારે ત્યારે ઉપરોક્ત કોઈ ગતિવિધિને અવકાશ રહ્યો નહોતો.

અત્યાર સુધી સ્વામીશ્રીનાં ભોજન કે ભ્રમણનાં સત્રો પણ કોઈ સભા કે મીટિંગ જેવાં બની રહેતાં. આ વખતે કાર્યકરો અને હરિભક્તો દ્વારા અવનવી રસપ્રદ રજૂઆતોનો ક્રમ ચાલતો. તેમાં હાસ્યનાં મોજાં ઊછળતાં, આનંદની ભરતી ચડતી અને સૌ રસસાગરમાં ડૂબી જતા. હવે આ રંગત પણ ઇતિહાસ થઈ ચૂકેલી.

સ્વામીશ્રીના લાભ પર મુકાયેલી આવી પાબંદી જોઈ તા. ૧/૮ના રોજ એક જૂના હરિભક્તે રમૂજમાં કહ્યું: 'બાપા! હવે તો આપના ઓરડામાં

આવવુંયે અઘરું થઈ પડ્યું છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'તમે સમજો, તમે બધા ભુલાવ એવા છો જ નહીં! તમારી સેવા ને બધું જીવમાં છે.'

સ્વામીશ્રીના હોઠેથી સરેલું આ કોઈ આશ્વાસન નથી, પણ આ તો છે – તેઓ તરફથી સત્સંગીમાત્રને મળેલી અમર બાંયધરી; કારણ કે સ્વામીશ્રી *'મારા ભક્ત ભજે મને જેમ, ભજું હું પણ ભક્તને તેમ...'*ની પ્રકૃતિ ધરાવતા હતા.

મને એ જ આપો વરદાન

તા. ૧/૮ની સવારે ચાલતી થયેલી મુલાકાતોના ક્રમમાં એક હરિભક્ત પોતાની સાથે તેઓના નાના શિશુને લઈ આવ્યા. એ બાળકનું કંઠીવિહોણું ગળું સ્વામીશ્રીની નજરથી ઓઝલ ન રહ્યું. તેથી તેઓએ પેલા સત્સંગીને પૂછ્યું: 'આને કંઠી કેમ નથી?'

'બાપા! આજે પહેરાવવા માટે જ લાવ્યો છું.'

'આટલો મોટો થઈ ગયો ને ઠેઠ આજે પહેરાવવા લાવ્યા? કંઠી વિના એમનેમ રહેવા જ ન દેવાય.'

જીવના કલ્યાણ બાબતે ઊછળી આવેલી સ્વામીશ્રીની આ ખેવનામાં સત્સંગી વાલીની ફરજનો પણ નિર્દેશ છે.

આ ખટકા સાથે વિચરતા તેઓ આજની સાંજે ચાર વાગ્યે સૂર્યગ્રહણના સમૈયાની સભામાં પધાર્યા. તેમાં ધૂન-કીર્તનોની રમઝટ વચ્ચે સદ્‌ગુરુ સંતો સાથે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં ડૉક્ટર સ્વામીને પુછાયું કે 'સ્વામીશ્રીએ આપેલો લાભ અંતરમાં અખંડ કઈ રીતે ટકે?'

'બીજાના અવગુણ જોવાની ટેવ એ ખૂબ જ ભયંકર છે. માટે એ નીકળે તો લાભ અખંડ ટકે.'

આ જ વિષયના અનુસંધાનમાં મહંત સ્વામીએ જણાવ્યું કે 'સ્વભાવ ટાળીને કરીએ એ અખંડ ટકે. સ્વભાવને લીધે બધું ઝીરો ઉપર આવી જાય છે.'

પ્રશ્નોત્તરીના આ ક્રમમાં સદ્‌ગુરુ સંતોને પૂછવામાં આવ્યું કે 'આપને સ્વામીશ્રી વરદાન માંગવાનું કહે તો શું માંગો?'

આ સમયે કોઠારી સ્વામી બોલ્યા: 'બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમ નારાયણની ભક્તિ થાય તે.'

ત્યાગવલ્લભદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામીશ્રીનાં જીવન, કાર્ય અને દરેક ચરિત્રમાં અખંડ નિર્દોષભાવ રહે.'

આ ક્રમમાં ડૉક્ટર સ્વામીએ જણાવ્યું : 'આ દેહે કરીને ખરેખર કરવાનું શું છે એ બરાબર સમજાય અને એ માર્ગે ચાલવાનું અનુસંધાન રહે ને એ માર્ગે ચાલેલા હોય એનો સંગ મળ્યા કરે.'

અંતે મહંત સ્વામી બોલ્યા : 'સ્વામીશ્રીમાં દૃઢ પ્રીતિ.'

આમ, મુમુક્ષુની ગડમથલના ગ્રહણને ટાળનારા આવા અદ્‌ભુત ઉત્તરો સાથે સભા પૂર્ણ થઈ.

પરંતુ તા. ૩/૮ની રાત્રે સ્વામીશ્રીના શરીરને માંદગીનું ગ્રહણ લાગતાં સૌ શોકગ્રસ્ત બની ગયા. આ બીમારીનું બયાન આપતાં સ્વામીશ્રી તા. ૪/૮ની સવારે સ્વયં બોલ્યા : 'આખી રાત ઝાડા-ઊલટી જેવું રહ્યું. સૂવા જઈએ ને ઊલટી જેવું થાય એટલે બેઠા થવું પડે.'

આ ઉપાધિમાં તાવની માત્રા ભળતાં પરિસ્થિતિ વધુ વણસી. છતાં સ્વામીશ્રી મંદિરમાં દર્શને તો પધાર્યા જ. અહીં પણ સૌની વિનંતી અવગણી તેઓએ વ્હીલચૅરમાંથી ઊભા થઈને પ્રત્યેક ખંડમાં દર્શન કર્યાં. આમ કરતી વખતે સ્વામીશ્રીનાં અંગોમાં વ્યાપેલી ધ્રુજારી પરથી તેઓને પડી રહેલું કષ્ટ સ્પષ્ટ કળી શકાતું હતું. તેથી ઊભા રહેલા સ્વામીશ્રીનું સંતુલન ન ખોરવાય તે હેતુસર તેઓની પીઠ પર સેવકોએ હાથનો ટેકો ધરી રાખ્યો. આ રીતે ત્રણેય ખંડમાં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી ઉતારે પરત ફર્યા ત્યારે તેઓની આ ભક્તિ સૌનાં હૈયે જડાઈ ગઈ.

ધીરજતામાં ન આવે ખામી

તા. ૬/૮ની સવારે અલ્પાહાર ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી એક પ્રાસંગિક સંદર્ભમાં બોલ્યા :

'કેટલાકને ત્યાં છોકરી જન્મે તો જાણે કે આભ તૂટી પડ્યું હોય એવું લાગે ! પણ એમાં એનો શું વાંક ? દીકરી જન્મે તો એની મા ઉપર બધા તૂટી પડે. એનો ધણી પણ ખિજાય, એની મા પણ ખિજાય, એનાં સગાંઓ પણ ખિજાય. પણ વાંક કાઢવો હોય તો બેય(પતિ-પત્ની)નો કાઢો ને ! દીકરો આવે કે દીકરી, ભગવાને આપ્યું એ રાજીપે સ્વીકારી લેવું જોઈએ.'

સ્વામીશ્રીનાં વિચાર અને વલણ સામાજિક સંતુલન સ્થાપનારાં રહેતાં.

તે સાથે તેઓ તા. ૭/૮ની રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓએ વેઠેલા ભીડાના સંદર્ભમાં કો'કે કહ્યું: 'બાપા! ઘણી વખત તો રાત્રિ-સભામાં બધા સૂતા હોય તોય આપ પ્રેમથી વાતો કરતા...'

'જાગતાને તો સૌ જ્ઞાન આપે, પણ ઊંઘતાને આપે એ જ ખરું ને!' મંદ મુસ્કાન વેરતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓના પરિશ્રમમાં મૂઢને મુક્તની કક્ષા સુધી પહોંચાડવાની વાત હતી. તેઓ દ્વારા થયેલી આ પહેલ જ તેઓને પહેલું સ્થાન અપાવનારી બની રહી છે.

તે જોઈ સંતોએ પૂછ્યું: 'સ્વામી! સામે બધા ઊંઘતા હોય તો વાત કરવામાં સંકોચ ન થાય?'

'એમાં નિરાશ થવાની જરૂર શું? જે જાગે અને સાંભળે એનું કામ થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનું જીવન એટલે અખૂટ ધીરજનું જીવતું-જાગતું ઉદાહરણ!

રહે છે સદાય શીશ નામતા રે

તા. ૭/૮ની રાત્રે ભોજન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સંતે પૂર્વવિચરણ સંભાર્યું કે – 'બાપા! એક વાર આપ વહેરા ખાડી ગામમાં કો'ક ગુણભાવીના ઘેર પધરામણીએ ગયા ત્યારે એ ભાઈ તો બહાર ઊભાં ઊભાં બીડી પીતા'તા. એ જોઈ અકળાયેલા કાર્યકરે કહ્યું: 'તારો બાપ અંદર બેઠો છે ને તું બહાર બીડી પીએ છે?' ત્યારે પેલા ભાઈએ નિરાંતે જણાવ્યું: 'હમણાં જઉં છું. બીડી પૂરી થઈ જવા દો.' આવી પરિસ્થિતિમાં આપે બધું ખેડ્યું તો ફળ અમને મળે છે.'

'ખેડી તો શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ગયા. એનું ફળ આપણને મળ્યું. તેઓએ ઝૂંપડે-ઝૂંપડે બેસી સત્સંગ કરાવ્યો છે. મૂળ દાખડો એમનો બહુ.'

સ્વામીશ્રીનો આ અભિપ્રાય સાંભળી વેદજ્ઞદાસ સ્વામી બોલ્યા: ''સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાખાના અગ્રણીએ આપણા સંતોને જણાવેલું કે 'તમે મારા વતી બે સંદેશા પ્રમુખસ્વામીને આપજો – એક તો પ્રમુખસ્વામીએ જે રીતે હરિભક્તોને સુખી કર્યા છે એવા આ પહેલાં કોઈએ કર્યા નથી અને બીજું, હરિભક્તોએ પ્રમુખસ્વામીને જે રીતે પૂજ્યા છે એવા તેઓએ આ પહેલાં કોઈને પૂજ્યા નથી અને હવે પછી કોઈને પૂજશે પણ નહીં.'

'એવું કાંઈ નથી.'

એક તટસ્થ અને નક્કર અવલોકનને પણ સ્વામીશ્રીએ નકાર્યું, કારણ કે એ તારણમાં પોતાની સરસાઈ સિદ્ધ થતી હતી ને! તેઓએ તો આ પ્રસંગે એટલું જ કહ્યું કે 'જે દ્વેષ કરતા, વિરોધ કરતા એ લોકો અત્યારે વખાણ કરે છે એ બધો પ્રતાપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો! એમણે એવો પાયો નાંખ્યો છે ને કથા-વાર્તા કરીને બળ આપ્યું છે એટલે હરિભક્તોના દેશ-કાળ સારા થયા ને અત્યારે સૌ સેવા કરે છે.'

શિર ગર્વથી ઊંચું થઈ જાય એવી પળ કે પ્રશંસા વખતે પણ સ્વામીશ્રી નતમસ્તક જ જોવા મળતા. તે જોઈ સૌનાં શીશ તેઓનાં ચરણે નમી પડતાં.

આ મૂર્તિ નહિ અન્ય જેવી

હજીયે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સરાણે ચડ્યું ન હોવાથી પ્રાતઃપૂજા, સત્સંગ-સભા, મુલાકાત વગેરે જાહેર કાર્યક્રમો પ્રતિબંધિત જ હતા. છતાં ઓરડામાં થતાં તેઓનાં ભ્રમણ અને ભોજન વખતે પ્રેરણાની પરબ જરૂર મંડાઈ જતી.

તે ક્રમમાં તા. ૮/૮ની સાંજે સામે બેઠેલા એક પાર્ષદનો નિર્દેશ કરી કો'ક બોલ્યું: 'આ કાનજી ભગતને કશું જ ન નડે. મોટેરો આવ્યો હોય એને પણ લાડુડી વાળવા બેસાડી દે.'

'બેસાડો એનો વાંધો નહીં, પણ બધાને હાથ ધોવડાવવા. એમનેમ ન ચડાવી દેવા. ભલે ઠાકોરજીને ધરાવવાની ન હોય તો પણ હાથ ધોવડાવ્યા પછી જ લાડુડી વળાવવી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સ્વચ્છતાના આ આગ્રહ સાથે વિચરતા તેઓએ તા. ૯/૮ની સવારે ડાલીના મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂરી ઉતારે પરત ફરતાં પહેલાં દસેક ભાવિકોને મુલાકાત આપી. તેમાંના એક સોમાભાઈ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મોટા ભાઈ. તેઓએ પોતાનો પૂર્વ અનુભવ સ્વામીશ્રીને જણાવ્યો કે –

'હું સારંગપુરમાં આપનાં દર્શને આવ્યો એ વખતે આપ અન્ય હરિભક્તોને મળી રહ્યા હતા. ગોઠવણ પ્રમાણે હું જ્યાં ઊભો હતો ત્યાંથી આપની પીઠ મને દેખાતી હતી, પરંતુ કોણ જાણે કેમ મને એવી દિવ્ય અનુભૂતિ થઈ કે આપ મારી સામે જ જોતા હો એવું લાગ્યું! વળી, આપ અમારી હરોળમાં આવ્યા ત્યારે પણ આપ મળતા હો બીજાને, છતાં મારી સામે જોઈને હસતા હો એવું લાગે અને વૃદ્ધત્વની નિશાની પણ દેખાય નહીં. આપ યુવાન હો એવો

અનુભવ અને દર્શન મને થતાં રહ્યાં. જાણે કે જુદું જ સ્વરૂપ, યુવા અવસ્થા, હસતો ચહેરો દેખાતો રહ્યો. વર્ણન ન થાય એવો આનંદ મને અનુભવાયો.'

પોતાના સ્વરૂપની આ દિવ્યતા સાથે સ્વામીશ્રી આજની સાંજે વિદ્યાનગર આવી પહોંચ્યા.

અત્રે સરકવા માંડેલા વિવિધ કાર્યક્રમોમાં તા. ૧૧/૮ની સવારે એટલાન્ટાથી આવેલા હરિભક્ત શ્રી અશોકભાઈએ મોટેલ સારી ચાલે તેવી પ્રાર્થના સાથે એમ પણ કહ્યું કે 'બાપા! સ્વભાવ જાય ને કલ્યાણ થાય એ આશીર્વાદ આપો.'

'એ બાજુ તો જોવાનું જ નથી. એ તો થવાનું જ છે!' સ્વામીશ્રી તરત બોલ્યા.

તેઓના આ ઉદ્‌ગારમાંથી તેઓનું સામર્થ્ય સરી પડ્યું. તે સાંભળી સૌ નિશ્ચિંત અને રોમાંચિત થઈ ગયા.

એવી લીલા કરો સુખ દેવા

તા. ૧૨/૮ની સવારે દર્શને આવેલા ડૉ. કુરિયનની સાથે ગુલાબનો ભવ્ય હાર હતો. તે સ્વામીશ્રીને પહેરાવતાં આ મહાનુભાવ બોલ્યા: 'અહીંની યુનિવર્સિટીમાં આવેલા શ્રી અબ્દુલ કલામને હું મળવા જવાનો હતો, પરંતુ તેઓ જ સામે ચાલીને મારા ઘેર આવી ગયા. તેઓને આપની પાસે લઈ આવવાની ઇચ્છા છે.'

શ્રી કુરિયનનો અહોભાવ આમ વહી રહ્યો ત્યાં જ સ્વામીશ્રીએ હવે વિશેષતયા નિવૃત્તિ-પરાયણ રહેતા તેઓને પૂછ્યું: 'આખો દિવસ શું કરો છો?'

'વિશેષ તો સંગીત સાંભળું છું.'

'ચર્ચમાં જવાનું થાય છે કે કેમ?'

'મને ધર્મમાં બહુ રસ નથી.'

શ્રી કુરિયનનો આ નિખાલસ ખુલાસો સાંભળી આસપાસ ઊભેલા સૌ વિચારી રહ્યા કે જેઓને ધર્મમાં ખાસ કંઈ દિલચસ્પી નથી એવા આ મુરબ્બીને હાથમાં હાર સાથે પોતાના સુધી ખેંચી લાવનારા સ્વામીશ્રીનો પ્રભાવ કેવો?! અને આ કેવળ આજનો ક્રમ ક્યાં હતો? જ્યારે જ્યારે સ્વામીશ્રી આણંદ કે વિદ્યાનગરમાં પધારે ત્યારે ત્યારે આ પ્રતિષ્ઠિત તેઓને મળવા મંદિરમાં હોંશે-હોંશે દોડી આવતા. ભલભલા અણગમાને પણ ઓગાળી દે એવી સાધુતા

હતી સ્વામીશ્રીની !

તેની અનુભૂતિ સમાજના પ્રત્યેક વર્ગને હોવાથી તા. ૧૪/૮ના રોજ ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારોએ ન્યૂ વિદ્યાનગરમાં નિર્માણાધીન ઈજનેરી તથા ફાર્મસી શાખાની કૉલેજોનાં ખાતમુહૂર્ત સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા કરાવ્યાં. તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૧૬/૮ની સવારે દારેસલામમાં બિરાજનારા નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા કરી.

આજે વળી રક્ષાબંધનનું પુણ્ય પર્વ હતું, પણ સ્વામીશ્રીએ તો પ્રભાતથી જ ઉત્તરાયણની પુણ્યપર્વણીનાં પડઘમ વગાડવાં શરૂ કરી દીધાં ! તેથી જ્યારે તેઓ મુલાકાત કક્ષમાં આવ્યા ત્યારે ત્યાં ઊભેલા આણંદના વડીલ ભક્તોને જોતાં જ બોલ્યા : 'આજે ગ્રહણ તો છે જ ! વળી, ઉત્તરાયણનો દિવસ છે. બેયનું માહાત્મ્ય પ્રયાગમાં છે, એટલે પ્રયાગનો લાભ અહીં મળશે.'

સવારનો આ સૂર સાંજે પણ ન શમ્યો. આ સમયે અક્ષર ફાર્મમાં યોજાયેલી ઉત્સવ-સભા શૈક્ષણિક, ઔદ્યોગિક, રાજનૈતિક વગેરે ક્ષેત્રોના મહાનુભાવો સહિત ચૌદેક હજાર ભક્તો-ભાવિકોથી ભરચક હતી. તેમાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું : '...તો કહેવાનું શું કે આજનું પર્વ ઉત્તમ પર્વ છે – ઉત્તરાયણ પર્વ. આ પર્વ બહુ મોટું કહેવાય છે. આજે સૂર્ય દક્ષિણમાંથી ઉત્તરમાં જાય છે...'

સ્વામીશ્રી જ્યાં આ બોલ્યા ત્યાં સંતોએ રક્ષાબંધનની વાત યાદ કરાવી. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'હા, આજે રક્ષાબંધનનો દિવસ કહેવાય. બહેન ભાઈને રાખડી બાંધે છે. ભગવાન પાસે પણ આપણે એ જ માંગીએ કે આપણું રક્ષણ થાય...'

પરંતુ થોડી વારમાં તો પુનઃ પુણ્યપર્વણીનો પવન ફૂંકાયો અને સ્વામીશ્રીએ જણાવ્યું : '...તો ભગવાનને પ્રાર્થના કરીએ કે આજે પુણ્યપર્વણી ઉત્તરાયણનો દિવસ છે. આજે ઘણા માણસો તીર્થોની અંદર સ્નાન કરવા જાય છે. એ બધાં તીર્થો આજે ભગવાન પાસે અહીં આવી ગયાં છે...'

આમ, રક્ષાબંધન અને ઉત્તરાયણના બે પાટે દોડેલી સ્વામીશ્રીની આજની વાણીએ આનંદની આબોહવા ખડી કરી દીધી. તે આજની રાત્રે એક વાગ્યાથી સવા ચાર વાગ્યા સુધી યોજાયેલા ચંદ્રગ્રહણના સમૈયામાં પણ અકબંધ રહી.

સર્વે જનોનું હિત ચિત્ત જાણે

આ અરસામાં ખીચડી-કઢી કે ખીચડી-દહીં જ સ્વામીશ્રીનો મુખ્ય આહાર થઈ ગયો હોવાથી તા. ૧૭/૮ની સવારે તેઓ તેના ગ્રાસ લઈ રહેલા. તે જોઈ સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપને ખાલી ખીચડી ને કઢી અબખે નથી પડી ગઈ? તેની સાથે થેપલાં વગેરે ન ફાવે?'

'એમને કશામાં રુચિ રહી નથી.' સ્વામીશ્રીની રસોઈ બનાવતા કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ સ્વાનુભવ કહ્યો. તેને પુષ્ટ કરતાં યોગીચરણદાસ સ્વામીએ પણ પોતીકું નિરીક્ષણ રજૂ કર્યું કે 'એમને ચાવ્યા વગર જે આવતું હોય એ બધું ચાલે.'

'તો તો રોજ ગરમાગરમ શીરો ખાવ ને!' કો'ક બોલ્યું.

તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણે ખાઈએ ચપટી અને આને (રસોયા સંતને) મહેનત વધારે થાય.'

પ્રત્યેક કોળિયો કે કદમ ભરતાં પહેલાં બીજાનો વિચાર કરનારા હતા સ્વામીશ્રી!

અન્યનું હિત ઇચ્છતી તેઓની આ રીત તા. ૧૮/૮ના રોજ તેઓ વિદ્યાનગરથી વિદાય લઈ અટલાદરા પધાર્યા ત્યારે પણ ઝળકી ઊઠી.

અહીં તા. ૨૨/૮ની સવારે યોજાયેલી મંદિર-પરિસરના વિસ્તરણની બેઠકમાં સ્વામીશ્રીએ રુચિ ઉચ્ચારી કે 'શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના ઓરડાને કાંઈ થવું ન જોઈએ. એની આજુબાજુનું ખોલી નાંખો, પણ ઓરડો એવો ને એવો રાખવો. ઓરડાની ઉપર મેં જ સ્લેબ નંખાવ્યો હતો. એ તૂટે એનો વાંધો નથી. એમાં પહેલાં જેવું નળિયાવાળું મકાન કરી દેવું. ઓરડામાં પણ શાસ્ત્રીજી મહારાજની સૂતેલી મૂર્તિ રાખવી. ઓરડો મોટે ભાગે બંધ રાખવો અને એની ફરતે પ્રદક્ષિણા થાય એવું કરી દેવું.'

અલબત્ત, આ બાબતે અંતિમ નિર્ણય વ્યવસ્થાપકો પર છોડતાં સ્વામીશ્રી રોજિંદા વ્યાયામના ભાગરૂપે કોઈનોયે હાથ પકડ્યા સિવાય ઓરડામાં જ થોડું ચાલ્યા. તે દરમ્યાન નાડીના ધબકારા અને ચાલવાની ગતિનું પરીક્ષણ થતું રહ્યું. તેના અનુસંધાનમાં ભ્રમણ બાદ પલંગ પર બિરાજેલા સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'ઈંચે-ઈંચ ને ફૂટે-ફૂટ માપી કામ ચાલે છે.'

'પહેલાં આપે માપ વગરનું વિચરણ કર્યું એટલે અત્યારે માપીને કરવું

પડે ને !'

સંતોની આ માર્મિક ટાપશી પર સૌ સાથે સ્વામીશ્રી પણ હસી પડ્યા. એ હાસ્યમાં તેઓએ પૂર્વે કરેલા અમાપ વિચરણનો એકરાર હતો.

તે પછી સાંજે સંકુલવિકાસની બેઠકનો દોર સ્વામીશ્રીએ પુનઃ આગળ ચલાવ્યો. આ સમયે પૂરતો ઉજાસ મળી રહે તે હેતુથી તેઓના ઓરડાની પશ્ચિમ બાજુના પડદા ખોલી નંખાયા, પરંતુ તેને કારણે બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ મીટિંગમાં બેઠેલા આર્કિટેક્ટ શ્રી સંજયભાઈ પટેલ પર પડવા લાગ્યો. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમને કાંઈ વાંધો નથી ને ?'

'ના, બાપા !'

છતાં સ્વામીશ્રીએ વધુ બે-એક વાર પૂછ્યું. અંતે મર્માળુ હસતાં તેઓ બોલ્યા : 'આપણે કામ કરવા બેઠા છીએ. એમાં બીજાને (સાથે કામ કરનારાને) નડતર હોય એ પહેલાં દૂર કરીએ તો આપણું કામ પાર પડે.'

માનવીય મૅનેજમેન્ટનું એક બ્રહ્મસૂત્ર જ જાણે સ્વામીશ્રીના હોઠેથી રેલાઈ રહ્યું ! તે કુટુંબ, કચેરી કે કારખાનાં સહિતના કોઈ પણ એકમનું સંચાલન કરવામાં ઉપયોગી નીવડે એમ છે.

ચોખ્ખાઈ હશે એટલું શોભી ઊઠશે

તા. ૨૪/૮ની સવારે આવી ચડેલા લંડનવાસી બાળક મયૂરે સ્વામીશ્રી સમક્ષ કુતૂહલ વ્યક્ત કર્યું કે 'બાપા ! અમે હોલીડે(રજાના દિવસો)માં બધે ફરીએ છીએ, તો મજા આવે છે. આપને હોલીડે ફરવા જવાનું મન નથી થતું ?'

'તમારે તો વરસમાં એક જ વાર હોલીડે, જ્યારે અમારે તો કાયમ, બારેય મહિના હોલીડે જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ અલમસ્તાઈને ઝાલવાનું ગજું પેલા શિશુ પાસે તો ક્યાંથી હોય ?

પરંતુ સદાય મજાના જ મિજાજમાં રહેતા સ્વામીશ્રીએ એ જ ભાવથી આજની રાત્રે જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવ્યો. તેને અનુસરતાં તેઓએ તા. ૨૬/૮ની સવારે દૂધવાડામાં પુનઃ પ્રસ્થાપિત થનારી મૂર્તિઓનો પૂજનવિધિ કર્યો.

ત્યારબાદ તા. ૨૯/૮ના રોજ મંદિર-પરિસરનું નિરીક્ષણ કરવા નીકળેલા તેઓના મુખેથી સ્વચ્છતાની શીખ સરવા માંડી કે –

'એટલો ખટકો રાખવો કે મંદિરના કમ્પાઉન્ડમાં એક કાગળ પણ

એમનેમ પડેલું ન હોવું જોઈએ. સ્વચ્છતા બરાબર રાખશો તો લોકોને આવવાનું મન થશે. ટેબલ એવું હોવું જોઈએ કે એક પણ કાગળ ત્યાં રહેવો ન જોઈએ. જે દિવસે જે કાગળ આવ્યો એનો તરત જ નિકાલ થઈ જવો જોઈએ અને સાચવવા જેવું હોય તો એને વ્યવસ્થિત ફાઈલમાં મૂકીને ગોઠવી દેવો જોઈએ. ગોબરું ગોબરું હોય તો મગજ પણ એવું રહે. એટલે સ્વચ્છતા ખાસ રાખવી અને કામનો તરત નિકાલ લાવતાં શીખવું. ટેબલ ઉપર કાગળોનો ઢગલો રાખ્યો હોય તો પછી શોધતાં કલાક થાય ને સમય બગડે.'

આ જ મુદ્દો સ્વામીશ્રીના મુખેથી તા. ૧/૯ની સાંજે તેઓ બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં પધાર્યા ત્યારે પણ ઊઠતો રહ્યો. અત્રે ગાડીમાં બેઠાં બેઠાં નવનિર્મિત હૉસ્ટેલ તથા માધ્યમિક શાળાની ઇમારતો પર દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'સ્કૂલની સાફસૂફી બરાબર રાખવી. સ્વચ્છતાથી જ લોકો આકર્ષિત થશે. જેટલી ચોખ્ખાઈ હશે એટલું શોભી ઊઠશે.'

સંકુલ-સંચાલનનો આ એક મુદ્રાલેખ આપી તેઓ આજે અમદાવાદ આવી પહોંચ્યા.

સ્વામી! એક નામ તેરા સુખકારી

અમદાવાદમાં સ્વામીશ્રીની પધરામણીનું એક પ્રયોજન ઈ.ઈ.સી.પી.ની સારવાર હતી. આ ક્રમ મોટેભાગે સાંજે રાખ્યો હોવાથી સ્વામીશ્રી પ્રતિદિન યોજાતી સાયંસભામાં નહોતા પધારતા. પરંતુ હા, તેઓ રવિસભામાં જવાનો આગ્રહ તો અચૂક રાખતા જ!

તે મુજબ સ્વામીશ્રી તા. ૭/૯ની સાંજે અઠવાડિક સભામાં જવા નીકળ્યા ત્યારે પ્રાંગણમાં એકઠો થયેલો માનવ મહેરામણ હેલે ચડ્યો. તેના ઘુઘવાટમાંથી એક જ નાદ ગુંજવા લાગ્યો: 'પ્રમુખસ્વામી મહારાજની જય!'

આવી જ પરિસ્થિતિ ઉપરના સભામંડપમાં પણ સર્જાઈ. અહીં એક સળંગ સૂત્રની જેમ ચારેકોરથી સ્વામીશ્રીના જયનાદ ગાજવા લાગ્યા, પરંતુ તેથી અકળાઈ ઉઠેલા સ્વામીશ્રી બોલ્યા: 'આ બધી જય બંધ કરાવવી જોઈએ. નીચે સભા ચાલુ છે ને!'

'નીચેના સભામંડપમાં આ અવાજ ન પહોંચે.'

સંતોએ આ ખુલાસો કર્યો, છતાં તે કાને ન ધરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પણ એકનું એક શું પકડી રાખવાનું? ગુરુપરંપરાની જય બોલાવવી જોઈએ

ને ! ચાર-પાંચ એવા રાખો કે ખાલી જય (કેવળ પ્રમુખસ્વામી મહારાજની જય) બોલાવતા હોય તે બંધ કરાવી દે અને પરંપરાની જય બોલાવે.'

'પણ આપનું આકર્ષણ જ એવું છે કે લોકો જય બોલે જ ને !'

'મહારાજ અને પરંપરાને ભૂલીને કાંઈ ન કરવું જોઈએ. એમની જય બોલાવવી જોઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને ઇષ્ટદેવ અને ગુરુદેવ વિના મળતી ઢગલાબંધ મોટપ પણ અમાન્ય રહેતી.

પરંતુ જાત-અનુભવને તો કોણ જાકારો આપી શકે ? તેથી જ્યારે તા. ૮/૯ની સવારે આવેલા ગાંધીનગરના ડિસ્ટ્રિક્ટ જજે સ્વામીશ્રીને કહ્યું કે 'ક્યારેક એવાં તત્ત્વો ભટકાઈ જાય છે કે મૂંઝવણ થઈ જાય.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'તે ઘડીએ ભગવાનને સંભારવા. ઑટોમેટિક એની બુદ્ધિ સારી થઈ જશે.'

આ સાંભળી તે જજ બોલ્યા : 'હું તો સ્વામીજી ! આપનું સ્મરણ કાયમ કરું છું, કારણ કે આપના નામના સ્મરણથી જ અમારાં કામ થઈ જાય છે !'

લાખો હૈયાંની આ અનુભૂતિ હતી, છે અને રહેશે કે *'સ્વામી ! એક નામ તેરા સુખકારી...'*

ઘરસભા બહુ સારી વાત છે

અમદાવાદમાં નવીનીકરણ પામેલા સ્વામીશ્રીના નિવાસમાં ઓરડાની ફર્શ લાકડાંની બનાવવામાં આવેલી, પરંતુ તેમાં કો'ક-કો'ક ઠેકાણે કાષ્ઠનાં પાટિયાં વચ્ચે ફાટ પડવા માંડતાં આ બાબતે એક સંત અવારનવાર વ્યવસ્થાપકનું ધ્યાન દોરતા રહેતા.

આ વાર્તાલાપ તા. ૯/૯ની રાત્રે પણ પુનરાવર્તિત થતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'કામ કરે તો બગડેય ખરું, પણ એને કે' કે' કરીએ એ સારું ન કહેવાય. ભૂલ થાય, પણ એને ગા ગા ઓછી કરાય છે ? એકની એક વાત ગાયે રાખીએ એ સારું નહીં. કામ કરે એના ઉપર તૂટી પડવું ન જોઈએ. ભૂલ થાય તો ધ્યાન દોરી દેવું. રસોઈ કરે એ દાઝવાનોય ખરો, પણ શાંતિથી, ધીરજથી કામ લેતાં શીખવું.'

સ્વામીશ્રીની આવી ઉમદા કાર્યપદ્ધતિને કારણે લાખો નભી ગયા હશે, આગળ વધી ગયા હશે.

તે માટે જ સતત વિચરતા તેઓના સંગે ઊગેલી તા. ૧૪/૯ના રોજ અનંત ચતુર્દશી અને રવિવારનો સંગમ સર્જાઈ જતાં મંદિર માનવ-મેદનીથી ઊભરાઈ ગયું. તેની વચ્ચે પ્રાતઃપૂજા કરી સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા ત્યારે એક હરિભક્તની ઓળખ આપતાં યોગીવલ્લભદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આ વિદ્યાપતિભાઈ; તેઓના પિતા રજનીભાઈ હતા.'

'રજની નહીં, રતિભાઈ નામ હતું. તેઓ ભાદરણના.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ સુધારામાંથી નીતરતાં સ્નેહ અને સતેજ સ્મૃતિથી સૌ હજી ભીંજાયેલા-અંજાયેલા હતા ત્યાં જ તા. ૧૬/૯ની સવારે આણંદના જાણીતા વકીલ શ્રી ચંદ્રકાંતભાઈ દવેના દીકરા આવી પહોંચ્યા. તેઓના પરિવારનો પરિચય આપતાં પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ચંદ્રકાંતભાઈના પિતા ઘનશ્યામભાઈ. તેઓ તથા સત્યનારાયણભાઈ અને અંબાલાલભાઈ ત્રણેય ગોંડલ સાથે આવતા. જ્યારે આવે ત્યારે તુવેરદાળની બે-બે ગુણી લઈને આવે.'

ગુણાતીત બાગના એક-એક ફૂલને તેની ખાસિયત સાથે સ્વામીશ્રી જાણતા.

પોતાની આ વિશેષતા સાથે તેઓ આજે ભોજન માટે બિરાજ્યા ત્યારે મધ્યસ્થ કાર્યાલયના સંતોએ સત્સંગ પ્રવૃત્તિ સંબંધી વિવિધ આયોજનોની વિસ્તારથી વાત કરી. તેમાંથી ઘરસભાના પ્રકલ્પને પુષ્ટિ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઘરસભા બહુ સારી વાત છે. ઘરસભા હોય તો એકબીજાની ગેરસમજ દૂર થાય. ઘણી વખત ઘરમાં એકબીજાને સમજાવી શકે એવા કોઈ માણસ હાજર ન હોય એને લીધે અંદરોઅંદર મનદુઃખ રહ્યા કરે, પણ ઘરસભાનું એવું છે કે એમાં ગેરસમજ દૂર થાય.'

આ એક સેવા છે, આ એક આજ્ઞા છે

સ્વામીશ્રીની નિશ્રામાં એક પછી એક ઉત્સવોની રંગત માણી રહેલું અમદાવાદ સામશ્રાવણી, ગણેશ ચતુર્થી, જળઝીલણી એકાદશી વગેરેના કિનારા વટાવતું તા. ૧૮/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિપર્વના તટે આવી પહોંચ્યું. આ દિવસે ગુરુવાર હોવા છતાં પ્રાતઃકાળના સમૈયાનો લાભ લેવા પંદરેક હજાર હરિભક્તો ઊમટી પડ્યા. ઠાકોરજીના શણગાર પણ પ્રસંગાનુસાર શોભી રહેલા. આ દિવસે રહેતા દૂધપાકના પ્રસાદની સ્મૃતિરૂપે સ્વામીશ્રીએ અભિષેક મૂર્તિ ઉપર પણ ચાંપ દાબી દૂધથી અભિષેક કર્યો.

ત્યારબાદ તેઓ મૂર્તિની પ્રદક્ષિણા કરવા નીકળ્યા. આ સમયે ડાબી બાજુએ આવતા કક્ષમાં પધરાવેલી પોતાની આરસ-પ્રતિમા પર તો સ્વામીશ્રી કદી નજર સુધ્ધાં ન કરતા. પરંતુ આજે અહીં રાહુલદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના કટઆઉટને તેઓના જમાનાની ફાળિયા જેવી પાઘ બાંધીને પધરાવેલું. તે પર દૃષ્ટિ ઠેરવવા સૌએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રીએ તે તરફ જોયું તો ખરું, પણ તરત બોલ્યા : 'આવું કોઈ દિવસ ન કરવું. શાસ્ત્રીજી મહારાજ ઊભા છે ને બીજા (પોતે) બેઠા હોય એ કેવું લાગે ?'

શાસ્ત્રીજી મહારાજની સેવામાં જીવનપર્યંત ખડે પગે રહેલા સ્વામીશ્રીને ગુરુ ઊભા હોય અને પોતે બેઠા હોય તેવી શોભા પસંદ ન પડી.

આ દાસભાવ સાથે તેઓ મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં એક હરિભક્તે ગુરુ-ગોવિંદ એક જ છે તે જ્ઞાનના આધારે પહાડી અવાજે છડી પોકારી કે *'પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રમુખસ્વામીને ઘણી ખમ્મા...'*

આ સાંભળતાં જ કચવાઈ ગયેલા સ્વામીશ્રીએ કહ્યું : 'આવું છે બધું ! ઊંધું ઘાલીને બોલ્યે રાખે છે. ખબરેય નથી પડતી કે શું બોલવું જોઈએ ?'

આ અણગમો તેઓની ભક્તિનો પડઘો પાડી ગયો. તે આજે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વની ઉત્સવ-સભામાં પણ ખૂબ ગાજ્યો. પ્રાતઃપૂજા બાદ આરંભાયેલી આ સભાની શરૂઆતમાં જ સ્વામીશ્રીએ પરાવાણીનો પ્રસાદ વહેંચી સૌને તૃપ્ત કરી દીધા.

આજે પીરસવામાં પોતાના મનપસંદ વિષય સમા શાસ્ત્રીજી મહારાજ અને અક્ષર-પુરુષોત્તમ ઉપાસના હોવાથી તેઓ આશીર્વાદના આરંભમાં જ બોલી ઊઠ્યા : 'આજે આપણા માટે ખૂબ આનંદનું પર્વ છે.'

આ આનંદમાં એક-એક શબ્દને ઝબોળી સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'શાસ્ત્રીજી મહારાજ તો અક્ષરધામમાંથી જ આવેલા, એટલે નાનપણથી જ સત્સંગ કરવો એ હતું. તેઓને લગની હતી કે મહારાજે આપેલું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવવું છે. આ કામ કરવામાં કષ્ટ પડે, પણ એમાં ડર્યા નથી. જે થવાનું હોય એ થાય, પણ કર્યે જ રાખો. આપણે તો થોડી ઉપાધિ થાય તો મૂકી દઈએ, પાછા પડીએ. પણ એમને તો નક્કી જ હતું, તો દિગંતમાં ડંકા વાગી ગયા.

માટે આ જ્ઞાન સાચું છે. એમાં સંશય કરવા જેવો નથી. આપણા જન્મ-મરણ ટળી જાય ને અક્ષરધામમાં જઈને બેસાય એવું અદ્‌ભુત આ જ્ઞાન છે.

માટે આ વાતને બરોબર સમજવી ને બીજાને વાત કરવી. આ એક સેવા છે, આ એક આજ્ઞા છે. બીજાને ન સમજાય તોય વાત કરી જ નાંખવાની. એવું મંડવું કે કામ થઈ જાય.'

આપ હી ભગવાન કે રૂપ હો

તા. ૨૫/૯ની સવારે સ્વામીશ્રીની મુલાકાતે પધારેલા ભારત સાધુ સમાજના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીએ તો આવતાંવેંત પ્રાર્થનાનો જ સૂર રેલાવ્યો કે 'સ્વામીજી! મૈં આપકો વિનંતી કરતા હૂઁ કિ ઇસ સંસાર મેં આપકે જૈસા મહાત્મા કોઈ નહીં હૈ, ઇસલિએ ઇસ સંસાર સે આપકો જલ્દી નહીં જાના હોગા। હમ નહીં જાને દેંગે।'

આ વર્ષે લથડેલી સ્વામીશ્રીની તબિયત સૌ માટે અજંપાનો વિષય બનેલી. તેમાંથી આ મહાત્મા પણ બાકી નહોતા. તેથી તેઓએ આ પ્રેમસભર નિવેદન કર્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'કબ જાના વો તો ભગવાન કી ઇચ્છા કી બાત હૈ।'

'વો તો હૈ હી, લેકિન આપ હી ભગવાન કે રૂપ હોં। આપને આત્મદર્શન કર લિયા હૈ। મૈં આપકો જબ દેખતા હૂઁ તબ લગતા હૈ કિ આપ પ્રપંચ(માયા) સે અલગ હોં। યે બહુત બડ઼ી બાત હૈ। આપ તો હમારે ભારત સાધુ સમાજ કે સંરક્ષક હોં।'

સમાજના એક પૂજનીય મંડલેશ્વરના આ સ્વાનુભવે સ્વામીશ્રીની પ્રતિભાનાં કંઈક પાસાં એકસાથે ખોલી આપ્યાં.

તેની સમાંતર આ સમયે સ્વામીશ્રીની પરોપકારી છબી પણ વિશેષ તેજથી પ્રકાશી ઊઠી.

આ અરસામાં બિહારની કોસી નદીના વિનાશક પૂરથી સર્જાયેલી તારાજીએ ત્રીસેક લાખ નાગરિકોને હાલાકી પહોંચાડેલી. તેમાંની સવા બે લાખ વ્યક્તિઓ તો બેઘર બની ગયેલી. આ દુ:ખથી દ્રવી ઊઠેલા સ્વામીશ્રીની કરુણાગંગાએ પણ કિનારા ઓળંગ્યા. તેઓએ અહીં રહ્યાં થકા બિહાર સુધી મદદનાં પૂર વહાવ્યાં. તેમાં તરતાં તરતાં જીવન-જરૂરિયાતની સામગ્રીઓથી ભરચક સેંકડો થેલી અને લાખો રૂપિયાની સહાય પૂરગ્રસ્ત બિહારીઓ સુધી પહોંચી ત્યારે તેઓનાં હૈયાં પણ સ્વામીશ્રી માટે પોકારી ઊઠ્યાં : 'આપ હી ભગવાન કે રૂપ હો!'

સ્વામીશ્રીનું આ દર્શન હજારો કિલોમીટર દૂર રહેલા અમેરિકાવાસીઓને પણ લાધ્યું. અહીંના ટેક્સાસમાં પ્રચંડ વેગે ફૂંકાયેલા 'આઇક' ચક્રવાતે વીસ લાખ લોકોને તહસ-નહસ કરી મૂકેલા. તેથી ઉઝરડાઈ ગયેલાં કેટલાંય જીવન અમેરિકામાં કાર્યરત આપણાં સત્સંગ-કેન્દ્રોએ વહાવેલા સહાયના સ્રોતથી નવપલ્લવિત થયાં.

કોઈનો ન કરે કદી દ્વેષ

તા. ૨૬/૯ની સાંજે ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ જૂનાગઢથી આવેલા સંતોએ તે પ્રદેશની સત્સંગ પ્રવૃત્તિનો ચિતાર આપ્યો. તેમાં કેટલાંક ગામોમાં વિવિધ સંપ્રદાયો તરફથી થતા આપણા વિરોધની વાત પણ રજૂ થઈ. તે સાંભળી ચાલુ વ્યાયામે જ આગવો આયામ શીખવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભલે એ લોકો વિરોધ કરે, પણ આપણે આપણાં વર્તનથી કે પ્રવચનોમાંય એમનો નિષેધ ન કરવો.'

સ્વામીશ્રીએ ચીંધેલી પ્રતિકારની આ દિશા *'કોઈનો ન કરે કદી દ્વેષ, ઇચ્છે સર્વનું સારું હમેશ...'* રૂપે તેઓનું દર્શન કરાવી ગઈ.

તેઓની આવી ઉદારચરિત પ્રકૃતિના છોડવે આજે નીતિમત્તાનાં બે ફૂલ ખીલી ઊઠ્યાં.

એક ઘટનાના સંદર્ભમાં સ્વામીશ્રીએ કહ્યું: 'ગમે એટલો અન્યાય થયો હોય તો પણ સાચી વાત છોડીને પાટલી ઓછી બદલાય છે? જે વાત કરી-કરીને હજારોને આ રસ્તે ચડાવ્યા હોય, પછી પોતે જ એ રસ્તો મૂકીને લોકોને બીજે ચડાવે એ કેવું કહેવાય?! એ કરાતું હશે? સંતોષ ન થાય તો ઘેર બેસીને નિરાંતે ભજન કરવું જોઈએ, પણ આવું તો ન કરાય ને! સિદ્ધાંત આખો જતો રહે એ કેવું કહેવાય? સિદ્ધાંત એટલે સિદ્ધાંત, અને પ્રતિષ્ઠા પણ અગત્યની છે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં સંદર્ભ પ્રાસંગિક છે, પરંતુ સંદેશ શાશ્વત છે. તેઓ વફાદારીવિહોણા જીવનની કલ્પના પણ નહોતા કરી શકતા.

આવા નખશિખ પવિત્ર અને પ્રામાણિક સ્વામીશ્રી પાસે આજે સંસ્થાના એક મંદિર હસ્તકની વાડીનો વિષય નીકળ્યો. આ પરિસરના વ્યવસ્થાપક સામે જ બેઠેલા. તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'વાડી ભાડે આપતી વખતે આપણા સંપ્રદાય અનુસાર ધારાધોરણ રાખ્યું છે? ત્યાં જમવામાં લસણ-ડુંગળી

વગેરે ચાલે છે?'

'હા, મંદિરની બહાર વાડી છે એટલે બીજી વાડીઓની જેમ જ ચાલે છે.'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રીએ મર્યાદાની રેખા ખેંચી આપી કે 'આપણી વાડી હોય એટલે આપણા નિયમો રાખવા. નહીં તો કાલે ઊઠીને કોઈ દારૂની પાર્ટી પણ કરે. માટે આ બાબતમાં ધ્યાન રાખવું.'

સ્વામીશ્રીની દૃષ્ટિ અર્થ પર નહીં, પણ ધર્મ પર રહેતી.

આ ભાવના સૌમાં સીંચાતી રહે તે માટે તેઓએ તા. ૨૮/૯ની સવારે રુઆન્ડા દેશના કીગાલી અને બુરુંડી દેશના બુજુમ્બુરા નગરમાં રવિસભા માટે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું પૂજન કર્યું.

કરો છો રક્ષા બહુવિધિ

છેલ્લા એક મહિનાથી સ્વામીશ્રીનું સાંનિધ્ય પામનારા અમદાવાદી ભક્તો રોજેરોજ *'નિત્ય આનંદનો ઘન વરસે, દિન સરસ દિવાળીથી દરસે...'*નો અનુભવ કરી રહેલા. તેઓની આ અનુભૂતિએ જ જાણે સાકારરૂપ પકડ્યું હોય તેમ તા. ૩૦/૯ના રોજ સમગ્ર મંદિરમાં દિવાળી-અન્નકૂટની ઉજવણી થઈ રહી. આસો મહિનાના છેલ્લા દિવસે રચાતી રંગાવલિ અને પ્રવર્તતી ખુશાલી અત્રે આજે આસો માસના પહેલા દિવસે દેખાતી હતી. વળી, આજનો દિન નવરાત્રિના પ્રારંભનો હોવાથી અભિષેક મંડપમાં પ્રાસંગિક શોભાનું સામ્રાજ્ય વિસ્તરેલું.

અહીંથી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા તો ત્રણેય ખંડમાં ગોઠવાયેલા અન્નકૂટની સોડમથી ઘુમ્મટ મઘમઘી રહેલો. એ મઘમઘાટમાં આરતીનો ઝગમગાટ ભળતાં ઉત્સવનું વાતાવરણ વધુ દેદીપ્યમાન બની ગયું. તે સભામંડપમાં પણ છવાયું. તેની વચ્ચે પ્રાતઃપૂજા કરી સ્વામીશ્રીએ અમદાવાદના જીવરાજ પાર્ક અને કૃષ્ણનગર વિસ્તારનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

પરંતુ તેઓના કાર્યની સીમા આટલે જ નહોતી અટકતી. સ્વામીશ્રી તો કંઈકના નિષ્પ્રાણ થવા જઈ રહેલા જીવનમાં પણ પ્રાણ ફૂંકનારા હતા.

તેના અનુભવથી આ અરસામાં એક હાલારી મહિલા ગદ્‌ગદિત થઈ ઊઠ્યાં. શિક્ષિકાની નોકરી કરતાં તેઓએ પિયરમાંથી મળેલું સોનું અને બેંકની લોન વડે પરિવાર માટે મકાન વસાવેલું. તે દ્વારા છૂટક વ્યવસાયનું કામ કરતા પતિને મદદરૂપ બનેલાં આ મહિલાએ થોડા સમય બાદ ઘણીને કામકાજમાં

પણ ટેકો ધર્યો. આ વખતે તો તેઓએ અને તેઓના પતિએ એક દુકાનેય ખરીદી. તે માટે ખર્ચેલું સોનું સમયાંતરે ભેગું થઈ ગયું. લૉન પણ ભરપાઈ થઈ ગઈ.

આમ, બધી રીતે સરખાઈ આવી ત્યાં જ કુબુદ્ધિને વશ થયેલા ધણી હજારોની નુકસાની વહોરી બેઠા. તેથી આ અબળા ભાંગી પડી. જો કે પોતાના ભીતરમાં ભડકેલી અજંપાની આગની આંચ તેઓએ પતિને ન આવવા દીધી. તેઓ ધણીને તો ધરપત જ આપતાં રહ્યાં. અલબત્ત, એકાંત મળે ત્યારે આ મહિલા સ્વામીશ્રીની છબી સમક્ષ રડી હૈયું હળવું કરી લેતાં. તે સમયે એ તસવીરમાંથી સ્વામીશ્રી જાણે હિંમત બંધાવતા હોય તેવું આ મહિલાને જણાતું. તેના સહારે જ બે-એક વર્ષે પરિસ્થિતિ પુનઃ થાળે પડતાં બાઈને હાશ થઈ.

ત્યાં જ ધણી ફરી કુટેવના કાદવમાં ખૂંપ્યો. આ સમયે તો પહેલાં કરતાં બમણી ખોટનો ખાડો પડતાં સત્સંગી બાઈની આંખે અંધારા આવી ગયાં. આ ભીષણ કાળ અને તે પછીનો ક્રમ એ મહિલાના જ શબ્દોમાં કંઈક આવો રહ્યો :

'આ વખતે મને ખૂબ હિંમતની જરૂર હતી. શું કરવું એ સમજાતું નહોતું. સર્વત્ર અંધારું હતું. જે કંઈ થયું એમાં મારો શો વાંક હતો ? છતાં મેં મકાન વેચવાની હિંમત બતાવી. ફરીથી બધું સોનું આપી ઘરનાને છોડાવ્યા. આ પરિસ્થિતિમાં હું બાપા સામે ખૂબ રોઈ, પણ ઘરના કે કોઈ સગાંને વાત કરી નહીં અને મદદ પણ માંગી નહીં. એકાંતમાં સ્વામીબાપા પાસે જ રડતી અને મદદ માંગતી. ત્યારનું સ્વામીબાપાનું વાત્સલ્ય હું ક્યારેય નહીં ભૂલી શકું. આટલી વિકટ પરિસ્થિતિમાં મારે પૈસાની નહીં, હૂંફની જરૂર હતી. હું વિશ્વાસથી કહું છું કે સ્વામીબાપાનું સાંનિધ્ય ન હોત તો કદાચ બીજું પગલું ભરાઈ ગયું હોત ! સ્વામીબાપાએ કાંટાળા માર્ગ પર એક માવતરની જેમ મારો હાથ પકડી રાખ્યો અને મારાં બાળકોને મા વગરનાં થતાં બચાવી લીધાં.

વહાલા સ્વામીબાપા ! આપનાં ચરણોમાં કોટિ કોટિ વંદન !'

આ એક બયાનમાં અનેક મહિલાઓની કથા-કેફિયત સમાયેલી છે. શ્રીજીસ્થાપિત મર્યાદાને કારણે બાઈ ભક્તો સ્વામીશ્રીની સમીપે નહોતાં આવી શકતાં, છતાં એકેએક સત્સંગી મહિલાનો સ્વામીશ્રી વિષે અનુભવ રહેતો કે *'હાજર છો હરિજનનાં, કષ્ટ કાપવા કરુણાનિધિ...'*

આ અનુભૂતિ સ્વામીશ્રીએ કોઈ મહિલાને સ્વપ્નમાં દર્શન દઈને,

તો કોઈને દિવ્ય દેહે હાજર થઈને; કોઈને સ્મરણમાત્રથી, તો કોઈને પુરુષ હરિભક્ત દ્વારા મોકલાવેલા પત્ર દ્વારા; કોઈને પ્રાસાદિક પુષ્પ-જળ વડે, તો કોઈને પોતાની મૂર્તિના માધ્યમથી કરાવેલી. તેથી જ જ્યારે આ જીવનચરિત્ર લખવાનો પ્રારંભ થયો ત્યારે હરિભક્તો તરફથી આવેલા સ્વામીશ્રીના ઢગલાબંધ પ્રસંગોમાં ઘણી મોટી સંખ્યા મહિલા ભક્તોએ મોકલેલા પ્રસંગોની પણ રહી.

તેમાં કો'ક મહિલા પોતાની અસાધ્ય બીમારી ટાળવા માટે સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞ હતી; તો કો'ક મહિલા પોતાના પતિ, જમાઈ, ભાઈ કે દીકરાને વ્યસનોથી છોડાવી સન્માર્ગે વાળવા બાબતે સ્વામીશ્રીનાં ચરણે ઋણભારથી નમેલી હતી. કો'ક નિર્વિઘ્ને સંતાનપ્રાપ્તિ કરાવી આપવા બદલ, તો કો'ક પ્રાપ્ત સંતાનને નિરામય કરવા બદલ સ્વામીશ્રીને તારણહારરૂપે વધાવી રહેલી. કોઈ પોતાની સ્થિર આજીવિકા માટે, તો કોઈ પોતાના સુખી લગ્નજીવન માટે સ્વામીશ્રીનાં ઓવારણાં લઈ રહેલી. કોઈ ભૂત-પ્રેતાદિક કે પીડાના ઉપદ્રવથી પોતાને બચાવવા બદલ, તો કોઈ પોતાની કારકિર્દી ઘડી આપવા બદલ સ્વામીશ્રીની આરતી ઉતારતી હતી.

ત્રીસેક વર્ષની ભરયુવાન વયે પતિનો સંગાથ ગુમાવી દેનારા દક્ષિણ ગુજરાતનાં વૈશાલીબહેને પોતાની હાલક-ડોલક થતી જીવનનૈયાના કર્ણધાર બનનારા સ્વામીશ્રીને વધાવતાં આ અરસામાં જ લખેલું કે –

'એ સમયે મારાં મન અને મગજ બંને શૂન્ય થઈ ગયેલાં. આ જીવન કેવી રીતે જીવવું ?, આ ઘર અને બે નાનાં બાળકોની જવાબદારી કેમ પાર પાડવી ? જેવા અનેક પ્રશ્નો નજર સામે તરવરવા લાગ્યા, પરંતુ સ્વામીબાપાએ મારા પરિવારને ખૂબ બળ, સાથ, સહકાર, વાત્સલ્ય પૂરું પાડ્યું. આજે આ પ્રસંગને સાત વર્ષ વીતી ગયાં છે, પરંતુ સ્વામીબાપાના આશીર્વાદથી અમારો પરિવાર પ્રેમ, સંપ અને સત્સંગ સાથે જીવન જીવી રહ્યો છે. જો સ્વામીબાપાની સાર-સંભાળ ન મળી હોત તો કદાચ અમારો પરિવાર આ સ્થિતિમાં ન હોત.'

સ્વામીશ્રીની રખેવાળીના આવા જ અનુભવમાંથી આ વર્ષે પસાર થયેલાં દક્ષિણ આફ્રિકાનાં સત્સંગી સન્નારી ડિમ્પલબહેને તો જણાવી દીધું કે –

'...no matter how far Swamishri is in distance, he is not even a breath away from each and every devotee.'

– ભલે સ્વામીબાપા સ્થૂળ રીતે ગમે એટલા દૂર હોય, પણ તેઓ પોતાના પ્રત્યેક ભક્તથી એક ક્ષણ પણ દૂર નથી.

આવા કંઈક પ્રસંગોનો પ્રકાશ આજેય *'નિમિષ એક નથી રે'*તા ન્યારા, *કરો છો રક્ષા બહુવિધિ...'*ની સ્વામીશ્રીની છબી વધુ ને વધુ અજવાળી રહ્યો છે.

મારે એક યોગી નામનું ગાણું

તા. ૧/૧૦ની સવારે અમદાવાદથી વિદાય લઈ સ્વામીશ્રી સાડા અગિયાર વાગ્યે જામનગરના હવાઈ મથક પર ઊતર્યા ત્યારે અહીં સ્વાગતમાં ઊભેલા કલેક્ટર શ્રી વી. પી. પટેલ એક મોટો હાર જાતે જ ગૂંથીને લાવેલા. તે સ્વીકારી સ્વામીશ્રી નિર્માણાધીન મંદિરની બત્રીસ એકર ભૂમિ પર પધાર્યા ત્યારે અત્રે ઉપસ્થિત અઢી હજારથી વધુ ભક્તો આનંદની હેલીનો અનુભવ કરી રહ્યા. તેની માત્રા દિન-પ્રતિદિન વધતી જ ચાલી.

તેની વચ્ચે સ્વામીશ્રીએ તા. ૨/૧૦ની સાંજે ટ્રેડમિલ મશીન પર ભ્રમણ શરૂ કર્યું. તે દરમ્યાન થઈ રહેલા 'પ્રકાશ'ના વાંચનમાં સત્સંગ શિક્ષણ પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવનારા ભક્તોની નામાવલી આવી, પરંતુ તેને ન વાંચતાં પાઠક સંતે પાનું ફેરવી દીધું. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેમ એમનેમ જવા દીધું?'

'બાપા! આમાં તો કેવળ નામોની યાદી જ છે.'

'તેથી શું થઈ ગયું? બધાએ આટલી બધી મહેનત કરી હોય તો આપણે તેમનાં નામ તો સાંભળીએ!' સ્વામીશ્રી બોલ્યા.

હરિભક્તો વિષે આવી મહિમાદૃષ્ટિ ધરાવતા તેઓ તા. ૩/૧૦ની સવારે પત્રવાંચન કરવા બિરાજ્યા ત્યારે તેઓના હાથમાં એક ચોપાનિયું આવ્યું. આ કાગળમાં આણંદના ડિવાઈન ડેકોરેટર્સ અને અમદાવાદના નીલકંઠ ટૂર્સ ઍન્ડ ટ્રાવેલ્સ દ્વારા સંયુક્ત રીતે યોજાયેલી એક તીર્થયાત્રાની માહિતી છપાયેલી. તે વાંચી રહેલા સ્વામીશ્રી 'આ ચાર ધામની યાત્રા પ્રમુખસ્વામી મહારાજ તથા સંતોએ પણ કરેલી છે...' એમ લખાણ આવતાં અટક્યા અને તેઓએ પત્ર-પરિચારકને સૂચના આપી કે 'યોગીબાપાએ પણ ચાર ધામની યાત્રા કરેલી છે, એટલે યોગીબાપાનું નામ પણ લખે એમ કહેજો.'

યોગીજી મહારાજ ભલે કહેતા કે 'પ્રમુખસ્વામીનું નામ આગળ આવે એમાં હું બહુ રાજી,' પરંતુ સ્વામીશ્રીએ કદી પોતાનું નામ યોગીજી મહારાજની

આગળ થવા દીધું નહોતું. ગુરુ-શિષ્યના આ પારસ્પરિક પ્રેમનો કોઈ પાર પામી શકે એમ નથી.

હું દરેક હરિભક્તને સાચવતો આવ્યો છું

જામનગરમાં શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ માટે પધારેલા સ્વામીશ્રી તા. ૪/૧૦ની સાંજે જમીનનું નિરીક્ષણ કરવા નીકળ્યા ત્યારે ગાડીમાં બિરાજીને પરિસરના ખૂણે-ખૂણે ફરી વળ્યા. આ ક્રમમાં તેઓએ ખાતવિધિના ગર્તમાં પણ મોટર ઉતારી વ્યવસ્થાલક્ષી માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ ઉતારે બિરાજેલા તેઓને મળવા તા. ૫/૧૦ની સવારે આણદાબાવા આશ્રમના મહંત પૂજ્ય દેવપ્રસાદજી આવી પહોંચ્યા. તેઓને શાલ ઓઢાડી સત્કાર્યા બાદ સ્વામીશ્રીએ મુલાકાતના અંતે હરિભક્ત દ્વારા મોટી રકમ પણ દક્ષિણારૂપે અપાવી. જો કે તે સ્વીકારવા માટે મહંતજી રાજી નહોતા, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'આપે ક્યાં ગજવામાં રાખવાના છે? અહીંથી આવે ને સદાવ્રતમાં આપી દેવાના છે, માટે રાખો.'

અન્ય સંપ્રદાયના ધર્મગુરુઓ પ્રત્યે સ્વામીશ્રીનો સ્નેહભાવ કાયમ દર્શનીય બની રહેતો.

તે સાથે આ અરસામાં તેઓની વ્યવહારકુશળતા પણ પૂર્ણપણે પ્રકાશી રહેલી. તેથી મંદિરના ખાતવિધિ સંબંધી સૂક્ષ્મ સૂચનો તેઓ તરફથી આવ્યાં જ કરતાં. તે મુજબ યોજાયેલી એક બેઠક વખતે તો મંદિરની ગતિવિધિ સંભાળતા ધર્મનિધિદાસ સ્વામી સાથે વિમર્શ કરી રહેલા સ્વામીશ્રીને શરીરમાં કંઈક કસર જણાતાં તેઓ જાતે જ બાજુમાં પડેલું પાત્ર લઈ ઊલટી કરવા માંડેલા.

આવી પરિસ્થિતિમાં પણ તેઓએ તા. ૬/૧૦ના રોજ વિધિના યજમાનોની ચિંતા કરતાં વ્યવસ્થાપકોને કહ્યું: 'ખાતવિધિમાં અધિકારીઓ પણ આવવાના છે, તો તેઓની સાથે સ્વયંસેવકો રાખજો. રૂમાલેય મૂકજો, જેથી હાથ લૂછવા હોય તો અનુકૂળ આવે. ચાંદલો કરનારો હોય એ પણ જરા ઝીણો, વ્યવસ્થિત ચાંદલો કરે.'

આ જ રીતે સ્વામીશ્રીએ વિધિ કરાવનારા સંતોને જાણપણું આપ્યું કે 'અહીં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત છે, એટલે વિધિમાં બહુ ઉતાવળ ન કરવી. વિધિ શાંતિથી કરવી. આમ-આમ કરીને ચાલ્યા જઈએ એમ નહીં.'

વળી, રસોડા બાબતે સ્વામીશ્રીએ તા. ૭/૧૦ના રોજ પૂછ્યું:

'આમંત્રિતોને જલેબી ગરમ-ગરમ આપશો ને ?'

'હા.'

'છેલ્લે સૌને આઇસક્રીમ પણ આપજો. તૈયાર કપ નહીં, પણ વાટકામાં આપજો. બધી જ રસોઈ પહેલાં ઠાકોરજીને ધરાવી દેજો. પ્રસાદીની કરીને પછી બધાને જમાડજો. મહેમાનોને પ્રસાદમાં શું આપવાના છો ?'

'મેસૂબ.'

'તે ક્યારે બનાવ્યો છે ?'

'ગઈકાલે જ.'

'તો બરાબર !' સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો.

પરંતુ તેઓની આવી ઝીણવટ જોઈ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ અહોભાવ વ્યક્ત કર્યો કે 'સ્વામી ! આપ ખરેખર, હેન્ડ્સ ઑન (સક્રિય) ગુરુ છો !'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજના વખતથી હું દરેક હરિભક્તને સાચવતો આવ્યો છું. દરેકના મન સાચવતો આવ્યો છું. લોકો કહે કે 'સત્પુરુષનું મન સાચવો', પણ દરેકનું મન સાચવો એમાં સત્પુરુષનું મન આવી જ ગયું !'

'આપ ક્યારેય ઘરડા થશો નહીં.'

'જે ભગવાનનું કામ કરે એ ક્યારેય ઘરડો થતો નથી. તે દેહના અંત સુધી સેવા કરતો રહે છે, ભજન કરતો રહે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

કેટલી શુભ, સ્પષ્ટ અને સાતત્યસભર શૈલી હતી તેઓની !

તે અહીં પળે-પળે ઊઘડી રહેલી. તે સમયે જ આજની રાત્રે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને જોડાયેલા ફોનમાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજે મુખ્યમંત્રી તરીકે આપ સાત વર્ષ પૂરાં કરો છો તો હજી કામ આગળ વધશે ને દિલ્હીની ગાદી ઉપર પણ બેસી જવાય એ આશીર્વાદ છે.'

સ્વામીશ્રીનાં આ વચનો સમયાંતરે સાકાર થતાં દેશ અને દુનિયાએ જોયાં.

જામનગરમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૮/૧૦ના સુપ્રભાતે જામનગરના નિર્માણાધીન મંદિરની ભૂમિ પર રચાયેલા શિલાન્યાસના મંગલકારી માહોલમાં ૭,૩૦૦થી વધુ યજમાનો પ્રાસાદિક પૂજાદ્રવ્યો વડે શિલાપૂજન કરવા પ્રવૃત્ત થઈ ચૂકેલા. ૧૫૦ X ૧૦૦ X ૪.૬ ફૂટના પરિમાણમાં વિસ્તરેલા શિલાન્યાસના ગર્તમાં

પણ પરંપરાગત ૨૭ શિલાઓ મુખ્ય યજમાનો દ્વારા પૂજાઈ રહેલી. આ વિધિ જે મંત્રોચ્ચારને અનુસરી રહેલો તેનો ઘોષ આજે તો અહીંના આકાશમાં કવાયતના ભાગરૂપે વારંવાર ઊડી રહેલાં મિગ અને મિરાજ જેવાં લશ્કરી લડાકુ વિમાનોની ઘરઘરાટીને પણ દાબીને ઊઠતો હતો.

તેની વચ્ચે યથાસમયે પધારી આ ઐતિહાસિક વિધિમાં પરોવાઈ ગયેલા સ્વામીશ્રીએ મંદિર-નિર્માણ સાથે સંલગ્ન સંતો, સોમપુરાઓ, અધિકારીઓ, ઉપકરણો વગેરેને ચાંદલા અને રક્ષાસૂત્રોથી પૂજ્યાં. ત્યારબાદ તેઓએ નિધિકુંભ, વરાહાદિક દેવતાઓ તથા શિલાઓનાં પૂજન પણ સંપન્ન કર્યાં. તેને અનુસરતાં મુખ્ય શિલાનું ગર્તમાં સ્થાપન થયું ત્યારે ગાજી ઊઠેલા ગગનભેદી જયનાદોએ જામનગરના નભોમંડળને ભરી દીધું.

સૌની શ્રદ્ધા અને સ્વામીશ્રીના સામર્થ્યની બુનિયાદ પર ચણાનારા આ મંદિરના શ્રીગણેશ સમયે ભરાયેલી સભા પણ ૧૨,૦૦૦થી વધુ ભાવિકો દ્વારા ખીચોખીચ રહી. તેને સંબોધતાં કમિશનર શ્રી કે. એન. ભટ્ટે જણાવ્યું :

'ખરેખર, ઈશ્વરની કૃપા હોય તો જ અહીં મંદિરનું નિર્માણ થઈ શકે ! પ્રમુખસ્વામીની મોટામાં મોટી એ જ વિશેષતા છે કે ગમે એટલાં ઊંચાં શિખરોનું નિર્માણ એમણે કર્યું હોય છતાં એ જ સરળતા, એ જ નમ્રતા, એ જ વિવેક અને એ જ દૃઢતા ! હજારો સંપ્રદાયો આવ્યા અને આવશે, પણ ૨૦મી અને ૨૧મી સદીમાં ભારતીય સંસ્કૃતિને એક સૂત્રે પરોવવાનું કાર્ય જો કોઈએ કર્યું હોય તો એ પ્રમુખસ્વામીએ કર્યું છે. આપણે કો'કમાં માનીએ કે ન માનીએ એ આપણી અંગત વાત છે, પરંતુ અંતરમાં ઇચ્છા હોય કે કોઈનું ભલું કરીએ તો એની પ્રેરણા આપનાર પણ પ્રમુખસ્વામી છે.'

કમિશનરની જેમ સ્વામીશ્રીથી અભિભૂત વાયુદળના નિવૃત્ત એર માર્શલ શ્રી મહેરાએ પણ પોતાની લાગણી વહાવી કે –

"बरसों पहले एक बार गाँधीनगर में प्रमुखस्वामीजी से मिलना हुआ था। तब बात हुई थी कि 'मैं माता-पिता की सेवा करता हूँ।' वह अभी भी स्वामीजी को याद है! बड़े लोगों का यही महान गुण है।

गुज़रात का भूकंप मुझे याद है। सभी ज़गह सैकड़ों लोग मारे गये थें, तब भुज के एॅर-फिल्ड को भी काफी नुकसान हुआ था। उस वक्त सबसे पहले बी.ए.पी.एस. स्वामिनारायण संस्था के स्वयंसेवक पहुँच गये थे। बाद में हमने (लश्कर ने) कार्य किया था। भूकंप से जब लश्कर भी पीड़ित था तब

सबसे पहले हमारा हाथ किसने पकड़ा था? इस संस्था ने! आपने हमारा हाथ पकड़ा तो हम भी सेवा कर सकें।

अब मैं निवृत्त हूँ, मुझे समय भी है। प्रमुखस्वामीजी हुकम करेंगे वहाँ हम आयेंगे। ये मंदिर लैण्डमार्क (सीमाचिह्न) होगा, इन्डिया का सिम्बोल (पहचान) होगा।''

સ્વામીશ્રીના કાર્યમાં ભળનારા સૌ પોતાને ભાગ્યશાળી અનુભવતા. તેથી મંચ પર બેઠેલા મહાનુભાવોની સાથે મંડપ તળે બેઠેલા ભક્તો-ભાવિકોની પણ આ જ સ્થિતિ હતી. તે સૌને અમૃતધારાથી ભીંજવી સ્વામીશ્રી ઉતારે જવા વિદાય થયા ત્યારે આજે આવેલા નવરાત્રિના નવમા દા'ડે નવાનગરના નવા ઇતિહાસનું પ્રથમ પ્રકરણ લખાઈ ગયું.

તોયે ચિત્તે માન તેણે ન આણ્યું

શિલાન્યાસની સભાના મંચ પરથી નીચે ઊતરી રહેલા સ્વામીશ્રીને શ્રી મહેરાએ વિનંતી કરી કે 'સ્વામીજી! એૅર ફૉર્સ (વાયુસેના) કી રક્ષા આપ કરના।'

'यहाँ बैठ के भगवान रक्षा करेंगे।'

સ્વામીશ્રીનો આ ઉદ્‌ગાર સ્પષ્ટ કરી ગયો કે અહીં થનારું મંદિર સંસ્કૃતિ-સુરક્ષા સાથે રાષ્ટ્રની સલામતી જાળવનારું મથક પણ બની રહેશે.

તેના નિર્માણ માટે તેઓએ આજની સાંજે જેસલમેરના પથ્થર પર પસંદગી ઉતારી. આ સમયે મીટિંગમાં બેઠેલા સંતોએ અત્રે ભૂમિ-સંપાદનમાં સ્વામીશ્રીએ જણાવેલા અપરિમિત ઐશ્વર્યની વાત ઉપાડતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સંકલ્પ છે એટલે બધું જ સીધું પડે છે. એ કહેતા કે 'ડંકો મારવો છે.' એટલે આ બધું થાય છે.'

'તમે જે બોલો છો એ બધું જ થાય છે!'

'જે થાય છે એ ત્યાંથી (ગુરુઓથી) થાય છે. બોલાવનાર પણ એ જ છે ને કરાવનાર પણ એ જ છે!'

આજે થયેલો શિલાન્યાસ સાચે જ, સ્વામીશ્રીના સામર્થ્યનું શિખર ચઢાવનારો હતો. છતાં તેઓની નમ્રતાસભર જીવનશૈલીમાં રંચમાત્ર ફેર ન પડ્યો.

દીનભાવની આ સ્થિતિમાં અખંડ વર્તતા તેઓ તા. ૯/૧૦ની સવારે જામનગરની નળવાળી શેરીના મંદિર માટે તૈયાર થયેલી નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂરી ભાદરા ભણી પ્રસ્થાન કરી ગયા.

નિજ ધર્મ વિષે દૃઢ બુદ્ધિ ઠેરી

ગુણાતીતનગરના માર્ગે આગળ વધી રહેલા સ્વામીશ્રી ધ્રોળના હાઈવે આગળ અટક્યા. અત્રે તેઓ મંદિર માટે મળેલી ભૂમિને દૃષ્ટિ વડે પ્રસાદીભૂત કરી ભાદરાની ભાગોળે આવી પહોંચ્યા ત્યારે અહીં પીળા પથ્થરમાંથી નિર્માણ પામતું મંદિર સ્વર્ણમયી આભા પ્રસરાવી રહેલું. તે જોઈ સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'ઓહોહો ! શું મોટું થયું છે ?! બહુ સરસ થયું છે !'

આ આનંદ વ્યક્ત કરતા તેઓ સભામાં ધર્મલાભ આપ્યા બાદ નવનિર્મિત સંતનિવાસમાં પધાર્યા તે સાથે જ આ સંકુલનું ઉદ્ઘાટન થઈ ગયું. તેનું નિરીક્ષણ કરવા સ્વામીશ્રી આજની સાંજે નીકળ્યા. તે વખતે તેઓએ ગૅલેરીમાંથી મંદિર જોઈ વ્યવસ્થાપકોને ટકોર કરી કે 'સંતનિવાસમાં એવી વ્યવસ્થા કરજો, જેથી પ્રદક્ષિણા ફરતા હરિભક્તોને જોઈ ન શકાય. મર્યાદાનું ધ્યાન અને વિચાર પહેલો રાખજો.'

સ્વામીશ્રીનું આ સૂચન સાંભળી સૌને ગુણાતીતની યાદ આવી ગઈ. જૂનાગઢના મંદિરમાં સંતઆશ્રમ બંધાવનારા ગુણાતીતાનંદ સ્વામી બોલેલા કે 'અમે તો મહારાજની આજ્ઞા પ્રમાણે જ ધર્મશાળા કરી છે, જેથી ત્યાગીનો ધર્મ સારી રીતે સચવાય.'

ગુણાતીતની આ રીત ગુણાતીતના સ્થાનમાં સ્વામીશ્રીએ અકબંધ જાળવી.

પોતાની આ જન્મજાત પ્રકૃતિ સાથે તેઓ ઠેઠ અગાશીમાં પહોંચ્યા ત્યારે અહીં આમ-તેમ પડેલી કેટલીક ચટાઈઓ તેઓની નજરે ચડી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આવું છે ! વાપરે ખરા પણ પછી વાળીને મૂકવું એવો વિચાર થતો નથી. રાત્રે સૂવા માટે લઈ જાય એનો વાંધો નથી, પણ સવારે વાળી લેવી જોઈએ. આખો દિવસ તડકે તપે ને બગડે તેનો વિચાર કરવો જોઈએ. કારભારીએ ધ્યાન રાખવું જોઈએ. ઊઠીને અગાશીમાં આંટો મારી લેવો જોઈએ. કોઈએ ન વાળી હોય તો એણે વળાવી લેવી જોઈએ.'

હજી ગઈકાલે જ મોટા મંદિરનો પાયો નાંખનારા સ્વામીશ્રીની ચીવટમાંથી ચટાઈ પણ ન ચસકી શકી.

આજ્ઞામાં વર્તે એ મન અમન

તા. ૧૦/૧૦ની રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે

બેઠેલા એક સંતે વિનય કર્યો કે 'બાપા ! કાંઈ અગવડ હોય તો માફ કરજો.'

'અગવડ તો ઘણી છે, પણ કહેવાય નહીં ને !' સ્વામીશ્રી ઠાવકાઈથી બોલ્યા.

ત્યારે તે સંતે કહ્યું : 'જે કંઈ હોય એ સંકોચ રાખ્યા વગર કહી દો, વાંધો નહીં.'

'કહેવું સહેલું છે, પણ વર્તવું કઠણ છે. મન મરડે તો મરી જવા જેવું થાય. 'મન જીતે સો મર્દ હૈ.' મનને અમન કરવાનું છે. મનને અમન કરે એ સાધુ. સત્પુરુષની આજ્ઞામાં વર્તે એ મન અમન. આમ તો કથા-વાર્તા કરીએ, પણ મન બીજી રીતે ચાલે. કાંઈક ને કાંઈક ગોટા ચાલે એટલે સુખ ન આવે.'

'અખંડ જાણપણું રહે એવા આશીર્વાદ આપો.'

'જાણપણું અખંડ રહે તો વાંધો ન આવે. બાકી કથા કરે, કીર્તન કરે, વાતો કરે, પણ 'આ દેહ તે હું નહીં' એમ મનાતું નથી એટલે પ્રશ્ન ઊભો રહે છે.' સ્વામીશ્રીએ નડતરનું નિદાન કરી આપ્યું.

તેઓને પોતાની ભૂખ ભાંગવા કરતાંયે અધિક તાન આપણી ભવોભવની ભૂખ ભાંગવામાં હતું. તેથી જ આજે મુખમાં કોળિયો મૂકતાં પહેલાં તેઓએ આ મોક્ષોપયોગી મેવો પીરસી દીધો.

કરુણા કરો છો કરુણાકારી

તા. ૧૨/૧૦ની સવારે ઠાકોરજીની રજતતુલાના ઉત્સવમાં લાભ આપી સ્વામીશ્રી આજની સાંજે મંદિર-પરિસરનું નિરીક્ષણ કર્યા બાદ ઊંડ નદીના તટે પધાર્યા. અત્રે તેઓની કૃપા જેવું જ શુદ્ધ-સ્વચ્છ જળ વહી રહેલું. તેથી સંતોએ સમય પારખીને નૌકા પણ સજજ રાખેલી. આ તૈયારીને સાર્થક કરતાં સ્વામીશ્રીએ જળવિહાર આરંભ્યો. તે વખતે નૌકા વડે કપાતા જળમાંથી પ્રગટતો મધુર નિનાદ સૌનાં અંતર ભરવા માંડ્યો. આ રીતે ઢળતી સંધ્યાએ રચાયેલા રતૂમડા આકાશી ચંદરવા તળે ત્રણ આવર્તન લગાવ્યા બાદ સ્વામીશ્રી પ્રાસાદિક વડ નીચે એકત્રિત થયેલા ભક્તો પર અમૃતવર્ષા કરતાં બોલ્યા :

'આજે આ દર્શન થયાં એ મોટી વાત છે. આ નદીમાં અડસઠ તીરથ આવી ગયાં. ભાદરાની જાત્રા થઈ એમાં બધી જાત્રા આવી ગઈ ! આ લીલાની હંમેશાં સ્મૃતિ કરવી, જેથી અખંડ આનંદ રહે.'

આશીર્વાદની આ વાદળી વરસાવી તા. ૧૩/૧૦ની સવારે

ગોંડલ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૪/૧૦ના રોજ ગુણાતીત પ્રાગટ્યોત્સવનો આનંદ છાઈ વળ્યો. તે સમૈયા પછીના દિવસોમાં પણ પ્રસરતો જ રહ્યો, કારણ કે અત્રે સ્વામીશ્રી દ્વારા સૌને ગુણાતીતનું પ્રાગટ્ય અનુભવાતું હતું. તેથી રોજેરોજ હજારો ભક્તોનો મહેરામણ હિલોળતો રહેતો.

તેના ઘુઘવાટ વચ્ચે સ્વામીશ્રીએ તા. ૧૭/૧૦ની રાત્રે ન્યૂયોર્કના એક હરિભક્તનો આર્તનાદ સાંભળવા ફોનનું રિસીવર કાને ધર્યું. એ સત્સંગી કહી રહેલા: 'અમને પૂર્વજો નડે છે.'

'કોને નડે છે? કોઈના શરીરમાં આવે છે?'

'ના, એવું નથી, પણ મારા અને ભાઈના ધંધામાં કોઈ સરખાઈ આવતી નથી.'

આ તારણ જાણી સ્વામીશ્રી બોલ્યા: 'સાંભળો, આ બધું તો પૂર્વનું પ્રારબ્ધ હોય એટલે ઊંચું-નીચું થયા કરે. તમે જનમંગલ નામાવલિના પાઠ કરજો અને વહેમમાં ફસાશો નહીં. ધંધામાં ખોટ જતી હોય તો બીજો ધંધો વિચારવો, પણ વહેમ રાખવો નહીં. વહેમમાં પડશો તો ન થવાનું હશે તોય થશે. દાદાખાચર ભક્ત ખરા કે નહીં? તોય એમને દુઃખ આવ્યાં છે, પણ એક નિષ્ઠા ને ટેક હતી તો ભગવાને બધું સુધારી દીધું. માટે બળ રાખજો. તમને સંભારીને અક્ષર દેરીમાં પ્રાર્થના કરીશું.'

સ્વામીશ્રીએ ન કેવળ આમ ધીરજ બંધાવી, પરંતુ બીજે દિવસે સવારે અક્ષર દેરીમાં દર્શને પધારેલા તેઓએ આ હરિભક્તને સંભારી ધૂન પણ કરાવી. એકેએક સત્સંગીના નાનામાં નાના પ્રશ્નને આટલો ઊંડો અને અંગત રસ લઈ ઉકેલતા સ્વામીશ્રીની કરુણાનું તળિયું કદી હાથમાં નહીં આવે.

સત્સંગનો સિલેબસ

ગોંડલમાં હવે દિવાળીના દિવસો નજીક આવતાં જ જેમ સમુદ્રમાં ભરતી ચડે તેમ ચારેય દિશામાંથી હરિભક્તોના હિલોળ ઊમટવા માંડેલા. તેઓને આવકારવા મંદિર પણ ઉત્સવને અનુરૂપ શોભા ધરવા માંડેલું. અન્નકૂટની તૈયારીઓ વેગ પકડી ચૂકેલી. આ આયોજનનું નિરીક્ષણ કરવાની સ્વામીશ્રીની સહજ સ્વાભાવિક પ્રકૃતિ. તેથી આ વર્ષે તેઓએ વ્હીલચેરમાં બિરાજીને સઘળે દૃષ્ટિ કરી.

તે પછી ગોંડલીના ઘાટે પધારેલા સ્વામીશ્રીએ સામેથી આ નદીનું

જળ મંગાવી પાંચ-છ વાર પોતાના શિરે ચડાવ્યું. તેનો છંટકાવ આસપાસ ઊભેલાના મસ્તકે પણ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'જય મહારાજ! બધાને આશીર્વાદ છે, સારું ભજન થાય.'

તે માટે ઠેર ઠેર મંદિરો સર્જતા તેઓએ તા. ૨૨/૧૦ની સવારે થાનગઢ, ચાલાસણ અને પરવાળા ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂરી પ્રતિષ્ઠાની ત્રિવેણી રચી દીધી.

તેના ઘાટે તેઓ તા. ૨૫/૧૦ની સવારે જે કાર્યલક્ષી બેઠકમાં બિરાજ્યા તેની મધ્યમાં સત્સંગી સોલિસિટર શ્રી સંદીપભાઈ મહેતા પ્રવેશ્યા. તેઓ પણ મીટિંગમાં ચાલી રહેલા વિમર્શના ભાગરૂપ જ હતા, પરંતુ બહારગામથી આવેલા તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી આવ્યા?'

'ના, થાળ ચાલુ હોવાથી પડદા બંધ છે.'

'તો અક્ષર દેરીએ જઈ આવો.'

'દેરીમાં જે વિરાજે છે એ અક્ષરબ્રહ્મ અહીં પણ છે જ ને!'

'એ બરાબર, પણ ત્યાં દર્શન-પ્રાર્થના કરીને આવવું.' સ્વામીશ્રીએ સેવાની રીત શીખવી.

તેઓની વ્યાવહારિક પ્રવૃત્તિઓ પણ ભક્તિના રંગથી રસબસ રહેતી.

આ રંગ તા. ૨૮/૧૦ની સવારે વધુ ગાઢ અનુભવાયો. આજે દિવાળીના સપરમા દા'ડે એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું: 'સમગ્ર વચનામૃત વાંચી લીધું. હવે બીજી શી આજ્ઞા છે?'

'હવે 'સ્વામીની વાતો' વાંચજો અને એ પછી જીવનચરિત્રો વાંચજો.'

સ્વામીશ્રીએ સત્સંગનો સિલેબસ (અભ્યાસક્રમ) આપી દીધો. તેને ભણનારો 'મુક્ત'ની પદવી જરૂર પામે એમ છે.

મારી શતાબ્દી તો ઊજવાયેલી જ છે

વર્ષનો પહેલો દિવસ હોય કે છેલ્લો – સ્વામીશ્રીની સેવાધારા તો અખંડિત વહેતી જ રહેતી. તે અનુસાર તેઓ દિવાળીના દિવસે પણ રોજિંદા પત્રવ્યવહારમાં પરોવાઈ ગયા. આ સમયે ભદ્રેશદાસ સ્વામીએ લખી મોકલેલા એક શ્લોક-સંગ્રહનો ફૅક્સ તેઓના હાથમાં આવ્યો. તે વાંચી સ્વામીશ્રીએ એ સંતને ફોન જોડી આશીર્વાદ આપ્યા ત્યારે આ રચયિતાએ કહ્યું: 'આપે છેલ્લે લખેલી પ્રાર્થના વાંચી ને? આપે સો વર્ષ જીવવાનું છે.'

'હું સો વર્ષમાં જ છું ને ! જ્યારે પૂછો ત્યારે સો વર્ષમાં જ છું.'

'એમ નહીં ! સો વર્ષની આવરદા કરવાની છે. આપની શતાબ્દી આપની હાજરીમાં ઊજવવાની છે.'

'મારી શતાબ્દી તો ઊજવાયેલી જ છે. તમે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું કાર્ય પ્રવર્તાવો છો એ શતાબ્દી જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

લોકોને જેની ધાંખના હોય તે શતાયુની તો તેઓને લેશ તમા નહોતી, કારણ કે કાળની ગણના તો જે કાળવશ હોય તે કરે. સ્વામીશ્રી તો હતા – અખંડ અને અવિનાશી અક્ષરબ્રહ્મનો અવતાર; જેને પ્રકાશવર્ષની પડી ન હોય તે શતાબ્દીમાં શું રાચે ?!

છતાં ભક્તોની સુખાકારી માટે સ્વામીશ્રી આજે દિવાળીની સાંજે ચોપડાપૂજન માટે સભામંડપમાં પધાર્યા. અત્રે તેઓએ શુભ અને લાભના અક્ષરોથી અંકિત વિશાળ ચોપડાની પાર્શ્વભૂ સાથે સમગ્ર મહાપૂજાવિધિ કર્યો. ત્યારબાદ સાંપ્રત સંવતની આખરી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'દરેક કાર્યમાં ભગવાનને આગળ રાખો તો ભગવાન આપણને આગળ કરે. જો આપણે ભગવાનને ભૂલી જઈએ તો ભગવાન પણ ભૂલી જાય. ભગવાનની મહત્તા જેટલી સમજીશું એટલી મહત્તા આપણી વધશે. નીતિ-નિયમ મુજબ પ્રાપ્ત કરીએ ને દરેકનું સારું થાય એવી ભાવના રાખીએ. આપણે તો બીજાના ભલામાં આપણું ભલું છે. બીજાનું સારું કરવામાં આપણું સારું થાય.'

સ્વામીશ્રીની આવી જ શુભ ભાવનાઓનો સ્પર્શ તા. ૨૯/૧૦ના રોજ ઊગેલી વિ.સં. ૨૦૬૫ને પણ સાંપડ્યો. આ નૂતન વર્ષના પ્રથમ પ્રભાતે મંચની ધારે પૂરેલી દીપપંક્તિ વચ્ચે બિરાજી પૂજા કરી રહેલા સ્વામીશ્રી *'દીપમાળામાં દીપે દયાળ, જેમ ચંદ્ર ને નક્ષત્રમાળ...'*ની રીતે શોભી ઊઠ્યા. આ અલૌકિક દર્શનદાન બાદ નવી સંવતની પ્રથમ અમૃતધારા રેલાવતાં તેઓએ કહ્યું : 'આખું વરસ સુખમય થાય, તમારી આખી આવરદા પણ સુખમય થાય અને ભજન કરી સૌ મહારાજના અક્ષરધામમાં બેસી જાય એ આશીર્વાદ છે.'

સાકરના કરા જેવી આ વાણી વાગોળતા વીસ હજાર ભક્તોને સ્વામીશ્રીએ આજે અન્નકૂટોત્સવનો લાભ આપીને પણ તૃપ્ત કરી દીધા.

જાણે સંચિત કર્મ કોઠાર

જેમ ચોમાસાના દિવસોમાં સરોવર ઊભરાય તેમ ઉત્સવના દિવસો

દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામવા ભક્તો-ભાવિકોનો ધસારો અમર્યાદિત બની જતો. આ તાસીર આ વર્ષે પણ ઝિલાતી રહી. તેથી સ્વાસ્થ્યની જાળવણીનાં બંધનો વચ્ચે સ્વામીશ્રી સૌને સંતોષતા રહ્યા. તેની સાથે તેઓએ તા. ૩૧/૧૦ની સવારે ભેંસાણ અને બુધેલનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા. તેને અનુસરતાં સ્વામીશ્રીએ રાજકોટના રંગમંડપમાં બિરાજનારા નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા પણ તા. ૩/૧૧ની સવારે કરી.

તે દ્વારા આજની લાભ પાંચમને સ્મરણીય બનાવતાં તેઓએ તા. ૪/૧૧ના રોજ ગોંડલથી નીકળવાની તૈયારી આદરી ત્યાં જ એક યુવાન મળવા આવી ચડ્યો. તેણે જણાવ્યું: 'મારા પિતા હમણાં જ ધામમાં ગયા છે. એ નિમિત્તે હું પરદેશથી આવ્યો છું. આપ મને જળ આપો, કારણ કે મારે મારું પુણ્ય પિતાજીને અર્પણ કરવું છે.'

'તું તારું પુણ્ય તારી પાસે રાખ. તું શું પુણ્ય આપવાનો? તારું પુણ્ય મળશે તો ત્યાંય વળી ગોટાળો થશે.' સ્વામીશ્રીએ બિલકુલ સ્પષ્ટ કહી દીધું.

તે સાંભળી સૌનાં હૈયે કબૂલાત થઈ રહી કે તેઓ જીવમાત્રનાં કર્મોનો કોઠાર જાણે છે.

કરકસરની નવી દિશા

તા. ૪/૧૧ના રોજ ગોંડલથી બોચાસણ જઈ રહેલા સ્વામીશ્રી રસ્તામાં લીંબડીના નિર્માણાધીન મંદિર-પરિસરમાં પધાર્યા. તે સમયે સંધ્યા ઢળી જતાં અંધકારના ઓળા પથરાવા શરૂ થઈ ચૂકેલા, છતાં તેઓએ મોટરની હેડ લાઇટના અજવાળે મંદિર, સભાગૃહ, સંતનિવાસ, રસોડું વગેરેનાં બાંધકામ પર દૃષ્ટિ કરી. પણ જે સંકુલને નજરમાં લે તે સત્સંગીને શીદ વિસારે? તેથી સ્વામીશ્રીએ પ્રાંગણમાં બેઠેલા આશરે અઢી હજાર ભાવિકોનેય દર્શનલાભ આપવા સભા સોંસરી ગાડી લેવડાવી. પરંતુ સૌને સમીપ દર્શનનું આ સુખ દેનારા તેઓને વિચાર આવ્યો હશે કે 'આ રીતે કરવામાં ગાડીચાલકની બાજુએ બેઠેલા ભક્તોને દર્શનનો યોગ્ય લાભ નહીં મળ્યાનો રંજ રહી જશે.' એટલે સ્વામીશ્રીએ ગાડીને ફેરવાવી પુનઃ સભામાંથી પસાર કરી ત્યારે સૌ ભક્તો ઝૂમી ઊઠ્યા.

આવો જ અનુભવ તેઓનું આગમન થતાં બોચાસણવાસી પણ કરી રહ્યા. તે સૌએ દિવાળી અને દેવદિવાળીના મધ્યમાં પધારેલા સ્વામીશ્રીને

ફટાકડા ફોડી વધાવ્યા. અહીં સ્વાગતમાં ઊભેલા સમુદાયમાં તાજેતરમાં જ પરદેશનો પ્રવાસ ખેડીને આવેલું સંતમંડળ પણ હતું.

તેમાંના એક સંતે તા. ૫/૧૧ના રોજ પોતાના મંદિરે પરત ફરવા પુછાવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમેરિકા હતા ત્યારે નવસારી ન સાંભર્યું ને અહીં હજી કાલે આવ્યા ને ચટપટી જાગી ગઈ? ઉતાવળ છે?' આટલું કહી તેઓએ ઉમેર્યું : 'એ મંદિર તરફના કોઈ સંતો અહીં આવી જાય તો તેઓની સાથે નીકળવું, પણ સ્પેશિયલ એ મંદિરેથી કોઈ લેવા ન આવે.'

સ્વામીશ્રીની 'હા' કે 'ના' હંમેશાં સહેતુક રહેતી. તેઓને વ્યય સામે વાંધો નહીં, પણ વેડફાટ ખૂબ ખટકે. તેથી તેઓએ આજે વાહનની અકારણ દોડધામ થતી અટકાવી. પરંતુ બીજે દિવસે સારંગપુરથી સુરત જતી ગાડી રસ્તામાં બોચાસણ મુકામે આવી ત્યારે સામેથી પેલા સંતને તેમાં બેસી પોતાના મંદિરે પહોંચી જવા સૂચના પણ આપી.

ખરેખર, કરકસર તો સ્વામીશ્રીએ જેવી કરી જાણી છે તેવી કોઈ નહીં કરી શકે.

અહીં તો એકબીજાનું સમાવીને ચાલવાનું છે

આ અરસામાં સ્વામીશ્રી ફક્ત સવારે અને રાત્રે જ ભોજન ગ્રહણ કરતા હોવાથી જે તે દિવસની પ્રાતઃપૂજા બાદ સાડા આઠ વાગ્યે તો કકડીને ભૂખ લાગી જ જાય. છતાં તેઓ પૂજા પછી મોંમાં કોળિયા મૂકતાં પહેલાં સરેરાશ સો-દોઢસો ભક્તોને મુલાકાત આપતા. તેથી સવારના ભોજનનો સમય સહેજે-સહેજે નવ કે સવા નવ વાગ્યાના કાંટાને અડી જતો. તેમાંય ઉત્સવ કે રજાના દિવસોમાં વધી જતી મુલાકાતીઓની સંખ્યા ભોજનને સાડા નવ કે પોણા દસ વાગ્યા સુધીનો ઠેલ મારી દેતી.

જો કે તા. ૭/૧૧ના રોજ તો નહોતો કોઈ તહેવાર કે નહોતો રવિવાર, છતાં સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે ઘડિયાળ દસ વાગ્યાનો સમય બતાવી રહેલી! આ વિલંબનું કારણ હતી – ૧૫૪ મુલાકાતોની સાથે પોણો કલાક સુધી ચાલેલી એક મીટિંગ.

એક કેન્દ્રમાં વકરેલી વિખવાદની હોળી શમાવવા સ્વામીશ્રીએ આજે પોતાને દઝાડી રહેલી જઠરાગ્નિ સામે ન જોતાં લગાતાર ૪૫ મિનિટ સુધી વાતો કરી અને સાંભળી. આ પ્રસંગે તૂટેલાં બે તડાંને સમજણની સોયથી

સાંધતાં તેઓએ લીધેલા ટકાઉ ટાંકા કોઈ પણ જીવતરના પોતને ચુસ્ત રાખે તેવા બની રહ્યા. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''ઘરમાં તકરાર થાય તો ઘરના લોકોને કાઢી નથી મૂકતા અથવા તો આપણે ઘરમાંથી નીકળી નથી જતા. આપણે અંદરોઅંદર સમાધાન કરી લઈએ છીએ. એ જ રીતે સત્સંગને પણ ઘર માનવું. સ્વભાવ દરેકના છે, એટલે ક્યાંક બોલવા-ચાલવાનું થાય તો પણ ઘર માનીને શાંતિથી આવવું, ખપ રાખવો, ઠાકોરજીનાં દર્શન કરવાં અને થાય એટલી સેવા કરવી.

કોઈ હરિભક્તે સેવા લખાવી હોય પણ પછી એની આર્થિક સ્થિતિ બદલાઈ જાય તો એની સેવા લેવાનો આગ્રહ ન રાખવો. સ્થિતિ બદલાય એટલે સત્સંગી ઓછો મટી જાય છે ?

ઉઘરાણી તો કરવી પડે, પણ એમાં ઝઘડો શું કામ કરવો ? અંદરોઅંદર બે પક્ષ હોય અને બીજા પક્ષવાળા કોઈ સારું સૂચન કરે તો 'પેલાએ કહ્યું છે એટલે મારે કરવું જ નહીં' એમ ન રાખવું. આપણે મંદિરનો લાભ જોવો, કોણ કહે છે એ ન જોવું. પેલો પેલાનો વાંક કાઢે ને પેલો પેલાનો વાંક કાઢે, પણ અહીં આપણે ઝઘડો કાયમ રાખવો છે ? તકરાર કરવા ઓછા મંદિરમાં ભેગા થયા છીએ ? ત્યાં તો કથા-વાર્તા કરવાનાં, ભજન અને સેવા કરવાનાં હોય. આપણે ભજન કરવા બેઠા છીએ એટલે એકબીજાનું સહન કરવું જ પડે. આપણે મોક્ષ માટે આવ્યા છીએ તો લડાઈ-ઝઘડા શા માટે ?

જે કંઈ થાય છે એ ભગવાનની ઇચ્છાથી થાય છે. એટલે 'હું જ સારું કરી નાંખું' એવું અભિમાન ન લાવવું. દાસના દાસ થઈને કામ કરવું. 'હું કરું છું, હું કરું છું...' એમ કરશો તો ક્યાંક ઠેબો વાગશે. સત્સંગની રીત જુદી છે. અહીં તો એકબીજાનું સમાવીને ચાલવાનું છે.''

ભૂખ્યા પેટે સ્વામીશ્રીએ વહાવેલી આ અમૃતધારાએ વિવાદ અને વિષાદની સાથે સૌનાં અંતર પણ ઠારી દીધાં.

પર્યાવરણનું જતન

બોચાસણના મુકામ દરમ્યાન તા. ૧૩/૧૧ના રોજ આવેલી દેવ-દિવાળીના સમૈયે સૌનાં અંતરમાં અજવાળું પાથરતાં સ્વામીશ્રી બોલ્યા :

'ભગવાન શ્રીજીમહારાજ કર્તા છે, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ બ્રહ્મની મૂર્તિઓ છે

અને એમાં આત્મબુદ્ધિ કરવાની છે. આટલી જ વસ્તુ જો આપણને સમજાય તો શાસ્ત્રમાત્રનો સાર આપણા હાથમાં આવી ગયો. આજે સમજો, કાલે સમજો કે સો વરસ પછી સમજો, પણ સમજવાનું આ છે કે ભગવાન તથા સંતને કર્તા માનીને એમના આદેશમાં જેટલું આપણું જીવન થશે એટલી શાંતિ થશે.'

આ શાંતિ-સંદેશ ગામોગામ પ્રસરાવવા સ્વામીશ્રીએ તા. ૧૪/૧૧ની સવારે સોજિત્રા, દંતેલી, પોરડા, વલાસણ, બાકરોલ, રણોલી, બદલપુર અને ભાદરણિયાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પધરાવી પ્રતિષ્ઠાનું અષ્ટદલ કમળ ખીલવી દીધું.

તેથી પ્રસરેલી ઉપાસનાની સૌરભ લઈ તેઓએ તા. ૧૫/૧૧ની સાંજે સાંકરીની વાટ લીધી. આ રસ્તે તેઓ ગંતવ્ય સ્થળે પહોંચ્યા ત્યારે સતત પોણા ચાર કલાકની મુસાફરી થઈ રહી. અહીં પહોંચવામાં મોડું ઘણું થયેલું. છતાં મંદિરના પ્રાંગણમાં એકત્રિત ભક્તોને દર્શનલાભ આપવા ઉતારાની ઓસરીમાં બિરાજેલા સ્વામીશ્રી રાત્રે છેક નવ વાગ્યે ભોજન ભેગા થયા. તેઓના વિચરણનો વેગ ૮૭મા વર્ષે પણ સમયની પાળોને ભાંગતો રહેતો.

આ રીતે ઘૂમતા તેઓની અત્રે સાંકરીમાં પધરામણી ચાર વર્ષ બાદ થઈ હોવાથી ઔપચારિક વાર્તાલાપ કે સભાની જાહેરાતોમાં આ વિગતનો ઉલ્લેખ ઘણી વખત થતો રહેતો. તેના અનુસંધાનમાં તા. ૧૬/૧૧ના રોજ આયોજિત રવિસભામાં સ્વામીશ્રીએ કહ્યું :

'ચાર વર્ષે આવ્યા એવી વાત વારંવાર આવ્યા કરે છે, પણ આપણા હૃદયની ભક્તિ હોય તો ચાર વરસેય નથી ને એક મિનિટેય નથી. આપણી સાથે અખંડ છે, કારણ કે ભગવાન ને સંત દયાળુ છે, જ્યારે સંભારો ત્યારે એ સુખ, દર્શન આપે છે.'

આ અમૃતલાભ આપ્યા બાદ સ્વામીશ્રીએ તા. ૧૯/૧૧ની સવારે ખાનદેશના શહાદા તથા દક્ષિણ ગુજરાતનાં ખંજરોલી, મધરકૂઈ, કમલાપોર અને સઠવાવનાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત સીંચ્યું.

તે પછી તેઓ તા. ૨૦/૧૧ની સાંજે સાંકરીના મંદિર-પરિસરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. આ સમયે તેઓએ સંકુલની દીવાલ ફરતે સળગાવાયેલા કચરાને કારણે આંબાઓને પહોંચેલી માઠી અસર જોઈ. તેથી તે બાબતે વ્યવસ્થાપક દેવેન્દ્રપ્રસાદદાસ સ્વામીને ટકોર કરી કે 'આવી રીતે કચરો ન સળગાવવો જોઈએ. આંબા બળી જાય એ ન ચાલે. જે કરતું હોય એને

કહેવું કે થોડું દૂર રાખીને કચરો બાળે.'

વૃક્ષને પહોંચતી હાનિ સ્વામીશ્રીના મનમાં વ્યક્તિને નડતી હાલાકીની જેમ જ ખૂંચતી. તેઓ પરલોક અને પર્યાવરણ – બંનેની જાળવણી કરી જાણનારા હતા.

જ્યાં જઈએ ત્યાં શાંતિ જ

તા. ૨૧/૧૧ના રોજ સાંકરીના આંગણે યોજાયેલા ગુરુભક્તિ દિન ઉપક્રમે ઠાકોરજીની પચીસ જેટલી સુવર્ણતુલાઓ થઈ. આ સમયે છલકાયેલા માનવ મહેરામણ વતી ૮૮,૮૮૮ મમરાથી ગૂંથેલો ૮૮ ફૂટ લાંબો હાર દક્ષિણ ગુજરાતમાં વિચરણ કરતા સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યો, પરંતુ તે સ્વીકારતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ જે કંઈ બધો સત્સંગ થયો છે એ તમારે લીધે છે.'

આ રીતે શિષ્યોના કંઠમાં યશમાળા પહેરાવી દેનારા તેઓની વિદાયને આડે હવે એક જ દિવસ બચ્યો હોવાથી તા. ૨૧/૧૧ની રાત્રે સ્થાનિક સંતો તરફથી સ્વામીશ્રી સમક્ષ વધુ રોકાવાની વિનંતી થવા લાગી. તે લયમાં જ ધ્યાનજીવનદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! અહીંનું વાતાવરણ સારું છે એટલે આપ અહીં રહો તો આપનું સ્વાસ્થ્ય પણ સારું રહે અને શાંતિ રહે.'

'અમે તો જ્યાં જઈએ ત્યાં શાંતિ જ હોય છે. આત્મદૃષ્ટિ થાય એટલે બધે ભગવાન દેખાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, ઘટ-ઘટમાં ઘનશ્યામને નિરખતી દૃષ્ટિ સાથે વિચરતા તેઓએ તા. ૨૨/૧૧ની સાંજે સાંકરીથી વિદાય લઈ બારડોલીના છાત્રાલયને પાવન કર્યું. અત્રે આ નવનિર્મિત સંકુલ પર ગાડીમાં બેઠાં બેઠાં જ નજર ફેરવતાં સ્વામીશ્રી બોલ્યા : 'અહીં વિદ્યાર્થીઓ ખેંચાઈને આવી પડશે. બિલ્ડિંગ જોઈને છાતી ઠરી જાય એવું છે.'

આ આર્ષકથન અને હર્ષવચન ઉચ્ચારતાં તેઓએ છાત્રાલયની જમીનના દાતા શ્રી રમેશભાઈ માળીને પણ આશીર્વાદ આપ્યા કે 'તમે બહુ જ મોટું કામ કર્યું છે. હજારો અહીં ભણશે ને તમને પુણ્ય મળશે.'

આ રીતે જ્યાં જાય ત્યાં પુણ્યનો પારાવાર રેલાવતા સ્વામીશ્રીએ અહીંથી નીકળી ચીખલીમાં મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિને પ્રાસાદિક કરી.

ત્યારબાદ તેઓ તીથલ આવી પહોંચ્યા ત્યારે અહીં હડુડવાની

જવાબદારી હરિભક્તોને સોંપી દરિયો સોડ તાણીને સૂઈ ગયો હોય તેમ શાંત જણાતો હતો. પરંતુ તેની આ તંદ્રાવસ્થાને ઢંઢોળતાં તા. ૨૩/૧૧ની સવારે છ મંદિરોની પ્રતિષ્ઠાના મંત્રો ગુંજી ઊઠ્યા. તેને અનુસરતાં સ્વામીશ્રીએ નાની વહિયાળ, લીલાપોર, ફડવેલ, સિરપુર, મગોદ તેમ જ મરલાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

આ જ રીતે તા. ૨૪/૧૧ના રોજ પણ વાતાવરણમાં મંત્રોની મંગલતા પ્રસરવાની હતી, કારણ કે તીથલના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી ગુરુપરંપરા અને પુનઃ પ્રતિષ્ઠિત થનારા નીલકંઠવર્ણીની વધામણીમાં અત્રે મહાયજ્ઞ યોજાયેલો.

તે પૂર્વે મંદિરમાં દર્શન બાદ સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે સભામંડપ તરફ આવી રહેલા ત્યારે અહીં કથાલાભ આપતા ઘનશ્યામચરણદાસ સ્વામી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય કર્યું એ જ અત્યારે પ્રમુખસ્વામી મહારાજ કરે છે. બંને એક જ છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'રહેવા દો. એ કરી શકે એવું આપણાથી ક્યાં કંઈ થાય એમ છે? એમના પેંગડામાં પગ ઘૂસે એમ નથી. શાસ્ત્રીજી મહારાજ તો અલૌકિક પુરુષ હતા. આપણે તો કાંઈ નથી. જે કંઈ છે એ એમનું છે.'

સ્વામીશ્રીના હૈયેથી સરી પડેલા આ દાસત્વના સૂરોથી આજનો યાગ યાદગાર બની રહ્યો.

સાપ તુલ્ય સનમાન

આ વખતે સ્વામીશ્રીએ તીથલમાં ૯૯૮ દિવસ બાદ પગલાં પાડ્યાં હોવાથી તા. ૨૫/૧૧ની સવારે મંદિરમાં ઠાકોરજી સમક્ષ ૯૯૮ વાનગીઓનો કલાત્મક અન્નકૂટ સજાવવામાં આવ્યો હતો. સૌની આ ભક્તિને આરતીના અર્ઘ્યથી વધાવતા સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારી અભિષેક મંડપમાં પધાર્યા.

અત્રે તેઓને ખુરશીમાં બિરાજીને જ નીલકંઠવર્ણીનો પ્રતિષ્ઠાવિધિ કરવા સંતોએ વિનંતી કરી, પરંતુ માહાત્મ્યે સહિત ભક્તિ કરનારા સ્વામીશ્રીને આ પ્રસ્તાવ ઉચિત ન લાગતાં તેઓ ખુરશીમાંથી ઊભા થઈને જ વિધિમાં પરોવાયા.

અલબત્ત, ૮૭ વર્ષની જૈફ વયે આશરે અડધો કલાક સુધી સતત ઊભા રહેવાનો આ પરિશ્રમ તેઓનું શરીર ન ખમી શક્યું. તેથી અડધી આરતીએ

સ્વામીશ્રીને ખુરશીમાં બેસાડી દેવાયા.

આ રીતે આરતીનો શેષ વિધિ પૂર્ણ કરી તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે અહીં તેઓને તા. ૨૬/૧૧ની રાત્રે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાના સમાચાર મળ્યા. તે સાંભળી વ્યથિત થઈ ઊઠેલા સ્વામીશ્રીએ તા. ૨૭/૧૧ની સવારે નીલકંઠવર્ણીને અભિષેક કરતાં કરતાં સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી.

એટલું જ નહીં, આ પ્રસંગે સમાજ પ્રત્યે સહાનુભૂતિ દાખવતાં તેઓએ આવતા મહિને મુંબઈમાં થનારી પોતાના જન્મોત્સવની ઉજવણી પણ રદ કરવા આદેશ આપી દીધો. તેના સ્થાને દરેક સત્સંગ-કેન્દ્રમાં પ્રાર્થના-સભાનું આયોજન ગોઠવવા જણાવ્યું.

આ સાથે પ્રથમથી જ પોતાની જન્મજયંતીની ઉજવણીઓ પર અરુચિ ધરાવતા સ્વામીશ્રીની સહજ વૈરાગ્યવૃત્તિ પણ આજના એક પ્રાસંગિક વાર્તાલાપમાં છતી થઈ રહી. તેમાં તેઓએ જણાવ્યું કે 'હવે બહુ મોટા સમૈયા કરવાની જરૂર જ નથી. જન્મજયંતીના ઉત્સવ ઊજવાય એટલે બધાને આયોજનમાં આવવું પડે. ખર્ચાની દૃષ્ટિએ, સમયની દૃષ્ટિએ અને શક્તિની દૃષ્ટિએ કેટલું બધું કરવાનું થાય? એના કરતાં ઓછું જ કરવાનું.'

'પણ આ તો વરસે એક જ વખત આવે છે ને!'

'એક વખત પણ શું કરવા? જે કંઈ કરવાનું હતું એ થઈ ગયું. (સંસ્થાની) શતાબ્દી થઈ ગઈ. ત્રણ લાખ હરિભક્તો આવી ગયા. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો મહિમા બધે પ્રસરી ગયો. હવે મોટા સમૈયા કરવાની જરૂર જ નહીં. આ તો અતિશયોક્તિ જેવું થાય છે. વળી, હવે તબિયતનું એવું રહે, એટલે બધું આયોજન કર્યું હોય અને તબિયત મોળી પડી જાય તો પછી શું થાય? ક્યારે શું થાય એ નક્કી નહીં.'

સ્વામીશ્રીને પોતાની પ્રતિષ્ઠા વધારતા સમારંભો પ્રત્યે આત્યંતિક અણગમો હતો. તેથી તેઓ કોઈ પણ નિમિત્તે તેની પર ચોકડી મૂકવાની તક તરત ઝડપી લેતા.

આપણું કશું જ નથી... આપણે તો કશું જ નથી...

મુંબઈના આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા નાગરિકો તેમ જ શહીદ થયેલા સુરક્ષાકર્મીઓના આત્માની શાંતિ માટે સ્વામીશ્રીની આજ્ઞાથી તા. ૨૮/૧૧ની સાંજે પ્રાર્થના-સભા યોજાઈ. તેમાં એકત્રિત થયેલી ચાલીસેક

હજારની જનમેદનીએ જ્યારે શાંતિપાઠ સાથે શ્રદ્ધાંજલિના સૂરો વહાવ્યા ત્યારે મંદિર સામે ઘૂઘવતો સમુદ્ર પણ ઘડીભર શાંત થઈ ગયો. એ નીરવતામાં જ સ્વામીશ્રીએ સૌને સદ્‌ગતિ અને સદ્‌બુદ્ધિ મળે તેવા આશીર્વાદ વરસાવ્યા.

તે પછી તેઓ ઉતારે પધાર્યા ત્યારે અહીં તા. ૨૯/૧૧ની સવારે આવેલા જાણીતા હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડે સ્વામીશ્રીને જણાવ્યું કે 'અમારા ગામમાં નિર્માણાધીન કન્યાશાળા માટે સૌથી પહેલાં આપે ૫૧,૦૦૦ રૂપિયાનું દાન કર્યું હતું. પાયામાં આપના મોકલેલા પૈસા છે.'

'આપણું કશું જ નથી. જે કંઈ ડોનેશન (દાન) છે એ ભગવાનનું છે. આપણે તો શું લાવ્યા ને શું લઈ જવાના છીએ?' સ્વામીશ્રી બોલ્યા.

અહંકાર વિનાનો પરોપકાર એ તેઓની વિશેષતા હતી. તેથી તેઓનાં કંઈ કેટલાંય દાન અને સહાય તો સમાજની નોંધ-નજરમાં પણ નહીં આવ્યાં હોય!

આવા સ્વામીશ્રીનાં દર્શને તા. ૩/૧૨ની સવારે પારડી-સ્થિત વલ્લભ આશ્રમના સંતો આવી પહોંચ્યા. તેમાંના એક ૭૭ વર્ષીય હરિપ્રસાદ સ્વામી તો સ્વામીશ્રીને હાર પહેરાવી સામે ખુરશી પર બેસતાં જ કહેવા લાગ્યા: 'છેલ્લે સન ૧૯૯૫માં અમૃત મહોત્સવ વખતે આપને મળ્યો હતો. ત્યારપછી આટલાં વર્ષો થઈ ગયાં, પણ આપના મુખનું તેજ આ ઉંમરે પણ એવું ને એવું જ છે!'

'મહારાજની દયા!'

'આપે આપના સ્વભાવની મધુરતા એવી પાથરી છે અને બધાની સાથે એવા મળતા રહ્યા છો કે ભલે આપને કોઈ પ્રત્યક્ષ મળી શકે કે ન મળી શકે, પણ ઘણા સંતો છે જે અંદરથી આપના વિષે ખૂબ સ્નેહ, આદર અને પૂજ્યભાવ ધરાવતા હોય.'

'એ બધું મહારાજનું જ કાર્ય છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની દયા છે.'

'આ ઉંમરે આપનું બોલવાનું ખૂબ સ્પષ્ટ છે, જરાય લોચો નથી. આપે દેશ-વિદેશમાં જે ડંકો વગાડ્યો એ અદ્‌ભુત અદ્‌ભુત છે! આ વિસ્તારમાં પણ આપ જે રીતે મહારાજનું ભજન કરાવો છો એ અદ્‌ભુત છે.'

'આપણે તો કશું જ નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સમર્થ થયા. એમણે ડંકો માર્યો છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ પાસે આવનારા અતિથિઓના અહોભાવ અનેક રહેતા, પણ

સ્વામીશ્રીનો પ્રતિભાવ એક જ રહેતો. તેમાં શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કર્તાપણા સિવાય બીજી કોઈ વાતને સ્થાન નહોતું મળતું.

ઈશ-ઇચ્છાને આધીન

સમગ્ર સત્સંગ-સમુદાયને જેની પ્રતીક્ષા હોય એ સ્વામીશ્રીની જન્મ-તિથિ માગશર સુદ આઠમનું પ્રભાત તા. ૬/૧૨ના રોજ ફૂટ્યું ત્યારે ૮૮મી જન્મજયંતીની ભાળ મળે એવું વાતાવરણમાં કંઈ જ દેખાતું નહોતું. બસ! સર્વત્ર સ્વામીશ્રીની હમદર્દી જ નજરે ચડી રહેલી. સામાજિક આપત્તિ વખતે પોતાના પ્રસંગો કચડીને પણ સૌને ખભો દેવાની તેઓની ખાસિયત જ આજના જન્મોત્સવની નોંધનીય તવારીખ બની રહી. તેથી જન્મદિન નિમિત્તે આજે કોઈ જયકાર ન ગુંજ્યો, કોઈ હાર ન ગૂંથાયો, કોઈ સુશોભને આકાર ન પકડ્યો. એક અસાધારણ દિવસ સાધારણની જેમ સરવા લાગ્યો.

પરંતુ બંધ બારી-બારણે પણ સુગંધ ઓરડામાં પ્રવેશી જાય તેમ સૌનાં મનમાં તો જન્મજયંતીની આબોહવા જામેલી જ. તેથી આજની સવારે સ્વામીશ્રી ભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે 'शतं जीव शरदः'નો વિષય આપમેળે ફૂટી નીકળ્યો.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'કોઈ શતાબ્દી કહે તો કોઈ સવા સો વર્ષ કહે, પણ ભગવાનની ઇચ્છા હોય એવું જ થવાનું!'

તેઓની આ વાત સામે પોતાનો પક્ષ મજબૂત કરતાં સંતોએ સબૂત ધર્યો કે 'અડતાળાના વૈદ્ય શ્રી જયંતીભાઈએ આપની નાડી તપાસી કહેલું કે 'ભીષ્મપિતા જેવી નાડી છે!' એટલે આપ ધારો ત્યાં સુધી આપ રહી જ શકો.'

'નાડી ગમે એવી હોય, પણ આપણું ધાર્યું થતું જ નથી. ભગવાનની ઇચ્છાથી જ બધું થાય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

ગમે એટલી પીડા થાય કે પ્રશંસા, પણ ઈશ-ઇચ્છાનો તેઓનો લય કદી ન ખોરવાતો.

તે સાથે સ્વામીશ્રી આજની બપોરે પોઢવા માટે પલંગ પર બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ એક નંગજડિત સોનાની વીંટી ધરવામાં આવી. તે હાલમાં સ્વામીશ્રી સાથે ફરતા એક યુવાન માટે તેઓના સંબંધીએ મોકલેલી. તેઓને વહેમ હતો કે 'આ યુવક પર શનિની કુદૃષ્ટિ છે. તેથી તે શનિના નંગ સહિતની

વીંટી પહેરે તો વાંધો ન આવે.' જેના સારુ આ અંગૂઠી મોકલવામાં આવેલી તે યુવાન પણ અત્યારે સામે જ ઊભેલો.

તેની સામું જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'તને ગુરુ આટલા બળવાન મળ્યા ને તારે આ વીંટી-બીટીની શી જરૂર છે ?'

તેઓના આ વિધાનનું રહસ્ય પામી ગયેલા તે યુવાને પણ વીંટીની વાતનો વીંટો વાળી લેતાં તે ઘરેણું ઠાકોરજીનાં ચરણે ધરી દીધું. સૌને અંધશ્રદ્ધામાંથી શ્રદ્ધા તરફ દોરી જવા એ સ્વામીશ્રીનું આગવું કાર્ય હતું.

વફાદારીનો વિદ્યાપાઠ

માગશર સુદ આઠમ બાદ ઊગેલી તા. ૭/૧૨ પણ સ્વામીશ્રીના જન્મ-દિનની સુગંધ લઈ આવી. અલબત્ત, તેય માગશર સુદ આઠમની જેમ કોઈને ખ્યાલ ન આવે તેમ દબાતે પગલે પસાર થઈ ગઈ. જો કે આ દિવસ રવિવારનો હોવાથી સૌને સ્વામીશ્રીની અમૃતધારાના આચમનનો આસ્વાદ માણવા મળ્યો.

સ્વાસ્થ્યની જાળવણીના હેતુસર આ વર્ષના પ્રારંભથી લાગુ પડેલા ધારા-ધોરણ અનુસાર સ્વામીશ્રી કેવળ રવિવારે જ પ્રવચન કરતા. હા, સપ્તાહમાં વચ્ચે કો'ક ઉત્સવ-સમૈયા આવી જાય તો તેઓ અમૃતવાણી રેલાવી દેતા.

તે મુજબ તા. ૧૨/૧૨, શુક્રવારના રોજ સ્વામીશ્રીએ મંદિરના નવમા પાટોત્સવ નિમિત્તે અમૃતવર્ષા વરસાવી. આ શુભ અવસરે તેઓએ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ પુનઃ પ્રતિષ્ઠિત કરી, તા. ૧૩/૧૨ની સાંજે અબ્રામાના સંસ્થાકીય વિદ્યાસંકુલમાં પગલાં પાડ્યાં.[૧૯]

અહીંથી નવસારી પહોંચેલા સ્વામીશ્રી અત્રે સૌનું સ્વાગત સ્વીકારી રાત્રે ભોજન બાદ સેવાકાર્યોમાં પરોવાયા ત્યારે તેઓએ એક ફોન મહેળાવના મંદિરે જોડાવ્યો. તેમાં ગુણનિધિદાસ સ્વામીને આવતીકાલે સોજિત્રામાં થનારા પ્રતિષ્ઠા મહોત્સવની કેટલીક સૂચનાઓ આપી. તે અંતર્ગત જ સ્વામીશ્રીએ અમેરિકાથી આવેલા એક હરિભક્તની ભલામણ કરતાં કહ્યું : 'તેમણે આ



૧૯. તીથલના સમુદ્રકિનારે સ્વામીશ્રીએ રેલાવેલા ભક્તિના તરંગોથી તરબતર થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મંદિરમાં ઘણી સેવા કરી છે, તો એમનું ધ્યાન રાખજો. પ્રતિષ્ઠા વખતે આગળ બેસાડજો. સભા થાય એમાં પણ એમનું સન્માન કરજો. આભાર માનજો. જમવામાં પણ આમંત્રિતોની સાથે એમને બેસાડજો.'

આ સાંભળી ફોનના સામે છેડે રહેલા સંત બોલ્યા: 'બાપા! આપને રાજી કરી શકીએ એવા આશીર્વાદ આપો.'

'હમણાં વાત કરી એ પ્રમાણે ધ્યાન રાખજો એટલે રાજી જ છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

શ્રીજીમહારાજ કહે છે કે 'જે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઈ જાય છે...'[૨૦]

આ રીત રાખી વિચરતા સ્વામીશ્રીને તા. ૧૯/૧૨ની સવારે એક સંતે પૂછ્યું: 'બાપા! કાયમ માટે બી.એ.પી.એસ.ને વફાદાર કેવી રીતે રહેવાય?'

આ જિજ્ઞાસાના જવાબરૂપે સ્વામીશ્રીના હોઠેથી સૂત્રો જ સરવા લાગ્યાં કે –

'હંમેશાં પોતાની સામે જોવું. આપણે મોક્ષ માટે આવ્યા છીએ અને એ મોક્ષ અહીં જ છે, બીજે ક્યાંય નથી. સમૂહમાં રહીએ એટલે પ્રશ્ન થાય, પણ અહીં જેવો પ્રશ્ન છે એવો બધે જ છે. માટે હંમેશાં પોતાની સામે દૃષ્ટિ રાખવી ને મહારાજ-સ્વામીની સામે દૃષ્ટિ રાખવી તો વાંધો ન આવે.

શરીરમાં ગમે તે થાય, પણ સમજણફેર થવી ન જોઈએ. લોકો આપણા માટે ગમે તે બોલે, એમાં જો આપણી ભૂલ હોય તો સુધારવી, પણ ભૂલ ન હોય તોય સહન કરવું.

બીજાની વાતો ભેગા મળીને કર્યા ન કરવી. કોઈ વાત કરતું હોય તો એવી વાતોમાં ભેળા ભળી ન જવું, કોઈ પણ નિમિત્ત લઈને ઊભા થઈ જવું.'

મનોરથો ભક્ત તણા પૂરે છે

તા. ૨૦/૧૨ની સવારે ભોજન બાદ ટપાલો વાંચી રહેલા સ્વામીશ્રીએ પત્ર-પરિચારક દ્વારા શ્રીનિવાસદાસ સ્વામીને ફોન જોડાવી પૂછ્યું: 'ડુમ્મસમાં છો?'

'ના, સુરતમાં.'

'મંદિરમાં છો કે રૂમમાં?'

---

૨૦. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮.

'ઑફિસમાં છું.'

'ત્યાં બીજા કોઈ છે કે એકલા જ છો?'

'એકલો જ છું.'

'તો વાત એ કરવાની કે આપણે પેલા ભાટિયા ગામના હરિભક્ત છે એમનું નામ શું?'

'રણછોડકાકા.'

'હા, એ અહીં આવેલા ત્યારે પોતાને ગામ આવવા વાત કરી ગયેલા. તો આજે અહીંથી નીકળતાં ભાટિયા જવું છે. આ ગામ રસ્તામાં જ આવે છે?'

'હા, રોડ ઉપર જ આવે.'

'એકદમ રોડ ઉપર કે અંદર?'

'પાંચસો ફૂટ જેવું અંદર થાય.'

'ત્યાં કેવી રીતે જવાય?'

'હાઈવે પર પલસાણાના પાટિયેથી વળવાનું આવે.'

'હાઈવેથી કેટલું થાય?'

'પાંચેક કિલોમીટર.'

આટલી ઝીણી અને લાંબી પૂછપરછના અંતે સ્વામીશ્રીએ એ સંતને કહ્યું: 'તમે ત્યાં જણાવી દેજો. બીજા કોઈને કહેવાની જરૂર નથી. ગામના માણસો હોય એ જ આવે. તમે ચાર વાગ્યે ત્યાં પહોંચી જજો અને કથા-વાર્તા કરજો. અમે પાંચ વાગ્યે નીકળીને ત્યાં આવી જઈશું.'

વધેલી વય, તેના સંગે વધેલી શારીરિક પ્રતિકૂળતાઓ, તે કારણે વિચરણ પર લાગેલા પ્રતિબંધો વગેરે તમામને ફગાવી સ્વામીશ્રી આજે એક વૃદ્ધ ભક્તનો મનોરથ પૂરો કરવા સજ્જ થઈ ગયા.

તે અનુસાર સાંજે સમયસર નીકળેલા તેઓની ગાડી હાઈવે પરથી વળાંક લઈ ભાટિયાની ભાગોળે જઈ પહોંચી ત્યારે તળાવના કિનારે ઊભેલું મંદિર નજરે ચડ્યું. પાંચ વર્ષ પૂર્વે પ્રતિષ્ઠિત થયેલા આ મંદિરમાં સ્વામીશ્રીનાં પગલાં પડાવવાની મનોકામના આજે પૂર્ણ થતાં રણછોડકાકા તો સુખની સીમા માણી રહ્યા. પરંતુ એથીયે અધિક, ગામનું મહિલા મંડળ તો આજે સ્વામીશ્રી વિષે અંતર્યામીપણાની અનુભૂતિ સાથે તેઓનાં ઓવારણાં લઈ રહ્યું.

આ મહિલા ભક્તોએ 'પ્રતિષ્ઠાના ટાણે સ્વામીશ્રી પધારશે'ની અભિલાષા સેવતાં દિવેટ અને માળાના હાર બનાવેલા, પણ સંજોગવશાત્

સ્વામીશ્રી ન આવતાં તેઓએ આ બંને હાર વ્યવસ્થિત સચવાય તેમ વીંટીને મૂકી રાખેલા અને તેઓ શબરીની જેમ સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલા. જો કે સ્વાસ્થ્યને કારણે લાગુ પડતી જતી પાબંદી આવા નાના ગામમાં સ્વામીશ્રીના આગમનની શક્યતાઓને દિવસે ને દિવસે વધુ ધૂંધળી બનાવતી હતી, પરંતુ તેની વચ્ચે આજે સુખનો સૂરજ ચમકી ઊઠેલો. તેના અજવાળે 'સ્વામીશ્રી પધારે ત્યારે જ આ હાર ખોલવા'ની મહિલાઓની મનષા પાંચ વર્ષે ફળીભૂત થઈ રહેલી! તેથી મંદિરમાં બિરાજેલા ઠાકોરજીની આરતી ઉતારી જ્યારે સ્વામીશ્રીએ તે હાર અંગીકાર કર્યા ત્યારે એકેએક મહિલાનું ગદ્‌ગદિત હૈયું ગાઈ ઊઠ્યું : *'દયાનિધિ સ્વામી દયા કરે છે, મનોરથો ભક્ત તણા પૂરે છે...'*

સ્વામીશ્રીની આ કૃપા પર ઓવારી ગયેલા ગામના કેટલાક યુવાનોએ તો આ અવસરે સ્વેચ્છાથી તમાકુ-ત્યાગનો નિયમ લઈ લીધો.

આમ, અલ્પ રોકાણમાં પણ કંઈકનાં કામ કાઢી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે ભગવાનને ભેટ્યાનો અનુભવ કરતું ભાટિયા હરખાઈ રહ્યું.

રસનાના રસે રહિત

ભાટિયાથી પ્રસ્થાન કરી ગયેલા સ્વામીશ્રીની ગાડી ડુમ્મસ તરફનો પંથ કાપી રહેલી ત્યારે પ્રત્યેક સહયાત્રીના મુખે સ્વામીશ્રીનું પૂર્વવિચરણ ઊછળતું રહ્યું. જ્યારે શરીર સ્વસ્થ હતું ત્યારે સ્વામીશ્રી આજની જેમ જ અણધાર્યા કાર્યક્રમો ગોઠવી ભક્તોને રાજી કરતા. જીવનના છઠ્ઠા દાયકાની વાતો આજે નવમા દાયકામાં પણ સાકાર કરી દેખાડનારા તેઓની કરુણાને કોઈ કાયદા નડતા નથી, તેનું એક સ્મરણીય દર્શન કરાવી સ્વામીશ્રી સાંજે ડુમ્મસ પહોંચ્યા.

અત્રે તેઓ સૌનું સ્વાગત સ્વીકારી રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે હાલમાં તેઓના ઘટી ગયેલા ખોરાકની વાત નીકળી. સામાન્ય રીતે ભોજનમાં એક વાટકો ખીચડી અંગીકાર કરતા સ્વામીશ્રી છેલ્લા એકાદ મહિનાથી માંડ અડધો વાટકો ખીચડી જમતા. તે મુદ્દો આજે ચર્ચાતાં સ્વામીશ્રી બોલ્યા : 'હવે રુચિ થતી નથી કે વધારે ખાઈએ. ભગવાનની દયાથી સારું છે. ઓછું ખવાય એટલું સારું. શરીર સારું રહે.'

'તોય ભગવાનને સંભારીને કોઠીમાં દાણા ભરી દેવા.'

'નાંખીએ જ છીએ, પણ બે-ત્રણ ચમચી લઈએ ને મન પાછું પડી જાય છે.' આમ કહી સ્વામીશ્રી ભોજન પ્રત્યેની અરુચિ જ વાગોળતા રહ્યા.

લોક-અનુભવ છે કે વૃદ્ધાવસ્થામાં રસનાની લોલુપતા વધે, પરંતુ તે વખતે સ્વામીશ્રીમાં જોવા મળતી આ સ્થિતિ તેઓને પરલોકના પુરુષનું પ્રમાણપત્ર આપતી રહેતી.

કરુણાનું રૂપ ધર્યું છે રે

તા. ૨૩/૧૨ની સાંજે સ્વામીશ્રી ડુમ્મસથી સુરત પધાર્યા ત્યારે આ સમયે હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના ઝપાટાએ આ શહેર સહિત ઘણે ઠેકાણે વિષાદનું વાતાવરણ સર્જી દીધેલું. આ દારુણ પરિસ્થિતિ હળવી થાય તે માટે સ્વામીશ્રી ઘણી રીતે પ્રયત્નશીલ હતા.

આ અંગે ઠાકોરજી સમક્ષ પણ અવશ્ય પ્રાર્થના કરતા તેઓએ તા. ૨૫/૧૨ની સાંજે મંદિરના વ્યવસ્થાપક સંતોને બોલાવી વાત માંડી કે –

'આ વરસે મંદી ખૂબ છે, માટે ઝોળીનાં કાર્ડ (દાનપત્ર) ન છપાવવાં. ઝોળીમાં સેવા આપવા માટે પણ કોઈને આગ્રહ ન કરવો. સ્વેચ્છાએ જેને જે મૂકવું હોય એ મૂકે. પૂછવાનું પણ નહીં કે 'કેટલું મૂક્યું?' વહેલી તકે કામ-ધંધા ચાલુ થઈ જાય એ પ્રાર્થના કરી છે. હરિભક્તો રાજી થાય, ખુશ થાય એટલે આપણું ચાલે. મહારાજના વખતમાં પણ દુષ્કાળ પડેલા ને નીકળી ગયા હતા, તેમ આ પણ નીકળી જશે.'

સ્વામીશ્રીના આ કરુણાજળથી સમય જતાં તો સમગ્ર સત્સંગ ભીંજાઈ ગયો, કારણ કે આ વર્ષે ઝોળી ન માંગવાનું આ આયોજન તેઓએ કેવળ સુરત પૂરતું સીમિત ન રાખતાં સમગ્ર સંસ્થામાં અમલી બનાવી દીધું. કરુણાને કિનારા કેવા?!

આવા કરુણામૂર્તિ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૮/૧૨ના રોજ પાટોત્સવ, ગુરુપરંપરાની પુનઃ પ્રતિષ્ઠા અને સ્વામીશ્રીના ૭૦મા ભાગવતી દીક્ષાદિનની ત્રિવેણી રચાઈ ગઈ. તેમાં ડૂબકી મારવા રવિવાર પણ આવી પહોંચતાં પ્રાતઃપૂજામાં જ બાવીસ હજારથી વધુ ભક્તોનો મહેરામણ હિલોળવા લાગ્યો. તેની સપાટી પર ભક્તિની તેજી ધંધાની મંદીને વળોટીને ચમકી રહી. તેના ઉજાસમાં સ્વામીશ્રી મંદિરના પોડિયમ પર બે ગુરુશિખરોની મધ્યમાં આવી ઊભા રહ્યા. અહીંથી તેઓએ ત્રણેય ખંડમાં ગોઠવાયેલા અન્નકૂટ અને ગુરુપરંપરાની મૂર્તિઓને આરતીનું અર્ઘ્ય આપ્યું.

તેને અનુસરતાં આજની સાંજે હકડેઠઠ ભરાયેલી રવિસભામાં

સ્વામીશ્રીએ સાંપ્રત સંદર્ભમાં જ વાત ઉપાડી કે –

''અત્યારે મંદીના પ્રશ્નો થયેલા છે ને એને માટે ચિંતા થાય એ સ્વાભાવિક છે, પણ એ બધાની અંદર ભગવાનમાં શ્રદ્ધા ને વિશ્વાસ હશે તો આવા ઘણા-ઘણા પ્રશ્નોને આપણે પાર કરી શકીએ છીએ. આવા પ્રસંગોમાં દુઃખ ભોગવી લેવાનું છે, પણ ભગવાનની નિષ્ઠામાં ને ભગવાનના કાર્યમાં આપણને શંકા ન જાય કે 'ભગવાને આમ કેમ કર્યું ?!'

ભગવાનને આપણને સુખી કરવા છે ને આપણી નિષ્ઠા જોવા માટે ભક્તની પરીક્ષા પણ કરે છે. જે વિદ્યાર્થી સ્કૂલ કે કૉલેજમાં ભણતો હોય એની પરીક્ષા લેવાય, પણ જે રસ્તે રખડતો હોય એની પરીક્ષા થાય નહીં. દેશ-કાળ તો બધાને આવે જ છે. મહારાજના વખતમાંય છોંતેરાનો ને અગણોતેરાનો ભયંકર દુકાળ પડ્યો હતો. માણસ માણસને ખાઈ જાય એવું હતું ! છતાં એ વખતે ભક્તોએ જાણ્યું કે 'શ્રીજીમહારાજ જે કરતા હશે એ સારું હશે, એ જ કરે છે.' આવા પ્રસંગોમાં ધીરજ રાખીને શાંતિથી કામ કરવાનું છે. દુનિયામાં સુખ ને દુઃખ તો છે જ, પણ ભગવાનના ભક્તને મતિ સ્થિર રાખવાની કે 'ભગવાન જે કરે છે એ સારું છે,' તો ભગવાન રાજી થાય છે.

અત્યારના દેશ-કાળમાં અમને પણ દુઃખ થાય અને તમને તો વિશેષ થાય, પણ દુઃખના દરિયા પાર કરનારા ભગવાન છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે આ મુશ્કેલી બધી ભગવાન દૂર કરશે. ધીરજ અને હિંમત બેય રાખવાનાં છે. 'ભગવાન સર્વકર્તા છે' એમ માનશો તો પછી કંઈ સંકલ્પ નહીં થાય. આપણા માટે ભગવાન જ છે ને ભગવાનના આપણે છીએ.'

સ્વામીશ્રીની આજની પરાવાણી સૌને અનેરી હૈયાધારણ સાથે અનોખી સુખાનુભૂતિ કરાવી ગઈ.

આ અનુભવ સન ૨૦૦૮ તો છેલ્લા ૩૬૫ દિવસથી કરી રહેલી, પરંતુ તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રીની આ અમૃતધારાનું આચમન અચાનક જ અટકતાં તે વ્યથિત થઈ ઊઠી. તે માતાથી વિખૂટા પડતાં બાળકની જેમ વલવલી રહી. અલબત્ત, વસમી વિદાયની આ વેળાએ સન ૨૦૦૮ પોતે નિહાળેલી સ્વામીશ્રીની સાધુતા અને સામર્થ્યનું સરવૈયું માંડતાં ગાતી ગઈ કે –

'સ્વામી બુદ્ધિ તમારી છે ધન્ય, તમ જેવા જોયા નહિ અન્ય;
સર્વે સંતમાં મુખ્ય છો તમે, એવું અંતરે જાણિયે અમે.'



સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન

સન ૨૦૦૯
લોક જેને સમરે સદાય

'સાત સમેલિયા એટલે ગમે ત્યારે, ગમે તે સેવામાં જોડાય તો પણ સોંસરો પડે. ગમે ત્યારે, ગમે તેની જોડમાં મૂકે. જ્યાં મૂકે ત્યાં જાય. ક્યાંય વાંધો જ નહીં. જે કામ સોંપે એ કરે. સાધુને તો બધું જ ફાવે અને બધે જ ફાવે. જે સેવા મળે એમાં રાજીપે કરે. એવું નહીં કે 'આ જ કરવું ને પેલું ન કરવું.' (મનથી) માંદો હોય એને એમ જ થાય કે 'મને આ નહીં ફાવે.' મહારાજ અને સ્વામીના પ્રતાપે શું ન ફાવે ? બધું જ ફાવે.'

સંતો પર વરસાવેલી આ અમૃતધારાથી સન ૨૦૦૯ના પ્રથમ પ્રભાતને ભીંજવતાં સ્વામીશ્રી તા. ૨/૧ની સવારે નિત્યપૂજાથી પરવાર્યા ત્યારે સોળ સાઇકલયાત્રીઓ તેઓનાં દર્શને આવી ચડ્યા. ચેન્નાઈથી રાજસ્થાન સુધીનો પ્રવાસ સાઇકલ દ્વારા ખેડી રહેલા તેઓ સત્સંગી નહોતા, છતાં સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા તેઓ પોતાના નિશ્ચિત માર્ગથી ફંટાઈ આશરે દોઢસો કિ.મી.નું વધારાનું અંતર કાપીને અત્રે સુરત મુકામે આવી પહોંચેલા.

આ જ રીતે તા. ૩/૧ની સવારે મિશન વંદે માતરમ્ સંસ્થાના કાર્યવાહકો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. રાષ્ટ્રભક્તિની ખિલવણીના હેતુસર દેશભરમાં

સો ભારત મંદિરોનાં નિર્માણની નેમ સેવનારા તેઓ સાણંદ મુકામે પ્રથમ મંદિર ઊભું કરી રહેલા. તેમાં પ્રતિષ્ઠિત થનારી ભારતમાતાની મૂર્તિનું પૂજન તેઓએ સ્વામીશ્રીના વરદહસ્તે કરાવી પોતાના પ્રકલ્પનો પ્રારંભ કર્યો.

તેઓને અનુસરતાં આજ રોજ આવેલા ૧૧૭ મુલાકાતીઓ પૈકીના એક મુસ્લિમ બિરાદર શ્રી અબ્બાસભાઈએ પણ સ્વામીશ્રીને કહ્યું : 'આપના આશીર્વાદ વગર હું એક પણ નવું કામ શરૂ કરતો નથી.'

શુભ કાર્યોમાં સ્વામીશ્રીનો હાથ-સાથ પામવા સૌ ઇચ્છતા.

વચનામૃત ગ્રંથ સર્વોપરી છે

તા. ૪/૧ની સવારે નિજનિવાસમાંથી બહાર પધારેલા સ્વામીશ્રીને આવકારવા એકત્રિત થયેલાં ત્રણેક હજાર યુવા-યુવતીઓથી સમગ્ર મંદિર-પરિસર અને મંદિરથી સભાગૃહ સુધીનો માર્ગ ઊભરાતો હતો. ધરતીના કણ-કણમાં જાણે યુવાની ફૂટી નીકળી હોય એવો એ માહોલ હતો. તેમાં જ્યારે સ્વામીશ્રીએ મંદિરના પોડિયમ પરથી 'ઇતિ વચનામૃતમ્'નો અભિલેખ ધરાવતા ફુગ્ગાઓ ગગનમાં વહેતા કર્યા ત્યારે ઊઠેલા જબ્બર જયઘોષથી તાપીનાં નીર પણ ખળભળી ઊઠ્યાં.

આ એક ચિરંતન સ્મૃતિ આપી ગોલ્ફ કાર્ટમાં બિરાજેલા સ્વામીશ્રી મંદિરેથી સભામંડપ તરફ જવા નીકળ્યા. આ વખતે તેઓના ગમનપથની બંને બાજુ ગોઠવાયેલા યુવાનોએ ધારણ કરેલા કુમકુમવર્ણા પહેરણમાં શ્વેતરંગી પટ્ટો શોભી રહેલો. એકસરખા ગણવેશમાં સજ્જ સેંકડો યુવાનોની આ શિસ્તબદ્ધ કતાર કોઈ સૈન્યની આભા ઊભી કરતી હતી, તો તેની વચ્ચેથી પસાર થતા સ્વામીશ્રી પણ કળિયુગનો ખાત્મો બોલાવવા નીકળેલા મહાનાયક જેવા ભાસી રહ્યા. તેઓ જેમ-જેમ આગળ વધે તેમ-તેમ યુવાનો પોતાના હાથમાં લહેરાતા ફુગ્ગાઓને આકાશમાં તરતા મૂકતા જતા. લાલ અને સફેદ રંગના એ ફુગ્ગાઓ નભોમંડળમાં એકમેક સાથે મળી જતાં ગગનમાંયે બી.એ.પી.એસ.ની ધજા ફરફરી રહી હોય તેવું હૃદયંગમ દૃશ્ય સર્જાઈ ગયું.

તેના જેવી જ આહ્લાદક બની રહી આજની સાંજે આવેલી રવિસભા. તેમાં રજૂ થયેલી વચનામૃતનો મહિમા વર્ણવતી વિવિધ પ્રસ્તુતિઓના સંદર્ભમાં જ સ્વામીશ્રીએ પરાવાણી રેલાવી કે –

''શ્રીજીમહારાજે વચનામૃતમાં વાત કરી છે તો પહેલું તો 'એ ભગવાન

છે' એ વિશ્વાસ હોવો જોઈએ. ભગવાન બોલ્યા છે એ સાચું છે. અભ્યાસ ઓછો હોય તો પણ જો એનું વાંચન રાખે તો એને પણ વચનામૃતની વાત સિદ્ધ થઈ જાય છે. શ્રીજીમહારાજે વચનામૃત કહ્યાં છે એ બધાં શાસ્ત્રોનો સાર છે. એને વાંચીએ ને ધીરે રહીને વિચાર કરીએ તો સઘળો સાર સમજાય. આ વચનામૃતમાં આપણા દરેક પ્રશ્નનો ઉકેલ છે. નિરાંતે વાંચો. ભલે તમે એક વચનામૃત વાંચો, પણ એનું મનન કરો. વચનામૃત ગ્રંથ સર્વોપરી છે. માટે દરેકને ખાસ કહેવાનું કે એક વચનામૃત વાંચો. અડધું વાંચો. સમજાય કે ન સમજાય, તોય વાંચો. ભણનારને ડિગ્રી લેવામાં સમય લાગે છે એમ આ તો આત્મા-પરમાત્માનું જ્ઞાન છે, એ કંઈ એક દા'ડે થાય નહીં. જેમ-જેમ વાંચો, જેમ-જેમ સમાગમ કરો ને નિયમો પાળો તો કામ થઈ જશે. માટે ભગવાનને પ્રાર્થના કરીએ કે આ જ્ઞાનથી આપ સુખિયા થાવ.''

યા કલિજુગ કે પતિત સબ તારે

'સ્વામીબાપા! મારા મામાના ગામમાં સૌ નિર્વ્યસની થાય એ માટે આશીર્વાદ આપશો.'

આ ઇચ્છા સન ૨૦૦૭ની સાલમાં સ્વામીશ્રી પર મોકલેલા એક પત્રમાં સુરતનિવાસી યુવાન શ્રી જયેશ કેદારિયાએ દર્શાવેલી. તે વાંચી સ્વામીશ્રીએ લખી જણાવેલું: *'આપના સંબંધીઓનું વ્યસન છૂટી જાય અને સત્સંગી થાય એવી પ્રાર્થના કરી છે. સર્વનું સર્વ પ્રકારે સારું થાય અને સત્સંગમય જીવન થાય એ આશીર્વાદ છે.'*

આ જ રીતે સન ૨૦૦૮ના છઠ્ઠા મહિનામાં પણ પેલા યુવાને વધુ એક કાગળ સ્વામીશ્રી પર લખેલો, જેનો પ્રત્યુત્તર પાઠવતાં સ્વામીશ્રીએ લખેલું કે *'આપના પરિચયમાં આવે એ દરેકના વ્યસન છૂટી જાય એ પ્રાર્થના પણ કરી છે.'*

આ આશીર્વાદનું બળ લઈ સ્વામીશ્રીનો એ યુવક ચાલી નીકળેલો – પરિવર્તનનો પવન ફૂંકવા. તેના મામાનું ગામ નિહાલી સુરત જિલ્લાના મહુવા તાલુકામાં આવેલું. વસતી આશરે હજારેકની. તેમાં મોટા ભાગના ઢોડિયા, કુકણા જેવી કોમના આદિવાસી. થોડાક રજપૂતો પણ ખરા. આખા ગામમાં ઠેર-ઠેર ઊભેલાં તાડનાં વૃક્ષોએ અહીંની હવામાં વ્યસનની બદબૂ ભેળવી દીધેલી. તેને પ્રતિદિન શ્વાસમાં ઘૂંટતાં અહીંના બાર ફળિયા પૈકીના ભગત ફળિયામાં પેલા યુવકના મામા વસે. તેઓ અને તેઓના પરિવારને વ્યસનની

ચુંગાલમાંથી છોડાવવા કમર કસનારા જયેશભાઈએ સાંકરીના મંદિરે રહેતા સંતોનો સાથ લીધો અને જઈ પહોંચ્યા મામાના ઘેર.

અહીં સંતો પધાર્યાના મિષે તેઓએ પાંચ સંબંધીઓને ભેગા કર્યા. સંતોની વાત સાંભળી એ પાંચેયના જીવનમાં દીવો પ્રગટ્યો. તેમાં તેલરૂપે સ્વામીશ્રીના પેલા આશીર્વાદ. તેણે એવી જ્ઞાનજ્યોત જલાવી કે આ પાંચ વ્યક્તિઓનાં વ્યસન તેમાં સ્વાહા થઈ ગયાં. આ વાતને બે મહિના વીત્યા પણ પાંચમાંથી એકેયના ગળા હેઠે દારૂ ન જતાં ભગત ફળિયાના અન્ય આદમીઓને થયું કે 'તેઓ દારૂ વિના રહી શકે તો આપણે કેમ નહીં?' તેઓએ પણ બાટલીઓ ફોડી, પોટલીઓ છોડી.

આ ચિનગારીના ઉજાસથી ધીરે ધીરે ગામનાં અન્ય અગિયાર ફળિયાંમાં પણ અજવાળું ફેલાતાં નિહાલી નિહાલ થઈ રહ્યું. ઘણાં ઘરોમાંથી મદ્યપાન અને માંસાહારે ચાલતી પકડતાં આર્થિક બચત થવા માંડી. તેનો સીધો લાભ બાળકોના શિક્ષણની સાથે ખોરડાંઓની બદલાયેલી રોનક અને ઘેર-ઘેર મટેલા કજિયામાં દેખાયો. મહિલાઓ તો આંખમાં હર્ષાશ્રુ ભરી કહેવા લાગી કે 'કેટલાંય વરસો પછી હવે અમે નિરાંતે સૂઈ શકીએ છીએ.'

કેટલાકે તો જણાવ્યું: 'આટલાં વરસોમાં હજી સુધી રક્ષાબંધનના દા'ડે કોઈ ભાઈએ અમને ભેટ આપી હોય એવું સ્વપ્નેય સાંભરતું નથી! ઊલટું અમારે ભાઈઓને મદદ કરવી પડતી. પરંતુ દારૂબંધી થતાં આ વખતના રક્ષાબંધને ભાઈએ અમારા હાથમાં મહેનતની કમાણીના અગિયાર રૂપિયા મૂક્યા ત્યારે અમે ધ્રૂસકે ને ધ્રૂસકે રડવાં લાગ્યાં.' આટલું બોલતાં એ બાઈઓ પણ ડૂસકાં ભરી રહી.

પુરુષો વ્યસનમુક્ત થતાં સ્ત્રીવર્ગને મળતી આ ફલશ્રુતિ 'સખી મંડળો'માં પરિણમી. મહિલાઓનાં આ વૃંદો દ્વારા થવા માંડેલી પ્રવૃત્તિનો ચિતાર આપતાં પ્રસિદ્ધ અખબાર દિવ્ય ભાસ્કરના પાને છપાયું:

'મહુવા તાલુકામાં ચાલતા દારૂના અડ્ડાઓ સામે એક પછી એક એમ સાત ગામની મહિલાઓ મેદાનમાં ઊતરી પડી છે. ગામોમાં રેલી યોજી મહિલાઓ દારૂનું વેચાણ બંધ થાય તે માટે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહી છે. વહેવલ ગામે ૧૯ સખી મંડળોની મહિલાઓ અને યુવતીઓ દારૂના અજગરી ભરડામાંથી લોકોને બચાવવા વિવિધ સૂત્રોવાળાં બેનરો હાથમાં લઈને મેદાનમાં ઊતરી પડી છે.

મહુવા તાલુકાના નિહાલી ગામમાં સૌ પ્રથમ થોડા સમય પહેલાં દારૂના દૂષણ સામે મોરચાબંધી થઈ હતી. ત્યારબાદ સામ્બા, પૂના, વલવાડા, તરકાણી, ખરવણ વગેરે ગામની મહિલાઓએ જાગૃતિ બતાવી હતી. સામ્બામાં મહિલાઓએ રેલી કાઢીને દારૂબંધીનો કડક અમલ લાવવા પ્રયાસ હાથ ધર્યો હતો. વીસથી વધુ અડ્ડાઓ પર મહિલાઓએ જાતે પિકેટિંગ (પહેરો) કર્યું હતું. કેટલીક દેશી દારૂ બનાવવાની સામગ્રીનો મહિલાઓએ નાશ કર્યો હતો. ઘણી જગ્યાએ મહિલાઓએ રણચંડી બનીને દારૂ બનાવનારા અને વેચનારાને મેથીપાક પણ ચખાડ્યો હતો. મહુવા તાલુકામાં વેચાતા ગેરકાયદે દારૂથી ઘણી મહિલાઓ ભરયુવાનીમાં વિધવા બની છે. ઘણી દારૂનો ભોગ બનતાં અન્ય બહેનોનું સૌભાગ્ય ન છિનવાય તે માટે કેટલીય વિધવાઓએ આ અભિયાનની આગેવાની લીધી છે.'

તા. ૫/૧ના રોજ સ્વામીશ્રીના ભોજન દરમ્યાન વર્ણવાયેલો ઉપરોક્ત ઘટનાક્રમ ચારિત્ર્યવાન સમાજના સર્જક તરીકે તેઓનો સવિશેષ મહિમા સમજાવી ગયો. સમાજની તાસીર બદલવા માટે સ્વામીશ્રીના એક પત્ર, એક પ્રેરણા, એક પ્રવૃત્તિ કે એક અનુયાયી જ પર્યાપ્ત થઈ રહેતા.

અર્થશાસ્ત્રે પ્રવીણ છે પૂરા

દરેક મંદિરનાં મહિનાવારનાં સરવૈયાં જોવાની સ્વામીશ્રીની સ્વાભાવિક પ્રકૃતિ હતી. આ અર્થપત્રકો કયાં મંદિરોમાંથી આવ્યાં છે અને કયાં મંદિરોનાં બાકી છે તે પણ વગર નોંધે તેઓની સાંભરણમાં હોય. વળી, ગત મહિનાની કે ગત વર્ષની વિગતો પણ તેઓની યાદદાસ્તમાં તાજી જ રહે. તેથી તેઓ મંદિરના જે-તે વિભાગની આવક-જાવકમાં પડેલો તફાવત તરત પકડે. તે અનુસાર ફોન જોડી સ્વામીશ્રી વ્યવસ્થાપક સંતોને શાબાશી આપે કે સ્પષ્ટતા માંગે ત્યારે સૌ અચંબો પામી જાય.

કેટલાં મંદિરો! તે એક-એક મંદિરનાં કેટલાં સેવાક્ષેત્રો! તે એક-એક કાર્યવિભાગમાં કેટલીયે પ્રકારના ખર્ચા! એક-એક અહેવાલમાં આશરે ચાલીસેક પ્રકારનાં કોષ્ટકો હોય. છતાં દરેક મંદિરોની તમામ આંકડાકીય માહિતીઓ સ્વામીશ્રીના મનમાં અકબંધ રહે. કમ્પ્યૂટર કે કેલક્યૂલેટર જેવાં કોઈ ઉપકરણો વિના તેઓએ ચલાવેલો હજાર ઉપરાંત મંદિરોનો વ્યવહાર જ

તેઓને અદ્વિતીય નેતા પુરવાર કરવા પૂરતો છે. તેથી જ મંદિરોનો વ્યવહાર સંભાળતા તમામ સંતોનો આત્મા કબૂલ કરતો કે સ્વામીશ્રી તો *'અર્થશાસ્ત્રે પ્રવીણ છે પૂરા, નથી તે કામમાં તે અધૂરા...'*

આ દર્શન કરાવતું સ્વામીશ્રીનું પત્રવાંચન તા. ૮/૧ની રાત્રે પણ ચાલી રહેલું. તે વખતે તેઓના હાથમાં એક મંદિરના વ્યવસ્થાપકે મોકલેલું ડિસેમ્બર માસનું સરવૈયું આવ્યું. તેની પર નજર ફેરવતાં સ્વામીશ્રીની દૃષ્ટિ મુસાફરીનાં ભથ્થાંની વિગત પર ગઈ. તે વાંચી તેઓએ તરત જ તે મંદિરના કાર્યવાહક સંતને ફોન જોડી આ બાબતે ખુલાસો પૂછ્યો.

આ ચીવટ સાથે સેવા કરતા સ્વામીશ્રીના પત્રવાંચન દરમ્યાન જ એક ફોન આવ્યો. તેમાં વાત કરતાં કરતાં સ્વામીશ્રીએ પોતાની બંને તરફની ટિપાઈ પર પ્રકાશતા ટેબલ લેમ્પ જાતે જ બંધ કરી દીધા. હજી ગઈકાલે જ તેઓ કેડને કનડતા દુખાવાના ઉપચાર માટે હૉસ્પિટલે જઈ આવેલા. છતાં વીજળીનો બિનજરૂરી વપરાશ અટકાવવા સ્વામીશ્રી આજે બેય બાજુ કેડ ઘુમાવીને બત્તી બુઝાવવાની તસદી લેવાનું ન ચૂક્યા. સદા કરકસરની કેડીએ ચાલનારા તેઓને કષ્ટ પણ આ માર્ગેથી ભ્રષ્ટ કરી ન શકતું.

પરમાર્થી પૂર્ણ પવિત્ર

તા. ૧૧/૧ના રોજ આવેલી પોષી પૂર્ણિમાએ સુરતના મંદિરમાં સાચે જ ભક્તો અને ભક્તિની ભરતી ચડી, કારણ કે આજે મંગળા આરતીના અવસરે જ દસ હજાર તો પદયાત્રીઓ હાજર થઈ ગયા. તેમાં ત્રણેક હજારની સંખ્યા કેવળ બાલ-બાલિકાઓની હતી. છેલ્લા ૧૨૦ કલાકથી નિર્જળ ઉપવાસ કરનારો એક યુવાન તો સાડા છ કિ.મી.ની દંડવત્‌યાત્રા દ્વારા કાયાને રગડતો રગડતો આવેલો !

આ જ રીતે આજના સાયંકાળની રવિસભા પણ હજારો ભાવિકોથી છલકાઈ ઊઠી. તેના કાર્યક્રમમાં બાળમંડળ દ્વારા સમયયાનની કલ્પનાનો આધાર લઈ બસો-પાંચસો વર્ષ પછીની બી.એ.પી.એસ.નું દર્શન કરાવવામાં આવ્યું. આ પ્રસ્તુતિમાં રહેલાં વિષય અને વજૂદ, અભિનય તથા અનુમાન એવાં રંગીન તેમ જ સંગીન રહ્યાં કે પાંત્રીસેક હજારની જનમેદનીનાં શરીરમાંથી રોમાંચનું લખલખું પસાર થઈ ગયું.

એ જ અનુસંધાનમાં સ્વામીશ્રીએ પણ આશીર્વાદ વરસાવ્યા કે

'આપણને લાગે કે આ તો ખેલ ભજવવા માટે કર્યું, પણ આવું તે કંઈ થતું હશે? પરંતુ યોગીજી મહારાજના સંકલ્પો સિદ્ધ થયા છે, થાય છે અને થશે. શ્રદ્ધા હશે તો બધું થવાનું છે. (સંસ્થાનો) આટલો બધો વિકાસ થાય છે એ જ આપણને કહે છે કે આ ભગવાનનો સંકલ્પ છે.'

આ અમૃતવાણી સાથે સભાનું સમાપન કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે આજના સભા-કાર્યક્રમના સંદર્ભમાં પ્રયાગમુનિદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા! યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે જાપાન, ચીન, રશિયામાં સત્સંગ થાય. તેમ આપના કોઈ સંકલ્પ ખરા?'

'જોગીબાપાના સંકલ્પો પૂરા થાય એ જ આપણો એક વિચાર છે.' સ્વામીશ્રીએ જાણે પોતાનું મિશન સ્ટેટમેન્ટ (ધ્યેય વાક્ય) જણાવી દીધું. વળી, ઉમેર્યું: 'જોગીબાપાએ સંકલ્પો કર્યા હોય પછી આપણે નવા નવા ઓછા કરવાના હોય? શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જે કહી ગયા એ પૂરા કરીએ તોય ઘણું છે. એ સંકલ્પો આપણી આખી જિંદગી જતી રહે તોય પૂરા ન થાય એવા છે, પણ ભગવાનને સંભારીને જેટલો થાય એટલો પ્રયત્ન કરવો.'

આ પ્રયત્નના એક ભાગરૂપે જ ૮૮મા વર્ષે પણ વિચરણ પર પૂર્ણવિરામ ન મૂકનારા સ્વામીશ્રી પાસે તા. ૧૩/૧ની સાંજે દક્ષિણ ગુજરાતમાં કાર્યરત કેટલાક સ્વામિનારાયણીય ગુરુકુળના સૂત્રધાર સંતો આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આજની સવારે જ અમે આપની પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. ત્યાં જે ડૉક્ટરો અને કર્મચારીઓ હતા તેઓએ જે રીતે આપની ટ્રીટમેન્ટ કરે એ રીતે અમારી પણ કરી!'

આ અનુભવના અનુસંધાનમાં તે સંતો પૈકીના એકે કહ્યું: 'જ્યારે અમે ગુરુકુળ કર્યું ત્યારે વીજળીની સગવડ નહોતી. તે માટે અમે સરકારમાં અરજી કરી તો નિયમ એવો હતો કે અન્ય કોઈ સંસ્થા સાક્ષી બને તો તરત જ વીજળીનું જોડાણ મળી જાય. તેથી હું સાંકરીના આપના મંદિરે ગયો અને ત્યાં વાત કરી ત્યારે કોઠારી સંતે તરત જ પત્ર લખી આપ્યો. એને પરિણામે અમારે ત્યાં લાઇટ આવી.'

'આવા પ્રસંગે તો અમારે ભેગું ઊભું જ રહેવાનું હોય ને! જે-તે રીતે પણ કામ તો સ્વામિનારાયણનું જ થાય છે ને!'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી તેઓની પૂર્ણ અને પવિત્ર પરમાર્થી

તરીકેની છબી પ્રકાશી રહી.

તેના ઉજાશમાં જ પોતાનું પરિભ્રમણ આગળ વધારતા સ્વામીશ્રીએ તા. ૧૬/૧ની સાંજે સુરતથી વિદાય લીધી અને તેઓ વેડ રોડ, અમરોલી તથા અંકલેશ્વરમાં નિર્માણાધીન મંદિરોની ભૂમિને પાવન કરતાં રાત્રે સવા આઠ વાગ્યે ભરૂચ આવી પહોંચ્યા.

અક્ષરધામ ખૂબ જ સફળ છે

તા. ૧૮/૧ની સાંજે રવિસભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી મુલાકાત કક્ષમાં ઉપસ્થિત વિદેશી અતિથિ શ્રી રોડ્રીક હેન્કીને મળ્યા.

આ મહાનુભાવ રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ તેમ જ ઈન્ટરનેશનલ યુનિયન ઑફ આર્કિટેક્ટ્સ જેવી વિશ્વવિખ્યાત સંસ્થાઓનું પ્રમુખપદ સંભાળી રહેલા. વળી, તેઓ આ અરસામાં ગરીબો માટે સસ્તાં અને સારાં રહેણાંકનું નિર્માણ કરવાના એક પ્રકલ્પમાં વ્યસ્ત હતા. તે અંગે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા અહીં આવતાં પહેલાં તેઓએ દિલ્હીના અક્ષરધામની પણ મુલાકાત લીધેલી.

એ સમયે તેઓને જે અનુભવાયેલું તે અત્યારે જણાવતાં આ અંગ્રેજ મુરબ્બીએ શરૂઆત જ 'Just wonderful...!' – 'એકદમ અદ્‌ભુત !' કહીને કરી. તે પછી આ નિષ્ણાત સ્થપતિએ અહોભાવ ઉચ્ચાર્યો કે –

'હું ગઈકાલે જ અક્ષરધામમાં ગયેલો. મને ત્યાંનું બધું જ ગમ્યું, પણ સૌથી વધુ એ ગમ્યું કે માણસ સ્વીકારી શકે એટલી એમાં ભવ્યતા છે. માણસને અસ્મિતા જાગે, મમત્વ થાય, એવી એની સંરચના છે, એવી એની ખુલ્લી જગ્યાઓ છે. આમ જુઓ તો અક્ષરધામ એટલું મોટું છે છતાં બધું જ પ્રમાણસર છે. ત્યાં જે વસ્તુઓ વાપરવામાં આવી છે, જે રંગ પસંદ કરવામાં આવ્યો છે એ બધું જ અદ્‌ભુત છે ! ભગવાનનું ઘર હોય એ રીતની પસંદગી છે. અક્ષરધામ બહારથી ભવ્ય છે, પણ એના કરતાંયે અંદર એટલું જ ભવ્ય છે. ભગવાન એમાં બેઠા છે એટલે અંદરના ભાગની માવજત પણ એ જ રીતે કરી છે. મારી દૃષ્ટિએ અક્ષરધામ ખૂબ જ સફળ છે.'

આમ, વિશ્વકક્ષાના એક આર્કિટેક્ટની આંખ અને અંતર આજે અક્ષરધામ પર ઓળઘોળ થઈ ગયાં.

અક્ષરધામનું આવું જ કામણ ભારતીય રાજદ્વારી શ્રી બાલકૃષ્ણ શેટ્ટીએ

અનુભવ્યું. તેઓ તો સર્જન જોયા બાદ સર્જક સ્વામીશ્રીને મળવાની ઇચ્છા ન રોકી શકતાં તા. ૨૦/૧ના રોજ દિલ્હીથી ભરૂચ દોડી આવ્યા. સ્વીડનમાં ભારતીય રાજદૂત તરીકે ફરજ બજાવવા જઈ રહેલા તેઓએ અક્ષરધામની અનુભૂતિ વર્ણવી કે 'હું ફક્ત દોઢ કલાક માટે જ અક્ષરધામ જોવાના ઇરાદે ગયો હતો, પણ ત્યાં છ કલાક સુધી રોકાઈ પડ્યો. મને લાગ્યું કે આ ફક્ત મંદિર જ નથી, પણ એક દિવ્ય પ્રેરણા છે. આ એક એવું મૉડલ (ઉદાહરણ) છે કે જેના આધારે દેશ પણ પ્રગતિ કરી શકે. જો આટલું સુંદર મંદિર બની શકતું હોય તો આખો દેશ પણ સુંદર કેમ ન બની શકે ?'

વ્યક્તિનું કાર્યક્ષેત્ર કોઈ પણ હોય, પરંતુ તેને અક્ષરધામ પોતાના ક્ષેત્રના આદર્શરૂપે જણાતું. સ્વામીશ્રીના નિર્માણની આ તે કેવી વિશેષતા !

આવા વૈરાગ્યવંતને જાઉં વારણે

તા. ૨૨/૧ની સવારે જોલવા અને કરાંઠા ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી તા. ૨૩/૧ની સાંજે ભરૂચથી અટલાદરા જવા નીકળ્યા ત્યારે ટ્રાફિકની અડચણ ઘણી કનડવા લાગી. તેથી ઊગરવા ગાડીને હાઈવે છોડી અંતરિયાળ રસ્તે લેવામાં આવી. આ માર્ગે ઈંટોલા થઈને અટલાદરા પહોંચતાં વચ્ચે ફરજિયાતપણે ચાણસદની ભાગોળ આવે જ. તેથી અહીં તો ખુશીનું વાતાવરણ સર્જાઈ ગયું. અલ્પ સમયની જાણમાં પણ ખાસ્સી ભીડ પાદરમાં જામી ચૂકી.

તે સૌએ ગામના નાકે સ્વામીશ્રીને પ્રચંડ જયકારથી વધાવ્યા. જો કે સ્વામીશ્રી તો ઢળેલાં નેત્રે જ બેસી રહ્યા. તેઓની ગાડીની સામે જ ગામનું પ્રાસાદિક તળાવ હિલોળતું હતું. તેના તીરની સમીપમાં હનુમાનગઢી દૃષ્ટિગોચર થતી હતી. નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરનું સકળશ શિખર પણ જોઈ શકાતું હતું. સંસ્થા દ્વારા ગામના ગોંદરે ખડાં થયેલાં શાળા અને આરોગ્ય કેન્દ્રનાં સંકુલોયે નજરે ચડી રહ્યાં.

પરંતુ આ સઘળું સહયાત્રીઓની દૃષ્ટિમાં આવ્યું, સ્વામીશ્રીની નહીં. તેથી સહપ્રવાસીઓએ ચાણસદની આ ધન્ય ધરા તરફ સ્વામીશ્રીનું ધ્યાન ખેંચવા ઘણો પ્રયાસ કર્યો, પણ સ્વામીશ્રી તો ગામ ભણી નજર સુધ્ધાં કર્યા વિના ભજનમાં જ લયલીન રહ્યા.

આ નિઃસ્પૃહભાવથી અટલાદરા પધારેલા તેઓના વરદહસ્તે અત્રે

તા. ૨૮/૧ની સવારે વીરમગામ અને નેનપુરનાં મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. તેની સાથે ધોળકાના મંદિરમાં વિરાજમાન થનારા ઠાકોરજીની ચલમૂર્તિનું પણ પૂજન કરવામાં આવ્યું.

ખપે નહીં આરામ તમોને

આ અરસામાં સ્વામીશ્રીને પીડી રહેલા કેડના દુખાવાને નાથવા તબીબોએ એકધારું ઝાઝું ન બેસવા સલાહ આપેલી. તેથી કલાક - દોઢ કલાક બાદ સ્વામીશ્રીને પાંચેક મિનિટ માટે ખુરશીમાંથી ઊભા કરવામાં આવતા, જેથી એક જ મણકા ઉપર દબાણ ન આવે, પરંતુ આ રીતે ઊભાં ઊભાં પણ સ્વામીશ્રી પત્રો વાંચવા કે તેના ઉત્તરો લખાવવાની કાર્યવાહી ચાલુ રાખતા.

આ પ્રયોગને પંદરેક દિવસ વીત્યા ત્યાં અહીં અટલાદરામાં સ્વામીશ્રી બોલ્યા કે 'ઊભા રહીએ ત્યારે પણ કેડમાં બંને બાજુએ દુઃખે છે.'

તેઓના આ બયાનના આધારે ચાલેલી ચર્ચામાં નિર્ણય એવો થયો કે 'કલાકેક બેઠા પછી થોડી વાર પલંગ પર સૂવું, જેથી કેડ ઉપર આવેલું ભારણ હળવું થાય.'

સ્વામીશ્રીએ તેમ કરવા માંડ્યું, પણ સૂતાં-સૂતાંયે તેઓએ પત્ર અને ફોનનાં કાર્યો તો ચાલુ જ રાખ્યાં. જેમ આકાશી ફેરફારોથી અસ્પૃશ્ય રહેતો સૂર્ય ચોવીસેય કલાક પ્રકાશતો રહે છે, તેમ ઊભવું, બેસવું, સૂવું એમ પલટાતી શારીરિક પરિસ્થિતિ વચ્ચે સ્વામીશ્રી સતત સેવારત રહેતા.

બધું સરખું થઈ ગયું છે

આ સમયગાળામાં સ્વામીશ્રીનો ઘટેલો આહાર અવારનવાર વાતચીતનો વિષય બની બેસતો. ખાસ કરીને ભોજનસત્ર વખતે આ મુદ્દો ઘણી વાર ચર્ચાતો.

તે ક્રમમાં અટલાદરા મુકામે પણ એક વાર સંતોએ સ્વામીશ્રીને કહ્યું : ''શાસ્ત્રીજી મહારાજ આપને કહેતા કે 'કાંડું બહુ પાતળું છે.' અત્યારે આપે ખોરાક ઓછો કર્યો તો હવે શાસ્ત્રીજી મહારાજની ફરી જરૂર છે કે તેઓ આવું કહે.''

શાસ્ત્રીજી મહારાજનું નામ આવતાં જ સ્વામીશ્રીનો ચહેરો વિશેષ ચમકી ઊઠ્યો અને તેઓ સામેથી જ ગુરુસ્મૃતિ કરતાં બોલ્યા : ''તે ઘડીએ બાવડું પાતળું હતું, એટલે કહેતા કે 'આવું બાવડું ન જોઈએ. ચોળાની ફળી

હોય એવું જોઈએ.' તેઓ જમાડવામાં ઘણું ધ્યાન રાખતા, પણ હવે ભૂખ લાગતી નથી.'

છતાં સ્વામીશ્રી કંઈક અંગીકાર કરે તે હેતુસર તા. ૨૯/૧ની રાત્રે સંતોએ પૂછ્યું: 'બાપા! આપને કઈ ખીચડી ફાવે? વઘારેલી કે સાદી?'

'બધું સરખું થઈ ગયું છે. સ્વાદ જ જતો રહ્યો છે.' સ્વામીશ્રી બોલ્યા.

જો કે આવા નિઃસ્વાદી તેઓ તા. ૩૧/૧ના રોજ આવેલી યજ્ઞપુરુષ જયંતીએ ગુરુભક્તિનો સ્વાદ બરાબર માણી રહ્યા. આ દિવસે સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં શયનાધીન શાસ્ત્રીજી મહારાજની નૂતન મૂર્તિનું સિંહાસન સહિત પૂજન કર્યું. આ સમયે એકદમ ભાવાવેશમાં આવી ગયેલા તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા: 'અહીંની સ્મૃતિ ખરેખરી છે!'

ગુરુસ્મૃતિનો આ આનંદ તેઓએ આજની વસંત પંચમીએ સમૈયામાં ઊમટેલા અઢાર હજારથી વધુ હરિભક્તોને પણ હોંશે હોંશે વહેંચ્યો.

મહુવામાં મોટા મંદિરનાં મંડાણ

તા. ૧/૨ની સવારે અટલાદરા મુકામે સ્થાનિક છાત્રાલયનો રજત જયંતી મહોત્સવ અને મહુવાના શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસનો સંગમ સર્જાઈ ગયેલો. તેમાં પ્રથમ ખાતવિધિની ધારામાં અવગાહન કરતાં સ્વામીશ્રી મંદિરના સભામંડપમાં પધાર્યા. અત્રે નિર્માણાધીન મંદિરના ગર્તમાં મુકાનારી શિલાઓ ગોઠવાયેલી. તેમાંની મુખ્ય શિલા પર ઠાકોરજી પણ બિરાજેલા. તેઓની સંનિધિમાં સ્વામીશ્રીએ પ્રત્યેક શિલાના ક્રમાનુસાર પૂજન બાદ આ અવસરે ઉપસ્થિત થયેલા મહુવાના હરિભક્તો પર પ્રસન્નતા વરસાવી કે 'સર્વોપરી મંદિર થશે. બધાને અંતકાળે મહારાજ તેડવા આવશે.'

આ અભય વરદાન સાથે તેઓએ આજે સુરતના મંદિરમાં બિરાજમાન થનારા હનુમાનજી અને ગણપતિજીને પણ પ્રતિષ્ઠિત કર્યા. તે પછી પ્રાતઃપૂજામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં મહુવાના મંદિરના પાયામાં પ્રસ્થાપિત થનારા નિધિકુંભને પૂજ્યા. ભગતજી મહારાજના સ્થાનમાં નિર્માણ પામી રહેલા મંદિરના આરંભની આ વેળાએ તેઓ એટલા ઉમંગમાં હતા કે તેઓએ નિધિકુંભ લાવનારા સદ્‌ગુરુ સંતો અને કાર્યવાહક સંતોના શિરે પણ પુષ્પ પધરાવી સૌને સન્માન્યા.

આ રીત અનુસાર તેઓ આજે સાયંકાળે યોજાયેલા છાત્રાલયના રજત

જયંતી મહોત્સવમાં ઉપસ્થિત થયા. ઉત્સવોની આ પરંપરામાં તા. ૨/૨ની સવાર પણ એક સ્વર્ણિમ સ્મૃતિ લઈ આવી. અત્રે થયેલી શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલાને આજે ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોવાથી ઉત્સવના મૂળ સ્થળે જ લીંબડા તળે તુલા ઊભી કરવામાં આવેલી. તેના એક પલ્લામાં બિરાજમાન શાસ્ત્રીજી મહારાજની સામેના ત્રાજવે સ્વામીશ્રીએ સ્વહસ્તે સાકર પધરાવી ગુરુહરિને તોળ્યા.

તે સમયે છ દાયકા પૂર્વેના એ સુવર્ણકાળમાં સરી પડતાં તેઓ બોલવા લાગ્યા : 'આ લીમડા આગળ જ સભા થઈ હતી. પાછળ કૂવો હતો અને મંદિર તરફ મુખ આવે એ રીતે સભામંડપ ગોઠવાયો હતો. ડાબી બાજુએ જ્યાં અત્યારે સભામંડપ છે ત્યાં સુવર્ણતુલા ગોઠવવામાં આવી હતી. એ પણ મંદિર તરફ મુખ આવે એ રીતે ગોઠવાયેલી હતી. અત્યારે સભામંડપ છે ત્યાં પહેલાં જૂનું છાપરું ઢાળિયા જેવું હતું. લોકો એટલા બધા આવ્યા હતા કે છાપરા ઉપર ચડી ગયેલા અને ઝાડ ઉપર ચડીને પણ દર્શન કરતા હતા.'

આ આબેહૂબ વર્ણન દ્વારા ભવ્ય અતીતને સૌની નજર સામે રમતો કરી આપતા સ્વામીશ્રીએ તા. ૩/૨ની સવારે જેસીંગપુરા અને અંટોલીનાં મંદિરની મૂર્તિઓ તથા ન્યૂયોર્કમાં બિરાજનારા નીલકંઠવર્ણીનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યો.

આ જ દિવસે તેઓને મળવા જ્યોતિર્મઠના શંકરાચાર્ય પૂજ્ય માધવાશ્રમજી મહારાજ આવી પહોંચ્યા. માત્ર સ્વામીશ્રી સાથેની મુલાકાતના હેતુસર જ રાજકોટથી અહીં સુધીની ખેપ ખેડનારા આ ધર્માચાર્ય સ્વામીશ્રીને મળતાંવેંત બોલ્યા : 'आपको मिलने की बहुत इच्छा थी। दिल्ली के अक्षरधाम की ख्याति बहुत सुनी है।'

એક પૂજનીય ધર્મગુરુનો આ ઉદ્‌ગાર સ્વામીશ્રીના વિશ્વવ્યાપી યશનો પડઘો પાડી રહ્યો.

સંપીને કામ કરો એમાં અમારો રાજીપો

તા. ૫/૨ની સવારે સ્વામીશ્રી અભિષેક મંડપમાં પહોંચ્યા ત્યારે અહીં ઊભેલા પારસી મુમુક્ષુ શ્રી વાડિયા ત્રણ દિવસ પૂર્વે સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન પામેલાં. તે વખતે સ્વામીશ્રી બોલેલા : 'હું તારી સાથે જ છું. તું મને મળી જજે.' આ રીતે લગભગ એક કલાક સુધી દર્શન અને વાર્તાલાપ ચાલતો રહેલો.

આવા અનુભવમાંથી પસાર થયેલી ઘણી વ્યક્તિઓ સ્વામીશ્રી પાસે આવતી. જેને અગાઉ કદીયે સંસ્થા, સંપ્રદાય કે સ્વામીશ્રીનો લેશ પરિચય ન હોય તેને પણ સ્વામીશ્રીનું દર્શન સ્વપ્નમાં લાધતું અને તેઓ સ્વામીશ્રીનાં ચરણે આવી પડતા.

આ રીતે આજે દોડી આવેલા પેલા પારસી ભાવિકને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સીધું જ પૂછ્યું : 'તમે વેજિટેરિયન (શાકાહારી) છો ?'

'ના, સ્વામીજી ! હું માંસ ખાઉં છું.'

'તો આજે અહીં ઠાકોરજીનાં દર્શન કર્યાં છે ને સ્વપ્નમાં પણ દર્શન દીધાં છે, તો ભગવાનને ન ગમે એ ન કરવું. માટે વેજિટેરિયન રહેજો. વેજિટેરિયન વાનગીઓ ઘણી છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ વાર્તાલાપ સાંભળી સૌ વિચારી રહ્યા કે એક જીવને સદાચારના માર્ગે ચડાવવા જ સ્વામીશ્રીએ તેઓને સ્વપ્નમાં દર્શન દીધાં હશે કે શું ?!

આમ, અજાણ્યાને પણ અહિંસાનો એકડો ઘૂંટાવતા સ્વામીશ્રી તા. ૬/૨ની સવારે મુલાકાતોમાં વ્યસ્ત થયા ત્યારે એક વિદેશી ભક્ત આવ્યા. સેવામાં સમર્પિત આ સત્સંગી પોતાના ઉપરી કાર્યકરો સાથે કામ કરવામાં સુમેળ સાધી શકતા નહોતા. આ બાબતે તેઓએ આજે ઉકળાટ કાઢ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સૌનો જે નિર્ણય હોય એ પ્રમાણે જ કરવું, ભલે તમે સાચા હો કે તમારી વાત સાચી હોય.'

'મારે તો આપ રાજી થાવ એ જ કરવું છે.'

'અમે તો રાજી એ જ કે સંપીને કામ કરો. તમારી વાત સાચી હોય, પણ હેત-પ્રીત થયા વગર એ વાત મુકાય નહીં અને કરાય પણ નહીં. હેત-પ્રીત થશે તો કામ થશે. માટે સંપીને કામ કરો એમાં અમારો રાજીપો છે.' સ્વામીશ્રીએ સિદ્ધાંત ભણાવી દીધો.

બ્રાહ્મમુહૂર્તના વેદમંત્રો

તા. ૬/૨ના રોજ ઉકાઈના મંદિર માટેની ચલમૂર્તિને પુષ્પ-ચંદનથી પૂજ્યા બાદ સ્વામીશ્રી તા. ૮/૨ની સવારે મુંડનનું નૈમિત્તિક કર્મ કરવા બિરાજ્યા. તે વખતે સામે ગોઠવાઈ ગયેલા દર્શનાર્થી સંતોને જરાયે ખ્યાલ નહોતો કે તેઓ આજે જ્ઞાનગંગાના ઘાટે આવીને બેઠા છે, પરંતુ થોડી વારમાં શરૂ થયેલા 'પ્રકાશ' સામયિકના પાઠમાં શાસ્ત્રીજી મહારાજની વ્યાવહારિક

કુશળતાના પ્રસંગો આવવા માંડ્યા. આ વિષય સ્વામીશ્રીની માલિકીનો અને શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીના માણીગર. તેથી વંચાતા વાક્યે-વાક્યે સ્વામીશ્રીના મુખેથી પ્રેરણા-પ્રવાહ સરવા લાગ્યો.

તે ક્રમમાં 'પ્રકાશ'ના પાને શાસ્ત્રીજી મહારાજનો ઉદ્‌ગાર આવ્યો કે –

'અક્ષર-પુરુષોત્તમની સેવા કરતાં દેહ પડે તો તે સાર્થક થયો કહેવાય.'

આ સાંભળી સ્વામીશ્રી તરત બોલ્યા : 'હં... ઓરસિયામાં હોય એમ દેહ ઘસી નાખવાનો છે. જે વખતે જે મળ્યું, એ વખતે તે કરી લેવું ને ચલાવી લેવું. સુખ આવે કે દુઃખ, પણ પાર પડી જવાનું છે. આપણે સત્પુરુષમાં બંધાવાનું છે, બીજા કોઈમાં નહીં.'

વળી, શાસ્ત્રીજી મહારાજનું વધુ એક વાક્ય વંચાયું :

'આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ શ્રીજીમહારાજ કર્તા-હર્તા છે એમ સમજશું તો...'

આ વિષયમાં પણ સ્વામીશ્રી પારંગત. તેથી તેઓના અધરેથી અનુભવામૃત વહેવા લાગ્યું :

''હા, કોઈ ક્રિયાના ધણી ન થાય તો પછી વળગે શું ? આ હાલ્યા ઝોળી-પત્તર લઈને ! શાસ્ત્રીજી મહારાજે કેવી સમતા રાખીને કાર્ય કર્યું ! આ આપણે ખાસ સમજવાનું છે. પ્રસંગ આવે ત્યારે સમજણ રહેવી જોઈએ કે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધાને આ થયું છે, તો આપણે પણ સહન કરી લેવું જોઈએ અને કર્તા ભગવાનને માનવા જોઈએ. આપણે તો બાદશાહ ત્યાં બજાર ! આજ્ઞાથી જ્યાં જઈએ ત્યાં પાર પાડવાનું. ખેતી કહે તો ખેતી કરવાની, રસોડામાં જઈએ તો રસોડું, ગામડે જવાનું કહે તો ગામડે; જ્યાં જઈએ ત્યાં સેવા જ કરવાની છે ને !

કર્તા ભગવાનને માને પછી માથે ભાર રહે ખરો ? 'મેં આમ કર્યું' એમ થઈ જાય તો પછી દુઃખ ઊભાં થાય, ઉપાધિ ઊભી થાય. પણ થયું કે ન થયું – એ એમની ઇચ્છાની વાત છે. કામ થયું તોય ભલે ને ન થયું તોય ભલે ! ભગવાનની ઇચ્છા માને તો હળવાફૂલ રહેવાય. શાસ્ત્રીજી મહારાજને જુઓ ને ! આટલી મુશ્કેલીમાં આનંદ, આનંદ ને આનંદ જ હતો.''

સ્વામીશ્રીના આ અસ્ખલિત વાક્પ્રવાહમાં તણાયેલા સંતોએ કહ્યું : 'સ્વામી ! અમે તો શાસ્ત્રીજી મહારાજને જોયા નથી, પણ આપના જીવનમાં આ વાત જોઈ છે.'

'એની આગળ તો આપણે કંઈ નથી. એમણે કેટલી મુશ્કેલીઓ સહન કરી! સહન જ કર્યું છે.' ગુરુના આ મહિમાનો જ વિસ્તાર કરતાં સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'આપણે તો એવા કોઈ પ્રશ્નો છે જ નહીં, જાહોજલાલી છે. તોય કંઈક આવે તો સહન કરતાં શીખવું. અંદરોઅંદર ક્યાંક મનદુઃખ થાય ને મૂંઝાઈ જઈએ, પણ શાસ્ત્રીજી મહારાજની સામે જુઓ. અંદરની ને બહારની ઉપાધિ થાય તોય સહન કરતાં શીખવું જોઈએ. ભેગા રહો એટલે એકબીજાનો મહિમા સમજાય નહીં. 'પેલો આવો છે ને તેવો છે' એમ થઈ જાય; પણ 'ભગવાન કર્તા છે ને જે કર્યું એ સારું જ છે' એમ માનીએ પછી દુનિયામાં ગમે ત્યાં જાવ, શાંતિ જ રહે.'

'બાપા! આપે કહ્યું કે ભગવાન કર્તા છે અને તેઓ જે કરે એ સારા માટે હોય, પણ હમણાં એક જગ્યાએ આપના ફોટા બાળ્યા, એમાં અમારે કઈ રીતે સમજણ રાખવી?'

'એણે જે કર્યું એ! એમાં આપણને ક્યાં ડાઘ લાગી ગયો છે? એમાંય 'ભગવાન કર્તા છે' એમ માનવાનું.'

'પણ એમાં સારું શું થયું?'

'આપણે આ જ શીખવાનું છે કે આવા પુરુષો તો સંપૂર્ણ હતા તો પણ એમને સહન કરવાનું થયું છે. શાસ્ત્રીજી મહારાજ માટે ક્યાં ઓછું લખ્યું'તું? પણ એમનું કાર્ય ચાલુ રહ્યું અને લખનારા રહી ગયા.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, આજે તેઓની અમૃતધારા બ્રાહ્મમુહૂર્તના વેદમંત્રોની જેમ વહેતી રહી. એક તરફ સ્વામીશ્રીના કેશ ઊતરતા રહ્યા, બીજી તરફ સૌના ક્લેશ ઓગળતા રહ્યા.

આપણે તો ભગવાનની ભક્તિ થાય એ અગત્યનું

આ અરસામાં તબીબોની સ્વામીશ્રીને સલાહ હતી કે 'આપે સભામાં પાંચેક મિનિટ જ પ્રવચન કરવું.'

પરંતુ સ્વામીશ્રી આવી મર્યાદાની માયામાં કદી ફસાય? તેઓ તો આશીર્વાદ આપવાના શરૂ કરે એટલે પંદર-પચીસ મિનિટ સુધી વણથંભ્યા વરસતા જ રહે. આવો જ કંઈક ઘાટ તા. ૮/૨ની રવિસભામાં ઘડાયો.

આજે અહીં ઊજવાઈ રહેલી શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલાની

સ્મૃતિ-સભામાં સ્વામીશ્રી અમૃતધારા વહાવવા માંડ્યા, પણ તેઓનો કંઠ તેઓના ઉત્સાહ સાથે કદમ મિલાવી ન શકતાં અધવચ્ચે જ ઉધરસ ઊપડી. તેથી સ્વામીશ્રીને જળ ધરવામાં આવ્યું. તેનું પાન કરતાં તેઓએ મધુર સ્વરમાં ખોંખારો ખાઈ ગળું સાફ કર્યું, પુનઃ પાણી પીધું અને વક્તવ્ય આગળ વધારતાં બોલ્યા : 'હવે તો આ શરીરના ભાવ એવા થયા છે કે ઘણું કહેવું હોય તો પણ એ થાય નહીં, પણ આપણે તો ભગવાનની ભક્તિ થાય એ અગત્યનું. પછી જેવું બોલાય ને જેવું સંભળાય એવી રીતનું. આપણે તો ભગવાનને રાજી કરવા આવ્યા છીએ.'

કથા કરવા પાછળ સ્વામીશ્રીનો ઈરાદો આવો શુદ્ધ રહેતો. તેથી જ તો પોતાની સીધી-સાદી વાણી દ્વારા પણ તેઓ વાચાળ કથાકારો કરતાંય ઘણું અધિક કાર્ય કરી ગયા.

આ શૈલી સાથે આજે આશીર્વર્ષા કર્યા બાદ સ્વામીશ્રી કાર્યક્રમના ભાગરૂપે શાસ્ત્રીજી મહારાજનો તુલાવિધિ કરવા ઊભા થયા. તેઓને એક ત્રાજવે પધરાવેલી શાસ્ત્રીજી મહારાજ અને ઠાકોરજીની મૂર્તિના સામે પલ્લે પ્રતીકરૂપે સાકરની એક-બે કોથળીઓ મૂકી સભામાંથી વિદાય લેવાની હતી, પરંતુ સ્વામીશ્રી તો પોતાની સમક્ષ ધરેલી ટોપલીમાં જેટલી કોથળીઓ ભરેલી તે એક-એક લઈને પલ્લામાં પધરાવવા જ માંડ્યા. જાણે શાસ્ત્રીજી મહારાજ હાજરાહજૂર બિરાજતા હોય અને તેઓને તોળવાનો લાભ પોતાને મળ્યો હોય તેમ તેઓએ બધી જ કોથળીઓ ત્રાજવામાં મૂકી દીધી. ત્યારબાદ સ્વામીશ્રીએ આ લાભ સભામાં ઉપસ્થિત તમામને અપાવવા જણાવ્યું. તે દ્વારા પ્રતીક ઉત્સવને પણ અસલ જેવો બનાવી તેઓએ સભામાંથી પ્રસ્થાન કર્યું.

ભક્તિ માટે છે દેહ એમ જાણ્યું

તા. ૧૦/૨ની સાંજે સ્વામીશ્રી દિલ્હી જવા વડોદરાના હરણી હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે અત્રે સત્તર બેઠકોનું નાનકડું વિમાન તેઓની પ્રતીક્ષા કરી રહેલું. તેમાં બેસવાની સાનુકૂળતા રહે તે માટે સ્વામીશ્રી સમક્ષ ફૂટરેસ્ટ ગોઠવી તે પર તેઓનાં ચરણ લંબાવવામાં આવ્યાં, પરંતુ સામે જ ઠાકોરજી પધરાવેલા હોવાથી સ્વામીશ્રીએ ઠાકોરજીને લઈ લેવા ઈશારા દ્વારા સૂચના આપી. ભક્તિની આ પાંખે સવાર થઈ તેઓ રાત્રે પોણા નવ વાગ્યે અક્ષરધામના આંગણે આવી પહોંચ્યા.

આ સમયે અહીં સર્વત્ર ઠંડીનું સામ્રાજ્ય વર્તાઈ રહેલું. તેમાંય જાણે હમણાં વરસાદ ત્રાટકશે એવી વાદળોની ઠઠ આકાશની અટારીએ જામેલી. એ વાદળોના થરની પેલે પાર દેખાતો તા. ૧૧/૨ની સવારનો સૂર્ય પણ 'ચંદ્ર છે કે શું?' તેવો ભાસ જન્મે એવો ઝાંખો જણાતો હતો. ઠંડીને હટાવનારું આ એક પરિબળ પણ સ્વયં ઠરી જતાં સ્વામીશ્રીને ઉતારેથી મંદિરે દર્શન માટે લઈ જવાનું વધુ વિકટ બન્યું. તેમાં રસ્તો કાઢવા પ્રથમ તો વ્હીલચેરમાં બિરાજેલા તેઓને શાલ-ધાબળામાં ઢબૂરી દેવામાં આવ્યા. આ રીતે ઠંડી આંટા મારતી ફરે તેમ ગરમ વસ્ત્રમાં ગોટમોટ થયેલા સ્વામીશ્રીને સુસવાટાબંધ ફૂંકાતા ઠંડા પવનથી બચાવવા પારદર્શક પ્લાસ્ટિકની મોબાઇલ કેબિન બનાવી દેવાઈ. તે દ્વારા સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા.

પરંતુ અહીં તેઓની ભક્તિએ તેઓને ઠરવા ન દીધા. સ્વામીશ્રીએ વ્હીલચેરમાંથી ઊભા થઈ દર્શન કરવાની ઇચ્છા જણાવી, પણ આ માટે સંતો ત્રણ કારણોસર રાજી ન હતા.

પ્રથમ તો સ્વામીશ્રી ખુરશીમાંથી ઊભા થાય તો ઠંડીથી બચવા કરેલો બંદોબસ્ત વિખાઈ જાય તેમ હતો. વળી, શરદીનેય સ્વામીશ્રીનો સહવાસ ફાવી ગયો હોય તેમ અટલાદરામાં માંડ માંડ અળસાવેલી તે દિલ્હી આવતાં જ સ્વામીશ્રીને વળગી પડેલી. તે વધુ જોર ન કરે તેની તકેદારીરૂપે સ્વામીશ્રીના વક્ષઃસ્થળ પર નીલગીરીનું તેલ ચોપડવામાં આવેલું. તેની સાથે નીલગીરીની સુગંધ અનુભવાતી રહે તે માટે છાતી અને ગરદનના ભાગ પર નીલગીરીના તેલથી સુવાસિત ટિસ્યૂ પેપર મૂકી તે પર ગાતરિયું વાળી દેવામાં આવેલું. જો સ્વામીશ્રી દર્શન માટે ઊઠ-બેસ કરે તો આ વ્યવસ્થા પણ ખોરવાઈ જાય એમ હતી.

ત્રીજું, આજે ઉતારામાં જ પ્રાતઃપૂજા કરી મંદિરે દર્શન માટે આવતાં પૂર્વે સંતોએ સ્વામીશ્રીને હૃદયરોગ સંબંધી ગોળી લઈ લેવા કહેલું; પરંતુ તે વખતે ઠાકોરજીનાં દર્શન બાકી હોવાથી સ્વામીશ્રીએ ગોળી ગળવા ધરાર ઇન્કાર કરતાં સૌએ સમજાવેલું કે 'આ ગોળી હૃદય માટે અગત્યની છે. એમાં પણ આવી ઠંડીમાં જોખમ ન લઈએ તો સારું અને પૂજામાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન તો થઈ જ ગયાં છે.'

વજૂદવાળી આ વાત હતી, છતાં તે સ્વામીશ્રીના ગળે નહોતી ઊતરી અને તેઓ ઔષધ લીધા વિના દર્શન માટે દોડી આવેલા. આવા સંજોગોમાં

વ્હીલચેરમાંથી ઊભા થઈ ત્રણેય ખંડોમાં ફરવું તે ઠંડીની સાથે સ્વાસ્થ્યની રીતે પણ હિતાવહ ન જણાતાં સ્વામીશ્રી બેઠાં બેઠાં જ દર્શન કરે તેવો આગ્રહ સૌ સેવી રહેલા.

પરંતુ કોઈ વિનંતીને તાબે ન થતાં સ્વામીશ્રીએ ઊભા થઈને જ દર્શન કર્યાં. તેઓની આ ભક્તિ સૌને ખરેખરી હૂંફ પમાડી ગઈ.

બ્રહ્માંડના સ્રષ્ટાની ભોળપ

તા. ૧૨/૨ની સવારે સ્વામીશ્રીનાં દર્શને આવેલા શ્રી રાજેન્દ્ર પચૌરીના ચેરમેનપદ હેઠળ કાર્યરત IPCC સંસ્થાને બે વર્ષ પૂર્વે શાંતિ માટેનું નોબેલ પારિતોષિક સંયુક્તરૂપે મળેલું. વળી, એક નિષ્ણાત પર્યાવરણવિદ્ હોવાને નાતે શ્રી પચૌરીએ સ્વામીશ્રી સમક્ષ વૈશ્વિક પ્રશ્નોની વિશદ છણાવટ કરી. તેની સાથે તેઓએ અક્ષરધામની અનુભૂતિ વર્ણવતાં પણ કહ્યું : 'आपने इतनी सुंदर जगह बनाई है कि इसके लिये मेरे पास शब्द नहीं है। प्रेरणा देनेवाली ऐसी कोई जगह भारत में नहीं है। मैं आपकी पूजा करता हूँ।'

અત્રે દિલ્હીમાં સ્વામીશ્રી પાસે આવતા પ્રત્યેક મહાનુભાવના અભિપ્રાય આ ગોત્રના જ રહેતા.

તેના અનુસંધાનમાં આજની રાત્રે ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને જણાવ્યું : 'આપે અક્ષરધામ કર્યું એમાં ગામોગામ 'સ્વામિનારાયણ ભગવાન થયા' એ વાત પહોંચી ગઈ.'

'જોગી મહારાજનો સંકલ્પ બળિયો છે ને ! એને કારણે આ થયું.' સ્વામીશ્રી પાસેથી અપેક્ષિત પ્રતિભાવ જ મળ્યો.

તેઓની આ નમ્રતા તા. ૧૭/૨ની સવારે એક આગવા રૂપમાં જોવા મળી. આ સમયે અક્ષરપ્રેમદાસ સ્વામી કાષ્ઠમાંથી કંડારેલી જાળીદાર ગજરાજની કલાકૃતિ સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. આ રચનાની વિશેષતા એ હતી કે એક હાથીના શરીરમાં બીજો નાનો હાથી દેખાઈ રહેલો. એક જ લાકડામાંથી કોતરેલી આ આકૃતિને ધારી-ધારીને નીરખ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા : 'આપણને આવું ન ફાવે.'

'આખા બ્રહ્માંડની રચના આપે કરી તો આ તો ફાવે જ ને !'

'બ્રહ્માંડની રચના કરી, પણ આવું ન આવડે !' સ્વામીશ્રીએ જણાવ્યું.

અહો ! બ્રહ્માંડના સ્રષ્ટાની આ તે કેવી ભોળપ ! જો કે તેમાં મોહ પામી

કોઈ ભ્રમણાની ખાણમાં ન પડ્યું.

अक्षरधाम भगवान का विराट स्वरूप है

તા. ૧૮/૨ની સવારે અક્ષરધામનાં દર્શને આવેલા દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ પૂજ્ય વિમલાનંદજીએ સ્વામીશ્રીને મળતાં જ વાત માંડી કે – 'अक्षरधाम अवर्णनीय है। मानो भगवान का साक्षात् विराट स्वरूप हो ऐसा प्रतीत होता है। मेरे लिये ये याद जीवनभर की है। आँख मीचेंगे तब भी तादृश हो जायेगा। ऐसा मैंने कभी नहीं देखा।'

આવું અવર્ણનીય અક્ષરધામ તા. ૨૨/૨ની સાંજે સ્વામીશ્રીની નિરીક્ષણ-યાત્રાથી ધન્ય બન્યું. આજે રવિવાર હોવાથી પરિસરમાં માનવ-મેદની ઘણી ઊમટી હતી. તેઓને પણ સ્વામીશ્રીનાં દર્શન અનાયાસે લાધી જતાં સૌ માટે લાભનું આભ ઊઘડી ગયું. આ અનુભવ સ્વામીશ્રી સભામાં પધારતાં જ અહીં ઉપસ્થિત દિલ્હી ઉપરાંત હિમાચલ પ્રદેશ, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર અને છેક નેપાળથી લાભ લેવા ઊમટેલા ભક્તો પણ કરી રહ્યા.

આ મુમુક્ષુઓને અમૃતધારાથી ભીંજવી સ્વામીશ્રીએ તા. ૨૩/૨ની સવારે પુનઃ અક્ષરધામ સ્મારકને પાવન કર્યું. આ વખતે તેઓએ ૧૫૧ પવિત્ર નદીઓનાં જળથી ભરેલા કળશને બે હાથે પકડી અભિષેક કરતા હોય તેમ નારાયણ સરોવરમાં ઠાલવ્યો. તે દ્વારા આ જળરાશિને પુનઃ તીર્થત્વ આપી સ્વામીશ્રીએ તા. ૨૫/૨ની સાંજે અક્ષરધામના અન્ય કેટલાક સેવાવિભાગો નિહાળ્યા.

આ સમયે નૌકાવિહાર દ્વારા વૈદિક સંસ્કૃતિનું દર્શન કરી રહેલા તેઓને એક સંતે કહ્યું: 'અહીં આવનારા કેટલાક એમ કહે છે કે તમે તમારા ભૂતકાળને જ ગા ગા કરો છો.'

'તમારે વાત કરવી કે ભૂતકાળની ભવ્યતા સમજાશે તો જ ભવિષ્યકાળ ભવ્ય થશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે દ્વારા તેઓએ ઉજ્જ્વળ ભવિષ્યની એક દિશા ખોલી આપી.

અક્ષરધામના પથ્થરો પણ ભગવાનની પ્રસાદી

તા. ૨૭/૨ની સવારે સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે

અમેરિકાથી આવેલા કેટલાક સંતો દર્શન માટે બેઠા હતા. તેઓએ પરદેશની સત્સંગ પ્રવૃત્તિનો ચિતાર આપવાનો શરૂ કર્યો ત્યારે તેઓ પૈકીના એકે ચિંતા પણ વ્યક્ત કરી કે 'બાપા! અત્યારે અમેરિકામાં મંદી બહુ છે. આપનાં પગલાં ત્યાં થાય તો મંદી જાય.'

આ સાંભળી સંતો તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ બધાં પગલાં જ છે ને!'

'પણ આપ ત્યાં પધારો તો આપનું સ્વાસ્થ્ય સારું રહે અને આપની તબિયત સારી રહે તો બધાની તબિયત સારી રહે.'

'બધાની તબિયત સારી રહે તો અમારી તબિયત સારી રહે.' સ્વામીશ્રી બોલ્યા.

સમાજની વેદના અને સંવેદના સાથે આટલી પ્રગાઢતાથી જોડાયેલા તેઓની મુલાકાત માટે અત્રે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના કંઈક અગ્રણીઓની આવન-જાવન સતત ચાલુ રહેતી.

આ ક્રમમાં રમતવીરો, સરકારી સચિવો, સાહિત્યકારો, રાષ્ટ્રીય બેંકોના ચેરમેનો, ધર્મગુરુઓ, વડી અદાલતના ન્યાયાધીશો, મંત્રીઓ, પ્રબંધકો, સાંસદો, ઔદ્યોગિક માંધાતાઓ, સરકારી નિગમોના અધ્યક્ષો સહિત ઘણા નામી મુરબ્બીઓએ કૃતાર્થતા અનુભવી.

તે દરેકનો સ્વામીશ્રીનાં ચરણે જે એક સર્વસામાન્ય સૂર રહ્યો તેને જ રેલાવતા હોય તેમ તા. ૨૭/૨ના રોજ આવેલા દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી તેજેન્દર ખન્ના બોલ્યા: 'देश का भारी सौभाग्य है कि आपने यहाँ अक्षरधाम बनाया। भारत की ११० करोड़ की जनता के लिये ये गौरव की बात है। दुनिया में जिसका मुकाबला नहीं है ऐसा मंदिर आपने बनाया है। ऐसी संस्था का देश को गौरव होना चाहिए।'

અનેકની આ એક અનુભૂતિનું રહસ્ય ખોલતાં સ્વામીશ્રીએ તા. ૨૮/૨ની સાંજે આયોજિત વિદાય-સભામાં જણાવ્યું કે –

''અક્ષરધામનું સુખ દુનિયાના તમામ માણસો આવીને લે છે. જે આવે તે ચક્કર ખાઈને પડે છે કે 'આ બહુ સરસ છે!' જોતાંની સાથે આનંદ થાય છે, કારણ કે ભગવાનનો સંબંધ છે, પથરા નથી. પથ્થરો પણ ભગવાનની પ્રસાદી થઈ ગઈ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ઇચ્છાથી આવું દિવ્ય ધામ થયેલું છે, તો અહીં સંતો, ભક્તો, સેવકો સેવા કરે છે એના પર

ભગવાન અતિ રાજી થશે.'

આ આશીર્વાદ સાથે દિલ્હીના નિવાસ પર પૂર્ણવિરામ મૂકતાં સ્વામીશ્રી વિચરણમાં આગળ વધ્યા.

એ મને ગમતું નથી

તા. ૧/૩ની બપોરે ત્રણ વાગ્યે દિલ્હીથી ભાવનગર આવી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨/૩ના રોજ એક પ્રસંગના અનુસંધાનમાં સ્વરુચિ પ્રગટ કરી કે 'કથા-વાર્તા ને સત્સંગ સારી રીતે કરાવવાં, પણ વહીવટી માળખું હોય એમાં રહીને કરાવવાં. વહીવટ અથવા તો મંદિરના કામમાં મનસ્વી ન થવાય. પૂછ્યા વગર મનસ્વી થાય એ મને ગમતું નથી.'

આ જ રીતે આજના રાત્રિભોજન વખતે પણ સ્વામીશ્રીના મુખેથી તેઓનો અન્ય એક હૃદગત અભિપ્રાય ઊછળી આવ્યો. આ સમયે તીર્થ-સ્થાનોનાં દર્શનનો અહેવાલ આપતાં એક ભક્તે કહ્યું: 'આજે અમે મહુવાની સાથે સાથે ભાદરોડ, ગોપનાથ પણ જઈ આવ્યા.'

આટલું કહી તેઓએ બાજુમાં બેઠેલા એક સહયાત્રી તરફ નિર્દેશ કરતાં ઉમેર્યું: 'આમને ફક્ત મહુવાનાં જ દર્શન કરવાં હતાં, એટલે તેઓ બીજાં પ્રસાદી સ્થળોએ ગાડીમાં જ બેસી રહ્યા.'

'પણ ત્યાં હું પહેલાં બે વખત જઈ આવ્યો છું, એટલે...!'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એટલે ત્રીજી વાર ન જવાય? સહેજે સહેજે થયું હોય તો જવામાં શું વાંધો હતો? પ્રસાદીનાં સ્થળોનાં દર્શનની શ્રદ્ધા ન હોય તો મોટરને ભાર ન આપવો. બીજાને જવું હોય તેને તક આપવી.'

સ્વામીશ્રી પોતાના ગમા-અણગમા સ્પષ્ટપણે જણાવી દેતા. તેથી મુમુક્ષુને કાર્ય-અકાર્યનો વિવેક આપમેળે સમજાઈ જતો.

કાયમી યાદગીરીનો ઉપાય

તા. ૬/૩ની સાંજે ભાવનગરથી સારંગપુર પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૮/૩ની સવારે મુલાકાતીઓને મળતા હતા. તે વખતે તેઓ પાસેથી માર્ગદર્શન પામી પસાર થઈ ગયેલા લંડનવાસી એક હરિભક્ત થોડા આગળ વધી પુનઃ પાછા વળ્યા અને સ્વામીશ્રી પાસે આવી બોલ્યા: 'યાદગીરી માટે

ફોટો પડાવવો છે.'

'નિયમિત પૂજા કરજો તો અંતરમાં કાયમી યાદગીરી રહેશે.' સ્વામીશ્રીએ શાશ્વત સ્મૃતિની સડક ચીંધી દીધી.

હા, નિત્યપૂજા, અઠવાડિક સભા, ઘરસભા વગેરે તેઓનાં સ્મૃતિ-સ્મારકો છે. તે જે કરે તેને સ્વામીશ્રી જરૂર સાંભરે. એટલું જ નહીં, તેને સ્વામીશ્રી પણ અવશ્ય સંભારે.

આ રહસ્ય સમજાવતા તેઓએ તા. ૯/૩ની સવારે બારેજા તથા કાળી ગામનાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત સીંચ્યું. તે પછી પ્રાતઃપૂજા કરી વ્યક્તિ-વ્યક્તિમાં પણ દિવ્યતા પ્રગટાવવા સ્વામીશ્રી ૭૬ મુલાકાતીઓને મળ્યા.

તેમાં એક યુવાનને જોતાં તેઓએ પૂછ્યું : 'સુખી તો છે ને ?'

તેઓની આ પૂછપરછમાંથી નીતરતો પ્રેમ સૌને ચકિત કરી ગયો, કારણ કે સ્વામીશ્રી જે યુવકની સુખાકારી પૂછી રહેલા તેને તેઓએ વ્યસન છોડવા ૫૦ વખત સમજાવેલો ! તોયે તેણે હજી વ્યસન મૂક્યું નહોતું !!

છતાં આજે ૫૧મી વાર સ્વામીશ્રી એ યુવાનને સમજાવવા લાગ્યા : 'ઝેર થોડું હોય તો પણ ઓછું પીવાય છે ? એમાં તો મર્યા જ સમજો. એમ વ્યસનનું પણ એવું છે. થોડું પણ વ્યસન જોઈએ નહીં. ભજન, સત્સંગ થાય એવાં આયોજનો કરવાં. તારા કુટુંબમાં તું મોટો છે. તું જો વ્યસન કરીશ તો તારી પાછળ તારા નાના ભાઈઓ પણ એમ જ કરશે. એટલે તું સમજ, તો તુંય સુખી થઈશ અને બીજા પણ સુખી થશે.'

કોઈ વ્યક્તિને વ્યસન છોડાવવાના પહેલી વારના પ્રયત્નમાં જે શ્રદ્ધા, ધીરજ અને પ્રેમ હોય તે સ્વામીશ્રીને ૫૧મી વખતના પ્રયાસમાં પણ રહ્યાં ! અણનમ શ્રદ્ધા, અખૂટ ધીરજ તથા અપાર પ્રેમની પોતાની આ ત્રિવેણીમાં લાખોને ઝબકોળી તેઓનાં વ્યસનોનો મેલ ધોનારા હતા સ્વામીશ્રી !

...તો બધાનું મન જીતી શકાય

તા. ૧૧/૩ના રોજ પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલની ઉત્સવ-ધારાઓનો સંગમ સર્જાઈ જતાં સારંગપુરના આંગણે ભક્તોનો પ્રવાહ ઘણો ખળકી રહ્યો. તેની વચ્ચે આસન જમાવી સ્વામીશ્રી આજની સવારે ભક્તોને મળવામાં પરોવાયા.

આ ક્રમમાં આવેલા એક કાર્યક્ષમ અને સેવાભાવી મહાનુભાવ જીભના

આખાબોલા હોવાથી તેઓની આસપાસ અસંતુષ્ટોનું ટોળું વધતું ચાલેલું. તેઓને હિતોપદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"તમે કામ સારું કરો છો અને કર્યું છે એ બધા જાણે છે. તમારા વિરોધીઓયે જાણે છે, પણ સ્વભાવને લીધે ભેદભાવ થતો રહે છે, એટલે વિરોધ થાય. અને એક વખત વિરોધ થાય પછી કોઈ સાચું-ખોટું જોતા નથી. માટે હંમેશાં બધાની સલાહ લઈને આગળ વધવું. બધી જગ્યાએ મળતું રાખવું. બધાને સારી રીતે બોલાવવા-ચલાવવા. એ રીતે કામ કરશો તો કામ આગળ ચાલશે.

વિરોધ થવાનું કારણ આપણાં સ્વભાવ ને પ્રકૃતિ છે. આપણું બોલવામાં જરા એવું હોય એટલે લોકોનો અહં ઘવાય. આપણે ધીરે રહીને વાત કરવી. કામ કદાચ ન કરવું હોય તોય સામાવાળાની વાત બે વખત સાંભળવી, કારણ કે જેની સાથે કામ લઈએ છીએ એ બધાના સ્વભાવ જુદા જુદા હોય. બધા આપણી રુચિ પ્રમાણે ચાલે એવી અપેક્ષા ન રખાય. માટે આપણે જ નમ્રતા રાખીને કામ કરીએ તો બધાનું મન જીતી શકાય. 'બાપની વહુ' કહીએ અને 'મા' કહીએ એમાં કેટલો ફરક છે? એમ વાણીમાં પણ વિવેક શીખવો. બોલવામાં સંયમ આવી જાય તો અડધું કામ થઈ જાય.

જે લોકો વિરોધ કરે છે એ બધાનો વિરોધ ભૂલી જઈને તમે એમની સાથે પણ સારો વર્તાવ રાખશો અને સલાહ લેશો તો એના એ જ લોકો તમને સપોર્ટ કરતાં થઈ જશે. માટે કોઈએ કાંઈ પણ કર્યું હોય એની સાથે આંટી રાખવી જ નહીં.

મીટિંગ વખતે તમે પચાસ ટકા બીજાને બોલવા દો તો બીજા તમારું સાંભળશે. એટલે વ્યવહાર એવો કરો કે વિવાદ નીકળી જાય. બાંધછોડ કરીને પણ કામ કરવું. કોઈની સલાહ લેવામાં આપણે નાના નથી થઈ જતા, ઊલટું આપણી મોટપ વધશે. માટે આ વસ્તુ ધ્યાનમાં રાખવી."

નીતિપ્રવીણ સ્વામીશ્રીની આ વાણી કોઈ પણ એકમને સફળતાના રંગે રંગી દે એમ છે. તેઓ પાસેથી સમાજને કલ્યાણની કળા અને કાર્યની કુશળતા – બંને શીખવા મળતાં.

રચ્યો હૈ અખાડો શ્રી સારંગપુર મેં

તા. ૧૧/૩ની સાંજે યોજાયેલા ફૂલદોલોત્સવની સભામાં ઉપસ્થિત

એક લાખથી વધુ ભક્તોને રંગવર્ષા પૂર્વે પોતાની અમૃતધારાથી ભીંજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"આજની સભાની પણ જય! આજનો સમૈયો મહારાજના સમયથી અહીંયાં ઊજવાય છે. મહારાજના વખતમાં અહીંયાં આ ઉત્સવમાં વાત થયેલી કે *'મહાબળવંત માયા તમારી...'* એ માયાથી આપણે ઘણી રીતે સુખ-દુઃખને પામ્યા છીએ. આપણે પણ માંગીએ કે માયા આપણને નડે નહીં. માયાને તરવા માટે ભગવાનનો આશરો છે. સમુદ્ર તરવો હોય તો નાવમાં પાર ન પહોંચાય, કારણ કે નાવડું કેટલું ચાલે? પણ મોટી સ્ટીમરમાં બેસી જાવ તો આખો દરિયો ફરી વળાય. એમ ભગવાનની મોટી સ્ટીમર છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પુરુષ મળ્યા છે, એમાં આપણે બેસી જવાનું છે. બેસી જવાનું એટલે એમનો આદેશ આપણા જીવનમાં દૃઢ થાય. આજ્ઞા જેટલી પળાશે એટલું અંતરે સુખ છે ને એ શાંતિ કાયમની છે. આ લોકનું સુખ મળે એ માટે ભીડો વેઠીએ છીએ. એમાં આપણને કાંઈ દુઃખ થતું નથી, તો આત્મ-કલ્યાણ કરવું છે એમાં કાંઈ દુઃખ આવે તો પણ આપણા મનમાં સુખ અને શાંતિ રહેવી જોઈએ.

ભગવાન કર્તા છે, એટલે એ જે કરશે તે આપણા માટે સારું છે. આપણે એના થયા છીએ, એટલે એ સારું જ કરવાના છે. બાળક માતા-પિતાનું થયું છે તો બાળકની ચિંતા માતા-પિતા રાખે છે. એને દુઃખ થાય, રડવું આવે એવું કરે છે, પણ એના સારા માટે છે.

જેમ શૂરવીરને જીત કરવી એ જ વિચાર હોય છે, એમ આ જગતમાં સુખ-દુઃખ આવે, માન-અપમાન થાય એની અંદર પણ જ્ઞાને કરીને સુખિયા થવાય છે. એ જ્ઞાન એટલે અક્ષર અને પુરુષોત્તમનું.

આજે મહંત સ્વામી, ડૉક્ટર સ્વામીને સાંભળીએ છીએ તો એમને કેફ કેટલો છે! એમને આનંદ કેટલો છે! એમને પણ શરીર છે અને બધા શરીરના ભાવ થતા હોય, પણ એક જ છે કે જોગી મહારાજ મળ્યા છે એટલે બધું સારું જ છે. મહારાજનું જ્ઞાન છે એટલે સારું છે. તો આવું જ્ઞાન, આવી સમજણ આપ સર્વની અંદર થાય, બધા સુખિયા થાવ."

આ આશીર્વર્ષાથી સૌને તરબતર કરી સ્વામીશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી. તે પછી મહારાજ સાથે હોળી ખેલવા માંડેલા તેઓએ અંતે હરિભક્તોને રંગભીના કરવા પિચકારી હાથમાં લીધી. પ્રતિવર્ષ મંચ પર બિરાજી રંગ

વરસાવતા તેઓ આ વખતે રથારૂઢ થઈ સભામાં વિહરવાના હોવાથી એકેએકને નિકટનો લાભ મળવાનો હતો. તેથી ભક્તોનાં હૈયે ચડેલી ભાવ-ભરતીએ માઝા મૂકી. તેમાંથી માર્ગ કાઢતા સ્વામીશ્રીએ સતત પંચાવન મિનિટ સુધી સૌ પર અમૃતની હેલી વરસાવી દીધી.

તે કારણે વળેલા આનંદના ઓઘ તા. ૧૨/૩ની સવારે પણ જળવાઈ રહ્યા. આ સમયે સ્વામીશ્રીએ એટલાન્ટાના મંદિરમાં બિરાજનારા નીલકંઠ-વર્ણીની પ્રતિષ્ઠા કરી. તેને અનુસરતાં તેઓએ તા. ૧૩/૩ના રોજ છ સાધકોને પાર્ષદી દીક્ષા અને સાત પાર્ષદોને ભાગવતી દીક્ષા પ્રદાન કરી રંગોત્સવને વિશેષ ચગાવ્યો.

ઉત્સવની આ પરંપરામાં સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૮/૩ની સવારે આફ્રિકાના કાકામેગા અને નવસારી જિલ્લાના ઉંડાચ ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા. એ જ રીતે તા. ૨૫/૩ના પ્રભાતે તેઓનાં કરકમળોએ સ્વામીની ભીંચરી ગામની પ્રતિમાઓમાં પણ દૈવત પૂર્યું.

બધા પ્રમુખ કહે છે, પણ દાસ છીએ

સારંગપુરમાં બિરાજેલા સ્વામીશ્રી જ્યારે ઉત્સવ-ઉજવણી, સંત-સર્જન અને મંદિર-નિર્માણ દ્વારા સંસ્કૃતિને સંવર્ધિત કરી રહેલા ત્યારે તા. ૨૫/૩ની સવારે જૈન ધર્મના અગ્રણી આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી પધાર્યા. પોતાના ગણ સહિત ઉપસ્થિત થયેલા આ ૯૦ વર્ષીય જતિ વાર્તાલાપના પ્રારંભમાં જ બોલ્યા: 'ઘણા વખતથી મનમાં થતું હતું કે કોઈ અવસરે આપને મળવાનું થાય તો વાત કરવી છે.'

આ પ્રસ્તાવના બાંધી તેઓ સ્વામીશ્રીને કહેવા માંડ્યા: 'મારી ભાવના છે કે હિંદુઓમાં એકતા થાય અને મારો આત્મા કહે છે કે એ એકતા આપનાથી જ થશે. આપની પ્રવૃત્તિ સમગ્ર ભારતમાં ફેલાય એવી ભાવના છે. આપ સમર્થ છો. આપ જે ધારો એ કરી શકશો. આપ પ્રમુખસ્વામી છો. નામ પ્રમાણે આપનો પ્રભાવ બધે જ છે.'

'બધા પ્રમુખ કહે છે, પણ ભગવાનના દાસ છીએ.' સ્વામીશ્રીએ આપેલી પોતાની આ ઓળખમાં પદ કરતાં પરાભક્તિની મહત્તા અધિક પ્રકાશી રહી. તેના ઉજાસમાં તેઓએ સામે બેઠેલા મુનિ મહોદયને જણાવ્યું: 'તમારો સંકલ્પ ભગવાન પૂરો કરશે. તે એવી પ્રેરણા કરશે કે બધું જ સારું

થઈ જશે. કર્તા ભગવાન છે.'

આ ઉદાત્ત વિચારો સાંભળી ત્યાં બેઠેલા અન્ય એક જૈન મુનિએ સ્વામી-ચરણે લાગણી વહાવી કે 'આપનું આયુષ્ય ૧૦૮ વર્ષ રહે એ ભાવના છે.'

'ભગવાન રાખશે એટલું રહીશું.' સ્વામીશ્રીએ કહ્યું.

ભગવાનનું કર્તાપણું તો તેઓના કણ-કણમાં રમતું હતું.

ધન્ય ધન્ય છે પ્રેમ તમારો

તા. ૨૬/૩ના રોજ વહી રહેલા મુલાકાતીઓના પ્રવાહમાં શ્રી માણેકભાઈને જોતાં જ સ્વામીશ્રી ઉમળકાભેર બોલ્યા : 'તમને રોજ યાદ કરું છું. કેમ મળવા આવતા નથી ?'

છેલ્લા કેટલાક દિવસોથી પૂજા, સભા વગેરેમાં અમદાવાદના આ સત્સંગીને જોતા સ્વામીશ્રીએ પોતાના અંતેવાસીઓને કહેલું કે 'હું રોજ એમને જોઉં છું તો તેઓ મળવા કેમ આવતા નથી ? એમને કહેજો કે આવી જાય.'

એક-એક ભક્તને મળવાની આવી તીવ્ર તાલાવેલી સ્વામીશ્રીને રહેતી. તેથી જ આજે એ હરિભક્તને જોતાં સ્વામીશ્રી પૂછી બેઠા : 'કેમ મળવા આવતા નથી ?'

'બાપા ! આપને ભીડો શા સારુ આપવો ? આપે ઘણું સુખ આપ્યું છે.'

'ભગતજીએ (પિતાશ્રી અંબાલાલ ભગતે) જ્ઞાન આપ્યું છે એ બરાબર, પણ આમાં કાંઈ ભીડા જેવું નહીં. તમારે આવી જવું. મળી લઈએ એટલે આનંદ થાય.' સ્વામીશ્રીએ કહ્યું.

ભક્તો વિષેનાં આ લાડ અને લાગણી સાથે તેઓએ તા. ૧/૪ની સવારે સોનવાડા અને કોઠ ગામ તથા અમદાવાદના સાબરમતી વિસ્તારનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પધરાવતાં પ્રતિષ્ઠાની ત્રિવેણી રચાઈ ગઈ.

શ્રીજીમહારાજનું કાર્ય અદ્‌ભુત છે

તા. ૩/૪, ચૈત્ર સુદ નોમના દિવસે આવેલા શ્રીજીમહારાજના પ્રાગટ્યોત્સવ નિમિત્તે અયોધ્યાના ઘનશ્યામ નિવાસની પાર્શ્વભૂ ધરાવતો વિશાળ અને વિશિષ્ટ મંચ ઊભો કરવામાં આવેલો. તેની મધ્યમાં બિરાજેલા સ્વામીશ્રીએ સાત હજારથી વધુ ભક્તોને તૃપ્ત કરવા અમૃતવર્ષા વરસાવી દીધી કે –

''શ્રીજીમહારાજ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ અવતારના અવતારી આ પૃથ્વી ઉપર પધાર્યા. એમણે પ્રથમના ૭૧મા વચનામૃતમાં વાત કરી છે કે – 'હું આ પૃથ્વી ઉપર મારું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષર મુક્તોને સાથે લાવ્યો છું અને તમામ ઐશ્વર્ય લઈને આવ્યો છું. આ વાત તમારે બધાએ સમજવી અને બીજાને કરવી.'

આ આદેશ શાસ્ત્રીજી મહારાજે દૃઢ કર્યો એટલે એમણે મંદિરો કર્યાં. તેમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી લોકોને દૃઢ કરાવ્યું કે આ વાત સાચી છે. યોગીજી મહારાજે સંકલ્પો કર્યા કે આ સત્સંગ દેશ-પરદેશમાં વિસ્તરે, સાધુ વધે. તે વખતે આપણને સમજાય નહીં, પણ આપણે જોઈએ છીએ કે સત્સંગ થયો, મંદિરો થયાં, સાધુ વધ્યા. એટલે કહેવાનું શું કે મોટાપુરુષના સંકલ્પો બળિયા છે, સાચા છે, સનાતન છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

શ્રીજીમહારાજે પાંચસો સંતો કર્યા. એ પણ સામાન્ય નહીં! ગોપાળાનંદ સ્વામી યોગી હતા. બ્રહ્માનંદ સ્વામી રાજકવિ હતા. નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા એવી કે એની સામે કોઈ ટકી ન શકે, ચર્ચામાં એમને કોઈ જીતી ન શકે. નિષ્કુળાનંદ સ્વામી તો વૈરાગ્યની મૂર્તિ. એમનાં કીર્તનોથી બીજાને વૈરાગ્ય થઈ જાય. મહારાજને મૂકી દે તો આ એક-એક સંત ભગવાન થઈને પૂજાય એવા હતા, પણ એ બધા પોતાનું માન, અભિમાન, વિદ્વત્તા બધું મૂકી ભગવાનના દાસ થઈ ગયા.

શ્રીજીમહારાજનું કાર્ય જોઈએ તો એ અદ્‌ભુત છે. લૂંટારા અને બહારવટિયાને સત્સંગી કર્યા. જોબનપગી કોઈને વશ ન થાય. ગાયકવાડ સરકારની પણ તિજોરી તોડેલી એવો કળાબાજ હતો, પણ શ્રીજીમહારાજની ઘોડી ચોરવા ગયો એમાં સત્સંગ થયો. એમનો આસુરીભાવ કાઢી દૈવીભાવ આપી દીધો.

મહારાજે પૃથ્વી પર પધારી વચનામૃતમાં અદ્‌ભુત જ્ઞાન આપ્યું છે. તેની પરંપરામાં આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા સંત મળ્યા છે, તો એમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખી ભક્તિ કરવી. એ આપણા બધી જાતના સંકલ્પ પૂરા કરશે.''

આ આશીર્વાદ બાદ જન્મોત્સવની આરતી ઉતારી સ્વામીશ્રીએ ચાંદીના પારણે પોઢેલા બાળપ્રભુને ઝુલાવ્યા. તે વખતે થયેલી આતશબાજીએ વ્યોમવાસીઓ પણ મહારાજના અવતરણને વધાવી રહ્યા હોય તેવો માહોલ

સર્જી દીધો. તેમાં જ *'ધર્મ ઘેર આનંદ ભયો...'* અને *'આજે ધર્મ-ભક્તિને દ્વાર નોબત વાગે...'* જેવાં જન્મોત્સવની વધામણીનાં પદો ગુંજી ઊઠ્યાં.

તપમાં તો નથી કાંઈ ખામી

તા. ૪/૪ની સવારે નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી પત્રવાંચન કરી રહેલા ત્યારે ઓરડામાં પ્રવેશેલા નારાયણમુનિદાસ સ્વામી બોલ્યા : 'મને એમ કે ગઈકાલે ઉપવાસ હતો એટલે આપ આરામ કરતા હશો.'

'શેનો ઉપવાસ ? મેં તો ફરાળ કરેલું.'

'પણ આપ ગઈકાલે સાંજે તો કાંઈ જ જમ્યા નહોતા.'

'એક ટાઇમ થોડું લેવાનું હોય. બે ટાઇમની જરૂર નહીં.'

'આપે તો બહુ ઉપવાસ કર્યા છે.'

'ઉપવાસની ચિંતા જ નથી.' સ્વામીશ્રી બોલ્યા.

જેનો વેધ બહુધા સૌને લાગે તે ઉપવાસને જ તેઓએ વીંધી નાખેલા.

આ જોઈ પેલા સંતે કહ્યું : 'વૃદ્ધત્વને લીધે અને શાસ્ત્રની રીતે પણ હવે આપ ઉપવાસ ન કરો તોય વાંધો નથી.'

'રુચિ પ્રમાણે કરવા દેવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

૮૮મા વર્ષે પણ વ્રત-તપની આ લગની ધરાવતા તેઓની નિશ્રામાં તા. ૯/૪ની સવારે યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના પાટોત્સવ અને દીક્ષા મહોત્સવનો સંગમ થઈ જતાં સારંગપુરના આંગણે અનેરી શોભા રચાઈ ગઈ. તેની વચ્ચે સ્વામીશ્રીએ મહેકતાં મોગરાની ચાદર ઓઢી બિરાજેલા શાસ્ત્રીજી મહારાજની આરતી ઉતારી. તે પછી તેઓએ ૩૧ પાર્ષદોને ભગવાં અને ૧૬ સાધકોને શ્વેત ઉત્તરીય ઓઢાડ્યાં.

આ અવસરે સ્વામીશ્રીએ આહ્લાદક અમૃતધારા વહાવતાં કહ્યું :

''અત્યારે કેટલાક 'ધર્મની શું જરૂર છે ?' એમ માને છે, પણ એના વગર તો આપણું જીવન જ નથી. આપણું જીવન ધર્મ છે, આપણું જીવન ભગવાન છે, આપણું જીવન સંત છે. મંદિર, શાસ્ત્ર અને સંત એ આપણું જીવન છે. આ આપણી આસ્થા દૃઢ થવી જોઈએ. દુનિયા ગમે તે માર્ગે ચાલે, એ આપણે જોવું નથી. આપણે આપણું કરી લેવું. બીજા બધાનું જોવા જઈશું તો આપણું થશે નહીં. આપણને ભગવાન મળ્યા, સંત મળ્યા એ સાચા છે. એના સામે જોઈએ તો બધું જ સાચું લાગે. બધાને વિષે દિવ્યતા રહે.''

આ જ્ઞાનદીક્ષા આપી સ્વામીશ્રીએ સૌને અંતર્મુખી અને ગુરુમુખી કરી મૂક્યા.[૨૧]

મૂર્તિઓની સાથે મનમેળની પણ સ્થાપના

તા. ૧૧/૪ની રાત્રે ઠાકોરજી જમાડ્યા બાદ એક બેઠકમાં બિરાજેલા સ્વામીશ્રીએ ચલાવેલી કાર્યવાહીના સાક્ષી બનેલા સંતો કહી ઊઠ્યા: 'બાપા! આપનો સ્ટેમિના (કાર્યક્ષમતા) બહુ છે. કોઈ પણ કામ હોય એ સંપૂર્ણ જ કરો છો, ક્યારેય અપૂર્ણ રહેવા દેતા નથી.'

'ભગવાનને સંભારીને કામ કરીએ એટલે એક પછી એક ઊકલતાં જાય છે.'

'કોઈ દિવસ એ કામ ન ઊકલે તો?'

'ભગવાન પર છોડી દેવું. થયું કે ન થયું, જે થાય એ ભગવાને સારું જ કર્યું છે, એટલે નિરાંત જ રહે છે. હાયવોય થતી નથી.' સ્વામીશ્રી બોલ્યા.

કર્મયોગની આ કળા ધરનારા તેઓ તા. ૧૪/૪ની રાત્રે શયનાધીન થવા ખુરશી પરથી ઊભા થતા હતા. તે સમયે તેઓને એક સંત અમેરિકી રાષ્ટ્રપ્રમુખ માટે વપરાતા વિમાનની કેટલીક છબીઓ દર્શાવવા લાગ્યા. અંતે આ સંતે સ્વામીશ્રીને કહ્યું: 'એક દેશના પ્રમુખ જો આવું પ્લેન વાપરે છે તો આપ અનંત કોટિ બ્રહ્માંડના પ્રમુખ છો. આપના માટે પણ આવું પ્લેન રાખવું જોઈએ.'

'એમનો (રાષ્ટ્રપ્રમુખનો) રાજમાર્ગ છે અને આપણે તો સાધુનો માર્ગ, એટલે સાદું સારું. આપણું જે છે તે બરાબર છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, સદા સાદા અને સ્થિર તેઓએ તા. ૧૫/૪ની સવારે ખેડબ્રહ્મા, લોઢવા તથા મંજીપુરા-રોડપરા ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી સારંગપુરને પુનઃ એક વાર ઉત્સવ-ત્રિવેણીમાં ઝબકોળ્યું. એ જ રીતે તેઓએ તા. ૧૭/૪ના રોજ કોટિયાના મંદિરની પ્રતિમાઓમાં પણ દૈવત પૂર્યું.

આ સમયે આમને-સામને આવી ગયેલાં આ ગામનાં બે જૂથોને પણ

---

૨૧. સારંગપુરના મંદિર-આંગણે ઊજવાયેલી શ્રી સ્વામિનારાયણ જયંતીનો ઉલ્લાસ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સંપના સૂત્રથી સુગ્રથિત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ગામમાં શાંતિ કરવા માટે મંદિર કરીએ છીએ, તો સંપ થાય, એકતા થાય એવી અમારી ભાવના છે. અત્યાર સુધી અજ્ઞાનથી કે જે કોઈ કારણથી જે કંઈ થયું એ ભૂલી જઈને હવે સમાધાન થાય તો સારું, કારણ કે સમાધાન થશે તો ગામ સુખી થશે. ગામમાં સંપ હશે તો ગામનો વિકાસ સારો થશે. ગામનો વિકાસ થાય તો સૌ સુખેથી ભજન પણ કરી શકે. એટલે જે થાય એ, પણ કોઈએ કોઈ ઉપર રીસ રાખવી નથી – એવો નિશ્ચય કરો. તમે બધા સંકલ્પ કરો તો ગામનો જયજયકાર થઈ જશે, કુટુંબનો જયજયકાર થઈ જશે. એટલે હું તો કહું છું કે ભલે પોલીસ કેસ થયા, પણ સમાધાન પર જ જતા રહેજો. જે થઈ ગયું તે ભૂલી જવું. હવે ભગવાન બેસે છે એટલે નવો એકડો માનીને આગળ વધવું. ગુણાતીતાનંદ સ્વામી તમારા ગામમાં આવ્યા છે. એમના પ્રતાપે તો આખી દુનિયામાં અમારાં કામ પણ ચાલે છે, તો તે તમારા ગામમાં પ્રતિષ્ઠિત થશે એટલે તમારા ગામમાં શાંતિ-શાંતિ થઈ જશે.'

સ્વામીશ્રીની પરાવાણીના આ પ્રવાહમાં બંને પક્ષના અગ્રણીઓની મડાગાંઠો ઓગળી ગઈ. તેથી તેઓએ ખાતરી ઉચ્ચારી કે 'બાપા ! આપ કહેશો એમ અમે કરી દઈશું.'

આમ, મંદિરોમાં મૂર્તિઓ સ્થાપતા સ્વામીશ્રીએ પરસ્પર મનમેળ પણ બેસાડી દીધો.

આપણે સાદગી સારી

તા. ૧૭/૪ની સાંજે પ્રસંગોપાત્ત વાત કરતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'લોકોને આજે બાહ્ય દૃષ્ટિએ આટાટોપ જોઈએ અને આપણે તો સાધુની રીત. સાદગી સારી. સાધુને ઠઠારો ન જોઈએ.'

'તોય આપમાં બધા આકર્ષાય છે.'

'એ મહારાજનો પ્રતાપ ! આપણે તો મહારાજે કહ્યું કે 'સાદું સારું.' એટલે એ રીતે રાખવાનું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આવી સાદગીનું વધુ એક પાસું તા. ૨૦/૪ની રાત્રે ચમકી ઊઠ્યું.

આ દિવસે સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ મુંબઈ આવી પહોંચ્યા. અત્રે ચાલી રહેલા તેઓના વાળુ વખતે મંદિર-પરિસરમાં તૈયાર થઈ રહેલી બહુમાળીય ઇમારત પ્રમુખ સદનનો મુદ્દો નીકળ્યો. આ સંકુલમાં સ્વામીશ્રીનો

નવો ઉતારો પણ બનવાનો હતો. તે સંદર્ભમાં સૂચના આપતાં સ્વામીશ્રીએ સંબંધિત સૌને જણાવ્યું: 'આપણે સુશોભન સાધુને શોભે એવું કરવું. નવા મકાનમાં પણ સાદું જ કરજો. બહુ આડા-અવળા લીટા-લીટીની જરૂર નહીં.' આમ કહી સ્વામીશ્રીએ સાદગીનો લીટો લાંબો કરી આપ્યો.

આવા શ્રેષ્ઠ સગા મળે ક્યાંથી...

તા. ૨૧/૪ની સવારે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રીના હાથમાં લેસ્ટરના એક હરિભક્તનો પત્ર આવ્યો. તેઓએ કાગળમાં પોતાની આજીવન કમાણીનો હિસાબ માંડી તે તમામ પાઉન્ડ સ્થાનિક મંદિરની સેવામાં સમર્પી દેવા ઇચ્છા જણાવેલી. પરંતુ તે વાંચી સ્વામીશ્રીએ પ્રત્યુત્તર લખાવ્યો:

'બધા આપવાની જરૂર નથી. એમાંથી ૨,૦૦૦ પાઉન્ડ સેવા કરવી અને બાકીના રાખી મૂકવા. તેનું જે વ્યાજ આવે એમાંથી ઘરખર્ચ નીકળે.'

સત્સંગીને સ્વજન માન્યા હોય તો જ આવી ખેવના સંભવે ને!

તે સાથે આજે પત્રવ્યવહાર ચલાવતા સ્વામીશ્રીના રોજના ભ્રમણ માટે નિશ્ચિત થયેલા ૧૧:૪૫ વાગ્યાના સમયને બે જ મિનિટ બાકી બચી ત્યારે સેવકો ઓરડામાં પ્રવેશ્યા. તેઓએ સ્વામીશ્રીને ઊભા કરવાની પૂર્વતૈયારીરૂપે સામે મુકાયેલું ટેબલ ખસેડ્યું, પરંતુ હાથમાં લીધેલો પત્ર વંચાઈ જતાં સ્વામીશ્રીએ હજી એકાદ મિનિટનો સમય હોવાથી બીજો પત્ર લેવા હાથ પ્રસાર્યો. તે જોઈ સેવકે કહ્યું: 'વૉકિંગનો ટાઇમ થઈ ગયો છે. બીજો કાગળ સાંજે વંચાશે.'

'એક મિનિટમાં શું થઈ જવાનું છે? પત્ર વંચાઈ જાત.' સ્વામીશ્રી બોલ્યા.

સત્સંગીને સ્વજન માન્યા હોય તો જ તેના દુઃખમાં ભાગીદાર બનવા આવી તત્પરતા રહે ને!

તેથી જ તો સ્વામીશ્રી આટલી વૃદ્ધ વયે પણ પ્રાતઃપૂજા બાદ સરેરાશ સવાસોથી દોઢસો ભક્તો-ભાવિકોને મળ્યા બાદ જ ભોજનનો કોળિયો મુખમાં મૂકતા હતા. તે જોઈ એકેએક હરિભક્ત ગાઈ રહેતા: *'હું તો હરખાઉં છું મનમાંથી, આવા શ્રેષ્ઠ સગા મળે ક્યાંથી...'*

સૌની આ અનુભૂતિમાં સંમતિ આપતાં અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું સભ્યપદ ધરાવતા જાણીતા ઑડિટર શ્રી શૈલેશભાઈ હરિભક્તિ બોલી ઊઠ્યા: '૮૮મા વર્ષે પોતાના અલ્પાહાર કે ભોજનની ચિંતા કર્યા વગર સૌને આ રીતે

મળવું એ ભગવાનની શક્તિ સિવાય થઈ શકે એમ જ નથી !'

સમર્પણની સોપાનપંક્તિ પર સુવર્ણ સિંહાસનોની સ્થાપના

તા. ૨૨/૪ની સવારે ૫૭ મુલાકાતીઓને સંતોષ આપી સ્વામીશ્રી ભોજન માટે બિરાજ્યા. તે પછી તેઓએ પત્ર-પરિચારકને બોલાવવા જણાવ્યું, પરંતુ એ સંતને આવવામાં થયેલા થોડીક જ ક્ષણોના વિલંબમાં પણ સ્વામીશ્રી પોતાની બાજુમાં રહેલી ટિપાઈ પર પડેલું 'અક્ષરાનંદ સ્વામીની વાતો'નું પુસ્તક લઈ વાંચવા માંડ્યા.

આવા કર્મઠ અને ભક્તિપરાયણ તેઓના વરદહસ્તે તા. ૨૫/૪ની સવારે મુંબઈનાં પરાંઓ ઘાટકોપર અને ભાયંદરનાં મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

આ સમયે સ્વામીશ્રીની કૃપાથી ચારેકોર વધી રહેલા સત્સંગને અનુરૂપ મંદિરો પણ નવસંસ્કરણ પામતાં જતાં. તેના પગલે મૂર્તિઓની પણ કાયાપલટ થતી રહેતી. પટમૂર્તિનું સ્થાન વાઘાવાળી પાષાણ-પ્રતિમા લેતી. કાળક્રમે આ મૂર્તિઓને સ્થાને વાઘા ધારણ કરાવી શકાય તેવી આરસની મૂર્તિઓ પધરાવાતી. આ રીતે ઘણાં મંદિરોમાં ત્રણ-ત્રણ વાર પ્રતિષ્ઠાઓ થતી. તે પ્રક્રિયા સત્સંગીઓની વધતી ભક્તિ, સંસ્થાનો વધતો વિકાસ અને સ્વામીશ્રીના વધતા પ્રભાવની સાક્ષીરૂપ બની રહેતી.

તેનો વધુ એક પુરાવો તા. ૨૬/૪ના રોજ પુરાયો.

આજની સવારે સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા ત્યારે ત્રણેય ખંડમાં બિરાજમાન અર્ચા સ્વરૂપો નૂતન સુવર્ણ સિંહાસનોમાં દર્શન દઈ રહેલાં. આ સિંહાસનોના ચળકાટ મુંબઈવાસી ભક્તોના સમર્પણને છતાં કરતા હતા. આ મોંઘા શહેરમાં ૮ X ૭ ફૂટની ઓરડીના રહેવાસીથી માંડી વૈભવી એપાર્ટમેન્ટમાં વસતા ભક્તો પૈકીના કો'કને ત્યાં માંદગીએ ઘેરા ઘાલેલા, તો કો'કને ત્યાં સંતાનો ઉઘલાવવા લાયક થયેલાં. કો'કને ધંધામાં બરકત નહોતી, તો કો'કને આવકમાં અડચણ હતી. છતાં છાપાં વેચી કે વસ્ત્ર-વાસણ ધોઈ ગુજરાન ચલાવનારાથી લઈ ઉદ્યોગગૃહો ધમધમાવનારાએ અહીં સમર્પણની સરિતા વહાવેલી.

કોઈએ તો સુવર્ણ સમર્પી દઈ સ્વયં પણ કદી સોનું ધારણ ન કરવાના શપથ લીધેલા. કોઈએ આ સેવા માટે તિજોરીનાં લૉકરો કે બેંકનાં ખાતાંઓને

તળિયાઝાટક કરી દીધેલાં, તો કોઈએ કંઠને મંગળસૂત્ર-વિહોણા કરેલા. કેટલાયે મકાન લેવા, ઑપરેશન કરાવવા કે પરદેશ-પ્રવાસ ખેડવા સંચિત કરેલી ધનરાશિ અત્રે અર્પણ કરેલી.

આવાં સમર્પણની સોપાનપંક્તિ પર ખડાં થયેલાં સુવર્ણ સિંહાસનોનો પૂજનવિધિ સ્વામીશ્રીએ તા. ૨૬/૪ની સવારે કર્યો. તે પછી તેઓએ સિંહાસનમાં બિરાજેલી પ્રતિમાઓની આરતી ઉતારી. આજના અવસરે સ્વામીશ્રીએ સામેથી જ ઇચ્છા વ્યક્ત કરી તમામ સુવર્ણદાતાઓને મહાપૂજાનો લાભ મળે તેવું આયોજન ગોઠવાવેલું. આ પૂજન-પ્રક્રિયા તેઓ પ્રાતઃપૂજા માટે યોગી સભાગૃહમાં પહોંચ્યા ત્યારે સંપન્ન થઈ ચૂકેલી. તેથી સંતુષ્ટ થયેલા સ્વામીશ્રીએ આજની રવિસભામાં અમૃતધારા વહાવી કે –

'મુંબઈ મંડળની પણ જય! લોયાના ત્રીજા વચનામૃતમાં વાત કરી છે કે ભગવાન ને સંતને અર્થે શું ન થાય? એ વખતના ભક્તોનું સમર્પણ આપણે સાંભળીએ છીએ, પણ એ સમર્પણની ભાવના આજે મુંબઈના નાના-મોટા બધા હરિભક્તોના જીવનમાં જોવા મળે છે. તેથી ખૂબ આનંદ થયો છે અને દરેકને ધન્યવાદ છે. આ 'શું ન થાય?' એવું થયું! દરેકે પોતાના ઘેર લગ્ન હોય તેના કરતાં પણ અધિક ધામધૂમથી ભગવાન ને સંતને પધરાવ્યા. કેવા ઉત્સવ કર્યા! કેટલી વાનગી ધરાવી! વરઘોડા કાઢ્યા! આ બધું જીવમાં અતિ ભાવ, અતિ શ્રદ્ધા, અતિ મહિમા હોય તો થઈ શકે. બધાએ પોતાના ગજા ઉપરાંતની સેવા કરી છે. આપણે જ્યાં સુધી રહીએ ત્યાં સુધી મહારાજની આવી ભક્તિ થાય અને આવા ઉત્સવ થાય એવી ભાવના આપણને હોવી જોઈએ. આવી ભક્તિ દરેકના હૃદયમાં થાય ને બધા ખૂબ સુખી થાય એ પ્રાર્થના. નાના-મોટા બધાને જય સ્વામિનારાયણ!'

આ આશીર્વાદથી ભીંજાયેલા સૌ સત્સંગી પોતે કરેલા સમર્પણની સાર્થકતા અનુભવી રહ્યા.

મુંબઈમાં નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા

મુંબઈના સત્સંગીઓની ભક્તિને વશ થઈ અત્રે પધારેલા શ્રી નીલકંઠ-વર્ણીની સાથે ગુરુપરંપરાની મૂર્તિઓને પ્રતિષ્ઠિત કરવાનું મુહૂર્ત તા. ૨૭/૪, અક્ષય તૃતીયાના શુભ દિવસે નીકળેલું. આ પ્રસંગે તૈયાર થયેલા આકર્ષક અભિષેક મંડપમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે આ સ્થાન ૧૪૦ યજમાનોથી

ખીચોખીચ હતું. તેમાં સૌના અદમ્ય ઉત્સાહ વચ્ચે સ્વામીશ્રીએ મૂર્તિઓનાં વિધિવત્ પૂજન-આરતી કરી મુંબઈવાસીઓને એક અણમોલ ભેટ ધરી દીધી.

આ નીલકંઠ પ્રભુ પર પ્રથમ અભિષેક કર્યા બાદ તેઓનો મહિમા ઉચ્ચારતાં સ્વામીશ્રીએ પ્રતિષ્ઠા-સભામાં જણાવ્યું કે –

'આજે સવારથી જ નીલકંઠવર્ણીનું ભજન કરીએ છીએ. નીલકંઠના પરચા થવાના જ છે, કારણ કે ચમત્કારિક છે. એ તો પરચાની મૂર્તિ જ છે. મુંબઈ મંડળે મહાન સેવા કરી છે, તો જેણે તન, મન, ધનથી સેવા કરી છે, ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલી પણ સેવા કરી હશે એ બધાનું મહારાજ એકોતેર પેઢી સુધી કલ્યાણ કરે ને સુખિયા કરે. નીલકંઠવર્ણીનો જે અભિષેક કરશે એના મનોરથ પૂરા થશે, સર્વેને શાંતિ થશે.'

મોક્ષની આ મોજ વરસાવી સ્વામીશ્રી તા. ૩૦/૪ની સવારે પૂજાવિધિથી પરવાર્યા ત્યારે ઉદ્‌ઘોષકે આ સમયે વિશ્વમાં વકરેલા સ્વાઈન ફ્લૂના રોગચાળાની વિગતે માહિતી આપી. પશ્ચિમી દેશોમાં આ બીમારીનું વ્યાપક પ્રમાણ હોવાથી જાહેરાત થઈ કે 'પરદેશથી આવેલા હરિભક્તોએ સ્વામીશ્રીની મુલાકાતે આવતાં ખ્યાલ રાખવો. જો આ રોગનાં લક્ષણો આપણામાં હોય તો તે દૂર થાય પછી જ આવવું.'

આ ઘોષણા ધ્યાનપૂર્વક સાંભળી રહેલા સ્વામીશ્રીએ સૂચના સમાપ્ત થતાં જ કહ્યું : 'દુનિયાભરમાંથી આ રોગ નાબૂદ થઈ જાય એ માટે ધૂન કરાવો.'

સૌને સ્વામીશ્રીની ચિંતા હતી, પરંતુ તેઓને સૌની ચિંતા હતી.

આ લાગણી સાથે સ્વામીશ્રી સભામાંથી ઉતારે પધાર્યા ત્યારે તેઓને અત્રે ઊભેલા જ્ઞાનમુનિદાસ સ્વામી અને બ્રહ્મસેતુદાસ સ્વામીએ સારંગપુરના હરિકૃષ્ણ મહારાજનો હાર પહેરાવ્યો. તેમાં ગૂંથાયેલાં મોગરાની મહેક આખો દિવસ સ્વામીશ્રીના ઓરડામાં પ્રસરતી રહે તે માટે પ્રણવતીર્થદાસ સ્વામી આ પુષ્પમાળા દીવાલ પર રહેલી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિને પહેરાવવા ગયા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ત્યાં ક્યાં રાખો છો? આ હાર પહેરાવેલો છે. મને પહેરાવ્યા પછી ઠાકોરજીને નહીં પહેરાવવાનો.'

આ આદેશથી ઓરડાની એ મૂર્તિ પુષ્પમાળા વિનાની રહી, છતાં તે ઓરડામાં મોગરા કરતાંયે અધિક સુવાસ સ્વામીશ્રીના ભક્તિકુસુમની ફરી વળી.

તેને શ્વાસમાં ભરતાં પાંચ સંતો સ્વામીશ્રીનાં ભોજન-દર્શન માટે બેઠા ત્યારે આ સંતવૃંદ પૈકીના યજ્ઞસ્વરૂપદાસ સ્વામીને જોતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ અને એમના ભાઈ (નિર્ગુણજીવનદાસ સ્વામી) બંનેને બિલકુલ અપેક્ષા નહીં. સેવા કર્યા જ કરે. નિયમ-ધર્મ પણ બરાબર.'

એકેએક સંત તેઓની વિશેષતા સાથે સ્વામીશ્રીના મનમાં મઢાયેલા રહેતા.

સરળ અને સાનુકૂળ

આ અરસામાં કેટલાક દિવસોથી સ્વામીશ્રી સાંજે જાગ્રત થઈ પરવારે ત્યારે હાથ પર પત્રો લેતાં પૂર્વે વચનામૃત વાંચવાનું શરૂ કરી દેતા. આ રીતે થોડા દિન વીત્યા ત્યાં તા. ૩/પના રોજ આવેલી રવિસભામાં સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણના આઠમા વચનામૃત પર નિરૂપણ કરવાની ઇચ્છા સામેથી દર્શાવી.

આવી ઘટના આ અગાઉ ભાગ્યે જ બની હશે ! સ્વામીશ્રીના જીવનમાં દિવસમાં છ-છ, સાત-સાત સભાઓ સંબોધ્યાના દાખલા જોવા મળે, પરંતુ તેઓએ અગાઉથી વિષય પસંદ કરી રાખ્યો હોય તેવું લગભગ ન બનતું. એટલે જ જવલ્લે લાધતું આવું દર્શન ઝડપી લેવા સંતોએ ગઢડા પ્રથમ પ્રકરણના આઠમા વચનામૃતની નકલ મોટા પાના પર મોટા અક્ષરોમાં લઈ લીધી. તેનું કારણ એટલું જ કે સભામાં સ્વામીશ્રીને વચનામૃતનો ગ્રંથ હાથમાં લઈ બેસવું ન પડે અને પુસ્તકમાં છપાયેલા પ્રમાણમાં ઝીણા અક્ષરો ઉકેલવાનો શ્રમ પણ ન ઉઠાવવો પડે. તેથી સ્વામીશ્રી સમક્ષ એક સ્ટેન્ડમાં પૅડ ગોઠવી તે પર મોટા અક્ષરવાળી વચનામૃતની પ્રિન્ટ મૂકી દેવાથી સ્વામીશ્રી સહેલાઈથી વાંચી શકે અને તેઓ મુક્ત હાથે કથાની રસલહાણ પણ કરી શકે તેવી આ ગોઠવણ થઈ ગઈ.

તે અનુસાર નિશ્ચિત સમયે સ્વામીશ્રી રવિસભામાં પધાર્યા ત્યારે અહીં સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પુષ્ટિ મળે તેવી રજૂઆતો થઈ રહેલી. તેના અંતે સ્વામીશ્રી પરીક્ષાલક્ષી આશીર્વાદ વરસાવી પરીક્ષાર્થીઓને ચેતનવંતા કરી દે એ રીતે કાર્યક્રમ ગોઠવાયેલો. પરંતુ આ સભાના આયોજક સંતને જ્યારે ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી તો વચનામૃતના નિરૂપણની નેમ સાથે સભામાં આવ્યા છે, ત્યારે તેઓ ઘડીભર વિમાસણમાં મુકાઈ ગયા, કારણ કે ગઢડા પ્રથમ પ્રકરણના આઠમા વચનામૃતની વાતો પરીક્ષાના વિષય સાથે સુસંગત થાય એમ નહોતી. છતાં, સ્વામીશ્રીની વાણી સમાસ કરશે જ તેમ વિચારી આયોજક

સંતે મન વાળી લીધું.

પરંતુ આ ગતિવિધિથી વાકેફ થયેલા સ્વામીશ્રીના એક અંતેવાસીએ આ બાબત સ્વામીશ્રીના ધ્યાનમાં લાવવાની સલાહ પેલા આયોજક સંતને આપી. જો કે આમ કરવામાં એ સંતનું મન ન માન્યું. છતાં અતિ આગ્રહ થતાં તેઓએ ચાલુ સભાએ સ્વામીશ્રી પાસે જઈ કહ્યું: 'બાપા! આપે વચનામૃતનું નિરૂપણ કરવા વિચાર્યું છે, પણ આજની સભા પરીક્ષાની પ્રેરણા આપવા રાખી છે, તો આપ...'

આટલી વાતમાં જ સઘળો હાર્દ પામી ગયેલા વિચક્ષણ સ્વામીશ્રી નિરૂપણનો પોતાનો વિચાર પડતો મૂકી પરીક્ષાલક્ષી આશીર્વાદ આપવા તૈયાર થઈ ગયા. પોતાથી વયમાં પચાસ વર્ષ નાના અને આયોજન તથા અનુભવમાં તો કોઈ સરખામણી જ ન સંભવે એટલા કાચા શિષ્ય આગળ પણ આટલા સરળ અને સાનુકૂળ થઈને રહેવાની સ્વામીશ્રીની તત્પરતા જોઈ સૌ વિસ્મિત થઈ ઊઠ્યા.

સર્વકાળ મન શાંતતા ધરે

તા. ૬/૫ના રોજ સ્નાનાદિથી પરવારેલા સ્વામીશ્રી ઉતારાની બહાર આવવાની તૈયારીમાં હતા ત્યાં જ રણકેલી ફોનની ઘંટડી આજની વહેલી સવારે દિલ્હીના અક્ષરધામમાં બનેલી એક દુર્ઘટનાના સમાચાર લઈ આવી. અત્રે સંજોગવશાત્ ભડકેલી આગથી સ્મારકના ભાગને ઘણું નુકસાન પહોંચેલું.

તેની વિગત જાણી સ્વામીશ્રી ઉતારામાંથી બહાર આવ્યા. અહીંથી તેઓ મંદિરમાં દર્શને પધાર્યા. ત્યાંથી યોગી સભાગૃહના મંચ પર પ્રાતઃપૂજા માટે બિરાજ્યા. તે પછી તેઓએ ૧૨૩ મુલાકાતીઓને મળી ભોજન અંગીકાર કર્યું, પરંતુ આ સમગ્ર દૈનિક ક્રમ આટોપતી વખતે તેઓના મુખારવિંદ પર છલકતી રહેલી સ્વસ્થતા જોઈ કોઈને અણસાર સુધ્ધાં ન આવ્યો કે એક અજુગતી તવારીખ બની ગઈ છે!

આ સ્વસ્થતા સાથે જ સ્વામીશ્રી આજે ભોજન બાદ દિલ્હીમાં જે બન્યું તેને થાળે પાડવાનું સવિસ્તર માર્ગદર્શન આપતો એક ફોન કરી સાડા અગિયાર વાગ્યે પૂર્વ-આયોજિત છબીસત્ર માટે ઊભા થવા ગયા. પરંતુ સૌએ સ્વામીશ્રીને ફોટો સેશન મુલતવી રાખવા વિનંતી કરી. કેટલાકને એમ હતું કે 'આવા દુખદ પ્રસંગે સ્વામીશ્રી પાસે આવું કામ ન કરાવવું', તો કો'ક સવારથી

અત્યાર સુધી આ ઘટના સંબંધી વિમર્શમાં પરોવાયેલા સ્વામીશ્રીનો સમય બચાવવાની પેરવીમાં હતું. કોઈ વળી દહેશત સેવી રહેલું કે 'આવા કરુણ પ્રસંગ પછી જે તસવીર લઈશું એમાં સ્વામીશ્રીના મુખારવિંદના યોગ્ય ભાવ નહીં ઝિલાય તો?'

પરંતુ સ્વામીશ્રી તો 'ગોઠવ્યું છે તો જઈ આવીએ' કહેતાં નિવાસકક્ષની બહાર પધારી ગયા. તેથી અત્રે મોટા હૉલમાં કાચના દરવાજા આગળ સજ્જ કરાયેલી પાર્શ્વભૂ આગળ તેઓને ઊભા રાખી હાથમાં ઠાકોરજી આપવામાં આવ્યા. તે સમયે સ્વામીશ્રીએ તસવીરકાર સાથે ગમ્મત કરતાં કહ્યું: 'भगवान के सामने नज़र रखना, मेरे सामने नहीं।'

આમ, હાસ્ય-વિનોદ કરતા તેઓની જે પ્રફુલ્લિત મુખમુદ્રાઓ આ સમયે કચકડે કંડારાઈ તે એટલી તો પ્રભાવક અને આકર્ષક રહી કે સમય જતાં આ તસવીરો સંસ્થાકીય કૅલેન્ડરો પર પણ છપાઈ. આ છબીયુક્ત કૅલેન્ડરની એક લાખથીયે વધુ નકલો વેચાઈ. એ તસવીરો આજેય *'सर्वकाळ मन शांतता धरे, कष्टकाळ उर धैर्य आदरे...'* તરીકે સ્વામીશ્રીનો પરિચય આપી રહી છે.

કેવા વિશ્વ થકી છો વિરક્ત!

સ્વાસ્થ્યની જાળવણીના ભાગરૂપે તા. ૧૧/૫ની રાત્રે સ્વામીશ્રીને એક ઇન્જેક્શન આપી ડૉક્ટરે પૂછ્યું: 'બાપા! દુખ્યું?'

'હા.'

આ સાંભળી બાજુમાં ઊભેલા એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'આ ડૉક્ટરે પહેલી વખત આપને ઇન્જેક્શન આપેલું તે દુખતાં બીજે દિવસે ડૉક્ટરને તાવ આવી ગયેલો! એમ આવતીકાલે પણ હવે એમને તાવ આવશે.'

'આપણને ભલે દુઃખ પડે, પણ એને ન થવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આવી પરોપકારી પ્રકૃતિના પડછાયામાં શાતા પામવા તા. ૧૪/૫ના રોજ આવેલા ૨૩૧ મુલાકાતીઓ પૈકીના એક શ્રી શૈલેશભાઈ મોદી ભારતનાં ઘણાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને પ્રખ્યાત ઇમારતોનાં બાંધકામ સાથે સંકળાયેલા હતા. પરંતુ તેઓ સ્વામીશ્રીને જોતાં જ બોલી ઊઠ્યા: 'આપના કાન એટલા મોટા છે કે વિશ્વનું બધું અંદર સમાઈ જાય. ભગવાન જેવા કાન છે!'

'એ બધો ભગવાનનો પ્રતાપ છે.' સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો.

તેઓના કાનને પોતાની પ્રશંસા સાંભળવાની ટેવ કદી પડી નહોતી. સ્વામીશ્રીના કાનનો આ નવો પરિચય પેલા આગંતુક આર્કિટેક્ટને અભિભૂત કરી ગયો.

તેથી તેઓએ સ્વામીશ્રી સમક્ષ પોતાની લાગણી દર્શાવી કે 'અહીં બંધાતા પ્રમુખ સદનમાં થનારા આપના નિવાસની સંપૂર્ણ આંતરિક સજાવટ કરવાની ઇચ્છા મારા જીવમાં છે. ઈંગ્લેન્ડનાં રાણી ચેન્નાઈ આવ્યાં ત્યારે તેઓ હૉટલના જે ખંડમાં ઊતરેલાં તેને મેં સજાવેલા. ગાદલાંથી માંડી ગલેફના રંગ સુધીની ડિઝાઇન મેં કરેલી. મારે એનાથી સારું આપના માટે કરવું છે.'

'તમારી ભાવના સારી છે. ભગવાન તમને સુખી કરશે. પરંતુ અમે તો સાધુ છીએ. સંતને તો સાદું જ સારું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ સ્થિતિ પણ પેલા આર્કિટેક્ટને અચંબો પમાડી ગઈ. તેઓ વિશ્વ થકી વિરક્ત સંત તરીકે સ્વામીશ્રીની ઓળખ હૈયે સંઘરી વિદાય થયા.

સાધુમાં રાખ થવાય એ મુદ્દો

મુંબઈના રોકાણ દરમ્યાન તા. ૧૭/૫ની સાંજે યોજાયેલી રવિસભામાં યોગી જયંતી નિમિત્તે વિવિધ રજૂઆતો થતી હતી. તેમાં સ્વામીશ્રી પણ ઓતપ્રોત થઈ ગયા. તેઓની આ યોગીમય સ્થિતિ છેલ્લે આશીર્વાદ આપતી વખતે તો પૂર્ણપણે પ્રકાશી ઊઠી. આ સમયે યોગીજી મહારાજની ગુણગરિમા વર્ણવવામાં તેઓ સાચે જ ભાન ભૂલ્યા, પરંતુ આખરે શરીર હાંફ્યું અને સ્વામીશ્રીને ઉધરસ ઊપડી. તેથી તેઓને જલપાન કરાવવામાં આવ્યું.

તે વખતે બે ઘૂંટડા ભરી વળી સ્વામીશ્રીએ વાત ઉપાડી કે 'હવે મારે બોલવામાં આવું થાય છે ! એક તો બોલવામાં ગોટાળો થાય ને થોડુંક બોલીએ એટલે હાંફ ચડે કાં તો પછી 'પાણી લાવો' એવું થઈ જાય છે. સુખ નથી આવતું, પણ આવો પ્રસંગ છે એટલે બોલવાનું મન થાય ને બોલીએ છીએ.'

સરકતા સમયે રોગ અને અવસ્થા સ્વામીશ્રીનાં કંઠ તેમ જ કાયાને વિશેષ સકંજામાં લેવા માંડેલાં. છતાં આ ભીંસને તાબે થયા વિના તેઓની અમૃતધારાનો પ્રવાહ વહી છૂટતો. જો કે તેઓને કનડતી શારીરિક તકલીફોનાં આવાં બયાન સંતો-ભક્તો માટે તો વજ્રપાતની સ્થિતિ સર્જી દેતાં. એવા જ એક અનુભવમાંથી આજની રવિસભા પસાર થઈ રહી.

આ અનુભૂતિ આ અરસામાં વિવિધ મંદિરોની સેવામાં નિયુક્ત થનારા

આશરે ૪૭ સંતો પણ કરી રહ્યા. સ્વામીશ્રીના આદેશ અને આશીર્વાદ ઝીલવા મુંબઈ પધારેલા તેઓ સ્વામીશ્રીનાં ભ્રમણ તેમ જ ભોજન વખતે ક્રમ વાર લાભ લેતા અને સારંગપુરનાં સંસ્મરણો વાગોળતા. તેમાં સંત તાલીમ સંબંધી વિવિધ વર્ગની વાતો પણ નીકળતી.

તે મુજબ તા. ૧૭/૫ની રાત્રે વાળુ વેળાએ સંતો દ્વારા થયેલી રજૂઆત સાંભળી સ્વામીશ્રી બોલ્યા :

'સાધુમાં રાખ થવાય એ મુદ્દો છે. કથા-વાર્તા, ભજન-ભક્તિ, સેવાનું અંગ રાખવું. કોઈની ખટપટમાં ન પડવું. કોઈના અભાવ-અવગુણમાં ન પડવું. હરિભક્તોને ગુણ આવે એવું જીવન થાય એ આશીર્વાદ છે.'

આ જ રીતે, તા. ૧૮/૫ના રોજ પણ કલ્યાણની કેળવણી આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'જ્યાં જઈએ ત્યાં તરત બધું ચાલુ નહીં કરી દેવાનું. આકળા-ઉતાવળા નહીં થઈ જવાનું. હરિભક્તો દુખાય નહીં એ જોવાનું. સંપ-સુહૃદભાવ રાખીને કામ કરવું. સાધુ થયા એટલે સાધુ...તા આવવી જોઈએ. એમાં રહીને જ કામ કરવું. ખમતા રહેવું, સહન કરવું, કોઈનું ખરાબ ન કરવું. વ્યવહારમાં પડીએ એટલે આઘું-પાછું થશે જ, પણ એ વખતે પાછું ન પડાય એ ધ્યાન રાખવું.'

આમ, સમયે-સમયે સ્વામીશ્રી દ્વારા મળતી આ દોરવણીનો દોર તા. ૧૯/૫ની સવારે પણ લંબાયો. આ સમયે ભોજન વખતે થયેલી એક રજૂઆતને નિમિત્ત બનાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'ત્યાં તમે ક્લાસ ભર્યા, પણ હવે હું તમારો ક્લાસ લઉં.'

આ વિશિષ્ટ પ્રારંભ સાથે નવા સંતોને પોતાના નક્કર અનુભવની આંખ અને પાંખ આપતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

''આપણે પોતાના મનથી કોઈ સંકલ્પ જ કરવાનો નહીં કે 'અહીં જ ફાવશે ને અહીં નહીં ફાવે.' જ્યાં જઈએ ત્યાં ભગવાનનો દરબાર છે. આપણો સ્વભાવ સારો છે તો બધે સારું જ છે. મનમાંથી નીકળી જવું જોઈએ કે 'અહીં રહીશ તો જ સારું !' આપણને આજ્ઞા કરે ત્યાં જવાનું, પણ પોતે આગ્રહ ન રાખવો. નહીં તો જ્યાં રહો ત્યાં ઉથડક-ઉથડક જ રહ્યા કરે.

જ્યાં જઈએ ત્યાં સત્સંગ કરવાનો છે ને કરાવવાનો છે. ટાઈમે ફસકું થવું નહીં. આપણું કોઈ સ્થાન જ નથી. જ્યાં જઈએ ત્યાં અક્ષરધામ જ છે. મુંઝાવાનું નહીં.''

પ્રમુખ સેવક

તા. ૨૧/૫ના રોજ તારીખ અનુસાર ૬૦મા પ્રમુખવરણી દિન અને તિથિ મુજબ યોગી જયંતીનો સુમેળ સધાતાં સૌ રોમ-રોમ આનંદની લાગણી અનુભવી રહ્યા. તેના પ્રવાહમાં વહેતા સ્વામીશ્રી આજે સાંકરી વિસ્તારમાં આવેલા અલગટના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી નિત્યક્રમમાં પરોવાયા. તેનો છેડો રાત્રે છેક દસ વાગ્યે આવ્યો.

આ સમયે આરામમાં જતાં પૂર્વે બાથરૂમમાં પધારેલા સ્વામીશ્રીએ બહાર નીકળતી વખતે બાથરૂમની બત્તી જાતે જ બંધ કરી. તે જોઈ સામે ઊભેલા એક સંતથી સહજમાં બોલાઈ ગયું : 'જુઓ, બાપાએ જાતે લાઇટ બંધ કરી !'

'સેલ્ફ સર્વિસ ! જાતે કરીએ એ વધારે સારું.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું. તે સાથે તેઓએ જમણા હાથનો અંગૂઠો અને પહેલી આંગળીનું ટેરવું એકમેકને અડાડી સુંદરતા સૂચવતા વર્તુળનો સંકેત કરી ઉમેર્યું : 'સેલ્ફ સર્વિસ સારામાં સારી. સેવકના આધારે રહીએ ને એ ટાઈમે ન આવે તો ઓભામણ. એના કરતાં જાતે કરી લેવું સારું.'

પ્રમુખપદે છ-છ દાયકા વીત્યા પછીયે ૮૮ વર્ષીય સ્વામીશ્રીની સેવા-ભાવના આટલી પ્રબળ રહેલી. પદથી પ્રમુખ એવા તેઓની વૃત્તિ અને પ્રવૃત્તિ તો 'પ્રમુખ સેવક'નું જ દર્શન કરાવતી રહેતી.

આવા સ્વામીશ્રીનાં દર્શને તા. ૨૨/૫ની સવારે જાણીતા વ્યાવસાયિક શ્રી હરેન્દ્રભાઈ સંઘવી આવી પહોંચ્યા. પેન્સિલ બનાવતી નટરાજ કંપનીના આ નિયામક કોઈ કામ પ્રસંગે દુબઈ ગયેલા ત્યારે તેઓની મુલાકાત મુસ્લિમ મુરબ્બી શ્રી મુશ્તાકભાઈ સાથે થયેલી. આ બિરાદરે તેઓને જણાવેલું કે 'હું અહીં સ્ટેશનરીના વ્યવસાયમાં જે કંઈ સફળ થયો છું તે પ્રમુખસ્વામીજીની કૃપા અને આશીર્વાદને કારણે જ. હું સ્વામીજી દ્વારા સંચાલિત શાળામાં ભણ્યો છું અને સ્વામીજીનો ફોટો ખિસ્સામાં રાખું છું. મને પ્રમુખસ્વામીજી પ્રત્યે ખૂબ આદર છે.'

આ ખુલાસો સ્વામીશ્રીની પ્રતિભાને સર્વસ્વીકૃત પુરવાર કરી ગયેલો. તે આજે શ્રી સંઘવીએ સ્વામીશ્રી સમક્ષ વર્ણવ્યો અને સ્વામીશ્રીના આશીર્વાદ પામી ધન્યતા અનુભવી. તે સાથે તેઓએ સંસ્થાકીય વિદ્યામંદિરોમાં ભણતા છાત્રો માટે એક ટ્રક ભરીને પેન્સિલની સેવા પણ કરી.

બધાને હું વંદન કરું છું

તા. ૨૪/૫ની સવારે મુંબઈનાં વિવિધ પરાંઓમાંથી આશરે ૧,૨૦૦ ભક્તો પદયાત્રા આદરી દાદર મંદિરે આવી પહોંચેલા. તે સૌનું આ ભક્તિઅર્ઘ્ય સ્વીકારી સ્વામીશ્રી આજની રવિસભામાં પધાર્યા ત્યારે તે તેઓના પ્રમુખવરણી દિન નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોથી રંગાઈ રહી. તેની એકેએક રજૂઆત સ્વામીશ્રીની સાધુતાસભર કાર્યશૈલી પર પ્રકાશ પાથરતી ગઈ.

પરંતુ તે નિહાળી સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું :

''આજે અહીં આપણે બધા સાથે કાર્ય કરી રહ્યા છીએ તો કાર્યકર્તાઓ, સંતો-હરિભક્તોને ખૂબ ધન્યવાદ છે! બધાને હું વંદન કરું છું, કારણ કે 'ભગવાન અને સંતને રાજી કરવા માટે શું ન થાય?' એ ભાવ આપ સર્વમાં જોવા મળે છે. જે કાંઈ કાર્ય અત્યારે થાય છે તે શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે અને યોગીજી મહારાજના સંકલ્પથી થાય છે. જોગી મહારાજના સંકલ્પો એટલા બધા છે કે આપણે પૂરા કરી શકીએ પણ નહીં. એ તો એ જ કરવાના છે. અત્યારે કરે છે ને ભવિષ્યમાં પણ કરશે. એમણે વગર વિચાર્યે વાત નો'તી કરી, પણ બહુ જ વિચારીને નિષ્ઠાપૂર્વક આ સત્સંગ વધે એવું જ એમનું આયોજન અને કાર્ય હતું અને એ પ્રમાણે કર્યું છે.

ભગવાન ને મોટાપુરુષ સંકલ્પ કરે તો એમાં ખામી રહે નહીં. આપણે એમાં કોઈ સંશય, શંકા કરવાની જરૂર નથી. એમના શબ્દો એ વેદવાક્ય કહેવાય. એમના એકેએક સંકલ્પ પૂરા થાય છે. દેશ-પરદેશમાં સત્સંગ વધે એ બની શકે નહીં, સાધુ આટલા વધે એ બની શકે નહીં, પણ એમનો સંકલ્પ જ એવો. એમનું કાર્ય કરે છે એ જ. આપણાં ભાગ્ય છે કે આપણને સારી સેવા મળી.''

આશીર્વાદની આ સ્મૃતિ સાથે સ્વામીશ્રીએ આજે અન્ય એક 'સ્મૃતિ' પણ સત્સંગ-સમાજને આપી. તેઓએ આજની સભામાં શ્રીજીમહારાજથી માંડી સાંપ્રત સમય સુધીના મુંબઈના સત્સંગની તવારીખ દર્શાવતો સચિત્ર 'સ્મૃતિ' ગ્રંથ ઉદ્ઘાટિત કરી ઇતિહાસને ચિરંજીવ બનાવી દીધો.

સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન

તા. ૨૭/૫ના સુપ્રભાતે સ્વામીશ્રીએ બારશી, દહાણુ, જામગે, નાંદેડ તથા

કંકરાલીનાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત પૂરી પ્રતિષ્ઠાનું પંચામૃત રેલાવી દીધું.

તે પછી દૈનિક કાર્યોમાં પરોવાયેલા તેઓ રાત્રે શયનાધીન થઈ રહેલા ત્યારે તેઓના આગામી કાર્યક્રમોનો વિષય ફૂટ્યો. અલબત્ત, તેને તો અટકળોના ખાતર-પાણી સીંચીને જ ખીલવવાનો હતો. તેથી આ બાબતે પોતપોતાની રીતે વિચારો વહેતા કરનારા પૈકીના એક સંતે કહ્યું : 'ગુજરાતમાં તો શેકાઈ જવાય એવી ગરમી છે.'

'ગરમી ને ઉનાળો એ બધું તો સાચું, પણ આપણા ગુરુઓ જે કરી ગયા છે એ રીતે જ આપણે કરવું જોઈએ ને ! શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજે શિયાળો, ઉનાળો ને ચોમાસાનો વિચાર જ નથી કર્યો. ગુરુઓએ પણ સહન કર્યું છે તો આપણે પછી એ વિચાર શું કામ કરવો ? એ પણ ગામડે ફર્યા છે, સગવડો-અગવડો જોઈ નથી અને બધું કર્યું છે. એમ આપણે પણ એમના પગલે ચાલવાનું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની જીવનશૈલી ૮૮મા વર્ષે પણ *'નિષ્કામ નિઃસ્વાદ નિરભિમાન, સત્સંગની વૃદ્ધિ કર્યાનું તાન...'* અનુસાર રહેલી.

તેથી પ્રભાવિત થયેલા જાણીતા જ્યોતિષી શ્રી ચંદ્રકાંતભાઈ પાઠક ભારતના ઔદ્યોગિક માંધાતાઓ સાથે ઘરોબો ધરાવનારા હતા, પરંતુ તેઓ તા. ૨૮/૫ની સવારે સ્વામીશ્રીનાં દર્શન પામી બોલી ઊઠ્યા : 'પ્રમુખસ્વામી મહારાજના કાન એટલા મોટા છે અને મુખ એટલું પ્રભાવક છે કે ઈશ્વરનો અંશ હોય એવું અનુભવાય.'

જોતાંવેંત માયા લગાડી દેતું સ્વામીશ્રીનું મુખડું સૌને પ્રત્યક્ષ પ્રભુના પ્રસંગની અનુભૂતિ પમાડતું.

અમને આ ટેવ પડી ગઈ છે

તા. ૨૯/૫ની સાંજે ચાર વાગ્યાથી સ્વામીશ્રીના શરીરને વ્યાધિની ઉપાધિ વળગતાં રોજિંદા કાર્યક્રમો અટકાવી તેઓને સુવડાવી દેવામાં આવ્યા. ઔષધ-ઉપચાર પણ શરૂ થઈ ગયા. છતાં સૂતાં સૂતાંયે સ્વામીશ્રીએ પત્ર, ફોન અને મીટિંગોના દોર ચાલુ જ રાખ્યા. આ ક્રમમાં તા. ૩૦/૫ની રાત્રે તો સ્વાસ્થ્યમાં સહેજ સુવાણ જણાતાં તેઓ પલંગ પરથી ઊઠી સોફામાં બેસી પત્રવાંચન કરવા માંડ્યા.

તે સમયે ઓરડામાં પ્રવેશેલા એક સંતને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું :

'તમારે કંઈ કામ છે?'

'આરામમાં જવાનો ટાઇમ થઈ ગયો છે.'

આ સાંભળી ઘડિયાળ સામે જોતાં સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને કહ્યું: 'લાવો, ટપાલ. જોઈ લઈએ.' આટલું કહી તેઓએ માંદગીમાંથી માંડ બેઠા થયેલા શરીરને પલંગ પર ન ઢાળતાં સેવામાં જ સંલગ્ન રાખ્યું.

તે જોઈ પેલા સંત બોલ્યા: 'આપ તો યોગીબાપા જેવું કરો છો! જેમ યોગીજી મહારાજ નજર ચૂકવી વાસણ ખૂંચવી લેતા, એમ આપ પણ વધારે સેવા થાય એમ કરો છો.'

'સેવામાં તો ચોરી-છૂપી કરવી જ પડે. ચોરીને પણ સેવા કરી લેવી, નહીંતર ચોકીદારો તૈયાર જ હોય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો ઇશારો સેવકો આરામમાં લઈ જવા ઊભા કરે તે પૂર્વે શક્ય એટલી વધુ સેવા કરી લેવા તરફ હતો.

આ રીતે તેઓએ એક ફૅક્સ વાંચ્યો ત્યાં તો શયનની ઘડી આવી પહોંચતાં સેવકો હાજર થઈ ગયા. તોયે વાંચેલા ફૅક્સનો જવાબ લખાવીને જ સ્વામીશ્રીએ ચશ્માં ઉતાર્યાં અને તેને ટિપાઈ પર મૂકેલાં ચશ્માંના સ્ટેન્ડમાં જાતે જ ભરાવ્યાં. તે પછી તેઓની બાજુમાં ઝગતો ટેબલ લેમ્પ પણ જાતે જ બંધ કર્યો.

આ જોઈ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું: 'આપ એક મિનિટ પણ નવરા નથી રહેતા. ચશ્માં મૂકવાં, બત્તી બુઝાવવી વગેરે નાનામાં નાની સેવા આપ કરતા જ રહો છો.'

'આ લાઇટ બંધ કરવા કોઈને દૂરથી બોલાવવો એ કરતાં આપણી આજુબાજુનું કામ છે, તો તે આપણે જાતે જ કરી લેવું જોઈએ ને!'

'પણ ૯૦મા વર્ષે તો બીજાને બોલાવાય.'

'આપણને તો ખબર જ છે ને કે આપણાથી આટલું તો થઈ શકે એમ છે! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ છેલ્લી અવસ્થા સુધી પોતાનું કામ જાતે કરતા. નજીકનાં કામ જે આપણાથી થઈ શકે એ તો કરવાં જ!'

આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'પ્રશ્ન એ છે કે અમને આ ટેવ પડી ગઈ છે.' આમ બોલતાં તેઓએ કેડ ઘુમાવીને બીજી બાજુનો ટેબલ લેમ્પ પણ બંધ કરી દીધો. બુઝાયેલી એ બત્તી સ્વામીશ્રીની સેવાની સુટેવ ઝગમગાવતી ગઈ.

ટાળે જનોનાં દુઃખ તર્તખેવ

તા. ૩૧/૫ના રોજ ભાંગતી તબિયતે પણ રવિસભામાં પધારેલા સ્વામીશ્રી સત્તર મિનિટ સુધી વરસ્યા. આ વાક્પ્રવાહમાં ડૉક્ટરોએ આપેલી પાંચ જ મિનિટ બોલવાની સૂચના તો ક્યાંય તણાઈ ગઈ.

હરિગુણ ગાવાનો આવો ઈશક ધરાવતા સ્વામીશ્રી સભા બાદ ઉતારે પધાર્યા ત્યારે અહીં ભોજન બાદ તેઓ સમક્ષ નાસ લેવાનું મશીન ગોઠવાયું. તે વખતે જ પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામી ઊભા થઈ ઓરડાની બહાર નીકળવા ગયા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'એ ક્યાં જાય છે? બોલાવો એમને! કહો, ટપાલ વાંચે.'

'તેઓ ટપાલ લેવા જ ગયા છે.'

'તૈયાર જ રાખવી જોઈએ.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓને સેવાનો તાર સદા સધાયેલો જ જોઈએ.

આ કર્મઠતા સાથે સ્વામીશ્રી તા. ૩/૬ની સવારે ૧૩૭ મુલાકાતીઓને મળ્યા. તે પૈકીના એક શ્રી સુભાષભાઈ ધોતિયા તો લેબર કૉર્ટના અગ્રણી વકીલ તરીકે પંકાયેલા. આ કાયદાવિદ્ પોતાના વ્યાવહારિક પ્રશ્ન સંબંધી એક ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને ગયેલા, પરંતુ ત્યાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટરે આ વકીલને સલાહ આપેલી કે 'આ બધી ઝંઝટમાં શું કામ પડો છો? એના કરતાં પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંત અહીં બિરાજે છે, તો એમના આશીર્વાદ લઈ આવો. એનાથી બધું સારું થશે.'

આ ભલામણના આધારે આજે અહીં આવી ઊભેલા એ વકીલના જીવનમાં બનેલો ઉપરોક્ત ઘટનાક્રમ સ્વામીશ્રીની પ્રતિભાનું નવીન દર્શન કરાવી ગયો. જનમાનસમાં તેઓની છબી *'ટાળે જનોનાં દુઃખ તર્તખેવ...'* તરીકે જડાઈ ગયેલી. તેથી કેટલાયને કાયદાની કલમો કરતાંયે વધુ ભરોસો સ્વામીશ્રીના શબ્દોમાં બેઠેલો.

શ્રદ્ધા ને સેવાના પાઠ પઢાવે

તા. ૩/૬ની રાત્રે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી પર પેટલાદ તાલુકાના એક ગામમાંથી આવેલા પત્ર પર મથાળું મારેલું: *'૧૦૦% ભગવાન નથી.'* તેનાં કારણો જણાવતાં કાગળ લખનારા યુવાને ગણાવેલું કે –

'છ વાર પ્રયત્ન કરવા છતાં પરદેશ જવાની પરીક્ષામાં નિષ્ફળતા મળી, જે એજન્ટને પચાસ હજાર રૂપિયા આપેલા તે રૂપિયા લઈને ભાગી ગયો, અમેરિકા-લંડનના વીઝા મેળવવાના પ્રયત્નમાં સફળતા ન મળી, નીલકંઠવર્ણીનો અભિષેક કર્યો હતો છતાં નિષ્ફળતા મળી. દરેક કામમાં નિષ્ફળતા મળી છે એટલે ભગવાન નથી જ. બીજાને સફળતા મળે ને મને જ કેમ આમ થાય છે?'

પત્રના શબ્દે-શબ્દમાંથી આક્રોશની આગ ભડકી રહેલી. છતાં તેથી લેશ દાઝ્યા વિના સ્વામીશ્રીએ સેવકને કહ્યું: 'આ છોકરાને ફોન જોડો.'

આ રીતે ફોન દ્વારા તે યુવકનો સંપર્ક સધાતાં સ્વામીશ્રીએ તેને હેતથી સમજાવ્યું: ''જો, ભગવાન તો છે જ! આપણને નિષ્ફળતા મળે એટલે 'ભગવાન નથી' એમ માનવું નહીં. 'સર્વકર્તા ભગવાન છે' એમ સમજીને આપણે પૂજા-પાઠ, સત્સંગ કરતા રહેવું. રોજ પ્રાર્થના કરીએ તો સારા વિચાર આવે ને સારા વિચાર રહે. નિષ્ફળતા મળે, પણ હિંમત ન હારવી. દાદા-ખાચરને મહારાજે કેટલા આશીર્વાદ આપેલા? તો પણ કામ ન થયું, છતાં તેઓએ મહારાજને ન છોડ્યા. માટે બળ રાખજે ને ભજન કરજે. ભગવાન સારું કરશે.'' આમ કહી સ્વામીશ્રીએ શ્રદ્ધાનો સાંધો મજબૂત કરી આપ્યો.

વાતાવરણમાં રહેલા ઓઝોનના પડમાં પડતા ગાબડાને મુશ્કેલી તરીકે જોવાની દૃષ્ટિ માનવી પાસે છે. ધરતી પર ઊગેલા વૃક્ષનું નિકંદન નીકળે તેને પ્રશ્ન ગણવામાં આવે છે. કોઈ બંધમાં પડતી તિરાડ આખેઆખા તંત્રને સફાળું જગાડી દે છે. કો'કનું હાડકું ભાંગે ત્યારે તેને અસ્પતાલ સુધી લઈ જવા ચીસાચીસ કરતી એમ્બ્યુલન્સ આવી જાય છે. પરંતુ કો'કની ભગવત્શ્રદ્ધા ડગમગી જાય એ શું સમસ્યા નથી? આવા સમયે તેને ટેકો ધરવા ધસી જનારા કેટલા?

આ કાર્ય માટે સ્વામીશ્રીએ આયખું આખું હોમી દીધેલું. તેથી જન-જનના હૈયે પ્રગટેલી ભગવત્શ્રદ્ધા તેઓની એક મહાન જનસેવા છે.

ટેલિફોન જ જીવન ન થવું જોઈએ

તા. ૫/૬ની સવારે ક્ષૌરકર્મ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ તાજેતરમાં પ્રકાશિત થયેલા 'સ્મૃતિ' ગ્રંથનો પાઠ થઈ રહેલો. તેમાં અહીંના પુરાતન અક્ષર ભુવનની પરિસ્થિતિનું વર્ણન વંચાયું કે 'અત્રે પહેલી વખત આવેલા ટેલિફોનની ખબર પડતાં યોગીજી મહારાજે તે કઢાવી નાંખ્યો.'

આ સાંભળી સૌને સતર્ક કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'જોયું! આવી વાત

સાંભળ્યા પછી સંયમ રાખવો. ટેલિફોન જ જીવન ન થવું જોઈએ. એના ઉપર જ જીવન રહે એ સારું નહીં. કામમાં આવે એટલા જ ફોન કરવા. અમથા અમથા 'એલાવ... એલાવ...' ન કરવા. 'ભાઈબંધ છે માટે લાવ એની સાથે વાત કરીએ' એ રીતે વાત ન કરવી. અગત્યનું કામ હોય તો જ ફોન કરવા. સમજ્યા ? કેટલીક વસ્તુ સમજવાની છે. આપણું ત્યાગીનું જીવન બરાબર રહે એ મોટી વાત છે, બીજું બધું ગૌણ છે.'

સ્વામીશ્રીના મુખેથી આટલું અમૃત ઝર્યું ત્યાં વાંચન આગળ વધ્યું. તેમાં 'અક્ષર ભુવનના સંતો એકેય ગાદલું ન હોવાથી ચટાઈ કે પાથરણાં પર સૂતા' તેવો ઉલ્લેખ આવ્યો. તેના સંદર્ભમાં પણ સ્વામીશ્રી કહેવા માંડ્યા :

''જુઓ, આવી સ્થિતિમાંયે બધા આનંદમાં રહેતા અને ભજન કરતા, તો અત્યારે સગવડો વધી છે તો નાનું-મોટું મનનું દુઃખ હોય તે ભૂલી જવાનું. 'આણે આમ કહ્યું ને એણે આમ કહ્યું' એમ ફરિયાદો હોય જ નહીં. જૂની વાતો સાંભળીએ તો તે સાંભળીને નાંખી ન દેવી.''

આટલું કહી સ્વામીશ્રી થંભ્યા. ત્યાં વાંચનમાં વિગત આવી : 'જગ્યાના અભાવે સંતો પગથિયાંના ટપ્પા પર બેસીને પણ વાંચન કરતા.'

'હં... જો ભણવું હોય તો દાદરાના ટપ્પા પર બેસીનેય ભણાય છે.' આમ કહી તરત વાત ઉપાડી લેતાં સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું :

''આ તો ઑફિસ ફર્સ્ટ ક્લાસ જોઈએ અને એમાં પણ ખુરશી કેવી જોઈએ ને કેવી નહીં ?, પણ જેને સેવા જ કરવી છે એને એવા ઠઠારાની જરૂર નહીં. બહુ ફૅશનની જરૂર નહીં. 'આવું જોઈએ ને આવું ન ચાલે' એ જીવનમાં હોવું જ ન જોઈએ. ધ્યાન રાખીએ તો જ આ વાત રહે.''

આમ, સ્વામીશ્રીના મુખેથી પ્રેરણાપ્રવાહ વહી રહેલો ત્યાં જ એક સંત આજની તા. ૫/૬ના અનુસંધાનમાં બોલ્યા : 'સ્વામી ! આજે સંસ્થાનો સ્થાપનાદિન. આ સંસ્થા ૧૦૨ વર્ષની થઈ. તેમાં ૬૦ વર્ષ તો આપની છત્ર-છાયામાં વિકાસ થયો.'

'આપણી છત્રછાયા ક્યાંથી ? આ તો શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની છત્રછાયામાં બધું થયું.'

'એ તો છે જ, પરંતુ પાયામાં આપ પણ ખરા ને !'

'પાયામાં તો એ જ હતા. આપણે વળી ક્યાં કાંઈ...'

આટલું કહી સ્વામીશ્રીએ અધૂરું છોડી દીધેલું વાક્ય *'માન મોટાઈ*

મનમાં ન ભાવે...' તરીકે તેઓનો પરિચય આપતું ગયું.

પૂરો સ્વભક્ત કામના

મુંબઈના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સૂર, સ્વર અને સંગીતનો રસથાળ લઈ નામી કલાકારો રોજેરોજ હાજર થતા. તેઓ દ્વારા ક્યારેક કંઠ્ય, તો ક્યારેક વાદ્ય-સંગીતનો માહોલ સર્જાતો. કો'ક પ્રભાતે સારંગી-સરોદ, તો કો'ક સવારે સિતાર-સંતૂર; ક્યારેક વાયોલિન-મેન્ડૉલિન, તો ક્યારેક વીણા-વાંસળી; ક્યારેક ઢોલ-પખાવજ, તો ક્યારેક તબલાં-મૃદંગ... એમ જુદાં જુદાં વાજિંત્રોના નાદની સાથે સુગમ તથા શાસ્ત્રીય રાગોની જમાવટ થતી. જે-તે સંગીતકાર છેલ્લે પોતાનાં વાદ્યો સ્વામીશ્રી પાસે પ્રસાદીભૂત કરાવવા આવે ત્યારે સ્વામીશ્રી પણ મૃદંગ પર થાપ દઈને કે વાયોલિન પર બૉ ઘસીને કે વીણા-સિતારના તાર રણઝણાવી મધુર સ્મૃતિ આપતા. કો'ક ડ્રમિસ્ટ હોય તો ડ્રમ પર પડતી દાંડીઓ તેના શિર પર પણ તાલબદ્ધ રીતે વગાડી સ્વામીશ્રી હાસ્યનો સૂર રેલાવી દેતા. તેઓની આવી ચેષ્ટાઓથી કલાકારોને કલા પાવન થયાનો સંતોષ મળતો.

આવી જ એક પ્રાતઃપૂજા તા. ૮/૬ના રોજ પૂર્ણ કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે એક સંતે પોતાની પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો. તે પૂરો થયો છતાં હજી ભોજન ચાલુ હોવાથી સામે બેઠેલા કલ્યાણદર્શનદાસ સ્વામીએ વાંચન માટે 'અક્ષરાનંદ સ્વામીની વાતો'નું પુસ્તક ઉપાડ્યું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'એ પેલા સંતને આપો.' આમ કહી તેઓએ બાજુમાં બેઠેલા અખંડમુનિદાસ સ્વામીને વાંચવા કહ્યું.

તેથી ગદ્‌ગદ થઈ ઊઠેલા આ સંત બોલ્યા: "બાપા! પંદર દિવસ પહેલાં હું અહીં લાભ લેવા આવ્યો ત્યારે મને સંકલ્પ થયેલો કે 'સ્વામીશ્રી મને સામેથી વાંચવાનું કહે તો સારું.' આજે આપે એ મનોરથ પૂરો કર્યો."

'એ તો બરાબર છે, પણ તમે કેવું વાંચો છો એ મારે જોવું છે.' આમ કહી સ્વામીશ્રીએ પોતાના અંતર્યામીપણા પર પડદો પાડી દીધો કે શું?

સમર્થ થઈને પણ છાના રહેવું એ તેઓની ખાસિયત હતી.

'યોગી'નો વંશ-વારસો

મુંબઈમાં પ્રતિદિન સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ આરંભાતી મુલાકાતોમાં

પણ મહાનુભાવોનો મેળાવડો જામતો. આ શહેર વિવિધ વ્યવસાયોનું કેન્દ્ર-બિંદુ હોવાથી સ્વામીશ્રી પાસે નામાંકિત અગ્રણીઓની આવનજાવન ચાલુ જ રહેતી. તેના પનામાં મંત્રી-મુખ્યમંત્રીથી માંડી માલિક-મહાત્મા સુધીના સૌ સમાઈ જતા.

આ ક્રમમાં તા. ૧૧/૬ની સવારે જાણીતા ધર્માચાર્ય શ્રી શ્રી રવિશંકરજી ઉપસ્થિત થયા. તેઓએ ભગવી શાલ અને ફળફળાદિનો કરંડિયો સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું : 'हमारे धर्म को आपने ही जाग्रत किया है। आपने मंदिर बनाकर धर्म को शाश्वत कर दिया है। अक्षरधाम पूरे हिन्दू समाज के लिए गौरव है।'

આ અહોભાવ વહાવતાં શ્રી શ્રી રવિશંકરજી વીસેક મિનિટ સુધી સ્વામીશ્રી સાથે ધર્મવિમર્શ કરતા રહ્યા. અંતે તેઓ વિદાય લેવા ઊભા થયા ત્યારે તેઓને સ્વામીશ્રીએ સ્મૃતિભેટ આપી સન્માન્યા. આ વખતે શ્રી શ્રી સાથે આવેલા કાર્યકર વિશ્વાસભાઈએ સ્વાનુભવ ઉચ્ચાર્યો કે 'प्रमुखस्वामी के मुख पे जो स्माईल (स्मित) है, वह मिलियन डॉलर स्माईल है।'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'जो कुछ है, वह भगवान का है।'

તેઓનો આ પ્રતિભાવ તો સૌને બિલિયન ડૉલરનો અનુભવાયો.

સ્વામીશ્રીની આવી પ્રતિભાને માણવા તા. ૧૪/૬ની સવારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી અશોક ચવ્હાણ આવવાના હતા. તેઓના આગમન પૂર્વે સ્વામીશ્રી પોતાની સાહજિક પ્રકૃતિ અનુસાર અતિથિની સરભરા સંબંધી ઝીણાં સૂચનો કરવા લાગ્યા. તે મુજબ થતી વ્યવસ્થાને શાંતિથી નીરખતા તેઓને કો'કે પૂછ્યું : 'બાપા ! શું વિચાર કરો છો ?'

'આપણે શું વિચાર કરવાનો હોય ? પણ જોગીબાપા કહેતા કે સરભરા કરવી. તેઓ તો કોઈ આવવાના હોય તો પંદર મિનિટ પહેલાં આઘા-પાછા થવા માંડે.' આટલું કહેતાં સ્વામીશ્રી હસી પડ્યા.

તે વખતે યજ્ઞેશદાસ સ્વામી બોલ્યા : 'આપ પણ યોગીજી મહારાજ જેટલી જ ચિંતા કરો છો ને !'

'હું એમના વંશમાંથી આવેલો કહેવાઉં ને ! એમણે જે કર્યું એમાંથી થોડું તો કરવું પડે ને !' આમ બોલતાં સ્વામીશ્રી હસી પડ્યા. એ મુક્ત નિર્દોષ હાસ્ય પણ સૌને 'યોગી'ના વંશ-વારસાનું વાહક જ અનુભવાયું.

'યોગી'ની આ છટાથી આજે મુખ્યમંત્રીને મળતાં સ્વામીશ્રીએ રાજ્યના

આ ધુરાવાહકને હારતોરાથી સત્કાર્યા. તે પછી પંદરેક મિનિટ સુધી ચાલેલા વાર્તાલાપમાં તેઓએ મુખ્યપ્રધાનને એક મનનીય માર્ગદર્શન આપ્યું કે –

'आगे आना है तो संप (एकता) से आना चाहिए। संगठन को नुकसान नहीं होना चाहिए। किसी को धक्का मार के नहीं आना चाहिए। सब कुछ करो लेकिन समाज को मत भूलो, आदमियों को मत भूलो। भक्ति भी करो और समाज को भी मत भूलो।'

સ્વામીશ્રીના આ શબ્દોમાં રાજનીતિ અને ભક્તિરીતિ – બંને છલકાઈ રહ્યાં.

રે પાછાં તે પગલાં નવ ભરીએ

તા. ૧૪/૬ની સાંજે સ્વામીશ્રી રવિસભામાં જવા નીકળ્યા ત્યારે મંદિરના ખૂણે-ખૂણે માનવમેદની નજરે ચડતી હતી. ત્રણેક હજારની ક્ષમતા ધરાવતો યોગી સભાગૃહ તો આજે ઊમટેલા ૧૦,૦૦૦ ભક્તોને સમાવવામાં અતિ સાંકડો પુરવાર થતાં પરિસરની ઈંચે-ઈંચ જગ્યા માનવ-પગલાંથી ભરાઈ ગયેલી. તેની વચ્ચે રજૂ થઈ રહેલો કિશોર મંડળનો વિશિષ્ટ કાર્યક્રમ 'એક ડગલું' પણ રંગ જમાવી રહેલો. કિશોર પેઢીમાં નૈતિકતા અને આધ્યાત્મિકતા ઘૂંટાવતી આ પ્રસ્તુતિના અંતિમ ચરણમાં હૃદયાકારની ૨,૪૫૦ આકૃતિઓથી ગૂંથાયેલો ૨,૦૦૦ ફૂટ લાંબો હાર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો ત્યારે તો વાતાવરણ અલૌકિક આનંદથી ઊભરાઈ ગયું.

તેમાં જ પોતાની અમૃતધારા ઘોળતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'કિશોર મંડળની જય! આજે વાત થઈ કે એક ડગલું ભરવું છે. ભગવાનની ભક્તિ કરવામાં ડગલું તો ભર્યું છે, પણ એ ડગલું સાચવવું એ પણ એટલું જ અગત્યનું છે. ડગલું ભર્યું છે તો પાછા ન હટીએ. આપણે લૌકિક લાભ માટે ડગલું ભર્યું નથી. આ ડગલું તો ઠેઠ અક્ષરધામને પામવા માટે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સેવા માટે આ ડગલું ભર્યું છે તો આજે મોટા પ્રમાણમાં બધા આવ્યા છે. એક-એક છે એ પાછા પાંચ-પાંચને સત્સંગી કરજો. કડેધડે કરવા, ફાસફૂસિયું નહીં. એવા ભાવથી ડગલું ભર્યું છે તો એમાં પાછા હટીએ નહીં. આપણું આ ડગલું એ સામાન્ય નથી. જગતનાં સો ડગલાં ભરે કે પચાસ ડગલાં ભરે એનો કોઈ અરથ નથી, પણ આ જે ડગલું ભર્યું છે તે એવું ભરવું છે કે જે કોઈ દિવસ ઊખડે નહીં. મહારાજ, સ્વામી,

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને પ્રાર્થના છે કે યુવકોએ જે રજૂઆત કરી છે તો એમને એવું બળ મળે કે બીજા હજારોને આવો સત્સંગ કરાવે.'

આ સદ્‌બોધ આપ્યા બાદ સ્વામીશ્રી કિશોર-કિશોરીઓએ અંગત ખર્ચા બચાવીને ઠાકોરજીનાં ચરણે ધરેલા સાત લાખ રૂપિયાના દાન બદલ સૌ પર પ્રસન્નતા વરસાવી ઉતારે પધાર્યા.

અહીં ભોજનથી પરવારી પત્રવ્યવહારમાં ડૂબેલા તેઓને પત્ર-પરિચારક એક પછી એક ટપાલ હસ્તાક્ષર કરી આપવા માટે ધરવા લાગ્યા. સ્વામીશ્રી પણ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર સહી કરી, પત્રને હળવે હડસેલે પૅડ પરથી આગળ સરકાવવા માંડ્યા. તે ક્રમમાં તેઓએ પુરુષોત્તમપુરાના હરિભક્ત શ્રી કાંતિભાઈ પટેલને ઉદ્દેશી લખાયેલા કાગળમાં આશીર્વાદ લખતાં સેવકનું ધ્યાન દોર્યું કે 'પત્રમાં ઉપર તારીખ લખી નથી, તો લખી દેજો.'

હસ્તાક્ષર કરવામાં થતી ત્રણેક સેકન્ડમાં તો સ્વામીશ્રીની આંખ પત્રના ખૂણે-ખૂણે ફરી વળતી. તેથી સઘળી ક્ષતિઓ સુધરી જતી. એક વાર તેઓની નજર તળેથી પસાર થયેલાં પત્ર, પુસ્તક કે પ્રકલ્પ પર પૂર્ણતા બેશક આવી વસતી!

રે ભવભવની ભાવટ ભાંગી

તા. ૧૫/૬ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ પ્રદક્ષિણાના ચોકમાં પધાર્યા ત્યારે ત્યાં વ્હીલચૅરમાં બેઠેલો તેર વર્ષીય બાળક સંદીપ કાપડી સેરિબ્રલ પાલ્સી નામના રોગનો ભોગ બની ચૂકેલો. સ્નાયુસંબંધી આ આપત્તિને કારણે તેનું હલન-ચલન ખૂબ મર્યાદિત થઈ ગયેલું. છતાં સ્વામીશ્રીના સંગે પામેલી દૃઢતાથી તે આવા સંજોગોમાં પણ નિર્જળ ઉપવાસ, ધારણાં-પારણાં જેવાં વ્રત કરતો. માતા-પિતાની સહાયથી નિત્યપૂજા કરીને જ પાણીનું ટીપું મોંમાં મૂકતો. આ બીમારીએ તેના શાળાકીય અભ્યાસ પર તો પૂર્ણવિરામ મૂકી દીધેલું, પણ પથારીમાં સૂતાં-સૂતાં તે જીવનચરિત્રોના ગ્રંથ સ્ટેન્ડમાં ભરાવી વાંચ્યા કરતો.

આવી મુમુક્ષુતાએ જ આજે જાણે સ્વામીશ્રીને તેની તરફ ખેંચ્યા. તેઓ આ બાળકની નજીક જઈ તેના શરીર પર પોતાનો વરદહસ્ત પ્રસારતાં આશીર્વાદ આપવા લાગ્યા ત્યારે બાળકના હોઠ પર આરત ફૂટી : 'બાપા! મને નિર્વાસનિક કરીને ધામમાં લઈ જાવ.'

એક બાળકુસુમમાંથી પ્રસરેલો આ પ્રાર્થનાનો પરિમલ સૌને સ્વામીશ્રીનાં

સત્સંગ અને સામર્થ્યનો પરિચય આપી રહ્યો. શિશુઓને સનકાદિકની સ્થિતિ સિદ્ધ કરાવનારા સ્વામીશ્રીને સૌ વંદી રહ્યા. સ્વામીશ્રી સ્વયં પણ બાળકની આ માંગણીથી લાગણીવિવશ બની ગયા અને 'ભગવાનનું ભજન કરજે, મહારાજ સુખિયો કરશે...' કહી આગળ વધ્યા.

પરંતુ તે પછીનો ઘટનાક્રમ રોમાંચકારી રહ્યો. સ્વામીશ્રીના આશીર્વાદ પામી ઘેર આવેલા આ બાળકે વાંચનના ક્રમમાં ચાલી રહેલા યોગીજી મહારાજના જીવનચરિત્રના છઠ્ઠા ભાગમાંથી કેટલાં પાનાં વાંચવાનાં બાકી રહ્યાં તેની ગણતરી કરી. તે પછી રોજ વંચાતાં પાનાં લેખે હવે કેટલા દિવસમાં આ ગ્રંથનો પાઠ પૂર્ણ થશે તેનો હિસાબ પણ કેલક્યૂલેટર મંગાવી માંડ્યો. અંતે તે બોલ્યો: 'યોગીજી મહારાજના જીવનચરિત્રનું વાંચન પૂરું થશે એટલે સ્વામીબાપા મને ધામમાં લઈ જશે.' આટલું કહી તેણે ઉમેર્યું: 'મારી પાછળ કોઈ રડશો નહીં, ભજન કરજો. મને સગાં-સંબંધીઓ તરફથી જે રકમ ભેટમાં મળી છે તેમાંથી મંદિરમાં ઠાકોરજીને રસોઈ આપજો, સંતોને ધોતિયાં ઓઢાડજો અને અક્ષર દેરીમાં સેવા લખાવજો.'

અગોચરની આટલી સ્પષ્ટ આગાહી કરતા આ સંદીપને જોઈ સૌ ચકિત રહી ગયા. પરંતુ બન્યું તે બાળકે ભાખેલું એમ જ! જ્યારે યોગીજી મહારાજના જીવનચરિત્રના અંતિમ ભાગમાં ગૂંથાયેલી યોગીલીલા સમેટાઈ તેના બીજા જ દિવસે આ બાળકની જીવનનૈયા પણ અક્ષરધામના ઓવારે આવી ગઈ!

'જ્યારે ત્યાગવું હોય તનને રે, ત્યારે મો'રે જણાય જનને રે;
પછી બીજા જનને એમ કહે રે, મારો દેહ હવે નહિ રહે રે;
*એવી હિંમત સોત હરિજન રે, એમ કહીને ત્યાગે છે તન રે...'*ની[૨૨] રીત હતી સ્વામીશ્રીના સત્સંગમાં. તે તેર વર્ષના બાળકમાં પણ જોવા મળતી!

અમને રુચે ભક્તિનું કામ

તા. ૧૬/૬ની સવારે સ્વામીશ્રી પાસે માર્ગદર્શન મેળવવા આવેલા ૧૬૩ મુલાકાતીઓ પૈકીના એક ભાવિક સ્વામીશ્રીને જોતાં જ ચોધારે આંસુ સારવા માંડ્યા. તેઓએ રડતાં રડતાં જ માફીનો સૂર છેડ્યો કે 'બાપા! તમારામાં મને ખૂબ મનુષ્યભાવ આવ્યો હતો. તેથી આઠ વર્ષથી મેં સત્સંગ છોડી દીધેલો, પણ બરબાદ થઈ ગયો છું. માટે દયા કરો અને શરણમાં લો.'

---

૨૨. યમદંડ: કડવું ૧૯.

બળતરાની આ પીડાને ઠારતાં સ્વામીશ્રી એ મુમુક્ષુના મસ્તકે હાથ મૂકી બોલ્યા : 'પાછળનું જે છે એ ભૂલી જાવ. હવેથી નિયમિત સત્સંગ કરજો. રવિસભામાં નિયમિત આવવાનો ખટકો રાખજો. સુખી થવાશે. આશીર્વાદ છે.'

'વિપરીત મતિવંત વૈર રાખે, પણ પ્રભુ તેનું ભલું થવાનું ભાખે...' જેવું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ કેવું કરુણામય હતું !

તેની સાથે તે એટલું જ ભક્તિમય. તેથી જ કોઈને ન સૂઝે એવું તેઓને સ્ફુરી આવતું. તેની સાક્ષી તા. ૧૮/૬ની સવાર બની રહી.

આ સમયે આગામી દિવસોમાં આવી રહેલી રથયાત્રાનું આયોજન જણાવવા સ્વામીશ્રી પાસે આવેલા સંતોએ કહ્યું : 'સાંજે પાંચ વાગ્યે આ યાત્રાનો પ્રારંભ થશે. તેમાં ઠાકોરજીના રથ મંદિરેથી પ્રીતમ હૉટલ થઈ કિંગ સર્કલને પાવન કરતાં પુનઃ મંદિરે આવશે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'એમ અવળી પ્રદક્ષિણા કેમ ફરો છો ? એના કરતાં માટુંગા થઈને પછી આ બાજુ કિંગ સર્કલ અને પ્રીતમ હૉટલ થઈને મંદિરે આવે એવું ગોઠવો, ઠાકોરજીની પ્રદક્ષિણા થઈ જાય ને !'

ભૂગોળ અને ભગવાન – બંનેનું અદ્‌ભુત જ્ઞાન ધરાવતા સ્વામીશ્રીનું આ સૂચન સૌને સમજાવી ગયું કે તેઓ સઘળી ગણતરી ઠાકોરજીને જ મધ્યમાં રાખીને માંડે છે.

સત્સંગ કેરો મમત્વ રાખે

પ્રત્યેક મંદિરમાં સ્વામીશ્રી સવારે ઠાકોરજીનાં દર્શને પધારે ત્યારે સંતો મૂર્તિવર્ણનનાં કે પ્રાર્થનાનાં પદો ગાય. મંદિરના ત્રણેય ખંડમાં સ્વામીશ્રી દર્શન કરી રહે ત્યાં સુધીમાં લગભગ એક પદ પૂરું ગવાઈ રહે. પરંતુ અત્રે મુંબઈમાં એક સવારે ભજન ગાઈ રહેલા ગાયક સંતે સ્વામીશ્રીને દર્શન બાદ પ્રાતઃપૂજામાં જવા માટે વિલંબ ન થાય તે હેતુસર *'સુંદર શ્રી ઘનશ્યામ...'* કીર્તનની બે પંક્તિ કાપી સીધી જ છેલ્લી કડી લલકારી, પણ આ ઉતાવળને તત્ક્ષણ પકડતાં સ્વામીશ્રીએ એ સંતને ટકોર કરી કે 'બે કડી કેમ કાપી નાંખી ?'

આ સાંભળનારા સ્વામીશ્રીની સ્મરણશક્તિ અને શ્રવણશક્તિ પર ઓવારી ગયા. અન્નકૂટમાં ગોઠવાયેલી હજારો વાનગીઓમાંથી એકાદ જલેબીની ભાંગી ગયેલી વર્તુળાકાર કોરને કળી જવું જેમ અઘરું, તેમ હજારો કીર્તનોમાંથી ગવાતા એકાદ કીર્તનની બે કપાઈ ચૂકેલી પંક્તિને પકડવું પણ

કઠિન. સ્મૃતિ કેટલી તીવ્ર હોય અને શ્રવણ કેવું એકાગ્રતાથી થતું હોય ત્યારે જ આ સંભવે !

આ તીવ્રતા અને એકાગ્રતા સાથે વર્તતા સ્વામીશ્રીએ તા. ૨૦/૬ની સવારે ભોજન બાદ એક સહ-નિર્દેશક કક્ષાના કાર્યકરને ફોન જોડાવ્યો. કંઈક મનદુઃખ આ કાર્યકર્તાના સત્સંગને ઘસવા-ભૂંસવા માંડેલું. તેથી તેઓને સ્નેહસભર શીખ આપતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'મને આ વાતની ખબર પડી છે કે નવા વ્યવસ્થાપક આવ્યા હોય એમને તમારો ભોગ ખબર ન હોય અને સ્વભાવને લીધે ક્યાંક વઢી-ટોકી ગયા હોય એને લીધે તમને મનદુઃખ થયું છે, પણ આપણે મહારાજ-સ્વામીની સામું જોવું. તમારા એરિયામાં જે મંડળ ચાલે છે એનું કાર્ય ધ્યાન રાખી કરવું. તમે અત્યાર સુધી મંદિરની સેવા ખૂબ કરી છે. ઘરમાં પાંચ-દસ કુટુંબીઓ ભેગા રહેતા હોઈએ તો પણ બોલવા-ચાલવામાં ક્યારેક આઘું-પાછું થાય છે તો તે વખતે મન મનાવી લઈએ છીએ, એમ અહીં પણ રાખવું. મંદિરમાં કોઈ પણ થકી આવું થયું હોય તો દરગુજર કરજો, બધું ભૂલી જઈને મંદિરમાં જજો.'

તારાના તેજથી સૂર્યનું કયું કામ સુધરવાનું ? તેમ એક વ્યક્તિનું રૂસણું સ્વામીશ્રીના કાર્યમાં કઈ રુકાવટ લાવવાનું હતું ? પરંતુ સ્વામીશ્રીના નેતૃત્વમાં 'સ્વ'ની નહીં, સૌની બોલબાલા રહેતી. તેથી તેઓએ આજે કોઈનો વાંક પોતાના શિરે લઈ પાછા પડેલા એક કાર્યકર્તાને સાચવી લીધો.

*'સદૈવ કાળે સત્સંગ કેરો, મમત્વ રાખે મનમાં ઘણેરો...'*ની સ્વામીશ્રીની જીવનશૈલી ગુણાતીત બાગનાં કળી-કાંટા સહિત સૌની માવજત કરતી.

તેણે જ પેલા કાર્યકરના કાળજે વળગેલો કાટ ઘસી કાઢતાં તેઓએ ગળગળા થઈ કહ્યું : 'બાપા ! મારાથી કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.'

'ભૂલ તો થઈ જ નથી. કદાચ ગેરસમજ થઈ હોય તો મન મોટું રાખવું અને સત્સંગમાં જવાનું ચાલુ રાખજો.' સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી નરી ઉદારતા જ નીતરતી રહી.

ગુણ માયિક ત્યાં નથી કશો

તા. ૨૧/૬ની સવારે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ દર્શન માટે બેઠેલા સંતો વિદેશમાં સેવા કરવા નીકળવાના હતા. તેથી તેઓને ભાથું બંધાવતાં સ્વામીશ્રીના મુખેથી અનુભવામૃત સરવા લાગ્યું કે –

''સાધુ થયા તો હવે મહારાજ-સ્વામીને રાજી જ કરવા છે એ એક તાન રાખવું. અહીં કરોડગણું દુઃખ પડે તોય સારું જ છે એમ દૃઢતા રાખવી. જે છે એ અહીં જ છે. અહીં જ સારું થવાનું છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું આ કાર્ય બરાબર જ છે. ગમે એટલી મોળી વાત પડે, મુશ્કેલીઓ આવે તો પણ ભગવાનને કર્તા માનીને એ વિચાર ટાળી નાંખવો. ઘણી વખત બીજાને આગળ કરે ને આપણને પાછા પાડે એવું પણ દેખાય, પણ એય ભગવાનની ઇચ્છા!

ગમે ત્યાં જાવ, છાતી કાઢીને કામ થશે. 'નહીં થાય' એમ ન માનવું. થશે જ! અને કદાચ ન થયું તોય ભગવાનની ઇચ્છા માનવી. કોઈ મૂરખ કહે તોય આપણે આત્મા છીએ એમ માનીને આનંદમાં રહેવું. 'અક્ષર છું, આત્મા છું, બ્રહ્મ છું' એ સમજણમાં બીજું કશું અડે જ નહીં. સમજણ ન કરી હોય તો આવું કંઈ થાય ત્યારે ચટકી લાગી જાય કે 'મને આમ કહે છે?' પછી એના માટે ખટપટો થાય. એના કરતાં ભગવાનનું ભજન કરીને સુખિયા રહેવું.''

સંતોના મિષે સૌને આ જ્ઞાનદાન આપી સ્વામીશ્રી તા. ૨૩/૬ની સાંજે પત્રવાંચનમાં પરોવાયા. તે સમયે એક વિમર્શ માટે ઓરડામાં પ્રવેશેલા અભયસ્વરૂપદાસ સ્વામીએ તેઓ પર આવેલા ફોનની વિગત જણાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'હમણાં એક હરિભક્તે મને વાત કરી કે સ્વામીશ્રીમાં મને વારંવાર મનુષ્યભાવ આવી જાય છે, તો કંઈક દયા કરજો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'મારામાં દોષ છે જ નહીં. એ તો જેનામાં હોય એને મારામાં દેખાય.'

પરભાવમાં ઉચ્ચારાઈ ગયેલા તેઓના આ ઉદ્‌ગારમાંથી તેઓનું શુદ્ધ સ્વરૂપ ઝળકી રહ્યું.

આવા નિર્દોષ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૪/૬ની સાંજે રથયાત્રા યોજાઈ. અલબત્ત, સ્વાસ્થ્ય અને ઉંમરને કારણે તેઓને આ યાત્રામાં જોડાવાનું નહોતું, પરંતુ યાત્રાની પ્રસ્થાન વેળાએ ઠાકોરજીનું પૂજન કરવાનો ઉમળકો જાગી જતાં સ્વામીશ્રી ઉતારામાંથી બહાર આવી ગયા. તે વખતે યોગી સભાગૃહ અને પ્રમુખ સદનની વચ્ચેથી પસાર થતા રસ્તા પર બૅન્ડ અને બળદગાડાં, રથ તથા બગી સહિત શ્વેત વસ્ત્રોમાં સજ્જ ત્રણેક હજાર હરિભક્તો હરોળબંધ ગોઠવાઈ ગયેલા. નગરસેવક, ધારાસભ્ય સહિતના અગ્રણીઓ પણ હાજર હતા. તે સૌની સાથે સ્વામીશ્રીએ ઠાકોરજીનાં પૂજન-આરતી કરી રથયાત્રાને લીલી

ઝંડી આપતાં આ કલ્યાણકારી કાફલો મુંબઈના માર્ગો પર સરકવા માંડ્યો.

દેહ ત્યાં નથી પણ મન ત્યાં જ છે

તા. ૨૪/૬ની સાંજે મહાનગરના માર્ગો પર ઘૂમેલો ઠાકોરજીનો ધર્મરથ તા. ૨૬/૬ની સવારે મુંબઈથી વડોદરા થઈને બોચાસણ સુધીની સફર ખેડવાનો હતો. તે માટે કલિના એરપોર્ટ પર સમયસર પધારેલા સ્વામીશ્રીએ ચાર્ટર્ડ વિમાનમાં સ્થાન ગ્રહણ કરી લીધું. તેઓની બાજુની બેઠક પર હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. તે જોઈ એક વિમાની કર્મચારીએ પૂછ્યું: 'ठाकुरजी के साथ कोई बैठेगा?'

'ठाकोरजी ही हम सबको बिठाते हैं। उसकी कृपा से तो हम सब बैठे हैं।' કોઈ જવાબ આપે તે પહેલાં તો સ્વામીશ્રીએ જ જણાવી દીધું.

જો કે તેઓની આ પરાભક્તિને પામવાની કક્ષા વિમાની પરિચારક પાસે ક્યાંથી હોય? તે તો અવઢવ સાથે સ્વામીશ્રી સામે જોઈ જ રહ્યો અને ભક્તિના ગગનમાં વિહરતા સ્વામીશ્રી સાડા અગિયાર વાગ્યે બોચાસણના આંગણે આવી પહોંચ્યા.

અહીંથી તેઓએ તા. ૧/૭ની સાંજે અમેરિકાના સર્વે સંતો-ભક્તોને ઉદ્દેશી લખેલા એક પત્રમાં જણાવ્યું:

'વિ. આપ સર્વેને અક્ષરધામ કરવાનો મોટો સંકલ્પ થયેલ છે. તે અંગેનું ભૂમિપૂજન કરવા આ ગુરુપૂનમે સંકલ્પ કરેલ છે, તો મહારાજના પ્રતાપે થઈ જશે. આ પ્રસંગે હું તથા પૂજ્ય મોટેરા સંતો આવી શક્યા નથી તો ક્ષમા કરશો. રાજી રહેશો. દેહ ત્યાં નથી પણ મન ત્યાં જ છે.'

સ્વામીશ્રીના આ અક્ષરો અમેરિકાના અક્ષરધામ વિષેની તેઓની લાગણીને દર્શાવી ગયા.

સંપ વગર બધું અધૂરું

બોચાસણમાં તા. ૨/૭ની સવારે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન દાહોદ પંથકમાં વિચરતા અમૃતમુનિદાસ સ્વામી તથા શ્રીજીદર્શનદાસ સ્વામીએ સ્થાનિક સત્સંગનો અહેવાલ આપતાં જણાવ્યું: 'બાપા! આ આદિવાસી વિસ્તાર એવો છે કે ઘણી વખત તો ઘેર-ઘેર પધરામણીઓ કરીએ તો પણ ડીઝલના ખર્ચા જેટલીયે ભેટ ન આવે.'

'આપણે તો ગાંઠનું ગોપીચંદન ઘસીને તિલક કરીને જવાનું છે.'

આ શબ્દો દ્વારા વિચરણનો ઉદ્દેશ સમજાવતાં સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'આપણે તો સત્સંગ કરાવવા માટે જવાનું છે, પૈસા માટે નહીં. એ લોકો ગરીબ છે, પણ સત્સંગ થાય એ જ બહુ મોટી વાત છે. બધા વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે. એના માટે જ જવાનું છે.'

આ નિઃસ્વાર્થ ભાવના સાથે અઢી લાખથીયે વધુ ઘરો અને પંદર હજારથીયે અધિક ગામો-નગરોમાં વિચરનારા હતા સ્વામીશ્રી.

તેઓ સમક્ષ સંતોએ પ્રાર્થના કરી કે 'આશીર્વાદ આપો જેથી સંપીને કાર્ય કરી શકીએ.'

'સંપ હશે તો જ મંદિરો થશે. સંપ વગર બધું અધૂરું !'

'એવા આશીર્વાદ આપો કે કાર્ય કરવામાં સહેજ પણ અહંકાર આવે નહીં.'

''અહંકાર જોઈએ જ નહીં ! 'જે કંઈ થાય છે એ ભગવાનથી જ થાય છે' – એ વાત દૃઢ રાખવાની અને 'કેવળ સત્સંગ જ કરાવવો છે' એ આશય દૃઢ રાખવાનો, જેથી અહં-મમત્વ થાય જ નહીં.'' સ્વામીશ્રીના મુખેથી અદ્‌ભુત પ્રેરણાઓ સરી પડી.

દુઃખી થાય પરદુઃખ દેખતાં

તા. ૨/૭ની સવારે ભોજન બાદ સ્વામીશ્રીએ મંદિરના વ્યવસ્થાપક વેદજ્ઞદાસ સ્વામીને બોલાવી લાવવા સેવકને જણાવ્યું. તે મુજબ એ સંત ઓરડામાં પ્રવેશ્યા ત્યારે સ્વામીશ્રી કો'કની સાથે વાત ફોન પર કરી રહેલા, પણ સામે ઊભેલા પેલા સંતને જોતાં જ તેઓ ફોનમાં બોલ્યા : 'તમે એક મિનિટ ચાલુ રાખો. હું આમને મળી લઉં.'

આમ, પોતાનું કાર્ય ઠેલીને સ્વામીશ્રી કઈ સૂચના આપવા લાગ્યા ? તેઓએ ઓરડામાં આવેલા સંતને કહ્યું : 'મારી ઇચ્છા છે કે હજી સુધી વરસાદ પડ્યો નથી તો કાલે સવારે સભામંડપમાં વહેલી કથા થાય છે એની જગ્યાએ ધૂન કરાવો. ઠાકોરજીની મૂર્તિ મૂકીને દીવો કરવો અને 'વરસાદ પડે એ માટે ધૂન છે' એવી જાહેરાત કરાવવી. મારી પૂજામાં પણ કીર્તનોને બદલે ધૂન જ કરવી અને એ ધૂન નવ વાગ્યા સુધી ચલાવજો.'

પ્રજાના હિતનું આ કાર્ય આગળ ધપાવ્યા બાદ સ્વામીશ્રી પોતાનું કામ

હાથ પર લેતાં ફોનમાં વાત કરવા માંડ્યા. તેઓની પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં પ્રથમ સ્થાને સમાજ આવતો, પછી પોતે !

તેથી તા. ૩/૭ની સવારે તેઓ ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે સભામંડપની સાથે મંદિરનો ઘુમ્મટ પણ સંતોની ધૂનના ઘોષથી ગાજી રહેલો, પરંતુ ત્રણેય ખંડમાં દર્શન કરી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પહોંચ્યા એટલે આ ધૂન વિરમી. તે જોઈ તેઓ બોલ્યા: 'ચાલુ જ રાખો. અમે નીચે ઊતરીએ પછી ચાલુ ધૂને સૌ અમારી પાછળ પાછળ ચાલજો અને ઠેઠ સભામંડપ સુધી ધૂન ચાલુ રાખજો.'

આ સૂચના આપી સ્વામીશ્રી સ્વયં પણ તાળી વજાડી ધૂન ગાતાં-ગાતાં બધાં દર્શનીય સ્થળોએ જઈ સભાગૃહમાં પધાર્યા.

અત્રે વહેલા પહોરથી ગુંજી રહેલી ધૂને સ્વામીશ્રી આવતાં વધુ તેજી પકડી. આ રમઝટમાં જ પ્રાતઃપૂજા પૂર્ણ થઈ ત્યારે સાડા આઠ વાગેલા, પરંતુ હાથના ઇશારે નવ વાગ્યા સુધી ધૂનગાન ચાલુ રાખવાનું કહી સ્વામીશ્રી પણ નેત્રો મીંચી ધૂનમાં એકતાર થઈ ગયા. તે વખતે સંગીતના લય કરતાંયે દ્રુત ગતિમાં પડતી તેઓની તાળીઓ પ્રજાનું દુઃખ ફેડવાની તત્પરતા સૂચવતી રહી.

આ તત્પરતાના તટે બેસીને જ સ્વામીશ્રી નવ વાગ્યે અમૃતધારા વહાવવા લાગ્યા કે –

'આજે દેવશયની એકાદશી છે. આજે આપણે જે કંઈ પ્રાર્થના કરી છે એ ભગવાન દયા કરીને સાંભળે અને નદી-નાળાં છલકાઈ જાય, વાવેતર પણ થઈ જાય. બિયારણ બળી ગયાં છે એટલે દુઃખ થાય, પણ ભગવાન ભલું કરવા જ આવ્યા છે. કદાચ આપણી પ્રાર્થના ન ફળે તો પણ મૂંઝાવાની જરૂર નથી, ભગવાનને મૂકવા નહીં. 'જ્યારે-ત્યારે પણ સારું જ થવાનું છે' એવો વિશ્વાસ રાખવો. આજે જે કંઈ ધૂન બધાએ કરી છે એ ઠેઠ પહોંચી ગઈ છે અને ત્યાં ઇન્દ્ર પણ જાગ્યા છે. એટલે હવે ઇન્દ્ર રાજી થઈને આવશે અને આપણે લાડુ જમાડીશું. ભગવાન સૌને સુખિયા કરે એ જ પ્રાર્થના.'

આ રીતે સ્વામીશ્રીએ એકાદશીના દિવસથી ધૂનનો પર્જન્ય-યજ્ઞ પ્રગટાવી દીધો.

કરે ક્યારેક મનુષ્યચરિત્ર

તા. ૪/૭ની સવારે સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યાં જ એક સંતે

તેઓને ફોન ધરતાં કહ્યું : 'અમેરિકાથી કાવિઠાના મયંકનો આ ફોન આવ્યો છે. આજે જન્મદિવસ નિમિત્તે તેણે રસોઈની સેવા કરી છે તો આશીર્વાદ આપો.'

આ સાંભળી વાત માંડતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આનંદ થયો – તારા ઘેર દીકરાનો જન્મ થયો. દીકરો સારામાં સારો સત્સંગી બને, તારી જેમ ખૂબ સેવા કરે, ભણે-ગણે...'

સ્વામીશ્રી તો બોલ્યે જ જતા હતા, પણ પેલા સંતે 'આ તો એના જન્મદિવસની વાત છે...' એમ જણાવ્યું ત્યારે ખડખડાટ હસી પડતાં સ્વામીશ્રી ફોનમાં બોલ્યા : 'અલ્યા, આ તો કાચું કપાયું. અવળ-હવળ થઈ ગયું !'

'બાપા ! આપ કહો એ બરાબર જ છે !'

'ખરો ભગત છે. અમે ગમે એમ બોલીએ પણ તું સવળું સમજે છે એટલે સારું છે !' આમ કહી સ્વામીશ્રીએ એ યુવાનને જન્મદિનના આશીર્વાદ આપ્યા.

તેઓએ *'કરે ક્યારેક મનુષ્યચરિત્ર, જોઈ જોઈ રાજી થાય મિત્ર...'*ની રીત અપનાવેલી. તેથી ક્વચિત્ આકાર પકડી લેતા તેઓનાં આવાં ચરિત્રોનો આસ્વાદ સૌ જીવનપર્યંત મમળાવતા રહેતા.

એવું એક માણવાલાયક ચરિત્ર એટલે સ્વામીશ્રીનું ક્ષૌરકર્મ.

સાંપ્રદાયિક પ્રણાલી અનુસાર દર સુદ તેરસે સ્વામીશ્રી મુંડન કરાવતા. આ વિધિનાં દર્શનનું આકર્ષણ સૌને ખૂબ રહેતું. શરૂઆતનાં વર્ષોમાં તો સંતો સાથે ભક્તોનેય આ લાભ મળતો; પરંતુ સત્સંગ-સમુદાય વધતાં છેલ્લાં વર્ષોમાં કેવળ સંતો આ લીલા નિહાળવા સદ્‌ભાગી બનતા. આ સમયે સ્વામીશ્રી મહદંશે ગ્રંથવાંચન કરાવતા. કો'ક વાર સંતો દ્વારા સેવા-પ્રવૃત્તિઓનો અહેવાલ પણ રજૂ થાય. પરંતુ પ્રસ્તુતિ જે હોય તે, એકાદ કલાકનું આ સત્ર વિનોદ અને પ્રમોદ સાથે વીતતું. તેમાં સ્વામીશ્રી એટલા હસે કે ઘણી વાર તો મુંડનવિધિ થોભાવી દેવી પડે.

આવો દિવ્ય ક્રમ તા. ૫/૭ની સવારે આરંભાયો. તેમાં સામે બેઠેલા એક સંતે પીએચ.ડી.ની પદવી માટે પોતે લખેલા શોધનિબંધની વાત માંડી, પરંતુ તેમ કરતી વખતે તેઓએ મહાનિબંધને નીચે ભોંય પર મૂક્યો. તે જોતાં જ ક્ષૌરકર્મ કરાવી રહેલા સ્વામીશ્રીએ તેને ખોળામાં લઈ લેવા ઇશારો કર્યો. તેઓના હૃદયમાં ઊછળતી પુસ્તકપ્રીતિ અને ગ્રંથનો આદર આવી નાની-નાની ક્રિયાઓ દ્વારા પણ છલકાતાં રહેતાં. સંસ્કાર અને સંસ્કૃતિનું કોઈ અંગ સ્વામીશ્રીમાં ભાંગ્યું-તૂટ્યું જોવા ન મળે.

કલ્પના બહારનું

તા. ૫/૭ની સવારે ક્ષૌરકર્મ બાદ નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં બિરાજ્યા. તે સમાપ્ત થતાં વિદ્યાનગરથી પદયાત્રા કરીને આવેલા ત્રણ સંતો તેઓને છાત્રાલયના યુવકોએ બનાવેલો કંઠીનો હાર પહેરાવવા આવ્યા. એ અંગીકાર કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આમાં જેટલા મણકા છે એટલા સત્સંગી કરજો.'

તેઓએ ચીંધેલા આ લક્ષ્યમાંથી સત્સંગ વધારવાની તેઓની તમન્ના છતી થઈ રહી.

આ તાન સાથે સ્વામીશ્રી આજે ૬૦થી વધુ મુલાકાતીઓને મળ્યા. તેમાંના એક પ્રસિદ્ધ પત્રકાર શ્રી અજય ઉમટે પોતાનું અવલોકન સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યું કે 'આજે આપ સૌને મળતા હતા તે વખતે એક મુમુક્ષુને વ્યસન મુકાવવા માટે જે રસથી આપ વાત કરી રહ્યા હતા એ જોઈને મને થયું કે આપને જેટલું અગત્યનું અક્ષરધામ છે એટલું જ અગત્યનું આ વ્યસન મુકાવવાનું છે! આપ નાની બાબતમાં પણ આટલો રસ લઈ શકો છો એ હું કલ્પી શકતો નથી.'

આવી જ એક કલ્પના બહારની વાત તા. ૭/૭ની સવારે બની.

આ સમયે ઈંગ્લેન્ડના વેલિંગબરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા પછી સ્વામીશ્રી આજની ગુરુપૂનમે ૧૧૧ મુલાકાતીઓને મળ્યા. તેમાંના એક આણંદવાસી શ્રી શંભુભાઈના દાદા નારણભાઈ શાસ્ત્રીજી મહારાજના સમયમાં દર ગુરુપૂર્ણિમાએ એકાવન રૂપિયાની સેવા નોંધાવતા. એ પ્રણાલી ઘણાં વર્ષોથી વારસામાં ચાલતી આવેલી, પરંતુ હવે ગુરુદક્ષિણારૂપે આટલી નાની રકમની સેવા કરવામાં આ હરિભક્તનું મન માનતું નહોતું. તેથી તેઓ છેલ્લા કેટલાક સમયથી સ્વામીશ્રીને કહેતા હતા: '૫૧ પછી આપને જેટલાં મીંડાં વધારવાં હોય તેટલાં વધારો. તે જે આંકડો થાય તેટલી સેવા પ્રત્યેક ગુરુપૂનમે મારે કરવી છે.'

પરંતુ દરેક વખતે સ્વામીશ્રીનો પ્રતિભાવ એક જ રહેતો કે 'એકાવન રૂપિયા છે તે બરાબર છે.'

તેની સામે આ સત્સંગીની દલીલ રહેતી કે 'હવે આપની કૃપાથી દેશ-કાળ સુધર્યા છે, માટે સેવાની રકમ વધારો.' છતાં સ્વામીશ્રીએ ૫૧ પછી

એક મીંડુંયે ઉમેરવાનો ઉત્સાહ નહોતો દાખવ્યો. આ પણ કલ્પના બહારનું જ વલણ ને !

New Dimension in Management

તા. ૭/૭ના રોજ ઊજવાઈ રહેલી ગુરુપૂર્ણિમાનો લાભ લૂંટવા આવેલા શ્રી રવિચંદ્રન્ IIM(ઇન્દોર)ના નિયામક અને મૅનેજમેન્ટના પ્રખર પ્રાધ્યાપકની નામના ધરાવતા હતા. છતાં તેઓ આજે સ્વામીશ્રી સમક્ષ પોતાને મૅનેજમેન્ટના વિદ્યાર્થી જ અનુભવી રહ્યા. તેથી જ આજની સવારે મળવા આવેલા તેઓએ સ્વામીશ્રીને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરી પૂજ્યભાવ પ્રગટ કર્યો. તે સાથે તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'અક્ષરધામનું મૅનેજમેન્ટ ચકિત કરી દે એવું છે. આપે વળી એ કાર્ય બાયપાસ ઑપરેશન પછી શરૂ કર્યું ! આ વસ્તુ અસાધારણ છે અને આપ સ્વયં ભગવાન છો. બાકી આ શક્ય નથી.'

આ આશ્ચર્ય ઘૂંટી આ નિષ્ણાતે ઉમેર્યું : 'અત્યાર સુધી અમે વ્યવસાય-લક્ષી મૅનેજમેન્ટ ભણાવતા હતા. હવે મૅનેજમેન્ટના અભ્યાસક્રમમાં અમે ધાર્મિક ચિંતન અને સકારાત્મક વિચારોને મૂકવા માંગીએ છીએ. એમાં દિલ્હીના અક્ષરધામની વિગત પણ ઉમેરીશું, કારણ કે અક્ષરધામ એ New Dimension in Management (મૅનેજમેન્ટનો નૂતન આયામ) છે.'

અક્ષરધામનું આ મહિમાગાન થઈ રહેલું તે જ વખતે આ અજાયબીની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ વતી તેઓના પતિ શ્રી દેવીસિંહ શેખાવતનો ફોન આવ્યો. તેઓ પોતાની લગ્નતિથિ નિમિત્તે સપરિવાર અક્ષરધામનાં દર્શને આવેલા. તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ત્યાં જ સાંપ્રદાયિક પ્રણાલીથી અજાણ શ્રી દેવીસિંહ બોલ્યા : 'ठहरिये, मैं श्रीमतीजी को देता हूँ।'

પરંતુ આ સાંભળતાં જ સ્વામીશ્રીએ ફોન બાજુમાં બેઠેલા કાર્યકર શ્રી રીતેશ ગઢિયાને આપી દીધો.

આવા ધર્મનિષ્ઠ ગુરુના પૂજન માટે આજે ૬૦,૦૦૦થી વધુ ભક્તોનો મહેરામણ ઊમટી પડેલો. મંદિરનું પરિસર, મંદિરથી અક્ષરપુરુષોત્તમ વિદ્યાલયના પ્રાંગણમાં રખાયેલા સભાસ્થળ સુધીનો માર્ગ, સ્વયં સભામંડપ અને સમગ્ર શાળાસંકુલ... સર્વત્ર ભક્તભીડ છલકાઈ રહેલી. તેઓનો આ ભક્તિભાવ ઝીલતા સ્વામીશ્રીનું પદાર્પણ મંચ પર થતાં અહીં છાઈ વળેલા

આનંદની અભિવ્યક્તિ વક્તવ્યો, નૃત્યો, હારતોરા વગેરે દ્વારા થતી ચાલી.

આ ક્રમમાં IIMના નિયામક શ્રી રવિચંદ્રને પણ ભાવોર્મિ વહાવી કે 'આપણી સંસ્કૃતિ કહે છે કે ગુરુ જીવનને અંતરની ખોજ પૂરી પાડે છે. આ અનુભવ પ્રમુખસ્વામીને મળીને મને થયો છે. હું માનું છું કે બી.એ.પી.એસ. જેવી સંસ્થાઓ જ્યાં સુધી કાર્યરત છે ત્યાં સુધી જનકલ્યાણ કે જનહિત પાછું નહીં પડે. પ્રમુખસ્વામી મહારાજે જે ૮૦૦ મંદિરો કર્યાં છે એ પણ મૅનેજમેન્ટનું એક અભૂતપૂર્વ પાસું છે.'

પરંતુ આ અભિપ્રાય ઉચ્ચારનારા શ્રી રવિચંદ્રન્ આજની બપોરે અને સાંજે તો સ્વામીશ્રીના મૅનેજમેન્ટથી અવાક્ જ બની ગયા.

સમૈયાની સભા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી પોઢવાની તૈયારીમાં હતા ત્યારે તેઓએ સંતો દ્વારા આ અતિથિ માટે સંદેશો મોકલાવ્યો કે 'સાહેબ ઉજાગરો કરીને આવ્યા છે તો અહીં આરામ કર્યા પછી નીકળે, જેથી તેઓને અને ડ્રાઇવરને પણ આરામ મળી જાય.'

સ્વામીશ્રીની આ ભલામણ સાંભળતાં જ જમવા બેઠેલા શ્રી રવિચંદ્રન્ આંખો મીંચી બોલવા લાગ્યા :

'This is what we don't teach at IIM – to care for people. We care for the intellect, but to care for people is more important.' અર્થાત્ વ્યક્તિની કાળજી એવી વિગત છે જે અમે આઇ.આઇ.એમ.માં ભણાવતા નથી. અમે બુદ્ધિધનની સંભાળ લઈએ છીએ, પણ વ્યક્તિને સાચવવો એ વધુ અગત્યનું છે.

સ્વામીશ્રીનું એક જ સૂચન વર્ષોના અનુભવી પ્રાધ્યાપકને પણ નવો દૃષ્ટિકોણ આપી ગયું !

પરંતુ શ્રી રવિચંદ્રન્ના અહોભાવની અવધિ તો ત્યારે આવી કે જ્યારે આ નિયામકને ખબર પડી કે સ્વામીશ્રીએ ન કેવળ બપોરના આરામની ખેવના રાખી છે, પણ તેઓએ તો પોતાના ઓરડાની સ્વચ્છતા અને સાંજે જાગ્યા બાદ નીકળતાં પહેલાં પોતાને ઠાકોરજીનાં પ્રસાદીભૂત ફળફળાદિ જમાડવાની પણ ગોઠવણ કરી દીધી છે ! તે જોઈ શ્રી રવિચંદ્રન્ બોલી ઊઠ્યા : 'I can't imagine a person so high at this level can give so much attention to detail; can do so much micro-management.' અર્થાત્ હું કલ્પના પણ નથી કરી શકતો કે આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચેલી

કોઈ વ્યક્તિ આટલું ઝીણું મૅનેજમેન્ટ કરી શકે !

સ્વામીશ્રીનાં માઇક્રો (સૂક્ષ્મ) અને મૅગા (વિશાળ) મૅનેજમેન્ટ જોઈ સૌ વાહ... વાહ... પોકારી ઊઠતા !

હું તો સંતોની ચરણરજ છું

વરસાદ માટે છેલ્લા પાંચ દિવસથી શરૂ થયેલો સ્વામીશ્રીની ધૂનનો વરસાદ તા. ૮/૭ની સવારે પણ એવો જ ત્રાટક્યો. હા, પ્રજાને પીડતી વરસાદી અછતને અળસાવવા સ્વામીશ્રીએ ચાલુ કરાવેલી ધૂનનો ઘોષ આજેય ઘુમ્મટને ભરી રહેલો. આ ધૂનમાં સૌ જોડાય તેનો ખટકો સ્વયં સ્વામીશ્રી ખૂબ રાખતા.

એક દા'ડો તો તેઓ મંદિરના પગથિયે ઊભેલા બે દર્શનાર્થીને જોઈ તરત જ તાળી પાડવાનો અભિનય કરી કહેવા લાગેલા : 'ત્યાં ઊભા રહીને લાડવા શું બગાડો છો ? અહીં ભજનમાં જોડાઓ ને !'

એક સવારે સ્વામીશ્રી દર્શન માટે કોળી મંડપમાં પધાર્યા ત્યારે ત્યાં તેઓની નજર ધૂનમાં બેઠેલા એક મુમુક્ષુને ઝોલાં ખાતાં જોઈ ગઈ. એ ભક્ત રાત આખી માથે લઈ ચાલતાં ચાલતાં વિદ્યાનગરથી અહીં આવેલા, છતાં સ્વામીશ્રીએ તેઓને ખબડદાર થઈ ધૂન ઝીલવા પ્રેર્યા.

એ જ રીતે તેઓએ તા. ૮/૭ના રોજ પણ મંદિરના પગથિયે બેઠેલા કેટલાક ભક્તોને ટકોર કરી કે 'બધા અહીં કેમ બેઠા છે ? ધૂન કરવા જાવ. કોઈ નીલકંઠ મંડપમાં આવશો નહીં. ઘુમ્મટમાં બેસી બધા ધૂન કરો. ધૂન બંધ થવી જ ન જોઈએ.'

આમ, સૌને ધૂનમાં પ્રેરતા સ્વામીશ્રી આજે મંદિરમાં દર્શન બાદ ધૂન-ગાન કરી રહેલા સંતો સાથે જ પરિસરનાં અન્ય પ્રાસાદિક સ્થળોએ શીશ નમાવી સભામંડપમાં પધાર્યા. અત્રે તેઓએ પ્રાતઃપૂજા કર્યા પછી ૧૦૮ વ્યક્તિઓને માર્ગદર્શન આપી મુલાકાતની માળા પૂર્ણ કરી.

તેને અનુસરતાં સ્વામીશ્રી ભોજન લઈ સંયોજન સમિતિની બેઠકમાં હાજરી આપવા મીટિંગ હૉલમાં પધાર્યા ત્યારે ત્યાં બેઠેલા વિવેકસાગરદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! પાંચ મિનિટ પછી પધારજો.'

આ સાંભળી તરત પોતાના ઓરડા તરફ વળી ગયેલા સ્વામીશ્રી સોફા પર બેસી પત્રો વાંચવા લાગ્યા. અહીં થોડી વારે મીટિંગમાંથી ઊભા થયેલા એક સંત આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'હવે આપ મીટિંગમાં પધારો.

ચાણસદની જમીન સંબંધી વાતો ચાલતી હોવાથી આપને મોડા આવવા કહેલું. જો કે આપ તો પરના પર છો.'

'હું તો સંતોની ચરણરજ છું. અમે સૌથી નાનામાં નાના છીએ.' પોતાના જમણા હાથની આંગળી ઉપરથી નીચે લઈ જતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આવી મહિમાદૃષ્ટિ તા. ૧૬/૭ની સવારે પણ પ્રકાશી ઊઠી.

આ સમયે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં લિફ્ટ પાસે પધાર્યા ત્યારે તે ફર્શથી આશરે અડધો-પોણો ફૂટ નીચે રહી ગઈ. આ ખોટકામણ તરફ ધ્યાન દોરતાં સ્વામીશ્રીએ લિફ્ટના સંચાલક સંતને ટકોર કરી કે 'આવું થવું જ ન જોઈએ! અમારી સાથે ને સાથે રહો છો, પણ આ રિપેર કર્યા વગર પાછા આવતા નહીં. ખટકો રાખીને આ કરાવી દેજો. અમારી ભેગા ફર્યે રાખો છો, પણ...'

આ સૂચન અનુસાર તે સંતે સત્વરે લિફ્ટની મરામત કરાવી દીધી અને સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ ભોજનખંડમાં પધાર્યા ત્યારે તો તેઓ દર્શન માટે પણ પહોંચી ગયા. અહીં તેઓને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'મારે તમને કહેવાનું થયું એ બદલ માફ કરજો. મેં તમને કહ્યું એ અમારી ભૂલ કહેવાય.'

આ શબ્દો સાંભળી થીજી ગયેલા પેલા સંત સહિત સૌ સ્વામીશ્રીમાં સેવકભાવની સીમા નિહાળી રહ્યા.

આરામની અડચણ!

તા. ૨૧/૭ની સવારે અભિષેક મંડપમાં પધારેલા સ્વામીશ્રીએ નૈરોબી તથા કિસુમુનાં મંદિરોમાં બિરાજનારા નીલકંઠવર્ણીનાં પૂજન-અભિષેક કરી તા. ૨૨/૭ના પ્રભાતે સૂર્યગ્રહણનો સમૈયો ઊજવ્યો.

તેને અનુસરતાં તેઓએ તા. ૨૩/૭ના રોજ અમદાવાદના નિકોલ વિસ્તારમાં તૈયાર થયેલા મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. તે પછી મુલાકાત અને ભોજનથી પરવારેલા સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પરોવાયા.

આ અરસામાં તેઓના ડાબા પગમાં સાથળના ભાગે દુખાવો અનુભવાતો હતો. તેનું નિદાન કરી તબીબોએ એવો મત પ્રગટ કરેલો કે 'એક જ સ્થિતિમાં સળંગ બેસી રહેવાથી આવી પરિસ્થિતિ સર્જાય છે.' તેનું નિવારણ કરવા દર પોણો કલાક - કલાકે લંબાવેલા પગની સ્થિતિ બદલતા રહેવાની સલાહ સ્વામીશ્રીને અપાયેલી. આવી પરિસ્થિતિમાં પણ તેઓ

પત્રોનું કામકાજ અટકવા ન દેતા.

આજેય એ રીતે ટપાલો ઉકેલી રહેલા તેઓએ એક પત્ર વાંચ્યો, પણ 'આમાં કંઈ સમજણ પડતી નથી' કહી તેને બાજુમાં મૂકી દીધો. જો કે અન્ય પત્રો વાંચી સ્વામીશ્રીએ છેલ્લે પેલો કોરે રાખેલો પત્ર પુનઃ ઉપાડ્યો, છતાં તેઓ પ્રશ્નને ન કળી શક્યા. તેથી પરિચારકને સૂચના આપી : 'આ ભ'ઈને ફોન કરી ફરી વિગતવાર પત્ર લખે એમ જણાવજો.'

સાત લાખથીયે વધુ પત્રો વાંચ્યા-ઉકેલ્યા પછી પણ એક-એક પત્રમાં આટલો રસ લેનારા હતા સ્વામીશ્રી! તેઓ નાનામાં નાની વિગતને પણ ઊંડાણથી સમજી નિર્ણયો આપતા.

આ શૈલી સાથે સેવારત તેઓના પગમાં રહેતા દુખાવાને કારણે છેલ્લા ત્રણેક દિવસથી ભ્રમણનો ક્રમ ખોરવાયેલો. તેને પાટે ચડાવવા તા. ૨૩/૭ની સાંજે પોણા સાત વાગ્યે સેવકોએ સ્વામીશ્રીને કહ્યું : 'આજે પાંચ મિનિટ માટે ચાલવાનું છે, તે પછી આરામ કરીશું. તો સાત વાગ્યે ચાલીએ તે ફાવશે?'

આ બાબતે સ્વામીશ્રી સંમત થયા, પણ જ્યાં સાત વાગ્યે સેવકો આવ્યા ત્યારે તેઓ બોલ્યા : 'અત્યારે બહુ વહેલું છે. પછી આરામમાં પડી જ રહેવાનું થાય છે. એટલે સાડા સાત વાગ્યે ચાલવાનું રાખીએ.'

૮૮મા વર્ષે પણ સ્વામીશ્રીને આરામ અડચણરૂપ લાગતો!

આમ, પળેપળને નિચોવતા તેઓ પર તા. ૨૬/૭ની સવારે મોવિયાના હરિભક્ત શ્રી સવજીભાઈનો ફોન આવ્યો. તેઓએ પોતાના ગામમાં થનારા મંદિરના ખાતવિધિ માટે આશીર્વાદ લઈ પૂછ્યું : 'બાપા! છડી બોલું?'

ક્ષણેક્ષણનો સર્જનાત્મક કાર્યમાં વિનિયોગ કરનારા નેતાને આવો પ્રસ્તાવ સમય ચાવનારો જ લાગે; પરંતુ કામ માટે આરામને કચડનારા સ્વામીશ્રી ભક્તોની ભાવનાને તો ઠેસ સુધ્ધાં લાગવા ન દેતા. તેથી તેઓએ 'બોલો' કહી અનુમતિ આપતાં જ પેલા સત્સંગી ફોનમાં બુલંદ અવાજે છડી પોકારવા લાગ્યા. સ્વામીશ્રીએ તે પ્રલંબ પોકાર ધ્યાન અને ધીરજ રાખી સાંભળ્યો.

અંતે એ ભક્તના નામને નિમિત્ત બનાવી તેઓ બોલ્યા પણ ખરા કે 'સવ(સૌ) જીવના પ્રાણ! જય સ્વામિનારાયણ! બધા હરિભક્તોને જય સ્વામિનારાયણ કહેજો.'

ભક્તોને લાડ લડાવતી સ્વામીશ્રીની આ છબી સૌનાં હૈયે મઢાઈ ગઈ.

કન્યા કેળવણીમાં કાળજીની કક્ષા

આ અરસામાં સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા કન્યા કેળવણીના ક્ષેત્રે એક નૂતન કદમ ઉઠાવી રહેલી. તેના ભાગરૂપે વિદ્યાર્થિનીઓ માટે નિવાસી શાળાનું નિર્માણ થવાનું હતું. આ બાબતે કોઈ કચાશ-કસર ન રહે તે માટે સ્વામીશ્રી દ્વારા દાખવાતી સતર્કતાનો એક દસ્તાવેજ તા. ૨૬/૭ના રોજ નોંધાયો. આ દિવસે તેઓએ રાજકોટના મંદિરે રહેતા અપૂર્વમુનિદાસ સ્વામીને એક પત્રમાં લખી જણાવ્યું કે –

'વિ. પૂ. ગોવિંદભાઈ ખૂંટ આપડા (આપણા) સત્સંગી છે અને રાજકોટમાં છોકરીઓની સ્કૂલ ચલાવે છે, તો તમો તેઓને મંદિરે આવતા હશે તો રૂબરૂ વાત કરશો. મંદિરે ન આવતા હોય તો યુવકને મોકલીને નીચેની બધી માહિતી મેળવશો.

(૧) તેઓએ છોકરીઓની સ્કૂલ કયા વરસથી શરૂ કરેલ છે અને શરૂઆતમાં કેટલી છોકરીઓ આવેલી હતી અને પછી ધીરે ધીરે કેટલો વધારો થયો છે. હાલ કેટલી કુલ સંખ્યા છે ?

(૨) કે.જી.ની છોકરીઓ છે તે એકથી ચાર કે પાંચ (ધોરણ) સુધી હશે, તો (તે) જણાવશો.

(૩) કે.જી. પછી પાંચથી દસ (ધોરણ) સુધી કેટલી છોકરીઓ છે અને પછી દસથી બાર (ધોરણ) સુધી કેટલી છે તે તપાસ કરી જણાવશો.

(૪) સ્કૂલમાં અભ્યાસ માટેના કેટલા રૂમો છે અને રૂમોની સાઈઝ કેટલી છે અને દરેક રૂમમાં કેટલી છોકરીઓ બેસે છે, તેઓને બેસવા માટે જે પાટલીઓ કે બેન્ચો છે તે એકની સાઈઝ કેટલી (છે), આગળ લખવા માટે જે હોય તેની સાઈઝ કેટલી છે, કેટલી છોકરીઓ એક પાટલી ઉપર બેસે છે તે જણાવશો.

(૫) તેઓ ત્યાં કે.જી.થી બાર (ધોરણ) સુધી અભ્યાસ કરતી છોકરીની કેટલી ફી (લે છે) અને અભ્યાસ સાથેની જમવાની ફી શું છે તે જણાવશો.

(૬) અન્ય સગવડ (ફેસિલિટી) શું આપે છે ?

(૭) શિક્ષકો મહિલાઓ છે કે પુરુષો પણ રાખે છે અને તે સર્વેનાં પગારનું ધોરણ શું છે, રહેવા-જમવા સાથેની શું ફી છે, જાજરૂ-બાથરૂમની

વ્યવસ્થા રૂમમાં છે કે જુદી તે લખશો.

(૮) આ સિવાય અન્ય શું સુવિધા અગર આ સિવાય અન્ય સગવડ હોય તો જણાવશો.

આપ ત્યાં જાતે છોકરીઓની સ્કૂલ છે તો જઈ શકો નહીં, તો આ વિગત મેળવી શકે તેવો જાણકાર યુવક મોકલશો. બીજી છોકરીઓની સ્કૂલ હોય તો ત્યાં પણ તપાસ કરાવશો.'

જેમ ચંદ્ર દૂર રહીને પણ ધરતી પર ખીલેલી ઔષધિઓનું પોષણ કરે છે, તેમ સ્વામીશ્રી મર્યાદામાં રહીને સૌની કાળજી લઈ જાણતા. તેથી જ એક આજીવન અષ્ટાંગ બ્રહ્મચારી સંત દ્વારા સ્ત્રી-ઉત્કર્ષ માટે રખાયેલી ખેવનાનો ઉપરોક્ત દાખલો દુનિયાના દફતરમાં અજોડ રહેશે.

એ અગત્યનું છે

તા. ૨૯/૭ની સાંજે બોચાસણથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી મકરપુરાના એક રેડિયોલોજી સેન્ટરમાં MRI તથા સીટી સ્કેનનું પરીક્ષણ કરાવી અટલાદરા આવી પહોંચ્યા.

અત્રે શ્રાવણ માસમાં વરસી રહેલી વર્ષાની હેલી સાથે તેઓની અમૃત-ધારા ભળતાં વડોદરાવાસીઓ પ્રથમ દિવસથી જ મંદિરમાં ઊલટવા માંડ્યા.

તે ક્રમમાં તા. ૧/૮ની સવારે આવેલા આફ્રિકાવાસી ભક્ત શ્રી હિતેનભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! નૈરોબીથી આવું છું. સંતો ત્યાં પધાર્યા છે. કથા-વાર્તા એવી કરે છે કે આખું નૈરોબી હલાવી નાંખ્યું !'

'છાપરાં તો નથી પડી ગયાં ને ?!'

આ શબ્દો દ્વારા રમૂજનો રસ રેલાવી સ્વામીશ્રીએ છાતી તરફ આંગળી ચીંધી તે હરિભક્તને પૂછ્યું : 'અહીં હાલ્યું ?'

'હા.'

'બસ તો, એ અગત્યનું છે !' સ્વામીશ્રી બોલ્યા.

ચારે કોર હવા હોય પણ તે નાક વાટે ફેફસાંમાં ન જાય તો ? ચોપાસ પાણી હોય પણ તે ગળા હેઠે ન ઊતરે તો ? તેમ સર્વત્ર સત્સંગ વિસ્તરે પણ તે જીવમાં ન પેસે તો ? તેથી સ્વામીશ્રીનો ઝોક આંતરિક વિકાસ તરફ વિશેષ રહેતો.

આવી જ એક અગત્યની વાત સંભળાવતાં તેઓએ તા. ૨/૮ની રવિ-

સભામાં જણાવ્યું :

''સુખિયા થવાનો ઉપાય એક જ છે કે ભગવાન અને સંત. એ જ આપણને સાચી વાત કહેશે, બાકી આ દુનિયામાં બધો સ્વાર્થ છે. પણ 'ભગવાન અને સંત મારા છે' એટલું માનો તો સુખિયા, સુખિયા ને સુખિયા. સત્સંગ હોય તો પહેલાં સમજાય કે મારી ભૂલ છે. બીજાની ભૂલ આપણે જોવાની છે જ નહીં! આપણી ભૂલ સુધારો. આપણે સુધરશું તો આખી દુનિયા સુધરી જશે. ભગવાન રાજી તો અનંત કોટિ બ્રહ્માંડ રાજી. આ જે આપણું જ્ઞાન ને સમજણ છે એ બરોબર સમજીને વર્તીશું તો જરાય દુઃખ નથી, જરાય અશાંતિ નથી. પૈસા હોય તોય શાંતિ, ન હોય તોય શાંતિ. ખોટું કરીને કશું જ ન કરો. મહેનત કરીને જે મળ્યું છે એ પાછું બીજાના માટે ઉપયોગ કરો. આપણે એકલા ભોગવીને સુખી થઈશું નહીં. તો આવો સત્સંગ મળ્યો છે એ માર્ગે ચાલવાનું છે. કાંટા-કાંકરાના માર્ગે ચાલશો તો વાગવાના જ છે, પણ ફર્સ્ટ ક્લાસ રોડ છે એના પર ચાલો તો સુખિયા રહેવાય. ભગવાનનો માર્ગ ચોખ્ખો છે.

આજે આપ બધાનો રવિવારનો દિવસ સાર્થક થયો. આવો ને આવો લાભ લેતા રહીએ. દર રવિવારે ઘરમાં હોય તો ઘરમાં સત્સંગ કરો, સગે-વહાલે ગયા હોય તો પણ સત્સંગ કરો. રવિવારની સભા મંદિરમાં કરો, બહાર કરો, પણ તે કરવી છે. બધા ભેગા થઈને બેસશો, ઊઠશો તો એકબીજાના વિચાર મળશે. એટલા માટે ઘરસભા આપણે કરવી. ઘરમાં ભેગા બેસો તો એકબીજાની ભૂલો સુધરે, મન પણ સુધરે.''

સાચી સ્વતંત્રતાનાં સાધન

અટલાદરાના રોકાણ દરમ્યાન હિંડોળા પર્વ ચાલુ હોવાથી રોજ પ્રભુને પારણે ઝુલાવતા સ્વામીશ્રીનું દર્શન લાધતું. તે પછી પ્રાતઃપૂજાનો નજારો મન હરતો. તેને અનુસરતાં મુલાકાતનો માંડવો નંખાતો. તેની તળે શાતા પામવા તા. ૪/૮ના રોજ ૧૨૩ ભાવિકો આવીને બેઠેલા.

તેમાંના એક ભક્ત શ્રી હિંમતસિંહના દીકરાને બાળપણથી જ ગંભીર બીમારીઓએ ઘેરી લીધો હોવાથી તે ઘણી પીડા ભોગવી રહેલો. તેને દર્શાવી આજે આ સત્સંગીએ પ્રાર્થના કરી કે 'બાપા! આપ કંઈક સારું કરો ને!'

'અમે ભજન કરીએ છીએ, તારું સારું થાય એ માટે.' સ્વામીશ્રીએ પોતાના ભજનનું પ્રયોજન જણાવ્યું.

હા, તેઓ ભક્તોની સુખાકારી માટે માળા-પ્રાર્થના કરતા જ રહેતા. અન્યથા જેઓનાં દર્શનથી આંખનાં પાપ બળે અને જેઓની કથાના શ્રવણથી કાન પવિત્ર થાય એવા સ્વામીશ્રીને ભક્તિ-ભજનની શી જરૂર હતી?

પરંતુ પળે-પળ ભક્તોના હિત માટે ખર્ચતા તેઓએ તા. ૫/૮ની સવારે રક્ષાબંધનનો પણ લાભ આપ્યો. આ સમયે સ્વામીશ્રીની પ્રસાદીભૂત રાખડી પરસ્પર એકમેકના કાંડે બંધાતા સૌ ભક્તો અવર્ણનીય આનંદની અનુભૂતિ કરી રહ્યા.

આ જ અનુભવમાંથી તા. ૧૪/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ પસાર થયો ત્યાં તા. ૧૫/૮ની સવારે સમગ્ર પરિસરમાં રાષ્ટ્રભક્તિની આબોહવા પ્રસરી ગઈ. સ્વામીશ્રીની પ્રાતઃપૂજા માટે વપરાતી પાટનું સુશોભન હોય કે લિફ્ટની સજાવટ, ઠાકોરજીના શણગાર હોય કે મંદિર સામે આવેલા ચોકમાં ઊભો કરેલો કામચલાઉ મંચ... સર્વત્ર ત્રિરંગાનો દબદબો હતો. આજથી વળી 'સાચી સ્વતંત્રતા' વિષયક સ્થાનિક કિશોર-કિશોરી શિબિરનો પણ પ્રારંભ થતો હોવાથી મંદિરનું મેદાન ૩,૫૦૦ શિબિરાર્થીઓથી ભરચક હતું.

તે સૌને સાચી સ્વતંત્રતાના સાધનરૂપે સ્વામીશ્રીએ સ્વહસ્તાક્ષરમાં લખી આપ્યું: '(૧) સંયમી જીવન, (૨) નિયમપાલનમાં શૂરવીરતા, (૩) સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષની અસ્મિતા.'

આજે ત્રિરંગો હવામાં લહેરાયો અને સ્વામીશ્રીની આ સંદેશ-ત્રિવેણી સૌનાં હૈયામાં રેલાઈ.

વિચક્ષણ વ્યવહારવિદ

તા. ૧૫/૮ની સાંજે અટલાદરાના મંદિરમાં સેવા કરતા સંતોને અમૃતપાન કરાવતાં સ્વામીશ્રી એવા અનરાધાર વરસ્યા કે સભાના અંતે સૌ વતી ભાગ્યસેતુદાસ સ્વામીએ હાથ જોડી વિનંતી કરી કે 'બાપા! બધાની ઇચ્છા છે કે આપ અહીં એક અઠવાડિયું આરામ કરો.'

'બધાનો ભાવ છે એટલે સારું છે, પણ આપણું જીવન કેમ સારું રહે, કેમ સત્સંગ શોભાડીએ, એ મોટી વાત છે. અહીંયાં સો વર્ષ રહો કે પાંચસો વર્ષ રહો એનો અર્થ રહેતો નથી. આપણે જે કરવું છે એ જ જો ન થાય તો અહીંયાં રહો તોય નકામું છે. એટલે એક દા'ડો રહે કે સો દા'ડા, પણ આપણા જીવનનું જે પરિવર્તન કરવું છે એ થઈ જાય તો સાથે જ છે, ભેગા જ છે.'

સત્પુરુષનું શાશ્વત સાંનિધ્ય માણવાનું આ રહસ્ય ખોલી આપી સ્વામીશ્રી તા. ૧૮/૮ની સવારે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અહીં પણ શહેરી સત્સંગની તાસીર અનુસાર કાર્યક્રમો સરકવા લાગ્યા.

તેમાં વહી આવેલા એક હરિભક્તે તા. ૨૦/૮ના રોજ પોતાના ભાઈ સાથેની મિલકત-વહેંચણીનો મુદ્દો સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. તે સાંભળી માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"તમે જમીનમાં તમારો ભાગ રાખજો. જે કાંઈ થાય તે લખત કરીને લેજો. મોઢામોઢ લેતી-દેતી ન ચાલે, સમજ્યા ? તમારો ખેડૂતનો હક રહે તેનાં કાગળિયાં પહેલેથી જ કરી દેવાં. તમને ખબર છે કે '૭-૧૨'નો ઉતારો એ તમારા માલિકી હક્કનું કાગળિયું કહેવાય ? તેની સાથે '૮-અ'નો ઉતારો પણ લઈ લેવો. એ તમારા ખેડૂત હક્કનું કાગળિયું કહેવાય. આ બંને જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મિલકત પોતાની થઈ ન કહેવાય. તમે પાછા સાવ ભગત છો એટલે મારે કહેવું પડે."

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે સહાયકારી સ્વજન તરીકેની તેઓની છબી ઊપસતી રહી. તે જોઈ ગદ્‌ગદ થયેલા પેલા ભક્તે પૂછ્યું : 'બાપા ! જે જમીન મારા ભાગે આવે તે વેચી નાખવી કે રાખવી ?'

'એકાદ વીઘો જમીન રાખજો એટલે તમારો ખેડૂત-હક્ક જતો ન રહે.'

એક અબુધ વ્યક્તિના ભવિષ્યને સુરક્ષિત અને સુનિશ્ચિત કરી આપતાં સ્વામીશ્રી બોલ્યા. તેઓ પોતાની આવી સોનેરી સલાહોથી હજારો પરિવારોના મોભી પુરવાર થયેલા.

નિયમ પાળે તો આશીર્વાદ ફળે

તા. ૨૧/૮ની સવારે આવેલા એક પિતાએ દીકરાની રાવ કરતાં કહ્યું : 'બાપા ! આ મારો પુત્ર દુબઈ રહેતો હતો, પણ ત્યાં ખોટી લતે ચડી જવાથી એ દેશ છોડવો પડ્યો. તેથી કતારમાં ગયો, પણ હવે એ દેશમાંથીયે તડીપાર થવાની સ્થિતિ આવી ગઈ છે.'

આ વીતક સાંભળી સ્વામીશ્રી એ યુવાનને ગોલીટો અને ટપલાંની રીતે સમજાવવા લાગ્યા. તેથી કંઈક ઘાટ ઘડાતાં તે યુવક બોલ્યો : 'બાપા ! આશીર્વાદ આપો.'

'આશીર્વાદ તો પહેલેથી જ છે, પણ તું નિયમ પાળે તો ફળે ને ! નિયમ

પાળે નહીં તો આશીર્વાદ ક્યાંથી ફળે ?' સ્વામીશ્રીએ ખૂબ માર્મિક વાત કરી દીધી.

આ રહસ્ય સમજાવનારા તેઓ પાસે આ અરસામાં સંતો શ્રાવણ માસનું વિચરણ પૂરું કરીને આવવા માંડેલા, પરંતુ આ સમયે સમાજમાં સ્વાઇન ફ્લૂનો રોગચાળો પ્રવર્તતો હતો. તેથી કોઈનો ચેપ ન લાગી જાય તેની તકેદારીરૂપે સંતો સ્વામીશ્રીને નિકટતાથી મળે તે પૂર્વે દરેકના સ્વાસ્થ્યની તપાસ થતી.

તે સંદર્ભમાં તા. ૨૫/૮ની સવારે એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આપનાં દર્શને આવવા માટે કંઈક ચોકીઓ વટાવવી પડી, પણ આપની તબિયત સારી રહે એ માટે ચૅકિંગ તો જોઈએ જ !'

'તમે બધા કથા-વાર્તા, ભજન, વિચરણ કરો એમાં અમારી તબિયત સારી રહે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની તબિયતનો તાલ સંતો-સત્સંગીઓની સેવા-ભક્તિના આધારે ચાલતો.

તેથી અહીં અમદાવાદના મુકામ દરમ્યાન હરિભક્તો દ્વારા પારાયણોની પરંપરા ચાલેલી. તે પૈકીના એક યજમાનનો પત્ર આજની રાત્રે સ્વામીશ્રીના હાથમાં આવ્યો. તેમાં લખેલું : *'હાલ અમારા તરફથી અહીં પારાયણ ચાલે છે. પૂર્ણાહુતિના દિવસે દૂધપાક અને પૂરણપોળીની રસોઈ રાખવી છે. દરેક હરિભક્તને પ્રસાદ આપવો છે અને સંતોને પણ આઇસક્રીમ જમાડવો છે.'*

આ વાંચી સ્વામીશ્રીએ પરિચારકને સૂચના આપી : 'આ લખનારની આવક શું છે તેની તપાસ કરજો.'

તેઓની કાર્યપદ્ધતિ સદાય સૌને પોષતી જ, કદીયે કોઈને શોષતી નહીં.

આહ્નિક પહેલું રાખવું

તા. ૨૭/૮ની સવારે સ્વામીશ્રીની શારીરિક તપાસ માટે આવેલા ડૉ. સુરેશભાઈએ સ્વામીશ્રીના ડાબા નસકોરામાં લાલાશ માલૂમ પડતાં નિઓસ્પોરિન મલમ લગાવ્યો. આ દવા નાકની અંદરની બાજુએ સમ્યક્ રીતે પ્રસરે તે માટે તેઓએ નસકોરાને બહારથી હળવે હાથે દબાવ્યું પણ ખરું. તે પછી ડૉક્ટરે વધેલો મલમ લૂછવાની સૂચના આપતાં સ્વામીશ્રી એકના એક ટિસ્યૂ પેપર વડે તેને સાફ કરવા લાગ્યા. આ જોઈ દાક્તરે વિવેક દાખવ્યો : 'બીજું ટિસ્યૂ આપું ?'

'કાંઈ જરૂર નથી.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી આસપાસ ઊભેલા સંતોએ ડૉક્ટરને કહ્યું: 'જ્યાં સુધી આ ટિસ્યૂ પેપરનો ખૂણેખૂણો નહીં વપરાય ત્યાં સુધી તેઓ બીજું ટિસ્યૂ નહીં લે.'

એક વિશ્વવ્યાપી સંસ્થાના સૂત્રધારની આ કરકસર આગંતુક તબીબને અહોભાવ ઉપજાવી ગઈ.

સ્વામીશ્રીનાં આવાં કરકસરયુક્ત કરકમળો વડે તા. ૩૦/૮ની સવારે શહેરના નવરંગપુરામાં નિર્માણ પામેલા મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૩૧/૮ના રોજ આવેલા જળઝીલણી એકાદશીના ઉત્સવે મંદિરના યજ્ઞપુરુષ સભામંડપમાં રચાયેલા જલકુંડમાં ઠાકોરજીને જળ ઝિલાવી સૌને આનંદ પમાડ્યો.

આ આનંદનું સત્ર તેઓના સાંનિધ્યમાં પ્રભાતના પ્રથમ પહોરથી જ આરંભાઈ જતું. અત્રે અમદાવાદમાં તેઓ જ્યારે મંદિરમાં દર્શને પધારે ત્યારે શણગાર આરતી પૂર્ણ થઈ ચૂકી હોય અને તે પછી સ્તોત્રગાન બાદ મૂર્તિનું પદ ગવાઈ રહ્યું હોય. આ સમયે સ્વામીશ્રીનો નિકટથી દર્શનલાભ લેવા સંતો પોતપોતાની અનુકૂળ જગ્યાએ ગોઠવાઈ જાય. કો'ક કોળી મંડપમાં, તો કો'ક ઘુમ્મટમાં, તો કો'ક પ્રદક્ષિણામાં બેસી સ્વામીશ્રીની પ્રતીક્ષા કરે.

તે મુજબ તા. ૬/૯ની સવારે પ્રદક્ષિણામાં ગોઠવાયેલા સંતો નજરે ચડતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'અહીં ઓટલે બેઠા છો તો આરતી વખતે ત્યાં ઠાકોરજી આગળ ઊભા રહો છો કે કેમ?'

'આરતી ટાણે તો મૂર્તિ સમક્ષ જ હોઈએ છીએ.'

'અને અષ્ટક વખતે?'

સ્વામીશ્રીનો આ સવાલ સાંભળી સૌ શબ્દશૂન્ય થઈ રહ્યા.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અહીં નકામા બેસી શું રહો છો? ભગવાન છે તો આપણે છીએ. મૂર્તિ બેઠી છે એનાં દર્શન કરીએ, ઠેઠ સુધી ઊભા રહીએ. જો આ બધું નહીં હોય તો જીવનમાં બધું સૂનું થઈ જશે. માટે આહ્નિક પહેલું રાખવું...'

સ્વામીશ્રીની વાણી આમ વેગથી વહી રહેલી ત્યાં જ કો'ક 'આપનાં દર્શન માટે બેઠા છે'નો ખુલાસો કરવા ગયું; પરંતુ તેનેય તાણી જતાં સ્વામીશ્રીનો વાક્પ્રવાહ રેલાયો: 'એ બધી વાત રહેવા દો ને! સાધુ થઈને જો આહ્નિક નહીં સાચવીએ તો પછી જીવનમાં ભક્તિ નહીં રહે. જેટલાં આહ્નિક સાચવશો

એટલી જ ભક્તિ તમારામાં રહેશે, નહીં તો બધુંય જતું રહેશે અને ખાલી વ્યવહાર રહેશે. ભગવાન છે તો બધું છે. એ નથી તો અમે પણ નથી ને તમે પણ નથી.'

સ્વામીશ્રીના જીવનમાં ભક્તિનું સ્થાન સર્વોચ્ચ કક્ષાએ રહેતું. તેથી જ તેઓ ગમે તેવા વિપરીત વાતાવરણમાં પણ મંદિરમાં દર્શને જવાનો આગ્રહ સેવતા. ઠાકોરજી પાસે પહોંચીનેય તેઓને શક્ય હોય એટલી જલદીથી વ્હીલ-ચૅરમાંથી ઊભા થઈ જવાનું તાન રહેતું. તબિયત અસ્વસ્થ હોય કે કેડ, પગના દુખાવા હોય ત્યારે સ્વામીશ્રીને ખુરશીમાં જ બેસી દર્શન કરવાની વિનંતી થતી. છતાં તેઓ મંદિરના તમામ ખંડોમાં ઊભા રહીને જ દર્શન કરતા. જ્યાં સુધી મૂર્તિનું કીર્તન ન વિરમે ત્યાં સુધી સ્વામીશ્રી ખુરશીમાં ન બેસતા. આવો અપાર ભક્તિભાવ આજે પણ તેઓમાં જોઈ સૌ નતમસ્તક થઈ ગયા.

સમભાવ એ સ્થાયીભાવ

અમદાવાદ મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં મંદિર-પરિસરના બે વિશાળ સભામંડપ પણ સાંકડા સાબિત થતાં તા. ૬/૯ના રોજ તો રવિસભા મંદિરની સામે નિર્માણ પામી રહેલી સંસ્થાકીય હૉસ્પિટલના મેદાનમાં યોજાઈ. જો કે અગિયારેક એકરનું આ પહોળું પટાંગણ પણ આજે ઊમટેલી ૧૮,૦૦૦થી વધુ ભક્તોની મેદનીને સમાવવામાં ટાંચું પડ્યું.

આ સમુદાયને ધર્મલાભ આપી સ્વામીશ્રી મંદિરે પરત ફરી રહેલા ત્યારે તેઓની ગોલ્ફ કાર્ટ સીધી જ મંદિરના સંકુલમાં પ્રવેશી જાય તે હેતુથી રસ્તા પર ખોડેલા માર્ગ-વિભાજક(ડિવાઇડર)ના કેટલાક પથરા હંગામી ધોરણે ઉપાડી લેવામાં આવેલા. તે જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને પૂછ્યું : 'આ માટે મ્યુનિસિપાલિટીની પરમિશન તો લીધી હતી ને ?'

આ સાંભળી સંતોએ 'હા' કહી ઉમેર્યું : 'પરવાનગીની સાથે આ વ્યવસ્થા કરવા માટે ડીવાય.એસ.પી. શ્રી વાઘેલાને પણ સાથે જ રાખ્યા છે.'

આમ જણાવી સંતો આ અધિકારીને સ્વામીશ્રી સમક્ષ લાવ્યા ત્યારે સ્વામીશ્રીને સંતોષ થયો, પણ પોલીસ અમલદારને આશ્ચર્ય થયું કે 'આટલી ઝીણી-ઝીણી બાબતોનું પણ પ્રમુખસ્વામી મહારાજ ધ્યાન રાખે છે !'

આ રીતે સદાયે ધારા-ધોરણના ધોરીપથ પર જ ચાલનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૮/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો આવી

જતાં આશરે ૧૯,૦૦૦ ભક્તો લાભ લેવા દોડી આવ્યા. તે સૌને મહાપ્રસાદરૂપે પીરસાનારા દૂધપાકને ગુલાબની પાંખડીઓ પધરાવી પ્રસાદીભૂત કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ પ્રસાદથી અંતરમાં શાંતિ થશે, કારણ કે આ ભગવાનનો પ્રસાદ છે.'

આ મહિમા સાથે સમૈયાની સભામાં અમૃતધારા વહાવીને ઉતારે પધારેલા તેઓ આજે પત્રવ્યવહારમાં પરોવાયા ત્યારે ભાવનગર જિલ્લાના એક ટચૂકડા ગામમાંથી આવેલા કાગળમાં કૂવો ગાળવાનું માર્ગદર્શન મંગાયેલું. તે આપતાં પૂર્વે સ્વામીશ્રીએ પત્ર સાથે આવેલો ખેતરનો નકશો નિહાળવામાં પાંચેક મિનિટ કાઢી.

એ જ રીતે ડાંગ જિલ્લાના આહવા ગામેથી એક આદિવાસીએ બોર કરવાની સલાહ માંગતો પત્ર મોકલેલો. તેમાં પણ સ્વામીશ્રીએ પાંચ મિનિટ સુધી નકશાનું નિરીક્ષણ કર્યા બાદ એક જગ્યાએ નિશાની કરી.

તેઓ શહેરની મધ્યમાં રહીને છેવાડાના ગામડામાં રહેતા આદિવાસીનો પણ ખ્યાલ રાખતા. હજારોના સમૈયા ઊજવનારા તેઓ એક-એક વ્યક્તિનેય સંભાળતા. દૂધપાકની રેલમછેલ કરનારા તેઓ પાણીના પ્રશ્નને પણ હાથ પર ધરી જાણતા.

સમભાવ એ સ્વામીશ્રીની પ્રત્યેક પ્રવૃત્તિનો સ્થાયીભાવ રહેતો.

ધર્મ ધીરજને રહ્યા ધારી રે

તા. ૧૦/૯ની સવારે હિંમતનગરના હરિમંદિર માટે તૈયાર થયેલી નૂતન મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં સાંજે નિયતક્રમ અનુસાર ટ્રેડમિલ મશીન પર ભ્રમણ આરંભ્યું. તેના પ્રારંભમાં હિંમતનગરના સંતોએ સત્સંગ પ્રવૃત્તિનો અહેવાલ આપ્યા બાદ મુનિદર્શનદાસ સ્વામી ભક્તચિંતામણિના બીજા પ્રકરણનો મુખપાઠ રજૂ કરવા માંડ્યા, પરંતુ છેલ્લી છ પંક્તિઓ બાકી બચી ત્યાં જ ભ્રમણ પૂરું થયું. તેથી સ્વામીશ્રી મશીન પરથી ઊતરી શબાસન કરવા માટે પલંગ પર પોઢ્યા. તે સાથે ઓરડાની બત્તીઓ બુઝાઈ, પણ સ્વામીશ્રીએ પેલા સંતને કહ્યું : 'હવે બાકી રહેલી કડીઓ બોલો.'

તે અનુસાર પંક્તિગાન શરૂ થયું. તેમાં છેલ્લી કડીએ ગાડી અટકી. આ સમયે મુખપાઠ રજૂ કરનારા સંત *'કરી વિનંતી વારમવાર...'*થી આગળ ન વધી શક્યા ત્યારે સ્વામીશ્રીએ સૂતાં સૂતાં 'હવે કરું કથાનો ઉચ્ચાર...'

ગાઈ પંક્તિપૂર્તિ કરી દીધી. તેઓને ૭૦ વર્ષ પૂર્વે કરેલો મુખપાઠ ૮૮મા વર્ષે પણ એટલો જ તાજો હતો! ઓરડામાં વ્યાપેલા અંધારા વચ્ચે ચમકી ગયેલી તેઓની આ સતેજ સ્મૃતિથી સૌ અંજાઈ ગયા.

તેના ઉજાસમાં અત્રે કિશોર-કિશોરીઓની એક શિબિર યોજવામાં આવેલી. તેના અનુસંધાનમાં એક સંત તા. ૧૮/૯ની સવારે સ્વામીશ્રીની પૂજાવિધિ બાદ સૌને સૂચના આપવા લાગ્યા કે 'કિશોર-કિશોરીઓએ આટલા વાગ્યે ઉપસ્થિત રહેવું, આ રીતે સભાપ્રવેશ મેળવવો...' વગેરે.

પરંતુ આ બાબતે ટકોર કરતાં સ્વામીશ્રીએ એ ઉદ્‌ઘોષક સંતને જાહેરાત બાદ બોલાવીને જણાવ્યું : 'કિશોરીઓ કે મહિલાઓને લગતી કોઈ પણ પ્રકારની જાહેરાત આપણે ન કરવી. એ કાર્યકરોને સોંપી દેવું. આ ધ્યાન રાખવું, નહીં તો ટેવ પડી જાય.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ધર્મના કોટ-કિલ્લાની કાંકરી પણ ખરવા ન પામતી.

નિર્જળા ઉપવાસમાં તો વધારે બળ આવે

ઔષધીય ગોળીને ગળા હેઠે ઉતારવામાં સ્વામીશ્રી હંમેશાં કઠિનાઈ અનુભવતા. મોંમાં ગોળી મૂક્યા બાદ દૂધના ઘૂંટડા સાથે તેને ગળવામાં તેઓને પાંચ-સાત વખત મસ્તક ઊંચું-નીચું કરવું પડે. આમ કરવાથી ગોળી દૂધની સાથે ઓગળતી ઓગળતી ગળા નીચે ઊતરી જાય.

આ રીતે જ તા. ૧૯/૯ની સવારે ભોજન અંગીકાર કરી રહેલા સ્વામીશ્રી એક પછી એક ગોળી ગળી રહેલા. બરાબર એ જ વખતે દૂધનો ઘૂંટડો મોંમાં હતો ત્યારે છીંક આવી. તેથી દૂધની સાથે ગોળી પણ બહાર ઊછળી આવી. પરિણામે સ્વામીશ્રીએ ડાબા હાથમાં પકડેલો પ્યાલો લઈ લેવામાં આવ્યો અને તેઓને હાથ-મોં ધોવડાવવામાં આવ્યાં. તે પછી સંતો નવી ગોળી આપવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ સામે થાળમાં પડેલી પેલી અડધી પલળેલી ગોળી જ ગ્રહણ કરી!

કરકસરની આ કેડીએ હરપળ ચાલતા તેઓ સમક્ષ તા. ૨૦/૯ની સવારે ધોળકાથી આવેલા સ્નેહજીવનદાસ સ્વામી તેઓના મંદિરમાં ઊજવાયેલા જળઝીલણી ઉત્સવનો અહેવાલ આપતાં બોલ્યા : 'આ દિવસે સંતો પાલખીમાં ઠાકોરજી લઈ પધરામણી કરવા જાય છે. તે વખતે સૌનો ભાવ એવો રહે કે

પધરામણીઓ ખૂબ ગોઠવાય. તેથી સંતો થાકી જાય.'

'યુવાન સાધુ કોઈ દા'ડો થાકતા હશે?'

સ્વામીશ્રીના આ આશ્ચર્યને ઉકેલવા સંતોએ જણાવ્યું: 'બાપા! આ દિવસે નિર્જળા ઉપવાસ હોય ને, એટલે થાકી જવાય.'

'નિર્જળામાં તો ઊલટું વધારે બળ આવે!' સ્વામીશ્રીએ ઉપવાસની તાકાત વર્ણવી, જે તેઓના જીવનમાં સૌએ કાયમ જોયેલી. મહેંદી જેમ લસોટાય તેમ વધુ રંગ પકડે, તે રીતે સ્વામીશ્રી પણ ઉપવાસમાં વધુ ખીલતા.

ભજત સદા ભગવંત

આ અરસામાં ગાંધીનગરના અક્ષરધામ ખાતે તૈયાર થઈ રહેલા બેનમૂન વૉટર શૉના એક ભાગરૂપે સ્વામીશ્રીના આશીર્વાદનું ફિલ્માંકન કરવાનું હતું. તે માટે સ્વામીશ્રીને તા. ૨૦/૯ની સવારે મુલાકાત કક્ષમાં એક નિશ્ચિત જગ્યાએ બેસાડવામાં આવ્યા. ત્યારબાદ ફિલ્મકારો વીડિયો, પ્રકાશ વગેરેના યોગ્ય ખૂણા ગોઠવવામાં વ્યસ્ત થયા ત્યારે સ્વામીશ્રીની દૃષ્ટિ સામેની દીવાલ પર લગાડેલી યોગીજી મહારાજની છબી પર ગઈ. યોગીબાપાની અલમસ્ત મુદ્રા દર્શાવતી એ તસવીર જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જોગીબાપાને બરાબર સામે મૂકો.' આમ કહી તેઓએ પોતા સમક્ષ ગોઠવેલા કૅમેરાની બિલકુલ નીચે યોગીજી મહારાજની મૂર્તિ મુકાવી.

તે જોઈ કો'ક બોલ્યું: 'બાપા! આપે કૅમેરાની સામે જોતાં જોતાં વાત કરવાની છે.' પરંતુ તેમાં સુધારો કરતું બીજું સૂચન આવ્યું: 'સ્વામી! કૅમેરા સામે નહીં, પણ યોગીજી મહારાજની મૂર્તિ સામે જોઈને બોલજો.'

'એટલા માટે તો એ મુકાવડાવી છે. એમનાં સામાં દર્શન થાય ને!' સ્વામીશ્રી બોલ્યા.

તે મુજબ જ તેઓએ આજે એક ક્રાંતદર્શી પ્રકલ્પ માટે પરાવાણી વહાવી કે –

''કઠોપનિષદમાં યમરાજ અને નચિકેતાનું આખ્યાન છે. એમાં યમરાજાને નચિકેતા પ્રશ્ન પૂછે છે કે 'સાચો આનંદ શેમાં છે?' ઉપનિષદમાં જે આનંદની વાત કરી છે એ આનંદ અમારા ગુરુ યોગીજી મહારાજમાં અખંડ હતો અને તેઓ અલમસ્ત રીતે વર્તતા હતા. એમના આ ગુણની વાત શાસ્ત્રોમાં પણ કરી છે કે 'ब्रह्मभूतः प्रसन्नात्मा...' યોગીજી મહારાજને જ્યારે

જુઓ ત્યારે હસતા ને હસતા જ રહેતા. કોઈ જાતનો શોક તેઓ કરતા નહીં. કોઈ અપમાન કરે તોય કાંઈ નહીં ને માન મળે તોય પણ એ જ સ્થિતિ. જગતના સુખની કોઈ ઇચ્છા જ નહીં. ભગવાનના જ સુખને તેઓ લેતા. આ દર્શન થયેલાં છે. દરેકની પ્રત્યે તેઓને પ્રેમ હતો. એમને કોઈ ભેદભાવ નહોતો અને પરાભક્તિ હતી. એવા ગુરુ જેને મળે એને પણ ઉપનિષદમાં કહ્યો એવો આનંદ મળે છે. તો એવો આનંદ આપ બધામાં થાય એ ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના !'

સ્વામીશ્રીનો આ સંદેશ શબ્દ, શૈલી તથા સળંગસૂત્રતાની દૃષ્ટિએ ખૂબ જ સંતોષકારક જણાતાં સૌએ ખુશી વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનને સંભારીને બોલ્યા મારા ભ'ઈ !'

તેઓનું કેવળ બોલવું જ નહીં, પણ સર્વ ક્રિયાઓ આ રીતે જ થતી.

નવા અવતારે નચિકેતા

તા. ૨૦/૯ની રવિસભામાં ઊમટેલા હજારો હરિભક્તો વચ્ચે બેઠેલાં ૨,૫૦૦ કિશોર-કિશોરીઓ તેઓના ગુણ અને ગણવેશથી નોખી જ ભાત ઉપસાવી રહેલાં. આજે યોજાયેલી એક દિવસીય શિબિરના આ એકેએક સભ્યનાં શ્વેત વસ્ત્ર પર શોભતો લાલ ખેસ જાણે તેઓ બી.એ.પી.એસ.નો ધ્વજ ઓઢીને બેઠા હોય તેવો ભાસ જન્માવતો હતો. પરિધાનની જેમ આ શિબિરાર્થીઓમાંથી ફોરમતો પરિમલ પણ તેઓને અલગ સાબિત કરી રહેલો.

આ ઊગતી પેઢીમાં કો'ક વ્રતધારી ચાંદ્રાયણ, ખટરસ જેવાં કઠણ તપ આદરી ચૂકેલું, તો કો'ક આઠ-આઠ વર્ષથી હૉટલનું પગથિયું ન ચઢનાર પણ હતું. કો'કે જ્યાં બાઈ-ભાઈની મર્યાદા તૂટતી હોય તેવા નવરાત્રિના ગરબાને ઠોકરે ચડાવેલા, તો કો'કે કૉલેજોમાં જવલંત સિદ્ધિઓ હાંસલ કરેલી. કો'ક શ્રવણ સમા પિતૃભક્ત હતા, તો કો'ક પ્રહ્લાદતુલ્ય ભગવદ્‌ભક્ત. *'પૂજા પાઠ કર્યા વિના કોઈ, જળ ન પીવે જમે શું રસોઈ...'* જેવો ગુણયુક્ત આ સમુદાય સ્વામીશ્રીનો જ વિશેષ પરિચય આપી રહેલો.

નારાબાજી દ્વારા નહીં, પણ નવા અવતારે નચિકેતા જેવાં આવાં કિશોર-કિશોરીઓ તૈયાર કરીને કળિયુગને ખદેડી મૂકનારા સ્વામીશ્રી મંચ પર પધારતાં જ સભામાં ભાવભરતી ચઢી આવી. સૌએ બુલંદ જયનાદોથી તેઓને વધાવ્યા. સ્વામીશ્રી પણ ક્યાંય સુધી સૌ પર અમીનજર ઢોળતા રહ્યા. અંતે

તેઓએ અમૃતધારાનો અભિષેક કર્યો કે –

'આજની રવિવારની સભામાં યુવક મંડળે નચિકેતાની અદ્‌ભુત વાત કરી. યુવકોને ધન્યવાદ છે! આ જે રજૂઆત થઈ તે હજારોને ઉપયોગી છે, કારણ કે જે સાચી વાત છે એ સાચી જ રહે છે. ભગવાન અને સંત સાચા છે ને એમણે આપેલું જ્ઞાન પણ સાચું છે. વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત, વચનામૃત, સ્વામીની વાતો – આ ગ્રંથો બધા સાચા છે. એમાં વાત લખી છે એ સાચી જ છે, જરાય ખોટી નથી. એને વાંચવાથી, એનો અભ્યાસ કરવાથી આપણા જીવનમાં શાંતિ થાય છે. આ બધા ગ્રંથો સામાન્ય માણસોએ લખેલા નથી, પણ આ વાતો અનુભવ કરીને લખી છે. વિજ્ઞાન છે એ લોકોપયોગી, સમાજોપયોગી, દેશોપયોગી છે, પણ એનાથી શાંતિ નહીં થાય. શાંતિ તો ભગવાન અને સંતની પાસે છે.'

ધ્યેય એક જ છે કે...

તા. ૨૧/૯ની સવારે સંસ્થાના પ્રકાશન વિભાગ અક્ષરપીઠમાં ખડા કરાયેલા પંચરંગી છાપકામના નૂતન યંત્રનું વિધિવત્ પૂજન કરી સ્વામીશ્રીએ તા. ૨૨/૯ના રોજ વસ્ત્રાલના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. તે પછી આજની રાત્રે તેઓનો સત્સંગલાભ માણવા મુખ્યમંત્રી પણ મંદિરે દોડી આવ્યા. સ્વામીશ્રી સાથે વીસેક મિનિટનો વાર્તાલાપ સાધી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વામીશ્રીને કહ્યું: 'આપના આશીર્વાદ હોય એટલે બધું જોરમાં જ હોય.'

આ અનુભૂતિ સાથે વિદાય થયેલા તેઓને અનુસરતાં તા. ૨૪/૯ની સાંજે કેનેડાના ઉદ્યોગમંત્રી શ્રી સ્ટોકવેલ ડે પોતાના કર્મચારીગણ સાથે આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રી સાથે ગાળેલા પોણો કલાકમાં પોતાની લાગણી વહાવી કે 'મને આપ અને આપના સ્વયંસેવકો પર ખૂબ આદર છે. અમારો આજનો દિવસ સાર્થક થઈ ગયો. આપની પ્રાર્થનામાં મને શ્રદ્ધા છે.'

આવા જ કંઈક અહોભાવ સાથે તા. ૨૯/૯ના રોજ શ્રી ઈવ પીપાએ પણ ધર્મલાભ ઉઠાવ્યો. અક્ષરધામમાં તૈયાર થઈ રહેલા વૉટર શૉના મુખ્ય સંયોજક સમા આ વિશ્વવિખ્યાત નિષ્ણાતને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અક્ષરધામના પ્રોગ્રામમાં આપે બહુ રસ લીધો છે. આ ભગવાનનું કામ છે એટલે અત્યાર સુધી તમે જે કાર્ય કર્યું છે એ કરતાં આ કાર્ય મોટામાં મોટું છે. એટલે આ કાર્યથી વધારે સંતોષ થશે અને સુખ-શાંતિ માટે બીજું કાર્ય

કરવાનું રહેશે નહીં.'

આટલું જણાવી વૉટર શૉની પાર્શ્વભૂમાં રહેલો પોતાનો હેતુ વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'દુનિયામાં પ્રખ્યાતિ થાય એ માટે આ કાર્ય નથી. લોકોનું કલ્યાણ થાય એવી શુદ્ધ ભાવનાથી આ કામ કરીએ છીએ. એમાં ધ્યેય એક જ છે કે ભગવાન રાજી થાય.'

ન કેવળ ગુજરાત, પરંતુ ભારતભરમાં પ્રથમ વાર જ બની રહેનારી પ્રસ્તુતિ પાછળ છુપાયેલો સ્વામીશ્રીનો ઇરાદો કેવો પવિત્ર !

આવા તેઓનાં દર્શને આજે ત્રણ અમેરિકન મહાનુભાવો શ્રી રોબર્ટ બ્લેકમેન, ફ્રેન્ક સબાઉરી અને ગ્લેન ઉપસ્થિત થયા. અમેરિકામાં નિર્માણાધીન અક્ષરધામ સાથે સંકળાયેલી આ ત્રિપુટીમાં એક આર્કિટેક્ટ, એક ઇજનેર અને એક ડિઝાઇનર હતા. તે દરેકની આંખોને દિલ્હીનું અક્ષરધામ પ્રભાવિત કરી ગયેલું. તેથી તેઓ મળતાંવેંત બોલવા માંડ્યા : 'અક્ષરધામમાં પથ્થરની અંદર થયેલું કોતરકામ કોઈને પણ અભિભૂત કરી નાંખે એવું છે. અક્ષરધામમાં અમને સૂક્ષ્મતાનો અનુભવ થયો. દરેક વસ્તુમાં નવીનતા અનુભવાઈ. એને જોવા માટે એક દિવસ પૂરતો નથી.'

ભગવાનને રાજી કરવાના વિચારથી થતા કાર્યની કક્ષા કેટલી ઊંચાઈ પકડી શકે છે તે જોવા માટે વિશ્વવાસીઓએ સ્વામીશ્રી દ્વારા નિર્મિત અક્ષરધામનાં પગથિયાં ચઢવાં જ પડશે.

અક્ષર દેરીના આંગણે પ્રયાગની પવિત્રતા

તા. ૩૦/૯ની સાંજે અમદાવાદથી વિદાય લઈ ગોંડલ પધારેલા સ્વામીશ્રીએ અત્રે આગમનના બીજા જ દિવસથી માંદગી ગ્રહણ કરી. તેથી તા. ૨/૧૦ની સવારે તો તેઓના શરીરમાં ૧૦૨.૮ ડિગ્રી ફેરનહીટ તાવ ચઢી ગયો. તેની સાથે ઠંડી લાગવાને કારણે થતી ધ્રુજારી પણ કંપારી છૂટે તેવી હતી. અંતેવાસીઓએ સ્વામીશ્રીને આટલા ધ્રૂજતાં પહેલી વાર જ જોયા.

છતાં સ્વામીશ્રી આજે મંદિર તથા અક્ષર દેરીમાં દર્શને તો પધાર્યા જ. તે પછી તેઓ ૪૦ મિનિટ સુધી પ્રાતઃપૂજા કરવા પણ બિરાજ્યા. સાંજે તો પત્ર-વ્યવહાર માટે પરિચારકનેય ઓરડામાં બોલાવી લીધા. લોકહિતની પ્રબળ ભાવના સ્વામીશ્રીને માંદગીમાં પણ જંપવા ન દેતી. તેથી તા. ૩/૧૦ની સવારે એક અજબ બીના બની.

આ સમયે સ્વામીશ્રીએ વાંચેલા પત્રમાં જામનગરના ત્રણ ભક્તોએ પાણીના બોર કરવા માર્ગદર્શન માંગેલું. ટપાલ સાથે ખેતરના નકશા પણ મોકલેલા, પરંતુ આ બધું જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જામનગરમાં તો વરસાદ પડે છે ને!' તેથી બોર કરવાની વાતમાં તેઓને કંઈક સંદેહ જણાતાં તેઓએ જામનગરના સંતોને ફોન જોડી વિશેષ વિગતો પૂછી. તે પછી નકશા પર નિશાની કરી આપી.

આવા ચીવટદાર સ્વામીશ્રી ચોટદાર કેમ ન નીવડે!

તેથી જ તા. ૪/૧૦ના રોજ આવેલી શરદ પૂર્ણિમાએ મંદિર-પરિસર પ્રાતઃકાળથી જ છલકાવા માંડ્યું. દૂર-દૂરથી ગુણાતીત જન્મોત્સવનો લાભ લેવા આવેલા એ હજારો ભક્તો પર મમતા વરસાવવા સ્વામીશ્રીએ આજે પ્રાતઃપૂજા જાહેરમાં કરવાનો મનોરથ સેવેલો, પરંતુ હજી માંડ થાળે પડી રહેલી તબિયતમાં આ પગલું ભરવું એ રાત્રિના મુખ્ય સમૈયાને જોખમમાં મૂકવા જેવું હતું. જો અત્યારે ખુલ્લામાં કલાકેક બેસવાથી શરીરમાં ટાઢ ઘૂસી જાય તો રાત્રિસભાનું સૌંદર્ય નંદવાઈ જાય. તેથી વ્યવસ્થાપકોએ ઉતારામાં જ પ્રાતઃપૂજા કરવા સ્વામીશ્રીને વીનવ્યા ત્યારે તેઓ બોલ્યા: 'ભગવાનની દયાથી મને કાંઈ નહીં થાય. ભગવાન બધું સારું રાખશે.'

આમ, ભગવાનના ભરોસે સ્વાસ્થ્યને છોડી સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા અક્ષર ચોકમાં આવી બિરાજ્યા ત્યારે ભક્તોએ તેઓને ગગનભેદી જયનાદોથી આવકાર્યા. આ જ ઉત્સાહ સ્વામીશ્રી રાત્રે સમૈયામાં પધાર્યા ત્યારે પણ પડઘાયો. આ સમયે સ્વામીશ્રીની માંદગીની અસર વાતાવરણનેય લાગુ પડી હોય તેમ આકાશ વાદળછાયું બની જતાં શરદપૂર્ણિમાનો પૂર્ણ પ્રફુલ્લિત ચંદ્ર ઝાંખો ભાસતો હતો, પરંતુ તેથી પૃથ્વીવાસીઓને તો કોઈ ખોટ ન આવી, કારણ કે સ્વામીશ્રી સૌની નજર સમક્ષ બિરાજેલા ને!

તેઓના મુખકમળમાંથી સમય થતાં અમૃતધારા વહેવા લાગી કે –

"અહીં આજે ગોંડલમાં ઉત્સવોનો ત્રિવેણી સંગમ થયો છે. ગુણાતીતાનંદ સ્વામીના જન્મને ૨૨૫ વરસ થયાં ને ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી એને ૨૦૦મું વર્ષ છે અને આ મંદિરને ૭૫ વરસ થયાં. આપણે બધા ભાગ્યશાળી છીએ કે ત્રિવેણી સંગમમાં ભેગા થયા છીએ. અહીં કથા-વાર્તા, ભજનનો મહિમા છે અને એમાં આપણે તરબોળ થવાનું છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણને અક્ષર-પુરુષોત્તમની વાત સમજાઈ,

નહીં તો ક્યાંના ક્યાં ગોથાં ખાતા હોત. શાસ્ત્રીજી મહારાજે નવી વાત કરી નથી, પણ સાચી વાત કરી છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પુરુષનાં દર્શન થયાં છે, તો આ વાતને અતિ અતિ દૃઢ કરતા રહીએ, જેથી કરીને ફેરો સુફળ થાય. આપણે એમ નથી માનવાનું કે 'આપણું શું થશે?' અક્ષરધામમાં જ જવાના છીએ.''

સદા કરે સંત તણી જ સેવા

તા. ૫/૧૦ની સવારે મંદિરમાં દર્શન કરવા નીકળેલા સ્વામીશ્રી યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં આવ્યા ત્યારે અહીં ઊભેલા રામચરણદાસ સ્વામીને જોઈ તેઓએ પૂછ્યું : 'રિપોર્ટ આવી ગયો?'

આ સંતને પીડતી પગ અને કમરની તકલીફ અંગે યોગ્ય તપાસ કરવા સ્વામીશ્રીએ જ ડૉક્ટરોને જણાવેલું. તેના અનુસંધાનમાં તેઓએ આજે પૂછપરછ કરી ત્યારે તે સંતે કહ્યું : 'રિપોર્ટ સારો નથી આવ્યો, એટલે ડૉક્ટર કહે છે કે મુંબઈ આવો.'

'જઈ આવજો.'

'બાપા! મારી બહુ ચિંતા કરશો નહીં. આપની દયાથી બધું સારું છે. પ્રારબ્ધનું હોય તે તો ભોગવવું પડે.'

'એ તો મારે ને તમારે ભોગવવું પડે, પણ કોઈ પણ સંત હોય એની ચિંતા તો કરવી જ પડે ને!' સ્વામીશ્રી બોલ્યા.

આ વાત્સલ્ય સાથે વિચરતા તેઓ તા. ૬/૧૦ની સાંજે અમેરિકાથી આવેલા શ્રી કનુભાઈ પટેલ સાથે મીટિંગ યોજીને બિરાજ્યા.

આમ તો તેઓને તા. ૭/૧૦ સુધી કોઈ વિશેષ પ્રવૃત્તિ ન કરવાની સલાહ તબીબોએ આપેલી, પરંતુ તનના જતનમાં ઝાઝી રુચિ ન ધરાવનારા સ્વામીશ્રી પોતાના ઉતારામાં આવી નાની-મોટી પ્રવૃત્તિ ચલાવતા જ રહેતા.

તે મુજબ આજે આરંભાયેલી બેઠકમાં સ્વાભાવિકપણે કનુભાઈએ પૂછ્યું : 'બાપા! આપની તબિયત કેમ છે?'

'તમને કેવી લાગે છે?'

'મને તો થોડી નબળી હોય એવું લાગે છે!'

'એવી વાત ન કરવી. નહીં તો સારું કામ નહીં થાય.' આમ કહી હળવું હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા : 'તબિયત સારી જ છે એવી વાત કરવી.

આ તો 'માંદા છે... માંદા છે...' કરીને ઢીલા પાડી નાંખે. 'તબિયત સારી છે' એવું કહીએ તો બળ મળી જાય. આપણું કામ થઈ જાય.'

બળે સહિત બોલવું એ સ્વામીશ્રીનો મત રહેલો. તેથી માંદગીમાંયે કોઈ મોળું વાટે તે તેઓને ન ગમતું.

આનંદિત આત્મા છે આપ

તા. ૧૨/૧૦ની સવારે ટ્રેડમિલ મશીન પર ચાલી રહેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા 'પ્રકાશ' સામયિકમાં બ્રહ્મના આનંદનું વર્ણન આવ્યું. તે સાંભળતાં ચારે બાજુ મુખ ફેરવીને સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'બધે જ આનંદ છે. આ બધું જ આનંદમય છે.' આટલું કહ્યા પછીયે તેઓની ઊલટ ન ઓસરી. તેથી સ્વામીશ્રી હાથની જગ્યાએ મુખથી જ નિર્દેશ કરતાં બોલતા રહ્યા: 'આ જુઓ, પેલું જુઓ, તે જુઓ, આ બધું જ આનંદમય છે.'

તેઓનું *'આનંદિત આત્મા છે આપ...'*નું સ્વરૂપ આજે બરાબર ખીલી ગયું.

આ આનંદ સૌને પમાડવા પ્રયત્નશીલ સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૩/૧૦ની સવારે મેતા ખંભાળિયા, માળોદ તથા જેતપુર-સ્થિત બાવાવાળા પરાંનાં મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા. તે પછી તા. ૧૪/૧૦ની રાત્રે સ્વામીશ્રી ફરાળ ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સંતોએ પરસ્પર વાર્તાલાપ આરંભ્યો. તેનો વિષય હતો – સ્વામીશ્રીએ કરેલો ગૃહત્યાગ.

સંતોના આ સંવાદમાં ૭૦ વર્ષ પૂર્વે આજની તિથિએ ઘર-બાર છોડી નીકળી પડેલા સ્વામીશ્રીના ત્યાગથી વિશ્વને મળેલા કંઈક મહાન ઉપહારો ગૂંથાતા ચાલ્યા. પરંતુ આ ક્રમમાં છેલ્લે વેદદર્શનદાસ સ્વામી બોલ્યા: 'સ્વામીશ્રીનો એક ત્યાગ હજી મને ગમતો નથી. એ ત્યાગ છે – ભોજનનો. તેઓએ જમવાનું કેટલું ઓછું કરી નાંખ્યું છે!'

'એમાં કંઈ ત્યાગ બતાવવાની વાત નથી, પણ રુચિ જ એટલી થાય છે! શરીરના ભાવ છે એટલે એવું બધું તો થાય.' આમ કહી સ્વામીશ્રીએ પ્રશંસાનો પણ ત્યાગ કરી દીધો.

સ્વમહત્તા વધારતી વાતનું સ્પષ્ટીકરણ કરી આપવાની તેઓની પ્રકૃતિ તેઓના નિષ્કપટ અંતઃકરણનો પુરાવો પૂરતી રહેતી.

જોગીમય જગત

ગોંડલના મુકામ દરમ્યાન જ્યારે સ્વામીશ્રી યોગી સ્મૃતિમંદિરે પધારે ત્યારે તેઓ યોગીમૂર્તિમાં નિમગ્ન થઈ જાય. આ રીતે તેઓ દર્શન કરતા હોય ત્યારે સંતો યોગીજી મહારાજનું ગુણાષ્ટક ગાય. તેના પણ એક-એક શબ્દને સ્વામીશ્રી પીતા જાય. ક્યારેક વર્ણન અનુસાર ચેષ્ટા કરી સ્તોત્રગાનને સ્મરણીય પણ બનાવે. જેમ કે, યોગીબાપાની લાક્ષણિકતા ગવાય કે *'ઝાલી ગાતરિયું કરી સુલટકું ખંખેરી દેખાડતા...'* ત્યારે સ્વામીશ્રી યોગીજી મહારાજની ખાસિયત મુજબ જ બંને હાથે ગાતરિયું ઝાલી તેને ખંખેરે.

તે મુજબ તેઓ તા. ૧૭/૧૦ના રોજ આવેલી દિવાળીએ પણ યોગી સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે અહીં ગવાઈ રહેલા કીર્તન *'યોગી આવો તે રંગ...'*માં ડૂબી ગયા. તેથી *'નિત્ય તારા તો થઈને રહેવાય યોગીરાજ...'* પંક્તિ આવતાં સ્વામીશ્રી સ્વયં યોગીજી મહારાજ સમક્ષ કરબદ્ધ થઈ રહ્યા.

તે જોઈ સંતોએ કહ્યું : 'બાપા ! આ પ્રાર્થના તો અમે આપને કરીએ છીએ.'

ત્યારે સ્વામીશ્રી યોગીજી મહારાજની મૂર્તિ તરફ નિર્દેશ કરી બોલ્યા : 'આ બેઠા છે ને ! એના થઈને જ રહેવાનું છે. ચારે બાજુ એ જ છે.'

તેઓને આખું જગત જોગીમય થઈ ગયેલું. તેઓની ગુરુભક્તિની આ પરાકાષ્ઠા !

તે દ્વારા આજે આવેલી દીપાવલિની સવારને રંગતાં તેઓએ ૮૩ મુલાકાતીઓનાં હૈયે દીવડા પ્રગટાવી ભોજન ગ્રહણ કર્યું.

તે પછી તેઓ પત્રો વાંચવા બિરાજ્યા ત્યારે રાબોડથી આવેલા શ્રી રમણભાઈ પટેલના કાગળમાં બોર ગાળવાનું માર્ગદર્શન પુછાયેલું. સાથે ખેતરનો નકશો પણ હતો. તેનો વ્યવસ્થિત અભ્યાસ કરી સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને કહ્યું : 'જ્યાં ઉત્તર દિશા લખ્યું છે એ જગ્યાએ નિશાની કરો.' ત્યારબાદ તેઓએ આ ઠેકાણે પુષ્પ પણ મુકાવ્યું. વળી, બીજું પુષ્પ જાતે જ ગોઠવી પરિચારકને જણાવ્યું : 'આ કાગળ અક્ષર દેરીમાં જઈને પ્રસાદીનો કરી આવો અને હરિકૃષ્ણ મહારાજનો પણ પ્રસાદીનો કરી આવો.'

દિવાળીના દિવસેય એક નાના ગામના નાના ભક્તના નાના પ્રશ્નમાં આટલો રસ લેનારા સ્વામીશ્રીને કેટલા મોટા કહેવા ? આવા ગુરુના સંબંધથી સત્સંગીઓને *'દિન દિન દિવાળી...'* જ વર્તે ને !

આ લોહી વહે છે એય સાકર

તા. ૧૭/૧૦ની સાંજે યોજાયેલા ચોપડા પૂજનમાં સ્વામીશ્રી મહાપૂજાનો પૂર્વાર્ધ પૂર્ણ થાય પછી પધારે તેવી સૌની ઇચ્છા હતી. તેની પાછળ ગણતરી સ્વાસ્થ્ય સંબંધી જ ! પરંતુ કંઈક જુદું ગણિત માંડીને બેઠેલા સ્વામીશ્રીએ કહ્યું: 'મારે પહેલેથી જ બેસવું છે.' આ અંગે સંતો દ્વારા ઘણી દલીલો થઈ, પણ પોતાનો નિર્ણય અફર રાખતા સ્વામીશ્રી મહાપૂજામાં પ્રારંભથી પધારી ગયા.

આ વખતે અક્ષર મંદિરની અક્ષરદ્વાર તરફ આવેલી બંને સોપાનપંક્તિ પર ચોપડા ગોઠવવામાં આવેલા. મંચ પર પણ ચોપડાની કલાત્મક ભાત ઉપસાવવામાં આવેલી. તેની મધ્યમાં બિરાજી સ્વામીશ્રી ભક્તિભાવપૂર્વક વિધિ કરવા લાગ્યા. ૬:૨૫ વાગ્યે આરંભાયેલી આ મહાપૂજા જેમ-જેમ આગળ ધપતી ગઈ તેમ-તેમ અજવાળું આથમવા માંડ્યું અને પરિસરની ઇમારતોના કાંગરા વીજદીપકોથી ઝળહળવા લાગ્યા. તેથી દેદીપ્યમાન બનેલું મંદિર સૂર્ય-શશાંકની સમાન શોભવા લાગ્યું.

તેની આ શોભામાં તા. ૧૮/૧૦ના રોજ અન્નકૂટની સોડમ ભળી. આ શોભા અને સુગંધને માણવા એકત્રિત થયેલા સત્તર હજારથી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ ઠાકોરજીને પ્રેમપૂર્વક થાળ ધરાવ્યો.

ત્યારબાદ આજની સાંજે રોજિંદા ક્રમમાં પરોવાયેલા તેઓના ભ્રમણનો સમય થતાં ડૉક્ટર પૂર્વતૈયારીરૂપે રક્તદાબ માપવા આવ્યા. તે સમયે સ્વામીશ્રીના જમણા હાથે મચ્છર કરડવાથી ઊપસી આવેલો લાલ ફોલ્લો દાક્તરની નજરે ચડ્યો. તે જોઈ તબીબ બોલ્યા: 'કાંઈક કરડી ગયું લાગે છે.'

'એ તો કરડવાનું જ છે ને ! તમે સમજો – આ દેહ છે, આત્મા નથી. એ તો સાજુંય થાય ને માંદુંય થાય.' સ્વામીશ્રીએ કહ્યું.

આ સાંભળી કો'ક બોલ્યું: 'આપનો દેહ તો સાકરનું નારિયેળ, એટલે બધું મીઠું જ હોય ને !'

'પણ આ ડૉક્ટર એવું નથી સમજતા ને ! આ લોહી વહે છે એય સાકર, આ નળીઓ છે એ પણ સાકર.' સાકર જેવા જ સ્વાદિષ્ટ શબ્દો સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યા. તે સાંભળનારા સૌ માયાથી પર એવું સ્વામીશ્રીનું દિવ્ય સ્વરૂપ મમળાવી રહ્યા.

આગવી આગેવાનીનું પ્રમુખ પાસું

તા. ૧૯/૧૦ના રોજ ફૂટેલું વિ.સં. ૨૦૬૬નું પ્રથમ પ્રભાત સ્વામીશ્રીના સંગે સુદિવ્ય બની રહ્યું. દિવ્યતાની આ લહેર વચ્ચે વિહાર કરતા-કરાવતા સ્વામીશ્રી તા. ૨૬/૧૦ની સવારે ગોંડલથી વિદાય લેવા તૈયાર થયા ત્યારે તેઓને મંદિરના મોવડી બાલમુકુંદદાસ સ્વામીએ ભવ્ય હાર અર્પણ કર્યો. તે હાર આ વરિષ્ઠ સંતની સેવા કરતા હરિસ્નેહદાસ સ્વામીને પહેરાવવાની ઇચ્છા સ્વામીશ્રીને હશે, પરંતુ તેમ કરતાં પૂર્વે તેઓએ બાલમુકુંદદાસ સ્વામીને પૂછ્યું : 'આપને સેવક સારા મળ્યા છે, એમને આ હાર પહેરાવું ?'

સ્વામીશ્રીના આ શબ્દસુમનમાંથી તેઓના સ્નેહભાવ, સમભાવ અને સેવકભાવની સુગંધ ફોરી રહી. તેઓ સદ્‌ગુરુ કક્ષાના સંતને જે પ્રેમથી સન્માનતા, એ જ હેતથી સેવકનેય વધાવી જાણતા. વળી, હાર પહેરાવવા જેવી નાની-શી વિગતમાંયે સંબંધિત સંતની અનુમતિ માંગતું તેઓનું વ્યક્તિત્વ પણ કેટલું વિરલ !

આવા સંતનાં પગલાં આજની સવારે રાજકોટમાં પડ્યાં. અત્રે તેઓની નિશ્રામાં તા. ૩૦/૧૦ના રોજ સમગ્ર સત્સંગ મંડળ માટે મહાપ્રસાદનું આયોજન મંદિરમાં કરવામાં આવેલું. તે સંબંધી કાર્યવાહીનો અહેવાલ આપતાં તા. ૨૮/૧૦ની સવારે યોગીસ્વરૂપદાસ સ્વામીએ જણાવ્યું : 'બાપા ! અહીંના મુખ્ય હરિભક્તોની મીટિંગમાં ભોજનની વાનગી અંગે ચર્ચા થઈ ત્યારે બધાને ઇચ્છા એમ થયેલી કે 'અડદિયો જમાડવો', પણ આપની શું ઇચ્છા છે ?'

'બધાની ઇચ્છા એ આપણી ઇચ્છા !' સ્વામીશ્રી બોલ્યા.

તે દ્વારા તેઓની આગવી આગેવાનીનું એક પ્રમુખ પાસું પ્રકાશી ઊઠ્યું. સૌને અનુસરીને સૌને દોરનારા નિરાળા નેતા હતા સ્વામીશ્રી !

તેઓના સાંનિધ્યમાં તા. ૨૯/૧૦ના રોજ પ્રબોધિની એકાદશીનો ઉત્સવ આવી પહોંચતાં સવારે મંદિરમાં મૂર્તિઓ સમક્ષ અને સાંજે ઉત્સવ-સભામાં શાકની કલાત્મક હાટડી રચવામાં આવી. આ અવસરે સ્વામીશ્રીએ પણ શેરડીના સાંઠાને કાંઠે જડેલા કોપરાના અડધિયામાં કપાસિયાં નાંખીને પ્રજ્વલિત કરેલી આરતી ઉતારી સૌને ઝળહળતી સ્મૃતિ આપી.

હું થાક્યો નથી

તા. ૩૧/૧૦ની સાંજે રાજકોટથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૧/૧૧ની સવારે અમલનેરના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા ઘનશ્યામ મહારાજ અને સુખશય્યાની ચિત્રપ્રતિમામાં પ્રાણ પુરાયા.

તે પછી દૈનિક ક્રમમાં વ્યસ્ત થયેલા સ્વામીશ્રીને આજે મીટિંગ-મુલાકાતના દોર ઘણા લાંબા ચાલ્યા. તેથી પરવારી તેઓ રાત્રિભોજન બાદ પત્રો વાંચી રહેલા ત્યારે ઓરડામાં પ્રવેશેલા બ્રહ્મવિહારીદાસ સ્વામીને જોઈ સ્વામીશ્રીને થયું કે 'તેઓ મીટિંગ માટે આવ્યા હશે.' એટલે તેઓએ પત્ર એક બાજુ મૂકી બેય બાજુ વારાફરતી નમી જાતે જ આસપાસ ઝગતા બે ટેબલ લેમ્પ બંધ કર્યા.

પરંતુ આગંતુક સંત પણ એક કાગળ વંચાવવા જ આવેલા. તે જાણી સ્વામીશ્રીએ પુનઃ બેય બાજુ વાંકા વળી બંને બત્તી ચેતાવી. તેના અજવાળે પત્ર વાંચી, ચશ્માં ઉતારી તેઓ ફરી બેય લેમ્પ બંધ કરવા ગયા ત્યારે સામે બેઠેલા સંત બોલ્યા : 'સ્વામી ! આ ઉંમરે હવે આપ આવી તસદી ન લો. આવાં કામ અમે કરી લઈશું. આપના આવા પ્રસંગો કહી કહીને અમે થાકી ગયા.'

'પણ હું થાક્યો નથી ને !' આમ કહેતાં સ્વામીશ્રીએ બત્તી બંધ કરી દીધી.

વધતી ઉંમર સાથે વધતો ઉમંગ અકબંધ રાખવામાં તેઓની મહાનતા હતી. ઊગે ત્યારથી આથમે ત્યાં સુધી સૂર્યનો ઉજાસ એકસરખો નથી અનુભવાતો. ઉદ્‌ગમ-સ્થાનથી સમુદ્રમિલન સુધી નદીનો વેગ એકધારો નથી રહેતો. કોળે ત્યારથી કરમાય ત્યાં સુધી ફૂલની સુગંધ એકસમાન નથી જણાતી. સ્વામીશ્રી અહીં અલગ સાબિત થતા. જીવનની ઉંમર ૧૮ હોય, ૨૮ હોય, ૫૮ હોય કે ૮૮ – તેઓના સદ્‌ગુણોનું તેજ, વેગ કે ફોરમને કદી લૂણો લાગ્યો નહોતો. તેથી જ ૮૮ વર્ષ તો શું, ૮૮ યુગો પછીયે તેઓનું જીવન પ્રેરણા પાથરતું રહેશે.

આપ પ્રેમી જનની સ્થિતિ સર્વ જાણો

તા. ૨/૧૧ના રોજ આવેલી કાર્તિક પૂર્ણિમાએ ઠાકોરજી સમક્ષ ગોઠવાયેલા અન્નકૂટથી બોચાસણનું મંદિર મઘમઘી રહેલું. આ પ્રસંગે સ્વામીશ્રીએ આરતી ઉતારતાં તે મંદિર ઝગમગી પણ ઊઠ્યું. તેનો ઉજાસ

માણવા એકત્રિત થયેલા પચીસેક હજાર હરિભક્તોને આજની દેવદિવાળીએ પોતાની અમૃતધારાનો લાભ આપી સ્વામીશ્રી ઉતારામાં પધાર્યા ત્યારે અહીં તા. ૪/૧૧ની સવારે ડાકોરના ડૉ. હરેન્દ્રભાઈ ભટ્ટે વાત માંડી કે –

''બાપા ! એક ગામમાં રહેતાં મહિલા ભક્તે તેઓની મરણમૂડીના રૂપે ભેગા કરેલા અઢી લાખ રૂપિયા મને સાચવવા આપેલા. તેઓની ઈચ્છા હતી કે પોતાના અક્ષરવાસ બાદ આ રકમ મંદિરમાં આપી દેવી. પરંતુ મેં તેઓને સમજાવ્યાં કે 'પરદેશમાં રહેતા તમારા દીકરાઓ ટાણે-કટાણે તમને મદદ કરશે. માટે આ રકમ અત્યારે જ સ્વામીબાપાના સાંનિધ્યમાં ઠાકોરજીને અર્પણ કરી દો.' આ બાબતે તેઓ સંમત થતાં એ રકમ હું લઈને આવ્યો છું.''

આમ કહેતાં પેલા તબીબ જ્યાં સ્વામીશ્રી સમક્ષ એક પૅકેટ મૂકવા ગયા ત્યાં જ તેઓને અટકાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આવું કરવાની કંઈ જરૂર નથી. ભલે દીકરાઓ પરદેશ છે, પણ અચાનક જરૂર પડે ત્યારે પરદેશથી પૈસા કેવી રીતે આવે ? અને આવે કે ન આવે તેની ખાતરી શું ? જરૂર પડે તે વખતે પૈસા ન હોય તો શું થાય ? એટલે અત્યારે આ પાછા લઈ જાવ અને એમનો જે સંકલ્પ છે તે મુજબ જ્યારે તેઓ ન હોય ત્યારે અર્પણ કરે એનો વાંધો નથી.'

વિત્ત નહીં, પણ વ્યક્તિની સામે નજર રાખી વિચરનારા અને વિચારનારા હતા સ્વામીશ્રી ! તેથી તેઓની સલાહ અનુસાર જ્યારે અઢી લાખ રૂપિયાની મતા પુનઃ એ મહિલાના હાથમાં પહોંચી ત્યારે તે બાઈની આંખો અશ્રુભીની થઈ રહી. અનાસક્ત રહીને પણ ઝીણી અને કાયમી સંભાળ રાખનારા તથા દૂર રહીનેય નિકટતાનો અનુભવ કરાવનારા સંત હતા સ્વામીશ્રી.

આપ ગંભીર છો જી અગાધ

તા. ૬/૧૧ની સવારે ભોજન અંગીકાર કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ નીકળેલી તેઓના પુરાણા વિચરણની વાતો સાંભળી એક સંત પૂછી બેઠા કે 'બાપા ! આપ પહેલાં જે રીતે ધમધમાટ વિચરણ કરતા અને ભીડો વેઠતા તે અત્યારે યાદ કરો તો કેવું લાગે ? નવાઈ લાગે કે નહીં ?'

'અસવાર તો તાજા જ છે, લેકિન ટટ્ટુ દૂબલા થઈ ગયા. એટલે હવે દોડાદોડી તો ન જ થાય ને !'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં તેઓનાં કેફ અને વાસ્તવિકતા સરી પડ્યાં.

તે સાથે તેઓ જ્યારે ગોંડલમાં બિરાજમાન હતા ત્યારે તેઓ પર

પારસી યુવક શ્રી ખારીવાલાનો ફોન આવેલો. તેમાં પોતાની વ્યથા ઠાલવતાં આ ગુણાનુરાગીએ કહેલું : 'સ્વામી ! હું આજે આપની માફી માંગું છું.'

આ અપરાધભાવને જ ઘૂંટતાં તેઓ બોલવા માંડેલા : 'બાપા ! આપની દયાથી જ મારી પાસે પૈસા પણ છે અને આપની દયાથી જ આગળ વધ્યો છું. આપે મને ખૂબ સાચવ્યો છે. લોકો મને પૂછે છે કે 'તને આવડો મોટો કોણે બનાવ્યો ? તારા ગુરુ કોણ છે ?' મને જ્યારે કોઈ આમ પૂછે ત્યારે આપ યાદ આવી જાવ છો. આપે મને પ્રતિષ્ઠા આપી એ ભૂલી શકું એમ નથી. આપ ખૂબ યાદ આવો છો, પણ આપની પાસે આવી શકતો નહોતો. એક મિનિટ આપને મળીને માફી માંગવી છે. હું બધું જ ભૂલી જઈશ. આપ કહેશો ત્યાં હું આવી જઈશ. હૃદયથી હું આપનો આભાર માનું છું.'

સ્વભાવનો શિકાર બનીને છેલ્લા દોઢ દાયકાથી સત્સંગથી અળગા થઈ ગયેલા એક યુવાનનાં આ વલખાં સ્પષ્ટ કરે છે કે અહં-મમત્વને વશ થઈ સત્સંગથી છેડો ફાડનારો પણ સ્વામીશ્રીથી દૂર થઈ શકતો નહીં. સ્વામીશ્રીના પ્રેમના તાંતણાની આ તે કેવી મજબૂતાઈ !

એ જ પ્રેમમાં ઝબોળેલા શબ્દો સાથે સ્વામીશ્રીએ આ પારસી યુવકને જણાવેલું : 'ઘણા વખતે તારો અવાજ સાંભળ્યો, આનંદ થઈ ગયો ! આપણે હેત હતું ને છે ને થશે ! કોઈ કારણસર જે થયું હોય એ ભૂલી જવું. તારા અંતરમાં છે તો ભગવાને પાછા ભેગા કરી દીધા.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી એ યુવાનના વલોવાતા હૈયામાં પશ્ચાત્તાપનાં પૂર ઊમટી પડેલાં. આ સમયે સ્વામીશ્રીએ તે યુવકને કહેલું : 'તું બોચાસણ આવજે, ત્યાં રૂબરૂ મળીશું.'

તે મુજબ તા. ૭/૧૧ની સવારે આ યુવાન બોચાસણમાં આવી પહોંચ્યો ત્યારે તેને ઊલટથી આવકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'चौदह साल हो गये, बहुत लंबा हो गया।'

આ ટૂંકા વાક્યે એ યુવાનની આંખો છલકાવી દીધી. એ જ ભાવુક સ્થિતિમાં બે હાથે કાન પકડી તેણે કહ્યું : 'હું આપની માફી માંગું છું. આટલાં વરસો દરમ્યાન આપની વિરુદ્ધમાં હું કાંઈ બોલ્યો હોઉં એનું મને દુઃખ છે. આપ મને માફ કરજો.'

'ભગવાને માફ કર્યું જ છે. ભગવાન દયાળુ છે એટલે એ તો બધું ભૂલી જાય છે, પણ હવેથી તું નિયમિત આવતો રહેજે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર સાંભળનારા સૌનાં હૈયાં પોકારી ઊઠ્યાં : *'ક્ષમા કીધો એવો અપરાધ, આપ ગંભીર છો જી અગાધ...'*

સ્વામીશ્રીની આવી મહાન જીવનશૈલીએ ઘણાની જીવનનૈયાને કલ્યાણના કિનારે પહોંચાડેલી.

આવવાનું થશે ને નહીં પણ થાય

આ અરસામાં પરદેશથી આવતા ફોનમાં સંતો-ભક્તો દ્વારા સ્વામીશ્રીને એક વિનંતી અવશ્ય થતી કે 'બાપા ! અહીં આવ્યે ઘણો સમય થઈ ગયો. હવે પુનઃ પધારો.'

પરદેશથી દેશમાં આવેલા સાધુ-સત્સંગી પણ સ્વામીશ્રીને મળે ત્યારે આ પૂછપરછ તો અચૂક કરતા કે 'બાપા ! અમેરિકા... લંડન... આફ્રિકા ક્યારે આવો છો ?'

આ સાંભળી સ્વામીશ્રી ક્યારેક સમજણના સૂર રેલાવતા કે 'જ્ઞાન છે એટલે દૂર ક્યાં છે ?', તો ક્યારેક રમૂજનો રાગ છેડતા કે 'અત્યારે તો ટેક્‌નોલોજીનો જમાનો છે. વીડિયોમાં અમે તમને જોઈએ ને તમે અમને જુઓ એટલે બંનેએ મળી જ લીધું ને ! પછી આવવા-જવાનું ક્યાં રહે ?'

આ જ રીતે તા. ૭/૧૧ના રોજ પણ સ્વામીશ્રી પર એલ.એ.થી એક ફોન આવ્યો. તેમાં સત્સંગલક્ષી વાર્ષિક વિચારણા માટે એકત્રિત થયેલા સંતો-કાર્યકરોએ આશીર્વાદ મેળવ્યા બાદ સૌ વતી ગુણસાગરદાસ સ્વામીએ અરજ ગુજારી કે 'સ્વામી ! આપ જો અહીં પધારો તો સત્સંગ બમણો વધી જાય. આપની હાજરી હોય તો ફરક પડે ને !'

આ પ્રાર્થનાના પ્રતિભાવમાં જ્ઞાનની ગમ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અત્યારે મનમાં થવું જ જોઈએ કે હાજરી છે જ ! એમ માનશો તો બળ અને ઉત્સાહ રહેશે. ત્યાં પધારવું કે ન પધારવું એ બીજી વાત છે. આવવાનું થાય કે ન થાય, પણ જો આવી સમજણ હશે તો બળ અને ઉત્સાહ રહેશે. મહારાજની ઇચ્છા હશે તો આવવાનું થશે ને નહીં પણ થાય.'

સ્વામીશ્રીના આ શબ્દો માર્મિક હતા, કારણ કે હવે પછીના તેઓના શેષ જીવનકાળના ૨,૪૭૧ દિવસોમાંથી પરદેશના સત્સંગને તેઓનું પ્રત્યક્ષ સાંનિધ્ય માત્ર ચૌદ દિવસ પૂરતું જ મળવાનું હતું. તેય એક જ સત્સંગ-કેન્દ્રને ! પરંતુ હાલ તો ભવિષ્યનો આ ભેદ કોઈ ખોલી શકે એમ નહોતું. છતાં અત્યાર

સુધી લાભની સરિતામાં વહેતા રહેલા પરદેશના સત્સંગને સ્વામીશ્રીએ જ્ઞાનના ઘાટ તરફ તો વાળી જ દીધો.

સ્વામીશ્રીને સતાવતી સમસ્યા!

તા. ૭/૧૧ની સવારે સાડા અગિયાર વાગ્યે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ નાસ લેવા માટે મશીન મુકાયું. તેમ છતાં પણ તેઓએ કામ તો ન જ થંભાવ્યું. તેઓ નાસ લેતી વખતે વાંચવાનું કામ પરિચારકને સોંપી ઉત્તરો લખાવવા માંડ્યા. આ રીતે દસેક મિનિટ વીતતાં પરિચારક પત્રો સમેટવા લાગ્યા, કારણ કે હવે નિત્ય વ્યાયામનો સમય થઈ ગયેલો. તે માટે સ્વામીશ્રીને ઊભા કરવા સેવકો પણ આવી પહોંચ્યા. આ વખતે સ્વામીશ્રી ભેગી કરવામાં આવેલી ટપાલો સામે જોઈ રહ્યા. કંઈક વિચારતા હોય તેવું પણ જણાયું. તેથી સંતોએ પૂછ્યું: 'કંઈ કામ છે?'

'કામ તો છે, પણ ઊભા થવાનો ટાઈમ થઈ ગયો છે ને!'

'કાંઈ કહેવું હોય તો કહી દો. એક મિનિટ પછી ઊભા કરીએ.'

'પાંચ-દસ મિનિટનું જ કામ છે.'

'તો પછી સાંજે રાખજો, સાંજે ટાઈમ મળી રહેશે.'

સેવકનો આ અભિપ્રાય સાંભળી ઊભા થતાં થતાં સ્વામીશ્રી બોલ્યા: 'ટાઈમ ઓછો પડે છે!'

સામાન્ય રીતે ૮૮ વર્ષીય વૃદ્ધની અકળામણ હોય કે 'સમય પસાર થતો નથી.' જ્યારે સ્વામીશ્રીને સમયની ખેંચ સતાવતી હતી! શરીરથી વૃદ્ધ તેઓ શૈલીથી તો યુવાનને પણ ઘરડો ઠેરવે એમ સેવા કરતા. સાચે જ, જ્યારે જ્યારે કર્મઠતાનો વિષય નીકળશે ત્યારે ત્યારે સૌ સ્વામીશ્રી માટે ગળું ખોંખારીને ગાતાં રહેશે કે આવા સંત *'આવ્યા નથી ને નથી આવનાર...'*

તેનો એક વધુ પુરાવો આજની સાંજે જ મળ્યો. આ સમયે પત્ર-વ્યવહારમાં ડૂબેલા સ્વામીશ્રીને સાયંભ્રમણ માટે ઊભા થવાનો વખત આવ્યો ત્યારે તેઓએ પત્ર-પરિચારકને કહ્યું: 'સત્સંગીજીવન સ્વામીને ફોન જોડો.'

'પણ હવે ઊભા થવાનો ટાઈમ થઈ ગયો છે.'

'તોય એ દરમ્યાન વાત તો થઈ જાય ને!' સહેજ ઊંચા સૂરમાં સ્વામીશ્રી બોલ્યા.

૮૮મા વર્ષે પણ તેઓની એક ક્ષણ એળે નહોતી જતી.

રાખ-રખાવટમાં સત્સંગ વધે

તા. ૮/૧૧ના રોજ યોજાયેલા કાર્યકર સ્નેહમિલનમાં બોચાસણના મંદિર હેઠળ સક્રિય મંડળોનાં ૧,૨૦૦થી અધિક બાઈ-ભાઈ કાર્યકર્તાઓ એકઠાં થયેલાં. તેની સાથે આજના રવિવારને કારણે અન્ય સત્સંગીઓ પણ ઘણા હતા. આ ભક્તસમુદાય પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણું નિશાન એ જ હોવું જોઈએ કે ભગવાન ને સંતના ગુણ ગાવા ને સાંભળવા. 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું' એ જો જીવમાં દૃઢ થશે ને મહારાજની ઉપાસના દૃઢ થશે તો ખામી રહેશે નહીં. આપણો ફેરો સફળ થશે. આપણે તો પ્રગટના ઉપાસક છીએ, તો આપણે એવું માનવાનું નથી કે 'મારું શું થશે ?' કલ્યાણ છે, છે ને છે.'

પ્રાપ્તિનો આ કેફ ઘૂંટી સ્વામીશ્રી ઉતારે જમવા બિરાજ્યા ત્યારે તેના અંતિમ ચરણમાં એક વ્યવસ્થાપકે કહ્યું : 'આજે જે જૂના હરિભક્તો આવ્યા છે તેઓને આપની રુચિ મુજબ નાસ્તા-પાણી કરાવી દીધાં.'

'એ સારું કર્યું !' સંતોષ પામતાં સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું :

'જૂના છે એને સાચવી લેવા. જૂનું નાણું છે, કામ ન આવે ? શાસ્ત્રીજી મહારાજના વખતમાં જ્યારે કોઈ ઉતારો નહોતું આપતું ત્યારનો એ સૌનો ભોગ છે. એટલે આપણે પણ એ પેઢીના હરિભક્તો આવે તો જાતે ઊભા રહેવું, સરભરા કરવી. યોગીજી મહારાજની આ રીત હતી. રાખ-રખાવટમાં સત્સંગ વધે, વાંધો ન આવે. એવાં ઘણાં કુટુંબ છે. એમને ત્યાં અડધી રાતે જઈને પડતા અને અડધી રાતે પણ આ કુટુંબોએ આપણું ધ્યાન રાખ્યું છે, સેવા કરી છે. જેટલી ખબર રાખો એટલો સત્સંગ વધે. આપણે ભૂલી જવાનું નહીં.'

આમ, નવા-જૂના કોઈનેય ઓછું ન આવે એવી જીવનશૈલીથી સ્વામીશ્રી સત્સંગીઓના જીવનપ્રાણ બની રહેલા.

તેઓને આ દરજ્જામાં મૂકનારી બીજી એક ખાસિયત એટલે તેઓની યાદદાસ્ત ! જે તે સત્સંગીની વર્ષો પુરાણી સેવા, ભક્તિ વગેરે તેઓના મનમાં અકબંધ રહેતી. તેને સમય પડ્યે સંભારી તેઓ ભક્તને ભવાટવીનું ભાથું બંધાવી દેતા. તેને આરોગતો આરોગતો તે હરિભક્ત સહેલાઈથી જીવનવન વટાવી દેતો. સ્વામીશ્રીનો આ પરચો પામી તા. ૯/૧૧નું પ્રભાત ફૂલગુલાબી બની રહ્યું.

આ સમયે મંદિરમાં દર્શને પધારેલા તેઓ હનુમાનજી-ગણપતિજીનાં દેરે આવ્યા ત્યારે ત્યાં બંને દાદરા પર બેઠેલા ભક્તોમાંથી એકે પડછંદ અવાજે જયનાદ ગુંજાવ્યો. તેથી તેઓ તરફ ધ્યાન જતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'અત્યારે ક્યાં છે?'

'શિકાગો.'

'અહીં ક્યારે આવ્યા?'

'બસ, થોડા વખત પહેલાં જ.'

'ઘણા વખતે મળ્યો!' આમ કહી સ્વામીશ્રી સરવા કાને સંભળાય એવા સાદે બોલવા લાગ્યા: 'અહીં બોચાસણમાં ઘનશ્યામ મહારાજનું મંડળ ચાલતું. એમાં ચીમનલાલ ને આ પુનિત મહારાજ (હરમાનભાઈ ગોરધનભાઈ) *'બોરસલી કી છૈયા...'* વગેરે કીર્તનો ગાતા અને મંડળ ચલાવતા. બહુ ઉત્સાહી હતા.'

પેલો જયનાદ ગજવનારા હરિભક્તને જ્યારે સ્વામીશ્રીએ કરેલી આ વાતની જાણ થઈ ત્યારે તેઓનો જયઘોષ વધુ બુલંદ બની ગાજી ઊઠ્યો.

દાયકાઓ પછી પણ સૌને યાદ રાખતા સ્વામીશ્રીની દયા સૌનાં હૈયે આનંદના ઓઘ જમાવી દેતી.

એવા સંત સહુના સુખકારી

તા. ૧૨/૧૧ના રોજ દિલ્હીના દરવાજે સ્વામીશ્રીનો વધુ એક ડંકો ગાજવાની તૈયારીઓ થઈ ચૂકેલી, કારણ કે અત્રે ઊભેલા અક્ષરધામની સમીપમાં જ મેટ્રો રેલવેના એક સ્ટેશનનું ઉદ્‌ઘાટન આજની સવારે થવાનું હતું. દિલ્હીના મુખ્યમંત્રી, મેટ્રો રેલવેના મુખ્ય કાર્યવાહક વગેરે અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખુલ્લા મુકાનારા આ સ્ટેશનનું નામાભિધાન - અક્ષરધામ રાખવામાં આવેલું. આ બાબત સંસ્થા સહિત દિલ્હીવાસીઓ માટે પણ ગૌરવનો વિષય બનેલી.

તેથી આજે અહીં બોચાસણમાં નીલકંઠવર્ણીના અભિષેક માટે પધારેલા સ્વામીશ્રીએ સામેથી જ ધૂન કરાવતાં કલ્યાણભાવના ઉચ્ચારી કે 'આ ટ્રેનમાં જતાં-આવતાં જે અક્ષરધામનાં દર્શન કરશે, બોર્ડનાં પણ દર્શન કરશે કે નામ સાંભળશે એ બધાનું કલ્યાણ ભગવાન કરશે. સૌ સુખી બને. જયજયકાર થઈ જાય.'

સ્વામીશ્રીની આવી ઉદાત્ત ભાવના આ સમયે ગુજરાત પર પણ વરસી રહી, કારણ કે અરબી સમુદ્રમાં સર્જાયેલા હવાના હળવા દબાણને કારણે ઉદ્‌ભવેલું વાવાઝોડું સમગ્ર ગુજરાતમાં તબાહી મચાવવા આગળ ધપી રહેલું. તેથી હતપ્રભ થયેલા પ્રજાજનો વતી વિધાનસભાના દંડક શ્રી અંબાલાલ રોહિતે સ્વામીશ્રી પાસે રૂબરૂ આવીને પ્રાર્થના કરેલી કે 'આ વખતે વરસાદ ઓછો હોવાથી નહેરના પાણી અપાવીને ખેતી બચાવી છે. પરિણામે ડાંગર ખૂબ પાકી છે. પરંતુ આગાહી મુજબ જો ચક્રવાત અને વરસાદ થશે તો મહેનત પર પાણી ફરી વળશે. માટે આપ આશીર્વાદ આપો કે આ ઉપાધિ શમી જાય અને ખેડૂતો સુખી થાય.'

ગઈકાલે આ વેદના સાંભળતાં જ દયાળુ સ્વામીશ્રીએ મંદિરમાં ધૂન શરૂ કરાવી દીધેલી. આ અંગે તેઓએ આજે પણ નીલકંઠવર્ણી સમક્ષ પ્રાર્થના ઉચ્ચારી. તે અમોઘ પુરવાર થતાં વાવાઝોડાએ માર્ગ બદલી કાઢ્યો! તેથી વરસાદનો ઉપદ્રવ પણ નુકસાનકારી ન નીવડતાં તા. ૧૩/૧૧ની સવારે વિધાન-સભાના દંડક શ્રી રોહિત ખેડૂતોના પ્રતિનિધિ મંડળ સાથે સ્વામીશ્રીનો આભાર માનવા દોડી આવ્યા. તેઓએ ગદ્‌ગદભાવે કૃતજ્ઞતા વ્યક્ત કરી મંદિરમાં પચીસ મણ ચોખાની ભેટ પણ નોંધાવી.

સ્વામીશ્રીની આવી પરહિતકારી છબીને વધાવતાં આજે ડાકોરથી આવેલા કાઠિયાખાક ચોકના મહંત પૂજ્ય કમલદાસજી મહારાજે સ્વાનુભૂતિ ઉચ્ચારી કે 'स्वामीजी! आप बहुत सेवा करते हैं। हमारी ज़मीन ठीक करनी थी तब आपकी संस्था की और से हमें मशीन मिले थे।'

રોજ દિવસ ઊગતાં જ સ્વામીશ્રીના પરમાર્થની કંઈક ને કંઈક નવી ક્ષિતિજ ખૂલી જતી.

તેથી ઘડીએ ન રહે વા'લો ન્યારા રે

કેટલાક અનિવાર્ય કારણસર બોચાસણમાં સ્વામીશ્રીનું રોકાણ લંબાતાં આ વર્ષે તેઓની જન્મતિથિ માગશર સુદ આઠમનું પરોઢ અહીં જ ઊઘડવાનું નક્કી થઈ ગયું. પરંતુ તેનો હર્ષ સ્થાનિક સંતો-ભક્તોમાં ફૂટે તે પહેલાં જ સ્વામીશ્રીએ મંદિરના વ્યવસ્થાપક વેદજ્ઞદાસ સ્વામીને બોલાવી તા. ૧૯/૧૧ની સવારે સૂચના આપી દીધી કે 'ઉત્સવ ઊજવવા કોઈ જ પ્રકારનો ઠઠારો કરશો નહીં. માંડ માંડ બંધ કરાવ્યું છે અને તમે જો કરો તો વળી પાછો નવો ચીલો

ચાલુ થાય. એટલે કોઈ જ આયોજન કરશો નહીં.'

પોતાની જન્મજયંતી પર આ જાપ્તો ગોઠવી નિત્યક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી તા. ૨૧/૧૧ની રાત્રે નાસ લેવા માંડ્યા. તે વખતે એક પછી એક ટપાલ વાંચી રહેલા પત્ર-પરિચારક સ્વામીશ્રી આપે તે ઉત્તરો નોંધતા જતા હતા. તેમાં એલ.એ.થી કાગળ લખનારા એક હરિભક્તે પુછાવેલું કે 'હું પૂજા-પાઠ નિયમિત કરું જ છું, પરંતુ આપ મારી સાથે હો એવું મને લાગે તે માટે આપ મને પાંચ નિયમ આપશો, તો હું તે અચૂક પાળીશ.'

આ સાંભળી નાસ લેતાં લેતાં સ્વામીશ્રી બોલ્યા: 'એક તો વચનામૃત રોજ વાંચવું. બીજું, રોજ સ્વામીની વાતો પાંચ વાંચવી. ત્રીજું, તમાકુ, સિગારેટ, બીડી કે દારૂ વગેરેનું વ્યસન થવા દેવું નહીં. ચોથું, ઘરસભા કરવી. ઘર-સભામાં એકલા હો તો વાંચન કરી લેવું. પાંચમું, જીવનચરિત્રનો પાઠ કરવો.'

સ્વામીશ્રીએ પીરસેલાં આ પંચામૃતનું પાન જે કરશે તેને સ્વામીશ્રી કદી દૂર નહીં લાગે.

માન પામી અભિમાન ના કરે

તા. ૨૨/૧૧ની સવારે પ્રતિષ્ઠાની ત્રિવેણી રચતાં સ્વામીશ્રીએ ચરવી, જમાલપોર અને નિમેટાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તેને અનુસરતાં આવેલી તા. ૨૫/૧૧ના રોજ સમગ્ર મંદિરમાં મંગલતા મહોરી ઊઠી, કારણ કે આજના દિવસે સ્વામીશ્રીનો ૮૯મા વર્ષમાં પ્રવેશ થઈ રહેલો. જો કે આ પર્વે કોઈ ધામધૂમ ન થાય તેવો પ્રબંધ તેઓએ જ અગાઉથી કરી રાખેલો. પરંતુ વરિષ્ઠ સંત ત્યાગવલ્લભદાસ સ્વામીની વિનંતી સ્વામીશ્રીએ સ્વીકારતાં સમગ્ર પરિસરમાં ફૂલ-ફુગ્ગાના સૌમ્ય શણગાર શોભી રહેલા. વિશેષ ભભકો કરવા જતાં સ્વામીશ્રીની નારાજગી વહોરવાની દહેશત હોવાથી આ નજારો આંજે એવો નહોતો, તોયે કોઈને ઠરવા દે એમ પણ નહોતો. તેથી સ્વામીશ્રીના નિજનિવાસથી મંદિર અને મંદિરથી સભાગૃહ સુધીના પથ પર તેઓનાં જીવન-કાર્યનું નિદર્શન કરતી જુદી જુદી પ્રસ્તુતિ કરી બાળકોએ સ્વામીશ્રીને વધાવ્યા.

સભામંડપનો મંચ પણ આજે ફૂલોની ફોરમથી મઘમઘી રહેલો. તેની વચ્ચે બિરાજી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી ત્યારે સંતો-ભક્તોએ જન્મદિનની બિરદાવલીઓ ગાઈ. અભિનંદનની આ સૂરાવલિઓ બાદ કલાત્મક હારતોરાથી

સ્વામીશ્રીનાં વધામણાં થયાં. તે પછી રેલાયેલી તેઓની અમૃતધારામાં પંદરેક હજારથી વધુ ભક્તો રસતરબોળ થયા.

આમ, એક સહજ છતાં સ્મરણીય અવસરના સમાપન બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અહીં દિવસ દરમ્યાન ફોન દ્વારા શુભેચ્છા-સંદેશ વહી રહ્યા. તેમાં મહાત્માઓથી માંડી મુખ્યમંત્રી સુધીના સૌએ પાઠવેલા પ્રણામ સ્વામીશ્રીની પરાત્પર પ્રતિભાને ઉજાગર કરતા ગયા.

આ ક્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાખાના મોવડી શ્રી હરિપ્રકાશ શાસ્ત્રી તો સ્વામીશ્રીને શતાયુની શુભકામના પાઠવતાં બોલી ઊઠ્યા : 'શ્રીજીમહારાજ પછી આપે મહારાજનો સંદેશો દુનિયાભરમાં ફેલાવ્યો છે. અક્ષરધામમાંથી શ્રીજીમહારાજ આપને ખૂબ જ આશીર્વાદ આપતા હશે.'

આ સાંભળી સ્વામીશ્રીના હોઠેથી શબ્દો સરી પડ્યા કે 'મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો પ્રતાપ છે, બાકી આપણે તો શું કરી શકવાના હતા ? શેક્યો પાપડ પણ ભાંગે એમ નથી, પણ એમનું બળ છે.'

સ્વામીશ્રીની આ નમ્ર છબી આજના જન્મદિવસની શિરમોર સ્મૃતિ બની રહી.[૨૩]

પરમેશ્વરની પ્રતિકૃતિ સમા

તા. ૨૭/૧૧ની સવારે અમલસાડી અને સરભાણનાં મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી તા. ૨૮/૧૧ની રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે સમયે જ મહંત સ્વામી અને આઠ સંતો આફ્રિકાની ધર્મયાત્રા પૂર્ણ કરી આવી પહોંચ્યા. તેઓને આવકારવાનો સ્વામીશ્રીને અતિ ઉમંગ થઈ આવ્યો પણ ભોજન ચાલુ હોવાથી કંઈ થઈ શકે તેમ નહોતું, પરંતુ જેવું ચળું થઈ રહ્યું કે સ્વામીશ્રીએ ઊભા થઈ મહંત સ્વામીને આશ્લેષમાં સમાવી લીધા. અન્ય સહયાત્રીઓને પણ તેઓએ આ સુખ આપ્યું.

સ્વામીશ્રીના લાભની આ લહાણ માણવા તા. ૨૯/૧૧ની સવારે ડલાસના સમીપવર્તી ઈરવિંગ શહેરના મેયર શ્રી હર્બર્ટ ગિયર્સ પણ દોડી

---

૨૩. બોચાસણના આંગણે ઊજવાયેલી સ્વામીશ્રીની ૮૯મી જન્મ-જયંતીમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો ને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આવ્યા. ડૉ. સુધીરભાઈ પટેલ વગેરે સ્થાનિક આગેવાન સત્સંગીઓ સાથે અહીં આવેલા તેઓએ પોતાના આગમનનો હેતુ પ્રગટ કરતાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ જણાવ્યું: 'હજારો કિલોમીટર દૂરથી હું આજે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યો છું. અહીં આવતાં પહેલાં છેલ્લા ૨૧ દિવસથી મેં દારૂ પીધો નથી અને માંસ ખાધું નથી. આજે આશીર્વાદ માંગું છું કે જિંદગીભર મારે આ નિયમ પાળવા છે. છેલ્લા કેટલાય દિવસોથી આ સંસ્થાનાં મંદિરો, સ્કૂલો, હૉસ્પિટલો જોયા પછી અંતરમાં ઊંડી છાપ પડી છે કે આ સંસ્થા અદ્‌ભુત છે! દિલ્હીનું અક્ષરધામ પણ જોયું. આવું કોઈ સ્થાન દુનિયામાં છે જ નહીં! અમારા ડલાસના મંદિરનું ઉદ્‌ઘાટન કરવા માટે હું પ્રમુખસ્વામીને આમંત્રણ આપવા જ આવ્યો છું.'

આમ કહી આ મહાનુભાવે સ્વામીશ્રીને આમંત્રણ પત્રિકા અર્પણ કરી. એક અમેરિકન અગ્રણીના આ અહોભાવને સૌએ તાળીઓથી વધાવી લીધો.

પરંતુ સ્વામીશ્રી પ્રત્યેનો પોતાનો પ્રેમ-આદર મેયરશ્રી તો સભા બાદ યોજાયેલી અંગત મુલાકાતમાં પણ વહાવતા રહ્યા. તેમાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું: ''હ્યુસ્ટનમાં આપે મને આપેલા આશીર્વાદની છબી મેં મારી કચેરીમાં મુકાવી છે. કોઈ વ્યક્તિ જ્યારે આપની આ મૂર્તિનાં દર્શન કરે ત્યારે હું એને કહું છું કે 'આ સ્વામીજીએ પોતાનું સર્વસ્વ બીજા માટે સમર્પણ કરી દઈને સાક્ષાત્કાર કર્યો છે.' એ બધાને હું સમજાવું છું કે સન ૨૦૦૭માં આમના આશીર્વાદ લીધા બાદ મારા શહેરમાં અબજો ડૉલરનાં નવાં કાર્યો શરૂ થયાં છે. આપની સાથે આપે ભેટમાં આપેલી નીલકંઠવર્ણીની મૂર્તિ પણ મેં પધરાવી છે. આવનાર જ્યારે આ અંગે જિજ્ઞાસા દર્શાવે ત્યારે હું એની કથા શરૂ કરી દઉં છું.''

આમ કહી આ નગરપતિ અક્ષરધામની અનુભૂતિમાં ગરક થતાં બોલવા લાગ્યા: 'અક્ષરધામમાં બધું જ છે. ભવિષ્યમાં લોકોએ ભારતને જાણવા માટે અક્ષરધામ જોવું જ પડશે. મારી દૃષ્ટિએ એ જ ભારતની ઓળખ બની રહેશે. તાજમહેલ કદાચ બીજા સ્થાને આવે.'

આ લાગણી સાથે મેયરે એક નવીન ભેટ સ્વામીશ્રીને ધરી. ઉપર-નીચેથી બંધ રકાબી જેવા અને વચ્ચે છિદ્ર ધરાવતા એ પાત્ર પર પુષ્પ નજરે ચઢી રહેલું. તે બતાવી મેયરે સ્વામીશ્રીને તે પકડવા કહ્યું, પણ આશ્ચર્ય! તે ફૂલ હાથમાં જ ન આવ્યું, કારણ કે આ હૉલોગ્રામની કરામત હતી, જેમાં પાત્રના તળિયે મૂકવામાં આવેલા પુષ્પનું ત્રિપારિમાણિક પ્રતિબિંબ સપાટી પર

આબેહૂબ ઊપસી રહેલું.

જેને શોધવા મેયરે બે વર્ષ સુધી જહેમત ઉઠાવેલી એવા આ અચરજકારી ઉપહારનો મર્મ સમજાવતું એક શુભેચ્છાપત્ર પણ નગરપતિ પોતાની સાથે લાવેલા. તેમાં તેઓએ સ્વહસ્તાક્ષરમાં લખેલું : 'Dear Bapa! Your life means so much to our world and our future. Thank you. Happy Birthday. Your friend always.' – વહાલા બાપા ! આપનું જીવન અમારી દુનિયા અને ભવિષ્ય માટે અર્થપૂર્ણ છે. આભાર ! જન્મદિવસની શુભકામના ! આપનો સદાયનો મિત્ર.

મેયરે આ શુભેચ્છાપત્ર અને ભેટ સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું : 'આપ પરમેશ્વરની પ્રતિકૃતિ સમા છો. આપનું પ્રતિબિંબ એવું છે કે એને ક્યારેય ડાઘ લાગે એમ નથી. એને કોઈ નુકસાન પહોંચાડી શકે એમ નથી.'

નગરપતિના આ અનુભવને સૌનું અનુમોદન હતું. તેથી તેઓની સાથે આવેલા કાર્યકર શ્રી પરેશભાઈ પટેલે કહ્યું : 'બાપા ! મેયરની ઉંમર હજી નાની છે. તેથી તેઓનાં પત્નીની ઇચ્છા છે કે તેઓ રાજ્યના ગવર્નર બને.'

'જો તેઓ ગવર્નર થાય તો સંસ્થાને પણ ઘણો લાભ થાય.' કો'ક બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણને લાભ થાય કે ન થાય, આપણે એવો કોઈ સ્વાર્થ નથી, પણ તેઓ સારા અને સંસ્કારી છે તો તેઓ દ્વારા સારામાં સારી સેવા થાય એ માટે ગવર્નર થાય તે સારું છે.'

સ્વામીશ્રીની આ નિઃસ્વાર્થ ભાવના અમેરિકન મેયરને ઘણી જ પ્રભાવિત કરી ગઈ.

એ જ વખતે સ્વામીશ્રીએ તેઓને હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. તેઓનાં ધર્મપત્ની માટે પણ હાર મોકલાવ્યો. આ દરકારે તો મેયરના મન પર ઘણી જ ઘેરી છાપ પાડી દીધી.

તેને અંતરમાં સંઘરતાં આ મહાનુભાવે સ્વામીશ્રીને કહ્યું : 'અહીંથી આપની સ્મૃતિ લઈને હું જઉં છું. આપની સાથેની મુલાકાતની વાત હું અમેરિકામાં કરીશ.'

આમ કહી આ અમેરિકન રાજદ્વારીએ ગદ્‌ગદભાવે વિદાય લીધી ત્યારે વાતાવરણ પરમેશ્વરની પ્રતિકૃતિ સમા સ્વામીશ્રીની ગુણ-ગરિમામાં ગરકાવ થઈ ગયું.

તન કરી રાખ્યું છે તૃણ તોલે

તા. ૨/૧૨ની સવારે પીપળાવ, વહેરાખાડી અને બોરિયાનાં નૂતન મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રીએ આજે જીટોડિયાના મંદિરમાં બિરાજનારા આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજમાં પણ દૈવત પૂર્યું. આ અવસરે બોરિયાના મંડળે તૈયાર કરેલો એલચીનો હાર અર્પણ કરવા સંતો આવ્યા ત્યાં જ સ્વામીશ્રીએ એ સમુદાયને ભગવાન ભણી વાળતાં કહ્યું: 'બોરિયા મંદિરના ઠાકોરજીને આ હાર પહેરાવી દો.'

સ્વામીશ્રીની આ પરાભક્તિનો પરિમલ ચોમેર ફરી વળ્યો. તેમાં જ તા. ૪/૧૨ની સવારે ભીડાભક્તિની ફોરમ પણ ભળી.

આ સમયે સ્વામીશ્રી સમક્ષ ખેડા જિલ્લાના ગ્રામ્ય-વિચરણનો અહેવાલ આપવા બેઠેલા સંતોની વાતમાં સાયલા ગામનો ઉલ્લેખ આવતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ત્યાં તો અમારે ખૂબ જવાનું થતું ને એ વખતે ગાદલાં હોય નહીં તો પરાળ ઉપર સૂઈ જતા. બે-ચાર પૂળા ભેગા કરી એની ઉપર સૂઈ જઈએ.'

'એની ઉપર કંઈ પાથરવાનું?'

'એ જ પાથરવાનું, બીજું શું હોય?! ગરીબ માણસો પાસે કશું હોય નહીં ને આપણે ક્યાં મંગાવવું?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તનને તૃણ તોલે કરી વિચરેલા તેઓની તવારીખ સાથે તાલમેલ મિલાવી શકે એવો આજે પણ કોઈ દેખાય છે?

હોય શ્રેષ્ઠ પણ સર્વને નમે

તા. ૪/૧૨ની સાંજે બોચાસણથી વિદાય લઈ વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૫/૧૨ની સવારે કલકત્તાના શિખરબદ્ધ મંદિરમાં બિરાજનારા ઠાકોરજીની ચલમૂર્તિનાં પૂજન-પ્રતિષ્ઠા કર્યાં.

તેને અનુસરતાં તા. ૭/૧૨ના રોજ આણંદના આંગણે ઉત્સવ-ત્રિવેણી રચાઈ રહી. આજે અંગ્રેજી તારીખ અનુસાર આવેલા સ્વામીશ્રીના જન્મોત્સવથી આણંદના મંદિરનું દશાબ્દી વર્ષ પ્રારંભ પામ્યું અને આણંદ તથા વિદ્યાનગરનાં મંદિરોનો પાટોત્સવ પણ ધામધૂમથી ઊજવાયો.

આ સમયે સમસ્ત સત્સંગ વતી મહંત સ્વામી તથા ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીને કલાત્મક હાર પહેરાવ્યા ત્યારે સ્વામીશ્રી તે બંને સદ્‌ગુરુઓને

પગે લાગતાં બોલ્યા : 'બહુ સારી સેવા કરો છો. અમારાથી પણ એવી સારામાં સારી સેવા થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીની આવી અહંશૂન્યતાથી આકર્ષાઈને આજે આવેલા અઢાર હજારથી વધુ હરિભક્તોમાં એક પદ્મશ્રી ખિતાબથી વિભૂષિત ડૉ. અશ્વિનભાઈ મહેતા પણ હતા. આજની સવારે સ્વામીશ્રીને મળતાંવેંત આ નામાંકિત કાર્ડિયોલોજિસ્ટે પ્રથમ તો આશીર્વાદની યાચના કરી. તે પછી તેઓ સ્વામીચરણે અહોભાવ વ્યક્ત કરવા લાગ્યા કે –

''મુંબઈમાં આપે મને બાંધેલી નાડાછડી હજી મેં છોડી નથી. આ નાડાછડી હાથે બાંધ્યા પછી મને એક પણ નિષ્ફળતા મળી નથી. પેચીદી શસ્ત્ર-ક્રિયા હોય અને ખાસ કરીને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ પર તે કરવાની હોય, એ વખતે ચિંતા હોય તે આ નાડાછડીથી ઓછી થઈ જાય છે. હવે જ્યારે-જ્યારે હું ઑપરેશન કરું છું ત્યારે-ત્યારે મને અચૂક લાગે છે કે કોઈ મારી જોડે છે. 'હું જે કંઈ કરું છું એ સદ્‌ભાવનાથી કરું છું' એવો હકારાત્મક અભિગમ આ નાડાછડીને કારણે આવી જાય છે.'

સ્વામીશ્રીના સંબંધને પામેલા સૂતરના કાચા તાંતણામાં પ્રગટતું દૈવત વિચક્ષણ નિષ્ણાતોને પણ અલૌકિક અનુભવ કરાવી જતું. તેથી અભિભૂત થયેલા આ ડૉક્ટરે વાતચીત દરમ્યાન જ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને વધારે ક્યાં ગમે ?'

'બધે જ ગમે છે. બધે જ જવાનું, કારણ કે બધે ભક્ત છે, ભગવાન છે, એટલે બધે જ આનંદ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ સાંભળી પેલા નામાંકિત તબીબનું આશ્ચર્ય બેવડાઈ ગયું. તે તેઓએ અક્ષર ફાર્મમાં યોજાયેલી ઉત્સવ-સભામાં પણ જણાવ્યું કે –

'અહીં સ્વામીશ્રી તરફ વહેતો અવિરત પ્રેમનો પ્રવાહ જોઈ હું સ્તબ્ધ થઈ ગયો છું. ઇતિહાસમાં ઘણું વાંચ્યું છે કે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્ય વગેરેથી થયો, પણ મારી માન્યતા એ છે કે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર પ્રમુખસ્વામીએ જેટલો કર્યો છે એટલો ક્યારેય થયો નથી. અહીં આવ્યા પછી મેં શું અનુભવ્યું ? તો હું માનવી માનવ થતાં શીખ્યો. મારા જીવન પર પ્રમુખસ્વામી મહારાજનો ઘણો પ્રભાવ પડ્યો છે.'

આ 'પ્રમુખ' પ્રશસ્તિ સાંભળનારા સૌનાં મન-મસ્તિષ્ક પર પણ સ્વામીશ્રીનો ઘેરો પ્રભાવ પથરાઈ રહ્યો.

અમને તો જ્યાં જઈએ ત્યાં સારું જ લાગે છે

તા. ૮/૧૨ની સવારે ખજૂરડી ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પધરાવી સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા ત્યારે તેઓએ સિડનીથી આવેલા હરિભક્ત શ્રી રમેશભાઈને પૂછ્યું: 'બધાને જમાડો છો ને?'

સ્થાનિક મંડળના રસોડા વિભાગમાં સેવા આપતા આ સત્સંગીનું કાર્ય સ્વામીશ્રીની સ્મૃતિમાં અકબંધ હતું. આ રીતે નાના-મોટા, દૂરના-નજીકના સૌની ભક્તિને હૃદિયાના રોજમેળમાં જમા રાખતા તેઓ તા. ૧૮/૧૨ના રોજ છાત્રાલયના મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા ત્યારે અત્રે ઉપલબ્ધ ફૂલોના મર્યાદિત જથ્થાને કારણે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને સ્વામીશ્રીની મૂર્તિઓને જ હાર પહેરાવવામાં આવેલા, પરંતુ સ્વામીશ્રીને આ ન રુચ્યું. તેઓએ તરત જ પૂજારી સંતને ટકોર કરી કે 'આવું ચાલે? ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના ગળામાં હાર જોઈએ. અમથે-અમથા ત્યાં (એટલે કે પોતાની મૂર્તિને) પહેરાવવાની જરૂર નહીં.'

આ ગુરુભક્તિ સાથે સ્વામીશ્રી તા. ૧૯/૧૨ના રોજ વિદ્યાનગરથી મહેળાવ પધારવાના હતા. તેથી આજની સવારે ઠાકોરજી જમાડી રહેલા તેઓને સ્થાનિક સંતોએ પૂછ્યું: 'બાપા! આપને અહીં કેવું લાગ્યું?'

'અમને તો જ્યાં જઈએ ત્યાં સારું જ લાગે છે. બધે ભજન-ભક્તિ થાય છે, આનંદ થાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આનંદ સ્થળ-કાળ, વ્યક્તિ-વસ્તુ વગેરેથી નિરપેક્ષ હતો.

તેથી કોઈ જ ગમા-અણગમા વિના સર્વત્ર વિચરતા સ્વામીશ્રી તા. ૧૯/૧૨ની સાંજે પોણા સાત વાગ્યે મહેળાવ પધાર્યા અને સીધા જઈ પહોંચ્યા શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાને. અત્રે તેઓએ ભાવપૂર્વક દર્શન કરી જાતે જ શાસ્ત્રીજી મહારાજને પેંડાનો થાળ ધરાવ્યો.

તે પછી જ્યાં ડુંગર ભગતે માણવાદન કરેલું તે પ્રાસાદિક ચોરે પણ પગલાં પાડ્યાં. અહીં ગામની શેરીમાં ઝગતી બત્તીના અજવાળે વ્હીલચેરમાં બેઠાં બેઠાં જ સ્વામીશ્રીએ પ્રદક્ષિણા કરી. તે દરમ્યાન દૂર આરતીની થાળી લઈ ઊભેલા બાળકો પર નજર જતાં તેઓએ આરતી કરવાની સૂચના સામેથી જ આપી. તેથી ચોરાની છત્રી પર ઠાકોરજી બિરાજમાન કરવામાં આવ્યા. તેઓની આરતી ઉતારવાનો લાભ પામી શિશુઓ હરખાઈ ઊઠ્યા.

આ હર્ષ થોડી વારમાં તો મહેળાવની ગલીએ-ગલીએ વ્યાપી વળ્યો, કારણ કે અહીંથી મંદિર સુધી સ્વામીશ્રી ગાડીમાં ન જતાં વ્હીલચેર દ્વારા જ પધાર્યા. જો કે ગામના રસ્તા ઊબડ-ખાબડ હોવાથી વ્હીલચેર ઊંચકી લેવામાં આવી, છતાં સ્વામીશ્રીનાં દર્શન ઘણા નજીકથી થતાં મહેળાવવાસીઓ હરખાઈ ઊઠ્યા.

આજ્ઞાથી થાય એ લાભ જ છે

મહેળાવના મંદિરે તા. ૨૦/૧૨ની સાયંસભા સ્વામીશ્રીનો લાભ પામવા હકડેઠઠ ભરાઈ ગયેલી. તેમાં એક પછી એક રજૂ થઈ રહેલા રસપ્રદ કાર્યક્રમોના અંતે ઉદ્‌ઘોષક સંત બોલ્યા કે 'સ્વામીશ્રી અતિશય વ્યસ્ત હોવા છતાં આપણા આ નાના ગામડાના મંદિરમાં દસ દિવસ સુધી લાભ આપવા પધાર્યા છે, તો તેમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે...'

આ જાહેરાતને સાંકળીને જ પોતાના આશીર્વાદનો ઉપાડ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ગુણનિધિ સ્વામી બોલ્યા કે નાનામાં નાનું અમારું મંડળ છે, ક્ષેત્ર છે; પણ હજુ એ નાના છે એટલે ખબર નથી. આ નાનું નથી, સૌથી મોટું છે કે જ્યાં શાસ્ત્રીજી મહારાજ જન્મ્યા ને એમના પ્રભાવે દુનિયામાં અક્ષર-પુરુષોત્તમનો સત્સંગ વધ્યો છે. એટલે મૂળ અહીં છે. અહીંના માણસ તો બહુ ભાગ્યશાળી છે. જાત્રાઓ જેટલી કરીએ એમાં અહીં જાત્રા કરે તો એનું બધું ફળ મળે એવા શાસ્ત્રીજી મહારાજ બેઠા છે. એટલે આનંદમાં રહી કથા-વાર્તા, કીર્તન કરી સુખિયા થવાનું છે.'

આવા મહિમાવંત મહેળાવમાં સ્વામીશ્રીનો લાભ લેવા તા. ૨૧/૧૨ના રોજ સારંગપુરના સંતો આવી પહોંચ્યા. તેઓ પોતાની ભક્તિ અને ભણતરને દર્શાવતો 'સારંગસ્તુતિ' ગ્રંથ પણ સાથે લાવેલા. તે સ્વામીશ્રીને અર્પણ કર્યા બાદ તેમાંથી કેટલીક ચૂંટેલી કૃતિઓ રજૂ થવા માંડી ત્યારે ભોજન કરી રહેલા સ્વામીશ્રી આ પ્રસ્તુતિને ઉમંગભેર મમળાવી રહ્યા. આ સમયે પરમવિવેકદાસ સ્વામીએ પોતાના સહાધ્યાયી અખંડદર્શનદાસ સ્વામીના સંદર્ભમાં સ્વામીશ્રીને કહ્યું : 'આ સંત અમારા વર્ગના હતા, પણ હવે આપની સાથે સેવામાં આવી ગયા. એટલે અમને એમ થાય છે કે એ ખાટી ગયા અને અમે રહી ગયા.'

'તમેય ખાટ્યા ને એ પણ ખાટ્યા, કોઈ રહી ગયા એવું નથી. આજ્ઞાથી થાય છે એ લાભ જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દકોશમાં લાભ-અલાભ, દૂર-નજીકનાં પરિમાણ કંઈક જુદાં જ હતાં.

માળા લઈએ તો કામ થાય

આ અરસામાં ગાંધીનગરના અક્ષરધામ ખાતે આકાર લઈ રહેલા વૉટર શૉમાં પાણીના પડદા પર પ્રદર્શિત કરવા સ્વામીશ્રીની કેટલીક તસવીરો લેવાની હતી. તે માટે તા. ૨૩/૧૨ની સવારે મંદિરના સભામંડપ તરફ જઈ રહેલા તેઓનું ગાતરિયું સંતોએ સહેજ સરખું કર્યું. વળી, વ્હીલચેર પર પણ કાળું કપડું મઢી દીધું. આ સઘળી ગતિવિધિ સાહજિક જીવન જીવતા સ્વામીશ્રીને કઠી હશે. તેથી તેઓ બોલ્યા: 'આ બધું તો એક્ટરોને શોભે.'

'આપ પણ નટવર જ છો ને!' સંતોએ કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણે ક્યાં નટવર છીએ?'

'તો નટવરને રાખ્યા તો છે ને!'

'હા, એ બરાબર છે.' સ્વામીશ્રીએ સંમતિ આપી.

તે સાંભળી સૌ અહોભાગ્ય અનુભવી રહ્યા ત્યાં જ છબીસત્રની પૂર્વતૈયારીઓ પૂર્ણ થતાં તસવીરકારોએ પૂછ્યું: 'હવે કાર્યક્રમ ચાલુ કરીએ?'

તે વખતે ગળામાંથી માળા કાઢતાં સ્વામીશ્રી બોલ્યા: 'માળા લઉં? માળા લઈએ તો કામ થાય ને!' આમ કહી તેઓ માળા ફેરવવા લાગ્યા.

પ્રારંભ હોય, પ્રક્રિયા હોય કે પૂર્ણવિરામ – કાર્યની આ ત્રણેય સ્થિતિમાં માળા ફેરવતો રહેતો સ્વામીશ્રીનો હાથ કોઈથી ભુલાય એમ નથી.

સંત વાત ભેળી કરું વાત રે

શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના સંકલ્પોને પોતાના અમોઘ ઐશ્વર્ય દ્વારા એક પછી એક પૂર્ણ કરી રહેલા સ્વામીશ્રીની પ્રેરણાથી આ સમયે અક્ષર-પુરુષોત્તમ માહાત્મ્યમ્ નામનો ગ્રંથ પણ શ્રુતિપ્રકાશદાસ સ્વામી દ્વારા લખાઈ રહેલો. શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અનુસાર રચાતો આ ગ્રંથ જેમ જેમ કાગળ પર ઊતરતો જતો તેમ તેમ સ્વામીશ્રી સમક્ષ વંચાતો પણ ખરો. તે વખતે ખૂબ રસપૂર્વક શ્રવણ કરતા સ્વામીશ્રી પ્રસંગોપાત્ત સૂચનો કરી ગ્રંથગૌરવ વધારતા.

ગ્રંથપઠનનો આ ક્રમ તા. ૨૪/૧૨ના સાયંભ્રમણ વખતે પણ આરંભાયો.

તેમાં જેઓની વાતો સાંભળવાની આજ્ઞા ગુણાતીતાનંદ સ્વામીએ સંતોને કરેલી એ ચાર હરિભક્તોનાં નામ વંચાયાં. તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'જે હરિભક્તોનાં નામ લીધાં એ બધા ખેડૂત હતા, કોઈ ભણેલા-ગણેલા વિદ્વાન નહોતા, પણ તેઓમાં શું વિશેષતા હતી ?'

'સૌમાં આજ્ઞા-ઉપાસના દૃઢ હતી.'

'હા, આ બે જ વસ્તુ અગત્યની છે.' સ્વામીશ્રીએ મત્તું મારી આપ્યું.

શ્રીજીમહારાજ પણ કહે છે કે 'મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે...'[૨૪] મહારાજના આ મતથી સ્વામીશ્રીનો અભિપ્રાય ભિન્ન કેવી રીતે હોય ? ભલે શબ્દ જુદા જણાય, પણ સંદેશ તો એક જ રહે.

આવો જ એક મર્મ સ્વામીશ્રીએ તા. ૨૫/૧૨ની સવારે પ્રગટ કર્યો. આ સમયે મંદિરમાં દર્શન બાદ લિફ્ટ દ્વારા નીચે પધારી રહેલા તેઓને પ્રદક્ષિણામાં ઊભેલા પ્રિયવંદનદાસ સ્વામીએ પુષ્પ ધરતાં કહ્યું : 'મહારાજની મૂર્તિ માટે હું આ ફૂલ લાવેલો, પણ એ તો આપની જેમ વાત કરતા નથી.'

'ના કેમ કરે ? તમારો ભક્તિભાવ સાચો હોય તો વાત કરે જ ! શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો વાત કરે જ !'

'પણ જેમ આપ અમારી સાથે વાત કરો છો એમ તેઓ તો નથી કરતા ને !'

'આ નથી કરતા ? જો ને !' સ્વામીશ્રીના મુખેથી એક રહસ્યસ્ફોટ થઈ ગયો.

તે દ્વારા *'સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે...'* એ શ્રીજીવચનોને સમર્થન મળી ગયું.

સંકલ્પ તો એક રાખ્યો છે કે...

અમેરિકાના ન્યૂપોર્ટ બીચના મંદિરમાં બિરાજનારા ઠાકોરજીની ચલમૂર્તિમાં તા. ૨૬/૧૨ની સવારે પ્રાણ પૂર્યા બાદ સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા. અહીં તેઓ ભોજન, પત્રવાંચન વગેરેના નિયત ક્રમથી પરવાર્યા ત્યારે પોણા બાર વાગી ચૂક્યા. તે વખતે સામે બેઠેલા સંતો સાથે શરૂ થયેલા વાર્તાલાપમાં સ્વામીશ્રીની શતાબ્દીનો વિષય નીકળ્યો, પરંતુ તે સાંભળી

૨૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧.

સ્વામીશ્રી બોલ્યા: 'સો વર્ષ તો ભગવાનની ઇચ્છા હોય તો થાય. આપણે તો એમની ઇચ્છા પ્રમાણે રહેવાનું છે.'

'ભગવાન ઇચ્છા બદલે નહીં? *'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધે મેં ન છૂટે રે...'* એમ ભક્તાધીન ભગવાન છે.'

'આપણે તો ભક્તિથી ભગવાનને બાંધવા આવ્યા છીએ, બીજી રીતે ક્યાં બાંધવા આવ્યા છીએ?' આમ કહી સ્વામીશ્રીએ ઉમેર્યું:

'આપ વાતો કરો છો, ભાવના છે એ બરાબર છે, પણ ભગવાનેય સમય પ્રમાણે રહીને અંતર્ધાન થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ ૮૬ વર્ષ અને યોગીજી મહારાજ ૮૦ વર્ષ રહ્યા. એટલે ભગવાનની ઇચ્છા હોય એમ થાય. આપણે તો એમના સંકલ્પે સંકલ્પ.'

'પણ આપે સત્સંગ કેવો વધાર્યો!'

'આપણે ક્યાં વધાર્યો છે? આપણાથી તો સૂકું પાંદડું પણ હાલે એમ નથી. ભગવાનની ઇચ્છાથી જ થાય છે.'

'બીજું કાંઈ નહીં, પણ આપ સો વર્ષ રહેવાનો સંકલ્પ રાખજો.'

'સંકલ્પ તો એક રાખ્યો છે કે ભજન થાય; ને તે કરીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાની શતાબ્દીના મુદ્દાનું ભજનથી સમાપન લાવનારા તેઓને ભજનમાં જ શતાબ્દી મનાઈ ગઈ હશે ને!

સેવકમાં જ મજા છે

તા. ૨૬/૧૨ની સાંજે મંદિર-નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રી પરિસર અને ઉદ્યાનની જાળવણી જોઈને પ્રસન્ન થયા, પરંતુ એક જગ્યાએ ઢોળાયેલું પાણી જોઈ તેઓએ વ્યવસ્થાપકોને ટકોર પણ કરી કે 'રોજનું રોજ સાફ થઈ જ જવું જોઈએ. પાણી તો દેખાવું જ ન જોઈએ. આ જુઓ, ઓઘરાળા કેટલા થઈ ગયા છે! સાફસૂફી દરરોજ કરાવો. ઠેઠ સુધી કરાવો. જગ્યા વપરાય કે ન વપરાય, તોય સાફ કરવી. ગંદકી થવી જ ન જોઈએ. 'ચાલે છે, રહે છે' એવું શું કામ કરવું? સ્વચ્છતામાં તમે સમજો.'

સ્વચ્છતાની આ ખટક ધરાવતા સ્વામીશ્રીની અમૃતધારા તા. ૨૭/૧૨ની રવિસભામાં સૌના અંતઃકરણને પણ શુદ્ધ કરવા માટે આમ વહી છૂટી કે –

''ભગવાનને રાજી કરવા આપણે આવ્યા છીએ. આપણે કોઈએ

અભિમાન રાખવાનું છે જ નહીં. ગમે એટલું કરીએ તોય આપણાથી કંઈ જ થઈ શકે તેમ નથી, કારણ કે આપણી અંદર જે શક્તિ મૂકી છે એ ભગવાનનું જ બળ છે. આપણે થોડુંક કામ કરીએ તો આપણને થઈ જાય છે કે 'મારા વગર થાત જ નહીં.' પણ મારા વગર શું, અનંત વગર પણ થાય. વહેવાર કરો, દેશ-પરદેશ જાવ, પૈસા કમાવ, પણ એની સાથે અનુસંધાન રાખવાનું છે કે 'હું કરતો નથી, ભગવાન કરે છે.' આવી દૃઢતા સાથે જો સત્સંગ થશે તો એ સત્સંગથી આનંદ આનંદ રહેશે અને કોઈ દા'ડો કોઈ જાતની મુશ્કેલી આવશે નહીં.

યોગીજી મહારાજ દાસભાવે વર્ત્યા તો આટલો વિકાસ થયો છે ને બધાને ભાવ થયો છે. જે થયું એમાં 'હું કરું છું' આવશે તો ખોટું લાગશે. ભલે ને લાખો રૂપિયા આપ્યા હોય કે લાખોને સત્સંગ કરાવ્યો હોય, પણ 'મેં કર્યું' એવો ભાવ આવે તો એ કરેલું નાશ થઈ જાય. એટલે સત્સંગ મળ્યો છે એને સાચવવાનો છે. સાચવવાનો એટલો જ કે 'હું'ભાવ ટાળીને, દાસના દાસ થઈને ભગવાનની ભક્તિ, સંતો-ભક્તોની સેવા કરીએ. આપણું ગમે એટલું માન-સન્માન થાય, પણ એ સન્માન ભગવાનનું છે, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજનું છે, આપણું છે જ નહીં. ચાર અક્ષરનો આ સત્સંગ નથી, પણ તે દિવ્ય છે. એ શબ્દ જીવમાં દૃઢ થઈ જાય તો સુખ સુખના ઢગલા છે.''

નમ્રતાનો આ સૂર સ્વામીશ્રીએ તા. ૨૮/૧૨ના રોજ પણ પ્રબળપણે છેડી દીધો. આ દિવસ તેઓના મહેળાવ ખાતેના રોકાણનો આખરી દિન હોવાથી સવારે ભોજન-દર્શન માટે બેઠેલા સ્થાનિક સંતોએ સ્વામીશ્રી સમક્ષ કૃતજ્ઞભાવ વ્યક્ત કર્યો કે 'બાપા! આપના વચને મોટા-મોટા કરોડપતિઓ પળભરમાં સેવા કરી દે છે.'

'આપણા વચને કાંઈ થતું નથી.' સ્વમહત્તાને આમ સ્પષ્ટ રદિયો આપી સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજે એવો માર્ગ આપ્યો અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એવું કામ કરી ગયા છે એટલે લોકોને દૃઢતા થઈ છે. એના નિમિત્તે લોકો આપે છે.'

'અમે તો થોડું કાંઈ કરીએ ત્યાં તો અહં આવી જાય કે મેં કર્યું.'

'અહં આવવો જ ન જોઈએ. 'મેં કર્યું' ને 'મારાથી થયું' એવું અભિમાન આવવું જ ન જોઈએ, આવવા દેવું પણ નહીં. આપણે તો સેવક જ રહેવાનું છે. સેવકમાં જ મજા છે.' સ્વામીશ્રી બોલ્યા.

હરદમ આ મજા માણતા તેઓ આજની સાંજે મહેળાવથી વિદ્યાનગર થઈ નડિયાદ આવી પહોંચ્યા.

ગુણાતીત દીક્ષાનો દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૩૧/૧૨ની સવારે સ્વામીશ્રી નડિયાદથી ડભાણ જવા નીકળ્યા ત્યારે તેઓની ગાડી ગુણાતીત દીક્ષાના શણગારો સજીને થનગની રહેલી, કારણ કે આજે આવેલી પોષી પૂનમની તિથિએ તેઓનું ડભાણ પ્રતિ પ્રયાણ આ દીક્ષા-પ્રસંગની દ્વિશતાબ્દી નિમિત્તે હતું.

બસો વર્ષ પૂર્વે આજના જ દિવસે શ્રીજીમહારાજ દ્વારા ગુણાતીતાનંદ સ્વામીને અપાયેલી મહાદીક્ષા એ સંપ્રદાયનું એક અમરપૃષ્ઠ છે. આ શકવર્તી ઘટનાને તેની દ્વિશતાબ્દીએ પોંખવા આજે ડભાણ હરખઘેલું બનેલું. તેની શેરીએ શેરીએ *'વાજે ભૂંગળ તાળ મૃદંગ, સૌને આનંદ ઉપજ્યો અંગ...'*નો માહોલ છવાયેલો. ગામમાં વસતી પ્રત્યેક જ્ઞાતિએ પોતાની વસાહતના નાકે સ્વામીશ્રીને વધાવતાં સ્વાગત-સૂત્રો લગાવ્યાં હતાં.

આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે આ સ્થાન પણ તેની રજત જયંતીને અનુરૂપ સજાવટ ધરીને ઊભેલું. અહીંથી યજ્ઞશાળા સુધી પહોંચવા માટે તળાવના નીર પર કામચલાઉ સેતુ રચવામાં આવેલો. એ બ્રહ્મસેતુ દ્વારા સ્વામીશ્રી વિશ્વશાંતિ નિમિત્તે આયોજિત શ્રી સ્વામિનારાયણ મહાયાગમાં પધાર્યા ત્યારે પંદર વીઘામાં પથરાયેલો ૨૭૯ કુંડ ધરાવતો યજ્ઞમંડપ પારંપરિક શોભાથી અલંકૃત થયેલો. તેમાં બેઠેલા ૨,૬૩૫ યજમાનો તો સ્વામીશ્રીનાં દર્શન થતાં જ અક્ષરધામની અનુભૂતિ કરી રહ્યા. તે જ વખતે ઊઠેલા ૧૭૫ ભૂદેવોના જબ્બર ઘોષથી વાતાવરણ માંગલિક બની ગયું.

આ સમૈયે યજ્ઞશાળાની રચનામાં વિશિષ્ટતા એ હતી કે મુખ્ય કુંડ યજ્ઞમંડપની બરાબર મધ્યમાં સ્થપાયેલો. શાસ્ત્રવર્ણિત પદ્મ કુંડ, ચતુરસ્ર કુંડ, અષ્ટદલ કુંડ, વૃત્ત કુંડ અને અર્ધચંદ્રાકાર કુંડ પણ ભાતીગળ સુશોભન સાથે દીપી રહેલા. અહીં સ્વામીશ્રી પૂર્વ મુખે બિરાજતાં જ મહાયાગનો પ્રારંભ થઈ ગયો. તે સાથે સૌને બસો વર્ષ પૂર્વે શ્રીજીમહારાજે અત્રે કરેલા યજ્ઞની સ્મૃતિ જીવંત થવા માંડી.

આ અનુભવ જાણે સ્વામીશ્રી પણ કરી રહ્યા હોય તેમ તેઓ આશીર્વાદ આપતાં બોલ્યા :

'મહારાજે ડભાણમાં યજ્ઞ કરેલો. એ વખતે ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી. એ ઉત્સવમાં ભગવાન અને યજ્ઞનાં દર્શન કરવા માટે ચારેય બાજુ વિશાળ સમુદાય હતો. એવાં જ દર્શન આજે આપણને થાય છે. આવ્યા ત્યારે રોડ ઉપર એટલા માણસ, મંદિરે એટલા માણસ ને અહીંયાં પણ એટલા ને એટલા માણસ છે. તે વખતનું વર્ણન કરેલું છે ત્યારે આપણને લાગે કે આ વાત કેવી હશે? પણ આજે આપણને અનુભવ થયો. મહારાજે તે દા'ડે જે કંઈ યજ્ઞ કરીને સુખિયા કર્યા છે એ જ વસ્તુની મૂર્તિમાન સ્મૃતિ આજે થાય છે. એ સ્મૃતિ સાથે આજે બધા યજ્ઞમાં બેઠા છે તો એ બધાને મહારાજ સુખી કરશે. એવું નથી કે દૂર બેઠા કે નજીક બેઠા; આ યજ્ઞનો લાભ મળ્યો એ ધન્ય ભાગ્ય છે! આ કોઈ જેવી-તેવી વાત નથી. એનો આનંદ લેવાનો છે. આવા અવસરની અખંડ સ્મૃતિ કરતા રહેજો. પૂજા કરતી વખતે પણ આ સ્મૃતિ કરવી, તો શાંતિ-સુખ મળશે ને સાથે સંપત્તિ પણ મળશે. આપણો ભક્તિભાવ હશે તો ચક્રવર્તી કરતાં પણ અનંતગણું સુખ ભગવાન આપશે.'

આ આશીર્વાદથી યજમાનોને તૃપ્ત કરી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે તેઓએ પ્રથમ આજે પ્રતિષ્ઠિત થયેલા હનુમાનજી-ગણપતિજીને અર્ઘ્ય ધર્યું. તે પછી સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ ગોઠવાયેલા અન્નકૂટની આરતી ઉતારી વિદાય લીધી.

અદ્‌ભુત ઉત્સવ કીધો, ડંકો જીતનો દેશમાં દીધો

ગુણાતીત દીક્ષાની દ્વિશતાબ્દીએ યોજાયેલા યજ્ઞની ધૂમ્રસેરો હજી તો હવામાં ઓગળી નહોતી ત્યાં જ તા. ૩૧/૧૨ની સાંજે પોણા પાંચ વાગ્યે ઉત્સવ-સભાનાં દુંદુભિ ગગડી ઊઠ્યાં. ગુણાતીત દીક્ષા દ્વિશતાબ્દીનો આ મહોત્સવ ખેડા જિલ્લા સિવાયના હરિભક્તોને ઘેર બેઠાં જીવંત પ્રસારણ દ્વારા જ માણવાની સૂચના અપાઈ હતી. છતાં સભાપ્રારંભની વેળાએ ડભાણની નજીકથી પસાર થતા રાષ્ટ્રીય રાજમાર્ગને અડીને આવેલી જિલ્લા પંચાયતની ૪૨ એકર જમીન ભક્તભીડથી ભરચક થઈ ગઈ.

અહીં ખડા થયેલા ઉત્સવ-સ્થળના મંચ પર શ્રીજીમહારાજ દ્વારા ગુણાતીતાનંદ સ્વામીને અપાઈ રહેલી મહાદીક્ષાની પાર્શ્વભૂ આકર્ષક રીતે શોભી રહેલી. તેની આગળ ઊભા કરાયેલા મંચ પર સરકી રહેલો કાર્યક્રમ ગુણાતીત દીક્ષા પ્રસંગે શ્રીજીમહારાજે ઉચ્ચારેલા શબ્દો – 'गुणातीतानन्दरूपं

विश्वख्यातं भविष्यति...'[૨૫](મૂળજી શર્મા ગુણાતીતાનંદરૂપે વિશ્વવિખ્યાત થશે)ને ઘૂંટાવી રહેલો. મંત્રગાન, પ્રવચન, સંવાદ, નૃત્ય, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વાતાવરણમાં એક જ વાત ઘોળાતી હતી કે *'ગુણાતીતાનંદ મૂળ અક્ષર...'*

આ ક્રમમાં, ક્ષિતિજમાંથી શશી ઊભરે એમ એક સ્મરણીય તવારીખ સ્વામીશ્રીના આશીર્વાદ પૂર્વે સાકાર થઈ ઊઠી. તેની પૂર્વભૂમિકા બાંધતાં સ્વયં સ્વામીશ્રીએ જ જણાવ્યું: ''આજે અહીં ડભાણમાં મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી સ્વામીનો જે મહિમા કહ્યો કે 'આ બહુ સમર્થ થશે ને જગવિખ્યાત થશે અને હજારોને ભગવાનનો મહિમા કહી મોક્ષ કરશે', એવો જે મહિમા કહ્યો છે એ જ ગામમાં મહારાજે જે સંકલ્પ કર્યો છે એનું પુનરાવર્તન આપણે કરીએ છીએ. આપણા પછીના બધાને પણ આ સંકલ્પ પ્રમાણે કાર્ય કરવાનું બળ મળે તે માટે આજે હું અહીં મહારાજે જે સંકલ્પ આપ્યો છે એને ફરીથી બોલું છું. તો એ પ્રમાણે બધા શાંતિથી બોલજો અને અંતરમાં એવી દૃઢતા કરીને પછી આપણા ગામમાં, કુટુંબમાં અને જ્યાં-જ્યાં જઈએ ત્યાં આ વાત કરવાની છે. આપણે વેપારમાં વસ્તુને વેચવા માટે કેટલી બધી જાહેરાત કરીએ છીએ, પ્રયત્ન કરીએ છીએ! તો આ મોક્ષ, કલ્યાણ માટેની વાત છે. એ આપણા જીવનમાં દૃઢ કરીને એનું પ્રવર્તન કરીશું તો એમાં મહારાજ-સ્વામી રાજી થશે ને અંતે ભગવાનનું ધામ પ્રાપ્ત થશે ને સુખિયા થવાશે. તો શાંતિથી હું બોલું એ પ્રમાણે સૌ પ્રતિજ્ઞા ને સંકલ્પ કરજો.''

આ પ્રસ્તાવના સાથે સ્વામીશ્રી પ્રતિજ્ઞા ઉચ્ચારવા લાગ્યા કે –

'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના જે સર્વ ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું ને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.

શ્રીજીમહારાજે આપેલી અક્ષર-પુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની આ આજ્ઞા પાળવા હું આજે પ્રતિજ્ઞા લઉં છું. આ વાતનું હું રોજ મનન કરીશ, મારા જીવમાં ઉતારીશ અને મારા પ્રસંગમાં આવતા સૌ કોઈને અક્ષર-પુરુષોત્તમની આ વાત અવશ્ય કરીશ અને આ રીતે ભગવાન સ્વામિનારાયણને રાજી કરવા પ્રયત્ન કરીશ.'

---

૨૫. श्रीहरिलीलाकल्पतरुः – ७/१७/५४.

સ્વામીશ્રીનો આ બ્રહ્મનાદ સામે બેઠેલી ત્રીસેક હજારથી વધુની ભક્તમેદની સહિત દેશ-વિદેશમાં આ મહોત્સવને જીવંત નિહાળી રહેલા લાખો સત્સંગીઓએ ઝીલ્યો અને દૃઢ નિર્ધાર કર્યો કે *'અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું...'*

આ રીતે અક્ષર-પુરુષોત્તમના સનાતન જ્ઞાનને ઉચિત અંજલિ આપી સ્વામીશ્રી નડિયાદ જવા નીકળ્યા.[૨૬]

જ્યાં જઈએ ત્યાં બધે જ ગમે

ડભાણથી નડિયાદના મંદિરે પરત પધારેલા સ્વામીશ્રીના રાત્રિભોજન વખતે સૌ દર્શનાર્થીઓ આજે ઊજવાયેલા ઉત્સવની દિવ્યતા જ મમળાવી રહ્યા. તેની વચ્ચે સ્થાનિક સંત પરમતીર્થદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! અહીં નડિયાદમાં ફાવે છે ને ?'

'અમને તો જ્યાં જઈએ ત્યાં બધે જ ગમે છે. નડિયાદમાંય ફાવે ને આદિવાસીમાંય ફાવે.'

'આ તો કાંઈ તકલીફ પડી હોય તો...'

'તકલીફ જોવાની જ ન હોય, તો જ કામ થાય. યોગીજી મહારાજની સામે જુઓ ને ! પરમહંસોએ પણ માર ખાધા છે અને અપમાન પણ સહન કર્યાં છે. તેઓ ઝાડ નીચે રહેતા અને ઝોળી લઈને ફરતા. એટલે દેહ સામું જોવા જાય તો સત્સંગ ન થાય અને ભક્તિ ન થાય.' સ્વામીશ્રી બોલ્યા.

૮૯ વર્ષીય તેઓની આ ધધકતી ધગશને સન ૨૦૦૯ તો છેલ્લા ૩૬૫ દિવસથી નિરંતર નીરખતી આવેલી. તેથી જ આજની રાત્રે બાર વાગ્યે વિદાય લેતી તે સ્વામીશ્રીને અંજલિ આપતાં અહોભાવથી ગાઈ ઊઠી :

'જગની સ્થિતિ જ્યાં સુધી થાશે, ત્યાં સુધી આપનું નામ વંચાશે...'

---

૨૬. ડભાણના દ્વારે ઊજવાયેલા ગુણાતીત દીક્ષા દ્વિશતાબ્દી મહોત્સવમાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...



અહો! આવા સ્વામી ક્યાં મળે?!

સન ૨૦૧૦
સમય આવ્યે ઓસાન ન ભૂલવું

તા. ૧/૧ની મધરાતે બાર વાગ્યાથી આરંભાતી સન ૨૦૧૦ એટલી સદ્‌નસીબ રહી કે તેને સ્વામીશ્રીનું મુખડું જોવા સૂર્યોદય સુધી પ્રતીક્ષા કરવી ન પડી. પોતાના પ્રારંભની પંદરમી જ મિનિટે તો તેને સ્વામીશ્રીનાં દર્શન થઈ ગયાં. તેથી રાત્રિના એ સવા બાર વાગ્યે આકાશમાં માથે આવેલા ચંદ્રને ભલે ગ્રહણ લાગ્યું હોય, પરંતુ સન ૨૦૧૦નો ભાગ્યચંદ્ર તો સોળે કળાએ ખીલી ઊઠ્યો. આ જ અનુભવ ગ્રહણના સમૈયામાં બેઠેલા હજારો હરિભક્તો પણ સવા કલાક સુધી કરી રહ્યા. તેઓ ગદ્‌ગદ તો એ વિચારે થઈ ગયા કે હજારો માઇલ દૂર રહેલા ચંદ્રને વળગેલી ગ્રહણની ઉપાધિ અળસાવવા અડધી રાત્રે જાગી-જાગીને ભજન કરનારા સ્વામીશ્રી પોતાના ખોળે બેઠેલા આશ્રિતોની તો કઈ મુશ્કેલી નહીં ટાળે?

આ વિશ્વાસથી જ સન ૨૦૧૦ના પ્રથમ પ્રભાતે સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે ઘુમ્મટમાં બેઠેલા સંતો-ભક્તોના બુલંદ કંઠે કીર્તન ગુંજી રહેલું: *'જે દુઃખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતા...'*

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: *'જે દુઃખ થાય તે થાજો...*

એ ગાઈએ છીએ, એના કરતાં છાનામાના બેસીને ભજન કરવું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે જેવું સહન કરેલું છે એવું આપણાથી થાય એવું નથી. એમને તો માન-અપમાન બધું જ થયું. માર પણ એમણે ખાધો છે. અત્યારે તો સહેજ થાય તોય પડતું મૂકે. જરાક મનનું મરડાયું એટલે થઈ રહ્યું. 'મૂકો પડતા' એવું થઈ જાય! પણ કથા-વાર્તા, ભજન-કીર્તન કરીએ છીએ તો જીવમાં દૃઢતા રાખવાની. સમય આવ્યે ઓસાન (જાણપણું) ન ભૂલવું.'

સ્વામીશ્રીના મુખેથી અનાયાસે વહી છૂટેલી વર્ષની આ પહેલી અમૃતધારા જાગૃતિનો શંખનાદ ફૂંકતી ગઈ.

વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ

તા. ૨/૧ની સવારે ઉતારેથી મંદિર તરફ જઈ રહેલા સ્વામીશ્રીનાં દર્શન કરવા છાત્રાલયના યુવકો હરોળબંધ બેસી ગયેલા. તેમાંના બે છાત્રો સ્વામીશ્રી નજીક આવતાં જ પૂર્વ આયોજન મુજબ રકઝક કરવા લાગ્યા. અંતે એક યુવાન સ્વામીશ્રીને જ પૂછી બેઠો: 'બાપા! આ એમ કહે છે કે આ આવે એ શ્રીજીમહારાજ છે અને હું કહું છું કે એ પ્રમુખસ્વામી મહારાજ છે, તો આપ કોણ છો?'

'સાધુ છું, મહારાજનો દાસ છું.' પોતાની ઓળખ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

ફૂલ કદાચ સુગંધ છોડે અને ગોળ ગળપણ છોડે, પણ સાધુતા અને સેવકભાવનું અનુસંધાન સ્વામીશ્રીથી છૂટું પડે એમ નહોતું.

પોતાના જીવનનાં આ બે અભિન્ન અંગો સાથે આજના નિત્યક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી બપોરે નિશ્ચિત સમયે ભૂમિભ્રમણનો વ્યાયામ કરવા લાગ્યા. તેનો પ્રથમ તબક્કો પૂરો થતાં તેઓ વચગાળાના વિશ્રામ માટે ખુરશી પર બિરાજ્યા, પરંતુ આજે આ ખુરશીના હાથાને મખમલી કાપડથી મઢવાનું ચુકાઈ જતાં તે ખુલ્લા દેખાઈ રહેલા. તે બાબતની હળવી ચર્ચા સામે બેઠેલા સંતોમાં થઈ ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ખુરશી ઉપર કવર રાખવાની જરૂર જ શું છે? એવો આટાટોપ કરવાની જરૂર નહીં.'

'આપને તો સોને મઢીએ તોય ઓછું છે. યોગીજી મહારાજે તો કહ્યું છે કે ફાસફૂસિયું કરવું જ નહીં. ધામધૂમથી ઊજવવું.'

'એ તો મહિમાની વાત છે. મહિમા સમજવાની ના નહીં, પણ એમની

આજ્ઞા પાળવી, એમની રુચિ પાળવી એ કરવાનું કે નહીં? એટલે આપણે જરૂર વગરનું કાંઈ જ ન કરવું. ખોટો ખરચો ન કરવો. દેખાવનું ન કરવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેમાંથી તેઓની *'વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ...'*ની છબી ઊભરી આવી.

સહજ વાણી ભવિષ્યની એંધાણી

તા. ૩/૧ની સવારે વરસી રહેલા માવઠાએ પોષ માસની કડકડતી ઠંડીને વધુ કાતિલ બનાવી મૂકેલી. તેથી સૌએ સ્વામીશ્રીને ઉતારામાં જ પ્રાતઃપૂજા કરવા વિનંતી કરી, પણ 'પ્રકૃતિ'ના ભાવોને કદી તાબે ન થયેલા ૮૯ વર્ષીય સ્વામીશ્રી શાલમાં સજ્જ થઈ સભામંડપમાં જ પ્રાતઃપૂજા માટે બિરાજ્યા. અત્રે તેઓનાં દર્શન થતાં કંઈકની ઠંડી ઊડી ગઈ. સ્વયં ટાઢ ખમીને અન્યને હૂંફ આપતા તેઓ આ જ રીતે આજની સાંજે રવિસભામાં પણ પધાર્યા.

અત્રે કિશોરોના સંવાદ બાદ તેઓએ પરાવાણી વહેતી કરી કે –

'ભગવાનથી બધું થાય છે, આધ્યાત્મિકતાથી બધું થાય છે – આ વિશ્વાસ કાયમ રહેવો જોઈએ. આજે દારૂ પીવાથી માણસ જાણે કે જગત જ નથી, હું એકલો જ છું. એક દારૂ આવી અસર કરે તો ભગવાનની ભક્તિથી કેમ ન થાય? એ પણ વિશ્વાસ હોવો જોઈએ. ગમે તેવા દેશકાળ થાય કે ગમે તે પરિસ્થિતિ થાય, પણ ખોટે રસ્તે તો ન જ જવું. સત્સંગ, કથા એ એનો છેવટનો ઉપાય છે જ!'

સ્વામીશ્રીને ઉપરચોટિયા કે કામચલાઉ ઉપાયોમાં મુદ્દલ રસ નહીં. તેથી તેઓ હંમેશાં મૂળગામી નિરાકરણ જ આપતા.

આ રીતે તેઓ તા. ૫/૧ની સવારે સંતોને માર્ગદર્શન આપી રહેલા ત્યારે ભગવત્ચરણદાસ સ્વામી બોલ્યા: 'આ વખતે આપ ચરોતરમાં ઘણું રોકાયા. મહેળાવમાં સારો કાર્યક્રમ થઈ ગયો, ડભાણ પણ ઉત્સવ થઈ ગયો, આણંદમાં પણ ઉત્સવ સારો ઊજવાયો. બધા સંકલ્પ આપે પૂરા કર્યા.'

'હવે બીજા સંકલ્પ કરતા નહીં. દસ વર્ષનું સાટું વળી ગયું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓનો આ ઉદ્‌ગાર મર્મસભર હતો, કારણ કે આ વર્ષે આણંદના મંદિરની દશાબ્દી પ્રસંગે સ્વામીશ્રીની જન્મજયંતી ધામધૂમથી ઊજવવાના મનસૂબા પેલા સંત કરી રહેલા, પણ પોતાની જન્મજયંતીઓ ન ઊજવાય

તેવો મનોરથ સ્વામીશ્રી સેવતા હતા. તેથી તેઓ આજે જન્મદિનના અગિયાર મહિના પહેલાંથી નિષેધનું નગારું ગગડાવવા માંડ્યા. કોઈ પણ કાર્યને વેગ આપવામાં આગળ રહેતા સ્વામીશ્રી અનિચ્છનીયને અટકાવવામાં પણ પાછળ ન રહેતા.

પરંતુ તેઓનો આ ઇરાદો પામી ગયેલા પેલા સંત 'એવું નહીં કરતા. આ વરસે પાછા આવવાનું છે અને જન્મજયંતીનો સંકલ્પ પૂરો કરવાનો છે...' એમ કહેતા રહ્યા.

જો કે બન્યું તો સ્વામીશ્રીની ઇચ્છા મુજબ જ! આ વર્ષના ઉત્તરાર્ધમાં તેઓએ માંદગી ગ્રહણ કરતાં આણંદ મુકામે જન્મજયંતીની શાનદાર ઉજવણી શક્ય ન બની. સ્વામીશ્રીની સહજ વાણી પણ ભવિષ્યની એંધાણી આપતી રહેતી.

ઓતપ્રોત છતાં અલિપ્ત

તા. ૬/૧ની સાંજે નડિયાદથી વિદાય લઈ સ્વામીશ્રી વિદ્યાનગરના છાત્રાલયમાં પધાર્યા ત્યારે એક મહિનાના સમયગાળામાં તેઓની અત્રે ત્રીજી વખત પધરામણી થઈ રહેલી. તેથી આનંદની સાથે આશ્ચર્યનો ભાવ અભિવ્યક્ત કરવા માટે વિદ્યાર્થીઓ આંખ પર હાથની છાજલી કરી સ્વામીશ્રીને નીરખી રહ્યા. તેઓની આ મુદ્રાનું અનુકરણ કરતાં સ્વામીશ્રીએ પણ પોતાની આંખ પર હાથ રાખી છાજલી કરી. મિત્રતા કરીને મન હરવાની તેઓ પાસે આગવી કળા હતી. તે દ્વારા આજે યુવાનોનાં કાળજાંને કેદમાં લેતાં સ્વામીશ્રીએ અહીંથી પ્રવાસ આગળ વધારી મધુભાન રિસોર્ટમાં પગલાં પાડ્યાં.

વીસ એકરમાં પથરાયેલું આ પરિસર, કહેવાય ગાના ગામની સીમમાં વસેલું, પણ તેમાં પથરાયેલી શાંતિ તો દુનિયાથી કોઈ અલગ પ્રાંતમાં જ આવી ગયાનો અહેસાસ કરાવતી હતી. અહીં સઘન વનરાજી, મીઠા કલરવ અને મધુકરના મધુર ગુંજારવની ત્રિવેણી ભળતાં સુરમ્ય સૃષ્ટિએ આકાર પકડેલો. વળી, વૃક્ષોની ઘટાઓ વચ્ચે ઊભેલાં મકાનોની રચના એ રીતે થયેલી કે તે પણ ચણાયેલાં કરતાં ઊગેલાં હોય તેમ વિશેષ જણાય.

આવા વાતાવરણમાં સ્વામીશ્રીને સત્કારતાં આ સંકુલના સર્જક શ્રી પ્રયસ્વિનભાઈએ કહ્યું: 'અહીં આપને આરામ કરવા માટે જ બોલાવ્યા છે, માટે આરામ જ કરજો.'

આ વિનંતીના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ મર્માળું સ્મિત કર્યું. તેમાં

અસંભવિત વાતનો હળવો ઈન્કાર રણકી ગયો. તે સાથે યજમાનનો આવકાર ઝીલી સ્વામીશ્રી પોતા માટે રખાયેલા નિશ્ચિત નિવાસસ્થાન અક્ષર કુટિરમાં પ્રવેશ્યા.

અહીં રોકાયેલા તેઓની રોજની પ્રાતઃપૂજા 'પ્રયશવન'માં થતી. અત્રે મંચને છત્ર પૂરું પાડે તેટલો મંડપ બાંધી તેની પાર્શ્વભૂમાં દાદાખાચરનો દરબાર ખડો થયેલો. આ સુશોભનને સાર્થક કરતા સ્વામીશ્રી નિત્યપૂજા કરવા બિરાજે ત્યારે સામે યજમાનનો પરિવાર અને આ સંકુલનો કર્મચારીવર્ગ દર્શનલાભ લેતો. તે સંખ્યા માંડ પચાસને આશરે હોય.

રોજ પ્રાતઃપૂજા બાદ વહેતો સો-બસો મુલાકાતીઓનો પ્રવાહ પણ આ સંકુલની હદમાં પ્રવેશવાનો નહોતો, પરંતુ અહીં મુલાકાતનું સ્થાન સ્વામીશ્રીએ મીટિંગોને આપ્યું હોય તેમ તેઓએ તા. ૭/૧ની સાંજે રિસોર્ટના વિવિધ વિભાગો પર દૃષ્ટિ કરી ઉપરાછાપરી બે બેઠકો યોજી દીધી. અલગ-અલગ મુદ્દા આધારિત આ મીટિંગોમાં સ્વામીશ્રી એટલી સહજતાથી પરોવાઈ ગયા અને મીટિંગ પૂરી થયે સહજતાથી પરવારી પણ રહ્યા.

તે જોઈ એક સંત પૂછી બેઠા કે 'બાપા! આટલી પ્રવૃત્તિ કરીનેય આપ તરત જ અળગા કઈ રીતે થઈ જાવ છો?'

'મહારાજનું કામ છે, કર્તા-હર્તા એ છે, પછી આપણે માથાકૂટ શું કરવી?'

'પણ આપ આટલું કામ તો કરો છો!'

'એ તો કરવું પડે, પણ આપણા મનમાં હાયવોય ન હોય. કામ થાય તોય ભગવાનની ઇચ્છા ને ન થાય તોય ભગવાનની ઇચ્છા! આપણે તો મહારાજને કર્તા માન્યા છે, એ જ બધું કરે છે, એટલે આપણને નિરાંત રહે છે. બીજો કોઈ હોય તો બે દા'ડામાં ઊપડી જાય. હાર્ટ ફેલ થઈ જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની સ્થિતિ *'જેમ કમળ રહે જળમાંય, પણ જળમાં તેહ ન લોપાય...'*ની હતી. ઓતપ્રોત થઈને અલિપ્ત રહેવું અને અલિપ્ત રહીને ઓતપ્રોત થવું – આ બંને કસબ સ્વામીશ્રીને હાથવગા હતા.

સાધુના ઘરમમાં આવું લખ્યું છે?

તા. ૭/૧ની રાત્રે ભ્રમણ અને ભોજન બાદ એક મીટિંગ કરી સ્વામીશ્રી શયનાધીન થવા પલંગ પર બિરાજ્યા ત્યારે સામે ઊભેલા વ્યવસ્થાપક સંતે

હળવાશથી કહ્યું: 'અહીં આપના રોકાણ દરમ્યાન મારા તરફથી એક પણ મીટિંગ ગોઠવી નથી. એટલે કોઈ હાયવોય કરશો નહીં. સવારે શાંતિથી ઊઠજો.'

'સાધુના ધરમમાં આવું લખ્યું છે?' આ સવાલ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'સાધુએ તો સવારે વહેલા ઊઠવું, મંગળા આરતીમાં જવું, એ રીત રાખવાની હોય. માટે તમારે આવો ઉપદેશ જ ન આપવો. મને પણ નહીં ને બીજાને પણ નહીં. નહીંતર બધા આળસુ થઈ જાય.'

ગમ્મતના વેગમાંયે સ્વામીશ્રી પ્રણાલીની પાળ કદી તૂટવા ન દેતા.

તે અનુસાર તેઓ તા. ૮/૧ની સવારે સમયસર પરવારી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે સામે યજમાનનો વિવિધ કારોબાર સંભાળતા કાર્યવાહકોએ દર્શન માટે સ્થાન મેળવી લીધેલું. તે સૌને સ્વામીશ્રીની પૂજાવિધિ દરમ્યાન જ ડૉક્ટર સ્વામીએ સંબોધ્યા. તે પછી સ્વામીશ્રી પણ અમૃતધારા વહાવવા માંડ્યા. તેમાં તેઓને શ્રી પ્રયસ્વિનભાઈનો ઉલ્લેખ કરવો હતો, પણ નામ યાદ ન આવતાં સંતોએ સંભારી આપ્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આવું છે! અહીં રહીએ છીએ, પણ નામ મોઢે ચઢતું નથી, પણ હવે ચઢી જશે...'

તેઓની આ નિખાલસતાએ સામે બેઠેલા બુદ્ધિવાન હોદ્દેદારોનાં કાળજાં કોરી કાઢ્યાં. તે સૌ *'દંભે રહિત દયાના ભંડાર, સદા પવિત્ર ભીતર ને બા'ર...'* તરીકે સ્વામીશ્રીની છબી નજરમાં ભરી વિદાય થયા.

અનુસરવું તો એકને જ

તા. ૮/૧ની સવારે ભોજન બાદ પત્રવ્યવહારનું કાર્ય પૂર્ણ કરી સ્વામીશ્રી આશરે પોણા બાર વાગ્યે ઉતારાની બહાર પધાર્યા, કારણ કે રોજ ઓરડામાં થતું ભૂમિભ્રમણ આજે રિસોર્ટના પ્રાકૃતિક વાતાવરણમાં કરવાનો ઉપક્રમ હતો. તેના પ્રથમ ચરણરૂપે સ્વામીશ્રી રિસોર્ટના મધ્યમાં ૩૦૦ ફૂટના લાંબા પટ્ટે હિલોળતા તરણહોજની પાળે-પાળે વ્હીલચેરમાં બિરાજી ફર્યા. તે પછી તેઓએ ચાલતાં ચાલતાં ભ્રમણ આદર્યું.

આ સમયે આમ્રવૃક્ષોની ઘટામાંથી ચળાઈને આવતાં સૂર્યનાં તેજરશ્મિઓ સ્વામીશ્રીને નવડાવવા લાગ્યાં, તો ક્યાંક ક્યાંક આંબાની ખરતી મંજરીઓ તેઓની પૂજાનો લાભ લેવા માંડી. આંબાની ડાળીએ કેકા-કૂજન કરતાં પંખીઓ પણ સ્વામીશ્રીનાં દર્શન પામી અહોભાવથી મસ્તક ધુણાવવાં લાગ્યાં.

આમ, સૌને પ્રમોદ પમાડતા સ્વામીશ્રી થોડું ચાલીને તરણહોજ તથા

કામચલાઉ સભાગૃહની વચ્ચે ઊભેલા એક આમ્રવૃક્ષ નીચે બિરાજ્યા. અત્રે તેઓ સંતો-ભક્તોને પ્રેરણાપીયૂષનું અલ્પ આચમન કરાવી તરણહોજના સામે છેડે પહોંચ્યા. અહીં પણ તેઓએ વ્હીલચેરમાંથી ઊતરી ભૂમિભ્રમણ કર્યું.

આ લાભનું પુનરાવર્તન તા. ૯/૧ની સવારે પણ થયું. વળી, આ દિવસે સ્વામીશ્રીએ પ્રયસ્વિનભાઈને સુવર્ણરસિત સિંહાસનમાં બિરાજેલી મૂર્તિઓ સહિતનું ઘરમંદિર ભેટ ધરી કૃતાર્થ કરી મૂક્યા. તેની સાથે તેઓએ ઘરને પણ મંદિર કરી મૂકે તેવી શીખ દેતાં જણાવ્યું: 'કુટુંબમાં સંપ સૌથી અગત્યનો છે. એકબીજાનો પ્રેમ અને એકતા રહે એ જરૂરી છે. મતભેદ તો થાય, પણ એનાથી દુઃખ ન થાય. દરેક ધર્મનો આદર કરવો, કોઈનો અનાદર ન કરવો, પણ અનુસરવું તો એકને જ.'

વ્યવહાર અને મોક્ષનું આ ભાથું બંધાવી સ્વામીશ્રી આજની સાંજે 'પ્રકાશ' સામયિકનો પાઠ કરવા બિરાજ્યા. તે વખતે અમુક સમય સુધી વીજળી ગુલ થઈ તો પણ તેઓ ટોર્ચના અજવાળે 'પ્રકાશ' વાંચતા રહ્યા.

આ રીતે તે સામયિકનો પાઠ પૂર્ણ કરી સ્વામીશ્રીએ ભોજન ગ્રહણ કર્યું ત્યાં જ રાજકોટથી ફોન આવ્યો. અહીંના મંદિરમાં નિર્માણ પામેલા નૂતન સભાગૃહનું નામાભિધાન 'પ્રમુખસ્વામી સભાગૃહ' થઈ ચૂકેલું. તેની નીચે પણ એક નવો હૉલ તૈયાર થતાં તેનું નામ 'યોગી સભાગૃહ' રાખવાની સૌની ઇચ્છા હતી. પરંતુ સ્વામીશ્રીએ સંતોને જુદું જ સૂચન કરતાં કહ્યું: 'હવે બીજો હૉલ તૈયાર થઈ ગયો છે, તો મોટા હૉલનું નામ બદલીને 'યોગી સભાગૃહ' રાખો, પરંતુ નીચેના નાના હૉલનું નામ 'યોગી સભાગૃહ' રાખો એ બરાબર નથી.'

મોટું અને સારું ગુરુના નામે તથા નાનું તેમ જ નબળું પોતાના ભાગે રાખવાની સ્વામીશ્રીની પ્રકૃતિ હતી.

એ તો અવશ્ય બિરુદ છે અમારું રે...

'હવે હું ધામમાં જઈશ, માટે કોઈ શોક કરશો નહીં. મારી પાછળ સાકર વહેંચજો. મારા દેહની અંતિમ ક્રિયા કરો ત્યારે ઢોલ વગાડજો અને અબીર-ગુલાલ ઉડાડજો.' આ ભલામણ સાથે ઠાસરાના ડૉ. મધુભાઈ દેસાઈએ તા. ૮/૧ના રોજ દેહત્યાગ કર્યો ત્યારે તેઓના સંબંધીઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

કેવળ અગોચરની સ્પષ્ટ આગાહી જ નહીં, પરંતુ ચમરબંધીને પણ થથરાવતા મૃત્યુ સમયે આટલી સ્વસ્થતા અને આનંદ રહે એ સ્વામીશ્રીના

સત્સંગની આગવી ઓળખ. ન કેવળ વયસ્ક હરિભક્ત, પરંતુ અહીં યુવાન વયના એકના એક દીકરાને અચાનક ગુમાવનારાં માતા-પિતા કે એ દિવંગત યુવકની કોડભરી પરણેતર પણ આવાં જ સ્થિર-ધીર જણાય. જ્યાં લોકો છાતી કૂટી-કૂટીને રોકકળ કરી મેલે એવા સંજોગોમાં અત્રે ઘરપત દેખાય. અરે! સ્મશાનમાંયે દિલાસા-નિસાસા નહીં, પણ સત્સંગ-સભાઓ યોજાય. તેમાં ભગવાનની નામાવલિના પાઠ થાય. દેહાવસાનના આવા દુઃખદ સમયે જ્યારે સંતો જે તે કુટુંબીઓને આશ્વાસન આપવા જાય ત્યારે તે તે ઘરમાં રડારોળને બદલે ધોળ-મંગળનું વાતાવરણ જોઈ હૈયાધારણ આપવા ગયેલાનાં હૈયાં ભરાઈ આવે.

'બાપાનો હતો ને બાપાએ લઈ લીધો... માખણમાંથી મોવાળો કાઢે એમ સુખિયા કરી દીધા... મને ખાતરી છે કે મારું અક્ષરધામ પાક્કું જ છે... એ તો ધામમાં જ બેઠા છે...' જેવા ઉદ્‌ગાર સ્વામીશ્રીના સત્સંગમાં અંતવેળાએ સાંભળવા મળે, કારણ કે અહીં એકેએક બાઈ-ભાઈ ભક્તના અંતરમાં સ્વામીશ્રીરૂપે મળેલા મહારાજની આ બાંયધરી નિરંતર પડઘાતી રહેતી કે –

'તેને અંતકાળે અમે આવી રે, તેડી જાવું છે તન તજાવી રે;
એ તો અવશ્ય બિરુદ છે અમારું રે, ધાર્યું છે સહુ જીવને સારુ રે...' [૨૭]

આ બિરુદના ભરોસે બેઠેલા સત્સંગમાં, કોઈ પણ સ્વરૂપે અને કોઈ પણ સમયે આવતા મૃત્યુનું સ્વાગત થતું. તે જોઈ સ્વયં મોતના મોતિયા મરી જતા.

તે મુજબ આજે અક્ષરવાસી થનારા ઠાસરાના પેલા ભક્તને પણ સ્વામીશ્રીએ બે દિવસ પૂર્વે જ ફોનમાં કહી દીધેલું: 'હવે મહારાજ ધામમાં લઈ જશે.' આ કારણે જ લેશ બેચેની અનુભવ્યા સિવાય તેઓનો પ્રાણ પ્રયાણ કરી ગયો.

આ ઘટનામાંથી સૌને સ્વામીશ્રીના સામર્થ્યનો પુરાવો પણ મળી રહ્યો.

એવા સંત સહુના સગા રે

તા. ૧૧/૧ની સવારે સ્વામીશ્રી મધુભાન રિસોર્ટથી પ્રસ્થાન કરવાના હતા, પરંતુ અહીંના તેઓના ટૂંકા નિવાસે યજમાનના હૃદય પર ઘણી ઘેરી છાપ પાડતાં આ ઉદ્યોગપતિએ સ્વામીશ્રી જ્યાં રોજ પ્રાતઃપૂજા કરતા તે ઉપવનનું નામ 'પ્રયશવન'ને બદલે 'પ્રમુખવન' ઘોષિત કરી દીધું. આ બદલાયેલું નામ

---

૨૭. પુરુષોત્તમ-પ્રકાશ: પ્રકાર-૪૩.

તેઓના બદલાયેલા જીવનની છડી પોકારી રહ્યું.

તેથી જ આજે સવારે દસ વાગ્યે વિદાય લેવા તત્પર થયેલા સ્વામીશ્રી તરણહોજ પર બાંધેલો લક્કડિયો સેતુ પાર કરી રિસોર્ટના પરિષદ ખંડમાં પધાર્યા ત્યારે પ્રયસ્વિનભાઈ વિરહ-વિહ્વળ બની ગયા. અત્રેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ રિસોર્ટના પ્રત્યેક વિભાગમાં પગલાં કરી આ સ્થાનને તીર્થરૂપ કરી મૂકેલું, પરંતુ તેઓ અત્યારે જ્યાં આવ્યા તે આ એક વિમર્શકક્ષ જ તેઓનું સાંનિધ્ય પામવાથી વંચિત રહી ગયેલો. તે તરસ પણ આજે છીપતાં યજમાન ગદ્‌ગદ હૈયે સ્વામીશ્રીનો આભાર માનવા લાગ્યા. તે સ્વીકારી સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા. આ સમયે તેઓએ શબ્દશૂન્ય અવસ્થામાં હાથ જોડી ઊભેલા યજમાન સમક્ષ પોતાના મનમાં રમતી વાત વહેતી મૂકી.

સ્વામીશ્રીને સમાચાર મળેલા કે પોતાનાં પૂજાદર્શન માટે અહીં આવેલા એક મુરબ્બીએ ખોટી જગ્યાએ ગાડીનું પાર્કિંગ કરતાં પ્રયસ્વિનભાઈએ ચોકિયાતને કસૂરવાર ઠેરવી નોકરીમાંથી રુખસદ આપી દીધેલી. હકીકતમાં ગફલત તો તે અતિથિની જ હતી, કારણ કે તેઓએ રખેવાળની સૂચનાને કચડી પોતાની મનપસંદ જગ્યાએ ગાડી થોભાવી દીધેલી. આ વિગતના સંદર્ભમાં અત્યારે સ્વામીશ્રીએ યજમાનને કહ્યું: 'અમને મળવા આવનારા ભાઈની ભૂલ હતી એટલે પેલા ચોકીદારને જો શક્ય હોય તો પાછો લઈ લેજો.'

રિસોર્ટના માલિક માટે આ દૃશ્ય કલ્પના બહારનું બની રહ્યું. તેઓને પોતા પર વરસતો સ્વામીશ્રીનો પ્રેમ રિસોર્ટના ચોથા વર્ગના કર્મચારી પર પણ એ જ માત્રામાં વરસતો અનુભવાયો. નેતાની નીતિનું એક નવું શિક્ષણ આ ઉદ્યોગપતિને સ્વામીશ્રીના જીવનમાંથી હાથ લાગ્યું. તેઓએ પેલા દરવાની અંગે ઘટતું કરવાની ખાતરી ઉચ્ચારી. તે સાથે જ સ્વામીશ્રીની ગાડીનું પૈડું ફરી ગયું. સ્વામીશ્રીની ભલામણથી જે કર્મચારીની આજીવિકા ટકી ગઈ તે તો સ્વામીશ્રી સમક્ષ કૃતજ્ઞભાવે ઢળી જ પડ્યો.

જેનો પ્રેમ નહીં કાંઈ થોડો

મધુભાન રિસોર્ટથી નીકળેલા સ્વામીશ્રી ઉમેટાના માર્ગે આગળ ધપતાં આશરે અગિયાર વાગ્યે અટલાદરા આવી પહોંચ્યા. સામાન્ય રીતે તેઓ કોઈ પણ મંદિરમાં આવતાં જ પ્રથમ ઠાકોરજી પાસે પહોંચતા, પરંતુ આજે તેઓની ગાડી ઉતારાના સંકુલ પાસે જઈ ઊભી રહી, કારણ કે સ્વામીશ્રીએ ભાયલીનું

પાદર વટાવ્યું ત્યારથી જ તેઓને શૌચ-સ્નાન માટે જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ ગયેલી. છતાં આ બાબતે કોઈને કશું જ ન જણાવતાં તેઓ સ્થિરતા જાળવી રસ્તો કાપતા રહેલા. દેહના ભાવને ઠેકાણે પાડી વિચરવાનું તેઓએ ૮૯મા વર્ષે પણ છોડ્યું નહોતું.

આ રીતે દેહાતીત સ્થિતિમાં અખંડ વર્તતા સ્વામીશ્રી ઉતારે દેહક્રિયા બાદ મંદિરમાં દર્શન કરી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં આવ્યા. આ ઓરડાની ગામ તરફ પડતી બારી બાજુના પાયામાંથી થોડા સમય પૂર્વે દૂધની ધારા વહેલી. તે જગ્યા જ્યારે બતાવવામાં આવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'અહીં જ રહેલી ચોકડીમાં શાસ્ત્રીજી મહારાજ નહાતા. એ વખતે ચંપકલાલ શેઠે પંચામૃતથી નવડાવવા લોટી તૈયાર કરેલી, પરંતુ શાસ્ત્રીજી મહારાજને ખબર પડતાં જ છણકો કરીને લોટી ફગાવી દીધેલી, પણ આ રીતે સ્વામીએ સંકલ્પ પૂરો કર્યો.'

સૌને આ ગુરુચરિત્રનો સ્વાદ ચમાડનારા સ્વામીશ્રીએ તા. ૧૩/૧ના રોજ મંદિરના વ્યવસ્થાપક સંતોને બોલાવી પોતાનો મત રજૂ કર્યો કે 'અહીં ઉત્તરાયણના દિવસે જલેબી કરવાના છો તો મારા મનમાં એમ વિચાર આવે છે કે બધી જ જલેબી ચોખ્ખા ઘીમાં કરજો.'

આ સૂચનમાં ભક્તો પ્રત્યેનો સ્વામીશ્રીનો શુદ્ધ સ્નેહ જ નીતરી રહ્યો.

તે સાથે તેઓ આજે ભોજન સંબંધી ભલામણ બાદ પત્રવાંચન કરવા લાગ્યા ત્યારે એક કિશોરનો ફોન આવ્યો. તે બે મહિના બાદ આવી રહેલી બારમા ધોરણની પરીક્ષા માટે સજધજ થતો હતો, પણ તે ઘરમાં છાશવારે થતા મા-બાપના ઝઘડાથી એટલો જ પરેશાન હતો. આ ક્લેશ તેની કારકિર્દી રોળી રહેલો.

આ વિગત જાણી સ્વામીશ્રીએ તે કિશોરને કહ્યું: 'જો, સાંભળ! તું એક કામ કર. માતા-પિતાના કજિયામાં તારો અભ્યાસ બગડે છે તો ત્યાં આપણું મંદિર છે તેમાં આવી જા અને શાંતિથી અભ્યાસ કર. હમણાં માતા-પિતાના ઝઘડાનો વિચાર કરીશ જ નહીં. અમે પ્રાર્થના કરીશું કે ઘરમાં શાંતિ થાય ને તારી પરીક્ષા સારી જાય.'

જ્યારે માતા-પિતા ફરજ ચૂકતાં ત્યારે સ્વામીશ્રી ઊગતી પેઢીને સંભાળી લેતા. આવી સંભાળના સાક્ષી બનેલા હજારો બાળકો, કિશોરો, યુવાનો સ્વામીશ્રીના દીવાના બની જાય તેમાં શું નવાઈ?

પ્રમુખસ્વામી છે જ ક્યાં ?

તા. ૧૪/૧ના રોજ મંદિરમાં અત્ર, તત્ર, સર્વત્ર પતંગોના શણગાર ઝૂલી રહેલા. તેની સાથે ખભે ઝોળી ભરાવીને ઠાકોરજી પણ સેવા સ્વીકારવા તત્પર બનેલા.

આજના દિવસની આ પરંપરાગત શોભાથી પ્રસન્નતા વ્યક્ત કરતા સ્વામીશ્રી દર્શન, પૂજા અને મુલાકાતના ક્રમ બાદ બપોરે ભૂમિભ્રમણ કરી વચગાળાના વિશ્રામ માટે ખુરશી પર બિરાજ્યા ત્યારે સંતોની વિવિધ ભાવનાના પતંગો પણ ચગવા લાગ્યા.

તેમાં એકે સ્વામીશ્રીને કહ્યું : 'આપે શાસ્ત્રીજી મહારાજને યથાર્થ સેવ્યા છે એટલે બધી ક્રિયાઓ શાસ્ત્રીજી મહારાજ જેવી થાય છે અને ક્યારેક તો શાસ્ત્રીજી મહારાજ જ હો એવું લાગે છે !'

'એમનામાં જે તેજ હતું એ જુદું જ હતું. આપણી વાત તો જુદી છે. એમના આશીર્વાદથી અત્યારે બધું ચાલે છે.'

સ્વામીશ્રીની વાણીમાંથી ગુરુભક્તિનું આ તેજ રેલાયું ત્યારે ત્યાગરત્નદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આપને જે દુઃખ પડે એ ૮૦૦ સંતોમાં વહેંચી દેવું જોઈએ.'

'તો તો એક દહાડોય ઊભું ન રહેવાય.' મર્માળું હસતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

તે સાંભળી યોગીચરણદાસ સ્વામી બોલ્યા : 'અત્યારે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી હયાત હોત તો તો આપનું કાર્ય જોઈ કેટલા બધા રાજી થાત કે પ્રમુખસ્વામીએ કેવું કાર્ય કર્યું !'

'પ્રમુખસ્વામી છે જ ક્યાં ? જે કંઈ થયું છે એ એમના સંકલ્પથી જ થયું છે ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ દ્વારા પોતાના અસ્તિત્વની અલગ ઓળખ ઊભી કરવાનો એક પણ પ્રયત્ન થયો નહોતો. પોતાની હયાતીને ભૂંસીને વર્તવાની શૈલી હતી સ્વામીશ્રીની !

ઝોળી ઉપર મંદિર થયાં છે

તા. ૧૪/૧ની સાંજે યોજાયેલા ઉત્તરાયણ પર્વની સભામાં સત્તર

હજારથી વધુની ભક્તમેદની દાન અર્પણ કરી સ્વામીશ્રીની ઝોળી ભરવા થનગની રહેલી. સ્વાર્થસભર સંસારમાં આવો સમર્પણનિષ્ઠ સમાજ ઊભો કરવામાં સ્વામીશ્રીનું ઐશ્વર્ય પરખાતું.

તેની એંધાણી આપતા આજના ઉત્સવમાં અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે ભગવાનના સેવકો છીએ અને ભગવાન આપણા ધણી છે, તો એ ભગવાનની જે ઇચ્છા હોય એમ આપણું જીવન થાય તો સુખિયા થવાય. આવા સત્સંગમાં શ્રદ્ધા, વિશ્વાસ રાખીને આપણે કાર્ય કરવાનું છે. જ્યાં સુધી આપણા દેહમાં જીવ છે ત્યાં સુધી આપણે વિચાર કરવાનો છે કે ફૂલ નહીં, તો ફૂલની પાંખડી, પણ સેવા કરવી. ભગવાનના દરબારમાં આપણી કિંમત અનંતગણી વધી જ છે, વધવાની છે. ભગવાન ભૂલતા નથી અને અનંતગણું આપે છે.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ જૂના સંતોની ઝોળી માંગવાની રીતનું વિવરણ કરવાની ઇચ્છા દર્શાવી. તે માટે તેઓ ઊભા થવા તત્પર બન્યા ત્યારે સંતોએ બેઠાં બેઠાં જ બોલવા વિનંતી કરી, પરંતુ કોઈ પણ કામ પદ્ધતિસર જ કરવાના આગ્રહી સ્વામીશ્રી ઊભા થયા અને બે ખભે ઝોળી રાખી બોલવા લાગ્યા: 'મહારાજની આજ્ઞા હતી કે સંતોએ ઝોળી માંગવી, પણ અત્યારે ઝોળી માંગવા જવું પડતું નથી. સામેથી આવીને ઝોળી આપી જાય એટલા દેશકાળ ફરી ગયા એ ભગવાનનો પ્રતાપ તો જુઓ. જે આગળના ભક્તોએ કર્યું છે એનું પુણ્ય આપણને મળ્યું છે ને આપણે સુખી થયા. હું ભાદરણ અને ખંભાતમાં ભણતો હતો તે દર રવિવાર ને એકાદશીને દિવસે ઝોળી માગવા જતો. ત્યાં જઈને બોલવાનું શું હતું?...'

આમ કહી સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!'ની આહ્‌લેક જગાવી.

બીજી વાર પણ આ નાદ ગજવી તેઓએ વધુમાં જણાવ્યું: 'આ પ્રમાણે ઝોળી ઉપર મંદિર થયાં છે. ભિક્ષા માગીને જે આવે એમાંથી આ કામ થયું છે. આજે ભગવાનની દયાથી આપ સૌ સામેથી સેવા કરો છો તે માટે ધન્યવાદ છે! ભગવાન તમને અનંતગણું આપે, તમારામાં સત્સંગ દૃઢ થાય, કુટુંબ-પરિવારમાં સુખિયા થવાય ને સમાજમાં પણ શાંતિ થાય તે આશીર્વાદ છે.'

સ્વામીશ્રીનો આ અમૃતલાભ પામનારા સૌને પોતાનું સમર્પણ ઊણું અનુભવાઈ રહ્યું.

ષટ્ઊર્મિ-વિજય ગુણ સારો

તા. ૧૫/૧ની સવારે ૧૧:૨૫ વાગ્યાથી બપોરે ૩:૦૫ વાગ્યા સુધી આવેલા સૂર્યગ્રહણના સમૈયામાં સ્વામીશ્રી સંપૂર્ણ સતર્ક રહીને બિરાજ્યા.

ક્યારેક દિવસના તો ક્યારેક રાત્રિના રોજિંદા ક્રમને ખોરવે તેવા ગ્રહણ વખતે તેઓની આ વિશેષતા કાયમ ધ્યાનાકર્ષક રહેતી. જે સમયે જે ક્રિયા વ્યક્તિ વર્ષોથી કરતી હોય, તે સમયે તે ક્રિયા કરવા જો ન મળે તો તેને જરૂર બેચેની અનુભવાય. બીજી ક્રિયા પર પણ મૂળ નિશ્ચિત ક્રિયાની અસર જોવા મળે. જેમ કે, રોજ રાત્રે નિદ્રા લેતા મનુષ્યને કોઈ રાત્રે સૂવા ન મળે તો તેને ઝોલાં-બગાસાં આવ્યા વિના ન રહે, આળસ મરડ્યા વિના ન રહેવાય. પરંતુ દિવસ હોય કે રાત – સ્વામીશ્રીમાં આવી વિપરીત પ્રતિક્રિયા કદી પણ જોવા ન મળતી. તે સમયે તેઓમાં *'ષટ્ઊર્મિ-વિજય ગુણ સારો...'*નું દર્શન લાધતું.

તે સાથે આજનું ગ્રહણ ધૂન-ભજનમાં વિતાવી સ્વામીશ્રી તા. ૧૭/૧ની સવારે મંદિરમાં દર્શન બાદ લિફ્ટ દ્વારા નીચે ઊતરી રહેલા. તે વખતે ભાગ્યસેતુદાસ સ્વામીએ દૂર એક લીંબડા તળે ઊભેલા હરિભક્ત શ્રી કેયૂરભાઈ પટેલ તરફ અંગુલિનિર્દેશ કરતાં પૂછ્યું: 'બાપા! એ સત્સંગી નવી ગાડી લાવ્યા છે. એવી જ એક ગાડી તેઓને મંદિરમાં પણ ભેટ આપવી છે, તો આપની શું આજ્ઞા છે?'

'ગાડીની કિંમત કેટલી છે?'

'સાડા બાર લાખ રૂપિયા.'

'તો આપણે જરૂર નહીં. સાધુના નિયમમાં શોભે એ પ્રકારની જ ગાડી આપણે લેવી. સદ્‌ગુરુ સંતો હોય એની વાત જુદી છે, પણ મંદિરનાં બીજાં કામ માટે આવી લેવાની જરૂર નહીં.' સ્વામીશ્રીએ નિર્ણય આપ્યો.

તેઓની પસંદગીના માપદંડમાં સાધુતાની વાત મુખ્ય રહેતી.

સુણતાં કથા થાય છે હુલાસ

તા. ૧૭/૧ની સાંજે ટ્રેડમિલ મશીન પર ચાલી રહેલા સ્વામીશ્રીની નજર વારંવાર ઘડિયાળના કાંટા પર અટકતી હતી. તેનું કારણ હતી – આજની રવિસભા. ઉત્સવ-સભા કે અઠવાડિક સભામાં સમયસર પહોંચવાનો

આગ્રહ એ સ્વામીશ્રીની ખાસિયત. તે માટે તેઓ આવશ્યક ક્રિયાઓમાં પણ કાપ મૂકે. આ ખટકાની અસર ક્યારેક તો તેઓના બ્લડ પ્રેશર ઉપરેય દેખાય.

આજે એવું જ બન્યું! રવિસભામાં જવાના અનુસંધાન સાથે ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીનું બ્લડ પ્રેશર આઘું-પાછું થતું રહ્યું અને વીસ મિનિટ ચાલ્યા ત્યાં તો સ્વામીશ્રીએ સામેથી જ કહી દીધું: 'હવે મશીન બંધ કરો.'

'પણ હજી તો સભામાં ધૂન-કીર્તન જ ચાલુ થયાં છે.'

'મને ખબર છે, પણ વહેલા જઈને બેસવામાં શું વાંધો છે?' આમ કહેતાં સ્વામીશ્રી રવિસભામાં આવી બિરાજ્યા.

અહીં છાત્રાલયના છવ્વીસમા વાર્ષિકોત્સવનો કાર્યક્રમ ગોઠવાયેલો. તે જાણી સ્વામીશ્રીએ આયોજક સંતને સૂચના આપી કે 'સભામાં જે નક્કી થયું હોય તે રીતે જ કરજો. કોઈ પણ વસ્તુ કાપતા નહીં.'

આ શબ્દો સાથે હાથમાં માળા ફેરવતા સ્વામીશ્રી સભામાં ખોવાઈ ગયા. તેઓનું આ દર્શન ઘણું જ હૃદયંગમ બની રહ્યું.

તે દ્વારા સૌને ન્યાલ કરી સ્વામીશ્રીએ રવિસભામાં વિદ્યાર્થીઓના મિષે સૌને ઉચ્ચ જીવનના પાઠ શીખવ્યા. ત્યારબાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે અત્રે ઠાકોરજી થાળ જમી રહેલા. તે જોઈ સ્વામીશ્રી પણ તાળી વગાડતાં વગાડતાં *'મારે ઘેર આવજો છોગલાંધારી...'* થાળ ગાવા લાગ્યા. તેઓની આ તન્મયતાને ચિરંજીવી કરવા વીડિયો લઈ રહેલા યુવકે સ્વામીશ્રી તરફ કૅમેરા ફેરવ્યો, પણ ત્યાં જ સ્વામીશ્રીએ છણકો કર્યો કે 'આ બાજુ ક્યાં ફેરવે છે? આમ ફેરવ ને!' આટલું કહી તેઓએ વીડિયો ઠાકોરજી તરફ ફેરવાવ્યો.

પરંતુ સ્વામીશ્રીની મૂર્તિમાં છબીકાર વળી લોભાયો અને તેણે કૅમેરાનું નાળચું પુનઃ સ્વામીશ્રી બાજુ કર્યું ત્યારે સ્વામીશ્રીએ ઠપકાનો સૂર કાઢ્યો કે 'જો પાછો, ફરી ક્યાં આમ કર્યું?'

માનવીમાત્રને ફોટાની ફ્રેમમાં મઢાઈ જવું ગમે; પરંતુ આવી બાબતે સખત અણગમો ધરાવતા સ્વામીશ્રીના ફોકસમાં હંમેશાં ઠાકોરજી જ રહેતા.

સગા વિષે વહાલા સગા

અટલાદરામાં બિરાજેલા સ્વામીશ્રીએ તા. ૨૬/૧ની સવારે માણેજા, દંતેશ્વર, સરોણ, ધાવટ, હાલોલ, કાળી ડુંગરી, ખરખડીની મુવાડી, સેગવા તથા કાંગવીનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી વિક્રમ સર્જી દીધો.

તેની સાથે તેઓએ કરજણ મંદિરમાં બિરાજનારા ઠાકોરજીની ચલમૂર્તિમાં પણ દૈવત સીંચ્યું અને વડોદરા તેમ જ પંચમહાલ જિલ્લાનાં તેર નિર્માણાધીન મંદિરોનાં ખાતમુહૂર્ત કર્યાં. આમ, એકસાથે ૨૩ મંદિરોની ગતિવિધિ તેજ કરી સ્વામીશ્રીએ આજે દેશના પ્રજાસત્તાક દિનને પ્રભુસત્તાક પણ બનાવી દીધો. આ નિમિત્તે આસપાસનાં ગામોમાંથી ઊમટેલા સેંકડો ભક્તોએ જયઘોષ અને વાજિંત્રોના નાદ ગજવી વાતાવરણને ઉત્સવમય કરી મૂક્યું.

આવા જ માહોલમાં તા. ૨૮/૧ની સવારે સ્વામીશ્રી ગોલ્ફ કાર્ટમાં બેસી મંદિરેથી સભાગૃહ તરફ જઈ રહેલા ત્યારે બંને બાજુ દર્શન માટે ઊભેલી માનવભીડ પુષ્કળ હતી. છતાં ટાવરવાળા દરવાજે ખુરશી પર બેઠેલા વૃદ્ધ ભક્ત શ્રી નટુભાઈને સ્વામીશ્રીની નજરે ઝડપી લીધા. તેઓને જોતાં જ સ્વામીશ્રી 'ઊભી રાખો... ઊભી રાખો...' કહી ગાડી થોભવાની સૂચના આપવા લાગ્યા, પરંતુ ઠંડીથી રક્ષણ મળે તે હેતુસર બનાવેલી એક્રેલિકની કૅબિન ભેદી તેઓનો સ્વર ચાલકના કાન સુધી ન પહોંચતાં ગોલ્ફ કાર્ટ આગળ ધપતી રહી, તોયે સ્વામીશ્રી ગાડી અટકાવવાની સૂચના આપ્યે જ ગયા.

અંતે તેઓના શબ્દો નહીં, પણ ચેષ્ટા પરથી અનુમાન લગાવી ગાડી ઊભી રાખવામાં આવી. આ સમયે વિગત જાણી સંતો પેલા વડીલને નજીક બોલાવવા પ્રયત્ન કરવા માંડ્યા, પણ ભક્તોની ગિરદીમાં તેઓને આગળ લાવવા મુશ્કેલ લાગતાં સ્વામીશ્રી ગાડી પાછી લેવડાવી સ્વયં એ ભક્ત પાસે જઈ પહોંચ્યા.

તેઓને જોતાં જ પેલા બુઝુર્ગ હરિભક્ત તેઓની કાયમી રીત મુજબ કેફથી ललકારવા લાગ્યા: *'स्वामी-श्रीजी जिनके हृदय में, सो कछु कर्म करे न करे...'* તેઓનો આ આનંદ જોઈ સ્વામીશ્રી પણ મલકાયા. તે વખતે નટુભાઈએ પોતાના બે હાથ એક્રેલીકની કૅબિન પર રાખતાં સ્વામીશ્રીએ તે તરફ ખેંચાઈને પોતાના બંને હાથ એ હરિભક્તના હાથની બરાબર સામે રાખ્યા. તેઓની આત્મીયતાનો આ નાતો જોનારા સૌ ગદ્‌ગદકંઠ થઈ ગયા. આ સમયે નટુભાઈએ ખિસ્સામાંથી બસો રૂપિયા કાઢી તે નજીક ઊભેલા સત્સંગીને આપતાં કહ્યું: 'આની બદામ લઈને પ્રમુખસ્વામીને જમાડજો.'

આ ભેટ, ભક્ત અને ભલામણ – ત્રણેય સામાન્ય હતાં, પરંતુ તેમાંથી ઊભરતી સ્વામીશ્રીની પ્રતિભા, જેનું માપતાં માપ ન થાય જેવી વિરાટ જણાય છે. તેઓ માટે ગામોગામ વસતાં નાનાં-મોટાં, ભાઈ-ભાઈ સૌ પ્રેમ-પદાર્થ

પાથરવા તત્પર રહેતાં. આવાં આદર અને સન્માન મેળવ્યા પછીયે એક-એક ભક્ત માટે સ્વામીશ્રી થોભતા, પોતાની ગાડી પાછી વાળતા.

તેઓ અને ભક્તો વચ્ચેનો આ સ્નેહસંબંધ અનન્ય હતો. ભક્તોને સગાંથીયે વિશેષ વહાલા સ્વામીશ્રી, તો સ્વામીશ્રીને પણ ભક્તો વિષે એ જ ભાવ! તેનું આજે એક વિરલ દર્શન પામી સૌ ધન્યતા અનુભવી રહ્યા.

તે પછી આગળ વધેલા સ્વામીશ્રી બોલ્યા: 'જાસપુર ગામમાં આ નટુભાઈ એક જ શૂરવીર હરિભક્ત, લંકામાં વિભીષણની જેમ!'

ગામડે-ગામડે રહેતા એકેએક ભક્તની વિશેષતાને જાણવી, યાદ રાખવી અને તેને સમય આવ્યે બિરદાવવી – સ્વામીશ્રીની આ આગવી પ્રતિભાને જોઈ આજનું પ્રભાત હરખાઈ ઊઠ્યું!

माँ-बाप का भविष्य बच्चों के हाथों में है

રોજેરોજ યોજાતું સ્વામીશ્રીનું મુલાકાત-સત્ર એટલે જાણે ગંગાનો ઘાટ. જેમ ગંગા તટેથી કોઈ તરસ્યો ન જાય એમ સ્વામીશ્રી પાસેથી કોઈ મુલાકાતી તૃપ્તિ પામ્યા વિના ન રહે. કો'કને બે શબ્દથી, તો કો'કને માથે-ખભે હાથ મૂકી; કો'કનાં આંસુ લૂછી, તો કો'ક માટે આંખો મીંચી ધૂન કરી; કો'કને પ્રાસાદિક પુષ્પ-પાણી આપી, તો કો'કને માટે ચિઠ્ઠી-ભલામણ કરી... – એમ તરેહ-તરેહથી સૌનાં દુઃખ ફેડવા અધીરા થયેલા સ્વામીશ્રીનું વિશ્વંભર સ્વરૂપ મુલાકાતના મંદિરમાં દેદીપ્યમાન જણાતું.

તેનાં દર્શન કરી કૃતાર્થ થવા તા. ૨૯/૧ની સવારે આવેલા ૧૫૫ મુલાકાતીઓ પૈકીના એક મુમુક્ષુ ફડચામાં ફસાયેલા. તેમાંથી છૂટવા તેઓ આપઘાતનો માર્ગ અખત્યાર કરવા તૈયાર થયેલા, પરંતુ સ્વામીશ્રીએ તેઓને પ્રેમથી સમજાવ્યા કે 'આપઘાત તો ક્યારેય ન કરવો. મરી ગયા પછી શું? જીવતો નર સો ભદ્રા પામે. જીવતા છીએ તો બધું સારું થશે.'

સ્વામીશ્રીની આ સલાહ કાયમી રહેતી. દુઃખમાંથી મુક્ત થવા જિંદગી ટૂંકાવી દેવાનો વિચાર તેઓને મન નિષ્કૃષ્ટ કક્ષાનો હતો. આ માર્ગેથી તેઓએ હજારોને પાછા વાળેલા.

એ અર્થમાં કંઈકને જીવનદાન આપનારા સ્વામીશ્રી તા. ૩૧/૧ની રવિસભામાં પધાર્યા ત્યારે વાલીદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો રજૂ થયા. તેના અંતે આશીર્વાદ આપતાં તેઓએ એક પ્રેરક વાક્ય ઉચ્ચાર્યું કે 'आज बच्चों का

भविष्य माँ-बाप के हाथों में है, लेकिन कल माँ-बाप का भविष्य बच्चों के हाथों में है।'

ગુરુકૃપાથી સહુ કામ થાય

તા. ૨/૨ની સવારે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ વિવેકસાગરદાસ સ્વામી બોલ્યા: 'હું ઘણી વખત પ્રવચનમાં કહું છું કે શાસ્ત્રીજી મહારાજે ઝોળી માંગીને મંદિરો કર્યાં એવી ઝોળીના છેલ્લા સાક્ષી એક પ્રમુખસ્વામી મહારાજ છે.'

'અમારે દર પંદર દિવસે ઝોળી માગવા જવાનું થતું. એમાં મુઠ્ઠી-મુઠ્ઠી દાળ અને ચોખા આવે.' આમ શાહેદી પૂરી સ્વામીશ્રી સામે બેઠેલા પરદેશી સંતોને જોઈ બોલ્યા: 'તમારે તો એય અમેરિકા ને લંડન બધે...'

'એ બધું આપના પ્રતાપે જ છે ને! આપના નામે માગીએ ને લોકો આપે છે. બાકી અમને તો કોણ પૂછે?'

'અમે માગીએ કે તમે માગો અને અહીં માગે કે ત્યાં માગે, પણ બધું ભગવાન જ આપે છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના પ્રતાપે આવે છે. બાકી આપણા નામે ક્યાં કંઈ આવે એમ છે?'

પરંતુ સ્વામીશ્રીની આ વાતમાં વિવેકસાગરદાસ સ્વામીએ વાંધો ઉઠાવ્યો કે 'દિલ્હીના અક્ષરધામની વાત કરીએ તો તે તો એક આપના પ્રતાપે જ થયું છે. સેવા ક્યાંથી આવતી હતી એ આપ જ એક જાણતા હતા. લાવનારા આપ એક અને વાપરનારા અનેક.'

આ વાસ્તવિકતાનો તો સ્વયં સ્વામીશ્રી પણ ઇન્કાર કરી શકે એમ નહોતા. છતાં તેઓએ ક્રેડિટને કચડતાં કહ્યું: 'દિલ્હીનું તો ચમત્કાર જ લાગે! અક્ષરધામ કઈ રીતે થઈ ગયું એ જ ખબર પડતી નથી! પૈસા એની જાતે આવી જાય, માલ-સામાન આવી જાય, પથ્થર ખાણમાંથી નીકળે અને એની ચેઈન (સાંકળ) થઈ જાય – તે ઘડાય, ભરાય ને દિલ્હી આવે એટલે ચોટકકામ પણ થઈ જાય. ખબર જ ના પડી કે કઈ રીતે થયું?!'

'આપ કામ ગોઠવાઈ ગયું એવી વાત કરો છો, પણ મૂળમાં આપ જ ન હોત તો ક્યાંથી ગોઠવાત?'

'એ બધું શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો પ્રતાપ! યોગીબાપાનો સંકલ્પ એવો બળિયો કે પૈસા એની જાતે આવી જતા. કામ પણ

એવું ગોઠવાઈ ગયેલું કે બધું એની જાતે થયા કરે અને થોડા સમયમાં થયું એ પણ એમનો પ્રતાપ!' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના હોઠ પરથી હંમેશાં ગુરુકૃપાનો એક જ સૂર વહ્યા કરતો.

એક ભગવાન સામે દૃષ્ટિ છે

તા. ૨/૨ની સાંજે સ્વામીશ્રી અટલાદરાથી વિદાય લેવા તૈયાર થયા ત્યારે વાતાવરણમાં ઘૂમરાતા વિરહના ભાવોને વાચા આપતાં એક સંતે કીર્તન ઉપાડ્યું: *'નહીં દઉં જાવા રે, નહીં દઉં જાવા...'* આ સાંભળી ઠાકોરજીનાં દર્શન કરી રહેલા સ્વામીશ્રીએ કહ્યું: 'રહેનાર કોઈ રોકી શકતું નથી અને જનાર જતા રહે છે. આ તો બધો ક્રમ છે, પણ આ ભગવાન અહીં રાખ્યા છે એટલે અહીં જ છીએ એમ માની ભક્તિ-ભજન કરતા રહેજો.'

સત્પુરુષનું અખંડ સામીપ્ય માણવાની આ એક ચાવી આપી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે અહીં બે સંતો એક બૉર્ડ લઈ ઊભા હતા. તેમાં લખેલું: 'બાપા! વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.'

તે વાંચી સ્વામીશ્રી બોલ્યા: 'એક ભગવાન સામે દૃષ્ટિ છે એટલે બીજા તરફ ક્યાંથી હોય?'

હા, શ્રીજીમહારાજ તરફ જ દૃષ્ટિ રાખી વિચરતા સ્વામીશ્રીને સઘળી સૃષ્ટિ શૂન્ય થઈ ગયેલી.

આ રીતે તેઓ આજની સાંજે સાત વાગ્યે ગાંધીનગર આવી પહોંચ્યા.

અહીં તા. ૪/૨ની સવારે ઉતારાની પાછળ બાંધવામાં આવેલા મંડપ નીચે ભ્રમણ કરી ઓરડામાં પધારેલા સ્વામીશ્રીએ અચાનક પૂછ્યું: 'પેલો યુવક ક્યાં છે?'

આ સાંભળી આસપાસ ઊભેલા સંતો પોતપોતાની રીતે અનુમાન દોડાવી નામ બોલવા લાગ્યા. તેમાં દિલીપ નામ બોલાતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'હા, એ જ!'

સંસ્થાના કો'ક ખૂણે સેવા કરતા ભક્તો પણ સ્વામીશ્રીની અમી-નજરમાંથી છટકી ન જતા. તે જોઈ તા. ૫/૨ની સવારે પેલા સ્વયંસેવકને હાજર કરવામાં આવ્યો ત્યારે તેને પ્રેમથી આવકારતાં સ્વામીશ્રી બોલ્યા: 'આયો! અક્ષરધામ થયું ત્યારથી અહીં છે. મને તો એમ કે દેખાતો નથી એટલે જતો રહ્યો કે શું?'

પરંતુ સ્વામીશ્રીના આવા સ્નેહતંતુથી બંધાયેલો કોઈ તેઓને છોડીને કેવી રીતે જઈ શકે?

માનવરત્નોની માળા

ગાંધીનગર મુકામે તા. ૭/૨ની સાંજે યોજાયેલી રવિસભામાં 'ડૉક્ટર' નામના સંવાદની પ્રસ્તુતિ બાદ જાણે સ્વામીશ્રી દ્વારા સર્જિત માનવરત્નોની માળા જ સરકવા માંડી. તેમાંનો કો'ક મણિ ૨૭,૦૦૦ ડૉલર અને પાંચ-પાંચ ક્રેડિટ કાર્ડ ધરાવતું પાકીટ મૂળ માલિકને પરત કરી પ્રામાણિકતાનો પ્રકાશ રેલાવી રહ્યો, તો કો'ક જ્યાં મર્યાદા ચુકાતી હોય તેવા ગરબામાં ચૌદ-ચૌદ વર્ષથી ન જઈ લક્ષ્મણ જતિની ઝાંખી કરાવી રહ્યો! સરકારી વિભાગમાં પ્રતિવર્ષ ૩૫૦ કરોડ રૂપિયાની જંગી ખરીદી કરવા છતાં ભ્રષ્ટાચારમુક્ત રહેનારો એક યુવાન નૈતિકતાનું નૂર ઢોળી રહ્યો, તો યુનિવર્સિટીના પરીક્ષા નિયામકરૂપે રહેલા એક હરિભક્ત એક-એક ગુણ વધારવા બદલ મળતી લાખો રૂપિયાની લાંચને ઠુકરાવી સંસ્કારની સૌરભ પ્રસરાવી રહ્યા!

આજે સન્માનિત થયેલા આવા કંઈક સત્સંગીઓ સહિત સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'પૂજ્ય યોગીજી મહારાજ બહુ દીર્ઘદ્રષ્ટા હતા. એમનો સંકલ્પ બળિયો હતો કે આવા યુવકો તૈયાર કરવા કે જે સમાજની સેવા કરે, પોતાના કામકાજમાં પણ પ્રામાણિકતાથી કામ કરે. તેથી આજે આપણને આ જોવા મળે છે. આજના યુવાધનની બહુ જ મોટી કિંમત છે અને એ યુવાધન ખોઈ નાંખીએ તો પછી આપણે કંઈ મેળવવાનું રહે જ નહીં. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કોઈનું અહિત ન થાય, દરેકનું ભલું થાય એ રીતની માનવતા હોય અને ભગવાન જ કર્તા સમજાય તો સર્વ પ્રકારે સુખિયા, સુખિયા ને સુખિયા.'

સાબરકાંઠામાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૧૦/૨ની સવારે ૯:૫૦ વાગ્યે સ્વામીશ્રીની ગાડીએ હિંમતનગર ભણી પ્રયાણ આરંભ્યું ત્યારે સાબરકાંઠાના સદ્‌ભાગ્યની સડક ખૂલવા માંડી, કારણ કે આ જિલ્લાના તત્કાલીન તેરે-તેર તાલુકામાં વિસ્તરેલા સત્સંગવૃક્ષનું એક રસદાર ફળ આપવા આજે સ્વામીશ્રી પધારી રહેલા. તે મંદિરરૂપી મહાફળને ઝીલવા સજજ થયેલી કાંકણોલ ગામની સોળ એકરની ભૂમિનો

કણ-કણ પોતાના ભાગ્યોદયને અનુભવતાં થનગની રહેલો. આ જ સ્થિતિ આજે શામળાજીના રાજમાર્ગ પર આવેલી હિંમતનગરની સમીપવર્તી આ જમીન પર એકત્રિત થયેલા ૬,૫૭૦ યજમાનો સહિત ૨૬,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોની પણ હતી. વ્યવસાયના હેતુસર આ ક્ષેત્રમાંથી નીકળી અમદાવાદ, વડોદરા અને ઠેઠ મુંબઈ સુધી પહોંચેલા બ્રાહ્મણ, દરજી વગેરે જ્ઞાતિના હજારો ભક્તો આ અવસરે વતનના મુલકમાં આવી ચડેલા. તે સૌની આંખોમાં અંજાયેલી આતુરતાનો અંત લાવતાં સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિરની ખાતવિધિ કરવા બરાબર અગિયાર વાગ્યે ભૂમિ પર પદાર્પણ કર્યું. તે સાથે જ પોશીનાના આદિવાસી ભક્તોનાં ઢોલ ઢબૂકી ઊઠ્યાં. તેના તાલે પરંપરાગત નૃત્ય કરતા વનવાસીઓએ સ્વામીશ્રીને આવકાર્યા. તેમાં જંગી જનમેદનીનો જયઘોષ ભળતાં વાતાવરણ ગાજી ઊઠ્યું.

આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી ખાતમુહૂર્તના ગર્તની પૂર્વ દિશામાં રચાયેલા સભામંચ પર પધાર્યા ત્યારે અહીં તેઓને સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, નગરપાલિકાના પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી સહિત અનેક આગેવાનોએ ઊભા થઈ વધાવ્યા. તે સત્કાર સ્વીકારી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'આજે બધા પોતાનું તન, મન, ધન અર્પણ કરીને આવ્યા છો તો બહુ મોટું કામ થશે. ભગવાન સર્વના ઉપર રાજી થશે. તને, મને, ધને બધા સુખી થશે. આ સત્સંગ વધશે એનું પુણ્ય આપને મળશે.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી આસોપાલવનાં પાંદડાં તથા રંગબેરંગી ફૂલસેરોથી શણગારેલા ૧૨૦ X ૬૦ X ૧૨ ફૂટનું પરિમાણ ધરાવતા ગર્તમાં પહોંચ્યા ત્યારે અભિજિત નક્ષત્ર આરંભાઈ ચૂકેલું. આ શુભ મુહૂર્તને સાર્થક કરતા તેઓ મધ્ય ખંડના પાયામાં પ્રસ્થાપિત થનારી પૂર્ણા શિલાનું પૂજન કરવા લાગ્યા. તેની સાથે તેઓએ ત્રણેય ખંડના સુવર્ણરસિત નિધિકુંભ તથા ગર્તમાં મુકાનારી વારાહ, વાસ્તુદેવ, કૂર્મ, શેષ અને ગાયની સુવર્ણમંડિત પ્રતિકૃતિઓને પણ પૂજી. એ જ રીતે મંદિર-નિર્માણમાં ઉપયોગી થનારાં ઓજારો તેમ જ નકશાઓનેય પ્રાસાદિક કર્યાં. તે પછી સ્વામીશ્રીએ નિધિકુંભ પર મુકાયેલી શિલાની આસપાસ સુવર્ણરસિત લેલા વડે પાંચ વાર સિમેન્ટ પધરાવીને વિધિવત્ શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે છપૈયાની માટીમાંથી નિર્મિત ઈંટને પણ શિલાની સાથે મૂકવામાં આવી. આ ઐતિહાસિક ક્ષણને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. તેની વચ્ચે સ્વામીશ્રીએ સ્થાનિક મુખ્ય ભક્તોને બોલાવી

તેઓના હાથે પણ ગર્તમાં સિમેન્ટનો રસ રેડાવ્યો. તે વખતે તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા : 'તમારો સંકલ્પ પૂરો થયો. આ બક્ષિસ આપી દીધું.'

આમ, ૮૯ વર્ષની વૃદ્ધ વયે પણ એક નૂતન શિખરબદ્ધ મંદિરના શ્રીગણેશ કરી સ્વામીશ્રીએ બપોરે સાડા બાર વાગ્યે ગાંધીનગર જવા વિદાય લીધી ત્યારે સાબરકાંઠાના શિર પર સોનાનો સૂરજ ઝળહળી રહ્યો.

ચીવટ અને ઝીણવટ

તા. ૧૧/૨ના રોજ સ્વામીશ્રી અક્ષરધામના પરિસરમાં તૈયાર થઈ રહેલા વૉટર શૉની કાર્યવાહી નિહાળવા પધાર્યા, પરંતુ તેઓ જ્યારે નિરીક્ષણ કરે ત્યારે દિલ અને દિમાગ બંને ચાલે. તેથી કાર્યમાં શ્રેષ્ઠતાની સાથે પૂર્ણતા પણ આવી વસે. તેઓની આવી શૈલીમાંથી જ આજે એક સૂચન સર્યું. વૉટર શૉ જોવા માટે નિર્માણ પામેલા સ્ટેડિયમની સોપાનપંક્તિઓ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આ પગથિયાં લસરે એવાં છે અને વૃદ્ધો ઉપર કઈ રીતે ચડી શકશે ? માટે નીચેના ભાગમાં થોડીક બેઠકો પહેલેથી જ અનામત રાખવી, જેથી વૃદ્ધોને બેસવાનું અનુકૂળ પડે.'

પ્રત્યેક કાર્યમાં ઝળકતી સ્વામીશ્રીની આવી ચીવટ અને ઝીણવટનો પુરાવો તા. ૧૨/૨ની સવારે પણ મળ્યો. શિવરાત્રિના આ દહાડે બાવળાના નવનિર્મિત મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી નિજનિવાસમાં પધારેલા સ્વામીશ્રી મુલાકાતોમાં પરોવાયા ત્યારે તેઓ પાસે ૪૫ વર્ષીય માદમ મહમ્મદ આવી પહોંચ્યા. આ મુરબ્બીના અહીં આવવા પાછળની પાર્શ્વભૂનો પાયો અઢાર વર્ષ પૂર્વે નંખાયેલો !

એ સમયે ઊજવાઈ રહેલા યોગી શતાબ્દી મહોત્સવ દરમ્યાન કેટલાંક અખબારોએ ભળતા જ સમાચાર ચમકાવેલા કે *'પ્રમુખસ્વામીની તબિયત અત્યંત નાદુરસ્ત છે અને તબીબોએ અઢાર કલાક તો આરામ કરવાનું જ કહ્યું છે.'*

આ ખબર મળતાં આજે આવેલા મુસ્લિમ યુવકનું હૈયું વલોવાઈ ગયેલું. તેઓએ સ્વામીશ્રી પ્રત્યેના અનહદ આદરને કારણે તરત જ પત્ર લખી દીધેલો કે –

'સ્વામીજી ! મેં એવું સાંભળ્યું છે કે અઢાર કલાક આપને આરામ કરવો પડશે. આ સમાચારથી મારા હૃદયને ઘણો આઘાત લાગ્યો છે. આપના જેવા સંતની અહીં ખૂબ જ જરૂર છે. એટલે જ હું ખુદાને અરજ

કરું છું કે મારી બધી જ ઉંમર આપને લાગી જાય અને આપનાં દર્શનની પણ મને ઇચ્છા છે. તે માટે હું બે, પાંચ, દશ વર્ષ પણ રાહ જોઈશ. આપના જવાબની પણ હું રાહ જોઈશ.'

આ પત્રનો પ્રતિભાવ સ્વામીશ્રીએ સમૈયાની વ્યસ્તતા વચ્ચે સત્વરે આપી દીધેલો. તેની નોંધ પણ એ કાગળ પર ટાંકી દેવાયેલી, પરંતુ રોજેરોજ ઠલવાતા થોકબંધ પત્રોમાં આ કાગળ ક્યાંક સંતાઈ જતાં પત્ર-પરિચારક દ્વારા લેખિત પ્રત્યુત્તર નહોતો મોકલાયો. છતાં અંતરની આરતના આધારે તરતો રહેલો એ પત્ર, અમુક નિશ્ચિત સમયાવધિ બાદ નાશ કરી દેવાતા પત્રસમૂહની હડફેટે પણ ન ચડ્યો અને તાજેતરમાં સ્વામીશ્રીના અટલાદરાના નિવાસ દરમ્યાન એક કબાટમાંથી પત્ર-પરિચારકને હાથ લાગેલો! આ ઘટનાક્રમની જાણ સ્વામીશ્રીને થતાં તેઓએ તરત પૂછેલું: 'આ યુવકને આપણે કાગળ લખ્યો નહોતો?'

'ઉત્તર તો આપે લખાવેલો જ, કારણ કે પત્ર પર તેની નોંધ છે; પરંતુ રૂબરૂ બોલાવવાનો મેળ પડ્યો નહીં હોય.'

સંતોનો આ ખુલાસો સાંભળી સ્વામીશ્રીએ એ યુવાનને મુલાકાત માટે બોલાવી લેવા આદેશ આપેલો. તે અનુસાર એ મુસ્લિમ યુવકની ભાળ કાઢી સ્વામીશ્રીના દીદાર કરવાની તેની ઉમ્મીદ બર લાવવાનાં ચક્રો ગતિમાન થયાં. પરંતુ અઢાર વર્ષ બાદ સરનામું ફરી જતાં પત્ર પર લખેલા સ્થળે સંપર્ક સાધી ન શકાયો. છેવટે સરકારી દફતરના આધારે આ યુવાનના પિતાનું ઠેકાણું હાથ લાગ્યું. તેના આધારે આ યુવકના ઘેર અક્ષરધામના સ્વયંસેવકો શ્રી જાગ્રતભાઈ તથા નીતિનભાઈ છનિયારા પહોંચ્યા અને 'સ્વામીશ્રી મળવા બોલાવે છે' તે સબબનો સંદેશો સંભળાવ્યો ત્યારે આ મુસ્લિમ બિરાદર ગદ્‌ગદિત થઈ ગયા.

પોતા પર આવતા એકેએક પત્રને યોગ્ય ન્યાય આપવાની સ્વામીશ્રીની પ્રકૃતિના કારણે આજે સ્વામીશ્રી સુધી પહોંચેલા આ પાક બંદાએ સ્વામીશ્રી સમક્ષ એ જ વાત દોહરાવી કે 'આપની બીમારીનું બયાન વાંચી મારું હૃદય હચમચી ગયું હતું. તેથી મેં કાગળ લખેલો. આજે મને આનંદ થાય છે કે ભગવાને મારી પ્રાર્થના સાંભળી ને એ ભગવાન પ્રમુખસ્વામીમાં પણ હાજર છે.'

આવી જ આરઝૂ શ્રી માદમની સાથે આવેલા તેઓના કાકાએ પણ વહાવી કે 'ખુદા પ્રમુખસ્વામી જેવા ઓલિયાને કાયમ આ પૃથ્વી પર રાખે.

માનવજાતનું એમાં જ કલ્યાણ છે.'

અહોભાવમાં ગરકાવ આ બિરાદરો પર દુઆ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન દરેકમાં રહીને કામ કરે છે, તો તમને પણ આશીર્વાદ છે. ભગવાન તમને સફળતા અને યશ આપશે.'

આ કૃપાવર્ષાથી પોતાની જાતને ધન્ય સમજતા આ બંને બંદાઓ વિદાય થયા ત્યારે સૌના મનમાં વિવિધ ધર્મની વ્યક્તિઓના અંતરમાં અંકાયેલી સ્વામીશ્રીની અમીટ છાપની સાથે સાથે સ્વામીશ્રીની ચોકસાઈભરી કાર્યશૈલી પણ રમી રહી.

તેથી જ એક સંત બોલી ઊઠ્યા: 'બાપા! નાનામાં નાની વાતને આપ પૂર્ણતા તરફ લઈ જવા જે ચીવટ રાખો છો એ જ સંસ્થાની પ્રગતિનું કારણ છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'એ મુસલમાનની ભક્તિ હતી તો ૧૮ વર્ષે પણ મહારાજે સાંભળી, તેમ એમને પત્ર લખાયો કે નહીં એ ફરજ બજાવવી તે આપણી ભક્તિ છે. કોઈએ પત્ર લખ્યો હોય એને જવાબ લખવો એ આપણી ફરજ છે.'

ભક્તિ અને ફરજની આ ભાવના સાથે સાત લાખથીયે વધુ પત્રો વાંચી-લખી લાખોને સુખ-સંતોષ આપનારા સ્વામીશ્રીનું ઋણ ચૂકવવાની તો વાત જ શું કરવી!

અક્ષરધામ આપણા માટે છેટું નથી

આ અરસામાં અક્ષરધામના આંગણે આકાર લઈ રહેલો સત્-ચિત્-આનંદ વૉટર શૉ નગરચર્ચાનો વિષય બની ગયેલો. હજી તો તેનું વિધિવત્ ઉદ્ઘાટન થવાને દોઢેક મહિનાનો વિલંબ હતો, છતાં તેનાં આકર્ષણનાં મોજાં દરેકના હૈયે ઊછળવાં માંડેલાં. તેમાં તા. ૧૫/૨ની સાંજે યોજાયેલો વાસ્તુહોમ ભરતી લઈ આવ્યો.

કોઈ પણ પ્રકલ્પને વૈદિક પરંપરા અનુસાર આગળ ધપાવવાના આગ્રહી સ્વામીશ્રીની રુચિ અનુસાર આજે આ બેનમૂન વૉટર શૉનો પૂજન-વિધિ સાંજે ચાર વાગ્યાથી મહંત સ્વામીની ઉપસ્થિતિમાં આરંભાઈ ગયો. તેઓની સાથે ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામી પણ યજ્ઞવેદિકામાં અગ્નિ, ગ્રહ, રુદ્ર, બ્રહ્મા વગેરેની પૂજા બાદ જવ, તલ, ઘી ઇત્યાદિ હુતદ્રવ્યોનો હોમ કરી રહેલા. ચલ ચોઘડિયામાં સ્વામીશ્રી પધાર્યા

ત્યારે તેઓને પણ નાડાછડી બાંધી ભાલમાં યજ્ઞકુંડની ભસ્મનો ચાંદલો કરવામાં આવ્યો. તે પછી વિધિમાં પરોવાયેલા સ્વામીશ્રીએ કાષ્ઠના સરવા પર ટેકવેલા શ્રીફળને અગ્નિમાં હોમ્યું.

આ વિધિ બાદ તેઓએ વૉટર શૉ માટે ખાસ તૈયાર કરાયેલા ઍમ્ફી થિયેટરમાં ઉપસ્થિત આમંત્રિતોને સંબોધતાં કહ્યું:

"અહીં કાર્ય થયું છે ને થોડું બાકી છે, પણ આ મુહૂર્ત સારું હતું. એટલા માટે યજ્ઞ કરી આ કાર્યનો આરંભ કરવો એમ હોવાથી આજે આ આયોજન થયું છે. સાહેબે (શ્રી ઈવ પીપાએ) કહ્યું કે 'અમારે કાર્ય અધૂરું છે;' પણ આપણે તો બધા મહારાજના આશ્રિત છીએ, શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજ મળ્યા છે, એટલે કોઈ કામ બાકી છે જ નહીં! આપણું કાર્ય તો પૂર્ણ જ થઈ ગયું છે. હવે તો જેટલું ભગવાનનું સુખ લઈએ એટલો આનંદ છે. અધૂરું માનવું જ નહીં. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન મળ્યું ને અધૂરું માનીએ તો એ આપણી ભૂલ છે. માટે આપણે બધાએ તો આનંદમાં રહેવાનું છે. આપણું દર્શન કરશે તે પણ તરશે. એટલે આપણું કાર્ય તો પૂર્ણ થયું છે અને ઠેઠ અક્ષરધામમાં આપણો વાસ થયો છે. આપણે તો અક્ષરધામમાં જ બેઠા છીએ. અક્ષરધામ આપણા માટે છેટું નથી, એટલે આનંદમાં રહેવાનું છે કે આપણે કાંઈ અધૂરું છે નહીં.

આ કાર્ય બધાએ મહેનતથી, બહુ ઝીણવટથી કર્યું છે, તો એમને (શ્રી પીપાને) શાંતિ થઈ, સંતોષ થયો અને એમણે પોતાની ઘણી મોટી ફી પણ લીધી નથી, સેવામાં કર્યું છે. આશીર્વાદ લેવા માટે કર્યું છે. પરદેશના માણસોને આવો વિચાર ન થાય, પણ આપણું કાર્ય એવું છે કે એમાં બધાને પ્રેરણા થાય. આપણે તો એમને ફી લેવા ઘણું કહ્યું, પણ એમને એક ઉમંગ-ઉત્સાહ કે 'આ મારી સેવા.' હજારો લોકો આ જોશે એનું પુણ્ય એમને મળશે, જેણે-જેણે આમાં સેવા-સમર્પણ કર્યું છે એ બધાને મળશે.

અહીં જે કાર્ય થયું એમાં આધ્યાત્મિક વાત છે. ઉપનિષદમાં જે વાત આવે છે એ સંવાદ અહીં મૂક્યો છે. મનમાં આવ્યો ને ગોઠવી દીધો એવું નથી. આ વૉટર શૉ દેખાવ માટે, લોકોને બતાવવા, મહત્તા મેળવવા માટે કર્યો નથી, પણ એક જ વસ્તુ છે કે આમાંથી જો જ્ઞાન લઈને જાય તો જીવ સુખિયો થઈ જાય."

આમ, વૉટર શૉની ચાર હજાર જેટલી નોઝલમાંથી જળના ફુવારા ઊડે

તે પહેલાં તો સ્વામીશ્રીના હૈયેથી કલ્યાણભાવના ઊછળી આવી. પાણી, પ્રકાશ અને પ્રોજેક્શનની ત્રિવેણીમાં સૌને ડુબાડનારા આ શૉની આશરે બે હજાર લાઇટ્સ ચમકે તે પહેલાં તો સ્વામીશ્રીની નિઃસ્વાર્થ ભાવના ઝળહળી ઊઠી.

તેના ઉજાસમાં આશરે ૨૦૦ ફૂટના પહોળા પટે પથરાવાની સાથે ૬૦ ફૂટની ઊંચાઈ પકડતા વૉટર સ્ક્રીન પર કઠોપનિષદમાં સમાયેલું નચિકેતાનું આખ્યાન પ્રસ્તુત થવા માંડ્યું ત્યારે દર્શકો દંગ રહી ગયા. સ્વયં સ્વામીશ્રી પણ આ પ્રકલ્પના સંયોજક શ્રી પીપા તથા તેઓના સાથીદારોને અભિનંદન આપતાં બોલી ઊઠ્યા: 'વેરી નાઇસ, વેરી ગુડ (ખૂબ સુંદર)! આપે દિલથી કામ કર્યું છે. ફર્સ્ટ ક્લાસ થયું છે! જે જોશે એને શાંતિ થશે, પ્રેરણા મળશે. અહીં માણસો તણાઈને આવશે. બેસનારાની જગ્યા નાની પડશે.'

આ આગાહી સાથે જનકલ્યાણના એક અજોડ પ્રકલ્પમાં પ્રાણ ફૂંકી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે તેઓની ક્રાંતદર્શી સંત તરીકેની પ્રતિભા અધિક ઊંચે ચડી ગઈ.

લોકો સુખી થાય એ આશય છે

ગાંધીનગરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શન માટે રાજ્યના મંત્રીઓ, સચિવો, અધિકારીઓ વગેરેની આવન-જાવન સતત રહી. વળી, આ અરસામાં ગુજરાતની સ્થાપનાનાં પચાસ વર્ષ પૂર્ણ થતાં સરકાર દ્વારા સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમની ઉજવણી થવાની હતી. તેની માહિતી આપતાં રાજ્યના મુખ્ય સચિવ શ્રી એ. કે. જ્યોતિએ તા. ૧૭/૨ના રોજ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આ આયોજનમાં આપની સંસ્થાનો સહકાર અમે ઇચ્છીએ છીએ. આપ આમાં ભળશો તો અમે બોલાવીશું એના કરતાં પણ વધારે લોકો એમાં આવશે.'

આવાં જ કંઈક અરમાન સાથે તા. ૨૨/૨ના રોજ રાજ્યના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ પણ આશીર્વાદ લેવા દોડી આવ્યા.

આમ, નેતાથી માંડી નાગરિક સુધીના સૌ માટે એક અમર આશારૂપ બની રહેલા સ્વામીશ્રીને તા. ૨૫/૨ની સવારે અમેરિકાના નિર્માણાધીન અક્ષરધામની જરૂરી ઊંચાઈ અંગે સરકારી પરવાનગી મળી ગયાના સમાચાર પ્રાપ્ત થતાં તેઓ અત્યંત હરખાઈ ઊઠ્યા. તેઓએ આ ખબરથી સૌને વાકેફ કરવાની ઇચ્છા દર્શાવતાં પ્રાતઃપૂજા બાદ જ્યારે આ વિગત જાહેર કરવામાં

આવી ત્યારે સૌ સાથે સ્વામીશ્રીએ પણ તાળી વગાડી તેને વધાવી.

આ આનંદ સાથે આજે ભોજન ગ્રહણ કરવા બિરાજેલા તેઓની વૃત્તિ જમવામાં રહી જ નહોતી. તેઓને તો અક્ષરધામનો ઘટનાક્રમ જાણવામાં રસ હતો. તેથી તેઓએ આ કાર્યવાહીમાં સંલગ્ન અમેરિકાના કાર્યકર્તાઓ શ્રી કનુભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ વગેરેને ફોન જોડાવી લગભગ પોણો કલાક સુધી તમામ કાર્યવાહી સાંભળી. અંતે તે સૌ પર પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણું જ્ઞાન સાચું છે, આપણી વાત સાચી છે અને મહેનત પણ સાચી છે, અને ભગવાનને રાજી કરવા છે એટલે કોઈ જ વાંધો નહીં આવે. નક્કર કામ છે, ભક્તિ કરવી છે અને લોકો સુખી થાય એ આશય છે એટલે કોઈ જ વાંધો નહીં આવે. નાનાં-મોટાં વિઘ્ન આવે તોય વાંધો નહીં આવે. સંપ, સુહૃદભાવ અને એકતા રાખીને એકબીજાની રુચિ સમજી કામ કરજો એટલે કોઈ વાંધો નહીં આવે અને જયજયકાર થઈ જશે.'

નિર્વિઘ્ન ઇતિશ્રીના આ આશીર્વાદ પાઠવી સ્વામીશ્રીએ કોઈ ભરચક સભામાં જયનાદ ઝિલાવતા હોય તેમ ફોનમાં સમગ્ર પરંપરાની જય ગજવી. ત્યારબાદ તેઓએ છેલ્લે ત્રણ વાર 'અક્ષરધામ મહોત્સવની જય જય જય...' બોલી પોતાનો ઉમંગ વ્યક્ત કર્યો. તે સાથે જ તેઓ આજની સાંજે સવા સાત વાગ્યે સારંગપુર આવી પહોંચતાં અહીં પણ યજ્ઞપુરુષને દ્વાર નોબતો ગાજવા માંડી.

નમ્ર આઠે જામ છે

સારંગપુરમાં સ્વામીશ્રીના આગમનનું પ્રયોજન ફૂલદોલોત્સવ હોવાથી તેઓએ અત્રે આવતાંવેંત તા. ૨૬/૨ની સવારે સમૈયાના વ્યવસ્થાપકોની એક બેઠક યોજી દીધી. તેમાં રસોડા વિભાગના બ્રહ્મતીર્થદાસ સ્વામીએ પૂર્વતૈયારીની વિગત જણાવતાં કહ્યું: 'આ વખતે મહાપ્રસાદરૂપે સૌને ખીચડી અને છાશ આપવાની છે. તેમાં દાળ-ચોખા આપના તરફથી આવે છે એ જ વાપરવાના છીએ.'

'આપના તરફથી કાંઈ આવતું નથી. બધું હરિભક્તો તરફથી આવે છે, મહારાજની દયાથી આવે છે એમ સમજો.'

'આ સંસ્થા આપની છે, હરિભક્તો પણ આપના છે, એટલે આપના તરફથી જ કહેવાય ને!'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સંસ્થા છે. એમની કૃપા ને સંકલ્પે હરિભક્તો આપણને આપે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સંસ્થાના સફળ સૂત્રધાર તરીકે છ-છ દાયકા વિતાવ્યા પછી પણ તેઓની આ સમજ રહેલી.

તેઓની આ નમ્રતાથી અંજાયેલા અને આકર્ષાયેલા ૮૦,૦૦૦થી વધુ ભક્તો તા. ૧/૩ના રોજ રંગોત્સવ નિમિત્તે દોડી આવ્યા. આ સભામાં પહોંચવા સ્વામીશ્રી સાંજે સાડા ચાર વાગ્યાથી ઉતાવળ કરવા લાગ્યા, પરંતુ વાતાવરણની વાસ્તવિકતા જણાવતાં ડૉક્ટરે કહ્યું: 'બહાર તાપ બહુ જ પડે છે.'

'મને પણ દેખાય છે.'

'ગરમી પણ બહાર એટલી જ લાગે છે.'

'જે લોકો સભામાં બેઠા હશે એનું શું થતું હશે?'

'એ બધાને ગરમી તો લાગતી જ હશે, પણ આપ રક્ષા કરશો ને!'

'એ લોકોની રક્ષા હું કરીશ તો મારી નહીં કરું?'

સ્વામીશ્રીના આ તર્ક સામે સૌની બુદ્ધિ બુઠ્ઠી બની રહી. સૌ શૂન્યમૌન થઈ ઊભા રહી ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'જે લોકો સભામાં બેઠા છે એ બધાના દેહ પણ લોઢા-લાકડાના તો નથી જ ને! એ બધા શ્રદ્ધાથી બેઠા છે તો આપણને શું વાંધો આવવાનો છે?'

જે વેગ અને વેધકતાથી સ્વામીશ્રીના હોઠે શબ્દો ફૂટી રહેલા તે જોઈ તેઓને ઉત્સવ-સભામાં લઈ જવાનાં ચક્રો ગતિમાન થયાં. તેને અનુસરતાં સ્વામીશ્રી આશરે સવા પાંચ વાગ્યે ઉતારાની બહાર પધાર્યા ત્યારે મોર, ફૂલ અને ઝગમગતી ઝીણી બત્તીઓની સેરોથી શણગારેલી ગાડી જોઈ તેઓ કહેવા માંડ્યા: 'ગાડીને આવા શણગાર કરવાની કંઈ જ જરૂર નહીં. ડેકોરેશન વળી શું કરવાનું? સાધુને એ શોભે જ નહીં, એટલે કરવાનું જ નહીં. આપણે સાધુને તો સાદું એટલું સારું.'

સાદગીનો આ રંગ ઢોળતાં ઢોળતાં સ્વામીશ્રી ફૂલદોલોત્સવમાં પધાર્યા.

કર્યો રંગ-ઉત્સવ રૂડી રીતે

જ્યારે સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે ચારેકોરથી ઊમટી રહેલો ભક્તપ્રવાહ સમૈયાના મેદાનનું માપ વળોટી વહેતો હતો. તેનું જ પ્રતિબિંબ મંચની પાર્શ્વભૂમાં ઝિલાઈ રહ્યું હોય તેમ અહીં પણ ઉન્નત ગિરિશૃંગોને

વીંધીને રંગની ધારાઓ અત્ર-તત્ર વહી રહેલી. એ રંગધોધ જ જાણે સાડા સાત વાગ્યે એલ.ઈ.ડી. લાઈટથી ઝબકતી અને મીનાકારી નકશીવાળી સ્વામીશ્રીની પિચકારીમાંથી વછૂટવા લાગ્યો.

આ પવિત્ર રંગવર્ષામાં આજે તરબોળ થવાનું હોવાથી ભક્તોનો ઉત્સાહ અદમ્ય હતો. તેમાં વળી આ વખતે વિશિષ્ટ કારીગરી કરીને 'રંગ'મંચને મુખ્ય મંચથી આશરે ચાલીસ ફૂટ આગળ લાવી દેવાતાં સ્વામીશ્રી સભા વચ્ચે બિરાજીને જ રંગ છાંટી રહ્યા હોય તેમ અનુભવાતું હતું.

આ લાભ આજે સૂર્ય-ચંદ્ર પણ લૂંટવા લાગ્યા, કારણ કે સાડા સાત વાગ્યાથી શરૂ થયેલું રંગવર્ષણ રાત્રે નવ વાગ્યા સુધી ચાલ્યું! તેથી જેમ રાજમાર્ગ પર સરકતી સવારી જોવા રસ્તાની બંને બાજુ ઊભેલી ઇમારતોની અટારીએ લોકો ઊમટી પડે, એમ સ્વામીશ્રીના રંગોત્સવને નિહાળવાનો લાભ પૂર્વ બાજુએથી ચંદ્રે ઉઠાવ્યો તો પશ્ચિમેથી રવિએ. સૂર્યાસ્તથી ચંદ્રોદય સુધી ચાલેલી આ રંગની ઝડી વરસાવતા પૂર્વે સ્વામીશ્રી આશીર્વાદમાં બોલેલા કે 'આપણે હવે રંગ-ઉત્સવ કરવાનો છે. તમેય એને માટે આવ્યા છો અને અમેય એને માટે આવ્યા છીએ એટલે બેયને ઉત્સાહ છે ને સમય આવ્યો છે તો ધક્કામુક્કી કરતા નહીં, શાંતિથી આવજો. ધીરજનાં ફળ મીઠાં, મીઠાં, મીઠાં ને મીઠાં. માટે હવે લાભ લઈ લેજો.'

પોતાના આ વચન અનુસાર આજે મીઠપના મેઘ ખાંગા કરવામાં સ્વામીશ્રીએ કશી મણા ન રાખી.

તમે છો સર્વ વાત સુજાણ

ફૂલદોલોત્સવ બાદ બે-ત્રણ દિવસ સુધી સ્વામીશ્રીના દૈનિક કાર્યક્રમમાં સંસ્થાકીય મીટિંગોનો મારો ઘણો રહ્યો. તેની વચ્ચે તેઓએ સત્સંગ પ્રવૃત્તિ અને બાળપ્રવૃત્તિના સંત નિર્દેશકોની શિબિરને પણ ધન્ય કરી. તેથી પરવારી સ્વામીશ્રીએ તા. ૫/૩ની રાત્રે ભોજન ગ્રહણ કર્યું ત્યારે મહેળાવથી આવેલા બે પ્રાસાદિક હાર પહેરાવવા સંતો નજીક આવ્યા, પરંતુ તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'એક હાર મહંત સ્વામીને પહેરાવો.'

આ રીતે મહંત સ્વામી પ્રત્યે પોતાનો સ્નેહભાવ દર્શાવી તેઓ તા. ૮/૩ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજને આદિવાસીનો પરિવેશ ધારણ કરાવવામાં આવેલો. માથે પાઘ પણ એ જ શૈલીની હતી

અને હાથમાં આયુધરૂપે ફરસી આપેલી, પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આદિવાસી હોય એ હાથમાં ફરસી રાખે?'

'ના, તેઓ તો તીર-કામઠાં રાખે, પણ અહીં એ ન હોવાથી ફરસી મૂકી છે.' સંતોએ ખુલાસો કર્યો.

આમ, સર્વ વાતે સુજાણ સ્વામીશ્રી પ્રદેશ-પ્રદેશ અને કોમ-કોમની લાક્ષણિકતાઓના અચ્છા જાણકાર હતા. તેની સાથે દૃષ્ટિ એવી સૂક્ષ્મ કે એક જ નજરમાં ખૂબી-ખામી સઘળું ઝડપી લે.

તેઓની આવી નજરમાં તા. ૧૦/૩ની સવારે ૪૨ સુશિક્ષિત નવયુવાનો ખરેખરા 'ઝડપાયા.' તેમાંથી ૨૧ યુવકોને સ્વામીશ્રીએ શ્વેત ઉત્તરીય ઓઢાડી પાર્ષદી દીક્ષા આપી અને અન્ય એકવીસને ભગવાં ધરાવી સંત બનાવ્યા. તેનો આનંદ વ્યક્ત કરતાં તેઓએ અમૃતધારા વરસાવી કે –

'જોગી મહારાજની આજ્ઞાથી બાળ મંડળ, યુવક મંડળ ચાલે છે તો એમાં આવા બાળકો, યુવકો બહુ તૈયાર થાય છે. બધા ભણેલા-ગણેલા છે, ડિગ્રીઓ મેળવેલી છે, નોકરી-ધંધો કરે તો ઘણો સારો પગાર મળે, છતાં મા-બાપે બહુ જ પ્રેમથી સમર્પણ કર્યા છે. કેટલાકે તો એકના એક દીકરા આપી દીધા છે. આવું કાર્ય થવું બહુ મુશ્કેલ છે. શ્રદ્ધા, વિશ્વાસ ને સત્સંગની દૃઢતા થઈ હોય તો આ કામ થાય એવું છે. જેમ છોકરાનાં લગ્ન થતાં હોય ને બધા ભેગા થાય એવો આજે બધાને ઉત્સાહ છે. લગ્ન કરતાં પણ આ અધિક મોટો ઉત્સવ કહેવાય. તો ભગવાનની દયાથી જેણે જેણે દીકરા અર્પણ કર્યા છે એ બધાનું ભગવાન ધ્યાન રાખશે ને આ સંતો પણ એકાંતિક ધર્મ સિદ્ધ કરે, સત્સંગ કરે, કરાવે.'

આમ, દીક્ષાના આ અવસરે સર્વત્ર ખુશાલી વ્યાપેલી ત્યારે એક અનિચ્છનીય બનાવ એ બન્યો કે અહીં લાભ લેવા આવી રહેલા અમદાવાદના સહનિર્દેશક તથા હીરાવાડી મંડળના નિરીક્ષક, સંચાલક અને સંપર્ક કાર્યકર એક અકસ્માતમાં અક્ષરવાસી થયા. આ સમર્પિત કાર્યકર્તાઓને પણ સ્વામીશ્રી ન ભૂલ્યા અને તેઓએ કાર્યકરોની સેવાને અંજલિ આપતાં ધૂન કરાવી. એટલું જ નહીં, ઉતારે પધારી સ્વામીશ્રીએ પ્રત્યેક દિવંગત સત્સંગીના કુટુંબીઓને ફોન જોડી આશ્વાસન તેમ જ આશીર્વાદ પાઠવ્યાં. તે વખતે તેઓના મુખેથી શબ્દો સરતા રહ્યા: 'તમને દુઃખ થયું એમ અમનેય દુઃખ થયું છે. દીકરો તમારો હતો એમ અમારોય હતો. તમારા પરિવારના હતા એમ અમારા પરિવારના પણ હતા. અહીંયાં સંતોને દીક્ષા આપી છે એમ અમે એમને

અક્ષરધામની દીક્ષા આપી છે.'

સ્વામીશ્રીના આ સાંત્વનથી સ્વજનના વિયોગની આગમાં બળતાં હૈયાં ચંદનલેપની શીતળતા અનુભવી રહ્યાં.[૨૮]

આવો વિચાર આવે એય ખોટું

તા. ૧૧/૩ની સવારે ભોજન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ નીલકંઠ-સેવાદાસ સ્વામીએ વાત ઉપાડી કે 'પ્રમુખપર્વ દરમ્યાન અમારા વર્ગે 'આપને શાંતિ માટેનું નોબલ પારિતોષિક મળવું જોઈએ' વિષયક પરિસંવાદ કરેલો.'

આ પૂર્વભૂમિકા બંધાતાં જ સામે બેઠેલા અન્ય સંતો 'સ્વામીશ્રીને આ ઇલકાબ મળવો જોઈએ'ની તરફેણમાં સચોટ રજૂઆત કરવા લાગ્યા. તેને સ્વામીશ્રી કોઈ પ્રતિભાવ આપ્યા વિના સાંભળી રહ્યા. તે જોઈ એક સંત બોલ્યા: 'આપને શાંતિ અંગેનું નોબલ પ્રાઇઝ મળવું તો જોઈએ જ! ભલે આપની ઇચ્છા ન હોય તો આપે ના પાડી દેવાની. એનાથી પણ લોકોને વિશેષ પ્રભાવ તો પડે જ અને સત્સંગ અનંતગણો વધી જાય.'

'આવો વિચાર આવે એય ખોટું છે. વિચાર જ ન આવવો જોઈએ.' મહત્તાની વાતનું મૂળ ઉખાડતાં આટલું કહી સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના આશીર્વાદ મળ્યા એનાથી વધારે બીજું છે જ શું? બીજા આવું કરે એવો જે વિચાર આવે છે એ પણ ખોટ છે. આપણે કોઈને ભલામણ કરવા જતા નથી, પણ મનમાં આવી ઇચ્છા થઈ એ પણ ખોટ છે. એ ઇચ્છા જ શા માટે થવી જોઈએ?'

સ્વામીશ્રીની આ નોબલ (ઉમદા) ભાવના સાંભળી સંતોએ કહ્યું: 'આપને પ્રસિદ્ધિ મળે એવી ઇચ્છા અમારે તો રાખવી જ જોઈએ ને! આપ ઇચ્છા ન કરો એ આપની મહાનતા છે, પણ શિષ્યો તો પ્રયત્ન કરે ને!'

'એવી ઇચ્છા જ કરવાની જરૂર નહીં.'

આમ, સ્વામીશ્રીએ પોતાનો મુદ્દો પકડી જ રાખ્યો ત્યારે સંતોએ જણાવ્યું: ''આપ એક વાર એવું બોલ્યા હતા કે 'મને તો નોબલ પ્રાઇસ(પ્રાઇઝ)ના

---

૨૮. સારંગપુરની ધન્ય ધરા પર સ્વામીશ્રીએ રેલાવેલી રંગડાની રેલથી ભીંજાવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રાઇસના પ્રાઇસ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ મળ્યા!' એમ અમારા માટે પણ આપ પ્રાઇઝના પ્રાઇઝ મળી ગયા.''

'હા, હું તમને મળ્યો અને તમે અમને મળ્યા એ જ નોબલ પ્રાઇસ!' સ્વામીશ્રીએ કહ્યું.

આ સેવાથી આપણો છેલ્લો જન્મ

તા. ૧૨/૩ની સવારે કાછલ તથા પાળજ ગામનાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત પૂરી સ્વામીશ્રી તા. ૧૪/૩ના રોજ કાર્યકર અભિવાદન સમારોહમાં પધાર્યા. ફૂલદોલોત્સવ પ્રસંગે સેવા આપનારાં બાઈ-ભાઈ કાર્યકર્તાઓને બિરદાવવા યોજાયેલા આ સમારંભમાં તેઓએ આશીર્વાદ આપ્યા કે –

'અક્ષર-પુરુષોત્તમની સેવા આપણને મળી છે એ આપણાં ભાગ્ય છે. આ સેવા કરીએ એટલે આપણો છેલ્લો જન્મ! કોઈ કહે, 'તું ત્યાં ગયો તે શું લાભ મળ્યો? નજીકથી દર્શન તો થયાં નહીં. જમવામાં તારી વ્યવસ્થા ન થઈ...' એવું બોલે, પણ આ સેવાથી આપણા પરિવાર સાથે આપણું કલ્યાણ થાય ને સારું થઈ જશે. તમે તને કરીને સમૈયા-ઉત્સવમાં સેવા કરો છો, મનથી સૌને વિષે નિર્દોષભાવ રાખીને સેવા કરો છો અને પૈસાથી પણ એટલી જ તમારી સેવા છે, એટલે બહુ ધન્યવાદ છે!'

આ અભિનંદનને અનુસરતાં સ્વામીશ્રી તા. ૧૭/૩ની સવારે ચેન્નાઈના મંદિરની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી તા. ૧૯/૩ના રોજ પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે તેઓની પિછવાઈમાં એક ઘરમંદિર મૂકવામાં આવેલું. તેની સાથે ચાર ખૂણે ઊભા કરાયેલા ચાર સ્તંભોને કલાત્મક કમાનોથી સાંકળી કાષ્ઠમંડપ પણ ખડો કરવામાં આવેલો. તેની નીચે જ સ્વામીશ્રીનું આસન સજાવેલું. તેથી સૌને આ શોભા ગમી ગઈ, પણ સ્વામીશ્રીને તે ખૂંચી, કારણ કે તેઓની પાછળ રખાયેલું ઘરમંદિર નીચું હોવાથી તેમાં પધરાવેલી મહારાજની મૂર્તિને પોતાની પીઠ આવશે તેમ સ્વામીશ્રીને જણાયું.

આ બાબતે તેઓએ વ્યવસ્થાપક સંતને ઠાકોરજીની મર્યાદા જાળવવા ત્યાં ને ત્યાં જ ટકોર કરી.

આ જ વાત સાંજે પણ દોહરાવતાં સ્વામીશ્રીએ તે સંતને કહ્યું: 'પૂજા કરવા બેઠો ત્યારે તો મને થતું હતું કે 'શું થશે?... શું થશે?...' માટે ધ્યાન રાખવું. ગોઠવનારા નવા હોય, પણ આપણે સમજવું જોઈએ.' આમ કહી

સ્વામીશ્રીએ તે સંતને જણાવ્યું: 'ઠાકોરજીને માફીના પાંચ દંડવત્ કરી લેજો.'

તેઓને ભક્તિમાં થયેલો રંચમાત્ર ભંગ પણ આટલો ચચરતો.

શ્વાસ ઉશ્વાસે એ જ સ્મરણ

તા. ૨૧/૩ની સાંજે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી પર દિલ્હીના સંતોનો ફોન આવ્યો કે 'આજે અક્ષરધામના મુલાકાતીઓની સંખ્યા બે કરોડના આંકડાને આંબી ગઈ. રોજના ૧૪,૬૦૦ દર્શનાર્થી લેખે ૧,૩૭૦ દિવસમાં જ આટલા યાત્રાળુ આવ્યા. આપે કહ્યું હતું કે લાખો આવશે, પણ આ તો કરોડો થયા!'

'હજી વધશે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ભવિષ્યવાણી પૂરી થઈ ત્યાં જ ગામડામાં રહેતા એક કિશોરનો ફોન રણક્યો. તેણે આપવીતી વર્ણવી કે 'મારા પપ્પા મારી મમ્મીને બોલાવતા નથી. ભરણ-પોષણના ખર્ચ પેટે મહિને ૧,૭૦૦ રૂપિયા આપે છે, પણ પૂરું થતું નથી. બહુ દુ:ખી છીએ. પપ્પા અમને તેડી જાય એવું કરો.'

આ સમસ્યાના નિરાકરણ માટે સ્વામીશ્રીએ સારો એવો સમય ફાળવ્યો ત્યારે એક તરફ કરોડોને આકર્ષતા અક્ષરધામના સર્જક આવી બાબતમાંયે ઊંડો રસ લે એ વિગત સૌ માટે અહોભાવ ઉપજાવનારી બની રહી.

તેને અનુસરતાં સ્વામીશ્રી આજની રાત્રે પોણા દસ વાગ્યે પત્રવ્યવહારથી પરવારી આરામ માટે ઊભા થવા ગયા ત્યારે તેઓના મુખમાંથી સહેજે શબ્દો સરી પડ્યા: 'આવો મહારાજ!'

તેઓના આ ઉદ્‌ગાર શ્વાસોચ્છ્વાસે ભજન કરતા સ્વામીશ્રીની સ્થિતિ સમજાવી ગયા. સૌ તેમાં ડૂબ્યા ત્યાં જ સ્વામીશ્રી સ્વગત બોલતા હોય તેમ બોલ્યા: 'પહેલાં તો ફટ્ દઈને ઊભા થવાતું. હવે તો કોઈ આવીને ઊભા કરે ત્યારે થવાય છે.'

તેઓના આ શબ્દોમાંથી અવસ્થાને કારણે સેવાકાર્યમાં આવતી ખોટનો ખેદ વ્યક્ત થઈ ગયો. ૮૯મા વર્ષે પણ સ્વામીશ્રીની કર્મઠતાને કાટ લાગ્યો નહોતો.

તેથી જ આજની સાંજે પત્ર-પરિચારક ઓરડામાં પ્રવેશેલા ત્યારે તેઓએ પૂછેલું: 'કેમ વહેલા આવ્યા નહીં? જુઓ, સાડા ચારની જગ્યાએ સાડા પાંચ વાગી ગયા. કેટલું મોડું થયું?'

'પણ બારણું બંધ હોય તો શું કરવું?'

'સમય થાય ત્યારે બારણું બંધ હોય તોય ખખડાવવું, એટલે (સેવક) ખોલશે.'

બારણે તો ટકોરા પડે ત્યારે ખરા, પણ સ્વામીશ્રીએ તો આમ કહી ટકોરો મારી જ દીધો.

આ જ રીતે તેઓ અત્રે તા. ૨૫/૩ની સવારે ૧૦:૫૫ વાગ્યે એક સંતમીટિંગ પૂર્ણ થઈ ત્યારે બોલ્યા : 'કાગળવાળા(સંત)ને બોલાવો.'

'પણ હવે વૉકિંગ માટે ઊભા થવામાં પાંચ જ મિનિટ બાકી છે.'

'પાંચ તો પાંચ, કામ કરી લઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સેવાના આ તરવરાટ સાથે તેઓએ અત્રે ઊજવેલી શ્રી સ્વામિનારાયણ જયંતી સાત હજારથી વધુ ભક્તોને ધન્યતાનો અનુભવ કરાવી ગઈ.

પહેલું આપણું પાકું કરવું

તા. ૨૬/૩ની સવારે સ્વામીશ્રી મંદિરમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા પધાર્યા ત્યારે મૂર્તિ સમક્ષ થાળ ગોઠવાયેલો અને સંતોનો સુમધુર સૂર રેલાઈ રહેલો કે *'નાના નાના ગ્રાસ લેવત મનગમતા...'*

બરાબર એ જ વખતે થાળમાંથી એક ખમણ નીચે પડ્યું. તે જોઈ કો'ક બોલ્યું : 'મહારાજે પ્રતીતિ કરાવી કે જમવા જતો'તો ને હાથમાંથી પડી ગયું !'

'નાના ખરા ને ! એટલે ખાતાં ખાતાં પડી પણ જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની પ્રત્યક્ષ ભાવની ભક્તિએ જે બન્યું તે યથાર્થ ઠેરવ્યું.

આ ભક્તિભાવ સાથે તેઓએ આજની પ્રાતઃપૂજા બાદ સોનાસણ, વડુ તથા દરેડ ગામનાં મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપ્યું. તે પછી તા. ૨૮/૩ની સાંજે ચૈતન્ય-મંદિરો સમા સંતોનું દૈવત ખીલે તે માટે સંત તાલીમ કેન્દ્રમાં તૈયાર થયેલી એક પુસ્તિકા સ્વામીશ્રીને દર્શાવવામાં આવી.

ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં જીવનચરિત્રોની વિગતો સમજવામાં સરળ પડે અને યાદ રાખવામાં રસ જાગે તે માટે પરદેશનાં કેટલાંક પુસ્તકોમાંથી પ્રેરણા લઈ આ પ્રકાશન રચવામાં આવેલું. આ પ્રયાસ બદલ સંતો પર પ્રસન્નતા વરસાવી સ્વામીશ્રીએ જાણપણું પણ આપ્યું કે 'બહારની પદ્ધતિ અપનાવી છે એ સારી વાત છે, પણ એ બધા વિચારોથી પ્રભાવિત થવાની જરૂર નથી. પદ્ધતિ અપનાવતાં ઘણી વખત એમ થઈ જાય કે 'આના કરતાં આ સારું છે.' એટલે પહેલાં આપણા સિદ્ધાંત અને આપણી વિચારધારા

પાકાં કરવાં, પછી બીજું કરીએ તો વાંધો ન આવે. ગમે એટલું વાંચીએ, પણ આપણો સિદ્ધાંત છે એની દૃઢતા કરવી ને પછી બીજું કરવું. બીજું બધું વાંચતાં-વાંચતાં એની વિચારધારામાં ચાલ્યા જવાય ને પછી આ લૂગડાં મૂકીને પણ ચાલ્યું જવાય. એટલે પહેલું આપણું પાકું કરવું. પાકું થઈ ગયું હોય પછી બીજું ગમે એટલું વાંચીએ, પણ એમાં આપણા જ સિદ્ધાંતો ફિટ (બંધ) બેસે.'

બહારની ઠંડક ઓરડામાં પ્રવેશે તે માટે બારી ખોલીએ એ સારું છે, પણ એ ઠંડક ઠંડીમાં ફેરવાઈ જઈ વ્યક્તિને ઠીંગરાવવા માંડે ત્યારે બારી બંધ કરવામાં ડહાપણ છે. શાણપણની આ શીખ આજે સ્વામીશ્રીએ આપી દીધી.

સાધુની વ્યાખ્યા સાંભળી લો

તા. ૨૮/૩ની સાંજે પઃ૩૫ વાગ્યે સ્વામીશ્રી ઉતારાના હૉલમાં પ્રવેશ્યા ત્યારે સંતો *'અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે...'* પદનું સમૂહગાન કરી રહેલા. આ આનંદને અકબંધ રાખવાનું માર્ગદર્શન હવે સ્વામીશ્રી પાસેથી મેળવવાનું હતું. તેથી તેઓને સૌ વતી આત્મતૃપ્તદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા! અહીં અમે વચનામૃત, સ્વામીની વાતો અને જીવનચરિત્રોનો અભ્યાસ કરીએ છીએ, તો તે અમારા જીવનમાં કઈ રીતે લાભદાયી નીવડે એમ છે? જીવનચરિત્રના અભ્યાસ અંગે અમારી પાસેથી આપને શું અપેક્ષા રહે છે?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રી બોલ્યા:

''વચનામૃત અને સ્વામીની વાતો – આ બે વસ્તુ જેટલી મજબૂત એટલું આપણે મજબૂત છે. એનું સંપૂર્ણ જ્ઞાન દૃઢ થાય તો પછી પાયો ડગમગે નહીં. પાયો જો મજબૂત થાય તો બિલ્ડિંગની કિંમત થાય, પણ પાયો ડગમગે તો ભૂસ દઈને પડે. એટલે મહારાજ-સ્વામીની નિષ્ઠા અને વચનામૃત, જીવન-ચરિત્ર એ પાયાની વસ્તુ છે. પછી ફાંફાં મારીએ કે 'પેલાનું સારું છે, ફલાણા પુસ્તકમાં આમ છે,' પણ ભ'ઈ! એ જે હોય તે, આપણે કંઈ એનો નિષેધ નથી, પણ મહારાજે વાત કરી છે એ ૧૦૧% સાચી, નક્કર છે! ખોટું જરાય નથી. એ મજબૂતી પહેલી. એમાં ફેરફાર થવો જોઈએ નહીં.

શાસ્ત્રીજી મહારાજને અક્ષર-પુરુષોત્તમની વાત દૃઢ થઈ તો માર ખાવા પડ્યા, તિરસ્કાર સહન કરવા પડ્યા, સંસ્થા છોડવી પડી, તો પણ ડગ્યા નહીં. તો અત્યારે એમના પ્રતાપે આપણે બેઠા છીએ. તો એ દૃઢતા હોવી જોઈએ કે શાસ્ત્રીજી મહારાજનું કાર્ય બરોબર જ છે, એમાં કોઈ બનાવટ નથી

કરી, કોઈને છેતરવાની વાત નથી કરી. જોગી મહારાજે પણ આપણને ઘણાં જ્ઞાન-સમજણ આપ્યાં છે, તો એ સિવાય બીજી વાત ગમે એટલી સારી હોય એ એના માટે છે, આપણા માટે નથી. વચનામૃતનો આધાર રાખીને બધું કામ કરવાનું, પછી સુખ આવે કે દુઃખ.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પાંચસો પરમહંસોનું જીવન વાંચો તો માર જ ખાવો પડ્યો છે. તે વખતે મંદિર ન'તાં, ઝાડ નીચે રહેવાનું, ભિક્ષા માંગવાની, તે પણ પાણીમાં ધોઈને જમવાની, એમાં કશો કસ રહ્યો હોય? એ ખાઈને પણ એમણે કામ કર્યું છે. આપણા વડવાઓ કેવું કરી ગયા છે! કેવું દુઃખ ભોગવી ગયા છે! કેવી મુશ્કેલીઓ આવી છે! પણ મહારાજ વિષે દૃઢતા ક્યારેય ઓછી થઈ નથી, તો આપણે પણ અલ્પ દુઃખ આવે તો સહન કરી લેવું. જોગી મહારાજ ઝોળી માંગી-માંગીને રોટલા કરતા. હું અક્ષર સ્વામી જોડે ગામડે ફરતો ત્યારે દરેક ગામમાં ઝોળી તો માંગવાની જ! અભ્યાસ કરતાં કરતાં પણ માંગવું જ પડે, તો અભ્યાસ ચાલે! પણ એમાંય આનંદ હતો.

આ ભિક્ષા માંગવાની એટલે આપણે ભિખારી નથી. આપણને અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પુરુષ મળ્યા એટલે કાંઈ ભિખારી છીએ? આપણને મોટામાં મોટી મિલકત મળી છે, મોટું સુખ મળ્યું છે, પછી બીજો વિચાર જ નહીં કરવાનો. મોળી વાત કરવી નહીં ને મોળી વાત સાંભળવી નહીં. આ તો વસ્તુ ના મળી તો મનમાં ઉદાસ થઈ જઈએ કે 'ત્યાં સારું હતું.' શું સારું હતું? દુનિયામાં દુઃખ સિવાય કાંઈ છે? આપણા વડવાઓ બધા કરી ગયા છે એ સુખ સંભારવું, દુનિયાનું સુખ સંભારવાનું નથી. મનના તો ભુક્કા કરી નાંખવા કે ફરી પાછો વિચાર જ ન કરે. ભગવાન ને સંતનું બળ રાખવું.''

સ્વામીશ્રીના મુખેથી આમ અસ્ખલિત અમૃતધારા વહી રહી. તેને કારણે તેઓનો અવાજ તૂટવા લાગ્યો, હાંફ ચડવા માંડ્યો. તેથી તેઓને વિશ્રામ મળી રહે તે હેતુસર સંતોએ વચ્ચે લાગ મળ્યો કે તરત જ *'હાં જી ભલા સાધુ...'* કીર્તન ઉપાડ્યું, પરંતુ તેમાં *'તન કી ઉપાધિ તજે...'* પંક્તિ ગવાઈ ત્યાં જ સ્વામીશ્રી તેનું નિરૂપણ કરવા લાગ્યા. તે જોઈ સૌએ 'પૂરું પદ ગાઈ લેવાય તો આપને રાહત મળે' એમ કહ્યું, ત્યારે 'મને રાહત જ છે...' જણાવી સ્વામીશ્રીનો વાક્પ્રવાહ પુનઃ રેલાવા લાગ્યો કે –

''સાધુની વ્યાખ્યા સાંભળી લો. ઘરબાર મૂકીને આવ્યા છીએ, પણ

તન-મનને મૂકીને આવ્યા છીએ? એ બેની ઉપાધિ છે. અંદરોઅંદર કાંઈ થઈ જાય તો ઉદાસ ન થવું, ભૂલી જવું, આંટી ન પડવા દેવી. કોઈ આપણને ગાંડો બોલી જાય તો ગાંડા નથી. મૂરખ કહી જાય તો મૂરખ નથી. આત્મા છે એવો? માન મળે તો ફુલાઈ નથી જવાનું. 'ભગવાનના પ્રતાપે થયું છે' એમ સમજવું. અપમાન થાય તો 'હું આત્મા, અક્ષર, બ્રહ્મ છું' એમ સમજવું. આત્માની વાતોમાં મશગૂલ રહેવું, આનંદમાં રહેવું, સુખિયા રહેવું.

જોગી મહારાજ આ કીર્તન અલમસ્તાઈથી ગાતા. એમની આગવી મૂડી-માલિકીનું હતું. કોઈ વખત મૂંઝાયા નથી, દુઃખ થયું નથી. આપણે એમના વંશમાં છીએ, એમના સેવકો છીએ, તો બળના શબ્દો પકડવા. આપણે બધું મૂકીને એના માટે આવ્યા છીએ તો સુખિયા રહેવું ને સુખિયા કરવા. આ અદ્‌ભુત જ્ઞાન, એવા સ્વામી મળ્યા છે તો એનો અખંડ કેફ રાખવો. એ જ વંશમાં આપણે આવ્યા છીએ તો આપણે પાછી પાની કરવી નહીં. બધાએ એક સંપ, એક વિચાર, એક રુચિથી કામ કરવાનું છે. કોઈના અવગુણ-અભાવ જોવાના નથી, એવા ખરેખરા સાધુ થાવ. કેફમાં ને કેફમાં આ જિંદગી ભગવાનની સેવામાં અહીંયાં પૂરી કરી દઈએ.''

અમે કોઈના બંધનમાં રહેતા નથી

આ અરસામાં ગોંડલના મંદિરને નર્મદાનાં નીર મળી રહે તે માટેની કાર્યવાહી સંપન્ન થઈ ચૂકેલી. તે અંતર્ગત નદીના જળજથ્થામાંથી મંદિર-પરિસર સુધી પાણીનો પ્રવાહ લાવવા એક વિશિષ્ટ પદ્ધતિ એવી ગોઠવાયેલી કે મોબાઈલ ફોનની નિશ્ચિત કળ દબાવતાં જ મંદિરથી બે-એક કિ.મી.ના અંતરે મૂકેલી મોટર ચાલુ થઈ જતી અને જરૂરી પાણી મંદિરમાં ઠલવાવા લાગતું.

આ વિગતથી તા. ૨૮/૩ની રાત્રે સ્વામીશ્રીને વાકેફ કરી તેઓને ફોન આપવામાં આવ્યો. તેની કળ દબાવી સ્વામીશ્રીએ અહીં સારંગપુરમાં બેઠાં બેઠાં ગોંડલમાં મૂકેલી મોટર ચાલુ કરી એક વિશિષ્ટ ઉદ્‌ઘાટનની સ્મૃતિ આપી.

ત્યારબાદ વહેતી થયેલી વિવિધ વાતોમાં પુરુષોત્તમચરણદાસ સ્વામી બોલ્યા: 'મને તો એમ લાગે છે કે યોગીજી મહારાજ નર્મદા પર બંધ થઈ જાય તેની ધૂન કાયમ કરતા, તે આ ગોંડલમાં પાણી આવે એ માટે જ હશે.'

'જોગીબાપા એવા સ્વાર્થી નહોતા કે ગોંડલ માટે જ કરે.' સ્વામીશ્રીએ તરત કહ્યું. વળી, ઉમેર્યું: 'યોગીજી મહારાજની ધૂન તો બધે પાણી આવે ને

આખું ગુજરાત સુખી થાય અને દેશ સમૃદ્ધ બને એના માટે હતી. જોગીબાપા તો હંમેશાં કહેતા, 'ભગવાન સૌનું ભલું કરો.' એમની તો વિશાળ દૃષ્ટિ હતી.'

યોગીજી મહારાજની નિઃસ્વાર્થ પ્રતિભા સ્વામીશ્રીએ પૂરેપૂરી ઉઘાડી આપી.

એ યોગીજી મહારાજનાં પ્રાસાદિક ભાદરા અને લીંબડીમાં નિર્માણ પામેલાં શિખરબદ્ધ મંદિરોની પ્રતિષ્ઠાનાં પડઘમ હવે ગુંજવાં માંડેલાં. આ માંગલિક અવસરની ચોક્કસ તિથિ સ્વામીશ્રીએ તા. ૨૯/૩ના રોજ તે-તે મંદિરોના સંતોને જણાવી. આ સમયે લીંબડી રહેતા સંતસ્વરૂપદાસ સ્વામીએ મર્મભરી વિનંતી કરી કે 'બાપા! આપ બોલ્યા હતા કે લીંબડી આવીશું ત્યારે રોકાઈશું, તો અહીં આવો પછી જવાનું નામ ન લેતા.'

'અમે કોઈના બંધનમાં રહેતા નથી.'

હસતાં હસતાં અપાયેલો સ્વામીશ્રીનો આ પ્રતિભાવ પ્રાસંગિક નથી, પણ આ તો હતી તેઓની સ્વાભાવિક પ્રકૃતિ!

નામના નાશની તજવીજ

આ અરસામાં સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમ હેઠળ યોજાયેલા 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત સારાં પુસ્તકોના વાંચનની અભિરુચિ પ્રજામાં કેળવાય તે માટે વિવિધ આયોજનો થતાં હતાં. તેમાં એક યોજના એવી વિચારાયેલી કે એક વ્યક્તિ સારું પુસ્તક વાંચીને તે બીજાને આપે અને બીજો ત્રીજાને – એમ એક વર્ષ સુધી વંચાતું રહેલું આ પુસ્તક અંતે ગ્રંથાલયમાં જમા થાય. આ સરકારી આયોજનને વેગ આપતાં સ્વામીશ્રીએ તા. ૩૦/૩ની સવારે ગ્રામ્ય વિચરણ કરનારા સંતોને સ્વામિનારાયણ કથામંગલ, સુચરિતમ્ જેવાં શિષ્ટ પુસ્તકોની ભેટ ધરી. તેની સાથે તેઓએ આજે યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરનો પાટોત્સવ પણ ઊજવ્યો. વળી, લીંબડીના મંદિર પર ચઢનારા કળશ તેમ જ ધજાદંડનાં પૂજન કરી સ્વામીશ્રીએ સ્મૃતિમંદિરની પાર્શ્વભૂમાં ખડાં થનારાં ગુરુશિખરોની ઈંટોનેય પૂજી.

આમ, ધાર્મિક અને સામાજિક કાર્યોને પોતાનો હાથ-સાથ આપી તેઓ ઉતારે પધાર્યા ત્યારે અહીં તેઓને એક પથ્થર બતાવવામાં આવ્યો. હાલ સારંગપુર મંદિરના પરિસરમાંથી સ્મૃતિશેષ થઈ ગયેલા પાવરહાઉસનું બાંધકામ સ્વામીશ્રીના કોઠારીકાળ દરમ્યાન થયેલું. તેથી તત્કાલીન ભક્તોએ આ

વીજળીઘરની દીવાલ ઉપર 'Ko. Na.' (એટલે કે કોઠારી નારાયણસ્વરૂપદાસ) અક્ષરોથી અંકિત એક પથ્થર જડેલો. સંકુલવિકાસના ભાગરૂપે વીજળીઘર ભલે તૂટ્યું, પણ સ્વામીશ્રીની કાર્યકુશળતાના પ્રતીક સમી આ લાદી સંતોએ સંભારણારૂપે સાચવી રાખેલી. તે તેઓએ આજે સ્વામીશ્રીને દર્શાવી, ત્યારે ઉપેક્ષાભાવ દાખવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ બધાની કંઈ જરૂર નથી. નાંખી દેજો.'

તેઓને પોતાની છાપ-છબી છોડતા જવાનો લેશ મોહ નહોતો. તેથી જ તેઓની છાપ-છબી હજી ભૂંસાતી-ભૂલાતી નથી ને!

પદયાત્રાઓની પરંપરા

ગાંધીનગરમાં તૈયાર થયેલા વૉટર શૉના ઉદ્‌ઘાટન માટે સારંગપુરથી નીકળવાની ઘડીઓ હવે ગણાવા માંડેલી. તેમ છતાં અહીંના સંતો છેલ્લા બે દિવસથી મોકો મળતાં જ પ્રાર્થના કરવા માંડેલા કે 'બાપા! ઉદ્‌ઘાટન બાદ પુનઃ અહીં આવી જજો.'

આ જ સૂર તા. ૩૦/૩ની સાંજે પણ છેડાઈ ગયો, ત્યારે સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈને કહેવા લાગ્યા: 'પહેલાં તો બધે જ પહોંચી વળતા. શરીર સારું હતું ત્યાં સુધી કોઈનેય ના પાડી નથી. નીકળ્યા હોઈએ ને વચમાં બે ગામ આવે તો એ પણ કરી લઈએ, કારણ કે તે દહાડે હાથ-પગ ચાલે અને તબિયત પણ સારી. ફરીએ એટલે હરિભક્ત રાજી થાય. અત્યારે તો સવારે જ હરિભક્તોને મળવાનું ને પછી આખો દિ' અંદર બેઠાં બેઠાં કામ કરવાનું.'

વૃદ્ધાવસ્થાનાં કષ્ટ કે રોગોની પીડાઓ માટે સ્વામીશ્રીએ કદી ફરિયાદ કરી નહોતી, પણ વધતાં વય અને વ્યાધિએ રૂંધી નાંખેલા વિચરણની બાબતનો રંજ તેઓ ઘણી વાર પ્રગટ કરતા. તેઓને ભક્તોને મળવા પર આવી ગયેલી પાબંદી ખૂબ ખટકતી. જો કે આ અંગે કંઈ થઈ શકે એમ પણ નહોતું. તેથી ઓરડામાં બેઠેલા તેઓ ક્યારેક તો સ્મૃતિ દ્વારા સત્સંગીઓનું સાંનિધ્ય માણતા. આ ક્રમમાં આજેય હરિભક્તોને યાદ કરતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'બધા ચાલી-ચાલીને બહુ આવે છે!'

તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ઠેર-ઠેરથી પદયાત્રાઓ કરીને આવતાં બાઈ-ભાઈ, આબાલવૃદ્ધ સૌની ભક્તિ તરફ તેઓનો આ નિર્દેશ હતો.

આ અરસામાં સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં આસપાસનાં કે દૂર-દૂરનાં

કેન્દ્રોમાંથી સૌ પદયાત્રા યોજીને સમૂહમાં કે એકલપંડે ચાલી નીકળતા. તેમાં પાંચ વર્ષના બાળકથી માંડી ૮૦ વર્ષના વૃદ્ધો પણ હોંશભેર જોડાતા. કેટલાક તો અપંગ હોય છતાં આ ભક્તિ અદા કરતા. ઘણા અડવાણે પગે ખેપ ખેડતા. મજલનું માપ પણ પાંચ-પચીસ કિ.મી.થી લઈ ચારસો-પાંચસો કે એથીયે અધિક કિ.મી.નું રહેતું. કેટલાય ભક્તો તો ઊબડ-ખાબડ રસ્તે શરીરને ફંગોટતાં દંડવત્‌યાત્રા કરીને આવતા. કેટલીયે મહિલાઓ પંચાંગ પ્રણામ કરતાં કરતાં રસ્તો કાપતી. આવા દંડવત્-પ્રણામની સંખ્યા પણ બબ્બે, પાંચ-પાંચ હજારની રહેતી. મંડળના બધા સભ્યોના દંડવત્-પ્રણામનો સરવાળો માંડો તો તો લાખોમાં આંકડો પહોંચે. ઘણા સત્સંગીઓ તો પદયાત્રા કે દંડવત્‌યાત્રા દરમ્યાન સજળ કે નિર્જળ ઉપવાસને સાથે લઈને ચાલતા.

આ રીતે સ્વામીશ્રીના નિરામય સ્વાસ્થ્યની મનોકામના સાથે ગામોગામથી ઊમટતા સત્સંગી-સમૂહને એક નિશ્ચિત સ્થળે મર્યાદા મુજબ બેસાડવામાં આવતો. જ્યારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધારે ત્યારે તેઓ આ યાત્રિકો પર અમીદૃષ્ટિ ઢોળે. આ સમયે તેઓનું મુખ જરૂર કરુણાસભર બની રહે. તેમાંથી સંભાવનાના સૂર રેલાવા માંડે કે 'દૂર-દૂરથી ચાલીને આવ્યા છે તે બધા થાકી ગયા હશે. આ સૌને જમાડજો... સૌને પ્રસાદ આપજો... સભામાં આગળ બેસાડજો.. એમની જાહેરાત કરજો...'

વળી, પદયાત્રીઓને બિરદાવતાં સ્વામીશ્રી અવશ્ય બોલે: 'બધાએ ખૂબ દાખડો કર્યો તે મહારાજ રાજી થશે... ડગલે-ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળશે...'

ક્યારેક તો પોતાના સ્વાસ્થ્યનું શ્રેય જ આ હરિભક્તોને આપતાં તેઓ કહે: 'કેટલા હરિભક્તો જપ, તપ, વ્રત, પ્રાર્થના, પદયાત્રા કરે છે! આ બધા આશીર્વાદ થઈ જાય એટલે મારા ભ'ઈ! આપણું ચાલે છે. બાકી શરીરમાં એવું કાંઈ નથી.'

સ્વામીશ્રીનું આવું જતન સૌમાં જોમ ભરી દેતું. તેથી થાક-ભૂખ કે ઊંઘ-ઉજાગરા તો ક્યાંય ગાયબ થઈ જતાં.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજેરોજ સર્જાતાં આવાં ભાવવાહી દૃશ્યો જોઈ સૌ પોકારી ઊઠતા:

'નાણાં વડે તો જન વશ્ય થાય, કે શસ્ત્રથી રાજ્ય ઘણાં જીતાય;
વિના ધને જો વશ થાય આમ, એ તો ખરું ઈશ્વરનું જ કામ.'

પાણીના પડદા પાછળની વાતો

તા. ૩૧/૩ની સાંજે ગાંધીનગર પધારેલા સ્વામીશ્રી તા. ૩/૪ની સવારે પૂજાવિધિ માટે બિરાજ્યા ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત દેશ-વિદેશના અગ્રણી હરિભક્તો આજની સાંજે થનારા એક યુગકાર્યની છડી પોકારી રહેલા.

હા, આજની સંધ્યાએ ઉદ્‌ઘાટિત થનારો સત્‌-ચિત્‌-આનંદ વૉટર શૉ વિશ્વની સૌપ્રથમ પ્રસ્તુતિ બનનારો હતો કે જેમાં આધુનિક વિજ્ઞાનની તકનીકી ખૂબીઓનો સાથ લઈ સનાતન જ્ઞાનની પ્રભાવક પ્રસ્તુતિ થઈ રહી હોય! મનોરંજનની દુનિયામાં વૉટર શૉ એ નવીન વાત નહોતી, પરંતુ પાણીના પડદા પર કઠોપનિષદની કથા રમતી મૂકવાનો સ્વામીશ્રીનો વિચાર અને સેંકડોને એકમેક સાથે સુગ્રથિત રાખી નિશ્ચિત સમયાવધિમાં કાર્ય સંપન્ન કરવાની તેઓની ખૂબીએ આજે સૌને વધુ એક વાર દંગ કરી મૂકેલા. પોતાના પ્રત્યેક પ્રકલ્પમાં 'હવે તો ચરમસીમા આવી ગઈ'નો અહેસાસ કરાવ્યા બાદ વધુ એક નવું શિખર સર કરવાની સ્વામીશ્રીની કાર્યશૈલી હતી. તેના પણ નૂતન નમૂનારૂપ બનેલો આ વૉટર શૉ.

અક્ષરધામના પરિસરની પંદર એકર ભૂમિ પર લહેરાતા સહજાનંદ વનમાં આ પ્રકલ્પનું બીજ સ્વામીશ્રીએ વાવ્યું ત્યારે તો કોઈને કલ્પના નહોતી કે તેઓનો આ કાર્યારંભ શાસ્ત્ર, સંસ્કૃતિ, સંસ્થા અને સંપ્રદાયને કઈ ઊંચાઈએ લઈ જવાનો છે! પરંતુ જેમ-જેમ તેઓ માર્ગદર્શન આપતા ગયા તેમ-તેમ સૌનાં હૈયે કબૂલાત થતી ગઈ કે વીતેલાં હજાર વર્ષમાં જે નથી બન્યું એવું કાર્ય કરવાની દિશામાં સ્વામીશ્રી કદમ માંડી રહ્યા છે! તેઓએ સન ૨૦૦૮ના ફૂલદોલોત્સવ પ્રસંગે કાર્યવાહક સંતોને કહેલું: 'વૉટર શૉ સારામાં સારો કરવો છે, સસ્તામાં સસ્તો કરવો છે, જલદીમાં જલદી કરવો છે, સર્વોપરી કરવો છે અને ડંકો મારવો છે.'

બીજારોપણની આ ક્ષણથી આજે આવેલી ઉદ્‌ઘાટનની વેળા સુધી વૉટર શૉ સંબંધી જે કાર્યવાહી થઈ તેમાં સ્વામીશ્રીના આ શબ્દો ધ્રુવતારકની જેમ દિશા ચીંધતા રહેલા. તેને કારણે જ આ પ્રકારની પ્રસ્તુતિમાં ટોચના ક્રમાંકે ગણાતા શ્રી ઈવ પીપાનો સંપર્ક થયો. મનોરંજનના ક્ષેત્રે મોટું નામ-કામ ધરાવતી ECA2 કંપનીના આ સ્થાપકે ખુલ્લા ફલક કે વિશ્વપ્રસિદ્ધ ઈમારતો પર પ્રોજેક્શનના સાથ વડે અવનવી રજૂઆતો દ્વારા દુનિયાને ચકિત કરી

મૂકેલી. અમેરિકાનું સી વર્લ્ડ હોય કે ફ્રાન્સનું ફ્યૂચરોસ્કોપ, જાપાનનું ટોકિયો ડિઝની હોય કે સિંગાપોરનું સેન્ટોસા, ઑલમ્પિક રમતોત્સવનું ઉદ્‌ઘાટન હોય કે ફૂટબોલના વિશ્વકપનો પ્રારંભ... વિશ્વમાં સીમાચિહ્નરૂપ ગણાતાં કંઈક સ્થળ અને ઘટનાઓમાં શ્રી પીપાની સર્જનાત્મકતાનો પ્રભાવ ઝળકેલો. પરંતુ આ કુશળ કસબી પર સ્વામીશ્રીનો પ્રભાવ એવો પડ્યો કે તેઓએ પ્રથમ જ મુલાકાતમાં સત્-ચિત્-આનંદનો પ્રકલ્પ પોતાના ખભે ઉપાડી લીધો, સંપૂર્ણ સેવાભાવના સાથે!

તેની સમાંતર વૉટર શૉની પટકથાનું આલેખન, તેને અનુરૂપ જળકુંડનું નિર્માણ, તેની સાથે સંલગ્ન વિશાળ ઍમ્ફી થિયેટરનું બાંધકામ, યોગ્ય તકનીકી સાધનોનું સંપાદન, પાણીના પડદા પર પ્રસ્તુત થનારી દૃશ્યાવલિઓનું ફિલ્માંકન, સંગીત નિયોજન, ધ્વનિમુદ્રણ વગેરે કંઈક વિભાગો ધમધમવા લાગ્યા. જળકુંડનું નિર્માણ સંપન્ન થતાં જ બાર દેશોની અઢાર મહાકાય કંપનીઓના સહયોગથી શરૂ થયેલું યાંત્રિક સાધનોનું સ્થાપન પણ એક પડકારજનક બાબત હતી. પરંતુ ૪,૦૦૦ જેટલી નોઝલ, ૨,૦૦૦ જેટલી લાઇટ્સ, સો-સો ફૂટની ઊંચાઈ સુધી પાણી ઉછાળતા આશરે ૧૩૦ જેટલા વૉટર પંપ, આકાશને અગનગોળાથી ભરી દેતાં બાર યંત્રો, પચીસ કિલોમીટરની લંબાઈ ધરાવતા વીજળીના કેબલ અને એક કિ.મી.થી અધિક લંબાઈ ધરાવતા ફાઇબર ઑપ્ટિક્સના દોરડા, પંદર હજાર વૉટ્સનો ધ્વનિ પેદા કરતી સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ જેવાં અનેક અંગોનું સ્થાપન અને પારસ્પરિક સંયોજન સંસ્થાના ૪૫૦ જેટલા સ્વયંસેવકોએ માત્ર આઠ જ મહિનાની ટૂંકી સમયાવધિમાં સંપન્ન કર્યું!

મારી મરજી વિના કોઈ તકે, સૂકું પાનડું હાલી ન શકે

સ્વામીશ્રીની પ્રેરણા અને આશીર્વાદ દ્વારા સાકાર થયેલા વૉટર શૉની પ્રથમ પ્રસ્તુતિ માણવા દેશ-દુનિયાના કંઈક નામાંકિત મહાનુભાવોને આમંત્રણ અપાઈ ચૂકેલું. અનેક અખબારો અને ટી.વી. ચેનલોએ આ ઉદ્‌ઘાટનની આલબેલ પોકારવાનું શરૂ કરી દીધેલું. તેથી તા. ૩/૪ની સાંજ માટે સૌની ઉત્સુકતા અનેકગણી વધી ગયેલી.

પરંતુ તા. ૧/૪થી ફૂંકાવા માંડેલા વાયરાની દ્રુત ગતિ આયોજકોનાં હૈયે ધ્રાસકો પાડવા માંડી. આ દિવસે યોજાયેલા શૉના પરીક્ષણ દરમ્યાન

પવનનો વેગ પાણીના પડદાને તો વેરવિખેર કરતો જ રહ્યો, પણ તેના ચાળે ચડેલાં જલશીકરો તો દર્શકોને પલાળવા જ માંડે તે રીતે હવામાં ઘુમરાઈ રહ્યાં. તે જોઈ સૌ ચિંતિત થઈ ગયા, કારણ કે આ પ્રકારની પ્રસ્તુતિ પવનશૂન્ય વાતાવરણમાં જ શક્ય બને. એ રીતે જ સ્થળની પસંદગી કરવામાં આવેલી, પરંતુ ઉદ્‌ઘાટનના બે દિવસ પૂર્વે જ ફરેલી પવનની રુખ અને વધેલી ગતિએ સૌના ધબકારા પણ વધારી દીધા. આ બાબતે રાહત પામવા હવામાન ખાતામાં પૂછપરછ કરી તો ત્યાંથી ખબર મળી કે 'હજી દસેક દિવસ આવી જ પરિસ્થિતિ રહેશે.' આ સમાચાર દાઝ્યા પર ડામ જેવા સાબિત થયા. તેથી વ્યવસ્થાપક સંતો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા.

તેઓના ઉથડક હૈયેથી પહેલું જ વાક્ય ફંગોળાયું કે 'બાપા! વૉટર શૉનો ઉદ્‌ઘાટન સમારંભ રદ કરવો પડશે.'

કોઈ પણ આંચકો ખાઈ જાય એવા આ પ્રસ્તાવને સાંભળી સ્વામીશ્રીએ સંપૂર્ણ સ્વસ્થતા દાખવતાં પૂછ્યું: 'કેમ?'

'ખૂબ જ પવન છે. જોનારા સૌ ભીના થઈ જશે.'

'વિશ્વાસ રાખો. મહારાજ કૃપા કરશે. સૌ સારાં વાનાં થશે.'

'બાપા! એમ નહીં બને. હવામાન ખાતું કહે છે કે હજી આઠ-દસ દા'ડા પરિસ્થિતિ આમ જ રહેશે.'

'વિશ્વાસ રાખો. વાંધો નહીં આવે. આ તો આપણને અહં ન આવી જાય અને પૃથ્વી ઉપર જ રહીએ એટલે ભગવાન બધું કરે છે.'

'સ્વામી! હજી બે દિવસનો સમય છે. કો'ક કારણ આપી અતિથિઓને ના કહેવડાવી દઈએ. આમાં તો આપની લાજ જશે.'

'અત્યાર સુધી ક્યારેય આપણી લાજ ગઈ છે?' સ્વામીશ્રીના આ સવાલમાંથી વિશ્વાસ રણકી ગયો. તે સાથે જ તેઓ બોલવા માંડ્યા:

''શ્રીજીમહારાજ આપણી લાજ સાચવે છે, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ સાચવે છે. ભગવાન સ્વામિનારાયણની દ્વિશતાબ્દી વખતે ઘણા કહેતા'તા કે 'ઉત્સવ ન કરો, હુલ્લડ છે, લાજ જશે.' પણ એવું બન્યું કે લાજ રહી. (સન) ૧૯૮૫ના ગુણાતીત દ્વિશતાબ્દીના ઉત્સવ વખતેય કેટલાક કહેતા હતા કે 'હાલ વરસાદ નથી, આમાં ઉત્સવ ન થાય.' પણ વરસાદ પડ્યો ને એવો પડ્યો કે મારા ભ'ઈ! આખો સભામંડપ બેસી ગયો. એ 'નગર'નો દરવાજો અડધો બળી ગયો ત્યારે પણ બધાનાં મનમાં ગભરાટ હતો કે 'શું

થશે ?', પણ લાજ ગઈ ? મહારાજ આપણું જોનાર હતા.'

શબ્દે-શબ્દે ભગવાન પરનો ભરોસો છલકાવતી સ્વામીશ્રીની આ વાણી સાંભળી સામે બેઠેલા સંતો તો સ્તબ્ધ થતાં ચાલ્યા. તે વખતે સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'આપણે જ્યારે લંડનનું મંદિર કરતા હતા ને કેસ હારી ગયા ત્યારે સી. એમ. પટેલે મને પત્ર લખેલો કે 'આપણું નાક કપાયું. લાજ ગઈ. નીચું જોવાનું થયું.' પણ ત્યાં લંડનમાં જ મંદિર થયું ને આજે મુગટ થઈને બેઠું છે ! માટે લાજ મહારાજ સાચવે છે. તે જશે નહીં. પવન બંધ થશે ને એક પાંદડું પણ નહીં હલે.' આમ કહી સ્વામીશ્રીએ ધૂન કરાવી.

છતાં સંતોનાં મનમાં તો શંકાનાં વાદળો છવાયેલાં જ રહ્યાં, કારણ કે ત્રીજી એપ્રિલના રોજ થનારા ઉદ્‌ઘાટનના ત્રણ કલાક પહેલાં પણ પવનનો મિજાજ બદલાયો નહોતો. તેથી દ્વિધામાં અથડાતા આયોજકો વળી સ્વામીશ્રીને પૂછી બેઠા કે 'બાપા ! પવનનું શું ?'

'શંકા ન રાખો.' સ્વામીશ્રી ટૂંકમાં જ બોલ્યા.

... અને સાચે જ તા. ૩/૪ની સાંજે આશરે સાડા છ વાગ્યાના સુમારે સૌ વિસ્મિત થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ ! આ સમયે સ્વામીશ્રી વૉટર શૉના સ્થળ પર પધાર્યા ત્યારે તેઓ દ્વારા *'મારી મરજી વિના કોઈ તકે, સૂકું પાનડું હાલી ન શકે...'*ની શ્રીજી-શક્તિ વહી છૂટી ! તેથી આસપાસ ઊભેલાં સેંકડો વૃક્ષોનાં લાખો પાંદડાં સ્થિર થઈ વૉટર શૉ નિહાળવા સજ્જ બની ગયાં ! સ્વામીશ્રીના સામર્થ્યની પ્રતીતિ કરાવતી આ ઘટના કંઈક કૅમેરાના કચકડામાં પણ મઢાઈ ગઈ.

यह प्रमुखस्वामी ही कर सकते हैं

વૉટર શૉના ઉદ્‌ઘાટન માટે સ્વામીશ્રી પધાર્યા ત્યારે ખાસ તૈયાર કરાયેલા થિયેટરમાં ૧,૩૨૮ આમંત્રિત મહાનુભાવો અને ૪૦૦ અગ્રણી સત્સંગીઓએ પોતાનું સ્થાન મેળવી લીધેલું. કદાચ સમાજનું એકેય ક્ષેત્ર બાકી નહોતું બચ્યું કે જેમાં પ્રભાવ છોડનારા આગેવાન અહીં ઉપસ્થિત ન હોય. આગંતુકોની આ આકાશગંગામાં અતિથિવિશેષરૂપે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ભારત સરકારના વૈજ્ઞાનિક સલાહકાર શ્રી રાજગોપાલ ચિદમ્બરમ્ અને શૉના સર્જક શ્રી ઈવ પીપા હાજર હતા. આ મહેમાનોએ

જલકુંડ સમક્ષ તૈયાર કરાયેલા મંચ પર સ્વામીશ્રીની સાથે જ સ્થાન ગ્રહણ કરતાં ઉદ્‌ઘાટન સભાનો આરંભ થઈ ગયો.

તેમાં વૈદિક મંત્રગાન અને હારતોરા દ્વારા અતિથિ-સત્કારના વિધિ બાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ વૉટર શૉની વિશેષતાઓ વર્ણવી. તેને અનુસરતાં શ્રી પીપાએ ભાવોર્મિ વહાવી કે 'હું આ પ્રોજેક્ટમાં સહભાગી થવા માંગતો હતો, કારણ કે આજ સુધી વિશ્વભરમાં મેં જે કાંઈ શૉ કર્યા છે તે બધા કરતાં આ પ્રોજેક્ટ તદ્દન જુદો છે. મેં લોકોનાં મનોરંજન માટે જ શૉ કર્યા છે, પરંતુ અહીં એક સંદેશ છે. મારે ચોક્કસ કહેવું જોઈએ કે પ્રમુખસ્વામી મહારાજ સહિત સંતો-સ્વયંસેવકોએ મારી સાથે એક પરિવારની જેમ કાર્ય કર્યું છે. એક સાચા કુટુંબ સાથે કામ કર્યાનો મને આનંદ મળ્યો છે. મેં આ પ્રોજેક્ટમાં ખુમારી સાથે સમય આપ્યો છે. અહીં જે કંઈ વાત થઈ રહી છે એ ફક્ત આ એક દેશ માટેની વાત નથી, પણ વૈશ્વિક વાત થઈ રહી છે. આધ્યાત્મિક સંદેશ આપવાનો આ એક માર્ગ છે જે સૌને લઈ જાય છે અક્ષરધામ ભણી. હું તે બદલ આભારી છું.'

એક આંતરરાષ્ટ્રીય નિર્માતાના આ અહોભાવ બાદ શ્રી આર. ચિદમ્બરમે જણાવ્યું: 'હું છેલ્લાં પંદર વર્ષથી પ્રમુખસ્વામી મહારાજને મળતો રહ્યો છું અને મારી પ્રત્યેક મુલાકાત વખતે મને કંઈક નવી જ ઉન્નતિનો, ઊર્ધ્વગતિનો અનુભવ થાય છે. તેઓની પ્રેરણાથી અહીં વૉટર શૉનું નિર્માણ થયું છે તે ટેક્નોલોજી અને આધ્યાત્મિકતાના અદ્વિતીય સમન્વયનું પ્રતીક છે.'

એક વૈજ્ઞાનિકની આ અનુભૂતિથી અભિભૂત થયેલા શ્રોતાઓને સ્વામીશ્રીની આગવી ઓળખ આપતાં મુખ્યમંત્રી શ્રી મોદીના મુખેથી શબ્દો સરવા લાગ્યા કે –

'विश्व में पहली बार अध्यात्म और विज्ञान का मेल करते हुए वॉटर शॉ का प्रारंभ हो रहा है। मुझे कभी कभी लगता है कि दुनिया की जितनी मैनेजमेन्ट इन्स्टिट्यूशन्स है वे कभी केस-स्टडी के रूप में पूज्य प्रमुखस्वामी महाराज और उनके द्वारा चलाये गये कामों का स्टडी करें। शायद मैनेजमेन्ट के सभी उत्तम सिद्धांत और उसमें भारतीयता की झलक वे खोज पायेंगे।

मानवीय कौशल्य का सर्वोत्तम विनियोग कैसे हो, योग्य उपयोग कैसे हो, संसाधनों को अधिकतम गतिशील कैसे किये जाए, मानवीय कौशल्य को संसाधनों से कैसे जोड़ा जाए, निश्चित समयावधि में कार्य कैसे परिपूर्ण किये

जाएं, उसे समझने के लिये प्रमुखस्वामी महाराज के नेतृत्व में चले हुए काम एक बहुत बड़ा अवसर देते हैं। पूज्य प्रमुखस्वामी महाराज के माध्यम से जो कार्य चल रहे हैं और जिस रूप में चल रहे हैं वे हमारी इस महान परंपरा को नये ढंग से देखने के लिए, सोचने के लिये और स्वीकार करने के लिए विश्व को मज़बूर करेंगे।

और ये भी देखें! ईस्ट और वेस्ट का मिलन कैसा है! आज पश्चिमी दुनिया का कलाकार पूरब की विरासत को विज्ञान के साथ जोड़कर हमारे सामने प्रस्तुत कर रहा है। यह प्रमुखस्वामी ही कर सकते हैं। एक नये नज़राने के लिए पूज्य प्रमुखस्वामीजी को मैं हृदय से प्रणाम करता हूँ।'

સ્વામીશ્રીનું એક-એક કાર્ય માંધાતાઓનાં મન પર કેવો કબજો જમાવી દેતું તેનું એક વધુ ઉદાહરણ આજે સૌ જોઈ રહ્યા.

પ્રમુખસ્વામીમાં ભગવાનનાં દર્શન કરાવતો વૉટર શૉ

ઉદ્‌ઘાટન સમારોહમાં મહાનુભાવોનાં વક્તવ્ય બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આજે આપ સર્વ પોતાના કામમાં વ્યસ્ત હોવા છતાં આ પ્રસંગે પધાર્યા છો તો ધન્યવાદ છે! આ આખો પ્રોગ્રામ (વૉટર શૉ) કરનાર પીપાનું નામ જ એવું સાર્થક છે કે 'પી' અને 'પા'. તેઓ પીએ છે ને પાય છે. તેમણે આ સુંદર કાર્ય કર્યું છે! અહીં દર્શાવેલી કઠોપનિષદની કથામાં આપણા ભારતીય સંસ્કાર જોવા મળે છે. દરેકને આવું જ્ઞાન થાય એ પ્રાર્થના કરીએ છીએ.'

આ અમૃતધારાને અનુસરતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ કઠોપનિષદનો ગ્રંથ સ્વામીશ્રી સમક્ષ ધર્યો. તે પર તેઓનો હાથ પડતાં જ જળકુંડમાં ફુવારા ઊછળવા માંડ્યા અને પ્રકાશના શેરડા રેલાઈ રહ્યા. તે દ્વારા 'શાસ્ત્રના શબ્દો સત્પુરુષ થકી જ સમજાય છે' એ શ્રીજીસિદ્ધાંતનું નિદર્શન થઈ રહ્યું. તેની સાથે જ વૉટર શૉનો શાનદાર શુભારંભ થઈ ગયો.

પરંતુ આ શૉની દૃશ્યાવલિઓમાં મહિલાઓની અભિવ્યક્તિ પણ હોવાથી સ્વામીશ્રી તથા સંતોએ વિદાય લીધી અને આમંત્રિતો માટે શૉ જારી રહ્યો. તે સમયે મહાનુભાવોનાં દિલ-દિમાગ પર વૉટર શૉ જેટલો જ પ્રભાવ સ્વામીશ્રીના ધર્મપાલનનો પણ પડ્યો. વિશ્વને એક નજરાણું ધરનારા સ્વામીશ્રી એ નજરાણા પર નજર નાંખ્યા સિવાય ચાલી નીકળ્યા એ બાબત

સૌ માટે આશ્ચર્ય અને અહોભાવનો વિષય બની રહી. તેની સાથે વૉટર શૉના પ્રભાવથીયે બીજા દિવસે પ્રકાશિત થયેલાં અખબારોનાં પાનાં ચમકી ઊઠ્યાં.

તેથી તા. ૪/૪ની એ સવારે સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે દર્શનાર્થીઓ દ્વારા મહાનુભાવોના અભિપ્રાયોની જ છોળ્યો ઊછળતી રહી. ગઈકાલે શૉ નિહાળ્યા બાદ ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના ઉરમાંથી શબ્દો નીકળેલા કે 'બી.એ.પી.એસ.ને પોતાના પ્રચારમાં કોઈ રુચિ નથી, પરંતુ ભાવિ પેઢીની ઉન્નતિ માટે ખૂબ ગંભીરતાથી વિચારે છે. આ શૉ તેઓ દિલ્હીમાં કરી આંતરરાષ્ટ્રીય વાહ... વાહ... મેળવી શક્યા હોત, પરંતુ અહીં ગાંધીનગરમાં તે કરીને તેઓએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય નકશા પર મૂકી દીધું છે.'

ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીએ તો કહી દીધું કે 'વૉટર શૉ બનાવી પ્રમુખસ્વામી મહારાજે આપણી સભ્યતા અને આધ્યાત્મિકતાની જે સેવા કરી છે એનું ઋણ ક્યારેય ચૂકવી શકાશે નહીં.'

આ અનુભૂતિમાં છોગું ચડાવતાં ગૃહસચિવ શ્રી નિત્યાનંદમ્ બોલી ઊઠ્યા: 'હું જીવનભર આ આધ્યાત્મિક અનુભવને વીસરી નહીં શકું. પ્રમુખસ્વામીમાં મને ભગવાનનાં દર્શન થાય છે.'

આ જ રીતે, એક નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને વૉટર શોનો અનુભવ વ્યક્ત કરવા માટે નવા જ શબ્દકોશની જરૂર જણાઈ, તો એક અગ્રણી ઍડવોકેટનો માંહ્યલો આ શૉ જોઈ એવો જાગી ગયો કે તેઓ રાતભર સૂઈ ન શક્યા! કો'કને આ શૉ નિહાળી સ્વામીશ્રીના હાથમાં ભારતીય સંસ્કૃતિ સુરક્ષિત જણાઈ, તો કો'કે શ્વાસમાં અમૃત ભર્યાનો અહેસાસ અનુભવ્યો.

સ્વામીશ્રી સમક્ષ થઈ રહેલી આવી કંઈક અનુભૂતિની રજૂઆતના અંતે સંતોએ ગઈકાલે થંભી ગયેલા પવનનો પણ ઉલ્લેખ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપે પવનને રોકી ન રાખ્યો હોત તો શું થાત? હકીકતમાં આપ ભગવાન જ છો. ભગવાન ન હો તો આ શક્ય જ નથી!'

'એ ક્યાં બોલ્યા? આપણે ક્યાં ભગવાન છીએ?'

'ન હો તો આટલું ઐશ્વર્ય કોણ બતાવી શકે?'

'ભગવાન બોલે છે, શાસ્ત્રીજી મહારાજ ને જોગીબાપા બોલે છે. બોલનારા એ છે. કર્તા પણ એ છે.' સ્વામીશ્રીના હૈયામાંથી દાસભાવ ફૂટી નીકળ્યો.

જેની અસરમાંથી લોકો વર્ષો સુધી બહાર ન આવી શકે તે સર્જનથી

સ્વામીશ્રી કાચી સેકન્ડમાં અળગા થઈ જતા, પોતે જ તેના સર્જક હોવા છતાં! તેઓની આ સિદ્ધિનો જોટો જગમાં જડશે?

આ છાતી ઉપર ભગવાન બેઠા છે

તા. ૫/૪ની સાંજે સંત-સમુદાય માટે યોજાયેલો વૉટર શૉ શરૂ થાય તે પહેલાં જ સ્વામીશ્રીએ શૉમાં જ્યાં-જ્યાં મહિલાઓનાં દૃશ્યો આવતાં હોય તે ન દેખાય તેની તકેદારી રાખવાની સૂચના તકનીકી યુવકોને આપી દીધી. તે અનુસાર ધર્મમર્યાદા જાળવીને થયેલી આ શૉની પ્રસ્તુતિને સ્વામીશ્રીએ પણ પોતાના સાંનિધ્યથી ધન્ય કરી. આ આગવી રજૂઆત માટે તેઓના મુખમાંથી સહજભાવે શબ્દો સરી પડ્યા કે 'જોગી મહારાજ કહેતા એમ બધા ખેંચાઈને અહીં પડશે... આ ખૂબ ચાલશે...'

આ વાણીની સત્યતા જાહેર જનતા માટે શૉ ખુલ્લો મુકાયાના પ્રથમ દિવસથી જ જણાવા માંડી. તેથી રોજના એક શૉના આયોજનને બદલી પ્રતિદિન બબ્બે શૉ યોજાવા લાગ્યા. છતાં વંચિત રહી જનારા કેટલાય બીજા દિવસે આવી દર્શનાર્થીઓની હરોળમાં ઊભા રહી જતા.

આકર્ષણના આ અક્ષરો દ્વારા ગૂંથાતી ચાલેલી વાતોમાં તા. ૯/૪ની સવારે સંતોએ સ્વામીશ્રીને કહ્યું: '૯૦મા વર્ષે ઘણાને બોલવાનાં પણ ઠેકાણાં ન હોય, જ્યારે આપ વીસ-પચીસ મિનિટ સુધી વ્યવસ્થિત પ્રવચન કરો છો એ જોઈને ઘણાને આશ્ચર્ય થાય છે.'

આ વિગતની સાક્ષીરૂપે ઉદ્‌ઘાટન સમારંભમાં આવેલા પ્રતિષ્ઠિત વકીલ શ્રી લાખાણીનો અભિપ્રાય સંભળાવતાં સંતોએ જણાવ્યું: 'આ ઍડ્‌વોકેટે એમ કહ્યું કે પ્રમુખસ્વામીએ આ ઉંમરે જે એકધારા આશીર્વાદ આપ્યા અને એમાં પણ જે સ્પષ્ટતા હતી એ ખૂબ જ અદ્‌ભુત જણાઈ!'

આ સમયે કો'કે વળી ઉમેર્યું: 'નેવું વર્ષની ઉંમરે આવું કરવું એય હિંમત કહેવાય.'

આ મતની પુષ્ટિ કરતાં અન્ય એકે સ્વામીશ્રીને કહ્યું: 'વળી જે કંઈ પ્રશ્ન આવે એ આપની છાતી ઉપર જ આવે.'

'બધી ભગવાનની હિંમત છે. આ છાતી ઉપર એ બેઠા છે એટલે કામ થાય છે.' આમ કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આ તો કેવું છે, સૌ મળીને ગાડું! હરિભક્તો અને સંતો બધાનું સમર્પણ એવું! એટલે મારા ભ'ઈ! કામ થઈ

જાય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે જે મૂળ ઊંડાં નાખ્યાં છે કે બે વરસનું છોકરું હોય એનેય સમર્પણ થઈ જાય, બાકી એને કોણ સમજાવવા જતું હશે? નાના-મોટા બધાને એક જ વિચાર કે સંસ્થા માટે કંઈક કરી છૂટવું છે. છોકરાઓ પોતાના વાપરવાના પૈસા બચાવીને અહીં આપે. નાના-મોટા બધાને જીવમાં ભાવ છે એટલે કામ થાય છે!'

'આપનામાં પણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે જ ને!'

'એ છે એટલે જ એમને લઈને બધું થાય છે ને!' સ્વામીશ્રી બોલ્યા.

આમ, અંગોઅંગમાં શ્રીજીમહારાજને ધારીને વિચરતા તેઓના વરદહસ્તે તા. ૧૦/૪ની સવારે ગાંધીનગરનાં સેક્ટર-૬ અને ૨૬ તેમ જ વાવોલમાં નિર્માણ પામેલાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

ઘરસભાની વાત તો જરૂર કરજો જ

તા. ૧૧/૪ની સાયંસભામાં બાળદિનને અનુલક્ષી થયેલી પ્રસ્તુતિઓ નિહાળ્યા બાદ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'જોગી મહારાજની દીર્ઘ દૃષ્ટિ હતી તો એમણે બાળ મંડળ, કિશોર મંડળ, યુવક મંડળ, વડીલ મંડળ, ઘરસભાની વાત આપણને કરી, તો એનાં ફળ આપણે ખાઈએ છીએ. ઘરસભા કરવાથી ઘણા-ઘણા પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે. આપણે જોઈએ છીએ કે ઘણાં કુટુંબોમાં આનાથી સારો સંપ થયો છે. છોટી વયે પડેલી છાપ છેલ્લી વયે પણ જતી નથી – આ સૂત્ર બહુ ઉપયોગી છે. એટલે આ વસ્તુનું ધ્યાન રાખીને ઘરસભાની વાત છે તો જરૂર કરજો જ! ભગવાન રાજી થશે. મોટાપુરુષ જે બોલે તે મિથ્યા ન થાય. આવા પુરુષ મળ્યા એ આપણાં ભાગ્યનો પાર નથી. એ મળે, ઓળખે, વહાલ કરે. એમાં જેટલા ઊંડા ઊતરીશું એટલો લાભ છે. એમના વચને ભક્તિ કરીશું તો કોઈ વાંધો નહીં આવે.'

સ્વામીશ્રીની આવી જ અમૃતધારા તા. ૧૨/૪ની સાંજે પણ રેલાઈ રહી. આ સમયે સંતો માટે આયોજિત વૉટર શૉ નિહાળતી વખતે સ્વામીશ્રીના હૈયે ઉમળકો જાગી જતાં તેઓએ આશીર્વાદ આપવાની ઇચ્છા જણાવી. તે અનુસાર શૉ બાદ સૌને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રી બોલ્યા:

''આજે અહીં ઉપનિષદના નચિકેતાની વાત જાણી. તે મુમુક્ષુ હતો એટલે બાપની આજ્ઞા પાળી. બીજો હોય તો કહી દે કે 'નોનસેન્સ (અક્કલ

વગરના)! તું જ યમલોકમાં જા.' યમરાજાએ એને આ દુનિયાની મોટી-મોટી સમૃદ્ધિ અને સુખ બતાવ્યાં, પણ નચિકેતા એમાં ક્યાંય લોભાયો નહીં, કારણ કે એને પરમાત્માને પામવાનું ધ્યેય હતું. એણે આત્મા-પરમાત્માના જ્ઞાનની વાત કરી. એના બાપને સુખ થાય એ પણ માંગ્યું. આજના જમાનાનો હોય તો કહે, 'સો જન્મેય ભેગો ન થાય.' પણ શત્રુનુંયે સારું ઇચ્છે એવી વાત નચિકેતા પાસે હતી.

આ વાત તો ઘણાં વરસો પહેલાંની થઈ ગઈ, પણ તે અત્યારે આપણને પ્રત્યક્ષ છે. ભગવાન પ્રગટ છે. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની એવી સેવા કરી કે સ્વામીએ કહ્યું: 'તું ઘેર જા, સાઠ હજાર રૂપિયા મળશે.' પણ ભગતજી મહારાજે આત્મા-પરમાત્માનું, અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન માંગ્યું. એટલે આપણે ત્યાં તો આ વાત પ્રત્યક્ષ છે. આપણે ત્યાં પરોક્ષ નથી. પેલાનું (નચિકેતાનું) તો ઘણું લાંબું થઈ ગયું (એટલે કે તે વૈદિક કાળની વાત થઈ), જ્યારે આ તો હમણાં જ થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજ ભગતજી મહારાજને મળેલા. એટલે આપણા જેવા કોઈ ભાગ્યશાળી નથી. આપણે આનંદમાં રહેવાનું છે. જો આ સુખ લેવું હોય તો માન-અપમાન, સુખ-દુઃખ ગમે તે આવે એની અંદર મૂંઝાવાની જરૂર નથી.'

આવો વિચાર હોય તો અફસોસ થાય જ નહીં

વૉટર શૉ નિહાળ્યા બાદ ઉતારે પધારી સ્વામીશ્રીએ ભોજન ગ્રહણ કર્યું ત્યારે રાત્રિના ૯:૪૦ વાગી ચૂકેલા. આ સમયે તેઓને વહેલા વિશ્રામમાં લઈ જવાની તજવીજ થવા માંડી ત્યાં જ સંસ્થાનાં કેટલાંક અટકેલાં કામનો સંદર્ભ આપી એક સંતે અરજ કરી કે 'બાપા! આ કાર્ય માટે કંઈક ઐશ્વર્ય વાપરો.'

'બધું (ઐશ્વર્ય) વપરાઈ જાય તો પછી કરીએ શું?' આમ કહેતાં સ્વામીશ્રીએ વિનોદનો સૂર છેડી દીધો. તેથી ડોલવા માંડેલા સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'આપના સંકલ્પ કયા?'

'છે જ નહીં! જોગીબાપાએ સંકલ્પ કર્યા એ પૂરા કર્યા. એમના સંકલ્પમાં જ આપણે ચાલીએ છીએ.'

'આપના સંકલ્પ એ યોગીજી મહારાજના સંકલ્પ કહેવાય ને?'

'જુદા તો તમે માનો છો, અમે ક્યાં માનીએ જ છીએ?'

'ચાલો, આપ એક સંકલ્પ કરો કે સો વર્ષ સુધી આ પૃથ્વી પર રહીને

યોગીજી મહારાજના સંકલ્પો પૂરા કરવા છે.'

એક સંતના આ પ્રસ્તાવને વધાવતાં બીજાએ ટેકો ધર્યો કે 'સો શું કામ? સવા સો!'

'સવા સો શું કામ? વધારે કહો ને!' આમ બોલી સ્વામીશ્રીએ પણ ગમ્મત-ગુલાલ ઉડાડી દીધો, પરંતુ પછી જણાવ્યું:

'આપણે તો ભગવાનના આધારે છીએ. એમના થકી કામ થાય છે. આપણાથી કશું થતું નથી. 'હું કરું... હું કરું...' એમ કરે તો મર્યા. અભિમાન આવે કે 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું...' તો પત્યું! બાકી આત્મારૂપે વર્તે તો માન થયું, અપમાન થયું, કશામાં વાંધો ન આવે. 'મને આમ થયું ને મને તેમ થયું,' 'મને આ મળ્યું ને પેલું ન મળ્યું', એ બધું થાય જ નહીં! માન મળે તોય ભગવાનની કૃપા અને અપમાન થાય તોય ભગવાનની ઇચ્છા! આવો વિચાર હોય તો અફસોસ થાય જ નહીં.'

આટલું જણાવી સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા ત્યાગવલ્લભદાસ સ્વામીને બતાવી કહ્યું: 'જુઓ! આ સદ્‌ગુરુ સંતો. છે કોઈ દુઃખ? યોગીજી મહારાજની આજ્ઞાથી દસ વર્ષ સુધી રસોડું કર્યું. પછી અટલાદરા મૂક્યા તોય કાંઈ દુઃખ ન થયું. હરિભક્તોને રાજી કર્યા, સંતોને રાજી કર્યા. પછી બોચાસણ મૂક્યા. ત્યાંય હરિભક્તોને રાજી કર્યા. નહીં તો એમ થાય કે મને જ ઉપાડ્યો? કેટલું દુઃખ થાય! પણ આત્મારૂપ થાય એને કંઈ પ્રશ્ન જ ન આવે. આપણને આ સમજણ આપવા જ આ બધું બનાવ્યું છે. બાકી ગમે તેટલો બુદ્ધિશાળી હોય કે ડાહ્યો હોય એનાથી કશું થતું નથી. એમની (સત્પુરુષની) દયાથી જ થાય છે.'

માત્ર દસેક મિનિટના આ વાર્તાલાપમાં તો સ્વામીશ્રીએ અફસોસમુક્ત જીવનનું રહસ્ય ખોલી આપ્યું.

આગમાં બાગનો આનંદ

ગાંધીનગરમાં ગુજરાતના જ નહીં, પણ સમગ્ર દેશના ગૌરવ જેવો વૉટર શૉ સર્જી સ્વામીશ્રી હવે અમદાવાદ ભણી ગતિ કરવાના હતા, પરંતુ આ અરસામાં ચારેકોર વર્તાઈ રહેલો ગરમીનો કેર જોઈ તા. ૧૫/૪ની સવારે સંતોએ કહ્યું: 'બાપા! અત્યારે બધી જગ્યાએ ગરમી બહુ છે. એવું કરો, મહિનો આબુ પધારો.'

'જ્ઞાનની દૃષ્ટિએ તાપ પણ નથી અને ઠંડી પણ નથી. જ્ઞાનીને કાંઈ

અડતું નથી. જ્ઞાનીને હવા ખાવાની જરૂર જ ન હોય. એને તો બધે સરખું જ દેખાય. ગમે તેટલો તાપ હોય તોય ઠંડક.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં તેઓની સ્થિતિ ઝળકી ઊઠી. તેઓ આગની વચ્ચે પણ બાગનો જ આનંદ માણતા.

પરંતુ સંતોએ જણાવ્યું: 'અક્ષરધામમાં મલ્ટીમીડિયા શૉ બનાવનારા પ્રૉ. ફીચ કહેતા કે સ્વામીશ્રીએ વરસે એક મહિનો તો આરામ કરવો જ જોઈએ. એ વખતે કંઈ જ કરવાનું નહીં.'

'આપણી પરંપરાનો વિચાર કરો. કોઈએ એવું કર્યું છે?' આરામનો છેદ ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા.

સેવાની આ તમન્ના સાથે તેઓ આજની સાંજે ભ્રમણના વચગાળામાં વિશ્રામ માટે ખુરશી પર બિરાજ્યા. તે સમયે તેઓને ભાદરાના મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞની વિગતો જણાવવામાં આવી. તેમાં એક મુદ્દો એવો રજૂ થયો કે 'આ વખતે યજમાનોને સ્મૃતિરૂપે ભાદરાની મૂર્તિઓની છબી સાથે આપનો ફોટો આપવાનો છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને ફોટામાં મૂકવાના હોય તો જ આપવો, બાકી તેઓ ન આવે તો કાંઈ મૂકવું જ નહીં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ આવી જ જવા જોઈએ.'

'પણ મૂર્તિ નાની આપવાની હોય એટલે ફોટા નાના થઈ જાય.'

'નાની મૂર્તિ છપાવો જ છો ને! એમાં ક્યાં વાંધો છે?'

આમ કહી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના ફોટા સહિતની નવી મૂર્તિઓ અક્ષરપીઠમાં છપાવવાની સૂચના જારી કરાવી. એટલું જ નહીં, તે છાપતાં પહેલાં તેની ગોઠવણી પોતાને બતાવી જવાની તાકીદ પણ કરી દીધી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને મૂકીને થતો પોતાનો ઉલ્લેખ સ્વામીશ્રી કદી ખમી ન શકતા.

પૂર્ણકામપણાનો પડઘો

તા. ૧૬/૪ની સાંજે ગાંધીનગરથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૧૮/૪ની રવિસભામાં સ્વામી-શ્રીજીના જ્ઞાનનું મહિમાગાન કરતાં કહ્યું: 'અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન છે, છે ને છે જ! ભગવાન પ્રગટ છે એટલે

આ પૃથ્વી ઉપર આ જ્ઞાન રહેવાનું જ છે. આપણે ભૂલા પડ્યા જ નથી, કારણ કે આ જ્ઞાન સાચું છે, ચોખ્ખું છે, શાસ્ત્રોક્ત છે. આ બનાવટી વાત નથી, લાખો, કરોડો માણસોને આ જ્ઞાન થયું છે. 'આ વાત સાચી જ છે' એવી જો દૃઢતાપૂર્વક નિષ્ઠા થાય તો સુખિયા થઈ જવાય.'

આ સુખમાં અખંડ રમમાણ સ્વામીશ્રીની મુલાકાતે આવેલા સ્ટાર ન્યૂઝ ચેનલના સ્થાનિક વડા શ્રી બ્રિજેશકુમાર વૉટર શૉથી ઘણા પ્રભાવિત હતા. સ્વામીશ્રીએ સર્જેલી આ આધ્યાત્મિક અજાયબીનું પ્રસારણ લગભગ ૭૦થી વધુ દેશો સુધી પહોંચાડનારા તેઓએ તા. ૨૦/૪ની સવારે સ્વામીશ્રીને મળતાં જ પૂછ્યું: 'આપને કોઈ ચિંતા છે?'

'ભગવાન મળ્યા છે એટલે કોઈ ચિંતા નથી.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ભગવાન ભજીએ છીએ ને ભજાવીએ છીએ અને એમ માનીએ છીએ કે જે કરશે એ ભગવાન જ કરશે.'

આ ઉત્તરથી અચંબો પામેલા એ સંવાદદાતાએ વધુમાં જિજ્ઞાસા જણાવી કે 'આપને હજી કંઈ કરવાનું બાકી છે?'

'ભગવાન અને સંત મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા સમર્થ ગુરુ મળ્યા, એમની નિષ્ઠા છે એટલે કરવાનું કાંઈ છે જ નહીં.' સ્વામીશ્રીના શબ્દોમાંથી પૂર્ણકામપણાનો પડઘો પડી રહ્યો.

શ્રીકૃષ્ણ ભગવાન 'ગીતા'માં ગાય છે કે 'न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन। नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि॥' – 'મારે ત્રણે લોકમાં કંઈ કરવાનું નથી કે નહીં મળેલું મેળવવાનું નથી.' (૩/૨૨) સ્વામીશ્રીની પણ આવી જ કક્ષા હતી. છતાં લોકકલ્યાણ માટે આખી જિંદગી કાર્ય કરતા રહેલા તેઓની કેવી કરુણા અને કેવો કર્મયોગ!

આપણો મોક્ષ થવાનો જ છે

તા. ૨૨/૪ની સાંજે એક મુમુક્ષુને ફોન પર વાત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'કોઈ તમને બોલી ગયા હોય તો મનમાં રાખવાનું નથી. એક વખત મનમાં એમ ઘૂસી જાય કે 'મારા માટે ખોટો પ્રચાર કરનારા આટલા છે,' પછી એ પૂર્વગ્રહ મનમાંથી નીકળે નહીં. પણ એ બધું ભૂલી જઈને હળી-મળીને કામ કરવાનું છે, તો શાંતિ થશે. સાચી વાતો અને ખોટી વાતો – બંને આવશે, પણ એમાં આપણે પડવું જ નથી. શાસ્ત્રીજી મહારાજ માટે કેટલાક એમ પણ કહેતા

કે 'પટારો ભરીને પૈસા લઈ જઈને દીવાન સાહેબને ત્યાં મૂક્યા છે,' પણ આવા બધા આક્ષેપોને શાસ્ત્રીજી મહારાજે ધ્યાનમાં લીધા જ નથી. લોકોને જે બોલવું હોય તે બોલે. આપણે મનમાં ન લેવું. બધા સાથે સંબંધ સારો રાખવો.'

સ્વામીશ્રીની સલાહમાં સુલેહનું વર્ચસ્વ હંમેશાં જોવા મળતું.

બીજું, તેઓની વાતો એટલે કેફની કવિતા. તેમાં પ્રાપ્તિનો મહિમા ટેકની પંક્તિની જેમ વારંવાર ઘૂંટાયા કરે. તેથી તા. ૨૫/૪ની રવિસભામાં *'શીદને રહીએ રે કંગાલ રે સંતો...'* પદ ગવાતાં જ સ્વામીશ્રીની અમૃતધારા પર્વત પરથી દદડતી સરિતાની જેમ વહેવા માંડી:

'ભગવાનના શરણે જે આવ્યા એ બધા સંત. મોટામાં મોટી સમૃદ્ધિ કહો, ધન કહો, એ ભગવાન અને સંત મળ્યા એ છે. એ મળ્યા પછી રાંક શા માટે રહેવું? રાંક રહેવાનો વિચાર જ ન કરવો. રાંક થઈને ફરીએ તો મહિમા સમજ્યા જ નથી, આ સંબંધ થયો છે એ જાણ્યો જ નથી. મનમાં ઉત્સાહ, ઉમંગ રહેવો જોઈએ કે ભગવાન ને સંત મળ્યા છે એટલે આપણું કલ્યાણ થઈ જ રહ્યું છે, આપણો મોક્ષ થવાનો જ છે. માટે ડગમગ કરવાની જરૂર નથી. વિચાર જ નહીં કરવાનો કે 'આપણો મોક્ષ થશે કે નહીં થાય?' 'મારું શું થશે?' એવો કોઈ વિચાર જ ન આવવો જોઈએ. સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજ મળ્યા, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા પછી આપણે રોદણાં રડવાનાં જ ન હોય. આપણે કંગાલપણું માનવું નહીં. કેફમાં રહેવું, આનંદમાં રહેવું. ભગવાનની વાતો કરવી. નસીબમાં છે એ ભોગવી લેવાનું. આ લોકની સમૃદ્ધિ મળી કે ન મળી, પણ નિષ્ઠા-સમજણ પાકી છે તો આપણું કલ્યાણ ચોક્કસ છે. એમાં કોઈ ફેરફાર થવાનો નથી. આવા જોગમાં આવી ગયા છીએ એટલે સુખિયા થવાના જ છીએ.'

ટૂંકો ને ટચ 'પ્રમુખયોગ'

તા. ૨૬/૪ની સવારે આણંદથી આવેલા ભગવત્સ્વરણદાસ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે 'અક્ષર ફાર્મમાં આપનો નવો ઉતારો બનાવવો છે.'

'કાંઈ જરૂર નથી. છાત્રાલયમાં ઉતારો છે જ.'

પવન પાંદડાને ઉડાડી દે એમ સ્વામીશ્રીએ વિનંતી ઠુકરાવી દીધી.

પરંતુ સંતોએ કારણ ધર્યું કે 'ત્યાં જવું ને આવવું એમાં તકલીફ પડે

અને આ તો ત્યાં ને ત્યાં જ પૂજા, સભા બધું થઈ જાય.'

'પાંચ મિનિટમાં પહોંચી જવાય છે, કાંઈ તકલીફ પડતી નથી. ૯૦ વર્ષ થયાં. હવે શું નવું કરવાનું?' સ્વામીશ્રી બોલ્યા.

હકીકતે વધતી ઉંમરે જ સુવિધાની આવશ્યકતા રહે ને! પરંતુ તે સ્વામીશ્રીને અસ્વીકાર્ય હતી.

આ વૈરાગ્યવૃત્તિ સાથે તેઓ તા. ૨૭/૪ની સવારે ભોજન કરવા બિરાજ્યા ત્યારે સંતોની વાતચીતમાં યોગના વિવિધ પ્રકારોનો વિષય ફૂટ્યો. તે સાંભળી સ્વામીશ્રીએ સામે બેઠેલા આત્મસંતોષદાસ સ્વામીને પૂછ્યું: 'તમારે કયો યોગ ચાલે છે?'

'આપનો યોગ છે.'

'ટૂંકો ને ટચ.' મંદ મંદ હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તેમાંથી ગુણાતીતાનંદ સ્વામીની વાતનો સૂર સંભળાઈ રહ્યો કે 'બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે તેટલું કામ આંહીં એક દિવસે થાય છે.' એટલે કે એક સેકન્ડમાં એક લાખ વર્ષનું કામ! ખરેખર, કેટલું ટૂંકું ને ટચ! તેથી જ ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા હશે ને કે 'માટે જેને કસર ટાળવી હોય તેને તો આ બરાબર બીજો કોઈ સારો જોગ (યોગ) નથી.'[૨૯]

આવા ટૂંકા ને ટચ 'પ્રમુખયોગ'ના પુરાવા થોકબંધ સાંપડતા.

ઉદાહરણરૂપે ફક્ત આ મહિનાનું જ સરવૈયું માંડીએ તો વૉટર શૉ સાથે સંકળાયેલા વિશ્વવિખ્યાત ECA2 કંપનીના મૅનેજર શ્રી જુલિયને તા. ૪/૪ની સાંજે સ્વામીશ્રીને કહેલું કે 'હું અહીં બે જ દિવસ હતો, પણ આજે હૃદયમાં શાંતિ લઈને જઉં છું. તમારી સ્મૃતિ રોજ કરીશ. મારી ઇચ્છા છે કે હું સિગારેટ પીવાનું મૂકી દઈશ.'

ફક્ત બે જ દિવસના ટૂંકા ને ટચ 'પ્રમુખયોગ'નો કેવો પ્રતાપ!

આ જ રીતે તા. ૫/૪ની સવારે આવેલા ગુણાનુરાગી તબીબ ડૉ. રીતેશભાઈ સંઘવીએ સ્વામીશ્રીને જણાવેલું: 'જ્યારે જ્યારે હું આપનાં દર્શન કરું છું ત્યારે ત્યારે મને 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत...'[૩૦] શ્લોક યાદ આવી જાય છે.'

---

૨૯. સ્વામીની વાતો: ૨/૪૫.

૩૦. ભગવદ્ગીતાના આ શ્લોક(૪/૭)માં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: 'જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું.'

કેવળ દર્શનમાત્રથી અવતારવાદને પ્રત્યક્ષ કરી આપતો આ તે કેવો ટૂંકો ને ટચ 'પ્રમુખયોગ !'

તા. ૭/૪ના રોજ ભારતના પૂર્વ વિદેશમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ પણ સંતો સમક્ષ સ્વાનુભવ વર્ણવેલો કે 'એક વખત હું પ્રમુખસ્વામી મહારાજ પાસે ગયો અને પંદર મિનિટ સુધી બેઠો. તે દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ એક વાક્ય બોલ્યા નહીં. પરંતુ તે વખતે જે દિવ્યતા અને શાંતિનો મને અનુભવ થયો એની સ્મૃતિ આજે પણ હું કરું છું.'

નિઃશબ્દ 'પ્રમુખયોગ'નો પણ કેવો પ્રભાવ !

તેને યથાર્થ ઠેરવતાં એક ઉચ્ચ અધિકારી શ્રી ડી. સી. પરમાર તા. ૧૫/૪ના રોજ બોલી ઊઠેલા : 'ગયા વખતે પ્રમુખસ્વામી મહારાજ ગાંધીનગર પધાર્યા ત્યારે જીવનમાં પહેલી જ વખત હું તેઓનાં દર્શન કરતો હતો. તેઓનો સ્પર્શ થતાં જ મેં સંકલ્પ પણ નહોતો કર્યો છતાં વરસો જૂનું મારું વ્યસન છૂટી ગયું હતું.'

વર્ષોની મથામણ પછીયે જે શક્ય ન બને તેને સહજમાં સાકાર કરી દેખાડતાં ટૂંકા ને ટચ 'પ્રમુખયોગ'નાં આવાં કામણ 'પ્રમુખયુગ'માં ઘરોઘર જોવા મળતાં.

કોઈ સમે મનુષ્યતુલ્ય કરો ચરિત્ર

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમદાવાદ મુકામે અધિક માસને લક્ષમાં રાખી નિત નવા ઉત્સવો ઊજવાતા રહેતા. તે ક્રમમાં તા. ૨૮/૪ના રોજ આવેલી પૂર્ણિમાએ મંદિરમાં શરદ પૂનમ અને પોષી પૂનમના શણગારો શોભી રહેલા. તે નીરખી પ્રસન્નતા વ્યક્ત કરતાં સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીનાં દેરે દર્શન કરી સભામંડપ તરફની સોપાનપંક્તિએ પધાર્યા.

અહીં ચોકમાં ઊમટેલી ભક્તભીડમાં રવિ નામનો એક અંધ કિશોર પણ પગથિયાંની પગથારે બેઠેલો. ભલે તે સ્વામીશ્રીને જોઈ શકતો નહોતો, પરંતુ સ્વામીશ્રી તેને જોઈ ગયા. તેથી તેઓએ ગુલાબનું ફૂલ એ રીતે ફેંક્યું કે તે જઈને સીધું જ પડ્યું એ કિશોરના ખોળામાં. આશ્રિતની આંખો બંધ હોય તોય તેની પર વરસી પડતી સ્વામીશ્રીની કૃપાનું આ દર્શન ઘણું જ હૃદયંગમ બની રહ્યું.

તેઓની આ કૃપાનો ધોધ તા. ૨૯/૪ની સવારે પિચકારી દ્વારા વહી

રહ્યો. આજે ઠાકોરજી સમક્ષ ફૂલદોલની સજાવટ કરવામાં આવી હતી. તેથી હરખાયેલા સ્વામીશ્રીએ હાથમાં નાની પિચકારી લઈ ઉદુંબર પર પધરાવેલા ઠાકોરજી અને મધ્ય ખંડમાં વિરાજિત ત્રણેય મૂર્તિઓ સહિત આસપાસ ઊભેલા સંતો-ભક્તોને પણ રંગી નાંખ્યા.

આ જ રીતે આ અરસામાં તેઓની એક નૌતમ લીલા પણ સૌનાં ચિત્તને રંગચોળ કરી ગઈ.

અત્રે બે દિવસ પૂર્વે સ્વામીશ્રી પર ડલાસના શ્રી ધીરુભાઈ પટેલનો ફોન આવેલો. ૬૫ વર્ષીય આ હરિભક્તથી સ્વામીશ્રી સુપરિચિત હતા, કારણ કે સ્વામીશ્રી પાસે આવતા મહિલા ભક્તોના પત્રોનો જવાબ તેઓ સ્વામીશ્રી કહે તે મુજબ પ્રસંગોપાત્ત લખી મોકલતા. પરંતુ આજે આ વયસ્ક ભક્તને ફોનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'અભ્યાસ સારામાં સારો થાય, ધંધો સારો ચાલે.'

આ સાંભળી મરક મરક હસી પડેલા પરિચારકે કહ્યું: 'બાપા! આ તો વડીલ છે.' એટલે કે તેઓને અભ્યાસ સાથે શું નિસ્બત? જો કે આ સ્પષ્ટતા પછીયે સ્વામીશ્રી હસતાં હસતાં ફોનમાં પુનઃ બોલ્યા: 'અભ્યાસ સારામાં સારો થાય, સેવા-ભક્તિ થાય.'

અલબત્ત, તેઓની આ મનુષ્યલીલા સૌ માટે અચરજકારી જ સાબિત થઈ રહી, કારણ કે હજી છ-એક દિવસ પૂર્વે તા. ૨૦/૪ના રોજ તો નેનપુરના હરિભક્ત શ્રી દશરથભાઈને જોતાં સ્વામીશ્રીએ તેઓના પિતા નાગરદાસને સંભારી કહેલું: 'એમણે શાસ્ત્રીજી મહારાજની બહુ જ સેવા કરી છે. જે નેનપુર જાય એને પોતાના કૂવે નાહવા લઈ જાય અને પ્રેમથી નવડાવે.'

આ જ રીતે તા. ૨૮/૪ની રાત્રે પણ શયનમાં જતાં પૂર્વે સ્વામીશ્રીએ પોતાના ઓરડાની એક દીવાલરૂપે જડેલા પારદર્શક કાચની પેલે પાર ઠેઠ પાછળ ઊભેલા અરવિંદભાઈ ચૌહાણને જોતાં જ જણાવેલું: 'વરસોથી તેઓ ઠાકોરજીનાં દાતણ લાવે છે.'

વળી, તા. ૨/૫ના રોજ દર્શને આવેલા એક જજનો પરિચય આપવા જ્યાં સંતો ગયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એ તો આપણા માતરના એ. ડી. બારોટના ભાઈ ચીમનભાઈના દીકરાના દીકરા.'

આમ, ૮૯મા વર્ષે પણ ગામ-નામ સહિત કડકડાટ વહીવંચા બોલી જતા, કૂવે નવડાવવા કે દાતણ લાવવા જેવી નાની-શી ક્રિયાઓ પણ વર્ષો

સુધી સંભારી રાખતા સ્વામીશ્રીને પેલા ૬૫ વર્ષીય ભક્તને 'અભ્યાસ સારામાં સારો થાય...' એમ આશીર્વાદ આપવાનું શું પ્રયોજન હોય?! બસ, એક જ ને કે 'જે ભક્ત હોય તે તો આ ચરિત્રને ગાઈને પરમપદને પામે.'[૩૧]

શીશ સાટે સત્સંગના સોદાનો સંદેશ

તા. ૨/૫ની રવિસભામાં કિશોરદિન નિમિત્તે ઊગતી પેઢીએ રજૂ કરેલા સંવાદ 'જય જય અક્ષર-પુરુષોત્તમ' બાદ કિશોરોને જાણપણાની શીખ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

''હવે આપણે એક જ છે કે સિનેમા, નાટક-ચેટકથી બચવાનું છે, કારણ કે એમાંથી આપણી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. જોગી મહારાજ કહેતા કે એ રસ્તા બંધ. એ રસ્તે કાંટા, કાંકરા, ઝાંખરા બહુ વાગે. તમે સેવા-ભક્તિ સારામાં સારી કરો છો પણ છેલ્લાના નવમા વચનામૃતમાં મહારાજે વાત કરી છે કે 'જાણપણારૂપ દરવાજે રહેવું.' એની અંદર ચોર-ચકાર પેસી જાય તો આપણું નખ્ખોદ વાળ્યું. ઘર-બાર લૂંટાઈ જાય એવી આ વસ્તુ છે. ભાઈબંધ, દોસ્તાર મળે ને કહે, 'ચાલ ને!' પણ ખોટી મમત કે મહોબતમાં આવવું નહીં. મિત્રને કહી દેવું કે 'એ રસ્તો મારો નથી.' એ વાતમાં શરમ નહીં. શિર ભલે જાય, પણ સત્સંગ મૂકવો નહીં. કોઈ ગમે એટલી લાલચ આપે, પણ આપણી દૃઢતા રહેવી જોઈએ. એટલે જાણપણારૂપ દરવાજે બધા રહેજો અને બીજાને તૈયાર કરજો. નિયમ-ધર્મ, ભજન-ભક્તિ કરવામાં વિઘ્ન આવે તો એની દરકાર કરવી નહીં.''

સ્વામીશ્રીએ આજે શીશ સાટે સત્સંગના સોદાનો સંદેશ કિશોરોની કાયાના કણ-કણમાં ધરબી દીધો.

તે ધરતીના કણ-કણમાં પણ પ્રસરે તે માટે તેઓએ તા. ૫/૫ની સવારે વિજલપુર, ચીખલી, બોરપાડા, ચીમલા તથા ધુલિયાનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજમાં દૈવત પૂર્યું.

બી.એ.પી.એસ.ની બળવાન બાળસેના

તા. ૯/૫ની રવિસભા બાળદિન નિમિત્તે હોવાથી આજના કાર્યક્રમો જ્ઞાન અને ગમ્મતના પાટે સરકતા હતા. આ પ્રત્યેક પ્રસ્તુતિમાં સ્વામીશ્રીએ સિંચેલા દૈવતથી દેદીપ્યમાન બનેલા સેંકડો બાળતારલાઓનાં તેજ ટમટમી

૩૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૨.

રહ્યાં. તેના પ્રકાશથી અંજાયેલા શહેરના પ્રતિષ્ઠિત ડૉ. જિતેન્દ્રસિંહે તો આજની બાળસભામાં મંચ પર આવી જણાવ્યું: 'એક વાર બી.એ.પી.એસ.નો બાળક હરિ અકસ્માતમાં ઘવાઈને મારી હૉસ્પિટલમાં આવ્યો. તેની હાલત ગંભીર હોવાથી રાત્રે આઠ વાગ્યે મેં સારવાર શરૂ કરી દીધી. દસ કલાક બાદ તે જ્યારે ભાનમાં આવ્યો ત્યારે મેં એને દવા આપી. ત્યારે તે બોલ્યો: 'હું પૂજા કર્યા પછી જ પાણી અને દવા લઈશ.' આ સાંભળી હું અવાક્ બની ગયો. મેં એને ઘણું સમજાવ્યો છતાં તે એકનો બે ન થયો!'

હરિના હીરથી ઝગમગતા આ હીરલાને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવ્યો ત્યાં જ વાલીઓના સ્વાનુભવો રેલાવા લાગ્યા. તેમાં શ્રી દીપકભાઈ ચૌહાણે કહ્યું: ''ઘણા રોગોથી રિબાતી મારી દીકરીને વૈદ્યે કહ્યું: 'દવામાં લસણ આવે તો ચાલશે?' આ સાંભળી એક પિતા તરીકે હું ક્ષણભર ડગી ગયો, પરંતુ દીકરીએ નિધડકપણે કહી દીધું: 'મરી જવાય તો વાંધો નથી, પણ લસણ તો બિલકુલ નહીં જ ચાલે.''

દેવાંશી સમી આ દીકરીની દૃઢતાએ સૌને દંગ કરી મૂક્યા. ત્યાં જ અન્ય એક વાલી શ્રી ભગુભાઈ બોલ્યા: 'મંદિરમાંથી વ્યસનમુક્તિ અભિયાનનું કાર્ય શરૂ થયું. તેમાં જોડાયેલા મારા બાળકો એક વાર મને જ વળગ્યા. તેઓએ મહામહેનતે મારું વ્યસન છોડાવ્યું, પણ તેથી આજે ઘરમાં મહિને બે હજાર રૂપિયાની બચત થાય છે, મને સત્સંગ થયો ને મારું જીવતર સુધરી ગયું.'

બી.એ.પી.એસ.ની આવી બળવાન બાળસેનાને બિરદાવતાં સ્વામીશ્રીએ પણ આશીર્વર્ષા વરસાવી કે –

'આજે બાળમંડળની પણ જય અને એના કાર્યકર્તાઓની પણ જય! બાળકો અત્યારનું મોડર્ન જીવન જીવવાનું મૂકીને સેવા, ભક્તિ, સત્સંગ અને મોક્ષની બાબતમાં જોડાઈ ગયાં છે તો એમને ધન્યવાદ કહેવાય! આવા છોકરા તૈયાર થયા છે એ આપણા માટે ખૂબ આનંદની વાત છે. અત્યારે ઘણાને એવું થાય કે બાળકો બાળમંડળમાં જાય એ waste of time (સમયનો બગાડ) છે...'

અંગ્રેજીમાં આટલું બોલી સ્વામીશ્રીએ જણાવ્યું: 'મને બોલતાં નથી આવડતું, કારણ કે અમે તમારા જેટલું કંઈ ભણ્યા નથી. એકડે એક કર્યો છે. બીજું લાંબું કર્યું નથી...'

તેઓની આ બાળસહજ નિખાલસતા પર વીસ હજાર ભાવિકોથી ભરચક સભા ઓવારી ગઈ.

સ્વામીશ્રીની આવી નિર્દોષ અને નિર્દંભ વાણી આગળ વહેવા માંડી કે –

'એટલે કોઈને એમ ન થવું જોઈએ કે છોકરાઓને સત્સંગમાં મોકલીએ છીએ એમાં બગડી જાય છે. બગડતા નથી, પણ સુધરે છે. મા-બાપે આ રાજી થવાની વાત છે. આ બધી પ્રવૃત્તિ કલ્યાણકારી છે, એ પાયાની વસ્તુ છે. છોકરાને બાલમંદિરમાં મૂકી આવે ત્યારે વાલીને વિચાર નથી આવતો કે 'બગડી જશે કે સારો થશે?' પણ આ એનાથી મોટી આધ્યાત્મિક નિશાળ છે. તમે અત્યારે પ્રોગ્રામ જોયા એમાં કંઈ બગડવાનું છે? બાળકો મોટાને સુધારે છે એ કેટલી મોટી વાત છે! બાળમંડળનો કાર્યક્રમ જોયો તો આપણી છાતી ઠરે. આ તો અહીંનાં છે, પણ હજારોની સંખ્યામાં આવાં બાળમંડળો દેશ-પરદેશમાં ચાલે છે. એટલે જ્ઞાન અહીં નાનપણથી મળી જાય તો ઘરમાં ને સમાજમાં બધે શાંતિ રહે. માટે મા-બાપે પણ બાળકોને મોકલવાં તો સંસ્કૃતિ અને સંસ્કાર વધશે. તમને સત્સંગ થયો એમ તમે બીજાને કરાવો એ તમારી મોટી સેવા છે.'

સંપ રાખીએ તો પ્રશ્ન જ ક્યાં છે?

અમદાવાદમાં અધિક માસ ગાળી સ્વામીશ્રી સૌને અધિક સુખની લહાણી કરી રહેલા. તેની ઋણાભિવ્યક્તિરૂપે ભક્તોએ પણ અધિક વ્રત, તપ, સેવા, ભક્તિ દ્વારા અધિક રાજીપો રળી લીધો. સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન અમદાવાદના અભિષેક મંડપની ફર્શ તો જાણે સત્સંગીઓની પાનીના સ્પર્શથી ઘસાતી જ રહી. અહીં આશરે નવ હજાર ભક્તોએ ચૌદ લાખથી વધુ પ્રદક્ષિણાઓ કરી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. આ રોકાણમાં રસોડા વિભાગે પણ ૧,૩૫,૦૦૦થી વધુ ભાવિકોને રમાડી-જમાડી તૃપ્ત કર્યા. તે જોઈ તા. ૧૪/પના રોજ સ્વામીશ્રી બોલ્યા: 'અમદાવાદમાં છીએ, પણ અહીં અમદાવાદપણું રહ્યું નથી.'

વિનોદભર્યા આ વિધાન સાથે વિદાય લેતાં તેઓ આજની સાંજે હવાઈમાર્ગે જામનગર આવી પહોંચ્યા.

અત્રે નાડાછડી અને આસોપાલવનાં પર્ણોની શોભાથી અલંકૃત થયેલો મંદિરનો પ્રથમ સ્તંભ સ્વામીશ્રીનો સ્પર્શ પામી ચેતનવંતો થવા થનગની રહેલો. એ સ્તંભનું સ્વામીશ્રીએ ગાડીમાં બેઠાં બેઠાં જ પૂજન કરી અહીંના મંદિરની નિર્માણ-પ્રક્રિયામાં પ્રાણ ફૂંકી આપ્યા. તેઓ દ્વારા પૂજિત આ સ્તંભ ક્રેન વડે નિશ્ચિત સ્થાને મૂકવામાં આવ્યો ત્યારે સંતોના હાથે તેનું વિધિવત્ સ્થાપન થયું. તે પછી આ પ્રસંગે ઊમટેલા ત્રણેક હજાર હરિભક્તોની નજીકથી

ગાડી લેવડાવી સૌને દર્શનનું સુખ આપતાં સ્વામીશ્રી ૭:૨૦ વાગ્યે ભાદરાના પાદરમાં પધાર્યા.

આ સમયે તેઓને સત્કારવા રસ્તાની બંને તરફ ભક્તભીડ ઊભરાઈ રહી. નૂતન શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે ઊમટેલા આ હાલારી હરિભક્તોએ મંદિરના અવતરણને વધાવવા લાખોની સંખ્યામાં માળા, પ્રદક્ષિણા, પંચાંગ-સાષ્ટાંગ પ્રણામ તથા સેંકડો પદયાત્રા તેમ જ પ્રભાતફેરીઓનાં અર્ઘ્ય શ્રીજીચરણે ધર્યાં હતાં. તેની સાથે ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્ર તેમ જ 'સ્વામીની વાતો'ના પણ કંઈક પાઠ કરી ભક્તિસરિતા વહાવી દીધેલી.

તેથી ભીંજાતા સ્વામીશ્રી અહીંના પ્રતિષ્ઠા-ઉત્સવની પૂર્વતૈયારીનો તાગ પામવા તા. ૧૫/૫ની સવારે વ્યવસ્થાપક સંતો સાથે બેઠા ત્યારે સૌના મુખેથી પવનના સુસવાટાની જેમ એક જ સમસ્યા ફૂંકાઈ – વૈશાખી વાયરાના તાંડવની. અતિ વેગથી વીંઝાતો વાયરો મંડપનું કાપડ તો ઠીક, થાંભલાઓને પણ ઠરવા દેતો નહોતો. તેથી છેલ્લા દસેક દિવસમાં ત્રણ-ચાર વાર માંડવાના લીરેલીરા ઊડી ગયેલા. આ ઉપાધિના શમન માટે સ્વામીશ્રીએ મીટિંગમાં જ ધૂન બોલાવી પ્રાર્થના કરી અને કોઈ એક મંડળના ભક્તોને ગુણાતીત જન્મસ્થાન પર ઊભેલા મંદિરમાં ધૂનની કડકડાટી માટે બેસાડવા આદેશ આપ્યો. કોઈ પણ મુશ્કેલીને ફેડવા તેઓ પુરુષાર્થથીયે અધિક મદાર પરમાત્માના બળ પર રાખતા.

આ રીતે મહોત્સવનાં ચક્રોને વિશેષ ગતિશીલ કરતા સ્વામીશ્રીએ તા. ૧૬/૫, અક્ષયતૃતીયાની સવારે ગુણાતીતાનંદ સ્વામીના મૂળ નિવાસસ્થાન પર રચાયેલા ઓટાનું વિધિવત્ પૂજન કર્યું. તેને અનુસરતાં તેઓ પ્રાતઃપૂજાથી પરવારી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સેવાનો અહેવાલ આપતાં સંતોએ જણાવ્યું: 'અમે પાણી તથા ઈલેક્ટ્રિક વિભાગ ભેગા જ કામ કરીએ છીએ, જેથી કોઈ મતભેદ ન થાય.'

'એ જ સારું! સંપ રાખીએ તો પ્રશ્ન જ ક્યાં છે?' સ્વામીશ્રીના મુખેથી કેવળ સમૈયો જ નહીં, પરંતુ કોઈ પણ ક્ષેત્રની સફળતાનું રહસ્ય સરી પડ્યું.

સંપની આ શૈલીને આબાદ જાળવીને તેઓ વર્તતા. તેથી જ તેઓએ પ્રતિષ્ઠા-ઉત્સવના ત્રણેય દિવસો દરમ્યાન ભાદરામાં વિદ્યમાન તમામ ધર્મ-સ્થાનોમાં થાળ નોંધાવવાનો આદેશ કાર્યવાહકોને આપ્યો. પ્રતિષ્ઠાના દિવસે તો દરેક સ્થળે ભેટ મોકલવાની પણ આજ્ઞા કરતાં સ્વામીશ્રીના સૌજન્યની

સુવાસ ભાદરાની શેરીએ-શેરીએ ફરી વળી. આ સાથે તેઓએ જણાવ્યું કે 'સમૈયા દરમ્યાન ગામના તમામ લોકોને ભોજનનું આમંત્રણ આપજો.'

આમ, સાગર-શી વિશાળતા સાથે સ્વામીશ્રીએ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં મંડાણ કરી દીધાં.

તમે લાડ લડાવિયાં લાખ

ભાદરામાં ઊજવાઈ રહેલા પ્રતિષ્ઠા મહોત્સવ વખતે સ્વામીશ્રીની વય ૮૯ વર્ષની હતી, છતાં તેઓની સતર્કતા ૪૧ વર્ષ પૂર્વે તેઓએ અહીં ઊજવેલા પ્રતિષ્ઠા-ઉત્સવની યાદ અપાવતી હતી. ચાર દાયકા પહેલાંના એ સમૈયાને પોતાની કાળજી અને કુનેહથી શોભાડનારા સ્વામીશ્રીનો ઉમંગ આજે પણ લેશ ઓસર્યો નહોતો.

તેની પ્રતીતિ કરાવતા તેઓએ તા. ૧૬/૫ની સાંજે અહીંના મંદિર-નિર્માણમાં ખૂબ જ જહેમત ઉઠાવનારા ધર્મકુંવરદાસ સ્વામીને ભલામણ કરી કે 'રાજકોટના ચુનીભાઈ ચાતુર્વેદીની ઉંમર થઈ ગઈ છે. એ જૂના હરિભક્ત છે એટલે મારી ઇચ્છા છે કે તેઓને અહીં સમૈયામાં બોલાવવા. ભલે સમૈયાનો લાભ લે. તમે મોટર અને ઉતારાની વ્યવસ્થા કરી દેજો.'

જ્યાં સ્વામીશ્રી આમ કહી રહેલા ત્યાં જ સમૈયાના આયોજન સાથે સંલગ્ન અન્ય એક સંત ઓરડામાં પ્રવેશ્યા. તેઓને પણ સ્વામીશ્રીએ પોતાના વિચારથી વાકેફ કર્યા ત્યારે એ સંત બોલ્યા : 'અમે તો એમને કહેવડાવ્યું હતું કે તમે સમૈયા પછી આવજો, એટલે ભીડો ન પડે.'

આ વાત વાજબી જ હતી, પરંતુ સ્વામીશ્રીનો વ્યવહાર વહાલથી ઊભરાતો રહેતો. તેઓ સૌના તનની સાથે મનની પણ સંભાવના કરી જાણતા. તેથી તેઓએ પેલા સંતને કહ્યું : 'તમારી વાત બરાબર, પણ આ હરિભક્ત જૂના છે, નિષ્ઠાવાળા છે. માટે આવે તો સેવામાં કોઈ સારો માણસ રાખી દેજો.'

આમ, પ્રવાસ, પાગરણ અને પરિચારક – ત્રણેયની સવલત પૂરી પાડી સ્વામીશ્રીએ એક વૃદ્ધ ભક્તને સુખપાલમાં બેસાડી સમૈયાનો લાભ અપાવ્યો ત્યારે સૌના હૈયાં ગાઈ ઊઠ્યાં : *'તમે લાડ લડાવિયાં લાખ, પૂર્યા અંતરના અભિલાખ...'*

સ્વામીશ્રી વિષે આ અનુભવ માત્ર આ એક સત્સંગીનો જ નહીં, આ ઉત્સવમાં ઊમટેલા પચાસેક હજાર હરિભક્તોનો જ નહીં, પરંતુ સમગ્ર

સત્સંગ-સમુદાયનો રહેલો. સમૈયાની તડામારીમાં પણ એક-એકને સંભાળતી સ્વામીશ્રીની સ્નેહસરિતાને સમાવવામાં તો સાત સમંદર પણ છીછરા સાબિત થાય તેમ છે.

મહાયાગનો મંગલમય માહોલ

તા. ૧૭/૫ની સાંજે મંદિર-નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રી ઘુમ્મટ તળે ચાલી રહેલા વાસ્તુહોમમાં અચાનક પધારતાં સૌનાં હૈયાં હર્ષપૂર્ણ થઈ રહ્યાં. આ ઉલ્લાસ જ તા. ૧૮/૫ની સવારે યજ્ઞની ધૂમ્રસેરો બની ગગને જઈ ચડ્યો. આ સમયે ૧૬૬ કુંડ અને ૧,૬૦૨ યજમાનો ધરાવતી ત્રીસ વીઘાંમાં પથરાયેલી યજ્ઞશાળા સ્વામીશ્રીનાં પગલાં પડતાં જ સાર્થક બની રહી. તેમાં પૂર્વમુખે બિરાજી પ્રકાંડ પંડિતોના વિધાનને અનુસરતાં વિધિમાં પરોવાયેલા સ્વામીશ્રીને પુષ્પાંજલિ વખતે ખોબો ભરાઈ જાય એટલાં ગુલાબ આપવામાં આવ્યાં, પરંતુ તેને ઠાકોરજીનાં ચરણે ધરતાં સ્વામીશ્રીએ એક-એક ગુલાબ ચત્તું કરીને વ્યવસ્થિત ગોઠવી અપૂર્વ ભક્તિ અદા કરી. ૮૯મા વર્ષે પણ તેઓની ક્રિયામાં લેશ યાંત્રિકતા પ્રવેશી નહોતી તેની નિશાનીરૂપ આ ચેષ્ટા સૌના જીવમાં જડાઈ ગઈ.

એ જ રીતે કાળજે કોતરાય એવા આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા:

"અક્ષરનો અવતાર આ ગામમાં થયો છે એટલે આપણે જે કાંઈ સંકલ્પો કરીશું એ સિદ્ધ થશે. આપણે એવું નથી માનવાનું કે આ નાના ગામમાં ક્યાં આવી પડ્યા? આ તો તમે સારામાં સારું જે કાંઈ ગણતા હો એનાથી હજાર ગણું વિશેષ છે. એટલે એનો મહિમા તો જેટલો ન ગાઈએ એટલો ઓછો છે. જોગી મહારાજ બોલેલા કે 'આનાથી મોટું મંદિર થશે ને આખી દુનિયાના માણસો ખેંચાશે.' એ સાક્ષાત્ ગુણાતીત હતા એટલે એમને વાત તાદૃશ દેખાતી હતી.

શાસ્ત્રીજી મહારાજ અહીં આવેલા ત્યારે આ મનસુખ(ભંડેરી)ના દાદા એમનું ગાડું ખેંચીને લાવ્યા હતા. એ વખતે ગામમાં સત્સંગ થોડો થોડો, પણ આ કુટુંબ પહેલેથી નિષ્ઠાવાળું. ત્યારપછી જોગી મહારાજે મંદિર કર્યું. આપણને ગામનો સહકાર પહેલેથી છે. પહેલી પ્રતિષ્ઠા થઈ ત્યારે ગામ આખું સેવામાં હતું. સામે નદીમાંથી પાણી લાવવાનું હતું. નાથાભાઈનો કૂવો હતો. અમે યોગીજી મહારાજને ત્યાં લઈ ગયા તે પાણી આવ્યું ને સમૈયો સર્વોપરી થયો.

પાઈપ નાંખવાની સેવામાં ગામના જવાનિયા મંડી પડ્યા.

આજે જે યજ્ઞમાં બેઠા છે એ બધાએ આનંદમાં રહેવાનું. અગવડ-સગવડની વાત વિચારવી નહીં. ઉનાળો છે ને પવને દયા કરી છે. સવારે મંડપ બાંધે ને સાંજે તૂટી જાય, પણ સંતો મજબૂત, મંડપવાળા પણ મજબૂત. જૂના જોગી છે. ગઢડામાં સમૈયો થયો ત્યારે વાયરો આવે એટલે મંડપ ઊડી જતો હતો, પરમાર સભામંડપવાળાએ મહેનત કરીને સેવા કરેલી. અત્યારે બધું સારામાં સારું થઈ ગયું છે ને બધે જયજયકાર થઈ જશે.''

સ્વામીશ્રીએ આજે ખરેખરા ગરવા ગુણાતીત મિજાજમાં આવી એવી અમૃતવર્ષા કરી કે વૈશાખની ગરમી તો ક્યાંય ઓગળી ગઈ!

તેથી વ્યાપી વળેલા આનંદદાયી માહોલમાં જ સાંજે પાંચ વાગ્યે નગર-યાત્રાનાં ઢોલ ઢબૂકી ઊઠ્યાં અને યજ્ઞશાળાથી પ્રારંભ પામેલી વિવિધતાસભર શોભાયાત્રા સતત બે કલાક સુધી ગામને ઘેલું કરતી રહી. હરિભક્તો દ્વારા વહન થતા મયૂર રથ, ગરુડ રથ, હંસ રથ વગેરેમાં બિરાજેલી મૂર્તિઓને વધાવતાં હેલિકૉપ્ટરમાંથી પણ પુષ્પો વરસી પડ્યાં. લાલ-કેસરી સાફામાં શોભતા ક્ષત્રિય ભક્તો સહિત રાંગમાં રમતા અશ્વો, પરંપરાગત નૃત્યો કરતા બાળકો-કિશોરો, ધ્વજધારી યુવાનો, બૅન્ડ-ભૂંગળના ઘોષ, ભજનમાં મસ્ત સંતો, મોતીમઢી ઈંઢોણીઓ પર તામ્રકળશ મૂકી ગીતો ગાતું મહિલાવૃંદ વગેરેની શોભાએ ભાદરામાં મંગલમય વાતાવરણ સર્જી દીધું.

તેને અનુસરતાં રાત્રે યોજાયેલો સહયોગી સન્માન સમારોહ પણ દબદબાભેર સંપન્ન થયો.

ભાદરામાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા

તા. ૧૯/૫, નિજ વૈશાખ સુદ છઠ, બુધવારની સવારે ઉદય થયેલા સૂર્યનાં તેજરશ્મિઓથી ભાદરાના આંગણે ખડું થયેલું નૂતન મંદિર સોનાનું હોય તેમ ઝગમગી ઊઠ્યું. તે જોઈ સૌને આ નિર્માણ માટે સ્વામીશ્રીએ કરેલી જેસલમેરના પીળા પથ્થરની પસંદગી પણ સોનેરી જણાઈ રહી. આશરે પાંચ એકરમાં પથરાયેલા અને ૪૫ X ૮૫ X ૭૯ ફૂટનું પરિમાણ ધરાવતા આ પૂર્વમુખી મંદિરનાં પાંચ ગગનચુંબી શિખર, ૧૧થી વધુ કલાત્મક ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૧૪૮ નકશીદાર સ્તંભો, ૩,૦૦૦થી વધુ કમનીય મૂર્તિશિલ્પો વગેરેમાં ખાવડાના સ્વર્ણરંગી પીળા પથ્થરનું સંયોજન પણ સુચારુ રીતે સધાયેલું.

ભાદરાથી આઠેક કિ.મી. દૂર જ વસેલા સમુદ્રની ભેજભરી ખારી હવા કે ભૂકંપની શક્યતાઓ ધરાવતા આ પ્રદેશની ભૂસ્તરીય રચનાનો લેશ પ્રભાવ ન પડે તેની કાળજી નાગરાદિ શૈલીના આ મંદિરમાં પાયાથી માંડી શિખર સુધી લેવામાં આવી છે. તેની સાથે મૂર્તિકલાથી ભરચક જગતી અને કક્ષાસનની સાથે સંલગ્ન થતું મંડોવર પણ એટલું જ આકર્ષક દીસે છે. વળી, બારિક કોતરણીથી શોભતા અશ્વથર તથા ગજથર, ક્યાંક પથ્થરમાંથી ખીલેલું કમળ તો ક્યાંક મોગરાની કળી બની ગયેલો પથ્થર, ક્યાંક પથ્થરમાંથી મહોરી ઊઠેલી ઝીણી પાંદડીઓ યુક્ત લતાઓ, તો ક્યાંક ઘંટડીઓ રણકાવતી રાસ-મંડળી વગેરે રચનાઓ પણ એવી છે કે દર્શનાર્થીના મુખમાંથી શબ્દો નીકળી જાય કે *'થયું મંદિર તે બહુ સારું, જોતાં તે જનમન હરનારું...'*

મંદિરના સ્થાપત્યમાં પ્રથમ વાર પ્રયોજાયેલો ૨૦ અંશમાં વહેંચાયેલો ઘુમ્મટ આ મંદિરનું આગવું અંગ; તો ગર્ભગૃહને ફરતી, જગતી-પીઠને ફરતી અને સાવ નીચે ધરતી પરની ત્રિસ્તરીય પ્રદક્ષિણા પણ ૬૩,૧૭૫ ઘનફૂટ પથ્થરમાંથી બનેલા આ મહાલયની વિશેષતા.

તેમાં બિરાજમાન થનારા ધામ, ધામી અને મુક્તનાં સ્વરૂપો તો જેટલાં આહ્લાદક એટલાં જ ઐતિહાસિક! સન ૧૯૬૯માં યોગીજી મહારાજના વરદહસ્તે અહીંના એકશિખરીય મંદિરમાં પ્રતિષ્ઠા પામેલી પ્રતિમાઓ જ નૂતન મંદિરમાં પધરાવવાનો નિર્ણય સ્વામીશ્રીએ લીધેલો. એ જ રીતે ૭૫ વર્ષ પૂર્વે ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક ઘરમાં તેઓના જન્મસ્થાનના જે ઓરડામાં શાસ્ત્રીજી મહારાજનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજની ઉપાડની મૂર્તિઓ બિરાજેલી, તે જ મૂર્તિ આ નૂતન મંદિરની સુખશય્યામાં સ્થાપવાની આજ્ઞા સ્વામીશ્રીએ આપી હતી. આ રીતે તેઓએ પોતાના બંને પ્રતાપી ગુરુઓની સ્મૃતિને આ કલામંડિત મંદિરમાં સમાવી અદકેરી ગુરુભક્તિ અદા કરી દીધી.

તેની સાથે શ્રીજીમહારાજ વિષેની પોતાની અપ્રતિમ પરાભક્તિ પ્રગટ કરતા સ્વામીશ્રી તા. ૧૯/૫ની સવારે આઠ વાગ્યે મંદિરમાં પ્રવેશ્યા ત્યારે પુષ્ય નક્ષત્રનું અમૃત ચોઘડિયું આરંભાઈ ચૂકેલું. આ શુભ મુહૂર્તમાં યંત્ર-પીઠિકા પર બિરાજી પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ કરતા તેઓએ દર્ભશલાકા વડે મૂર્તિઓનાં મસ્તક, નેત્ર, હૃદય, કટિ, ચરણ, કર્ણ, ઓષ્ઠ, નાસિકા, આંગળીઓ વગેરે અંગોનો સ્પર્શ કરી વક્ષઃસ્થળ પર પોતાની હથેળીઓ સ્થાપી. તે દ્વારા

પ્રાણન્યાસ કરનારા સ્વામીશ્રીએ હૃદય પર અંગુષ્ઠસ્પર્શ કરાવી દસ પ્રાણને જાગ્રત કર્યા અને સોળ વખત ૐકારનો નાદ ગુંજાવી પ્રાણોનું આહ્વાન કર્યું.

તેને અનુસરતાં તેઓએ મધુસિંચિત સુવર્ણશલાકા વડે નેત્રોનું ઉન્મિલન કરી બ્રહ્મ-પરબ્રહ્મની દિવ્ય દૃષ્ટિનું તેજ ઝીલવા દર્પણ ધર્યું. આ સમયે સમગ્ર ઘુમ્મટ સ્વામિનારાયણ મહામંત્રના ઘોષથી ગુંજી ઊઠ્યો. તેની વચ્ચે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા શ્રીજીમહારાજ તેઓના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ સાથે યાવચ્ચંદ્રદિવાકરૌ બિરાજી ગયા. આ પ્રાણવાન પ્રતિમાઓની સ્વામીશ્રીએ પ્રથમ આરતી ઉતારી ત્યારે ૫૧ તોપોની ધણેણાટીનો અહેસાસ કરાવે તે રીતે ફૂટેલા ફટાકડા અને હેલિકૉપ્ટરમાંથી વરસી રહેલી કુસુમ-વર્ષાએ જયજયકારનું વાતાવરણ કરી દીધું. તેમાં જ ઘનશ્યામ મહારાજ, ગુરુપરંપરા તથા હનુમાનજી-ગણપતિજીનાં સ્વરૂપોનું પૂજન કરી સ્વામીશ્રી પ્રતિષ્ઠા-સભામાં પધાર્યા.

સમૈયાની શોભા થઈ સારી

અનેક નામાંકિત શ્રેષ્ઠીઓ તથા હજારો હરિભક્તોથી હકડેઠઠ ભાદરાના મંદિરનો પ્રતિષ્ઠા સમારોહ ગુણાતીતના ગૌરવગાનથી ગુંજી રહેલો.

તે ક્રમમાં મહંત સ્વામીએ પૂર્વસ્મૃતિ વાગોળી કે ''યોગીજી મહારાજનું આ અતિ પ્રિય સ્થાન. યોગીબાપાને ભાદરા આવવાનું થાય ત્યારે મોઢામાં પાણી આવે. ગોંડલમાં એક વાર યોગીજી મહારાજે મને કહ્યું: 'ચાલો, તૈયાર થાવ. ભાદરા જવાનું છે.' તે વખતે હું કાંઈ બોલ્યો નહીં. ત્યારે યોગીબાપાએ મારો હાથ દબાવી કહ્યું: 'કેમ બોલતા નથી? ભાદરાનું નામ પડે ત્યાં મોઢામાં પાણી આવવું જોઈએ.' એવા આ સ્થાનમાં આ પ્રતિષ્ઠા પ્રસંગે હાજર રહેવાનો અવસર મળ્યો તેથી આપણે ખૂબ ભાગ્યશાળી છીએ.''

આ મહિમાગાન બાદ સ્વામીશ્રીએ પણ અમૃતધારા વહેતી કરી કે –

''યોગીજી મહારાજના સંકલ્પે અહીં મંદિર થયું છે. જાયવાના ઘનશ્યામસિંહે એમને વાત કરી કે 'તમે અહીં મંદિર કરો છો, પણ કોણ આવશે? ગામ નાનું છે.' ત્યારે જોગી મહારાજ કહે, 'લાખો માણસો આવશે, મોટું મંદિર થશે ને સર્વોપરી થશે.' એટલે ઘનશ્યામસિંહ અને દાજી બાપુને એવો મહિમા. બંને દરબાર છતાં એકદમ નિર્માની. સાધુ-હરિભક્ત બોલી જાય, પણ એની રીસ નહીં. જોગી મહારાજે કહેલું: 'જે આવે એને

મહિમા કહેવો.' એટલે ઘાટ ઉપર લોકોને દર્શન કરવા લઈ જાય. દાજી બાપુ કંથારિયાના ને જામનગર સ્ટેટમાં આબાદી સાહેબ હતા. ગામોગામ ફરે ને દરેકને સત્સંગ કરાવે. આપણા અહીંના જૂના મંદિરમાં મૂર્તિઓ પધરાવનાર એ છે. રિટાયર થયા પછી ગોંડલની સેવા કરી. ગોંડલમાં જ યાહોમ થઈ ગયા. આ બે વેવાઈના કુટુંબ-પરિવારમાં અત્યાર સુધી સત્સંગ છે એ ભગવાનની દયા, જોગીબાપાના આશીર્વાદ. બાકી પરંપરા રહે નહીં. છોકરા એશ-આરામમાં જાય.

આ ગામનો પણ ખૂબ આભાર માનીએ છીએ. મંદિર કરવા મકાન આપ્યાં ને સમૈયો કરવા ખેતરો પણ આપ્યાં છે. આ કાર્યમાં જેણે-જેણે સેવા કરી છે એ સર્વનું ભગવાન કલ્યાણ કરે, સર્વને સુખ આપે એ પ્રાર્થના.''

આ આશીર્વાદ સાથે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો ત્યારે આ સમૈયાની શોભા સજવામાં ૨૬ સેવા-વિભાગોના આશરે ત્રણ હજાર સ્વયંસેવકોનું સમર્પણ શિરમોર રહ્યું. સ્થાનિક બાઈ-ભાઈ ભક્તો-ભાવિકોએ પણ ચારેક વર્ષના મંદિર-નિર્માણના સમયગાળા દરમ્યાન સિમેન્ટની સડકો બનાવવાથી માંડી પરિસરમાં હરિયાળી ફેલાવવા સુધીની વિવિધ સેવાઓમાં ઘર-ઘડિયાળ વિસારી પરિશ્રમ કર્યો હતો. આ શ્રમની શિલાઓ વડે શિખર સુધી ઊંચકાયેલું ભાદરાનું મંદિર નક્ષત્રમાળ ઝાંખી પડે તેવી કાંતિ ધરી ઝળહળવા લાગ્યું.

કદર અને આદરના સોદાગર

તા. ૨૦/૫ની સવારે અક્ષર-પુરુષોત્તમ માહાત્મ્યમ્ ગ્રંથના પ્રથમ પારાયણનો પ્રારંભ કરાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે એક નાનકડો પણ આત્મીયતાભર્યો સન્માન સમારોહ યોજાઈ ગયો. સ્વામીશ્રીની ઇચ્છાથી જ ગોઠવાયેલા આ સમારંભમાં મંદિરના સૌજન્યદાતા સમા પૂજારા પરિવારના શ્રી ચંદ્રકાંતભાઈ, કુમારભાઈ, ધ્રુવભાઈ ઉપસ્થિત હતા. વળી, આ સ્થાનમાં રહી પૂર્વે સેવા કરનારા દાજી બાપુ અને ઘનશ્યામસિંહ બાપુના વંશજો પણ બેઠેલા. તે સૌનું શાલ અને સ્મૃતિભેટથી બહુમાન કર્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'અહીં અદ્‌ભુત મંદિર થઈ ગયું છે. લાખો, કરોડો માણસો આવશે અને એનાં દર્શન કરશે એનું પુણ્ય આપને સૌને મળશે. આ મંદિર થયું છે તો યાવચ્ચંદ્રદિવાકરૌ સુધી તમારું સમર્પણ પણ લોકો જાણશે.'

કદર કરવી અને આદર આપવો એ સ્વામીશ્રીનો સહજ સ્વભાવ હતો.

તે સાથે તેઓએ તા. ૨૩/૫ની સવારે અમદાવાદ-સ્થિત આંબાવાડી વિસ્તારના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

ત્યારબાદ નિજનિવાસમાં પધારેલા તેઓ નિત્યક્રમમાં પરોવાયા ત્યારે ઇંગ્લેન્ડથી આવેલા એક ફોનમાં વાતચીત કરનારા સંત કહેવા માંડ્યા : 'બાપા ! તમે લંડનમાં ડંકો માર્યો, દિલ્હીમાં ડંકો માર્યો ને ભાદરામાં પણ માર્યો...'

'ઊભા રહો, ઊભા રહો. હું કોઈને મારતો નથી.'

અહોભાવને અટકાવતાં અને રમૂજને રમતી મૂકતાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યારે એ સંતે જણાવ્યું : 'આ તો ડંકો વગાડવાની વાત છે.'

'એ તો શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજે વગાડ્યા છે. આપણું કામ નહીં.' સ્વામીશ્રીના મુખેથી ગર્વરહિત ગિરા સરી પડી.

આ રીતે આગળ ચાલેલા વાર્તાલાપમાં કોઈક વિગત બાબતે સંદર્ભફેર થઈ જતાં સ્વામીશ્રી બોલ્યા : 'રાજી રહેજો. અવળ-હવળ બોલાઈ ગયું.'

આ સાંભળી સંકોચાઈ ગયેલા પેલા સંતે ભાવના વ્યક્ત કરી કે 'સ્વામી ! આવું બોલીને અમને શરમાવશો નહીં. આપે તો અમને રાજી રાખવા હજી ઓછાંમાં ઓછું દસ વર્ષ તો રહેવું જ પડશે.'

'અહોહો ! એ તો બહુ મોટી વાત થઈ ગઈ !' સ્વામીશ્રીના આ શબ્દો મર્મસભર હતા.

જો કે રહસ્યને અકબંધ રાખીને ભવિષ્યને ખોલવાની તેઓની કળા તો દેવતાઓયે ડૂલે એવી અકળ હતી.

વાડ અને લાડનું સંતુલન

તા. ૨૩/૫ની સાંજે મંદિર-પરિસરનું નિરીક્ષણ કરી સ્વામીશ્રી રાત્રે વાળુ કરવા બિરાજ્યા ત્યારે અહીંના ગ્રામ્ય વિસ્તારની સત્સંગ પ્રવૃત્તિનો ચિતાર આપતાં સર્વજીવનદાસ સ્વામીએ કહ્યું : 'ગામડાંના લોકો તેઓના બાળકોને આપણી સ્કૂલમાં મૂકતાં ખચકાય છે, કારણ કે તેઓને એમ રહે છે કે છોકરાંઓને સાધુ કરી દેશે.'

આ ગેરસમજને ટાળવા સ્વામીશ્રીએ તે સંતને જણાવ્યું : 'તમારે કહેવું કે છોકરાઓને સાધુ તો ઠીક, સત્સંગી કરવાનો પણ આગ્રહ નથી. પરંતુ છોકરો સદાચારી બને, એને સંસ્કાર મળે અને તમારામાં જે વ્યસન પેઠાં છે એ

તમે મૂકો એ અમારી ભાવના છે. ગામ સુધરે એટલા માટે અમે કરીએ છીએ. તમે વ્યસનો મૂકશો તો તમારા પૈસા બચશે. અમારે કાંઈ જોઈતું નથી.'

સ્વામીશ્રીના કોઈ પણ કાર્યનો પાયો આવો નિઃસ્વાર્થ અને નિરપેક્ષ રહેતો.

તે સાથે ગતિશીલ તેઓ પાસે તા. ૨૪/૫ની સવારે આવેલા એક હરિભક્તે પોતાના દીકરા તરફ નિર્દેશ કરતાં કહ્યું: 'સ્વામી! મારી ઇચ્છા છે કે આને ડૉક્ટર બનાવવો. જો એના માર્ક્સ ઓછા આવે તો હું ડોનેશન આપીને પણ પ્રવેશ લેવડાવીશ. આપ એને આશીર્વાદ આપો.'

'એમ નહીં! છોકરાને શું કરવું છે એ તો પહેલાં પૂછો.' આમ કહી સ્વામીશ્રીએ એ કિશોરને જ આ બાબતે પૂછ્યું ત્યારે તે હરખાયો. તેણે હૈયું ખોલ્યું કે 'મારે તો એન્જિનિયર થવું છે.'

હૈયાને ખૂલવાની તક આપી સ્વામીશ્રી તેમાં સહેલાઈથી પ્રવેશી જતા.

તે મુજબ તેઓએ આજે પેલા પિતાને જણાવ્યું: 'દીકરાને જેમાં રસ-રુચિ છે તેમાં જવા દો, તો એ સારું કરશે.'

સ્વામીશ્રીની આ સલાહમાં એક વકરેલી સામાજિક સમસ્યાનું સમાધાન છે. આજે વાલી વિરુદ્ધ વિદ્રોહ પોકારતાં સંતાનોની વધતી ચાલેલી સંખ્યાનું એક કારણ મા-બાપની એડી તળે કચડાતાં સંતાનોના મનોભાવો છે. છોડને બકરું ચાવી ન જાય તે માટે તેની આસપાસ વાડ કરવી જરૂરી છે, પણ એ વાડની કસણી વિકાસને રૂંધે તેવી સજ્જડ ન હોવી જોઈએ. આ વિવેક જાળવવામાં સ્વામીશ્રી કુશળ હતા. તેથી તેઓ વાડ અને લાડનું યોગ્ય સંતુલન સાધી છોડને વૃક્ષ બનાવી મૂકતા. તેઓનો આ કસબ સૌ વાલીઓએ શીખવા જેવો છે.[૩૨]

ભાવ રાખી ભગવાનને ભજે

ગુણાતીતના જન્મસ્થાનમાં ગુણાતીત જ્ઞાનના પડઘંદા ગજાવતું ભવ્ય મંદિર સર્જી સ્વામીશ્રી તા. ૨૫/૫ની સાંજે લીંબડી પધાર્યા ત્યારે અહીંનું નૂતન શિખરબદ્ધ મંદિર પણ તેઓને આવકારવા સજધજ થઈ ઊભેલું. તેની સાથે

૩૨. ગુણાતીત જન્મસ્થાન ભાદરામાં યોજાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રતિષ્ઠાપર્વે યોજાયેલા સમૈયાને શોભાડવા ૨૬ વિભાગોમાં તનતોડ સેવા કરી રહેલાં ૨,૫૦૦થી વધુ બાઈ-ભાઈ સ્વયંસેવકોએ સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. મંડપોને તહસ-નહસ કરતા પવન અને ગરમીના ઉપદ્રવને તાબે થયા વિના સેવાના મોરચે ઝઝૂમતાં આ ભક્તોનું અભિવાદન ઝીલી સ્વામીશ્રી ઉત્સવ-સ્થળ પર દૃષ્ટિ કરવા પહોંચ્યા. આશરે સાડા ચાર એકરના મંદિર-પરિસરની નિકટવર્તી અન્ય આઠ એકર જમીન પણ સંસ્થા દ્વારા સંપાદિત થયેલી. ત્યાં જ મહોત્સવનો માંડવો નંખાયેલો. સભામંડપ, રસોડું, યજ્ઞશાળા વગેરેથી ધમધમતા આ 'નગર' પર નજર ફેરવી સ્વામીશ્રી નિજ-નિવાસમાં પધાર્યા.

અત્રે તા. ૨૬/૫ની સવારે પ્રાતઃપૂજાથી પરવારેલા તેઓએ મંદિરમાં દર્શને જવાની ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ સંતોએ કહ્યું: 'અહીં તો હજી પ્રતિષ્ઠા જ બાકી હોવાથી મૂર્તિ ક્યાં છે?'

'સભામંડપમાં રાખી છે ને!'

'એ તો ઉત્સવમૂર્તિ છે. પ્રતિષ્ઠિત મૂર્તિ ક્યાં છે?'

સંતોની આ દલીલ સાંભળી મૌન રહી ગયેલા સ્વામીશ્રી આગળના દૈનિક ક્રમમાં ૯૦ મુલાકાતીઓને મળ્યા, પરંતુ તેના અંતે તેઓએ ઠાકોરજીનાં દર્શને જવાની વાતનો પુનરોચ્ચાર કર્યો.

ભૂખ્યો જન ટાઢા ભોજનને પણ હોંશે હોંશે જમે તેમ ભક્તિભૂખ્યા સ્વામીશ્રીને પ્રભુદર્શન સાથે નિસ્બત રહેતી. તેથી તેઓએ આજે સભાગૃહમાં પધરાવેલી પેલી અપ્રતિષ્ઠિત ઉત્સવમૂર્તિને વંદન-નમન કર્યા પછી જ મોંમાં ભોજનનો કોળિયો મૂક્યો ત્યારે સવારના સવા નવ વાગ્યાનો સમય થયેલો. ૮૯મા વર્ષે પણ આ ભક્તિભાવ સાથે વર્તતા સ્વામીશ્રીનાં કરકમળ પાષાણમાં પણ પ્રભુ પ્રગટ કરી દે તેમાં શું આશ્ચર્ય?

મંદિરો કરવાનો હેતુ

લીંબડીના નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે તા. ૨૭/૫ની સવારે આરંભાયેલા યજ્ઞની ઊંચે ચડતી અગ્નિશિખાઓ કેવળ જવ, તલ, ઘી વગેરે દ્રવ્યોની આહુતિથી જ ભડકી નહોતી, પરંતુ આ જ્વાળાઓ ઝાલાવાડનાં કંઈક બાઈ-ભાઈ ભક્તોએ સર્જેલી સેવા, ભક્તિ અને સમર્પણની ત્રિવેણીમાંથી પ્રગટી ગયેલી.

હા, સન ૨૦૦૭ના ફેબ્રુઆરી માસમાં મહંત સ્વામીના હસ્તે અહીં મંદિરનિર્માણના શ્રીગણેશ થયા ત્યારથી લીંબડી અને ચૂડા ક્ષેત્રના સત્સંગીઓએ શ્રમયજ્ઞની જ્યોતિ ચેતાવી દીધેલી. તેના અજવાળે યુવકોએ જ પાયા પૂરવાથી માંડીને ૨,૧૦૦ થેલી સિમેન્ટના આર.સી.સી. કામને નિપટાવેલું, તો પસ્તીદાનથી માંડી સુવર્ણદાન સુધીના પ્રકલ્પો ચલાવી સૌએ સમર્પણના મહાયજ્ઞમાં આહુતિ આપી દીધેલી. તેની સાથે અત્રે ભક્તિયાત્રાઓ, પદયાત્રાઓ, વ્યસનમુક્તિ રેલીઓ, ઉપવાસની શૃંખલાઓ, જપ અનુષ્ઠાન વગેરે દ્વારા ઊડેલા ભક્તિયજ્ઞના સ્ફુલિંગો પણ તેજ પાથરી રહેલા. તેથી જ આજે ૧,૨૪૯ યજમાનો ધરાવતા ૧૩૦ યજ્ઞકુંડમાં પ્રજ્વલિત થયેલો અગ્નિ અધિક દેદીપ્યમાન જણાતો હતો.

તેમાં ઘી જેવી જ પુષ્ટિદાયક સ્વામીશ્રીની અમૃતધારા સિંચાતા યજ્ઞની ધૂમ્રસેરો આકાશને અડી રહી. આજના અવસરે લીંબડીના મંદિરની મૂર્તિઓ તથા ધારીના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના ખાતગર્તમાં સ્થપાનારા કળશને પૂજી સ્વામીશ્રીએ જણાવ્યું:

"શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે આ પ્રદેશમાં ખૂબ વિચરણ કર્યું છે. એમની ઇચ્છાથી આ મંદિર પણ થયું છે. એનો આજે યજ્ઞ થાય છે એમાં દેવોને પ્રસન્ન કરવાના છે. આ બધા દેવોમાં પવનદેવને બહુ જ ઇચ્છા છે કે મારે આનાં દર્શન કરવાં.[૩૩] અહીં પવનદેવ બહુ આઘા-પાછા થાય છે, પણ એમને કહીએ કે 'તમે શાંતિથી દર્શન કરો, ઉતાવળા ન થાવ. ધીરજ રાખો.' એ સ્વર્ગના દેવ છે ને આ બેઠા એ ભૂદેવો પૃથ્વીના દેવ, એટલે બેયને એકબીજા માટે પ્રેમ હોય. એકબીજાને ભાઈબંધી હોય તો કામ સરળતાથી થાય. માટે ભૂદેવો! આહુતિ એવી આપો કે પવનદેવ રાજી થાય ને બધાને સુખ આવે.

સારંગપુરમાં મંદિર થયું એમાં આ ઝાલાવાડ દેશની બહુ જ મોટી સેવા છે. આ બધાની ભક્તિથી આજે અહીં પણ સુંદર મંદિર થયું છે. આપણે તો મંદિર નાનું ધાર્યું હતું, પણ વાત કરતાં કરતાં આવું થઈ ગયું. આ મંદિરો કરવાં, ઉત્સવો કરવાનો હેતુ આપણી મોટપ વધે, કીર્તિ વધે, પ્રતિષ્ઠા વધે એ નથી, પણ સૌને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન થાય, જીવોનું કલ્યાણ થાય એ હેતુ છે. શાસ્ત્રીજી મહારાજને એવું નહોતું કે આપણું આ બધું વધે. એ તો વધે જ

૩૩. આ સમૈયામાં આયોજનને ખોરવી રહેલી પૂરપાટ પવનની ઉપાધિના સંદર્ભમાં.

છે ને વધશે.''

વેદમંત્રો જેવા જ સ્વામીશ્રીના આ બ્રહ્મનાદ સાથે આગળ વધેલો આજનો મહાયાગ ધામધૂમથી સંપન્ન થયો. તેમાં સાંજે નગરયાત્રાનો નિનાદ ભળતાં જ લીંબડીનો લત્તો ગાજી રહ્યો.

અઠ્ઠાવીસ જાજરમાન અશ્વોનો હણહણાટ, બૅન્ડ-બગીની સાજ-સજાવટ, કલાત્મક રથમાં વિરાજમાન મૂર્તિમંડળ, બાઈ-ભાઈ ભક્તોનો ઊછળતો ઉત્સાહ વગેરે અનેક આકર્ષણોથી સભર આશરે બે કિ.મી. લાંબી આ શોભાયાત્રા આઝાદ ચોકથી આરંભ પામી નૂતન મંદિરે વિરમી ત્યાં સુધી નગરવાસીઓની નજરબંધી કરતી રહી. તેને અનુસરતાં રાત્રે યોજાયેલા સહયોગી સન્માન સમારોહમાં ઝાલાવાડી સત્સંગ-ઇતિહાસનાં અમર પાત્રોની ગાથા પણ રોચક રીતે રજૂ થઈ.

આપ સર્વજ્ઞ અંતરજામી

યજ્ઞ અને નગરયાત્રાના કારણે અનેકવિધ કાર્યક્રમોથી ભરચક બની રહેલા તા. ૨૭/૫ના દિવસે જ સ્વામીશ્રીનાં દર્શન માટે અહીંના મંદિરના સૌજન્યદાતા શ્રી કુમારભાઈ પૂજારા આવી પહોંચ્યા. અત્રે તેઓ સ્વામીશ્રીના મિલનકક્ષની દીવાલો પર ચીપકાવેલાં ચિત્રો જોઈ મુગ્ધ બની રહ્યા. તેમાંય હસ્તકલાથી દોરાયેલું એક ચિત્ર તો તેઓના દિલમાં વસી ગયું.

આ આકર્ષણ સાથે સ્વામીશ્રીને મળી ઓરડાની બહાર નીકળેલા આ હરિભક્તે હજી તો થોડાં ડગલાં માંડ ભર્યાં હશે ત્યાં તો તેઓના નામનો સાદ પડ્યો. તે સાંભળી આ સત્સંગીએ પાછું વળીને જોયું તો એક સંત તેઓ તરફ આવી રહેલા. એ સંતે કુમારભાઈની નજીક પહોંચી એક ચિત્ર તેઓના હાથમાં મૂકતાં કહ્યું: 'સ્વામીશ્રીએ આ ખાસ તમારા માટે મોકલાવ્યું છે.'

કુમારભાઈએ જોયું તો આ એ જ ચિત્ર હતું જેમાં તેઓનું મન અટકેલું! પરંતુ આ વિગત સ્વામીશ્રી કેવી રીતે કળી ગયા તેનું એ સત્સંગીને અપાર આશ્ચર્ય ઊપજ્યું. સ્વામીશ્રી તરફથી આવેલો આ ઉપહાર એ હરિભક્ત સહિત સૌને સર્વજ્ઞ અને અંતર્યામીરૂપે સ્વામીશ્રીની ઓળખ આપતો ગયો. ખરેખર, માનવીના મનમાં વીજળીવેગે ઝબકી જતા સંકલ્પોને આસાનીથી પકડી પાડતા સ્વામીશ્રીની પ્રતિભા કોઈથી પકડાય તેમ નથી.

લીંબડીમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા

'આ ઝાલાવાડી ધરતી,
આવળ, બાવળ, કેર, બોરડી શુષ્ક રુક્ષ ચોફરતી...
અહીં ફૂલ કેવળ આવળનાં, અહીં નીર અધિકાં મૃગજળનાં;
પુષ્પ-પત્ર પાણી વિણ કાયા, ઘોર ઉનાળે બળતી... આ ઝાલાવાડી ધરતી.
જોજનના જોજન લગ દેખો, એક નહીં ડુંગરને પેખો;
વિરાટ જાણે ખુલ્લી હથેળી, સમથળ ક્ષિતિજે ઢળતી... આ ઝાલાવાડી ધરતી.'

કોઈ કવિની કલમેથી નીતરેલી ઝાલાવાડી ધરતીની આ પિછાણને બદલે એવી ધન્ય ઘડીની નોબતો તા. ૨૮/૫, નિજ વૈશાખ વદ પડવો, શુક્રવારની સવારે વાગવા માંડી. જી.આર.સી. (Glass reinforced concrete), આર.સી.સી. (Reinforced cement concrete) અને ફાઈબરની ત્રિવેણીના સંગમમાંથી સર્જાયેલું અહીંનું ગુલાબી પદ્મપુષ્પ-શું પંચશિખરીય મંદિર બી.એ.પી.એસ.ના ઈતિહાસમાં તેની સંરચનાને કારણે નોખી ભાત ઉપસાવે છે. ૩૩,૬૭૨ ચો.ફૂ.માં પથરાયેલું આ ૧૨૦ X ૧૧૦ X ૭૨ ફૂટના પરિમાણનું મંદિર પોતાના શિર પર કળશયુક્ત ૧૭ ધજાદંડ ધારીને એ રીતે શોભે છે કે રાજકોટ-અમદાવાદના રાજમાર્ગ પર દોડતાં લાખો વાહનોની ગતિ થંભી જાય.

આ રીતે સૌને સ્થિર કરી મૂકતા આ સ્થાપત્યમાં મૂર્તિઓ પધરાવી તેને સનાથ કરવા પધારેલા સ્વામીશ્રીએ મધ્ય ખંડનું દ્વાર ઉદ્‌ઘાટિત કર્યું ત્યાં જ અલંકૃત સિંહાસન અને ગર્ભગૃહ નજરે ચઢ્યાં. તેમાં વિરાજિત ધામ-ધામીની મૂર્તિમાં સ્વામીશ્રીએ વિધિસર પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા ત્યારે અક્ષર-પુરુષોત્તમ માટે સમર્પણનો ઈતિહાસ સર્જનારા ઝાલાવાડી સત્સંગીઓની તપશ્ચર્યાને યથાર્થ ન્યાય મળ્યો. બ્રહ્મ-પરબ્રહ્મનાં સનાતન સ્વરૂપોની સાથે ઘનશ્યામ મહારાજ, ગુરુપરંપરા, નીલકંઠવર્ણી, રામપરિવાર, શિવપરિવાર વગેરેની પણ પ્રતિષ્ઠાવિધિ કરી રહેલા સ્વામીશ્રીથી આ ટાણે અજાણપણે તેઓની મૂર્તિનાં ચરણમાંયે ચાંદલો થઈ ગયો!

સૌ માટે આ ક્ષણ આનંદદાયી બની રહી. તેથી તાળીઓનો ગડગડાટ વરસી જતાં જ પરિસ્થિતિ પામી ગયેલા સ્વામીશ્રીએ પાસે ઊભેલા સંતોને ઠપકાના સૂરમાં કહ્યું: 'આવું હોય તો તમારે કહી દેવું.'

પરંતુ પરમ પુનિત પુણ્યના પારથીયે ન પમાય એવી આ પળને પોંખવાનું કોણ જતું કરે ?

તેને અનુસરતાં સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ થાળ ગોઠવાય ત્યાં સુધી ઘુમ્મટમાં બિરાજી ધૂન બોલાવી. આ સમયે તેઓએ પ્રતિષ્ઠાવિધિમાં વિનિયોગ પામેલાં પ્રસાદીભૂત પુષ્પ, અક્ષત, જળ, નાડાછડી વગેરે પૂજાદ્રવ્યો શ્રી કનુભાઈને આપતાં કહ્યું : 'અમેરિકામાં અક્ષરધામના ખાતમુહૂર્ત વખતે આ વસ્તુઓનો ઉપયોગ કરજો.'

આમ, પોતાના એક કાલજયી કાર્યની આટલી ખેવના કરી સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે પવનનું જોર પુષ્કળ હતું, છતાં તેઓના સામર્થ્યના સ્તંભે ટકેલો મંડપ અણનમ હતો. તેની તળે રાજ્યના વન-પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સહિત શહેરના કબીર આશ્રમ, નિમ્બાર્કપીઠ અને રામકૃષ્ણ મિશનના સૂત્રધારો અનુક્રમે પૂજ્ય ચરણદાસજી મહારાજ, પૂજ્ય લાલદાસ બાપુ તથા પૂજ્ય આદિભવાનંદજી મહારાજ પણ ઉપસ્થિત હતા.

તે સૌનો સત્કાર ઝીલી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'આપણી ભારતીય સંસ્કૃતિ એ આ મંદિરો છે. એને લઈને આપણી સંસ્કૃતિ ટકી છે અને એ સંસ્કૃતિ ટકાવવી એ આપણું કામ છે. શાંતિ માટે આત્મા-પરમાત્માનું જ્ઞાન આપણને આપેલું છે. આવું અદ્‌ભુત જ્ઞાન સર્વને થાય એને માટે આ મંદિર થયું છે.'

આ આશીર્વર્ષા ઝીલનારા સત્તરેક હજારના શ્રોતા-સમુદાયને રસ-પૂરી અને લાડુનું પૂર્ણ ભોજન કરાવવામાં આવ્યું. તેની સાથે ૪૫,૦૦૦ની જનસંખ્યા ધરાવતા લીંબડીના પ્રત્યેક ઘરમાં સ્વામીશ્રીની આજ્ઞાથી ચોખ્ખા ઘીમાં બનાવેલા લાડુ તથા ફૂલવડીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. તેના સ્વાદની સાથે સૌ સ્વામીશ્રીની મમતાને પણ વાગોળી રહ્યા.

આવા સ્વામીશ્રી પ્રત્યે અહોભાવ છલકાવતા મંદિરના બાંધકામ સાથે સંકળાયેલા નિષ્ણાત બિલ્ડર શ્રી કમલેશભાઈ જાદવે તો લેખિતમાં અભિપ્રાય આપી દીધો કે –

'હું ટેક્‌નિકલ વ્યક્તિ હોવાથી આ પ્રસંગે જરૂર કહીશ કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દાનવીરોએ આપેલી સંપત્તિ અને સમયનો સો ટકા સમન્વય કરીને ખૂબ જ ગણતરીપૂર્વક ઝીણવટથી વિનિયોગ થયો છે. જે રીતે સમજી-વિચારીને સમય અને સંસાધનોનું મૅનેજમેન્ટ અહીં થયું છે એવું હજી સુધી બીજા કોઈ

દ્વારા થયું હોય એવું મારી નજરમાં આવ્યું નથી. આ રીતનું મૅનેજમેન્ટ ભૂતકાળમાં કોઈએ કર્યું નથી અને વર્તમાનમાં કોઈ કરી શકે એમ લાગતું નથી. અમોને બી.એ.પી.એસ. સંસ્થાનું કામ ન મળ્યું હોત તો અમારી જિંદગીમાં ખૂબ જ અફસોસ રહી જાત.'

ગુરુચરિત્ર સુણવા તમે, ચિત્ત ધરો છો ચાહ

લીંબડીને શીળી-મીઠી છાયા આપતું ધજાળું ધામ તૈયાર કરનારા સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યક્ત કરતો માનવપ્રવાહ પ્રતિષ્ઠા બાદ મંદિરના આંગણે અવિરત વહેતો ચાલેલો.

તે ક્રમમાં તા. ૩૧/૫ની સવારે ૨૨૬ ભાવિકોને મુલાકાત આપનારા સ્વામીશ્રી પાંદરી ગામના ભક્તોને જોતાં જ બોલ્યા: 'બીજા બધા ક્યાં છે? ગામના બધા હરિભક્તોને કાલે લઈ આવો. હું બે દહાડાથી યાદ કરું છું કે પાંદરીના હરિભક્તો કેમ દેખાતા નથી?'

આ જ રીતે અહીંના જૂના હરિભક્ત શ્રી રામજીભાઈ ખત્રીના કુટુંબીઓને મળતાં પણ સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા: 'બે-ત્રણ દહાડાથી હું સંભારતો હતો કે આ બધા ક્યાં હશે? શું કરતા હશે?'

તેઓની આવી આત્મીયતાના કિનારે જ તા. ૧/૬ના રોજ અમેરિકાનાં સેન્ટ લૂઈસ અને લીંબડીના નિકટવર્તી ચચાણા ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૪/૬ની સવારે વ્યાયામના ભાગરૂપ ભ્રમણમાં પ્રવૃત્ત થયા. આ સમયે અમૃતકીર્તનદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના સમકાલીન હરિકૃષ્ણદાસ સ્વામી દ્વારા રચિત શાસ્ત્રીજી મહારાજની ચેષ્ટાનાં પદોનું ગાન આરંભ્યું.

આ ગુરુચરિત્રોને તલ્લીન થઈ સાંભળી રહેલા સ્વામીશ્રી ભ્રમણ બાદ પણ જાણે આ રસસાગરમાંથી બહાર નીકળવા માંગતા નહોતા. તેથી ટ્રેડમિલ મશીનના પટ્ટાએ સરકવાનું બંધ કરી દીધું છતાં તેઓ ગાયક સામે એકીટશે જોતાં ગુરુચરિત્રોનું શ્રવણ કરતા જ રહ્યા. પરંતુ આ સમયે સ્વામીશ્રી ભ્રમણને કારણે હાંફી રહ્યા હોવાથી સેવકોએ પેલા સંતને ગાતાં અટકાવ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ના, ના, જેટલું બાકી છે એટલું સંભળાવી દો.'

હોઠે આવેલી અમૃતકટોરીનું પાન અધૂરું રહી જાય તે તેઓને પસંદ

ન પડ્યું.

તેથી મશીનના બે હાથા મજબૂતાઈથી પકડી ઊભાં ઊભાં સ્વામીશ્રી સાંભળતા રહ્યા. અંતે બોલ્યા : 'વાહ ! શાસ્ત્રીજી મહારાજની લીલા સંભળાવી.' આટલું કહેવામાં પણ તેઓનો અવાજ તૂટ્યો, તોયે ગાયક બાદ રચયિતાને નવાજતાં તેઓના મુખેથી ઉદ્‌ગાર વહી છૂટ્યો : 'વાહ, હરિકંદા (હરિકૃષ્ણદાસ) ! બધું આવી ગયું !!'

સ્વામીશ્રીની આવી ગુરુભક્તિમાં પણ બધું આવી ગયેલું નથી જણાતું ?!

એવા સંત સદાય ઉદાર

તા. ૪/૬ની સાંજે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી પર આવેલો એક પત્ર પૂરાં ૩૯ પાનાંનો હતો ! તેને વાંચવા પાછળ સ્વામીશ્રીએ પોણો કલાક કાઢ્યો. તે પછી તેઓએ આ પત્ર અંગે જ એક સંબંધિત સંતને ફોન જોડ્યો ત્યારે એ સંત તો આશ્ચર્ય પામતાં બોલી ઊઠ્યા : 'બાપા ! આવડો મોટો કાગળ આપે આખો વાંચ્યો ?'

'વાંચીએ તો જ ખબર પડે ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતા પર આવતા એક-એક પત્રને તેઓ કાગળનો ટુકડો નહીં, પણ કાળજાનો કટકો સમજી તેની ખેવના રાખતા. જો તેમ ન હોય તો ૮૯મા વર્ષે ભરચક પ્રવૃત્તિ વચ્ચે ૩૯ પાનાંનો પત્ર ઉકેલવાની શ્રદ્ધા અને ધીરજ કેવી રીતે રહે ?

આ રીતે સાત લાખથી વધુ પત્રોના પ્રત્યુત્તર પાઠવનારા સ્વામીશ્રીએ પત્રોનું કાર્ય પૂર્ણ કરી એક સંતને ફોન જોડાવ્યો. તેમાં તેઓએ આપેલું માર્ગદર્શન સાંભળી પેલા સંત પીગળી ગયા. તેઓએ કહ્યું : 'બાપા ! આપને કુરાજી કર્યા હોય તો માફ કરજો.'

'ક્યારે કુરાજી કર્યા ? તારીખ આપો.' આટલું કહી સ્વામીશ્રી બોલ્યા : 'અમે કુરાજી થયા જ નથી.'

સદાય ઉદાર શૈલી ધરાવતા તેઓનો વર્તાવ મુમુક્ષુના ભીતરને ભીંસતી ભૂલની વેદનાને વિદારી નાંખતો.

તેઓના આ ઔદાર્યનું માધુર્ય તા. ૫/૬ની સવારે પણ પ્રગટ થઈ આવ્યું.

આ અરસામાં અક્ષરધામના વૉટર શૉની ટીકા કરતો એક લેખ કો'ક લેખિકાએ લખેલો. તેનો સચોટ ખુલાસો આપતો લેખ આપણા હરિભક્ત

દ્વારા પણ લખાયેલો. આ બંને લખાણો આજે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન વંચાયાં. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'જવાબ એટલો સરસ આપ્યો છે કે સામાવાળાની છાતી બેસી જાય! પણ મને એવું લાગે છે કે આપણું મંડન કરવાનું હોય તોય કોઈનું ખંડન ન કરવું. લખવું એ બરાબર છે, પણ ખંડન કરવાની જરૂર નથી.'

ખંડન નામનો ખાદ્યપદાર્થ સ્વામીશ્રીની જીભે કદી ચઢ્યો જ નહોતો. તેઓની આ ઉદારતાનો ગેરલાભ ઉઠાવતા કેટલાક દ્વેષીઓ તો સ્વામીશ્રીનાં અપમાન અને અવહેલના કરવામાં કોઈ કસર ન છોડતા, છતાં સ્વામીશ્રી સન્માર્ગેથી કદી વિચલિત થયા નહોતા.

આપણે એવો જશ લેવો જ નથી

છેલ્લા બે દિવસથી લીંબડીના મંદિર-પરિસરનું નિરીક્ષણ કરવા જવાની ઇચ્છા સેવી રહેલા સ્વામીશ્રીના આ મનોરથ પર પાણી ફેરવી દેવા તા. ૬/૬ની રાત્રે મુશળધાર વરસાદ ત્રાટક્યો. તેથી મંદિરના સમીપમાં આવેલી આઠ એકર જમીન સાવ પલળી જતાં તેમાં ગાડી ખૂંપી જવાની દહેશત વ્યક્ત થઈ. પરંતુ ભૂમિ પોચી હોય કે પથરાળ – પોતાનો ધર્મરથ ચલાવી જાણવામાં કુશળ સ્વામીશ્રીની પ્રેરણાથી જ સૌને માર્ગ સૂઝ્યો અને નગરયાત્રા માટે તૈયાર કરાયેલા રથમાં બિરાજી સ્વામીશ્રી નિરીક્ષણ માટે નીકળ્યા.

આ સમયે સંતોના હાથે ખેંચાતા રથ પર બિરાજી જઈ રહેલા સ્વામીશ્રી નિરીક્ષણયાત્રાએ નહીં, પણ નગરયાત્રાએ નીકળ્યા હોય તેમ રથની આસપાસ ભક્તભીડ જમા થવા લાગી. તે જોઈ રથવહન કરી રહેલા સંતોને સ્વામીશ્રીએ કહ્યું: 'બોલતા કેમ નથી? ધૂન ગાઓ.'

તેઓના આ આદેશથી ધૂનનો ઘોષ ઊપડતાં સાચે જ શોભાયાત્રાનું વાતાવરણ ખડું થઈ ગયું!

તેની વચ્ચે મંદિરની જમીન પર પદાર્પણ કરનારા સ્વામીશ્રીનું સ્વાગત ભીની માટીની સુગંધે કર્યું. જમીન પર અંકાતા જતા રથના ચીલા સ્વામીશ્રીની આ નવતર લીલાની સ્મૃતિ છોડવા લાગ્યા. આ લાભ શહેરની સડકને પણ આપવો હોય તેમ ભૂમિનું નિરીક્ષણ કર્યા બાદ સ્વામીશ્રી બોલ્યા: 'પેલી બાજુ રોડ ઉપર નગરજાત્રા લઈ લો.'

તે સાથે રથયાત્રાનું સુકાન ડાબી તરફ જતા ઍપ્રોચ રોડ ભણી મરડાતાં

નગરયાત્રાનો માહોલ ખરેખરો સર્જાઈ રહ્યો. છેલ્લા દિવસનો આ અણધાર્યો લાભ આપી સ્વામીશ્રી આજની સાંજે સવા સાત વાગ્યે દિલ્હી આવી પહોંચ્યા.[૩૪]

અત્રે તેઓ હવાઈ મથકેથી અક્ષરધામ સુધીની મજલ કાપી રહેલા ત્યારે ફોનમાં એક મુમુક્ષુને માર્ગદર્શન આપતાં કહેવા લાગ્યા: 'જાહેર-સભાઓમાં જો મર્યાદા સચવાતી ન હોય તો આપણે જવું જ નહીં. કદાચ ગોઠવાઈ ગયું હોય તો કૅન્સલ કરો. આપણો પ્રચાર ન થાય તો વાંધો નથી, પણ આવી સભાઓમાં જવાનું જ નથી. હું આ કહું છું એમાં ખોટું લાગશે એનો જરાય વાંધો નથી, પણ આપણી રીતનો ભંગ ન કરવો. આપણે એવો જશ લેવો જ નથી. કહ્યું છે તો ખોટું લગાડશો નહીં. રાજી રહેશો. નક્કી થયું હોય તો ગમે એમ કારણ આપીને એમને સમજાવી દેજો એટલે વાંધો ન આવે.'

ધર્મસ્થાપન માટે પૃથ્વી પર પધારેલા સ્વામીશ્રીના જીવનમાં મહત્તા ધર્મની હતી, જશની નહીં. આ શૈલીથી વિસ્તરેલા તેઓના યશને કાળ પણ કાતરી શકે એમ નથી.

આપ મૂર્ત ભગવાન છો

ધર્મના માર્ગે સૌને દોરતા સ્વામીશ્રી જ્યારે અક્ષરધામના આંગણે પધાર્યા ત્યારે આજે સોમવારને કારણે બંધ રહેતા પરિસરમાં મુલાકાતીઓની ભીડ ઝાઝી નહોતી. તેથી હળવા રહેલા કાર્યભારને લીધે અત્રે સેવા આપતા સ્વયંસેવકોએ સ્વાગતમાં પૂરેપૂરું જોમ ઝુકાવી દેતાં સ્વામીશ્રીનો ભવ્ય સત્કાર થયો. આ અભિવાદનમાં વાછરડા સહિતની ગાયમાતા પણ હાજર થઈ જતાં શુકનવંતો બનેલો આવકાર સ્વીકારી સ્વામીશ્રી ગાડીમાંથી નીચે ઊતર્યા ત્યારે આકાશમાંથી વરસાદી ફોરાં વરસ્યાં. તે જોઈ તેઓ બોલ્યા: 'અમીછાંટણાં થયાં, શુકન થયાં!'

આવા શુભ મુહૂર્તમાં થયેલા તેઓના આગમનમાં ષોડશોપચાર પૂજનનો ઉપક્રમ ગોઠવાયેલો. તેથી મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા ત્યારે વચમાં જુદા જુદા સોળ પૂજાપ્રકારોથી સૌ તેઓને વધાવતાં ચાલ્યા. જે-તે



૩૪. ઝાલાવાડના મુખ્ય મથક લીંબડીમાં યોજાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પૂજાપદ્ધતિનાં સસ્વર શ્લોકગાન સાથે થઈ રહેલા આ પૂજનવિધિએ ચોમેર માંગલ્યની મહેક ફેલાવી દીધી. તેથી ભક્તોની ભાવભરતી બરાબર ચડી.

તેની પર સવાર થયેલા સ્વામીશ્રી નિજનિવાસ પાસે પહોંચ્યા ત્યારે તેઓને પુષ્પહાર અર્પણ કરવા સંતો આગળ આવ્યા, પરંતુ સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું: 'હાર ઠાકોરજીને ધરાવ્યો?'

સ્વાગતમાં સૌ ભાન ભૂલ્યા હતા પણ સ્વામીશ્રી નહીં. તેથી તેઓએ પુષ્પમાળા પ્રાસાદિક કરવા કહ્યું. આ સમયે ઠાકોરજી તો ઉતારામાં પહોંચી ગયા હોવાથી તેઓને ધરાવી હાર પાછો આવ્યો ત્યાં સુધી સ્વામીશ્રી થોભ્યા.

આ ભક્તિભાવ સાથે નિવાસસ્થાનમાં પ્રવેશેલા તેઓનાં દર્શને બીજા જ દિવસથી મૂર્ધન્ય મહાનુભાવો આવવા માંડ્યા.

તે ક્રમમાં તા. ૧૧/૬ના રોજ ઉપસ્થિત થયેલા યોગાચાર્ય શ્રી રામદેવજી મહારાજે પોતાના પ્રકલ્પોની વિસ્તારથી વાત કરી સ્વામીશ્રીને કહ્યું: 'આજે તો આપના આશીર્વાદ લેવા આવ્યો છું.'

'આપના પર ભગવાનના આશીર્વાદ તો છે જ!'

'મારી દૃષ્ટિએ તો આપ મૂર્ત ભગવાન છો. હું સમજું છું કે ભગવાનના રૂપમાં આપ જ અમને આશીર્વાદ આપો છો.' આટલું જણાવી આ યોગગુરુએ ઉમેર્યું: 'સ્વામીજી! આપે જે ચારિત્ર્યનું નિર્માણ કર્યું છે એનો મને સૌથી વધારે ગર્વ છે, કારણ કે આપના આશીર્વાદથી આખો સંતસમુદાય નિષ્કલંક જીવન જીવી શકે છે. આપે એક જબરજસ્ત આદર્શ ઊભો કર્યો છે. એને લીધે અમને બધાને ગૌરવ થાય છે.'

આમ, સ્વામીશ્રીનું જીવન જોઈ ધર્મગુરુઓના હૈયેથી પણ ઉદ્‌ગાર ઊઠી જતો કે *'તમે ઈશ્વરમૂર્તિ છો આપ, પ્રૌઢ દિસે તમારો પ્રતાપ...'*

આ નામથી અંતર શુદ્ધ થાય

તા. ૧૩/૬ના રોજ સ્વામીશ્રીનાં દર્શને આવેલા શ્રી શ્રીધરન્ મેટ્રો રેલવેના મુખ્ય કાર્યવાહક હોવાથી સમાજમાં મોટું નામ. વળી, થોડા સમય પહેલાં જ તેઓ બાયપાસ સર્જરીમાંથી પસાર થયેલા. છતાં આજે ખુરશીમાં સ્થાન લેતાં પૂર્વે તેઓએ સ્વામીશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરી પોતાનો આદર દર્શાવ્યો. એ જ ભાવ શબ્દો દ્વારા પણ વ્યક્ત કરતાં આ લબ્ધપ્રતિષ્ઠ મુરબ્બીએ કહ્યું: 'હૃદયની શસ્ત્રક્રિયા બાદ આ રીતે જાહેરમાં પહેલી જ વાર નીકળ્યો છું.

આજે આપના આશીર્વાદ લીધા. હવે બધે જવાનું રાખીશ.'

મહાનુભાવોના હૃદયમાં થતો સ્વામીશ્રીનો પ્રવેશ સૌને આજે જુદી રીતે અનુભવાયો. આ સમયે શ્રી શ્રીધરને દિલ્હીની મેટ્રો રેલવેના એક સ્ટેશનરૂપે અક્ષરધામના નામાભિધાનની પ્રક્રિયા સંબંધી વિગત વર્ણવી. તે સાંભળી રાજી થયેલા સ્વામીશ્રી નામકરણને યથાર્થ ઠેરવતાં બોલ્યા: 'अक्षरधाम का नाम सुनकर भी बुद्धि अच्छी हो जाती है।'

અક્ષરધામનો આ અલૌકિક મહિમા વર્ણવી આજની સાંજે રવિસભામાં પધારેલા સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

''કથા-વાર્તા સાંભળવી એ બરોબર છે, પણ આચરણમાં મૂકવું એ વાત મોટી છે. આ વાતો જીવમાં ઉતારીએ તો સુખ આવે. આજે વાતો સાંભળીએ, પણ આપણને અવિશ્વાસ બહુ રહે છે, પણ આ વાત સત્ય છે, સનાતન છે, કારણ કે શાસ્ત્રોમાં લખી છે. સાક્ષાત્ ભગવાને આવીને આ વાત કરી છે. 'અક્ષરધામની વાત સાચી છે, વચનામૃત સાચું છે, સ્વામીની વાતો સાચી છે' – એ પહેલો વિશ્વાસ જોઈએ. એના માટે સમય કાઢીએ તો એ જ્ઞાન આત્મસાત્ થાય. 'અત્યારે એવું થાય નહીં, એ વખત હતો તે થાય', પણ એવું નથી. આવી સ્થિતિ આપણે આ દુનિયામાં કરવાની છે.''

સૌને આ લક્ષ્ય ચીંધી સ્વામીશ્રી તા. ૧૬/૬ની સવારે ઉતારામાંથી બહાર પધાર્યા ત્યારે વાતાવરણના શણગાર તેઓના ૬૦મા પ્રમુખવરણી દિનની છડી પોકારવા લાગ્યા. તેથી સ્વામીશ્રીનાં મંદિર-દર્શન, પ્રાતઃપૂજા, મુલાકાત-સત્ર, ભોજન વગેરે રોજિંદી ક્રિયામાં પણ સર્વત્ર આજના શુભ દિવસ નિમિત્તે વિવિધ પ્રસ્તુતિ અને પ્રાર્થના વ્યક્ત થતાં રહ્યાં.

તે ક્રમમાં તેઓ મંદિરના મધ્ય ખંડમાં પધાર્યા ત્યારે અહીં પ્રમુખવરણીનું દૃશ્ય ઊભું કરવામાં આવેલું. તેની વિશેષ અનુભૂતિ કરાવવાના હેતુથી ઈશ્વરચરણદાસ સ્વામી ૬૦ વર્ષ પૂર્વે સ્વામીશ્રીએ કરેલી 'પ્રમુખ-પ્રતિજ્ઞા'ના શબ્દો સૌને ઝિલાવવા લાગ્યા, પરંતુ તેમાં નવીન વાત એ બની કે ઘુમ્મટમાં બેઠેલા સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી સ્વયં પણ પ્રતિજ્ઞા ઝીલવા લાગ્યા! ૮૯મા વર્ષેય સંસ્થાના વિકાસ માટે ખપી જવાની કેવી કટિબદ્ધતા!

પર અંતરની વાત જાણે

દિલ્હીમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન રોજ યોજાતાં મુલાકાત-સત્ર

વખતે હરોળબંધ ઊભા રહી જતા આગંતુક અતિથિવિશેષો તા. ૧૬/૬ની સવારે પણ ગોઠવાઈ ગયેલા. ૧૦૦થી વધુની સંખ્યામાં ઉપસ્થિત એ મોભાદાર મુરબ્બીઓમાં કો'ક રાષ્ટ્રીય પક્ષોના ઉચ્ચ હોદ્દેદારો હતા, તો કો'ક પંચતારક હૉટલોના માલિકો; કોઈ ધર્માધિકારીઓ હતા, તો કોઈ બહુરાષ્ટ્રીય કંપનીના સૂત્રધારો; કેટલાક સરકારી નિગમોનું ચૅરમેનપદ શોભાવી રહેલા, તો કેટલાક કેન્દ્રીય મંત્રીઓના સચિવની શ્રેણી પામેલા. આ પ્રત્યેક મહાનુભાવનો પરિચય સંતો દ્વારા અપાતો હતો. સ્વામીશ્રી પણ તે-તે મહેમાનોને પુષ્પ આપી આશિષ પાઠવતા હતા.

પરંતુ તેની વચ્ચે સાધારણ જણાતા કનુભાઈ નામના એક ભાવિક દર્શન કરીને આગળ વધવા ગયા. તેઓની ઓળખ કોઈએ ન જણાવતાં સ્વામીશ્રીએ જ તેઓનો હાથ પકડી પૂછ્યું: 'क्या नाम है? कुछ कहना है?'

આ પૂછપરછથી એ ગુણભાવીના હૈયાબંધ છૂટી ગયા. તેઓ ગળગળા સાદે કહેવા લાગ્યા: 'स्वामीजी! मेरा सत्ताइस साल का लड़का चार्टर्ड एकाउन्टन्ट होकर अचानक चल बसा...' આટલું કહેતાં તો એ ગુણાનુરાગીની આંખો ઊભરાઈ આવી. તેની ખારાશને ધોતાં સ્વામીશ્રીએ એ મુમુક્ષુને આશ્વાસન અને આશીર્વાદનું અમૃત પાયું.

કેટલીક વાર કોઈને એમ લાગતું કે સ્વામીશ્રી આગળથી મુલાકાતીઓ ઝડપથી પસાર થઈ જાય છે, પરંતુ સ્વામીશ્રી તો એક-એકના મનોભાવોને વાંચી તેને સુખ-સંતોષ પમાડતા જ. તે સિવાય ઉપરોક્ત ઘટના કેવી રીતે સંભવે?

આ રીતે રોજેરોજ કંઈક દીન-દુઃખિયાનાં દુખડાં ટાળતા સ્વામીશ્રીનાં દર્શને તા. ૨૦/૬ની સવારે ભારતની વડી અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી લાહોટી આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીનો સત્સંગ માણતાં સારો એવો સમય લીધો.

અંતે તેઓ ઊભા થયા ત્યારે સ્વામીશ્રીએ પોતાના ગળામાં ધારણ કરેલી માળા કાઢીને આ ન્યાયાધીશના હાથમાં આપી. તે સ્વીકારતાં અત્યંત ભાવવિવશ થઈ ગયેલા શ્રી લાહોટી બોલ્યા: 'હજી પાંચ મિનિટ પહેલાં જ મને વિચાર થઈ રહેલો કે આપ મને આ માળા આપો તો કેવું?! અને આપે માળા આપી!'

જીવનમાં અનેક પ્રસંગોને ન્યાયના ત્રાજવે અદલ તોળનારા આ નિષ્ણાત ન્યાયાધીશ સ્વામીશ્રીના અંતર્યામીપણાને મુદ્દલ તોળી ન શક્યા.

તેથી ચરણોમાં શીશ નમાવી તેઓ વિદાય લેવા તત્પર થયા ત્યારે સ્વામીશ્રીએ તેઓને શીખ આપી કે 'हररोज़ स्वामिनारायण का मंत्रजाप करना।'

આ જ સંદેશ તેઓએ આજની રવિસભામાં ઘૂંટાવતાં જણાવ્યું:

'દુનિયાનાં સુખ ભોગવવાના પ્રયત્નમાં ખરી વસ્તુ ભૂલી જવાય તો એમાં ફાયદો ન થાય. માટે વહેવારમાં પણ ભગવાનને ભૂલો નહીં. સવાર-સાંજ પૂજા-પાઠ કરવાં, મંદિરે જવું, સમાગમ કરવો. વિચારીને બોલવું, જેથી પોતાને ને બીજાને પણ સુખ થાય. ભગવાને શરીર આપ્યું છે તો ખાવું-પીવું પડે, પણ એને માટે જ શરીર નથી. સાથે આત્માનું કલ્યાણ કરવાનું છે. તેની રીત સાચા સંત શીખવે છે. આપણે ભાગ્યશાળી છીએ કે આવા સંત પૃથ્વી પર પ્રગટ થાય છે.'

આ વાણી સાંભળનારા સૌ સ્વામીશ્રીમાં જ એવા સંતની ઝાંખી કરી રહ્યા.

यहाँ सर गर्व से उठ जाता है

તા. ૨૦/૬ની રાત્રે નેપાળથી આવેલા એક વિદ્યાર્થીએ સ્વામીશ્રી સમક્ષ ત્યાંના શિક્ષકોની કેટલીક દંડસંહિતાનું નિદર્શન કરી બતાવ્યું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આપણને એમ કે આપણે ત્યાં જ શિક્ષકો વિદ્યાર્થીને શિક્ષા કરતા હશે, પણ પરદેશમાંય આવી શિક્ષા તો કરે જ છે.'

આ સાંભળી સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'આપને તો આવો કોઈ અનુભવ નહીં હોય.'

'પહેલેથી જ નહીં. મારો કાં પહેલો કાં બીજો નંબર જ આવતો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આવા આજન્મશુદ્ધ તેઓની એક આગવી પ્રતિભા ખોલતાં ભારતીય લશ્કરના વડા તરીકે ફરજ બજાવી ચૂકેલા શ્રી દીપક કપૂર તા. ૨૪/૬ના રોજ બોલી ઊઠ્યા: 'स्वामीजी! आपकी संस्था का जो डिसिप्लिन है ऐसा डिसिप्लिन पूरे देश में फैलाया जा सके तो पूरे देश को फायदा होगा। आपने जो स्थापित किया है वह सब लोगों के लिए बड़ा अच्छा है। भारत का भव्य अतीत देखने के लिये अक्षरधाम अच्छा स्थान है। यहाँ हमारा सर गर्व से उठ जाता है। फौज के बाहर कहीं ऐसी व्यवस्था और सिस्टम देखी हो तो यहाँ ही देखी है, इस बात का मुझे भी गर्व है। आप इस संस्था के नेता हैं तो श्रेय आपको जाता है।'

'सबके नेता भगवान हैं। उससे सब आता है। ये सब सिस्टम भगवान स्वामिनारायण ने दी है।' સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી આ લશ્કરી વડાએ કહ્યું: 'स्वामीजी! इस उम्र में भी आप बाहर घूमते रहते हैं, वो ताज्जुब की बात है।'

આવો જ અનુભવ પ્રગટ કરતાં તા. ૨૭/૬ના રોજ દર્શને આવેલા જગપ્રસિદ્ધ એલ. એન્ડ ટી. કંપનીના મુખ્ય કાર્યવાહક શ્રી અનિલ નાયકે સંતોને જણાવ્યું: 'કોઈ પણ સંસ્થા ચલાવવી સહેલી નથી. હું આ કંપની ચલાવું છું એથી મને ખબર પડે છે. આ બધું ચલાવતાં મારી ઉંમર દસ વર્ષ વધી ગઈ હોય એવું લાગે છે અને સ્વામીશ્રીને તો દસ વર્ષ ઘટી ગયાં હોય એવા હળવાફૂલ જણાય છે. મારાથી પણ પહોંચી ન વળાય એટલું સ્વામીશ્રી ૯૦ વર્ષે પહોંચી વળે છે.'

આ અહોભાવ વ્યક્ત કરી આ વ્યાવસાયિક વડાએ સ્વામીશ્રીને જણાવ્યું: 'અમારે તો તમારા આશીર્વાદ એ જ ભગવાનના આશીર્વાદ! ભગવાન બીજે ક્યાં શોધવા જવા? પૃથ્વી પર કો'ક તો ભગવાનનું સ્વરૂપ હોય ને! તમે ભગવાનનું સ્વરૂપ જ છો.'

સ્વામીશ્રીનો પ્રભાવ પ્રભાવશાળી પર પણ પથરાતો.

સ્વામી જેમ કહે તેમ થાય

તા. ૨૮/૬ના રોજ યોજાયેલી અક્ષરધામના સેવકોની ખાસ સભા સ્વામીશ્રીના 'आधा हिन्दी और अडधा गुजराती' આશીર્વાદથી યાદગાર બની રહી. આજની આ સભામાં રાજસ્થાનથી ઘણા હરિભક્તો લાભ લેવા આવ્યા હોવાથી તેઓને સુવાણ થાય તે માટે સ્વામીશ્રી હિંદી ભાષામાં વક્તવ્ય આપવાનો પ્રયાસ કરે, પણ મહાવરાના અભાવે પ્રવચનની ગાડી થોડી વારે ગુજરાતીના પાટે ચડી જાય. ત્યાં જ હિંદીનું અનુસંધાન આવતાં સ્વામીશ્રી વળી તે ભાષામાં બોલવાનું શરૂ કરે, પરંતુ પુનઃ ગુર્જરી ગિરા વહેવા લાગે.

આ રીતે તેઓએ રેલાવેલી આજની અમૃતધારા સૌને અદકેરો આનંદ પમાડી ગઈ. અમૃતના આસ્વાદને પાત્રની પજવણી શું નડે? તેમ સ્વામીશ્રીની વાણીનાં કામણ પણ ભાષાની ભેદરેખાને ગાંઠ્યા વિના પ્રસરતાં રહેતાં.

તે જ રીતે તેઓની વાણીનો પ્રતાપ પણ સાર્વત્રિક અનુભવાતો. તેનો પુરાવો તા. ૨૯/૬ના પ્રભાતે પૂર્યો. આ સમયે એલ.એ.થી આવેલા ફોનમાં

સર્વદર્શનદાસ સ્વામીએ ત્યાંના મંદિરની ઊંચાઈ સંબંધી સરકારી પરવાનગી અંગે ગૂંચવાયેલા કોકડાની વાત કહી ત્યારે સ્વામીશ્રી દૃઢતાપૂર્વક બોલ્યા: 'ઊંચાઈનું તો થઈ જ જશે. ભગવાનની ઇચ્છા છે એટલે ભગવાનની દયાથી થઈ જશે.'

તેઓના આ શબ્દોને શતાંશ સત્ય ઠેરવતાં આજે એલ.એ.ના ૭૮ ફૂટ ઊંચા મંદિર પર અમેરિકાના આકાશને ધન્ય કરતી ધર્મધજા ફરકી રહી છે. તે વિજયધ્વજ જાણે સૌને કહી રહ્યો છે કે *'સ્વામી જેમ કહે તેમ થાય, અન્યથી ફેરવી ન શકાય...'*

નિત્ય કર્મ પરમાર્થનું ગમે

તા. ૩૦/૬ની સવારે પત્રો દ્વારા પ્રજાના પ્રશ્નો ઉકેલી રહેલા સ્વામીશ્રી પર સેવાભાવી સંસ્થા સદ્‌વિચાર પરિવારના એક કાર્યવાહક શ્રી હરિભાઈ પંચાલનો ફૅક્સ આવ્યો. આ અરસામાં ખેંચાયેલા વરસાદ અંગે ચિંતા વ્યક્ત કરતાં એ કાગળમાં લખાયેલું:

'ગુજરાતમાં પાક બળે એવી પરિસ્થિતિ થઈ છે, તો આપ તમામ અક્ષર-પુરુષોત્તમ મંદિરોમાં પ્રાર્થના ને ધૂન થાય એવું કાંઈક કરો.'

આ અરજને ત્વરિત પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બરાબર છે! આપણે મંદિરોમાં સંધ્યા આરતી પછી કે પહેલાં અડધો કલાક ધૂન કરે એ રીતે જણાવજો. સાંજે કરવું, કારણ કે બધા આરતીમાં આવતા હોય.'

સદાય ખુલ્લા દરવાજા ધરાવતા સ્વામીશ્રીનું દિલ પણ ખુલ્લું હતું. તેથી તેઓ કોઈ પણ વ્યક્તિ દ્વારા આવેલું ઉપયોગી સૂચન સહર્ષ સ્વીકારી શકતા. વળી, તેઓની પ્રકૃતિ પરમાર્થી હોવાથી પ્રજાહિતના કાર્યમાં તેઓ તરફથી લેશ વિલંબ ન થતો.

આમ, હરદમ પરોપકારનો પંથ ખેડતા રહેલા સ્વામીશ્રી તા. ૧/૭ની સવારે મંદિરમાં દર્શન કરવા ઉતારામાંથી નીકળ્યા. આ સમયે રોજ મંદિરની હરિયાળી તથા ચોકમાં અક્ષરધામના વિવિધ સેવાવિભાગોની પ્રવૃત્તિનું ટૂંકમાં પણ હૂબહૂ નિદર્શન થતું. જે-તે વિભાગોના સેવકો દ્વારા થતી આ રજૂઆતને માણવા માટે માંડ બે-એક મિનિટ મળે, પરંતુ તેમાંય સ્વામીશ્રી એવાં રસ-રુચિ દાખવે કે મિનિટની આ પ્રસ્તુતિ અમીટ છાપ પાડી દે.

આ ક્રમમાં આજે મેન્ટેનન્સ વિભાગની વિશેષતા રજૂ થયા બાદ

બાળકોએ બેચર કીસા પાસેથી શાસ્ત્રીજી મહારાજે બોચાસણના મંદિર માટે સંપાદિત કરેલી જમીનનો પ્રસંગ સંવાદરૂપે ઊભો કર્યો. તેમાં એક વાક્ય એવું બોલાયું કે 'અરે, શાસ્ત્રીજી મહારાજ! તમે તો જમીન લેતાં ધરાતા જ નથી. પાટીદાર ખરા ને!'

આ સાંભળતાં જ મુક્ત હાસ્ય વેરી સ્વામીશ્રી બોલ્યા: 'જમીન લેતાં લેતાં તો ઠેઠ દિલ્હી સુધી આવી ગયા!'

આ વિધાન સ્વામીશ્રી દ્વારા શાસ્ત્રીજી મહારાજ જ કાર્ય કરી રહ્યા છે તેની પ્રતીતિ કરાવી ગયું.

તેથી જ આજની પ્રાતઃપૂજામાં તેઓએ શરૂ કરાવેલી વરસાદ નિમિત્તેની ધૂનનો ઘોષ બ્રહ્માંડ ભેદે એમ ઊઠ્યો. હા, ગઈકાલે સદ્‌વિચાર પરિવારને આપેલી બાંયધરીનો અમલ સ્વામીશ્રીએ પ્રથમ પોતે કરી બતાવ્યો. તેઓની આવી જીવનશૈલીને કારણે જ આજે બી.એ.પી.એસ. પરિવાર 'સદ્‌આચાર પરિવાર'નું મૂર્તિમાન સ્વરૂપ બની રહ્યો છે.

સાજી(પ્રીતિ) ન રાખી શરીર-શું

તા. ૧/૭ની સવારે સ્વામીશ્રીના શારીરિક પરીક્ષણ માટે લોહી લેવા આવેલા ડૉક્ટરે આ અંગે કરેલો પ્રયત્ન નિષ્ફળ જતાં તેઓને સ્વામીશ્રીના શરીરમાં બીજી વાર સોંય ઘોંચવી પડી. તેથી ખેદ અનુભવતાં એ તબીબે કહ્યું: 'બાપા! માફ કરજો. બે વાર આપને તકલીફ આપી.'

'હમકો કુછ દુઃખ નહીં હૈ, હરખ-શોક નહીં હૈ।' અલમસ્તાઈ સાથે આટલું બોલી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ઇસ શરીર મેં કિતની સોય લગાઈ હૈ ઔર યહાઁ (પેટ) ભી ચીર ડાલા હૈ ઔર યહાઁ (છાતી) ભી ચીર ડાલા હૈ। આપ મત ઘબરાના।'

દેહભાવથી વિરક્ત વર્તતા સ્વામીશ્રીની છટા આજે કંઈક અનોખી જ અનુભવાઈ રહી.

તે સાથે વિચરતા તેઓના દ્વારે આજે તો મહાનુભાવોના મેળાવડા જેવું દૃશ્ય સર્જાઈ ગયું. તે સવારની જેમ સાંજે પણ જારી રહ્યું. તેમાં કૉંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી અહમદ પટેલ પણ સામેલ હતા. તેઓએ સ્વામીશ્રીને મળતાં જ જણાવ્યું: 'મને તો એમ કે આપ બે દિવસમાં જતા રહેવાના છો. મને જો ખબર હોત કે હજી આપ દસ-પંદર દિવસ રોકાવાના છો તો નિરાંતે આવત.'

'અમે તો કદાચ હોઈએ, પણ તમે અચાનક બહાર જતા રહો તો રહી જાય ને! માટે ધર્મના કામમાં જલદી કરવું.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ તેઓની વચન-ચાતુરીનો અનુભવ કરાવી ગયો.

સૌનું સ્વમાન સાચવીને તેને યોગ્ય સંદેશ આપી દેવાની તેઓની કળા અનેરી હતી. તેને જો માનવી અપનાવે તો પરિવારથી લઈ પૃથ્વીમાં વ્યાપેલી અશાંતિનો અડધો ભાગ તો આપમેળે ઓગળી જાય!

यहाँ आकर दुनिया भूल गया

તા. ૧/૭ની સાંજે સ્વામીશ્રીનાં દર્શને આવેલું એક મુરબ્બી-મંડળ પંજાબ નેશનલ બેંકના ઉચ્ચ હોદ્દેદારોનું બનેલું. તેમાં સામેલ ચેરમેન શ્રી કામથ તો સ્વામીશ્રીને જોતાં જ પૂર્વસ્મૃતિમાં સરી પડ્યા કે 'मैं यहाँ अक्षरधाम में परिवार के साथ आया था तब चार घण्टों तक ठहरा था। इतना अच्छा लगा कि सब मानसिक तनाव हट गया। यहाँ आकर दुनिया भूल गया!'

તેઓ સાથે આવેલા અન્ય એક અધિકારીએ પણ અનુભૂતિ વર્ણવી કે "હું અહીં આવ્યો ત્યારે મારી દીકરી સાથે હતી. તેણે મને કહેલું કે 'લોકો તાજમહેલને વન્ડર ઑફ વર્લ્ડ (વિશ્વની અજાયબી) કેમ કહે છે? આ મંદિરને વન્ડર ઑફ વર્લ્ડ કહેવું જોઈએ."

આવા જ એક આગવા અનુભવમાંથી ખ્યાતનામ પત્રકાર શ્રી રજત શર્મા પસાર થયા. ઇન્ડિયા ટી.વી.ના આ સૂત્રધાર તા. ૩/૭ની સવારે સ્વામીશ્રીને મળતાં જ બોલ્યા: 'बहुत समय से आपको मिलने की इच्छा थी।'

આ ઉત્કંઠાનું કારણ જણાવતાં પણ પદ્મભૂષણના ખિતાબથી સન્માનિત આ પ્રતિષ્ઠિતે કહ્યું:

"मैं पहले यह अक्षरधाम देखने आया था। ये मंदिर देख के मेरी बेटी ने मुझे पूछा, 'पिताजी! मंदिर में इतना खर्च करने के अलावा अस्पताल और स्कूल बनाई होती तो अच्छा नहीं था?'

तब मैंने कहा, 'ऐसे मंदिर में आके दस व्यक्तियों को भी अस्पताल और स्कूल बनाने की प्रेरणा मिले तो भी इस मंदिर से काम हो गया समझ। ऐसी संस्था होनी चाहिए - जो लोगों को प्रेरणा दें।' और यहाँ जो सफाई है वह हर मंदिर में होनी चाहिए। स्वामीजी! आप ऐसा अभियान चलाइये कि

देश के सब मंदिर की ऐसी सफाई हो और वह काम आप ही सम्हाल लीजिए।

यहाँ अक्षरधाम में आने से वाकई अंदर से आध्यात्मिक भावना निकलती है। बड़ी डिग्री पाकर अपनी कैरियर छोड़ के जो लोग इस काम में लगे हुए हैं, उनको देखके मुझे प्रेरणा मिली है। इन्डिया टी.वी. के माध्यम से आपका काम आगे बढ़ाने में कुछ भी कर सकूँ तो हमें बतलाइयेगा।''

લોકપ્રિય ટી.વી. કાર્યક્રમ 'આપ કી અદાલત'ના આ સંચાલકે આજે અક્ષરધામની તરફેણમાં ઘણું-બધું કહી દીધું.

પોતાના માન્યા છે એટલે ધ્યાન રાખે છે અને રાખશે

તા. ૩/૭ની રાત્રે એક મુમુક્ષુએ ફોન દ્વારા ક્ષમાયાચના કરતાં સ્વામીશ્રીને કહ્યું: ''બાપા! મને બીમારી આવી ત્યારે આપે આશીર્વાદ આપ્યા હતા કે 'બેક્ટેરિયા નીકળી જશે ને પાછા આવશે નહીં.' એ વખતે હું હસતો હતો. મને આપનામાં શંકા હતી કે 'આવું તો કઈ રીતે બને?' પણ એવું જ બન્યું! માટે મને માફ કરજો.''

સ્વામીશ્રીનાં શબ્દ અને સ્વરૂપમાં ગોથાં ખાઈ જનારા આવા ઘણા નીકળતા, કારણ કે સ્વામીશ્રીના સ્વરૂપમાં કોઈ આડંબર નહીં અને શબ્દોમાં કોઈ અહંકાર નહીં. સાદો પરિવેશ અને એથીયે સાદી-સરળ વાણી. તેથી તેની તાકાતનો તાગ કોઈ બુદ્ધિથી કાઢવા જાય તો તે જરૂર ભૂલો પડે, પણ અનુભવ થાય ત્યારે સ્વામીશ્રી આગે ઝૂકી પડે. પેલા મુમુક્ષુની આજે આ જ સ્થિતિ થયેલી.

તેથી તેઓએ દિલગીરી વહાવી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'મનુષ્ય તરીકે શંકા થાય, પણ સંતની દયા હોય છે. ભગવાને દયા કરી છે ને યોગીબાપાના આશીર્વાદ છે. પોતાના માન્યા છે એટલે ધ્યાન રાખે છે અને રાખશે.'

પોતાનાં સત્તા-સામર્થ્ય પર શંકાની સોય તાકનારી વ્યક્તિ માણસને લેશ ન ગમે, તેને તે પોતાના પ્રતાપનો 'પરચો' જરૂર દેખાડે; પરંતુ ક્ષમાની શૈલી ધરાવતા સ્વામીશ્રી પાસે તો આવા સંશયાત્માઓ પણ કૃપાના અધિકારી બનતા.

અધ્યાત્મ અને મૅનેજમેન્ટના ગુરુ

તા. ૪/૭ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અક્ષરધામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાનનો દીપ પ્રગટી ઊઠ્યો. આ

ઉદ્‌ઘાટન નિમિત્તે યોજાયેલા એક-દિવસીય પરિસંવાદનો પ્રારંભ પણ સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ થઈ જતાં દેશભરના પ્રકાંડ પંડિતો જ્ઞાનગંગા વહાવવા માંડ્યા.

તે ક્રમમાં જ્ઞાનપીઠ ઍવોર્ડથી પુરસ્કૃત મહામહોપાધ્યાય શ્રી સત્યવ્રત શાસ્ત્રીએ જણાવ્યું: 'આ અક્ષરધામ વિદ્વાનોનું સંગમસ્થળ બનશે.'

આ અભિપ્રાયને અનુસરતાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પંકજભાઈ જાની બોલ્યા: 'પ્રમુખસ્વામી મહારાજ સ્વયં આશ્ચર્ય અને અજાયબી સમાન છે. દર્શન-શાસ્ત્ર, ન્યાય-મીમાંસા, સાહિત્ય વગેરે વિષયોને બાજુમાં મૂકીને પ્રમુખસ્વામી મહારાજ પર સંશોધન કરવું જોઈએ. અધ્યાત્મ અને મૅનેજમેન્ટના ગુરુ તો તેઓ છે.'

આવો જ અહોભાવ ઉચ્ચારતાં તીરુપતિની વેંકટેશ્વર યુનિવર્સિટીના કુલપતિ શ્રી સંનિધાન શર્માએ કબૂલાત કરી કે 'હું અહીં આવવા માટે નીકળ્યો ત્યારે આ સંસ્થાને કંઈક સલાહ આપવા માટે, ઉપકૃત કરવા માટે તૈયારી કરીને આવ્યો હતો; પરંતુ અક્ષરધામનાં દર્શન કરીને મારો નિર્ણય બદલાઈ ગયો કે હું અહીં ઉપદેશ આપવા માટે નહીં, પણ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લેવા આવ્યો છું.'

આ જ રીતે ચેન્નાઈના વેદવિદ્વાન શ્રી કૃષ્ણમૂર્તિ શાસ્ત્રીએ કહ્યું: 'હું કાશીથી કન્યાકુમારી સુધી ફર્યો છું, પણ બધે ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધો જ ભજન કરતા હોય છે; જ્યારે અહીં આટલી યુવાશક્તિનું કારણ પ્રમુખસ્વામી મહારાજની કૃપા જ છે. હું હૃદયથી આ વાત કરું છું.'

આવી તો કંઈક હૃદયની વાતો વિવિધ વિદ્વાનોના મુખેથી સરતી રહી.

તે જેઓની આસપાસ ઘૂમરાતી રહી તે સ્વામીશ્રી આજની સવારે ભોજન કરવા બિરાજ્યા ત્યારે 'પ્રકાશ' સામયિકનો પાઠ શરૂ થયો. તે અંતર્ગત લીંબડીના મંદિરનું વર્ણન વંચાયું કે '...કલા-કોતરણીથી ભરપૂર આ મંદિર પૂર્વમુખે ઊભું છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'મંદિર પૂર્વમુખે નથી. તપાસ કરજો.'

આ આદેશના અનુસંધાનમાં તરત જ લીંબડીના મંદિરે ફોન જોડાયો ત્યારે ત્યાંના સંતોએ જણાવ્યું કે 'મંદિર ઉત્તરમુખે છે.'

શ્રવણમાં એકાગ્ર સ્વામીશ્રી નિરીક્ષણમાં પણ ચોક્કસ રહેતા!

ભગવાનના વ્યક્તિત્વની આભા

તા. ૫/૭ના રોજ રાજ્યસભાના સભ્ય તરીકે કારકિર્દી શરૂ કરી રહેલા વિખ્યાત લેખક શ્રી તરુણ વિજયને શીખ આપતાં સ્વામીશ્રીના મુખેથી સૂત્ર સરી પડ્યું કે 'આવેશ અને ક્રોધ કમજોરીની નિશાની છે. એનાથી ક્યારેય સફળતા મળતી નથી.'

ખૂબ થોડા શબ્દોમાં સફળતાની આ એક કેડી કંડારી આપનારા સ્વામીશ્રીએ તા. ૬/૭ની સવારે વલેટવાના મહાદેવજી મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. આ શિવાલયમાં બિરાજનારી સ્વામીશ્રીની આરસપ્રતિમાને પણ ઈશ્વરચરણદાસ સ્વામીએ ચોખા-ચાંદલા ચોડ્યા.

આ મૂર્તિના જીવંત સ્વરૂપ સમા સ્વામીશ્રીને વધાવવા અહીં દિલ્હીમાં રોજ ખડકાતી મહાનુભાવોની હારમાળામાં આ વખતે ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી રમેશજી, છત્તીસગઢના મુખ્યપ્રધાન શ્રી રમણસિંગ, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી હુડા, હિમાચલ પ્રદેશના મુખ્યપ્રધાન શ્રી પ્રેમકુમાર ધુમાલ તથા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ પણ પરોવાયા. તેમાંના કેટલાકે તો સ્વામીશ્રીને પોતાનાં રાજ્યોમાં અક્ષરધામ બનાવવા અરજ કરી અને પૂરતી જમીન આપવાનીયે તૈયારી બતાવી.

કંઈક આવો જ અહોભાવ લઈને તા. ૧૦/૭ના રોજ આવેલા સુપ્રીમ કોર્ટના ધુરંધર જજ શ્રી જે. એમ. પંચાલે સ્વામીશ્રીને કહ્યું: 'આપનાં દર્શન કર્યા વગર ચેન નથી પડતું. આપનું વ્યક્તિત્વ એવું છે કે જાણે ભગવાનનું હોય. આપનામાંથી જે વાઇબ્રેશન (પ્રેરણાનો પ્રવાહ) આવે છે એનું વર્ણન કરી શકાય એમ નથી.'

કલાકોના કલાકો લેખે દલીલો કરી જાણનારા નિષ્ણાત ન્યાયાધીશો પણ સ્વામીશ્રીને વર્ણવતી વખતે મીઠી મૂંઝવણમાં મુકાઈ જતા.

આવા અવર્ણનીય સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૦/૭ની સંધ્યાએ શ્રી નીલકંઠવર્ણીની વિરાટ પ્રતિમાની મહાઆરતી સંપન્ન થઈ. યજ્ઞપુરુષ કુંડ સમક્ષ ઊભા રહી સર્વે દર્શનાર્થીઓ પર પોતાની અમીનજર ઢોળતા રહેનારા નીલકંઠવર્ણીને અર્ઘ્ય ધરતો આ વિધિ હવે પ્રતિદિન સાયંકાળે યોજાવાનો હતો. તે દ્વારા આકર્ષણના અક્ષયનિધિ સમા અક્ષરધામમાં સ્વામીશ્રીએ વધુ એક

નવીનતા ઉમેરી દીધી.

વાણીમાં ત્રિવેણી

તા. ૧૧/૭ની રવિસભામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તે બાળતારલાઓના તેજથી ટમટમી રહેલી. તે સૌ બાળકોમાં આશીર્વાદનું અમૃત સિંચતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'दिल्ली के बालकों ने अपनी समक्ष संवाद रजू किया है। देखो, हमारा बालकों जैसा हिन्दी नहीं है, तूटी-फूटी चलती है। तालीओ पाडो के हसो, लेकिन हमारा ऐसा ही चलेगा...'

સ્વામીશ્રીની આ પ્રસ્તાવનાથી સભામાં હાસ્યનો પારાવાર રેલાઈ ગયો. તેમાં જ હિંદી-ગુજરાતીનું મિશ્રણ ધરાવતી પોતાની પ્રેમ-સરવાણી સમી વાણી ભેળવતાં સ્વામીશ્રી બોલ્યા: 'कहने की बात क्या है कि सब ठेकाणे आपणां मंदिरो थाय येही योगीबापा का संकल्प था। જોગીબાપાના સંકલ્પ એ भगवान का संकल्प है। ભલા-ભોળા संत लगता था, પણ उसका विचार बहुत બળિયા था। આપણે તો उसकी वात सांभળીએ તો આપણે તો બોલતે થે કિ 'ऐसा तो कंई होता है?' પણ उसका संकल्प सिद्ध हो जाता है।'

આટલો ગુરુમહિમા સંભળાવી સ્વામીશ્રીએ આગળ નચિકેતાનું ઉપાખ્યાન ઉપાડ્યું કે –

''नचिकेता ऋषि का पुत्र था, પણ पिताजी को कह्या कि 'तुम कैसा ऐसा दान देते हो?' તો ऋषि ने कहा, 'मैंने गाय दी वो बराबर दी। तुम बाल लोग समजते नहीं।' આપણે એવું માન લેતે है कि 'छोकरा को कोई खबर नहीं पड़ती है।' પછી છોકરાએ કહ્યું, 'पिताजी! मुझे किसको दोगे?'

પિતાજી જરા ઉગ્ર થા। એમને ઐસી बात गभे नहीं। મુનિ જરા આવેશ में आ गये और बोल दिया, 'जा तने जम को दे दिया।' તો નચિકેતાએ હાથ જોડ્યા. નહીં તો તે ઘડીએ કહી દે, 'Nonsense! કંઈ समजते है? मैं अच्छे है ने तुम हमकुं जम को भेजते है?' પણ નચિકેતા જમપુરીમાં ગયો. આજ્ઞા पाल ली।'

યમરાજ બોલે, 'क्यों आया है?' તો કહે, 'पिताजी की आज्ञा है એટલે आया हूँ।' તો પૂછ્યું: 'क्या जोईता है?' તો कहा, 'मोक्ष जोईता है।''

સ્વામીશ્રીની આજની આ દિવ્ય વાણી શબ્દે-શબ્દે બ્રહ્માનંદના ફુવારા ઉડાડતી વહી રહી, પરંતુ તે વખતે જ તેઓને ઉધરસ ચડતાં જલપાન

કરાવવામાં આવ્યું. તેનો પણ ઘટસ્ફોટ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'गला की तकलीफ रही है। गला हमारा नहीं चलता है। कहने की बात क्या है कि જોગી મહારાજને ઉધરસ આવતી તોય 'સ્વામિનારાયણ હરે...' એમ વાત ચાલુ જ રાખે...'

ગુરુના આ માર્ગે ચાલતા સ્વામીશ્રી પણ ખાંસી ખાતાં ખાતાં વધુ પાંચેક મિનિટ વરસ્યા. અંતે તેઓનો હિંદી-ગુજરાતી મિશ્રિત વાક્પ્રવાહ વિરમ્યો ત્યારે એકેએક શ્રોતા સ્વામીશ્રીની નિર્દંભતા, નિર્મળતા અને નિખાલસતાના પ્રયાગમાં સ્નાન કર્યાનો આહ્લાદ માણી રહ્યો. પાણીની ત્રિવેણી તો દુનિયામાં ઘણી મળે, પણ વાણીની આવી ત્રિવેણી તમે ક્યાંય ભાળી-સાંભળી?

અક્ષરધામના નૂતન ગર્ભગૃહમાં મૂર્તિપ્રતિષ્ઠા

અમેરિકામાં નિર્માણાધીન અક્ષરધામના અંગરૂપ શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસનો મહાપૂજાવિધિ તા. ૧૨/૭ની સવારે આરંભાઈ ગયો હોવાથી સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા ત્યારે વાતાવરણ માંગલિક મંત્રોચ્ચારથી ગુંજી રહેલું. તેની વચ્ચે પ્રાતઃપૂજા પૂર્ણ કરી પરવારેલા તેઓ પાસે વડીલ સંતો દ્વારા ક્રમવાર સુવર્ણરસિત પાંચ નિધિકુંભ લાવવામાં આવ્યા. આ કળશ જે મંદિરના પાયામાં મુકાવાના હતા તે મંદિર બે કલાત્મક ઘુમ્મટ, બે કલામંડિત મંડોવર, ૧૦૮ નકશીદાર સ્તંભો, ત્રિખંડીય ગર્ભગૃહ સહિત ચાર ઉપખંડો વગેરે અનેક શિલ્પ-સ્થાપત્યથી સભર બનવાનું હતું. તેના તળિયે સ્થાપિત થનારા કળશના પૂજન બાદ સ્વામીશ્રીએ મંચ પર પધરાવેલી મુખ્ય શિલાઓને પણ પુષ્પ-અક્ષત વેરી પ્રાસાદિક કરી આપી.

આ રીતે એક યુગકાર્યનો આરંભ કરનારા તેઓએ તા. ૧૩/૭ના રોજ પણ એવું જ એક સીમાચિહ્નરૂપ પગલું ભર્યું. આજે આવેલી રથયાત્રાના પવિત્ર પર્વે સ્વામીશ્રી સવારના સાડા નવ વાગ્યે કરકમળમાં કળશ અને શ્રીફળ ધારી અક્ષરધામના મુખ્ય સ્મારકમાં પ્રવેશ્યા ત્યારે અહીં નૂતન ગર્ભગૃહ નિર્માણ પામી ચૂકેલું. તે માટે પ્રથમ તો અક્ષરધામના અષ્ટકોણીય મધ્યમંડપને પાંચ બાજુએથી પથ્થરની દીવાલ અને કલાત્મક ઝરૂખાઓથી આવૃત કરી દેવામાં આવેલો. તે પછી ઘડવામાં આવેલી પ્રભાવશાળી દ્વારશાખ કલામંડિત ગવાક્ષયુક્ત સ્તંભો તેમ જ આરસપહાણની સોળ ફૂટ ઊંચી કમાન સાથે નાની-નાની ઘંટડીઓની બારીક શિલ્પાકૃતિથી શોભતી હતી. ગર્ભગૃહનું આ ઘડાયેલું

સ્થાપત્ય અક્ષરધામના ઘુમ્મટ તળે સુચારુ રીતે ખડું થયા બાદ તેની આંતરિક સજાવટ આરંભાયેલી.

તેના એક ભાગરૂપે કમ્પોઝિટ પથ્થરમાંથી નિર્મિત આ ગર્ભગૃહની આંતરિક દીવાલો તેમ જ છત્ર પર સુવર્ણપત્ર તથા હજારો રંગબેરંગી અને પારદર્શક પથ્થરો જડવામાં આવેલા. તે પછી ગગનના ગોખમાં ઝળૂંબતા આ ગર્ભગૃહના છત્રમાં વીજદીપકોની ઝગમગતી શોભા ગોઠવાયેલી. તેની સાથે અહીં ભગવાન સ્વામિનારાયણને પુષ્પમાળાથી વધાવવા અંતરીક્ષમાંથી ઊતરી રહેલા અક્ષરમુક્તોની તત્પર મુદ્રા, નર્તનમસ્ત મયૂરોની હારમાળા, હરોળબંધ ગૌમુખમાંથી ઝરતી દિવ્ય પ્રકાશધારા, ભિન્ન-ભિન્ન સ્વરૂપમાં પ્રયોજાયેલાં ગજરાજની પંક્તિઓ, સુવર્ણપત્રોથી મંડિત ઘંટમાળ વગેરે પણ જડાયાં.

આવી કલા-કારીગીરીથી અંકિત જાજરમાન છત્ર નીચે ઊભેલી ત્રણ સ્તરની પીઠિકા પર પારદર્શક લીલો પથ્થર પણ એ રીતે પથરાયો કે જાણે સરોવરનું નીલવર્ણું પાણી હિલોળાં ન લઈ રહ્યું હોય ! એ જળમાં જ ગુલાબી કમળની જેમ ખીલેલા શ્રીજીમહારાજના સિંહાસનની શોભા દીપી ઊઠી, તો તેની પર બિરાજેલી ૧૧ ફૂટ ઊંચી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ તો અનુપમ કાંતિ ધરી રહી.

આવા પોતાના આરાધ્ય સ્વરૂપનો પ્રતિષ્ઠાવિધિ કરવા સ્વામીશ્રી ગર્ભગૃહના પ્રવેશદ્વારની બરાબર મધ્યમાં બિરાજ્યા. તે વખતે તેઓના ભાલે ઝગમગતા કુમકુમના ચાંદલા પર ઈશ્વરચરણદાસ સ્વામી દ્વારા ચંદનનો ચાંદલો થતાં સ્વામીશ્રીનું મુખારવિંદ અનેરી શોભાથી નીખરી ઊઠ્યું. તેનાં દર્શન કરી સર્વે યજમાનો તો સાગરની જેમ હુલસવા માંડ્યા. તેની વચ્ચે વૈદિક વિધિ આગળ ધપાવતા સ્વામીશ્રી એક કલાકની મહાપૂજા બાદ પીઠિકા પર સ્થપાયેલી શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ પધાર્યા.

અત્રે તેઓએ પુનઃ પ્રતિષ્ઠાના વિધિ અંતર્ગત શ્રીહરિનાં શ્રીઅંગોમાં દિવ્ય તત્ત્વનો ન્યાસ કરવા ત્રણેક ફૂટ લાંબી દર્ભશલાકા દ્વારા શ્રીજીમહારાજનો ચરણસ્પર્શ કર્યો. તે પછી સ્વામીશ્રીએ કરેલી પ્રાર્થનાથી મૂર્તિનાં અંગોઅંગમાં ભગવાન પુનઃ બિરાજ્યા. ત્યારબાદ ષોડશ સંસ્કારના સંકલ્પ સાથે સોળ વાર ૐકારનો નાદ ગજવી ગાયત્રી છંદમાં ભગવાન સ્વામિનારાયણનું મહિમાગાન કરીને તેઓની પ્રસન્નતા યાચવામાં આવી.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ ખુરશીમાંથી ઊભા થઈને શ્રીજીમહારાજનાં

ચરણકમળનું કેસરયુક્ત ચંદનથી પૂજન કર્યું. મહારાજનાં બંને કરતલમાં પણ તેઓએ ચંદન વડે સુંદર સ્વસ્તિક આંકી હસ્તકમળનેય પૂજ્યાં. ત્યારબાદ ગુણાતીત ગુરુવર્યોનાં સ્વરૂપોને ચંદન-અક્ષતથી વધાવનારા સ્વામીશ્રી થોડીક ક્ષણો માટે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ કરબદ્ધ થઈ વિનમ્રભાવે ઊભા રહી ગયા. આ જ પ્રેમભાવ સાથે તેઓ સ્વતઃ ચાલતાં ચાલતાં શ્રીજી-મહારાજનાં ચરણે જઈ પહોંચ્યા અને તેઓએ અહીં પોતાનું શીશ ઝુકાવી ભક્તિઅર્ઘ્ય ધર્યું.

અંતરમાં ઠંડક થાય એવું કાર્ય

અત્યંત ભક્તિભાવ સાથે અક્ષરધામના નૂતન ગર્ભગૃહમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, શ્રીજીચરણે ભાવવંદના ધર્યા બાદ સ્વામીશ્રી ભગતજી મહારાજના સ્વરૂપની બાજુમાં બિરાજી પ્રાર્થનામાં પરોવાઈ ગયા. આ સમયે ખીલતી કળીની જેમ જોડાયેલી તેઓની હથેળીઓ, મહારાજના સ્વરૂપમાં ડૂબેલાં તેઓનાં નયનો અને હળવે-હળવે ફફડતા અધરની ત્રિવેણીમાં સૌ નિમગ્ન થઈ રહ્યા. તે દરમ્યાન અન્નકૂટ ગોઠવાઈ જતાં થયેલા નૈવેદ્ય-નિવેદન બાદ શંખનાદ અને ઝાલર-નગારાંની ધણેણાટી વચ્ચે આરતીની પંચશિખાઓ પ્રગટી ઊઠી. તેની જ્યોત દ્વારા શ્રીજીમહારાજને વધાવી સ્વામીશ્રીએ મંત્ર-પુષ્પાંજલિ ધરી.

આ રીતે કલાસભર ગર્ભગૃહમાં ધામધૂમપૂર્વક ભગવાન સ્વામિનારાયણને પુનઃ પ્રતિષ્ઠિત કરી તેઓ ભક્ત-સમુદાયની સન્મુખ ફર્યા. તે સમયે મહંત સ્વામીએ તેઓને મોગરમાળથી સત્કાર્યા અને ઈશ્વરચરણદાસ સ્વામીએ લાલ-પીળી ગુલાબ-પાંખડીઓથી ગૂંથેલો હાર પહેરાવી વધાવ્યા.

આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ આજના અવિસ્મરણીય અવસરે અમૃતધારા વહાવી કે –

''શાસ્ત્રોમાં અક્ષરધામનું વર્ણન આપણે સાંભળીએ છીએ કે દિવ્ય છે, તેજોમય છે, તેજ-તેજનો અંબાર છે અને શ્રીજીમહારાજ ત્યાં બેઠા છે, બધા મુક્તો બેઠા છે; પણ અહીંયાંયે ચારે બાજુ બધા મુક્તો બેઠા છે. એટલે એ રીતે અક્ષરધામની સભા આપણને દર્શન આપે છે. જે આવે એને શાંતિ થઈ જાય અને એને થાય કે અક્ષરધામનું જેવું વર્ણન છે એવાં દર્શન કરીએ છીએ. એવું સરસ કાર્ય આજે બની ગયું કે જોતાંની સાથે જ અંતરમાં ઠંડક થાય. હવે આપણે વિચાર નથી કરવાનો કે 'અક્ષરધામમાં મહારાજ સાક્ષાત્ વિરાજમાન

છે એ સ્થાન કેવું હશે?' એવાં દર્શન આજે અહીં થયાં છે એ આપણાં બહુ મોટાં ભાગ્ય છે. આપણે સાક્ષાત્ અક્ષરધામમાં જ બેઠા છીએ એવો ભાવ હંમેશને માટે આપણે રાખવાનો છે. આપણા કલ્યાણમાં કંઈ બાકી નથી.

અત્યારે સત્સંગમાં વૃદ્ધિ થવાનું મુખ્ય કારણ યોગીજી મહારાજનો સંકલ્પ છે. આજે પણ આ સમૈયો આટલો મોટો ધાર્યો નહોતો, પણ દૂર-દૂરથી બધા અહીંયાં આવી ગયા, તો આમાં જે કાંઈ યથાશક્તિ સેવા થઈ છે તેનું ફળ ભગવાન અનંતગણું આપશે, અંતરે શાંતિ થશે અને દેહ મૂકીને અક્ષરધામની પણ પ્રાપ્તિ થશે. 'અક્ષરધામ, અક્ષરધામ'ની વાતો કરીએ છીએ એવી ઝાંખી અહીંયાં થઈ. ચારે બાજુ ઝગમગાટ છે. કેવું અક્ષરધામ હશે એની આ ઝાંખી છે.'

મેટ્રોમાં મોક્ષદાયી મુસાફરી

તા. ૧૩/૭ની સાંજે નિજનિવાસમાં બિરાજેલા સ્વામીશ્રી અક્ષરધામના નવીનીકરણમાં વિશેષ સહયોગ આપનારા દાતાઓને શાલ ઓઢાડી સન્માની રહેલા. તે ક્રમમાં આવેલા શ્રી ચંદ્રકાંતભાઈ પૂજારાએ નવીન ઘાટ પામેલા ગર્ભગૃહના સંદર્ભમાં સ્વામીશ્રીને કહ્યું: 'પહેલાં કરતાં પણ સારું થઈ ગયું.'

'એય ભગવાનની ઇચ્છાથી જ થયું ને! હજારોને લાભ કરવો હશે એટલે થઈ ગયું. વળી, તમારા જેવા શેઠિયા આવી ગયા એટલે થયું.'

'તમે મોહ છોડાવ્યો તો સેવા થઈ ને!'

'જરાય નહીં! બધું ભગવાનની ઇચ્છાથી થાય છે.' સ્વામીશ્રી બોલ્યા.

મૂર્તિ પર મુગટ અને મોર પર કલગી શોભે તેમ સ્વામીશ્રીના નાના-મોટા તમામ કાર્યકલાપ પર તેઓની નમ્રતા છોગાંની જેમ છવાઈ જતી. ક્રેડિટને ઠરવા માટે તો ત્યાં જરાય જગ્યા ન બચતી.

આ રીતે ભગવાનના કર્તાપણાનું સતત અનુસંધાન રાખી વિચરતા સ્વામીશ્રીની પદરજથી તા. ૧૫/૭ની સાંજે દિલ્હીની મેટ્રો રેલવે પાવન થઈ. આ સમયે મેટ્રો રેલવેના મુખ્ય કાર્યવાહક શ્રી શ્રીધરન્‌નું નિમંત્રણ સ્વીકારી સ્વામીશ્રી અક્ષરધામ સ્ટેશને પધાર્યા ત્યારે અધિકારીગણે તેઓનું શાનદાર સ્વાગત કર્યું. તે સ્વીકારતાં સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ઉપર પહોંચ્યા ત્યારે અહીં તો અક્ષરધામની આબોહવા ખડી કરતાં ઘણાં બૉર્ડ લગાવવામાં આવ્યાં હતાં.

તે પર દૃષ્ટિ વેરતાં સ્વામીશ્રીનાં પગલાં પ્લેટફોર્મ પર પડ્યાં ત્યારે તેઓની આ ખાસ યાત્રા માટે અલાયદી રખાયેલી ટ્રેન પણ આવી પહોંચી.

તેમાં ઠાકોરજી અને સંતો-ભક્તો તથા અધિકારી-વર્ગ સાથે સ્વામીશ્રી બિરાજતાં જ નોઈડા સ્ટેશન તરફની મજલ શરૂ થઈ.

આ રસ્તે વચ્ચે અક્ષરધામ આવતાં ગાડીની ગતિ મંદ પાડવામાં આવી. અહીંથી પરિસર અને પરિસરના પ્રાણરૂપ શ્રીજીમહારાજનાં દર્શન કરતાં સ્વામીશ્રી અતિ પ્રસન્ન થઈ ગયા. એ જ અવસ્થામાં તેઓએ આ પ્રકલ્પના મુખ્ય સંયોજક શ્રીધરન્‌ને આશીર્વાદ આપતાં કહ્યું: 'हज़ारों लोग यहाँ से दर्शन करेंगे उसका पुण्य आपको मिलेगा।'

આ રાજીપો વરસાવી નોઈડા પહોંચેલા સ્વામીશ્રીએ અત્રેથી વળતી ખેપ આરંભી ત્યારે અંધારું ઢળી જતાં વીજદીપકોથી ઝળહળતું અક્ષરધામ દેદીપ્યમાન જણાતું હતું. તેમાં બિરાજેલા ભગવાન સ્વામિનારાયણની કાંતિ પણ *'रवि शशी कोटिक वारणे जाय...'* જેવી ભાસતી હતી. તેનાં ભાવપૂર્વક દર્શન કરતાં સ્વામીશ્રી પુનઃ અક્ષરધામ સ્ટેશને પધાર્યા.

અત્રે જ્યાં અક્ષરધામનું બૉર્ડ મૂકવામાં આવ્યું છે ત્યાં તેઓની તસવીર પણ ખેંચવામાં આવી. તે પછી સૌની વિદાય લેતાં સ્વામીશ્રીએ સ્ટેશન છોડ્યું ત્યારે તેઓએ ખેડેલી મેટ્રોની મોક્ષદાયી મુસાફરી સૌના આનંદનો વિષય બની રહી.

How great is his guru bhakti ! (કેવી મહાન ગુરુભક્તિ !)

તા. ૧૭/૭ના રોજ સ્વામીશ્રીનાં દર્શને આવેલા વડાપ્રધાનના મુખ્ય સચિવ શ્રી ટી. કે. નાયર અહોભાવ વહાવી ગયા કે 'आपकी संस्था बहुत बढ़िया है। सारे भारतवर्ष के लोग आपकी प्रशंसा ही करते हैं। आपके सेवाधारी सेवक भी बहुत अच्छे हैं।'

અક્ષરધામના આવા સ્વયંસેવકો તા. ૧૮/૭ની સવારે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓએ અલગ-અલગ પ્રસંગોએ દાખવેલી પ્રામાણિકતાને કારણે એકવીસ લાખ રૂપિયાથી વધુની રકમ તેના મૂળ માલિક સુધી પરત પહોંચેલી. સાધારણ સ્થિતિના આ સેવકોનું મન ભૂલકણા યાત્રાળુઓની મતા જોઈ લેશ મેલું થયું નહોતું.

આવા પુણ્ય-નાગરિકોના સર્જક સ્વામીશ્રીનાં દર્શને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કલામ આવી પહોંચ્યા ત્યારે આજની રાત્રિના દસ વાગી ચૂકેલા. આ સમયે પોતાના ઓરડામાં પ્રવેશેલા આ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકને સ્વામીશ્રીએ ખુરશીમાંથી

ઊભા થઈ આવકાર્યા, પુષ્પહાર પહેરાવી વધાવ્યા અને આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા. તેથી ગદ્‌ગદિત થયેલા શ્રી કલામે પોતે લખેલાં બે પુસ્તકોની ભેટ સ્વામીશ્રીને ધરતાં મનોરથ પ્રગટ કર્યો કે 'આપની સાથે રહીને એક પુસ્તક લખવાનું મારું સ્વપ્ન છે. એનો વિષય છે – દેશનો આધ્યાત્મિક ઉત્કર્ષ. આપે કરેલાં પ્રવચનોમાંથી મુદ્દા લઈને હું પુસ્તક કરીશ. એમાં આપે કઈ રીતે અક્ષરધામનું સ્વપ્ન સાકાર કર્યું તે પણ વિગતવાર લખીશ.'

વળી, પુસ્તકના અન્ય વિષયોનો ઉપોદ્‌ઘાત કરતાં શ્રી કલામે સ્વામીશ્રીને કહ્યું: 'આપે મને જે આધ્યાત્મિકતાની વાત કરી છે એ મારે આ પુસ્તકમાં આવરી લેવી છે. આપે કર્યું છે ઘણું બધું, બોલ્યા પણ ખૂબ છો. એનું સંકલન કરીને હું પુસ્તક લખીશ. હું પુસ્તક લખું એમાં આપ રાજી છો ને?'

આ પૃચ્છાના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ હળવું સ્મિત વેર્યું ત્યારે શ્રી કલામ બોલ્યા: 'એક વર્ષ પછી પુસ્તક તૈયાર થઈ ગયું હશે! તે વખતે પુસ્તકને અને મને આશીર્વાદ આપજો. પરદેશમાંયે આપે કેવી રીતે અક્ષરધામ સાકાર કર્યાં એ પણ મારે પુસ્તકમાં લખવું છે.'

આ સાંભળી 'બધું ભગવાનની કૃપાથી અને ગુરુના આશીર્વાદથી થયું છે' કહેતાં સ્વામીશ્રીએ શ્રી કલામને બાજુમાં રહેલા યોગીજી મહારાજની બોધકથાઓના પુસ્તકમાં છપાયેલી યોગીજી મહારાજની છબી દર્શાવી. તે જોતાં જ પૂર્વ રાષ્ટ્રપતિ બોલી ઊઠ્યા: 'તેઓનું મુખ જોઈને જાણે કે અંદરથી આનંદ ઊભરાતો હોય તેવું અનુભવાય છે.'

આ અભિપ્રાય આપી તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું: 'યોગીજી મહારાજના સંકલ્પ આપે પૂરા કર્યા, પણ આપનો એવો એક કયો સંકલ્પ છે જે હૃદયમાં તીવ્રપણે વર્તતો હોય?'

'એમનો સંકલ્પ એ જ અમારો સંકલ્પ. એમના સંકલ્પ પૂરા કરી શકીએ એ ઘણું છે.'

સ્વામીશ્રીનો આ હૃદયોદ્‌ગાર સાંભળી ડોલી ઊઠેલા શ્રી કલામના મુખમાંથી શબ્દો સરી પડ્યા: 'How great is his guru bhakti!' (કેવી મહાન ગુરુભક્તિ!)

સ્વામીશ્રીની ગુણસંપદામાં એક ઝળહળતા રત્નની જેમ શોભતી તેઓની ગુરુભક્તિથી આજે ભારતરત્ન શ્રી કલામ પણ અંજાઈ ગયા!

કરે પ્રભુ પ્રસન્નતા પ્રમાણ રે

તા. ૧૯/૭ની સવારે આવેલા ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી જોષીને સ્વામીશ્રીનાં દર્શનની એવી તડપન લાગેલી કે પોતાનું ખાસ વિમાન સંજોગવશાત્ બગડ્યા છતાં તેઓ રોજિંદા પ્રવાસી પ્લેનમાં મુસાફરી ખેડી અત્રે આવી પહોંચેલા. તેઓને સન્માનતાં સ્વામીશ્રીએ પુષ્પહાર પહેરાવ્યો.

તે પછી ચાલી રહેલા વાર્તાલાપમાં ગવર્નરે સ્વામીશ્રીને કહ્યું: 'आपका स्वास्थ्य अच्छा रहे इसलिये मैं प्रभु से प्रार्थना करता हूँ, क्योंकि लाखों लोगों को आपसे प्रेरणा मिलती है।'

આ અરજ સાથે તેઓએ પૂછ્યું: 'क्या करने से अहंकार कम हो?'

આ જિજ્ઞાસાને તો સ્વામીશ્રી સિવાય કોણ યથાર્થ સંતોષી શકે?

સ્વામીશ્રીએ ઉત્તરમાં પોતાનો અનુભવ જ વહેતો કર્યો કે 'हम जो काम करते हैं वह भगवान की कृपा से करते हैं ऐसा मानना चाहिए। अंदर भगवान की शक्ति है, तो ही कार्य होता है। ऐसा दृढ़ करने से अहंकार नहीं आता है।'

'बुद्धि के स्तर पर आपकी ये बात मैं मानता हूँ, लेकिन मन के अंदर जो सूक्ष्म भाव होते हैं वह भी निकल जाए ऐसे आशीर्वाद दीजिए।'

'वो भगवान की प्रार्थना करने से निकलता है।'

સ્વામીશ્રીનો આ ઉપાય સાંભળી રાજ્યપાલે પુનઃ યાચના કરી કે 'हमको भगवान के प्रति आपके जैसा समर्पण हो ऐसा आशीर्वाद दीजिए।'

આટલું કહી અક્ષરધામના નૂતન ગર્ભગૃહના સંદર્ભમાં ગવર્નર બોલવા લાગ્યા: 'आपके आशीर्वाद से जो कुछ होता है वो एक्सैलन्ट (श्रेष्ठ) हो जाता है, उसके नीचे होता ही नहीं! देख के ही लगता है कि ये मनुष्य नहीं कर पाता।'

આ અસાધારણ અહોભાવને નતમસ્તકે ઝીલતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'सब भगवान की कृपा से ही होता है। हम हमारा वखाण हो इसलिये नहीं, लेकिन भगवान राजी थाय इसलिये करते हैं।'

*'करे प्रभु प्रसन्नता प्रमाण रे, तेमां नहि तन-मन ताण रे...'*ની શૈલી હતી સ્વામીશ્રીની.

તે જોઈ રાજ્યપાલ બોલી ગયા: 'आपको अहंकार कहाँ होगा?!'

સ્વામીશ્રીનું નમ્ર-નિર્મળ અંતઃકરણ ગમારથી લઈ ગવર્નર સુધીના

સૌને સ્પર્શી જતું.

અક્ષરધામમાંથી અંતિમ પ્રસ્થાન

તા. ૨૦/૭ના જે દિવસે સ્વામીશ્રી દિલ્હીથી પ્રસ્થાન કરી રહેલા ત્યારે તિથિ હતી – આષાઢ સુદ દશમની. આજથી ૨૧૭ વર્ષ પૂર્વે આ જ તિથિએ ગૃહ તજીને ચાલી નીકળેલા શ્રી નીલકંઠવર્ણી પુનઃ એ ઘરમાં કદી આવ્યા નહોતા, તેમ આજે અક્ષરધામમાંથી વિદાય લઈ રહેલા સ્વામીશ્રી પણ હવે ફરી આ પરિસરમાં પધારવાના નહોતા. અલબત્ત, આ તવારીખ હજી ભવિષ્યના ગર્ભમાં જ હોવાથી સાંજના ચારેક વાગ્યાની એ વિદાયવેળાએ વાતાવરણમાં ગ્લાનિ જરૂર છવાઈ, પણ કોઈ હૃદયદ્રાવક પરિસ્થિતિ ન સર્જાઈ.

સ્વામીશ્રી તો સઘળું જાણતા હતા, છતાં આ ક્ષણે જળવાયેલી તેઓની સ્વસ્થતાએ કોઈને કશું કળાવા ન દીધું. જે જગવિખ્યાત સંકુલ હજારો વર્ષ સુધી પોતાની પરાભક્તિ અને ગુરુભક્તિ તથા કર્મઠતા અને કુશળતાની છડી પોકારતું રહેવાનું છે, એ અક્ષરધામને અલવિદા કરતાં સ્વામીશ્રી લેશ ન થડક્યા.

આ સ્વસ્થતા સાથે સ્વામીશ્રીએ વડોદરાને નિશાનમાં રાખી હવાઈ મુસાફરી આરંભી ત્યારે એક સહપ્રવાસી હરિભક્ત સુવર્ણમયી તાસક સાથે તેઓ પાસે આવી પહોંચ્યા. આજની તારીખે પચીસ વર્ષ પૂર્વે સ્વામીશ્રીની સુવર્ણતુલા થઈ હોવાથી આ સત્સંગી ઉપહારરૂપે પેલી થાળી સ્વામીશ્રીને આપવા માંગતા હતા, પરંતુ સ્વામીશ્રીએ આ પ્રેમ ઠાકોરજી તરફ વાળ્યો ત્યાં જ એ ભક્ત કેટલાક સુવર્ણસિક્કા સ્વામીશ્રીને ધરવા ગયા. તે વખતે 'અહીં નહીં, હરિકૃષ્ણ મહારાજને આપો' કહેતાં સ્વામીશ્રી તે સિક્કાનો સ્પર્શ કરવા પણ તૈયાર ન થયા.

તે જોઈ એ હરિભક્તે કહ્યું: 'એક-એક સિક્કો આપને આપતાં મારે સંકલ્પ કરવા છે.'

આમ કહી તેઓએ 'સ્વામીશ્રીની શતાબ્દી તેઓના સાંનિધ્યમાં ઊજવાય...' એમ મનોરથ વ્યક્ત કર્યો; પરંતુ તે તરફ લેશ લક્ષ્ય ન આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'હંમેશાં સંપ, સુહૃદભાવ, એકતાથી રહેવું. કોઈ દા'ડો કોઈની સાથે વેર રાખવું નહીં. કોઈ વઢી જાય, ધખી જાય, તો ભૂલી જવું. સંપ તૂટવો ન જોઈએ. અભાવ-અવગુણની વાત જ ન થવી જોઈએ. જે કરશે એને પસ્તાવાનું છે. આપણે મહારાજની સામે જોયે રાખવું.'

સ્વામીશ્રીના મુખેથી સોનેરી શીખ સરી પડી.

તે સમયે પેલા ભક્તે બીજો સંકલ્પ જણાવ્યો કે 'ચંદ્ર ઉપર અક્ષરધામ થાય.'

'એ (સંકલ્પ) પૂરો થાય.' સ્વામીશ્રી બોલ્યા.

'શાસ્ત્રીજી મહારાજની સોનાની મૂર્તિ બેસે.'

'એ સંકલ્પ પણ પૂરો થાય.'

'મારો તો સંકલ્પ છે કે આખું ચાણસદ ગામ ખરીદી લેવું.'

'એ બધું રહેવા દો!'

પોતાની વાત પર તરત જ આમ કુહાડો ચલાવતાં સ્વામીશ્રી કહેવા માંડ્યા: ''અહીં (અંતરમાં) સત્સંગ થાય એટલે દુનિયાને થઈ ગયો! એમાં બધું આવી ગયું! મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને બધા મુક્તો આવી ગયા. સંતો-હરિભક્તો બધા એમાં આવી ગયા. આપણે તો સમજણ ચોખ્ખી કરવાની છે. સમય આવ્યે ફસકું ન થઈ જવું જોઈએ. અભાવ, અવગુણ, દ્રોહ થઈ જાય એ ન ચાલે. હંમેશાં એમ જ સમજવું કે 'મારી જ ભૂલ છે. મારે જ સમજવાનું છે.' પોતાના ઉપર લઈ લઈએ તો ભગવાન રાજી થાય.''

સોનાના સિક્કા સમા સ્વામીશ્રીના આ શબ્દો હૃદય-આકાશને ભરતા રહ્યા.

મોંઘા થવામાં માલ નથી

દિલ્હીથી નીકળેલા સ્વામીશ્રી વડોદરા થઈને બોચાસણ પધાર્યા ત્યારે ગુરુપૂર્ણિમા નિમિત્તે વિવિધ મંદિરોમાંથી સંતમંડળો દર્શનનો લહાવો લેવા આવવા માંડ્યાં. તે ક્રમમાં તા. ૨૨/૭ની સાંજે આવેલા સુરતના સંતોએ સ્વામીશ્રીને હાર પહેરાવી કહ્યું: 'Welcome to Surat. (સુરતમાં સ્વાગત છે.) ક્યારે પધારો છો સુરતમાં?'

'I don't know!' (હું જાણતો નથી!)

સ્વામીશ્રીનો આ જવાબ સાંભળી પોતાની હથેળી બતાવતાં ઘનશ્યામચરણદાસ સ્વામી સખાભાવે બોલ્યા: 'આમ તો બધું હસ્તામલકવત્ જુઓ છો ને ખબર નથી એમ કહો છો તે કેમ ચાલે? બહુ મોંઘા ન થશો.'

'મોંઘા થવામાં માલ નથી. ભગવાનની ઇચ્છા હોય તેમ થાય.'

સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને માયિક મોટપ મુદ્દલ ન ગમતી. તેથી તેનો નિષેધ અવારનવાર તેઓના હોઠે ફૂટી નીકળતો.

એટલે જ તો તા. ૨૪/૭ની સવારે સારંગપુરથી આવેલા પરમવિવેકદાસ સ્વામી અને જ્ઞાનવર્ધનદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજનો પ્રાસાદિક હાર પહેરાવ્યો ત્યારે પણ સ્વામીશ્રીના મુખેથી સહજભાવે શબ્દો સરી પડ્યા: 'હારની જેમ કોમળ થાવ, સુગંધીદાર થાવ, નિર્માની થાવ. ગમે એટલું ભણો, પણ દાસ-નિર્માનીપણું રહેવું જોઈએ.'

હારનો આ હાર્દ સમજાવી સ્વામીશ્રી આજની સાંજે સતત સાડા ત્રણ કલાક સુધી સંસ્થાકીય મીટિંગમાં બિરાજ્યા. તે પછી તેઓ નિવાસકક્ષમાં પધાર્યા ત્યારે વાળુની વેળાને હજી વાર હોવાથી સંતોએ વિનંતી કરી: 'થોડો આરામ કરો.'

'બસ ! સૂઈ જ જવાનું ?!' સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

૮૯મા વર્ષે સળંગ સાડા ત્રણ કલાક સુધી બેઠક યોજ્યા બાદ પણ તેઓ હજી થાક્યા નહોતા. કેવી ધગશ !

તનની તાવણી

તા. ૨૫/૭ના રોજ ગુરુપૂર્ણિમાના પ્રસંગે એકત્રિત થયેલા ૬૫,૦૦૦ હરિભક્તો પર અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ એક મુદ્દાની વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે ને ઓળખાયા છે તો આપણો બેડો પાર થઈ ગયો છે. આપણે અધૂરું માનવાનું નથી. આનંદ-કેફમાં અલમસ્ત રહેવું.'

આ કેફ ઘૂંટાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી આજે સાંજે કસરતના ક્રમાનુસાર ભૂમિભ્રમણમાં પ્રવૃત્ત થયા, પરંતુ ચાલવામાં કંઈક ફેર પડતાં તેઓના જમણા પગના ઘૂંટણમાં ટચાકો આવી ગયો. ઘૂંટણની ગાદી બે સાંધા વચ્ચે ભરાઈ જતાં ઘૂંટણની આજુબાજુનો ભાગ પણ સૂજી ગયો. સ્વામીશ્રીને સણકો એવો સખત લાગ્યો હશે કે તેઓ એક ડગલું માંડી શકે તેવી સ્થિતિમાં ન રહ્યા. તેથી ત્યાં ને ત્યાં જ ઊભા રહી ગયેલા તેઓને ઊંચકીને પલંગ પર બેસાડવામાં આવ્યા.

સ્વામીશ્રીને પહોંચેલા આ કષ્ટે સૌના અંતરમાં અરેરાટી પ્રસરાવી

દીધી, પણ સ્વામીશ્રી તો સ્વસ્થ થકા ફોન, મીટિંગ, પત્ર વગેરેનાં નિયત કાર્યોમાં પરોવાઈ ગયા!

તેઓ દ્વારા કાયમ થતી રહેતી આવી તનની તાવણીનો વધુ એક પુરાવો તા. ૨૮/૭ની બપોરે બાર વાગ્યે સાંપડ્યો.

આ સમયે સ્વામીશ્રી એક પત્ર વાંચી રહ્યા એટલે પત્ર-પરિચારકે ટેબલ લેમ્પ બંધ કરતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેમ?'

'હવે આરામ માટે ઊભા થવાનો સમય થઈ ગયો છે.'

પરંતુ બે દિવસ પૂર્વે ઘૂંટણમાં થયેલી તકલીફને કારણે આજે ભ્રમણનો વ્યાયામ બંધ હતો. તે સંદર્ભમાં સ્વામીશ્રીએ કહ્યું: 'આરામને હજી વાર છે. આજે ચાલવાનું તો છે નહીં.' આમ કહી તેઓ વધુ વીસ મિનિટ સુધી સેવાનો મેવો આરોગતા રહ્યા.

આ ઉત્સાહ સાથે સ્વામીશ્રીએ તા. ૨૯/૭ની સવારે નંદુરબારના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

મૃત્યુના મંગળ મહોત્સવ!

તા. ૧/૮ની સવારે એક સાધકને પાર્ષદી દીક્ષા આપી મુલાકાતોમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે આવેલા ૭૦ મુલાકાતીઓ પૈકીના એક માલેતુજાર ઉદ્યોગપતિએ સત્સંગી હોવા છતાં પૂર્વે કેટલાંક વ્યાવહારિક કાર્યો અંગે તાંત્રિકની સલાહ લીધેલી. જો કે તેનો સીધો ફાયદો ઉઠાવતાં પેલો તાંત્રિક તગડી રકમનો માલિક બની ચૂકેલો.

એક વાર આ વિગતનો ઉલ્લેખ જ્યારે સ્વામીશ્રી સમક્ષ થયેલો ત્યારે તેઓએ આ હરિભક્તને શ્રીજીમહારાજના કર્તાપણાની વાતો સંભળાવી અનન્ય આશરાની દૃઢતા કરાવેલી. તેથી તાંત્રિકની ચુંગાલમાંથી બહાર આવી ગયેલા એ ભક્તે આજે સ્વામીશ્રીને મળતાંવેંત કહ્યું: 'તાંત્રિક વિધિઓ મૂકી દીધા પછી ધંધો બમણો થઈ ગયો છે.'

આ સાંભળી સ્વામીશ્રી એ હરિભક્તના ગળામાં રહેલી કંઠી બતાવતાં બોલ્યા: 'આ કંઠી છે એ સોનાનાં... સોનાનાં... સોનાનાં... સોનાનાં કરતાંયે મોટામાં મોટું ઘરેણું છે.'

આ મહિમા સાથે લાખો જીવોને સ્વામિનારાયણના શરણે મૂકી સુખિયા કરનારા સ્વામીશ્રીએ સૌમાં સીંચેલી શ્રદ્ધા-સમજણનો સૂર આ અરસામાં તો

અખબારમાં પણ ગાજ્યો.

એ લખાણ તા. ૪/૮ની સવારે પત્રવ્યવહાર ચલાવી રહેલા સ્વામીશ્રીના હાથમાં જ આપવામાં આવ્યું. તેમાં સિયાદા ગામના મગનભાઈનો અક્ષરવાસ થયા બાદ તેઓના સંબંધીઓએ અંતિમયાત્રા દરમ્યાન વગડાવેલાં બૅન્ડ-વાજાં, પ્રગટાવેલી મશાલો, ફરકાવેલી ધજાઓ અને ફોડેલા ફટાકડાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો.

મૃત્યુને મંગળ મહોત્સવમાં ફેરવી દેનારા આવા કંઈક સત્સંગીઓ સાથે તેઓના સર્જક તરીકે સ્વામીશ્રી પણ આ અરસામાં સૌના આશ્ચર્યનો વિષય બની રહેલા.

ગયા મહિને જ દુબઈમાં વસતા હરિભક્ત શ્રી ઘનશ્યામભાઈ પાગરાણીની દીકરીને ૩૬ વર્ષની ભરયુવાન વયે પતિનો ચિરવિરહ વેઠવાનો આવ્યો ત્યારે તેઓએ આંખમાંથી એક અશ્રુ ખેરવ્યા સિવાય પોતાના છ વર્ષીય પુત્રને ધરપત આપતાં કહેલું: 'મૈંને પુરુષોત્તમ વર પાયો !...'

આ જ રીતે મહિના-દા'ડા પૂર્વે જૂનાગઢના અગ્રણી કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ જોષીને પત્નીનો સંગ અચાનક છૂટી જવા છતાં તેઓએ ગુલાલ ઉડાડી અર્ધાંગિનીનો અંતિમવિધિ કરેલો; તો આ અરસામાં રાજકોટવાસી શ્રી મૂકેશભાઈ વાઢેરના પંચવર્ષીય પૌત્રનો અક્ષરવાસ થતાં તેઓએ સ્વામીશ્રીને ફોનમાં પૂછેલું: 'બાપા ! પૌત્રની પાછળ પતાસાં વહેંચવાં કે સાકર ?!'

આ સમયમાં અમેરિકાના સાધન-સંપન્ન સત્સંગી શ્રી મધુસૂદનભાઈનો ૨૧ વર્ષીય એકનો એક પુત્ર અક્ષર અચાનક અક્ષરવાસ પામતાં સૌ સત્સંગીઓ શોકગ્રસ્ત થઈ ગયેલા, પરંતુ આ પરિસ્થિતિમાં સ્થિર-સ્વસ્થ રહેલી ત્રણ જ વ્યક્તિ – અક્ષરવાસી યુવાનનાં માતા, પિતા અને બહેન !

આ બહેને તો વહાલસોયા ભાઈના કૉફિનને અગ્નિગૃહમાં ધકેલતાં પૂર્વે જાણે ભાઈ સાથે સીધો સંવાદ સાધતી હોય તેમ કહેલું: 'અક્ષર ! માતાએ કહેવડાવ્યું છે કે તારો કૉલેજમાં અભ્યાસ પૂરો થયા પછી તને ધામધૂમથી પરણાવવાની અમારી જવાબદારી હતી. જો કે હવે એ શક્ય નથી; પરંતુ અમારે મન તો એનાથીયે વિશેષ આનંદ આજે છે કે તું સાક્ષાત્ મહારાજને વરવા માટે જઈ રહ્યો છે. આનાથી મોટો ઉત્સવ કયો હોઈ શકે ?'

એક આંસુ સાર્યા વિના વહેલી એક ભગિનીની આ ભાવનાએ કંઈકની આંખોમાં આંસુ લાવી દીધેલાં.

આમ, અમેરિકાથી લઈ આદિવાસી સુધીના સત્સંગીઓમાં જોવા મળતી મોક્ષની આ પ્રતીતિ સ્વામીશ્રીના સામર્થ્યની સાક્ષી પૂરતી રહેતી. શાસ્ત્રોમાં જેનું ઘર શોધ્યું ન જડે એવી ઘટનાઓ સ્વામીશ્રીએ ઘરોઘરમાં ઘૂમતી કરી દીધેલી.

કરકસર કરીને ઉગારે

તા. ૭/૮ની સવારે સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારીને સભામંડપમાં પધાર્યા ત્યારે અત્રે ધારીના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ ચાલી રહેલો. તેમાં ઉમંગભેર જોડાતા સ્વામીશ્રીએ બધી જ શિલાઓ ઉપરાંત ત્રણ કળશ અને કૂર્મ, અનંત, ભૂમિ વગેરે દેવતાઓનું પૂજન કર્યું. તેની સાથે આ કાર્યમાં સંલગ્ન સંતોનેય કંકણસૂત્ર બાંધી આશીર્વાદ પાઠવ્યા.

આ પ્રસંગે ઉપસ્થિત થયેલા ધારી ક્ષેત્રના સત્સંગીઓ પર પણ લાભની વાદળી વરસાવી સ્વામીશ્રી તા. ૧૦/૮ની રાત્રે પત્રો ઉકેલવા બિરાજ્યા.

તે સમયે અમેરિકાથી આવેલા પ્રાયોરિટી મેલની નોંધ ધરાવતા એક મોટા પરબીડિયામાંથી માત્ર બે પાનાંનો કાગળ નીકળ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'કાગળ તો નાનો છે અને કવર કેટલું મોટું કર્યું છે!'

'આ બે પાનાં મોકલવાના લગભગ ચૌદ ડૉલર થયા છે.'

પરિચારકે આમ ફોડ પાડ્યો ત્યારે સ્વામીશ્રીએ સ્વરુચિ જણાવી: 'આટલા નાના કાગળ માટે આટલો બધો ખર્ચ શું લેવા કરે છે? શું જરૂર હતી? બીજી રીતે ન મોકલાય?'

સંત કે સત્સંગી દ્વારા થતો શક્તિ, સંપત્તિ અને સમયનો બિનજરૂરી વ્યય સ્વામીશ્રીનું અંતર કકળાવતો.

કરકસરની આ પ્રકૃતિ સાથે તેઓ તા. ૧૨/૮ની સાંજે નિજનિવાસમાં બેસી પત્રો વાંચી રહેલા ત્યારે તેઓના હાથમાં એક પુસ્તક આવ્યું. અમદાવાદના મંદિરમાં કાર્યરત વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે સ્થાનિક સંતો દ્વારા અત્રે એક માસિક સભા યોજાતી. તેમાં સત્સંગનું પ્રાથમિક જ્ઞાન આપવા સો પ્રશ્નોની એક પુસ્તિકા તૈયાર કરાયેલી. જે-તે પ્રશ્નોના ઉત્તર પણ સાથે જ છપાયેલા. આ પુસ્તકને પ્રસાદીભૂત કરવા સ્વામીશ્રી પર મોકલાયેલું, પરંતુ તે સત્સંગલક્ષી હોવાથી તેને રસપૂર્વક વાંચવા લાગેલા સ્વામીશ્રી એક પ્રશ્નોત્તર આગળ અટક્યા.

અહીં 'બાળ ઘનશ્યામ મિત્રો સાથે સરોવરમાં કઈ રમત રમતા?' એ પ્રશ્નના જવાબરૂપે 'સંતાકૂકડી' લખેલું. તે વાંચી સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને કહ્યું: 'સંતોને આ પૂછી લેજો. સંતાકૂકડી સરોવરમાં રમવાની રમત નથી.'

તેઓ ૮૯મા વર્ષે પણ કોઈ પણ વાંચન કેટલું વિચારપૂર્વક અને એકાગ્રતા સાથે કરતા તેનો પુરાવો બની રહી આ સૂચના! સ્વામીશ્રી પાસે જ્ઞાનની જે કક્ષા હતી તે જોતાં તો તેઓને આ પુસ્તકનાં પાનાં ફેરવવાનો પણ ઉમળકો ન જાગે. પહેલા ધોરણનું પાઠ્યપુસ્તક વાંચતો પીએચ.ડી.નો વિદ્યાર્થી તમે કદી જોયો છે ખરો? પરંતુ અતિ મોટા હોવા છતાં અતિ નાનામાં રસ લેવો – આ જ તો હતી સ્વામીશ્રીની વિશેષતા.

સા'ય કરો છો સંતની

તા. ૧૨/૮ની રાત્રે પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રી પર અમેરિકાથી આવેલા ફોનમાં અખંડ પટેલ નામના બાળકે તેની કાલીઘેલી ભાષામાં પૂછ્યું: 'બાપા! તમે ક્યાં છો?'

'હું બોચાસણમાં છું ને તારી પાસે પણ છું.' સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ તેમાં સમાયેલા ગૂઢાર્થને તો પેલો શિશુ શું સમજી શકે?, પણ આ સાંભળનારા સૌને સ્વામીશ્રી *'એ છે સર્વના અંતરજામી, સચરાચર સર્વના સ્વામી...'* રૂપે દર્શાઈ રહ્યા.

આવા સર્વવ્યાપી તેઓ તા. ૧૩/૮ની સવારે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે અમિતયશદાસ સ્વામીએ કહ્યું: ''બાપા! અમારા મંદિરના એક પાર્ષદને બરાબર સંભળાતું નહોતું, તો તેના ઇલાજ માટે આપે લાખો રૂપિયાનો ખર્ચ કર્યો. આ સાંભળી સૌ ભક્તોને અહોભાવ થઈ આવ્યો કે 'સ્વામીશ્રી કેટલા દયાળુ છે! બાકી જડભરત જેવી આ અબુધ વ્યક્તિ માટે કોઈ આટલો ખર્ચ કરે ખરું?''

આ પ્રસંગની પુષ્ટિમાં કંપવાના વ્યાધિથી પીડાતા ધર્મતનયદાસ સ્વામીની સારવાર માટે સ્વામીશ્રીએ આશરે પંદરેક લાખ રૂપિયાના ખર્ચ માટે સંમતિ આપી દીધેલી તે બીના પણ સંભારવામાં આવી. તે વખતે વ્યવસ્થાપકોએ સ્વામીશ્રીને વાકેફ કરેલા કે 'બાપા! આટલો મોંઘો ઉપચાર કરવાથી એ સંત માત્ર થોડું હાલી-ચાલી શકશે...'

'એટલું તો બહુ થઈ ગયું. સાધુ પોતાની ક્રિયા જાતે કરી લે તો એને

તકલીફ ન પડે ને!' સ્વામીશ્રી બોલેલા.

આ સાંભળી સર્વમંગલદાસ સ્વામીએ સ્વાનુભવ રજૂ કર્યો કે 'મારે બે વર્ષ સુધી રોજના એક હજાર રૂપિયાનાં ઇન્જેક્શન લેવાનાં થયેલાં. તેની વ્યવસ્થા સ્વામીશ્રીએ કરાવેલી. એમના સિવાય આવું કોઈ કરી શકે નહીં. અત્યારે મારે કોઈ દવા ચાલતી નથી.'

આ રીતે કહેવાઈ રહેલા પ્રત્યેક પ્રસંગ સ્વામીશ્રીની સંતસેવા અને સંતસ્નેહના સૂર ઘૂંટી રહ્યા, પણ તેના પ્રતિભાવમાં ગોળી ગળતાં ગળતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મારા ખિસ્સામાંથી (પૈસા) ઓછા ખર્ચ્યા છે? ઠાકોરજીના છે અને જે ઠાકોરજીની સેવા કરે એના માટે ખર્ચવા જ જોઈએ ને! સંતો માટે જેટલું થાય એટલું આપણે કરવાનું જ હોય ને!'

''એ વાત આપની બરાબર; પણ કેટલાક તો એવા હોય કે જે ઠાકોરજીનું દ્રવ્ય વેડફતા હોય તોય એના માટે કરવાનું અને વળી એને કહેવાનું પણ નહીં કે 'મેં તારા માટે આટલું કર્યું તોય તું આવો ને આવો રહ્યો?!''

'એ તો જેણે બગાડ્યા હોય એણે એનું જોવાનું. એનું ભગવાન જોશે. આપણી તો ફરજ છે એટલે દવા કરાવવી જ જોઈએ.'

સ્વામીશ્રીના આ અભિપ્રાય સાથે વિરમેલો ઉપરોક્ત વાર્તાલાપ માણનારા સૌ ગંગામાં ડૂબકી માર્યાનો અનુભવ કરી રહ્યા. તેથી સ્વામીશ્રીનું ભોજન તો પૂરું થઈ ગયું, પણ તેઓના સ્નેહજળથી ઘેરાયેલા સંતો ખાસ્સી વાર સુધી ખસી ન શક્યા.

સદાય મને રહે સુખી

તા. ૧૪/૮ની સવારે દોઢસોથી વધુ મુમુક્ષુઓને માર્ગદર્શન આપી સ્વામીશ્રી વિવિધ સેવાકાર્યોમાં પ્રવૃત્ત રહ્યા, છતાં બપોરના વિશ્રામ માટે તેઓ પલંગ પર બિરાજ્યા ત્યારે તેઓની મુખાકૃતિ પૂર્ણ પ્રફુલ્લિત જણાતી હતી. તે જોઈ સામે ઊભેલા એક સંતે કહ્યું: 'આપને તો બહુ સુખ.'

'ભગવાન મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા, એથી વધારે સુખ ક્યાં છે આ દુનિયામાં?!' કેફથી આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'આ મનાય તો માંદા પડીએ, સાજા થઈએ, કોઈ અપમાન કરી જાય કે સન્માન થાય તોય સુખ, સુખ ને સુખ જ રહે.'

પ્રાપ્તિના વિચારમાં પરોવાયેલા રહેતા સ્વામીશ્રીને આ સ્થિતિ

સહજસિદ્ધ હતી.

તેમાં જ રહીને તેઓએ તા. ૧૫/૮ના રોજ મંદિરના ચોકમાં ત્રિરંગો ફરકાવી રાષ્ટ્રભક્તિનું મોજું ફેલાવી દીધું.

તેને અનુસરતાં તા. ૧૬/૮ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઓરેન્જબર્ગના મંદિરની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થતાં ધર્મ-ભક્તિના તરંગો પણ પ્રસરી રહ્યા.

અમેરિકાના આ મંદિરની આલબેલ હજી તો શમી નહોતી ત્યાં જ રોબિન્સવીલમાં બંધાઈ રહેલા મંદિરના શિલાન્યાસ માટે તા. ૧૭/૮ની રાત્રે સ્વામીશ્રી પર ફોન આવ્યો. તેઓને શ્વેત આરસમાંથી નિર્માણ પામનારા સાંધાર શૈલીના આ મંદિર તેમ જ સમૈયાના આયોજન સંબંધી નકશા તો અગાઉથી જ મોકલી અપાયેલા. તેની પર નજર ઠેરવતાં ઠેરવતાં સ્વામીશ્રી ફોન દ્વારા પૂર્વતૈયારીની વિગતો સમજતા ગયા.

તેઓની એક ખાસિયત આ પણ ખરી કે સ્થળ પર પગ મૂક્યા વિના કેવળ નકશા જોઈને જ તેઓ જે-તે જગ્યાએ ઉપસ્થિત હોય તેટલી જ સૂક્ષ્મતાથી માર્ગદર્શન આપી શકતા. ક્યારેક તો એવું બનતું કે સ્થળ પર હાજર રહીને બોલનારો ગોથું ખાઈ જાય, પણ હજારો કિલોમીટર દૂર રહી દિશાદર્શન આપતા સ્વામીશ્રી તો સચોટ જ પુરવાર થાય!

આ રીતે આજે પણ શિલાન્યાસના વિધિથી વાકેફ થયેલા તેઓ સંતો-ભક્તોને આશીર્વાદ આપતાં બોલ્યા: 'તમે વ્યવસ્થા કરી છે તો સર્વોપરી ખાતમુહૂર્ત થાય, મંદિર સારું બને, અમેરિકામાં બધાને જાણ થઈ જાય, કોઈને તકલીફ ન પડે. પ્રશ્નો આવે એનાં નિરાકરણ થાય એ સર્વને આશીર્વાદ છે. સૌના ધંધા સારા થાય, નોકરીમાં લાભ થાય, બધાનાં શરીર સારાં રહે એ પ્રાર્થના છે. અમે આવી શક્યા નથી, પણ ડૉક્ટર સ્વામી આવ્યા એટલે એમાં ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આવી ગયા એમ સમજજો. આ કાર્યમાં એમનું બળ પણ ભળશે. બધા રાજી રહેજો.'

આ રીતે અમેરિકાનું આકર્ષણ બની રહેનારા એક પ્રકલ્પમાં પ્રાણ ફૂંકી સ્વામીશ્રી શયનાધીન થયા.

ભીતરને ભરી દેતો એક અનુભવ

તા. ૧૭/૮ની રાત્રે સ્વામીશ્રી સાથે ફોન દ્વારા વાર્તાલાપ કરી રહેલા

વિખ્યાત અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન અક્ષરધામના વૉટર શૉથી ખરેખરા ભીંજાઈ ગયેલા. આ આધ્યાત્મિક અજાયબીને આજે નજરોનજર નિહાળનારા આ મહાનાયકે પોતાનો અભિપ્રાય જગજાહેર મૂકી દીધો કે –

'I have to say I had never seen anything like this ever. We witnessed a dramatic and utterly delightful show. The deeper meanings of atma and Paramatma were exquisitely woven into the happenings unfolding before us on varied screens of water with such beauty that I felt so proud to have been invited to such an event by my friend. Such a fulfilling experience!'

– 'મારે કહેવું પડશે કે મેં અત્યાર સુધીમાં આવું તો ક્યારેય જોયું નહોતું. અમે એક નાટ્યાત્મક અને અત્યંત આહ્લાદક પ્રસ્તુતિના સાક્ષી બન્યા. વિવિધતાસભર પાણીના પડદાઓ પર ખૂલતી જતી ઘટનાઓમાં સુંદર રીતે ગૂંથાયેલા આત્મા અને પરમાત્માના સ્વરૂપ સંબંધી ગૂઢાર્થ એટલી ખૂબીપૂર્વક રજૂ થતા ગયા કે મારા મિત્ર દ્વારા અહીં આવવા માટે અપાયેલું આમંત્રણ મને ગૌરવાસ્પદ બાબત લાગી. ભીતરને ભરી દેતો કેવો આ એક અનુભવ!'

આ અનુભૂતિથી તરબતર શ્રી બચ્ચન સ્વામીશ્રી સાથે વાત કરતાં તો કોઈ અલૌકિક ભૂમિકામાં જ સરી પડ્યા. તેનું બયાન આપતાં તેઓએ ફોન પૂરો થયા બાદ જણાવ્યું:

'...to speak on the phone with Pramukh Swamiji to seek his blessings was an ideal end to the most, how should I put it, ethereal hours in a day.' – 'પ્રમુખસ્વામીજીના આશીર્વાદ મેળવવા તેઓ સાથે ફોનમાં થયેલી વાતચીત તો આજના ઉપક્રમના એક આદર્શ સમાપન સમી બની રહી. એ સમય અલૌકિક હતો! હું તેને કેવી રીતે વર્ણવી શકું?'

સાચે જ, સ્વામીશ્રીનાં શબ્દ અને સાંનિધ્ય સૌને અવાક્ કરી મૂકતાં. અહીં હોઠ બિડાઈ જતા અને હૈયું ખૂલી જતું.

૫૪૦ = ૧૧,૦૦,૦૦૦!

તા. ૨૧/૮ની સવારે લંડન પરત ફરી રહેલો મયૂર, હતો તો એક

બાળક જ, પરંતુ તેના મનમયૂર પર સ્વામીશ્રી સવાર થઈ ગયેલા. તેથી વિખૂટા પડતાં રડમસ થઈ ગયેલા તેણે એ જ સ્થિતિમાં સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! હવે ક્યારે મળશો?'

'કાયમ ભેગા જ છીએ. સંભારીએ એટલે ભેગા. ઇન્ટરનેટમાં કેવું તરત દેખાય છે! એમ આપણે પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવું, તો તરત દેખાય.'

મિલનનો આ મંત્ર સ્વામીશ્રીએ આજે અન્ય એક મુમુક્ષુને પણ સંભળાવ્યો. આજના ૧૮૪ મુલાકાતીઓ પૈકીના એક એ આગંતુક હાથમાં ચબરખી લઈને આવેલા. તેમાં લખેલું:

'કોઈ આપને મનથી યાદ કરે તો એનો ઉત્તર આપ આપો છો?'

'જે ભગવાનને યાદ કરે એને તે ઉત્તર આપે જ છે.'

સ્વામીશ્રી આ જે બોલ્યા તેનો તેઓ વિષે જ અનુભવ કરનારા ભક્તો-ભાવિકોની સંખ્યા લેખું ન થાય એટલી!

તે પૈકી ઝમરાળાના એક દંપતીએ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટ કરવા ૯૦,૦૦૦ તલ પરોવીને તૈયાર કરેલો હાર તા. ૨૨/૮ની રવિસભામાં અર્પણ થયો ત્યારે સત્સંગીઓના સર્વસ્વરૂપે ઊભરી આવેલી સ્વામીશ્રીની તસવીર સૌનાં અંતરમાં મઢાઈ ગઈ.

આ સભા બાદ ઉતારે પધારેલા તેઓ સાંજે પત્રવાંચન કરી રહેલા ત્યારે એક ભાવિકનો ફોન આવ્યો. તેઓ પણ સ્વામીશ્રીનો એક સ્મરણીય સ્વાનુભવ ધરાવતા હોવાથી તેઓએ પ્રાર્થના કરી કે 'જન્મોજન્મ તમે જ મારા ગુરુ બનજો.'

'ગુરુ તો ઠીક, પણ ભગવાનનો આશરો દૃઢ રાખજો.'

સ્વામીશ્રીએ તેઓને આમ શ્રીજીનું શરણું દૃઢાવ્યું ત્યારે એ મુરબ્બીએ મૂંઝવણ રજૂ કરી કે 'મને કાલસર્પયોગ હોવાથી બ્રાહ્મણ અગિયાર લાખ જાપ કરવાનું કહે છે.'

આ મૂંઝારો અળસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'જનમંગલ નામાવલિના[૩૫] પાંચ પાઠ કરજો, ભગવાન બધું સારું કરશે.'

ક્યાં ૧૧,૦૦,૦૦૦ જાપ અને ક્યાં માત્ર ૫૪૦ જાપ! ખરેખર, સ્વામીશ્રીના સાંનિધ્યમાં સાધના સરળ અને ઝડપી બની જતી.

---

૩૫. ભગવાન સ્વામિનારાયણનાં ૧૦૮ કલ્યાણકારી નામનો સંગ્રહ.

આ સંપ્રદાય મળ્યો તે મહાન ભાગ્ય

બોચાસણમાં એક મહિના ઉપરાંતના સુદીર્ઘ રોકાણ બાદ તા. ૨૩/૮ના રોજ વિદાય લઈ રહેલા સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજના ખંડ આગળ દર્શન કરવા પધાર્યા ત્યારે ત્યાં ઊભેલા દારેસલામના શ્રી સુભાષભાઈ પટેલે હળવાશના સૂરમાં સ્વામીશ્રીને કહ્યું: 'માણકી થાકી ગઈ હોય તો અહીં રોકાઈ જાવ.'

'ના, ના, એમ કંઈ થાક લાગે?'

જૈફ વયે પણ જુવાનના જુસ્સાથી આટલું કહી સ્વામીશ્રી સવારે દસ વાગ્યે તો સિધાવી ગયા ભાવનગરની વાટે. આજે તેઓના ઉત્સાહની પાંખ 'માણકી'ને પણ ફૂટી ગઈ હોય તેમ દોઢ કલાકમાં તો સ્વામીશ્રીની ગાડી ભાવનગરની ભાગોળને અડી ગઈ.

અત્રે ભાવેણા ભક્તોનું ભાવભરપૂર સ્વાગત સ્વીકારી તેઓ મંદિરમાં દર્શન બાદ નિજનિવાસમાં પધાર્યા ત્યારે ઘડિયાળ ૧૨:૧૦ વાગ્યાનો સમય બતાવી રહેલી. તેથી આડે પડખે થવાની સંતોની વિનંતી અવગણી તેઓ પલંગની ધારે બેસી વ્યવસ્થાપકો સાથે અહીંના કાર્યક્રમની વિચારણા કરવા લાગ્યા. તે વખતે એક પગ પલંગ પર અને બીજો પગ નીચે ભોંય પર અડે તેમ બિરાજેલા સ્વામીશ્રીની આ વિમર્શમુદ્રા ચિત્તાકર્ષક બની રહી.

તેઓની મૂર્તિનું આ સુખ તા. ૨૪/૮ના રોજ આવેલા રક્ષાબંધનના પર્વે ચરમ સીમાએ પહોંચી ગયું. તે લૂંટવા આજે એકત્રિત થયેલા સેંકડો ભક્તોમાં ૧,૬૦૦થી વધુ તો પદયાત્રીઓ હતા. તેઓનો દાખડો સુફળ કરતા સ્વામીશ્રી નવનિર્મિત સભાગૃહનાં દ્વારે પધાર્યા. અત્રે તેઓના વરદહસ્તે આ સભામંડપનું ઉદ્ઘાટન યોજાયેલું, પણ ઠાકોરજીની ઉપસ્થિતિ ન હોવાથી સ્વામીશ્રીએ વિધિ ન આરંભ્યો. જ્યારે હરિકૃષ્ણ મહારાજ આવ્યા ત્યારે જ તેઓએ રક્ષાસૂત્ર છોડી 'પ્રમુખસ્વામી મહારાજ પ્રાર્થનાગૃહ'માં પદાર્પણ કર્યું.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રીએ આજે નૂતન સભાખંડમાં પ્રથમ પ્રાતઃપૂજા કરી અમૃતધારા રેલાવી કે –

''આજે રક્ષાબંધનનો પવિત્ર દિવસ છે. દાદાખાચર, બળી રાજા, અંબરિષે ભગવાનને બંધનમાં લઈ લીધા. રાખડી બાંધીને બંધનમાં લેવાની વાત નથી, પણ સર્વસ્વ અર્પણ કરીને ભક્તિ કરવાની છે. આપણે બળી રાજા

જેવું બધું અર્પણ કરી દેવાનું નથી અને એ થવાનુંયે નથી, પણ મહારાજે આજ્ઞા કરી છે એમ દશાંશ-વિશાંશ ધર્માદો કરીએ તો સર્વસ્વ અપાઈ ગયું. એ સર્વસ્વ અર્પણ કરીએ છીએ તો આજે સુખી છીએ ને સુખી થવાના છીએ. આજે દાદાખાચર જેવી જ ભક્તિ જોવા મળે છે, તો થોડે-થોડે કરતાં-કરતાં આ મંદિર કેટલું સુંદર બની ગયું! આ સભામંડપ તો આજે જોયો. આપણું કાળજું ઠરી જાય એવો છે!

ભગવાનની ઇચ્છાથી બધી વસ્તુ થઈ જાય છે, પણ આપણી ધીરજ નથી રહેતી. 'આ ભક્તિ કરી, સત્સંગ કર્યો, સેવા કરી ને કેમ થતું નથી? ક્યારે થશે? કેમ થશે?' એમ થઈ જાય; પણ ધીરે ધીરે થાય એ પાકું થાય.

આ સંપ્રદાય આપણને મળ્યો છે તો મહાન ભાગ્ય માનવાં. સંસાર-વહેવારમાં શાંતિ રહે ને દેહ મૂક્યા પછી ભગવાનના ધામમાં જઈએ એટલે સુખ-સુખના ઢગલા; એવું આ જ્ઞાન છે. આજે પ્રાર્થના કરીએ કે જગતનાં બંધન છૂટી જાય ને ભગવાનનું બંધન હંમેશાં રહે.'

અમેરિકામાં અચળ પાયો

રક્ષાબંધનનું પર્વ ઊજવી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા તે સમયે જ ફોનની ઘંટડી રણકી. તેમાં અમેરિકાના નિર્માણાધીન અક્ષરધામના પ્રથમ ચરણરૂપ મંદિરના ખાતવિધિનો અહેવાલ આપવા સંતો-ભક્તો ઉત્સુક હતા. સ્વામીશ્રીને પણ ભોજન પ્રત્યે તો પ્રથમથી જ અરુચિ. તેથી તેઓએ ચાલુ ભોજને જ સમાચાર સાંભળવાની રુચિ દર્શાવતાં બે દિવસમાં તેર હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં થયેલા શિલાન્યાસના સમૈયાની વાત મંડાઈ. તેને એક વાનગીની જેમ જ સ્વામીશ્રી મમળાવતા ગયા.

અંતે તેઓએ આશીર્વાદ ઉચ્ચાર્યા કે 'તમારે તો સાકરના કરા પડ્યા. મહારાજની દયાથી અદ્‌ભુત, અદ્‌ભુત અને અદ્‌ભુત સમૈયો થઈ ગયો! હવે કામ પણ ભગવાનની દયાથી વહેલામાં વહેલી તકે થઈ જાય એ આશીર્વાદ છે. તૈયાર થશે ત્યારે લોકો છક થઈ જશે. પાયો મજબૂત નખાઈ ગયો છે. બધાનું કલ્યાણ મહારાજ કરે એ આશીર્વાદ છે.'

આમ, અહીં રહ્યાં થકા અમેરિકામાં અચળ પાયા રોપનારા સ્વામીશ્રીના ભાવનગરમાં રોકાણ દરમ્યાન હિંડોળા પર્વ ચાલતું હોવાથી રોજેરોજ કલાત્મક

હિંડોળા મહિલામંડળ દ્વારા તૈયાર થતા. સ્વામીશ્રી પણ હરિને હિંડોળે ઝુલાવી નિત્ય નૂતન સ્મૃતિ આપતા. તે દ્વારા તેઓ પણ સૌના હૈયાહિંડોળે હીંચકવા લાગતા.

આવું જ દર્શનદાન તા. ૨૫/૮ની સવારે આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પરોવાયા ત્યારે તેઓના હાથમાં આવેલો એક પત્ર ગરબડિયા અક્ષરોની વખાર જેવો નીકળ્યો. ભાવનગરના જ એક ભૂદેવ ભાવિકે મોકલેલા આ કાગળનો મુદ્દો શોધવા સ્વામીશ્રી વીસ મિનિટ સુધી મથામણ કરતા રહ્યા, પણ કશું ન ઊકલ્યું. છેવટે તેઓએ પરિચારકને જણાવ્યું: 'શું કહેવા માંગે છે એ ખબર પડતી નથી, તો અહીંના સંતોને આ કાગળ આપજો. તેઓ વિગત પૂછી લાવે.'

પ્રમુખપદ સ્વીકારતી વખતે સ્વામીશ્રીએ કરેલી કાળજીપૂર્વક, ખંતપૂર્વક સેવા કરવાની પ્રતિજ્ઞાનો પડઘો આજે વધુ એક વાર બુલંદ બની ગાજી ઊઠ્યો.

ગણ્યું નહીં નિજ દેહ

'આપે જે વિચરણ કર્યું છે એ કોઈના સ્વપ્નમાં પણ ન આવે. એટલું જ નહીં, નાના-મોટા બધાનાં મન રાજી રાખવા આપે જબરજસ્ત પુરુષાર્થ કર્યો છે. એકના એક હરિભક્તને ત્યાં પાંચ-પાંચ વખત પધરામણીઓ કરી છે.'

તા. ૨૬/૮ની સવારે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સંતનો અહોભાવ આમ છલકાઈ ઊઠ્યો, પણ તેની પર ગુરુની સરસાઈ સ્થાપતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ તો દસ-દસ વખત ગયા છે. જેટલી વાર કહ્યું એટલી વાર ગયા છે.'

'પણ ત્યારે તો પધરામણી માટે હરિભક્તોને ગોતવા પડતા'તા ને!'

'એ બરાબર, પણ એમણે પાયો નાંખ્યો છે તો એના ઉપર આ ચણતર કરીએ છીએ. બાકી આપણે ક્યાં કંઈ કર્યું છે?'

સ્વમહત્તાનો સ્વામીશ્રીએ આમ છેક જ છેદ ઉડાડી દીધો ત્યારે સંતોએ મનમાં જે ઘૂંટાતું હતું તે પૂછ્યું: 'દરેકના મન રાજી રાખવા આપ હરિભક્તના ઘરમાં કોઈ પ્રસંગ ન હોય છતાં ગયા છો. આ રીતે એમનેમ જવાનું?'

'એમાં ખોટ શું?'

'કેમ? ભીડો તો પડે ને!'

'ભીડો દેહને પડે છે, આત્માને ક્યાં પડે છે?' ભીડાને પણ આમ

ભીંસમાં લેતાં સ્વામીશ્રીએ ઉમેર્યું: 'દેહનો વિચાર કરીએ તો કાંઈ સેવા ન થાય. દેહ સામે જોવું જ નહીં.'

સ્વામીશ્રીના મુખેથી આ અક્ષરો નહીં, પરંતુ આચરણ જ સરી પડ્યું.

સભામાં આવવાથી ફાયદો છે જ

તા. ૨૭/૮ની સવારે મહુવાના નિર્માણાધીન મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન કરી સ્વામીશ્રી આજની રાત્રે એક મીટિંગ યોજીને બિરાજ્યા. તેમાં ગઢડાના મંદિરનો પ્રસંગ નીકળતાં તેઓ ગુરુમહિમા રેલાવવા લાગ્યા કે ''શાસ્ત્રીજી મહારાજ થાકતા જ નહીં. એમની શ્રદ્ધાનો કોઈ જોટો નહીં. કામ ન થયું તો કહે, 'રાજપલટો થશે,' ને મંદિર થયું.''

આ ઇતિહાસ સાંભળી હરખાયેલા એક સંત બોલી ઊઠ્યા કે 'બાપા! ટેકરા ઉપર મહારાજથી મંદિર ન થયું ને શાસ્ત્રીજી મહારાજે કર્યું...'

પરંતુ સ્વામીશ્રીને હરખનો આ હિલોળ ન સદ્યો. તેથી તેઓએ પોતાનો ડાબો હાથ એ સંતના મોં સુધી લઈ જઈ કહ્યું: ''એમ ન બોલાય કે 'મહારાજથી ન થયું.' મહારાજે જ કર્યું છે, શાસ્ત્રીજી મહારાજ દ્વારા! સત્પુરુષ દ્વારા મહારાજ જ કામ કરે છે. એમની શક્તિ, એમના સંકલ્પથી જ કામ થાય છે.'

ગુરુને ભગવાનના ભાવથી સેવનારા સ્વામીશ્રી ભગવાનને કદી ગૌણ થવા ન દેતા. તેઓની ભક્તિનું આ પાસું જેટલું પ્રેરક, એટલું જ આકર્ષક પણ છે.

આ રીતે ભક્તિની વિક્તિ યથાર્થ રૂપમાં સમજાવતા સ્વામીશ્રી તા. ૨૯/૮ની સાંજે વ્યાયામના ભાગરૂપ ભ્રમણ કરવા માંડ્યા, પરંતુ આજે રવિસભા હોવાથી તેઓ સહેજ ઉતાવળે પગલે ચાલી રહેલા. આ રીતે એક તબક્કો પૂરો કરી તેઓ વચગાળાના વિશ્રામ માટે ખુરશી પર બિરાજ્યા ત્યારે યોગીચરણદાસ સ્વામીએ કહ્યું: 'આજે આપ એક મિનિટનાં સો ડગલાંની ગતિએ ચાલતા હતા, છતાં નાડીના ધબકારા ૭૨ જ રહ્યા!'

'આજે રવિસભા છે ને! તેમાં વહેલા જઈને બેસીએ તો સારું ને! ત્યાં જઈને બેસીએ તો કથા સંભળાય. અડોઅડ જઈએ એમાં મજા ન આવે.'

આ ઇશક સાથે સ્વામીશ્રી પોણા સાત વાગ્યે રવિસભામાં પધાર્યા ત્યારે મંચ પર કિશોરોનું કૌવત ઝળકવા માંડ્યું. આજના કિશોરદિન નિમિત્તે ચોટદાર સંવાદ અને છટાદાર નૃત્ય રજૂ કર્યા બાદ ઠરીઠામ થયેલી આ ઊગતી પેઢી સહિત ચિક્કાર સભા પર અમૃતવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'વાહ! બધા બહુ તૈયાર છો! આજે ભાવનગરમાં રવિવારની સભા જોઈને ખૂબ આનંદ થયો છે. જોગી મહારાજની આજ્ઞા છે કે બધા રવિવારની સભા કરે. આવી સભાઓ કરવાથી ઘરનો ક્લેશ પણ દૂર થાય છે, પ્રામાણિકતા પણ વધે છે. એટલે સભાઓથી પોતાને તો લાભ થાય છે, પણ કુટુંબને અને સમાજને પણ લાભ થાય છે. સભામાં વાત લાગી જાય તો સંસાર અસાર થઈ જાય, દુષ્ટ વૃત્તિ સારી થઈ જાય. એવા ઘણા દાખલા બન્યા છે. એક દિવસમાં થતું નથી, પણ સાંભળતાં સાંભળતાં આપણા વિચાર બદલાય છે, આપણામાંથી દુર્ગુણો જાય છે, સ્વભાવ ટળે છે, સંપ વધે છે. એટલે આ સભામાં આવવાથી આપણને ફાયદો છે જ! અહીં તાળીઓ પાડવાની વાત નથી. આપણા અંતરની શુદ્ધિની વાત છે. આપણામાં સારા સંસ્કારો પડે એના માટે આ સભાઓ છે. દેશ-પરદેશ જાવ પણ અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાની છે. તેને માટે આ સત્સંગ છે, આ મંદિર છે, આ સાધુ છે.'

કોઈ રહી જવો ન જોઈએ

તા. ૧/૯ની સાંજે વરસાદી વાતાવરણને કારણે જમીન ભીની અને ચીકણી થઈ ગયેલી. તેથી સ્વામીશ્રીને ટ્રેક્ટરની ટ્રોલીમાં વ્હીલચેર રાખી સભામંડપની પાછળ આવેલી મંદિરની વાડી પ્રસાદીભૂત કરવા લઈ જવામાં આવ્યા. આ દર્શન પામી અત્રે દીવાલ ચણી રહેલાં બાઈ-ભાઈ ભક્તોના આનંદની તો કોઈ અવધિ જ ન રહી.

આ રીતે સૌની સેવાને સાર્થક કરતા સ્વામીશ્રી જે-જે સત્સંગ-કેન્દ્રમાં જતા ત્યાં તે-તે સ્થાનના નાના-મોટા સૌને શોધી-શોધીને લાભ આપતા. તેમાંય તેઓ સત્સંગ માટે તન-મનથી ઘસારો વેઠનારા પુરાણા પરિવારના સભ્યોને તો ખાસ સંભારે. તેઓની પેઢીઓ સત્સંગનો વારસો ઝીલવામાં જો ઊણી-છીછરી માલૂમ પડે તો વડીલની રૂએ સૌને ટપારે પણ ખરા! જેમ કુશળ ઇજનેર યંત્રના એકેય અંગને કટાવા ન દે, તેમ સ્વામીશ્રી પણ સૌનો સત્સંગ ચકચકિત રાખે. આ બાબતે તેઓનો સિદ્ધાંત આજની વાળુ વેળાએ એક હળવા વાર્તાલાપમાં વ્યક્ત થઈ ગયો.

આ સમયે સ્વામીશ્રીએ સામે બેઠેલા સ્થાનિક સંત ત્યાગરાજદાસ સ્વામીને પૂછ્યું કે 'પેલા નાનાભાઈ રોજ આવે છે?'

આ પૂછપરછથી એ સંત મૂંઝાયા, કારણ કે થોડા દિવસો પૂર્વે યોજાયેલા

વૃદ્ધ-વડીલ ભક્તોના મુલાકાત-સત્રમાં આ ખોજા સત્સંગીને બોલાવવાનું ચુકાઈ ગયેલું. તેથી સ્વામીશ્રી બોલ્યા: 'કેમ બાકી રહી ગયા? તમે તો અહીં જ રહો છો. તમને તો ખબર પડવી જોઈએ ને! કોઈ રહી જવો ન જોઈએ.'

હા, સ્વામીશ્રીની આ પ્રીત-રીત હતી: 'કોઈ રહી જવો ન જોઈએ.'

તે મુજબ તેઓ ૯૫ વર્ષ સુધી એવું વરસ્યા-વિચર્યા કે તેઓની અમૃતધારા પીનારા સૌ ગાઈ ઊઠ્યા: *'સર્વે જીવની લેવા સંભાળ રે, આવ્યા હતા જો આપે દયાળ રે...'*

તમારા બધાની સેવા ભુલાય એવી નથી

તા. ૨/૯ની સવારે તળાજાના શ્રી મિનાઝ ભાયાણીએ જોડેલા ફોનમાં આવશ્યક માર્ગદર્શન આપ્યા બાદ સ્વામીશ્રીએ આ યુવકને પૂછ્યું: 'તું કેમ દેખાતો નથી?'

'બાપા! હું રોજ આવું છું. આપ દૃષ્ટિ રાખજો.'

'તમારા કુટુંબ પર તો યોગીબાપા અને શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ છે. તમારા બધાની સેવા ભુલાય એવી નથી.' સ્વામીશ્રીના શબ્દોમાંથી નર્યો સ્નેહ ઝર્યો.

તેઓના આ પ્રેમોદ્‌ગાર 'તમારા બધાની સેવા ભુલાય એવી નથી'માં કોઈ એક પરિવારની નહીં, પણ સમગ્ર બી.એ.પી.એસ. પરિવારની કદર છે.

પ્રત્યેક ભક્તની સેવાને આ મહિમાદૃષ્ટિથી જોતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજની રાત્રે જન્માષ્ટમીની સભા ભરચક થઈ ગઈ. તેમાં ઉપસ્થિત થયેલા જાણીતા રિધમિસ્ટ શ્રી શિવમણિએ પોતાના થોડા-ઘણા ડ્રમ-સેટ ઉપરાંત ડોલ, તપેલાં, ચોકી, પીપ વગેરે વાસણોની સહાયથી સંગીતનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. તેને અનુસરતાં બાળકો તથા કિશોરોએ કૃષ્ણલીલાનાં પદોને આધારે નૃત્યોની રમઝટ બોલાવી.

તેથી ડોલી ઊઠેલા ભક્ત-સમુદાયને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન આ પૃથ્વી ઉપર મનુષ્યના કલ્યાણ માટે આવે છે એટલે એની સાથે બેસે, વાત-ચીત કરે એટલે જીવને હેત થાય. કેટલાક મોટા માણસો સામાન્ય માણસો જોડે બેસે નહીં અને વાત પણ ન કરે, પણ ભગવાનને તો પોતાને ભજે એના ઉપર પ્રેમ જ છે. એમનું કામ તો સારું જ છે, પણ આપણે આપણા સ્વભાવ મૂકી શકતા નથી એણે કરીને દુઃખી થઈએ છીએ. આજે કૃષ્ણ-

જન્મદિને આપ પધાર્યા છો તો આનંદ થયો. અહીં આવ્યા એમનું કામ થઈ ગયું. આવો લાભ મળે એ આપણાં ભાગ્ય છે.'

પોતાની આ પરાવાણીથી આજે ઉપસ્થિત આઠેક હજાર હરિભક્તોનાં અંતરને સ્વામીશ્રીએ અજવાળ્યાં ત્યાં જ શોર મચી ગયો:

'ધંન ધંન માતા જશોમતી, ધંન ધંન ગોકુલ ગામ;
ધંન ધંન લીલા નંદભુવનની, ઘેર ઘેર ઓચ્છવ થાય...'

આ ગીતગુંજન વચ્ચે જ સ્વામીશ્રીએ બાલકૃષ્ણના પ્રાગટ્યને આરતી-અન્નકૂટનું અર્ઘ્ય ધરી વધાવ્યું. તે પછી તેઓએ પારણિયામાં દર્શન દેતા ઠાકોરજીને ઝુલાવી ચારેકોર હર્ષોલ્લાસ ફેલાવી દીધો.

ધર્મ સ્થાપવા ધાર્યો છે દેહ

તા. ૪/૯ની સવારે સ્વામીશ્રી ભાવનગરથી વિદાય લેવા તત્પર થયા ત્યારે વરસવા લાગેલા વરસાદથી નેવાં નીતરવાં માંડ્યાં. ભક્તોનાં નયનો તો પહેલેથી જ નીતરી રહેલાં. આવા સ્નેહભીના વાતાવરણમાં ગતિશીલ થયેલી સ્વામીશ્રીની ગાડીનાં પૈડાં વલભીપુરમાં બંધાઈ રહેલા મંદિરના આંગણે થંભ્યાં ત્યારે અગિયાર વાગી ચૂકેલા.

અત્રે નિર્માણાધીન મંદિરના ગભારામાં પાટ પર પધરાવેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ, નીલકંઠવર્ણી, ગુરુપરંપરા વગેરેનાં અર્ચા-સ્વરૂપોની પૂજા-આરતી કરી સ્વામીશ્રી પરિસરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. તેમાં તેઓની નજરે નોંધી લીધું કે 'સંતઆશ્રમના સંકુલથી ત્રણેક ફૂટ છેટે જ ગૃહસ્થનાં ઘર છે.' તેથી સ્થાનિક સંતો માટે સ્વામીશ્રીના હોઠેથી સૂચના સરી પડી: 'આ બાજુની બારીઓ તમારે બંધ જ રાખવી, જેથી આપણા નિયમ સચવાય.'

આમ, ધર્મમાર્ગ કંડારતાં સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

અહીં તેઓ બરાબર ૧૧:૫૦ વાગ્યે મંદિરના દરવાજે પહોંચ્યા ત્યારે સ્વાગતમાં ઊભેલા સંતોની આંખોમાંથી છલકાઈ રહેલો પ્રેમ જ જાણે વરસાદની ધીમી ધારાનું રૂપ ધરી તેઓને નવડાવવા લાગ્યો. આ પ્રેમવર્ષા ઝીલતાં સ્વામીશ્રી ગુરુ-હરિનાં દર્શન કરી પરમ તૃપ્તિ અનુભવી રહ્યા. આ અનુભવ બહુજનસુલભ કરવા તેઓએ અમેરિકાના આલ્બનીમાં તૈયાર થયેલા મંદિરની મૂર્તિઓમાં તા. ૬/૯ની સવારે પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

આ અરસામાં સારંગપુરનું સંતવૃંદ શ્રાવણ-વિચરણમાંથી પસાર થયું

હોવાથી સ્વામીશ્રીનાં ભોજન અને ભ્રમણ દરમ્યાન અહેવાલ-કથનનો અધ્યાય ખૂલી જતો. તેમાં જુદા જુદા સંતોના મુખેથી વહેતા સ્વાનુભવના સૂરમાં સ્વામીશ્રીનો જ મહિમા પડઘાતો જતો, કારણ કે આ વિચરણ દરમ્યાન કો'કને સ્વામીશ્રીએ વેઠેલા અપાર ભીડાના પુરાવા નજરે ચઢ્યા હતા, તો કો'કને સ્વામીશ્રીની અમાપ આત્મીયતાની લહેરખીનો સ્પર્શ સાંપડ્યો હતો; કો'ક સ્વામીશ્રી દ્વારા થયેલાં જીવન-પરિવર્તનોનું સાક્ષી બનીને આવ્યું હતું, તો કો'ક સ્વામીશ્રીએ પકવેલા ભક્તોના કસદાર જીવનનો આસ્વાદ માણીને પરત ફર્યું હતું. તેથી પ્રત્યેક સંતનાં વૃત્તાંતકથનનું અંતિમ વાક્ય રહેતું: 'બાપા! આ વિચરણ કરવાથી આપનો મહિમા સમજાયો.'

તે વખતે સ્વામીશ્રી પણ ઓરડાની દીવાલો પર ઝૂલતી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની છબી તરફ નિર્દેશ કરી કહેતા: 'આ ફર્યા છે એનું જુઓ ને!'

સ્વામીશ્રીની ગુરુભક્તિ સ્વમહત્તાને સદા ભોંમાં ભંડારી દેતી.

આપણે ભગવાન પરોક્ષ થયા નથી

સારંગપુરમાં તા. ૧૯/૯ની સવારથી જળઝીલણી એકાદશીના ઉત્સવનો માહોલ જામી ગયો. જો કે હવે સ્વામીશ્રીનાં સ્વાસ્થ્ય અને અવસ્થાને કારણે મંદિરના સભામંડપો જ જે-તે ઉત્સવોનું પ્રાંગણ બની રહેતા. તેથી અહીં જ પ્રસંગાનુરૂપ શોભા રચી સમૈયાનું વાતાવરણ ખડું કરવામાં આવતું.

તે રીતે આજે સભામંચ નૌકાના આકારમાં ફેરવાઈ ગયેલો અને આ નૌકા કિનારે લાંગરી હોય તેવી આભા મંચની ધારે ગોઠવાયેલી પાણીની લહેરો દર્શાવતી પેનલ દ્વારા થઈ રહેલી. નૌકાના તૂતકનું સ્થાન સ્વામીશ્રીના આસને લીધેલું. તેની અગ્રભૂમાં ખળકી રહેલા વિશાળ જલકુંડમાં ઠાકોરજીના જલવિહાર, ક્રમવાર આરતીનાં અર્ઘ્ય વગેરેનો ઉત્સવવિધિ પ્રાતઃપૂજાની સમાંતર જ ચાલતો રહ્યો. પૂજાના અંતે સ્વામીશ્રીએ યાંત્રિક કરામતના સહારે ઠાકોરજીને નૌકાવિહાર કરાવ્યો. તેને અનુસરતાં તેઓએ સૌને જ્ઞાનવિહાર પણ કરાવ્યો કે 'આપણે ભગવાન પરોક્ષ થયા નથી, પ્રત્યક્ષ છે. આ ઉત્સવની સ્મૃતિ રહી જાય તો અંતકાળે કલ્યાણ થાય છે. કેટલી સરસ વાત! લોકોને છે કે 'આ ભેગા થઈ, તાળીઓ પાડી, લાડવા ખાઈ વહ્યા જાય છે ને ખોટા ખર્ચા કરે છે.' પણ એવું નથી! આવા સમૈયાથી આપણા અંતરમાં શાંતિ થાય છે.'

ઉત્સવની ઉજવણીનો આ ઉમદા હેતુ જણાવી સ્વામીશ્રીએ સમૈયાની પાંચમી આરતી ઉતારી. વળી, જયપુરના મંદિરમાં બિરાજનારા શ્રી નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા પણ આજે તેઓના વરદહસ્તે થઈ હોવાથી તેઓએ તે મૂર્તિનેય આરતીનું અર્ઘ્ય ધરી તે પર માનસરોવરના જળનો અભિષેક કર્યો.

આમ, જળઝીલણીએ સભાગૃહમાં જ સુખનું સરોવર છલકાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૩/૯ની રાત્રે જૂનાગઢના સંતો ઉપસ્થિત થયા. તેઓએ ધરેલું માણાવદરના નવનિર્મિત મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનું નિમંત્રણપત્ર સ્વામીશ્રી રસપૂર્વક વાંચવા લાગ્યા, પરંતુ તેમાં ક્યાંય શાસ્ત્રીજી મહારાજનો ઉલ્લેખ ન જોતાં તેઓએ કલ્યાણમૂર્તિદાસ સ્વામીને પૂછ્યું: 'આમાં તમે મારું નામ લખ્યું છે, પણ શાસ્ત્રીજી મહારાજનું નામ કેમ નથી લખ્યું?'

'આપ ઘણી વાર પધાર્યા છો તેથી.'

'મારા કરતાં તો શાસ્ત્રીજી મહારાજ અનેક વાર પધાર્યા છે.' આમ કહી સ્વામીશ્રીએ માંદગીમાં પણ શાસ્ત્રીજી મહારાજે ગાડામાં બિરાજી માણાવદરમાં કરેલી પધરામણીનો પ્રસંગ વિસ્તારથી સંભળાવી ટકોર કરી કે 'એમનું નામ ન લખાય?'

'પણ હવે તો આ કાર્ડ તૈયાર થઈ ગયું છે!'

'કૅન્સલ ન થઈ શકે?'

'થઈ જાય.'

'તો નવું છપાવો.'

આ નિર્ણય આપતાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં નામ ઉમેરાવી નવાં નિમંત્રણપત્ર છપાવ્યાં. ગુરુના નામને જ આગળ અને અચળ કરવાની આવી ગતિવિધિ તેઓના જીવનમાં કાયમ જોવા મળતી.

હજી સુધી ટેવ પડી નથી

તા. ૨૪/૯ની રાત્રે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી દર્શનાર્થી સંતો દ્વારા રજૂ થયેલો શ્રાવણ-વિચરણનો અહેવાલ સાંભળી બોલ્યા: 'સંતો ખૂબ દાખડો કરે છે.'

'આપે જેવી મહેનત કરી છે એવી તો અમારાથી થતી નથી. ૯૦ વર્ષે હજી આપ જરાય થાકતા નથી.'

'મહારાજની દયાથી ચાલે છે. શરીર ચાલે ત્યાં સુધી સેવા થાય એટલી કરી લઈએ. ભગવાન રાજી થાય ને !'

'અમારું જીવન પણ એવું બને એવા આશીર્વાદ આપો.'

'બનવાનું છે.'

સંતોની યાચનાનો આ પ્રતિભાવ આપી સ્વામીશ્રીએ ઉમેર્યું: ''વડવાઓ કમાઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે તપ, ત્યાગ, મહેનત કરી. માગી-ભીખીને રોટલા ખાધા. હવે તો એમનાં પુણ્યે ત્યારમ્ત્યારા મળે છે. એમનું પુણ્ય છે તો જે વખતે જેવી સગવડ હોય એમાં રાજી રહેવું. ક્યારેક ન મળે ત્યારે દુઃખ ન થવું જોઈએ કે 'કશું ઠેકાણું છે જ નહીં. ચાલો, ઊપડીએ.' એ વિચાર જ ન કરવો. આપણા ગુરુઓએ એવું કર્યું છે કે એ યાદ કરીએ તો કશો ભીડો પડે નહીં.''

પૂર્વગુરુઓ તરફ નજર રાખી જીવન જીવવાનું શીખવતા સ્વામીશ્રીને ગુરુચરિત્રોમાંથી જ સર્વ સમસ્યાનાં સમાધાન નજરે ચડતાં.

આવા ગુરુમુખી તેઓ તા. ૨૫/૯ની સાંજે પત્રો વાંચી રહેલા ત્યારે પરદેશથી આવેલા ફોનમાં એક સંતે સખાભાવે કહ્યું: 'બાપા ! હવે અહીં પધારો, થોડું ફરો, નહીં તો ત્યાં ને ત્યાં રહેવાની ટેવ પડી જશે.'

'હજી સુધી ટેવ પડી નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દયા છે.'

સ્વામીશ્રીના મુખમાંથી નીકળેલો આ સહજ ઉદ્‌ગાર તેઓની માયાથી વિરક્ત સ્થિતિ દર્શાવી ગયો.

આપણી એ રીત નથી

તા. ૨૬/૯ની સવારે આવેલા ૧૩૧ મુમુક્ષુઓને માર્ગદર્શન આપી સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા. પહેલાં બીજાની ભૂખ ભાંગવી, પછી પોતાની. તેઓની આવી પરોપકારી પ્રવૃત્તિ જોઈ પ્રત્યેક પ્રભાતનું મુખડું રતૂમડું થઈ જતું.

આ સંદર્ભમાં જ આજે જનમંગલદાસ સ્વામી બોલ્યા: 'બાપા ! આ ઉંમરે આપ કેટલી બધી પ્રવૃત્તિ કરો છો !'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જે કરી ગયા છે એને બરાબર સાચવવું તો પડે ને !'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ તો થોડું કરી ગયા. આપે તો કેટલું બધું વધાર્યું!'

ગુરુ પર સ્થપાયેલી પોતાની આ સરસાઈ સ્વામીશ્રીને શૂળની જેમ ખૂંચી. તેથી તેઓ તરત બોલ્યા: 'એ થોડું કરી ગયા એમ કહેવાય જ નહીં! બધું એમનાથી જ થાય છે, એ જ કરે છે. જિંદગીની જિંદગીઓ જતી રહે તોય આપણાથી એમના જેટલું થાય નહીં.'

આ અનન્ય દાસભાવ સાથે સ્વામીશ્રી તા. ૨૭/૯ની સવારે યજ્ઞપુરુષ સ્મૃતિપર્વની સભામાં પધાર્યા ત્યારે તેઓના મુખારવિંદની આભા શાસ્ત્રીજી મહારાજની જ સ્મૃતિ કરાવી રહી. એ મુખમાંથી વહેલી અમૃતધારાએ અગિયાર હજારથી વધુ ભક્તોને તરબોળ કરી મૂક્યા.

આ ભક્તસમુદાયને પીરસાનારા દૂધપાકમાં પણ ગુલાબની પાંખડીઓ રૂપે પોતાનું પ્રેમ-રસાયણ ભેળવી ઉતારે પહોંચેલા સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા. અહીં તેઓએ સંતોની વિનંતી સ્વીકારી ગુરુસ્મૃતિ સાથે બે ઘૂંટડા દૂધપાક ગળા હેઠે ઉતાર્યો. તેઓની આ ક્રિયાથી સૌ આનંદનો ઓડકાર ખાઈ રહ્યા.

તે માણતાં સામે બેઠેલા દર્શનાર્થી સંતો શાસ્ત્રીજી મહારાજની વાતો ઘૂંટવા લાગ્યા. પરંતુ શાસ્ત્રીજી મહારાજ એટલે વિરોધના વાવાઝોડા વચ્ચે ખીલેલું ખમીરવંતું ફૂલ! તેથી તેઓનાં રૂંવે-રૂંવે ખૂંપેલા કષ્ટના કાંટાઓનો ઉલ્લેખ પણ શાસ્ત્રીજી મહારાજના ચરિત્રગાનમાં અનાયાસે થતો રહેતો. તે સાંભળી વાજ આવી ગયેલા એક સંત બોલી ઊઠ્યા: 'વિરોધીઓને તો ડબ્બે પૂરી દેવા જોઈએ.'

'આપણી એ રીત નથી.' સ્વામીશ્રીએ સત્વરે સ્પષ્ટતા કરી ઉમેર્યું: 'શાસ્ત્રીજી મહારાજ તો ડબ્બે પુરાયેલા વિરોધીઓને પણ છોડાવતા. એમ કહે કે 'હું પછી જમીશ, પણ એને પહેલાં છોડાવો.''

ગુરુની આ શૈલી સ્વામીશ્રીએ પૂરેપૂરી પચાવેલી.

પધાર્યા રે સંતસ્વરૂપે ઘનશ્યામ

કંપાલાના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા ઘનશ્યામ મહારાજ, ગુરુપરંપરા અને નીલકંઠવર્ણીની મૂર્તિઓમાં તા. ૨૮/૯ની સવારે પ્રાણ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રી તા. ૩/૧૦ના રોજ રાબેતા મુજબ મંદિરમાં દર્શન માટે નીકળ્યા.

આ ક્રમમાં તેઓ રૂપચોકીમાં પધાર્યા ત્યારે આજના શ્રીહરિ સ્મૃતિપર્વ નિમિત્તે અહીં ઊભેલા સંતવૃંદે સમૂહમાં લલકાર્યું: *'ખબર પડી ગઈ, ખબર પડી ગઈ; આકાશેથી ઊતર્યા ઘનશ્યામ, અમારા પ્રમુખસ્વામી થઈ...'*

આ સાંભળી સ્વામીશ્રીએ સામે ઊભેલા એક સંતને પૂછ્યું: 'ખબર પડી?'

આ સમયે એ સંત ક્ષણભર મૌન થઈ ગયા, પણ પછી તેઓએ કહ્યું: 'હા, આપ શ્રીજીમહારાજનું સ્વરૂપ છો.'

'મોડી ખબર પડે છે.' સ્વામીશ્રી બોલ્યા.

ત્યારબાદ તેઓએ પેલા સંતના ભણતરનો સંદર્ભ સાંકળી ઉમેર્યું: 'વકીલ ખરા ને! એટલે ક્રોસ (ચકાસણી) કરે કે આમ નહીં, પણ આમ!'

સ્વામીશ્રીની આ ટિપ્પણીમાંથી સંતસ્વરૂપે ઘનશ્યામ પધાર્યાનો મર્મ પડઘાઈ રહ્યો. તેની વચ્ચે ઘનશ્યામના ઘર જેવા તેઓનાં કરકમળો દ્વારા તા. ૪/૧૦ની સવારે પ્રતિષ્ઠાનું પ્રયાગ રચાઈ ગયું. આ સમયે તેઓએ મોમ્બાસા અને કરજણનાં મંદિરોની મૂર્તિઓમાં તથા મહેસાણાના ઘનશ્યામ સંસ્કારધામની પ્રતિમાઓમાં પ્રાણ પૂર્યા.

આ જ ક્રમમાં સ્વામીશ્રીએ તા. ૫/૧૦ની સવારે મસ્કતના સત્સંગ મંડળ માટે તૈયાર થયેલી ચિત્રપ્રતિમાઓને પુષ્પો પધરાવી પૂજી આપી.

ફરી ફરીને પાછા અહીં જ આવીશું

સારંગપુરમાં ૩૪ દિવસના સુદીર્ઘ નિવાસ બાદ તા. ૮/૧૦ની સાંજે સ્વામીશ્રી વિદાય લેવા તત્પર થયા ત્યારે અહીંના સંતોની સ્થિતિ ગમગીન બની રહી. તેથી જ શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરી રહેલા સ્વામીશ્રીનાં ચરણે જગદીશ ભગતે એક વિરહવાક્ય વહેતું મૂક્યું, પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અમે ક્યાં જઈએ છીએ? અમે તો બીજા મંદિરે દર્શન કરવા જઈએ છીએ. ફરી ફરીને પાછા અહીં જ આવીશું.'

સ્વામીશ્રીના મુખમાંથી માર્મિક વિધાન સરી પડ્યું.

જો કે તેમાં સમાયેલા મર્મને પામી શકે એવી મેધા અત્યારે તો કોઈની પાસે નહોતી. પરંતુ *'જેમ જન્ન કોઈ પરગામ જાય, નિજ ઘેર આવી સ્થિર થાય...'*ની રીતે સ્વામીશ્રીએ સારંગપુરને ઓળખાવી તો દીધું જ!

આ રીતે પુનઃ પધારવાનો કૉલ આપીને સારંગપુરથી નીકળેલા તેઓ રાત્રે આઠ વાગ્યે જૂનાગઢ પધાર્યા ત્યારે અહીંના મંદિરના કાંગરે-કાંગરે

જાણે આકાશના તારા જ સ્થાન જમાવીને બેસી ગયા હોય તેમ સંકુલ આખું વીજદીપકોથી ઝળહળી રહેલું. તેની નિશ્રામાં ઊભેલા સેંકડો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન થતાં જ હરખાઈ ઊઠ્યા. ૧,૬૧૬ દિવસ બાદ અત્રે પગલાં પાડી રહેલા સ્વામીશ્રીના વિરહને સૌએ હર્ષાશ્રુ વહાવી ધોઈ નાંખ્યો. જયનાદો ગજવી અને કંઠમાં પુષ્પમાળાઓ પહેરાવી ભક્તોએ સ્વામીશ્રીના આગમનને વધાવ્યું. આ ભક્તિભાવ સ્વીકારતા સ્વામીશ્રીએ પણ આવતાંવેંત માણાવદરના તબેલા શેરી વિસ્તારમાં તૈયાર થયેલા મંદિરની ચિત્રપ્રતિમામાં પ્રાણ પૂરી સોરઠની સત્સંગશ્રીને વધુ સમૃદ્ધ કરી.

તેના એક ભાગરૂપ અહીંનું જૂનાગઢનું મંદિર-સંકુલ પણ હરિયાળું અને રળિયામણું. તેથી જ તા. ૯/૧૦ની સવારે ભોજન કરી રહેલા સ્વામીશ્રીને જ્યારે અહીં રહેતા અખંડચિંતનદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા! આપ સાડા ચાર વર્ષ પછી અહીં પધારો છો તો આપને મંદિર કેવું લાગ્યું?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'જૂનાગઢ તો ગુણાતીત ધામ છે એટલે સારું જ હોય ને! મંદિર સરસ થયું છે.'

આવા સરસ અને સ્વચ્છ આ મંદિરના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરવા તેઓ નીકળ્યા ત્યારે તા. ૧૪/૧૦ની સાંજના છ વાગ્યાનો સમય થયેલો. આ વખતે સઘળે ફરતાં ફરતાં તેઓ મંદિરની સન્મુખ આવીને ઊભા રહ્યા ત્યારે અહીં તેઓની એક તસવીર ખેંચવાની ઇચ્છા સૌને થઈ આવી. તેથી તેની તજવીજ થવા માંડી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ઊભા રહો. હું એકલો નહીં, બધા સંતો આવે એવો ફોટો લઈએ.'

સૌને સાથે રાખીને જ કામ કરવાની પ્રકૃતિ ધરાવતા તેઓ કેવળ પોતાનું જ કદ વિસ્તરે તેવું કદી ન ઇચ્છતા.

પોતાના આ સહજ સ્વભાવ સાથે તેઓએ તા. ૧૫/૧૦ની સવારે જામળા ગામના મંદિરની પ્રતિમાઓમાં દૈવત પૂર્યું.

ગુણાતીતના પ્રાસાદિક સ્થાનમાં

સિદ્ધક્ષેત્ર જૂનાગઢમાં નવરાત્રિના પ્રથમ દિવસથી જ પધારી ગયેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં સ્થાનિક સત્સંગ મંડળે પ્રતિદિન વિવિધ ઉત્સવો ઊજવવાનું આયોજન કર્યું હોવાથી ક્યારેક અહીં વસંતનો વૈભવ ખીલ્યો, તો ક્યારેક ઉત્તરાયણની પતંગ ચગી. કો'ક દિન શિવરાત્રિના મેળામાં

મહાત્માઓની ઠઠ જામી, તો કો'ક દિન જન્માષ્ટમીનો જયઘોષ ગાજ્યો. એક દિ' દશેરા નિમિત્તે રાવણદહન પણ યોજાયું, તો એક દિ' સિદ્ધિ-બુદ્ધિ અને ઋદ્ધિ-વૃદ્ધિ સહિત બિરાજતા ગણેશજીને અર્ઘ્ય અપાયું. આમ, રોજેરોજ પલટાતી આધ્યાત્મિક આબોહવા વચ્ચે સ્વામીશ્રી તા. ૧૬/૧૦ની સાંજે જૂનાગઢના શ્રીજીનિર્મિત મંદિરે પધાર્યા.

જે મંદિરમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો હાથ પકડીને શ્રીજી-મહારાજ ફરેલા એ આ ઉત્તરાભિમુખે શોભતું ત્રિશિખરીય દેવાલય સ્વામીશ્રીને ઘણું પ્રિય હતું. પોતાના પ્રાણ સમા હરિકૃષ્ણ મહારાજ અને યોગીજી મહારાજ પણ એક સમયે આ મંદિરના વાસી. વળી, અત્રે શ્રીજીએ ગુણાતીતાનંદ સ્વામીને મહંતપદે નીમેલા. તેથી જેવી વ્હીલચેર મંદિરનાં પગથિયાં ચઢી હનુમાનજી-ગણપતિજીનાં દેરે પહોંચી કે તરત જ સ્વામીશ્રી ખુરશી પરથી ઊતરી ગયા. તે જોઈ સ્થાનિક મહંત ભક્તિપ્રકાશ સ્વામીએ તેઓને બેસી રહેવાની વિનંતી કરી, પણ તેમ કરવામાં સ્વામીશ્રીનું જ મન ન માન્યું.

તેઓ મંદિરના ઘુમ્મટ તરફ લઈ જતાં ચાર પગથિયાં ચઢીને પ્રાસાદિક વસ્તુઓના મંડપમાં પહોંચ્યા. અત્રે પ્રસાદીભૂત ચીજોની વિગતો ખૂબ નિરાંતે વાંચતાં-વાંચતાં સ્વામીશ્રી એક-એક વસ્તુમાં શ્રીજીમહારાજ બિરાજ્યા હોય તેમ તેને નમતા ગયા. ત્યારબાદ કોળીમંડપમાં પધારેલા તેઓએ મધ્ય ગૃહમાં રણછોડજી-ત્રિકમરાયને વંદન કર્યાં. અહીં પૂજારીએ સ્વામીશ્રીના ઠાકોરજીને પણ મધ્ય ખંડમાં પધરાવતાં સ્વામીશ્રી ખૂબ હર્ષ પામ્યા. તે પછી તેઓએ પૂર્વ ખંડમાં ઊભેલા રાધારમણદેવ અને પશ્ચિમ ખંડમાં પ્રતિષ્ઠિત સિદ્ધેશ્વર મહાદેવને નમન કર્યાં. આ ત્રણેય ખંડમાં પૂજારી દ્વારા સ્વામીશ્રીને ફૂલહાર પહેરાવી સત્કારવામાં આવ્યા.

આ આવકાર ઝીલી નવનિર્મિત મહાપૂજા મંદિરમાં પધારેલા સ્વામીશ્રીને અત્રે ગોપાળાનંદ સ્વામી રચિત મહાપૂજાના યંત્રનું દર્શન કરાવવામાં આવ્યું. તેને પણ ભાવપૂર્વક નીરખી સ્વામીશ્રી ઝીણાભાઈના આવાસમાં રહેલી ભગતજી મહારાજની પ્રાસાદિક ચંદનીનાં દર્શને પહોંચ્યા. આ દર્શનયાત્રા દરમ્યાન સ્થાનિક મંદિરના કેટલાક સંતો અને આગેવાન ભક્તો સ્વામીશ્રીની સાથે જ રહ્યા. એ સંઘ સાથે સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના પડછંદાથી ગાજેલા સભામંડપમાં પધાર્યા ત્યારે અહીં બેઠેલા વૃદ્ધ સંતો તેમ જ કોઠારી વગેરેએ તેઓને પુનઃ હારતોરાથી વધાવ્યા.

આ સભાગૃહમાં જે થાંભલે બિરાજી ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦ વર્ષ સુધી બ્રહ્મજ્ઞાનની ધૂણી ધખાવેલી ત્યાં અત્યારે નાનકડી નાજુક દેરી શોભી રહેલી. એ જ સ્થાનમાં વ્યવસ્થાપકોએ યોજેલી ઔપચારિક સભામાં ઘણા સંતો-ભક્તો એકત્રિત થઈ ગયેલા. તેઓને સંબોધતાં પ્રવક્તા સંતે પૂર્વભૂમિકા બાંધી કે 'પાંદડે પાંદડે સ્વામિનારાયણનું નામ ગુંજતું કરવાનો ગુણાતીતાનંદ સ્વામીનો સંકલ્પ હતો. આ સંકલ્પની અખંડ જ્યોત લઈને જેઓ દેશ-પરદેશમાં વિચરણ કરી રહ્યા છે એવા પૂજ્ય બાપાનાં આજે આપણને દર્શન થયાં.'

આ અહોભાવ સાથે અન્ય સંતોએ પણ પ્રવચનો કર્યાં. તેના અંતે સ્વામીશ્રી માટે ઠાકોરજીનું પ્રાસાદિક દૂધ લાવવામાં આવ્યું. તે વાટકી વડે અંગીકાર કરી સ્વામીશ્રીએ સૌની ભાવભીની વિદાય લીધી ત્યારે ફરી એક વાર ગુણાતીત યુગની ઝાંખી કરતું આ પરિસર ધન્યતા અનુભવી રહ્યું!

રાખે પ્રેમ પ્રભુ પર પૂરો

જૂનાગઢના મંદિરે સ્વામીશ્રીની નિશ્રામાં રોજેરોજ ઊજવાતા વિવિધ ઉત્સવોની પરંપરામાં તા. ૧૭/૧૦ની સવારે અન્નકૂટની સોડમ પ્રસરી રહી. જ્યારે સ્વામીશ્રી દર્શને પધાર્યા ત્યારે મંદિરના ત્રણેય ખંડ અઢીસોથી વધુ વ્યંજનોના રસથાળથી ભરચક હતા અને સંતો-ભક્તો દ્વારા થાળગાન ચાલી રહેલું. તેમાં સામેલ થતાં સ્વામીશ્રી પણ ઘનશ્યામ મહારાજના ખંડમાં બિરાજી પોતાનો ભક્તિભાવ ભેળવવા લાગ્યા. આ રીતે દર્શનમાં તલ્લીન બનેલા તેઓએ વચ્ચે જ પૂછ્યું: 'આ બધી વાનગીઓમાં દાળ-ભાત કેમ નથી?'

સ્વામીશ્રીની નજરે નોંધેલી આ હકીકત તેઓનો પૂર્ણ પ્રભુપ્રેમ છતો કરી ગઈ. તે સાથે ઠાકોરજીને આરતીનું અર્ઘ્ય ધરી સ્વામીશ્રી પ્રાતઃપૂજા અને મુલાકાતના નિત્યક્રમથી પરવાર્યા ત્યારે સામે બેઠેલા કલ્યાણમૂર્તિદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! હવે મુલાકાતો પૂરી થઈ છે. હજી બે દિવસ વધારે રોકાઈ જાવ, જેથી આરામ થાય.'

આ જ વિનંતી હરિનારાયણદાસ સ્વામીએ પણ દોહરાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'મારે તો આરામ જ છે જ્યાં જઈએ ત્યાં! સવારે ઠાકોરજીનાં દર્શન થાય, પૂજા થાય ને પછી હરિભક્તોને મળાય છે.'

સ્વામીશ્રીની આ મનઃસ્થિતિ હતી. શરીરથી અતિ શ્રમ ઉઠાવનારા તેઓ મનથી તો શ્રીજીમહારાજની મૂર્તિ અને ભક્તોની સેવામાં જ સ્થિર રહેતા.

આ વિશેષતા સાથે વિચરતા તેઓએ આજે ધારીમાં યોજાયેલા નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ પ્રસંગે ટેલિફોનિક આશીર્વાદ આપતાં જણાવ્યું: 'ભગવાનની દયાથી તમને આવો લાભ મળ્યો છે અને આવો અવસર તમે બધાએ સાચવ્યો છે તો ભગવાન બધાનું કલ્યાણ કરે, મંદિર પણ સારું અને વહેલી તકે થાય. અમે જોગી મહારાજની માફી માંગીએ છીએ, તમારા બધાની માફી માંગીએ છીએ કે અમે આવી શક્યા નથી, પણ અમારા બધા સદ્‌ગુરુ પધાર્યા છે એની અંદર બધું જ આવી જાય છે. અમે આશીર્વાદ આપીએ છીએ કે બધાને શાંતિ થાય.'

આશીર્વાદની આ ગંગા સ્વામીશ્રીએ આજે સાંજે આયોજિત ઠાકોરજીના સુવર્ણતુલા સમારોહમાં પણ વહાવી કે 'અહીં જૂનાગઢને આંગણે આપણે વિજયા દશમીનો ઉત્સવ ઊજવીએ છીએ. ગિરનારમાં સિદ્ધો ઘણા છે, પણ એમને ગુફામાં જ રહેવાનું. ત્યાં રહી તપશ્ચર્યા અને સિદ્ધદશાથી લોકોનું સારું કરે. ઉત્સવો વખતે માણસોને એમનાં દર્શન થાય. પણ સ્વામિનારાયણના સિદ્ધોની એક વાત જુદી જ છે કે તેઓ વિચરણ જ કરે. એમાં મુખ્ય ગુણાતીતાનંદ સ્વામી, ત્યારપછી જોગી મહારાજ પણ સિદ્ધોના સિદ્ધ. આજે એમના જન્મસ્થાનમાં મંદિરનો આરંભ થયો એ પણ આપણો વિજય છે. આવા સંતનાં દર્શન થયાં એ મોટાં ભાગ્યની વાત છે.'

આ રીતે સૌનો ભાગ્યચંદ્ર ખીલવતા સ્વામીશ્રી તા. ૧૮/૧૦ની સાંજે જૂનાગઢથી વિદાય થયા.

જેનો પ્રભુપદમાં બહુ પ્યાર

ગુણાતીત સ્થાન જૂનાગઢથી નીકળેલા સ્વામીશ્રી ગુણાતીત સ્થાન ગોંડલમાં પધાર્યા ત્યારે અહીંના મંદિરનો કાયાકલ્પ થઈ ગયેલો. તેની એક નિશાની મંદિરની પ્રદક્ષિણાના છેડે ખડાં થયેલાં હનુમાનજી-ગણપતિજીનાં નૂતન દેરાં પૂરી રહેલાં. વળી, અક્ષર દેરીમાંયે બે ખંડનો ઉમેરો થતાં પ્રદક્ષિણા ફરવા માટે મોકળાશ વધી ગયેલી. મંદિરની પ્રદક્ષિણાનો પથ પણ પહોળો થયેલો અને તેના પાછલા ભાગે મંદિરની શોભા વધારતાં ગુરુશિખરો તૈયાર થઈ ચૂકેલાં.

આ નવીનીકરણને સાર્થક કરતા સ્વામીશ્રીએ યોગી સ્મૃતિમંદિર, અક્ષર દેરી અને અક્ષર મંદિરમાં દર્શન કરી આનંદ અનુભવ્યો. અક્ષર

દેરીમાં પધરાવેલાં ચરણારવિંદનો સ્પર્શ કરવા તો તેઓ ૮૯મા વર્ષેય નીચા નમ્યા. આમ કરવામાં તેઓને પડેલા કષ્ટને કારણે અંગોમાં વ્યાપેલી ધ્રુજારી સ્વામીશ્રીની ભક્તિ સૂચવી ગઈ. અહીં તેઓનો આ રોજિંદો ક્રમ રહેતો.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રીએ તા. ૨૨/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવ ઊજવ્યો. તે માટે ઊમટેલી આશરે ૧૯,૦૦૦ની જનમેદનીથી મંદિર સામેનો ચોક ભરચક થઈ ગયો. આ ઉત્સવ-સભામાં સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીની દેરીઓ વચ્ચે ઊભા થયેલા નવનિર્મિત પોડિયમ પર બિરાજમાન થયા હોવાથી મંદિરનાં ત્રણ શિખરો બરાબર તેઓની પાર્શ્વભૂમાં ગોઠવાઈ ગયાં. તેની એક બાજુ પૂર્ણ ચંદ્ર ચમકવા લાગ્યો.

અલબત્ત, તેના અમીવર્ષણ ફિક્કાં જણાય એવી અમૃતધારા સ્વામીશ્રીના મુખેથી વહી નીકળી કે –

'ગોંડલમાં જ્યારે આપણે આવીએ છીએ ત્યારે ચારેય બાજુ દિવ્યતા જોવા મળે છે. અહીં બેસીએ એટલે જોગી મહારાજ તરત યાદ આવી જાય. એ બેઠા હોય, વાતો કરી હોય, આપણને સુખ આપ્યું હોય, ખુરશીમાં બેસીને બધે ફર્યા હોય એ બધી સ્મૃતિ અહીંયાં તાજી થાય છે, એટલે દિવ્યતા જ લાગે છે. શાસ્ત્રીજી મહારાજે આ મંદિર કરાવ્યું છે. એ પુરુષોના પ્રતાપે આપણને આનંદ ને સુખ આવે છે, એમની દિવ્યતા છે. અત્યારે જે કંઈ કાર્ય આપણને દેખાય છે એ એમનો પ્રતાપ જ છે. અક્ષરધામનાં દર્શન કરે છે એ બધાય છક થઈ જાય છે. વળી, લોકોને આશ્ચર્ય લાગે કે પાંચ વરસની અંદર આવું કેવી રીતે થાય? પણ જે છે તે કર્તા ભગવાન. એ આપણને અનુભવ થયો. આપણે આદર્યું હોય તે અધૂરું રહી જાય, પણ મોટાપુરુષના સંકલ્પો પૂરા થાય. આપણી શ્રદ્ધા ને વિશ્વાસ જોઈએ.'

અહો! આવા સ્વામી ક્યાં મળે?!

તા. ૨૩/૧૦ની સાંજે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રીના હાથમાં અત્રે ગોંડલમાં ઊજવાનારા કાર્યક્રમોનું નિમંત્રણ પાઠવતી પત્રિકા આવી. તેના એક ખૂણે ઘનશ્યામ મહારાજની છબી હતી અને બીજે ખૂણે સ્વામીશ્રીની. તે બંને વચ્ચે અક્ષર-પુરુષોત્તમ મહારાજનો નાનો ફોટો મૂકેલો. આ ગોઠવણી જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આપણા ફોટાને બદલે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો ફોટો છાપવો જોઈએ. કોઈ સમજતા જ નથી. આપણો

ફોટો મોટો દેખાય અને મહારાજ-સ્વામીનો નાનો દેખાય એ બરાબર નથી.'

આ જ રીતે તેઓએ તા. ૩૦/૧૦ના રોજ સંસ્થાના પ્રકાશન વિભાગમાં સેવા આપતા યોગીવલ્લભદાસ સ્વામીને પણ તાકીદ કરી કે 'કંકોતરી છાપો અગર કોઈ પણ વસ્તુ છાપો, તેમાં શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ તો આવવા જ જોઈએ. ભલે થોડું નાનું થઈ જાય, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને તો લેવા જ !'

ફેરવી-ફેરવીને આ જ વાત બે-ત્રણ વાર કહ્યા પછી સ્વામીશ્રીએ એ સંતને પૂછ્યું: ''મનમાં બેઠું? ઉમંગથી બોલ્યા નહીં એટલે એમ કે 'ગમતું નહીં હોય.' પણ આપણે તો આ રીતે જ કરવું.''

માનવીમાત્ર પોતાનું કદ વધારવાની વેતરણમાં જ રચ્યોપચ્યો રહે, પણ સ્વામીશ્રી એક એવા હતા જે પોતાનું કદ કાપવા મથતા.

તેથી જ અહીંના રોકાણ દરમ્યાન એક વાર રાત્રિભોજનથી પરવારેલા તેઓને બુહારીના મહિલામંડળે તૈયાર કરેલો મોતીનો હાર પહેરાવવા સાંકરીના સંતો આવ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આ હાર ઠાકોરજીને મોકલાવજો, ત્યાં શોભશે.'

મનુષ્યમાત્ર હારતોરા પહેરવા ઝંખે, પણ સ્વામીશ્રી એક એવા હતા જે હારને હડસેલતા રહેતા.

તેઓની આ પ્રકૃતિ જોઈ ગાવાનું મન થઈ આવતું કે *'સરવ વસ્તુની ખામી તો ટળે, અહો ! આવા સ્વામી ક્યાં મળે ?!'*

ગુરુકુળનું ગૌરવગાન

તા. ૩૦/૧૦ની સવારે ફોનમાં વાત શરૂ કરતાં પહેલાં અમેરિકાના એક હરિભક્તે કહ્યું: 'બાપા ! આપને તકલીફ આપું છું, પણ માફ કરજો. હું ખૂબ મૂંઝાઈ રહ્યો છું.'

'તમે તકલીફની ચિંતા ન કરો. અમને કોઈ તકલીફ નથી, ધીમેથી શાંતિથી વાત કરો.' સ્વામીશ્રીએ હૈયાધારણ આપી.

માનવીની મુશ્કેલી મિટાવવા ૮૯મા વર્ષે પણ કેટલી તત્પરતા !

આ કરુણા સાથે સ્વામીશ્રી આજની સાંજે ગુરુકુળના પૂર્વવિદ્યાર્થી સંમેલનમાં પધાર્યા. અત્રે છાત્રોની હેરતભરી પ્રસ્તુતિથી પ્રસન્ન થયેલા તેઓએ આશીર્વાદ વરસાવ્યા કે –

''ગુરુકુળના વિદ્યાર્થીઓએ રજૂઆત કરી એનાથી આપણને બધાને આનંદ થાય છે. મુખ્ય તો આપણે ગુરુકુળ કરીને પૈસા કમાવાની વાત નથી, પણ બાળકોને સંસ્કાર થાય ને પોતાના કુટુંબમાં, સમાજમાં, દેશમાં ને ધર્મમાં ખૂબ નીતિમય જીવન જીવે અને સેવા કરી શકે એ માટે જ આ ગુરુકુળ થયું છે. બધા સંસ્કારી ને મોક્ષભાગી બને એટલા માટે જ આ ગુરુકુળનો વિચાર આવી ગયો. આવા ગુરુકુળમાં જે ભણ્યા એનાં ઘણાં સારાં પરિણામો આપણે જોયાં છે. એમાંથી કેટલાક ત્યાગી પણ થયા. અહીંથી ભણીને યુવકો જ્યાં-જ્યાં ગયા છે ત્યાં-ત્યાં મંડળો થયાં ને મંદિરો થયાં.

જોગીબાપા ભલા-ભોળા લાગે, પણ એમના જેવો વહેવાર કોઈને ન આવડે અને એમના જેવી સત્સંગ કરાવવાની રીત પણ કોઈને ન આવડે. એમનો પ્રેમ એવો હતો કે બધી વાત ભૂલી જઈએ. વહાલ એવું કે ઘેર જવાનું મન ન થાય. એમની દૃષ્ટિ ને વિચારથી આ ગુરુકુળ થયું છે. એમને કોઈ સ્વાર્થ નહોતો કે 'આ મને પૂજે, મારી સેવા કરે,' પણ બધા ભગવાનના માર્ગે ચાલે ને કલ્યાણ થાય ને સુખી થાય – એવા શુભ વિચારથી આ ગુરુકુળ કર્યું છે. એમનો સંકલ્પ હતો તો છોકરાઓ ભણીને દેશ-પરદેશ જાય, પૈસા કમાય, પણ સાથે સત્સંગ રાખે છે. જીવમાં સત્સંગ નાંખવો એ કંઈ સહેલી વાત નથી. આપણે શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજનો આભાર માનવાનો કે આપણને ધર્મને માર્ગે દોર્યા તો આપણું જીવન શુદ્ધ થયું.''

ગોંડલમાં ગુરુશિખરોનું નિર્માણ

તા. ૨/૧૧ની સવારે ગોંડલનું મંદિર-પરિસર ગંગાના પ્રવાહની જેમ વહેતા થયેલા વેદમંત્રોના ઘોષથી ગાજી રહેલું. ગુરુશિખરોની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા આ યાગમાં ૧૪૩ કુંડોની ફરતે બેઠેલા ૧,૩૫૪ યજમાનોની સેવાને સાર્થક કરવા સ્વામીશ્રી પણ પ્રાતઃપૂજા બાદ યજ્ઞશાળામાં પધાર્યા. ગૌશાળાના નિકટવર્તી મેદાનમાં ઊભી કરાયેલી આ યજ્ઞભૂમિના મંચ-માંડવા પ્રતિષ્ઠિત થનારા મૂર્તિમંડળની સાથે કંઈક માંગલિક દ્રવ્યોથી શોભી રહેલા. તેમાં બિરાજીને સ્વામીશ્રીએ યજ્ઞદેવતા અને ઠાકોરજીનાં પૂજન-અર્ચન બાદ ન્યાસવિધિ સંપન્ન કર્યો. તે પછી તેઓ વતી સદ્‌ગુરુ સંતોએ ગુરુપરંપરાની મૂર્તિઓ તથા અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના મંદિરની મૂર્તિઓનાં પૂજન કર્યાં. તે વખતે મધ્ય કુંડ પાસે બિરાજેલા સ્વામીશ્રી દૃષ્ટિ દ્વારા આ

મૂર્તિઓમાં દૈવત સીંચી રહ્યા.

અંતે સૌ પર અમૃતધારાનો અભિષેક કરતાં તેઓએ કહ્યું: 'આ ચમત્કારિક સ્થાન છે એટલે દરેકને આકર્ષણ થાય છે. એ સ્થાનની સેવા આપણને મળી છે એ અદ્‌ભુત છે. આવો જોગ કોઈ દિવસ મળ્યો નથી. હવે જન્મ-મરણ રહ્યું નહીં. આપણે જન્મ-મરણના ફેરા મટી ગયા છે. હવે તો એ અક્ષરધામમાં બેઠા છે એમની સાથે આપણને બેસાડશે અને સર્વને સુખિયા કરશે. સંસારી કામ તો થાય છે ને થશે, પણ મોક્ષમાં ફેર નહીં આવે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદને અનુસરતાં તા. ૩/૧૧, ધનતેરસના પ્રભાતે આવી પહોંચેલો પ્રતિષ્ઠા મહોત્સવ દિવ્યતા અને દબદબા સાથે આગળ વધવા લાગ્યો. તેમાં સામેલ થયેલા યજમાનો મંદિરની પાર્શ્વભૂમાં ખડાં થયેલાં ચાર ગુરુશિખરો સમક્ષ તથા મંદિરની ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા અને પોડિયમ પર બેસી મહાપૂજા કરી રહેલા. તેઓ વચ્ચે નિયત સમયે પધારી સ્વામીશ્રીએ ગુરુમૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. તે વખતે ભક્તોએ ગજાવેલા જયનાદ ઝીલતાં તેઓએ પુનઃ પ્રતિષ્ઠિત થઈ રહેલા હનુમાનજી તથા ગણપતિજી પર પણ પુષ્પો ચઢાવ્યાં.

... એ સો ટચનું સોનું

હરિભક્તોના હર્ષોલ્લાસ વચ્ચે થયેલી ગુરુશિખરોની પ્રતિષ્ઠાનાં પડઘમ હજી તો શમ્યાં નહોતાં ત્યાં જ તા. ૫/૧૧ના રોજ અક્ષર દેરીના આંગણે દિવાળીનાં દુંદુભિ ગગડવાં માંડ્યાં. આ ઉત્સવ પ્રસંગે મંદિરે જે શોભા ધરેલી તે જોઈ સૌ ગાઈ રહ્યા: *'દીપોત્સવી તો બહુ આવી જાય, આવો કદી ઉત્સવ તો ન થાય...'*

સૌનાં હૈયે અનાયાસે ઊછળી જતા આ શબ્દો સરકતા સમયે ખરેખર સાચા ઠરવાના હતા, કારણ કે યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર છેલ્લાં ચાલીસ વર્ષથી દીવાળી-અન્નકૂટના ઉત્સવો અહીં ઊજવી ગોંડલને ધન્ય કરનારા સ્વામીશ્રી અત્રે આ લાભ છેલ્લી વાર આપી રહેલા. અલબત્ત, આ રહસ્ય પામી શકે એવી ત્રેવડ કોઈની પાસે નહોતી. વળી, આ હકીકત પર સ્વામીશ્રીને હાલ પડદો પડેલો રહે તેવી ઇચ્છા હશે. તેથી તેઓ તે મુજબ જ આજની સાંજે ચોપડા પૂજનમાં પરોવાયા. આ પ્રસંગે તેઓએ મહાપૂજાના આદિથી અંત સુધીનો તમામ વિધિ સ્વયં કર્યો.

તેના અંતે આશીર્વર્ષા વરસાવી કે –

"આપણે તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો આવી ગયો. ખરેખર, આપણાં ભાગ્ય જાગ્યાં છે. આપણે કંઈ અધૂરું નથી રહ્યું. આપણે કોઈ પુરુષાર્થ કરવા ગયા નથી, પણ સહેજે-સહેજે ભગવાનની દયા થઈ ને જોગમાં આવી ગયા. અક્ષરરૂપ થવાનું છે ને પુરુષોત્તમ શ્રીજીમહારાજની ભક્તિ કરવાની છે. આ મુદ્દો ઝાલી રાખીએ તો બધું બસ છે. ભગવાન રાખ્યા છે તો ભગવાનની સાથે સમૃદ્ધિ આવશે. ભગવાન મૂકી દઈશું તો એમાં બધું જતું રહેશે. ભગવાન ભજીએ છીએ તો ભગવાન આપણી ઉપર રાજી થાય છે ને આપણી બધી સગવડો સચવાઈ જાય છે. પણ આપણે દેહભાવ હોય એટલે કેટલીક વખત મુશ્કેલી લાગે. પણ વહેવારમાં ઘણી-ઘણી મુશ્કેલી છે છતાંય વહેવાર કરીએ જ છીએ, એવી રીતે આ સત્સંગથી આપણને લાભ છે એમ મનાય તો ભીડો લાગે નહીં.

લગ્નમાં બ્રાહ્મણ છોકરાને કહે, 'આઘો-પાછો, ઊંચો-નીચો થઈશ નહીં. તને સોળ વરસની કન્યા મળશે.' માંડવામાં જાય તે પહેલાં તેનાં સાસુ પોંખવા માટે આવે, ચાંદલો કરે, કોડિયાં મૂકે. સાસુ પૂર્વ-પશ્ચિમમાં હલેકડું નાખે કે 'હજુ આ દિશાઓમાં જવું હોય તો જા, નહીંતર આખી જિંદગી મરી જઈશ.' પણ પેલો (કોડિયા પર પગ મૂકી તેના ભૂકા કરતાં) કહે, 'ભૂકા થઈ જાય પણ કન્યાને લઈને જવું છે.' એમાં ભીડો પડતો નથી. લગ્નગીતો ગાય તેમાં 'નકટો છે, કાળો છે' એવું ગાય, પણ એ સમજે કે 'જે થવું હોય તે થાય, પણ સોળ વરસની કન્યા ઉપાડવી છે.' જો એમાં સુખ માન્યું છે તો માન-અપમાન થાય, સુખ-દુઃખ આવે તો પણ કરીએ છીએ. તો અહીં તો ભગવાનને રાજી કરવાના છે. નરસિંહ મહેતાએ દુઃખ વેઠ્યું, પણ ભગવાનને રાજી કર્યા. મીરાંને દુઃખ આવ્યું, પણ ભગવાનને મૂક્યા નથી. દાદાખાચરે બધું મહારાજને આપી દીધું. ભગવાન તો આપણી દૃઢતા જોવા કસોટી લે છે. સોનું સાચું હોય તો એને કસોટીએ ચઢવું પડે, પિત્તળ હોય તો ઘસીને નાંખી દેવાનું. મુશ્કેલીમાં જે ભગત થયો એ સો ટચનું સોનું છે."

દીવાની ઝળહળતી જ્યોતની જેમ સ્વામીશ્રીની આજની આ જ્ઞાનજ્યોતે સૌનાં હૈયાં અજવાળી દિવાળી સાર્થક કરી આપી.

તેના ઉજાસમાં સ્વામીશ્રી કલાત્મક રીતે ગોઠવાયેલા ચોપડા પર પૂજા-દ્રવ્યો પધરાવી સૌનાં શુભ-લાભનાં ખાતાં ખોલતાં અક્ષર દેરીમાં પધાર્યા. અત્રે

દર્શન કરી તેઓએ દેરીના દરવાજે જ ઊભેલા હિસાબી કાર્યાલયમાં પગલાં પાડ્યાં. અહીં જૂની ઢબના ઢળતા મેજ પર મંદિરના ચોપડા રાખી, તેમાં મિતિ પાડી સૌને પેંડાનો પ્રસાદ વહેંચવાનો સ્વામીશ્રીનો વર્ષોનો ક્રમ. તે પર પણ આજે પૂર્ણવિરામ મુકાતું હતું, કારણ કે હવે આ જગ્યાનો વિનિયોગ અક્ષર દેરીની પ્રદક્ષિણાના વિસ્તરણમાં થઈ જવાનો હતો. સૌને જણાતું આખરી લાભનું આ કારણ વાજબી તો હતું, પણ હવે સ્વામીશ્રીનાં જ પગલાં અત્રે નથી પડવાનાં એ મુખ્ય કારણ તો કોઈ જ ન જાણી શક્યું! ગોંડલ ખાતેની આ છેલ્લી દીવાળીએ પેંડા વહેંચી સૌનાં મોંમાં મીઠાશ ભરતા સ્વામીશ્રી નિજનિવાસ ભણી ગતિ કરી ગયા ત્યારે ચાલીસ વર્ષથી અહીંના ચોપડે લખાતી આવેલી તેઓની એક ઝગમગતી તવારીખનો પણ છેડો આવી ગયો.

આજનો આ કેફ લઈને જજો

તા. ૬/૧૧ના રોજ આવેલા અન્નકૂટોત્સવની સવારે સ્વામીશ્રી નિત્યક્રમ મુજબ શાસ્ત્રીજી મહારાજના ખંડમાં દર્શને પધાર્યા ત્યારે એક સંતે પ્રાર્થના વહાવી કે *'રાજી રહેજો રસિયાજી, કહેવું ઘટે તે કહેજો રે...'*

'કહેશું તો ઊઠીને નાસી જશો.' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ઉદ્‌ગારમાંથી વિનોદ અને વાસ્તવિકતા – બંને સરી પડ્યાં.

પરંતુ જીવમાં કંઈક ભૂલ આવે તો પણ તેને જાળવી લેવાની તેઓની પ્રકૃતિ! તે દ્વારા અસંખ્ય મુમુક્ષુઓને મોક્ષના માર્ગે દોરતા સ્વામીશ્રીએ આજે અન્નકૂટોત્સવની આરતી ઉતારી સૌને અનેરો લાભ આપ્યો. તે પામી અહીં કાર્યરત ગુરુકુળના સત્તરેક ગાયક બાળકો વિશેષ હરખાઈ ઊઠ્યા, કારણ કે અત્રે નૈષ્ઠિકવ્રતદાસ સ્વામીની દોરવણી હેઠળ ગાયન-વાદનમાં તૈયાર થતા આ છાત્રો રોજ હરિકૃષ્ણ મહારાજને રાજભોગ ધરાવવાની વેળા થાય ત્યારે થાળગાન કરવા હાજર થઈ જતા. તેઓનો આ ભક્તિભાવ જાણી આ વિદ્યાર્થીઓ જ અન્નકૂટ વખતે થાળ, આરતી ગાય તેવી ઇચ્છા સ્વામીશ્રીએ વ્યક્ત કરેલી. તેથી આ બાળકોને તો લાભની લૉટરી લાગી જતાં તેઓએ આજે ઉમંગભેર થાળનાં પદો લલકાર્યાં.

આમ, દરેકની કળાઓને ખીલવવાની સ્વામીશ્રીની આ કળાને અનુસરતાં તા. ૭/૧૧ના રોજ વિ.સં. ૨૦૬૭નું પ્રથમ પ્રભાત ઊગ્યું. તેની ગળથૂથીમાં સ્વામીશ્રીની અમૃતધારા સીંચાઈ કે –

'આજે બેસતા વરસના દિવસે આપણને સાક્ષાત્ સ્થાન અક્ષર દેરીમાં લાભ મળ્યો. આ સ્થાન એવું દિવ્ય છે કે દરેકને અહીં આવતાં આનંદ થાય છે. એવું આકર્ષણ યોગીબાપાએ મૂક્યું છે. આવા ભગવાન જેવા સંત મળ્યા એટલે આપણાં ભાગ્યનો પાર નથી. ઉત્સાહ ને ઉમંગમાં રહેવું. વહેવાર કરતાં કરતાં આ વસ્તુ ભુલાઈ ન જાય એટલા માટે વારંવાર ઉત્સવ-સમૈયા થાય છે. સમૈયામાં આવીએ છીએ એ કાંઈ ખોટું થતું નથી, પણ કંઈક નવો પાવર આવી જાય. વહેવારનું આઘું-પાછું થાય તો આપણો કેફ ઊતરી ન જવો જોઈએ. સુખમાં હરખાઈ ન જવું ને દુઃખમાં કરમાઈ ન જવું. મહારાજની દયાથી દેરીમાં ઉત્સવ થયો એટલે બધા વાંધો નહીં રાખતા. આજનો આ કેફ લઈને જજો એટલે આખું વરસ ઊતરે નહીં. આજનો દિવસ સફળ થઈ ગયો કે આજે આવા ભગવાન ને સંતનાં દર્શન કરીને જઈએ છીએ.'

નવા વર્ષની સવાર જ નહીં, પણ સમગ્ર સંવત્સરને સફળ કરતા આ આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સૌને ધન્ય કરી મૂક્યા.

ગોંડલથી અંતિમ વિદાય

તા. ૮/૧૧ની સવારે સ્વામીશ્રી યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં દર્શન કરવા પધાર્યા ત્યારે અહીં એક સંત યોગીજી મહારાજનું જ વાક્ય બોલ્યા: 'પ્રસંગ એટલે શું? તો સત્પુરુષ ધખે, કાઢી મૂકે તોય ખસે નહીં.'

'નાસી જાય તરત, મનદુઃખ થઈ જાય.' સ્વામીશ્રીએ જીવની નબળાઈ છતી કરી આપી.

તે દ્વારા સાધનામાં સાવધાનીનું સ્થાન ચીંધતાં તેઓ મંદિરમાં દર્શન અને પ્રાતઃપૂજા બાદ ઉતારે પરત પધારી રહેલા. આ સમયે મળવા આવી પહોંચેલા વયસ્ક સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'આશીર્વાદ આપો.' આટલું કહી તેઓએ ઉમેર્યું: 'બાપા! આપે બધાનું બહુ સહન કર્યું છે.'

'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવું સહન કરી ગયા એવું આપણાથી થાય એમ નથી.' સ્વામીશ્રીએ અતિને રતિમાં ફેરવી નાંખ્યું.

આ રીતે પળેપળ ગુરુમય રહેતા તેઓનાં દર્શને તા. ૯/૧૧ની સવારે સુરતી સત્સંગીઓનો સંઘ ઊમટી પડ્યો. પ્રતિવર્ષ નવી સંવતના પ્રારંભિક દિવસોમાં સુરતના કેટલાક હરિભક્તો ગઢડાથી ગોંડલ સુધીની પદયાત્રા

ખેડતા. ૭૦૦ની આસપાસ રહેતી આ સંખ્યામાં આજે બસ દ્વારા શિબિર માટે આવેલાં બે હજારથી વધુ કિશોર-કિશોરીઓ પણ ઉમેરાયેલાં. તેઓની શિબિરનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ ગગનમાં ફુગ્ગા વહેતા મૂકીને કરી આપ્યું.

તે પછી તેઓ તા. ૧૧/૧૧ની સાંજે સાડા પાંચ વાગ્યે રાજકોટ ભણી વિદાય લેવા તત્પર થયા ત્યારે બાલમુકુંદદાસ સ્વામીએ ગદ્‌ગદભાવે પૂછ્યું: 'બાપા ! હવે પછી ક્યારે પધારશો ?'

'ભગવાનની ઇચ્છા હોય ત્યારે !'

આટલું કહી આગળ વધી ગયેલા સ્વામીશ્રીનું આ વિધાન અર્થસભર હતું, કારણ કે આજે અહીંથી થઈ રહેલું તેઓનું પ્રસ્થાન ગોંડલ માટે તેઓની અંતિમ પ્રત્યક્ષ સ્મૃતિ બની રહેવાનું હતું.

હા, આજ પછી સ્વામીશ્રીનું સ્વરૂપ આ નગરની નજરે ફરી કદી ન ચઢ્યું. પોતે જ્યાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરેલી તે અક્ષર દેરીમાં છેલ્લાં દર્શન બાદ સંતઆશ્રમ તરફના ચોકમાં ઊભેલી ગાડીમાં બિરાજી સ્વામીશ્રીએ પ્રયાણ આદર્યું એ ક્ષણ, એ સ્થળ, ગોંડલના સત્સંગ-ઇતિહાસમાં ચિરંજીવ બની રહેશે.

કરી સૌની સારી બરદાશ

તા. ૧૧/૧૧ની સાંજે પોણા સાત વાગ્યે ગોંડલથી રાજકોટ પધારેલા સ્વામીશ્રી અહીં ઠાકોરજીનાં દર્શન કરી મંદિરના પોડિયમ પર પહોંચ્યા ત્યારે આતશબાજી ગરજી ઊઠી. અત્યારે વાદળછાયા વાતાવરણમાં શિયાળાની સંધ્યા પણ રાત્રિનો અનુભવ કરાવતી હોવાથી આકાશમાં અંકાતી આતશબાજીની તેજલકીરો અને તેજોવલયોએ તેજ-તેજનો અંબાર સર્જી દીધો. તેમાં સ્વામીશ્રીની મૂર્તિ અધિક દેદીપ્યમાન ભાસી રહી.

સૌને આવું તેજસ્વી દર્શનદાન આપી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા ત્યારે અમેરિકાથી એક સંતનો ફોન આવ્યો. તેઓ બે હરિભક્તો વતી વાત માંડતાં બોલ્યા: 'બાપા ! નવા વરસે આપને તકલીફ આપીએ છીએ.'

'નવું વરસ છે, કાંઈ તકલીફ નથી. હરિભક્તોને આશીર્વાદ મળે, એની તકલીફ દૂર થાય તે માટે વાત કરવામાં કોઈ વાંધો નથી. વાત કરો.' આમ કહી સ્વામીશ્રીએ એ બંને ભક્તોને માર્ગદર્શન આપ્યું.

સૌની દરકાર કરવાની તેઓની આ પ્રકૃતિ તા. ૧૩/૧૧ની સવારે કંઈક અનોખા સ્વરૂપે જોવા મળી.

આ સમયે પત્રો વાંચી રહેલા તેઓએ મંદિરના અમુક સંતોને બોલાવવાની સૂચના પત્ર-પરિચારકને આપી. તે મુજબ યોગીસ્વરૂપદાસ સ્વામી, નિર્દોષમૂર્તિદાસ સ્વામી અને અક્ષરકીર્તિદાસ સ્વામી હાજર થયા એટલે સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'મારા માટે સભામંડપમાં જે લિફ્ટ રાખી છે તેનો ઉપયોગ કોઈને પગે તકલીફ હોય, વિકલાંગ હોય એવા હરિભક્તો માટે કરો છો ને? આ વાત મારે પૂછવી હતી.'

સ્વામીશ્રીના મનમાં હરહંમેશ ભક્તોની સુખાકારી જ રમતી રહેતી. તે માટે તેઓ ખાસ પોતા સારુ તૈયાર કરાયેલી વ્યવસ્થાઓ પણ સત્સંગીઓને ધરી દેતા ત્યારે સૌને તેઓમાં માતૃસદૃશ વાત્સલ્ય અનુભવાતું.

એ જ વહાલથી આજે તેઓએ સંતોને એક વૃદ્ધ ભક્તની ભલામણ કરી કે 'ભાનુભાઈ ગઢિયાની હવે ઉંમર થઈ છે, એટલે જો ઘેર (રસોઈ કરવાની) તકલીફ હોય તો મંદિરે જમવાની વ્યવસ્થા કરી આપવી.'

આ જ રીતે સ્વામીશ્રીએ અન્ય એક હરિભક્તની સરભરા અંગે પણ સૂચવ્યું ત્યારે યોગીસ્વરૂપદાસ સ્વામી બોલ્યા: 'બાપા! આપે આખી જિંદગી બધાનું બહુ સાચવ્યું છે.'

'મારા કરતાં તો યોગીબાપાએ જે સાચવ્યું છે એવું કોઈ ન સાચવી શકે.'

આ શબ્દો દ્વારા પોતાની પ્રશંસા પર પછેડી પાથરતા સ્વામીશ્રીએ આશરે અડધો કલાક સુધી સરભરા સંબંધી વાતો સંભળાવી સત્સંગનું એક આવશ્યક અંગ સંતોને દૃઢાવ્યું.

ભગવાન, મંદિર કે સત્સંગ ન દેખાય તે આંધળા

તા. ૧૪/૧૧ની સવારે સ્વામીશ્રી એક મીટિંગથી પરવાર્યા ત્યારે ઘડિયાળ ૧૧:૧૩ વાગ્યાનો સમય બતાવી રહેલી. હવે રોજના ભ્રમણ માટે મુકરર થયેલા સવા અગિયાર વાગ્યાના સમયને બે જ મિનિટની વાર હતી, પરંતુ આ વચગાળામાં સ્વામીશ્રીએ એક પત્ર વાંચી લીધો! આશ્રિતનાં દુઃખ ફેડવાનો કેવો ખટકો! તે સાથે જ તેઓ આજની સાંજે રવિસભામાં પણ વેળાસર પધારી ગયા.

અત્રે કિશોરોએ રજૂ કરેલા સંવાદ 'એક અમૂલ્ય વરદાન'ને જ આશીર્વાદની આધારશિલા બનાવી સ્વામીશ્રીએ કહ્યું:

'વાહ! રાજકોટનો રંગ બહુ જબરો છે. અહીં ગુણાતીતનું જ્ઞાન

પહેલેથી જ રહેલું છે. એમાં વધારો ને વધારો થતો જાય છે. મોટાપુરુષના જે સંકલ્પો હોય ને જે કાર્યો હોય એમાં આપણી દૃષ્ટિ પહોંચે નહીં, પણ આજે નજરોનજર આટલો સત્સંગ જોઈએ છીએ. એક નાના મંદિરમાં આપણે બેસતા હતા અને વધતાં, વધતાં, વધતાં, વધતાં આજે જબરજસ્ત હૉલ બન્યો છે. આપણા અક્ષર-પુરુષોત્તમ સત્સંગ મંડળની અંદર બીજે ક્યાંય આવો હૉલ નથી. ભવ્યાતિભવ્ય કહી શકાય. મંદિર પણ પ્રખ્યાત કાલાવડ રોડ પર આવેલું છે, તો હજારો માણસો જતાં-આવતાં એનો લાભ લે છે. ભગવાન ને સંતની કૃપાથી શું ન થાય! માણસ વિચાર કરી-કરીને કેટલું કરે?, પણ ભગવાન ને સંતના વિચારો બ્રૉડ (વિશાળ).

યુવક મંડળે હમણાં રજૂ કર્યું કે પૈસા ને સમૃદ્ધિ હોય, પણ સંસ્કાર ન હોય તો શાંતિ ન થાય. પૈસા કમાવા બુદ્ધિશક્તિ વાપરે, પણ એનો વ્યય કેવી રીતે થાય છે એ મહત્ત્વની વસ્તુ છે. આજનો જમાનો આપ બધા જાણો છો. ટી.વી., ટેલિફોનથી કામ સારાં થાય છે, પણ એની અંદર બીજો કચરો નાંખ્યો એટલે આંખ થઈ આંધળી. આંધળી એટલે? એને ભગવાન, મંદિર કે સત્સંગ દેખાય નહીં, કચરો જ દેખાય. એ કચરો આપણામાં આવવો જ ન જોઈએ. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ કેમ રાજી થાય એ આપણું નિશાન રાખવું જોઈએ. જાણપણારૂપ દરવાજે અખંડ રહેવું. બહારના ચોર તો બહુ હેરાન નથી કરતા, પણ કામ, ક્રોધ ને પાર્ટીમાં જાય ને એવાં રૂપ જુએ એમાંથી ભ્રષ્ટ થવાય છે. માટે *'જેની પાસે હોય જોખમ, તે જાળવો જતન કરી.'* વચનામૃત, સ્વામીની વાતો, જીવનચરિત્રો વાંચતાં રહેવાં, તો એનાથી જાણપણું રહે જ! ઘરમાં પણ સભા કરવી એ બહુ અગત્યની વસ્તુ છે. રાજકોટનો સત્સંગ હજુ વધતો રહે એ મહારાજને પ્રાર્થના! જય સ્વામિનારાયણ!'

આ સેવા એ અક્ષરધામની સેવા

તા. ૧૭/૧૧ની સવારે ઊગેલી પ્રબોધિની એકાદશીની આલબેલ પોકારતા હોય તેમ આજે મંદિરના ત્રણેય ખંડ વિવિધ વ્યંજનકૂટથી સભર હતા. એક ખંડમાં સૂકો મેવો, તો બીજામાં શાકભાજી, તો ત્રીજા ખંડમાં ફળફળાદિ. આ દર્શનથી પ્રસન્ન થઈ સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે અહીં સભાગૃહમાં તો સમગ્ર મંચ હરિની હાટડીમાં ફેરવાઈ ગયેલો. અત્રે શાકબજારમાં હરોળબંધ ઊભેલી દુકાનો અને લારીઓ પણ દૃષ્ટિગોચર થતી હતી, તો

શાકમાંથી જ બનાવેલી વિવિધ આકૃતિઓ પણ મન હરી રહેલી. પ્રાતઃપૂજા દરમ્યાન ગવાતાં ભજનોમાંયે *'સ્વામી શાક વેચે છે...'*ના સૂરો રેલાયા.

આ ભક્તિપ્રવાહ પૂજા બાદ વિવિધ કલાત્મક હારતોરા દ્વારા સ્વામીશ્રીના ઉર પર આવી વસ્યો. તેથી ભીંજાયેલા સ્વામીશ્રી પણ પોતાની અમૃતધારાથી ભક્તોને તરબતર કરવા લાગ્યા કે –

'આજના શાકોત્સવની જય! આવ્યા ત્યારથી અહીંયાં દરરોજ જુદા જુદા ઉત્સવો થયા છે. રાજકોટમાં આપણને જોવા મળે છે – ચઢતો ને ચઢતો રંગ! મહારાજના વખતમાં બધા ભક્તો નવીન-નવીન રીતે મહારાજને રાજી કરતા હતા, એવા જ ઉત્સવ ને એવી જ ભક્તિ આજે રાજકોટનાં તમામ બાઈ-ભાઈ હરિભક્તોમાં જોવા મળે છે. સારી જમીનમાં વાવીએ તો થોડો માલ હોય તો પણ ઝાઝો થઈ જાય, એમ આ રાજકોટ ફળદ્રુપ ભૂમિ છે. એમાં તમે બધા આવા છોડ થયા છો. લૌકિક પદાર્થો ક્યાં વપરાય છે એ મહત્ત્વની વસ્તુ છે. આ સેવા થાય છે એ અક્ષરધામની સેવા થાય છે. કહેવાનું શું કે ભગવાનનો માર્ગ છે એમાં અલ્પ છે એ પણ મહાન થઈ જાય છે. કેટલીક વખત આપણને થાય કે આટલી ભક્તિ કરી ને કેમ કાંઈ થયું નહીં?! પણ આ બધું કરીને, જે કોઈને મળે નહીં એ એમનું અક્ષરધામ મળે, એનાથી શું મોટી વાત! એમનો રાજીપો મળે એનાથી શું મોટી વાત!'

અંતરમાં દેવપ્રબોધ કરી દે એવાં આ વચનો સંભળાવી સ્વામીશ્રી મંચ પર ગોઠવાયેલી હાટડીઓ પર દૃષ્ટિ કરતાં કરતાં એક લારી પાસે જઈ અટક્યા. અહીં તેઓ એક પછી એક અલગ-અલગ શાકભાજી હાથમાં ગ્રહણ કરતા ગયા તેમ તેમ યુવકો તે તે શાકની વિશેષતા વર્ણવતાં જોડકણાં ગાવા લાગ્યા.

જેમ કે, સ્વામીશ્રીએ હાથમાં દૂધી પકડી ત્યાં જ ગવાયું કે *'દૂધી હું દૂધી, આપું સૌને બુદ્ધિ; હલવો કરો કે શાક, તનનો ઉતારું થાક.'*

આ જ રીતે સ્વામીશ્રીએ કરકમળમાં આદું લીધું તે વખતે કો'કે લલકાર્યું: *'આદું મારું નામ, કફનું ટાળું કામ; આઠે અંગે વાંકું લાગું, પણ રસોઈમાં ટેસ્ટી લાગું.'*

આ ક્રમમાં ગલકાં વખતે *'ગલકાં હો ગલકાં, કૂણાં કૂણાં ગલકાં; મારા ભજિયાં બનાવો સરસ, પછી ભલે ને લાગે તમને તરસ...'*નું ગાન ગુંજ્યું, તો લીંબું વખતે *'લીંબું હું લીંબું, અમૃતનું હું સિંધુ...'* વગેરે જોડકણાં ગવાયાં.

આમ, શાક, સ્વામીશ્રી અને શબ્દોની ત્રિવેણી એવી રચાઈ રહી કે સાચે જ, અમૃતના સિંધુ છલકી ઊઠ્યા. આ રીતે સતત સાત દિવસ સુધી વરસી સ્વામીશ્રીએ રાજકોટને રસતરબોળ કરી મૂક્યું.

સામર્થ્ય અને સેવકાઈની સ્પર્ધા

તા. ૧૮/૧૧ની સવારે રાજકોટથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રીના માર્ગે લીંબડી આવ્યું ત્યારે અત્રે ટ્રાફિક થંભાવી દેવામાં આવ્યો હોવાથી તેઓની ગાડી મંદિરના પ્રવેશદ્વારે સહેલાઈથી આવી પહોંચી. અહીંથી સ્વામીશ્રી ગાડીમાં બેઠાં બેઠાં જ મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં દર્શન કરવા લાગ્યા, પણ અંતર સહેજ વધુ હોવાને કારણે તેઓ ઝીણી આંખે જોઈ રહેલા. તે તકલીફ પારખી કોઈએ દૂરબીન ધર્યું. આ ઉપકરણ આંખે માંડી ઠાકોરજીને નિહાળતા સ્વામીશ્રીનું દર્શન પણ આહ્લાદક બની રહ્યું.

આ રીતે સૌનાં અંતર ઠારતાં તેઓ ૧૨:૨૦ વાગ્યે બોચાસણના પાદરે પહોંચ્યા ત્યારે અહીં નવનિર્મિત યજ્ઞપુરુષ દ્વારના ઉદ્ઘાટનનો તખ્તો ગોઠવાઈ ચૂકેલો. ગામના ગોંદરે સંસ્થા દ્વારા નિર્માણ પામેલા આ પ્રવેશદ્વારને સ્વામીશ્રીએ ગાડીમાં બેઠાં બેઠાં જ રિબન છોડી ખુલ્લું મૂક્યું. તેમાં પ્રથમ પ્રવેશ ઠાકોરજી સહિત તેઓનો જ થતાં સૌએ આ મોંઘેરા મહેમાનને માંગલિક દ્રવ્યો વરસાવી વધાવ્યા.

આ સત્કાર ઝીલતાં મંદિરે પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૧૯/૧૧ની સવારે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે બે દિવસ બાદ ઊજવાનારી કાર્તિકી પૂર્ણિમાની પૂર્વતૈયારીઓનો અહેવાલ અપાવા લાગ્યો. આ ઉત્સવમાં વર્ષોવર્ષ અધિક અને અધિક સંખ્યામાં ઊમટતી ભક્તમેદનીને સમાવવા હવે સમૈયાનાં સ્થળ વિશાળ શોધવાં પડતાં. તે માટે ઊભી થયેલી જમીનોની જરૂરિયાતોનો મુદ્દો પણ ચર્ચાયો ત્યારે એક સંતે સ્વાનુભવ જણાવ્યો કે 'સ્વામી! યોગીજી મહારાજે તો ધૂન કરી, પણ આપે તો હિંમત કરીને ઘણી જમીનો લઈ લીધી.'

આ હકીકત નક્કર હોવા છતાં તે સ્વામીશ્રીને અમાન્ય ઠરી. તેઓ બોલ્યા: 'બધું યોગીજી મહારાજની ધૂનથી જ ચાલે છે. આપણાથી કશું થતું નથી. મંદિરો વધ્યાં, સત્સંગ વધ્યો, આ બધું જ એમની ધૂનથી થાય છે.'

જેમ તેજસ્વી સૂર્ય કદી શીતળ ન હોય તેમ જે સમર્થ હોય તેમાં

સેવકભાવ જડવો દુર્લભ! પરંતુ સ્વામીશ્રીમાં સામર્થ્ય અને સેવકાઈ – તેજ અને શીતળતા જાણે એકમેકની હરીફાઈમાં ઊતર્યાં હોય તેમ જણાતું.

નેતા અને માતા

તા. ૧૯/૧૧ની રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહેલા ત્યારે વલસાડનાં આશરે ૩૦૦ કિશોર-કિશોરીઓની યાત્રાનો અહેવાલ આપતાં અખંડમંગલદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આમ તો અમારે આજે નીકળી જવું હતું, પણ અહીં આપની ઉપસ્થિતિ હોવાથી કિશોરોએ રાત્રિરોકાણ કરી કાલે દર્શન બાદ જ આગળ નીકળવાનો આગ્રહ કરતાં અત્રે અમે રોકાઈ ગયા. અત્યારે બધાને મહેળાવનાં દર્શને મોકલ્યા છે. રાત્રે કિશોરો પાછા આવશે એટલે અહીં ભંડારી સ્વામીને થોડું કામ છે તો સૌ સેવામાં જોડાશે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'છોકરાઓ બે દા'ડાથી પ્રવાસ કરીને આવ્યા છે એટલે થાક્યા હશે. વળી, કાલે પાછું વહેલું ઊઠીને નીકળવાનું છે. માટે ભંડારીને કહી દેજો કે અત્યારે સેવા કરાવવાની જરૂર નહીં. બધા થાક્યા-પાક્યા આવ્યા છે એનો વિચાર કરવો જોઈએ. માટે છોકરાઓ આવે એટલે બધાને સુવડાવી દેજો.'

મોંમાં કોળિયા મૂકવાનું અટકાવી સ્વામીશ્રીએ કિશોરોની કાળજી લીધી.

૯૦મા વર્ષે અણથક રહી કાર્ય કરનારા તેઓ પંદર વર્ષીય કિશોરોના થાકની ગણતરી માંડી શકતા. ઉજાગરાઓ વેઠીને સેવારત રહેનારા તેઓ કિશોરોના આરામની ચિંતા ન ચૂકતા. એક નેતા તરીકે કામની સામે નજર રાખનારા સ્વામીશ્રી એક માતા તરીકે સંભાવના પણ કરી જાણતા.

એકને પકડવા જતાં બીજું છૂટી-છટકી જાય એવું તેઓના જીવનમાં કદી ન બનતું. સર્વ ક્ષેત્રે મજબૂત પક્કડ ધરાવતા સ્વામીશ્રી મમતાભરી માતા હતા. એવા જ એ નેતા હતા.

દિસો તમે ભક્ત ભલા અનન્ય

તા. ૨૦/૧૧ની સવારે સ્વામીશ્રીનાં દર્શન થતાં જ વલસાડનાં કિશોર-કિશોરીઓએ બુલંદ જયનાદો દ્વારા સભામંડપ ગજવી મેલ્યો. ગઈકાલે વણકહ્યે અને દૂર રહ્યે પણ સ્વામીશ્રીએ પોતાની કરેલી ખેવનાથી આ ઊગતી પેઢી ગદ્‌ગદિત હતી. આવા જ કૃતજ્ઞભાવ સાથે તા. ૨૧/૧૧ના રોજ દેવદિવાળીના

સમૈયે વીસેક હજાર હરિભક્તોનો મહેરામણ ઊમટી પડ્યો.

તેઓ પર અમૃતધારાનો અભિષેક કરતાં પૂર્વે સ્વામીશ્રી નીલકંઠવર્ણીનો અભિષેક કરવા પહોંચ્યા. અહીંથી તેઓ ઉપર મંદિરમાં પધાર્યા ત્યારે અત્રે ત્રણેય ખંડમાં કલાત્મક અન્નકૂટ ગોઠવાયેલો. નૈરોબીના સત્સંગી શ્રી અરવિંદભાઈ પટેલની સખાવતથી અહીં કાર્તિકી પૂનમે પણ અન્નકૂટ ધરાવવાની પ્રણાલિકા છે. આજે તેનાં દર્શનથી પ્રસન્નતા વ્યક્ત કરી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં આવ્યા, પણ અત્રે ગુરુશિખરોમાં તેઓએ થાળ ન જોતાં પૂછ્યું: 'અહીં કેમ કશું ધરાવ્યું નથી?'

'અત્રે એક જ થાળ રાખવામાં આવે છે. તે જ વારાફરતી ચારેય ગુરુઓને ધરાવીએ છીએ.'

પૂજારીનો આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'કાયમ જે રીત હોય એમાં વાંધો નહીં, પણ આજે તો અન્નકૂટ છે એટલે બધા ખંડમાં ધરાવવો જોઈએ.' આમ કહી તેઓએ ચારેય ખંડના અલગ-અલગ થાળ તૈયાર કરવા સૂચના આપી.

જે કોઈને ન સૂઝે તે સ્વામીશ્રીને સૂઝી આવતું. આ વિશેષતા સાથે સમૈયાની સભામાં પધારેલા તેઓએ પોતાની પરમ પવિત્ર પરાવાણી રેલાવી કે –

'બધાને જય સ્વામિનારાયણ! અત્યાર સુધી સભામાં સંસ્થાના વિકાસ સંબંધી જે વાતો થઈ છે એનું મુખ્ય કારણ છે – ભગવાન. શાસ્ત્રીજી મહારાજે દુનિયાની કોઈ સત્તાનો કે માણસોનો આધાર લીધો નથી, પણ એમને શ્રીજી-મહારાજનો આધાર હતો. એમણે ભગવાનને જ રાખ્યા હતા. આખી દુનિયામાં અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનની પ્રવૃત્તિ થઈ છે એનું મુખ્ય કારણ એ છે. પૈસાનું, સત્તાનું, આવડતનું બળ ક્ષણિક છે, ભગવાનનું બળ કાયમ છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે એ બળ રાખ્યું તો આ સંપ્રદાય આગળ વધ્યો છે. એમણે સત્તાની કોઈ ઇચ્છા, અપેક્ષા રાખી નથી. ઘણી ઉપાધિઓ થઈ, પણ કોઈનો વાંક કાઢ્યો નથી. એક જ વાત – 'મહારાજ જે કરશે એ સારું કરશે.' આ વાતની આપણા જીવનમાં દૃઢતા થાય એ પ્રાર્થના!'

જાણ્યા ઈશ્વર છે આપોઆપ

આ અરસામાં ભારત ખાતે ફરજ બજાવતા બ્રિટિશ રાજદૂત અને ઉપ-રાજદૂતનાં પત્નીઓ શ્રીમતી સ્ટેગ તથા શ્રીમતી બર્કિંગહામ દાંડી માર્ગ પર

પદયાત્રા કરી રહેલાં. ગરીબ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે આર્થિક ભંડોળ એકત્રિત કરવાનો શુભાશય સેવી ચાલી રહેલાં આ મહિલાઓ પોતાની સાથે લીધેલા સુવિધાસજ્જ વાહનમાં વિશ્રામ લેતાં. તેને ઊભું રાખવા તેઓએ ડભાણ તેમ જ બોરસદનાં આપણાં મંદિરોનું પ્રાંગણ ઉપયોગમાં લીધેલું. તે દ્વારા સંસ્થાનો પરિચય થતાં આ વિદેશી સન્નારીઓને સ્વામીશ્રીનાં દર્શનનું કુતૂહલ જાગી ગયું. દૈવયોગે સ્વામીશ્રી બોચાસણમાં જ હોવાથી તેઓ તા. ૨૨/૧૧ની સવારે અત્રે આવી પહોંચ્યાં.

અહીં થાળ-ભેટના કાર્યાલય આગળ બેસાડવામાં આવેલાં તેઓને મંદિરે જતા-આવતા સ્વામીશ્રીનાં દર્શનનો સુયોગ સાંપડ્યો, પરંતુ પચાસેક ફૂટ દૂરથી થયેલાં આ દર્શને એ મહિલાઓનું ભીતર વીંધી નાંખ્યું. તેથી તેઓ પૈકીના એકનો માંહ્યલો તો પોકારી ઊઠ્યો: 'I believe that God is present in Swamiji.' – 'હું માનું છું કે સ્વામીજીમાં ભગવાન બિરાજમાન છે.'

આ અનુભૂતિ સાથે તેઓએ સ્વામીશ્રી દ્વારા મોકલાવાયેલા પ્રાસાદિક પુષ્પહાર પણ યથાવત્ સાચવી રાખવાના ઓરતા સેવ્યા.

સ્વામીશ્રીનું વ્યક્તિત્વ એવી અસલિયત ધરાવતું હતું કે કોઈ જ સીધા સ્પર્શ-સંપર્ક વિના પણ પ્રથમ નજરે જ તેઓમાં સૌને પ્રભુની પ્રતીતિ બેસી જતી. તેમાંથી પરદેશી, પરભાષી અને પરધર્મી પણ બાકાત ન રહેતા. સૂર્યના તેજને દેશ, ભાષા કે ધર્મ સાથે શું નિસ્બત?

જેને નથી શરીરની સાધ્ય રે

તા. ૨૩/૧૧ની સવારે એક સુદીર્ઘ મીટિંગ યોજીને બેઠેલા સ્વામીશ્રી આજે ચર્ચાઈ રહેલા મુદ્દાઓને બિલકુલ સ્પષ્ટ કરી દેવા માંગતા હતા. તેથી તો નિયત ક્રમાનુસાર થતા ભ્રમણને પણ આજે રદ કરવાનો વિચાર તેઓના મનમાં હતો. જો કે તબીબોનો મત જુદો પડ્યો. તેથી તેઓ ભ્રમણનો લય ન ખોરવવાની વિનંતી કરી ચાલવાની પૂર્વતૈયારીરૂપે સ્વામીશ્રીનું બ્લડ પ્રેશર, નાડીના ધબકારા વગેરે માપવા માંડ્યા. પરંતુ તેમાં નાડીની ગતિ અનિયમિત જણાતાં સૌ ચિંતાતુર બની ગયા. આ પરિસ્થિતિમાં હવે ભ્રમણ કે મીટિંગ – કશું જ શક્ય ન રહ્યું!

આ વિગતથી સ્વામીશ્રીને વાકેફ કરવામાં આવ્યા ત્યારે તેઓ બોલ્યા: 'બેઠાં બેઠાં મીટિંગ પતાવી દઈએ.'

'તેમાં પણ માનસિક શ્રમ પડે, માટે અત્યારે તો આપને આરામની જરૂર છે.'

ડૉક્ટરના આ અભિપ્રાયને કાને ન ધરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પણ આ બધા(મીટિંગ માટે રોકાયેલા સંતો)ને જવાનું છે એનું શું? માટે આ કામ પૂરું કરી લઈએ.'

તેઓની આ ખાસિયત હતી. મીટિંગમાં સંલગ્ન સંતો-ભક્તો વેળાસર મીટિંગની કાર્યવાહીથી પરવારી પોતપોતાના સ્થાનમાં પહોંચી જાય તેનો ખ્યાલ સ્વામીશ્રી ખૂબ રાખતા. તે માટે પોતાના દૈનિક ક્રમ કે શિથિલ સ્વાસ્થ્યનેય તેઓ હાંસિયામાં ધકેલી દેતા. આજે પણ તેઓ એ જ મિજાજમાં હતા, પરંતુ મીટિંગમાં સામેલ સંતોએ જ હાથ જોડી આરામની અરજ કરી એટલે સ્વામીશ્રી શયનાધીન થયા.

આમ, શરીરની સૂધ રાખ્યા વિના વિચરતા સ્વામીશ્રીએ તા. ૨૮/૧૧ની સવારે રુદેલ ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. તેની સાથે તેઓએ કપડવંજના મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત થનારી પ્રતિમાઓમાં પણ દૈવત સીંચ્યું. પરંતુ આ સમયે ઠંડીને કારણે તેઓનું ગળું ભારે થઈ ગયેલું. આ તકલીફને અળસાવવા વિવિધ ઉપચારો શરૂ થઈ ગયા. છતાં તા. ૩૦/૧૧ની સવારે પરિસ્થિતિ વધુ વણસી.

આજે તો સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા સોફા પર બિરાજ્યા ત્યાં જ તેઓએ સેવકને બોલાવી કહ્યું: 'ઠંડી લાગે છે, શાલ ઓઢાડો.' તેથી ક્યાંયથી પવન ન ઘૂસે એમ તેઓને શાલમાં ગોટમોટ કરી દેવામાં આવ્યા, પણ કસર અંદરથી હોવાને કારણે સ્વામીશ્રીને ઝાઝી સુવાણ નહીં વળી હોય. તેની સાક્ષી માનસી કરતી વખતે પણ ખુલ્લી રહેલી તેઓની આંખોએ પૂરી. વળી, આજે માળા ફેરવતી વખતે સ્વામીશ્રીના હાથ ફંગોળાઈ જતા માલૂમ પડ્યા.

આવી પરિસ્થિતિમાં પણ તેઓ પૂર્ણ રીતે પ્રાતઃપૂજા કરી ઉતારે આવ્યા ત્યારે મુલાકાતીઓને મળતાં પૂર્વે તેઓની નાડી માપવામાં આવી. તે વધુ ગતિશીલ અને અનિયમિત પણ જણાતાં તાત્કાલિક ધોરણે ઈલેક્ટ્રો-કાર્ડિયોગ્રામ લેવાનું નક્કી થયું. આ ગતિવિધિ જાણી સ્વામીશ્રી બોલ્યા: 'પહેલાં હરિભક્તોને મળી લઈએ, પછી આ બધું કરીએ.'

તેઓનો આ મનોરથ એટલું તો સમજાવી ગયો કે સ્વામીશ્રીની નાડીના લય-તાલમાં ભક્તો રમી રહ્યા છે.

પરંતુ પરીક્ષણમાં વિલંબ જોખમી જણાતાં તબીબોએ પ્રથમ ઈ.સી.જી. લીધો. સાવચેતીનાં પગલાંરૂપે વિશેષ તપાસ માટે જરૂરી લોહી પણ લેવામાં આવ્યું. તે પછી મુલાકાતીઓને માર્ગદર્શન આપી સ્વામીશ્રી અલ્પ માત્રામાં જમ્યા. હજી તકેદારીરૂપે ઇંજેક્શન લેવાનું હતું, પણ તે પૂર્વે સ્વામીશ્રીએ એક સંત સાથે મીટિંગ કરી લેવાની ઇચ્છા દર્શાવી. કથળેલી તબિયતમાંયે તેઓ અગ્રતાક્રમ સેવાને આપવા માંગતા હતા, શરીરની સંભાળને નહીં. તે મુજબ જ સ્વામીશ્રીએ પ્રથમ અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી સાથે કાર્યલક્ષી બેઠક આટોપી, તે પછી જ ઔષધ-ઉપચારનો વારો આવ્યો!

કથા-શ્રવણ કરે શુભ રીતે

સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં અચાનક આવેલા પલટાએ આણંદના મંદિરનો દશાબ્દી મહોત્સવ લપેટમાં લેતાં તા. ૩૦/૧૧ના રોજ બોચાસણથી થનારું સ્વામીશ્રીનું પ્રસ્થાન હાલ પૂરતું અટકી ગયું. બોચાસણમાં પણ નિશ્ચિત સમયાવધિ સુધી રોકાઈને સ્વામીશ્રી સૌને સંતોષ થાય તે રીતે વરસી ચૂકેલા. તેથી અહીં તા. ૧/૧૨ના રોજ કોઈ જ જાહેર કાર્યક્રમ ન હોવાથી તેઓ આજની સવારે નવ વાગ્યે ઠાકોરજી જમાડી પરવાર્યા ત્યારે સંતોએ આરામમાં જવા વિનંતી કરી, પરંતુ તેને લક્ષ્યમાં ન લેતાં સ્વામીશ્રીએ તો ભોજન વખતે થઈ રહેલો 'પ્રકાશ' સામયિકનો પાઠ ભોજન પછી સતત બે કલાક સુધી ચાલુ રખાવ્યો!

આમ, માંદગીમાં પણ શ્રીજીમહારાજમાં મગ્ન રહેતા તેઓના શરીરનું પરીક્ષણ તા. ૨/૧૨ના રોજ વિશેષ સઘનતાથી કરવામાં આવ્યું, કારણ કે ગઈકાલની રાત્રે પોઢવા જતાં પૂર્વે સ્વામીશ્રીએ તા. ૩૦/૧૧ની સવારે લાગેલી ઠંડીના દિવસે છાતીમાં અસહ્ય દુખાવો ઊપડ્યાની વાતનો ઘટસ્ફોટ કર્યો હતો. એ દિવસે તેઓ અભિષેક મંડપમાં પધાર્યા ત્યારથી જ છાતીમાં ભારેખમપણું અનુભવી રહેલા. આ કષ્ટ વેઠતાં વેઠતાં જ તેઓએ દર્શન, પૂજા, મુલાકાત અને મીટિંગનો ક્રમ પૂરો કરેલો. આ પીડા પરથી બે દિવસ બાદ પડદો ઊંચકાતાં તબીબોએ આજે સ્વામીશ્રીને જણાવ્યું: 'આવું કંઈ હોય તો આપે તરત જ કહી દેવું.'

'પણ મને એવો અણસાર જ નહોતો. મને તો એમ કે ઠંડીને લીધે છાતીમાં દુખે છે.'

'ઠંડી વખતે પહેલાં ક્યારેય આવું થયેલું?'

'ના, આ પહેલી જ વખત થયું.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતાથી ડૉક્ટરો અનસ્ટેબલ એન્જાઈનાની આશંકા સેવી રહ્યા. બાર વર્ષ પૂર્વે સ્વામીશ્રીના હૃદય પર થયેલી બાયપાસ સર્જરી વખતે તેઓના પગમાંથી લીધેલી નસો સમય જતાં સંકોચાવાની શક્યતા હતી. તેની તાત્કાલિક તપાસ જો ન થાય અને મુખ્ય નસ ક્યાંક ગંઠાઈ જાય તો હૃદયરોગનો હુમલો પણ આવી શકે. અત્યારે સ્વામીશ્રીને ઊપડેલી તકલીફને આ સંદર્ભમાં જોતાં તબીબોએ હવે તેઓને વિશેષ પરીક્ષણ માટે મુંબઈ લઈ જવાની તરફેણ કરી. આ બાબતે મુંબઈના નિષ્ણાત કાર્ડિઓલોજિસ્ટનો અભિપ્રાય મેળવતાં તેઓએ પણ પરિસ્થિતિ જાણી કહ્યું: 'બાયપાસ સર્જરી બાદ બાર વર્ષમાં આવો દુખાવો થયો નથી અને હવે ઊભો થયો છે, તો અહીં આવી જવા મારી ખાસ ભલામણ છે. આપણે અત્યારે તો આને જ પ્રાયોરિટી (અગ્રતા) આપવી પડશે.'

તબીબોનો આ તીવ્ર મત જાણવા છતાં સ્વામીશ્રીએ તા. ૩/૧૨ના રોજ છ વડીલ સંતોને એકત્રિત કરી મુંબઈ જવા અંગે તેઓનું મંતવ્ય પૂછ્યું! આ બેઠકમાં તેઓએ આણંદના વ્યવસ્થાપક સંતને પણ ખાસ સામેલ કર્યા, કારણ કે આણંદનું સત્સંગ મંડળ છેલ્લા એક વર્ષથી મંદિરનો દશાબ્દી ઉત્સવ અને સ્વામીશ્રીની જન્મજયંતી ઊજવવા થનગની રહેલું. તેથી તેઓની લાગણીનેય સ્વામીશ્રી સમજવા માંગતા હતા. કટોકટીના સંજોગોમાં પણ તેઓ દ્વારા કોઈનાં માન-અરમાન કચડાતાં નહીં.

તે મુજબ આજે તેઓએ સૌ સાથે વિમર્શ માંડ્યો ત્યારે ભગવત્ચરણદાસ સ્વામીએ જણાવ્યું: 'સ્વામી! આણંદના કાર્યક્રમની આપ ચિંતા ન કરતા. આખા સત્સંગને આપની તબિયત અંગે ચિંતા છે, માટે આપ મુંબઈ પધારો. બધા હરિભક્તો રાજી જ છે.'

આ બાંયધરી મળ્યા પછી જ સ્વામીશ્રી તા. ૪/૧૨ની સાંજે વડોદરાથી હવાઈમાર્ગે મુંબઈ જવા નીકળ્યા ત્યારે તેઓના સ્વાસ્થ્યની શુભકામના વ્યક્ત કરતો સમગ્ર સત્સંગ પ્રાર્થનામાં પરોવાઈ ગયો.

જેવા છીએ તેવા જ છીએ

મુંબઈમાં સ્વામીશ્રીના આગમનની સાથે જ અત્રે મંદિરની પાર્શ્વભૂમાં

નિર્માણ પામેલી બહુમાળીય ઇમારત પ્રમુખ સદનનો ઉદ્‌ઘાટનવિધિ થઈ ગયો. આ સંકુલના તેરમા માળે સ્વામીશ્રીનો નિવાસ હતો. અહીં બે દિવસ દરમ્યાન નિષ્ણાત તબીબો દ્વારા ચાલેલી તેઓના સ્વાસ્થ્યની તપાસણીમાં 'સબ સલામત'નો સંકેત આવતાં તા. ૭/૧૨ના રોજ આવેલા અંગ્રેજી તારીખ મુજબના સ્વામીશ્રીના જન્મદિને સૌનો ઉત્સાહ બેવડાઈ ગયો. અલબત્ત, આજે ઉત્સવ-ઉજવણીનું તો કોઈ આયોજન નહોતું, છતાં હૃદયના ભાવો અભિનંદનના આલાપ દ્વારા વહી રહ્યા.

તેની એક તાન છેડતાં અમેરિકાથી આવેલા ફોનમાં શ્રી કનુભાઈ પટેલે કહ્યું: 'બાપા! આપે તો લીલા કરી.'

'લીલા પણ નથી ને સૂકા પણ નથી. જેવા છીએ તેવા જ છીએ.' સ્વામીશ્રીનો આ પ્રતિભાવ ઘણો જ માર્મિક રહ્યો.

જેમ વાદળો આવે ને જાય, પણ આકાશ તો જેવું છે તેવું જ રહે; તેમ સ્વતંત્રપણે માંદગીને લાવતા અને કાઢતા સ્વામીશ્રી જાણે કહી રહેલા: *'જન્મ કર્મ તો દિવ્ય છે મારાં, સર્વે પ્રાકૃત જીવથી ન્યારાં...'*

પરંતુ આ મર્મ સમજી ન શકનારા એક તબીબે આજની રાત્રે શતાબ્દીનો સૂર કાઢતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપણે તો બીજું કાંઈ નહીં, ૧૦૦મી જયંતી આપની હાજરીમાં ઊજવાય એટલું કરવાનું છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ રાગ 'વૈરાગ' રેલાવ્યો કે 'એ બધું મૂકો ને! એ બધું ઊજવવાની શું વાતો કરો છો? (સો વર્ષ) કોણે દીઠાં છે? કોણે જાણ્યાં છે?'

'આમાં દીઠાં-સાંભળવાંની વાત જ ક્યાં છે? આ તો ૧૦૦મી જયંતી ઊજવાય એવી સૌની ભાવના છે.'

'એ બધી ભાવનાઓ ખોટી. સો વર્ષ તો શું, એક મિનિટ પણ આપણા આધારે નથી. બધું ભગવાનની ઇચ્છા પર છે. સો વર્ષ કે એક સેકન્ડ બધું ભગવાન પર જ છે, એટલે નકામા વિચારો કરવાનો કોઈ અર્થ નહીં.'

આ શબ્દો દ્વારા સ્વામીશ્રીએ વધુ એક વાર પોતાની શતાબ્દીના સાદ-નાદને શમાવી દીધો.

દર્શનનું દૈવત

તા. ૮/૧૨ની સવારે સ્વામીશ્રી અભિષેક મંડપમાં પધાર્યા ત્યારે અહીં

આઠ મહિનાનો સુદીર્ઘ વિદેશ-પ્રવાસ ખેડીને આવેલા ડૉક્ટર સ્વામી ઉપસ્થિત હતા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ વ્હીલચૅરમાંથી ઊભા થવા ઇચ્છા દર્શાવી, પરંતુ આ ભીડા માટે સેવકો રાજી નહોતા. છતાં સ્વામીશ્રી આગ્રહપૂર્વક ઊભા થયા અને ડૉક્ટર સ્વામીને આશ્લેષમાં સમાવતાં બોલ્યા: 'આખું અમેરિકા ખેડી નાંખ્યું! બહુ સમાસ થયો. સંતો-ભક્તોને બહુ રાજી કર્યા.'

આ પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ આ વરિષ્ઠ સદ્‌ગુરુને હાર પહેરાવીને પણ સન્માન્યા. ઉમળકાભેર આટલું સ્વાગત કરતાં તો તેઓનું મુખ ભાવાર્દ્ર બની ગયું. સંપ્રદાયના મોટેરા સંતો સાથેનું સ્વામીશ્રીનું મિલન હંમેશાં હૃદયંગમ રહેતું.

તેઓના આવા પારમાર્થિક પ્રેમતંતુથી બંધાયેલા સેંકડો સંતો અને લાખો સત્સંગીઓનાં હૈયાં તા. ૧૩/૧૨ના રોજ હર્ષપુલકિત થઈ ગયાં, કારણ કે આજે આવેલી માગશર સુદ આઠમની તિથિથી સ્વામીશ્રી ૯૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલા. પરંતુ તેઓનું સ્વાસ્થ્ય હાલના તબક્કે નાજુક હોવાથી જન્મોત્સવની ઉજવણીનું કોઈ આયોજન નહોતું. હા, મુંબઈવાસી સત્સંગીઓ માટે એટલું આશ્વાસન જરૂર હતું કે આકસ્મિક સંજોગોને કારણે બે વર્ષ પૂર્વે તેઓના મોંએ આવીને ખૂંચવાઈ ગયેલો જન્મજયંતીનો કોળિયો આજે પુનઃ આરોગવા મળ્યો. તેની શોભા ભલે આછી રહી, પણ સ્વાદ તો એ જ આવ્યો, કારણ કે આસ્વાદનું મૂળ સમા સ્વામીશ્રીનાં દર્શન આજના મંગલ દિને સૌને થઈ ગયાં.

આજના સુપ્રભાતે વ્હીલચૅરમાંથી ઊભા થઈ સ્વામીશ્રીએ સ્વયં નીલકંઠવર્ણીને અભિષેક કરી ભક્તિભાવ દર્શાવ્યો. આજે વળી પાટોત્સવ હોવાથી મંદિરના ત્રણેય ખંડમાં અન્નકૂટ પૂરવામાં આવેલો. અહીં પણ સ્વામીશ્રીએ ઊભા થઈ પ્રત્યેક ખંડમાં આરતીનું અર્ઘ્ય ધર્યું.

તેઓની આ સઘળી ગતિવિધિ જીવંત પ્રસારણ દ્વારા વિશ્વવ્યાપી થતી હોવાથી દેશ-દુનિયાના ખૂણે-ખૂણે આનંદનો માહોલ સર્જાઈ ગયો. તેના પડઘા સ્વામીશ્રી ઉતારે પધારી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે પણ ગાજતા રહ્યા.

તેમાં સૂર પુરાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'સમૈયો થઈ ગયો. શાંતિથી બધાંને દર્શન થયાં. પ્રોગ્રામ સારો થઈ ગયો. શૉર્ટ ઍન્ડ સ્વીટ. આમાં જ મજા છે. નાનો સમૈયો, પણ ભવ્યતા હતી.'

'આને તમે ભવ્ય કહો છો?' સંતોએ આમ આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ભવ્ય જ થયો ને! હરિભક્તો કેટલા રાજી થઈ ગયા! પછી બીજી ધામધૂમ કરવાની જરૂર શું?'

તેઓને મન ભક્તો રાજી થાય એ જ ભવ્યતા હતી.

તે અનુસાર ભપકાથી દૂર ભાગતા સ્વામીશ્રી પર આજે અભિનંદન વરસાવતા ફોનની વણઝાર ચાલુ રહી.

તે ક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી મોદીએ જણાવ્યું: 'ગુજરાતને, દેશને અને વિશ્વને આપની ખૂબ જરૂર છે, તો ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આપનું સ્વાસ્થ્ય સારું રહે.'

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કલામે પણ શુભેચ્છા પાઠવી કે 'God will always keep you in good health, because you give meaning to the lives of millions.' – 'ભગવાન આપનું સ્વાસ્થ્ય સારું રાખે, કારણ કે આપ લાખોનું જીવન સાર્થક કરી રહ્યા છો.'

શુભકામનાઓના આ સિલસિલામાં અમેરિકાથી શ્રી કનુભાઈએ ફોનમાં ખુશાલી પ્રગટ કરી કે 'બાપા! આપનાં દર્શન (જીવંત પ્રસારણ દ્વારા) થઈ ગયાં!'

'બસ, એમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય બધું જ આવી ગયું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનાં દર્શનમાં પણ આટલું દૈવત રહેતું!

આપણે તો કામ પતે એ જ રીલેક્સ

તા. ૧૩/૧૨ના રોજ આવેલી જન્મજયંતીએ એક મીટિંગ યોજીને બેઠેલા સ્વામીશ્રી પર ચાલુ બેઠકે પણ વધામણી વરસાવતા ફોનનો મારો સારો રહ્યો. તે સંદર્ભમાં જ મીટિંગના એક સદસ્યે કહ્યું: 'બાપા! આપનું તો રેલવે પ્લેટફૉર્મ જેવું (તંત્ર) છે. મીટિંગ પણ ચાલતી જાય અને વચ્ચે-વચ્ચે ફોન પણ આવતા જાય, બધું જાહેર. અંગત કશું જ નહીં. કોઈ ઑફિસ નહીં, કબાટ નહીં, થેલો નહીં.'

'અમારું તો દેશી તંત્ર, આમ જ હાલવાનું. મહારાજની દયાથી આમ ને આમ આખી સંસ્થા ચાલી ગઈ.' સ્વામીશ્રી બોલ્યા.

ખરેખર, અંગત માલિકીની કોઈ વસ્તુ કે જગ્યા વિના ખુલ્લા દરવાજે

૬૫ વર્ષ સુધી તેઓએ ચલાવેલો કારોબાર, ન કેવળ અજોડ પરંતુ અત્યસનીય પણ એટલો જ છે. 'દેશી' શૈલીના તેઓએ વિદેશીઓનેય ઘેલું લગાડ્યું; 'જૂની' રીતભાતના તેઓએ આધુનિકોનેય દીવાના બનાવ્યા; જાહેર જીવન રાખનારા સ્વામીશ્રી લાખોના અંગત થઈ રહ્યા.

તેથી જ માનવ અધિકાર પંચનું સભ્યપદ ધરાવતા અને દિલ્હી તેમ જ જમ્મુ-કાશ્મીરની હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી બી. સી. પટેલ આજે બોલી ઊઠ્યા: 'સ્વામી! બીજા કોઈ હોય તો અન્યને ભલામણ કરાય, પણ આપની તબિયત સારી રહે તે માટે તો ભગવાનને જ કહેવું પડે. આપથી પર એક ભગવાન જ છે.'

એક નિષ્ણાત ન્યાયમૂર્તિના આ ચુકાદા સામે કોઈ અપીલને અવકાશ ખરો?

સૌ આ વિચારમાં હતા ત્યાં જ કંપાલાથી ફોન આવ્યો. આફ્રિકાના આ નગરમાં અત્યારે મંદિરની સુવર્ણજયંતી ઊજવાઈ રહેલી. તે નિમિત્તે થનારી નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે અત્રેથી આશરે ૭૦ સંતો પણ ત્યાં પહોંચેલા. તેઓ સહિત હજારો હરિભક્તોને સ્વામીશ્રીના આશીર્વાદ મળે તે હેતુસર જોડાયેલો ફોન અધવચ્ચે જ કપાઈ ગયો. ત્રણ વાર આમ બન્યું છતાં દૂર દેશમાં લાભ લેવા તલસતા સંતો-ભક્તોને રાજી કરવાની સ્વામીશ્રીની તમન્ના બળવત્તર હતી. તેથી તેઓએ ચોથી વારના ફોન અંગે જિજ્ઞાસા જણાવી ત્યારે કો'ક બોલ્યું: 'બાપા! આપ રીલેક્સ રહો. આજે આપની જન્મજયંતી છે.'

'લ્યો, આ તો યુરોપિયન ટાઇપ(શૈલી)ની વાત કરે છે!' આમ કહી સ્વામીશ્રીએ જણાવ્યું: 'યુરોપિયન તો બેઠા હોય ને ટાઇમ પૂરો થાય એટલે જતો રહે. આપણે તો આમ ને આમ અને કામ ને કામ. બેઠા ત્યાં ભેગેભેગું પતાવી દઈએ, ભલે ગમે તેટલું મોડું થાય. આપણે તો કામ પતે એ જ રીલેક્સ (હળવાશ)!'

સ્વામીશ્રીની કેવી નિરાળી શૈલી! તેઓ સમય સામે નહીં, સેવા સામે જોઈને ચાલનારા હતા.[૩૬]

---

૩૬. મુંબઈ મુકામે સાદગીપૂર્ણ રીતે ઊજવાયેલી સ્વામીશ્રીની ૯૦મી જન્મજયંતીનો આનંદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ધીરજ ન રહે એવું કામ

તા. ૧૪/૧૨ના રોજ સ્વામીશ્રીનાં દર્શને ઑસ્ટ્રેલિયાથી આવેલા આદર્શમુનિદાસ સ્વામી વગેરે સંતો પાસે પરદેશની ઊગતી પેઢીને અનુકૂળ આવે એ રીતે છપાયેલી પ્રાથમિક મુખપાઠની ત્રણ નાની પુસ્તિકાઓ હતી. તે તેઓએ સ્વામીશ્રીને દર્શાવી ત્યારે સ્વામીશ્રી તો તે પ્રકાશનનાં પાનાં ફેરવવા લાગ્યા.

તેમાં આગળના પૃષ્ઠ પર અક્ષર-પુરુષોત્તમ મહારાજની છબી તથા પરિચય અને છેલ્લા પૃષ્ઠ પર પોતાની તસવીર તથા તવારીખ જોઈ સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું: 'આમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ ક્યાં?'

આટલું કહીને તેઓ 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો ફોટો પણ આવવો જોઈએ ને!' એમ ટકોર કરતાં જાતે જ જગ્યા બતાવીને કહેવા લાગ્યા: 'અક્ષર-પુરુષોત્તમ મહારાજની બાજુમાં અથવા પાછળ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને છાપવા જોઈએ. પરદેશના છોકરાઓને કેવી રીતે ખબર પડે કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કોણ થઈ ગયા?'

ખરેખર, સ્વામીશ્રીના ગુરુપ્રેમની કક્ષા અસાધારણ હતી.

આ સ્નેહને વશ તેઓ સત્સંગીઓને પણ ગુરુરૂપ જ જોતા હોવાથી તેઓની ખૂબ ખેવના રાખતા.

તે અનુસાર સ્વામીશ્રીએ તા. ૧૭/૧૨ના રોજ આવેલા તમામ પત્રોના ઉત્તર એ જ દિવસે પાઠવી દીધા. આ જોઈ સંતોએ કહ્યું: 'બાપા! આપે તો આજની ટપાલ આજે જ પૂરી કરી દીધી!'

'આજે પૂરી થઈ, પણ કાલે બીજી આવી જશે ને!'

સ્વામીશ્રીના આ વિધાનને પત્ર-પરિચારકે પુષ્ટિ આપી કે 'ફૅક્સ મશીન ચાલુ જ હોય છે.'

તેને અનુમોદન આપતાં સ્થાનિક વ્યવસ્થાપકે પણ કહ્યું: 'પરદેશથી સાત-આઠ પાનાંના મોટા મોટા ફૅક્સ આવે. સરખા કરતાં થાકી જઈએ, ધીરજ ન રહે.'

'ધીરજ ન રહે એવું જ કામ છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ અનુભવ તેઓ સાથે એક દા'ડો ગાળનારાને પણ થયા વિના ન રહે.

રોજેરોજ સ્વામીશ્રી પર સરેરાશ ૪૦-૫૦ની સંખ્યામાં ખડકાયે જતા પત્રોની સંખ્યા તો ધીરજની કસોટી કરે એવી હતી જ, પરંતુ એ પત્રો દ્વારા ઠલવાતી ભાતભાતની વિગતો, એ વિગતો રજૂ કરતા નોખી-નોખી ઢબના અક્ષરો અને એ અક્ષરો આલેખનારાની અલગ-અલગ લેખનશૈલી પણ ધીરજને સરાણે ચડાવનારી બાબત !

ક્યારેક અક્ષરો ગરબડિયા હોય, તો ક્યારેક શૈલી ગૂંચવાડાભરી, તો ક્યારેક વિગત વજૂદ વિનાની ! સામાન્ય બુદ્ધિના ધારકને પણ ખબર પડે કે આવી બાબતો વિષે સ્વામીશ્રીને પત્ર ન લખાય; પરંતુ એવા નગણ્ય મુદ્દાઓ ભરેલા પત્રો સ્વામીશ્રી પાસે થોકબંધ આવે. તે અગત્યનાં કામકાજ વચ્ચે સ્વામીશ્રી વાંચે. ઘણી વાર તો ઢગલો રેતીમાં વેરાયેલા બે-પાંચ ખાંડના દાણાની જેમ મુખ્ય મુદ્દો તો બિનજરૂરી લખાણમાં ક્યાંય દબાઈ ગયો હોય; પરંતુ સ્વામીશ્રીની નજર તેને શોધે. ક્યારેક વિગતની વિસંગતિ હોય તો તેનો તાળો મેળવવા મથે.

સમસ્યાઓ સમજી તેના સમાધાનરૂપે જવાબ લખવામાં પણ ધૈર્યની અગ્નિપરીક્ષા થાય, કારણ કે પૂરપાટ પ્રવૃત્તિ અને પરિભ્રમણમાં લખવા માટે જરૂરી સુવિધા કે શાંત વાતાવરણ તો સ્વામીશ્રીને ક્યાંથી મળે ? તેથી તેઓ ક્યારેક ટૉર્ચના અજવાળે લખે, તો ક્યારેક ફાનસના ઉજાસમાં. મેજ-ખુરશી તો તેઓએ કદી વાપર્યાં જ નહોતાં. ખોળામાં પૅડ રાખી તે પર કાગળ મૂકી તેઓની કલમ વહેવા લાગે. આ રીતે નીચું જોઈ લખવામાં કેડ અને ગરદનને ઘણું કષ્ટ પડે. તે પીડા લખતી વખતે અને લેખન પૂરું થયા પછી પણ પજવતી રહે, પરંતુ તે સંબંધી રાવ-ફરિયાદ સ્વામીશ્રી કદી ન કરે.

ક્યારેક તેઓ પત્ર લખી રહ્યા હોય ત્યારે ઓરડામાં ઊભેલા સંતો-ભક્તો પરસ્પર કંઈક ને કંઈક વાર્તાલાપ ચલાવતા હોય. કો'ક વાર સાફસૂફી, મરામત વગેરે સંબંધી કંઈક ઉદ્યમ પણ થયા કરે. તેનો ખખડાટ કે પેલી વાતચીતનો કોલાહલ પત્રલેખનમાં વિક્ષેપ તો જરૂર કરે, છતાં કોઈને કશું કહ્યા સિવાય સ્વામીશ્રી પત્રવ્યવહારમાં ડૂબેલા રહે. પરંતુ અડચણની હદ તો ત્યારે આવે કે આ રીતે પત્રો વાંચી, લખી રહેલા સ્વામીશ્રી પાસે વચ્ચે-વચ્ચે મુલાકાતીઓને લાવવામાં આવે. તે વખતે ઘણી વાર સ્વામીશ્રીને અડધો પત્ર વંચાયો હોય ત્યાં અટકી જવું પડે. મુલાકાતી વિદાય લે તે પછી પેલા અડધા વંચાયેલા પત્રનું અનુસંધાન મેળવવા તેઓ પુનઃ પહેલેથી પત્ર વાંચે. આ રીતે એકનો એક પત્ર

તેઓને ક્યારેક તો બે-પાંચ વખત વાંચવો પડે, છતાં તેઓ મુલાકાતી કે તેને લાવનારા પર ન કંટાળે.

ક્યારેક પત્રો વાંચતા-લખતા સ્વામીશ્રીને કો'ક આવીને ફોન ધરે, ત્યારે સ્વામીશ્રી વાંચવું-લખવું પડ્યું મૂકી ફોનની વાત સાંભળે. આ રીતે એક પત્ર પૂરો વંચાય-લખાય તે પહેલાં ઘણી વાર સાતત્ય તૂટે, પણ સ્વામીશ્રીની ધીરજ ન ખૂટે.

તેઓ ચાલુ સભાએ પણ પત્રો લખે. આ સમયે તો સભામાં ક્યારેક સૂરીલાં કીર્તનોની રમઝટ બોલતી હોય, તો ક્યારેક ફાંકડાં પ્રવચનો ગગડી રહ્યાં હોય, તો ક્યારેક આંખો આંજે એવાં નૃત્ય-સંવાદની ઝાકમઝોળ હોય. આવા કાર્યક્રમોની પ્રસ્તુતિ વખતે ક્યારેક તો આખો મંચ ધ્રૂજે, બત્તીઓના તેજમાંયે વધ-ઘટ થયા કરે, પરંતુ આ બધાં આકર્ષણ કે અગવડથી અલિપ્ત રહી સ્વામીશ્રી કાગળમાં અક્ષરો ટપકાવતા જાય.

આ રીતે સતત સાડા છ દાયકા સુધી અવિરત પત્રધારા વહાવતા રહેલા સ્વામીશ્રીની ધીરજનો મહિમા વાંચવા-વિચારવાથી પૂરેપૂરો શી રીતે સમજાય? એ તો *'એના જેવું થાય આપણે, ત્યારે પડે પૂરી પિછાન...'*

સંસારથી રાખી સદા વિરક્તિ

તા. ૧૮/૧૨ની સવારે આવેલા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આશરે અડધો કલાક સુધી સ્વામીશ્રી સાથે બેસી માર્ગદર્શન મેળવ્યું. સ્વામીશ્રીએ પણ તેઓને ભાલમાં ચોખા-ચાંદલા ચોડી અને હાથે નાડાછડી બાંધી આશીર્વાદ આપ્યા.

આ મુલાકાત બાદ કેટલોક સમય પત્રવાંચન કરી સ્વામીશ્રી ભ્રમણ માટે પધાર્યા ત્યારે તેઓ સમક્ષ હાલાર, ગોહિલવાડ, કાઠિયાવાડ, સોરઠ, દંઢાવ્ય વગેરે ગુજરાતના વિવિધ પ્રદેશોનો વિષય ખૂલ્યો. એક સંત તે-તે પ્રદેશની શૈલી અને સરહદ સંબંધી વિગત રજૂ કરવા લાગ્યા.

તે સમયે કો'કે પૂછ્યું: 'બાપા! કાનમ ક્યાં કહેવાય અને વાકળ ક્યાં કહેવાય?'

'વડોદરાથી દક્ષિણમાં હોય તેને કાનમ કહેવાય. પશ્ચિમ તરફ વાઘોડિયા, ડભોઈ વગેરે ચોર્યાસી કહેવાય. વડોદરા અને પાદરા તાલુકો વાકળ કહેવાય.'

સ્વામીશ્રીએ આમ ભૂગોળ વર્ણવી ત્યારે કો'ક બોલ્યું: 'ચાણસદમાં તો

કાનમ અને વાકળ બેયની સીમ પડે છે.'

'હા, ગામની અંદર પાદરા તરફ નીકળે ત્યાં વાકળ અને પેલી તરફ કાનમ. એની કાળી જમીન.'

'તો ચાણસદને શું કહેવાય?'

'અધ્ધરતાલ!' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

આ હાસ્ય તેઓની નિઃસ્પૃહિતા છલકાવી ગયું. ઘર-ગામ અને પાદર-પરિવારને છેક જ વીસરી જનારા સ્વામીશ્રીની સ્થિતિ સંસારથી સદા વિરક્તની હતી.

અમે તો અભિનંદનથી પર છીએ

તા. ૨૦/૧૨ની સવારે છ-એક વાગ્યાના સુમારે સ્વામીશ્રીને શૌચવિધિ માટે ઊઠવાનું થતાં તેઓ દેહક્રિયા બાદ સ્નાનાદિથી પરવાર્યા ત્યારે દૈનિક ક્રમ કરતાં ઘણા વહેલા તૈયાર થઈ ગયા. જો આ સમયે સ્વામીશ્રી મંદિરમાં દર્શન માટે નીચે ઊતરે તો રોજના નિશ્ચિત થયેલા સાડા સાત વાગ્યાના સમયે આવનારા ભક્તો દર્શનથી વંચિત રહી જાય. તેથી સંતોએ થોડો આરામ કરી લેવા કહ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'સૂવા કરતાં ભજન કરીએ.'

આમ કહેતાં તેઓ ખુરશી પર બિરાજ્યા અને સામે ટેબલ પર પટમૂર્તિ પધરાવી માળા ફેરવવા લાગ્યા. તેઓની ભક્તિનો આ દોર આશરે અડધો કલાક સુધી સરકતો રહ્યો.

આ રીતે આરામ કરતાં ભજનમાં અધિક રુચિ ધરાવનારા સ્વામીશ્રીની તંદુરસ્તી હવે તબીબોને સંતોષકારક જણાતાં તા. ૨૧/૧૨થી સ્વામીશ્રીનાં પૂજાદર્શનનો લાભ સૌને જાહેરમાં મળવાનો હતો. તેથી આ દિવસની વહેલી સવારથી જ યોગી સભાગૃહ ભક્તમેદનીથી ખીચોખીચ થઈ ગયું. તેમાંય સ્વામીશ્રીએ મંચ પર પદાર્પણ કરતાં તો જાણે બ્રહ્માનંદની હેલી જ વરસી રહી. તેની વચ્ચે પ્રાતઃપૂજા કરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અત્રે તેઓ ભોજન વગેરેથી પરવાર્યા ત્યારે પરદેશથી આવેલા ફોનમાં એક ભક્તે ભાવના વહાવી: 'સ્વામી! આપને જન્મદિનનાં અભિનંદન કહેવામાં મોડો પડ્યો છું, પણ અભિનંદન આપવાં છે.'

'અમે તો અભિનંદનથી પર છીએ. જન્મ નથી ને મરણ નથી. આત્મારૂપ છીએ, સુખરૂપ છીએ.' સ્વામીશ્રીની અલમસ્તાઈ આમ ઊછળી આવી.

તેમાંથી *'હું તો અજર અમર છું સદાય, કરું સ્વેચ્છા પ્રમાણે લિળાય...'*નું તેઓનું સ્વરૂપ પ્રકાશી રહ્યું.

આપણે તો એક જ વાત છે

તા. ૨૩/૧૨ની સવારે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓ અને એક દર્શનાર્થી સંત વચ્ચે રસપ્રદ સંવાદ મંડાઈ ગયો. તેમાં પેલા સંતે જણાવ્યું: 'બાપા! સંતવલ્લભ સ્વામી કહેતા કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કરતાં આપે દસગણું કાર્ય કર્યું છે...'

'મૂળ તો સંકલ્પ એમના છે, એટલે કાર્ય થાય છે.'

'એમણે સંકલ્પ તો કર્યા, પણ સંકલ્પને પકડી રાખી કામ કરવું એ મહત્તા ઓછી નથી. બીજમાં બળ હોય તોય પાણી સીંચનાર, ઘોળ કરનાર, ખાતર નાંખનાર જોઈએ. તો જ વૃક્ષ ઊગે ને!'

'પણ બીજ સાચું હોય તો જ ખાતર-પાણી ફળે ને!'

'આ બાબતમાં આપ ક્યારેય હાથ મૂકવા નથી દેતા. આપનું નિર્માની-પણું સમજાય એવું નથી. આ એક જ વર્ષમાં આપે ૭૦થી વધુ પ્રોજેક્ટ પૂરા કર્યા. ૮૯મા વર્ષે આ શક્ય જ ન બને.'

'મૂળ આ બધું શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંકલ્પનું બળ છે.'

'સંકલ્પ હતો એ હકીકત છે, પણ એ સંકલ્પ સાકાર કરી બતાવવો એ નાની વાત નથી. આપે વિચરણ ન કર્યું હોત તો આ બધું ક્યાંથી થાત?'

'યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે 'સત્સંગ વધારવો છે.' પછી આપણે વિચરણ કરવું પડે ને!'

'આપની નિર્લેપતા અને નિર્માનિતા મૂંઝવણ ઊભી કરે એવી છે. આટલા નિર્માની અને આટલા નિર્લેપ કાયમ કઈ રીતે રહી શકાય? બાકી બધા બહુ કહે તો એક વખત તો બોલી જ જવાય કે – આ મેં કર્યું છે.''

'આપણે તો એક જ વાત છે. ગુરુ બોલ્યા છે એ જ થાય છે. એમના સંકલ્પ પ્રમાણે કામ કર્યું છે. આપણો એ જ ઍવોર્ડ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, આજનો આ વાર્તાલાપ તેઓની ગુરુભક્તિની છોળ્યો ઉડાડતો ચાલ્યો.

...તો આપણે આવ્યા એ સાર્થક

તા. ૨૫/૧૨ની સવારે નિયત ક્રમાનુસાર ભૂમિભ્રમણ કરીને સ્વામીશ્રી વચગાળાના વિશ્રામ માટે ખુરશી પર બિરાજ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત ફિઝિયોથેરાપિસ્ટ શ્રી બાલમુકુંદે નમ્ર સૂચન કર્યું કે 'સ્વામી! જબ આપ ચલો તબ છાતી નિકાલકર ચલના ચાહિએ। ઐસે નીચે દેખકર નહીં।'

'છાતી કાઢ કે ચલને મેં ઘમંડ આ જાતા હૈ। ઇસલિએ નીચે દેખકે ચલના હી અચ્છા હૈ।' સ્વામીશ્રીએ પોતાની પ્રાસાદિક હિંદીમાં સમજાવ્યું.

તેઓનાં બોલ કે ચાલ – બંનેમાંથી નમ્રતા જ નીતરતી રહેતી.

તેથી તરબતર સ્વામીશ્રી તા. ૨૬/૧૨ની રવિસભામાં ધર્મલાભ આપવા પધારવાના હતા. તે સંદર્ભમાં તેઓને રવિવારની સવારે ડૉક્ટરે ભલામણ કરી કે 'આજે ઘણા દિવસો પછી આપ પ્રવચન કરશો. માટે દસ મિનિટથી વધારે ન બોલશો, નહીંતર ઉધરસ ચડશે.'

'ઉધરસ ચડે તો પાણી પીને ફરી વાર ચાલુ કરીશું.'

હરિગુણ ગાવાની આ ઊલટ સાથે ૯૦ વર્ષીય સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા ત્યારે તેઓને સત્કારતાં ગર્જેલા તાળીઓના ગડગડાટથી હૉલ ગાજી ઊઠ્યો. આ અભિવાદનને બે હાથ જોડી સ્વીકારતાં સ્વામીશ્રી મંચ પર બિરાજ્યા તે વખતે પ્રાસંગિક સંતપ્રવચન બાદ શરૂ થયેલો વીડિયો શૉ સન ૨૦૧૦માં સ્વામીશ્રીએ કરેલાં કાર્યોની તવારીખ આપવા માંડ્યો. તે અંતર્ગત ચાલીસથી વધુ મંદિરોમાં પ્રતિષ્ઠા, વીસથી વધુ મંદિરોનાં ખાતમુહૂર્ત, વૉટર શૉનું ઉદ્ઘાટન, દિલ્હી-સ્થિત અક્ષરધામના ગર્ભગૃહની કાયાપલટ, ૪૩ મુમુક્ષુઓને દીક્ષાપ્રદાન વગેરેની વિગતો જેમ જેમ પડદા પર ચમકતી ગઈ તેમ તેમ સૌનાં હૈયાં સ્વામીશ્રી પર વધામણી વરસાવવા લાગ્યાં.

તેના અનુસંધાનમાં જ ઉદ્ઘોષકે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'બાપા! અનેક શારીરિક તકલીફો હોવા છતાં ૯૦મા વર્ષે પણ આપ પગ વાળીને બેસતા નથી અને વિચરણ કરો છો. આટલી ઉંમરેય આપને સેવામાંથી નિવૃત્તિનો વિચાર નથી આવ્યો તેનું રહસ્ય શું છે?'

અનેકને અચરજ પમાડતી પોતાની આ જીવનશૈલીના સળ ખોલતાં સ્વામીશ્રી બોલ્યા :

''જ્યારે ભગવાન અને સંતનો મહિમાએ સહિત આપણને નિશ્ચય

થાય છે ત્યારે 'ભગવાન અને સંતને માટે શું ન થાય?' એ પણ આપણા જીવનમાં દૃઢ થાય. મહિમા સમજાય છે ત્યારે દેહ સામું જોવાનું હોતું નથી કે 'દેહનું શું થશે?' આ માર્ગ ભગવાનને રાજી કરવાનો છે, શૂરાનો મારગ છે. શૂરો માણસ લડવા જાય ત્યારે એને મરવાનો ભય ન હોય, દુઃખ આવવાનો ભય ન હોય. એક જ ધ્યેય કે ત્યાં જઈ વિજય મેળવવો છે. તો એ કાર્ય કરે છે. એમ આપણને પણ એક જ વાત રહે કે ભગવાન ને સંત રાજી થાય. મહિમાએ સહિત ભક્તિ હોય તો ભગવાન અને સંત માટે બલિદાન થઈ જાય.

મહિમા સમજાય પછી શું ન થાય? બધું જ થાય. આપણા શરીરને જેમ એ વાળે એમ વાળવાનું. બળદને ગમે ત્યાં જોડે, પણ એણે એનું કામ કર્યા જ કરવાનું. વહેવાર-સંસારની આસક્તિને લઈને આપણે પાછા પડીએ છીએ; પણ દેહના સંબંધીમાં જેવું હેત છે, લાગણી ને મમતા છે, એવું જો ભગવાન ને સંતને વિષે થાય તો પછી આ દેહની પરવા રહે નહીં. દેહ પડી જાય તો ભલે. ભગતજી મહારાજે દેહના ચૂરેચૂરા કરી નાંખ્યા. એવું શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના જીવનમાં પણ થયું છે. તબિયત તો એમની નાજુક હતી, પણ દુઃખ વેઠીનેય કાર્યો કર્યાં છે. જ્ઞાન થાય છે ત્યારે કોઈ વાતની કચાશ રહેતી નથી. એને તો 'યા હોમ.' જે થવાનું હોય એ થાય. એ રીત આપણી પરંપરામાં આપણે જોઈએ છીએ.

મહારાજના વખતમાં સંતોને બાવાની જમાતે મારી નાંખ્યા તો પણ સંતો પાછા પડ્યા નથી કે 'ચાલો, ઘરભેગા થઈ જઈએ.' મરવું તો એક વખત છે જ, ને દેહ મળ્યો છે એ પડવાનો તો છે જ, તો પછી ભગવાન ને સંત માટે દેહ પડશે તો આપણો મોક્ષ થશે એ વસ્તુ હતી તો હરિભક્તો પણ એવા શૂરવીર થયેલા. જેને મહિમા સમજાયો છે એનું મન ક્યાંય પાછું પડે નહીં. તેના જીવનમાં 'મારાથી નહીં થાય' એવી વસ્તુ બનતી નથી. જે સેવા મળે એ ઉમંગ ને ઉત્સાહથી થાય. સત્સંગી થયા કે સાધુ થયા, પણ જેટલું થાય એટલું કરવાનું છે. એ થશે તો આપણે આવ્યા એ સાર્થક ગણાય.''

આ રીતે સતત વીસ મિનિટ સુધી સ્વામીશ્રીએ અસ્ખલિત અમૃતધારા વહાવી.

નિષ્કપટ મતિ અતિ ઘણી

મુંબઈમાં સ્વામીશ્રીના મુકામ દરમ્યાન એક વાર અભયસ્વરૂપદાસ

સ્વામીએ પૂનામાં નિર્માણાધીન મંદિરની વાત માંડતાં કહ્યું: 'બાપા! અત્યારે આપણે પૂનામાં મંદિર બાંધવા માટે ૧૨૩ પ્લૉટ ખરીદ્યા છે. પરંતુ આ બાબતે કેટલાકને એવો વિચાર આવ્યો છે કે આ ખરીદેલા પ્લૉટની ૨૭ એકર જમીન ડેવલપ(સુવિકસિત) કરી વેચી દઈએ તો જે રકમ આવે તેમાંથી નજીકમાં વસેલા ટેકરા પરની પચાસ એકર જમીન ખરીદી શકાય એમ છે. વળી, એ જ રકમના અમુક હિસ્સામાંથી ટેકરા પર શિખરબદ્ધ મંદિર પણ બની જાય. તે ઉપરાંત પૂનામાં બીજાં પાંચ હરિમંદિર બંધાઈ જાય. તેની સાથે ટેકરા પર મંદિર થવાથી સંકુલની શોભા તથા હવા-ઉજાસ પણ વધુ સારાં રહેશે.'

આવા લાભદાયી પ્રસ્તાવને નકારવાનું કોઈ જ કારણ નહોતું. પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ આ વિકલ્પ ધરનારા સંતને પૂછ્યું: 'જમીનના માલિકોએ આપણને પ્લૉટ શાના માટે આપ્યા છે?'

'મંદિર કરવા.'

'તો આપણે ત્યાં મંદિર સિવાય બીજું કંઈ ન કરાય.'

'પણ સ્વામી! આ પ્લૉટ આપનારામાંથી કેટલાકે તો બજાર કિંમત કરતાં ખૂબ ઊંચા ભાવે આપણને પ્લૉટ વેચ્યા છે. વળી, કેટલાકે તો લે-વેચની વાટાઘાટો વખતેય આપણને ખૂબ હેરાન કર્યા છે.'

'તમે ભલે એવું કહેતા હો કે તેઓએ રકમ લઈને પ્લૉટ આપ્યા છે, પણ તેમાંના ઘણાને પ્લૉટ નહીં વેચવા હોય. છતાં તેઓએ આપણી સંસ્થાનું, મંદિરનું અને શાસ્ત્રીજી મહારાજનું તથા યોગીજી મહારાજનું નામ સાંભળીને પ્લૉટ આપ્યા હશે. ત્યાં જો આપણે મંદિર સિવાય બીજું કરીએ તો તેઓની લાગણી દુભાય. માટે આપણે એવું ન કરવું.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી તેઓની અતિ નિષ્કપટ મતિ છતી થઈ રહી. પારસ્પરિક વિશ્વાસનું વાતાવરણ નંદવાય તેવું એક પણ પગલું તેઓ ન ભરતા. તેઓ જેવી કાર્યશૈલી જો સૌની થઈ જાય તો?!

સંતમહિમાની સચોટ સમજ

પ્રમુખ સદનના તેરમા માળે રખાયેલા સ્વામીશ્રીના નિવાસની ગોઠવણ એવી હતી કે સવારે તેઓ ઓરડામાંથી બહાર પધારે ત્યારે પૂર્વ દિશામાંથી ઉદય થતો ભાનુ તેઓના અંઘોળ કરે. બાલસૂર્યનાં એ કોમળ કિરણોથી આલોકિત થઈ ઊઠતું સ્વામીશ્રીનું મુખારવિંદ પણ જાણે પૃથ્વી પરનો સૂર્ય હોય

તેવું શોભી રહે. જો કે ફર્ક એટલો પડતો કે આકાશના સૂરજ સામે કોઈ એકધારું મીટ માંડી જોઈ ન શકે, જ્યારે સ્વામીશ્રીનાં દર્શન કરતાં કોઈ ન ધરાતું, કારણ કે તેઓ રહ્યા *'ભાસે કોટિ સૂર્ય સમાન, પણ સૌમ્ય શીતળ ગુણવાન.'*

આવા સ્વામીશ્રી તા. ૩૦/૧૨ની સવારે નીચે ઊતરવા લિફ્ટ પાસે આવ્યા ત્યારે થોડે દૂર ઊભેલી મિલ ચીંધતાં એક સંતે કહ્યું: 'બાપા! બરાબર સામે કોહિનૂર દેખાય છે.'

'તમને મળ્યો?' સ્વામીશ્રીએ 'કોહિનૂર' શબ્દને હીરાના સંદર્ભમાં પ્રયોજતાં પૂછ્યું.

પરંતુ તેઓનું આ શબ્દચાતુર્ય ન સમજી શકનારા પેલા સંત બોલ્યા: 'ના, બાપા! નથી મળ્યો.'

'હજી શોધ્યા કરે છે?'

સ્વામીશ્રીએ કરેલા આ વળતા પ્રશ્નમાંથી સૌને સંદેશ મળી ગયો કે –

'કલ્પતરુ કામધેનુ જેહ, શુદ્ધ પારસ ચિંતામણિ તેહ;
તે તો સંત સમ તોલ ના'વે, જેના જશ નિગમ નિત્ય ગાવે.'

ગુણાતીત સંતના સંબંધનો આ મહિમા સમજાવી પ્રાતઃપૂજા માટે પધારેલા સ્વામીશ્રી આજે પૂજા બાદ ૯૩ મુલાકાતીઓને મળ્યા. તેમાં એક લંડનવાસી યુવકને મળતાં તેઓએ પૂછ્યું: 'અકુ! તારી દુકાન કેમ ચાલે છે? સેવા તો તું કરે જ છે, પણ પહેલાં દુકાનનું ધ્યાન રાખવું.'

આ વાત સાંભળી એ યુવાન તો છક જ થઈ ગયો. તેને દુકાન મળે તે અંગે પાંચેક વર્ષ પહેલાં કરેલો પ્રયત્ન હજી સ્વામીશ્રીની સ્મૃતિમાં સચવાયેલો. ૯૦મા વર્ષે પણ તેઓની કેવી યાદશક્તિ!

ખરું હૈયાનું દેખાડ્યું હેત

આગામી વર્ષમાં જાન્યુઆરી માસના બીજા પખવાડિયે મહેળાવના મંદિર હેઠળ આવતા વિસ્તારમાં મૂર્તિપ્રતિષ્ઠાના બે ઉત્સવો ગોઠવાયેલા. એ મૂર્તિઓને પૂજન માટે સ્વામીશ્રી પાસે ક્યારે લાવવી તે અંગે સંબંધિત સંતોએ કરેલી પૂછપરછની વિગત ધર્મચરણદાસ સ્વામીએ તા. ૩૦/૧૨ની રાત્રે સ્વામીશ્રીને જણાવી. પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો: 'આટલે દૂર મૂર્તિઓ લાવવાની જરૂર શું?'

'પ્રતિષ્ઠાની તારીખ નક્કી થઈ ગઈ છે, એટલે એ પહેલાં તો અહીં

લાવવી જ પડે ને !'

'પણ મુહૂર્ત બરાબર જોવડાવવું જોઈએ ને !'

'મુહૂર્ત તો બરાબર જ હતું, પણ આપ અચાનક અહીં આવી ગયા એટલે શું થાય ?'

'પેલી મૂર્તિઓનું મુહૂર્ત જોઈએ છીએ એમ આ મૂર્તિનું પણ મુહૂર્ત જોવું જોઈએ ને !' આટલું કહેતાં હસી પડેલા સ્વામીશ્રીએ ઉમેર્યું: 'એ અઘરું છે.'

તેઓ આ બિલકુલ બરાબર જ બોલ્યા, કારણ કે અગમ-નિગમ જેનો પાર ન પામે એવા અક્ષરબ્રહ્મ સમા તેઓનાં મુહૂર્ત-મહિમા તો સૌની પકડ બહારનો જ વિષય ને !

છતાં કેવળ કૃપા કરીને સૌના હાથની સાથે પોતાનો હાથ મિલાવતા રહેલા સ્વામીશ્રીએ તા. ૩૧/૧૨ની સવારે ૧૦૦થી વધુ ભક્તોને મુલાકાત આપી. તેમાં આધેડ વયના એક સત્સંગીએ આવતાંવેંત પ્રણામ પાઠવ્યા કે 'બાપા ! એટલાન્ટિક સિટી તરફથી જય સ્વામિનારાયણ !'

આ વંદન સ્વીકારતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમારું નામ અરવિંદ ને ?'

'હા.'

'ભાદરણના ને ?'

'હા.'


'ગોરધનભાઈના ને ?'


સ્વામીશ્રીની આ પૂછપરછના પ્રતિભાવમાં એ હરિભક્ત 'હા' બોલે તે પહેલાં તો તેઓની આંખોમાંથી અશ્રુધારા વહી છૂટી. પોતાનાં શુદ્ધ સ્નેહ અને સતેજ સ્મૃતિ-સંભાળથી એકેએક આશ્રિતને તરબોળ કરી મૂકનારા હતા સ્વામીશ્રી.

તેથી જ તેઓના સંગે ૩૬૫ દિવસ વિતાવી આજની રાત્રે બાર વાગ્યે અલવિદાના આરે આવી ઊભેલી સન ૨૦૧૦ની સ્થિતિ પણ પેલા આંસુ સારતા હરિભક્તથી જુદી ન રહી. તે પોતાના આયુષ્યની ક્ષણેક્ષણનો સંબંધ શાશ્વતી સાથે જોડી આપનારા સ્વામીશ્રીને અંજલિ આપતાં ગાઈ ઊઠી:

'ખરું હૈયાનું દેખાડ્યું હેત, કેમ વિસારે કોઈ સચેત;
મહાસુખ દીધાં ઘણાં માવે, સૂતાં બેસતાં સાંભરી આવે...'

❧ ❧ ❧






બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ. ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૧,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૨૦૦થી વધુ સુશિક્ષિત સંતો તથા ૧,૦૦,૦૦૦થી વધુ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક લોકસેવાની પ્રવૃત્તિઓનું વહન કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે. વિશ્વના અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને આ સંસ્થાએ સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે. ગાંધીનગર, નવી દિલ્હી તથા અમેરિકામાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે. સતત ૭ દાયકાઓ સુધી આ સંસ્થાના પ્રમુખ તરીકે રહીને તેના વિકાસમાં અનન્ય યોગદાન આપનાર વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાને એક વૈશ્વિક ઓળખ આપી છે. તેઓની આર્ષદૃષ્ટિ અને તેમના પ્રચંડ પુરુષાર્થથી વિશ્વવ્યાપી થયેલી સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્તમાન સમયે પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં આ સંસ્થા અહોરાત્ર સેવામય બની ધબકી રહી છે.



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

BG1931
ISBN: 978-1-947461-66-6